જૈન યુગ.

જૈન ઇતિહાસ–સાહિત્ય ખાસ અંક.

૧. વાચન લેખનથી ઘણાં પુસ્તકો વાંચી જવાથી બહુ ફાયદો નથી. કેળવણીના કાર્યને જેટલી મદદ તેઓ આપે તેટલો તેમનો અર્થ છે.

૨. વ્યક્તિત્વ ખીલવવું એજ કેળવણી છે.

૩. જે શિક્ષણ વ્યક્તિત્વ સચોટપણે ખીલવતું નથી તે નિષ્ફળ છે–વધારે સારા કામ માટે જરૂરનાં બળ અને શક્તિનો નકામો વ્યય છે.

૪. જીંદગીની સામાન્ય ચઢતી પડતીની સામે વિશ્વાસથી ઉભા રહી શકે તેની સાથે પોતાના પૂર્ણ બળથી લડી શકે અને હાર થાય ત્યારે પોતાને હાર અને નાઉમેદીથી આધ્યાત્મિક બળ વડે અલિપ્ત રાખી શકે એવી જેની શારીરિક અને માનસિક શક્તિઓ વિકસેલી છે તે માણસનીજ કેળવણી ખરી કેળવણી છે.

૫. જે જે સ્થિતિમાં પોતે આવી પડે તે તે સ્થિતિમાં જીવનનો શ્રેષ્ટ ઉપયોગ કરી શકે તેજ સારામાં સારી રીતે કેળવાયલો છે. —બુદ્ધિપ્રકાશ. નવેં. ૨૬. પૃ. ૩૪૩–૩૪૪.

પુસ્તક ૨. વીરાત્ ૨૪૫૩. વિ. સં. ૧૯૮૩ કાર્ત્તિક અને માગશર

તંત્રીની નોંધ.

૧. જૈન ઇતિહાસ–સાહિત્ય ખાસ અંક

ગત ભાદ્રપદ અને આશ્વિન માસનો ભેગો અંક આશ્વિન વદ અમાવાસ્યાને દિને શ્રીમન્ મહાવીર પ્રભુનું નિર્વાણ થયું હોવાથી તે નિર્વાણદીપોત્સવી ખાસ અંક કાઢયો હતો. આ બે માસમાં પ્રથમ માસમાં જ્ઞાનપંચમી અને દ્વિતીય માસમાં મૌન એકાદશી નામના બે સુપર્વો–ઉપયોગી પર્વો આવે છે ને તે નિમિત્તે આ ઇતિહાસ–સાહિત્ય ખાસ અંક કાઢવામાં આવ્યો છે. લેખકોની અછત બહુ હોવા છતાં જેટલી બને તેટલી જહેમત લઇ આ ખાસ અંક કાઢવામાં આવ્યો છે. હવે આશા છે કે આપણા ઉધરતા યુવાન લેખકો સંસ્કારી લેખો–શોધખોળના નિબંધો મોકલી પોતાના સમાજ અને સાહિત્યની સેવા બજાવશે.

આવેલા લેખોમાં શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીયાનો લેખ શ્રી હેમચંદ્રાચાર્યના પ્રાકૃત વ્યાકરણ પરનો છેલ્લી મુંબઇની આઠમી ગૂજરાતી સાહિત્ય પરિષદ માટે તૈયાર કરેલો ને તેમાં વંચાયલો છે તેમાં લખાણની શૈલી મનોહર હોવાથી આખો નિબંધ સારો શોભે છે, વ્યાકરણની અંદરની તલસ્પર્શિતા, આવશ્યક ઉંડું જ્ઞાન તો પંડિત બેચરદાસના 'ગૂજરાતનું પ્રધાન વ્યાકરણ' એ નામનો નિબંધ તેજ પરિષદ માટે તૈયાર કરાયલો ને તેમાં વંચાયેલો, તેમાં જોવામાં આવે છે, આ નિબંધ 'પુરાતત્ત્વ'ના છેલ્લા અંકમાં

પ્રસિદ્ધ થઈ ગયો છે તેથી અત્ર પુનઃ પ્રકટ કર્યો નથી. મોતીચંદ ભાઈનો ઉક્ત લેખનો અર્ધો ભાગ આમાં તે લેખ આખો છપાઇ ગયા પછી 'સાહિત્ય'ના ડીસેમ્બર અંકમાં પ્રકટ થયો છે. બીજો લેખ 'પાટણ ચૈત્ય-પરિપાટી' પર વિદ્વાન્ મુનિ મહારાજ શ્રી કલ્યાણ વિજયજીએ અતિ પરિશ્રમ પૂર્વક તૈયાર કરેલો છે તે પાટણના ઇતિહાસ પર જબરો પ્રકાશ નાંખનાર હોવાથી અત્ર પુનઃ પ્રકટ કરેલો છે.

સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ મધ્ય-કાલીન સાહિત્યપર લખતાં જે મનનીય અને નિર્પેક્ષપાત ઉદ્‌ગારો કાઢયા છે તે અત્ર ખાસ ઉપયોગી નિવડશે.

'જગતશેઠની વંશાવળી' નામનો અંગ્રેજી લેખ કલકત્તાના જૈન શ્રીમંત ગ્રેજ્યુએટ બાબુ પુરનચંદજી નહારે ૧૯૨૩ ના કલકત્તાના પાંચમા હિંદી ઇતિહાસના રેકર્ડના કમિશન સમક્ષ રજુ કરેલો તેની એક નકલ અમને પંડિત બેચરદાસ તરફથી મળી તે મૂકયો છે. કલાઇવ અને સુરાજુદ્દૌલાના વખતથી 'જગતશેઠ' પ્રસિદ્ધ થયેલ છે તેમના સંબંધી કેટલીક હકીકતો અંગ્રેજીમાં જૈન શ્વે. કો. હેરલ્ડના અંકોમાં પ્રકટ થઇ ગઇ છે, પણ વિશેષ હકીકત અને ઇતિ-હાસ હજુ તેમના સંબંધમાં ખાસ ગૂજરાતી ભાષા-માં તૈયાર કરી પ્રજા સમક્ષ મૂકવાની જરૂર છે તે કોઇ વખત પૂરી પાડીશું.

એક જૈન ગ્રેજ્યુએટે બિલ્હણ કવિના સંસ્કૃત કાવ્ય નામે ચૌર પંચાશિકા અર્થાત્ શશિકલા કાવ્ય-નો સમશ્લોકી અનુવાદ કરી મોકલ્યો છે તે પરથી સમજાશે કે જૈનોમાં પણ શૃંગારિક કાવ્યને પીછાન-નારા છે.

પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીનો લેખ તેમની શોધખોળના પરિશ્રમપૂર્વકના પરિણામ રૂપે છે. તેમનું પ્રાકૃત અને અપભ્રંશનું જ્ઞાન ઉચ્ચ પ્રતિનું છે અને તેમની પાસેથી સમાજ ઇચ્છિત કાર્ય મેળવી શકે તો સાહિત્યપર ઘણું અજવાળું પડી શકે તેમ છે. તેઓ એક છૂપાયેલા રત્ન છે.

સ્વ. રણજિતરામ વાવાભાઇનો સદ્‌ગત ડાહ્યાભાઇ ધોળશાજી પરનો લેખ જૈનેતર વિદ્વાનોએ તો જોયો પણ નહિ હોય, તેથી તે ખાસ અગત્યનો ધારી આ અંકમાં તેને સ્થાન આપ્યું છે. બીજા લેખકો નાટક-કાર ડાહ્યાભાઇ પર લેખો લખશે એમ અમે ઇચ્છીશું.

બાકીના જૈન પ્રાચીન પરિષદ ૧૫ મા શતકના કવિઓની કાવ્યપ્રસાદી અને બીજા છૂટા છવાયા લેખો અમો તરફથી છે તેને આંકવાનું કાર્ય વાંચકો પર મૂકીએ છીએ, સમાલોચનાને યોગ્ય બીજાં અનેક પુસ્તકો અમારી પાસે પડયાં છે; તેની સમા-લોચના સ્થાન-સમય અને અવકાશના અભાવે આમાં પ્રકટ થઇ શકી નથી તો તે તેના પ્રકાશકો અમને ક્ષમા આપશે. હવે પછી યથાયોગ્ય કરવામાં આવશે એની ખાત્રી આપીએ છીએ.

૨ 'જૈનો અને તેમનું સાહિત્ય.'

આ નામનો નિબંધ જે પંદર પ્રકરણોમાં અમારા તરફથી લખાયો છે તે પ્રકરણો આ પ્રમાણે પાડવામાં આવ્યા છે.

૧ જૈન ધર્મનો ઉદય અને તેનું સ્થાન, ૨ આગમકાલ-આરંભકાલ, (વિ. સં. પૂર્વે ૪૭૦ થી વિ. સં. ૩૦૦), ૩ વલ્લભી અને ચાવડાનો સમય (વિ. સં. ૩૦૦થીસં.૧૦૦૦), ૪ સોલંકીવંશ (વિ.સં. ૧૦૦૧થી ૧૩૦૦), ૫ હેમયુગ-હેમચંદ્રસૂરિ(સં. ૧૧૪૫ થી ૧૨૨૯), ૬ અપભ્રંશ સાહિત્ય (વિ. ૮ થી ૧૨ મી સદીનું), ૭ સોલંકીવંશ-અનુસંધાન (સં. ૧૨૩૦-૧૨૯૯), ૮ વસ્તુપાલ-તેજપાલનો સમય (વસ્તુ-તેજયુગ સં. ૧૨૭૫ થી ૧૩૦૦), ૯ વાઘેલા વંશ (સં. ૧૩૦૦ થી ૧૩૫૬), ૧૦ ગૂજરાતમાં મુસલમાનો-સં. ૧૩૫૬ થી ૧૪૫૬, ૧૧ સોમસુંદર યુગ (સં. ૧૪૫૬ થી ૧૫૦૦), ૧૨ વિક્રમ સોળમું શતક. લાવણ્યસમય યુગ (૧૫૪૦ થી ૧૫૯૦), ૧૩ હીરવિજયસૂરિનો હૈરક યુગ (૧૭ મો સૈકો), ૧૪ યશોવિજયયુગ, (૧૮ મું શતક), ૧૫ વિક્રમ ૧૯ મું શતક-ઉપસંહાર.

ગુજરાત સંસદ્ તરફથી ગુજરાતી સાહિત્ય (ગુજરાતની સંસ્કૃતિના શબ્દદેહનું દિગ્દર્શન) ખંડ ૫ મો નામે મધ્યકાલનો સાહિત્ય પ્રવાહ ૭ ભાગમાં

વિભક્ત કર્યો છે તેમાં બીજા, ત્રીજા અને ચોથા ભાગમાં પૃ. ૬૬ થી તે પૃ. ૧૫૮ સુધીમાં એટલે કુલ ૯૩ પૃષ્ઠમાં ઉપરનો અમારો આખો નિબંધ પ્રકટ થયો છે. તે દરેક ભાગની કિંમત આઠ આના રાખવામાં આવી છે અને તે ધી સાહિત્ય પ્રકાશક કંપની લીમીટેડ મેડોઝ સ્ટ્રીટ ફોર્ટ, મુંબઈ એ સ્થળેથી મળી શકશે.

આ નિબંધ માટે શ્રીયુત એન. સી. મહેતા સિવિલિયન (આઇ,. સી. એસ) પ્રતાબગઢ ઔધથી તા. ૨૬ મી ઑક્ટોબર ૧૯૨૬ ના અમારા પરના પત્રમાં જણાવે છે તે ખાસ નોંધવા યોગ્ય હોઇ અત્ર અવતારીએ છીએ:—

DEAR MR. DESAI,

I have been reading your 'જૈનો ને તેમનું સાહિત્ય' in Gujarati Sahitya with much admiration for sound scholarship and proper perspective. I do not think there is any thing in the Gujarati literature or in any other language that I know of, what gives such detailed information about Jain literature. If you have published any other works on the subjeet I .should like to possess copies of them. I do not know whether you have seen my book on 'Studies in India Painting' recently published by Taraporevala. I find a mention in your book that the image of Hiravijaya is still to be seen at Shatrunjaya. Is it possible to get a good photograph of it and get anv information about its date and measurment?

Yours Sincerely,

N. C. Mehta,

P. C. It will be a very useful thing if books on Jainism on the style of Dharmanand Kosambi's works on Buddhism were to be written. **(N. C. M.)**

આનું ગુજરાતી ભાષાંતર એ છે કે:—

પ્રિય મિ. દેશાઇ,

હું તમારો 'જૈનો ને તેમનું સાહિત્ય' (એ નિબંધ) ગુજરાતી સાહિત્યમાં વાંચી ગયો છું અને તેમાંની સંગીન વિદ્વત્તા અને યથાસ્થિત રેખાદર્શન માટે અતિ આદર ઉત્પન્ન થયો છે. ગૂજરાતી સાહિત્યમાં કે જેની મને માહીતી છે એવી કોઇ પણ ભાષામાં જૈન સાહિત્ય સંબંધી આવી વિસ્તૃત માહીતી આપે એવું કંઈ પણ હોય એમ હું ધારતો નથી. તે વિષય પર તમે કંઇ બીજી કૃતિઓ પ્રકટ કરી હોય તો તેની નકલો મેળવવા હું ખુશી થઇશ. તારાપોરવાલાએ હમણાં જ પ્રકટ કરેલ 'ભારતીય ચિત્રકલાનો અભ્યાસ' એ પર મારૂં પુસ્તક તમે જોયું છે કે નહિ તે હું નથી જાણતો. તમારા પુસ્તક (નિબંધ)માં એવો ઉલ્લેખ થયેલો મેં જોયેલ છે કે હીરવિજયની પ્રતિમા શત્રુંજય પર હજુ વિદ્યમાન છે. શું તેનો સારો ફોટો મેળવવાનું અને તેની રચનાનો સંવત્ તેમજ તેના માપની કંઇ હકીકત મેળવવાનું શકય છે?

તમારો હૃદયનિષ્ઠ,

એન. સી. મહેતા.

તા૦ ક૦ જો ધર્માનન્દ કોસંબીએ બૌદ્ધ ધર્મ પર લખેલાં પુસ્તકોની શૈલી પર જૈનધર્મના વિષયમાં પુસ્તકો લખાય તો તે ઘણી ઉપયોગી વાત છે. (એન. સી. મ.)

આ નિબંધ અમારા સન્મિત્ર પંડિત લાલચંદ ભ૦ ગાંધીને જોવા મોકલી આપ્યો છે ને તેમાં તેમણે કૃપાથી જોઇ જઇ યોગ્ય સ્થળે અહીં તહીં સુધારા વધારા અમુક ભાગમાં કર્યા છે અને પછીના પોતે જોઇ જનાર છે. એજ પ્રમાણે બીજા જૈન સાક્ષરોને તે માટે શ્રમ લઇ સુધારા વધારા સૂચવવા માટે પ્રેમપૂર્વક આમંત્રણ કરવામાં આવે છે. આ સમસ્ત નિબંધ તેમાં વિશેષ ઉમેરવા જેવું હશે તે ઉમેરી 'જૈન ગૂર્જર કવિઓ'નો બીજો ભાગ થોડા માસમાં બહાર પડનાર છે તેમાં મૂકવામાં આવનાર છે.

શ્રીયુત મહેતાએ પોતાનો જે અભિપ્રાય ઉપર પ્રમાણે લખી મોકલવા તસ્દી લીધી છે તેમજ બીજી જે સૂચનાઓ જૈન સાહિત્ય માટે કરી છે તે માટે તેમનો ઉપકાર માનીએ છીએ. તેમને 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧ લો મોકલી આપવામાં આવ્યો છે. હીરવિજયસૂરિની પ્રતિમા માટેનો ફોટો વગેરે પૂરૂં પાડવા માટે મુનિ મહારાજ શ્રી વિદ્યાવિજયજીને

વિનંતિ કરી છે અને આથી કરીએ છીએ. જૈન સાક્ષરો ધર્માનન્દ કોસંબીના બૌદ્ધધર્મ પરનાં પુસ્તકોની બાટીપર જૈન ધર્મ અને તેના સાહિત્ય સંબંધે લખે અને તેથી શાસનસેવા બજાવવાનો લહાવો લે એમ અમે ઇચ્છીશું. અમે જૈન ધર્મ સંબંધી નિબંધ શ્રી ફાર્બસ સભા તરફથી પારિતોષક યોજના માટે લખેલ તે પારિતોષકને યોગ્ય સ્વીકારાયો છે તેને સાતેક વર્ષ થઈ ગયાં. હવે તે પુનઃ સંશોધવા માટે પ્રયત્નશીલ છીએ અને તે મુંબઇની એક સંસ્થા તરફથી પ્રકટ કરવાનું વચન પણ અપાઈ ગયું છે તેથી થોડા સમયમાં તે બહાર પડયે તેનું મૂલ્ય સમાજ યોગ્ય રીતે આંકશે.

૩ 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧ લો.

આ ગ્રંથ પાછળ અમે પંદર વર્ષની સતત મહેનત લીધી છે અને આખરે તેનો પહેલો ભાગ શ્રીમતી કોન્ફરન્સ તરફથી બહાર પડેલ છે આ માટે તેના કાર્યવાહકોને અતિ ધન્યવાદ ઘટે છે. હજુ પણ આ ગ્રંથ બને તેટલો સંપૂર્ણ કરવા માટે જુદા જુદા સ્થળે રહેલા ભંડારો જોવા તપાસવાની સતત મહેનત અમારા તરફથી ચાલુજ છે. ગત વિજયદશમીએ ખંભાત જવા અહીંથી નીકળી ત્યાં દશેક દહાડા સ્થિતિ કરી ત્યાંના શ્રી વિજયનેમિસૂરીશ્વર જ્ઞાનમંદિરમાંનો ભંડાર અને ત્યાંની જૈનશાળામાંનો મુનિ મહારાજશ્રી લાવણ્યવિજયજીનો ભંડાર એમ બેમાંના ભાષાના કાવ્યગ્રંથો-રાસ ચોપાઈ આદિ હસ્તગ્રંથો જોવાની તક મળી હતી અને કેટલુંક નવીન સાહિત્ય મળી આવ્યું હતું. આ માટે ત્યાંના શેઠ કસ્તૂરચંદ, અમરચંદ, શેઠ નાનજીભાઇ અમરચંદ, શેઠ મૂળચંદ પાનાચંદ વગેરેનો ઉપકાર માનીએ છીએ. આ સર્વ વધુ શોધખોળને પરિણામે જેટલી વિશેષ અને નવીન હકીકત મળશે તે આના બીજા ભાગમાં પૂર્તિ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ પહેલા ભાગમાં વિક્રમ ૧૩ મા સૈકાથી તે ૧૭ મા સૈકા સુધીના કવિઓ અને તેની કૃતિઓની નોંધ કરી છે, અને ૩૨૦ પાનાનો પ્રસ્તાવનામાં 'જૂની ગૂજરાતીનો ઇતિહાસ' એ નામનો નિબંધ અમે લખેલો પ્રકટ કરવામાં આવ્યો છે. આ અને નિવેદન સહિત, તેમજ ચાર જાતની અનુક્રમણિકા સહિત દળ કુલ **એકહજાર** પૃષ્ઠનું થયું છે. પાકું લૂગડાનું પૂઠું છે અને કિંમત પાંચ રૂ૦ છે. પોસ્ટેજ જુદું. આ સંબંધીની જાહેરખબર ગત જૈનયુગના અંકમાં મૂકી હતી અને આ અંકમાં મૂકાઇ છે. જૈન સમાજ આને ખરીદી જૈન સાહિત્યની સેવા કરવામાં સહાયભૂત બનશે એમ અમે આશા રાખીએ છીએ.

હમણાંજ શ્રી કૉન્ફરન્સ ઑફિસે કેટલાક ગૂજરાતના પ્રસિદ્ધ સાક્ષરોને આ ગ્રંથ ભેટ મોકલાવ્યો છે. અને તે પર વિવેચનાત્મક વિસ્તૃત આલોચના લખી મોકલવાની કૃપા કરવા માટે અમારા તરફથી ખાસ વિજ્ઞપ્તિ કરવામાં આવી છે. આ સર્વ આલોચનાત્મક લેખો મળ્યે આ ગ્રંથના બીજા ભાગમાં પ્રસિદ્ધ કરવાનો વિચાર છે અને તેમ થયે 'પ્રવેશક' તરીકે તે લેખો અપૂર્વ સેવા બજાવશે એ નિર્વિવાદ છે. હમણાં આપણા સાક્ષર શિરોમણિ રા. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ આ પહેલા ભાગની પહોંચ સ્વીકારતાં કૉન્ફરન્સના સ્થાનિક જનરલ સેક્રેટરીઓને તા૦ ૨૫-૧૧-૨૬ ના પત્રથી જણાવે છે કેઃ—

"આપશ્રીના તરફથી **'જૈન ગૂર્જર કવિઓ-પ્રથમ ભાગ'** એ નામનું પુસ્તક આજે ભેટ મળ્યું, તેની પહોંચ આનંદ તથા આભાર સાથે આપતાં લખવાની રજા લેઉં છું કે કૉન્ફરન્સે એ પુસ્તક બહાર પાડી પરમ ઉત્સાહી સંશોધક **મોહનલાલ દલીચંદ દેશાઇએ** અંતરના ઉમંગથી લીધેલા પરિશ્રમની કદર કરી છે અને ગૂજરાતી જૈન સાહિત્ય વિશે માહીતી સર્વસુલભ કરી ગૂજરાતી સાહિત્યના અભ્યાસને અપૂર્વ અનુકૂળતા પૂરી પાડી છે. **મહાભારત, રામાયણ** અને **પુરાણો**ના આધારનું ગૂજરાતી સાહિત્ય ચૌટે ચકલે ગવાતું હતું. પરંતુ પુષ્ટિમાર્ગીય, સત્સંગી અને જૈનસાહિત્ય મંદિર અને ઉપાશ્રયમાં જ તેની પવિત્રતાની સુવાસ ફેલાવતું હતું. આ કારણથી ઇતર પંથ અને ધર્મની જાણબહાર તે અત્યારસુધી રહ્યું છે. આ સૂચિથી તે સંબંધી અજ્ઞાન ઘણે દરજ્જે દૂર થશે. ખંડિત મૂર્ત્તિરૂપે, ઘસાઇ ગયેલા સિક્કા રૂપે, ત્રુટિત પાનાં રૂપે જૂનાં સંસ્મરણો જનતાનો અને સાહિત્યનો ઇતિહાસ ઘડવામાં બહુ ઉપયોગી નીવડે છે, તો જૈન ગૂજરાતી સાહિત્યના ભંડાર વિશે શું કહેવું? ફરીને એક વાર મોકલેલી અમૂલ્ય ભેટ માટે આભાર પ્રદર્શિત કરી

તથા 'જૈન ગૂર્જર કવિઓ–દ્વિતીય ભાગ' વેળાસર મારા જેવા વૃદ્ધ મનુષ્યથી લાભ લેવાય એમ પ્રગટ થવાની વિજ્ઞાપના કરી વિરમું છું.

લે. આધીન સેવક,
કેશવલાલ હર્ષદરાય ધ્રુવ."

આજ પૂજ્ય ધ્રુવ મહાશય અમો બાળકને પરમારા તેજ તારીખના એક કાર્ડથી જણાવે છે કે:–

સદા સ્નેહી મોહનલાલભાઈ,

આજે, બહુ દિવસથી જેની હું વાટ જોતો હતો તે **જૈન ગૂર્જર કવિઓ–પ્રથમ ભાગ** મને મળ્યો. તમારી મહેનત અથાગ છે. તમે જૈન ગૂજરાતી સાહિત્યની જેવી સેવા બજાવી છે તેવી જૈનેતર ગૂજરાતી સાહિત્યની સેવા બજાવનાર કોઈ નથી–શેષપૂર્ત્તિ કયારે થશે તેનો પણ ખ્યાલ આવતો નથી. **બીજો ભાગ** હવે કયાર સોરો બહાર પડશે ?

તમારી સૂચિ હું આદ્યંત અવકાશમાં વાંચી જઈશ. પણ અવસ્થાએ મારા (પર) અમલ જમાવવા માંડયો છે તેથી તમારી સૂચનાઓ મારાથી કેટલે-દરજજે પળાશે તે શક પડવું છે....."

વડોદરાથી પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી જણાવે છે કે:—

'શ્રીમતી જૈન શ્વે૦ કો૦ ઑફિસે આવા ગ્રંથને પ્રકાશમાં મૂકીને અને સાહિત્યરસિક ઇતિહાસપ્રેમી મધ્યસ્થ સજ્જન સાક્ષરવર્ગમાં અમૂલ્ય વિતરણની યોજના કરીને અતીવ પ્રશંસાપાત્ર કાર્ય કર્યું છે એમ સહજ ઉદ્ગાર પ્રકટ થાય છે. પ્રકાશક સંસ્થાને મ્હારાં અન્તરનાં અભિનંદન છે, તે સાથે સંગ્રાહક ,અને સંપ્રયોજક શ્રીયુત મોહનલાલ દ. દેશાઇના સુપ્રશસ્ત પ્રયત્ન માટે ધન્યવાદ ઉચ્ચાર્યા સિવાય રહી શકાતું નથી. આ ગ્રંથ સંબંધમાં મ્હારો વિશેષ અભિપ્રાય ગ્રંથનું આંતર અવલોકન કર્યા પછી આગળ ઉપર જણાવીશ.'

પ્રસિદ્ધલેખક શ્રીયુત 'સુશીલ' ૧૮–૧૨–૨૬ ના ટૂંક પત્રમાં જણાવે છે કે:—

'ગુર્જર જૈન કવીઓ વાળું પુસ્તક પણ રા. દેવચંદભાઇ (જૈનપત્રના તંત્રી) પાસેથી માગી લીધું. મેં તો ધાર્યું કે પાંચ–પચીસ ફારમનો ગ્રંથ હશે. પણ મોટું દળદાર વૉલ્યુમ નીહાળી હું તો દંગજ થઇ ગયો—આ ડીક્શનેરી જેવડો ગ્રંથ હું ક્યારે વાંચી શકીશ ? આપની ધીરજને પણ ખરેખર ધન્યવાદ ઘટે છે. સાહિત્ય એક સાધના છે–તેમાં અનંત ધૈર્ય કેટલું આવશ્યક છે તે તમારા આ પ્રકાશન ઉપરથી સમજાય છે. સમાલોચનાની ખાતર નહીં તો પણ મારા પોતાના વિનોદની ખાતર વાંચીશ. કારણકે મને પોતાને તેમાંથી ઘણું નવું જાણવાનું મળશે.....'

વિજયરાજસૂરિ.

[આ સૂરિના નિર્વાણ પર દુહા તથા ઢાળોમાં સ્વાધ્યાય તેના શિષ્ય ધનવિજયે સુરતમાં રચેલ અને મુનિ વિનીતવિજયે લખેલી એક લાંબા કાગળ પરથી અમને પ્રાપ્ત થઇ છે જેમાંથી નીચેની હકીકત મળી આવે છેઃ]

(ગુજરાતના) કડી નગરના શાહ ખીમા તેમના પિતાનું નામ હતું. ને માતાનું નામ ગંગાદે હતું. તેમનો જન્મ સં. ૧૬૭૯ ના વૈશાખ સુદિ ૩ ને દિને થયો ને નામ કુંવરજી રાખવામાં આવ્યું. વિજયાણંદસૂરિ પાસે તેમણે અને પોતાના પિતા બંનેએ વૈરાગ્ય પામી રાજનગરમાં સં. ૧૬૮૯ આસાઢ શુદ ૧૦ મીને દિને દીક્ષા લીધી. તેમનું નામ કુશલવિજય રાખ્યું. આ દીક્ષામહોત્સવ ત્યાંના શાહ મનજીએ કર્યો. શાસ્ત્રવિદ્યા પામી યોગ વહન કરી ગણિ પદ પામ્યા. દેશવિદેશ વિહાર કર્યો. સંવત ૧૭૦૩ માં સીરોહીમાં શ્રી વિજયાણંદસૂરિએ તેમને પોતાના પટ્ટધર કર્યા. શ્રી ગુઢ સાહરાઉતે આનો ઉત્સવ કર્યો અને નામ વિજયરાજસૂરિ રાખ્યું, ઉપદેશ સારો આપતા હતા. નવયાત્રા શંખેશ્વરની, ચાર શત્રુંજયની બે ગિરનારની, ને એક માણેકસ્વામિની તેમજ ત્રણ અંતરિક્ષ પાર્શ્વનાથની યાત્રાઓ કરી. ૭ બિંબની પ્રતિષ્ઠા કરી. ને ૪ લાખ બિંબને જુહાર્યા. અપાર માલ પહેરાવી. ઘણાઓએ ચોથા વ્રતની તેમની પાસે બાધા લીધી, અને અનેક તપશ્ચર્યાઓ કરી. હીરવિજયસૂરિનો તેર માસનો તપ કર્યો, સિદ્ધાચલ આરાધવા આંબેલની ઓલી કરી, તેમના ઉપદેશથી અનેક સંઘ કાઢવામાં આવ્યા, જિનપ્રાસાદ થયા, શાસ્ત્રશોધન થયું. નારદપુરમાં ચોમાસું કર્યું ત્યારે ધ્યાન કરતાં શાસનદેવતા પ્રત્યક્ષ થયા ને માન મુનિને ગચ્છનો ભાર આપવાનું કહેતા ગયા. સં. ૧૭૩૬ મહા શુદ ૧૩ ને દિને આચાર્યપદ સિરોહીમાં માનમુનિને આપ્યું ને તેમનું નામ વિજયમાનસૂરિ નામ આપ્યું. આનો ઉત્સવ સીરોહીના શાહ ધર્મદાસે કર્યો. આ વિજયરાજ સૂરિએ ૧૨ મુનિને ઉપાધ્યાય-વાચકપદ આપ્યું. વિજયરાજસૂરિ ખંભાતમાં આવ્યા. સંઘે માન આપ્યું. અહીં તેમના શરીરને બાધા થતાં ઔષધની કારી ન લાગી, સંસાર અસાર જાણી વિજયમાનસૂરિને ભલામણ કરી કે 'જિનશાસન દીપાવયો રે, ધરયો ગચ્છનો ભાર' પછી અનશન લઈ સં. ૧૭૪૨ આષાઢ વદિ તેરસને પાછલે દિને અમરવાસ પામ્યા. શબનો અગ્નિસંસ્કાર 'મહિસાયરને તીર' સુગંધી દ્રવ્યથી કર્યો. ખંભાતના સંઘે દાન પુણ્ય કર્યા. સુરતનો સંઘે આ ખબરથી દાન પુણ્ય કર્યું, માંડી વાઘરી પાસે જળ છોડાવી. આ પ્રમાણે આ નિર્વાણ સ્વધ્યાય પૂરો કરી કર્તા છેલ્લી કડી મૂકે છે કેઃ—

શ્રી વિજયરાજ સુરીશ્વરતણો, શીસ ધનવિજય ઉવજ્ઝાય;
સૂરિત બંદિરમાં એ કર્યો, નિર્વાણનો સજ્ઝાય.

તંત્રી.

પ્રેમવિજય ઉપાધ્યાય

આનો બે પાનાનો નિર્વાણરાસ હસ્તલિખિત પ્રતમાં મળી આવ્યો છે તેનો સાર એ છે કેઃ—

વટપદ્ર (વડોદરા)માં પ્રાગ્વંશ (પોરવાડ જ્ઞાતિના) સાહ હંસરાજને હાંસલદે નામની પત્ની હતી અને તેમને સં, ૧૬૬૬ માં પ્રેમજી નામે પુત્ર થયો. ૧૬ વર્ષનું યૌવન પ્રાપ્ત થતાં શ્રી વિજયતિલકસૂરિના શિષ્ય ઇંદ્રવિજય વાચક પાસેથી દીક્ષા લીધી અને વાચક ભાવવિજય પાસે શાસ્ત્રાધ્યયન આદર્યું.

ચરણકરણ યોગ વહી પૂર્વપાપ આલોઇ ઉપવાસ-છઠ અઠમ બહુ કર્યા ઉપરાંત આંબીલ નીવી એકાસણા સિદ્ધચક્રની બે ઓળી, પંચ વિષયનાં પંચખાણ પંચમી તપ તથા વીસ સ્થાનકની ઓલી એક આંબેલ બીજે ઉપવાસ એમ અઠાઇ વગેરે તપશ્ચર્યા ખૂબ કરી શત્રુંજયની બે, અંતરીક્ષ પાર્શ્વનાથ અને ગિરનારની એક, અને અબુંદ (આબુ) તથા શંખેશ્વરની પાંચ યાત્રા કરી.

વિજયાણંદસૂરિએ વાચકપદ આપ્યું. દેશવિદેશ વિહાર કર્યો. વિજયરાજસૂરિનો આદેશ લહી સુરતથી વટપ્રદ આવ્યાં. સંવત ૧૭૧૭ના શ્રાવણ સુદ બીજ રવિવારે શરીરને વ્યાધિ થતાં અઠમ કરી અણસણ કર્યું સર્વ જીવને ખમાવી ચાર શરણાં લઇ સં. ૧૭૧૭ ના શ્રાવણ સુદ ૧૦ રાત્રે પાછલા પહોરે એટલે એકાદશીએ સ્વર્ગવાસ પામ્યા. કુલ શત્રુંજય આદિ તીર્થની ૩૬ યાત્રા માની, ૫૫ સ્નાત્ર કરી શાંતિનાથની પૂજા કરી; લાખ જિનબિંબ ભુહાર્યા, એક માસ ખમણ, ૩૯ છઠ, ૧૩ અઠમ, ૨૨૨૨ ઉપવાસ, નવ નવ આંબિલની ઓળી,–૧૨૯૫ આંબીલ, ૬૬૦ સામાયિક, ૧૬૮૦ એકાસણાં વગેરે કર્યા.

શત્રુંજને માંડવી કરી ઘામધુમથી તથા દાનપૂર્વક સુખડ કેસર અગર કસ્તુરી આદિથી અગ્નિદાહ દીધું. નગરપુરામાં અમારિ પડહ વગાડયેા. આ રીતે આ રાસ પ્રેમવિજય સેવક (શિષ્ય) વૃદ્ધિ(વિજયે) પૂરેા કર્યો.

તંત્રી.

ઉખાણાં.

[એક પાનાની હસ્તલિખિત પ્રત મળી છે તેમાં ઉખાણાં જેવાં વાક્યેા મૂક્યાં છે. પ્રારંભમાં 'પંડિત શ્રી રત્નભૂષણ ગણિ ચરણ કમલેભ્યેા નમઃ' એ પ્રમાણે મૂક્યું છે. તે પરથી જણાય છે કે આ પ્રતના લેખક તે ગણિના શિષ્ય હેાવા ઘટે.]

૧ કદલી દલિતાં કાંડુ નહીં,
હાથીનું પગ રાડુ નહીં,
જેઠી સરિખુ ઝોડુ નહી,
આટા પાખઈ રોડુ નહીં,
ાવી સરિખુ ખોડુ નહીં,
રાજા સરિખુ મોડુ નહીં,
૨ સાંકડી સેરી ઢાલુ નહીં,
સંન્યાસી ઊચાલુ નહી,
ગાદહ કોટિ ગાલુ નહીં,
પરણ્યા પાખઇ સાલુ નહીં,
સુંનઇ ક્ષેત્રિ માલુ નહીં,
હબસી સરિખુ કાલુ નહીં,
આગિનઇ તુ આલુ નહીં.
૩ જીવ પાખઇ શાંત નહીં,
જિણ્યા પાખઇ થાંત નહીં,
માથા પાખઈ કાન નહીં,
વર વિહૂણી જાન નહીં,
વાલ વિહુણ વાંન નહીં,
વૂઠા પાખઇ ધાંન નહીં,
૪ આંબા પાખઈ સાખ નહીં,
પીપલ પાખઇ લાખ નહીં
આગિ વિહૂણી રાખ નહીં,
વાવ્યા પાખઇ દ્રાખ નહીં
દીઠા પાખઇ ધાંખ નહીં,
કાલાં માણસ ભાષ નહીં
૫ જુડાં માણસ ઠામ નહીં,
કીધા પાખઇ કામ નહીં.
૬ ગામ પાખઇ સીમ નહીં,
ટાઢિ પાખુઇ હીમ નહીં
૭ લખિમી પાખઇ માન(મ) નહીં,
ભગવંત સરિખું નામ નહીં,
૮ ઉંચઇ ટીંબઇ નીર નહીં,
ઉંટના દૂધની ખીર નહીં,
કેળવ્યા પાખઇ હીર નહીં,
સાલવી પાખઇ ચીર નહીં
૯ પાયા પાખઈ ઘર નહીં,
ધેારી પાખઇ ઘર નહીં
૧૦ ગુર પાખઇ મંત્ર નહીં,
જાણ્યા પાખઇ યંત્ર નહીં

૧૧ પ્રીતિ પાખઇ મિત્ર નહીં,
વયર પાખઇ શત્રુ નહીં
૧૨ કાંત્યા વિહૂણું સૂત્ર નહીં,
પેટ વિહૂણ પૂત્ર નહીં
૧૩ નાગરવેલિં બીજ નહીં,
વાદલ પાખઇ વીજ નહીં,
૧૪ માતા પાખઇ હેજ નહીં,
હેાદા પાખઇ તેજ નહીં
૧૫ અંગ હીણનઇ રાજ નહી,
વેશાનઇ તુ લાજ નહી
૧૬ ભણ્યા પાખઇ ઉક્તિ નહીં,
વિવેકી પાખઇ યુક્તિ નહીં
જિમ્યા પાખઇ શકતિ નહીં,
તુરક માહિં વિગતિ નહીં
અસ્ત્રી પાખઇ ભકતિ નહીં,
જિનધર્મ પાખઈ મુગતિ નહીં
૧૭ નવકુલ પાખઈ નાગ નહીં,
તારા પાખઇ તાગ નહીં
ભાણેજ માટી ભાગ નહીં,
કંઠ વિહુણ રાગ નહીં,
પર્વત પાખઈ સાગ નહીં,
વિમલાગિરિ ઉપરિ કાગ નહીં
૧૮ ભેાગી પાખઇ ભેાગ નહીં,
વ્રતી વિહૂણ યેાગ નહી
૧૯ વડલાનું તુ ફુલ નહીં,
ચિંતામણિંનું મૂલ નહીં
૨૦ જવહરનું તુલ્યતેાલ નહીં,
ચઉદઇ સેાનઇ છેાલ નહીં
મઢિયા વિહૂણ ઢેાલ નહીં,
લંપટ માણસ બેાલ નહીં
૨૧ ગજધર પાખઇ ખાટ નહીં,
કુંભાર પાખઇ માટ નહીં
કંસારા પાખઇ ત્રાટ નહીં,
સેાની પાખઈ ઘાટ નહીં
ગરથ પાખઈ હાટ નહીં,
ગુરૂ પાખઇ ધર્મની વાટ નહીં
૨૨ વડપણનું જાયું, ઢીંકુઆનુ પાયું,
પાંગલાનું ધાયુ, કુંટાનું વાયું.
૨૩ મિર હાલૂનું વઢિઉં, હેાલીનું પઢિઉં,
જલકેાસનુ મઢિઉં, ઉંટનું કઢિઉ
૨૪ નિર્ધનનું જંગ, વયરીનુ રંગ
પાવઇનુ સંગ, ગાદહિઇ લીંડાંનું ભંગ
૨૫ માતાની વાડિ, જવાસાની વાડિ
સઇની ધાડિ.
૨૬ સિરાડીનું દાતણ, રાખનું સીરામણ
ઉટનું જમણ, હાથીનું દામણ
૨૭ વહીનું પડીગણું, સૂપડાનું ઉદીંગણું
આકડાનું ઊદીપણું, પાવઇનું માટીપણું
૨૮ ખજૂઆનું તેજ, મંત્રેઇનું હેજ
ખડસલાની સેજ, ટીંબાનુ ભેજ
૨૯ કારટાનુ લાગ, જમાઇનુ ભાગ
રન્નાદેનુ જાગ, સુકઠ માહિ સાગ
૩૦ આંધલાની આસ, ગાદહિડાની લાસ
વયરાલા માહિં વાસ, વેશાનુ દાસ
૩૧ આભાં તણી છાંહ, કુપરિસ તણી બાંહ
૩૨ આકતણું તૂર, નદી તણું પૂર
૩૩ રાબનું ઘ્રુ, ભુંડનુ ભુ
બાલકનું હું, કાલાનુ કહુ
૩૪ દાસીનુ સનેહ, પાવઇ તુ વેહ
કેાઢીનું દેહ, પાણીનુ અવલેહ
૩૫ ખમણાનું દેખણું, બાલકનું પેખણું,
મૂરખનું લખણું, ટીંટાનું ભખણું
૩૬ નીસાણીનું નાણું, ઘાણીનું ખાણું
ભાગું ભાણું, ગહિલીનું ગાણું
૩૭ વલહટીઆનું હાટ, બેાબડુ ભાટ
વગડાની વાટ, અર્કનુ પાટ

આમાં ૧ થી ૩૭ એ સંખ્યા અમેાએ પ્રાસ પ્રમાણે સગવડતા ખાતર મૂકી છે, મૂળમાં સળંગ લખાયેલ છે, છેલ્લે ' અર્કનું પાટ ' એટલું લખી પ્રત અધૂરી મૂકાઇ લાગે છે. આ ઉખાણાં જોડકણાં જેવાં લાગે છે. અમે અંગ્રેજી ભણતા ત્યારે આવાં અંગ્રેજીમાં ઉખાણાં બેાલાતાં-જેવાં કે **No knowledge without College** (કેાલેજ વગર જ્ઞાન નહિ) **No life without wife** (સ્ત્રી વિહૂણું જીવન નહિ) વગેરે.

તંત્રી.

શ્રી હેમચંદ્રાચાર્યનું પ્રાકૃત વ્યાકરણ*

તેનો ઇતિહાસ અને તેની ગુર્જર સાહિત્યમાં ઉપયોગિતા.

આખા જીવનમાં સાહિત્યની સેવા કરનાર અને સાથે ગુજરાતના બે મહાન રાજાધિરાજોના આખા સમયમાં અનેક પ્રકારે રાજકીય બાબતોમાં ભાગ લેનાર અને તેની સાથે ધર્મસામ્રાજ્યની પ્રબળ ભાવના વ્યવહારૂ રીતે સિદ્ધ કરનાર શ્રીમાન હેમચંદ્રાચાર્યનું "કળિકાળ સર્વજ્ઞ"નું બિરૂદ સ્થાને છે એમ જ્યારે તેઓશ્રીની અનેકદેશીય પ્રવૃત્તિ જોઇએ છીએ ત્યારે લાગ્યા વગર રહેતું નથી. એમને સાહિત્યનું એક પણ ક્ષેત્ર ખેડ્યા વગર છોડયું હોય એમ લાગતું નથી અને તે બાબતની પ્રતીતિ તેઓનો લભ્ય ગ્રંથસંગ્રહજ આપે તેમ છે. અન્ય પ્રસંગે એ મહા ત્યાગી અને સરસ્વતીના અનન્ય ભક્તના આખા જીવનની રૂપરેખા પર વિચાર કરવાનો પ્રસંગ હાથ ધરશું. એક નાના નિબંધમાં એ વિવિધતાથી ભરપૂર જીવનને ન્યાય આપવાનું કાર્ય બનવું અસંભવિત લાગવાથી આપણા ગુજરાતી સાહિત્ય પર સીધી અસર કરનાર તેમની પ્રાકૃત ભાષાની સેવા અને તેને અંગે ઉપલબ્ધ થતી હકીકતોનો અત્રે સંગ્રહ કરવાનું તેથી પ્રાસંગિક ધાર્યું છે. આ નિબંધમાં મુખ્યત્વે કરીને તે મહાપુરૂષના પ્રાકૃત-વ્યાકરણની રચનાના પ્રસંગ ઉપર ખાસ કરીને અને આનુષંગિક વિષય તરીકે આખા વ્યાકરણની રચના ઉપર અને તેને સુવ્યવસ્થિત બતાવનાર અને ઐતિહાસિક ખોટ પૂરી પાડનાર ગ્રંથની બાબત ઉપર જે હકીકત મળી છે તેનો સાર આપ્યો છે અને બહુ જરૂરી આજુબાજુની હકીકતો ઉપર સહજ દૃષ્ટિપાત કર્યો છે.

શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય.

વિક્રમ સંવત ૧૧૪૫ ના કાર્તક શુદ્ર પૂર્ણિમાની રાત્રીએ આ મહાત્માનો જન્મ ધંધુકા (કાઠીઆવાડ) માં થયો. એનું નામ ચંગદેવ, એના પિતાનું નામ ચાચિગ અને માતાનું નામ પાહિણી. જ્ઞાતીએ મોઢ વાણીઆ. એ વખતે ધંધુકા મોટું શહેર હતું અને ત્યાં વ્યપાર સારો હતો. અત્યારે અમદાવાદ જીલ્લાના તાબામાં છે. એમની માતા જૈન ધર્મ પાળતી હતી. પિતા જૈન હતા પણ ધર્મ શ્રદ્ધામાં એમની માતા જેટલા મજબૂત હોય એમ લાગતું નથી. શ્રીદેવચંદ્રે આ નાના બાળકનું સુંદર ભવિષ્ય એની મુખમુદ્રા અને બીજાં લક્ષણોથી જોઇ જાણી ભવિષ્યના મહાન સેવા કરનાર તરીકે એને પીછાની ભક્તિભાવવાળી માતા પાસે એ બાલરત્નની માગણી કરી અને આખરે સંવત્ ૧૧૫૦ ના મહા શુદ્ર ૧૪ શનિવારે ખંભાતમાં દીક્ષા આપી અને અભ્યાસ શરૂ કરાવ્યો. એ વખતે એનું નામ સોમચંદ્ર રાખ્યું. પ્રાકૃત ભાષા તત્ત્વજ્ઞાન અને ન્યાયનો અભ્યાસ પૂરો થતાં એમને સંવત ૧૧૬૬ માં બાવીશ વર્ષની વયે આચાર્યપદ આપવામાં આવ્યું અને સંપ્રદાય પ્રમાણે તે વખતે તેમનું નામ ફેરવી હેમચંદ્રસૂરિ અથવા હેમચંદ્રાચાર્ય રાખવામાં આવ્યું.

સિદ્ધરાજ જયસિંહ.

આવી રીતે તૈયાર થયેલ અને બાળવયથી અસાધારણ બુદ્ધિવૈભવ ધરાવનાર વ્યક્તિ જ્યારે તૈયાર થતી હતી ત્યારે ગુજરાત દેશમાં તે વખતે જયસિંહ સિધ્ધરાજની આણ વર્તતી હતી. મહારાજા કર્ણદેવના મરણ વખતે ઘણી નાની વયમાં સં. ૧૧૫૦ ના પોષ વદ ૩ ને રોજ એનો પટ્ટાભિષેક થયો. આપણે જે વ્યાકરણ સંબંધી આજે વિચાર કરીએ છીએ તેને મહારાજા સિધ્ધરાજની સાથે ઘણો નીકટનો સંબધ હોવાથી એને લગતી કેટલીક હકીકત અત્રે પ્રસ્તુત છે. નાનપણથી અતૂલ પરાક્રમી આ ગુર્જરાધીષ પોતાની આણનો વિસ્તાર વધારતો હતો ત્યારે શ્રી સોમચંદ્ર અભ્યાસમાં વધારો કરતા હતા. ન્યાય, છંદ, કાવ્ય, અલંકારાદિ સર્વ સાહિત્યમાં કુશળતા મેળવવાનો પાયો આ વખતે નખાતો હતો.

* મુંબઈની આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદ્ સમક્ષ વાંચેલો નિબંધ. લેખક મો. ગિ. કાપડીઆ.

સૂરિશાર્દૂલ અને રાજાધિરાજ પરિચય.

શ્રી હેમચંદ્રાચાર્યના ચરિત્રને અંગે સાધારણ રીતે માલૂમ પડે તે કરતાં જુદાજ પ્રકારની મુશ્કેલી છે. સાધારણ રીતે કોઈ પણ ગ્રંથકર્તાનું ચરિત્ર લખવું હોય તો કશાં સાધન મળતાં નથી ત્યારે આ પ્રબળ પ્રતાપી બુદ્ધિવૈભવશાળી વિદ્વાનના અનેક ચરિત્રો મળે છે અને તેમના જીવનનો પ્રવાહ, દેશસ્થિતિ, રાજ્યસ્થિતિ, સમાજસ્થિતિ, લોકવ્યવહાર કેવા હતા તે માટે વિસ્તીર્ણ સાધનસાહિત્ય પ્રાપ્ત થઇ શકે છે. એ આખા ચરિત્રને બારીકીથી અન્ય પ્રસંગે વિચારશું. અત્રે તો પ્રાકૃત વ્યાકરણને અંગે જેટલી જરૂરી વાત હોય તેટલીજ કરવી આવશ્યક ધારી છે અને તેમાં પણ સમયનો સંકોચ હોવાથી ખાસ મુદ્દાની વાતોજ કરશું. ઉક્ત મહાન આચાર્યના ચારિત્રનો ઘણો આધાર લેવા લાયક ગ્રંથ તે તેમના સ્વર્ગગમન પછી એક શતકમાં લખાયેલ શ્રી પ્રભાવક ચરિત્ર છે. એ પ્રભાચંદ્રસુરિની કૃતિ સં. ૧૩૩૪ માં લખાયલી છે અને ઘણી આધારભૂત હકીકત મુદ્દામ રીતે પૂરી પાડે છે. એ ઉપરાંત મેરૂતુંગાચાર્યનો પ્રબંધ ચિંતામણિ અને રાજશેખરનો પ્રબંધકોશ અથવા ચતુર્વિંશતિ પ્રબંધ જોશું. ઉપરાંત ફાર્બસની રાસમાળા તથા ડો. પીટરસનનું એ વિષયપરનું ડકન કોલેજનું ભાષણ અને ડો. બુલરના જર્મન ભાષાના "The Life of Jain monk Hemchandra" ના પુસ્તકનો અવારનવાર ઉપયોગ કરવામાં આવશે.

પ્રભાવક ચરિત્રના બાવીશમા શૃંગમાં કહેવા પ્રમાણે એક વખત મહારાજ સિદ્ધરાજની સ્વારી રાજમાર્ગ ઉપર જતી હતી તે વખતે રાજાધિરાજે સૂરિને દુકાનમાં ઉભેલા જોઇ પોતાના હાથીને અંકુશથી ખડો કર્યો અને 'કાંઇક બોલો-કહો' એટલું રાજા સૂરિ તરફ બોલ્યા એટલે તત્કાળ સૂરિ બોલ્યા "સિદ્ધ! તારા હાથીને કોઇ જાતની શંકા વગર આગળ ચલાવ. ભલે દિગ્ગજો ત્રાસ પામી જાઓ. એમાં શી અડચણ છે? કારણકે આ દુનિયા તો તારા વડેજ રક્ષાયલી-ઉદ્ધૃત થયેલી છે" [૧] આ તત્કાળ રચાયલી અને પ્રસંગાનુરૂપ બોલાયલી પદ્યરચનાથી સિદ્ધરાજ બહુ પ્રસન્ન થયો અને દરરોજ બપોરે રાજાના પ્રમોદ સારૂ રાજમહેલે પધારવા સૂરીશ્વરને વિનતિ કરી જે તેમણે સ્વીકારી. આ પ્રથમ પરિચય થયો. ત્યારપછી સૂરિમહારાજ સિદ્ધરાજ જયસિંહ પાસે અવાર નવાર જવા લાગ્યા. માળવાના રાજા યશોવર્મા પર મહાન વિજય મેળવી રાજાધિરાજ સિદ્ધેશ્વર અણહિલપુર પાટણમાં પેઠા તે વખતે તેને આશિર્વાદ આપવા સર્વ દર્શનીઓ મળ્યા હતા, તે વખતે હેમચંદ્રાચાર્યે તેને આશીષ આપી તે સર્વમાં પ્રથમ પંક્તિએ ગણાય. તેમણે તે વખતે કહ્યું કે: "સિદ્ધરાજ પૃથ્વી જીતીને આવે છે માટે અહો કામદુધા ગાય! તમે તમારા ગોમય રસ વડે ધરતીનું સીંચન કરો; અહો સમુદ્રો! તમે મોતીના સાથીઆ પૂરો; અહો ચંદ્રો તમે તમારા પૂર્ણ તેજથી પ્રકાશ કરો; અહો દિશાના હાથીઓ! તમે તમારી સુંઢો વડે કલ્પવૃક્ષનાં પાંદડાનું તોરણ ધારણ કરો." [૨] સૂરિના આ આશિર્વાદથી સભારંજન બહુ થયું અને રાજેશ્વર બહુ ખુશી થયા. ત્યાર પછી એક પ્રસંગ બન્યો તેને આપણે જે વ્યાકરણનો વિચાર કરીએ છીએ તેની રચના સાથે ઘણો અતલગનો સંબંધ ધરાવે છે.

વ્યાકરણ રચના પ્રસંગ.

એક વખતે મહારાજા સિદ્ધરાજને અવંતી (ઉજ્જન)માં રહેલા પ્રધાન પુરૂષોએ લક્ષણશાસ્ત્ર વ્યાકરણનું પુસ્તક બતાવ્યું. એ શું છે એમ રાજાએ પૂછતાં ભોજરાજાનું બનાવેલ એ શબ્દશાસ્ત્ર છે એમ

---

१ कारय प्रसरं सिद्धहस्तिराजमशङ्कितम्।
त्रस्यन्तु दिग्गजाः किं तैर्भूस्त्वयैवोध्धृताः यतः॥

२ भूमिं कामगवि स्वगोमयरसैरासिंच
रत्नाकरा,
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप त्वं पूर्णकुम्भो भव।
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणा
स्तोरणा
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति
सिद्धाधिपः।

તેને જણાવ્યું. વળી તેઓએ જણાવ્યું કે એ ભોજ રાજા માળવાનો રાજા હતો, વિદ્વચ્ચક્રશિરોમણિ હતો અને શબ્દ અલંકાર નિમિત્ત અને તર્કશાસ્ત્રોપર ગ્રંથો તેણે બનાવ્યા છે, તેમજ ચિકિત્સા વૈદ્યક વાસ્તુ શુકન સામુદ્રિક વિગેરે વિષયો પર ગ્રંથો લખ્યા છે. રાજાએ કહ્યું કે અમારા ભંડારમાં શું આવું શાસ્ત્ર નથી? શું આવા વિશાળ ગુર્જર દેશમાં કોઇ વિદ્વાન નથી જે આવો વ્યાકરણનો ગ્રંથ લખી શકે? રાજાના આ ઉદ્‌ગાર સાંભળી સર્વે હેમચંદ્ર સામું જોઇ રહ્યા જેનો ભાવ એ હતો કે એ કાર્ય કરવા સમર્થ તે છે. રાજાએ શબ્દશાસ્ત્ર વ્યુત્પત્તિશાસ્ત્ર તૈયાર કરવા શ્રી હેમચંદ્રસૂરિને પ્રાર્થના કરી અને જણાવ્યું કે અત્યારે જે વ્યાકરણો મળે છે તે કાં તો બહુ ટુંકા છે, અધુરા છે અથવા જીર્ણ છે. અત્યારે પ્રવર્તતા શબ્દલક્ષણ શાસ્ત્રની બહુ જરૂર બતાવતાં સૂરિએ સાધનો પૂરાં પાડવામાં આવે તો એ કામ હાથ ધરવા સંમતિ બતાવી. મુદ્દામ માણસો મોકલી કાશ્મીર દેશના પ્રવર નામના નગરેથી ભારતી સરસ્વતી દેવી પાસેથી આઠ જુના વ્યાકરણો મંગાવ્યા. સરસ્વતી દેવીના પ્રસાદથી એ પુરૂષો જલ્દી પાછા આવ્યા અને એ શ્વેતાંબર હેમચંદ્રને માટે શારદા દેવીને કેટલું ઊંચું માન છે તે પણ જણાવ્યું.

આવા વિદ્વાન નરરત્નને પોતાના દેશમાં રાખવાનું અહોભાગ્ય પ્રાપ્ત થવાથી રાજા પ્રસન્ન થયો અને વ્યાકરણ સર્વ દિશામાં તૈયાર કરવા હેમચંદ્રાચાર્યને બહુ ખુશીથી આદેશ આપ્યો. શ્રીમાન હેમચંદ્રાચાર્યે ત્યાર પછી "શ્રી સિદ્ધહૈમ" નામનું વ્યાકરણશાસ્ત્ર બનાવ્યું. એના બત્રીશ પાદ-પ્રકરણો પાડયાં, આઠ અધ્યાય-વિભાગ થયા. એમાં ઉણાદિ પ્રત્યયો, ધાતુ વિભાગ, લિંગ વિભાગ, જાતિ સૂત્ર અને વૃત્તિ એ સર્વ હકીકત આવી એટલે એ પંચાંગી વ્યાકરણ બન્યું. એની સાથે એમણે બે કોશ બનાવ્યા. એનાં નામઃ નામમાલા અને અનેકાર્થકોશ. એના આઠમા અધ્યાયમાં પ્રાકૃત વ્યાકરણ લખ્યું તે પર આગળ વિવેચન થશે.

વ્યાકરણના વિષયો.

પ્રભાવક ચારિત્રકાર આગળ લખે છે કે અત્યારે આયુષ્ય નાનાં હોવાથી અગાઉના વિસ્તીર્ણ શાસ્ત્રોનો અભ્યાસ થઇ શકે તેમ નહોતું અને વચ્ચેના વખતમાં દોષસ્થાનો અને ન સમજાય તેવી ધુંચવણો એટલી વધી ગઇ હતી કે વિદ્વાનોએ એ સિદ્ધહૈમ વ્યાકરણ જોયું એટલે એને પ્રમાણભૂત ગણી સ્વીકાર્યું. એ રાજદરબારમાં સ્વીકારાયલા ગ્રંથને અંગે દરેક પાદને અંતે એક એક પ્રશસ્તિનો શ્લોક ગ્રંથકારે મૂકયો છે અને છેવટે ૪ શ્લોક મૂકયા છે. એ પાંત્રીશ શ્લોકમાં મુળરાજ સોલંકી અને તે પછીના રાજાઓની અને મહારાજા સિદ્ધરાજની પ્રશંસા કરવામાં આવી છે. આ શ્લોકના નમુના પ્રાકૃત વ્યાકરણને અંગે આપણે આગળ જોશું. એ વ્યાકરણ ઉપર ગ્રંથકર્તાએ પોતે ટીકા લખી છે તે પણ મુદ્દામ અને જરૂરી છે. ગ્રંથ પૂરો થતાં રાજસભામાં એ વાંચવામાં આવ્યો. વસ્તુદર્શનની સ્પષ્ટતા સરળતા અને સંપૂર્ણતાને અંગે એની એકે અવાજે પ્રશંસા થઇ અને મહારાજાએ ત્રણસો-લહીઆઓને એ ગ્રંથની કોપી કરવા બેસારી દીધા. દૂર દેશમાં અભ્યાસીઓને એની પ્રતો પહોંચાડી. કયા કયા દેશોમાં એની પ્રતો મોકલી તેનાં નામ આ પ્રમાણે પ્રભાચંદ્રસૂરિ આપે છેઃ-અંગ (ભાગલપુર), વંગ (પૂર્વ બંગાળ), કલિંગ (દક્ષિણ ઓરીસા) આંધ્ર, લાટ (નર્મદા પશ્ચિમ પ્રદેશ), કર્ણાટક, કોંકણ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, વત્સ, કચ્છ, માલવ, સિંધુ સૌવીર (સિંધ), નેપાલ, પારસીક (ઇરાન), મુરંટક, ગંગાપાર, હરિદ્વાર, કાશિ, ચેદિ (બુંદેલખંડ), ગયા, કુરક્ષેત્ર, કન્ય કુબ્જ, ગૌડ (ઉત્તર બંગાલ), કામરૂપ (આસામ), સપાદલક્ષ, જાલંધર, ખસ, સિંહલ, મહાબોધ, ઓડ, કૌશિક (દરભંગા) વિગેરે વિગેરે.

એની વીસ પ્રતો કાશ્મીર દેશમાં સરસ્વતી મંદિરમાં મોકલી જે ત્યાં રાખવામાં આવી એટલે દેવી શારદાએ એનો સ્વીકાર કર્યો અને એને પ્રમાણભૂત ગ્રંથ તરીકે ગણ્યો.

વ્યાકરણ પ્રસાર.

એ ઉપરાંત કાકલ અથવા કક્કલ નામના એક કાયસ્થ વિદ્વાન જેણે આઠે વ્યાકરણનો અભ્યાસ કર્યો

હતો. તેને ખાસ અભ્યાસ કરવા માટે પાટણમાં રાજા તરફથી રોકવામાં આવ્યો. તે સર્વને વ્યાકરણનો અભ્યાસ કરાવે અને તેની જાહેર પરીક્ષા દરેક માસમાં શુકલ પક્ષની પાંચમે થવા માંડી. જેઓ એ શાસ્ત્રની પરીક્ષામાં પસાર થતા તેમને રાજા તરફથી ભારે વસ્ત્રો અને સોનાનાં ઘરેણાંની ભેટ આપવામાં આવતી હતી અને તેમને બેસવા માટે પાલખી અને માથે છત્ર આપવામાં આવતા હતા. એ પ્રમાણે વ્યાકરણની પ્રસિદ્ધિ કરવામાં આવી.

આ પ્રમાણે હકીકત મુદ્દામ રીતે શ્રી પ્રભાચંદ્રે પ્રભાવક ચારિત્રના શ્રી હેમચંદ્રસૂરિ નામના ૨૨ માં શૃંગમાં આપેલ છે. શ્લોક (૬૩-૧૧૫.)

આ સંબંધમાં અન્ય ગ્રંથકારો શું કહે છે તે જોવા પહેલાં એ વ્યાકરણની આખી રચના જોઇ જઈએ, ખાસ કરીને પ્રાકૃત વ્યાકરણના સંબંધમાં એ આપણા ગુજરાતી સાહિત્યને કેટલું ઉપયોગી કાર્ય છે તે પર વિચાર કરી લઇએ.

સિદ્ધહૈમ વ્યાકરણ. શબ્દાનુસાશન.

આ વ્યાકરણનું આખું નામ "શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનુસાશન" છે. એના સંસ્કૃત વ્યાકરણ વિભાગના સાત અધ્યાય છે અને દરેક અધ્યાયના ચાર ચાર પાદ છે એટલે સંસ્કૃત વિભાગના કુલ ૨૮ વિભાગો થાય છે. વ્યાકરણના મુખ્ય પાંચ અંગો છે. એમાં સૂત્રો, પ્રત્યયો ઉણાદિ, ધાતુના ગણો, ધાતુના અર્થો અને નામની જાતિઓનો સમાવેશ થાય છે. એના અંતરમાં દશગણો, પરસ્મૈ આત્મને અને ઉભયપદી ધાતુઓ, તેના કાળો, નામના રૂપો અને તેની અનિયમિતતાઓ, તદ્ધિત, કારક વિગેરે અનેક બાબતોનો સમાવેશ થાય છે. આ સિદ્ધહેમચંદ્ર વ્યાકરણ એવા પ્રકારનું બનાવ્યું છે કે એના અભ્યાસીને વ્યાકરણને લગતી કોઈ પણ બાબતમાં શંકા જેવું કાંઇ રહે નહિ. એ ઉપરાંત એ વ્યાકરણની મોટી ખૂબિ એ છે કે એમાં સૂત્રોને સહેલાં કરીને લખ્યા છે એટલે મગજ પર વધારે પડતો બોજો ન પડે અને ટુંકામાં સર્વ વ્યાકરણની બાબતોનો બહુધા એક સ્થાનકેજ ખુલાસો મળી જાય એવી એમાં ગોઠવણ રાખી છે.

આ વ્યાકરણને એક રીતે મૌલિક ગ્રંથ તરીકે કહી શકાય અને બીજી દૃષ્ટિએ જોઇએ તો એને સંગ્રહપુસ્તક (Compilation) તરીકે પણ લેખી શકાય. શ્રી પ્રભાવક ચરિત્રકાર એ પુસ્તક તૈયાર કરવાને અંગે કાશ્મીરથી આઠ વ્યાકરણના પુસ્તકો મંગાવવાનું લખે છે તેનો ભાવાર્થ એમ સમજાય છે કે જે કાર્ય શ્રી હેમચંદ્રાચાર્યને કરવાનું હતું તે જુની વાતોને સુત્ર રૂપે ગુંથી નવા આકારમાં રજુ કરવાનું હતું અને વ્યાકરણકાર-વૈયાકરણીય એટલુંજ કરી શકે તે તેની મૌલિકતા છે. વ્યાકરણ કરનારનો પ્રદેશ ભાષામાં પ્રચલિત શબ્દધનનો કેવી રીતે ઉપયોગ થાય છે અને તે કેવી રીતે ગોઠવી શકાય અને તે શબ્દોની ઉત્પત્તિ કેવી રીતે થઇ વિગેરે બાબતની ચર્ચા કરવાનો હોય છે. એને સાહિત્ય ઉત્પન્ન કરવાનું હોતું નથી પણ સાહિત્યમાં વપરાતાં શબ્દભંડોળને છણવાનું કાર્ય કરવાનું હોય છે.

વ્યાકરણનો વિષય તદ્દન શુષ્ક છે. એમાં નથી આવતી કલ્પના કે નથી પડતો રસ, એમાં હૃદયભેદક રસો નથી કે મર્મવેધી પ્રસંગો નથી, गच्छामि गच्छावः થી માંડીને એ આરીસ્ટ અને એનીડીકટીવ સુધી અથવા देवः देवौ થી માંડીને અનડુહ્ જેવા અનિયમિત રૂપો, તેમજ તદ્ધિત કૃદંત અને કારકના અટપટા પ્રયોગો ધારણ કરવા, સમજવા, છૂટા પાડવા, પ્રથક્કરણ કરવા, ગોઠવવા અને સર્વગ્રાહી થાય તેમ સમજાવવા અને તે કાર્ય તદ્દન નવીન ઢબે, નવીન પધ્ધતિએ, ટુંકામાં અને મુદ્દામ રીતે કરવું એ અસાધારણ બુદ્ધિવૈભવ, ભાષાપરનો સર્વગ્રાહી કાબુ અને પ્રૌઢ સમન્વય શક્તિ, સંગ્રાહક શક્તિ અને સંદર્શન શક્તિનો અદ્ભુત સહયોગ બતાવે છે. એ કાર્ય આ ચરિત્રનાયકે ફતેહમંદીથી કર્યું એ એમના ગ્રંથને તેમના વખતમાં જે સ્થાન મળ્યું તે પરથી જણાય છે, અને ત્યાર પછી એ ગ્રંથે જે સ્થાન વ્યાકરણ ગ્રંથમાં જાળવી રાખ્યું છે તે એ ગ્રંથની અદ્ભુતતા અને વિશાળતાનો અચૂક પુરાવો છે. ત્યાર પછીના સમયમાં

એક પણ મોટું સંસ્કૃત વ્યાકરણ જેમાં ઉપરના પાંચે અંગોનો સમાવેશ થતો હોય એવું બન્યું નથી એટલે જેમ અનેક સાહિત્યના વિષયો જેવાં કે સાહિત્ય (મર્યાદિત અર્થમાં કાવ્યનું વિજ્ઞાન), કોશ અને ન્યાયમાં તેમણે છેલ્લો શબ્દ કહ્યો છે તેમાં શબ્દાનુશાસન વ્યાકરણમાં પણ તેમણે છેલ્લો ઉલ્લેખ કર્યો છે. ત્યાર પછી વ્યાકરણની નાની નાની પ્રક્રિયા બની છે પણ મોટા સર્વદેશીય પંચાંગી વ્યાકરણને અંગે કોઇ પણ વિદ્વાને કાર્ય હાથમાં ધર્યું હોય તેવું જાણવામાં નથી અને તેટલું છતાં તેમનો સદર વ્યાકરણ ગ્રંથ જૈન અને જૈનેતર વિદ્વાનોમાં અત્યાર સુધી અને અત્યારે પણ મુખ્ય સ્થાન ભોગવે છે એ સંસ્કૃત ભાષાના અભ્યાસીને નવું જાણવાનું રહ્યું નથી. કોઇ પણ સારી ટીકા વાંચતાં **इति हैमः** અથવા **इति श्रीमद्धेमचंद्राचार्याः** અનેક પ્રસંગે ન આવે એવું બનવું લગભગ અશક્ય છે. આ તેમની સર્વસંગ્રાહક અને સર્વદેશીય પ્રવૃત્તિ બતાવે છે અને તેટલે અંશે તેમને માટે માન ઉત્પન્ન કરે છે.

એ "શબ્દાનુશાશન" આખો ગ્રંથ સૂત્રે રૂપે છે. અસલના ગ્રંથો પૈકી વ્યાકરણના ગ્રંથો સૂત્રની પદ્ધતિપર રચાયલા હોય છે. "સૂત્ર" એવી પદ્ધતિથી લખાય છે કે એમાં બહુ ભાવ આવી શકે અને યાદ રાખવામાં ઘણી સગવડ પડે. એના ઉપર કવિરાજે પોતે "પ્રકાશિકા" નામની ટીકા કરી છે જે બહુ સુંદર અને સંસ્કૃત ભાષામાં રચાયલી છે. એના સાત અધ્યાયના ૨૮ પાદ અને આઠમા અધ્યાયના પ્રથમ ત્રણ પાદમાં એક એક મળી ૩૧ શ્લોક શ્રી હેમચંદ્રાચાર્યે પોતે લખ્યા છે. એમાં મુળરાજ સોલંકીના વખતથી માંડીને સિધ્ધરાજના સમય સુધીનું વર્ણન કર્યું છે. એના આઠમા અધ્યાયના ચોથા પાદની આખરે ચાર શ્લોક આપ્યા છે. આ પાંત્રીશે શ્લોકો ઐતિહાસિક છે અને ખાસ યાદ કરવા જેવા છે. અત્રે વિસ્તાર ભયથી એ શ્લોકો આપ્યા નથી પણ ઇતિહાસના રસિક સજ્જનો એ શ્લોકો પર જરૂર લક્ષ્ય ખેંચશે એટલું જણાવવા યોગ્ય લાગે છે. એના પ્રાકૃત વ્યાકરણપરના કુલ સાત શ્લોક આગળ વિચારવામાં આવશે.

પ્રાકૃત જૈન આર્ષભાષા.

જૈન ગ્રંથો પૈકી મૂળ સિધ્ધાન્ત ગ્રંથો "પ્રાકૃત" ભાષામાં લખાયલા છે. તેની રચના કરનાર તીર્થંકરના મુખ્ય શિષ્યોનો ઉદ્દેશ એવો હતો કે બાળ સ્ત્રી મંદ અને સાધારણ સમાજ સહેલાઈથી સમજી શકે અને ઉચ્ચારી શકે એવી ભાષામાં જે ગ્રંથરચના થઈ હોય તો તે સર્વને ઉપયોગી થાય. સંસ્કૃત ભાષામાંથી પ્રાકૃત નીકળી કે પ્રાકૃત અને સંસ્કૃત એક સાથે બોલાતી હતી એ ઘણો વિકટ પ્રશ્ન છે. આખો સમાજ એકી વખતે વાતચીત અને ગૃહવ્યવહાર કે વ્યાપાર સંસ્કૃત ભાષામાં કરી શકતો હોય એ લગભગ અસંભવીત લાગે છે. એની સંસ્કારિતા અને અનિયમિતતા એટલી સુંદર અને ઝીણી છે કે આમ વર્ગની એ ભાષા હોવી ઘણાને સંભવીત લાગતી નથી. ઘણા વિદ્વાનોનો એવો અભિપ્રાય છે કે-રસિક માણસો અને ખાસ કરીને ઊંચા વર્ગના વિદ્વાનો સંસ્કૃતમાં વાતચીત કરતા હશે. તેઓની દલીલ એવી છે કે "સંસ્કૃત" શબ્દજ એવા પ્રકારનો છે કે એનો અર્થ "સંસ્કાર પામેલી" સુધરેલી અથવા સુધારાના અનુયાયીની એવો ભાવ એમાં ઝળકી ઉઠે છે. એની સાથે 'પ્રાકૃત' શબ્દ વિચારીએ તો એનો અર્થ ચાલુ અથવા 'પ્રકૃતિનુ'-'સ્વભાવસિદ્ધ' થાય છે. એ દૃષ્ટિએ 'પ્રાકૃત' ભાષા અસલ અથવા સ્વભાવ સિદ્ધ લાગે છે અને તેમાંથી સંસ્કાર પામીને શિષ્ટ પુરૂષો માટે થયેલી ભાષાને સંસ્કૃતા ભાષા કહેવામાં આવે છે. આ વિષય ઘણો ઝીણવટનો છે અને તે સંબંધી નિર્ણય આપવો ઘણો મુશ્કેલ છે, કારણકે એ સંબંધી વિચાર કરતાં એમાં અસલ રૂપો અને તેના અપવાદો પર બહુ ચર્ચા કરવી પડે જે આટલા નાના લેખને યોગ્ય લાગે નહિં. પણ આ ચર્ચામાંથી એક વાત તો ચોક્કસ લાગે છે કે સંસ્કૃત ભાષા સર્વભોગ્ય કે સાર્વત્રિક કોઇ કાળે હોય એ વાત સંભવીત જણાતી નથી. વિદ્વાનોની-સંસ્કારીઓની એ ભાષા પ્રચલિત હશે ત્યારે તેની સાથે આમ વર્ગની ભાષા તો 'પ્રાકૃત'

હોવીજ સંભવે છે. અત્યારે જેમ શહેર અને ગામડાની ભાષામાં ફેર દેખાય છે, સંસ્કાર અને સ્વભાવસિદ્ધતા જૂદા જૂદા આકારમાં બન્ને સ્થાનોમાં અનુક્રમે અનુભવાય છે તે પ્રમાણે એક સાથે બન્ને ભાષા પ્રચલિત હોય એમ અનુમાન થાય છે. ભાષા શાસ્ત્રના આ અતિ વિકટ પ્રદેશમાં અત્રે તો ચંચુ પ્રવેશ માત્ર થઇ શકે તેવું છે.

જૈન ગ્રંથોમાં પ્રાકૃતનું સ્થાન.

જૈન સંપ્રદાયમાં આ વિષય પર ઘણા ઉલ્લેખો મળી આવે છે. તેઓએ અસલ પ્રાકૃત ભાષાનો ઉપયોગ કર્યો તે તેની સર્વગ્રાહક વિશાળતા બતાવે છે. એક મહાન ટીકાકાર લખે છે કે [1]બાળ સ્ત્રી મંદ મૂર્ખ અને ચારિત્રની અભિલાષાવાળા પ્રાણીઓ ઉપર ઉપકાર કરવાની બુધ્ધિથી તત્વજ્ઞ વિદ્વાનોએ જૈન સિદ્ધાન્ત પ્રાકૃત ભાષામાં બનાવ્યા છે. આ સર્વવ્યાપી ઉપકાર દૃષ્ટિ બતાવે છે.

શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાગ્રંથના કર્તા શ્રી સિદ્ધર્ષિગણિ સંવત ૯૬૨ માં લખે છે કે "સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓ પ્રાધાન્યને યોગ્ય છે. તેમાં પણ ગર્વવાળા દુર્વિદગ્ધ મનુષ્યોના હૃદયમાં સંસ્કૃત તરફ વલણ હોય છે. બાળ જીવોને સદ્બોધ કરાવનારી અને કાનને બહુ મનોહર લાગે તેવી ભાષા તો પ્રાકૃતજ છે. પણ એ દુર્વિદગ્ધ પ્રાણીઓને તેવી લાગતી નથી. ઉપાય હોય તો સર્વનાં મનનું રંજન કરવું યોગ્ય છે તેથી તેઓની ખાતર આ ગ્રંથ સંસ્કૃતમાં રચવામાં આવે છે." આવા વિચાર વિક્રમની દશમી સદીમાં બતાવવામાં આવ્યા છે તે બહુ ધ્યાન ખેંચનારા છે. સંસ્કૃત ભાષા વિદ્વાન વર્ગમાં વપરાતી હતી એમ જે ઉપર વિચાર બતાવ્યો તેને આ વિચારથી ઘણો ટેકો મળતો હોય એમ જણાય છે. અત્યારે સાદી ભાષાના શોખીનો જેમ જડબાતોડ અથવા સાક્ષરીઆ ભાષાના સંબંધમાં વિચારો બતાવે છે તેવી અસલ સંસ્કારી અને આમ ભાષાને અંગે વિચારણા ચાલતી હશે એમ આ પરથી લાગે છે અને તેમ હોય તો ઉપર જે અનુમાનથી સંસ્કૃતભાષાનું એકદેશીયપણું અને પ્રાકૃતનું સર્વગ્રાહીપણું બતાવ્યું છે તેને ટેકો મળે છે. સંસ્કૃત ભાષાના નાટકોમાં સ્ત્રીઓ અને હલકા પાત્રો પ્રાકૃત કે માગધી ભાષા વાપરે છે એ આપણા વાંચનનો વિષય છે. એની સાથે રાજા કે પ્રધાન વાત કરે તો તેઓ સંસ્કૃતમાં બોલે અને આ આમવર્ગીય પાત્રો પ્રાકૃતમાં બોલે તે રાજા વિગેરે સમજી શકે, છતાં રાજાએ જેમ બને તેમ સાદું સંસ્કૃત બોલવું પડે છે-એ સર્વનો નિષ્કર્ષ એ નીકળે છે કે આમ ભાષા પ્રાકૃત હોવી જોઇએ અને વિદ્વાનોની સંસ્કારી ભાષા સંસ્કૃત હોવી જોઇએ. સંસ્કૃતનો ઉપયોગ ગ્રંથ લેખન ચર્ચા કે એવા વિશિષ્ટ પ્રસંગે થતો હોવો જોઇએ અને ચાલુ વ્યવહાર સર્વ પ્રાકૃત ભાષામાં થતો હોવો જોઇએ. આવી પરિસ્થિતિ હોય અને તે દશમી સદીમાં જાણીતી હોય તોજ સંસ્કૃત ભાષા વાપરનારને "દુર્વિદગ્ધ" નું ઉપનામ શ્રી સિદ્ધર્ષિગણિ જેવા પ્રભાવશાળી લેખક આપી શકે.

સિદ્ધહૈમનો આઠમો અધ્યાય.

આ ચર્ચા ઘણી લંબાવી શકાય તેમ છે. એમાં એક અને બીજી બાજુએ બહુ વિચારવાનું પ્રાપ્ત થાય તેમ છે. એ ચર્ચા અહીં અટકાવી મારા કહેવાનો ભાવ છે તે રજુ કરૂં છું અને તે એ છે કે જૈન પ્રાચીન પુરૂષોએ પ્રાકૃત ભાષાનો ઉપયોગ આમ વર્ગના ઉપકાર માટે ધરાદા પૂર્વક પ્રથમથી કર્યો છે અને ઘણી ફતેહમંદીથી કર્યો છે. એટલા ઉપરથી પ્રાકૃત ભાષા એ જૈનોની "આર્ષ" ભાષા કહેવાય છે. મહા વૈયાકરણીય પાણિનિએ જેમ આઠમો અધ્યાય વેદના વ્યાકરણનો લક્ષ્યો તેમ આર્ષભાષાના ઉપયોગી વિભાગને આઠમા અધ્યાયના વિષય તરીકે અને આખા વ્યાકરણના અંગ તરીકે શ્રી હેમચંદ્રાચાર્યે પ્રાકૃત વ્યાકરણ વિભાગને ગુંથ્યો અને તે કાર્ય તેઓશ્રીએ કેવી સફળતાથી કર્યું છે તે અત્રે વિચારીએ.

આ પ્રાકૃત વ્યાકરણનો વિભાગ ભાષાના અભ્યાસીને બહુ ઉપયોગી છે. અત્યારે વપરાતી ગુજરાતી ભાષા અથવા સામાન્ય રીતે હિંદી મરાઠી કે બંગાળી તેના આધુનિક સ્વરૂપમાં કેવી રીતે આવી તે જાણ-

---

[1]बालस्त्रीमंदमूर्खाणां तथा चारित्रकांक्षिणां।
उपकाराय तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः॥

વાનો ઉપાય પ્રાકૃત ભાષાના વ્યાકરણનો અભ્યાસ છે. શબ્દની વ્યુત્પત્તિ જાણવામાં આવે ત્યારે તેનો અંદરનો આશય અને તેના વપરાશની યોગ્યતા સમજાય છે. શબ્દનો બરાબર ભાવ સમજવા માટે અને ખાસ કરીને એના Connotation દર્શન ભાવ અને Denotation-(નિર્દેશ-ઉપલક્ષણ-) જાણવા માટે એ કયાંથી આવે છે એનું જ્ઞાન બહુ જરૂરી છે. શ્રી હેમચંદ્રે પ્રથમ સંસ્કૃત વ્યાકરણ લખ્યું એટલે એ વ્યાકરણના સાત અધ્યાયોને ભૂમિકા-(basis)-તરીકે રાખીને તેમાં કેવા ફેરફાર પ્રાકૃતમાં થાય છે તે આઠમા અધ્યાયમાં બતાવ્યા છે.

પ્રથમ પાદ.

પ્રથમ પાદમાં સંસ્કૃત સંધિના નિયમો પ્રાકૃત ભાષામાં વિકલ્પે લાગે છે એમ બતાવી દીધું છે. આથી ગુજરાતી ભાષામાં ઘણીવાર મતભેદ પડે છે કે બે સ્વર સાથે આવે ત્યાં સંધિ કરવો કે નહિ એ ધુંચ નીકળી જાય છે. એ ઉપરાંત સંસ્કૃત શબ્દના જે લિંગોમાં ફેરફાર થાય છે તે સર્વ પ્રથમ પાદમાં બતાવ્યા છે અને પ્રાકૃતનાં ચોક્કસ રૂપો થાય છે તે આખા સૂત્ર અને ટીકામાં બતાવ્યા છે. આથી લગભગ દરેક શબ્દની વ્યુત્પત્તિ જાણવાનું બની આવે છે. એ પ્રથમ પાદનાં ૨૭૧ સૂત્રો છે. દરેક સૂત્ર ઉપર શ્રી હેમચંદ્રાચાર્યે પોતે પ્રકાશિકા નામની ટીકા લખી છે અને તેમાં સૂત્રના ખુલાસા બહુ વિગતવાર જણાવ્યા છે. સૂત્ર યાદ રાખવા માટે છે અને ટીકા સમજવા માટે છે. એ સૂત્ર અને ટીકા ઉપર "ઢુંઢિકા" નામની ઘણા વિસ્તારવાળી ટીકા છે જે ઘણી ઉપયોગી છે. એના વિદ્વાન રચનારે અનેક ખુલાસાઓ પ્રૌઢ સંસ્કૃત ભાષામાં વિગતવાર કર્યા છે અને તેનું દળ પણ ઘણું મોટું છે. એ વ્યાકરણના બે પાદ સૂત્ર ટીકા અને ઢુંઢિકા સાથે અને વળી ગુજરાતી ભાષાંતર સાથે શા. ભીમશી માણેકે છપાવી બહાર પાડયા છે એટલે અરધું પ્રાકૃત વ્યાકરણ સંપૂર્ણ વિગત સાથે છપાઇ બહાર પડયું છે. એ ગુજરાતી ભાષાંતર સાથેનો અપૂર્વ ગ્રંથ સં. ૧૯૬૦ માં બહાર પડયા પછી બાકીના અરધો ભાગ બહાર પડયો નથી એ ખેદકારક બીના છે. શેઠ ભીમશીના દેહવિલયથી એમ થયું સંભવિત લાગે છે. એના ટ્રસ્ટીઓની ખાસ ફરજ લાગે છે કે આ મુદ્રણમાં અધુરો રહી ગયેલો ઉપયોગી ગ્રંથ જરૂર પૂરો કરવો. મારી આ પ્રાર્થનામાં આપ સર્વ સંમત થશો એવી આશા છે.

પ્રશસ્તિ શ્લોકો.

પ્રથમ પાદને અંતે એક શ્લોક પ્રશસ્તિ રૂપે શ્રી હેમચંદ્રાચાર્યે મૂકયો છે તેમાં તેઓ લખે છે કે "હે સિદ્ધરાજ મહારાજ! ભુજ દંડમાં કુંડળાકાર કરેલા ધનુષ્ય વડે તમારા શત્રુઓ પાસેથી તમે ડોલરના પુષ્પ જેવું ઉજ્જવળ યશ ખરીદ કર્યું છે. એ તમારા યશે ત્રણ જગતમાં ભમીભમીને થાકી જઇ આખરે માળવાની સ્ત્રીઓનાં પાંડુરંગનાં સ્તનમંડળપર અને ધોળા ગંડસ્થળપર સ્થિતિ કરી છે, અર્થાત થાકીને આખરે ત્યાં બેસી ગયું છે.[1] આ સુંદર ભાવની ઐતિહાસિક કિમત છે તે અન્ય પ્રસંગે વિચારાશે. અત્રે તેની કાવ્યચમત્કૃતિ લક્ષમાં રાખવા યોગ્ય છે.

દ્વયાશ્રય-સંસ્કૃત પ્રાકૃત.

મૂળ સૂત્રો અને પ્રકાશિકા ટીકા તથા પ્રશસ્તિનો સદર શ્લોક શ્રી કુમારપાલ ચરિતં નામના પ્રાકૃત દ્વયાશ્રય કાવ્યમાં શ્રીયુત શંકર પાંડુરંગ પંડિત એમ. એ. એ બોંબે સંસ્કૃત સીરીઝ નં. ૬૦ માં સરકાર તરફથી છપાવી બહાર પાડેલ છે. કુમારપાળ ચરિત્ર એ કેવા પ્રકારનો ગ્રંથ છે એ અત્ર ખાસ પ્રસ્તુત હોવાથી તે પણ અહીં પ્રસંગાનુસાર જોઈ લઇએ. આખું વ્યાકરણ સાત અધ્યાય અને અઠાવીશ પાદે સૂરિરાજે લખ્યું તેના સૂત્રોનાં દૃષ્ટાન્ત આપવા સારૂ "દ્વયાશ્રય" નામનું મહા કાવ્ય પણ તેમણેજ રચ્યું. એ દ્વયાશ્રય કાવ્યમાં બે પ્રકારની ગોઠવણ છે:

---

१ यद् दोर्मण्डलकुण्डलीकृतधनुर्दण्डेन सिद्धाधिपः
क्रीतं वैरिकुलात् त्वया किलदलत्कुन्दावदातं यशः ।
भ्रान्त्वा त्रीणि जगन्ति खेदविवशं तन्मालवीनां व्यधा.
दापाण्डौ स्तनमण्डले च धवले गण्डस्थले च स्थितम् ॥

એક બાજુ ચૌલુક્ય ચુડામણિ મૂળરાજથી માંડીને સિદ્ધરાજ જયસિંહ સુધીનો ચાલુ રસિક ઇતિહાસ છે. એના વીશ સર્ગ છે. આખો ગ્રંથ એ સમયના ગુજરાત અને મહાગુજરાતના ઇતિહાસ ઉપર ઘણો પ્રકાશ પાડે છે. મૂળ ગ્રંથ ઉપર અભયતિલક ગણિની સંસ્કૃત ટીકા છે. મુંબઇ સરકારે એ ગંથ સંપૂર્ણ છાપવાનું કાર્ય શ્રીયુત આબાજી વિષ્ણુ કાથાવાટે બી.એ. ને સોંપ્યું હતું. પ્રથમ વિભાગ દશ સર્ગોમાં બોંબ સંસ્કૃત સીરીઝના નં. ૬૯ તરીકે બહાર પાડયો પણ તે બહાર પડવા પહેલાં શ્રીયુત કાથાવટે ગુજરી ગયા. બીજો વિભાગ ત્યાર પછી બહાર પડયો છે. એ બન્ને વિભાગ બને તેટલા શુદ્ધ કરીને છપાવવામાં આવ્યા છે અને વ્યાકરણના દૃષ્ટાંતો માટે બહુ ઉપયોગી છે અને ઇતિહાસના મૌલિક સાધન તરીકે તો અદ્વિતીય છે. પ્રો. કાથાવટે એની પ્રસ્તાવના લખી શકયા નહિ એ દીલગીરી ભરેલું છે પણ એમની સંશોધક બુદ્ધિ બહાર પડેલા ગ્રંથના પૃષ્ટે પૃષ્ટમાં જણાઈ આવે છે. સદર ગ્રંથમાં દૃષ્ટાન્તની એવી યોજના છે કે વ્યાકરણ અને ભાષાના અભ્યાસીને બહુ રસ પડે. નામના અનિયમિત રૂપો લે તો બધા તેના રૂપો આવી જાય અને સંપૂર્ણ ભૂતકાળ કે એઓરીસ્ટ કાળ લે તો તેનાં રૂપો ચાલ્યાં આવે. સદરહુ પ્રોફેસરે બધા રૂપોની નીચે લીટીઓ દોરી (અંદર લાઈન કરી) એ ગ્રંથનું મહત્વ વધાર્યું છે અને ઉપયોગિતા દૃશ્યમાન કરી છે અને ટીકાકાર અભયતિલક ગણીએ એને સંપૂર્ણ સુંદર રીતે સ્પષ્ટ કરેલ છે. ભાષાસાહિત્યમાં અને ઇતિહાસ વિભાગમાં આ ગ્રંથ અદ્વિતીય છે.

દ્વયાશ્રય ભાષાંતર.

સદર ગ્રંથનું ગુજરાતી ભાષાંતર શ્રીમંત ગાયકવાડ સરકારની આજ્ઞાથી સાક્ષર શ્રી મણીલાલ નભુભાઇ દ્વિવેદીએ કરી સં. ૧૯૪૯ માં બહાર પાડયું છે. હાલ તે ભાષાંતર લભ્ય નથી પણ ઉપયોગી છે. એ ગ્રંથનો સાર આપ્યા પછી સદરહુ સાક્ષર કેટલુંક વિવેચન કરે છે તેમાંના ઉપયોગી ફકરા જોઇ લઇએ,

"સંસ્કૃત ભાષામાં ખરી ઐતિહાસીક કીંમતના પુસ્તકો નથી એમ કહેવામાં ઝાઝી ભુલ નથી. કેમકે કાશ્મીરના ઇતિહાસની રાજતરંગિણી વિના પ્રાચીન ઐતિહાસિક પુસ્તક એક પણ મળી આવતું નથી. મધ્ય પ્રાચીન સમયમાં જૈન લોકોએ કેટલાંક કાવ્ય પ્રબંધ રાસા આદિથી ઘણી ઐતિહાસિક બાબતો નોંધી રાખેલી છે, ને જો કે તેમના ગ્રંથ બહુ ભરોસાદાર નથી[1] તો પણ ઘણા ઉપયોગના છે. હેમાચાર્યે જે ઇતિહાસ દ્વયાશ્રયમાં આપ્યો છે તે એટલો બધો અગત્યનો છે કે તેને આધારે પ્રખ્યાત સર એલેકઝાન્ડર કીન્લોક ફારબસે પોતાની રાસમાળામાં તેનો પણ કેટલોક ભાગ લખ્યો છે."

"ગુજરાતી અથવા અણહિલવાડના રાજ્યની સીમા બહુ વિશાલ જણાય છે. દક્ષિણમાં છેક કોલાપુરના રાજા તેની આણ માને છે ને ભેટ મોકલે છે, તે ઉત્તરમાં કાશ્મીરથી પણ ભેટો આવેલી છે, ને પૂર્વમાં ચેદી દેશ તથા યમુના પાર અને ગંગા પાર મગધ સુધી આણ ગયેલી છે. પશ્ચિમે સૌરાષ્ટ્ર તે ગુજરાતને તાબે હતું, અને સિંધુ દેશ તે સિંધ અને પંજાબનો કેટલોક પંચનદ આગળનો ભાગ એ પણ ગુજરાતને તાબે હતો. એ સિવાય ઘણાક દેશ ને રાજાનાં નામ આવે છે, પણ એમને ઓળખવાનાં આપણી પાસે હાલ સાધન નથી."

આ સિવાય સાક્ષર શ્રી મણીલાલભાઇએ તે વખતની સમાજ વ્યવસ્થા, ધાર્મિક સ્થિતિ, લોકોની રહેણી કરણી વિગેરે પર ભાષાંતર અનુસાર પ્રકાશ પાડવા એ પ્રસ્તાવનામાં પ્રયાસ કર્યો છે અને છેવટે જણાવ્યું છે કે "દ્વયાશ્રય શબ્દનો અર્થ બે આશ્રય એટલે આધાર એટલોજ થાય છે, ને વ્યાકરણ અને ઇતિહાસ બે આધાર જેને રચવામાં લીધેલા તેવો ગ્રંથ તે દ્વયાશ્રય. એમાં પોતે રચેલી અષ્ટાધ્યાયીના સુત્રનાં પાદવાર ઉદાહરણ છે, ને ગુજરાતના ઇતિહાસનો અર્થ તેમાંથી નીકળતો ચાલે છે. તે દ્વયાશ્રય

---

૧. આ ટીકા માત્ર ટીકા ખાતરજ થઈ હોય એમ લાગે છે. એમ લખવાનું પ્રમાણ તેમણે આપ્યું નથી. તેમનું જૈન ગ્રંથો તરફનું દુર્લક્ષ્ય પણ અક્ષમ્ય જણાય છે કારણ તેઓ કુમારપાળ ચરિતની હયાતી પણ જાણતા નથી અને છતાં વિનોદ માટે કે પૂર્વબદ્ધ વિચારથી ટીકા કરવા દોરાઇ ગયા હોય એમ અનુમાન થાય છે.

કાવ્ય આ પ્રકારે ભારવિના ભટ્ટિ કાવ્યને મળતું આવે છે. પણ ફેરફાર એટલો છે કે ભારવિએ જ્યારે પાણિનીની અષ્ટાધ્યાયીનો ક્રમ યથાર્થ સાચવ્યો છે.[૧] ત્યારે એ આશ્રયથી લખેલો આ ગ્રંથ બહુજ કઠિન થઈ ગયો છે, ને ટીકાની સહાય્ય વિના તે સમજવો પણ મુશ્કેલ પડે તેવો છે."

આ દ્વયાશ્રય ગ્રંથનું સુંદર સરળ ગુજરાતી ભાષાંતર સર્વને લાભ થાય તેવા આકારમાં બહાર પાડવાની ખાસ જરૂર છે. એ દ્વયાશ્રય કાવ્યના સોળમા સર્ગથી કુમારપાળ રાજાનો ઇતિહાસ શરૂ થાય છે. એમાં આન્ન રાજા સાથેની લડાઇની વાત અને ઋતુવર્ણન આવે છે અને વીશમા સર્ગમાં હિંસા અટકાવવાના પ્રબંધો અને છોકરા વગરના મરણ પામનારની મિલ્કત રાજ્યમાં જપ્ત થતી હતી તે ઠરાવ રદ કર્યાનો ઇતિહાસ રજુ કરી સંસ્કૃત દ્વયાશ્રય ગ્રંથ પૂરો કર્યો છે.

પ્રાકૃત દ્વયાશ્રયની વસ્તુ.

સંસ્કૃત દ્વયાશ્રયમાં જ્યાંથી વાત મૂકી ત્યાંથી કુમારપાળ ચરિત્ર નામના પ્રાકૃત દ્વયાશ્રયમાં વાત ચાલુ કરી છે. એમાં આઠ સર્ગ છે. પ્રથમના પાંચ સર્ગમાં પાટણની પ્રભુતાનું વર્ણન કર્યું છે. એના રાજાની ભવ્યતા અને ધનાઢયતા, જૈન મંદિરોની મહત્તા, મહોત્સવ પૂર્વક રાજા એના દર્શને જતા તે વખતની એની વિશિષ્ટતા, રાજાની ભગવાનની મૂર્તિ તરફ ભક્તિ અને તત્સંબંધે તેનું ઔદાર્ય, રાજઉદ્યાનોનું સૌંદર્ય, રાજાઓ અને પ્રજાનો વૈભવ અને વિલાસ અને ઋતુઓનાં વર્ણન. આ હકીકત છઠ્ઠા સર્ગમાં પણ ચાલુ છે. છઠા સર્ગના બાકીના વિભાગમાં કુમારપાળ રાજા અને મલ્લિકાર્જુન વચ્ચેની લડાઇની વાતો કરે છે અને અન્ય સહયોગી રાજા સાથેનો તેનો સંબંધ દર્શાવાય છે અને છેલ્લા બે સર્ગમાં શ્રુતદેવીએ રાજાને આપેલ નીતિબોધ બહુ મનનીય છે. આ વસ્તુ કુમારપાળ ચરિત્રમાં છે. એના પ્રત્યેક શ્લોકમાં પ્રાકૃત વ્યાકરણનાં દૃષ્ટાંતો છે અને સરકાર તરફથી બહાર પાડેલ ગ્રંથમાં પ્રત્યેક દૃષ્ટાંતની નીચે લીટી દોરી એની મુખ્યતા બતાવી આપી છે. એ ગ્રંથ ઉપર અભયતિલકગણિની સંસ્કૃત ટીકા ઘણી સુંદર છે અને તે પણ સરકારી ગ્રંથમાં પ્રગટ થઇ છે. આ કુમારપાળ ચરિત્ર પ્રાકૃત વ્યાકરણને અંગે દૃષ્ટાન્તનું કાર્ય કરે છે અને ઐતિહાસિક દૃષ્ટિએ અપૂર્વ છે. શ્રીયુત શંકર પાંડુરંગે સદર ગ્રંથમાં આખું પ્રાકૃત વ્યાકરણ સૂત્ર અને પ્રકાશિકા ટીકા સાથે છાપ્યું છે અને ૧૨૪ પૃષ્ટનો પ્રાકૃત કોશ છાપ્યો છે જેમાં પ્રાકૃત શબ્દો તેના સંસ્કૃત પર્યાય સાથે અને સર્ગ શ્લોકની સંખ્યાના નિર્દેષ પૂર્વક રજુ કરી એક અતિ મહત્વની જરૂરીઆત પૂરી પાડી છે. પ્રાકૃત ભાષાના અભ્યાસીને આ ગ્રંથ બહુ ઉપયોગી છે અને ગુજરાતી ભાષાનો જેને વૈજ્ઞાનિક અભ્યાસ કરવો હોય અને ભાષાશાસ્ત્રી થવું હોય તેને માટે આ ગ્રંથ અપરિહાર્ય છે. પ્રાકૃત વ્યાકરણના અભ્યાસ વગર ગુર્જરી ગિરાના અંદરના આશયને સમજી તેનો ઉપયોગ થાય એ અતિ મુશ્કેલ બાબત લાગે છે અને શબ્દની વ્યુત્પત્તિ અને અર્થઘટનાને અંગે તો એના વગર નભી શકે તેવું નથી એમ જણાય છે.

મૂળ પ્રાકૃત વ્યાકરણના પ્રથમ પાદની વાત કરતાં આપણે આટલી પ્રાસંગિક વાત વિચારી ગયા. હવે સદર વ્યાકરણના બીજા પાદમાં શી હકીકત આવે છે તેના ઉપર દૃષ્ટિક્ષેપ કરી જઇએ.

દ્વિતીય પાદ.

સદર પ્રાકૃત વ્યાકરણના બીજા પાદમાં કુલ ૨૧૮ સૂત્રો છે, એના પ્રથમના ૧૧૫ સૂત્રમાં જોડાક્ષરોનાં પ્રાકૃતમાં કેવાં રૂપો થાય છે તે બતાવ્યાં છે. તેમ ક્રમ એવો રાખ્યો છે કે કયા કયા જોડાક્ષરોના ફેર થાય તે પ્રથમ બતાવ્યા છે. ત્યાર પછી એ ક્રમ પ્રમાણે ચાલ્યા છે. એમાં વિકલ્પે રૂપો કેવી રીતે થાય છે તે પણ સાથે બતાવ્યા છે એ પ્રકાશિકા ટીકામાં અને ઢુંઢિકા ટિકામાં તેનો ખૂબ વિસ્તારપૂર્વક સ્ફોટ કર્યો છે. દાખલા તરીકે "શક્ત" સંસ્કૃતનું **सक्को** અથવા **सत्तो** રૂપ થાય છે, "મુક્ત" સંસ્કૃતનું **मुक्को** અથવા **मुत्तो** રૂપ થાય છે. અને

૧. આમાં ગેરસમજુતી છે. ભટ્ટિકાવ્યમાં પાંડવ અને રામ ચરિત્ર છે એટલે એમાં ઇતિહાસ ચાલુજ છે.

ષ્કનો ક્કનો ખ થાય છે. એની સાથે એકજ શબ્દ જૂદા જૂદા અર્થમાં વપરાતો હોય ત્યારે તેના કેવા રૂપ પ્રાકૃતમાં થાય છે તે ૧૧૫ પછીના બાકીના સૂત્રોમાં બતાવ્યું છે. આ આખો વિભાગ ભાષાશાસ્ત્રીને માટે અતિ ઉપયોગી છે. કેટલીકવાર અક્ષરોનો વ્યત્યય થાય છે તે પણ બતાવ્યું છે. "કરેણૂ" સંસ્કૃતનું રૂપ વિકલ્પે **કણેરૂ** થાય છે. "વારાણસી" નું **વાણારસી** થાય છે. વ્યુત્પત્તિના અભ્યાસીને આ આખો પાદ ઘણો ઉપયોગી છે. "દંષ્ટ્રા" નું **દાઢા** રૂપ થાય છે. "બૃહસ્પતિ"નાં કેટલાં સૂત્રો લાગીને **भयस्सई भयप्फई, भयप्पई** રૂપો થાય છે એટલે અપભ્રંશ દ્વારા એનું "ભેસ્પતિ" રૂપ કેમ થયું હશે એનો ખ્યાલ આવે છે. એવીજ રીતે સર્વ નામોનાં "યુષ્મદીય"નું **तुम्हकेरो** અને "અસ્મદીય" નું **अम्हकेरो** રૂપ થાય છે. આતો બહુ સાદા દાખલા આપ્યા છે, પણ એ આખો વિભાગ મનન કરીને સમજવા યોગ્ય છે. શુદ્ધ ગુજરાતી શબ્દોનું મૂળ શોધવા માટે આ વિભાગ અતિ મહત્વનો છે અને વિશુદ્ધ ભાષા લખનારને અને ખાસ કરીને જોડણીના પ્રશ્નનો નીકાલ કરવાને માટે આ વિભાગનો અભ્યાસ ખાસ આવશ્યક છે. એ બીજા પાદને છેડે પ્રશસ્તિના શ્લોકમાં સૂરીશ્વર લખે છે કે " ત્રણ ભુવનમાં અદ્વિતીય વીર સિધ્ધરાજ ! શત્રુઓના નગરને ચૂર્ણ કરવાના વિનોદના કારણભૂત થયેલા તમારા જમણા હાથમાં શંકરના જમણા હાથ કરતાં એટલો તફાવત છે કે એ કામ એટલે મનોરથને દૂર કરતો નથી.[1] શંકરનો હાથ કામ (કામદેવ)ને હણાવે છે ત્યારે તમારા જમણા હાથમાં એટલી વિશેષતા છે કે એ કામ ઇચ્છા-મનોરથને દૂર કરતો નથી.

તૃતીય પાદ.

પ્રાકૃત વ્યાકરણના ત્રીજા પાદમાં ધાતુઓના પ્રત્યયમાં અને નામોના રૂપોમાં કેવા ફેરફાર થાય છે તે બતાવ્યું છે. હ્રસ્વ અને દીર્ઘના ફેરફારો પ્રાકૃતમાં કયા નિયમને અનુસરે છે તે અત્રે બહુ વિસ્તારથી બતાવ્યું છે. જાતિમાં કેટલા ફેરફારો થાય છે તે પણ વિસ્તારથી બતાવ્યા છે અને રૂપમાં કેવો ફેરફાર થાય છે તે પણ આ પાદમાં બતાવ્યું છે. શબ્દના જૂદા જૂદા આદેશો પણ અહીં બતાવ્યા છે. આમાં સર્વનામનાં સૂત્રો પર બહુ વિવેચન છે જે ખાસ મનન કરી વિચારવા યોગ્ય છે. ૧૩૦ મા સૂત્રમાં કહે છે કે પ્રાકૃત ભાષામાં દ્વિવચન નથી, એને સ્થાને બહુવચન થાય છે. ચતુર્થી વિભક્તિ થાય છે. ત્યાર પછી સંસ્કૃત વિભક્તિમાં પ્રાકૃતને અંગે કેટલા ફેરફાર થાય છે તે માટે ઘણાં સૂત્રો બતાવ્યાં છે. સૂત્ર ૧૩૧–૧૪૧ સુધીના વિભક્તિને માટેજ લખાયલાં છે. પરસ્મૈપદ અને આત્મને પદના ધાતુનાં રૂપોમાં પ્રાકૃતમાં કેવા આદેશો થાય છે તે હકીકત ત્યાર પછી આવે છે અને એ સામાન્ય નિયમોનાં વ્યકિતગત ધાતુમાં પાછા અપવાદો થાય છે તે પણ સૂત્ર અને ટીકામાં બતાવ્યા છે. આ તૃતીય પાદના કુલ સુત્રો ૧૮૨ છે. સિદ્ધરાજને ઉદ્દેશીને પ્રશસ્તિમાં લખે છે કે " પૃથ્વીના રાજાઓના મુકુટમણિ! તારી કીર્તિ ઊંચે સ્વર્ગભુવનથી પણ દૂર ભમે છે અને નીચે પાતાળના તળીએથી પણ વધારે નીચી જાય છે અને દરિયાની પણ પેલી પાર જાય છે. સ્વભાવને સુલભ એવા એના આવા પ્રકારના ઊંચા નીચા ચપળ સ્વભાવને લઇને એણે વાણી ઉપર સંયમ રાખનારા મૂનિઓને એમના મૌનવૃતથી મુકાવી દીધા છે."[2]–મતલબ એ છે કે તમારી વિસ્તૃત કીર્તિને મુનિઓ પણ ગાઇ રહ્યા છે. આવી રીતે પ્રાકૃત વ્યાકરણના ત્રીજા પાદમાં હકીકત આવે છે.

ચતુર્થ પાદ.

ચોથા અને છેલ્લા પાદમાં સર્વથી વધારે સૂત્રો

---

१ द्विषत्पुरक्षोदविनोदहेतोर्भवादवामस्य
भवद्भुजस्य ।
अयं विशेषो भुवनैकवीर परं न यत्काम
म पाकरोति ॥

२ उर्ध्वं स्वर्गनिकेतनादपि तले पाताल-
मूलादपि
त्वत्कीर्तिर्भ्रमति क्षितीश्वरमणे पारे पयोधेरपि ।
तेनास्याःप्रमदास्वभावसुलभैरुच्चावचैश्चापलै-
स्तेवाचंयमवृत्तयोपि मुनयो मौनव्रतंत्यजिताः॥

છે. એની સૂત્ર સંખ્યા ૪૪૮ છે અને એ વિભાગ સર્વથી વધારે કઠીન લાગે છે. એમાં પ્રથમ ધાતુના આદેશો આવે છે. પ્રત્યેક ધાતુના જૂદા જૂદા અર્થમાં કેવા આદેશો થાય છે તે અને સાથે ઉપસર્ગ સાથે હોય ત્યારે જૂદા જૂદા આદેશો કેવા થાય છે તે આ પાદમાં વિસ્તારથી બતાવ્યું છે. એ હકીકત ૨૫૯ સૂત્ર સુધી આવે છે અને ધાતુની સમજણ અને તેમાં થતા ફેરફારો સમજવા માટે ઉપયોગી છે. પછી શૌરસેની ભાષામાં કેટલા ફેરફાર થાય છે તે બતાવ્યા છે. એ પ્રાકૃત ભાષાનો એક પ્રકાર છે. એને માટે સૂત્રો ૨૬૦-૨૮૬ છે. ત્યાર પછી પ્રાકૃતના એક વિભાગ માગધી ભાષાની હકીકત આવે છે. એમાં કેવા ફેરફારો થાય છે તે હકીકત ૨૮૭ સૂત્રથી માંડીને ૩૦૨ સુધીમાં આપી છે.

ત્યાર પછી પૈશાચી નામની એક પ્રાકૃત ભાષામાં થતાં ફેરફારો બતાવ્યા છે તેમાં સૂત્ર ૩૦૩-૩૨૮ રોકાય છે.

સૂત્ર ૩૨૯ થી અપભ્રંશ નામની પ્રાકૃત ભાષામાં કેટલા ફેરફારો થાય છે તે બતાવ્યું છે તે લગભગ આખર સુધી ચાલે છે. અને છેવટે સૂત્ર ૪૪૮ માં કહે છે કે **शेषं संस्कृतवत्सिद्धम्** એટલે પ્રાકૃત ભાષા સંબંધી જે વાત અષ્ટમ અધ્યાયમાં ન લખી હોય તે સંસ્કૃત પ્રમાણે છે એમ સમજવું. ટુંકામાં કહીએ તો પ્રથમ પાદમાં સંધિના નિયમો, બીજા પાદમાં જોડાક્ષરના ફેરફારો, ત્રીજામાં ધાતુના રૂપોમાં ફેરફારો અને ચોથા પાદમાં આદેશો તથા પ્રાકૃતના પ્રકારોપર વિવેચન છે. એ ચોથા પાદની છેવટે પ્રશસ્તિના ચાર શ્લોકો આપ્યા છે તે અનેક રીતે બહુ ઉપયોગી છે. તેનો ભાવ નીચે પ્રમાણે છેઃ—

પ્રશસ્તિ.

"પૂર્વકાળમાં શત્રુઓનો પતિ અને હદ વગરના ચાર સમુદ્રની સિમાથી અંકિત થયેલ પૃથ્વીના ભારને વહન કરવાની શક્તિવાળા મજબૂત બાહુવાળો ચાલુક્યકુળના આભૂષણ જેવો ભયંકર શત્રુ રૂપ હાથીઓને સિંહસમાન શ્રી મૂળરાજ નામનો રાજા થયો.૧

"તેના કુળમાં પ્રબળ પ્રતાપમાં સૂર્યની સાથે સરખાવી શકાય તેવો પૃથ્વીપતિ શ્રી જયસિંહ દેવ થયો જેણે પોતાના વંશ રૂપી સૂર્ય ઉપર અમૃત રશ્મિચંદ્ર જેવું બીજું નામ "શ્રી સિદ્ધરાજ" એવું લખાવ્યું. ૨.

"એ ચતુર રાજાએ સારી રીતે (સામ દામ દંડ ભેદ રૂપ) ચારે પ્રકારના ઉપાયોનું સારી રીતે સેવન કર્યું. ચાર સમુદ્રનો જેને કંદોરો છે એવી એટલે ચાર સમુદ્રની સિમા સુધીની પૃથ્વીને ભોગવી, એણે ચાર પ્રકારની વિદ્યા (આન્વીક્ષિકી, ત્રયી, વાર્તા અને [1]દંડનીતિ) ના અભ્યાસથી પોતાની બુદ્ધિને વિશેષ નમ્ર બનાવી અને આત્માપર વિજય મેળવ્યો અને એણે ચારે પ્રકારના પુરૂષાર્થ (ધર્મ અર્થ કામ અને મોક્ષ) ને અંગે તો પરાકાષ્ટા કરી દીધી. ૩.

"શબ્દ સંબંધી વિસ્તૃત જ્ઞાન ઘણાં પુસ્તકોમાં વહેંચાયલું અને તે ગ્રંથો મળવાની મુશ્કેલીવાળું અને છૂટું છવાયું અહીં તહી પડી રહેલું જોઈને એના મનમાં ઘણો ક્ષોભ થયો. એની માગણીને સ્વીકારીને મુનિ હેમચંદ્રે આ શબ્દાનુંશાસન ગ્રંથ કોઇ પ્રકારના પાપ કે વાંધા વગરનો વિધિપૂર્વક બનાવ્યો. ૪."[2]

---

૧. આન્વિક્ષીકીઃ ન્યાય. ત્રયીઃ ત્રણ વેદ. વાર્તાઃ કથા ચરિત્રો. દંડનીતિઃ વ્યવહાર શાસ્ત્ર, ધર્મ શાસ્ત્ર.

૨ आसीद्दिशां पतिरमुद्रचतुःसमुद्रमुद्रां-
कितक्षितिभरक्षमबाहुदण्डः ।
श्री मूलराज इति दुर्धरवैरिकुम्भिकण्ठीरवः
शुचिचुलुक्यकुलावतंसः ॥१
तस्यान्तये समजनि प्रबलप्रतापतिग्मद्युतिः
क्षितिपतिर्जयसिंहदेवः ।
येन स्ववंशसवितर्यपरं सुधांशौ श्रीसिद्ध-
राज इति नाम निजं व्यलेखि ॥२
सम्यग् निषेव्य चतुरश्चतुरोप्युपायान्
जित्वोपभुज्य च भुवं चतुराब्धिकाञ्चीम् ।
विद्याचतुष्टयविनीतमतिर्जितात्मा काष्टा-
मवाप पुरुषार्थचतुष्टये यः ॥३
तेनातिविस्तृतदुरागमविप्रकीर्णशब्दानु-
शासनसमूहकदार्थितेन ।

ગ્રંથપર વિચારો.

આ પ્રમાણે લખેલી પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે શ્રી સિદ્ધરાજ જયસિંહ મહારાજની પ્રાર્થનાથી આ ગ્રંથ લખાયલો હતો, એ ગ્રંથમાં શબ્દશાસ્ત્ર સંબંધી કોઇ પણ વાત બાકી ન રહે એવી એની યોજના હતી અને અનેક જૂદા જૂદા ગ્રંથોમાં શબ્દ સંબંધી વાતો હતી તેને વિધિ પૂર્વક-નિયમસર ગોઠવવાની એમાં ખાસ ગોઠવણ હતી. અનેક જગોએ જે હકીકત મેળવવા જવું પડતું હતું તે આ ગ્રંથમાં એકત્ર કરવામાં આવી અને વ્યાકરણના સંબંધમાં આ છેલ્લોજ ગ્રંથ થયો એમ કહી શકાય. ત્યાર પછી છૂટાછવાયા પ્રકિયા ગ્રંથો થયા છે પણ મોટા પાયા ઉપર અને સર્વ હકીકતને એક સ્થાને લઇ આવે એવો વિસ્તૃત ગ્રંથ આ છેલ્લોજ છે અને પ્રાકૃત ભાષાની વિચારણાને અંગે તો આ ગ્રંથ પહેલો અને છેલ્લોજ છે.

છેલ્લી પ્રશસ્તિની પહેલાં તેઓ લખે છે કે:—

इत्याचार्य श्री हेमचन्द्रविरचितायां सिद्ध हेमचन्द्राभिधान स्वोपज्ञशब्दानुशासनवृत्तावष्टमास्याध्यायस्य चतुर्थः पादः समाप्तः

अष्टमोध्यायः

समाप्ता चेयं सिद्धहेमचन्द्र शब्दानुसाशन वृत्तिः प्रकाशिका नामेति.

આટલા ઉપરથી પ્રકાશિકા નામની ટીકા પણ તેમની પોતાની રચેલી છે એમ જણાય છે. આ ગ્રંથ આચાર્યપદપ્રાપ્તિ પછી લખેલો જણાય છે. બત્રીશે પાદમાં પ્રશસ્તિના શ્લોકો જે રીતે મૂકયા છે તે પરથી તે પછવાડેથી લખાયા હોય એમ જણાય છે. સમાસ કરવા સંબંધી સર્વ હકીકત આવી ગયા પછી એ શ્લોકો લખાયા છે. એ સંબંધી એક વાત અન્યત્ર લખાયલી છે તે હવે પછી જોવાશે.

अभ्यर्थितो निरवमं विधिवद्व्यधत्त शब्दानुशासनमिदं मुनिहेमचंद्रः ॥४

પ્રબંધ ચિંતામણિમાં વ્યાકરણનો ઉલ્લેખ.

શબ્દાનુશાસનની કૃતિના સંબંધમાં મેરૂતુંગાચાર્ય પ્રબંધચિંતામણિ ગ્રંથમાં કહે છે તે વાત જરા વિચારી લઇએ. તેઓશ્રીનો ગ્રંથ સં. ૧૩૩૧ માં પૂરો થયો છે એટલે શ્રી હેમચંદ્રાચાર્યની નજીકનો એ ગ્રંથ કહેવાય અને વળી તેઓએ જે વાત પૂર્વપુરૂષો પાસેથી સાંભળી તે લખી નાખી છે એમ છેવટે જણાવ્યું છે તેથી આધારભૂત ગણાય. તેઓ આ બનાવને ધારાનગરીના યશોવર્માની જીત પછી મૂકે છે. એ જીત વખત જૂદા જૂદા પંડિતો શ્રી સિદ્ધરાજને સંપ્રદાય પ્રમાણે આશીર્વાદ આપવા આવ્યા તે વખતે શ્રી હેમચંદ્રાચાર્ય પણ આવ્યા અને તેમણે **भूमिं कामगवि** વાળો ઉપર લખ્યો છે તે શ્લોક કહ્યો જેથી સિદ્ધરાજ બહુ પ્રસન્ન થયો. શ્રી મેરૂતુંગાચાર્યના કહેવા પ્રમાણે શ્રી સિદ્ધરાજ જયસિંહ અને શ્રી હેમચંદ્રસૂરિનો આ પ્રથમ મેળાપ હતો. બીજા ઐતિહાસિક પુરાવાથી ધારા નગરીની જયસિંહની જીત સં. ૧૧૯૪ માં થાય છે, તો ત્યાર પછીના છેલ્લા પાંચ વર્ષમાં વ્યાકરણની કૃતિ થઇ હોય એમ અનુમાન થાય છે. આ બાબતપર નિર્ણય કરવા વિશેષ સાધનોની હજુ અપેક્ષા છે તેથી છેવટનો નિર્ણય થતો નથી. આ કૃતિ સિદ્ધરાજના સમયની છે એ નિર્વિવાદ છે અને સિદ્ધરાજનો સમય સં. ૧૧૫૦ થી ૧૧૯૯છે એ પણ નિર્ણીત બાબત છે. હું આ કૃતિને સંવત ૧૧૮૦ થી ૧૧૯૦ લગભગમાં મૂકું છું. આચાર્યના ચાતુર્યભરપૂર આશીર્વાદથી રાજા ઘણો જ પ્રસન્ન થયો એટલે એની પ્રશંસા સહન ન કરનાર બ્રાહ્મણો બોલ્યા કે એતો અમારા વ્યાકરણ ભણી પંડિત થયા છે વિગેરે. એના જવાબમાં હેમચંદ્રાચાર્યે કહ્યું કે પોતે શ્રી વીર ભગવાનનું બનાવેલ જૈનેંદ્ર વ્યાકરણ ભણેલ છે એટલે વળી એ બ્રાહ્મણોએ એ વાતને ગપ્પ તરીકે ગણાવી અને કોઈ આધુનિક વૈયાકરણીય જૈનમાં હોય તો બતાવવા કહ્યું. હેમચંદ્રાચાર્યે કહ્યું કે મહારાજ સિદ્ધરાજ સહાય કરે તો પોતે નવીન પંચાંગી વ્યાકરણ બનાવે. રાજાએ સર્વ પ્રકારની મદદ આપવાનું માથે

લીધું. દેશ દેશ પંડિતો મોકલી વ્યાકરણના ગ્રંથો મંગાવ્યા અને હેમાચાર્ય પાસે "શ્રી સિદ્ધહેમ" નામનું સવા લાખ શ્લોકનું પંચાંગી વ્યાકરણ એક વરસમાં તૈયાર કરાવ્યું. તે પુસ્તકને રાજાને બેસવા યોગ્ય હાથી ઉપર મૂકી શ્વેત છત્ર તેના પર ધારણ કરાવી બે ચામર સાથે હેમાચાર્યના સ્થાનેથી રાજમંદિરમાં લાવવામાં આવ્યું. રાજાએ એની પૂજા કરી અને એને પુસ્તકાલયમાં સ્થાપ્યું. રાજાના હુકમથી એ પુસ્તકનો વ્યાકરણ તરીકે અભ્યાસ ચાલુ થયો અને અન્ય પુસ્તકો બંધ થયા.

એ વખતે વળી કોઇએ મત્સરથી રાજાને ભંભેર્યો કે એમાં તમારું તો નામ પણ નથી. રાજાને એ તો મોટા અંધેરની વાત લાગી. હેમાચાર્યે રાતોરાત બત્રીશ શ્લોક બનાવી બત્રીશ પાદને અંતે મૂકી દીધા અને બીજે દિવસે સવારે વાંચતાં રાજા બહુ પ્રસન્ન થયા.

આ હકીકતમાં દેશોદેશથી વ્યાકરણો મંગાવ્યા તે હકીકત બહુ ઉપયોગી લાગે છે. ગમે તે કારણથી પણ બત્રીશ નહિ પણ પાંત્રીશ પ્રશસ્તિના શ્લોકો પછવાડેથી શ્રી હેમચંદ્રાચાર્યે પોતે દાખલ કર્યા છે અને તેનું જે કારણ મેરૂતુંગાચાર્ય આપે છે તે વિચારવા યોગ્ય છે. રાજાઓ વિદ્વાનોને બોલાવી સહાય કરી કાવ્યના કે બીજા વિશિષ્ટ વિષયના ગ્રંથો લખાવતા હતા અને લેખકો તેની અર્પણા રાજાને કરતા અથવા રાજાનું નામ ગ્રંથ સાથે જોડતા એવું અનેક પ્રસંગે પૂર્વ કાળમાં બનેલ છે. કક્કલ નામના પંડિતને રોકી પાટણ નગરમાં વ્યાકરણનો અભ્યાસ શરૂ કરાવ્યો એમ જે હકીકત પ્રભાવક ચરિત્રકારે લખી છે તેને મેરૂતુંગાચાર્ય ઉક્ત ઉલ્લેખથી ટેકો આપે છે.

વ્યાકરણને અંગે ડો. બ્યુલર.

ડો. જી. બ્યુલરે "લાઇફ ઓફ જૈન મન્ક હેમચંદ્ર" નામનું પુસ્તક જર્મન ભાષામાં લખ્યું છે તે આ બન્ને ગ્રંથોમાં વ્યાકરણ રચના સંબંધી હકીકત આપી છે તેનો ઉલ્લેખ કરી છેવટ જણાવે છે કે એ બંન્ને ગ્રંથો (પ્રભાવક ચરિત્ર અને પ્રબંધ ચિંતામણિ) માં જે વ્યાકરણ રચનાની હકીકત લખી છે તેના સંબંધમાં બીજી ઘણી હકીકત ત્યાર પછીનાં ચરિત્રોથી મળી આવી છે અને તેથી આ બન્ને વાતોનું દોહન કરી શકાય તેવાં સાધનો પણ પ્રાપ્ત થયાં છે. એ બધી હકીકતનો સાર કાઢતાં છેવટે કહે છે કે પ્રભાવક ચરિત્રમાં સદર ગ્રંથ રચનાને અંગે જે હકીકત આવેલ છે તે વધારે બંધબેસતી જણાય છે. તે માને છે કે આ ગ્રંથ ઉપરના પ્રશસ્તિના શ્લોકમાં લખે છે તે પ્રમાણે રાજાની માગણીથી લખાયલો છે કારણ કે રાજાને આવા ગ્રંથથી પોતાના રાજ્યને અમર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલો જણાય છે અને ભોજનું વ્યાકરણ વાંચીને એનામાં કાંઇક ઇર્ષ્યા ઉત્પન્ન થઈ હોય અને પોતાના વખતનાં સારામાં સારા વિદ્વાન Scholar) ને એ કાર્ય કરવા તેણે સંપૂર્ણ મદદ કરી હોય એ તદ્દન બનવા જોગ છે. ગ્રંથમાં હેમચંદ્રાચાર્ય પોતે બીજા ગ્રંથોનો આધાર લે છે અને તેના સંબંધમાં ડો. કીલૅાર્ન -(Dr. Kielhorn)- લખે છે કે પ્રથમના પાંચ પાદમાં પંદરથી વધારે આધારો લેવાયા છે અને આખા ગ્રંથમાં એથી બહુ મોટી સંખ્યામાં આધારો અપાયા છે. ડો. કીલ્હોર્નના મત પ્રમાણે સંસ્કૃત વ્યાકરણ મુખ્યત્વે કરીને શાકટાયન અને કાતંત્રના વ્યાકરણ પર રચાયું છે. વૈયાકરણીયો કહે છે કે એની રચનાપદ્ધતિ તદ્દન મૌલિક છે અને સહેલાઇથી યાદ રહે તેવી છે અને આખો ગ્રંથ સર્વાંશે પરિપૂર્ણ છે. વ્યાકરણ ગ્રંથનાં સાધનો તે વખતે પ્રાપ્ત થયેલા આજુબાજુના અનેક વ્યાકરણ ગ્રંથો જોઇને વપરાયેલ જણાય છે. કાશ્મીરમાંથી સરસ્વતી દેવીના મંદિરમાંથી વ્યાકરણ ગ્રંથો આવ્યા એ હકીકત પ્રભાવકચરિત્રકાર કહે છે તેના કરતાં મેરૂતુંગાચાર્યે દેશદેશથી વ્યાકરણો સિદ્ધરાજ મહારાજે મંગાવી આપ્યા એ હકીકતને વધારે બંધ બેસતી ગણવામાં આવે છે. કક્કલ નામના પંડિતને એ વ્યાકરણ શીખવવા માટે મહારાજાએ રોકયા અને દર પંચમીએ પરીક્ષા અણહીલપાટણમાં થતી હતી તે હકીકતને વધારે મજબૂતી બીજી બાજુએથી મળે છે. દેવસૂરિના શિષ્ય ગુણચંદ્રે "તત્વપ્રકાશિકા" અથવા "હેમવિભ્રમ" નામની વિશેષ ટીકા લખી તે જણાવે છે કે એ ટીકા એમણે કક્કલ નામના પંડિતના હુકમથી લખી

હતી. આ કકલ, કક્કલ અને કક્કલ્લ એ સર્વ સંસ્કૃત શબ્દ "કર્ક" (કુંભ) નો અપભ્રંશ છે. આથી પ્રભાવક ચરિત્રમાં વ્યાકરણને જે જાહેરાત મળી કહેવામાં આવી છે તે વાતને સંપૂર્ણ ટેકો મળે છે અને "કક્કલ" ઐતિહાસિક પુરૂષ હતો એમ જણાય છે. અને અત્યારે કોલેજમાં જેમ પ્રોફેસર (-અધ્યાપક-) હોય છે તેને મળતું તેનું સ્થાન હોય એમ જણાય છે.

આ વ્યાકરણ ક્યારે લખવામાં આવ્યું તે સંબંધી ડો. બ્યુલર ઘણી તપાસ કરે છે. પ્રભાવક ચરિત્રકાર સમય આપતા નથી પણ બહુ થોડા વખતમાં વ્યાકરણ પૂરૂં થયું એટલુંજ કહે છે. મેરૂતુંગાચાર્ય એક વર્ષમાં તૈયાર થયું એમ કહે છે. સૂરિનો મહારાજા સાથે પ્રસંગ પહેલો અથવા બીજો માળવાના વિજય પછી મળે છે, એ વિજય સંવત ૧૧૯૪માં થાય છે તે બીજી અનેક રીતે સંભવિત છે. પ્રશસ્તિના ૨૩ માં શ્લોકમાં યાત્રાનું વર્ણન છે તે યાત્રા દ્વયાશ્રય કાવ્ય પ્રમાણે એકજ વાર થયેલી છે અને તેનો સંવત પ્રાયે ૧૧૯૪ આવે છે, એ સર્વ હકીકત મેળવતાં વ્યાકરણનો સંવત ૧૧૯૭ લગભગ જણાય છે. આ ઐતિહાસિક દૃષ્ટિએ ચર્ચા છે. એમાં હજુ વધારે સાધનો દ્વારા વિચાર કરવાનો અવકાશ છે.

આ વ્યાકરણને મળેલી ફતેહને પરિણામે શ્રી હેમચંદ્રાચાર્યે દેશી ભાષાના અને સંસ્કૃત ભાષાના કોશો બનાવ્યા. એમાં "અભિધાન ચિંતામણિ" અને "નામમાળા" બહુ પ્રખ્યાત ગ્રંથ છે. ત્યાર પછી એક શબ્દના અનેક અર્થ બતાવનાર "અનેકાર્થ" રચ્યો. ગુજરાતી ભાષાના અભ્યાસીને આ ત્રણે ગ્રંથો બહુ ઉપયોગી છે.

શ્રી રાજશેખરના ચતુર્વિંશતિ પ્રબંધ અથવા પ્રબંધ કોશમાં આ પ્રાકૃત વ્યાકરણને અંગે બહુ ટુંકાણમાં હકીકત છે. જરૂરી હકીકત ઉપર આવી જાય છે તેથી તેનો જૂદો ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી. વળી એ ગ્રંથ પ્રમાણમાં પ્રભાવક ચરિત્ર અને પ્રબંધ ચિંતામણિથી આધુનિક છે તેથી તે વધારે બારિકીથી તપાસવાની જરૂર રહેતી નથી. એ ગ્રંથમાં હેમસૂરિનો પ્રબંધ દશમો છે.

ગુર્જર સાહિત્યમાં વ્યાકરણ જ્ઞાનની જરૂર.

હેમચંદ્રાચાર્યના અનેક ચરિત્રો લભ્ય છે. મારી પાસે તેના સંસ્કૃત ચરિત્ર અને ગુજરાતી રાસો મોજુદ પણ છે. તે સર્વના આ વ્યાકરણનો અંગે ઉતારા આપી આપનો વખત લેવા ઇચ્છતો નથી. એ વ્યાકરણનો ઇતિહાસ રજુ કરી તે દ્વારા તમને મારે એટલું બતાવવાનો ઇરાદો હતો કે ગુજરાતી ભાષાશાસ્ત્રી થવા માટે, શબ્દના સાચા પ્રયોગ કરવા માટે, જોડણીના ધુંચવણીઆ પ્રશ્નના નીકાલ માટે એ પ્રાકૃત વ્યાકરણનું જ્ઞાન અનિવાર્ય છે અને અત્યારે મારા જાણવામાં તો એ એકજ સાધન છે. એ વ્યાકરણ એક જૈન ગ્રંથ છે અને આ લેખક જૈન છે એ વિચાર આપ ભૂલી જશો. અત્યાર સુધીમાં જૈન શબ્દોચ્ચાર સાથે જે અનિચ્છા દર્શાવાતી મેં અનુભવી છે તેથી મને ખેદ થાય છે. ભાષાની સમૃદ્ધિ જે જૈન કવિઓએ કરી છે તે ભારે જબરી છે, તમારી કલ્પનામાં ન હોય તેવી જબરી છે. એ આખો વિભાગ માત્ર સાહિત્યની નજરે જોવા જેવો છે, સાહિત્યનો ઇતિહાસ પૂરો કરવા માટે એ ખાસ જોવોજ પડશે એમાં મને શંકા નથી. એ સાહિત્યની સીમા બહુ દૂર છે, બહુ વિશાળ છે, એની સેવા જન્મભરના સંસાર ત્યાગીઓએ અને વિશિષ્ટ ત્યાગી ગૃહસ્થોએ કોઇ પણ પ્રકારની અપેક્ષા વગર કરી છે અને એક એક વિષયો આલ્હાદક બોધક અને રમણીય છે. પ્રેમભાવે, સ્નેહભાવે, સહાનુભૂતિથી એના અભ્યાસ તરફ વલણ દાખવવાની ગુર્જર સાહિત્યની દૃષ્ટિએ બહુ આવશ્યકતા છે.

આ પ્રાકૃત વ્યાકરણની રચના વિજ્ઞાનની દૃષ્ટિએ જોઇએ તો બહુ પદ્ધતિસરની છે. એક શબ્દ જોવો હોય તો તેનો ખુલાસો કયાં મળશે એ ગ્રંથ પદ્ધતિ જાણ્યા પછી તુરત ખ્યાલમાં આવી શકે તેમ છે અને આખા પ્રાકૃત વિભાગની કોઇ પણ વાત તેમાં બાકી રહેવા દીધી હોય એમ લાગતું નથી. એ ગ્રંથની ટીકા અને ઢુંઢિકા ટીકા સાથે વધારે ફેલાવો કરી તે દ્વારા ગુજરગિરાની સમૃદ્ધિમાં વધારો કરશો એટલી વિજ્ઞપ્તિ કરી અત્ર વિરમીશ.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,
બી. એ. એલ એલ. બી.
સોલિસિટર.

પાટણ ચૈત્યપરિપાટી.

[શ્રી. લલિતપ્રભસૂરિકૃત પાટણ ચૈત્ય પરિપાટી અમદાવાદની શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી ગ્રંથમાલા નં. ૨૮ તરીકે પ્રસિદ્ધ થઈ ગઇ છે તેની કિંમત છ આના છે. તેની પ્રસ્તાવના સાક્ષર મુનિશ્રી કલ્યાણવિજયજીએ લખેલી છે તે અતિ ઉપયોગી ઐતિહાસિક વિગતો પૂરી પાડનારી હોઇ તે અમે પૂજ્ય મુનિરાજ શ્રી હંસવિજયજીની આજ્ઞાથી અત્ર આપીએ છીએ.] **તંત્રી.**

સ્વભાવથીજ ભારતવર્ષના પ્રાચીન વિદ્વાનોએ ઇતિહાસ લખવા તરફ થોડું લક્ષ્ય આપેલું છે. અને જે કંઇ લખાયું હતું તેનો પણ ઘણો ખરો ભાગ રાજ્યવિપ્લવોના દુઃસમયમાં નાશ પામી ગયો છે. માત્ર વ્યાખ્યાનિક સાહિત્યમાં ઉપયોગી થતો કેટલોક જૈન ઐતિહાસિક સાહિત્યનો અંશ વ્યાખ્યાનરસિક જૈન સાધુઓના પ્રતાપે બચવા પામ્યો છે. પણ તેમાં ઐતિહાસિક કરતાં ઉપદેશતત્ત્વને મુખ્ય સ્થાન આપેલું હોવાથી તેવા ચરિત્ર પ્રબન્ધાદિ ગ્રન્થો પૈકીનો ઘણો ભાગ ઔપદેશિક સાહિત્યજ ગણી શકાય, માત્ર કેટલાક રાસાઓ અને પ્રબન્ધો ઉપરાંત શિલાલેખો, પ્રશસ્તિઓ, ચૈત્યપરિપાટીઓ તથા તીર્થમાલાઓજ આધુનિક દૃષ્ટિએ પ્રાચીન ઐતિહાસિક સાહિત્યમાં ગણવા યોગ્ય છે.

ઐતિહાસિક સાહિત્યમાં ચૈત્યપરિપાટીઓનું સ્થાન.

જો કે ચૈત્યપરિપાટી વા તીર્થમાલાઓ તરફ ઘણા થોડા વિદ્વાનોનું લક્ષ્ય ગયું છે અને ઐતિહાસિક દૃષ્ટિએ તેની ખરી કીંમત આંકનારા સાક્ષરો તો તેથીયે થોડી સંખ્યામાં નીકલશે, એટલું છતાં પણ ઇતિહાસની દૃષ્ટિએ ચૈત્યપરિપાટી એ ઘણું કીંમતી સાહિત્ય છે, એના ઉંડાણમાં રહેલા તાત્કાલિક ધાર્મિક ઇતિહાસનો પ્રકાશ, ધર્મની રૂચિ તથા પ્રવૃત્તિનું દર્શન અને ગૃહસ્થોની સમૃદ્ધ દશાનું ચિત્ર ઇત્યાદિ અનેક ઇતિહાસના કીમતી અંશો ચૈત્યપરિપાટિઓના ગર્ભમાંથી જન્મે છે કે જેની કીંમત થાય તેમ નથી.

ચૈત્યપરિપાટીઓનો ઉત્પત્તિકાલ.

ચૈત્યપરિપાટીઓ કયારથી રચાવા માંડી તેનો નિશ્ચિત નિર્ણય આપી શકાય તેમ નથી. ચૈત્યપરિપાડીઓ તીર્થમાલાઓ અથવા એવાજ અર્થને જણાવનારા રાસાઓ ઘણા જુના વખતથી લખાતા આવ્યા છે એમાં શંકા નથી, પણ એવા ભાષાસાહિત્યની ઉત્પત્તિના પ્રારંભકાલનો નિર્ણય હજી અંધારામાં છે, કારણ કે આ વિષયમાં આજ પર્યન્ત કોઈ પણ વિદ્વાને ઊહાપોહ તક કર્યો નથી, છતાં જૈન સાહિત્યના અવલોકનથી એટલું તો નિશ્ચિત કહી શકાય કે જૈનોમાં ચૈત્ય વા તીર્થયાત્રાઓ કરવાનો અને તેનાં વર્ણનો લખવાનો રિવાજ ઘણોજ પ્રાચીન છે. તીર્થયાત્રાઓ કરવાનો રિવાજ વિક્રમની પૂર્વે ચોથી સદીમાં પ્રચલિત છે. તીર્થયાત્રાઓ કરવાનો રિવાજ વિક્રમની પહેલી વા બીજી સદીમાં પ્રચલિત હતો એમ ઇતિહાસ જણાવે છે, જ્યારે તેનાં વર્ણનો લખવાની શરૂઆત પણ વિક્રમની પહેલી વા બીજી સદી પછીની તો ન જ હોઈ શકે; એ વિષયનો વિશેષ ખુલાસો નીચેના વિવેચનથી થઈ શકશે—

જૈન સાહિત્યમાં સર્વથી પ્રાચીન સૂત્ર આચારાંગની નિર્યુક્તિમાં તાત્કાલિક કેટલાંક જૈન તીર્થોની નોંધ અને તેને નમસ્કાર કરવામાં આવ્યો છે.[૧] નિશીથચૂર્ણિમાં ધર્મચક્ર દેવનિર્મિત રત્નપ, જીવિતસ્વામિ પ્રતિમા, કલ્યાણભૂમિ આદિ તીર્થોની નોંધ કરવામાં આવી છે.[૨]

છેદસૂત્રોના ભાષ્ય અને ટીકાકારો લખે છે કે અષ્ટમી ચતુર્દશી આદિ પર્વ દિવસોમાં સર્વ જૈન દેહરાસરોની વંદના કરવી જોઇયે. ભલે તે ચૈત્ય સંઘનું

---

૧. અટ્ઠાવય ઉજ્જિંતે ગયગ્ગપએ ય ધમ્મચક્કે ય.
પાસરહાવત્તનગં વમરુપ્પાયં ચ વન્દામિ.”

“ગન્નગ્રપદે–દશાર્ણકૂટવર્તિનિ તથા તક્ષશિલાયાં ધર્મચક્રે તથા અહિચ્છત્રાયાં પાર્શ્વનાથસ્ય ધરણેન્દ્રમહિમા સ્થાને.” —આચારાંગનિર્યુક્તિ પત્ર ૪૧૮.

૨. “ઉત્તરાવહે ધમ્મચક્કં, મથુરાએ દેવણિમ્મિઓ થૂભો, કોસલાએ જિયંતસામિપડિમા, તિત્થંકરાણ વા જમ્મભૂમિઓ. —નિશીથચૂર્ણિ પત્ર ૨૪૩–૨.

હોય કે અમુક ગચ્છની માલિકીનું હોય તો પણ તેની યાત્રા કરવી, વખત પહોંચતો હોય તો સર્વ ઠેકાણે સંપૂર્ણ ચૈત્યવંદન–વિધિ કરવી જોઇએ અને વખત ન પહોંચતો હોય તો એક એક સ્તુતિ વા નમસ્કાર જ કરવો પણ ગામનાં સર્વ ચૈત્યોની યાત્રા કરવી.[૧]

વ્યવહાર સૂત્રના ભાષ્ય અને ચૂર્ણિમાં લખ્યું છે કે[૨] આઠમ ચૌદશ આદિ પર્વ–તિથિદિનોમાં ગામનાં સર્વ દેહરાંઓમાં રહેલી જિનપ્રતિમાઓ અને પોતાના તથા બીજા ઉપાશ્રયોમાં રહેલા સર્વ સાધુઓને પર્યાયલઘુ સાધુઓએ વંદન કરવું જોઇયે, જો ન કરે તો તે સાધુ પ્રાયશ્ચિત્તનો ભાગી થાય.

મહાનિશીથ સૂત્રમાંથી પણ ચૈત્યતીર્થ અને તીર્થોમાં ભરાતા મેલાઓની સૂચના મલે છે.[૩] આ સર્વ જોતાં એટલું તો નિશ્ચિત છે કે જૈનોમાં તીર્થયાત્રા અને પ્રતિમાપૂજનો રિવાજ ઘણોજ જૂનો પુરાણો છે, તીર્થ તરીકે પ્રસિદ્ધ થયેલ સ્થાનોમાં ભાવિક જૈનો ઘણા દૂર દૂરના દેશો થકી સંઘો લઇ જતા અને તીર્થાટન કરી પોતાની ધાર્મિક શ્રદ્ધાને સફલ કરતા, પોતાના ગામ નગરોનાં ચૈત્યોને તે હમેશાં ભેટતા, ચૈત્યો અધિક વા ઓછો સમય મલતાં નગરનાં સર્વ ચૈત્યોની યાત્રા નિત્ય ન થતી તો છેવટે આઠમ ચઉદશ જેવા ખાસ ધાર્મિક દિવસોમાં તો પૂર્વોક્ત યાત્રા અવશ્ય કરતાજ, કાલાન્તરે આ પ્રવૃત્તિમાં પણ મંદતા ન પેસી જાય એટલા માટે શ્રુતધર પૂજ્ય આચાર્યોએ નિયમ ઘડયો કે આઠમ ચઉદશે તો સર્વ ચૈત્યોની વંદના કરવીજ, અને જો સાધુ કે વ્રતિ ગૃહસ્થ આ નિયમ પ્રમાણે ન વર્તશે તો તે દંડનો ભાગી થશે. આ પ્રમાણે નગર યા ગામનાં સર્વ ચૈત્યોની યાત્રા તે 'चेइअपरिवाडीजत्ता' (ચૈત્યપરિપાટિયાત્રા) કહેવાતી. અને એ પ્રવૃતિ વિશેષ પ્રચલિત થતાં ઉતાવળને લીધે 'યાત્રા' શબ્દ નિકળી જઇને 'ચૈત્યપરિપાટિ' શબ્દ જ પ્રાથમિક મૂળ અર્થને જણાવવામાં રૂઢ થઇ ગયો. વખત જતાં ચૈત્યપરિપાટી–ચૈત્યપરિવાડી–ચૈત્યપ્રવાડી–ચૈત્રપ્રવાડી ઇત્યાદિ અનેક પ્રકારના 'चेइअपरिवाडीजत्ता'ના સ્થાને સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ શબ્દો રૂઢ થયા, જે આજ પર્યન્ત તે અર્થને જણાવી રહ્યા છે.

ઉપરના વિવેચનથી એ વાત સ્પષ્ટ થઈ કે 'ચૈત્યપરિવાડી' એ નામ એક પ્રકારની યાત્રાનું છે, અને ઉપચારથી તેવી યાત્રાનું વર્ણન કે વિવેચન કરનાર પ્રબન્ધ વા સ્તવનો પણ 'ચૈત્યપરિવાડી' નો નામથી ઓળખાવા લાગ્યાં કે જે બનાવ સાહિત્યમાર્ગમાં એક સ્વાભાવિક ઘટના છે.

તીર્થમાલા અને ચૈત્યપરિવાડિયોનો વાસ્તવિક ભેદ.

યદ્યપિ તીર્થમાલા વા તીર્થમાલા સ્તવનો અને ચૈત્યપરિવાડી વા ચૈત્યપરિવાડી સ્તવનોમાં સામાન્ય રીતે ભેદ નથી ગણવામાં આવતો તથાપિ તેનાં નામ અને લક્ષણો તપાસતાં તે બન્ને પ્રકારની કૃતિનો વાસ્તવિક ભેદ ખુલ્લો જણાઇ આવે છે.

તીર્થમાલા સ્તવનોનું લક્ષણ એ હોય છે કે પોતે ભેટેલાં વા સાંભળેલાં કે શાસ્ત્રોમાં વર્ણવેલાં નામી નામી તીર્થોનાં ચૈત્ય વા પ્રતિમાઓનું વર્ણન, તેનો સાચો વા કલ્પિત ઇતિહાસ, તેનો મહિમા અને તે સંબંધી બીજી બાબતોનું વર્ણન કરવા પૂર્વક તેની સ્તુતિ વા પ્રશંસા કરવી. આચારાંગનિર્યુક્તિ અને નિશીથચૂર્ણિમાં થયેલી તીર્થોની નોંધ તે આજકાલની તીર્થમાળાઓ અને તીર્થકલ્પોનું મૂલ બીજક સમ-

---

૧. निस्सक्कडमनिस्सक्कडे चेइअे सव्वहिं थुइ तिन्नि, वेलं व चेइआणि व नाउं धक्किक्किआ वा वि.
—ભાષ્ય

૨ अट्ठमी–चउद्दसीसुं चेईय सव्वाणि साहुणेा सव्वे. वन्देयव्वा नियमा अवसेस–तिहिसु जहसत्तिं. अेअेसु चेव अट्ठमीमाइसु चेइयाइं साहुणेा वा जे अण्णाअे वसहीअे ठिआ ते न वंदंति मासलहु.
—વ્યવહારભાષ્ય અને ચૂર્ણિ.

૩. अहन्नया गेायमा ते साहुणेा तं आयरियं भणंति जहाणं जइ भयवं तुमं आणावेहि ता णं अम्हेहिं तित्थयत्तं करि(२)या चंदप्पहसामियं वंदि(इ)या धम्मचक्कं गंतूणमागच्छामेा.
—મહાનિશીથ ૫–૪૩૫.

જવું જોઇયે. સિદ્ધસેનસૂરિનું સકલતીર્થ સ્તોત્ર[૧] મહેન્દ્રસૂરિનું તીર્થમાલાસ્તવન,[૨] જિનપ્રભસૂરિની શાશ્વતાશાશ્વત-ચૈત્યમાલા,[૩] વિવિધતીર્થકલ્પ[૪] વિગેરે સંસ્કૃત પ્રાકૃત અપભ્રંશ અને લોકભાષામાં લખાયેલા ઉપર્યુકત લક્ષણવાળા સ્તવનોની કોટિના અનેક પ્રબન્ધો આજે દૃષ્ટિગોચર થાય છે.

ચૈત્યપરિપાટી-સ્તવનોનું લક્ષણ એ થયા કરે છે કે કોઇ પણ ગામ કે નગરનાં યાત્રાના સમયમાં ક્રમવાર આવતાં દેહરાસરોનાં નામ, તે તે વાસોનાં નામ, તેમાં રહેલી જિનપ્રતિમાઓની સંખ્યા વિગેરે જણાવવા પૂર્વક મહિમાનું વર્ણન કરવું અને તેની સ્તુતિ કરવી. વિજયસેનસૂરિનો રેવંતગિરિરાસો,[૫] હેમહંસગણિની ગિરિનારચૈત્યપરિવાડી,[૧] સિદ્ધપુર ચૈત્યપરિવાડી,[૨] નગાગણિની જલોરચૈત્યપરિવાડી[૩] વિગેરે સંખ્યાબંધ ચૈત્યપરિવાડિઓ ઉપર જણાવેલ લક્ષણવાલી આજે વિદ્યમાનતા ધરાવે છે.[૪] પ્રસ્તુત 'પાટણચૈત્યપરિપાટી' પણ એજ બીજી કોટિનો નિબંધ છે.

આટલા વિવેચન ઉપરથી સમજાયું હશે કે તીર્થ ચૈત્યયાત્રાઓ અને નગર ચૈત્યયાત્રાઓ કરવાનો રિવાજ જૈનોમાં ઘણાજ પ્રાચીન કાલથી ચાલ્યો આવે છે. આ રિવાજોની પ્રાચીનતા ઓચ્છામાં ઓચ્છી બે હજાર વર્ષની હોવી જોઇયે એમ પૂર્વે સૂચવેલ શાસ્ત્રવાક્યોથી સિદ્ધ થાય છે, અને એ ઉપરથી તીર્થમાલાસ્તવનો અને ચૈત્ય પરિપાટીસ્તવનો લખવાની રુઢિ પણ ઘણી પ્રાચીન હોવી જોઇયે એ વાત સહેજે સમજી શકાય તેવી છે; છતાં પણ એટલું તો સખેદ જણાવવું પડે છે કે આ પ્રવૃત્તિની પ્રાચીનતાના પ્રમાણમાં તેના વર્ણનગ્રન્થો તીર્થમાલાસ્તવનો અને ચૈત્યપરિપાટી-સ્તવનો તેટલાં પ્રાચીન આજે મલતાં નથી.

---

૧. આ સંસ્કૃત સ્તોત્ર પાટણમાં સંઘવીની શેરીના તાડપત્રોના પુસ્તક ભંડારમાં છે, એના કર્ત્તા સિદ્ધસેન સૂરિ ક્યારે થયા તેનો નિશ્ચય નથી, છતાં સંભવ પ્રમાણે તેરમી સદીના પૂર્વાર્ધમાં થઇ ગયેલા સિદ્ધસેન જ એના કર્ત્તા હોવા જોઇયે.

૨. આ પ્રાકૃત સ્તવન પણ તેરમી સદીમાં જ બનેલું સંભવે છે. મહેન્દ્રસૂરિ નામના બે આચાર્ય થયા છે-૧ લા પૂર્ણતલ્લગચ્છીય પ્રસિદ્ધ આચાર્ય હેમચંદ્રજીના શિષ્ય જે ૧૨૧૪ માં વિદ્યમાન હતા. ૨ જા નાણકીયગચ્છીય જે સં. ૧૨૨૨ માં વિદ્યમાન હતા. આ સ્તવનના કર્ત્તા આ બેમાંથી કયા તેનો નિશ્ચય થતો નથી.

૩ આ ચૈત્યમાલા અપભ્રંશ ભાષામાં છે, એના કર્ત્તા જિનપ્રભસૂરિ જે ૧૪ મી સદીમાં થઈ ગયા છે, જેમણે અનેક ચરિત્રો અને રાસો અપભ્રંશમાં લખેલા છે. જેટલી અપભ્રંશની કવિતા પાટણના ભંડારોમાં એમની મળે છે, તેટલી બીજા કોઇ પણ કવિની નથી મળતી.

૪ સંસ્કૃત અને પ્રાકૃતમાં બનેલા આ તીર્થકલ્પો પ્રસિદ્ધ છે. એના કર્ત્તા જિનપ્રભસૂરિ ખરતરગચ્છની લઘુશાખામાં થઇ ગયા છે. તેમણે આ તીર્થકલ્પસંગ્રહ વિક્રમની ૧૪ મી સદીના ઉત્તરાર્ધમાં બનાવ્યો છે.

૫. આ રાસો પ્રાચીન ગૂજરાતી ભાષામાં લખાયેલો છે, એના કર્ત્તા વિજયસેનસૂરિ નાગેન્દ્રગચ્છમાં પ્રસિદ્ધ મંત્રી વસ્તુપાલના સમયમાં અર્થાત્ વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધમાં થઈ ગયા છે. વસ્તુપાલના સંઘ સાથે ગિરનારની યાત્રાયે ગયા તે સમયે તેમણે આ રાસ બનાવ્યો હતો.

૧. હેમહંસગણિ પ્રસિદ્ધ આચાર્ય મુનિસુંદરસૂરિના શિષ્ય હતા, તેઓ સોળમી સદીના પ્રથમ ચરણમાં વિદ્યમાન હતા, આરંભસિદ્ધિવાર્તિક, ન્યાયમંજૂષા વિગેરે અનેક વિદ્વત્તાપૂર્ણ ગ્રન્થો એમણે બનાવ્યા છે. આ ચૈત્યપરિવાડી તેમણે ક્યારે બનાવી તે જણાવ્યું નથી, પણ સોળમી સદીની શરૂઆતમાંજ બનાવી હોવાનો સંભવ છે.

૨. આ ચૈત્યપરિવાડીના કર્ત્તા કે સમયનો પત્તો લાગ્યો નથી. પરિવાડી નૂની હોવાનો સંભવ છે.

૩. આ ચૈત્યપરિવાડી સં. ૧૬૫૧ ના ભાદ્રવા વદિ ૩ ને દિને જલોરમાં બની હતી, એના કર્ત્તા નગા વાનગર્ષિગણિ આચાર્ય શ્રીહીરવિજયસૂરિના શિષ્ય કુશલવર્ધનગણિના શિષ્ય હતા.

૪. સ્વ૦ આચાર્ય શ્રીવિજયધર્મસૂરિજીએ સંપાદન કરીને ભાવનગરની શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાલા દ્વારા 'પ્રાચીન તીર્થમાલા સંગ્રહ'નો પ્રથમ ભાગ બહાર પાડયો છે, જેમાં જુદા જુદા કવિઓની કરેલી ચૈત્યપરિવાડિઓ, તીર્થમાલાઓ અને તીર્થસ્તવનો મળીને ૨૫ પ્રબન્ધો છે. એ સિવાય પણ સંખ્યાબંધ તીર્થમાલાઓ અને ચૈત્યપરિવાડીઓ જૈન ભંડારોમાં અસ્તિત્વ ધરાવે છે.

પાટણ.

પ્રસ્તુત પરિવાડી જેના નામ સાથે બંધાયેલી છે, તે પાટણ નગરનો આ સ્થલે સંક્ષેપમાં પરિચય આપવો ઉપયોગી ગણાશે.

'પાટણ' એ ગુજરાતદેશની રાજધાની-હિન્દુસ્થાનના પ્રાચીન અને પ્રસિદ્ધ શહેરોમાંનું એક છે, એનું વાસ્તુસ્થાપન જૈન મંત્રોથી થયું હતું, એનો વસાવનાર 'વનરાજ' નામનો ચાવડાવંશનો એક બાહોશ શૂરવીર રાજપુત્ર હતો. તે નાગેન્દ્રગચ્છના જૈન આચાર્ય શીલગુણસૂરિનો પરમ ભક્ત જૈન ઉપાસક હતો.[૧]

વનરાજ પોતે, તેના રાજકારભારિયોનું મંડલ અને તેની પ્રજાનો અધિક ભાગ જૈનધર્મી હોઇ પાટણ શહેર એ તે વખતમાં ગુજરાતના જૈનોના ધાર્મિક સામ્રાજ્યની રાજધાની બની ગયું હતું. જૈનોમાં ચાલતા તે સમયના સર્વ ગચ્છ અને મતોનું અસ્તિત્વ પાટણમાં જણાઇ આવતું હતું. ધર્મવીર અને યુદ્ધવીર જૈનોની વ્યવસ્થા અને આબાદીથી પાટણ એક વખત પૂરી જાહોજલાલી ભોગવતું થયું હતું. વિક્રમ સંવત્ ૮૦૨ ના વર્ષમાં પહેલ પ્રથમ 'અણહિલવાડ' વા 'અણહિલપાટણ' એ નામથી પાટણ વસ્યું, અને દિવસે દિવસે ઉન્નતિ કરતું ચાવડાવંશના રાજાઓની દાજધાની તરીકે પ્રસિદ્ધ થયું.

ચાવડાવંશના કુલ ૭ સાત રાજાઓએ[૨] રાજ્ય કર્યા બાદ પાટણની રાજ્ય લગામ ચૌલુક્ય વંશના રાજાઓના હાથમાં ગઇ, આ વખતે પણ પાટણ પૂરી જાહોજલાલીમાં હતું. એટલુંજ નહિં પણ પાટણના ચૌલુક્ય રાજાઓએ આસપાસના દેશો જીતી પોતાની રાજસત્તાનો વિશેષ વધારો કરવા માંડયો જે કુમારપાલ સુધી ચાલુ રહ્યો, કુમારપાલ જે ચુસ્ત જૈનધર્મી હતો, તેણે પોતે પણ અનેક લડાઇઓ કરી ઉત્તર મારવાડ, કોંકણ વિગેરે અનેક દેશોના રાજાઓને જીતીને ગુજરાતના મહારાજાધિરાજ તરીકે પોતાની સત્તા સર્વોત્કૃષ્ટ બનાવી હતી, પરંતુ ગુજરાતની ઉન્નતિની આ છેલ્લી હદ હતી, એ પછીના ગુજરાતના રાજાઓએ પોતાની સત્તા વધારી હોય એમ ઇતિહાસ જણાવતો નથી. આ તો રાજ્યસત્તાની વાત થઇ પણ ગુજરાતમાં અને ખાસ કરીને પાટણમાં જૈનધર્મની પ્રબલતા પણ ઓછી ન હતી, ચાવડાવંશના તમામ રાજાઓ જૈનધર્મના પાલનારા નહિં તો ઉપાસક તો અવશ્ય હતા, મંત્રિમંડલ અને બીજા રાજકર્મચારિયો પણ પ્રાયઃ જૈનો હોઇ પ્રજાનો અન્યધર્મી વર્ગ પણ જૈનધર્મને પૂજ્ય દૃષ્ટિથી જોતો; આ સ્થિતિ ચૌલુક્ય પહેલા ભીમ સુધી ચાલતી રહી, ભીમના વખતમાં તેના વીર દંડનાયક વિમલ અને રાજા વચ્ચે વૈમનસ્ય ઉત્પન્ન થતાં પાટણની જૈન પ્રજાને કંઇક ધક્કો પહોંચ્યો હોય તો બનવા જોગ છે. એમ કહેવાય છે કે દંડનાયક વિમલને વિષે રાજા ભીમના મનમાં કંઇક વિપરીત ભાવ ઉત્પન્ન થયો, ચતુર અને માની વિમલને રાજાના મનની સ્થિતિનું જ્ઞાન થતાં દિલગીરી અને દયાનું

---

૧ વનરાજને બાલ્યકાલમાં જ ઉક્ત શીલગુણસૂરિએ આસરો દીધો હતો, તેથી કૃતજ્ઞ પ્રકૃતિના વનરાજે પાછળથી પોતે રાજા થતાં જૈનધર્મની કીમતી સેવા બજાવી હતી, એટલું જ નહિ બલકે પાટણમાં નામી જૈન મંદિર બનાવરાવી પોતાની કીર્તિને વિશેષ અમર કરી હતી. વનરાજનું બનાવેલું આ 'વનરાજવિહાર' નામનું વૈત્ય સં. ૧૩૦૧ માં વિદ્યમાન હતું એ વાત નીચેના શિલાલેખ ઉપરથી જણાશે:—

"સંવત્ ૧૩૦૧ વર્ષે વૈશાખ શુદિ ૯ શુક્રે પૂર્વમણ્ડલિવાસ્તવ્ય મોઢજ્ઞાતીય નાગેન્દ્રા..... સુત શ્રે૦ જલ્હણપુત્રેણ શ્રે૦ રાજકુક્ષિસમુદ્ભવેન ઠ૦ આસાકેન સંસારાર..... .....યોપાર્જિતવિત્તેન અસ્મિન્ મહારાજશ્રીવનરાજવિહારે નિજકીર્તિવલ્લીવિસ્તાર.....વિસ્તારિતઃ। તથા ચ ઠ૦ આસાકસ્ય મૂર્ત્તિરિયં સુત ઠ૦ અરિસિંહેન કારિતા પ્રતિષ્ઠિતા.....સમ્બન્ધે ગચ્છે પંચાસરાતીર્થે શ્રીશીલગુણસૂરિસંતાને શિષ્ય શ્રી.....દેવચન્દ્રસૂરિભિઃ ॥ મંગલં મહાશ્રીઃ ॥

(પાટણમાં પંચાસરાપાર્શ્વનાથના મંદિરમાં રહેલી 'વનરાજ'ની મૂર્ત્તિ પાસેની ઠ૦ આસાકની મૂર્ત્તિનો શિલાલેખ)

૨ પાટણની રાજગાદી ઉપર નીચેના આઠ ચાવડાવંશી રાજાઓ થયા છે:— ૧ વનરાજ, ૨ યોગરાજ, ૩ રત્નાદિત્ય, ૪ વૈરિસિંહ, ૫ ક્ષેમરાજ, ૬ ચામુંડરાજ, ૭ રાહડ, ૮ સામંતસિંહ.

પાત્ર ન બનતાં તે ગુપ્તપણે પાટણનો ત્યાગ કરી ચાલી નિકળ્યો, અને તેણે આબુના દક્ષિણ કટિભાગમાં વસેલી ચંદ્રાવતી નગરીમાં આવીને નિવાસ કર્યો, ચંદ્રાવતીનો પ્રથમનો રાજા[૧] વિમલના આગમનથી ડરી જઇ ભાગી જતાં વિમલ ત્યાંનો રાજા થઇને રહ્યો.[૨]

રાજાની [૩]નારાજગીથી જૈન સમાજનો માન્ય પુરુષ વિમલ પાટણ છોડીને ચાલ્યો ગયો, એ વાત જાહેર થતાં પાટણનો જૈન સંઘ રાજા ઉપર ભારે ગુસ્સે થયો, એટલુંજ નહિં; પણ સેંકડો જૈન કુટુંબો વિમલનું અનુસરણ કરી પાટણ છોડી ચંદ્રાવતીમાં જઇને વસ્યાં. જો ઉપરની હકીકત સાચા ઇતિહાસમાં ખપતી હોય તો કહેવું જોઇયે કે પહેલા ભીમદેવના વખતમાં પાટણની જૈન વસતિમાં કંઈક ભંગાણ પડ્યું હશેજ, પરંતુ આ બનાવ સાચો હોય તો પણ તેની વિશેષ સ્થાયી અસર થઇ જણાતી નથી, કારણ કે તે પછીના ચૌલુક્ય રાજા કર્ણદેવ, સિદ્ધરાજ, કુમારપાલ વિગેરેના રાજ્યકાલમાં પણ લગભગ તમામ રાજ્યકારભાર જૈન મંત્રિઓના હાથમાં જ હતો, એટલું જ નહિં પણ સિદ્ધરાજ કે જે શૈવધર્મી હતો છતાં જૈનધર્મ અને અને જૈનધર્મીઓને ઘણું જ માન દેનારો અને જૈન વિદ્વાનોને પૂજનારો હતો. એ ઉપરથી સમજાય છે કે પાટણમાં જૈનધર્મની પ્રબલતા ઘણા લાંબા કાલ સુધી ટકી રહી હતી. કહેવાય છે કે એક સમયે પ્રસિદ્ધ આચાર્ય શ્રીહેમચન્દ્રસૂરિનું પાટણમાં આગમન થયું ત્યારે ૧૮૦૦ અઢારસો કોટિધ્વજ શેઠિઆઓ તેમના નગરપ્રવેશ-મહોત્સવમાં એકઠા થયા હતા.[૧] આ એકજ દાખલા ઉપરથી પાટણના જૈનોની સંખ્યાનો અને તેમની સમૃદ્ધિનો ખ્યાલ આવી જશે. કુમારપાલ પછી પાટણના જૈનોની અને સાથે જ રાજ્યની અવનતિનો પાયો નંખાણો. અજયપાલે ઘણાખરા જુના જૈન મંત્રિઓને પદભ્રષ્ટ કર્યા અને કેટલાકોને ભયંકર શિક્ષાઓ કરી. ખાસ કરીને કુમારપાલના મરજીદાન મનુષ્યોને અજયપાલે ભારે ત્રાસ આપ્યો,[૨] કુમારપાલનાં પુણ્યકાર્યોનો તેણે બન્યો તેટલો નાશ કર્યો, પણ આવાં અધમ કામો ઘણા કાલ સુધી કરવાને તે જન્મ્યો ન હતો, રાજ્યાભિષેકને ત્રીજે જ વર્ષે અજયપાલનું તેના એક નોકરના હાથે ખુન થયું અને ત્યાર પછી ધાર્મિક વિપ્લવ બંધ થયો, રાજ્યકારભાર પણ પાછો નિયમિત થઈ ગયો પણ સિદ્ધરાજ અને કુમારપાલે જે ગુજરાતના રાજ્યની હદ વધારી ચૌલુક્ય રાજાઓની સાર્વભૌમ સત્તા સ્થાપન કરી હતી, તે લાંબો કાલ રહી નહિં. જે ક્રમથી

---

૧ આ રાજાનું નામ ક્યાંઈ જણાવ્યું નથી, કોઇ પરમાર વંશીય રાજા હતો, ધારનો ધંધુક તો ન હોય ?

૨ વિમલ ચન્દ્રાવતીનો રાજા થયાની હકીકત વિમલ પ્રબન્ધમાં જણાવેલી છે.

૩ કુમારપાલના સમકાલીન હરિભદ્રસૂરિ મન્ત્રીશ્વર પૃથ્વીપાલની પ્રાર્થનાથી રચેલ **ચન્દ્રપ્રભસ્વામિચરિત** (પ્રા.) ની પ્રશસ્તિમાં જણાવે છે કે **વિમલ** દણ્ડનાયક **ભીમદેવ** રાજાના વચનથી સકલ શત્રુના વૈભવને ગ્રહણ કરી પ્રભુપ્રસાદથી પ્રાપ્ત થયેલ **વટ્ટાવલી** (ચન્દ્રાવતી) વિષયને ભોગવતો હતો, જુઓ તે ઉલ્લેખ:—

" સિરિ**ભીમએવ**રજ્જે **નેઢો** ત્તિ મહામઈ પઢમો ॥
બીઓ ઉ સરયસસહરનિમ્મલગુણરયણમંદિરમુદારં ।
નિયયપ્પહાપઅરિયતરણી **વિમલો** ત્તિ દંડવઈ ॥
અહ **ભીમએવ**નરવઇવયણેણ ગહીયસયલરિદ્ધિવિહવો ।
વટ્ટાવલ્લીવિસયં સ પહુવલદ્ધં તિ ભુંજંતો ॥"

—(વિ. સં. ૧૨૨૩ માં લખાયેલી પાટણના સંઘવીના પાડાના જૈનભંડારની તાડપત્ર પ્રતિ). આ અભિપ્રાયને અનુસરતા મલધારી **રાજશેખરસૂરિ** વિ. સં. ૧૪૦૫માં રચેલા **પ્રબન્ધકોષમાં**—વસ્તુપાલપ્રબન્ધમાં—' પ્રાગ્વાટવંશે શ્રીવિમલો દણ્ડનાયકોઅભવત્ । સ ચિરમબ્ધુંદ્રાધિપત્યમભુનક્ ગૂર્જરેશ્વરપ્રસત્તેઃ ' અર્થાત્ ' ગૂર્જરેશ્વર (ભીમદેવ)ની પ્રસન્નતાથી વિમલે લાંબા સમય સુધી આબુ ઉપર આધિપત્ય ભોગવ્યું હતું ' એમ જણાવે છે.

આ ઉલ્લેખ જોતાં વિમલને ભીમદેવ સાથે વૈમનસ્ય થવાના વૃતાન્ત માટે સન્દેહ રાખવો પડે છે. —લા. ભ. ગાંધી]

૧ આ હકીકત હિંન્દી કુમારપાલ ચરિતની પ્રસ્તાવનામાં જોવી.

૨ હેમચન્દ્રસૂરિના શિષ્ય રામચન્દ્ર, મંત્રી કપર્દી આદિ હેમચન્દ્ર અને કુમારપાલના માનીતા પુરૂષોને અજયપાલે કેવી ભયંકર શિક્ષાઓ કરી હતી તે પ્રબન્ધચિન્તામણિમાં ચૌલુક્ય રાજાઓનો ઇતિહાસ જોવાથી જણાશે.

પાટણ અને તેના રાજાઓની સત્તા દિવસે દિવસે વધી હતી તે જ ક્રમથી ઘટવા લાગી. અજયપાલના વખતથી પાટણના રાજ્યકારભારમાંથી જૈન ગૃહસ્થોનો હાથ નિકલવા લાગ્યો હતો, પ્રસિદ્ધ પોરવાલ વીર જૈન મંત્રી વસ્તુપાલ અને તેજપાલના સમયમાં થોડાક વખતને માટે ગુજરાતની ઝાંખી પડેલી કીર્તિ પાછી ઉજ્જ્વલ બની હતી. જો કે અજયપાલના વખતથી ગુજરાતની રાજ્યસત્તા મંદ થવા માંડી હતી તો પણ વાઘેલા ચૌલુક્ય સારંગદેવ પર્યન્ત ગુજરાત દેશ અને તેના રાજાઓએ પોતાનું મહત્ત્વ ઠીક ઠીક ટકાવી રાખ્યું હતું, પણ છેલ્લા રાજા કરણ વાઘેલાના સમયમાં પાટણ અને ગુજરાતના ઉપર હમેશાને માટે પરાધીનતાનો દંડ પડ્યો.[૧]

વનરાજથી ઉગેલ, સિદ્ધરાજ અને કુમારપાલથી ઉન્નતિની છેલ્લી હદે પહોંચેલ પાટણની કીર્તિવલ્લી કરણ વાઘેલાના વખતમાં સદાકાલને માટે કરમાઈ ગઈ.

આ પ્રમાણે વનરાજ, ભીમદેવ, સિદ્ધરાજ, કુમારપાલ જેવા યુદ્ધવીરોના પરાક્રમોથી, જાંબક, ચાંપક, વિમલ, શાંતુ, ઉદયન, બાહડ, સંપત્કર, વસ્તુપાલ, તેજપાલ જેવા બાહોશ મુસદ્દીઓની કાર્યકુશલતાથી ઉન્નતિના શિખરે ચઢેલું પાટણ, ગુજરાતનું રાજ્ય-કર્ણવાઘેલાની સ્ત્રીલંપટતા અને માધવ અને કેશવ જેવા ઝેરીલી પ્રકૃતિના નાગર કારભારિયોના પાપે એકવેલા સ્વર્ગીય નગર બનેલું પાટણ સંવત્ ૧૩૫૩ ના વર્ષમાં અલાઉદીનના સેનાપતિ મલિક કાપુરના હાથે જમીનદોસ્ત થયું, એક વેલા જે સ્થળે હજારો કોટિધ્વજ શ્રેષ્ટિયોની હવેલીઓ શોભી રહી હતી, તે પ્રાચીન પાટણના સ્થાનમાં આજે એક બે કુઆ વાવડી કે બે ચાર પ્રાચીન મકાનોનાં ખંડહરો[૧] સિવાય જંગલી ઝાડ અને ઘાસ ઉગેલાં નજરે પડે છે. જે સ્થાન લાખો મનુષ્યોની વસતિથી રળીયામણું હતું તે આજે સિયાળ અને વરુ જેવાં જંગલી જનવરોની લીલાભૂમિ બની રહ્યું છે !

નવું પાટણ.

મુસલમાનોના હાથે નષ્ટ ભ્રષ્ટ થયેલું પાટણ ફરિથી કયારે આબાદ થયું તેનો ચોક્કસ સમય કયાંઇ મલતો નથી. છતાં કેટલાક બનાવો ઉપરથી એમ કહી શકાય કે વર્તમાન પાટણ વિક્રમ સંવત્ ૧૩૭૧ ની વચ્ચે વસેલું હોવું જોઇયે. પાટણની 'જૈન મંદિરાવલી'ની પ્રસ્તાવનામાં તેના લેખકે જણાવેલું છે કે "અલ્લાઉદ્દીનના વખતમાં પ્રાચીન પાટણનો નાશ થતાં સં. ૧૪૨૫ ના વર્ષમાં આ વર્તમાન પાટણ ફરિથી વસ્યું છે."

પણ આમાં જણાવેલી સાલ ખરી હોવામાં શંકા છે. સંવત્ ૧૩૫૩ માં નાશ પામેલું નગર બે પાંચ વર્ષમાં પાછું ન વસતાં લગભગ અર્ધસદીથી પણ અધિક સમય પછી વસે એ વાત સાચી માનવામાં જરા સંદેહ રહે છે. જો પ્રાચીન નગર સર્વથા નાશ પામી ગયું હોય અને નવેસર વસવા જેવી સ્થિતિ ઉભી થઈ હોય ત્યારે તો તે તરત જ વસવું જોઇયે, અને જો મુસલમાનોના હાથે એટલું બધું નુકશાન ન થયું હોય કે જેથી ફરિને શહેર નવું વસાવવું પડે તો ત્યાર બાદ સાઠ સિત્તેર વર્ષમાં જ એવું શું કારણ આવી પડ્યું હશે કે મુસલમાનોના હાથે જોખમાયેલ પાટણમાં ૬૦ વર્ષ પર્યન્ત રહીને ફરિથી નાગરિકોને નવું પાટણ વસાવવું પડ્યું હોય ?

---

૧ પાટણની રાજગાદી ઉપર ચૌલુક્ય અને એ જ વંશની વાઘેલા શાખાના રાજાઓ નીચેના ક્રમ પ્રમાણે થયા છે:—ચૌલુક્ય રાજાઓ:-૧ મૂલરાજ (૧), ૨ ચામુંડરાજ ૩ વલ્લભરાજ ૪ દુર્લભરાજ ૫ ભીમદેવ (૧) ૬ કર્ણદેવ (૧) ૭ જયસિંહદેવ (સિદ્ધરાજ) ૮ કુમારપાલ ૯ અજયપાલ ૧૦ મૂલરાજ (૨) ૧૧ ભીમદેવ (૨) ૧૨ ત્રિભુવનપાલ.

વાઘેલા રાજાઓ—૧ ધવલ ૨ અર્ણોરાજ ૩ લવણપ્રસાદ ૪ વીરધવલ ૫ વીસલદેવ ૬ અર્જુનદેવ ૭ સારંગદેવ ૮ કર્ણદેવ.

૧ પ્રાચીન પાટણના અવશેષો તરીકે આજે 'રાણકી વાવ' અને 'દામોદર કુંઓ' એ બે મુખ્ય ગણાય છે, એના સંબંધમાં લોકોમાં કહેવત છે કે—'રાણકી વાવ ને દામોદર કુંઓ, જોયો નહિ તે જીવતો મૂઓ.' એ સિવાય એક મોટું મકાનનું ખંડેર ઉંચી ચટ્ટાનપર આવેલું છે, લોકો તેને 'રાજમહેલ' કહે છે. બીજી પણ પરચુરણ નિશાનીઓ ત્યાં સેંકડો મલે છે.

અમારા અનુમાન પ્રમાણે તો આધુનિક પાટણ સં૦ ૧૪૨૫ માં નહિં પણ ૧૩૭૦ ની આસપાસમાં વસેલ હોવું જોઇયે,[૧] કારણ કે પાટણ ભંગના વખતથી પાટણમાં બનતાં જૈનમંદિરો અને પ્રતિમાની પ્રતિષ્ઠાઓ એકદમ બંધ પડે છે અને તે સં૦ ૧૩૭૯ ના વર્ષમાં પાછી શરૂ થતી દેખા દે છે અને તે પછીના વખતમાં તે પ્રવૃત્તિ દિવસે દિવસે વધતી જતી જણાય છે, સંવત્ ૧૩૭૯ અને ૧૩૮૧ ની સાલમાં બરતરગચ્છ સંબન્ધી શાન્તિનાથ વિધિચૈત્યમાં જિનકુશલસૂરિના હાથે અનેક જિનબિમ્બો અને આચાર્યમૂર્ત્તિની પ્રતિષ્ઠાઓ થાય છે, આ શાંતિનાથ વિધિચૈત્ય આજે પણ બરાબોટડીના પાડામાં સુધરેલ દશામાં વિદ્યમાન છે. સંવત્ ૧૪૧૭, ૧૪૨૦ અને ૧૪૨૨ ના વર્ષમાં પણ પાટણમાં પ્રતિષ્ઠાઓ થયાના લેખો ત્યાંની મૂર્ત્તિઓ ઉપરથી મળી આવે છે, તેથી આ વાત નિશ્ચિત થાય છે કે પ્રાચીન પાટણના ભંગ પછી સંવત્ ૧૩૭૯ ના વર્ષ પહેલાના કોઇ પણ વર્ષમાં આધુનિક પાટણ વસી ગયું હોવું જોઈયે.

ઉપર પ્રમાણે ચૌદમી સદીના છેલ્લા ચરણમાં ફરિથી વસેલ નૂતન પાટણે પણ દિવસે દિવસે ઉન્નતિ કરવા માંડી અને વખત જતાં તે પોતાની પ્રાચીન કીર્તિને જાલવી રાખવાને યોગ્ય થઈ ગયું, અલ્લાઉદ્દીનના જુલ્મથી ત્રાસ પામેલા, મુસલમાનોના નામથી પણ ભડકતા હિન્દુઓનાં હૃદયો તુગલક ફિરોજશાહની સરદારીના વખતમાં કંઇક શાંત પડ્યાં, મુસલમાનોના ભયની શંકાથી નવીન દેહરાસરો બનાવવામાં સંકોચાતા હિન્દુઓ ફિરોજશાહના વખતમાં નિર્ભય થયા અને ફરિથી નવીન ચૈત્યો બનાવવામાં પ્રવૃત્ત થયા. આપણા આ પાટણમાં પણ આ વખતથી માંડીને જ નવાં દેહરાં અને નવી પ્રતિમાઓ વિશેષ પ્રમાણમાં બનવા લાગી કે, જે પ્રવૃત્તિ લગભગ સત્તરમી સદીના છેડા પર્યન્ત ચાલુ રહી. આ લગભગ ત્રણસો વર્ષ જેટલા લાંબા ગાલામાં પ્રસ્તુત નવીન પાટણમાં સેંકડો દેહરાં અને હજારો પ્રતિમાઓ બની ચુકી હતી. લીલું ઝાડ પ્રચણ્ડ પવનના ઝપાટાથી પડી જતાં તેના જ મૂલમાંથી ફુટેલા ફણગા કાલાન્તરે મૂલવૃક્ષનું રુપ ધારણ કરે છે, તે જ રીતે પ્રાચીન પાટણ અલાઉદ્દીનના અન્યાયનો ભોગ થઇ પડતાં તેના જ સીમાપ્રદેશમાં નવું વસેલું પાટણ કાલાન્તરે એક સમૃદ્ધ નગર બની પોતાની પૂર્વ ખ્યાતિને તાજી રાખવા સમર્થ થયું. પ્રસ્તુત ચૈત્યપરિવાડી તે આ બીજા પાટણની સમૃદ્ધ દશાના સમયમાં બનેલી તાત્કાલિક જૈનમંદિરોની નોંધ વા 'ડિરેક્ટરી' સમાન છે.

કર્તા અને સમય-નિર્દેશ.

આ ચૈત્યપરિવાડીના કર્તા કોણ છે અને તેમણે આ પરિવાડી ક્યારે બનાવી ઇત્યાદિ હકીકત તેમણે પોતે જ સમાપ્તિ લેખમાં જણાવા દીધી છે, જેનો સાર આ પ્રમાણે છે–

'પૂનમિયા ગચ્છની ચન્દ્ર (પ્રધાન) શાખામાં ભુવનપ્રભસૂરિ થયા, તેમની પાટે કમલપ્રભસૂરિ અને કમલપ્રભની પાટે આચાર્ય શ્રી પુણ્યપ્રભસૂરિ થયા, પુણ્યપ્રભના પટ્ટધર વિદ્યાપ્રભસૂરિ થયા, વિદ્યાપ્રભસૂરિના[૧] પટ્ટધર શિષ્ય શ્રીલલિતપ્રભસૂરિ થયા, તે લલિતપ્રભસૂરિએ વિક્રમ સંવત્ ૧૬૪૮ ના આસોજ વદિ ૪ અને રવિવારને દિવસે અણહિલ પાટણમાં આ પાટણની ચૈત્યપરિવાડી બનાવી.'

ઉપરની નોંધ સિવાય પરિવાડીકાર લલિતપ્રભસૂરિના સંબન્ધમાં વિશેષ હકીકત જાણવામાં આવી નથી.[૨] તેમની કૃતિ ઉપરથી તેઓ સારા વિદ્વાન

---

૧ વિ. સં. ૧૩૭૧માં શત્રુંજયતીર્થના ઉદ્ધારક સંઘપતિ દેસલ અને સમરા સાહ પાટણમાં વસતા હતા, એટલે તે સમયે પાટણ હયાત જ હતું. –લા. ભ. ગાંધી.

૧ સં. ૧૬૧૭ ના કાર્તિક સુદિ ૭ ને શુક્રવારને દિવસે પાટણમાં ઉપાધ્યાય શ્રીધર્મસાગરજીને સંઘબહાર કરનાર જુદા જુદા ગચ્છોના ૧૨ આચાર્યોમાં આ વિદ્યાપ્રભસૂરિ પણ સામેલ હતા.

૨ પ્રસ્તુત લલિતપ્રભસૂરિએ વિ. સં. ૧૬૫૪ માં પ્રતિષ્ઠિત પંચતીર્થી (સમ્ભવનાથ બિમ્બની મુખ્યતાવાલી) ધાતુપ્રતિમા ચાણસમા ગામમાં જિનમન્દિરમાં વિદ્યમાન છે. (જુઓ જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ ભા૦ ૧, ૧૦૧)

હોવાનો દાવો કરી શકતા નથી, પરંતુ આ પ્રસ્તુત કૃતિ તેમની સંગ્રહશીલતાનો સારો પરિચય આપે છે. ગ્રંથકાર પોતે પૂનમગચ્છના આચાર્ય હોઇ ઢંઢેરવાડામાં રહેતા હતા,[૧] અને તેથી જ પ્રસ્તુત પરિવાડીની શરુઆત તેમણે ઢંઢેરવાડાના ચૈત્યોથી જ કરેલી જણાય છે. તેમના પછી લગભગ ૮૦ વર્ષે બનેલી બીજી પાટણચૈત્યપરિવાડીની શરૂઆત પંચાસરાના ચૈત્યોથી થાય છે, કારણ કે તેના કર્તા હર્ષવિજય તપગચ્છીય યતિ હતા અને તપગચ્છના યતિયોનું મુખ્ય આશ્રયસ્થાન પંચાસરામાં હતું. આ પ્રમાણે જુદા જુદા કર્તાઓની પરિવાડીઓ જુદા જુદા સ્થાનોથી શરૂ થતા વાસોના અનુક્રમમાં ઘણો ઘોટાલો થઇ જાય છે, અને તેમ થતાં એકની સાથે બીજી ચૈત્યપરિવાડીનું મિલાન કરવામાં કેટલી મુશ્કેલીઓ નડે છે, તેનો ઠીક ઠીક અનુભવ આ પ્રસ્તાવનાના લેખકને થયો છે.

પરિવાડીનો પરિચય.

પ્રસ્તુત ચૈત્યપરિવાડી કવિતા-સાહિત્યની દૃષ્ટિએ વિશેષ ઉપયોગી ન હોવા છતાં પુરાતત્ત્વની દૃષ્ટિએ ઘણી ઉપયોગી છે. પરિવાડીકારે તે સમયમાં પાટણનાં તમામ જૈનમંદિરોનાં નામ, તેમાં રહેલી પ્રતિમાઓની સંખ્યા, તેના બનાવનારાનાં નામ, જે જે વાસોમાં જે જે ચૈત્યો આવેલાં છે તે તે વાસોનો નામ નિર્દેશ ઇત્યાદિ હકીકતો જણાવવાનો જે મહાન્ પરિશ્રમ ઉઠાવ્યો છે તે આપણે માટે ઘણો ઉપયોગી નિવડ્યો છે. આજથી સવા ત્રણસો વર્ષ ઉપર પાટણમાં કેટલાં દહેરાં હતાં, તે સર્વમાં કેટલી પ્રતિમાઓ હતી, દેહરાં બનાવનારા શેઠિઆઓનાં શાં શાં નામો હતાં, તે વેળાના પાટણના ભાવિક જૈન ગૃહસ્થોમાં ધર્મશ્રદ્ધા કેવી હોવી જોઇયે, સાથેજ તેમના પાસે દ્રવ્યબલ પણ કેટલું હોવું જોઇયે ઇત્યાદિ અનેક વાતોનાં સાચાં અનુમાનો કરવાનું આ ચૈત્યપરિવાડી ઉપરથી બની શકે તેમ છે.

ચૈત્યપરિવાડી-યાત્રાનો સાચે સાચો ઢંગ લેખકે આ પરિવાડીમાં ગોઠવ્યો છે, જાણે કે પોતે સંઘની સાથે નગરની ચૈત્યયાત્રા કરવા નિકલ્યા છે અને કમવાર વચ્ચે આવતાં તમામ દેહરાંઓને વાંદતા જાય છે. સંઘ જે વાસમાં જાય છે તે વાસનું નામ પોતે પ્રથમ સૂચવે છે, પછી તેમાં કેટલાં દેહરાં છે તેની સંખ્યા જણાવે છે, પછી મૂલનાયકોનાં નામ અને છેલ્લે તેમાંની પ્રતિમાઓની સંખ્યા-આ ઢંગ લેખકે લગભગ આખી પરિવાડીમાં જાલવી રાખ્યો છે, પણ પ્રતિમાઓની સંખ્યા જણાવવામાં જરા ઘોટાલો કરી દીધો છે, તે એવી રીતે કે કેટલેક ઠેકાણે તો પોતે મૂલનાયકનું નામ લખી "અવર પ્રતિમા" "અવર જિનવર" ઇત્યાદિ ઉલ્લેખોની સાથે બિંબોની સંખ્યા જણાવે છે કે જેનો અર્થ મૂલનાયક સિવાયની પ્રતિમાઓની સંખ્યા જણાવનારો થાય છે, જ્યારે ઘણે ઠેકાણે "અવર" કે "અન્ય" કંઇ પણ શબ્દપ્રયોગ કર્યા વગર પ્રતિમાસંખ્યા લખી દીધી છે તેથી તેવાં સ્થળોમાં એ શંકા રહી જાય છે કે આ સંખ્યા મૂલનાયક સહિતની જાણવી કે મૂલનાયક સિવાયની પ્રતિમાઓની? આનો ખુલાસો મૂલનાયક સહિત ગણતાં થતો નથી, તેમ મૂલનાયક સિવાયની પ્રતિમાઓની સંખ્યા ગણતાં પણ થતો નથી, કારણ કે બેમાંથી કોઇ પણ રીતે ગણતાં આખેરી બિમ્બસંખ્યાનો સરવાળો મલતો નથી. એથી એ વાત સહેજે જણાઇ આવે છે કે ગ્રન્થકારે જણાવેલી તે તે ચૈત્યોની પ્રતિમા સંખ્યા કેટલેક ઠેકાણે તો મૂલનાયક સહિતની છે અને કેટલેક સ્થળે તે સિવાયની છે; પણ સહિતની કયાં અને રહિતની કયાં તેનો ખુલાસો થવો અશકય છે.

ગ્રન્થકારે જેમ પ્રત્યેક વાસનાં દેહરાઓની સંખ્યા અને તેની પ્રતિમાસંખ્યા જણાવી છે, તેમ આખા નગરનાં સર્વ દેહરાઓનો આંકડો અને સર્વ પ્રતિમાઓની સંખ્યાનો આંકડો પણ તેમણે જણાવી દીધા છે.

પરિવાડીકાર પ્રતિમા સંખ્યા જણાવતાં પહેલાં દેહરાંઓને બે વિભાગમાં વહેંચી દિયે છે, મ્હોટાં

લલિતપ્રભસૂરિએ વિ. સં. ૧૬૫૫ માં અણહિલપાટણમાં ઢંઢેરવાડાના ઉપાશ્રયમાંજ શ્રીચંદ્રકેવલિચરિત (રાસ) રચ્યો છે. —લા. ભ. ગાંધી.

૧ આજે પણ ઢંઢેરાવાડામાં પૂનમગચ્છની ઉપાશ્રય મોજુદ છે.

જિનમંદિરોને પોતે "ચૈત્ય" અને 'દેહરાં' કહે છે અને તેની સંખ્યા ૧૦૧ એકસો ને એક જણાવે છે, છોટાં વા ઘરમંદિરોને 'દેહરાસર' નામથી ઉલ્લેખે છે.[૧] અને તેની સંખ્યા ૯૯ નવાણું હોવાનું કહે છે, પહેલા દર્જાનાં ચૈત્યોની પ્રતિમાસંખ્યા ૫૪૯૭ પાંચ હજાર ચારસોને સત્તાણુંની જણાવે છે; બીજા પ્રકારનાં જિનમંદિરો-ઘરમંદિરોની કુલ પ્રતિમાસંખ્યા ૨૮૬૮ બે હજાર આઠસો ને અડસઠ એટલી જણાવે છે.

એજ પ્રસંગે પ્રતિમાઓની નોંધ કરતાં પરિવાડીકાર લખે છે કે પાટણમાં ૧ પ્રતિમા વિદ્રુમ-પ્રવાલાની છે, ૨ સીપની અને ૩૮ અડત્રીશ રત્નની પ્રતિમાઓ છે, ૪ ચ્યાર ગૌતમ સ્વામીનાં બિંબ છે અને ૪ ચ્યાર ચતુર્વિંશતિપટ્ટકો છે.

આટલું વિવેચન કર્યા બાદ પરિવાડીકાર બન્ને પ્રકારનાં ચૈત્યોની પ્રતિમાઓની કુલ સંખ્યાનો ૮૩૯૪ એ આંકડો જણાવે છે, પણ પૂર્વે જણાવ્યા પ્રમાણે અત્ર પણ સંખ્યાનો સરવાળો મલતો નથી, બન્ને પ્રકારનાં ચૈત્યોની પ્રતિમાઓનો સરવાલો ૫૪૯૭+૨૮૬૮ =૮૩૬૫ આઠ હજાર ત્રણસો ને પાંસઠનો થાય છે, અને જો રત્નાદિની પ્રતિમા જુદી ગણીને તેની ૪૧ એ સંખ્યા આમા ઉમેરીએ તો સરવાળો ૮૪૦૬ એ આવે છે, પણ પરિવાડીકારે આપેલ ટોટલ મલતું નથી, એનું કારણ તેમની ગફલત નહિં. પણ તેમની માનસિક અપેક્ષા છે. એટલે કે આપેલી છેલ્લી સંખ્યા પૂર્વોક્ત બે સંખ્યાઓનો માત્ર સરવાલોજ નહિં પણ તે સંખ્યામાં કેટલીક પરચુરણ સંખ્યા વધારીને જણાવેલી સંખ્યા છે, પણ આ અપેક્ષા નિઃસન્દેહકારે શબ્દદ્વારા વ્યક્ત કરી નથી.'

પાટણ શહેરની ચૈત્યપરિવાડી પૂરી કરીને તેને લગતીજ પાટણની આસપાસનાં નહાનાં મ્હોટાં લગભગ ૧૨ ગામડાઓની ચૈત્યપરિવાડી પણ આ સાથે જોડી દીધી છે.

આ ૧૨ બાર ગામોનાં ચૈત્યોની સંખ્યા ૨૫ અને પ્રતિમા સંખ્યા ૧૨૦૭ જેટલી થાય છે. આ સંખ્યા પૂર્વોક્ત પાટણની પ્રતિમાસંખ્યામાં જોડીને પરિવાડીકારે આ પ્રમાણે સંખ્યા જણાવેલી છે-૯૫૯૮ નવ હજાર પાંચસોને અઠાણું. આ સંખ્યામાં પણ ૩ નો ફરક આવે છે.

પરિવાડીકારની જણાવેલી પાટણની બિંબસંખ્યાના ૮૩૯૪ એ આંકડો અને બહારગામનાં ચૈત્યોની બિંબોની સંખ્યાનો આંક જે ૧૨૦૭ નો થાય છે, એ બેને ભેગા કરતાં ૮૩૯૪+૧૨૦૭=૯૬૦૧ નવ હજાર છ સો ને એક થાય છે, જ્યારે પરિવાડીકારે આપેલી સંખ્યા ૯૫૯૮ છે.

એજ રીતે આપણે પ્રત્યેક મહોલ્લાનાં ચૈત્યોની પ્રતિમાઓની સંખ્યા તારવીને તેને જોડી દેતાં જે સંખ્યા આવે છે તેની સાથે પરિવાડીકારે જણાવેલી પાટણની પ્રતિમાસંખ્યા મલતી નથી. તેનું કારણ પણ લેખકની સંખ્યાપ્રતિપાદક પદ્ધતિનું અનિશ્ચિતપણુંજ હોઇ શકે, વલી બે ચૈત્યોની પ્રતિમાસંખ્યા પરિવાડીકારે મુદ્દલ જણાવી નથી, તેથી પણ તેમની સંખ્યા આપણી તારવેલી સંખ્યા સાથે નહિં મલતી હોય તો બનવા જોગ છે.

પરિવાડીના પરિશિષ્ટરૂપે જણાવેલી ૧૨ ગામોની ચૈત્યપરિવાડીમાં રૂપપુરની ચૈત્યસંખ્યા ધ્યાન ખેંચનારી છે, તેમાં કુલે ૧૦ જિનમંદિર અને ૩૬૭ જેટલી પ્રતિમા જણાવી છે. રૂપપુર પૂર્વે કેવડું મ્હોટું હોવું જોઇયે તે વાત આ વર્ણન ઉપરથી જણાઈ આવે છે. જે વેળા રૂપપુરની એ દશા હતી, તે વખતે ચાણસમામાં માત્ર એક મંદિર અને ૩૪ પ્રતિમાઓ હતી. આજે રૂપપુરમાં માત્ર એક મંદિર ૨૯ પ્રતિમા છે અને શ્રાવકોનાં ૩-૪ ત્રણ ચ્યાર ઘર છે, જ્યારે ચાણસમામાં ૮-૧૦ મંદિર જેવડું વિશાલ ચૈત્ય છે, અને અનેક પ્રતિમાઓ છે, જૈનવસતિ પણ

---

૧ બીજા ચૈત્યપરિવાડીકારોએ પણ મ્હોટાં મંદિર વા જિનપ્રાસાદોને માટે 'દેહરૂં' અને છોટાં ઘરમંદિરોને માટે 'દેરાસર' શબ્દ વાપર્યો છે જુઓ-" દેહરાસર તિહાં દેહરા સરખું " (હર્ષવિજયકૃત પાટણ ચૈત્યપરિવાડી) " જિનજી પંચાણને માઝને **શ્રીજિનવરપ્રસાદ** હો × × × **દેહરાસર** શ્રવણે સુણ્યા પંચ સયા સુખકાર હો " (હર્ષવિ૦પા૦ચૈ૦પરિ૦) " સુરતમાહે ત્રણ ભૂયરાં **દેહરાં** દશ શ્રીકાર દોય સય પણતીસ છે **દેહરાસર** મનોહાર ॥" (લાધાશાહકૃત સુરતચૈત્યપરિવાડી-પ્રાચીન તીર્થમાલાસંગ્રહ ભા૦ ૧ પૃ૦ ૬૭)

ઘણી છે. એમ લાગે છે કે રૂપપુરની વસતિ તૂટવાથીજ ચાણસમાની વિશેષ આબાદી થઇ હશે. કાલાન્તરે શહેરનાં ગામ અને ગામનાં શહેર કેવી રીતે બને છે, તેનો આ પ્રત્યક્ષ પૂરાવો છે.

પરિવાડીકારે કોઇ ઠેકાણે એ વાતનો ખુલાસો નથી કર્યો કે પોતે જે પ્રતિમાસંખ્યા જણાવે છે તે કેવલ પાષાણમય પ્રતિમાઓની છે કે ધાતુ, પાષાણ અને રત્ન વિગેરે સર્વ પ્રકારની પ્રતિમાઓની? પરંતુ પરિવાડીકારના આ મૌનનો ખુલાસો પરિવાડીના પરિશિષ્ટના એક ઉલ્લેખ ઉપરથી સ્વયં થઇ જાય છે-'કુમરગિરિ'ના બીજા ચૈત્યની સંખ્યા જણાવીને તે "પીતલ પડિમા ચારસે વલી, છન્નું ઉપરિ મનહરૂ!" આવો એક નવો ઉલ્લેખ કરે છે, યદ્યપિ એ ઉલ્લેખનો અર્થ એવો પણ લેઇ શકાય કે 'ચૈત્યની પ્રતિમા-સંખ્યા જણાવ્યા બાદ આ પીતલમય પ્રતિમાઓની સંખ્યા ગણાવવાથી બીજે સર્વ સ્થલે બતાવેલી સામાન્ય પ્રતિમાસંખ્યા પાષાણની પ્રતિમાઓનીજ હોવી જોઇએ,' પરંતુ ગ્રન્થકારના અભિપ્રાયનો વિચાર કરતાં આ કલ્પના ટકી શકતી નથી, એ વાત ખરી છે કે ગ્રન્થકારે કોઇ ઠેકાણે પીતલનો કે ધાતુની પ્રતિમાઓનો જુદો ઉલ્લેખ કર્યો નથી, માત્ર આ એકજ સ્થલે કર્યો છે અને તે પણ જુદો છતાં તે સંખ્યા તેમણે પ્રતિમાઓની કુલ સંખ્યામાં સામેલ કરી છે. જો પાટણનાં ૨૦૦ બસો દેહરાઓની ધાતુમય પ્રતિમાઓને ગણનામાં ન લીધી હોય તો કુમરગિરના એકજ દેહરાની પીતલની પ્રતિમાઓને ભેલી ગણવાનું કાંઇ કારણ ન હતું. એ ઉપરથી ખુલ્લું સમજાય છે કે પરિવાડીકારે હરેક ચૈત્યની જે પ્રતિમાસંખ્યા બતાવી છે, તેમાં ધાતુની પ્રતિમાઓ પણ સામેલ સમજવાની છે-હરેક ઠેકાણે તેનો જુદો ઉલ્લેખ ન કરવાનું કારણ વિસ્તાર થઇ જવાનો ભય હતો, અને કુમરગિરમાં જુદો ઉલ્લેખ કરવાનું કારણ ધાતુપ્રતિમાઓની બહુલતા બતાવવી એજ હોઇ શકે.

કિયા વાસમાં કેટલાં દેહરાં અને કેટલી પ્રતિમાઓ છે, તે પ્રત્યેકની તેમ જ સર્વની સંખ્યા પરિવાડીના સારમાં તે તે સ્થળે જણાવી દીધી છે. એટલું છતાં પણ વાસોના નામની સાથે ચૈત્ય અને પ્રતિમાસંખ્યાનું કોષ્ટક આ નીચે આપવામાં આવે છે. એની નીચે સં. ૧૭૨૯ ના વર્ષમાં બનેલી ચૈત્યપરિવાડીમાં જણાવેલ વાસ, ચૈત્ય અને બિંબની સંખ્યાનું કોષ્ટક અને તે પછી વર્તમાન સમયના પાટણના વાસ અને ચૈત્યસંખ્યા જણાવનારૂં કોષ્ટક આપવામાં આવશે, જે ઉપરથી સં. ૧૬૪૮ માં પાટણની શી દશા હતી. ૧૭૨૯ માં તેમાં કેટલો ફેર પડયો અને વર્તમાનમાં પાટણના ચૈત્યોની કેટલી સંખ્યા છે-એ સર્વ જાણવાનું ઘણું સુગમ થઇ પડશે.

સં. ૧૬૪૮ માં બનેલી પ્રસ્તુત ચૈત્યપરિવાડીને અનુસારે શ્રીપાટણ-ચૈત્ય-પ્રતિમા-કોષ્ઠક ૧

નં૦	વાસનામ	ચૈ૦	પ્ર૦
૧	ઢંઢેરવાડો	૧૧	૫૫૬
૨	કોકાનો પાડો	૩	૨૬૬
૩	ખેતરપાલનો પાડો	૧	૧૬૭
૪	જગુપારેખનો પાડો	૨	૧૫
૫	પહેલી ખારી વાવ	૧	૪
૬	બીજી ખારી વાવ	૧	૧૩
૭	નાગમઢ	૧	૯
૮	પંચાસર	૫	૧૭
૯	ઉંચી શેરી	૧	૨૩
૧૦	ઓશવાલ મહોલ્લો	૩	૩૧
૧૧	પીપલાનો પાડો	૧	૫
૧૨	ચિંતામણિનો પાડો	૩	૧૫
૧૩	ખરાકોટડી[૧]	૮	૩૮૪
૧૪	ત્રાંગડીઆપાડો	૧	૩૭૫
૧૫	મણિહટ્ટિપાડો[૨]	૨	૧૮
૧૬	માંકા મહેતાનો પાડો	૧	૨૧
૧૭	કુંભારીયાપાડો	૨	૪૨
૧૮	તંબોલીવાડો	૬	૩૫૨
૧૯	ખેજડાનો પાડો	૧	૯
૨૦	ત્રંબડાવાડો	૧	૯૦

૧ 'ખરાકોટડી' નો અર્થ 'ખરતરગચ્છવાલાઓની બેઠક' એવો સંભવ છે, કારણ કે ત્યાં ખરતરગચ્છવાલાઓનો જત્થો હતો, આજે પણ ત્યાંના રહેવાસીયોમાંના કેટલાક પોતાને ખરતરગચ્છીય તરીકે ઓલખાવે છે.

૨ આજે એ વાસ 'મણિયાતી પાડો' કહેવાય છે.

૨૧	વડી પોસાલનો [1]પાડો.	૫	૭૫	
૨૨	સાહનો પાડો.	૨	૧૫૭	
૨૩	કંસારવાડો.	૫	૭૬	
૨૪	ભલાવૈદ્યનો પાડો.	૧	૩	
૨૫	ભેંસાતવાડો.	૧	૩૬	
૨૬	સહાવાડો.	૨	૬૯૭	
૨૭	સગરકુઇ	૩	૮૩	
૨૮	હેબતપુર	૧	૧૦૫	
૨૯	મોઢેરનો પાડો.	૧	૪	
૩૦	નારંગાપાડો.	૨	૨૭૪	
૩૧	સોનારવાડો.	૨	૧૫	
૩૨	ફોફલીઆવાડો.	૧૧	૨૯૫	
૩૩	જોગીવાડો.	૩	૬૪	
૩૪	મફલીપુર	૧	૧૨	
૩૫	માલીવાડો.	૧	૨૪	
૩૬	માંડણનો પાડો.	૩	૮૯	
૩૭	ગદા વદાનો પાડો.	૩	૯૦	
૩૮	મલ્લિનાથનો પાડો.	૧	૧૭૬	
૩૯	ભાણાનો પાડો.	૧	૯૮	
૪૦	સમુદ્રફડીઓ.	૧	૧૯	
૪૧	ચોખાવટીનો પાડો.	૨	૧૮	
૪૨	બલીયાનો પાડો.	૧	૧૧	
૪૩	અબજી મહેતાનો પાડો.[2]	૨	૭	
૪૪	કુસુંભીયા પાડો.	૪	૬૮	
૪૫	નાકર મોદીનો પાડો.	૪	૧૯૬	
૪૬	માલુ સંઘવીનું સ્થાન	૩	૩૩	
૪૭	લટકણનો પાડો.	૧	૧૨	
૪૮	ભંડારીનો પાડો.	૧	૫	
૪૯	ભાભાનો પાડો.	૪	૧૫૭	
૫૦	લીંબડીનો પાડો.	૩	૪૨	
૫૧	કરણશાહનો પાડો.[3]	૯	૨૮૦	
૫૨	બાંભણવાડો.	૮	૮૩	
૫૩	ખેતલવસહી[4]	૧	૨૪૭	
૫૪	લટકણનો પાડો.	૫	૨૦૦	
૫૫	કુંપાદ્દેશીનો પાડો.	૨	૩૦	
૫૬	વીસાવાડો.	૫	૧૦૧	
૫૭	સરહીઆવાડો.	૧	૨૩	
૫૮	દ્દેશીવાડો.[5]	૧	—	
૫૯	શાંતિનાથનો પાડો.	૫	૧૨૮	
૬૦	કટકીઆ વાડો.	૨	૬૯	
૬૧	આનાવાડો.	૧	૩૪	
૬૨	સાલવીવાડો–ત્રસેરીઓ.	૨	૧૬૨	
૬૩	કુરસીવાડો.	૧	૭૪	
૬૪	કઇઆવાડો.	૨	૧૯	
૬૫	કલ્હારવાડો.	૧	૫૫	
૬૬	દ્દણાયગવાડો.	૧	૭૦	
૬૭	ધાંધુલી પાડો.	૧	૭૧	
૬૮	ઉંચો પાડો.	૧	૩	
૬૯	સત્રાગવાડો.	૧	૯	
૭૦	પુન્નાગવાડો.	૧	૧૦	
૭૧	ગોલ્હવાડ	૩	૧૨૫	
૭૨	ઘોલી પરવ	૪	૧૨૨	
૭૩	ગોદડનો પાડો.	૪	૨૩૯	
૭૪	નાથાશાહનો પાડો.	૬	૩૬૯	
૭૫	મહેતાનો પાડો.	૨	૨૩	

પરિશિષ્ટ.

૧	વાડીપુર[6]	૧	૨
૨	દ્દોલતપુર[6]	૧	૧
૩	કુમરગિર[6]	૨	૫૮૫
૪	વાવડી[7]	૧	૧૮
૫	વડલી[8]	૨	૪૧

---

૧ હાલનો 'ઝવેરીવાડો' એ જ વડીપોસાલનો પાડોછે.

૨ આ વાસના બે ચૈત્યોમાંના એકની પ્રતિમા સંખ્યા જણાવી નથી.

૩ હાલમાં એ વાસ 'કનાશાનો પાડો' કહેવાય છે.

૪ આજ કાલ એ સ્થાન 'ખેતરવસહી' એ નામથી પ્રસિદ્ધ છે.

૫ અહિંના શાંતિનાથના દ્દેહરામાં કેટલી પ્રતિમા હતી તે જણાવ્યું નથી.

૬ નંબર ૧, ૨, ૩, ૬, ૭ એ ગામોનો હાલ પાટણની નજીકમાં પતો નથી.

૭ પાટણથી દક્ષિણમાં ૩ ગાઉને છેટે **વાવડી** છે, હાલમાં ત્યાં દેહરૂં નથી.

૮ પાટણથી પશ્ચિમે ત્રણ કોશને છેટે **વડલી** ગામ છે.

નં૦	વા૦	ચૈ૦	પ્ર૦
૬	નગીનો[૧]	૧	૭
૭	નવો નગીનો[૨]	૨	૧૨૦
૮	કતપુરા[૩]	૨	૮
૯	રુપપુર[૪]	૧૦	૩૬૭
૧૦	ચાણસમા[૪]	૧	૩૪
૧૧	કંબોઈ[૫]	૧	૨૧
૧૨	મુંજપુર	૧	૩

સંવત્ ૧૭૨૯ ના વર્ષમાં રચાયેલી ચૈત્યપરિવાડીના અનુસારે શ્રીપાટણ-ચૈત્યપ્રતિમા-કોષ્ટક ૨

નં૦	વા૦	ચૈ૦	પ્ર૦
૧	પંચાસર	૫	૧૮૦
૨	ઉંચી શેરી	૧	૫૧
૩	પીપલાનો પાડો	૨	૧૧૪
૪	ચિંતામણિપાડો	૨	૨૯૨
૫	સગાલકોટડી	૧	૩
૬	ખરાખોટડી	૫	૩૦૮
૭	ત્રાંગડીઆવાડો	૧	૪૦૪
૮	કંસારવાડો	૨	૧૦૧
૯	સાહનો પાડો	૧	૨૮૨
૧૦	વડીપોસાલનો પાડો	૩	૬૩૮
૧૧	ત્રભેડાવાડો	૧	૫૭૧
૧૨	તંબોલીવાડો	૧	૧૩૦
૧૩	કુંભારીયાવાડો	૧	૮૨
૧૪	માંકા મહેતાનો પાડો	૧	૧૬
૧૫	મણીયાહી	૧	૪૧
૧૬	પખાલી (વાડો ?)	૧	૩૧

નં૦	વા૦	ચૈ૦	પ્ર૦
૧૭	સાવાડો	૨	૬૦૪
૧૮	ભેંસાતવાડો	૧	૬૭
૧૯	સગર કૂઇ	૧	૩૫
૨૦	વલિયારવાડો	૧	૭
૨૧	જોગીવાડો	૨	૯૫
૨૨	મલ્લિનાથનો પાડો	૨	૩૧૮
૨૩	લખીયારવાડો	૩	૪૪૭
૨૪	ન્યાયશેઠનો પાડો	૧	૬૮
૨૫	ચોખાવટીનો પાડો	૧	૪૭
૨૬	બલીયા પાડો	૧	૧૫૧
૨૭	અવજી મહેતાનો પાડો	૨	૪૯
૨૮	કસુંબિયાવાડો	૨	૮૪
૨૯	વાયુદેવનો પાડો	૧	૧૦૧
૩૦	ચાચરીયો	૧	૩૦૯
૩૧	પદ્મપારેખની પોલ	૧	૩૨
૩૨	સોનારવાડો	૧	૪૭
૩૩	ખેજડાનો પાડો	૧	૧૩૮
૩૪	ફોફલીયાવાડો	૩	૪૬૮
૩૫	ખજુરીનો પાડો	૧	૧૫૮
૩૬	ભાભાનો પાડો	૧	૪૦૧
૩૭	લીંબડીનો પાડો	૧	૩૦૭
૩૮	કરણસાહનો પાડો	૩	૯૫૩
૩૯	સંઘવીપોલ	૧	૧૩૩
૪૦	ખેતલવસહી	૨	૩૭૯
૪૧	અજુવસાપાડો	૧	૭૭
૪૨	કુંપાદોશીનો પાડો	૧	૧૬
૪૩	વસાવાડો	૧	૨૨૮
૪૪	દોસીવાડો	૧	૯૧
૪૫	આંબાદોસીનો પાડો	૧	૧૬
૪૬	પંચોટડી	૧	૧૨૦
૪૭	ઘીયાપાડો	૨	૧૩૬
૪૮	કટકીઓ	૧	૧૦૭
૪૯	ઘોલીપરવ	૧	૪૬
૫૦	જગુપારેખનો પાડો	૧	૩૪
૫૧	કિયાવહોરાનો પાડો	૧	૨૬
૫૨	ક્ષેત્રપાલનો પાડો	૧	૨૯૧
૫૩	કોકાનો પાડો	૨	૩૯૫

૧-૨ આનો પતો નથી.

૩ પાટણથી દક્ષિણમાં ૨ કોશ છેટે રુપપુર પાસે **કતપુરા** આવેલ છે.

૪ **રુપપુર** અને **ચાણસમા** પાટણથી દક્ષિણ પૂર્વે ૬, ૭ કોશ ઉપર છે.

૫ **કંબોઈ** ૨ બે છે, ૧ લી સોલંકીની **કંબોઈ** પૂર્વ દક્ષિણમાં, ૨ જી કાકરેચીની **કંબોઈ** પશ્ચિમ દક્ષિણના ખૂણા તરફ ૬ ગાઉ ઉપર છે.

૫૪	ઢંઢેરવાડો	૩	૨૭૩	થવો શક્ય હોય તેમ લાગતું નથી, કદાચ એમ હોઇ
૫૫	મહેતાનો પાડો	૨	૩૬૫	શકે કે પ્રથમની જ ૧૩૫૭૩ એ સંખ્યા બીજી
૫૬	વખારનો પાડો	૨	—	વેલા સામાન્યપણે તેર હજાર તરીકે લખી હોય અને
૫૭	ગોદડનો પાડો	૧	૯૬	દેહરાસરોની ૫૦૦ એ સંખ્યા પૂર્વે જણાવેલ ૯૫
૫૮	ત્રસેરીઓ	૨	૫૧૯	ચૈત્યો અને ઘરમંદિરો સર્વ ભેલાં ગણીને જણાવી
૫૯	કલારવાડો	૧	૫૩	હોય તો બનવા જોગ છે, અને તેમ જ હોવું જોઇયે,
૬૦	દણાયગવાડો	૧	૧૫૪	કારણ કે પરિવાડીકારે પોતે પણ સર્વ ઘરમંદિરો
૬૧	ઘોઘોલ	૨	૨૬૪	ગણ્યાં નથી પણ તેમણે 'શ્રવણે સુણ્યાં' છે, મતલબ
૬૨	ખારી વાવ	૧	૧૩	કે ઘરમંદિરોની સંખ્યા ચોક્કસ નથી, છતાં એટલું

આ બીજી ચૈત્યપરિવાડીના લેખક હર્ષવિજયે પાટણનાં કુલ છોટાં મહોટાં ચૈત્યો અને તેમાંની પ્રતિમાઓની સંખ્યા નીચે પ્રમાણે જણાવી છે—

"જિનજી પંચાણુનઈ માઝને શ્રીજિનવર પ્રાસાદ હો।
જિનજી ભાવ ધરી મસ્તકે વંદીએ મુકી મન
વિખવાદ હો ॥જિ०॥
જિનજી જિનબિંબની સંખ્યા સુણો માઝને તેર
હજાર હો।
જિનજી પાંચસે બહોતર વંદીએ સુખ સંપત્તિ દાતાર હો।
જિનજી દેહરાસર શ્રવણે સુણ્યા પંચસયા સુખકાર હો।
જિનજી તિહાં પ્રતિમા રલીયામણી માઝને તેર
હજાર હો ॥"

ઉપર જણાવેલાં ૯૫ જિનપ્રાસાદ નામ ઠામની સાથે પરિવાડીમાં જણાવી દીધાં છે, બીજાં ઘરમંદિરો જેને ઘણા ખરા પરિવાડીકારો 'દેહરાસર' એ નામથી ઓળખાવે છે તેની સંખ્યા ૫૦૦ પાંચસોની જણાવી ને તેમાં ૧૩૦૦૦ તેર હજાર પ્રતિમાઓ હોવાનું જણાવે છે. પ્રથમ ૧૩૫૭૩ એ સંખ્યા પણ જણાવેલી છે. પરિવાડીકારના કહેવાનો આશય એવો હોય કે 'પાટણમાં ૯૫ મ્હોટાં અને ૫૦૦ ન્હાનાં જિનમંદિરો હતાં અને તેમાં અનુક્રમે ૧૩૫૭૩ અને ૧૩૦૦૦ પ્રતિમાઓ હતી.' પરંતુ આવો અર્થ કરવા જતાં વિચાર એ આવે છે કે સં. ૧૩૪૮ માં પાટણમાં ન્હાનાં મ્હોટાં ૨૦૦ મંદિરો અને ૮૩૬૫ પ્રતિમાઓ હતી તેના સ્થાનમાં સં. ૧૭૨૯ માં ૫૯૫ મંદિરો અને ૨૬૫૭૩ પ્રતિમાઓનું હોવું મન કબૂલ કરતું નથી, ૮૦ વર્ષમાં ઉપર પ્રમાણે વધારો થવો શક્ય હોય તેમ લાગતું નથી, કદાચ એમ હોઇ શકે કે પ્રથમની જ ૧૩૫૭૩ એ સંખ્યા બીજી વેલા સામાન્યપણે તેર હજાર તરીકે લખી હોય અને દેહરાસરોની ૫૦૦ એ સંખ્યા પૂર્વે જણાવેલ ૯૫ ચૈત્યો અને ઘરમંદિરો સર્વ ભેલાં ગણીને જણાવી હોય તો બનવા જોગ છે, અને તેમ જ હોવું જોઇયે, કારણ કે પરિવાડીકારે પોતે પણ સર્વ ઘરમંદિરો ગણ્યાં નથી પણ તેમણે 'શ્રવણે સુણ્યાં' છે, મતલબ કે ઘરમંદિરોની સંખ્યા ચોક્કસ નથી, છતાં એટલું તો નક્કી છે કે ૧૬૪૮ પછી પાટણમાં ઘરમંદિરો અને પ્રતિમાઓનો ખાસો ભલો વધારો થયો હતો.

સં. ૧૭૨૯ થી માંડીને સં. ૧૯૬૭ ના વર્ષ-પર્યન્ત પાટણની સ્થિતિ કેટલી હદે નબલી પડી અને દેહરાંની ખાસ કરીને ઘરદેહરાસરોની સંખ્યા કેટલી બધી ઓછી થઈ ગઈ તેનો ખ્યાલ આ નીચેના કોષ્ટક ઉપરથી આવી જશે.

સં. ૧૯૬૭ માં પ્રગટ થયેલી પાટણનાં જિનમંદિરોની મંદિરાવલી[1] પ્રમાણે પાટણ-ચૈત્યસંખ્યા કોષ્ટક ૩.

નં०	વા०	૫૦
૧	પંચાસર	૧૩
૨	કોટાવાલાની ધર્મશાલા	૧
૩	કોકાનો પાડો	૨
૪	ખેતરપાલનો પાડો	૧
૫	પડીગુંદીનો પાડો	૧
૬	ઢંડેરવાડો	૩
૭	મારફતિયા મહેતાનો પાડો	૨
૮	વખારનો પાડો	૨
૯	ગોદડનો પાડો	૪
૧૦	મહાલક્ષ્મીનો પાડો	૨
૧૧	ગોલવાડની શેરી	૨
૧૨	નારણજીનો પાડો	૧
૧૩	ધાંધલ	૧

૧ આ 'મંદિરાવલી' શ્રી પાટણ જૈનશ્વેતામ્બર સંઘાલુની સરભરા કરનારી કમીટી તરફથી બહાર પાડવામાં આવી છે.

૧૪	કલારવાડો	૧
૧૫	તરસેરીઆનો પાડો	૪
૧૬	કટકીયાવાડો	૧
૧૭	ઘીયાનો પાડો	૨
૧૮	વાગોલનો પાડો	૧
૧૯	પંચોટીનો પાડો	૧
૨૦	વસાવાડો	૨
૨૧	અદુવસાનો પાડો	૧
૨૨	ખેતરવસીનો પાડો	૭
૨૩	બ્રાહ્મણવાડો	૧
૨૪	કનાસાનો પાડો	૪
૨૫	લીંબડીનો પાડો	૧
૨૬	ભાભાનો પાડો	૧
૨૭	ખજુરીનો પાડો	૧
૨૮	વાસુપૂજ્યની ખડકી	૧
૨૯	સંઘવીનો પાડો	૨
૩૦	કસુંબીયાવાડો	૧
૩૧	અંબજી મહેતાનો પાડો	૧
૩૨	બલીયા પાડો	૧
૩૩	ચોખાવટીઆનો પાડો	૩
૩૪	કેશુશેઠનો પાડો	૧
૩૫	નિશાલનો પાડો	૧
૩૬	લખીયારવાડો	૨
૩૭	મલ્યાતનો પાડો	૨
૩૮	જોગીવાડો	૧
૩૯	ફોફલીઆવાડો	૬
૪૦	સોનીવાડો	૧
૪૧	મણીઆતી પાડો	૩
૪૨	ડંક મહેતાનો પાડો	૨
૪૩	કુંભારીયાપાડો	૨
૪૪	તંબોલીવાડો	૨
૪૫	કપુરમહેતાનો પાડો	૨
૪૬	ખેજડાનો પાડો	૧
૪૭	તરભેડાવાડો	૧
૪૮	ભેંસાતવાડો	૩
૪૯	શાહવાડો	૨
૫૦	સાનો પાડો	૨
૫૧	વડીપોસાલનો પાડો	૬
૫૨	ટાંગડીઆવાડો	૧૦
૫૩	ખરાખોટડીનો પાડો	૩
૫૪	અષ્ટાપદજીની ખડકી	૪

ઉપરના કોષ્ટક ઉપરથી જણાશે કે વર્તમાન સમયમાં પાટણના ૫૪ ચોપન વાસોમાં કુલ ૧૨૯ ની સંખ્યામાં જૈનમંદિરો વા દેહરાઓની સંખ્યા ૮૫ પંચાશીની છે અને બાકીનાં ૪૪ આશ્રિત ચૈત્યો વા દેહરાસરો છે કે જેમાં ઘણે ભાગે ઘર મંદિરોનો પણ સમાવેશ થઇ જાય છે, આ ઉપરથી ઘરદેહરાસરો કેટલાં બધાં ઉડી ગયાં છે તેનો ખ્યાલ આવી જશે.

આ ઘટાડાનાં ત્રણ કારણો માની શકાય. ૧ જૈનસમાજમાં ધર્મશ્રદ્ધા અને દેવપૂજા-ભક્તિનું કમી થવું, ૨-શ્રાવકોની વસતિનો ઘટાડો, ૩-શ્રાવકોનું વિશેષે કરીને પરદેશોમાં રહેવું.

ઉપર જણાવેલાં સં. ૧૬૪૮, સં. ૧૭૨૯ અને સં. ૧૯૬૭ ની સાલમાં વિદ્યમાન ચૈત્યોની સંખ્યાનાં ત્રણે કોષ્ટકો ઉપરથી પાટણની ચડતી પડતીનાં અનુમાનો થઇ શકશે.

યદ્યપિ આજે પણ પાટણ એક ભવ્ય શહેર ગણાય છે, હજારોની સંખ્યામાં અસ્તિત્વ ધરાવતા પ્રાચીન ગ્રન્થોના સંગ્રહો-ભંડારોના દર્શન નિમિત્તે અનેક ભારતીય અને યૂરોપીય વિદ્વાનોનું ધ્યાન પાટણ પોતાની તરફ ખેંચી રહ્યું છે, શ્રીમંત અને ધર્મનિષ્ટ જૈનધર્મી મનુષ્યોની લગભગ ૫-૬ હજાર જેવડી મ્હોટી સંખ્યાથી પાટણ હજી પણ પોતાનું "જૈનધર્મની રાજધાની" એ પ્રાચીન માનવંતુ નામ કેટલેક અંશે નિભાવી રહ્યું છે, એટલું છતાં પણ પાટણની તે પ્રાચીન શ્રેષ્ટતા, પ્રાચીન ભવ્યતા, પ્રાચીન સમૃદ્ધિ આજના પાટણમાં રહી નથી, તે શ્રેષ્ઠતાઓ આજે તેની પ્રાચીન સ્મૃતિમાંજ નજરે પડે છે; કૃતિમાં નહિં.

ઉપરના સંક્ષિપ્ત વિવેચનથી પ્રસ્તુત પરિવાડીની ઐતિહાસિક ઉપયોગિતા વાંચકગણના ધ્યાનમાં આવ્યા વગર રહેશે નહિ.

આ પ્રસ્તુત પરિવાડીનો શબ્દાનુવાદ ન કરતાં તેનો સારાંશમાત્ર તારવીને શરુઆતમાં આપી દીધો છે કે જે ઉપરથી પરિવાડીની સર્વ જ્ઞાતવ્ય વાતો જાણી શકાશે, અને આશા છે કે એકવાર એ 'સાર' વાંચ્યા પછી પરિવાડી વાંચનારને તેમાં ન સમજાય તેવી કંઈ પણ બાબત જણાશે નહિં.

આ પ્રસ્તુત ચૈત્યપરિવાડી તેના લેખકે કુલ ૨૩ ઢાલો, એક ચૌપાઇ અને ૨૦૪ ગાથાઓમાં પૂરી કરી છે.

જે પ્રતિ ઉપરથી એની પ્રેસ-કોપી કરવામાં આવી છે, તે મૂલ પ્રતિ સં. ૧૬૪૮ ના પોષ વદિ ૧ ના દિવસે લખેલ છે. એટલે કે રચાયા બાદ માત્ર ત્રણ મહિનાની અંદર જ લખેલ હોઇ પરિવાડી પોતાના મૂલ રુપમાં જલવાઇ રહી છે. પ્રાચીન ગૂર્જર સાહિત્યના સમાલોચકોને તેનું ખરું સ્વરુપ જણાઇ આવે એટલા માટે તેમાં કંઇ પણ ભાષાફેર ન કરતાં તેને પોતાના મૂલ સ્વરુપમાં જ કાયમ રાખી પ્રકટ કરવા ઉચિત ધાર્યું છે.

કદરદાન વાચકગણ પઠન-પાઠન દ્વારા આ ચૈત્યપરિવાડીથી લાભ હાંસિલ કરી લેખક અને પ્રકાશકના ઉદ્દેશને સફલ કરો એવી શુભાકાંક્ષા સાથે વિરમીએ છીએ.

—મુનિ કલ્યાણવિજય.

હરિયાલી [એક પ્રાચીન સમસ્યા-કાવ્ય]

[કર્તા ધર્મસમુદ્ર—વિ૦ સોળમું શતક]

ચંપકવન્ની ચતુરપણુઇ ધક દીડી રૂપિ રસાલી
દેસ વિદેસ પ્રસિધ્ધી બાલી મૂઢ મૂરિખ સા ટાલીજી.

બાલ કૂંઆરી નારી સોહઈ કાજલ સારી
તિસરી સિરિ વરિ દોરિ અનોપમ દીસઈ સા સિણગારીજી. બાલ૦ ધ્રૂપદ
ત્રિણિ ચરણ દૂણી તસ નાસા, પણિ ભીંતરિ અતિ મઈલી,
તોઇ વિચક્ષણ સેવઈ વહિલી, રાજવરગિ વલી પહિલીજી. બાલ૦ ૨
અચરિજ એક અનોપમ મોટઉં, કહતાં મનિ ન સમાઇં
સ્ત્રી સ્ત્રીસ્યું ભોગ કરંતાં, જોએ જમારઉ જાઇજી. બાલ૦ ૩
સધલા વરણ જાતિ ઉતપતિનું, થાનક તેહજ લહીઇ
તેહનુ ભોલઉ કિણઇ ન સહીઇ, વલી કુંડલણી કહીઇજી. બાલ૦ ૪
વાચક ધરમસમુદ્ર પયંપઈ, હરષિત એહ હીયાલી.
દાહિણુ પાસિ રમઈ રલીયાલી, ભલી યંગી લટકાલીજી. બાલ૦ ૫

પ્રાચીન જૈન પરિષદ્.

['વસન્ત' નામના પ્રસિદ્ધ માસિકના કાર્ત્તિક ૧૯૭૨ ના અંકમાં આ લેખ પ્રકટ થયો તેને આજ ચૌદ વર્ષ થયાં છતાંય તે આ અંકમાં ઉપયોગી નિવડશે એમ આશા રાખી અત્ર પ્રકટ કર્યો છે. **તંત્રી**]

લોકપ્રિય ' ગુજરાતી ' સાપ્તાહિક પત્રના ૪ થી જુલાઇ ૧૯૧૫ ના અંકમાં ૧૧૭૧ મે પૃષ્ટે પંચમ ગૂજરાતી સાહિત્ય પરિષદ્ના પ્રમુખના ભાષણનું જે અવલોકન એક વિદ્વાન્ના હસ્તથી લખાયેલું છે તેમાં જૈન પરિષદ્ સંબંધે તેમણે જે લખ્યું છે તે સંબંધમાં કંઈક શુદ્ધિઓ કરવી ઘટે છે તેથી તે જણાવવાનું મારૂં કર્તવ્ય સમજી આ સ્પષ્ટીકરણ કરૂં છું.

તે વિદ્વાન્ લેખક મહાશય જણાવે છે (૧) "જૈન પરિષદ્ પ્રથમ મગધમાં મળી હતી તેનું કંઇ પ્રમાણ નથી (આવા વિષયમાં 'વિમલ પ્રબંધ'ના પ્રકાશકના ઉપોદ્ઘાતને પ્રમાણરૂપ લેવો એ અયોગ્ય છે.) વલભી અને મથુરાની એ બે જ પરિષદો મળી હતી. " (૨) "આ મંડળનું નામ પરિષદ્ નહોતું; સંઘ હેમને કહેતા હતા." એ પણ ભ્રમયુક્ત છે. તેનું નામ **વાચના** હતું." (૩) "**સંઘ** એ ભિક્ષુ વર્ગની સામાન્ય–સમૂહ વાચક સંજ્ઞા હતી. કાર્યવિશેષથી એક સ્થળે મળેલા તેવા એક ભાગનું નામ તે નહોતું, જો કે પાછળથી તે શબ્દ વ્યાપક અર્થમાં વપરાવા લાગ્યો."

આ સમગ્ર કથનમાં ત્રણ બાબત જણાવેલી છે અને તે દરેક સંબંધે જે ખુલાસો કરવો યોગ્ય છે તે આ પ્રમાણે છેઃ—

મગધ પરિષદ્.

પ્રથમ જૈન પરિષદ્ મગધમાં મળી ન હતી એ કહેવું અયથાર્થ છે, અને તે મળવાનાં ' વિમલ પ્રબંધ' સિવાય પ્રમાણ નથી એ કહેવું પણ અયોગ્ય છે. પ્રમાણો અનેક છે. વિ. સં. ૧૧૬૬ માં સૂરિપદ પામેલા પ્રસિદ્ધ હેમચંદ્રાચાર્ય પોતાના પરિશિષ્ટ પર્વ નામના ગ્રંથમાં નીચે પ્રમાણે જણાવે છેઃ—

इतश्च तस्मिन्दुष्काले कराले कालरात्रिवत् ।
निर्वाहार्थं साधुसंघस्तीरं नीरनिधेर्ययौ ॥५५॥
अगुण्यमानं तु तदा साधूनां विस्मृतं श्रुतम् ।
अनभ्यसनतो नश्यत्यधीतं धीमतामपि ॥५६॥
संघोऽथ पाटलीपुत्रे दुष्कालान्तेऽखिलोऽमिलत् ।
यद्यंगाध्ययनोद्देशाध्यायोद्यस्य तदा दधे॥५७॥
ततश्चैकादशांगानि श्री संघोऽमेलयत्तदा ।
दृष्टिवादनिमित्तं च तस्थौ किंचिद्विचिंतयन्॥५८॥

પરિશિષ્ટ પર્વ સર્ગ ૯ પૃ. ૮૮

સ્થૂલિભદ્ર (વીરાત્ ૧૧૬ થી વીરાત્ ૨૧૫)ના સમયમાં મગધાધિપ ચંદ્રગુપ્ત મહાધિરાજ કે જેનો રાજ્યાભિષેક વીર નિર્વાણથી ૧૫૫ વર્ષે થયો હતો* તેના સમયમાં અને ભદ્રબાહુ સ્વામિના સ્વર્ગવાસ (વીરાત્ ૧૭૦ વર્ષ) પહેલાં, જ્યારે બાર વર્ષી દુકાળ પડયો હતો ત્યારે "જૈન સાધુઓનો સંઘ સમુદ્ર તીરે નિર્વાહાર્થે ગયો; તે વખતે સાધુઓને શ્રુતનો પાઠ કરતાં વિસ્મૃતિ થતી જણાઈ, કારણ કે અભ્યાસ વગર વિદ્વાનોનું ભણેલું પણ નાશ પામે છે. આથી તે દુષ્કાલને અંતે પાટલિપુત્રમાં આખો સાધુસંઘ મળ્યો અને તેમાં જેને મોઢે (સૂત્ર–આગમ) નાં અધ્યયનો, ઉદ્દેશો (chapters) ઇત્યાદિ હતાં તે તેણે કહી આપ્યાં અને તેથી *અગિયાર અંગ સંઘે એકત્રિત કર્યા, પરંતુ બારમા દૃષ્ટિવાદ નામના અંગ નિમિત્તે કાંઇક વિચારમાં પડયા. "

સં. ૧૩૨૭ માં ગચ્છાચાર્યપદે આવેલા ધર્મઘોષસૂરિના રચેલા ઋષિમંડલ પ્રકરણ પર સં. ૧૫૫૬ માં પદ્મમંદિર ગણિએ રચેલી વૃત્તિમાં પણ સ્થવિરોનાં વૃત્તાંત આપ્યાં છે ત્યાં સ્થૂલભદ્રનો વૃત્તાંત આપતાં આ પાટિલપુત્રમાં મળેલી પરિષદ્ (સંઘ)નો

*** एवं श्री महावीरमुक्ते वर्षशते गते ।**
पंच पंचाशदधिके चंद्रगुप्तोऽभवन्नृपः॥ ३३९॥
—प० प०

* આચારાંગ, સુત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતિ, જ્ઞાતૃધર્મકથા, ઉપાશકદશાંગ, અંતકૃત દશાંગ, અનુત્તરોપપાતિક, પ્રશ્નવ્યાકરણ અને વિપાકસૂત્ર.

ઉલ્લેખ સ્પષ્ટ કર્યો છે; અને આ ગ્રંથના ઉપયોગી ભાગોનો સાર ડાકટર ભાંડારકરે ઇ. સ. ૧૮૮૩-૮૪ ના સંસ્કૃત હસ્તલેખોની શોધ વિષેના રિપોર્ટમાં અંગ્રેજીમાં ઉતાર્યો છે તેમાં આ સંબંધે પૃ. ૧૩૪ મે નીચે પ્રમાણે ઉપલી બીનાને બરાબર મળતું વચન છે:—

On one occasion there was a dreadful famine of 12 years in the land. The *Siddhantas* were forgotten for want of revision, for which the search after food left no time. At the end of the period the Sadhus assembled in Pataliputra and each one repeating what he remembered they succeeded in recovering the eleven Angas but the *Drishtivada* was forgotten. So they sent Sthulabhadra and others to Nepal to learn it from Bhadrabahu. Sthulabhadra alone persevered in studying it steadily and learnt 8 Purvas in as many years. After he had learnt ten Purvas with the exception of 2 *Vastus*, he came back with Bhadrabahu to Pataliputra.

સં. ૧૪૨૦ માં આચાર્ય પદ પામેલા જયાનંદ સૂરિ પોતાના 'સ્થૂલભદ્ર ચરિત્ર'+ માં ઉપર્યુક્ત હકીકત જણાવે છે કે:—

तस्मिन्नवसरेऽतथाभूद् दुष्कालो द्वादशाब्दिकः ।
जग्मुर्मुमक्षवस्तेन तटे वार्द्धेरितस्ततः ॥५८६॥
तत्रातिक्रम्य दुष्कालं करालं ते महर्षयः ।
सुभिक्षसंभवे भूयः पाटलोपुत्रमाययुः ॥५८७॥
गुणनाभावतस्तेषां सिद्धान्तो विस्मृतस्तदा ।
शास्त्रे स्वामिनि सुंदर्यां न स्थैर्य जायते यतः५८८॥
स्मारं स्मारं परावर्त्यैकादशांगी यतिव्रजैः ।
यत्नतो मेलिता यस्माद्निर्विण्णं श्रियः ॥५८९॥

જૈન ધર્મપ્રસારક સભા (ભાવનગર) એ પ્રસિદ્ધ કરેલ ચરિતાવળીમાં આપેલા સ્થૂલભદ્ર ચરિત્ર કે જે ઉપરના સંસ્કૃત ગ્રંથનું ભાષાંતર છે તેમાં ઉપરના શ્લોકોનું ભાષાંતર આ પ્રમાણે આપ્યું છે:—

આ સમયે બાર વરસનો વિષમ દુકાલ પડયો હતો તેથી સર્વે સાધુઓ સમુદ્રના કાંઠા તરફ વિહાર કરી ગયા. તેઓ સુભિક્ષ થયા પછી પાટિલપુત્ર નગરને વિષે આવ્યા. ભણવાના અભાવથી સાધુઓ સિદ્ધાંતને વિસરી ગયા, શાસ્ત્ર, રાજા અને સ્ત્રીને વિષે સ્થિરતા હોતી નથી. ઘણા ઉદ્યમથી તે મુનિઓએ અગ્યાર અંગ તો મેળવ્યા' (પરાવર્ત્તન કરી સાભારી સંભારીને)

વિ. સં. ૧૫૦૯ માં શુભશીલ મુનિએ રચેલા ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ નામના ગ્રંથમાં સ્થૂલભદ્રની કથા આપેલી છે તેમાં પણ એજ વાત આવે છે. તે માટે જુઓ તેનું ગુજરાતી ભાષાંતર પૃ. ૭૮:—

"હવે એકદા બાર વર્ષ સુધી દુકાળ પડયો, તે વખતે સાધુઓનો સંઘ સમુદ્રવાટે શ્રી ગુરૂની પાસે આવ્યો. આવો વિષમ સમય થવાથી સાધુઓ ક્ષુધાથી પીડાતા હોવાથી ભણતા ગણતા બંધ થયા, તેથી સૌ સિદ્ધાંતો વિસરી ગયા. તે ઉપરથી પાટિલપુત્ર નગરમાં સંઘ મળ્યો. ત્યાં જેને જેને જે જે સૂત્ર આવડતાં હતાં, તે તે એકઠાં કરીને અગીઆર અંગ પૂર્ણ કર્યા ત્યાર પછી શ્રી સંઘે બારમા દૃષ્ટિવાદ અંગ માટે બે સાધુઓને શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે મોકલ્યા."

આ રીતે આપણે સં. ૧૧૬૬ થી સં. ૧૫૦૯ સુધીમાં થયેલા પ્રસિદ્ધ ગ્રંથકારો હેમચંદ્રાચાર્યથી માંડીને શુભશીલ મુનિ જે જણાવે છે તે પરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે મગધના પાટનગર પાટલિપુત્રમાં પ્રથમ જૈન પરિષદ્ (સંઘ) મળી હતી. આથી પણ પ્રાચીન પ્રમાણ આની સબળતા માટે જોઈતું હોય તો વિક્રમ સંવત્ ૫૮૫ માં સ્વર્ગસ્થ થયેલા શ્રીમાન્ હરિભદ્રસૂરિનો પ્રાકૃત ભાષાનો ઉપદેશપદ નામનો ગ્રંથ છે. તેમાં ગાથામાં જણાવેલું છે કે:—

+ પ્રકાશક દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ મૂલ્ય માત્ર બે આના. હવે મળતું નથી.

जाओ यतम्मि समप दुक्कालो दोय दसय वरिसाणि ।
सव्वो साहुसमूहो गओ तओ जलहितीरेसु ॥
तदुवरमे सो पुणरवि पाडलिपुत्ते समागओ विहिया ।
संघेणं सुयविसया चिंता किं कस्स अत्थित्ति ॥
जं जस्स आसिपासे उद्देसज्झयणमाइ संघडिउं ।
तं सव्वं एक्कारय अंगाइं तहेव ठवियाइं ॥

—"આ વખતે બારવર્ષી દુકાલ પડ્યો તેથી સાધુઓનો સમૂહ સમુદ્ર તીરે ગયો. બાદ દુકાલ મટતાં તેઓ ફરીને પાટલિપુત્ર નગરમાં આવ્યા. એટલે સર્વે સંઘ મળીને તપાસ કરી કે કોના પાસે કયું શ્રુત રહ્યું છે. હવે જેના પાસે કાંઇ ઉદ્દેશ તથા અધ્યયન યાદ હતાં તે સર્વે એકઠાં કરી અગ્યાર અંગ સ્થાપિત કર્યા. "

આ ઉપરથી સમજાશે કે જૈનના પવિત્ર ગ્રંથો આગમ-સૂત્ર-અંગોને એકત્રિત કરવા અર્થે આખો સાધુ-સંઘ પાટલિપુત્રમાં મળ્યો હતો અને બાર અંગમાંથી અગ્યાર અંગ એકત્રિત કરી શક્યો હતો. આનો સમય વીરાત્ ૧૭૦ થી ૧૭૫ લગભગ મૂકી શકાય એટલે ઇ. સ. પૂર્વે ૩૫૬ થી ૩૫૧. આ સર્વ હકીકતોમાં 'પરિષદ્' એવો શબ્દ બિલકુલ વપરાયો નથી. પરંતુ 'સંઘ' મળ્યો હતો એમ જ જણાવવામાં આવ્યું છે.

સંઘનો અર્થ.

'સંઘ' નો ઉપર્યુક્ત કથનોમાં 'સાધુસમૂહ' એ અર્થ થાય છે, તેથી ઉક્ત લેખક મહાશય જણાવે છે તે જ પ્રમાણે અંગ એકત્રિત કરવા અર્થે મળેલા મંડળનું વિશિષ્ટ નામ **સંઘ** નથી પરંતુ કોઇ પણ અગત્યનું અને સમસ્ત મંડળને ઉપયોગી કાર્ય કરવા અર્થે ભેગા મળેલા સમૂહને 'સંઘ' એ નામ જ અપાતું. સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચારેનો સમાવેશ થાય છે. અને તે કેટલીક વાર ખાસ કરી જણાવવા માટે 'ચતુર્વિધ સંઘ' એમ વિશિષ્ટ નામ આપવામાં આવે છે. પરંતુ સામાન્ય રીતે સાંસારિક કાર્ય માટે મળેલા 'સંઘ'નો અર્થ શ્રાવક-શ્રાવિકાનો-વિશેષે કરી શ્રાવકનો સમુદાય એ થાય છે, જ્યારે તેથી પર એટલે સાધુને ઉપયોગી કાર્ય અર્થે મળેલા 'સંઘ' નો અર્થ સાધુનું સંમેલન એવો થાય છે. પરંતુ " સંઘ એ ભિક્ષુ વર્ગની સામાન્ય સમૂહ વાચક સંજ્ઞા હતી, જો કે પાછળથી તે શબ્દ વ્યાપક અર્થમાં વપરાવા માંડ્યો "-એવું કથન ઉક્ત અવલોકનકારનું થાય છે તે યોગ્ય નથી.

વલભી અને મથુરાની પરિષદોનો અવલોકનકાર સ્વીકાર કરે છે એટલે તે સંબંધે પ્રમાણ આપવાની જરૂર રહેતી નથી, પરંતુ તેમાં એટલું જણાવવાનું કે તેમાં પણ સૂત્રો એકત્રિત કર્યા તે સાધુઓને એકઠા કરીને, અને તે સાધુ સમૂહનું નામ 'પરિષદ્' આપવામાં નહોતું આવ્યું, એટલું જ નહિ પરંતુ તે મંડળને 'વાચના' એ નામ આપવું એ તો કેવલ ભ્રમ છે, અને તે આગળ જતાં આ લેખમાં સિદ્ધ કરવામાં આવશે.

પરિષદ્નો અર્થ.

જૈન પરિભાષામાં 'તીર્થંકર'નો ઉપદેશ સાંભળવા અર્થે બેઠેલા મંડળને 'પરિષદ્, પર્ષદ, પર્ષદા' એ નામ આપવામાં આવતાં હતાં. સામન્ય રીતે પર્ષદા એ નામ હતું અને તે પરથી અપભ્રંશ 'પરખદા' એમ ઘણા પ્રાકૃત જૈનો બોલે છે. તીર્થંકરના 'સમવસરણ'માં બાર પર્ષદા (સભા) હોય છે તેમાં (૧-૪) ચાર પ્રકારની દેવીઓની અને (૫) સાધ્વીઓની એ પાંચ પર્ષદા ઉભી થઇ પ્રભુની 'દેશના' લે છે, તથા (૬-૯) ચાર પ્રકારના દેવતાની-(૧૦-૧૧) મનુષ્ય, પુરૂષ અને સ્ત્રી એટલે શ્રાવક શ્રાવિકાની અને (૧૨) સાધુઓની એમ સાત પર્ષદા બેસીને શ્રવણ કરે છે એવું સમવસરણ પ્રકરણ અને આવશ્યક સૂત્રની વૃત્તિમાં જણાવ્યું છે, જ્યારે આવશ્યક સૂત્રની ચૂર્ણિમાં એમ જણાવેલું છે કે સાધુઓ ઉત્કટ આસને શ્રવણ કરે છે, સાધ્વીઓ અને વૈમાનિક દેવીઓ ઉભી રહે છે, બાકીની નવ પર્ષદા બેસીને જ જ્ઞાનભાનુની દેશના સાંભળે છે; એમ વિનયવિજય ઉપાધ્યાયે સં. ૧૭૦૮ માં રચેલા લોકપ્રકાશમાં જણાવેલું છે:—

देव्यश्चतुर्धा साध्व्यश्च शृण्वंत्यूर्ध्वं दमाः क्षणम् ।
देवा सर्वे नरा नार्यो निविष्टाः श्रमणास्तथा ॥
वृत्तावावश्यकस्येदं चूर्णौ चोत्कटिकासनाः ।
शृण्वंति साधवोथोर्ध्वाःसाध्व्यो वैमानिकांगना॥
उपविश्यैव शृण्वंति देशनामाप्तभास्वतां ।
पर्षदाऽन्या नवेत्युक्तं वेत्ति तत्त्वं तु तत्त्ववित् ॥

આવી રીતે ઉપદેશનું જૈન પારિભાષિક નામ 'દેશના' છે અને શ્રોતા મંડળનું નામ 'પર્ષદા' છે. હમણાં પણ પર્ષદા શબ્દ સાધુઓ ઉપદેશ આપતી વખતે થતા શ્રોતા મંડળને અપાય છે.

પ્રાચીન શોધખોળ કરતાં પૂર્વે સમિતિ-તંત્ર કેવું હતું તે ઘણી સારી રીતે જાણી શકાય છે. " પ્રાચીન સમાજમાં સર્વથી વધારે મહત્ત્વપૂર્ણ તંત્ર હિંદુરાજ્ય શાસ્ત્ર—(ક્ષાત્રધર્મ, દંડનીતિ, અર્થશાસ્ત્ર, રાજધર્મ, રાજનીતિ, નય, નીતિ આદિ અનેક નામ છે) માં સમિતિ તંત્ર હતું. સમિતિને ઘણી સંસ્થાઓની માતા કહી શકાય તેમ છે.

'વેદોના સમયમાં જનસમૂહને 'વિશઃ' કહેવામાં આવતો કે જેમાંથી 'વૈશ્ય' શબ્દની ઉત્પત્તિ થઇ છે. આ વિશઃ (વિટ્) 'જનો'માં વિભક્ત હતા. સાર્વજનિક વાતો પર વિચાર કરવા માટે સંપૂર્ણ વિશઃ એકત્રિત થતા હતા. આને 'સમિતિ' એ નામ આપવામાં આવતું હતું. (જૂઓ ઋક્ ૧,૯૫,૮;૯,૯૨,૬; ૧૦,૧૬૬,૪ ઇત્યાદિ). સમિતિથી ઘણી નાની સંસ્થા ૧૦ કે ૧૫ વિશોની એક બીજી સંસ્થા હતી કે જેને 'સભા' એ નામ આપવામાં આવ્યું હતું. અથર્વવેદના એક મંત્રમાં સમિતિ અને સભા બે બહેનો હતી એમ કહેવામાં આવ્યું છે (૭,૧૨). એમ જણાય છે કે સમિતિની તરફથી સભા સાર્વજનિક બાબતોનો પ્રબંધ કરતી હતી. સમિતિ અને સભામાં વાગ્મી-વક્તા હોવાની લાલસા બધાને રહેતી હતી. અથર્વવેદમાં આ સંબંધે મંત્ર આપેલા છે (૨,૨૭;૭,૧૨).

'પૂર્વોલ્લિખિત 'જનો' પ્રારંભમાં કેવલ પાંચ હતા કે જે સમષ્ટિ રૂપે 'પંચજનાઃ' કહેવાય છે. આ પાંચે જન એક જ જાતિનાં અંગ હતાં અને સર્વ પોતાને 'આર્યાઃ' કહેતા હતા. 'પંચજનાઃ' ના સમિતિ તંત્ર પરથી પંચાયતનું નામ અત્યાર સુધી ચાલ્યું આવ્યું છે. જેટલી હિંદુ જાતિ પ્રાચીન છે તેટલી પંચાયતી પ્રથા પુરાણી છે એટલે કે એમ પણ કહી શકાય કે વેદ જેવી અનાદિ છે.

'સમયે સમયે સમિતિ તંત્રથી નીચે લખેલી સંસ્થાઓનો ઉત્પત્તિ થઇ છે.

(ક) વિદ્યાધ્યયનને માટે 'ચરણ' અથવા 'પરિષદ્'
(ખ) ન્યાય અને વ્યવહારને માટે ન્યાય-'સભા'
(ગ) રાજ્ય કાર્યને માટે સચિવોની 'મંત્રિ-પરિષત્'
(ઘ) આર્થિક જીવનમાં 'સંભૂય સમુત્થાન' 'એટલે વણિક જનોની કંપનીઓ, તથા કાર્યકારોની 'શ્રેણિયો.'
(ઙ) પારમાર્થિક જીવનમાં ભગવાન્ બુદ્ધ મહાવીર પ્રભૃતિના ધર્મ-'સંઘ' કે જે આધુનિક મઠ-તંત્રમાં-વિહારમાં ચાલ્યા આવ્યા છે.
(ચ) ગ્રામ્યજીવનમાં વૈદિક 'ગ્રામણિ'-તંત્ર કે જેથી સાંપ્રત ગ્રામપંચાયત ઉદ્ભવેલાં છે.
(છ) નાગરિક જીવનમાં શ્રેષ્ઠી-સભા.
(જ) રાજ્યજીવનમાં ગણતંત્ર યા સંઘરાજ્ય.*

વાચનાનો ખરો અર્થ.

વાચનાનો અર્થ કદી પણ પરિષદ્ કે એવું મંડળ થતો જ નથી અને જૈનોની પરિભાષામાં પણ તેવો અર્થ નથી, પરંતુ સામાન્ય અર્થ વાંચન (Reading) છે તે જ જૈનોએ પોતાની પરિભાષામાં સ્વીકારેલો છે. આના પ્રમાણમાં ઉતરતાં આપણને મૂળ મગધ પરિષદ્ની ઉપર જણાવેલી વાતને લંબાવવી પડશે.

તે પરિષદ્ (સંઘ) માં બારમું અંગ (દૃષ્ટિવાદ) કોઈની પાસેથી પ્રાપ્ત થયું નહિ તેથી નેપાલમાં ધ્યાનાર્થે સ્થિત થયેલા ભદ્રબાહુ સ્વામીને તે સમગ્ર અંગ કંઠસ્થ હોવાથી તેમને સંઘે કહેવરાવ્યું કે અહીં આવી દૃષ્ટિવાદની વાચના દેવી પડશે; પણ તેઓએ બાર વર્ષ ચાલે તેવા મહાપ્રાણ નામના ધ્યાનનો આરંભ કર્યો હતો તેથી બની શકશે નહિ એમ કહેવરાવ્યું, આથી સંઘની 'ઉદ્ઘાટન' એટલે

* શ્રીયુત કાશીપ્રસાદ જયસવાલ એમ. એ. બાર-એટ-લૉના એ લેખ પરથી.

સંઘ બહારની શિક્ષા પોતાને થાય એવું જણાયું ત્યારે તેમણે કહેવરાવ્યું કે:—

मयि प्रसादं कुर्वाणः श्री संघः प्रहिणोत्विह।
शिष्यान्मेधाविनस्तेभ्यः सप्त दास्यामि वाचनाः
॥ ६७ ॥

तत्रैकां वाचनां दास्ये भिक्षाचर्यात आगतः।
तिसृषु कालवेलासु तिस्रोऽन्या वाचनास्तथा
॥ ६८ ॥

सायाह्नप्रतिक्रमणे जाते तिस्रोऽपरा पुनः।
सैतस्यत्येवं संघकार्यं मत्कार्यस्याविबाधया॥६९॥

—પરિશિષ્ટ પર્વ.

—'જો મારા પર કૃપા કરી વિદ્વાન્ શિષ્યોને સંઘ મારી પાસે મોકલાવે તો હું તેને સાત વાચના આપીશ. તેમાંની એક વાચના ભિક્ષાચર્યા કરી આવ્યા પછી, ત્યાર પછીની ત્રણ કાલવેલાએ બીજી ત્રણ વાચના, અને સવાર સાંજના પ્રતિક્રમણ (દૈવસિક અને રાત્રિક) કરવાની વખતે બીજી ત્રણ વાચના કરી આપીશ કે જેથી મારા કાર્યને બાધા થયા વગર સંઘનું (અભીષ્ટ) કાર્ય પણ થશે.'

આ પછી સંઘે સ્થૂલભદ્રાદિ પાંચસો સાધુને મોકલ્યા કે જેને,

तान् सूरि र्वाचयामास तेऽप्यल्पा वाचना इति।
उद्भज्येयुर्निजं स्थानं स्थूलभद्रस्त्ववास्थितः
॥ ७१ ॥

—સૂરિએ અલ્પ વાચના વાંચી, આથી તેઓ ઉદ્વેગ પામી નિજ સ્થાને ગયા, જ્યારે સ્થૂલભદ્ર ત્યાં જ-તેમની પાસે જ રહ્યા, અને તે (બારમા અંગમાં અંતર્ગત) દશ પૂર્વ શીખ્યા (જ્યારે અંગમાં કુલ ચૌદ પૂર્વ છે) વગેરે...

આ જ પ્રમાણે જયાનંદ સૂરિના સ્થૂલભદ્ર ચરિત્રમાં છે. જેમ કે:—

भीतोऽवक् सोपराधं मे संघोऽमुं क्षाम्यतु भुवम्।
उत्तमानां यतः कोपाः प्रणामान्ताः प्ररूपिताः
॥५९५॥

शिष्यान् प्रेषयतु प्राज्ञान् पाठयाम्यशठो यथा।
श्री जिनाज्ञेव संघाज्ञा मान्या मानवतामपि
॥५९६॥

संज्ञाभूम्या गतस्त्वेका मेकां भिक्षाक्षणागतः।
कालवेलाक्षणे चोभे तिस्रश्चावश्यके तथा॥५९७॥
एवं सप्ताहि दास्येऽहं वाचनाः शिष्यसंहतेः।
ध्यानमध्येऽपि येनोक्तः परार्थः स्वार्थतोऽधिकः
॥५९८॥

વગેરે વગેરે.

અને આ સંબંધે પ્રાચીન પ્રમાણ તરીકે ઉપદેશપદમાં હરિભદ્ર સૂરિ પ્રાકૃત ગાથામાં જણાવે છે કે:—

मा उग्घाडह पेसह साहुणो जज्जुया सुमेहाए।
दिवसेण सत्त पडिपुच्छणाओ दाहामि जा झाणं॥
पगो भिक्खाउ समागयस्स दिवसद्धकाल वेलाए।
बीआ तइया सण्णा वो सग्गे काल वेलाए॥
दिवस्स भावणीओ चउत्थिगा वासए कए तिन्नि।
तो थूलभद्दपमुहा मेहावीणं सया पंच॥
पत्ता तस्स समीवे पडिपुच्छाए य वायणं लिंती।
एक्कसि दोहिं तिहिं वा न तरंतव धारिउं जाहे॥

—(ભદ્રબાહુએ કહ્યું) 'મને સંઘ બહાર નહિ કરો, પણ જે સારી બુદ્ધિવાળા-મેધાવી સાધુઓ હોય તેમને અહીં મોકલાવો તો હું મારા ધ્યાન પર્યંત દરરોજ સાતવાર તેમની પૃચ્છાના જવાબ (પ્રતિપૃચ્છા) આપતો રહીશ. એક પ્રતિપૃચ્છા ભિક્ષાઓથી પાછા ફરીને કરીશ, બીજી મધ્યાન્હની કાલવેલાએ કરીશ, ત્રીજી સંજ્ઞાના ઉત્સર્ગે કરીશ, ચોથી સાંજની કાળવેળાએ કરીશ, અને બાકીની ત્રણ સૂતી વખતે કરીશ. ત્યારે સંઘે સ્થલભદ્ર વગેરે પાંચસો બુદ્ધિમાન્ સાધુઓને ત્યાં મોકલાવ્યા. તેમના પાસેથી પ્રતિપૃચ્છા વડે **વાચના** લેવા લાગ્યા. તેઓમાંના ઘણાઓ એકવાર બેવાર તથા ત્રણવાર સાંભળ્યાં છતાં અવધારી શક્યા નહિ.

[ત્યાર પછી બધા ચાલ્યા જાય છે, અને સ્થૂલભદ્ર રહી તેમની પાસેથી દશ પૂર્વથી કંઈક ન્યૂન જેટલું શીખે છે એ વાત આવે છે.]

વાચના આપનાર '**વાચનાચાર્ય**' કહેવાય છે. આ સંબંધે વજ્રસ્વામી કે જેનો જન્મ વીરાત્ ૪૯૬ વર્ષે થયો હતો તેના સંબંધની ટુંક કથાનો ભાગ નીચે આપવામાં આવે છે:—

'બાલ્યાવસ્થામાં પદાનુસારિણી લબ્ધિના બળથી સાધ્વી મુખે સાંભળીને અગ્યાર અંગનું જેણે અધ્યયન કર્યું છે, અને જેને આઠ વર્ષની ઉમરે ગુરૂ (**સિંહ-ગિરિ**) એ દીક્ષા આપેલી છે એવા **વજ્રસ્વામી** ગુરૂની સાથે વિહાર કરતા હતા. એક દિવસ વજ્ર-સ્વામીને ઉપાશ્રયમાં મૂકી સર્વ સાધુઓ ગોચરીએ (ભિક્ષાર્થે) ગયા હતા. અવસરે **વજ્રસ્વામી**એ સઘળા મુનિઓની ઉપધિઓ (આસન વિગેરે ઉપકરણો)ને હારબંધ ગોઠવી તેમાં મુનિઓની 'સ્થાપના' કરીને (મુનિઓ બેઠા છે એમ માનીને) પોતે વચમાં બેસી મોટે સ્વરે **આચારાંગાદિની વાચના** આપતા હોય તેમ બોલવા લાગ્યા. તે અવસરે 'સ્થંડિલ ભૂમિ'થી (દીર્ઘ શંકા કરી) આચાર્ય આવ્યા. ઉપાશ્રયનાં બારણાં બંધ જોઇને ગુરૂએ ગુપ્ત રીતે અંદર જોયું તો **વજ્રસ્વામી** સર્વ મુનિઓની 'ઉપાધ' ને એકઠી કરી છાત્રબુદ્ધિથી ભણાવતા હતા. ગુરૂએ ચિંતવ્યું કે 'જો હું એકદમ બારણું ઉઘડાવીશ તો તે શંકિત થશે' એમ વિચારી મોટે સ્વરે 'નિસિહ' એ પ્રમાણે ત્રણવાર શબ્દોચ્ચાર કર્યો. એ સાંભળી ગુરૂ આવ્યા છે એમ જાણી **વજ્રસ્વામી**એ લઘુલાઘવી કલાએ એકદમ દરેક ઉપધિને તેને સ્થાને મૂકી દઇને બારણું ઉઘાડ્યું. ગુરૂએ વિચાર્યું કે 'આ પુરૂષ રત્નમાં આટલું બધું જ્ઞાન છે, માટે આનું જ્ઞાન અજ્ઞાનપણામાં ન જાઓ' એવું વિચારી બીજે દિવસે **સિંહગિરિ** આચાર્ય કંઇ કાર્યનું મિષ કરીને બીજે ગામ જવાને ઉદ્યુક્ત થયા. તે વખતે સાધુઓએ પૂછ્યું કે 'હે સ્વામી! **અમને વાચના** કોણ આપશે?'—ગુરૂએ કહ્યું કે 'આ વજ્ર નામના લઘુ મુનિ તમને **વાચના** આપશે.' તેઓએ કહ્યું 'તહત્તિ' (એટલે તથેતિ, બહુ સારું). તે વખતે 'આ બાલક અમને શું **વાચના** આપી શકશે?' એવી શંકા પણ તેઓએ કરી નહિ. ગુરૂ બીજે ગામ ગયા. શિષ્યોએ સિદ્ધાંતની **વાચના** વજ્રમુનિ પાસે લીધી. અધ્યયન બહુ સારી રીતે થયું. પછી ગુરૂ મહારાજ પધાર્યા અને શિષ્યોને પૂછ્યું 'કાંઈ **અધ્યયન** થયું કે કેમ?' તેઓએ કહ્યું 'અધ્યયન બહુ સારી રીતે થયું, થોડા દિવસમાં ઘણો **અભ્યાસ** થયો; માટે હવે પછી આ વજ્ર-સ્વામીજ અમારા **વાચનાચાર્ય** થાઓ.' એ પ્રમાણે સાધુઓએ અરજ કરવાથી ગુરૂએ વજ્ર મુનિને આચાર્ય પદ આપ્યું અને **વાચનાચાર્ય** તરીકે સ્થાપ્યા."

—ઉપદેશમાળા ભાષાંતર પૃ. ૧૫૪-૧૫૫.

વાચનાચાર્ય સંબંધે પરિશિષ્ટ પર્વમાં ઉપર્યુક્ત વજ્રસ્વામીના સંબંધેનું નીચે પ્રમાણે કથન શ્રી હેમચંદ્રાચાર્ય કરે છે:—

इत्याचार्या विभावर्यां शिष्येभ्योऽकथयन्निति ।
यास्यामो ग्राममभुकं द्वित्राहं तत्र नः स्थितिः ॥
व्यजिज्ञपन्गुरुं योगप्रतिपन्नाश्च साधवः ।
भगवन्! वाचनाचार्यस्तत्कोऽस्माकं भविष्यति'॥
'वज्रो वो वाचनाचार्यो भवित्ते' त्यादिशद् गुरुः ।
भक्तत्वादविचार्यैव प्रत्यवद्यन्त ते तथा ॥
'प्रातःकृत्यं कायोत्सर्गं वाचना ग्रहणादिकम् ।
कर्तुं ते साधवो वज्रं निषद्यायां न्यषादयन्॥

વગેરે.

વળી વિશેષમાં જૈન તત્ત્વજ્ઞાન જેમાં સૂત્રબદ્ધ સમાવ્યું છે અને તેથી જેમાં જૈન પરિભાષા સર્વ આવી જાય છે એવા **તત્ત્વાર્થ** સૂત્ર (રચનાર શ્રીમદ્ ઉમા સ્વાતિ કે જે વીરાત્ ૨૪૫ માં દેહોત્સર્ગ કરનાર **આર્ય** મહાગિરિના શિષ્ય થતા હતા) માં કર્મનો નાશ કરનાર તપને જણાવેલું છે, પછી તે તપ બાહ્ય અને અંતરંગ એમ બે પ્રકારે જણાવી અંતરંગ તપના છ પ્રકારમાં સ્વાધ્યાયને એક પ્રકાર ગણાવી તે સ્વાધ્યાયના પાંચ ભાગમાંથી પહેલા ભાગને વાચના કહેવામાં આવેલ છે.

वाचनाप्रच्छनानुप्रेक्षाम्नाय धर्मोपदेशाः

अध्यायः ९ सूत्रं । २५

આના પર ભાષ્ય એ છે કે—

स्वाध्यायः पंचविधः । तद्यथा । वाचना प्रच्छनं अनुप्रेक्षा आम्नायः धर्मोपदेश इति। तत्र वाचनं शिष्याध्यापनम् । प्रच्छनं ग्रन्था-

र्थयोः । अनुप्रेक्षा ग्रंथार्थयोरेव मनसाभ्यासः। आम्नायो घोषविशुद्धं परिवर्त्तनं गुणनं रूपदानमित्यर्थः । अर्थोपदेशो व्याख्यानमनुयोगवर्णनं धर्मोपदेश इत्यप्यार्थान्तरम् ॥

અને તે પરની સર્વાર્થસિદ્ધિ નામની ટીકા એમ જણાવે છે કે—

निरवद्यग्रंथार्थोभयप्रदानं वाचना । संशयच्छेदाय निश्चित बलाधानाय वा परानुयोगः प्रच्छना । अधिगतार्थस्य मनसाऽभ्यासोऽनुप्रेक्षा। घोषशुद्धं परिवर्त्तनमाम्नायः। धर्मकथाद्यनुष्ठानं धर्मोपदेशः । स एष पंचविधः स्वाध्यायः किमर्थः । प्रज्ञातिशयः प्रशस्ताध्यवसायः परमसंवेगस्तपोवृद्धिरतिचारविशुद्धिरित्येवमाद्यर्थः ॥

ઉક્ત ઉમાસ્વાતિ કૃત પ્રશમરતિ નામના ગ્રંથની ટીકામાં જણાવ્યું છે કે—

स्वाध्यायः पंचधा–वाचना पृच्छना अनुप्रेक्षा आम्नायः धर्मोपदेशश्च । तत्र वाचना आलापकदानं, संजातसंदेहपृच्छनं(पृच्छना), अनुप्रेक्षा मनसा परिवर्तनमागमस्य, आम्नाय आत्मानुयोगकथनं, धर्मोपदेश आक्षेपणी विक्षेपणी संवेदनी निर्वेदनी चेति कथा धर्मोपदेशः ।

દેવગુપ્તાચાર્ય પ્રણીત નવતત્ત્વ પ્રકરણ પરની ટીકામાં કથન એ છે કે—

वाचना शिष्याणां कालिकोत्कालिकसूत्राद्यालापकप्रदानम् । प्रच्छना सूत्रार्थसंदेहाद्यपनोदाय प्रच्छनम् । परावर्त्तना पूर्वाधीतग्रंथगुणना । अनुप्रेक्षा पुरावगतसूत्रार्थस्य मनसाऽभ्यसनं चिन्तनमित्यर्थः । धर्मकथा धर्मप्रतिबद्धसूत्रार्थकथनं व्याख्यानमिति ॥

આમાં સામાન્ય રીતે અર્થ જણાવીએ તો સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે. (૧) વાચના, પઠન, શાસ્ત્રાધ્યયન (Reading), (૨) પૃચ્છના–પૃચ્છન એટલે ગ્રંથના અર્થ તથા પાઠને પ્રશ્નપૂર્વક સંદેહ દૂર કરવા અર્થે પૂછવા (Inquiry) (૩) પરાવર્ત્તના–આમ્નાય-શીખેલું સંભારી જવું (Recollection, revision, recapitulation) (૪) અનુપ્રેક્ષા–અર્થચિંતન; ગ્રંથના અર્થ ઉપર મનનો અભ્યાસ–મનનું ચિંતવન–એકાગ્ર મનથી વિચાર કરવો તે (Pondering over the meaning, reflection)—આ ચાર સ્વાધ્યાયમાં વાચન, મનન અને નિદિધ્યાસનો સમાવેશ થાય છે. શ્રવણનો સમાવેશ જો કે પૃચ્છનામાં અલ્પાંશે થાય છે છતાં તેનો ખાસ વિશિષ્ટ રીતે સમાવેશ કરવા સ્વાધ્યાયનો પાંચમો પ્રકાર કહેલો છે તે (૫) ધર્મોપદેશ—(અર્થોપદેશ, વ્યાખ્યાન, અનુયોગવર્ણન, ધર્મકથા) એટલે ધર્મના વ્યાખ્યાનનું શ્રવણ કરવું.

આ પરથી સમજાયું હશે કે પરિષદનું કે એકત્રિત થયેલા મંડળનું જૈન પરિભાષિક નામ 'વાચના' હતું એમ કહેવું એ ભ્રમયુક્ત છે. તેના વાસ્તવિક અર્થો તેની વ્યુત્પત્તિ પ્રમાણે વાંચન (Reading) પઠન, શિષ્યોને શિખવવું,–ગ્રંથનો પાઠ અને અર્થ એમ બંને આપવા,—આલાપક એટલે આળાવા (સૂત્રના ખંડો) એક પછી એક શિખવતી વખતે શિષ્યને આપવા વગેરે ઉપર જણાવેલા આધાર પ્રમાણે છે. આની વિશેષ પુષ્ટિમાં 'વાચના' એજ અર્થમાં ઘણે સ્થળે વપરાયેલ છે, પણ વિસ્તાર ભયથી ઉદાહરણો આપવાનું યોગ્ય નથી ધાર્યું.

આ સાથે ઉમેરવાનું પ્રાસંગિક છે કે ઉપર્યુક્ત પાટલિપુત્રમાં અંગ નિમિત્તે સંઘ (પરિષદ) મળ્યો ત્યાર પછી તેજ નિમિત્તે મથુરામાં તેમજ વલભિપુરમાં સંઘ મળ્યો હતો અને તે બંનેની 'વાચના' પ્રકારમાં સ્વાભાવિક રીતે કંઇ ન્યૂનાધિક હોય તેથી તે બંનેનાં વાંચનને 'માથુરી વાચના' અને 'વાલભી વાચના' અનુક્રમે કહેવામાં આવે છે. જો કે ત્યાર પછી તે બંનેનું સંમિશ્રણ થઇ એક વાચના થઇ

હતી, એટલે બધાના પાઠ એક સરખા કરવામાં આવ્યા હતા.

ઉપર્યુક્ત વલભીપુરમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે (વીરાત્ ૯૮૦ અથવા ૯૯૩) **સાધુનું સંમેલન** ભરી જૈન સૂત્રો-અંગોને લેખારૂઢ કર્યા હતા એમ તે સંબંધી જણાવવામાં આવ્યું છે. (સં. ૧૮૩૩ના આત્મ પ્રબોધનું ભાષાંતર પૃ. ૮૪)

આમ ત્યારે (૧) 'મગધની પરિષદ્' (૨)'સંઘ' અને (૩) 'વાચના' એ બાબતોમાં ગુજરાતી પત્રમાંના વિદ્વાન્ અવલોકનકારનો ભ્રમ જણાશે.

પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ. પર્યુષણપર્વ. તા. ૯-૯-૧૫ } **મોહનલાલ દલીચંદ દેશાઇ.**

મધ્યકાલીન સાહિત્ય પર સાક્ષર શ્રી કૃષ્ણલાલભાઇ

ઉપોદ્ઘાત

[આનંદકાવ્ય મહોદધિનું સાતમું મૌક્તિક છપાઈ ગયાને એક વર્ષ થઇ ગયું છે પણ હજુ પ્રકટ થયું નથી. તેમાં વિક્રમસત્તરમા સૈકામાં થયેલા ત્રણ જૈન કવિઓ નામે કુશલલાભ કૃત મારૂઢોલા ચોપઇ અને માધવાનલ કામકુંડલા ચોપઇ, જયવિજય કૃત શુકન ચોપઈ અને સમયસુંદર કૃત ચાર પ્રત્યેક બુદ્ધરાસ આવેલ છે: કાવ્યો અને કવિઓ સંબંધી વિગતવાર વિવેચન અમોએ કર્યું છે અને તે પર વિદ્વત્તાયુક્ત ઉપોદ્ઘાત સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ કૃપા કરી લખી આપેલ છે તે સર્વ નવેંબર ૧૯૨૫માં છપાઇ ગયેલ છે. હવે તુરતજ પ્રસિદ્ધકર્ત્તા શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરી પોતાના બે બોલ લખવાના હોય તે લખીને પ્રસિદ્ધ કરી જનસમક્ષ મૂકશે એવી આશા રાખીશું. આ ઉપોદ્ઘાતને બહાર આવવામાં બહુ વિલંબ થયો છે તેથી વધુ વિલંબ થાય તે અંતવ્ય ધારી તેમાંનો ઉપયોગી ભાગ અમે અત્ર પ્રકટ કરીએ છીએ. તંત્રી:]

ગુજરાતી સાહિત્યના મધ્ય યુગ અને તેની પણ પૂર્વના યુગ માટે આજથી પચ્ચીસ વર્ષપર જે જે અભિપ્રાયો બંધાએલા તે, નવાં નવાં પુસ્તકો હાથ લાગવાથી કાલક્રમે બદલાતા ગયા છે. દાખલા તરીકે નરસિંહમહેતાને આદિ કવિનું સ્થાન આપવામાં આવતું, અને સાથે સાથે એવો પણ અભિપ્રાય આપવામાં આવતો કે નરસિંહ મહેતાના સમય પહેલાં ગુજરાતી સાહિત્ય હતુંજ નહિ; તેનો આરંભ નરસિંહ મહેતાનાં કાવ્યોથીજ થયો. એ અભિપ્રાય ભૂલ ભરેલો માલમ પડયો છે. વળી વાર્તાના સાહિત્ય માટે સામળભટ્ટને મુખ્ય પદ આપવામાં આવતું તે પણ યોગ્ય ન હતું એમ સમજાય છે. ખુદ પ્રેમાનંદનાં કાવ્યોનું વસ્તુ પણ એના પુરોગામી કવિઓની કૃતિઓમાંથી મળી આવે છે. ઘણાં પ્રાચીન કાવ્યો જે અપ્રસિદ્ધ પડી રહેલાં તે પ્રસિદ્ધિમાં આવવાથી જૂના અભિપ્રાય ફેરવી નવા બાંધવામાં આવ્યા છે, અને હાલ જે અભિપ્રાય બંધાયા છે તે પણ સ્થાયિ નથી, કારણ હજુ જૈન ભંડારોમાં અને જૈનેતર વ્યક્તિઓનાં કબજામાં એટલા બધા અપ્રસિદ્ધ લેખો પડી રહેલા છે કે તે જેમ જેમ પ્રસિદ્ધ થતા જશે તેમ તેમ હાલ બાંધેલા અભિપ્રાય પણ ફેરવવા પડશે. આપણા જૂના સાહિત્ય સંબંધે હાલનો જમાનો અનિશ્ચિતપણાનો-transitional period નો છે. અંગ્રેજીમાં Chaucer અને Spenser નાં તેમજ તેમના વખતના બીજા નાના કવિઓનાં કાવ્યો સઘળાંજ પ્રસિદ્ધ થઇ ગએલાં હોવાથી જૂના અંગ્રેજી સાહિત્ય વિષે નિશ્ચયપૂર્વક અભિપ્રાય બાંધી શકાય; ફરકી અને એવાજ બે ચાર બીજા કવિઓની કૃતિ સંપૂર્ણપણે બહાર આવેલી હોવાથી અસલી ફારસી સાહિત્યના ગુણદોષ વિશે નક્કીપણે વિચાર દર્શાવી શકાય; પરંતુ જૂના ગુજરાતી તેમજ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય વિશે તેમ કહેતાં હવે ખંચાવું પડે છે, તેનું કારણ દિવસે દિવસે અજવાળામાં આવતાં નવાં નવાં સાધન. નરસિંહ, સામળ, પ્રેમાનંદની

બાબતમાં, આવાં સાધનને અભાવે બાંધેલો આપણો મત એટલો તો જડ ઘાલી બેઠેલો છે કે, તે ફેરવતાં આજે પણ ઘણાના અંતઃકરણને આઘાત થતો હશે. વિજ્ઞાનશાસ્ત્ર અને બીજા શાસ્ત્રીય વિષયોની બાબતમાં પણ એમજ થાય છે. નવી શોધને આધિન થઇ જૂના સિદ્ધાંતો ફેરવવા પડે છે. મધ્યયુગ તથા તેની પૂર્વની ગુજરાતી સાહિત્યની ખરેખરી સ્થિતિથી હજુ હાલ આપણે સંપૂર્ણ રીતે જ્ઞાત નથી, એવું હવે કહેવુંજ પડશે. એ સ્થિતિનું ખરું ચિત્ર આલેખવા માટે આપણે ધારીએ છીએ કે આપણી પાસે પૂરતાં સાધન છે, પરંતુ વસ્તુસ્થિતિ તેમ નથી, એમ લાગે છે, કારણ કોઇ અમુક વિષય માટે આપણે એવું ધારી બેસીએ કે તે સંબંધી કૃતિ તો કોઇ જૈનેતર લેખકનીજ છે, અને અંતે કોઇ અપ્રસિદ્ધ લેખ એવો નિકળી પડે કે જે કોઇ સમર્થ જૈન લેખકને હાથે લખાયો હોય. માધવાનળ કામકંદલાની લોકકથાનો પ્રથમ પ્રબંધ ભરૂચ પાસે આમોદના કાયસ્થ કવિ નરસી સુત ગણપતિએ સંવત્ ૧૫૭૪ માં બનાવેલો, અને જ્યાં સુધી આ જૈનકૃતિ પ્રસિદ્ધિમાં નહિ આવેલી ત્યાં સુધી માત્ર એ લોકકથા સંબંધે એ એકજ ગ્રંથ લખાયલો સમજાતો. જૂના ગુજરાતી સાહિત્યના બંધારણમાં તથા તેના વિકાસમાં બ્રાહ્મણ, વાણીઆ, શ્રાવક અને જૈન સાધુઓએ મુખ્ય ભાગ લીધેલો છે, એટલે કે જૈનેતર તેમજ જૈન એ બંને કોમોએ સાહિત્યને ખીલવવામાં મદદ કરી છે. એ બેમાંથી એકજ કોમે એવો દાવો કરવો કે એ સાહિત્ય હમારા વડેજ જીવતું રહ્યું છે તે કેવળ પ્રમાદ છે. જૂના ગુજરાતી સાહિત્યનો સિલસિલાબંધ સંબદ્ધ (connected) ઇતિહાસ લખવો હોય તો જૈનોથી જૈનેતરની કૃતિ તરફ અને જૈનેતરથી જૈનોની કૃતિ તરફ દુર્લક્ષ થઇ શકે નહિ. અમુક વિષયો સંબંધે બંને કોમોએ એકજ નદીના મૂળમાંથી પાણી લીધેલું; એટલે કે સંસ્કૃત ગ્રંથપર આધાર રાખેલો. અમુક બાબતમાં વિચારની પરસ્પર આપ લે થએલી. (they acted and reacted on each other) એટલે ખરા ઇતિહાસની રચનામાં તો એ બંને કોમની કૃતિની આલોચના થવી જોઇએ. ખરું જોતાં તો વખત એવો આવી લાગ્યો છે કે જૂના ગુજરાતી સાહિત્યનું ખરું ભાન કરાવવા માટે સાહિત્યમાં રસ લેતા અભ્યાસિને જેટલું જૈનેતર વર્ગના આચાર, વિચાર અને ધર્મનું જ્ઞાન હોવું જોઇએ તેટલુંજ જૈનોના આચાર, વિચાર તથા ધર્મનું હોવું જોઇએ. એ પરિચય આવશ્યક છે. એ ન હોય તો દ્રષ્ટિબિંદુ ખોટું રહેવાનું (this perspective would be false) અને સાહિત્યના ચિત્રપર પડતું તેજ, (Light) અથવા તેને ઢાંકતી, ઝાંખું દેખાડતી તેજહીનતા (Shades) બરાબર સમજવાના નહિ. ઢાલની એક બાજુ અત્યાર સુધી જોવામાં આવતી. હવે બે બાજુ જોવી પડે છે ને પડશે. એ બીજી બાજુ જોવાનાં સાધન આનંદકાવ્ય મહોદધિનાં મૌક્તિક પૂરાં પાડે છે, અને તેટલે દરજ્જે તે ઘણો કીમતી મદદ કરે છે, એ નિઃસંશય છે.

સાતમા મૌક્તિકના કવિયોના સમયની, તેમના જીવનની, તેમની કૃતિઓની માહીતી રા. મોહનલાલ દલીચંદ દેસાઇએ પોતાના નિવેદનમાં આપી છે. એ લેખ ઘણી મહેનત અને કાળજીથી તેમજ ઘણા સંશોધનબાદ એમણે તૈયાર કર્યો છે, તેની સાબિતી લીટી-લીટીએ દેખાઇ આવે છે. એ વિસ્તારપૂર્વક લખાએલા લેખને લીધે ઉપોદ્ઘાત લખનારની મહેનત ઘણે દરજ્જે ઓછી થઈ છે, પ્રસ્તુત કવિઓને લગતી લગભગ સંપૂર્ણ માહીતી એમાંથી મળી આવશે.

× × ×

ખરી રીતે તો આ કાવ્ય (માધવાનલ કામ કુંદલા ચોપઈ) તેમજ બીજા કાવ્ય માટે માત્ર પાઠાંતર બતાવીજ પ્રસિદ્ધ કર્તાઓએ સંતોષ માનવાનો નથી. પરંતુ તેને સટીક બનાવવા જોઇએ. [critically edit કરવાં જોઇએ.] શબ્દાર્થ આપવો જોઇએ. જો એ બધી ક્રિયાઓ તેને સંબંધે કરવામાં આવે તોજ એ "મૌક્તિકો" ની ઉપયોગીતા, એની કીંમત, એનું "પાણી" વધે. બાકી કેવળ text છાપવાથી તે કાવ્યો લોકપ્રિય તો નહિજ થાય. જૈન સાધુત્વ સંપૂર્ણ અંશે પાળવા છતાં સંસારનું જ્ઞાન સંસારીઓને પણ ટપી જાય એવા ઉંડા પ્રકારનું બતાવે છે. કુશલલાભની શૃંગારરસની જમાવટ એ

માહીતીની એક સાબિતી છે, વેશ્યાની રહેણી કરણી, વેશ્યાના આચાર વિચાર, વગેરેનું પ્રકરણ જાણે અંગત માહીતીનું પ્રતિબિંબ હોય એમ લાગે છે, જો કે વિશેષ વિચાર કરતાં એમ જણાશે કે એ બધા વિષયોનું ઝીણામાં ઝીણી તપસીલ સાથેનું વિવેચન સંસ્કૃત ગ્રંથોમાં મળી આવે છે, અને કવિએ માત્ર તેનું અનુકરણ કીધેલું, તેનો આધાર લીધેલો.

× × ×

આ યુગના જૈન સાહિત્યમાંનાં ફારસી શબ્દોનો ઉપયોગ જોકે ઘણી છૂટથી નહિ તો પણ મધ્યમ અંશે જોવામાં આવે છે. આ અરસામાં જૈન સાધુશ્રી હીરવિજય સૂરી અકબર બાદશાહ પાસે ઘણા જતી સાધુ વગેરેનો સાથ લઈ ગયેલા અને ત્યાં અતિ માન પામેલા; કેટલાક સાધુઓ તો ઠેઠ કાશ્મીર સુધી બાદશાહ સાથે ગએલા. અકબરના પુત્ર જહાંગીરે પણ એ રીવાજ એટલે કે જૈન સાધુઓને પોતાના દરબારમાં બોલાવવાની રીત ચાલુ રાખેલી. ફારસી બોલતા મોગલોના આવા ગાઢ સંસર્ગમાં આવવાથી સાધુઓ જેઓ સાહિત્યરસિક હતા તેમની, ભાષા પર તેની અસર થયા વગર રહે નહિ, અને તે થઇજ અને તેથી જો કે તે હતા તો મ્લેચ્છ ભાષાના શબ્દ, છતાં તે વડે દર્શાવવાના ભાવ તે બરાબર દર્શાવી શકતા હતા તેથી તેને સત્કાર આપી પોતાની ભાષામાં સાંકળી લીધા. બાગ, મેવો, સોદાગર, ખવાસણ, હતબ્બાર, ફોજ, સબજ (ફા. લીલું), નેજા (ફા. ભાલો), વગેરે બીજા ઘણા શબ્દો એ કવિઓની કૃતિમાંથી જડી આવે છે.

એક શૃંગારિક ગીત.

[કર્ત્તા—જૈન કવિ ડુંગરસી. સંગ્રાહક–સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસ.]

। રાગ મલ્હાર ।

દાદર મોર મહુર સર બોલઇ, વરસતિ ચિહુદસિ ધારા;
અહિનસિ અનંગ ઉતાપઇ હોવલિંભ, પાવસ પ્રેમ પીઆરા ॥

॥ ધ્રૂપદ ॥

પ્રીઉ પરિ આંગણઈ જાન ન દેસું, શવગુણ કરી લાલણ લેસું । પ્રીઉ૦ ॥૧॥
રોયંતા મુઝ રયણ વિહાણી, નયણે નીદ ન આઈ;
બાપીયડઉ[1] મુઝ સબક સુણાવઇ, વિરહણી વિરહ જગાવઇ । પ્રીઉ૦ ॥૨॥
ભણતિ નલહરિરાયાં તન્ન, પદમની પ્રાણ આધાર,
કસ્તૂરાદિ રાણી વર સેજિ સંભોગિક, ડૂંગરસી પઉદારા ॥ પ્રીઉ૦ ॥૩॥

ધતિગીત.

---

૧ બાપીયડઉ = બપૈયા.

The Genealogy of the Jagat Seths of Murshidabad.

[A paper submitted by Babu Puranchand Nahar M. A. L..L. B. of 48 Indian Mirror Street Calcutta, before the Fifth Indian Historical Records Commission, Calcutta 1923.]

The object of this paper is to supply a more or less complete and authentic genealogical table with a brief note on that Indian Family the fame of whose wealth had become almost mythical. The record of the services and the cordial relation of the ancestors of the family with the British Government at the beginning of their administration in Bengal, are facts too well-known and we find a good deal of information from the records already published, dealing with the doings and the History of the Jagat Seths, both in their relation to the Mahomedan Rulers of the Province as well as the British Power. During my search for unpublished Jain inscriptions and manuscripts, buried in Bhandars or with other private individuals, I came across a genealogical table with notices of the various members of this most interesting family. The latest account of the House of Jagat Seth has been published in Vols. XX & XXII of "Bengal, Past and Present" a journal of the Calcutta Historical Society, compiled by late Mr. J. H. Little, Headmaster of the Nizamut Madrassa at Murshidabad. It is now some six years ago in 1916 when I visited this gentleman after his return from England where he had been to collect all the available materials from the India Office for the compilation of a complete and accurate history of the family. At his request I prepared a genealogical tree mainly from materials then with me. Mr. Little was only too eager to accept my table as more complete and correct than other existing ones and to revise his compilation accordingly as will be seen from his letter dated the 16th January, 1916. (Ex. A); but unfortunately his short but promising career suddenly came to a close by his untimely death. Consequently the genealogical table prepared by me could not be incorporated in his work. I, however, take this pleasant opportunity to bring to light the result of my researches from materials not easily accessible to non-Jain scholars.

The Jagat Seths belong to the Oswal Sect of the Jains. It will require a whole volume to trace the history of the Sect which means history of conversion of the Rajput clans of Marwar, following Vedic religion, to Jainism. It will do for the purposes of this paper to say that the Sect derived its name from the place of its first conversion, still known as Osian in Jodhpur State, an account

of which may be found in the Archaeological Survey of India Reports P. II. for 1908-09 (pp. 100-115). The gotra name of the family is *Gelhra* and the tradition is that one Girdhar Singh of Guhlot (Khichi) clan of the Rajputs, was converted to Jainism by Acharya Jina Hansa Suri towards the beginning of the 16th century and the family gotra was named after Gelaji, son of Girdhar Singh, The members belong to Parswanath ? Parsw achandra, Gachcha of the Jain church. Of the ancestors, we find mention of Sing Raj. his son Akhay Raj and his grandson Karam Chand in the genealogical tree (App. I of "The House of Jagat Seth" by Mr. Little) without any other information regarding them. Next we find Shah Hiranand, an inhabitant of the town of Nagore in Marwar, leaving his native place to seek his fortune in the East. He reached Patna in the Hijri year 1042 corresponding to Vikram Samvat 1709 (1652 A. D.) on the 3rd day of the full moon of the month of Baisakh. He settled there and breathed his last in the year 1768 V. S. (1711 A. D.) on the fourth day of the full moon of the month of Magh. He left behind him seven sons and one daughter. It is only from the colophon of an illustrated Ms.—"Bhupal Chaturvinsatika" Kavya (Ex. B) written at the instance of Manik Devi, first wife of Seth Manik Chand, fifth son of Shah Hiranand that we find a correct genealogy from Hiranand down to his sons and grandsons. The Ms. is not dated but supplies us names in order of seniority which is not found even in the Hindi Note-book preserved in the family and translated by Mr. Little in Appendix II of his article. Another Ms. (Ex. C) also written for the use of the said Manik Devi, is dated V. S. 1777 (1720 A.D.) in the month of Falgun, second day of the new moon, Friday. My next source of information like the aforesaid note-book is a brief account of the family, collected together and written in Nagri character by a relation of late Jagat Seth Indra Chand with dates both in Hijri and Samvat eras. It was handed over to me by my late father Rai Setab Chand Nahar Bahadur, but I have presented the same to his descendant, keeping a copy of it myself (Ex. D).

As regards inscriptions, Hunter's Statistical Account of Bengal", IX, P. 264, quoted by Mr. Little, mentions names of Shugol Chand and Hoshiyal Chand. But this is not correct. The images and the foot-prints on the Paresnath Hills bear the name of Khusal Chand Birani, a member of the same gotra as Manik Devi. Also I have not come across the inscription dated 1815 with the name of Rup Chand Jagat Seth as mentioned by Hunter. Except the Firmans as


mentioned below, granted in the names of the Jagat Seths as head of the Jain Community in Bengal in connection with their sacred places, there does not exist any image or foot-print on Paresnath Hills with Prakrit or Sanskrit inscription mentioning the names of any of the Jagat Seths. My research, however, has revealed the name of that religious lady, Manik Devi, in the pedestal of a silver image preserved in the family temple of the Jagat Seths at Mahimapur with the name of her husband Seth Manik Chand. This inscription is dated V.S. 1776 (1719 A. D.). It is published as No. 76 in my valume of "Jaina Inscriptions"—P. I, (p. 19). Two inscriptions Nos. 59 & 60 (Ex. E & F) bearing the same date .V. S. 1830 (1774 A. D.) are from the pedestals of two beautiful massive Jaina images of black stone, worshipped in Kiratbagh temple, about a mile north of Jiaganj in the District of Murshidabad Both of them mention names of Jagat Seth Fateh Chand of Gelrha gotra, his son Seth Anand Chand and his daughter Ajabo Bai who is married to Udai Chand, son of Kamal Nayan of Gandhi gotra. Two other inscriptions Nos. 61 & 62 (Ex. G & H) of the same date are from foot-prints in the same temple and give names of Kamal Nayan, Udai Chand and Ajobo Bai only. The next important inscription (Ex. I). also of the same date, is found on a stone foot-print in a temple on the Rajgir Hills being No. 260 of my volume. This mentions both the name of the gotra of the family as well as the names of Jagat Seth Fateh Chand, his son Anand Chand and his grandson Mahatap Rai with his wife Jagat Sethani Sringar Devi, the donor. There is another slightly earlier inscription (No. 86) of V. S. 1811 (1754 A. D.) It gives names of three generations from Sabha Chand of Gokhru gotra to Muhkam Singh, ancestors of late Raja Shiva Prashad, C. S. I. of Benares. Sabha Chand is son of Rai Udai Chand of Agra, father of the first Jagat Seth Fateh Chand, taken in adoption by his maternal grandfather, Seth Manik Chand. Udai Chand married Dhan Bai the only sister of Seth Manik Chand and daughter to Shah Hiranand who first settled in Patna, I have seen his charming residence and Kuthi (place of business) situated on the bank of the river Ganges at Patna. His son Seth Manik Chand who removed from Patna with his adopted son, Fateh Chand, opened his firm at Dacca in V. S. 1757 (1700 A. D.) and with the change of capital finally settled at Mahimapur in Murshidabad. With the transfer of the seat of Government from Murshidabad to Calcutta, the Seths had their firm opened in Calcutta in the centre of business at Barabazar and the

place is still popularly known as Jagat Seth's Kuthi in Khengrapati Street.


The next historical records of the family are the Firmans granted at times by the Delhi Emperors beginning from Furrackshyar conferring the title of "Seth" and "Jagat Seth" to members of the family at different dates. There are other Firmans and Parwanas issued by the reigning sovereigns of Delhi in connection with the grant of certain places of pilgrimage including the whole mountain of Pareshnath Hills to the Jagat Seths being holy places of worship to the Jain Swetambars to which sect they belong. These are in the possession of the manager of Paresnath Hills and their translations are published by me in the "Epitome of Jainism" in App. B (h, i & j). These supply names of Jagat Seth Mahtaub Rai, Jagat Seth Khusal Chand and Sukhal Chand with dates.

With these materials mainly I have prepared the following genealogical table :—

GENEALOGICAL TABLE OF



THE JAGAT SETHS.



Prepared by

Puran Chand Nahar,

1923.

Ex. A.

NAWAB BAHADUR'S INSTITUTION.

Murshidabad.

16th January 1916.

Dear Mr. Nahar.

Many thanks for your kindness in sending me an impression of the inscription in the temple at Bhagulpore. I shall incorporate it in my book on the family of Jugat Seth as soon as the head of the family arranges for the publication of the book. I shall be very glad to receive a copy of the genealogical tree which you very kindly intend to send me. With best wishes for the success of your antiquarian and literary labours on behalf of the Jain Community and with kind regards.

Yours sincerely,

(Sd.) J. H. Little.

INSCRIPTIONS.

(No. 76)

Text.

सं. १७७६ वैशाख शुक्र ५ तिथौ। ओशवाल वंशीय श्रेष्ठ श्री माणिकचंदजी स्वधर्म पत्नी माणिक देवी प्रतिष्ठितं श्रीमत् चतुर्विंशति जिनबिंबं चिरं जयतात्॥ श्रेयोस्तुः॥ भद्रं भवतुः॥

Translation

In the Vikram year 1776, on the 5th day of the full-moon in the month of Baisakh, Manik Devi, wife of Seth Shri Manik Chandji of Oswal clan, caused the auspicious image of the twenty-four Jinas to be made May It be ever victorious and may it bring prosperity and goodness.

Ex. E.

(No. 59).

Text.

L. 1. श्री सं. १८३० माघ शुक्र ५ चन्द्रे श्री पार्श्वचन्द्र गच्छे उ० श्री हर्षचंदजी नित्यचन्द्रजीत्कानामुपदेशेन।

L. 2. ओसवंशे गांधी गोत्रे साहजी श्री कमल नयनजी तत्पुत्र सा० उदय चन्द्रजी तत्धर्मपत्नी तथा ओस वं० गहलडा गोत्रे जगत्सेठजी श्री फतेचन्द्रजी तत्पुत्रसेठ।

L. 3. आणन्द चंद्रजी तत्पुत्री बाइ अजबोजी श्रीमत्पार्श्वनाथ बिंबं कारापितं। प्रतिष्ठितं च वि० सूरिभिः श्री भानुचन्द्रेणेति आचंद्रार्कचिरं नन्दतात् भद्रं भूयाच्च श्रियं।

Translation.

In the auspicious Vikram year 1830, on Monday the 5th day of the full-moon of the month of Magh, at the advice of Upadhyaya Shri Harsha Chandraji and Nityachandraji of the Parswa Chandra Gachcha, Bai Ajaboji, wife of Shah Udai Chandraji, son of Shahji Shri Kamalnayanji of the Gandhi gotra of Osa (Oswal) clan and daughter of Seth Anand Chandraji, son of Jagat Seth Shri Fateh

Chandraji of Gahalara gotra of Osa (Oswal) clan, caused the image of the venerable Parswanath to be made and duly consecrated by Shri Bhanuchandra Suri. May it ever bring happiness till the sun and the moon last and may it bring goodness and prosperity.

Ex. F.

(No. 60).

Text.

L. 1. श्री सं. १८३० माघ शुक्ल ५ चन्द्रे श्रीं पार्श्वचंद्र गच्छे उ० श्री हर्षचंद्रजी नित्यचन्द्रजी त्कानामुपदेशेन ।

L. 2. ओस वं० गांधी गोत्रे सा० श्री कमल नयन तत्पुत्र सा० उदय चंद्रजी तत्धर्मपत्नी तथा ओस वंशे गहलडा गोत्रे ।

L. 3. जगत्सेठ श्री फतेचंद्र जी तत्पुत्र सेठ आनन्दचन्द्र तत्पुत्रो बाइ अजबोजी श्री वासुपूज्य बिंबं कारपितं प्र० सूरि श्री भानुचन्द्रेणेति भद्रं भूयाच्छिवं सदा ॥

Translation.

In the auspicious Vikram year 1830, on Monday the 5th day of the full-moon of the month of Magh, at the advice of Upadhyaya Shri Harsha Chandraji and Nitya Chandraji of the Parswa Chandra Gachcha, Bai Ajaboji wife of Shah Udai Chandraji, son of shahji Shri Kamalnayanji of the Gandhi gotra of Osa (Oswal) clan and daughter of Seth Anand Chandraji son of Jagat Seth Shri Fateh Chandraji of gahalara gotra of Osa (Oswal) clan caused the image of the venerable Vasupujya consecreated by Shri Bhanu Chandra Suri. May it ever bring goodness and welfare.

Ex. G.

(No. 61).

Text.

L. 1. सं. १८३० वर्ष माघ शुक्ल ५ चन्द्र. बासरे ओस वंशे गांधी गोत्रे सा० श्री कमल नयन जी तत्पुत्रो सा० ।

L. 2. उदयचन्द जी तद्भार्या बाइ अजबो-जीकेन श्री प्रथम आर्यदिन्न गणधर पादुका कारापितं ॥

Translation.

In the Vikram year 1830 on Monday the 5th day of the full-moon of the month of Lagh, Bai Ajabojo, wife of shah Udai Chandji, son of Shah Shri Kamalanayanji, of the Gandhi gotra of Osa (Oswal) clean, caused the foot-print of Aryadinna, first Ganadhar (of Shri Parswanath.)

(Ex. H).

(No. 62).

Text.

L. 1. स. १८३० वर्षे माघ शुक्ल ५ सोमे गांधी गोत्रे सा० श्री कमल नयन जी तत्पुत्र सा०

L. 2. श्री उदयचन्द्र जी तत्धर्मपत्नी बाइ अजबोजीकेन श्री वासुपूज्य प्रथम सुभूम गणधर

L. 3. पादुका कारापितं ।

Translation.

In the Vikram year 1830, on Monday the 5th day of the full-moon of the month of Magh, Bai Ajaboji, wife of Shah Udai Chandji, son of Shah Shri Kamalanayanji of the Gandhi gotra of Osa (Oswal) clan, caused the foot-print of Subhoom, first Ganadhar (of Shri Vasupujya).

Ex. I.

(No. 260).

Text.

L. 1. श्री सम्वत १८३० शुक्ल ५ चन्द्रे ओसवंशे गहलड़ा गोत्रे जगत्सेठ जी श्री फतेचन्द्रजी तत्पुत्र सेठ आणंद चन्दजी तत्पुत्र जगत्सेठ

L. 2. जी श्री महताब रायजी तद्धर्म्म पत्नी जगत्सेठाणीजी श्री शृंगारदेजी श्रीमदेकादश गणधर पादुका कारापितं । स्था० राजगृह नगरोपरि वैभार गिरौ॥

Translation.

In the auspicious Vikram year 1830 on Monday the 5th day of the full-moon of the month of Magh, Jagat Sethani Shri Sringardevi, wife of Jagat Sethji Mahatab Raiji, son of Seth Anand Chandji, son of Jagat Sethji, Shri Fateh Chandji of Gahalara gotra of Osa (Oswal) clan, caused the foot-print of the eleventh Ganadhar to be made and placed on Vaibhar Hills in city of Rajgir.

(No. 86).

Text.

ओं भगवते नमः ॥ सम्वत अठारहसै ग्यारह (१८११) कृष्ण द्वादशी भृगु वैशाख। ओसवाल कुल गोत्र गोखरु श्रीमज्जैन धर्मकी साख ॥ सभाचन्दके अमरचन्द सुत तिन सुत मुहकम सिंह सुनाम । तिनके धाम राय मन्दिर यह भागीरथी तीर विश्राम ॥

Translation.

Om. obeisance to the Almighty. In the Vikram era 1811 on Friday the twelvth day of the new-moon of the month of Baisakh, Muhkum singh of good repute, son of Amar Chand, son of Sabha Chand of Gokhru gotra of Oswal clan, following the teachings of the auspicious Jain religion, built this house of peace, situate on the bank of Bhagirathi.

FIRMANS.

(h)

(Firman of Emperor Ahmed Shah, dated 1752 A. D., fifth year of his reign).

In the name of the Purest,
Highest in Station.

Seal.

Be it known to the Officers and Managers of the present and future

affairs of the Province of Bengal and the other Provinces under dominion, that Jugut Sett Mahtaub Roy represented to us the high in dignity that mountain Paresnathjee, situate in the country of Bengal, the place of worship according to the Jain Setamburee religion also the Cotee at station Mudhoobun, on a rent-free (lakheraj) ground, butted and bounded by four boundaries belong (to the followers of) the Jain Setamburee religion and that he, the devoted supplicant is a follower of the Jain Setamburee religion and that he therefore, is hopeful of the Royal bounty that the mountain and the Cotee aforesaid, be bestowed by the resplendent Huzoor on that obedient supplicant, so that, composed in mind, he may devote himtelf to pray according to that religion. Whereas the person aforesaid deserves Royal favour and bounty, also as it appears that the property he asks for has a particular connection with him, and (as) it appeared on inquiry instituted by this High in Dignity that mountain Paresnath and the Cotee aforesaid have from a long time appertained to the (followers of the) Jain Setamburee religion, therefore the whole of the mountain and the Cotee at Mudhoobun butted and bouuded by four boundaries, are bestowed by the Royal Court on the aforesaid person. It is required that he should always devote to pray himself for the welfare and prosperity of the State and; no one should offer opposition respecting the mountain Parsenath and the Cotee at Mudhoobun.

Knowing this to be a very urgent matter, let them act as directed. Finis.

The whole of mountain Paresnath situate in the country of Bengal.

Three hundred and one Beeghas of Lakhraj land of Mudhoobun situate in the country of Bengal, butted and bounded by four boundaries specified below.

On the West—the water course of of Joyporiah, alias Jaynugger.

On the East—the old water-course. (nala).

On the North—the *koond* or reservoir (called) Julhurrey prepared by the (followers of the) Jain Setumburee religion.

On the South—the base of Mountain Paresnath.

Written on the 27th day of the month of Jemadeeoolawal, the fifth year of the King's reign. (On the back) The Khan of Khans Kumirooddeen Khan Bahadur, Victorious in War. The Vizier of Territories, Managers of affairs, Noblest of Nobles, the Head of the country, Commander-in-Chief, a faithful friend and servant of the King Ahmud Shah, the Hero.

A true translation of the annexed Persian Document for Baboo Pooran Chund.

(Sd) Shamachurn Sircar,
Chief Interpreter and Translator,
High Court, Original Jurisdiction.
The 19th March 1868.

(i)

(Sunnud of Aboo Ali Khan Bahadur, dated the third year of reign)

Aboo Ali Khan Bahadur Emperor and Champion of Faith—Seal.

To

The Motsuddees of the present time and of future of Pergunnah Bissoonpore Pachrookhy in the province of Behar.

Take notice that

Since Mouzah Palgunge in the aforesaid Purgunnah has een as heretofore exempted from all liabilities in the name of Raja Padman Singh as a charitable endowment to all the temples of Paresnath made by Juggut Sett, the same is therefore upheld and confirmed in the year 1169 Fusli. (1755 A. D.) You shall raise no objection and offer no opposition in any way whatever in respect of the said Mouzah and shall release and leave it to the use and possession of the abovenamed Rajah so that he may apply the profits thereof to necessary purposes and continue to pray for the welfare of the empire to last for ever. Written on the 27th day of Jamadi-us-sani in the third year of reign.

True Translation,
21. 1. 89. (Sd) Iswaree Persad.

(j)

(Parwana of Jaggat Sett Khushal Chand, dated 1775 A. D.)

Jaggat Sett Khoshull Chand 1187—Seal.

High in dignity Baboo Sookhul Chand Sahoo and Boola Sahoo, Managers of the temples of Jain Situmbury, *i.e.*, on the hills of Pareshnathjee alias Somed Shekhurjee, be of good cheer.

A long time ago since the reigns of the Emperors, the hills of Pareshnathjee, being considered the holy place of the persons of Jain Situmbry religion, were made over to my father, because we were also of the religion of Jain Situmbury. But owing to my having been charged with various affairs, and the said holy place being situate at a great distance I could not manage the affairs thereof. I therefore having appointed you as the manager of the affairs write to you that you should most carefully manage all affairs so that the pilgrims might with perfect ease travel there and return therefrom. This hill and the holy place have been in the possession of the persons of Jain Situmbury. No other person has anything to do with it. Therefore this Perwanah or order is written to you that you should act accordingly. If any of the authorities or landholders set up opposition in any way, you should produce this Perwanah. Dated the 16th of the month of Zakund 1189 Hijri.

True translation
(Sd) Jadub Chander Mitter,

श्री बिल्हण कविकृत चौर पंचाशिका अर्थात् शशिकला काव्य.

(અનુવાદકઃ કલાધર)

અદ્યાપિ ગૌરીં પ્રીંત ચંપકમાળ જેવી,
મુંખે ખુલે કમળ ને-જરીં રેામ પંક્તિ;
નિદ્રા ત્યજેલીં, મદ આલસ વિહ્વલાંગી,
વિદ્યા પ્રમાદથીં ગલી સ્મરૂં એમ એને. ૧

અદ્યાપિ ચન્દ્રમુખીંને નવયૌવનાને,
ગૈારી, ધનસ્તનીં, કદી ફરીંથીજ જોઉં;
અંગે પીંડાતીં મકરધ્વજ-બાણથી જે,
હાવાં કરૂં સકળ ગાત્રજ શીત શાન્ત. ૨

અદ્યાપિ જે કમળદીર્ઘદૃશી ફરીથી,
દેખાય ભારીં સ્તન ભારથીં પીડિતાએ;
સંમર્દીં બાહુયુગથી કરૂં મુખપાન,
ઉન્મત્ત જેમ કમલે ભ્રમરેા યથેચ્છ. ૩

અદ્યાપિ જે સુરત શ્રાન્તિ સહિષ્ણુ અંગે,
ગાલે પીંળા અલક ભૃંગ સમા છવાઇ;
છાનુંજ પાપફળ ધારતીં જે અરેરે,
કણ્ઠે મૃદુ ભુજલતા પડીં તે સ્મરૂં છું. ૪

અદ્યાપિ જે સુરત જાગરણેજ ઘેરી,
આકુંવળે, ચપલતારક દીર્ઘનેત્રા;
શૃંગાર સાર કમલાલય રાજહંસી,
લજ્જાથીં નમ્રવદના સુમુખી સ્મરૂં તે. ૫

અદ્યાપિ જે કમળદીર્ઘદૃશી ફરીથી,
દેખાય દીર્ઘ વિરહે બળીં કાય-યષ્ટિ;
આલિંગીં અંગથકી તેા અતિ ગાઢ તેને,
ઉંઘાકું ના નયનને ન તજું કદાપિ. ૬

અદ્યાપિ તે સુરતનર્તન સૂત્રધારી,
પૂર્ણેન્દુ શું રુચિર આસ્ય મદે ભરેલી;
તન્વી વિશાલ જઘન સ્તનભારનમ્રા,
ડેાલન્ત કુણ્ડલ કલાપનીં તે સ્મરૂં છું. ૭

અદ્યાપિ સ્નિગ્ધ ઘટ ચન્દન લેપમિશ્ર,
કસ્તૂરિકા પરિમલે અતિ ગંધ સારી;
અન્યેાન્ય ઓષ્ઠપુટ ચુમ્બન લગ્ન પક્ષ્મ-
યુગ્મે સ્મરૂં સુનયનેા શયને પ્રિયાના. ૮

અદ્યાપિ ચુમ્બિત રતે, મધુલિપ્ત ઓષ્ઠા,
એ પાતરી, ચપળ દીર્ઘ સુનેત્રવાળી;
કુંકુમ કસ્તુરીંથીં ચેાપડ્યું અંગ જેનું,
કર્પૂરીં પાન થકીં પૂર્ણ મુખી સ્મરૂં છું. ૯

અદ્યાપિ કાંચન શું ગૈાર વિલેપનીને,
પ્રસ્વેદબિંદુ ભરીંનેજ-પછી પ્રિયાના;
અન્તે સ્મરૂં છું રતિ ખેદથીં લેાલનેત્ર,
રાહુ ગ્રહેથી પરિમુક્ત શું ચન્દ્રબિમ્બ ! ૧૦

અદ્યાપિ તે મમ મને હજુએ વસે છે,
છિંકયેા હુંજે રજનીંમાં-પણ રાજકન્યા;
કેાપેથીં મંગળ વચ ત્યજી "જીવ" એમ,
બેાલ્યા વિના કનક પત્ર રચ્યું સ્વકર્ણે. ૧૧

પ્રિયા-મુખે કનકકુણ્ડલસ્પૃષ્ટ ગાલે,
આજે સ્મરૂં છું ઉલટા રતિયેાગમાં તે;
આન્દેાલન શ્રમ થકી ઘન સ્વેદ-બિન્દુ,
મેાતીની રાશિ વિખરાય શું, એમ ભાસે. ૧૨

અદ્યાપિ તે પ્રણયવક્ર કટાક્ષપાત,
તેની રતે સ્મરૂં સવિભ્રમ અંગભંગી;
આર્તાજ પાલવ સર્યે સ્તન સુન્દરેતે,
ધારૂં છું દંતક્ષત ભૂષિત ઓષ્ઠ ચિત્તે. ૧૩

રાતીજુજે હજુ અશેાક સુપલ્લવેાશી,
મેાતીની માળ થકીં ચુમ્બિત જે સ્તનાગ્રે;
આન્તર્સ્મિતે વિકસીં જે અયિ ! ગાલપીવે,
તે હંસગામિનીં સ્મરૂં ધીંમીં વલ્લભાને. ૧૪

અદ્યાપિ કાંચન રજે ધન ઉરુ દેશે,
ચિહ્નો સ્મરું નખતણાં, સર્યું સાથ તેનું,
સોનેરી તે રુચિર ચીર ઉઠેલીનું,
લજ્જાબળે પછી જતાં, ધર્યું નિજ હસ્તે. ૧૫

અદ્યાપિ અંજિત અતીવ વિલોલ નેત્રા,
પૃથ્વી પ્રુલે ગ્રથિત કેશ કલાપની જે;
સિન્દૂર રોળિત શું મૌક્તિક દંતવાળી,
સોના કડાં ધરતી તે સ્મરું ગુપ્ત હુંતો. ૧૬

અદ્યાપિ બન્ધ સરતાં સહુ કેશ છૂટ્યાં,
સ્મિતા મૃતે મધુર ઓષ્ઠની મુક્તમાલ્યા;
ઉંચાં ધનસ્તન યુગે ચુમતી સલીલે,
મુક્તાવલી-સ્મરું છું ગુપ્ત વિલોલનેત્રા. ૧૭

અદ્યાપિ તે ધવલમંદિર-રત્નદીપ,
માલાતણાં કિરણ નાશિત અંધકાર-
લ્યાં આવી ગુપ્ત મુજ સન્મુખ દર્શનાર્થે,
લજ્જાવિમુક્ત નયના સ્મરું આજ તેને. ૧૮

અદ્યાપિ તન્વી વિરહાગ્નિથી તાપિતાંગી,
જે એક યોગ્ય સુરતે મૃગલોચની જે;
નાના પ્રકાર રચી ભૂષણ ધારતી જે,
મુજ રાજહંસ ગતિ તે સ્મરું રમ્યદંતી. ૧૯

અદ્યાપિ રમ્ય હસતી, સ્તનભારનમ્રા,
મોતી સમૂહ વતી ઉજ્જવલ કંઠદેશા;
વિલાસ મંદરગિરિ પર કામના, તે,
કાન્તા, ધ્વજા રુચિર ઉજ્જવલ યોગ્ય ધારું. ૨૦

અદ્યાપિ તે સુરતે શ્રાન્તિથી વિક્લાનાં,
અસ્ફુટ ક્વણિતવશાં વચનોજ ચાટુ;
લીલાશતે ઉચિત અર્થ થકી ભરેલાં,
સંકીર્ણ વર્ણ થકી રમ્ય સ્મરું પ્રિયાનાં. ૨૧

અદ્યાપિ તે સુરત ચૂર્ણિત પ્રફુલ્લ નેત્રા,
છુટેલ કેશ ભરની લથડેલ કાયે;
શૃંગાર રૂપ જલ પદ્મવને શીં હંસી,
મૃત્યુસમે-અવર જન્મ વિષે સ્મરું હું. ૨૨

અદ્યાપિ તે પ્રણયિની મૃગ બાલનેત્રા,
પીયૂષ પૂર્ણ યુગલ સ્તન કુંભધારી;
જોઉં કદાપિ ફરીં હું પ્રિયને દિનાન્તે,
તો સ્વર્ગ મૃત્યુ નરરાજ્ય સુખે લજું હું. ૨૩

અદ્યાપિ જે ક્ષિતિતલે સહુ સુન્દરીમાં,
સર્વાંગસુન્દર બની પ્રથમાંક રેખા;
શૃંગાર નાટક સુપાત્ર શિરોમણિ જે,
તેને સ્મરું કુસુમબાણથી ખિન્ન ચિત્તે. ૨૪

જાણે ન કેમ હજુ વજ્રજ અંગ લાગ્યું,
પ્રૌઢ પ્રતાપીં મદનાગ્નિ વડે સુતપ્તા;
બાલા અનાથ શરણા અનુકમ્પનીયા,
પ્રાણાધિકા ક્ષણ ન ભૂલું અરે કદાપિ. ૨૫

અદ્યાપિ શ્રેષ્ઠ મનમોહક સુન્દરીમાં,
સ્નેહે ભર્યું ભ્રમરયુક્ત અનન્ય પાત્ર;
હાહા જનો ! વિરહ-વહ્નિતણો અસહિષ્ણુ,
ચિન્તું પ્રિયા પ્રતિક્ષણે નિજ શાન્તિ અર્થે. ૨૬

અદ્યાપિ દેવ સહુ છોડીં ચળેજ ચિત્ત,
પ્રિયાપ્રતિ બહુ કરીં બળ હા કરું શું ?
જાણું સમીપજ પળે પળ અન્તકાળ,
તોયે રહેતીં લગની મુજ વલ્લભામાં. ૨૭

અદ્યાપિ તે "ગમન આવી પડ્યુંજ હારું"
શુણી ભયાકુલ મૃગીસમીં લોલનેત્રા,
અશ્રુ ભર્યા નયનને અચકાતી વાણી
શોકે પડેલ મુખની હૃદયે સ્મરું હું. ૨૮

અદ્યાપિ શોધન બહુ કરતાં ન ભાળી,
તેનાં સમી નિપુણ વાણીં વિલાસવાળી;
સૌન્દર્યથી રતિ અને શશિકાન્તિ-હારી,
કાન્તાગુણે વિમળ જે અતિ તે સ્મરું હું. ૨૯

અદ્યાપિ તે ક્ષણ વિયોગથી વિષ જેવી,
સંયોગમાં અમૃત ધારસમી ફરીથી;
કામાતપે થઇ સુછત્ર શી પ્રાણધારી,
ભારી સુકેશભરધારીં સુદતી સ્મરું હું. ૩૦

અદ્યાપિ તે ભવનથી મુજને હરંતા,
દુર્વાર ભીષણ દૂતો યમ દૂત જેવા;
શું શું ન કીધું બહુ રીત મદર્થ ત્યારે,
સાલે મને નયનના રુકતાંજ કેમ. ૩૧

અદ્યાપિ રાત્રિદિન તે હૃદયેજ સાલે,
પૂર્ણેન્દુ રમ્ય મુખ જે મમ વલ્લભાનું,
લાવણ્યથી અમૃતધામ શશી જિતેજે;
દેખાયના પ્રતિક્ષણે ફરીને ફરી હા ! ૩૨

એકાગ્ર આણી હજુયે મન કેરી શંકિત,
ધારૂં હૃદે રમણી તે મમ જીવિતાશા;
નાભુક્ત જે કદીય યૌવન ભાર હારી,
જન્માંતરે પણ ગતિ મમ તેજ થાએ. ૩૩

અદ્યાપિ તે વદન પંકજગંધ લુબ્ધ—
ઉડયાં અતિકુલથી ચુમ્બિત ગંડ દેશે;
ઉડેલ કેશ લટ હસ્તવડે રચંતા,
મોહે અતિ હૃદયને ધ્વનિ કંકણોના. ૩૪

કીધા નખક્ષત વળી સ્તનમંડળે જ્યાં,
તહેના હજુંય મધુપાનથી મોહ પામી;
જાગી ઉઠી સકલ રોમ ખડાંજ થાતાં;
ચોમેર જોતી વળી રક્ષતી તે સ્મરૂં હું. ૩૫

અદ્યાપિ રોષભરી ઇચ્છતી તે જવાને,
વાતો વિષે ન જરી ઉત્તર દેતી મુખે;
રોતી ચુમી લઈ પગે પડીને હું કહેતો,
તહારો હું દાસ પ્રિય હે ભજને સ્મરીશ. ૩૬

અદ્યાપિ ત્યાંજ મન દોડતું શું કરૂં હું,
સાથે સખી સહુ વસે નિજ વાસ તે જ્યાં;
કાન્તાંગ સંગ વળી હાસ્ય વિચિત્ર નૃત્ય,
ક્રીડા થકી સુખદ કાળ હું એમ ગાળું. ૩૭

અદ્યાપિ જાણું નહિ કશ તણી ઉમા કે,
શાપે પડી શચી સુરેશની કૃષ્ણ-લક્ષ્મી;
બ્રહ્મેજ શું ઘડી હશે જગમોહનાર્થે,
અરત્ન સુંદર નિરીક્ષણ લાલસાથી. ૩૮

અદ્યાપિ વર્ણવી શકે જગમાં ન કોઇ;
મ્હારી પ્રતિકૃતિ અદૃષ્ટ શી સુન્દરીને;
મેળ સમું કદી ખરે રૂપ હોય જોયું,
ના અન્ય કો સુરપતિ વિણ સંભવે તે. ૩૯

અદ્યાપિ કાજળથી નેત્ર પ્રકાશતાં તે,
હાંસી કરે શું જઇ કર્ણ સમીપમાં બે;
અત્યુચ્ચ ગોળ ઘન જે સ્તનયુગ્મ ભારે—
સ્ત્રીની કટિ કૃશ અતિ થતી દોષ શાને. ૪૦

અદ્યાપિ શારદ શંશી સમી સ્વચ્છ ગૌરી,
દેખી ચળે મુનિતણું મન કોણ હું ત્યાં !
પામું સુધામય હું જો મુખ સુન્દરીનું,
પાઉં ચુમી ચુમી અમી ન ગળેજ બિન્દુ ! ૪૧

અદ્યાપિ હા ! કમલરેણુ સુગન્ધ ગાન્ધ,
તે પ્રેમવારિ મકરધ્વજ પાન યોગ્ય;
પામું હું જો સુરત ઉત્તમ તીર્થ નિશ્ચે,
પ્રાણો ત્યજું ફરી મળે પ્રિય એજ હેતુ. ૪૨

અદ્યાપિ લક્ષ જગતે રમણી વસંતી,
નાના ગુણો અધિકને આધકે ભરેલી;
કોઈ ન તેનું ઉપમાન થવાજ યોગ્ય,
એવું સ્વરૂપ હૃદયે મમ એમ ભાસે. ૪૩

અદ્યાપિ તે ફરી મળે નલિની વને જો,
રોમાંચવીચિથી સુહાતી પ્રસન્નચિત્તા;
કાદંબ કેશર સમી મમ બંધ નેત્રે !
શ્રાન્તિ હરે તનુતણી પ્રિય રાજહંસી. ૪૪

અદ્યાપિ તે નૃપતિશેખર રાજકન્યા,
સંપૂર્ણ યૌવન મદાલસ લોલનેત્રા;
ગંધર્વ યક્ષ સુર કિન્નર નાગકન્યા—
સ્વર્ગેથી શું ઉતરી આવીજ ચિન્તું એમ. ૪૫

અદ્યાપિ અંગ થકી જે બની વેદી-મધ્ય,
ઉંચા સુધા કલશ યુગ્મ સમા સ્તનોની,
નાના પ્રકાર શણગાર વડે સજેલી;
ઉઘી ઉઠેલ કદી ભૂલું ન રાતદિન. ૪૬

અદ્યાપિ તે મદભરેલ સુવર્ણ કાન્તિ,
લજ્જાતુરા બહુ નમી કરતી સુચેષ્ટા;
પ્રત્યંગ સંગ વળી ચુમ્બન મોહલીન,
સંજીવની હૃદયની પ્રમદા સ્મરૂં હું. ૪૭

અદ્યાપિ તે સુરતયુદ્ધ વિષે પરાસ્ત,
બન્ધોપબન્ધ પતનોત્થિત શૂન્ય હસ્ત;
દંતક્ષતે વળી નખક્ષતરક્તસિક્તા,
તેની સ્મરૂં કઠિનતા રતિયુદ્ધયોગ્ય. ૪૮

અદ્યાપિ શ્રેષ્ઠ સુભગા વધૂનો વિયોગ,
કેમે ન હું સહી શકું વિધિ અન્યથી તો;
મૃત્યુજ ભાઇ ચહું દુઃખની શાન્તિ અર્થે,
વિજ્ઞાપના કરૂં તમોય હણો ત્વરાથી. ૪૯

મૂકે ન શંકર હળું પણ કાલકૂટ,
ધારેજ કૂર્મ ધરણી ધરી નિજ પીઠે;
ધારેજ દુઃસહ મહોદધિ વાડવાગ્નિ,
સ્વીકાર્યું તે સુકૃતિઓ પરિપૂર્ણ પાળે. ૫૦

[આ વસંતતિલકા છંદમાં સમશ્લોકી અનુવાદ છે. મૂળનો ભાવ કાયમ રાખવા અનુવાદકે બનતો પ્રયત્ન કર્યો છે. હમણાં રા. નાગરદાસ ઇ. પટેલે કરેલો સમશ્લોકી ગૂજરાતી અનુવાદ 'ચાંદની' પત્રમાં છપાઇ ગયા પછી જૂદા પુસ્તકાકારે પ્રગટ થયેલો છે ને તેના પર સમાલોચના જુદે જુદે સ્થલે આવી છે. અમોએ તે પુસ્તક જોયું નથી તેથી તેનો અને આનો મુકાબલો કરી શકીએ તેમ નથી, વાચકો બંનેની સરખામણી કરી જોશે. આના અનુવાદક એક જૈન છે, અને તેથી તેના આ અનુવાદને અહીં સ્થાન આપ્યું છે. આનો ગુજરાતી અનુવાદ પદ્યમાં જૈન સાધુ નામે જ્ઞાનાચાર્યે વિક્રમ સોળમા શતકમાં તેમજ સારંગ કવિએ ૧૭ મા શતકમાં કરેલ છે કે જેનો ઉલ્લેખ અમારા ' જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧ લો, એ નામના પુસ્તકમાં જોઈ શકાશે. તંત્રી.]

અમારો સત્કાર.

જૈન યુગ [જૈન શ્વે૦ કૉન્ફરન્સ ખાસ અંક]: તંત્રી–મોહનલાલ દલીચંદ દેસાઇ, બી. એ., એલ-એલ. બી., વકીલ હાઇકોર્ટ, મુંબઇ; વાર્ષિક લવાજમ રૂા. ૨, હવેથી રૂા. ૩.] બાર માસથી આ માસિક જૈનજાતિની ઉત્તમ સેવા, ને સાહિત્યની દૃષ્ટિએ તો સૌની સેવા, બજાવી રહ્યું છે. આ ખાસ અંક શ્વે૦ કૉન્ફરન્સ સંબંધેનો છે. ઉંઘતા બંગાળસિંહને લૉર્ડ કર્ઝને લાત મારીને જગાડયો હતો ને એમ કરી બંગાળમાંજ નહિ પણ આખા ભારતમાં જીવનપ્રાણ ફુંકયો હતો, તેમ આજે જૈનતીર્થરાજ શત્રુંજયના જાત્રાળુ ઉપર કર નાખવાને લોભે એક વાર જૈનસંઘના રખોપા પણ આજે શેઠ થઇ બેઠેલા પાલીતાણાના દરબારને પક્ષે ઉભા રહી મી. વૉટ્સને હડહડતો અન્યાય ભર્યો ફેંસલો આપી સખ્ત લાત લગાવીને એ જાતિમાં પ્રચંડ જીવનપ્રાણ ફુંકયો છે કૉન્ફરન્સના અહેવાલની લીટીએલીટીએ અને અક્ષરે અક્ષરે એ જીવનપ્રાણ તરવરી રહ્યો છે. સમસ્ત હિંદીપ્રજા એ પ્રાણે જીવતી થઇ ગઇ છે, એમ કૉન્ફરન્સમાં હાજર રહેલા જૈનેતર ભાઇઓના પ્રબળ શબ્દોથી જણાઈ આવે છે. આ પ્રાણ સદૈવ જાગતો રહે એવી વ્યવસ્થા જૈનનેતાઓ કરશે, શિથિલતાનો કંઇક અપવાદ પામેલી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પણ તેમાં સહૃદય જોગ દેશે એવી આશા છે. મી. વૉટ્સન તો ચુકાદો આપી ઘેર ચાલતા થયા છે, પણ પાલીતાણાના દરબારની લોભવૃત્તિ છોડાવવી એ જૈનોના હાથમાં છે. જાત્રાનિષેધથી તો એ દરબારને આજ સુધી રૂા. ૧૫૦૦૦ મળતા તે બંધ થશે; જાત્રાળુઓના વેપારથી એમની પ્રજાને લાભ થતો તે પણ બંધ થશે; પણ અભિમાની દરબાર એ બન્ને હાનિ સહી લેવા પણ તૈયાર થશે એથી આ વિકટ ધર્મપ્રશ્નનો નિવેડો આવવાનો સંભવ નથી, માટે અહિંસક જૈનપ્રજાએ અહિંસક સત્યાગ્રહ કરીને જ એનો નિવેડો લાવવો પડશે. જાત્રાએ જવું, મુંડકી વેરો ના આપવો, દરબારના કેદખાનામાં જવું. અંગ્રેજ સરકારની જૈનપ્રજાને આવાં દુઃખ આપતાં દરબારે પાછું જોવુંજ પડશે, નહિ જુએ તો અંગ્રેજ જેવો ધણી બેઠો જ છે. જૈનસિંહ, હવે તો આમાં ધાર્યો નિકાલ આણ્યા વિના પાછો બોંડમાં પેસતો જ ના. પાટીદાર—આસો ૧૯૮૨.

જૈનયુગ—શ્રી. જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ખાસ અંક.

પ્રસ્તુત અંકમાં ગયા જુલાઇની ૩૧ મી તારીખે મળેલી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સની ખાસ બેઠકનો વિગતવાર હેવાલ, પ્રમુખોનાં ભાષણો, પરિષદના ઠરાવો આદિ સાથે આપ્યો છે. ઉપરાંત કૉન્ફરન્સને લગતા કેટલાક ફોટાઓ પણ આપ્યા છે. "જૈનયુગે" આ પવિત્ર શત્રુંજયગિરિ સંબંધી એકત્રિત હકીકત આપીને આ પ્રસંગે જૈન કોમની સેવા ઉઠાવી છે, તે માટે બેશક તે ધન્યવાદને પાત્ર છે.

ગુજરાતી તા. ૧૭–૧૦–૨૬.

જૈનયુગ—શ્રી મહાવીર નિર્વાણ-દીપોત્સવી ખાસ અંક—

પ્રસ્તુત અંકમાં શ્રી મહાવીરના જીવનને લગતા વિવિધ પ્રસંગોના ઘણા નાના મોટા લેખો આપેલા છે, તેમાં મહાવીર Super-manનો લેખ ખાસ મનનીય છે.

ગુજરાતી તા. ૧૪-૧૧-૨૬.

મારી કેટલીક નોંધો.

૧. શૃંગારશાસ્ત્ર.

રુદ્રાદિત્ય—રુદ્રભટ્ટે શૃંગારતિલક ત્રણ પરિચ્છેદમાં રચ્યો છે તેની સુંદર મરોડના સાફ અક્ષરોમાં એક જૈન મુનિના હસ્તથી સં. ૧૭૦૧ માં લખાયેલી પ્રત મુંબઇ માંડવીપર શેઠ હીરજી ખેતશીના માળામાં રહેતા શ્રાવક શેઠ વર્ધમાન રામજી પાસે છે. તે લેખકની પ્રશસ્તિ નીચે પ્રમાણે છેઃ—

શ્રી અંચલ ગચ્છાધિરાજા। પૂજ્ય ભટ્ટારક શ્રી ૫ શ્રી કલ્યાણસાગર સૂરયસ્તેષાં ગચ્છે વાચક શિરોમણિ વા૦ શ્રી ૫ શ્રી સત્યશેખર ગણય સ્તેષાં શિષ્યા વા૦ શ્રી ૫ વિવેકશેખર ગણય સ્તેષાં શિષ્યા પંડિત ચક્રચૂડામણયેા પં૦ શ્રી ૫ શ્રી ભાવશેખર ગણા સ્તેષાં શિષ્યા વાચ્યાતુરી તુરી સંવીતાતીતાતી તાંશુતાંશુપ્રકારપ્રવરહીરચીરચ્યમત્કૃતાશેષ ગત નિરશેષતમઃ સ્તેામ સુસેામસૌમ્યાંગાકૃતિ પ્રાજ્ઞ યતિતતીન્ સન્જનાચાર્ય્ય મુનિશ્રી ૧ શ્રી ભુવનશેખર ગણિ તલ્લઘુભ્રાતૃ મુનિ પદ્મસાગરેણ લિખિતમ્॥ શૃંગારતિલક નામ શૃંગાર શાસ્ત્રં ॥ સંવત્ ૧૭૦૧ વર્ષે કાર્ત્તિક માસે શુકલ પક્ષે પંચમ્યાં તિથૌ ગુરવાસરે શ્રી ભુજનગર મધ્યે યદુવંશ શૃંગાર હાર મહારાય શ્રી ભેાજરાજજી વિજયિ રાજ્યે ॥ શ્રી રસ્તુ ॥ કલ્યાણું વિપુલં ભૂયાત્ ॥

આ પરથી જણાય છે કે જૈન સાધુએા શૃંગાર શાસ્ત્રાદિકનેા અભ્યાસ કરતા હતા; પછી તે જૈન કે જૈનેતર કૃત હેા. અને જૈનેતર શાસ્ત્રેા લખી લખાવી તેને સાચવી રાખતા. આ શૃંગારતિલકના લખનાર પદ્મસાગરે કચ્છના ભુજ નગરમાં તે ગ્રંથ સં. ૧૭૦૧ માં લખ્યેા છે તે વખતે ભેાજરાજજી કચ્છના રાવ હતા અને તે 'રાવ' શબ્દ રાય-રાજ પરથી થયેલ છે ને તે માટે તે ભેાજરાજજીની આગળ 'મહારાય' એ શબ્દ મૂકેલેા છે. આ પ્રતિમાં ૧૦ પાનાં છે અને તેમાં પહેલા પાના પર શંકરનું તેમજ નવમા પાના પર પુરૂષ અને સ્ત્રીનું એમ બે રંગીન ચિત્રેા છે કે જે વિક્રમ સત્તરમી સદીમાં ચિત્રકળા કેવી હતી તેનેા નમુનેા પૂરેા પાડે છે. દરેક પાનામાં ૧૯ પંક્તિ છે. આ પ્રત ગત આઠમી ગૂજરાતી સાહિત્ય પરિષદના પ્રદર્શનમાં અમારા તરફથી મૂકવામાં આવી હતી.

૨ ગિરનાર.

'ગિરનાર' પર 'નલિનીકાન્તે' રચેલી કવિતા વસન્તના શ્રાવણ (૧૯૮૨)માં પ્રકટ થઈ છે તેમાં નીચેની કડીઓ પણ છેઃ—

રચાયાં ભવ્ય જૈન મન્દીર, ગગનને ચૂમ્બતાંરે લેાલ!
પુણ્ય પંથમાં એ ભારતવીર લક્ષ્મી વેરતાં રે લેાલ!
—નહાના નહાના ડુંગરડાની મધ્ય,
ગિરીવર રાજતેા રે લેાલ!
ઉભાં જ્યાં મનગમતાં મહાલય, વસ્તુપાલનાં રે લેાલ!
રચાયાં મન્દિર નમુના રૂપ, સંપ(પ્ર)તિ રાયનાં રે લેાલ!
ભર્યું છે સમીપ નિર્મલ નીર, સમ શિલા મહીં રે લેાલ!
પ્રભુતા અતુલ જૈન મન્દિર, વિભૂતિ વિશ્વની રે લેાલ!
... ...
તપ્યાં તપ નેમિનાથ ભગવાન, સીતાવન જ્યાં વસ્યાંરે લેાલ!

છેવટમાં તે ગિરનારને ઉદ્દેશી જણાવેલું છેઃ—

નિરંતર ભારતનાં નર નાર, સ્થલ સ્થલ વિચરે રે લેાલ!
સનાતન પુણ્યભૂમિ ગિરનાર, સહુ તુંને નમે રે લેાલ!—
અવિચળ શાશ્વત એા ગિરિરાય! શ્રવણ કર એટલું રે લેાલ!
લઇ જા ઉન્નત જીવનશૃંગ, સફલ કર જીવવું રે લેાલ!—
દુઃખી આ ભારતનાં સન્તાન, આધિ વ્યાધિમાં રે લેાલ!
પ્રભેા! એ તન મનનાં કૈં દુઃખ સહ્યાં સહેવાય ના રે લેાલ!—
અવિચળ શાશ્વત એા મહારાય!, પ્રજાજન રક્ષજે રે લેાલ!
ગ્રહી તુજ કરમાં માનવબાલ, વેગે ઉદ્ધારજે રે લેાલ!

૩ પ્રાચીન દ્વારકાપુરી.

'પ્રાચીન દ્વારકાપુરી એ નામનેા રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીનેા નિબંધ 'પુરાતત્ત્વ'ના પેાષ–ચૈત્ર (૧૯૮૨)ના અંકમાં પ્રસિદ્ધ થયેા છે તે ખાસ વિચારવા જેવેા છે. મહાભારતાદિમાંથી ઉતારા લઇ બતાવ્યું છે કેઃ—

'મહાભારતમાંથી કરેલા ઉપરના ઉતારાઓ ઉપરથી એટલું સ્પષ્ટ લાગે છે કે કાઠીઆવાડમાં રૈવતક પર્વત પાસે કુશસ્થલી નામનું ગામ જૂના વખતમાં હશે. પછી જરાસંધની બીકથી યાદવેાને જ્યારે મથુરા છેાડીને પશ્ચિમમાં ભાગવું પડયું ત્યારે તેઓએ આ કુશસ્થલીને સુશેાભિત, સુરક્ષિત શહેર બનાવ્યું તથા રૈવતક પર્વત–ગિરનાર ઉપર કીલ્લેા બાંધ્યેા.'

અને પછી સમુદ્રકાંઠે દ્વારકા આવેલાની વાતનો જેમાં ઉલ્લેખ છે તે કેમ થયો તે વગેરે બતાવી છેવટે રા. શાસ્ત્રીએ જણાવ્યું છે કે,

'આ રીતે આધુનિક દ્વારકા ઘણું કરી ગુપ્તકાલીન વિષ્ણુ મંદિરની આસપાસ પાછળથી વસેલું ગામ છે અને પ્રાચીન દ્વારકા ગિરનારની તળેટીમાં જૂનાગઢની આસપાસ હોવું જોઇએ !'

આ આખો લેખ વાંચી, પછી જૈન સાહિત્ય નેમિનાથના ચરિત્રમાં તેના પૈતૃકભાઇ શ્રી કૃષ્ણ વાસુદેવની દ્વારકા સંબંધમાં શું શું જણાવે છે, તે વર્ણનો જૈનેતર સાહિત્યનાં વર્ણનો સાથે બંધ બેસે છે કે નહિ એ પર જૈનમુનિ મહારાજો યા કોઇ જૈન વિદ્વાનો પ્રકાશ પાડવા મથશે તો તેમને માટે એક યોગ્ય વિષય છે.

૪ શ્રી દેવચંદ્રજી.

આ ખરતરગચ્છમાં એક અધ્યાત્મરસિક પંડિત થઇ ગયા છે. તેમનો જન્મ સં. ૧૭૪૬ અને સ્વર્ગવાસ સં. ૧૮૧૨ માં થયેલ છે. તેમનું જીવનચરિત્ર સુભાગ્યે તેમના સ્વર્ગવાસ પછી તેમના શિષ્યના કહેવાથી કોઇ કવિયણે સં. ૧૮૨૫ માં કવિતામાં 'દેવવિલાસ' એ નામથી રચેલું મળી આવ્યું છે અને તે શ્રી બુદ્ધિસાગર સૂરિ ગ્રંથમાલા ગ્રંથાંક ૧૦૩–૧૦૪ માં છપાયેલું છે.' તે પર ૬૪ પાનાની આલોચના વિવેચન અને ઉહાપોહ સહિત 'અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી' એ મથાળા નીચે અમોએ લખેલી છે તે તેમાં પ્રકટ થયેલ છે. તે વિચારપૂર્વક વાંચી જવાથી તે અધ્યાત્મરસિકનો પરિચય વિશેષપણે થઇ શકશે. આ પંડિતજીની કૃતિઓ 'શ્રીમદ્ દેવચંદ્રજી' (બે ભાગમાં) એ નામના પુસ્તકમાં ઉક્ત ગ્રંથમાલાના ૪૯ અને ૫૩ મા મણકામાં પ્રસિદ્ધ થયેલ છે.

હમણાં તાજેતરમાં તેમની ચોવીશીની ૧૬ પાનાની એક હસ્તલિખિત પ્રત રાજકોટના ગોકળદાસ નાનજી પાસેના મુનિશ્રી વિનયવિજયજીના ભંડારમાં જોવામાં આવી તેમાં છેવટે 'સં. ૧૭૯૮ ના વર્ષે પોષ સુદિ ૧૪ વાર શુક્રે રાજનગરે' એમ લખ્યા મિતિ અને સ્થળ જણાવેલ છે તે પરથી સિદ્ધ થાય છે કે તે પહેલાં તેની રચના થઇ છે.

બીજું તેમની 'અધ્યાત્મ ગીતા' નામની ગૂજરાતી ભાષાની પદ્ય કૃતિ છે તે પર તપગચ્છીય જિનવિજય શિષ્ય ઉત્તમવિજયના શિષ્ય અમીવિજયના શિષ્ય કુંવરવિજયજીએ સં. ૧૮૮૨ આસાદ વદિ ૨ ગુરવારે શ્રી મારવાડ મધ્યે શ્રી પાલીનગરે શ્રાવિકા બાઇ લાડુબાઇને શીખવાને અર્થે હેતુ ઉપદેશને કારણે બાલાવબોધ રચ્યો છે. સંવત્ આપી છેવટે જણાવેલું છે કે:—

સંવેગીમાં જેહ સિરદાર, તેહના ગુણ કહિતાં નહિ પાર,
સમર્યા સંકટ દૂરે ટલે, સેવ્યાથી શિવસંપદ મલે. ૧
જિન ઉત્તમ પદ પંકજ રૂપ, તેહને સેવે સુરનર ભૂપ,
અમી કુંવર કહે નિજરૂપ, એ અધ્યાત્મ ગીતાનો
સ્વરૂપ. ૨
અલ્પ બુદ્ધિ મેં રચના કરી, શુદ્ધ કરો પંડિત જન મલી,
ભણે ગુણે વલિ જે સાંભળે, તસ ઘર લછી લીલા કરે. ૩

આ પ્રત ઋષિ હુકમચંદે પાલી મધ્યે સંવત ૧૮૮૫ ના વર્ષે શાકે ૧૭૫૧ પ્રવર્ત્તમાને માસોત્તમ માસે ચૈત માસે શુકલપક્ષે ૭ તિથૌ ભૃગુવારે લખી છે. પાનાં ૯૩ છે ને તે દરેકમાં ૯ પંક્તિ છે. આ પ્રત ઉપરોક્ત ભંડારમાંથીજ જોવામાં આવી છે.

૫ દેવચંદ્રજી કૃત અપ્રકટ સ્તવનો.

(૧) અષ્ટાપદ સ્તવન.

શ્રી અષ્ટાપદ ગિરિવર ઉપર, જિનવર ચૈત્ય જુહારો,
ભરતભૂપ કૃત ચોમુખ સુંદર, શિવસુખ કારણ ધારો. ૧
ભેટો શિવસુખ કારણ કાજિ, ભવિજન એ તીરથને,
મેટો મોહ અનાદિ ભવ ભવના સંકટને. ભેટો૦ ૨
બહુ ભવસંતતિ કર્મ સહિ, પિણ જે ભેટે એ ઠામ,
ક્ષેત્ર નિમિત્તે શુચિ પરિણામેં, પામેં નિજગુણ ધામ. ૩
ઋષભ જિનેસર પરમ મહોદય, પામ્યા ઇણ ગિરિશૃંગે,
ચિદાનંદ ઘન સંપતિ પૂરણ, સીધા બહુ મુનિસંગે ૪
ભરત મુનિસર આતમસત્તા, સકલ પ્રકટ ઇહાં કીધ,
ઇણ પરિ પાટેં અસંખ્ય સંયમી, સર્વ સંવર પદ લીધ. ૫
જે જિન સત્તા તત્ત્વ સરૂપેં, ધ્યાન એક લય ધ્યાવેં,
અનેકાંત ગુણ ધર્મ અનંતા, થાયેં નિર્મલ ભાવેં. ૬
તેહનું કારણ આતમગુણ ત્રય, તસ કારણ જિનરાજ,
તસ બહુ માન ભાન હેતુથી, તિણ એ ભવોદધિ પ જ. ૭
મિથ્યામોહ વિષય રતિ ધીઠી, નાસે તીરથ દીઠેં,
તત્ત્વરમણ પ્રગટેં ગુણ શ્રેણિં, સકલ કર્મદલ નીઠેં. ૮

ઠવણા ભાવ નિક્ષેપ ગુણીનો, સમ આલંબન જાણી,
ઠવણા અષ્ટાપદ તીરથવર, સેવો સાધક પ્રાણી. ૯
ભવજલ પાર ઉતારણ કારણ, દુખ વારણ એ શંગ,
મુગતિ રમણીનો દાયક લાયક, નિત વંદો મન રંગ. ૧૦
તીરથ સેવન શુચિ પદ કારણ, ધરી આગમ સાખેં,
શ્રદ્ધા આણી જે તીરથ પૂજે તે શિવ સુખને ચાખે. ૧૧
સાધ્ય દૃષ્ટિ સાધનની રીતેં, સ્વાદ્વાદ ગુણ વૃંદ,
દેવચંદ સેવેં તે પામેં, અક્ષય પરમાણંદ. ૧૨

(૨) સમેતશિખર સ્તવન.

ઢાલ–બેડલે ભાર ઘણો છે રાજ, વાતાં કિમ કરો છો એ દેશી.

જંબૂદ્વીપ દક્ષણ વર ભરતઇ, પૂરવદેશ મઝાર;
શ્રી સમેતશિખર અતિસુંદર, તીરથમેં સરદાર. ૧
ભેટયો ભાવ ધરિ મેં આજ.
એ તીરથ ગુણ ગિરયો. ભેટયો૦
વીસ જિણેસર શિવપદ પાંમ્યા, ઇણ પરવતનેં શૃંગ,
નામ સંભારી પુરૂષોત્તમના, ગુણ ગાવો મનરંગ. ૨
ઇમ ઉત્તર દિશ ઐરવત ખેત્રેં, શ્રી સુપ્રતિષ્ટ નગેંદ્ર,
શ્રી સુચંદ્ર આદિક જિનનાયક, પામ્યા પરમાણંદ. ૩
ઇમ દસ ખેત્રેં વીસે જિનવર, ઇક ઇક ગિરિવર સિદ્ધા,
તિત્થુંગાલિ પયંના માંહે, એ અક્ષર પરસિદ્ધા. ૪
એ તીરથ વંદિ સવિ વંદ્યા, જિનવર શિવપદ ઠામ,
વીસે ટુંક નમો સુભ ભાવેં, સંભારી પ્રભુ નામ. ૫
તરીયે જેહના સંગ ભવોદધિ, તીન રતન જિહાં લહીયેં,
જે તારેં નિજ અવલંબનથી, તેહનેં તીરથ કહીયેં. ૬
શુધ્ધ પ્રતિત ભગતથી એ ગિર, ભેટયાં નિર્મલ થઇયેં,
જિનતતિ ફરસભૂમિ દરસણથી, નિજ દરસણ થિર કરીયેં ૭
સૂત્ર અર્થ ધારી પિણ મુનિવર, વિચરેં દેશ વિહારી,
જિન કલ્યાંણક થાંનક દેખી, પછી થાયેં પદ ધારી. ૮
શ્રી સુપ્રતિષ્ઠ સમેત શિખરની, ઠવણા કરી જે સેવેં,
શ્રી સુકરાજ પરેં તીરથ ફલ, ઇહાં બેઠાં પણિ લેવેં ૯
તસુ આકાર અભિપ્રાય તેહને, તે બુધેં તસ કરણી,
કરતાં ઠવણા શિવફલ આયેં, ઇમ આગમમેં વરણી ૧૦
જિણ તે તીરથ વિધિસ્યું ભેટયો, તે તો જગ (જ)સ લહીજેં,
તે ઠવણા ભેટંત અમે પિણ, નરભવ લાહો લીજેં. ૧૧
દશ ખેત્રે ઇક ઇક ચોવીસી, વીસ જિનેશ્વર (સીઝેં)
સિધ્ધ ખેત્રં બહુ જિનના દેખી, માહરો મનડો રીઝે. ૧૨
દીપચંદ્ર પાઠકનો વિનયી, દેવચંદ્ર ઇમ ભાસેં,
જે જિન ભગતેં લીણ ભવિજન, તેહનેં શિવસુખ પાસેં. ૧૩

૬. શ્રી આનંદઘનજીની ચોવીશી કે બાવીશી.

શ્રી યશોવિજય ઉપાધ્યાયજી કૃત પુસ્તકોની ટીપ પાટણના ભંડારમાં એક હસ્તલિખિત પાના ૫૨ મળી આવી હતી તેમાં તેમનો આનંદઘન બાવીસી પર બાલાવબોધ એ પણ એક ગ્રંથ છે. તે હજુ પ્રાપ્ત થયો નથી. વિશેષમાં બીજા બાલાવબોધ જ્ઞાનવિમલ સૂરિએ અને જ્ઞાનસાર મુનિએ કર્યા છે; પણ તે બંનેના જુદા જુદા બાલાવબોધ છપાયા નથી. જ્ઞાનવિમલ સૂરિ કૃત બાલાવબોધની એક હસ્તલિખિત પ્રત મુનિ વિનયવિજયજીના ગ્રંથ સંગ્રહમાં હા. રા. ગોકુળદાસ નાનજી ગાંધી રાજકોટમાં જોઈ, તેમાં શ્રી આનંદઘનજી કૃત બાવીસ જિનનાં સ્તવનો પર બાલાવબોધ આપી પછી તે સૂરિએ એ જણાવેલું છે કે:—

'લાભાનંદજી કૃત તવન એતલા ૨૨ દિસે છે. યદ્યપિ હસ્યે તોહી આપણે હાથેં નથી આવ્યા. હિવે જ્ઞાનવિમલજી કૃત ૨ તવન લખીઇ છૈ.'

આ પછી જ્ઞાનવિમલસૂરિના સ્વકૃત બે સ્તવનો મૂકવામાં આવ્યાં છે. આ પરથી પ્રાયઃ જણાય છે કે યશોવિજયજી અને જ્ઞાનવિમલસૂરિ કે જે બંને આનંદઘનજી ઉર્ફે લાભાનંદજીના સમયમાં અને તે સમયની આસપાસ અનુક્રમે થઈ ગયા તેમને ૨૨ સ્તવનજ હાથ લાગ્યાં હોય. માટે ખરાં આનંદઘનજીનાં સ્તવન પહેલાથી ૨૨ મા જિન સુધીનાં પ્રકટ થયાં છે તે છે. પછીનાં બે–પાર્શ્વ સ્તવન 'ધ્રુવપદ રામી હો સ્વામી માહરા' અને મહાવીરસ્તવન 'વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે' એની છેવટે અનુક્રમે 'પૂરણ રસિયો હો નિજગુણ પરસનો, આનંદઘન મુજમાંહિ' અને 'અક્ષય દર્શન જ્ઞાન વિરાગે, આનંદઘન પ્રભુ જાગેરે' એમ 'આનંદઘન' નામ સહિત આવે છે તે ખુદ આનંદઘનજીકૃત નથી એમ લાગે છે. શ્રી આનંદઘનજી કૃત લાગતાં ૨૩ મા શ્રી પાર્શ્વજિન અને ૨૪ મા શ્રી મહાવીર જિન પરનાં સ્તવનો અમે આ પત્રના ગત ભાદ્રપદ અને આશ્વિનના 'શ્રી મહાવીર નિર્વાણ દીપોત્સવી ખાસ અંક' માં પ્રકટ કર્યા છે. શ્રી યશોવિજયજીએ તે શાશ્વતહિતઅર્થે મૂકી દીધાં પણ હોય.

હવે આપણે જ્ઞાનવિમલસૂરિએ બે સ્તવન આનંદઘનકૃત સ્તવનો સાથે ચોવીસ પૂરાં કરવા જોડયાં છે તે અત્ર તેના પોતાના બાળાવબોધ સહિત મૂકીશું.

પાર્શ્વ સ્તવન

ઢાલ–કેહણી કરણી તુજ વિણ સાચો, કોઇ ન દેખ્યો જોગીરે.
એ દેશી.

પાસ પ્રભુ પ્રણમું સિરનામી, આતમ ગુણ અભિરામીરે,
પરમાનંદ પ્રભુતા પામી, કામીતદાતા અકામીરે. ૧ પા૦
ચોવીસીમાં થે તેવીસા દુર કર્યા તેવીસારે,
ઢાલ્યા જિણ ગતિ થિતિ ચોવીસા આયુ ચતુષ્ક પણ વીસારે,
૨ પા૦
લોહ કુધાતુ કરે જે કંચન, તે પારસ પાષાણોરે,
નિર્વિવેક પિણ તુમચે નામે, એ મહિમા સુપ્રમાણોરે. ૩ પા૦
ભાવેં ભાવનિક્ષેપેં મિલનાં, ભેદ રહેં કિમ જાંણોરે,
તાને તાન મિલેં સ્યો અંતર, એહવો લોક ઉખાણોરે. ૪ પા૦
પરમ સ્વરૂપી પારસ રસસું, અનુભવ પ્રીત લગાઈરે,
દોષ ટલ્યે હોય દૃષ્ટિ સુનિર્મલ, અનુપમ એહ ભલાઇરે. ૫ પા૦
કુમતિ ઉપાધિ કુધાતુનેં તજીયેં, નિરૂપાધિક ગુણ ભજિયેરે,
સોપાધિક સુખદુઃખ પરમારથ, તે લહેં નવિ રંજિયેંરે. ૬ પા૦
જે પારસથી કંચન થાવું, તેહ કુધાતુ ન હોવેંરે,
તિમ અનુભવરસ ભાવેંરે ભેદ્યો, શુદ્ધ સ્વરૂપેં જોવેરે. ૭ પા૦
વામાનંદન ચંદન શીતલ, દર્શન જસ વિભાસેંરે.
જ્ઞાનવિમલ પ્રભુતા ગુણ વાધેં, પરમાનંદ વિલાસેંરે. ૮ પા૦

'હિવૈ ૨૪ પૂર્ણ થાઇ તે માટેંત વન ૨ પૂર્વીને (પૂરવીને–પૂરાં કરીને) લીધ્યા છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનેં પ્રણામ શિર નામીનેં ત્રિકરણ જોગેં. શ્રી પાર્શ્વનાથ કેહવા છે? આત્મ ગુણે કરી મનોહર છે–અભિરામી છે. પરમાનંદ પ્રભુતા પામી છેં–અનંતાષ્ટકમય છેં. વલી કેહવા છે? કામિત–વાંછિતદાતા છેં, અને સ્વ–પોતેં અકામી છેં–અપ્રાર્થક છેં.

વર્ત્તમાન ચોવીસમાં તુમેં ત્રેવીસમા છે–દૂર કર્યા છે ત્રીવીસ ૨૩ શબ્દાદિક વિષય જેણેં ચોવીસ મોહનીય કર્મની બંધ ઉદય સત્તા સ્થાનકથી ઉપશમ ગુણ હાણેં ચઢતેં ચઢતેં ટાલે તેહનો વિચાર ૬ કર્મ ગ્રંથ કર્મપયડી (માંથી) જાંણવો. વલિ ચોવીસગતિ થિતિ દંડકરૂપ તે ટાલ્યા છે જેણેં, ગતિ ૨૪ દંડક રૂપા—

નેરઇયા ૧ સુરાઇર,
પુઢવાઇ ૫ વેદિયાદઓ ૩ ચેવ
ગબ્ભય તિરિય ૧ મણુસા ૧
મવ્યંતર ૧ જોઇસિયા ૧ વેમાણી ૧.

ઇતિ ૨૪ દંડક ભ્રમણ રૂપ ટાલ્યા છેં, જેહનું આઉખું પંચ વિસ ચોખુ છેં એતલે એક શત વર્ષનું છે. ૨

કુધાતુ લોહ તેહને કંચન કરે તે પારસ પાષાણ છેં, યદ્યપિ જડ છેં તોહિ પણ તુમ્હાંરૂં નામ પારસ કહેવાઇ છેં એ નામનો મહિમા છેં–કેવલ નામ નિક્ષેપનો. ૩

ભાવ નિક્ષેપાનેં ભાવેં ભાવ મિલતાં આત્મભાવે એક પણેં મિલતાં ભેદ તે કિમ રહેં, અભેદ પણ ન થાયેં. તાન તાંન મિલેં તિહાં અંતર ન રહે એ લોકનો ઉખાણો ન્યાય. ૪

પરમ સ્વરૂપી પાર્શ્વ પરમ રસસ્યું પરસ અનુભવ પ્રીતિ જિવારે લાગેં એકમય થાયે, તિવારેં દોષ મિથ્યાત્વાદિ સંસારીક દોષ સર્વ ટલટલેં અને દૃષ્ટિ દર્શન ખુલેં–નિર્મલ થાઇ, અનોપમ–અદ્‌ભૂત પ્રધાન એહ લાભની ભલાઇ. ૫

તે માટેં કુમતિ રૂપ ઉપાધિ રૂપ કુધાતુ કુમલન ધાતુ વિભાવ સ્વરૂપનેં તજીઇ, નિરૂપાધિક પુદ્‌ગલિક ભાવ રહિત તે ગુણ જ્ઞાનાદિકનેં ભજીયેં–સેવીયેં, અને સોપાધિક સુખ પુણ્ય પ્રકૃતિજનિત સુખ તે પરમાર્થે દુખજ જાણવું.તે પામ્યાથી મનમાં રાજીઇ-રાચીઇ નહી.૬

જે પારસથી લોહ જાત કંચન કરેં તેહ ફરી કુધાતુ ન થાઈ, તિમ જે પરમાત્મા ધ્યાન પારસથી જે અનુભવ કંચન થયું તે શુદ્ધ સ્વરૂપેં જોવેં–નિરખેં તત્ત્વજ્ઞાનેં કરીનેં. ૭

હે શ્રી વામાનંદન–વામા રાણીના પુત્ર ચંદન શીતલ દર્શન આકાર તથા દર્શન–શુદ્ધિ–સમકિત જેહનું વિશેષેં ભાષેં છેં તેહથી જ્ઞાને કરી વિમલ-ગુણની પ્રભુતા વાધેં; અને પરમાનંદ વિલાસ લીલા પામી જેં. ૮. ઇતિ શ્રી પાર્શ્વજિન સ્તવનં સંપૂર્ણ.'

વીર સ્તવન.

રાગ મારૂણી ધન્યાસરી

ગીરમાં ગોરો ગરૂઓ મેરૂગર વડોરે એ દેશી.

કરૂણા કલ્પલતા શ્રી મહાવીરની રે ત્રિભુવન મંડપમાંહેં પસરી રે,
મિસરીરે પર મીઠી અભય કરી રે. ૧

શ્રી જિન આણા ગુણઠાણેં આરોપતાં રે,
વિરતિપણેં પરિણામ પવનેં રે,
અવનેરે અનિ હિં અમાય સભાવથી રે.
સર્વ સંવર ફલેં ફલતી મિલતી અનુભવેં રે,
શુદ્ધ અનેકાંત પ્રમાણેં ભલતી રે,
દલતીરે સંશય ભ્રમના તાપન રે. ૩
ત્રિવિધ વીરતા જિણે મહાવીરે આદરી રે,
દાન ૧ જુધ્ધ ૨ તપ ૩ રૂપ અભિનવે રે,
ભવ ભવિં રે દ્રવ્ય ભાવથી ભાષિયેં રે. ૪
હાટક કોડ દેઈ દારિદ્ર નસાડિયોરે
ભાવે અભયનું દાન દેઇરે,
કેઇ રે લેઇનેં સુખીયા થયા રે. ૫
રાગાદિક અરિ મૂલ થકી ઉખેડિયા રે,
લહી સંજમ રણ રંગ રોપી રે,
ઓપી રે જિણેં આપ કલા નિરાવરણી રે. ૬
નિરાસંસવ વલી શિવ સુખ હેતુ રે,
ક્ષમાગુણે તપ તપિયા જિણેં એમ આપે રે,
થાપેં રે વર પંડિત વીર્ય વિનોદથી રે. ૭
દર્શન જ્ઞાન ચારિત્ર વિધની વીરતા રે,
મહાપદે શોભત ભાવેં ભાસેંરે,
વાસે રે ત્રિભુવન જનમ ભાયણાં રે. ૮
વીર ધીર કોટીર કૃપા રસનો નિધિરે,
પરમાનંદ પયોદ વ્યાપેં રે,
આપેં રે નિજ સંપદ ફલ નેગ્યતા રે. ૯
બંધ ઉદય સત્તાદિક ભાવાભાવથી રે,
ત્રિવિધ વીરતા જસ જાંણીરે,
આણી રે ત્રીપદી રૂપેં ગણધરે રે. ૧૦
ઠાણુંગ જાણગ ગુણ ઠાણક ત્રિહું વિધેં રે,
કાઢયા જિણે ત્રિદોષ પોષ રે,
શોષેા રે રોષ તોષ કીધા તુમેં રે. ૧૧
સહજ સુભાવ સુધારસ સેચન વૃષ્ટિથી રે,
ત્રિવિધ તાપનો નાસ હોવે રે,
જોવેં રે ત્રિભુવન ભાવસું ભાવથી રે. ૧૨
જ્ઞાનવિમલ ગુણ મણિ રોહણ ભૂધરા રે,
જય જય તું ભગવાંન નાથરે,
દાયક રે અક્ષય અનંત સુખનો સદા રે. ૧૩

—'શ્રી મહાવીરજીની કરૂણા પરદુખ ટાલવા રૂપ જે કલ્પલતા વેલડી એતલેં કલ્પવેલ તે ત્રિભુવન-સ્વર્ગ મૃત્યુ પાતાલ રૂપ માંડવાનેં પસરી કહતાં વિસ્તરી છેં. તે કેહવી છેં? જિમ મીસરી કo સાકર પ્રમુખ મીઠા દ્રવ્યથી પણિ અધકી મીઠી છેં અભય-દાન રસે કરીનેં. ૧

૨ તે કરૂણા તે અમૃતવેલ જિમ જિન અજ્ઞાંને ગુણ ઠાંણે શ્રદ્દધાન ગુણઠાણું તે સમકિત રૂપ ગુણઠાણેં આરોપીઈ, વિરતિતણેં પરિણામ શુભ પવનેં કરી પરણમાવીયેં. તેવડી અવન કહેતાં રાખવું, સ્યેકરી થાઇ અમાય-નિકપટ રૂપ જે સહજ ભાવ થકી. ૨

૪ તે વેલડી સર્વ સર્વ સંવર રૂપ ફલેં કરી ફલતી છેં અનુભવરસેં મિલતી છેં. શુદ્ધ નિર્દુષણ અને-
૫ કાંત સ્યાદ્વાદ પ્રત્યક્ષ પરોક્ષ પ્રમાણાદિકમાં ભિલતી છેં-તે વલી કેહવી છેં? સંશયભ્રમ રૂપ તાપ તેહનેં દલતી. ૩

જિણેં ભગવંતે-શ્રી મહાવીરેં ત્રિવિધ-ત્રિણ્ય પ્રકારની વીરતા આદરી છે. તે કેહવી છેં? દાનાદિ
૬ વીરતા ૧, યુદ્ધ વીરતા ૨, તપ વીરતા ૩-ભવોભવથી
૭ અભિનવ-નવી, દ્રવ્યથી અને ભાવથી તે કહીયેં છેં. ૪

દ્રવ્યથી દાનવીરપણું તો હાટક કહતાં સ્વર્ણની કોડિગમે 'વરહવરો વરહવરો' ઇમ ઉદ્ઘોષણા કરી
૮ જગત્રનેં વિષેં દરિદ્રનું નામ નસાડયું. એ દ્રવ્યે દાનવીરતા, અને ભાવથી વીરતા સર્વ જગજીવનેં અભયદાંન દે, સાધુપણાનેં વિષે. એહવું દાન લેઇનેં કેઇ
૯ અનેક પ્રાણી સુખીયા થયા. ૫

હિવેં યુદ્ધ શૂરવીરતા કહેં છે. દ્રવ્યથી પરીસહ નથી યા મૂલથી કાઢયાં, ભાવથી રાગ દ્વેષાદિક અરિ
૧૦ મૂલથી ઉખેડી સંજમરૂપ રણરંગ ભૂમિકા આરોપીને વૈરી નિકંદન કીધાં જે ભગવાનેં પોતાની નિરાવર-
૧૧ ણીની કલા ઓપી એતલેં નિકર્મલ કરી. ૬

દ્રવ્યથી ચોવીહાર તપભાવથી નિરાસ નિરનુબંધ વજી(જી) શિવસુખ-મોક્ષનું હેતુ ક્ષમાપ્રધાન ગુણે કરી
૧૨ 'તત્વેણું ચોદાન ફલે' ઇત્યાગમવચનાત્. જિમ ભગ-વાને એહવા તપ તપ્યાં તે તપવીરતાએ વર પ્રધાન પંડિત વીર્યના વિનોદથી વીરતા સાધી. વિશેષપણેં રાજઇ શોભેં તે વીર, અથવા 'વિદારયતિ યત્કર્મ તપસાં ચ વિચારતે તપવીર્યેણ યુક્તશ્ચ તસ્માદ્ વીર ઇતિસ્મૃતઃ' ૧; ૭

વલી દર્શન જ્ઞાન ચરિત્રની વલી ત્રિવિધ વીરતા કહે છેં. મહાપદે કરી શોભિત મહાજ્ઞાન મહાદર્શન

મહાચારિત્ર તેહની શોભા ભાવથી ભાસે છૈં. મહા-શબ્દેં પ્રધાન કહીઇ. એ ત્રીયા તત્ત્વની વાસનાઈં કરી ભવીજન મન રૂપ જે ભાજન તેણઇં વાસ્યા છે. ૮

વીરમાં ધીર અથવા કર્મ વિદારવાનેં વીર, વલી લોકાલોક પ્રકાસેં ધીર, ધૃતિ ધૈર્યેં ધીર, તેનાં કોટ્રીર મુગટ સમાન, વલિ કૃપારસનો નિધાંન પરમા(નંદ) રૂપ જે પયોદ ક૦ મેઘ તેણે કરી વ્યાપતો-પરસતો કરૂંણા વેલીનૈં સીચતાં છેં, વલી આપેં પોતાની સંપદા એતલે સ્વરૂપેં એક ચેતન સ્વભાવ માંટઇ નિમિત્તઇ તદાવર્ણ ટાલવા રૂંપઇ. ૯

બંધ ઉદયસત્તા ભાવેં કરી કર્મના અભાવ કીધા છૈ ત્રિવિધ પ્રકારે એહવી વીરતા પ્રગટપણૈં જેહની જાણી એહવીજ ગણધરેં ત્રીપદી રૂપેં આણી છેં-હૃદસમાન જ્ઞાન દર્શન ચારિત્ર ભાવે કરી. ૧૦

સ્થાનક મિથ્યાદિક જ્ઞાપક સ્થાનક અવિરતાદિ ગુણસ્થાનક ગુણડાણું પ્રમત્તાદિ અથવા અવિરતિ પ્રમત્ત ક્ષીણમોહાદિ ત્રિવિધ ગુણઠાંણે ત્રિદોષ કાઢયા, અથવા પ્રમત્ત ક્ષીણમોહ અયોગી ઇત્યાદિક સ્થાનકેં અજ્ઞાન અસંજમ અસિદ્ધ એ ત્રિદોષનો શોષ-નાશ કીધો. વલી રોષ તોષનો શોષ જેણેં કીધો-પાપ કષ્ટ, પુન્ય કષ્ટ, ઉભય નાશ ઇત્યાદિ ત્રિવિધની વીરતા કહે છેં. ૧૧

સહજ સ્વભાવ પરમૈત્રી પરમ કરૂણા રૂપ સુધા-રસ વૃષ્ટિ અમૃતનેં વર્ષણ સીચવેં કરીનેં, ત્રિવિધ લોકનો ત્રિવિધ રૂપનો નાશ થાઇ. મિથ્યાત્વાવિરતિ કષાય તાપ અથવા જન્મ જરા મરણ તાપ-તેહનો નાશ થાઈ. વલી દેખેં ત્રિભુવન-સ્વર્ગ મૃત્યુ પાતાલના એકેક ભાવ પદાર્થનેં સહજ સ્વભાવથી ઉત્પાદ, નાશ, ધ્રૌવ્ય પણેં જોઇયેં. ૧૨

જ્ઞાનવિમલ ગુણના ગણ-સમુદાય રૂપ જે મણી તેહના ભૂધર-પર્વત રોહણાચલ છે, એહવા ભગવાંન શ્રી મહાવીર સ્વામિ જગનાયક જ્ઞાનવંત જયવંતા વરતો છો; વલી દાયક-દેણહાર છો અક્ષય ક્ષાયકિ ભાવેં થયા જે અનંત સુખ સકલ કર્મના નાશથી -તેહના સદા-નિરંતર આપ સ્વરૂપેં ભોક્તા છો. ૧૩

ઇતિશ્રી મહાવીર જિન સ્તવનં સંપૂર્ણ થયો.

કલસ.

ચોવીસ જિનવર વિશ્વ દિનકર ગતિ ચોવીસ નિવારતા,
ચોવીસ દેવ નિકાય વંદિત એ સંપ્રતિ કાલેં વર્ત્તતા,
આનંદઘન બાવિસમાં હેં દોય સ્તવન સંપૂર્ણ કરી;
શ્રી **જ્ઞાનવિમલ** જિણંદ ગાતાં અખય સંપદ અતિ ઘણી.

—ઇતિશ્રી આનંદઘનજી કૃત ચોવીસી સંપૂર્ણ. પં. પ્રવરમુની કમલાનંદ લિખતં. સુશ્રાવક પુન્ય પ્રભા-વિક દેવગુરૂ ભક્તિકારક માઇદાસજી વાચનાર્થ. સંવત્ ૧૮૭૦ રા પોષ માસે કૃષ્ણ પક્ષે પંચમ્યાં તિથૌ રવિવા-સરે. દોલતરાયરા લસકર મધ્યે લિખતં. ૫૭ પાનાં -મુનિ વિનયવિજયગ્રંથ સંગ્રહ હા. ગો. ના. ગાંધી.

૭-અધ્યાત્મ-હરિઆલી.

(આ કૃતિને કોઇ અધ્યાત્મ-કથલો, કોઇ અધ્યા-ત્મ થુઇ-સ્તુતિ અને કોઇ અધ્યાત્મ કથન્ના-સ્તુતિ પણ કહે છે.)

ઉઠિ સવેર સામાયિક કીધું, પણ બારણું નવી દિધું જી,
કાલો કુતરો ઘરમાંહિ પેઠો, ઘી સઘલું તઇણેં પીધું જી.
ઉઠો વહૂયર આલસ મુંકો, એ ઘર આપ સંભાલોજી,
નિજપતિનેં કહે વીરજિન પૂજી, સમકીતનેં
ઉજુઆલોજી. ૧

બાલાવબોધ.

શ્રી ઐંહીં. શ્રી મહિમાપ્રભસૂરી સદ્ગુરૂ ચરણાં બૂજ નમીનઇ શ્રી શ્રુતદેવતાને મનમાંહેં ધ્યાઈને અધ્યાત્મોપ(યો)ગીની સ્તુતિનો અર્થ કરૂં છું.

સંસારી જીવ બે પ્રકારના છે, એક ભવબાલ્ય-કાલ, બીજો ધર્મયૌવન કાલ. તેમાંહિ ધર્મયૌવનકાલ પ્રાણિને અર્દ્ધપુદ્ગલ કાલની સ્થિતિ ઉત્કૃષ્ઠી છઇ તેણેં સદાગમ ગુરૂની દેશના પામી તિવારે શુભ વિચારણા જાગી. તે શુભવિચારણારૂપ સાસુ, નેં સુમતિ નામા (રૂપ) વહુને શિખામણ દે છઇ. (એ સંબંધ ઇતિ) હે વહુઅર સવેર પ્રભાતેં અથવા સ્વવેલાઇ અવસરે ઉઠીને સામાયિક વ્રત લીધું પિણ સંવર રૂપ કમાડ દેઇને આશ્રવદ્વાર રૂપ બારણું દીધું નહી એટલે રૂંધ્યું નહીં, તિવારે મિથ્વાત્વ રૂપ કાલો કુતરો મનરૂપ ઘરમાં પેઠો છે.

કુંણ જાણેં તે કિવારે પેઠો-અનાદિ કાલનું મિ-થ્યાત્વ જીવને લોલીભૂત છે એટલા માટે તે થાનેં

જ્ઞાન દર્શનરૂપ ચારિત્રરૂપ ઘૃત સઘળું પિધું તે સે ભાવઇ રૂંધ્યું (પાઠાન્તર–તિરોભાવેં રાખ્યું.) જીવને જ્ઞાનાદિક ઉદયે (પા. ત્રિણ) છે તેહજ તેજ–બલ છે તેણેં ઘૃત ઉપમાન યુક્ત છઇ. (ઇતિ તત્ત્વ)

હે વહુ! હે કુમરી! તુમે ઉઠો શક્તિ સારૂ આત્મવીર્ય ફોરવો. અનુપયોગ રૂપ આલસ મુકો, એ મન મંદિર આપણું છે અને તે ધર્મસંસ્કાર રૂપ સંભાલના (વા) વિના ઘર દિયેં નહીં અને વલી સમકિત વિના સામાયિકાદિક સર્વ વ્રત આખડી ફોક છે. દ્રવ્ય ક્રિયાનું કાંઇ ફલ નથી ઉલટું મંડુક ચુર્ણ પરે દુખદાઇ છઇ એતલા માટે હે વહુ! તુમે આત્મા રૂપ નિજ પતિ કહેતાં ધણીને કહો કે શ્રી વીર (પરમાત્મા) જિનની પૂજા કરી એ સમકીતને ઉજુઆલો વિ૦ વિશેષે અષ્ટકર્મનઇ ઇરયતિ–વિનાશયતિ તે સાર્થક નામ 'વીર' કહીયેં તેહનેં વંદન નમનાદિક દ્રવ્ય ભાવભેદે પૂજા કરવેં સમકિત શુદ્ધ થાયેં (ઇત્યાર્થઃ) અઢાર દોષ રહિત (શ્રી અરિહંત) તે દેવ, અર્હત્પ્રણિત ધર્મ (વલી) જૈન સાધુ એહની સદ્દહણા–સમકીત લક્ષણ છે. ઇત્યર્થઃ પ્રથમ સ્તુતિ અર્થઃ ૧

બલેં બિલાડેં ઝડપ ઝંપાવિ, ઉત્રેવડ સવિ ફોડિજી
ચંચલ છઇયાં વાર્યાં ન રહે, ત્રાક ભાંગી માલ ત્રોડીજી.
તે વિણ અરહંટીઓ નવિ ચાલેં, મૌન ભલું કોન (કુંનઇ)કહીયેજી
ઋષભાદિક ચઉવિસ તીર્થંકર, જપિઇ તો સુખ લહીઇજી. ૨

—લોકવાર્તાઇ મહાદેવે કામનેં બાલ્યો તે કારણેં દગ્ધ કંદર્પ (રૂપ) બલેં બિલાડે ફાલરૂપ ઝડપ આક્ષેપણા રૂપ ઝંપાવી નાંખિ શીલની નવવાડ રૂપ ઉત્રેવડ સર્વ ભાંગી નાંખી છેં, અથવા એ કામેં હરી હરાદિક ઉત્રેવડ સર્વ ભાંગી છે, અથવા સંસારરૂપ બલેં બીલાડે વિભાવરૂપ (ઝડપ ઘાલી–) ઝંપાવી ધર્મકરણીરૂપ ઉત્રેડ ભાંગી છેં આલિપ્ત પ્રલીપ્ત (સંસારઃ) ઇત્યાદિ વચનાત્.

પંચ ઇંદ્રિયરૂપ ચંચલ, અથવા ચંચલ ચિત્ત–અંતકરણ સુતાનિ–પુત્રાણી પંચેંદ્રિયાણિ એવં ઇંદ્રિયનોઇંદ્રિય ડિંભ રૂપાણી–તે વાર્યા રહેતાં નથી, કદાચિત હઠયોગે વરાય, પિણ (પણિ) તેહની તૃષ્ણા ટલતી (ટલી) નથી. તે ચંચલ છોરૂયેં (છોકરેં) સુદ્ધોપન્જોગરૂપ ત્રાક ભાંગ્યો, ને વલિ ક્રીયારૂપ માલ ત્રોડી; ઉપયોગ વિના જ્ઞાન જ્ઞાનપણેં ક્રિયા, ક્રિયાપણેં પરિણતિ થાતિ નથી–અનુપયુક્તં દ્રવ્યં. તે જ્ઞાન ક્રિયા વિના ધર્મરૂપ રહેંટીયો (અરટીઓ) ચાલતો નથી પણ (પણિ) કિમ કરીયેં. ઇંદ્રિય નોંદ્રિયનેં વસ્ય પડ્યા **असमर्थो भवेत् साधुः इति न्यायात्** મૌન (મૌનપણું) ભલું–અણમોહ્યા રહિયે તે ભલું. કેને (કેહને) કહીયેં? પરનું ઉપાદાન આત્માનેં લાગે નહી, આત્માનું ઉપાદાન જે, તે આત્માનેં લાગેં અથવા મૌન કહેતાં મુનીપણું તે ભલું છે. તે દિન કિવારેક (કદી) આવસે જે સર્વ વીરતીપણું ભજીસું. ઇત્યર્થમ્

વલિ ઋષભાદિક ચઉવીસ તીર્થંકરને જપતાં સુખ સંપદા પામીઇ, ઉપલક્ષણાથી બીજા જિન પણ જપિયે, એક મહાવિદેહે બત્રિસ વિજય એહવેં પાંચ મહાવિદેહે એકસો સાઠ વિજયેં ઉત્કૃષ્ટેં કાલેં ૧૬૦ તીર્થંકરઃ પંચ ભરત ૫, પાંચ ઐરવત ૫, એ દશ સમયક્ષેત્ર કહીયેં તેહના દશ તીર્થંકર એતલે ૫ ભરત ૫ ઐરવ્રત પાંચ મહાવિદેહ-એ પનર કર્મભૂમિ કહીઇ સરવાલે ૧૭૦ જિન જપીયેંઃ થાપનાદીકપણે નમીઇ સિદ્ધ ઇત્યર્થઃ (એ બીજી સ્તુતિનો અર્થઃ) ૨

ઘર વાસિદું કરોને વહુયર, ટાલોનેં ઓજી સાલુજી,
ચોરટો એક કરે છે હેરા, ઓરડે ઘોનેં તાલુંજી,
લબકયા પ્રાહુણા ચ્યાર આવે છે, તે ઉભા નવિ રાખોજી,
શિવપદ સુખ અનંતા લહીયે, જઉ જિન વાણિ ચાખોજી. ૩

—ઇતિ શ્રી અધ્યાત્મોપયોગીનિ સ્તુતિ પરિપૂર્ણાજ્ઞાતાઃ–લ૦ મું૦ દેવિંદ્ર. ૩ યં(જં)ણુસુરાદ્રિ સ્થિતૈ

—હે સુમતી! હે કુમરી! તુમે મનમંદિરમાહેં અતિચાર આલોચનાદિરૂપ વાસિદું કરો. આહટ (આર્ત્ત) દુષ્ટ રૌદ્ર ધ્યાંન, કૃષ્ણ નીલ કાપોત લેશ્યારૂપ ઓજીસાલું મનમંદિરથી ટાલો. ઇહાં યદ્યપિ વ્રતને વિષેં અતિચાર આલોયણ છેં તથાપિ મનમંદિર વ્રતમંદિર અભેદપણેં ઇહા જાણિયેં જે કારણે દ્રવ્ય આલોયણ ન થાયેં ઇતિ રહસ્યં.

હે સુમતિ વહુ! મોહાદિક વિભાવરૂપ એક ચોરટો હેરા કરે છે–તાકી રહે છે, જાણે છઇં અવસર પામું તો ધર્મરૂપ ધન ચોરી જાઉઃ એ કારણેં તુમેં સ્વભાવ રૂપ ઓરડે શુભ ધ્યાંનરૂપ તાલું દ્યો, અથવા પ્રભાતે

ઉઠી શરીરાત્મારૂપ ઓરડે નમસ્કારાદિક પ્રત્યાખ્યાન રૂપ તાલું સાચવેા (દ્યેા, જે કારણેં) અવિરતિનાં ફલ માહાં છે, અને વિરતિનાં ફલ તે સુરસુખઃ તેથી શિવસુખ છે.

હે સુમતિ વહુ! ચ્યાર કષાયરૂપ ચ્યાર પ્રાહુણા ક્ષબકયા આવે છેં. અનાદિ કાલના હાલ્યા આવે છે પણ ધણિ ધણીયાણીને અંધેરે ક્ષમાદિક રસ-વતિ સર્વ ખાઇ ગયા, ચારીત્ર ધર્મરાજાના પ્રાણને ધુમાવે છેઃ તેહનેં યથાર્થ નાંમ 'પ્રાહુણા' કહીયે. હવેં હે સુમતિ વહુ! તુમે ક્ષાંત્યાદિક આત્મશક્તિરૂપ કરડી નિજર દેખાડેા, જિમ તે ઉભા ન રહે. હે સુમતિ! **त्वया किं बहुना स्तोकस्यमिति बहवइ ज्ञातव्यं.**

હે સુમતિ! રાગદ્વેષ જીત્યા છે જેણેં એહવા જે જિન તીર્થંકર તેહની વાંણિ આગમ પાઠરસ કર્ણપુટેં ચાખ્યેા, પિયેા, કર્ણપુટે સાંભલ્યેા ઘણે આદરેં કરી, તેા શિવપદ મુક્તિનાં સુખ અનંતાં લહીઇ-પામીઇ, જે સુખની સંસારમેં કેાઇ ઉપમા નથી, જે સુખની આદિ છે પિણ અંત નથી, એહવાં સુખ છે. ઇત્યર્થે દ્વિતીયા સ્તુતીરસ્તુ. ૩

ઘરનેં ખુણેં કાલ ખણે છે, વહુ તુમે મનમાં લાવેાજી,
પેાઢે પલિંગેં પ્રીતમ પેાઢયા, પ્રેમ ધરીનેં જગાવેાજી,
ભાવપ્રભસૂરી કહેં એ કથલેા, આધ્યાતમ ઉપયેાગીજી
સિદ્ધાયિકા દેવી સાનિધ્યેં, થઈયેં સિદ્ધપદ ભેાગીજી. ૪

—ઇતિશ્રી અધ્યાત્મેાપયેાગિની સ્તુતિ પરિપૂર્ણા જાતા. લ૦ મું. દેવિંદ્ર. યં(જં)બુસુરાદ્રિ, સ્થિતૈાઃ

—ઇતિશ્રી કથલા ભાસા અધ્યાત્મેાપયેાગિની સ્તુતિ લિ. પં. નયવિજય ગણિ સા દીપચંદ કાનજી પઠનાર્થે સં. ૧૮૮૧ વર્ષે શ્રી માધ માસે શુકલપક્ષે દ્વિતીયે ગુરૌ.

—હે સુમતિ! યમ રૂપ કાલ-પ્રૌઢરૂપ ઉદર તે કાયા રૂપનેા આયુ રૂપ ખુણેા ક્ષણ ક્ષણમેં અવિચિ મરણનેં ખણે છે (તે કાયારૂપ મંદીરના ખુણાનેં ક્ષીણ કરે છે)-હીણ કરે છે. દ્રવ્યપ્રાણનેં ધારે તેહનેં સંસારી જીવ કહીયે.

તેહના આયુનેં ઘટાડે છે. તે તુમે મનમાં લાવેા-જાણેા. હે સુમતિ! તુમે ચતુર છેા. ઘરનું મંડાણ (ઘરનેા મંડન) તે કુલ સ્ત્રી છે. નિજ ઘર વિણસતું દેખીને ઉવેખી મુંકે નહીં.

હે સુમતિ૦ એટલા માટે તુમારેા આત્મારૂપ પ્રીતમ વાલ્હેા જે ઘણી, તે તેા પ્રમાદ રૂપ મેાટઇંપલંકે સુઈ રહ્યેા છે. જાણતેા નથી જે આયુ ઘટે છેં, તેહનેં તુમેં જગાવેા-પ્રતિબૂઝવેા, અમૃત અનુષ્ઠાંન કરાવેા, નેં અનંત સુખનેા ભજનારેા કરેા. ચેતનાની ૪ દશા છેઃ—એક તેા બહુશયન ૧-તે મિથ્યાત્વીનેં, બીજી શયન તે સમક્તિ દૃષ્ટીનેં ૨, ત્રીજી જાગરણ તે મુનિશ્વરને, ચેાથી અતિ જાગરણ તે કેવલી ભગવાંનને તેરમેં ૧૪ મે ગુણઠાણેં છે. ૪. યદ્યપિ સમક્તિ દૃષ્ટિ જાણે છેં પિણ શયન દશા તે અવિરતિનેા ઉદય છે તેણેં કરી ચારીત્ર લેઇ શકતેા નથી ઇત્યર્થ.

શ્રી પુર્ણીમાગચ્છના સ્વામી શ્રી મહિમાપ્રભસૂરિ શિષ્ય ભટારક શ્રી ભાવપ્રભસૂરિ કહે છે—એ લેાકીક કથલેા—લેાકવચન લાપનિકા નથી, કિંતુ અધ્યાત્મેાપયેાગ છેં, યે (જે) તું (એતે) આત્માશ્રિત છે. શ્રી સિદ્ધાયિકા દેવીની સાનિધ્યેં નિર્વિઘ્નપણેં એહ અર્થ સાધસે તે સિદ્ધપદ જે મુક્તિનાં સુખનેા ભેાક્તા થાસ્યેંજી; અથવા બીજો અર્થ લિખેં છે.

ભાવપ્રભ પુદ્ગલ વિના સહજ આત્મિક જ્યેાતિ છેઃ તે દત્ત છઇ, જેહનેં એહવા ભાવપ્રભ જે તીર્થંકર તેહના સૂરિ પંડિત ગણધરાદિક ગીતાર્થ તે કહે છે જે અધ્યાત્મેાપયેાગિ છે. (તે જે કથલેા) તે એકઃ સ્થલ અદ્વિતીયઃ સ્વભાવ રૂપસ્થલ એહવેા છે. વિભાવમેં કહીયેં પયેસતેા (પેસતેા) નથી. તે શુભ વિચારણારૂપ સિદ્ધાયિકા દેવી સાનિધ્યેં કહેતાં સાહાય્યૈઃ સાધ્ય દેઇનઇ સિદ્ધપદ ભેાગી થાયે છેં ઇત્યર્થઃ વેદા (ચેાથી) સ્તુતિસ્તુ ઇત્યર્થેા ભવતિ એવા એ કથલા ભાસાયાં પરં આધ્યાત્મેાપયેાગિની સ્તુતિઃ યઃ સંપૂર્ણમ્ ચતુસ્કા બાલાવબેાધઃ સમાપ્તઃ

લખિતં મુની દેવીંદ્રવિજય ગ૦ શ્રી જંબુસર નગરે શ્રી વાસુપુજ્ય પ્રસાદાત્ શ્રેયમ્. શ્રી૦ પત્ર બે (યતિ નાનચંદજીના શિષ્ય મેાહનલાલજી પાસેા પુસ્તકસંગ્રહમાંથી) -

—સં. ૧૮૮૧ ના વર્ષેઃ શ્રી પૌષ માસે કૃષ્ણપક્ષે અમવાસ્યા બુદ્ધવાસરે લિ. પાદરા નગર શ્રી પેટલાદવાસી શા. દીપચંદ કાનજી પઠનાર્થે.

[આના કર્ત્તા ભાવપ્રભસૂરિ વિક્રમ અઢારમા સૈકામાં થયા છે. તેઓ મુખ્યત્વે કરી પાટણમાં ઢંઢેરવાડાના અપાસરામાં રહેતા હતા. તેમણે યશોવિજયકૃત પ્રતિમા શતકપર સંસ્કૃત ટીકા સં. ૧૭૯૩ માં રચી છે. તેમની ગૂજરાતી કૃતિઓ સં. ૧૭૯૭ માં સુભદ્રા સતી રાસ, સં. ૧૭૯૯ માં બુદ્ધિલ વિમલા સતી રાસ, સં. ૧૮૦૦ માં અંબડ રાસ અને બીજી નાની સ્તુતિ આદિરૂપ કૃતિઓ છે. વિશેષ માટે જુઓ મારો નિબંધ નામે 'આધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી' (કે જે શ્રીમદ્ દેવચંદ્રજી જીવનચરિત્ર એ નામના પુસ્તકમાં પ્રસ્તાવનારૂપે) અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી બહાર પડેલ છે તેમાં પૃ. ૪ અને તેની ટિપ્પણી; તથા હવે પછી પ્રકટ થનાર જૈન ગૂર્જર કવિઓ-બીજો ભાગ. આ કૃતિનો ટબો જે સ્વરૂપમાં મળ્યો છે તે સ્વરૂપમાં વિરામાદિ ચિન્હો મૂકીને અત્ર મેં ઉતારી મૂક્યો છે.] તંત્રી.

મેઘાકૃત તીર્થમાળા. (વિ. પંદરમું શતક)

[સંશોધક—**તંત્રી**]

શેત્રુંજ સામી રિસહ જિણંદ,
પાપતણી ઉમ્મૂલે કંદ,
પૂજ્યા શિવ સુખ સંપતિ દીઇ,
તૂઠઇ આપ કન્હે પ્રભુ લીઇ. ૧
જગ ચિંતામણિ ત્રિભુવન ધણી,
પૂજ કરિસુ રિસહેસર તણી,
નામિ તુમ્હારે મન ઉલટે,
પાપ પડલ સહુ પગિ ડાબટે. ૨
સોરઠ દેસ મંડણ ગિરિનાર,
તસુ સિરિ સામી નેમિકુમાર;
તજી રાજ રાજમતી નારિ,
નેમિનાથ બાલક બ્રહ્મચારિ. ૩
તીરથ અષ્ટાપદ મંડાણુ,
કંચણ મણિવર બિંબ વખાણિ;
નામિ પ્રમાણિ ચઉવીસ જિણંદ,
તીરથ થાપિઉ ભરહ નરિંદ. ૪
ભરૂઅચ્છ નયર ભલું મંડાણુ,
મુનિસુવ્રત પૂજ્યું મન રૂલી,
જતી સમરિ કુંઅરી રાયતણી,
સમલી થકી ઇ ખાટકીઇ હણી. ૫
મુનિવર સુમતિ સુણો નવકાર,
તતખિણિ પામિઉ મોખદ્વાર;
રાજસિદ્ધિ સુખ લાધા ઘણાં,
એ ફલ સુણો નવકારહતણાં. ૬
સોપારે શ્રી જીવત સામિ,
સંકટ ભાજે તેહને નામિ,
કોંકણ કલહત્થ નાઇ મલબાર,
સોપારે શ્રી નાભિમલ્હાર. ૭
થંભનયર હિવ તીરથ ભણુ,
સકલ સામિ શ્રી છે થંભણુ,
ધનદત્ત તણાં પ્રહણ જે હતાં,
સમુદ્ર માહિ રાખિયાં બુડતાં. ૮
ધનદત્ત સાહસ પનંતર લહે,
સાસણ તણી દેવ ઈમ કહે;
ત્રેવીસમો દેવ મનિ ધરે,
કુસલ ખેમિ પુહતાં પ્રવહણ ધરે. ૯
મંગલોર હુતાં સાંચરયાં,
ખંભનયરિ સોપારે ફરિયાં,
પૂજ્યા સકલ સામિ થાંભણાં,
અજી મનોરથ છે ઘણાં. ૧૦
જાણું સોરઠ દેસ જઇએ,
ઘોઘે પાસદેવ વધાઇએ;
ચંદ્રપ્રભ પાટણિ દેવકે,
કરો સાર સામી સેવકે. ૧૧
વીરમગામ નયર પાટરી,
ઝાલાવાડિ જ પૂજા કરી;
ધંધુલે ધવલક મઝારિ,
હરષિ પૂજ માંડે નરનારિ. ૧૨
નરસમુદ્ર પાટણ વર નમું,
નગરમાહિ સવહું મૂલગુ;
પંચાસરો પાસ તિહાં વલી ભલો,
આસસેણ રાયાં કુલતિલો. ૧૩
કરો પ્રસાદ સામણિ સરસતિ,
નગરમાહિ ધુરિ કરણાવતી;
વિનય વિવેક દેસિ દંડાહિ,
કરિસુપૂજ મહિસાણા માહિ. ૧૪

વીસલનયર ધર્મ અહિઠાણુ,
પાસ ભુવણિ નિતુ કરે પ્રણામ,
વીતરાગ ચલણે લાગીએ,
સામિ કન્હે મુગતિ માગીએ. ૧૫
વહું નગર શેત્રુંજ તલહટી,
કાલિ ભાવે પર્વત ગયા ઘટી;
ઋષભદેવ સામીનો ઠાણુ,
વહું નયર આણુંદપુર માણિ. ૧૬
સિધપુર વડલી વડગામ,
આણુંદે જિણ કરૂં પ્રણામ,
હાથીદરે ગામ મહિગાલ,
જિણહું પૂજ મંડું ત્રિણિકાલ. ૧૭
આદિ નગર પાલ્હણપુર વલી,
પાસ જિણંદ મન રૂલી;
પાલ્હણ રોગ અંગિ સંકમા,
પારસનાથ હેલાં નીગમાં. ૧૮
ચઉરાસી સીકર ધરિ સાહ,
પાસ ભવણિ નિતુ કરે ઉચ્છાહ,
સોલ કોસીસાં સોના તણાં,
બીજાં જિણહ ભુવણ અતિ ઘણાં. ૧૯
સીતાપુર અને સુરત રે,
માલવણ માહિ પૂજ કરે;
ધાણધાર માહિ તીરથ અનેક,
કરિસુ પૂજ નતુ નવી વિવેક. ૨૦
ઇડરગઢિ રિસહેસર ભલો,
નાભિરાય મરૂદેવી તણુઉ;
આસી પૂરવ લક્ષ કીધુ રાજ,
સંજમ લેઇ પ્રભુ કિઓ કાજ. ૨૧
તારણગઢિ અજિઅ જિણંદ,
હરખ્યઈ થાપ્યા કુમર નરિંદ;
ચઉદસે ચઉંઆલ ભુવણિ,
અવરિ રાય નમલિ તું કવણ. ૨૨
ચોસીને છે પાંચ પ્રસાદ,
સુરગિરિસુ તે માંડે વાદ;
ચંદન કુસુમ ધૂપ ધુરિ ધરો,
જિણવર પૂજ નિતુ કરો. ૨૩
તીરથ આરાસણ મંડાણુ,
તિહાં રૂપાં સોનાની ખાણુ;
સાત ધાતુ કહી જીનરાઇ,
તાંબા તરૂઆની તુઇ. ૨૪

આદિ નેમિ લોડણ તિહાં ધણી,
સંતિ વીર પૂજું નતુ ભાવિ;
સરલ તરલ વનસપતિ ઘણી,
વિઘન સર્વે ટાલે અંબાવિ. ૨૫
નગર ચાડાઉલિ ગુણ ઘણા,
ભુવણ અઢાર છે જિણ તણાં;
ચઉરાસી ચહુટે હિવ ફિરાઉ,
ઠામિ ઠામિ દીસે ભુહરૂં. ૨૬
મૂલનાયક શ્રી નાભિમલ્હાર,
જિણ દીઠે મનિ હરષ અપાર;
કરે પૂજ શ્રાવક મનિ હસી,
નગર ચડાઉલિ લંકા જસી. ૨૭
આઉલિ તડિતોલી પ્રાસાદ,
એ જિહું થાનકિ દેવ યુગાદિ,
ત્રિસલાદેવિ કુખરિ ધરિ ધીર,
મૂંડથલે પૂજે મહાવીર. ૨૮
ઉંબરણી લગ બાણારસી,
તેહની વાત કહું હિવ કસી;
ઊંબરણી અરબુદ તલહટી,
પ્રાસાદ કરાવિઓ સંઘે હઠી. ૨૯
ઘર દેવાલે બિંબ છે ઘણાં,
લિઉં નામ સવિહું તેહ તણાં;
કારલી શ્રી સંતિ જિણંદ,
આંબથલે આદીસર વંદી. ૩૦
કાસદ્રહે અરબદ તલહટી,
આદિ નેમિ પૂજઉં પાલટી;
ઉણદેલાણાં બે છે ગામ,
ચંદ્રપ્રભ સામિ લઉં નામ. ૩૧
ડીડલોદ્રિ સંતીસર નમું,
ત્રીસેલી જિણ ત્રેવીસમો;
ભારીજે શ્રી દેવ યુગાદિ,
તોડંગી મહાવીર પ્રાસાદ. ૩૨
ભીમાણે શ્રી સુવ્રત નમું, તીર્થંકર માહે વીસમો;
અરબદ તીરથ યાત્રાતણું, ઊમાહો છે હીયડે ઘણો. ૩૩
પ્રથમ તીર્થંકર શ્રી યુગાદિ ચલણેસર નામીઅ
તુમ્હ સાથે અમ્હ મુગતિ આપિ, સેવક કહઇ સામીય,
નાભિરાય કુલિ મંડણોઅે, અરબદ ગિરિ અવતાર;
વિમલ મંત્રીસર થાપિઓ, નિરમાલડીએ,
દીઠે હરિષ અપાર. ૩૪

સૂતો જગિઓ વિમલશાહ નિસિ હુઉં વિહાણું,
પહુતા સહગુર પાસિ સામિ સપનુ એક જાણું,
મેં દેઉલ દીધી ધજા, કુંજર સાહો કાન,
ગુરૂ આગલ સપનું કહું, નિરમા૦ દીઠો વિમલ પ્રધાન. ૩૫
ગુરૂ ઉપદેશેં વિમલશાહ મનિ કરે વિચારો;
અભંગ તીરથ અરબદ ભંડારો,
ઋષભદેવિ મનમાંહિ ધરે મનિ સમરે અંબાવિ;
શ્રાવકને દ્રવ્ય સંપજે, નિરમા૦ વેવય સયલ સહાવિ. ૩૬
તે દંડાસર ગામ દેસ ભૂપતિ ભૂપાલ,
તે દુહવિયાં તિર્યંચ ઢોર અસ્ત્રી ને બાલ,
આલોઅણ આપું કિસી, ન લહુ સંખ પાર,
સિરિ અરબુદગિરિ ઉપરિ, નિરા૦ થાપિન જૈન વિહાર. ૩૭
દંડનાયક શ્રી વિમલશાહ, તીરથ થિર થાપિય,
ભરડા કન્હે લેઇ ભૂમિ ગરથ ઘણો આપીઅ,
અંબાઇ આવી કહું માંડે અડક અપાર;
થાનકિ શ્રી માતાતણે, નિરમા૦ થાપિન જૈન વિહાર. ૩૮
પહિલા તેડાવ્યા સૂત્રધાર, મહુરત લો મ લાઓ વાર;
રંગ ખણાવો દેઉલ તણી, બદરેસું કરને પૂરણી. ૪૦
કે સોના રૂપા તણા, વિમલ નિખાવ્યા આણી ઘણા,
સુત્રધાર જોઈ કસવટી, વિમલશાહ એ ગાઢો હઠી. ૪૧
તિલક વધારો વિમલહશાહ, જિણ સાંસણિ જિણિ
કિઉ ઉછાહ,
તીરથની કીધી થાપના, નાઠા સુભટ સવે પાપના. ૪૨

ઠવણિ.

દિગવિજય કરી શ્રી વિમલ ધરિ આવીઓ,
ગુરૂતણે વચને પ્રાસાદ મંડાવિયો,
મોકલ્યા જણ ઘણા ખાણિ આરાસણે
રૂપમય યંભ તુમ્હે કાઢિજ્યો તિહાં ખણી. ૪૩
પાટ થાંભા સિરાં ઘાટ દેઉલતણાં,
ખાંણિ તીરેં રહી ઘડિજ્યો અતિ ઘણાં;
પૂરવિ ચીતવિઉં સારસ વહંતણાં,
નયર ચંદ્રાવતી ઘાટ આવિ ઘડિઉ;
પાજ આરણ તણી વેગિ ઉપરિ ચડિઉ. ૪૫
પૂરિયાં ભિડભલાં પી બાંધાં ઘણાં,
નીપનો ગભારો વિમલવસહી તણો. ૪૬

ઠવણિ.

ક્ષેત્રપાલ મનિ કસમસ કરે,
મૂં આગલિ કુણ દેઉલ કરે,
ઘણાં દીહ દાખિ ન સાંહસિઉં,
અંબાઇ આગલિ જઇ કહિઉં. ૪૭

અંબાઈ કહે એતાવીર,
જોણિ જીતા છે રાય હમીર,
દેવિ અંબાવિ વસે એહ ખવે,
એહસિઉં પ્રાણ મ માંડે ભવે. ૪૮
બાંભણીઓ રાય અરબુદ લીઉં;
રોમ નયર પૂરવ દિસિ લીઉ,
ઇણિ જીતા છે બાર સુરતાણ,
કોઇ ન માંડે એહસું પ્રાણ. ૪૯
એ વર આપે દેવિ અંબાવિ,
એ બલિબાકુલ દેસિઈ ભાવિ,
વિનય કરીને નેવજ માગિ,
એહ વણિગ છે એહવા લાગિ. ૫૦
એતલ વીર મુહિ આકલા,
તુમ્હ દિવરાવસુ બાકુલા,
તલવટ તેલ રંધાવ્યા ચણા,
એતલને દિવરાવિયા ઘણા. ૫૧
વિમલ મનાવિઓ વાલીનાગ,
ટાલો ભૂત પ્રેતનો લાગ,
દીહ બિચ્યારે દુહું ઘડિઉં,
તતખિણ દેઉલ ઉપરિ ચડિઉં. ૫૨
મનમાહિ હરષો વિમલ અપાર,
દાદો પ્રગટ હૂઓ મઢમાંહિ,
અંબાઇ આવી ધમ કહિઉં,
બિંબ હવું તે થાનક કરિઉં. ૫૩
મનમાહિ હરષો વિમલ અપાર,
તતખિણિ તેડાવ્યા સૂત્રધાર,
ઘડો ઘાટ હિવ દેઉલતણો,
મુહિ માગિઉ ગરથ લો ઘણો. ૫૪
ઘડો ઘાટ મડો કોરણી,
એક એક પાહિ અતિ ઘણી,
હસત મુખ થાંભે પૂતલી,
કુતિગ કરે રૂપ તે વલી. ૫૫
અબુદ તીરથ ગિરિ કવિલાસ,
જિણિ થાનકિ જિણ પૂજે આસ,
ગુફામાહિ દાદો પરિ ઠવિઓ,
વિમલ મંત્રિ સપનિ આપિઉ. ૫૬
કરો પ્રાસાદ ટાલો સવિ અલી,
વિમલ મંત્રિસર પૂગી રલી,
નેમિ ભુવનિ જસુ રલીઆંમણું,
વસ્તુપાલ વિત વેચે ઘણું. ૫૭

આરાસણ આણો પાષાણ,
નેમિભુવન જિસિઉં ઇંદ્ર વિમાન,
પીતલ ઉર સિરિ રિસહ જિણંદ,
જિણિ દીઠે મનિ હુઈ આણંદ. ૫૮

નઇ વેલિ સેવંત્રી લેયાં,
પૂજ્યાં હુયાં પાપ સવે ગયાં,
જિમણિ પાસે છે દેહરાં,
તે મંડાવ્યાં ઋમણા તણાં.
તિણઈ બિંબ બિસારિયાં ઘણાં,
તે કહીએ સવિ ઋમણા તણાં. ૫૯

વસ્તુ.

તિરથ થાપિઅ તીરથ થાપિઅ,
અંભ ગઇણે ઠામિ,
સિરિ અરબુદ ગિરિ ઉપરે,
વિમલ મંત્રિ આધાટ રોપિય,
બાર પાજ વહતી કરી,
આવઇ સંઘ અપાર,
અંબાઈ સાનિધિ કરે,
આવિઓ ગઢ ગિરનાર. ૬૦

ઘણી વાત અરબદની ભલી,
હિવ નસિઉ અમ્હિ જીરાઉલી,
પ્રગટ પાસ ખરો અતિ ભલો,
સકલ સામિ શ્રી જીરાઉલો. ૬૧

સરદા સંઘ આવેં અતિ ઘણા,
પ્રત્ય પૂરે સવહું તણા,
ભાંજે ભીડ રોગ સવિ ગમે,
જીરાઉલે પાસ ધણેં સમે. ૬૨

મડાહડી સાઠિ વડગામ,
સાચોરો શ્રી વીર પ્રણામ,
કાકર થરાઉદ્ર જિણ વીસ,
રતનપૂરિ પૂજઉં નિસિદીસ. ૬૩

નઉં ભટાણે વીન્દૂએ,
પ્રાસાદે પૂજઉં નૂજુએ,
સીરોહડી સકલ શ્રી પાસ,
મનહતણી પૂરે જે આસ. ૬૪

સિરિ દિરિ વેલાં ગરીય વિચાર,
સુરહાડે પૂજઉં ત્રિણિ કાલ,
અરબુદ ગોઢિ આદિ અહચરે,
કરિસુ પૂજ જિણવર ટોકરે. ૬૫

શ્રી જાલોર નયર ભીનવાલ,
એક વિપ્ર બિહું નંદિ વિચાલિ,
નિઉ સહસ વાણિગનાં ઘરાં,
પંચાતાલીસ સહસ વિપ્રહતણાં. ૬૬
સાલાં તાલાં ને દેહરાં,
પ્રાસાદે જિણ પૂજ કરાં,
મુનિવર સહસ એક પોસાલ,
આદિનગર એહવું ભીનમાલ. ૬૭

ઉહુ લાસ અને કોરટું,
રાણિગ ગામ માહિ તલહટઉં,
કાલધરી ગામ ગોહલી,
સામી મુગતિ દઈ સોહલી. ૬૮

આદિનાથ અવદાત અનેક,
સીરોહરી નતુ નવી વિવેક,
લોટાણ નાણે નાંદીઈ,
નીતોડે જિણવર વાંદીએ. ૬૯

કોડીદરે સંતિ લઉં નામ,
અજાહરી ગઢિ વીરપુર ગામ,
ઝાડાલી શ્રી સંતિ જિણંદ,
પાપતણાં અમ્મૂલઇ કંદ. ૭૦

પીડરવાડે સિરિ વર્દ્ધમાન,
પ્રહ ઊઠીને કરૂં પ્રણામ,
સકલ સામિ શ્રી અંભવાડિ,
એક મલ કહને નહી પાડિ. ૭૧

વાગડમાહિ થકોલિઇ ભોગ,
ખણ વચન ટાલે સવિ રોગ,
વીરવાડે ઇક ધર્મવિચાર,
નાણે ત્રિસલા દેવિ મલ્હાર. ૭૨

નઇસી બેરે સીધલે,
માલ્હણસુ માહિ પૂજ ભલે,
જેઈ વેલ ચંપક રૂઅડી,
પાદ્રાડે પૂજું મઉડી. ૭૩

સકલ સામિ સાનિધ્ય કરે,
આવ્યા લોક સરણ ઊગરે,
વીસલપુર વાલ્હી ઉંદિરિ,
માલીસામાહિ પૂજ કરી. ૭૪

તીરથ તણો ન નાણું પાર,
જાખોરે જિણ કરૂં જુહાર,
અહેડું હાથંડી ગામ,
સિણવાડે જિણ કરૂં પ્રણામ. ૭૫

મુંડારે માદડી સનાથ,
વરકાણે શ્રી પાર્શ્વનાથ,
નઉં હિવ દેસ સાતસે,
નાડાલોઈ મન ઉલ્લસે. ૭૬

જિણહ પૂજ નિહાં નિતુ સવિહાણ,
આસલકોટિ માંહિ મંડાણ,
તીરથ સંખ્યા કરૂં મેવાડિ,
તે પુણ નહી અમ્હારિ પાડિ. ૭૭

દેલવાડું નાગદ્રહ ચિત્રોડ,
આહડ કરહેડું વધણોર,
જાઉંર મન્નઉદ્ર માદડી,
જિણવર નામં ન મુકું ઘડી. ૭૮

હજી તીરથ ઘણાં છેં ભલાં,
મેં દીઠાં કહિયાં તેતલાં,
કઈલવાડે કરહેડે પાસ,
મનહતણી જે પૂરે આસ. ૭૯

કુંભમેર રિસહેસર દેવ,
અરબુદ થકા આવ્યા હેવ,
અરબુદ થકા હિવ ઊતરી,
વલા શૃંગિ રહિયા ઘર કરી. ૮૦

કુંભકર્ણ સંપનંતર દિઉં,
તુ વિંધ્યાચલ ગિરિ આવિઉ,
દુર્ગ કોટ રાય દીઉં નામ,
કુંભમેર ગિરિ વિસમું ઠામ. ૮૧

વર્ણ છત્રી નહી કા મણા,
આવ્યા લોક ચિહુ દિસિ તણા,
કરે ભગતિ રિસહેસર તણી,
વિધન સેવે નઇં તિહાં ઠલી. ૮૨

વ્યવહારીયાતણી ગજઘટા,
સાત સાહસ કીધા એકટા,
ઘણા બોલ બોલ્યા ગુણવંત,
નાગોર આણો હનુમંત. ૮૩

સોનિત થિકો વિણાયગ લિઓ,
કઈલવાડી પોલિઇ માંડીઓ,
નાગોર આણિઓ હનુમંત,
રાણપુર પોલે માંડીઓ. ૮૪

સોડતિ સામી અને ફલવૃદ્ધિ,
પાસ જિણેસર આપે બુદ્ધિ,
માય તાય ઠાકુર તિહાં ઘણી,
પાલાવલા રાણગપુર ભણી. ૮૫

નગર રાણપુર સાત પ્રાસાદ,
એકએક સિઉં માંડે વાદ,
ધન્નદંડ દીસે ગિરિ વલી,
ઇસિઉં તીરથ નહી સૂરિજ તલે. ૮૬

પાયો પુરિસ સાત તેહતણો,
ઘડાબંધિ દ્રવ્ય લાગો ઘણો,
બારસાખ તોરણ પૂતલી,
ઘણો દ્રવ્ય લાગો તિહાં વલી. ૮૭

ધન જીવિઓ ધરણિગ તુમ્હ તણો,
ધન વેચિઉં ચઉમુખિ આપણું,
વલી શૃંગ રોપાવીઆ ઘાટ,
પુણ્યતણી વહતી કીધી વાટ. ૮૮

પાંચ તીર્થ તિહાં પાંચ પ્રાસાદ,
પાવા પ્ર અ ને વૈભાર,
ચંપા મથુરા રાજગૃહી,
તે થાનક જે દીસે સહી. ૮૯

એકસો તીરથ વીસોતર નામ,
ઇણે ભણે સવિહું પ્રણામ,
શ્રાવક મુગતિ થકા અલગ્યા,
એહ તવન ભણુગ્યો હો ભયા. ૯૦

મેહઉ કહે મુગતિનું ઠામ,
સદા લિઉં તીર્થંકર નામ,
તીરથમાલો ભણો સાંભલો,
નઈ પાપ ઘટ હુઈ નિરમલો. ૯૧

—ઇતિશ્રી તીર્થમાલા સમાપ્તા ૪-૧૩ જૂની પ્રત
મો. સેં. લા. મુંબઈ.

[આમાં આવેલાં તીર્થસ્થલો હાલમાં ભૂગોળની નજરે ક્યાં આવેલ છે તેની તપસીલ કંઈ વિગતવાર હકીકત સાથે અખંડ ઉગ્ર વિહાર કરતા મુનિ મહારાજો યા તીર્થયાત્રા કરનારા શ્રાવકો યા તે તે ભાગમાં રહેનારા જણાવશે તો અમે પ્રેમથી પ્રકટ કરીશું. **તંત્રી.**]

વીર–રાસ.

અભયતિલકગણિની પ્રાચીન કૃતિની અર્વાચીન છાયા]

(૫'. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી. સેંન્ટ્રલ લાયબ્રેરી, વડોદરા.)

ગત દીવાલી અંકમાં આ કૃતિ મૂલમાં આપી હતી અને તે સં. ૧૩૦૭ ની ન્હૂની ગૂજરાતીમાં હોવાથી તેને વર્ત્તમાન ગૂજરાતીમાં મૂકવા માટે તથા ભાવાર્થ જોડવા માટે ખાસ કરી પંડિત બહેચરદાસને આહ્વાન કર્યું હતું, પરંતુ તેઓ તેમ કરી મોકલી શક્યા નથી, ન્યારે પંડિત લાલચંદ વિના આમંત્રણે સ્વયં તેમ કરી પુષ્કળ ટિપ્પણ સાથે તે કાવ્યની વર્તમાન ભાષામાં છાયા કરી મોકલી આપેલ છે તે માટે તેમનો ઉપકાર માનીએ છીએ. **તંત્રી**]

પાર્શ્વનાથ **જિન**દત્તગુરુના, પાદપદ્મ પ્રણમીને;
પ્રભણીશ **વીર**નો રાસડો રે,
સાંભલો ભવ્ય મલીને. ૧
સરસ્વતી માતા વીનવું રે, મુઝ કરો વડો પસાય;
વીર જિનેશ્વર જિનસ્તવું રે, મેલ્હી અન્ય વ્યવસાય. ૨
ભીમપલ્લીપુરી વિધિભવને રે, થાપ્યો **વીર** જિનેંદ્ર;
દર્શન માત્રે ભવ્યજનના, તોડે ભવદુઃખ કંદ. ૩
શ્રી સિદ્ધાર્થ નરેશ્વરના રે, કુલ-નભસ્તલે માકંદ;
ત્રિશલાદેવી-ઉદરસરે રે, સુવર્ણકમલ ઉદ્દંડ. ૪
નિરુપમરૂપે **વીર**જિન રે, સર્વ જગત્ વિસ્મયાવે;
પ્રણુમતા ભવ્ય જનના રે, સઘલાં દુરિત હરેય. ૫
તસ ઉપર ભવન ઉત્તુંગ વર તોરણ,
મંડલિક રાજ-આદેશે અતિશોભન;
શાહે [૩]ભુવનપાલે કરાવ્યું,
જગધરશાહ કુલે કલશ ચડાવ્યો. ૬
હેમધ્વજદંડ કલશો ત્યાં કર્યો,
પૂજ્ય [૧]જિનેશ્વરસુગુરુ પાસે પ્રતિષ્ઠાપ્યો;
વિક્રમ વરસ **તેરસે સાત** ઉત્તરે,
શ્વેત વૈશાખ દશમીએ શુભ વાસરે. ૭
આ મહમાં દિશોદિશ સંઘ મલ્યા ઘણા,
વસન ધને વરસતા જેમ નવઘના;
ઠામ ઠામ અતિ નાચે તરુણી જન,
કનકમણિ નૂપુર—રવરંજિતજના. ૮
ઘર ઘર બાંધી નવ વંદનમાલિકા,
ઉભી કરી ગૂડી ચોક પરે પૂર્યા;
આદરે સંઘ સઘલોય પરિપૂજ્યો,
સર્વદર્શન નગરલોક સંમાન્યો. ૯
રંગે ખેલે મલીને તથા ખેલો,
મધુર સ્વરે ગીત ગાય વરબાલિકા;
સીલણ દંડનાયકવર હર્ષ્યો,
વીર થાપ્યાથી પૂરિતપ્રતિજ્ઞો હૂઓ (થયો). ૧૦
જો (જ્યારે) ચડ્યો **વીર**-ભુવને,
દંડ કલશ સૌવર્ણ;
તો (ત્યારે) વિધિમાર્ગે સમુચ્છલ્યો,
જય જય શબ્દ સુરમ્ય. ૧૧
વીરનો ધ્વજ જો લહલહે,
હર્ષે ય જગત્ સર્વ;
હર્ષે ભટ્ટ અનગારોએ, પઢિયાં કાવ્ય અપૂર્વ. ૧૨
પવન-પ્રકંપતી **વીર**ગૃહે, જાણીજે ય પડાય (પતાકા);
તે ઊપાડી ચપેટા કરે, દુષ્ટ અરિષ્ટ હણવા ય. ૧૩
તે ચડ્યે ધ્વજપટે **વીર**જિન-કલા ન અંગે સમાય;
તે જન પેખી **વીર**—વદન, હલ્લકલોલે જાય. ૧૪
તે **વીર**ભુવન સુપ્રતિષ્ઠિતે, દિશિ દિશિ વાગ્યાં તૂર;
તે દિશિદિશિ વધામણું હૂઉં(થયું), સંઘ-મનોરથપૂર. ૧૫
જે પ્રભુ **વીર**જિનેંદ્રને, નયનાંજલિપુટે પીવે;
જેમ અમૃત-નિસ્યંદ, તેજ ધન્ય સુકૃતાર્થ નર. ૧૬
જે હવરાવે વાંદે, અર્ચે ચર્ચે **વીર**જિન;
નવ નિધાન તે લહે, ભ્રાંતિ મ કરશો ભવ્યજન. ૧૭
વીરના સિંહદ્વારે, એહ રાસ જે દે નર;
તે શિવપુર મોઝાર, વિલસે સુખ ભોગવે પર. ૧૮
ખેલા કેલિ દે રાસો જ્યો રલિયામણો;
તાસ કરો શિવ શાંતિ, બ્રહ્મશાંતિ અને ખેતલો. ૧૯

યાવત્ મેરુગિરિ સાર, વિલસે મહીમંડલે સયલે;
શ્રી મંડલિકવિહાર[૫], તાવત્ એહ નંદો જયો. ૨૦
[૨]અભયતિલકગણિ પાસે, ખેલે મલી કરાવ્યો;
એમ નિજ મન-ઉલ્હાસે, રાસલડો ભવિજન દિયો. ૨૧

ટિપ્પન—છાયાથી અર્થ સ્પષ્ટ થતો હોવાથી પુનરુક્તિરૂપે તેનો અર્થ ન જણાવતાં તે રાસ સાથે સંબંધ ધરાવતાં ઐતિહાસિક નામો-[૧] જિનેશ્વરસૂરિ, [૨] અભયતિલકગણિ, [૩] ભુવનપાલ, [૪] ભીમપલ્લી, [૫] મંડલિક-વિહારના સંબંધમાં મ્હારૂં વક્તવ્ય અહિ જણાવું છું—

[૧]
જિનેશ્વરસૂરિ.

પૂર્વોક્ત વીર-રાસની ૭ મી ગાથામાં સૂચવાયેલ વિ. સં. ૧૩૧૭ માં ભીમપલ્લીમાં વીર-વિધિભવન અપરનામ મંડલિક-વિહારમાં વીર પ્રભુની પ્રતિમાની તથા સુવર્ણમય ધ્વજદંડ, કલશ વિગેરેની પ્રતિષ્ઠા કરનાર આ જિનેશ્વરસૂરિનો સંક્ષિપ્ત પરિચય અંહિ સમુચિત લેખાશે.

આ જિનેશ્વરસૂરિ મરુકોટ્ટ નિવાસી સુપ્રસિદ્ધ વિદ્વાન ભંડારી નેમિચંદ્ર (સટ્ટિસય પ્રકરણ, જિનવલ્લભસૂરિ-ગુણવર્ણન ગીત વિ. ના કર્તા)ના પુત્ર હતા. તેમની માતાનું નામ લક્ષ્મી, વિ. સં. ૧૨૪૫ માં તેમનો જન્મ થયો હતો. જન્મ નામ અંબડ, વિ. સં. ૧૨૫૫ માં ખેડામાં વિધિમાર્ગ (ખરતરગચ્છ)ના સુપ્રસિદ્ધ વાદી જિનપતિસૂરિ (સંઘપટક વિવરણ, પંચલિંગી વિવરણ, પ્રબોધોદય, તીર્થમાલા વિગેરેના પ્રણેતા) પાસે જૈનદીક્ષાથી દીક્ષિત થતાં તેમનું નામ વીરપ્રભ રાખવામાં આવ્યું હતું. જિનપતિસૂરિના સ્વર્ગવાસ (વિ. સં. ૧૨૭૭) પછી સર્વદેવાચાર્યે તેમને વિ. સં. ૧૨૭૮ માં જાલોરમાં જિનપતિસૂરિના પટ્ટ પર સ્થાપી જિનેશ્વરસૂરિ નામથી પ્રસિદ્ધ કર્યા હતા.

વિ. સં. ૧૨૮૫ માં જિનપતિસૂરિશિષ્ય પૂર્ણભદ્રગણિએ રચેલ ધન્ય શાલિભદ્રચરિત્ર, વિ. સં. ૧૨૯૩ માં જિનપાલગણિએ રચેલ દ્વાદશકુલક-વિવરણ, વિ. સં. ૧૨૯૫ માં સુમતિગણિએ રચેલ ગણધર સાર્ધશતક-બૃહદ્વૃત્તિ વિગેરે આ જિનેશ્વરસૂરિની આજ્ઞાથી રચેલ જણાવેલ છે.[૧]

ચિત્રકૂટનિવાસી ઉકેશવંશી આસાના પુત્ર સંઘપતિ સા સલ્હાક આ જિનેશ્વરસૂરિના પરમભક્ત હતા, તેણે આ સૂરિના સદુપદેશથી નલકમાં જયતુગ્નિ દેવના રાજ્યમાં વિ. સં. ૧૨૯૫ માં સિદ્ધાંત વિગેરે સમસ્ત જૈનશાસ્ત્રનો ઉદ્ધાર કરાવ્યો હતો, જેમાંની કર્મસ્તવ-કર્મવિપાક પુસ્તિકા જેસલમેર-જૈન 'બડા' ભંડારમાં વિદ્યમાન છે. (જૂઓ જેસલમેર ભાં૦ સૂચી, પૃ. ૨૬) ઉપદેશમાલા બૃહદ્વૃત્તિની તથા આવશ્યક વૃત્તિની એક તાડપત્રીય પ્રતિ જેસલમેરમાં છે કે જેમાં ૩૧+૨૩ કાવ્યોની પ્રશસ્તિ છે, તે આ જિનેશ્વરસૂરિને સમર્પિત કરવામાં આવેલી છે. (જૂઓ જે. ભાં. સૂચી પૃ. ૩૬,૪૩)

પલ્લીવાલવંશીય લાષ(ખ)ણ નામનો ગૃહસ્થ આ જિનેશ્વરસૂરિના કરકમલથી અધિવાસિત થયો હતો, જેણે પોતાનાં માત-પિતાના પુણ્યાર્થે આ શ્રી જિનેશ્વરસૂરિ ગુરુના આદેશથી, હરિભદ્રસૂરિ રચિત સમરાદિત્ય ચરિત્ર નામનું તાડપત્રીય પુસ્તક લખાવ્યું હતું, જેનું વ્યાખ્યાન વિ. સં. ૧૨૯૯ માં ખંભાતમાં એજ લાષ(ખ)ણે રત્નપ્રભસૂરિ પાસે કરાવ્યું હતું. (વિસ્તૃત પ્રશસ્તિ જૂઓ પીટર્સન રિ. ૩, પૃ. ૧૧૯ થી ૧૨૪).

વિ. સં. ૧૩૧૩ માં પાલ્હણપુરમાં આ સૂરિએ રચેલું શ્રાવક ધર્મપ્રકરણ જેસલમેર-જૈનભંડારમાં અસ્તિત્વ ધરાવે છે. તેમનો અન્ય મહાપ્રબંધ ચંદ્રપ્રભચરિત મહાકાવ્ય તથા અનેક સ્તુતિ-સ્તોત્રો હોવાનું જણાય છે, પરંતુ જોવામાં આવતાં નથી.

વિ. સં. ૧૩૨૬-૨૮ માં વીજાપુરમાં તથા અન્યત્ર પણ અનેક સ્થલે તેમણે અનેક જૈનમંદિરો, દેવકુલિકાઓ અને જૈનમૂર્તિયોની પ્રતિષ્ઠા કર્યાનું જણાય છે. અભયકુમાર ચરિત લખાવનારની કુમારગણિ કવિએ રચેલી પ્રશસ્તિ, સંઘપુરનો શિલાલેખ જિનેશ્વરસૂરિ દીક્ષા વીવાહલો (સોમમૂર્તિ ગણિ રચિત,

---

૧, જૂઓ જેસલમેર ભાંડાગારસૂચી (ગાયકવાડ ઑા. સિરીઝ વડોદરાથી પ્રકાશિત)

રાસસાર સાંથે ભાવનગર આત્માનંદ સભાથી પ્રકાશિત), જેસલમેર ભાં. સૂચી, ખરતગચ્છ-પટ્ટાવલી વિગેરેમાંથી આ સૂરિના સંબંધમાં થોડું ઘણું વૃત્તાન્ત મળી શકે છે.

વિ. સં. ૧૩૩૧ માં જાલોરમાં પ્રબોધમૂર્તિ નામના પોતાના શિષ્યને સ્વયં પોતાના પટ્ટપર સ્થાપી તેમને જિનપ્રબોધસૂરિ નામથી પ્રસિદ્ધ કરી જિનેશ્વરસૂરિ સ્વર્ગવાસી થયા.

જિનેશ્વરસૂરિને અનેક પ્રૌઢ વિદ્વાન શિષ્યો હતા, તેમાંના ૧૫ નો ટુંક પરિચય અહિં આપ્યો છે, જેમાં આ વીર-રાસ રચનાર અભયતિલક ગણિનો પણ સમાવેશ થાય છે' એ ઉપરથી અભયતિલકગણિના ગુરુબંધુઓ પણ કેવા સમર્થ પ્રતિભાશાલી હતા, તેનો પણ કંઈક ખ્યાલ થશે.

[૨]

(૧) અભયતિલક ગણિ.

વિ. સં. ૧૩૦૭ માં પ્રાચીન ગૂજરાતી ભાષામાં રચાયેલી જણાતી 'વીર-રાસ' નામની જેમની ૨૧ કડીની ઐતિહાસિક લઘુકૃતિ 'જૈનયુગ'ના ગત દીપોત્સવી ખાસ અંકમાં પ્રકટ થઇ છે, અને આર્વાચીન છાયા મેં આ સાથે લખી મોકલી છે, તે અભયતિલકગણિનો પરિચય અહિં ઉચિત ગણાશે.

અભયતિલકગણિની જન્મભૂમિ, જ્ઞાતિ માતા પિતા કે જન્મસમય, દીક્ષાસમય-સ્થલ સંબંધમાં વિશેષ જાણવામાં આવ્યું નથી છતાં અનુમાનથી સમજી શકાય તેમ છે કે વિક્રમના તેરમા સૈકાના ઉત્તરાર્ધમાં અથવા અંતમાં તેમનો જન્મ થયો હશે, તેમની દીક્ષા અને ગણિપદવી પણ તેજ અરસામાં થઇ હોવી જોઇએ; ક્રમકે વિ. સં. ૧૩૦૭ માં રચાયેલી જણાતી તેમની આ કૃતિમાં !(૨૧ મી કડીમાં) અભયતિલક ગણિ નામનો ઉલ્લેખ જોવામાં આવે છે.

જે જિનેશ્વરસૂરિનો પરિચય ઉપર કરાવ્યો છે, તે જિનેશ્વરસૂરિ આ રાસકાર અભયતિલકગણિના દીક્ષાગુરુ હતા અને વિદ્યાગુરુ લક્ષ્મીતિલક ઉપાધ્યાય હતા, જેનો પરિચય આ લેખમાં આગળ આપ્યો છે.

અભયતિલકગણિની અમરકીર્તિરૂપ વિસ્તૃત અન્ય કૃતિ સુપ્રસિદ્ધ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના સંસ્કૃત દ્વ્યાશ્રય મહાકાવ્ય પર સંસ્કૃતમાં ૧૭૫૭૪ સાડા સત્તરહજાર શ્લોક પ્રમાણ ટીકા છે. જે મુંબઈ સરકારી સિરીઝદ્વારા બે ખંડમાં ઇ. સ. ૧૯૧૫ અને ૧૯૨૧ માં પ્રકાશિત થઈ ગયેલ છે. આ ટીકા અભયતિલકગણિએ પૂર્વોક્ત જિનેશ્વરસૂરિના આદેશથી રચી હતી અને વિ. સં. ૧૩૧૨ ની દીવાળીમાં પાલ્હણપુરમાં પૂર્ણ કરી હતી. આ ટીકાનું સંશોધન તેમના વિદ્યાગુરુ લક્ષ્મીતિલક કવિએ કર્યું હતું.

આ સ્થલે પ્રાસંગિક એક ભ્રમનિવારણની અનિવાર્ય પરમ આવશ્યકતા છે કે જેથી ભવિષ્યમાં એ ભૂલ થતી અટકે અને પરંપરાએ લેખકો તે ભ્રાન્તિનું અનુકરણ ન કરતાં સત્યસ્વરૂપ પ્રકાશમાં મૂકે. આ ભ્રાન્તિ દ્વ્યાશ્રયના કર્તા સંબંધમાં ઇતિહાસરસિક ફાર્બસ સાહેબે અને અન્ય લેખકોએ કરી જણાય છે. ફાર્બસ સાહેબની સુપ્રસિદ્ધ રાસમાળા કે જેનું ગૂજરાતી ભાષાંતર. રા. રા. દીવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામદ્વારા થયેલું છે, જેની પુનઃ શોધિત તથા વર્ધિત ત્રીજી આવૃત્તિ (ભા. ૧) ફાર્બસ ગૂજરાતી સભાદ્વારા વિ. સં. ૧૯૭૮ માં પ્રકાશિત થયેલી છે; તેના પૃ. ૩૩૬ માં નીચેનાં વાક્યો દૃષ્ટિગોચર થાય છે:—

"દ્વ્યાશ્રયનો પ્રારંભ, પ્રસિદ્ધિ પામેલા હેમાચાર્યે કરેલો જણાય છે. તે કુમારપાલના રાજ્યની સમાપ્તિએ ઇ. સ. ૧૧૪૭ ની પહેલાં મરણ પામ્યો હતો. ત્યાર પછી પ્રહ્લાદનપટ્ટણ (સોવશા પાલણપુર)માં લેશાજ્યતિલકગણી કરીને જૈનસાધુ હતો તેણે તે અધૂરા ગ્રંથનું સાંધણ ચલાવીને ઇ૦ સ૦ ૧૨૫૬ અથવા સંવત્ ૧૩૧૨ ની દિવાળીને દહાડે પૂરો કર્યો. ત્યાર પછી તેના ઉપર લક્ષ્મીતિલકકવિએ, શુદ્ધ કરીને, ટીકા રચી છે, એવું ઉપરનો સાધુ લખી ગયો છે. શ્રી દુર્લભરાજ રાજ્ય કરતો હતો તે વેળા શ્રી વર્દ્ધમાન આચાર્ય ગૂજરાતમાં પ્રવાસ કરતો હતો તેની દીક્ષાવલિમાંનો નવમો લેશાજ્ય પુરૂષ હતો એવું પોતે માને છે."

તથા પૃ. ૩૩૭ માં નીચેનાં વાક્યો નજરે પડે છે—

"દ્વ્યાશ્રયમાં હેમચન્દ્રનો રચેલો કેટલો ભાગ હશે એ જાણવાને બની આવે, અને લેશાજ્ય અને લક્ષ્મી-

તિલકના હાથથી ફેરફાર થયા વિનાનો તેમાંનો કેટલો ભાગ હાલના પુસ્તકમાં હશે, એ જણાય તો મુખ્ય રાજ્યો માંહેલાં બે રાજ્ય વિષે તે જ વેળા થયેલા ગ્રંથકારના અભિપ્રાય આપણા જાણવામાં આવે. પણ આવો પત્તો લાગવો અશક્ય છે; માટે આ જૈનોનાં લખેલાં વર્ણન, જે સમયે લખવામાં આવેલાં તેજ સમયના નોંધી રાખેલા રાસ તરીકે માની લેવાં જોઇયે. આવા પ્રકારની એ વર્ણનની તુલના કરિયે તો પણ તેઓ મૂલ્યવાન નથી એમ નથી."

મે. રા. રા. ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઈ (નાયબ દીવાન સાહેબ, વડોદરા) દ્વારા તૈયાર થયેલ ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, કે જે ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી અમદાવાદ માર્ફત વિ. સં. ૧૯૬૫ માં બીજી આવૃત્તિરૂપે પ્રસિદ્ધ થયેલ છે. તેમાં (પૃ. ૧૪૨ માં) પણ થોડા ફેરફાર સાથે પૂર્વોક્ત આશયને અનુસરતો ઉલ્લેખ જોવામાં આવે છે—

"હેમચંદ્રે દ્વયાશ્રય લખવાની શરૂઆત ઇ. સ. ૧૧૬૦ માં કરી હતી. એવું કહેવાય છે કે એ ગ્રંથ અભયતિલકગંજ નામના બીજા જૈનસાધુએ ઇ. સ. ૧૨૫૫ માં પૂરો કરી સુધાર્યો હતો."

રાવબહાદુર મનોહર વિષ્ણુ કાથવટેના 'ભરતખંડાચા પ્રાચીન ઇતિહાસ'માં પણ આવાજ આશયનું લખાણ થયું છે કે—

"આ કુમારપાલના ગુરુપણાને પામેલ હેમચંદ્ર આ ગ્રંથ (દ્વયાશ્રય)નો ઇ. સ. ૧૧૬૦ માં પ્રારંભ કરી અપૂર્ણજ મૂકી સ્વર્ગવાસી થયા. આર્ય (અભય) તિલકગણિ જૈનસાધુએ આ (દ્વયાશ્રય) ગ્રન્થ ઈ. સ. ૧૨૫૫ માં પૂરો કર્યો."

આમ મૂલગ્રન્થ જાતે તપાસી નિર્ણય કર્યા વિના અનેક લેખકોએ એક બીજાના ઉલ્લેખો જોઈ પરંપરાએ એ ભૂલ ચાલુ કાયમ રાખી છે. ને ના. શ્રી. સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ સેનાખાસ ખેલ સમશેર બહાદુર એમની આજ્ઞાથી સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્યનું ગૂજરાતીમાં ભાષાંતર (વડોદરા દેશી કેળવણી ખાતા તરફથી વિ. સં. ૧૯૪૯ માં પ્રકટ થયેલ) કરનાર મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ દ્વયાશ્રયનો સાર દર્શાવ્યા પછી વિશેષાવલોકન (પૃ. ૩૦) માં આ ભૂલ સુધારવા નીચે જણાવેલ ઉલ્લેખથી કંઇક અંશે પ્રયાસ કર્યો છે—

"એની ટીકા કોઇ અભયતિલક ગણી નામના જૈન સાધુએ લખી છે તે બહુ ઉપયોગી છે. ફાર્બસ સાહેબ આ અભયતિલકગણીને બદલે લેશાભયતિલકગણી એવું નામ આપે છે ને તેને અપૂર્ણ રહેલા દ્વયાશ્રયનો પૂર્ણ કરનાર જણાવે છે. તથા ટીકાકાર તો કોઇ લક્ષ્મીતિલક નામે બીજોજ જણાવે છે. દ્વયાશ્રયની જે પ્રતિ મારા આગળ છે તેમાંથી આવી કશી વાત નીકળતી નથી, તેમાં તો જેને હું ટીકા કહું છું તેને વૃત્તિ કહેલી છે, ને પ્રતિસર્ગે આ પ્રમાણે સમાપ્તિ કરેલી છે:

इति श्रीजिनेश्वरसूरिशिष्यलेशाभयातिलकगणिविरचितायां श्रीसिद्धहेमचंद्राभिधानशब्दानुशासनद्व्याश्रयवृत्तौ.

ઇત્યાદિ. અભયતિલકગણી, તે જિનેશ્વર સૂરિનો શિષ્ય એમ આમાંથી જણાય છે ને શિષ્યલેશ એ ઉપનામ ચરણરજ જેવું નમ્રતાવાચક શિષ્ય એ અર્થનુંજ બોધક છે: આ નામને બરાબર ન જોવાથી લેશાભયતિલકગણી એવું ભ્રમયુક્ત વાંચ્યું હોય એમ ધારૂં છું."

તથા મુંબઇ સરકારી સિરીઝ તરફથી ઇ. સ. ૧૯૨૧ માં પ્રકટ થયેલ સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્યના સંસ્કૃત પ્રસ્તાવમાં શ્રીયુત પં. દત્તાત્રેયશર્માએ રાવબહાદુર મ. વિ. કાથવટેના ઉપર દર્શાવેલ 'ભરતખંડાચા પ્રાચીન ઇતિહાસ' નો ઉલ્લેખ ટાંકી સંસ્કૃતમાં પોતાનો અભિપ્રાય સૂચવ્યો છે કે—

'દ્વયાશ્રય મહાકાવ્ય પૂરેજ હેમચંદ્રે રચ્યું અને વૃત્તિ તો અભયતિલકગણિએ રચી એમ મ્હને જણાય છે. અને તેના સમર્થનમાં-દ્વયાશ્રયના ૧૭ મા સર્ગના ૪૨ મા શ્લોકની વૃત્તિમાં વૃત્તિકારે મૂલકારથી બતાવેલ પોતાનો ભેદ, વૃત્તિકારે પ્રાન્તમાં દર્શાવેલ પોતાનું માત્ર વૃત્તિકારપણું વિગેરે સ્પષ્ટ ટાંકયું છે.'

આવી રીતે ભ્રમનિવારણ માટે પ્રયાસ થયેલ હોવા છતાં સાક્ષરોનું લક્ષ્ય એ તરફ ખેંચાયું નથી, તેથી અમ્હે પણ સપ્રમાણ અમ્હારો અભિપ્રાય દર્શાવી નમ્રતાપૂર્વક ઇતિહાસ લેખક વિદ્વજ્જનોનું ખાસ કરીને તે તે ગ્રંથોના ભાષાંતર કર્તા, સંપાદક, પ્રકાશક મહાશયોનું લક્ષ્ય ખેંચી એ પરંપરાગત સ્ખલનાને સુધારી પ્રસિદ્ધ કરવા તેમને સૌજન્યથી સૂચવીએ છીએ.

ફૂર્બસ સાહેબને સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્યની ટીકાની પ્રાંત પ્રશસ્તિવાળી શુદ્ધ પ્રતિ પ્રાપ્ત નહિ થઇ શકી હોય તેથી તે વાંચવામાં ભ્રમ થવાથી અથવા તેનો અર્થ બરાબર નહિ સમજી શકવાથી તેવો આશય દર્શાવ્યો હશે. આજે તેઓ સાહેબ વિદ્યમાન હોત તો અવશ્ય પોતાની ભૂલ સમજી સુધારત. વૃત્તિકાર અભયતિલકગણિ પોતાને હેમચન્દ્રાચાર્યના સંસ્કૃત દ્વયાશ્રયના વિવૃતિકાર, વૃત્તિકાર કે ટીકાકાર તરીકેજ ઓળખાવે છે, મૂલ દ્વયાશ્રયના કર્તા તરીકે કે હેમચંદ્રાચાર્યના અપૂર્ણ ભાગના પૂર્ણ કરનાર તરીકે ક્યાંય ઓળખાવતા નથી. વૃત્તિને અંતે ૧૫ શ્લોકોની જે પ્રશસ્તિ વૃત્તિકાર અભયતિલકગણિએ દર્શાવી છે, તેના ૧, ૧૨, ૧૩ એ ત્રણ શ્લોકોનો બરાબર અર્થ ન સમજવાથી તેવો ભ્રાંતિયુક્ત ઉલ્લેખ કર્યો જણાય છે. વાસ્તવિક રીતે તેનો અર્થ આ પ્રમાણે થઈ શકે "અતિ વિમલ વિશાલ ચાંદ્રકુલમાં શ્રી વર્ધમાનાચાર્યના શિષ્ય જિનેશ્વરસુરિ દ્વિજપતિ (જાતિથી બ્રાહ્મણ હોવાથી, પક્ષે ચન્દ્ર) થયા, જેમણે ગૂજરાતની ભૂમિમાં (પાટણમાં) દુર્લભરાજની સભામાં વસતિમાર્ગનો પ્રકાશ કરી (ચૈત્યવાસીઓને વાદમાં જીતી) સાધુઓને સારો વિહાર કરનાર કર્યા હતા.[૧]" વૃત્તિકાર અભયતિલકગણિએ ત્યારપછીના દસ શ્લોકોમાં પોતાની ગુરુપરંપરા દર્શાવી છે, તેને આવા વંશક્રમમાં ગોઠવી શકાયઃ—

(ચાંદ્રકુલ)
વર્ધમાનસૂરિ
|
જિનેશ્વરસૂરિ (દુર્લભરાજની સભામાં વસતિમાર્ગ પ્રકાશક
|
જિનચંદ્રસૂરિ (સંવેગરંગશાલા રચનાર)
|
અભયદેવસૂરિ (સ્તમ્ભનમાં પાર્શ્વપ્રભુના સ્થાપક, નવાંગવૃત્તિકાર)
|
જિનવલ્લભસૂરિ
|
જિનદત્તસૂરિ
|
જિનચંદ્રસૂરિ
|
જિનપતિસૂરિ
|
જિનેશ્વરસૂરિ
|
જિનરત્નસૂરિ બુદ્ધિસાગર અભયકીર્તિ પં. પૂર્ણકલશગણિ પ્રબોધચંદ્રગણિ લક્ષ્મીતિલકગણિ પ્રમોદમૂર્તિ અભયતિલકગણિ

દરેક સર્ગની વૃત્તિના પ્રાન્ત લેખમાં પોતાને જિનેશ્વરસૂરિના શિષ્યલેશ તરીકે ઓળખાવવામાં પોતે તેમના અનેક શિષ્યોમાં લઘુશિષ્ય તરીકે હતા એમ સૂચિત કરવાનો અને પોતાની લઘુતા-નમ્રતા દર્શાવવાનો વૃત્તિકારનો હેતુ કલ્પી શકાય. ૧૧ થી ૧૪ શ્લોકમાં વૃત્તિકારે જણાવ્યું છે કે—" તે સુગુરુ (જિનેશ્વરસૂરિ)ના આદેશથી મુનિ અભયતિલકગણિએ પોતાના મતિવૈભવના અનુસારે સકર્ણ-પ્રાજ્ઞજનોના કાનને ઉત્સવ-આનંદ આપે તેવી આ વિવૃતિ (વિવરણ) રચેલ છે. સર્વ વિદ્યાઓમાં પ્રવીણ, વિકલતા વિનાની કવિતા ક્રીડાના ક્રીડાગૃહરૂપ, કીર્તિવડે સમુદ્રના પારગામી, ત્રણ ભુવનના જનોપર ઉપકાર કરવાના નિયમવાળા, લક્ષ્મીતિલક કવિરૂપી સૂર્ય, કે જેઓ સમગ્ર ગ્રંથસમૂહમાં મ્હારા ગુરુ છે

અને આ [૨]**દ્વયાશ્રયમાં** તો વિશેષે કરીને પ્રકૃષ્ટ ગુરુ છે, તેમણે આ **ટીકા**ને સારી રીતે શુદ્ધ કરી છે. વિ. સં. ૧૩૧૨ માં **પ્રહ્લાદનપત્તન** (પાલણપુર) માં દીવાળીના શુભ દિવસે **આ ટીકા** પૂર્ણ[૩] **થઈ.** આ વૃત્તિનું પ્રમાણ ૧૭૫૭૪ સત્તરહજાર પાંચસે ચુમોત્તેર શ્લોકોનું નિશ્ચિત કરેલું છે."

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પોતાના સિદ્ધહેમશબ્દાનુશાસનના સાત અધ્યાયનાં દરેક સૂત્રોના ક્રમવાર ઉદાહરણપ્રયોગો દર્શાવતું, અને શબ્દાનુશાસનના વિશેષહેતુભૂત સિદ્ધરાજ જયસિંહના વંશકીર્તનને કરતું વીશસર્ગનું એ સંસ્કૃત દ્વયાશ્રયમહાકાવ્ય અપૂર્ણ તો નથી મૂકયું. પરંતુ તેથી આગળ આઠમા અધ્યાયના પણ દરેક સૂત્રોના ક્રમવાર ઉદાહરણપ્રયોગો સમજાવતું, કુમારપાલચરિત પ્રતિપાદન કરતું આઠ સર્ગનું પ્રાકૃત **દ્વયાશ્રય**મહાકાવ્ય પણ પૂર્ણ રચેલ છે, જે પૂર્ણકલશ ગણિ (**અભયતિલક** ગણિના સતીર્થ્ય ગુરુબન્ધુ)ની વિ. સં. ૧૩૦૭ માં રચાયેલી વૃત્તિ સાથે મુંબઈ સરકારી સિરીઝ તરફથી ઈ. સ. ૧૯૦૦ માં સુપ્રસિદ્ધ થયેલ છે. કમભાગ્યે ફાર્બસ સાહેબ, મ. ન. દ્વિવેદી વિગેરેને આ પ્રાકૃત **દ્વયા**શ્રયનાં દર્શન થયાં જણાતાં નથી. **દ્વયા**શ્રયના પ્રારંભનો ઉપર્યુક્ત લેખકોએ દર્શાવેલો સમય પણ કાલ્પનિક જણાય છે, પ્રામાણિક જણાતો નથી.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પોતાના ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત મહાકાવ્યની પ્રાંત પ્રશસ્તિમાં પોતાની દ્વયાશ્રય કૃતિનો પણ ઉલ્લેખ કુમારપાલ ભૂપાલની ઉક્તિરૂપે પ્રકટ કર્યો છે—

" अस्मत्पूर्वज सिद्धराज नृपतेर्भक्तिस्पृशो याञ्चया ।
साङ्गं व्याकरणं सवृत्तिसुगमं चक्रुर्भवन्तः पुरा ।
मद्धेतोरथ योगशास्त्रममलं लोकाय च द्वयाश्रय-
छन्दोऽलङ्कृति-नामसङ्ग्रहमुखान्यन्यानि
शास्त्राण्यपि ॥ "

—ત્રિ. શ. પુ. ચ. પર્વ ૧૦ મું (જૈનધર્મ પ્રસારક સભા, ભાગનગરથી પ્રકાશિત)

ગૂર્જરેશ્વર વીસલદેવના રાજ્ય[૪]કાલમાં વિ. સં. ૧૩૧૨ ની દીવાળીના દિવસે ખંભાતમાં ચન્દ્રતિલક ઉપાધ્યાયે (અભયતિલક ગણિના સતીર્થ્ય ગુરુબંધુએ) વિસ્તૃત સં. અભયકુમાર ચરિત્ર રચી પૂર્ણ કર્યું હતું, તેનું સંશોધન પૂર્વોક્ત લક્ષ્મીતિલક ગણિ અને પ્રસ્તુત અભયતિલક ગણિએ કર્યું હતું. ચંદ્રતિલકોપાધ્યાય ત્યાં જણાવે છે કે—

---

૨ **श्रीपार्श्वनाथ-जिनदत्तगुरुप्रसादा—**
दारभ्यते रभसतोऽल्पधियाऽपि किञ्चित्।
श्रीहेमचन्द्रकृतसंस्कृतदुर्गमार्थ
श्रीद्व्याश्रयस्य विवृतिः स्व-परोपकृत्यै ॥

—સં. દ્વયા. વૃ. પ્રારંભ શ્લો. ૪ (મુંબઇ સરકારી સિરીઝ તરફથી ઈ. સ. ૧૯૧૫ માં પ્રકાશિત).

૩ "**सुगुरोस्तस्यादेशात् सकर्णकर्णोत्सवं**
विवृतिमेताम् ।
स्वमतिविभवानुसारान्मुनिर्व्यधाद्भय-
तिलकगणिः ॥
आम्नाती सर्वविद्यास्वविकलकविताकेलि-
केलीनिवासः
कोर्त्याऽब्धेः पारदृश्वा त्रिभुवनजनतो-
पक्रियास्वात्तदीक्षः ।
निःशेषग्रन्थसार्थे मम गुरुरिह तु
द्वयाश्रयेऽतिप्रकामं
टीकामेतां स लक्ष्मीतिलककविरविः
शोधयामास सम्यक् ॥
अब्धे द्वादशभिस्त्रयोदशशते
श्रीविक्रमाब्देऽब्धियं
श्रीप्रह्लादनपत्तने शुभदिने
दीपोत्सवेऽपूर्यत ।"

—સંસ્કૃત દ્વયાશ્રયટીકા (મુંબઇ સરકારી સિરીઝ તરફથી ઈ. સ. ૧૯૨૧ માં પ્રકાશિત પ્રાંત શ્લો. ૧૧-૧૩)

૪ **श्रीमद् वीसलदेव गूर्जर** धराधीशेऽधिपे भूभुजां
पृथ्वीं पालयति प्रतापतपने **श्रीस्तम्भतीर्थे** पुरे ।
चक्षुः-शीतकर-त्रयोदशमिते संवत्सरे वैक्रमे
काव्यं भव्यतमं समर्थितामिदं दीपोत्सवे वासरे ॥

—અભયકુમાર ચરિત્ર (પ્રશ૦ શ્લો૦ ૪૭)

"द्व्याश्रयटीकाकारी व्याकरणः सुदृष्ट साहित्यः ।
सुकविरभयतिलक गणिश्चाशोधयतामिदं शास्त्रम् ॥"

—અભયકુમાર ચરિત્ર (હી.હં. જામનગરથી પ્રકાશિત)

અર્થાત્—દ્વયાશ્રયના ટીકાકાર, બે વ્યાકરણ (સંસ્કૃત-પ્રાકૃત?)ના જ્ઞાતા, જેમણે સાહિત્ય સારી રીતે જોયેલું છે, તે સુકવિ અભયતિલક ગણિએ (લક્ષ્મીતિલક ગણિ સાથે) આ શાસ્ત્ર (અભયકુમાર ચરિત્ર) શુદ્ધ કર્યું હતું.

બૃહટ્ટિપનિકાકાર પણ અમારા કથનને પુષ્ટ કરે છે. આ સિવાય બીજાં પણ અનેક પ્રમાણો આપી શકાય, પરંતુ ઉપર દર્શાવેલ પ્રમાણોથી પણ સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે-**સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્ય હેમચંદ્રાચાર્યે જ પૂર્ણ રચેલ છે, તેની ટીકાજ પ્રસ્તુત અભયતિલક ગણિએ વિ. સં. ૧૩૧૨ ની દીવાળીમાં પાલણપુરમાં પૂર્ણ કરી હતી અને એ ટીકાનું જ સંશોધન લક્ષ્મીતિલક ગણિએ કર્યું હતું. દ્વયાશ્રય મૂલ કાવ્યમાં તેઓએ કંઈ સુધારો વધારો કે ફેરફાર કર્યો નથી. ટીકાકારનું નામ અભયતિલક ગણિ એ જ બરાબર છે, એ સિવાયનાં નામ યુક્ત નથી.**

અભયતિલક ગણિની અન્ય કૃતિ 'ન્યાયાલંકાર' નામની પંચપ્રસ્થાનન્યાયમહાતર્કની વિષમપદ-વ્યાખ્યા જેસલમેરના જૈન ભંડારમાં વિદ્યમાન છે, જેનો નામનિર્દેશ ગુણરત્નસૂરિ (વિ. સં. ૧૪૬૬) ષડ્દર્શન સમુચ્ચયમાં અને બૃહટ્ટિપનિકાકાર પણ કરે છે, ન્યાયસૂત્રની શ્રાકંઠની વૃત્તિપર ટિપ્પન રૂપ આ વ્યાખ્યાનો આદ્યંત ભાગ જેસલમેર જૈન ભાં૦ સૂચી (પૃ. ૪૭-૪૮) માં અમે દર્શાવ્યો છે. તેના અંતમાં પણ વૃત્તિકાર અભયતિલક ગણિએ લક્ષ્મીતિલક ઉપાધ્યાય નામના પોતાના વિદ્યાગુરુની પ્રશંસા કરી કૃતજ્ઞતા પ્રદર્શિત કરી છે. આ વ્યાખ્યાનું સંશોધન પણ ઉપર્યુક્ત લક્ષ્મીતિલક ઉપાધ્યાયે કર્યું હતું. પ્રાંત પ્રશસ્તિમાં ગુરુપરંપરા દર્શાવતાં આ વૃત્તિને વૃત્તિકારે પોતાના ગુરુ જિનેશ્વર સૂરિના પ્રસાદરૂપ સૂચવી છે. દરેક (પાંચ) અધ્યાયના અંતમાં—

"इति युगप्रधान श्रीजिनेश्वर सूरि शिष्य-लेश श्री अभयतिलकोपाध्याय निर्मितायां"

ઇત્યાદિ ઉલ્લેખ જોવામાં આવે છે. રચનાસમય દર્શાવ્યો નથી, પરંતુ વિ. સં. ૧૩૧૨ પછી આ રચના કરી હશે એમ અનુમાન થાય છે.

વ્યાકરણ, કાવ્ય, કોશ, સાહિત્ય, ન્યાયશાસ્ત્રાદિમાં પ્રવીણ આવા એક પ્રૌઢ પ્રાજ્ઞ પુરૂષની પ્રાચીન ગૂજરાતી ભાષાની 'વીરરાસ' નામની કૃતિ લઘુ છતાં વિશેષ ગૌરવપાત્ર છે. આ રાસ ભાષાશાસ્ત્રીઓને ઉપયોગી થઇ પડે તેમ છે, એટલુંજ નહિ, ઇતિહાસની દૃષ્ટિએ પણ અતિ મહત્ત્વનો છે. **ભીમપલ્લીમાં** મહારાણા મંડલિકના આદેશથી ભુવનપાલશાહે કરાવેલ વિધિચૈત્ય કે જેનું અપરનામ **'મંડલિક વિહાર'** પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું, **સીલણ** દંડનાયકના સમયમાં વિ. સં. ૧૩૦૭ માં વૈશાખ શુકલ દશમીએ (**વીર** પ્રભુના કેવલજ્ઞાનના દિવસે) તેમાં **વીર** પ્રભુની પ્રતિમાની તથા તે **વીર**-વિધિભુવન પર સુવર્ણમય ધ્વજદંડ, કલશની પ્રતિષ્ઠા **જિનેશ્વર** સૂરિ (રાસકાર **અભયતિલક** ગણિના ગુરુ) એ કરી હતી. એ મહોત્સવની પ્રત્યક્ષ જોયેલ ઘટનાનું કવિએ રાસના રૂપમાં વર્ણન કર્યું છે.

અભયતિલકગણિ શ્રી પાર્શ્વનાથ અને પોતાના પૂર્વજ શ્રી **જિનદત્તગુરુ** (દાદાદેવ)ના પરમ ઉપાસક જણાય છે, કારણ કે તેમણે જેમ **દ્વયાશ્રય**વૃત્તિના પ્રારંભ-પ્રાંતમાં અને **ન્યાયાલંકાર** વ્યાખ્યાના આરંભમાં તેમનું મંગલાચરણ તરીકે સ્મરણ કર્યું છે, તેમ આ **'વીર-રાસ'** નામની લઘુકૃતિના પ્રારંભમાં પણ પોતાની કૃતિના અભિજ્ઞાન તરીકે શ્રી **પાર્શ્વ**નાથ અને **જિનદત્ત**ના પાદપદ્મને પ્રણામ કર્યો જોવામાં આવે છે.

---

૫ 'श्री **द्व्याश्रय**महाकाव्यं श्री **हेमसूरीयं** २० सर्ग संस्कृतं २८२८-३०२८ **द्व्याश्रय** काव्यपाद २८ वृत्तिः १३१२ वर्षे खरतर-**अभयतिलकोया** १७५७४'

—બૃહટ્ટિપનિકા.

અભયતિલકગણિએ રચેલી એક પ્રશસ્તિ જેસલમેર ભંડારમાં છે. (જૂઓ જે. ભાં. સૂચી પૃ. ૩૬ નં. ૨૮૯), જે પ્રશસ્તિવાળી ઉપદેશમાલા-બૃહદ્વૃત્તિની પુસ્તિકા પૂર્વોક્ત જિનેશ્વરસૂરિને સમર્પિત થઇ હતી.

અભયતિલકગણિને ઉપાધ્યાયપદ ક્યારે પ્રાપ્ત થયું, તે સંબંધમાં જાણી શકાયું નથી.

અભયતિલક ગણિના ગુરુબંધુઓ.

અભયતિલકગણિએ હૈમ દ્વયાશ્રય-વૃત્તિના અંતમાં (શ્લો૦ ૧૦ માં) પોતાના સતીર્થ્ય સાત ગુરુબંધુઓ (જિનેશ્વરસૂરિના શિષ્યો)નાં નામો આપ્યાં છે. તે આ પ્રમાણે—૧ જિનરત્નસૂરિ, ૨ બુદ્ધિસાગર, ૩ અમરકીર્તિ, ૪ પૂર્ણકલશગણિ, ૫ પ્રબોધચંદ્રગણિ, ૬ લક્ષ્મીતિલકગણિ અને ૭ પ્રમોદમૂર્તિ.

આમાંથી બુદ્ધિસાગર, અમરકીર્તિ અને પ્રમોદમૂર્તિ એ ત્રણના સંબંધમાં વિશેષ જાણવામાં આવ્યું નથી, પરંતુ એ સિવાયના ચાર અને બીજા દસ નવીન જાણવામાં આવ્યા છે; તે પ્રૌઢ વિદ્વાનોનો ટુંક પરિચય અહિં ઉપયુક્ત ગણી આપવામાં આવે છે.

(૨) **જિનરત્નસૂરિ**—લક્ષ્મીતિલક ઉપાધ્યાય, પૂર્ણકલશગણિ વિગેરેના વિદ્યાગુરુ, લીલાવતી સાર મહાકાવ્ય વિગેરેના કર્તા.

(૩) **કનકચંદ્ર**—વિ. સં. ૧૨૯૫ માં સુમતિગણિની ગણધરસાર્ધશતક બૃહદ્વૃત્તિને પ્રથમાદર્શમાં લખનાર.

(૪) **પૂર્ણકલશગણિ**—વિ. સં. ૧૩૦૭ માં હૈમ-પ્રાકૃત દ્વયાશ્રયવૃત્તિ રચનાર.

(૫) **લક્ષ્મીતિલક ઉપાધ્યાય**—અભયતિલકગણિ વિગેરેના વિદ્યાગુરુ, વિ. સં. ૧૩૦૭ માં રચાયેલી પૂર્ણકલશગણિની હૈમ પ્રા. દ્વયા. વૃત્તિ, વિ. સં. ૧૩૧૨ માં રચાયેલી અભયતિલકગણિની હૈમ સં. દ્વયા. વૃત્તિ, ન્યાયાલંકારવૃત્તિ, વિ. સં. ૧૩૧૨ માં રચાયેલ ચંદ્રતિલક ઉપાધ્યાયનું અભયકુમારચરિત્ર, વિ. સં. ૧૩૨૨ માં રચાયેલી ધર્મતિલકમુનિની જિનવલ્લભીયાજિત-શાંતિસ્તવવૃત્તિ, વિ. સં. ૧૩૨૮ માં રચાયેલ પ્રબોધમૂર્તિનો કાતંત્રદુર્ગપદપ્રબોધ વિગેરેના સંશોધક અને વિ. સં. ૧૩૧૧ માં પ્રત્યેકબુદ્ધચરિત્ર વિગેરેના કર્તા.

(૬) **ચંદ્રતિલક ઉપાધ્યાય**—વિ. સં. ૧૩૧૨ માં અભયકુમાર ચરિત્ર વિગેરે રચનાર.

(૭) **ધર્મતિલક**—જિનવલ્લભસૂરિ રચિત અજિત શાંતિસ્તવની વિ. સં. ૧૩૨૨ માં વૃત્તિ રચનાર.

(૮) **કુમાર ગણિ કવિ**—અભયકુમાર ચરિત્ર લખાવનારની પ્રાંત પ્રશસ્તિ વિગેરે રચનાર.

(૯) **પ્રબોધચંદ્ર ગણિ**—વિ. સં. ૧૩૨૦ માં સંદેહ દોલાવલી વૃત્તિ વિગેરે રચનાર.

(૧૦) **જિનપ્રબોધસૂરિ (પ્રબોધમૂર્તિ)**—વિ. સં. ૧૩૨૮ માં કાતંત્ર દુર્ગપદ પ્રબોધ વિગેરે રચનાર તથા વિ. સં. ૧૩૩૪ માં રચાયેલ વિવેકસમુદ્રગણિની પુણ્યસાર-કથા વિગેરેના સંશોધક. વિ. સં. ૧૩૩૪ માં જિનદત્તસૂરિની મૂર્તિ વિગેરેનાં પ્રતિષ્ઠા કરનાર. જેમના ઉપદેશથી ઉચ્ચાપુરીવાસી શ્રે૦ હરિપાલે ઉજ્જયંત (ગિરનાર) તીર્થમાં શ્રી નેમિનાથની નિત્ય પૂજા માટે ૨૦૦ દ્રમ્મ આપ્યા હતા, જેના વ્યાજમાંથી પ્રતિદિન ૨૦૦૦ પુષ્પ પ્રભુને ચડાવવા વ્યવસ્થા કરી હતી.

(૧૧) **વિવેકસમુદ્ર ગણિ**—વિ. સં. ૧૩૩૪ માં પુણ્યસાર કથા વિગેરે રચનાર, તથા શ્રી જિનકુશલ સૂરિના વિદ્યાગુરુ.

(૧૨) **સોમમૂર્તિ ગણિ**—વિ. સં. ૧૩૩૧ માં (આશરે) 'જિનેશ્વર સૂરિ-વીવાહલો' વિગેરે રચનાર.

(૧૩) **સર્વરાજ ગણિ**—ગણધરસાર્ધશતક-લઘુવૃત્તિ વિગેરે રચનાર.

---

૬ જિનદત્તસૂરિના પરિચય માટે 'અપભ્રંશકાવ્યત્રયી' (ગાયકવાડ ઑ. સિરીઝદ્વારા પ્રકાશિત) ની ભૂમિકા જોવી. —લા. ભ.

(૧૪) **દેવમૂર્તિ** ઉપાધ્યાય—પ્રશ્નોત્તરરત્નમાલાની વિ. સં. ૧૨૨૩ માં હેમપ્રભસૂરિરચિત વૃત્તિવાળું પુસ્તક લખાવનાર સાહ અભયચંદ્રની પ્રશસ્તિ રચનાર (જૂઓ જેસલમેર ભાં. સૂચી પૃ. ૧૦)

(૧૫) જગડુ—આ ગૃહસ્થકવિ જણાય છે, આ કવિની કૃતિ 'સમ્યકત્વમાઇચઉપઇ', 'પ્રાચીન ગૂર્જરકાવ્યસંગ્રહ' (ગાયકવાડ ઑા. સિરીઝ, વડોદરાથી પ્રકાશિત) માં પ્રકટ થઇ છે, તેમાં જિનેશ્વરસૂરિનું સ્મરણ કર્યું છે. એ ચોપાઈની રચના વિ. સં. ૧૨૭૮ થી ૧૩૩૧ સુધીમાં થઈ હોવાનું અનુમાન છે.

ઉપર જણાવેલ અભયતિલકગણિના ગુરુબંધુઓના સંબંધમાં ઘણું લખી શકાય તેમ છે, પરંતુ અહિં તેમની ખાસ મુખ્યતા ન હોવાથી, તેમ લેખગૌરવભયથી અને અવકાશની સંકુચિતતાથી સંક્ષિપ્ત કરાવેલ આ દિગ્દર્શનમાત્રથી પણ ઇતિહાસ-પ્રેમી સજ્જનોને સંતોષ થશે.

[૩] ભુવનપાલ.

પૂર્વોક્ત વીર-રાસની ૬ ઠ્ઠી ગાથામાં સૂચવેલ, મંડલિક રાજાના આદેશથી ભીમપલ્લીમાં અતિસુંદર વીર-વિધિભવન અપરનામ મંડલિક-વિહાર કરાવનાર અને તેના પ્રતિષ્ઠામહોત્સવમાં દેશદેશના સંઘનો આદરપૂર્વક સત્કાર કરનાર શાહ ભુવનપાલ કયા વંશના હતા ? તેમના પૂર્વજોએ, વંશજોએ વા તેમણે અન્ય પુણ્યકાર્યો શું કર્યાં હતાં ? એ વિગેરે જાણવાની ઇચ્છા-ઇતિહાસપ્રેમીઓને થાય એ સ્વાભાવિક છે, તેની કંઇક અંશે પૂર્તિ એક સંસ્કૃત પ્રશસ્તિ દ્વારા થઈ શકે તેમ છે. આ પ્રશસ્તિવાળી તાડપત્રીય પ્રતિ જેસલમેર-જૈનભંડારમાં છે, તે પરથી નવી લખાયેલી પ્રતિ અંહિ જૈન આત્મારામ-જ્ઞાનમંદિરમાં શ્રી હંસવિજયજી મહારાજના શાસ્ત્રસંગ્રહમાં છે; ત્યાંથી ઉદ્ધૃત કરી દસ શ્લોકવાળી આ પ્રશસ્તિ અમ્હે જેસલમેર ભાંડાગાર-ગ્રંથસૂચી (ગાયકવાડ ઑા. સિરીઝ, વડોદરાથી પ્રકાશિત)ના અપ્રસિદ્ધ-ગ્રંથ-ગ્રંથકૃત્પરિચયમાં (પૃ. ૧૭ ની ટિપ્પણીમાં) મૂકી છે. અહિં તેનો સાર જણાવીશું—

" અતિ તેજસ્વી વિભૂતિશાલી સુપ્રસિદ્ધ શ્રેષ્ઠ ઉકેશવંશમાં ક્ષેમંધરશાહ[૭]

ક્ષેમંધર.

થયા, સત્યમાં આસક્ત મનવાળા, ધર્મપ્રેમી, પૃથ્વીને પ્રસન્ન કરનાર જે શાહે કષ્ટવૃષ્ટિનો નાશ કરવા અજમેરનામના નગરમાં શ્રી પાર્શ્વનાથપ્રભુની આગળ શિલામય મહામંડપ કરાવ્યો હતો. મહાસાગરસમાન ગંભીર એ શાહને દેવશ્રીની કુક્ષિથી ઉત્પન્ન થયેલા, ગુણસમૂહથી સંપૂર્ણ, સારી કાંતિવાળા રત્નસમાન ઘણા પુત્રો થયા હતા.

તેમાં એક જગદ્ધર સુકૃતશાલીઓમાં અગ્રેસર કૌસ્તુભરત્નસમાન થયા, જે

જગધર.

ગુણો વડે શ્રીમાન ઉત્તમ પુરુષો (શ્રીપુરુષોત્તમ)ના હૃદયમાં વાસ કરનાર થયા; જેમણે જેસલપુરી (જેસલમેર)માં ભવ્ય જનોનાં નેત્રરૂપી કમલોને વિકસિત કરવામાં સૂર્યસદશ, શ્રી પાર્શ્વનાથપ્રભુનું સુંદર મંદિર કરાવ્યું અને તેની બન્ને તરફ થોડા વખતમાં ભૂષણો કરાવ્યાં. જેણે પોતાને ઘરે સાધર્મિકરૂપી વૃક્ષોના વનને અખંડિત વાત્સલ્યરૂપ નીકના પૂરવડે અત્યંત વહેતું કર્યું-નવપલ્લવિત કર્યું હતું. અધિક શું કહેવું ? મરુદેશમાં જે શાહ કલ્પવૃક્ષની સમાનતા પામ્યા હતા. તે જગધરશાહ (વીરરાસની ૬ ઠ્ઠી કડીમાં નામ સૂચવેલ છે.) ને સૈાંદર્ય શીલથી શોભતી સાલહી નામની સધર્મિણી-પત્ની હતી. તેના અખંડિતનયનીતિમાન આ ત્રણ પુત્રો વિદ્યમાન છે. તેઓમાં પ્રથમ યશનો સાગર યશોધવલ, વચલો (બીજો) રાજસભામાં ઉજ્જવલ કીર્તિવાળો ભુવનપાલ અને તેમનો અનુજ (ત્રીજો) સહદેવ છે.

દિશાઓના સમૂહને પ્રસન્ન કરનાર આ ભુવ-

---

૭ જિનપતિસૂરિએ રચેલ 'પ્રબોધોદય' ગ્રંથમાં જણાવેલ (જેસલમેર ભાં૦ સૂચી, અપ્રસિદ્ધ૦ પૃ. ૨૯), જિનદત્તસૂરિપ્રકાશિત વિધિમાર્ગમાં પ્રતિબોધ પામેલ, વિધિચૈત્ય વિગેરે વિચારોના વિજ્ઞ ક્ષેમંધર અને આ ક્ષેમંધરશાહ કદાચ એક હોવાનો સંભવ છે.— લા. ભ.

નપાલે અહિં (જેસલમેરમાં? પાલણપુરમાં) સુગુરુ જિન-

ભુવનપાલ. પતિસૂરિના સ્તૂપ ઉપર વિધ-

ટિત થયેલ ધ્વજાદંડ ચડાવ્યો હતો, જેમ ચક્રવર્તી પદ્મે અટકેલ જિનપતિ-રથને ચલાવ્યો હતો.

રામચંદ્રની પ્રિયા-જનકની પુત્રી-સીતાએ જેમ કુશ અને લવ એ બે પુત્રોને જન્મ આપ્યો હતો; તેમ તે (ભુવનપાલ)ની પ્રિયા-ત્રિભુવનપાલની પુત્રીએ ખીમસિંહ અને અભય નામના બે પુત્રોને જન્મ આપ્યો હતો.

શ્રેષ્ઠ ધાર્મિકજનરૂપી ઉપવનને નવપલ્લવિત કરવામાં નીક સમાન શ્રીમાન તે ભુવનપાલશાહે પોતાને ધન્ય, કૃતપુણ્ય, સતત શાલિભદ્રસ્વરૂપી બનાવવા મુનિ (ધન્ય-શાલિભદ્ર-કૃતપુણ્ય વિગેરે)નાં ચરિત્રોથી રમણીય આ પુસ્તિકા હર્ષથી લખાવી છે, યાવચ્ચંદ્ર-દિવાકરૌ આ પુસ્તિકા જયંતી રહો.

સંભવ પ્રમાણે પૂર્વોક્ત પ્રશસ્તિ, ઉપર્યુક્ત ધન્ય-શાલિભદ્ર વિ. ચરિત્રને વિ. સં. ૧૨૮૫ માં પૂર્ણભદ્રગણિ (જિનપતિસૂરિ-શિષ્ય) એ રચ્યા પછી તે પુસ્તિકા લખાવનાર અને પોતાના ગુરુ (જિનપતિસૂરિ)ના સ્તૂપના ધ્વજાદંડ ચડાવનાર આ ભુવનપાલના પરિચયરૂપે તેજ અરસામાં રચી હશે, કેમકે તે પ્રશસ્તિવાળી પુસ્તિકાની બીજી નકલ વિ. સ. ૧૩૦૯ માં મેદપાટના વરગ્રામના વાસી શ્રે૦ અભયી શ્રાવકના પુત્ર સમુદ્ધરશ્રાવકની ભાર્યા, કુલધરની પુત્રી સાવિતિ શ્રાવિકાએ લખાવી હતી. (જૂઓ જેસલમેર ભાં૦ સૂચી પૃ. ૩)

વિક્રમના ૧૩ મા સૈકાના અંતમાં અને ૧૪ મા સૈકાના આરંભમાં વિદ્યમાન આજ ભુવનપાલે ઉપર્યુક્ત જિનપતિસૂરિના પટ્ટધર જિનેશ્વસૂરિદ્વારા ભીમપલ્લીમાં વીર-વિધિભવન[૮] અપરનામ મંડલિક-વિહારની પ્રતિષ્ઠા કરાવી હતી. એ સહજ સમજાય તેમ છે.

શાહ ભુવનપાલે અને તેમના પૂર્વજોએ અજમેર જેસલમેર, ભીમપલ્લીમાં કરેલાં સુકૃત્યો પ્રશસ્તિદ્વારા વિદિત થાય છે, પરંતુ તે ઉપરથી તેમનું નિશ્ચિત વાસસ્થળ વા જન્મભૂમિ જાણી શકાતી નથી. એ સંબંધમાં ગવેષણા કરવાથી વિશેષ વૃત્તાન્ત પ્રકાશમાં આવશે તો ઇતિહાસરસિકોને આનંદ થશે.

પ્રશસ્તિના આધારે ભુવનપાલશાહનો વંશક્રમ આ પ્રમાણે દર્શાવી શકાય.

(ઉકેશવંશ)
ક્ષેમંધર
(દેવશ્રીપત્ની)
|
જગદ્ધર
(સાલહી પત્ની)
|
યશોધવલ — ભુવનપાલ — સહદેવ
|
ખીમસિંહ — અભય

[૪]

ભીમપલ્લી.

પૂર્વોક્ત વીર-રાસ જે ભીમપલ્લીના વિધિ-ભવનમાં વિ. સ. ૧૩૦૭ માં વીરપ્રભુની પ્રતિષ્ઠાને ઉદ્દેશીને રચાયેલ છે, તે ભીમપલ્લી ડીસાશહેરની પશ્ચિમમાં ત્યાંથી લગભગ ૧૧ માઇલ ઉપર આવેલું, હાલમાં ભીલડી નામથી ઓળખાય છે તે જણાય છે.

પાલ્હણપુર નિવાસી રૂદ્રપાલશાહ અને ધારલાના પુત્ર સમરિગ, કે જેનો જન્મ વિ. સં. ૧૩૭૫ માં થયો હતો, તેણે જિનકુશલસૂરિ પાસે વિ. સં. ૧૩૮૨ માં આ જ ભીમપલ્લીમાં અને એ જ પૂર્વોક્ત વીરજિનમંદિરમાં પોતાની બેન કીલ્હૂ સાથે જૈનદીક્ષા સ્વીકારી હતી. આ સમરિગનું નામ દીક્ષિત થયે સોમપ્રભમુનિ રાખવામાં આવ્યું હતું, વિ. સં. ૧૪૦૬ માં જેસલમેરમાં

---

૮ ચૈત્ય વાસીઓએ કરેલી અવિધિથી દૂર રહેલું અને જિનવલ્લભસૂરિદ્વારા પ્રકાશેલ વિધિમાર્ગની વિધિઓ પ્રમાણે પ્રવર્તતું ભવન. આ સંબંધી વિશેષ વૃત્તાન્ત 'અપભ્રંશકાવ્યત્રયી' (ગા. ઑા. સિરીઝ્ વડોદરાથી પ્રકાશિત)માં જોવામાં આવશે. લા. દ.

તેમને વાચનાચાર્યપદ મલ્યું હતું. અને વિ. સં. ૧૪૧૫ માં ખંભાતમાં તરુણપ્રભાચાર્યે તેમને જિનચંદ્રસૂરિના પટ્ટ પર સ્થાપી જિનોદયસૂરિના નામથી પ્રસિદ્ધ કર્યા હતા. વિશેષ પરિચય માટે ભાવનગર જૈન આત્માનંદસભાથી પ્રકાશિત જૈનઐતિહાસિક ગૂર્જરકાવ્ય સંચયમાં જિનોદયસૂરિ-પટ્ટાભિષેકરાસ, વીવાહલો તથા તેનો સાર જૂઓ.

પૂર્ણિમાપક્ષની એક શાખા ભીમપલ્લીના નામથી ઓળખાય છે. વિક્રમના ૧૬ મા સૈકામાં ભીમપલ્લીય આચાર્યોએ પ્રતિષ્ઠિત કરેલી અનેક પ્રતિમાઓ મળી આવે છે, તેમાંના કેટલાક લેખો સદ્ગત બુદ્ધિસાગરસૂરિજીના 'જૈનપ્રતિમા લેખ સંગ્રહ' (ભા. ૧, લે. ૨૯૯; ભા. ૨, લે. ૩૪, ૬૨, ૯૯, ૧૧૨, ૬૩૨) માં તથા બાબૂ પૂરણચંદજી નાહરના 'જૈનલેખસંગ્રહ' માં (ભા. ૧, લે. ૬૦૪, ૬૨૯, ૬૯૨ માં) પ્રકટ થયા છે.

'જૈનતીર્થ ભીમપલ્લી અને રામસૈન્ય' એ નામનો એક લેખ ઇતિહાસ-પ્રેમી સાહિત્યરસિક સાક્ષર મુનિરાજ શ્રી કલ્યાણવિજયજીએ લખેલો 'આત્માનંદ-પ્રકાશ' ના ૧૮ મા પુસ્તકના ૩ જા અંકમાં પ્રસિદ્ધ થયેલ છે. ગવેષણા કરવાથી એ સંબંધમાં વિશેષ ઐતિહાસિક વૃત્તાંત પણ મળવા સંભવ છે.

[૫]

મંડલિક-વિહાર.

સ્મરણીય જનોનાં (પશુ, પક્ષિ, સ્થલ, પદાર્થ-વિશેષ વિગેરેનાં પણ) નામોથી અનેક સ્મારકો અત્યાર પૂર્વે થયેલાં જાણવામાં આવ્યાં છે, જેમાં જૈનમંદિરો જે વિહાર નામથી જાણીતાં થયાં છે. તેમાંનું એક આ વીર-વિધિભવન-મંડલિક-વિહાર પણ છે.

રાજાઓના વા રાજ્યના આશ્રયથી-રાજાઓની ભક્તિભરી સહાનુભૂતિથી તૈયાર થયેલાં-રાજ્યના ઉચ્ચ અધિકારીઓ મંત્રીશ્વરો વિગેરે દ્વારા કરાવાયેલાં અનેક જૈનમંદિરો તે તે રાજાના નામથી વિહાર નામે પ્રસિદ્ધ થયાં છે. પાટણમાં વનરાજ-વિહાર, ગિરનારમાં કર્ણવિહાર, સિદ્ધપુરમાં સિદ્ધ-વિહાર, પાટણમાં રાજવિહાર અને ત્રિભુવનપાલ વિહાર, પાટણ, દેવપત્તન, જાલોર, લાટાપલ્લી (લાડોલ) વિગેરે અનેક સ્થળોમાં કુમાર-વિહાર, પાલ્હણપુરમાં પાલ્હણવિહાર, જાલોરમાં ચંદન-વિહાર, જેસલમેરમાં લક્ષ્મણ-વિહાર, કચ્છ-ભુજમાં રાયર-વિહાર, ચૈરાટમાં ઇંદ્ર-વિહાર જાણવામાં આવ્યા છે. તેમજ મહારાણા મંડલિકના નામે ભીમપલ્લીમાં આ મંડલિક-વિહાર પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

મંત્રીશ્વરોના અને શ્રેષ્ઠિઓનાં નામથી પણ અનેક વિહાર અથવા વસહિ(તિ) પ્રસિદ્ધ થયેલ છે. જેમાં આશાપલ્લીમાં ઉદયન-વિહાર. ભરૂચમાં અંબડ-વિહાર, શત્રુંજયમાં વસ્તુપાલ-વિહાર, રાણકપુરમાં ધરણ-વિહાર તથા આબૂમાં વિમલ-વસહિ, ગિરનારમાં લૂણિગ (લૂણસિંહ)-વસહિ, પાટણમાં સાંતૂ-વસહિ વિગેરે સુપ્રસિદ્ધ થયેલ છે. એ સિવાય સ્મારક તરીકે ઝોલિકા-વિહાર, સમલિકા-વિહાર વિગેરે જાણવામાં આવેલ છે.

વીર-રાસમાં (૬ ઠી કડીમાં) સૂચવ્યા પ્રમાણે મંડલિકરાજાના આદેશથી પ્રથમ સૂચવેલ ભુવનપાલશાહે ભીમપલ્લીમાં ઊંચું, અતિસુંદર, શ્રેષ્ઠ તોરણવાળું વિધિભવન કરાવ્યું હતું, જેના ઉપરના ભાગમાં વીરપ્રભુના બિંબને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું હતું. મંડલિક મહારાણાની પ્રીતિભરી સહાનુભૂતિથી તૈયાર થયેલ આ વીર-વિધિભવનને રાસની ૨૦ મી કડીમાં મંડલિક-વિહાર નામે ઓળખાવ્યું છે.

ભીમપલ્લીના મંડલિક-વિહારથી સ્મરણીય થયેલા આ મંડલિક રાજાના સંબંધમાં વિશેષ જાણવામાં આવી શક્યું નથી. લેખપદ્ધતિ (ગાયકવાડ ઑ. સિરીઝ વડોદરા તરફથી પ્રકાશિત થયેલ) ના પૃ. ૨ જામાં શાસનપત્રનું ઉદાહરણ દર્શાવતાં ભીમપલ્લી મંડલકરણના અધિકારી આ મહારાણા મંડલીકનો નામનિર્દેશ કર્યો છે. તેમાં આપેલ સં. ૮૦૨ અને વનરાજનું નામ ત્યાં ઘટતું નથી. ખરી રીતે તે સમયમાં ગૂર્જરેશ્વર વીસલદેવ હોવાથી તેનું નામ સંભવી શકે. ઉપર્યુક્ત લેખમાં શીલણને વનરાજનો આશ્રિત મહામાત્ય સૂચવ્યો છે, તે

બરાબર જણાતું નથી. પૂર્વોક્ત વીર-રાસમા (ગા. ૧૦ માં) સીલણને દંડનાયક સૂચવ્યો છે અને સંભવ પ્રમાણે તે મહારાણા મંડલીકનો આશ્રિત હશે. લેખપદ્ધતિના ઉપર્યુક્ત શાસનપત્રમાં સાંગણને દંડનાયક સૂચવ્યો છે. પરંતુ લેખપદ્ધતિના સંવત્ નામો વિગેરે ઐતિહાસિક દૃષ્ટિએ સર્વથા પ્રામાણિક લેખી શકાય તેવાં નથી, માત્ર તે દ્વારા લેખોની પદ્ધતિનું જ જ્ઞાન કરાવવાનો પદ્ધતિકારનો મુખ્ય ઉદ્દેશ જણાય છે.

વીરરાસની દસમી ગાથા ઉપરથી સુચિત થાય છે કે-સીલણ દંડનાયકે ભીમપલ્લીના વિધિભવનમાં વીરપ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવવાને પ્રતિજ્ઞા કરી હતી; એથી સંભવ પ્રમાણે તે જૈન અથવા જૈનધર્મ તરફ પરમપ્રીતિવાળો હશે એમ સ્પષ્ટ સમજાય છે.

ભીમપલ્લીના રાજાઓ સોલંકી-વાઘેલા હતા, તેઓ ગૂર્જરેશ્વરો-પાટણના ચૌલુક્ય કુમારપાલ ભૂપાલ વિગેરેના આશ્રિત હતા અને તેઓનો પરસ્પર પ્રીતિભર્યો સહકાર હતો એમ જણાય છે. અરિસિંહકવિએ રચેલ વસ્તુપાલમંત્રીશ્વરના સુકૃત-સંકીર્તન મહાકાવ્ય (ભાવનગર આત્માનંદસભાથી પ્રકાશિત પૃ. ૨૨, શ્લો૦ ૧૮) માં અને ઉદયપ્રભ-સૂરિએ રચેલી મંત્રીશ્વર-વસ્તુપાલની સુકૃતકીર્તિ-કલ્લોલિની (ગાયકવાડ ઑ. સિરીઝ, વડોદરાદ્વારા પ્રકાશિત-હમ્મીરમદ-મર્દનનું પરિશિષ્ટ શ્લો૦ ૭૪) માં જણાવ્યા પ્રમાણે વાઘેલા અર્ણોરાજને કુમાર-પાલભૂપાલે ભીમપલ્લીનો સ્વામી બનાવ્યો હતો, અર્ણોરાજે ભીમદેવને ગૂર્જરેશ્વર બનાવવામાં સહાયતા કરી હતી અને ભીમદેવે લવણપ્રસાદરાણા ઉપર ભૂમિનો ભાર સ્થાપ્યો હતો. આ તેજ ભીમ-દેવ સમજવાના છે કે-જેની આજ્ઞાથી સુપ્રસિદ્ધ વીર મંત્રીશ્વર વસ્તુપાલ અને તેજપાલે ઉપર્યુક્ત લવણ-પ્રસાદના પુત્ર મહારાણા વીરધવલનું આદર્શ મંત્રિ-પદ સ્વીકારી દિગંતવ્યાપી ઉજ્જવલ યશ મેળવ્યો હતો.

—લા. ભ. ગાંધી.

વિક્રમ પંદરમા સૈકાના કેટલાક જૈન કવિઓની કાવ્યપ્રસાદી*

[નરસિંહ મીરાંબાઇ આદિના યુગ પહેલાંના]

હમણાં સં. ૧૪૪૪ માં આભીર દેશમાં લખેલી વસ્તિગની ચિહુંગતિ ચોપઇની પ્રત મલી છે તેમાંથી નમુનો સંસારની અવસ્થાઓ સંબંધી લઇએ. જેડણી તેજ રાખી છે.

સંસાર દેસ માહિ અરૂહ અબાહ,
રાજકરઈ છઈ તિહાં મોહરાઉ;
ચોર ચરડ ફિરતાં છઇ ચ્યારિ,
લૂસઇં છઇં તે પુણ નરનારિ. ૫૧
રૂલીરૂલી આવઇ માણુસ માહિ,
એકિ દિવસ બાલાપણિ જાઇ;
યોવન ભરિ જુ પહુતઉ કિમઇ,
વિષઇ પાસિ બાંધિઉ છઇ તિમઇ. ૫૨
ઘર ઘરણી પહુતી ઘરમાહિ,
ચીંતઇ પડિઉ સૂંથલ થઇ;
ઈંધણુ તઉણિ તણીઅ સંપત્તિ,
તેહ કારણિ ભમડઇ દીહરાતિ. ૫૩
એટા કારણિ માનઇ જાગ,
કંદલુ કરિ તે લિઇ ઘર આગ;
એટા પાખઇ ઘણુ દુખ ધરઇ,
એટઇ હૂંતઇ વિઢિ વિઢી મરઇ. ૫૪
ઘરધંધઇ પડીઉ સહૂ કોઈ,
કુટુંબ મેલાવઉ ખાવા હોઈ;
ખત્ર અખત્ર કીધાં સૂવિચાર,
ડોકરની કોઇ ન કરઇ સાર. ૫૫
જરા ભણઈં હિવ મઈં તૂં સાતિ,
પહિલિઉં દાંત કરઇ જિ ફલાતિ,
ત્રિષ્ણા માડી રહીનઇ હસીં,
હિવ ડોકરૂ માંગઇ લાપસી. ૫૬
ધઉલું માથું દેહ જાજરી,
વાંકઉ વાંસઉ ઝૂંબઇ લાલરી,
ઘર હૂંતઉ તે કિહાંઇ ન જાઇ;
સઘલા કુટંબઊ બીતઉ થાઇ. ૫૭

---

* આ લેખમાં અત્યાર સુધી ગૂજરાતી કાવ્ય સાહિત્યમાં આદિ કવિ મનાતા શ્રી નરસિંહ મહેતાના પુરોગામી જૈન કવિયો પૈકી કેટલાકનાં કાવ્યના નમુના મૂકયા છે, કારણ કે બધા કવિઓની કૃતિઓ લેખ લખતી વખત હસ્તગત હોય નહિ તે સમજાય તેમ છે. કારણકે કોઇ કૃતિ મુદ્રિત થઈ નથ.. આ લેખ લખવાનો પ્રસંગ કેમ આવ્યો તે જણાવીએ છીએ:—

મધ્યાકાલીન ગૂજરાતી સાહિત્ય માટે જૂદી જૂદી ભૂમિકાઓ લખવાના ગૂજરાત સંસદ્‌ના પ્રયત્નમાં જૈન સાહિત્ય સંબંધી ભૂમિકા લખવાનું અમોને સોંપવામાં આવેલું હતું. તેમાં જે જે વિષયના પ્રકરણો મૂકવા પોતે યોગ્ય ધાર્યું તે તે વિષયોની યાદી સંસદે પૂરી પાડી, તે પરથી શ્રી મહાવીરના સમયથી આરંભી જૈન ધર્મ, તેની અને તેના સાહિત્યની અસર, તેના અનુયાયીઓ વગેરે સર્વ પર પ્રકાશ ટૂંકમાં પાડવાનું અમારે માથે આવ્યું; અને તે પર લક્ષ રાખી જૈનો અને તેમનું સાહિત્ય, એ મથાળાનો નિબંધ શરૂ કર્યો તે અતિશય સંક્ષિપ્ત રૂપે કરવા જતાં પણ અને મૂળ ૩૫ પછી ૪૦, પછી ૫૦ એમ પૃષ્ઠો અમારે માટે સંસદ્‌ના પ્રમુખ શ્રીયુત કનૈયાલાલ મુનશીએ વધારી આપવા છતાં પણ મધ્યકાલીન સાહિત્ય (૧૫ મા શતકથી તે સં. ૧૯૦૮ સુધીના)નો વારો આવે તે પહેલાંના પ્રકરણોનાં પૃષ્ઠો પૂરાં થઈ ગયાં. આથી જગ્યાનો અતિ સંકોચ પડયો. મધ્યકાલીન સાહિત્ય માટે પ્રધાનતઃ લખવાનું, તે અતિ ગૌણ કરી ટૂંકમાં ટૂંક બની આખા મધ્યકાલીન સાહિત્ય માટે જૈન કવિઓ અને તેના કૃતિઓનો માત્ર નામનિર્દેશ વગેરે આપી તે ભાગ ટૂંકાવવો પડયો. આ વિક્રમ પંદરમા અને સોળમા સૈકાના કેટલાક જૈન કવિઓનાં કાવ્યોના નમુનાઓ તે મધ્યકાલીન સાહિત્ય માટેજ તૈયાર કરેલા તે ઉક્ત નિબંધમાંથી બાદ કરવા પડયા. અત્ર તેમાંથી પહેલાને વધારે ઉમેરો કરી સ્થાન આપવામાં આવે છે. આ સૈકાના કવિઓના નમુનાઓને પ્રકરણ ૧૧ મું ક તરીકે ઉક્ત નિબંધમાં મૂકી શકાશે. અને આ નિબંધ નામે જૈનો અને તેમનું સાહિત્ય ૧૫ પ્રકરણમાં છે અને તે ગૂજરાત સંસદ્‌ તરફથી પ્રકટ થઇ ગયેલ છે અને તે ત્યાંથી મળી શકશે. વિક્રમ પંદરમા સૈકામાં થયેલા જયશિખરસૂરિની 'ત્રિભુવન દીપક'–'પરમ હંસપ્રબંધ' નામની ગૂજરાતી કૃતિમાંથી નમુના ઉક્ત નિબંધના પ્રકરણ ૧૧ માં આપવામાં આવેલ છે તેથી અત્ર મૂક્યા નથી.

તંત્રી.

વડિક ક્ષુધા પીડિઉ છઈ સોઇ,
કાકાની સુધિ ન કરઇ કોઇ;
આવઉ વહુડી ભણિઉં કર માઇ,
(વ)હુ મચકોડી પાછી જાઇ. ૫૮
રીસાવિઉ તે મેલ્હઇ ઝાલ,
સિર ધૂણઇ મુહિ પડઇ લાલ,
ખૂણઉ બઇઠઉ ખૂં ખૂં કરઇ,
અજિય સ ડોકર કહીઇ મરઇ. ૫૯
ચિહું ગતિનુ એહજિ વિચાર,
દુખ તણાઈ નવિ લાભઇ પાર.
સુખહ તણી જે વાંછા કરઇ,
પંચમગતિ ઊપરિ સાંચરઇ. ૬૦

સં. ૧૪૮૧ માં પ્રસિદ્ધ સોમસુંદરસૂરિએ કોશ્યા-મુખે સ્થૂલભદ્રનું વર્ણન એક ટૂંકા પણ અતિ મનોહર કાવ્યમાં કર્યું છે. તેમાં કોશ્યા નામની પૂર્વ પ્રીતિપાત્ર વૈશ્યા ગમે તેટલો હાવભાવ કરે છે પણ વૈરાગી સ્થૂલિભદ્ર માનતો નથી એટલી વાતનો કાવ્ય-નમુનો અત્ર લેવામાં આવે છે.

અજિઅ સ પોતઇ પુન્ય અમ્હારઇ,
અમ્હ ઘરિ વલી પ્રીઅ આવિઉ;
દેવવિમાણ જિસી ચિત્રશાલી,
તિહાં ચુમાસિ રહાવિઉ. ૧૨
કૂર દાલિથી દિઉં નિત ભોજન,
અમી મહારસ તોલઇ;
બાલપણાનું નેહ ગમિઉ સખિ,
મઝસિઉં હસઇ ન બોલઈ. ૧૩
અંગિ ન ઊગટિ સુરભિ ન ચંદન,
પરિમલ ફૂલ તંબોલ;
ભોગવિલાસ નવી કથારસ,
કંત ન કરઈ ટકોલ. ૧૪
ઘાટ પટોડી ચરણા ચોલી,
નાગ નિગોદર હાર;
કરિઅલિ કંકણ ચૂડિ ઝણુકઈ,
પયનેઉર ઝમકાર. ૧૫
ચંદણુસિઉં ચરચિઉં મઇ અંગજ,
પરિમલ બહુલ કપૂર,
પૂગી પાન કસ્તૂરી કાજલ,
મસિ સુરંગ સિંદૂર. ૧૬
નિતુ નવનવા કરું સિણગારજ,
મણિ મોતી પરવાલા;
ઘડિ ખીંટલી તિલક ઝગમગતાં,
ટીલી ઝાલિકમાલ. ૧૭
ગીત નાદ નવ નવ રસિ પરિ,
નાટક નૃત્ય અપાર;
પંચમ રાગ વસંત વીણા રસિ,
ભ્રમિ ન સકિઉ ભરતાર. ૧૮
વિનય વિવેકિ વલી બોલાવું,
વાલંભ મ કરિ અણાહ,
હું આગઇ ભરમિતાં ભૂલી,
તું અતિ નીઠર નાહ. ૧૯

સં. ૧૪૮૫ માં હીરાણંદે વિદ્યાવિલાસ રાસ રચ્યો છે તેમાંથી બે ત્રણ નમુના લઈએ. પહેલામાં રાજકન્યાનું વર્ણન છેઃ—

૧

તિણિ નયરિ સુરસુંદર રાજા,
તસુ ઘરિ કમલા રાણી,
સોહગ સુંદરિ તાસ તણી ધૂઅ,
રૂપિં રંભ સમાણી,
સોલ કલા સુંદરિ સસિવયણી,
ચંપકવન્ની બાલ,
કજ્જલ સામલ લહકઈ વેણી,
ચંચલ નયણ વિસાલ. ૧૬
અધર સુરંગ જિસ્યા પરવાલી,
સરસ સુકોમલ બાહુ,
પીણ પયોહર અતિહિં મણોહર,
જાણે અમિઅ પ્રવાહ;
ઊરૂ યુગલ કારિ કદલી થંભા,
ચરણ કમલ સુકુમાલ,
મયગલ જિમ માલ્હંતી ચાલઈ,
બોલઇ વયણ રસાલ. ૧૭
રાજકુંઅરિ તે તિણિ નેસાલઇ,
પંડિત પાસિ ભણંતિ,
લક્ષણ છંદ પ્રમાણ કલાગમ,
નાટક સવિ જાણંતિ;

ધણું વખાણુ કિસિઉં હિવ કીજઇ,
અભિનવ શારદ દેવિ;
તેહ તણુઉ જે કઉતિગ વીતઉં,
તે નિસુણુઉ સંખેવિ. ૧૮

૨

આ રાજકન્યા અને પ્રધાનપુત્રને સાથે ભણતાં પ્રીતિ જામે છે તે હવે કહે છેઃ—

મંત્રીસરનંદન મનમોહન,
નામિં લચ્છિનિવાસ,
તેહૂ તીણઈ ભણઇ મનિ ખંતિ,
લહૂઉ લીલવિલાસ;
રાજકુંઅરિનઈ મનિ વસીઉ,
દેખીઅ સરસ સુજાણ,
એક દિવસિ એ અક્ષર લિખીઆ,
બોલ એ કરૂ પ્રમાણ. ૧૯

" મઇ તરૂણી પરણીનઈ સામી,
સાચઉં કરિ નિય નામ,
લચ્છિનિવાસ કહાવઇ મઝ વિણુ,
એ તુઝ કૂડઉં નામ. "
એ અક્ષર વાંચીનઇ હસિઉ,
મુહતાનંદન ચીંતિ,
મધુરી વાણી બોલઇ સામિણિ,
એસિઉં ઉત્તમ રીતિ. ૨૦

હિવ દૂહા રાગ સામેરી

" સામિણિ સેવક ઊપરિહિં,
નીચ મનોરથ કાંઈ?
એહ વાત યુગતી નહી,
આથી વરઇ ન થાઇ. ૨૧

કિહાં સાયર કિહાં છિલ્લરહ,
કિહાં કેસરિ સીયાલ;
કિહાં કાયર કિહાં વર સુહડ,
કિહાં કઇર કિહાં સુરસાલ. ૨૨
કિહાં સિરસવ કિહાં મેરૂગિરિ,
કિહાં ખર કિહાં કેકાણ;
કિહાં જાદર કિહાં ખાસરૂ,
કિહાં મૂરખ કિહાં જાણુ. ૨૩

કિહાં કસ્તૂરી કિહાં લસણુ,
કિહાં માનવ કિહાં દેવ;
કિહાં કાંજી કિહાં અમીરસ,
કિહાં રાણિમ કિહાં સેવ. ૨૪

કિહાં રીરી કિહાં વર કણય,
કિહાં દીવઉ કિહાં ભાણુ;
સામિણિ તુઝ મઝ અંતરૂ,
એ એવડઉ પ્રમાણ. " ૨૫

૩

આ પછી બંને પરણે છે, અને ત્યાર પછી તે સુંદરીને પિયુનો વિયોગ થયો તેથી વિરહિણી વિલાપ કરે છેઃ—

રાગ સિંધુએ।

નિસ ભરેં સોહગસુંદરી રે,
જોઇ વાલંભ વાટ;
નિદ્રા ન આવઇ નયણલે રે,
હઇઅડઇ હરખ ઉચાટ.
સુણિ સામીઅ લીલ વિલાસ,
વલિ વાલંભ વિદ્યાવિલાસ;
મુઝ તુમ્હ વિણ ઘડીઅ છમાસ,
પ્રભુ પૂરિ ન આસ.
ધમ વિરહિણ પ્રિય વિણ બોલઇ–આંકણી.

સીહ સમાણી સેજડી રે,
ચંદ જેહવી ઝાલ;
દાવાનલ જિમ દીવડઉ રે,
કમલ જિસ્યાં કરવાલ. ૧૬ સુણિ સા.
મઝ ન સુહાઇ ચાંદલઉ રે,
જાણે વિષ વરસંતિ;
સીતલ વાઉ સુહામણુઉરે,
પ્રિય વિણ દાહ કરંતિ. ૧૭ સુણિ સા.
દાખી ડાહિમ આપણી રે,
રંજિઅ મઝ મન–મોર;
છઇલપણુઇ છાનઉ રહિઉરે,
હીઅડઉં કરી કઠોર. ૧૮ સુણિ સા.
એતા દીહ ન જાણિઉરે,
નિગુણુ જાણી કંત;

હિવ ક્ષણુ જાતઇ વરસ સઉરે,
જાઇ મઝ વિલવંત. ૧૯ સુણિ સા.
જઇ કરવત સિર તાહરઇ રે,
દીજત સિરજણહાર;
વિરહ વિછોહ્યાં સાજણાં રે.
તુ વું જાણુત સાર રે. ૨૦ સુણિ૦
ઉલંભા કહિઉં કણુ હરહં રે,
કુણુનઇ દીજઇ દોસ;
હીરાણંદ હિવ ઝૂઝવઇ રે,
કીજઇ મનિ સંતોસ. ૨૧ સુણિ૦

હીરાણંદ કૃત વિદ્યાવિલાસરાસ ૨. સં. ૧૪૮૫
લ. સં. ૧૬૨૬.

સોમસુંદર સૂરિએ રચેલો કહેવાતો પણ ખરી રીતે તેમના શિષ્ય રત્નમંડન ગણિએ રચેલો રંગ સાગર નેમિફાગ ત્રણ ખંડમાં છે તેમાં પહેલાં નેમિનાથનો જન્મોત્સવ, બીજામાં વિવાહ અને ત્રીજામાં મોક્ષગમનનો અધિકાર છે. વિષય રસિક છે ને કૃતિ પણ રસમય છે. પંદરમા શતકની ભાષાનો સુંદર નમુનો પૂરો પાડે છે. આમાં પહેલાં કાવ્ય (શાર્દૂલ) પછી રાસક, ને પછી આંદોલ ને ત્યાર પછી ફાગ અનુક્રમે એમ છંદમય રચના છે. આમાંથી નમુના લઇએઃ– વસંત માસમાં વનરાજી ખીલી છે ત્યાં કૃષ્ણની સ્ત્રીઓ પોતાના દીયર નેમિનાથને વસન્તોત્સવ ઉજવવા ગિરિનાર લઇ જાય છે તે પરણવા સમજાવે છે.

કાવ્યં (શાર્દૂલ)

આવી એ મધુ માધવી રતિ ભલી ફૂલી સવે માધવી,
પીલી ચંપકની કલી મયણુની દીવી નવી નીકલી,
પામી પાડલ કેવડી ભમરની પૂગી રૂલી કેવડી,
ફૂલે દાડિમિ રાતડી વિરહિયાં દોલ્હી હુઇ રાતડી. ૨૭

ફાગ.

સુલલિત ચરણ પ્રહારઇ મારઇ કામિની લોક,
ધિક વિહસંતિ અભાગીયા અભાગીયા તહવિ અશોક.૨૮
કુવભરિ કરઇ પરીરંભ રંભા સોભાણી નારિ,
વનિવનિ કુસુમ રોમ રોમાંકુર કુરબક ધરઇ અપારિ. ૨૯
પૂરઇ પટ્પદ ઉલટ કૂલિ ટયાં વનખંડ
ત્રિભુવનિ મદન મહીપતિ દીપતિ અતિ પ્રચંડ. ૩૦

કાવ્ય.

ઓઢી ચાદર ચીર સુંદર કસી દીલી કસો કાંચલી,
આંજી લોચન કાજલે સિરિ ભરી સીમંત સિંદૂરની,
લેઇ સાથિઇ નેમિકુંવર સવે ગોવિંદની સુંદરી,
વાડીએ ગિરિનાર ડુંગરિ ગઇ સિંગારિણી ખેલિવા. ૩૧

રાસક.

વસંત ખેલણિ સાથિઇ દેવર દેવરમણી સમ ગોરીરે
પહુતલી ગિરિનાર ગિરિ અંબાવનિ બાવનિ ચંદની
ગોરી રે. ૩૨
અનંગ જંગમ નગરા બહુપરિ પરિણેવા મનાવણુ
હારી રે,
લલાટ ઘટિત ઘન પીયલિ કુંકુમ કુમરંરમાડઇ નારીરે.૩૩

આંદોલ.

કુમર રમાડઇ નારિ હીંડોલે હીંચણુહારિ,
ઉચ્છંગિ બઇસારીએ સયરિ સિંગારીએ,
થાઇ થુમણિ થોર દોલઇ દીહર દોર;
કંચણ ચૂડી એ રણુકઇ રૂયડીએ. ૩૪
દેઉર (માર) ઉરવરિ હાલ, વઉલ સિરિ સુકુમાર,
નવ નવ ભંગી એ કુસુમચી અંગીએ.
ત્રીકમ તરૂણી તુંગ, વિરચઇ સુચંગ
અતિ અણીયાલઉં એ ખૂંપ ખુણાલઉ એ. ૩૫

આજ રત્નમંડન ગણિએ નારીનિરાસ નામનો ફાગ (શાંતરસપયોરાશિ રાસક) બાવન કડીનો રચ્યો છે તે પણ ઘણો લલિત, અર્થગંભીર અને કાવ્યમય છે. તેમાંની એક કડી નીચે પ્રમાણે છે.

રતિ પહુતી મધુ માધવી સાધવી શમરસપૂરિ,
જિમ મહમહી મહીતલ સીતલ સ્વજસ કપૂરિ. ૨

માંડણ શ્રેષ્ઠીએ સં. ૧૪૯૮ માં રચેલા શ્રીપાલ રાસની જૂની પ્રત પરથી એક નમુનો આપીએ છીએ. શ્રીપાલ રાજા ઘોડેસ્વાર થઇ ફરવા જતાં કોઇ તેને રાજાના જમાઇ તરીકે ઓળખાવે છે તે સાંભળી પોતાને દુઃખ થતાં સસરાનું સુખ છોડી સ્વભુજાએ સુખ પ્રાપ્ત કરવા વિદેશે જવાનો નિશ્ચય કરે છે.

એકદા એ શ્રીપાલ રાઉ,
ચડયા તુરંગમિ સાંચરઇ એ;
ગામડાનુ અણુઝ કોઇ એક,
ચહૂટઉ ઊભુ તે વાત કરઇ એ. ૭૫

પૂછઇ એકણુહૂ એક પાસિ,
અલવિ કૂંઅર એ કહિતાણુએ;
તે કહઇ એ રાય જમાત,
કુમારિ સુણી તિહાં મનિ ધણ્યુ એ. ૭૬

સાંભલી એ વચન કુમારિ,
રદય દુખ ગહૂ ધરઇ એ;
તુરંગમ એ વાલીય જાઇ,
અવાસ ભીતરિ પઉઢી રહઇ એ. ૭૭

પૂછીઉ એ આવીય માઇ,
કહિ વછ તૂં કુણિઈ દૂહવિઉ એ;
કઇ તૂયે એ દૂહવીઉ નારિ,
કઇ તૂય રાઇ ન માનીઉ એ. ૭૮

નારિ તેા એ સતીય સુસીલ,
રાય તૂં દીઠઈ આણંદીઇ એ;
સેા ભણુઇ એ મ પૂછિસિઉ માઇ,
નામ ઠામ કુલ હારવિઉં એ. ૭૯

મા કહઇ એ વાલિન રાજ,
વછ લેઇ સેન સુસરા તણાં એ,
સેા ભણુઇ એ તેણુઇ નહી કાજ;
જાં નહીં બલ મઝ ભુજતણાં એ. ૮૦

જાઇસૂં એ વદેસિ હૂં માઈ,
ધન ઊપ્રાજી રાજ વાલિસૂં એ;
તવ કહઇ એ કમલપ્રભાય,
વછ અમ્હ સરસાં આવિસૂં એ. ૮૧

કુમર ભણ એ જુ તમ્હઇ સાથિ,
તુ અમ્હ પગ મેાકલા નહીય;
સુંદરી એ જંપઇ એ ધમ પ્રભ,
તમ્હ પાખઇ આહાં રહૂં નહીંય. ૮૨

કુમર તિહાં એ જંપઇ જામ,
સુંદરિ સાસૂ સેવા કર એ;
તવ કહઇ એ સુંદરી ત્યાંહ,
પ્રભ તમ્હ નવપદ રદય ધરિઉ એ. ૮૩

તેજ ભાંડણ કવિના રચેલા જણાતા **નલ** દમયંતી રાસમાંથી એક નમુનેા લઇએ. નલ રાજા કુબડેા થયેા છે ત્યાં દમયંતીના પિતા ભીમ રાજાનેા મેાકલેલેા વિપ્ર આવે છે અને નલને જોતાં તે હેાવાનેા સંદેહ થતાં અમુક 'શલેાકા' બેાલે છે.

ભીમિ વિપ્ર કુસલ કહઇ એ,
જાઉ તમ્હિ તેહ પાસિ;
દ્વિજ આય સિ રાજા તણઈ એ,
ગયુ કૂબડ આવાસિ ૨૦૧

સુણ ભલા જાતા હૂઆ એ,
હરષિઉ તું મન માહિ;
તુ દેખી રૂપ કૂબજ તણું,
હઇઇ પડી અતિ દાહિ. ૨૦૨

કુસલ વિપ્ર ધમ ચીંતવઇ એ,
નલ કિહિં ન હેાઇ;
મનિ સંદેહ ભાંજિવા એ,
કહઇ સલેાકા દેાઇ. ૨૦૩

વસ્તૂ

નલ જિ નીલજ, નલ જિ નીલજ,
નલજિ નીસત્ત,
નલ વિણુ કેાઇ ન પાડૂઉ,
નલ કઠેાર નલ અધમ દિનજઇ,
મેલી દવદંતી સતીય,
તેહ તણું રયૂં નામ લીજઇ;
વલી વલી ધમિ ઊચરઇ,
વિપ્ર સલેાકા દેાઇ;
ઝરઇ નયણ દુખ સાંભરી,
નીચૂં જોઈ તેઈ. ૨૦૪

ઠવણિ

રેાયતુ એ કૂબડુ દેખિ,
કારણ કુસલં કહઇ કિસિઉં એ;
જો ભણી એ સતીય ઊવેખિ,
ગયુ નલ દુઃખ તે મનિ વસિઉં એ.

તંત્રી.

ડાહ્યાભાઈ ધોળશાજી.

[શ્રી ડાહ્યાભાઇ ૩૫ વર્ષની નાની વયે સ્વર્ગસ્થ થયા. સફલ અને ઉત્તમ નાટકકાર તરીકે અનેક નાટકો રચ્યાં તે સર્વનાં ગાયનો સ્વર્ગસ્થનું ઉંચી કક્ષાનું કાવ્યત્વ રજુ કરે છે. આ કાવ્યત્વને તે સર્વ નાટકોની સુંદર વસ્તુ સંકલનાથી સુઘટિત કરેલાં નાટકો પોતાની સ્થાપેલી 'શ્રી દેશી નાટક સમાજ' દ્વારા ગુજરાતી પ્રજા સમક્ષ ભજવી બતાવ્યા ને તેથી ગૂજરાતી નાટયકલામાં જૂદીજ ભાત પાડી તેમાં ઉત્ક્રાંતિ કરી. આ નાટકકાર જૈન હતા અને તેથી જૈનસમાજને ખાસ અભિમાન લેવા જેવું છે. વળી દુકાળ આદિ અનેક પ્રસંગોએ પોતાનાં નાટકોના પ્રયોગોની આવક આપી જનસેવા બજાવી હતી.

તેમનો જન્મ સં. ૧૯૨૩ ના ફાગણ સુદ ૧૪ ને દિને થયો અને સં. ૧૯૫૮ના ચૈત્ર વદ ૮ ને દિને સ્વર્ગવાસ થયો.

તેમનાં રચેલાં નાટકોનાં નામ ૧, મ્યુનીસીપાલ ઇલેક્શન, ૨ કેસર કિશોર આવૃત્તિ પહેલી સં. ૧૯૫૧, ૩ સતી સંયુક્તા આવૃત્તિ ચોથી સં. ૧૯૫૨, ૪ મદનમંજરી આવૃત્તિ પહેલી સં. ૧૯૫૭, ૫ સતી પાર્વતી, ૬ અશ્રુમતી આવૃત્તિ ૭ મી સં, ૧૯૫૫, ૭ રામવિયોગ આવૃત્તિ ચોથી સં. ૧૯૫૫, ૮ સરદારબા આવૃત્તિ ૬ ઠી સં. ૧૯૫૭, ૯ ભોજકુમાર, ૧૦ ઉમાદેવડી આવૃત્તિ ૫ મી સં. ૧૯૫૭, ૧૧ વિજયા વિજય, ૧૨ વીણાવેલી ૧૩ ઉદયભાણ આવૃત્તિ ૪થી સં. ૧૯૫૮, ૧૪ મોહિનીચંદ્ર, ૧૫ સતિ પદ્મિની આ પ્રમાણે ૧૫ કુલ નાટકો છે. આ બધાંની રચનાની સાલ નિર્ણીત થઇ શકી નથી છતાં આ ક્રમ રચનાના અનુક્રમે પ્રાયઃ છે એમ ભાસે છે. આ ટીપમાં જે પવિત્ર લીલાવતી નામ છે તે નાટક ઘણું લોકપ્રિય થયું હતું અને તેના રચનાર શિવરામ કરીને ભોજક છે; અને બીજાં નામે સુભદ્રાહરણ, વીર વિક્રમાદિત્ય અને વિજયકમળા જોવામાં આવે છે પણ તેનાં ગાયનોની ચોપડી જોવાનું બની શક્યું નથી તેથી તે ડાહ્યાભાઇની કૃતિઓ હોવાનું સંભવે છે એટલું અત્યારે કહી શકાય.

કેસરકિશોર નાટકનાં ગાયનોની પ્રથમાવૃત્તિ સં. ૧૯૫૧ માં પોતે પ્રકટ કરી છે તેમાં પોતાને માજી સંસ્કૃત શિક્ષક, મિશન હાઇસ્કુલ, અમદાવાદ એમ જણાવેલ છે તેથી તે પહેલાં તે શિક્ષક તરીકેનો વ્યવસાય બંધ કર્યો હતો એમ સમજાય છે. તેઓ અમદાવાદમાં ડોશીવાળાની પોળમાં રહેતા.

તેમનાં નાટકોના સંબંધમાં 'સાડીના સાહિત્યનું દિગ્દર્શન'માં તેના લેખક સાક્ષર દેરાસરી પૃ. ૧૧૪ પર જણાવે છે કે

'નાટકોમાં જો ઉંચી ભાવના દાખલ થાય, માત્ર હલકી પ્રતિના પ્રેક્ષકોના વિનોદાર્થે નહિ પણ જનસમૂહની વૃત્તિ અને નીતિ ઉચ્ચતર કરવાના સ્તુત્ય અને પ્રશંસનીય હેતુથીજ માત્ર તે લખાય અને ભજવાય તો બેશક ધીરે ધીરે પ્રેક્ષકોની રૂચિ પણ ઉંચી થાય તેમજ લેખકોની દૃષ્ટિ પણ સર્વદા ઉચ્ચ લક્ષ તરફજ રહે. કેટલીક મંડળીઓનાં કેટલાંક નાટકો સારા અંશવાળાં છે, એ કહેવું જોઈએ. **મર્હુમ ડાહ્યાભાઇ ધોળશાનો** નાટકના સાહિત્યની ઉન્નતિ કરવાનો પ્રયાસ સારી રીતે જાણીતો છે. રા. ડાહ્યાભાઇનું નાની વયમાં મૃત્યુ થવાથી તેમનો પ્રયાસ અટકી પડયો. "

મુંબઇની માંગરોળ જૈન સભા તરફથી સદ્ગત ડાહ્યાભાઇના સ્મારક નિમિત્તે એક પ્રબંધક મંડળ સ્થપાયું હતું. તેનું કાર્ય, સ્મારક માટે સદ્ગતનું ચરિત્ર લખાવવું, શિષ્યવૃત્તિ સ્થાપવી, તેમ તેહની ભૌતિક છબીનું હરનીશ દર્શન થાય તે માટે એક છબી સભાના દીવાનખાનામાં રાખવી. અને તેના મંત્રીઓ (સ્વ૦) હેમચંદ અમરચંદ, (સ્વ૦) મોહનલાલ પુંજાભાઇ, અને શ્રીયુત મકનજી જુઠા મહેતાએ સદ્ગતની જયન્તી ઉજવવા માટે તા. ૬-૮-૧૯૦૬ ને રોજ તેમના બંધુપુત્ર (સ્વ.) ચંદુલાલ દલ્લ-

સુખરામ ઝવેરી તરફથી વીણાવેલીનો ખેલ લીધેલો તે ભજવાયો હતો એ પ્રસંગે પ્રમુખ તરીકે ગુજરાતના માનનીય સાક્ષર, પત્રકાર અને તે વખતે ગુજરાત કૉલેજના પ્રોફેસર આનંદશંકર બાપુભાઇ ધ્રુવે લીધું હતું અને તેમણે નાટકોનો પવિત્ર ધંધો, એ પર તેના પ્રાચીન ઇતિહાસ અને કેટલાંક લક્ષણો સહિત એક મનનીય વ્યાખ્યાન આપ્યું હતું તેમાં નીચેનો સદ્‌ગત સંબંધી ઉલ્લેખ કર્યો હતોઃ—

"મને આપે અમદાવાદથી અત્રે બોલાવી આ પ્રસંગે પ્રમુખપદનું માન આપ્યું છે તે માટે હું આપનો ખરા અન્તઃકરણથી ઉપકાર માનું છું. આપણે સર્વ—'આપણે' શબ્દમાં હું પારસી તથા ગુજરાતી બોલતા મુસલમાન ભાઇઓનો પણ સમાવેશ કરું છું—આપણે સર્વ ગુજરાતી ભાષા બોલીએ છીએ, લખીએ છીએ, અને એનો ઉત્કર્ષ ઇચ્છીએ છીએ; અને એ ઉત્કર્ષ સાધવાના કાર્યમાં કાંઇક કાંઇક ભાગ પણ લઇએ છીએ. પણ આ કાર્ય હાલના કરતાં વધારે સારી રીતે સિદ્ધ થવા માટે, ગુજરાતી ભાષાના વિવિધપન્થી ઉપાસકો એક બીજા સાથે મળે હળે, એક બીજાના વિચારથી અને કાર્યની રીતિથી વાકેફ થાય, અને સર્વે કાર્યચક્રો એક મહાન કાર્યયન્ત્રનાં અવયવો છે એમ સમજી પરસ્પર મદદ કરે—અને હિન્દુ ગુજરાતી, પારસી ગુજરાતી, અમદાવાદી ગુજરાતી, સુરતી ગુજરાતી, મુંબાઇ ગુજરાતી, કાઠીઆવાડી ગુજરાતી એવા ક્ષુદ્ર ભેદો નષ્ટ થાય—એ આપણી ભાષાના તેમજ દેશના ઉત્કર્ષ માટે જરૂરનું છે. એકાદ પ્રબળ લોકપ્રિય ગ્રન્થકાર પોતાની કૃતિના પ્રભાવથી સર્વ વિવિધ કોમના અને વિવિધ સ્થળના વાચકોને અને નહાના લેખકોને પોતા તરફ ખેંચે, અને એમ અનેકતાને એકતા તરફ વાળે, એ તો ભાષાપ્રવાહની સ્વાભાવિક ગતિ છે. અનેક નહાનાં ઝરણાં ગુરુત્વાકર્ષણ ("Law of gravitation") ના નિયમથી ખેંચાઇ મહાનદીમાં ભળે, એમાં તો મનુષ્યે કાંઇ કરવાનું જ રહેતું નથી. પણ જ્યારે જળચક્કીઓ ચલાવવા માટે અને વિસ્તીર્ણ ક્ષેત્રો પાવા માટે વિપુલ પ્રવાહની જરૂર પડે, ત્યારે તો અનેક નહાની મોટી નદીઓને પરસ્પર નહેરોથી જોડવી જ જોઇએ. અને આમ સ્વાભાવિક વસ્તુસ્થિતિને ઓળંગી કાંઇક અધિક સાધવું એમાં જ મનુષ્યનું 'પરાક્રમ' યથાર્થ (परा+क्रम्) ધાત્વર્થરૂપે રહેલું છે. મુંબાઇના તેમજ કાઠીઆવાડના ઉત્તમ સાક્ષરોને મૂકી મ્હારા પર્યન્ત આવવામાં, માંગરોળ જૈન સભાનો હેતુ મુંબાઇને મ્હારા ભાગના ગુજરાત સાથે જોડવાનો જ હશે, એમ હું અનુમાન કરું છું; અને તેથી આ પ્રસંગે પ્રમુખપદ હું બહુ જ આનન્દથી સ્વીકારું છું. વળી તેમ કરવામાં આ ઉપરાંત મ્હારે એક બીજું પણ કારણ છે. સ્વર્ગસ્થ ડાહ્યાભાઇ ધોળશાહજી આજથી વીસ વર્ષ ઉપર મારા સહાધ્યાયી હતા, અને એમની જયન્તીને અંગે પ્રમુખપદ લેવાથી હું કાંઇક બન્ધુકૃત્ય કરું છું એ પ્રકારનો મને સન્તોષ થાય છે.

'સદ્‌ગૃહસ્થો—મેં આપને કહ્યું તેમ સ્વ. ડાહ્યાભાઇ વીસ વર્ષ ઉપર મારા સહાધ્યાયી હતા; પરન્તુ તેજ અરસામાં કૉલેજ છોડી થોડાંક વર્ષ પછી તેઓએ નાટકનો **પવિત્ર** ધંધો હાથ ધર્યો. સદ્‌ગૃહસ્થો, 'નાટકનો પવિત્ર ધન્ધો' એ શબ્દો જ કેટલાકને વદતોવ્યાઘાતવાળા અને મસ્કરી જેવા લાગશે, પણ એ ધંધો ખરેખર **પવિત્ર** છે એમ હું સમજું છું; અને એટલી વાત હું આજ પ્રમાણ સાથે પ્રતિપાદન કરી શકું તો હું ધારું છું કે મારું પ્રમુખ તરીકેનું કર્તવ્ય મેં બજાવ્યું ગણાશે."

આ આખું વ્યાખ્યાન 'વસન્ત'માં પ્રકટ થયું છે, અને તેમાં સદ્‌ગત સંબંધી બીજું કંઇ નથી તેથી અત્ર આપ્યું નથી, :આ વ્યાખ્યાન ઉપરોક્ત પ્રબંધક મંડળ તરફથી (સ્વ૦) સાક્ષર શ્રી રણજીતરામ વાવાભાઇના વિવેચનાત્મક લેખ સહિત સન ૧૯૦૬ માં પ્રસિદ્ધ થયું હતું. તેમાં 'આરંભ વચન' આ પ્રમાણે હતા.

'ડાહ્યાભાઇ લોકોને અજાણ્યા નથી. ઉચ્ચ પ્રતિના વિદ્વાનથી તે એક ગામડિયા સુધી.

'ડાહ્યાભાઇ જૈન હતા, અને તેવા એક લોકાદર પામેલા જૈનને માટે માંગરોળ જૈન સભા ગુર્જર સાક્ષરો પાસે તેની કસોટી કરાવે એ સ્વાભાવિક છે.

'કેટલે અંશે ડાહ્યાભાઇનું જીવન પ્રશંસનીય છે, તેના પ્રસ્તાવરૂપે આ પ્રસિદ્ધ છે.

'જણાવવાની જરૂર નથી કે આ પ્રસિદ્ધિના વિચારો તે લેખકોનાજ છે. વાંચનારે તો હંસ ક્ષીર ન્યાયે અનુસરવાનું છે.

'ચર્ચાને અંગે જવાબ આપવાને સભા બંધાએલી નથી.

ઉક્ત સાક્ષરથી રણજીતરામનો લેખ અત્ર અમે આપીએ છીએ. ઉક્ત મંડળની સદ્ગતનું ચરિત્ર લખવાનું કામ ગુજરાતના એ પ્રસિદ્ધ લેખક રા. રા. હિમ્મતલાલ ગણેશજી અંજારિયા અને ઉક્ત રણજીતરામને સુપ્રત કરવાની ઇચ્છા એ ઉભય લેખકો તરફથી પૂર્ણ કરવાની સમ્મતિ મળી ચૂકી હતી. રણજીતરામ અકાળે સ્વર્ગસ્થ થયા તેથી ચરિત્ર તેમના તરફથી ન લખાયું પણ આટલો લેખ જે મૂકી ગયા છે તે અમારે મન ઘણું છે. શ્રીયુત અંજારિયા તેમજ શ્રીયુત નારાયણદાસ વિસનજી ઠક્કુર આદિ ગૂજરાતના લેખકો સદ્ગતનું ચરિત્ર મેળવી તેમજ તેનાં નાટકોનું પરિશીલન કરી લેખો લખશે તો અમારા પર ઉપકાર થશે ને તે પ્રકટ કરવા અમને અતિ આનંદ થશે.

સદ્ગતનાં નાટકો સમસ્તાકારે છપાયાં નથી તે શોકનો વિષય છે. જ્યાં સુધી તે પ્રકટ ન થાય ત્યાં સુધી તેનું તોલન પણ કેમ થઇ શકે? સ્વ. વિભાકર જયંતી વખતે કવિવર્ય નાનાલાલ દલપતરામે તા. ૨૨-૮-૨૬ ને રોજ પ્રમુખ તરીકે જે જણાવ્યું હતું કે:-'વાધજીભાઇ, ડાહ્યાભાઇ, મૂળશંકર, વિભાકર-એ નાટયકારોનાં મૂલ આંકવાનાં સાધનો આપણી પાસે હજુ પૂરાં નથી' અમે ઇચ્છીશું કે સત્વર સદ્ગતનાં સર્વ નાટકો આખાં બહાર પાડનાર કોઇ નીકળી આવે. તંત્રી.]

ઇ. સ. ૧૮૯૪ માં અમદાવાદની મિશન સ્કુલમાં ગમ્(ગચ્છ)ના રૂપાખ્યાન શીખનારને સ્વપ્નેય પણ ખ્યાલ ન્હોતો કે ઇ. સ. ૧૯૦૬ માં અર્થાત્ બાર વર્ષ જેટલી ટુંક મુદ્દત બાદ પોતાના સંસ્કૃત જીવનની જાહેર સેવાની નોંધ લેવાનો પ્રસંગ આવશે.

આઠ દશ વર્ષ જેટલા અલ્પ સમયમાં શ્રી દેશી નાટક સમાજના મર્હુમ માલિક રા. રા. ડાહ્યાભાઇ ઘોળસાજી વિદેહ થયા એ બીના ઉક્ત સ્મૃતિસંસ્કાર પ્રદીપ્ત કરે છે એટલુંજ નહિ પણ પોતાના નાટકોમાં ઠેર ઠેર જે ઉપદેશ અંશસ્વર તરીકે ગાયો છે તે તેમના પોતાનાજ જીવનમાં તેમણે સાક્ષાત્કાર કર્યો એવી પ્રતીતિ કરાવે છે.

એ અંશસ્વર કયો?

" કાયા કાચો કુમ્ભ છે, જીવ મુસાફર પાસ;
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ. "
વીણાવેલી.

જીવન નશ્વર છે; પંખીનો મેળો જામ્યો છે, ઘડી પછી તે વીખરાઈ જશે; પાણીમાં વાદળાંનો પડછાયો પડયો છે, પળ પછી પડછાયો વિલુપ્ત થશે; ચાંદની પથરાઈ છે, ચંદ્ર અસ્ત થયો ને સર્વત્ર અંધકાર ફેલાયું, મનુષ્યની મેદની જામી છે, માણસો વેરાયાં અને બધે શૂનકાર છે; કાયાનો ઘડો કાચો છે, અને ફુટતાં વાર નથી, આવી રીતે રા. રા. ડાહ્યાભાઇએ ક્ષણજીવન નાશવંત છે એવો ઉપદેશ બોધ્યો છે.

સંસાર પ્રત્યે વિરાગ ઉપદેશનારાના દૃષ્ટિબિન્દુ વિવિધ હોય છે. સંસારના કર્દમમાં પચી રહી વિશાળ આકાશમાં ઉડવાની જેને સ્હેજ પણ અભિલાષા નથી, અર્થાત્ અધમ જીવન જીવનારને આચરણો આચરવાની વૃત્તિ નથી તેને અધમતામાંથી ઉદ્ધારવા નશ્વરતાનો બોધ કરવામાં આવે છે; અધમતા અનેક રંગી હોય છે! સ્વહાનિપ્રદ ને પરહાનિપ્રદ એવા બે વિશાળ સ્વરૂપ થઇ શકે. બેશક જગતની ઘટના એવી છે કે પોતાને અધમ કરનાર વસ્તુ જગતને પણ અધમ બનાવે છે અને તેથી ઉલટું પણ થાય છે. ફકત સ્પષ્ટતાને ખાતર ઉક્ત સ્વરૂપો લખ્યાં છે.

રા. રા. ડાહ્યાભાઇનું રંગભૂમિપર વિહરતું વિશ્વ સાંકેતિક છે તેથી જે વસ્તુસંવિધાન અને પાત્રઘટના ત્યાં ગોચર થાય છે તે પણ સાંકેતિક છે. પાપનું સૂક્ષ્મ અને તીક્ષ્ણ પૃથક્કરણ નથી તેમ જુગુપ્સા કે

સંપૂર્ણ વૈરાગ્ય ઉપજે એવું કલાવિધાન નથી. પશ્ચાત્તાપના દાવાનળમાં શુદ્ધ થતાં કંચન પાત્રો જેવાં ઉત્કૃષ્ટ પાત્રો જવલ્લેજ દર્શન દેછે. Poetic Justice (અર્થાત્ કવિઓની સૃષ્ટિમાં વપરાતી ન્યાયબુદ્ધિ-સત્યનો જય અને પાપનો ક્ષય)નું અવલમ્બન લેવામાં આવ્યું છે. પોતાના બધા પાસા અવળા પડે અને છેવટે જીવનનો હેતુ નિષ્ફલ નિવડે એ શઠપાત્રોના અનુભવ છે. તેઓની અધમતા, સ્વાર્થસાધના, ઇર્ષ્યા, અસૂયા, કામવાગ્છના, અહંતા આદિમાં સમાયલી છે. પોતાનો હેતુ બર લાવવા અનેક પ્રપંચો તેઓ રચે છે. પોતાનું મમત્વ પ્રતિપાદવા નાનાવિધના અનાચારો આચરે છે. આવી જેની રહેણી છે તેઓ પૂર્ણ અંશે આત્મશ્રદ્ધાશીલ હોવા જોઇએ. દુનિયા ઉથલાવી નાંખવાની–ધાર્યું સાધવાની શક્તિ આપણામાં છે એવી જ્યાં લગી પ્રતીતિ ન હોય ત્યાં લગી તેમનાથી એક ડગલું પણ ભરવું બને એમ નથી. ઉત્તમ જીવનોને આત્મશ્રદ્ધા (self-confidence) ઉન્નત પંથે લઇ જાય છે પરંતુ પામર જીવો તો તેથી અભિમાની, દમામી, મમતીલા, જોહુકમી અને ખારીલા થાય છે. આપણાં લૌકિક નીતિશાસ્ત્રે આ દુર્ગુણોની સખ્ત ખંખેરણી કરી છે. નીતિતત્વો એવાં વિચિત્ર છે કે મર્યાદામાં રહીને દુર્ગુણો પણ સદ્‌ગુણો થઈ શકે છે અને મર્યાદા છોડતાંજ સદ્‌ગુણો દુર્ગુણો થઇ જાય છે. રાજ્યની લગામ તાણીને પકડવી જોઇએ પણ તે નીમસર. હદબ્હાર ખેંચાણ થતાં જુલ્મના રૂપમાં બાદશાહી કરબ ફેરવાઇ જાય છે અને પરિણામે પદભ્રંશના કે વિદ્રોહ થાય છે. તેજ પ્રમાણે અભિમાન, મમત, દમામ વગેરે પણ શુભ અને કલ્યાણકારી કામો કરી શકે છે એ વાત રા. ડાહ્યાભાઇના લક્ષ બ્હાર રહી ગઇ હતી. ઉચ્છૃંખલ દુર્ગુણોના હાનિપ્રદ પરિણામોજ એમણે બતાવ્યાં છે. એ દુર્ગુણોનું જનન અને પોષણ શી રીતે થાય છે તે યથાર્થ જાણવાની ઉત્કંઠા અતૃપ્તજ રહે છે.

દુર્ગુણોને ધિક્કારવામાં આવ્યા છે તે તેમના અનીષ્ટ પરિણામને લીધેજ નહિ–જન સમાજને જાલીમ નુકસાન તેઓથી થાય છે તે સારૂ નહિ પણ મનુષ્યની નિર્બળતા અને અંધતાની ખાતર.

"દશા કરે તે કોઈ ન કરશે, મુરખ કરે અભિમાન;
પ્રાણી બિચારૂં તુચ્છ મગતરૂં, કાળ કથા અણુજાણ;
હુંપદમાં મરડાઇ મરે પણ, ધાર્યું કરે ભગવાન—દશા."

મનુષ્યથી પર કોઇ એક શક્તિ છે–જે દશા, સમય, નસીબ કે કર્મના નામે રા. ડાહ્યાભાઇના નાટકમાં ઉલ્લેખાઇ છે–તેને આધીન માનવી છે, તેનો નચાવ્યો તે નાચે છે. ભવિષ્યનું ક્ષિતિજ ધુમ્મસથી આવૃત્ત છે-ત્યાં–શું છે તે કહી પણ નથી શકાતું. જરાક દોડતાં ઉંધે માથે ખોખ જેવા ખાડામાં નિપાત થવાનો છે છતાં આંધળો થઈ માનવી દોડી જાય છે. છતાં "હું" "હું" કરતો તે ફરે છે તે ખોટું છે–અહંભાવ રાખવો તે પાપાચરણ છે. સમયના સામર્થ્ય આગળ અહંભાવ ટકતો નથી–મગતરાં જેવાં માનવીને ચોળાતાં વાર શી ?

વસ્તુસ્થિતિ આમ છે ત્યારે વર્તવું શી રીતે ? દશાને તાબે થાઓ. સુખ દુઃખ સરખાં ગણો. જે સ્થિતિ પ્રાપ્ત થાય તેનો તિરસ્કાર ન કરતાં તે આદરથી સત્કારો. મુફલેશ ભટકતા કઠિયારા સાથે પિતાએ વીણાને પરણાવી; પોતાના કર્મમાં જે હશે તે થશે એમ ધારી પતિભાવ સંપૂર્ણતઃ કઠિયારાની શુશ્રુષામાં સમર્પ્યો. પોતાને વેઠવી પડતી આસમાની સુલ્તાનીમાં મેવાડનો વીરકિરિટિ રાણો પ્રતાપ પણ આજ સિદ્ધાંતના અન્વયે સ્હેજ પણ વિષમતા વિના જીવન ગાળે છે.

આ સિદ્ધાંતો અમને તો ઊણાં લાગે છે. "હું" "હું" કરતો માનવી સંસારનું શ્રેય કેમ ન સાધી શકે ? ઉદાત્ત અહંભાવવાળો વૉશિંગ્ટન કે મિકાડો પોતાના દેશનો ઉદ્ધાર કરી શકે છે, વિજ્ઞાની કે વૈદ્ય નવી નવી શોધખોળ કરી શકે છે, અને માનવીની અપ્રતિમ સેવા બજાવી શકે છે. સેનાની રણક્ષેત્રમાં વિજય મેળવે છે ઇત્યાદિ. કર્તવ્યનો ઉચ્ચ આદર્શ નિષ્કામના અને સમર્પણમાં મનાયો છે; અહંભાવને ભસ્મીભૂત કરવામાં નહિ. વીણાના જીવનની ખરી કસોટી એનો પતિ રાજકુંવર ન નીકળતાં કઠિયારોજ રહ્યો હોત ત્યારે થાત. ગરીબ દેખાતા નાયકો અને રાજબીજ નિવડે એવો સંપ્રદાય ઉચ્ચ આદર્શો ઉત્પન્ન કરી શકતો નથી. જીવનની નશ્વરતા દુઃખીને દિલાસો દેવા બોધાય તો ઠીક છે. સુખદુઃખ ફરતા ફરતી

છાંયડી જેવાં છે એમ માનવાથી દુઃખની વેદના ઓછી થાય છે પણ તેથી કર્તવ્યપરાયણતા પ્રદીપ્ત થતી નથી. પોતાનું કે પારકાનું કલ્યાણ કરવાની વૃત્તિ અને આચરણ ઉદ્ભવતાં નથી. સંસાર ક્ષણભંગુર છે એવા નિરાશાવાદથી જનસમાજને અનેકધા હાનિ થાય છે. સમાજ કરાલ, નિર્વીર્ય, બેનૂર, અઋજુ અને વખતે તો અતીવ અધમ થાય છે. હિંદુસ્તાનને આજ નિરાશાવાદનો ખપ નથી. પ્રોત્સાહક આશાવાદનો નિનાદ દિશાઓ મુખરિત કરશે—શતકોની બધિરતા દૂર કરશે ત્યારેજ આ પતિત દેશનો ઉદ્ધાર થશે. "એક ફુલ ખરે તે માટે શોચો નહિ પણ બીજો ફુલછોડ વાવો" એવો ઉપદેશ પીશું ત્યારેજ અમારું જીવન પ્રફુલ્લ ખીલશે.

વળી મનુષ્યને અંધ અને દશાનું રમકડું ગણવાથી "અનુભવ" એવી વસ્તુને નિષ્કાસન આપવામાં આવે છે–મનુષ્યનું મનુષ્યત્વ ખુંચવી લેવામાં આવે છે. દશાના દાબમાં રહેનાર સ્વતંત્ર નથી એમ માન્યાં છતાં સ્વતંત્ર આચરણ કરે છે. Determinismમાં માન્યાં છતાં આચરણો Free Willથી આચરે છે. રા. ડાહ્યાભાઈની ફીલસુફી આટલે અંશે ન્યૂન લાગે છે.

કર્મને આધીન થવામાં પણ એક પ્રકારનો અહંભાવ રહ્યો છે. કઠિયારા સાથે પરણેલી વીણા, વેષધારી મારવાડના કુમાર સાથે પરણેલી વેલીના ઉપર મનમાં સરસાઇ ભોગવે છે અને છેલ્લા પ્રવેશમાં એજ અહંભાવ પિતાને ટાણો મારવાની યુક્તિ રચવાની પ્રેરણા કરે છે. દશા, સમો, કર્મ આદિનો પ્રભાવ સ્વીકાર્યા છતાં પણ આવું પરિણામ આવે છે.

વળી નૈરાશ્ય જે પ્રગટ કરવામાં આવ્યું છે તે હીમ જેવું છે. બાળી નાંખે એવું છે. જેમના દહાડા નબળા નથી–જેઓ વૈભવમાં રાચે છે તેમના તરફજ નૈરાશ્યના કટાક્ષ ફેંકવામાં આવ્યા છે. વસંતમાં હરનારને પાનખરનું સ્મરણ આપવાથી કે યૌવનમાં મ્હાલનારને વાર્ધક્યનું ચિત્ર બતાવવાથી શો અર્થ સરતો હશે? ઉત્સાહ, ઉમંગ, આશા, અભિલાષા, ઉદ્યમ આદિ જગાવવા જો દશાના ફેરફારો વિશે કહેવામાં આવ્યું હોત તો કેવું સારૂં થાત? મહેનત કરો–મંડ્યા રહો કોઇક દિવસ પણ ઉત્તર કે દક્ષિણ ધ્રુવના પ્રદેશમાં પ્હોંચશો, કોઇક દિવસ પણ હિમાલયના ઉત્તુંગતમ શિખરે માનવી જઇ ઉભો રહેશે, કોઈક દિવસ પણ પૃથ્વી અને બીજા ગ્રહો વચ્ચે અવરજવર થશે, કોઇક દિવસ પણ માનવી પ્રયોગશાળામાં ઉપજાવી શકશે, એવો ઉપદેશ જગત્નું કલ્યાણ સાધે છે; નૈરાશ્યમાંથી આશા પ્રગટાવે ત્યારેજ જીવન સાફલ્ય.

સ્હેજ વિસ્તારથી રા૦ ડાહ્યાભાઇના ઉપદેશોનો પ્રધાન ઉપદેશ વિવેચ્યો છે. વિરક્તિ આગળ કહ્યું તેમ વિવિધ કારણસર ઉપદેશવામાં આવે છે. કર્દમમાં ન પડી રહે–ઉદ્યમની પળો વિરલ છે માટે જેનો થાય તેટલો શુભ ઉપયોગ કરી લે. પાપાચરણથી જીવાત્મા અને જગત્નું નુકશાન થાય છે, ક્ષણભંગુર જીવનમાં એટલું નુકસાન શા માટે કરે છે? માથે આવી પડેલી દશામાં વિષમતા વિના જીવન ગાળઃ આદિ આદિ પ્રસંગો માટે સંસારનો વૈરાગ્ય અને ક્ષણભંગુરતાનો ઉપદેશ લાભપ્રદ છે.

સાથે સાથે રા. ડાહ્યાભાઈના શઠપાત્રો વિશે સંક્ષેપમાં વિવેચન કરી લઇશું. આ પાત્ર સંસ્કૃત નાટકોમાં હાલ જે સ્વરૂપમાં તે ગુર્જર રંગભૂમિપર જોવામાં આવે છે તે સ્વરૂપમાં નથી. શેક્સપિઅર અને અંગ્રેજી નવલકથાનો પ્રભાવ જેમ જેમ આપણી રંગભૂમિપર વધતો ગયો તેમ તેમ આ પાત્રનો વિકાસ થતો ગયો. એ પાત્રોમાં શેક્સપિઅરના આએગો (Iago)ની છાયા જણાય છે. પ્રપંચ, સ્વાર્થ, સ્ત્રીલંપટતા અને ભોળાઓને પોતાનાં રમકડાં બનાવવાની કળાના તેઓ ઉસ્તાદ હોય છે. સતીને તેઓ હેરાન કરે છે–તેનું સતીત્વ કસે છે. સતીત્વ આ પ્રમાણે કસવામાં આવે છે તેમ પૂજ્યભાવથી પ્રશંસવામાં આવતું હોય તો કૌશલ ઉત્તમ થાય.

કરૂણાંત પ્રબંધોમાં જેવું શાઠય કુશળ અભિનયદ્વારા પાડી શકાય છે તેવું સુખાંત પ્રબંધોમાં નથી થતું. શઠપાત્રોની શઠતા એકતાનાત્મક હોય છે. વિવિધરંગી નથી હોતી. વળી એકજ નટ દરેક નાટકમાં શઠ થતો હોવાથી શઠની શઠતા કરતાં તે નટના

વ્યક્તિત્વપર પ્રેક્ષકોનું લક્ષ જાય છે. અભિનય પણ બીજાંની ભાત જેવા થઇ જાય છે. શઠ અને તેના સાગ્રીતોની પાત્રતા મારફત સાંકેતિક રીત્યે સમાજમાં પ્રચલિત અનર્થો રા. ડાહ્યાભાઇએ ઝાટકી કહાડયા છે. વ્યભિચાર, વેશ્યાસંગ, મદ્યપાન, લોભ વગેરે સપાટામાં આવી ગયા છે. શઠની પાત્રતા આગળ નાયકની પાત્રતા ઝાંખી પડી જાય છે. આ દૂષણ ઇંગ્લંડની રંગભૂમિનું પણ છે. ગુર્જર રંગભૂમિપર રા. ડાહ્યાભાઇને લીધેજ આજ શઠ અવિરલ થયો છે.

શઠ અને નાયિકાને સંઘર્ષણમાં આવવાના અનેક પ્રસંગો બને છે. શઠની મોહજાળમાં તે સપડાતી નથી અને પોતાના શીલને અખંડ જાળવી રાખે છે. જૈન સૂરિઓના કથાનકપરથી રા. ડાહ્યાભાઇએ પોતાના નાટકોનાં વસ્તુ લીધા છે. સૂરિઓ શીલનો મહિમા હમ્મેશ ગાતા. એટલે રા. ડાહ્યાભાઇના નાટકોમાં પણ એનો મહિમા ગવાયેલજ. શીલ અને પાતિવ્રત્ય સંબંધી પાત્રોના સંભાષણો અને ગાયનો દરેક નાટકમાંથી મળશે.

"સખિ! જોને પતિનું માન–તેનાં ગાંધર્વ ગાયે ગાન;
પામે દેવી સમાન સન્માન–રમે રામા રસિક લઇ તાન"
વીણાવેલી.

"કરે કામની શું સંસારે, વારે વારે પતીને સંભારે
બધી આળ પંપાળ વિસારે, પતિ રામનું નામ ઉચ્ચારે–
ભલેને દાબો બ્રહ્માંડ ભારે, ભલેને કાપો તિક્ષણ ધારે—
દેહ ગેહ શુદ્ધિ નહી, તુટી ગઈ જગ પ્રીત,
ગોરી તો ગાતી ફરે, રસીઆનું રસ ગીત;
ખાન પતિનું ને પાન પતિનું ગાન પતિ ગુલતાન."
વીણાવેલી.

"પટોળીએ ભાત પડી, પડી તેતો પડી પડી
સાચી પ્રીત સમજવી જેવી એક ચુંદડી
ફાટતાં બેહાલ થતાં ભાત દીસે ખડી ખડી
પતિવૃત્ત પટોળીએ પ્રીત ભાત તેવી પડી
કમનત પતિવૃત્ત રત્ન અરેરે ગુમાવે." **સરદારબા.**

એક પત્નીવ્રત અને એક પતિવ્રત એ રા. ડાહ્યાભાઈની ભાવના છે; બેશક એક પત્નીના મૃત્યુ બાદ બીજું લગ્ન પતિ કરે શકે છે. પતિ પરમેશ્વર છે–પૂજ્ય છે; પત્નીપર ગમે તેવો જુલમ ગુજારવાનો અધિકાર તેને છે. પત્નીનો તિરસ્કાર તે કરે છે. રા. ડાહ્યાભાઈ વનિતાદ્વેષી નથી; તેમનાં નાટકોમાં વનિતાસન્માન છે. તોપણ "ઉદયભાણ"માં ભાણજીનું ભાણીબા વિશેનું ગાયન, પત્ની વિશે પતિને ખોટી ભંભેરણીથી ઉપજતો સંશય વગેરે આપણને ખુંચે છે. જ્યાંથી પોતાનાં વસ્તુ લીધાં હતાં તેનાં સંસ્કારોને લીધે આવું થયું હશે. સ્ત્રીઓથી પોતાના પતિઓનો ઉદ્ધાર થતો એવું ઘણાં નાટકોમાં આલેખાયલું છે.

શીલનો મહિમા વિષયપરત્વેના વિરોધને લઇ ગવાયો છે. શીલવતી સતીનો પ્રભાવ સંતતિપર પાપવાગ્-છનાહીન અનુચરો અને સમાગમીઓ, કે પ્રજા પર પડયો હોય એવું વિધાન નથી; સાધુની સાધુતા વધારે, વીરનું વીરત્વ ઉત્તેજે, અર્થાત્ મનુષ્યની દૈવી સંપત્ અધિક ઓજથી પ્રકટાવે એવા પ્રસંગ શીલગૌરવ દર્શાવવા યોજાયા નથી. આસુરી સંપત્નો વિનાશ કરવા સાથે દૈવી સંપત્ને વધારે કલ્યાણ કરતું કલાવિધાન હિતાવહ અને પ્રેય છે.

નીતિના સબળ પાયાપરજ દરેક નાટકની ઇમારત ચણાયલી છે. રા. ડાહ્યાભાઈ એટલા બધા નીતિપ્રચારણ માટે આતુર હતા કે સ્થિરતાની ક્ષતિ થાય તેવે પ્રસંગે પણ નીતિતત્વો પ્રત્યક્ષ રીતે ઉદ્ઘોષ્યા વિના રહેતા નહી. તેમનાં ગાયનોમાં એ તત્ત્વોનો સંભાર છે. પ્રલંબ ભાષણોદ્વારા એ તત્ત્વો ભાર દઇ પ્રેક્ષકો સમક્ષ રજુ થતાં. આ દેશની પ્રજાને 'શીખામણીઆં' લખાણ (didactic writings) વધારે અસર કરે છે. રા. ડાહ્યાભાઇના નાટકોમાં આ તત્વોનો જેટલો વિસ્તૃત ઉપયોગ થઇ શકે તેટલો કરવામાં આવ્યો હતો. સરળ પણ સચોટ ભાષામાં, કહેવાતો, સંસ્કૃત અને ગુજરાતી ગ્રંથોના અભ્યાસે હાથ લાગેલા અલંકારો જેમાંના કેટલાંક વર્ષો થયાં હીન્દુ સમાજને પરિચિત હતાં તેમનો ઉપયોગ કરી પોતાને કહેવાનું રા. ડાહ્યાભાઇ કહેતા. એમના નાટકપર આ પ્રમાણે નીતિના પડા ઉજ્જવલ અને વિશાળ પડયા છે. પરોક્ષ ઉપદેશ જે કલાવિધાનનો પ્રધાન ઉદ્દેશ છે તે આજના અશિક્ષિત કે અલ્પ શિક્ષણવાળા શ્રોતાઓને માટે

હિતાવહ નથી એમ માની પ્રત્યક્ષ ઉપદેશ એમણે ઉચ્ચનાદે કર્યો છે.

રા. ડાહ્યાભાઇની કૃતિનાં મુખ્ય લક્ષણ તપાસતાં પાત્રતા વિશે પણ વચ્ચે ચર્ચા કરી. વસ્તુસંવિધાન તપાસતાં પણ એમણે બજાવેલી સેવાની કદર પીછાનીશું. ગુર્જર રંગભૂમિપર સંસ્કૃત નાટકોના વિદૂષક અને રંગલાનો અવતાર હાસ્યરસ ઉપજાવવા લાવવામાં આવતો. આથી સંકલના શિથિલ રહેતી અને રસનિષ્પત્તિમાં ક્ષતિ લાગતી. પારસી કંપનીઓએ આ દિશામાં સુધારો કર્યો હતો. રા. ડાહ્યાભાઇએ વિદૂષકને રૂખ્શત આપી હાસ્યરસ જમાવવા અને સાથે સાથે ઉપદેશ આપવા ઉપકથા યોજી નાટકના મૂળ વસ્તુમાં સંયોજી લીધી. પ્રારંભમાં ઉપકથા છૂટી રહેતી. રફતે રફતે કૌશલથી ઉપકથા દાખલ કરવામાં આવી. મોલિઅરનાં નાટકોની કથાને ગુજરાતી લેબાસમાં આપણી રંગભૂમિપર આણ્યાં. આથી કાંઇક કૌશલ ઉંચું થયું. આ ફેરફાર પ્રેક્ષકોને પસંદ પડ્યો અને બીજી કમ્પનીઓએ પણ અખત્યાર કીધો, વાણીઆ, હોરા, બાવા, પારસી, સસરાજમાઇ, અનેક પત્નીવિવાહ, વગેરે કોમો અને સંબંધો તેમજ સંસ્થાઓના દૂષણોથી જે રીતે આપણો સમાજ આનંદ મેળવે છે–એ દૂષણોના ઉપહાસથી એમનાથી થતી હાનિ સમજે છે તેજ રીતે એ સર્વનો રા. ડાહ્યાભાઈએ ઉપયોગ કીધો છે.

આજની આપણી રંગભૂમિના અધ્યક્ષોનો હાસ્યરસનાં શક્તિ અને સ્થાન વિશેનો અભ્યાસ અધૂરો છે એ અસંદિગ્ધ વાત છે. શૃંગાર અને હાસ્ય, વીર અને હાસ્ય, કરૂણ અને હાસ્ય તથા અદ્‌ભૂત કે જુગુપ્સા અને હાસ્યના સમવાય કેવા અને કેટલે અંશે યોજવા જોઇએ તે હજુ રંગભૂમિના રસશાસ્ત્રીઓને શીખવાનું છે. હાસ્યોત્પાદક પ્રવેશો હલકા પ્રેક્ષકોને રંજાડવા, મોજમાં રાત ગાળવા આવેલાની વૃત્તિ સંતોષવા, કરૂણ કે શૃંગારનું આધિક્ય છાંટવા, કે "સીનરી" ગોઠવવામાં લાગતો વખત મેળવવા નાટકના તખ્તાપર ભજવવામાં આવે છે. રા. ડાહ્યાભાઈના નાટકોના આ પ્રસંગો પણ સાંકેતિક છે; આજ દિવસે દિવસે નવીન થતા જતા આપણા સંસારનું તેઓ નિરીક્ષણ કરતા હતા એવી પ્રતીતિ કરાવનાર પ્રસંગો જવલ્લેજ એમની કલમથી લખાયા છે. "ઇલેકશન અને કવોરન્ટાઇન"નો ખેલ ફકત અપવાદરૂપ છે. તેમાં પણ ઉપહાસ અગ્રસ્થાને છે– પ્રતિનિધિરાજ્યતત્વ આદિ નવીન પાશ્ચાત્ય રાજકીય પ્રશ્નો સમાજ સરળતાથી સમજી ઉપયોગમાં લઇ શકે એવા દૃષ્ટિબિન્દુનો આશ્રય લેવામાં નથી આવ્યો. કોલેજનું શિક્ષણ લેનાર રા. ડાહ્યાભાઇએ પોતાના નાટકોદ્વારા રાજ્ય, સંસાર, ગૃહ અને ધર્મના પ્રશ્નો ચર્ચી શ્રોતાઓમાં અલૌકિક પ્રબળ ચેતન જગાવ્યું હોત તો જે જે સેવાઓ એમણે કરી છે તે વધુ શ્રેયસ્કર અને ચિરંજીવ થઇ હોત–ભારતના આધુનિક ઇતિહાસ ઘડનારની કક્ષામાં તેઓ સ્થાન પામ્યા હોત.

ગાયનોના સંગીત વિશે ચર્ચા કરતાં અતિ વિસ્તાર થાય માટે આજ તે મુલતવી રાખવી વાજબી ગણાશે. રા. ડાહ્યાભાઇના ગરબા યોગ્ય લોકાદર પામ્યા છે. કાઠીયાવાડના રાસડા રા. રા. વાઘજી આશારામ ઓઝાએ નાટકોમાં દાખલ કર્યા. રા. રા. ડાહ્યાભાઇની રસિકતા આ રાસડાઓની રસનિષ્પાદન શક્તિ, પ્રેક્ષ (Scene) તરીકે અને સંગીત પરત્વેની ખુબી પામી શકી. દરેક ખેલમાં એકેકો ગરબો સ્થાન પામ્યો. આ દેશના આલંકારિકોએ નાના વિધની નાયિકા વર્ણવી છે તેવી નાયિકાના પ્રસંગો આછા પ્રકૃતિ વર્ણનોથી રંગી ગરબામાં રા. ડાહ્યાભાઈએ આણ્યા છે. લય લલિત, સૂરાવટ મધુર અને ભાષા કોમળ છે; અલંકાર રૂચિકર છે; શૈલી સરળ અને સાદી છે; વચ્ચે વચ્ચે પ્રાચીન કાવ્યોની ભાષા, કે અલંકારો કે વિચારો સૌરસ્યથી ગોઠવ્યા છે. ગોપીગીતો અથવા કલગીતોરાની છટેલ મસ્તી કે અનીતિ છેકી નાંખી તેમની મનોહરતા, શ્રુતિપ્રિયતા, સુગમ્યતા, લાલિત્ય, માધુર્ય, અને પ્રવાહીત્વ પોતાનાં ગીતોમાં રા. ડાહ્યાભાઇ લાવ્યા છે. આજનાં ઘણાં નાટકી ગાયનોમાં અસંબદ્ધતા, શિથિલતા, નિરર્થકતા, અવિશદતા, પ્રયોજનહીન શબ્દપ્રાચુર્ય વગેરે જે અરુચિકર તત્વો હોય છે તે દૂષણો રા. ડાહ્યાભાઈના લગભગ બધાં ગીતોમાં નથી; બેશક

સંપૂર્ણ અંશે શુદ્ધ તો બધાં નથીજ. હલકાં જોડકણાંને બદલે રસભર્યા ગીતો એમણે રચ્યાં છે. ગરબા અને નાયિકાને ગાવાના ગીતોના ભાવ સારા આલેખવા પ્રયત્ન કરવામાં આવ્યા છે. કંચનીઓનાં ગીતો પણ ઉસ્તાદી સંગીતની પ્રસાદી પામ્યાં છે. "મોરી ધીરેસે ગગરી ઉતાર લીજોરે" થી શરૂ થતું ગીત ઉદાહરણ તરીકે બસ થશે. અલંકારો વર્ણવતાંજ ધારેલો ભાવ ઉદ્દીપન કરે–અર્થાત્ આજના પ્રેક્ષક વર્ગને રહેજ પણ આયાસ વગર તે ભાવ સમજાય એવા પસંદ કરવામાં આવ્યાં છે.

સંસારને રૂડે રસોડે દેવતા દુઃખનો ભર્યો;
પેઠો વિષયદુધ લાલચે તો મનબિલાડા ઠાર મુઓ;
સાચે ન સુખનો રોટલો છે પાણીમાંનો છાંયડો,
કુતરા ખુએ કર્મમાં હાડકાંનો હાયડો."

મોહિનીચંદ્ર.

"કળી કુંમળી કેમ ઉપાડે, કોચાડાના માર
ગુલાબના ઢગલામાં શોભે ધગધગતા અંગાર,
અંગ આપણું અબળા કહીએ, કહો ભાઇ અંગ તજીને રહીએ."

વગેરે.

વીણાવેલી.

"પોપટ પુરીને પુરૂ પાંજરે ન પાણી પાય;
મામો કહીને દુધ સાપને તો દેવા જાય."

વીણાવેલી.

"બાંધે હવામાં બાપડાં પાપી બરફના માળીઆં
કાળનો ઉકળાટ થાતાં હાય વહેતાં ચાલીઆં."

સરદારબા.

"પતિપરાયણ તારામતી ભીડ, નારાયણેજ નિવારી,
નરસિંહ મ્હેતાની હોંસથી હુંડી, શામળીઆએ સ્વિકારી,
કંકોતરી વિના શ્રી કિરતારે પરણાવી ઓખા કુમારી."

ઉદયભાણ.

આવાં અનેક ઉદાહરણો ટાંકી શકાય. કેવા કેવા પ્રકારનાં ઉપમાનો રા. ડાહ્યાભાઇ વાપરતાં તેનો ખ્યાલ આપવા ઉપરનાં ઉદાહરણો પૂરતાં થશે એવી આશા છે. દંભી જોગ, કે સંસારીઓની અધમતા અને નિર્બળતા ખંખેરતાં અથવા ઇશ્વરપર ભરોસો રાખતાં જૂના ગુજરાતી કવિઓની શૈલી અખત્યાર કરી છે; તેથી તે તે ભાવવાળાં ગીતો લોકપ્રિય થયાં છે. "તુંહી તુંહી"થી શરૂ થતું સરદારબા નાટકમાંના ગુરૂનું ગીત, "જે જે કૌતક જગનું કામ સધાય હરનું "એ ધમલાનું ગીત, "નથી જગતમાં સાથ સંબંધી વિના ત્રિભુવન નાથ" એ ભીખીનું ગીત, "સુંદર શામળીઆ, નામ જપીશ, નિત્ય તારૂં" એ વીણાનું ગીત ઇત્યાદિ ગીતો વિશે પ્રશંસા વચન કથવાની જરૂર રહી નથી. "વીણાવેલી"માં કુંભારોનું ભજન, "ઉમાદેવડી"માં પુજારીનું ભજન વગેરે પણ જૂનાં ભજનોની ઘાટીપર રચાયલાં હોવાથી શ્રોતાઓને રૂચ્યાં છે; બેશક નવીનતા, ચમત્કાર કે ગાંભીર્ય નથી.

ઉપમાનો રમણીય કે સાધારણ વપરાયાં છે. કેટલેક સ્થળે તો ક્ષતિ ઉપજે છે.

"લોભના લગડે નહિ લાધે–પ્રેમતણું પરવાળને,
સ્વારથ કાકાકૌઆ કોટે નહીં પ્રીત મોતીમાલને."

વિજયાવિજય.

અહીયાં સ્વાથને કાકાકૌઆનો સંબંધ શી રીતે બેસાડયો છે? કાકાકૌઆ કોટે મોતીમાલ કેમ ન શોભે? શ્વેત અને શ્વેતના સમાગમથી સુન્દરતા અલૌકિક પ્રકાશી નિકળ્યા વિના રહેજ નહિ.

જગતમાં તે નરને ધિક્કાર–તજે જે પરણી ઘરની નાર,
બગાડે મુરખ તે સંસાર, ભેળવે દીવેલમાં કંસાર."

વીણાવેલી.

"કોને કહીયે કનોડાની કહાણીરે,
જેમ બળદ પીલાયે ઘાણીરે."

સરદારબા.

વગેરે સ્થળે અવિશદતા અને ગ્રામ્યતા છે.

ભાષા અમુક અંશે સંસ્કારી રા. ડાહ્યાભાઇએ વાપરી છે. વર્ણસગાઇપર ઝોક જબરો છે.

"બોલો મારા પ્રેમી પોપટજી બોલે બોલો
બોલો બોલો મેના બોલાવે."

ઉદયભાણ.

"કોઈ ફુલ હ્યોરે ફુલ—
ફુલ સાથે દિલ છે હુલરે——"

ઉમાદેવડી.

"જપતી પ્રીતમની જપમાળ જુવતી જે અલબેલી,
જોબન રસરંગે જોની આ બની ઘેલી."

અશ્રુમતી.

"પ્રીતમની પાછળ હું જોગણ બની,
વ્હાલાની વાંસે વિજોગણ બનીરે—"

વિજયાવિજય.

આ ઉતારાઓ વર્ણસગાઇ, અનુપ્રાસ આદિ શબ્દાલંકારોનો કેવો વપરાશ થયો છે તે દાખવે છે. બેશક ગુજરાતમાં જે જાતની કવિતા આજ દિન લગી પ્રચારમાં છે–જે કવિતા લોકો હોંશથી વાંચે છે તેના કેટલાક ગુણો પોતાનાં ગાયનોમાં આણ્યાથી રા૦ ડાહ્યાભાઇએ લોકપ્રિયતા મેળવી એ સ્વાભાવિક છે.

ફક્ત ગાયનોજ પ્રગટ કરવામાં આવે છે–સમગ્ર નાટકો છાપવામાં આવતાં નથી એટલે વિવેચન સંપૂર્ણત: યથાર્થ થઇ શકવાનો સંભવ નથી. ગદ્યની ભાષા, વિવિધ વૃત્તિ દાખવતી ભાષા કેવી રીતે ઘડાઇ હતી, કેવા પ્રકારના સંવેગનો પાસ દેવામાં આવતો–એ વિશે ચર્ચવાને સાધનો નથી. ઉપદેશ આપતી વખત આલંકારિક ભાષાનો બ્હોળે હાથે ઉપયોગ કરવામાં આવે છે. આથી કૂહેવાનું સચોટ રીત્યે કૂહેવાય છે અને નટ શાબાશીની તાળીઓથી વધાવાય છે. કલ્પના કરતાં "દુનીયાદારી" તરંગ (fancy) આવી ભાષા રચવામાં સહાય આપી શકે છે. ઉચ્ચ કવિત્વની આશા બ્યપુષ્પ બને તો ફળીભૂત થાય. "ગૈાડબંગાળાકાશી" બંગાલની ભીખારણોની એક પછી એક ઉથલાતી છબી ઐકયનું ભાન કરાવતી નથી તેમજ જોનાર બાળકોને ફક્ત અલ્પજીવી આનંદ આપે છે, પણ તેમનાં જ્ઞાનને વધારતી નથી એજ પ્રમાણે કેટલીક વખત અલંકારપરંપરા સાંભળવાથી સૌરસ્યનું બાષ્પીભવન થાય છે, એકતા ખંડિત થાય છે અને શ્રોતાઓનાં જ્ઞાન કે અનુભવ હતાં તેવાંને તેવાં રહે છે. રા૦ ડાહ્યાભાઇ વધારે જીવ્યા હોત તો એમનું કલાવિધાન હજુ વિકસત અને આવી ખામીઓ જતી રહી હોત.

અભિનય પરત્વે બોલતાં કહેવું પડશે કે આજની આપણી રંગભૂમિ પર જેટલા અભિનયદોષ થાય છે તે સર્વથી પુરે અંશે રા૦ ડાહ્યાભાઇના બોલો મુકત નથી. "ટેબલો" ના અભિનયની ખુબી પીછાની તેને રંગભૂમિપર સ્થાન આપવા માટે પ્રેક્ષકો રા૦ ડાહ્યાભાઇના અતીવ આભારી છે. અમુક વૃત્તિ કે સંવેગ મૂક અને નીરવ રીત્યે પ્રકૃષ્ટ સ્વરૂપમાં દાખવનાર અભિનયની કિમ્મત આંકવા લેખિની અસમર્થ છે. જ્યારે હૃદયમાં તુમુલ તુફાન ચાલે છે, ભકિત અને પૂજ્યભાવના મહાઘોષ ગડગડે છે, વૈરવૃત્તિ ભડભડ ભભુકતી હોય છે ઇત્યાદી પ્રસંગે માનવીની વાચા નિર્બળ થાય છે; ફકત તેના મુખ અને શરીરનાં બીજાં અંગોના હાવભાવથી હૃદયમાં ચાલતા વ્યાપારનો પ્રભાવ કે માપ પમાય છે. "ટેબલો" ક્રમશ: તીવ્ર થતા જતા સંવેગ કે વિકારની પ્રબળ અને પ્રલંબ અસર નીરવ અભિનયથી ઉપજાવે છે. કરૂણરસ જ્યારે ઘાડો જામ્યો હોય ત્યારે રસિક કલાવિધાન "ટેબલો" નો ઉપયોગ કરે તો પ્રેક્ષકોને નવો પ્રકાશ–નવું જીવન જગાવતું ચેતન આપી શકે.

વસ્તુ, ગીત, ભાષા અને અભિનય સંબંધી 'ઉપર ચૂટકી' કરેલી ચર્ચા આજના પ્રેક્ષકો વિષે સંક્ષેપમાં કાંઇ કહેવાને પ્રેરે છે. પૈસો કમાવવા નાટકો ભજવવામાં આવે છે. દુકાનદાર પોતાનો માલ કેમ વધારે ખપે–પોતાને અધિક લાભ શાથી થાય એ વિચાર કરી વર્તે છે. તેજ પ્રમાણે નાટકવાળાઓ પોતાને ત્યાં પ્રેક્ષકની ઠઠ શાથી જામે અને પોતાને ત્યાં કેવી રીતે ટંકશાલ પડે એ હેતુ લક્ષમાં રાખી પોતાનો ધંધો ચલાવે છે. પ્રેક્ષકોની રૂચિને અનુસરવાથી નાટયકલા અધોગતિ પામે તો ઉકત દૃષ્ટિબિન્દુથી તેઓ દોષમુકત. પ્રેક્ષકોની રૂચિ શું અધોગતિ આણે એવી છે ? પ્રેક્ષકો કોણ હોય છે ? સારો દિવસ કામ કરી થાકી ગયલા લોકો જેઓ થાક ઉતારવા અને પોતાના સંસ્કારને અનુરૂપ આનંદ અને ગમ્મત મેળવવા નાટયગૃહમાં જાય છે. સખ્ત મજૂરી કરનાર અધિક અંશે વિકારોને વશ હોય છે. પીઠામાં કે વેશ્યાલયમાં, આસાયશ માટે મળેલી રાત્રિ, નિર્ગમવાને બદલે અમુક વર્ગ નાટકશાળામાં રાત ગાળે છે. ઉકત સ્થળે પોષાતી વૃત્તિઓ નાટકશાળામાં ન પોષાય તો તેઓ નાટકોને ઉત્તેજન અને દ્રવ્યસહાય આપતા અટકી જાય. પૈસો રળવા બેઠેલા માલિકો એ વર્ગથી ઉપજતી દ્રવ્યની બોટ ખમવા તૈયાર નથી; એટલે નાટકોમાં અધમતા, ક્ષુદ્રતા કે ગ્રામ્યતા પ્રવેશેજ. બીજો વર્ગ અભણ અને અસંસ્કારી શ્રીમંતોનો છે. પૈસાના તુમાખમાં છકેલા મૌઝશોખ માણવાનું સ્થળ નાટકશાળામાં શોધે છે. જ્યાફત અને નાચરંગની મઝા નાટકના

તખ્તા પર ઘુમતા પાત્રો પાસેથી મેળવે છે. આ દેશને જોઇએ એવા, ધર્મનાં ધતીંગથી મોકળા જાહેર વિનોદો બહુ થોડા છે; ને જે છે તે પણ વિલુપ્ત થતાં જાય છે. આવા સમામાં નાટકો વિનોદો મેળવવા જોવા જવાય એ સ્વાભાવિક છે. અંગ્રેજોના આવ્યા પહેલાં ભવાઇ કે કલગીતોરાવાળાની મહેફિલ કે અપ્સરાઓનો ડાયરો કે હોળી જેવા બિભત્સ તહેવારો વિનોદને વિરામ મેળવવાનાં સાધનો હતાં. જ્યારે આવાં અધમ સાધનોનો સંપ્રદાય પ્રચલિત હોય ત્યારે નાટકો ઉચ્ચગ્રાહી ભજવાય એ અસંભવિત છે. જે દેશમાં સહેજ પણ સંકોચ વિના અશ્લીલ ભાષાનો બારે પ્હોર ને બત્રીસે ઘડી ઉપયોગ થતો હોય, સ્ત્રીચરિત્ર અને એવી જાતના વિષયો વંચાતા કે ચર્ચાતા હોય ત્યાંના વતનીઓ પાસે ઉંચા સંસ્કારની આશા રાખવી એ ફોકટ છે. સંસ્કૃત અને ઇંગ્લીશ સાહિત્યના ગાઢ વાંચન—બેશક જીવન પર્યંત રહેતો સમાગમ તો નહિજ—છતાં પણ જે દેશના ગ્રેજ્યુએટોની હલકી રસવૃત્તિ ટળી શકતી નથી, ત્યાંની રંગભૂમિપર ઉત્કૃષ્ટ ભાવનામય કૃતિ ભજવાતી જોવાની અભિલાષા વ્યર્થ છે. નાટકશાળામાં પ્રેક્ષકો મઝા અને ગમ્મતને માટે જાય છે–જ્ઞાન કે અનુભવ લેવા નહિ. ધાર્મિક વધારે ધાર્મિક થાય, કે પાપી ઓછો પાપી થાય એવા હેતુથી અથવા નવીન ભાવના મેળવવા ત્યાં કોઈ જતું નથી.

જેઓની રસવૃત્તિ સંસ્કારી નથી, કેળવાયેલી નથી, જગતના અનુપમ અને ઉન્નત સાહિત્યનો જેમને સમાગમ નથી તેવા પ્રેક્ષકોને માટે ઉચ્ચ પ્રકારનાં નાટકો ન રચાય એ સર્વ રીતે વાસ્તવિક છે.

રા. રા. ડાહ્યાભાઇ આ બધું સમજતા હશે. પોતાના પ્રેક્ષકોને ધીરે ધીરે સંસ્કારી કરવા, તેમની સન્મુખ તેમને પચે એવા આદર્શો મૂકવા, બને તેટલી ભભક ઓછી રાખી સંગીન ઉપદેશ આપવો એવા કાંઇક એમના હેતુ હશે. પોતાની શક્તિના પ્રમાણમાં તેઓથી બન્યું તેટલું એમણે કર્યું છે–છતાં એમની વિદ્યા જોતાં વધારેની અપેક્ષા રહે છે.

રા. રા. ડાહ્યાભાઈની કૃતિ વિશે સહેજસાજ કહ્યા પછી એમના જીવન વિશે બોલવાનું રહે છે. દઢતા અને મંડ્યા રહેવાના ઉત્તમ ગુણો એમનામાં હતા. શરૂઆતમાં આગ લાગવાથી તેમજ બીજાં કારણોથી તેમને ખમવું પડ્યું હતું. છતાં નાસીપાસ ન થતાં પોતાનું ચિત્ત નાટકના પેશામાં લગાડી પોતાની કંપનીને આજની સ્થિતિ સંપાદી આપી, તેમજ પોતાના જીવનનું સાર્થક્ય કીધું છે. અમદાવાદના "આનંદભુવન" 'થિએટર'માં પોતાની પુનર્જીવિત કંપની પાસે "ભોજરાજા"નો ખેલ ભજવાવ્યો હતો. તે વખત અને આજનો ખેલ જોતાં રા. ડાહ્યાભાઈની બુદ્ધિ હિમ્મત અને કાર્યકુશળતાનો ખ્યાલ આવશે.

જ્યારે દુકાળના પંઝામાં આ દેશ સપડાયો હતો ત્યારે પોતાનાં નાટકો ભજવી તેથી થતી ઉપજ રાંકાંઓનાં નિર્વાહ અર્થે એમણે આપી દીધી હતી. આવાં અપૂર્વ સ્વાર્થત્યાગ અને વિરલ દાનશીલતા તેમનામાં હતાં. પોતાની કોમની સેવા કરવા માટે, દુઃખી બંધુઓની જ્હાર કરવા માટે અને નાટકનાં ધંધાને સહેજ ઉન્નત કરવા માટે શ્રી માંગરોળ જૈન સભા તરફથી આજનો પ્રસંગ ઉજવાય એ સુસંગત અને યોગ્ય છે. આ પરાસ્ત દેશની અલ્પ પણ જે સેવા કરે છે, તે તેનું પ્રારબ્ધ ઉઘાડવામાં મદદ કરે છે–તે આ દેશનો ઉદ્ધાર સમીપ આણતી જાય છે માટે તે તે સેવાની કદર બુજાવી જોઇએ અને ઋણ ફીટાવવું જોઈએ. શ્રી માંગરોળ જૈન સભાએ આવો સ્તુત્ય સમારંભ યોજ્યો માટે તેમને અનેકવાર ધન્યવાદ છે અને જેમના સ્મારક માટે અત્રે આપણે મળ્યા છીએ તેમની અને તેમના ધંધાની યોગ્ય કીમ્મત જો આજે આપણાથી અંકાઇ હશે તો સભાનો પ્રયાસ સફળ, ઉપયોગી અને આદરણીય લેખવો જોઇશે.

રણજીતરામ વાવાભાઈ.

સ્વીકાર અને સમાલોચના.

અભિમન્યુ આખ્યાન તથા અભિમન્યુનું લોક સાહિત્ય–પ્રયોજક અને પ્રકટ કર્તા રા. મંજુલાલ રણછોડલાલ મજમુંદાર બી. એ. એલ. એલ. બી. હાઇકોર્ટ વકીલ વડોદરા મૂલ્ય રૂ. દોઢ અને પાકા પુંઠાના ચાર આના વધારે.] આમાં મહાકવિ પ્રેમાનન્દના પુરોગામી કવિ તાપીદાસ કૃત સં. ૧૭૦૮ નું અભિમન્યુ આખ્યાન નવ પ્રતો પરથી સંશોધિત કરી મૂક્યું છે અને તેના પર લંબાણ પ્રસ્તાવના છે કે જેમાં કવિ, તેની કવિતા, મહાભારતની કથાનો સાર, કવિતાનો સાર અને અભિમન્યુ પરનાં ગૂજરાતી કાવ્યોની સમીક્ષા કરી છે. પછી મૂળકાવ્ય તેના અનેક પાઠાંતરો સહિત આપેલ છે. પછી અભિમન્યુનું લોકસાહિત્ય આપ્યું છે તેમાં અભિમન્યુનો રાસડો, કુન્તાની અમર રાખડી, અભિમન્યુનો રાજિયો, અને અભિમન્યુનો પરજિયો એ ચાર લોકકાવ્ય મૂક્યાં છે પછી 'સમજૂતી'માં દરેક કડવામાંના કઠિન શબ્દોના અર્થ, તેની ઉપયુક્ત માહિતી અને વ્યુત્પત્તિ સહિત મૂકી છે. પછી ૪ પરિશિષ્ટ આપ્યાં છે તેમાં ૧ મહાભારતનાં કાવ્યોની સંવતવાર નોંધ, ૨ રસાલંકાર પ્રકરણ ૩ પાઠાંતર ચર્ચા અને ૪ વ્યુત્પત્તિના ૨૫૭ શબ્દોનો કોષ અને અનુક્રમણિકા આપેલ છે. આ સર્વ જોતાં રા. મજમુદારે આ પ્રાચીન કાવ્ય સંબંધે કંઈ પણ આવશ્યક અંગ મુકી દીધું નથી. અને કોલેજીયન કે કાવ્યાભ્યાસી માટે જોઈએ તે કરતાં વધુ સામગ્રી પૂરી પાડી છે. પ્રયોજકનો શ્રમ પાને પાને દેખાય છે, અને સફળ છે એમ અમે છાતી ઠોકીને કહીશું. આવા પ્રયોજક અને પ્રકાશક દરેક પ્રાચીન કાવ્યને મળે તો ગૂજરાતી પ્રાચીન સાહિત્યની તુલના રસપ્રદતા સમજાય, વિવેચન કલાનો પ્રચાર થઇ સાહિત્યનો ઉત્કર્ષ સધાય અને ગૂજરાતી કાવ્ય સાહિત્યના ઇતિહાસને સર્વાંગે રચનાર માટે પૂરતી સામગ્રી મળે. આ માટે પ્રયોજક મહાશયને અમે પૂરો ધન્યવાદ આપીએ છીએ.

શ્રીયુત મંજુલાલે કેટલાક જૈન સાહિત્યકારોને પણ વિસાર્યા નથી. તે સંબંધીના ઉલ્લેખો ખાસ અત્ર નોંધવા લલચાઇએ છીએ:—

૧. **તે વખતે** પૂર્ણ નહોનજલાલીએ પહોંચેલા ખંભાત બંદરમાં રહીને "**હીરવિજયગૂરિ**"નો પ્રસિદ્ધ રાસ રચનાર શ્રાવક કવિ ઋષભદાસ જૈન ધર્મનું સાહિત્ય ગૂજરાતીમાં ઉતારી લેવા મહાભારત પ્રયાસ કરી રહ્યો હતો.

૨. ઉત્તરમાં ઘણે દૂર મ્હોટે ભાગે મેડતા (મારવાડ)માં રહેનાર "**નળદમયંતી રાસ**' તથા સામ્બપ્રદ્યુમ્ન પ્રબંધ જેવા અનેક રાસ રચનાર સમર્થ કવિ સમયસુન્દરે સં. ૧૭૦૮ માં '**દ્રુપદી સતી સંબંધ ચઉપાઇ**' રચી છે, તે કવિ અઢારમા શતકના પહેલા દસકામાં જીવતો હશે એમ કહેવાને કાંઇ બાધ નથી.

૩. જૈન સંઘોને શીલનો મહિમા સહમનવવા લખેલો '**શીલવતીનો રાસો**' (સં. ૧૭૦૦) રચનાર નેમીવિજય પણ આ અરસામાં થઇ ગયેલો લાગે છે. (આમાં સં. ૧૭૦૦ એ સાલપર ટિપ્પણી મૂકી છે કે) 'આ રાસાની રચના સંવત્ ૧૭૬૨ હોવાનું કેટલીક પ્રતો ઉપરથી તેમ જ આ કવિનાં આ અરસાની આસપાસ રચેલાં કાવ્યો ઉપલબ્ધ થયાં છે તે ઉપરથી જણાય છે. આ હકીકત સાચી ઠરે તો ઉપર લખેલું વિધાન જરૂર ફેરવવું પડશે.

(વિશેષમાં તેઓ જણાવે છે કે) ઉત્તરમાં છેક મેડતાથી માંડીને નડિઆદ સુધી નહાના મ્હોટા કવિતા કરનારાઓ ['કવિ નામને યોગ્યતો કેટલા હશે?] પોતાનું સાહિત્ય જીવન ગાળી રહ્યા હતા. વિશેષ ઇતિહાસને અભાવે આ કવિઓ વચ્ચે પરસ્પર ઓળખાણ કે પ્રસંગ હશે કે કેમ, તેમનાં કાવ્યોની નકલો એક ગામથી બીજે ગામ કયારે કયારે અને કેવા કેવા ભાવિક લોકોની મારફત પ્રચાર પામતી હશે તથા જૈનસંઘના કવિઓ અને જૈનેતર ગૂજરાતી કવિઓ એકજ દેકાણે તથા એકજ ગામમાં સાથે સાથે સાહિત્યજીવન ગાળતા હોવા છતાં તેમના અનેક ધર્મી શ્રોતા વર્ગ વચ્ચે સમભાવ સહચાર અને સહાનુભૂતિ હશે કે કેમ એ બધા પ્રશ્નોના ઉત્તર માટે હમણાં તો આપણે મૌનજ રાખવું પડશે."

'તે વખતે' એટલે વિક્રમ સત્તરમા સૈકાનો અંતકાળ અને અઢારમાના પહેલા દસકામાં એમ

ગણીને ઉપરના ઉલ્લેખ કર્યા છે. ઋષભદાસનો કવન કાળ સં. ૧૬૬૬ થી સં. ૧૬૮૭ છે, અને તે કવિ સત્તરમા સૈકાના અંતકાળ પહેલાંનો ગણાય. સમયસુંદર તો લગભગ ૮૦ વર્ષ ઉપરાંત જીવ્યો લાગે છે અને તેનો કવનકાળ સં. ૧૬૫૮ થી ૧૭૦૦ ઉપર છે, તેથી તે કવિ અઢારમા શતકના પહેલા દશકમાં વિદ્યમાન હતો એ વિધાન સાચું છે, ને તે કવિ સત્તરમા સૈકાના મધ્યથી તે અંત સુધી હતો તે પણ નિર્વિવાદ છે. નેમવિજયની કૃતિ શીલવતી રાસ સં. ૧૭૦૦ માં રચાયેલ છે એવું જે બહાર પડેલ છે તે ભૂલ છે. તે કૃતિ 'રાસ સંપૂર્ણ સંવત સતરસે, અખાત્રીજ રસ ધારસે હો' એમ છપાયું છે તેથી ૧૭૦૦ લાગે છે, પણ એક પ્રતમાં 'રાસ સંપૂર્ણ સત્તર પંચાસે, અખાત્રીજ રસ ધારસે હો' એમ છે તેથી સં. ૧૭૫૦ માં રચાઈ જણાય છે. સં. ૧૭૬૨ ના અંકવાળી પ્રત અમોએ જોઈ નથી. તે કવિની અન્યકૃતિઓ આ પ્રમાણે છેઃ-(૧) વજ્રરાજ ચારત્ર રાસ સં. ૧૭૫૮ માગશર શુદ ૧૨ બુધ વેલાકુલ (વેરાવળ) બંદરમાં, (૨) ધર્મ બુદ્ધિ પાપ બુદ્ધિ મંત્રી નૃપ રાસ અથવા કામઘટ રાસ સં. ૧૭૬૮ આષાઢ વદ ૭, (૩) તેજસાર રાજર્ષિ રાસ સં. ૧૭૮૭ કાર્ત્તિક વદ ૧૩ ગુરૂ (કવિની સ્વહસ્ત લિખિત પ્રત તેજ વર્ષમાં લખેલી વડોદરાના પ્રવર્ત્તક કાંતિ વિજયજીના ભંડારમાં મોજુદ છે.)-આ પૈકી શીલવતી, વજ્રરાજ, અને ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ મંત્રીનૃપ એ રાસો તપગચ્છના વિજયરત્ન સૂરિના રાજ્યમાં-વિદ્યમાનપણામાં રચ્યા છે, જ્યારે તેજસાર રાજર્ષિ રાસ વિજયદયાસૂરિના રાજ્યમાં રચ્યો છે એમ કવિએ પોતેજ પ્રશસ્તિમાં જણાવ્યું છે. વિજયરત્નને સૂરિપદ સં. ૧૭૩૨ માં મળ્યું તેથી તેના પહેલાં તો એક પણ કૃતિ નેમિવિજયની થવી સંભવતીજ નથી; ને તે સૂરિ સં. ૧૭૭૩ માં સ્વર્ગસ્થ થયા ને તેની પછી વિજયક્ષમાસૂરિ આવ્યા ને તે સં. ૧૭૮૫ માં સ્વર્ગસ્થ થયા કે જેની પછી વિજયદયાસૂરિ આચાર્ય ને પટધર તેજ વર્ષમાં થઇ આવ્યા ને તે સં. ૧૮૦૯ માં સ્વર્ગસ્થ થયા.

જૈન અને જૈનેતર કવિઓમાં એક બીજાની સહાવિદ્યમાનપણામાં સહકાર હતો કે નહિ એ પ્રશ્ન છે તેવોજ પ્રશ્ન જૈનો એકબીજા સહકાર કરતા કે નહિ તેમજ જૈનેતરો એકબીજા સાથે સહકાર કરતા કે કરી શકતા કે નહિ તે છે. જૈનોમાં તો સહકારપણાના ઘણા દાખલા ઘણાના સંબંધમાં મળી આવે છે.-બધાંના સંબંધમાં નહિ હોય. જૈનોમાં એક બીજાની કૃતિઓ જૂદી જૂદી પ્રત કરી કરાવી એક બીજાને મોકલતા અને જુદા જુદા સ્થળના ભંડારોમાં સંગ્રહ કરાવતા. એક બીજાની કૃતિપર બાલાવબોધ રચતા. ઋષભદાસની કૃતિઓનો તેના મુનિ ગુરૂઓએ વિસ્તાર કર્યો. ઋષભદાસ પોતાના હીરવિજયસૂરિના રાસની પ્રશસ્તિમાં પૃ. ૩૨૨ જણાવે છે કેઃ-

તવન અડાવન ચોત્રીસ રાસો,
પુણ્ય પ્રસર્યો દીયે બહુ સુખ વાસો,
ગીત થુઈ નમસ્કાર બહુ કીધા,
પુણ્ય માટે લિખી સાધુનેં દીધા.

આજ પ્રકારે કવિ નાકર લખે છે કે 'કવિ નાકરે વિપ્રને દીધા.'

સાક્ષર શ્રી કૃષ્ણલાલભાઈ આ પ્રશ્નનો કંઈક ઉકેલ ટુંકાક્ષરી શબ્દોથી કરતા હોય એમ જણાય છે-તે શબ્દો આ છેઃ—

જૂના ગૂજરાતી સાહિત્યનો સિલસિલાબંધ સંબંધ, (connected) ઇતિહાસ લખવો હોય તો જૈનોથી જૈનેતરની કૃતિ તરફ અને જૈનેતરથી જૈનોની કૃતિ તરફ દુર્લક્ષ થઇ શકે નહિ. અમુક વિષયો સંબંધે બંને કોમોએ એકજ નદીના મૂળમાંથી પાણી પીધેલું એટલે કે સંસ્કૃત ગ્રંથ પર આધાર રાખેલો, **અમુક બાબતમાં વિચારની પરસ્પર આપલે થયેલી** (They acted and reacted on each other) એટલે ખરા ઇતિહાસની રચનામાં તો એ બંને કોમની કૃતિની આલોચના થવી જોઇએ'-(જુઓ આ અંકમાં 'મધ્યકાલીન સાહિત્ય પર સાક્ષર શ્રી કૃષ્ણલાલભાઇ'એ લેખ તથા ઉપોદ્ઘાત આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક ૭ મું કે જે થોડા વખતમાં બહાર પડનાર છે.)

છેવટે શ્રીયુત મંજુલાલ ગૂજરાતી કાવ્યો આ રીતે અનેક બહાર પાડી અભ્યાસીઓનો માર્ગ સરળ કરી આપે એમ ઇચ્છી વિરમીએ છીએ.

જેસલમીર ભાંડાગારીય ગ્રન્થાનાં સૂચી— ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાલા નં. ૨૧ મૂળ સંસ્કૃ-

હક સ્વ. ચીમનલાલ ડી. દલાલ એમ. એ. અને સંશોધન કરી વિસ્તૃત ઉપોદ્‌ઘાત અને અનુક્રમણિકાઓ લખી તૈયાર કરનાર પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી. મૂલ્ય રૂ. સવાત્રણ.) સન ૧૯૧૬ પહેલાં પાટણના ભંડારોની મૂલ્યવાન્ અને પ્રમાણભૂત ગ્રંથોની ફેરિસ્ત કરનાર સદ્‌ગત ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ એ જબરા જૈન વિદ્વાન હતા; અને જૈનોમાં એક બીજા ભંડારકર હતા એમ કહેવામાં અત્યુક્તિ અમને જણાતી નથી. તેમણે સન ૧૯૧૬ માં જેસલમેર જઇ ત્યાંના પ્રસિદ્ધ ભંડારમાંના પુસ્તકોની ટીપ તૈયાર કરી. આ ભંડાર જગત્‌માં એક પ્રખ્યાત ગ્રંથભંડાર છે. તેમાં અતિ પ્રાચીન અને અલભ્ય પુસ્તકો સુરક્ષિત છે. તેના સંબંધમાં સન ૧૮૨૯ માં ટૉડે તેનો ઉલ્લેખ કર્યો. ડૉ. બુહ્‌લર સન ૧૮૭૨ માં જઈ માત્ર ૪૦ પોથીઓ તપાસી શકયા. પછી પ્રો. એસ. આર. ભંડારકર જોવા ગયા હતા. પણ ફુરસદ પૂરા ન થયા. ૧૯૦૯ માં આપણી જૈન શ્વે૦ કૉન્ફરન્સે પંડિત હીરાલાલ હંસરાજને મોકલી ગ્રંથોનાં નામોની ટીપ 'જૈન ગ્રંથાવલી' માટે કરાવી કે જે ટીપ હજુ પણ સેંટ્રલ લાયબ્રેરી વડોદરા'માં પડી છે કારણ કે તે શ્રીયુત દલાલને મોકલવામાં આવી હતી અને હજુ કૉન્ફરન્સ ઑફિસને પાછી થઇ નથી તેમ તે ઓફિસે મંગાવી લીધી નથી. પણ વિસ્તૃત અને સંપૂર્ણ તથા ગ્રંથોને તપાસી કરવામાં આવેલી સૂચી તો સદ્‌ગત દલાલેજ કરી. જેસલમેર જવાનો રસ્તો વિકટ છે છતાં તેની મુસાફરી કરી ત્યાંના સંઘની પ્રેમભાવભરી સહાનુભૂતિ અને સહકારિતા મેળવી પોલીટીકલ એજંટ ને રાજ્યાધિકારીઓની લાગવગથી દલાલ મહાશયે પોતાનું કાર્ય અતિશ્રમે પણ ફુરસદીથી કર્યું અને તે પ્રકટ થાય તે પહેલાં તો સન ૧૯૧૮ ની ત્રીજી ઑકટોબરે ઇન્ફ્લ્યુએન્ઝામાં દલાલનું સ્થૂલ દેહાવસાન થયું. તેમનો યશોદેહ જવલંત અને ચિરસ્થાયી રહેશેજ.

હવે આ સૂચી સંશોધિત કરી સુંદર અને ઉપયોગી સ્વરૂપમાં મૂકી પ્રેસમાં મોકલવાનું કામ વડોદરાની સેંટ્રલ લાયબ્રેરીના પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીને સોંપવામાં આવ્યું અને તે અતિશય કુશલતાથી ગ્રંથકારો અને ગ્રંથોનો પરિચય કરાવતી અને તે સંબંધી અનેક નવીન ઐતિહાસિક હકીકતો જૈન અને જૈનેતર ગ્રંથકારોની, નિર્દિષ્ટ થયેલા જૈનાચાર્ય મુનિ વગેરેની જૈન જૈનેતર શ્રેષ્ઠી વગેરેની જૈનમુનિવંશ ગચ્છાદિની ગૃહસ્થવંશકુલ જ્ઞાતિ ગોત્રાદિની, રાજાઓની, સ્થાનોની એમ વિધ વિધ અક્ષરાનુક્રમણિકાઓ તૈયાર કરી લાલચંદ પંડિતે જે મહેનત અને વિદ્વત્તાનો વ્યય કર્યો છે તે માટે અને તેમ કરી તેને બને તેટલી સંપૂર્ણ અને સત્તાધારી બનાવેલ છે તે માટે તેમને અનેકશઃ ધન્યવાદ ઘટે છે.

આવી સૂચી આપણી સંસ્કૃતિના શબ્દદેહનું દિગ્દર્શન કરાવવામાં, પ્રાચીન ઇતિહાસની સાંકળમાં તૂટતા મંકોડા પૂરા પાડનારી સામગ્રી પૂરી પાડવામાં પ્રબલ સહાયભૂત છે અને તેનું તે મહત્ત્વ ઓછું નથી.

ભાવનગરના ચીફ જસ્ટિસ એ. જે. સુનાવાલાએ તા. ૧૭-૧૧-૨૫ નો નીચેનો અભિપ્રાય આ સંબંધે આપ્યો છે તેને અમે મળતા થઇએ છીએ.

"The Descriptive Catalogue now offered to the public, the result of the joint labours of the late Mr. C. D. Dalal, Sanskrit Librarian of the Baroda Central Library, and the Jain Pandit Mr. L. B. Gandhi is supposed to be pretty exhaustive, and embraces almost all important palm-leaf and paper MSS of the world-renowned Jain Bhandars of Jessalmere. The learned editor, Mr. L. B. Gandhi, a deep and well-read scholar of the old school-seems to have spared no pains to make the catalogue as complete and accurate as possible. Every endeavour has been made to gather together all phases of available information bearing on the subject, and present them here in a condensed

and compact form, classified and arranged under appropriate headings. A brief historical sketch given in the Sanskrit Preface, the plan and scope of the work fully explained, the extra information of inestimable value embodied in the Introduction, the variety of matters set forth in the appendices, the peculiar feature of the Notanda and other minor details will prove useful alike to the scholar and the layman."

છેવટે સદ્‌ગત દલાલે પાટણના ભંડારોની વિસ્તૃત સૂચી કરી છે કે જે સંશોધિત અને પ્રકટ કરવા માટે સર્વ યોગ્ય સામગ્રીથી વિભૂષિત કરવા માટેનું કાર્ય પંડિત લાલચંદ્રનેજ સોંપવામાં આવ્યું છે તે સત્વર બહાર પડે અને તેમાં પંડિતજીને આવોજ યશ અને ધન્યવાદ સંપ્રાપ્ત થાય એમ ઇચ્છીએ છીએ.

મેઘમહોદય-વર્ષપ્રબોધ—મૂલ સંસ્કૃત પદ્યમાં. કર્ત્તા મેઘવિજય ઉપાધ્યાય-હિંદીમાં અનુવાદક અને પ્રકાશક પંડિત ભગવાનદાસ જૈન. દી શેઠિયા જૈન પ્રિન્ટીંગ પ્રેસ બીકાનેર. મૂલ્ય ૩. ચાર).

આ ગ્રંથ તેર અધિકારમાં છે. ૧ ઉત્પાતપ્રકરણ, ૨ વાતાધિકાર, ૩ દેવાધિકાર, ૪ સંવત્સરાધિકાર-ગુરૂચારફલ, ૫ શનિવત્સર નિરૂપણ, ૬ અયનમાસ પક્ષ દિન નિરૂપણ, ૭ વર્ષરાજાદિકથન, ૮ મેઘગર્ભ-કથન, ૯ તિાથફલકથન, ૧૦ સૂર્યચાર કથન, ૧૧ ગ્રહગણ વિમર્શન, ૧૨ દ્વારચતુષ્ટય કથન, ૧૩ શકુનનિરૂપણ. એકંદરે અમુક વર્ષ કેવું નિવડશે તે સંબંધી જે જે રાશિ, નક્ષત્ર, વગેરે ચિન્હો જોઇ તેનાં ફલ આમાં આપેલ છે તે વિચારી વિમર્શન કરવા માટેનો આ ગ્રંથ છે. તેનું હિંદી ભાષાન્તર અનુવાદક ગૂજરાતી હોવા છતાં ઠીક કર્યું છે એમ જણાય છે. પ્રેસ સારૂં શોધ્યું હત તો વધારે સુંદર અને આકર્ષક સ્વરૂપમાં આ ગ્રંથ રજુ કરી શકાયો હત છતાં મોટા ટાઈપમાં ગ્લેઝ કાગળ પર પુસ્તક છપાયેલ છે તે એકંદરે સારૂં થયું છે.

ગ્રંથકર મેઘવિજય જબરા જ્યોતિષી, મંત્રશાસ્ત્રો, કવિ, પંડિત અને રસજ્ઞ હતા એમ તેમના અનેક ગ્રંથો પરથી જાણી શકાય છે. તે સ્પષ્ટતાથી વિસ્તારપૂર્વક પૂરવાર કરવા માટે તેમના દરેક ગ્રંથો હસ્તગત કરી તેમાંની અંતર્ગત હકીકતો મેળવી એક જબરો લેખ લખી શકાય તેમ છે. અનુવાદક મહાશયે પ્રસ્તાવનામાં ટુંકમાં હકીકત આપી છે તે ઉપયુક્ત છે. મુનિમહારાજશ્રી વિચક્ષણવિજય પાસે આ ગ્રંથકારના અનેક ગ્રંથોની હસ્તપ્રતો છે, તે જો ગ્રંથકારનું ચરિત્ર લખવા લેખકને આપવાની કૃપા કરે તો આલોચનાત્મક સારો પરિચય ગ્રંથકર્ત્તા અને તેમના ગ્રંથોનો કરાવી શકાય તેમ છે. તેમના ગ્રંથોનું જેમ વિતરણ અને પ્રકાશન થાય તેમ કરવું યોગ્ય છે. આ ગ્રંથો થોડા વખત માટે અમને જોવા તપાસવા માટેજ પૂરાં પાડવામાં આવશે, તો અમે તેવો પરિચય કરાવવા બનતું કરીશું. અનુવાદક મહાશય આ જેવા અન્ય ગ્રંથો—ગણિતસાર સંગ્રહ, ભુવન દીપક સટીક, વાસ્તુસાર (શિલ્પશાસ્ત્ર), ત્રૈલોક્ય પ્રકાશ આદિ જૈન ગ્રંથો સાનુવાદ પ્રકટ કરનાર છે જાણી આનંદ થાય છે. દરેક જૈન લાયબ્રેરી તેમજ તદ્દન જૈનો આવા ગ્રંથને ખરીદી ઉત્તેજન આપશે એમ ઇચ્છીશું.

જૈનેતર દૃષ્ટિએ જૈન—અથવા જૈનેતર અનેક મધ્યસ્થ વિદ્વાનોના જૈનધર્મ સંબંધી અભિપ્રાયો-સંગ્રાહક મુનિ મહારાજશ્રી અમરવિજયજી, પ્ર૦ શા. ડાહ્યાભાઇ દલપતભાઈ, ભરૂચ-મૂલ્ય જણાવ્યું નથી.)

આ પુસ્તક પ્રસિદ્ધ કરી એક સારી સેવા પૂજ્ય મુનિશ્રી અમરવિજયજીએ જૈનધર્મ અને સાહિત્યની બજાવી છે એમાં કોઇપણ જાતનો શક નથી. ભાષા ગૂજરાતી છે છતાં ટાઇપ બાલબોધ રાખ્યા છે. તેથી તેનો લાભ હિંદી અને મહારાષ્ટ્રી જૈનો પણ લઈ શકે તેમ છે. વાસુદેવ ઉપાધ્યે, એક પરમહંસ, રામતીર્થશાસ્ત્રી, લોકમાન્ય ટિલક, કાકા કાલેલકર, પ્રો૦ આનંદશંકર ધ્રુવ, શ્રીયુત રાજવાડે આદિનાં વક્તવ્યો પ્રથમ ભાગમાં આપ્યાં છે અને ડા. હર્મન જેકોબીની જૈનસૂત્રો પરની પ્રસ્તાવનાઓ, હર્બર્ટવૉરન,

હર્ટલ આદિ યૂરોપીય વિદ્વાનોનાં મતો બીજાભાગમાં આપ્યાં છે. પ્રસ્તાવના પણ સુન્દર ઘડી છે. જૈનધર્મ સંબંધી અન્ય શું ધારે છે, સમજે છે તેનો તેમજ અન્ય વિદ્વાનો તેનો અભ્યાસ કેટલો સૂક્ષ્મતાથી કરી શકે છે તેનો ખ્યાલ આ પુસ્તકથી સારી રીતે આવશે. હર્મન ભાષામાં જૈનધર્મ અને સાહિત્ય સંબંધી અનેક લેખો અને પુસ્તકો બહાર પડયાં છે તેનો, અને હિંદના ઇંડિયન એંટિકવરી, રૉયલ એશિયાટિક સોસાયટીનાં જર્નલો આદિમાં જૈન સંબંધી જે જે લેખો, ઉલ્લેખો વગેરે આવ્યા છે તેનો અનુવાદ કરાવી પ્રકટ કરાવવાનું કાર્ય આ મુનિમહારાજ તેમજ અન્ય મુનિઓ યા સંસ્થાઓ ઉપાડી લેશે તો અત્યંત પ્રકાશ પડતાં શાસનનો ઉદ્ધાર થશે એમ અમે હૃદયપૂર્વક માનીએ છીએ.

नल विलास नाटक—મૂળ કર્ત્તા રામચંદ્રસૂરિ. સંશોધક જી. કે. શ્રીગોંડેકર અને લાલચંદ્ર બી. ગાંધી—વડોદરા સેંટ્રલ લાયબ્રેરી વાળા. પ્રસ્તાવના-લેખક ઉક્ત પંડિત લાલચંદ્ર—ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળા મણકો ૨૯ મો. પૃષ્ઠ ૪૦+૯૧ મૂલ્ય સવાબે રૂ.]

પ્રસિદ્ધ શ્રી હેમચંદ્રાચાર્યના વિદ્વાન્ શિષ્ય રામચંદ્રસૂરિએ અનેક નાટકો તેમજ ગ્રંથો રચ્યા છે અને પ્રબંધશત નામનું પુસ્તક સો પ્રબંધવાળું રચી 'પ્રબંધશતકર્ત્તા' એ ઉપનામ મેળવ્યું છે. તે સૂરિના સંબંધમાં જૂદા જૂદા ગ્રંથો જેવા કે પ્રબંધચિંતામણી, પ્રભાવકચરિત્ર આદિ પરથી મળતી બધી હકીકતો તેમજ તેમના ગ્રંથોમાંથી આંતરિક પ્રમાણ તરીકે પ્રાપ્ત કરેલી વિગતોને એકઠી કરી પંડિત લાલચંદ્રજીએ વિદ્વત્તા ભરેલી સંસ્કૃત પ્રસ્તાવનામાં મૂકી છે તે ખાસ ઉપયોગી અને રસપ્રદ છે અને તેનું ગૂજરાતી ભાષાંતર કરી યા કરાવી આ માસિકમાં ભવિષ્યમાં આપવા ઉમેદ રાખીએ છીએ.

નલરાજા અને દમયંતીની કથા એટલી બધી રસભરિત છે કે તેના સંબંધી સંસ્કૃતમાં અનેક આખ્યાનો રચાયાં છે એટલુંજ નહિ, પરંતુ સંસ્કૃતના ગણાતા પંચમહાકાવ્યમાં શ્રી હર્ષનું તેમના સંબંધીનું નૈષધ કાવ્ય એ એક મહાકાવ્ય થયું છે અને તે ઉપરાંત બીજાં અનેક કાવ્યો રચાયાં છે. ગૂજરાતીમાં જૈન કવિઓ નામે માંડણકૃત સં. ૧૪૯૮ આસપાસ, ઋષિવર્ધન કૃત સં. ૧૫૧૨ માં, મેઘરાજ કૃત સં. ૧૬૬૪, નયસુંદર કૃત ૧૬૬૬માં, સમયસુંદર કૃત ૧૬૭૩માં, જ્ઞાનસાગર કૃત સં. ૧૭૨૦ માં નલદમયંતીરાસ રચાયા છે જ્યારે જૈનેતર કવિઓમાં અનુક્રમે ભાલણ (૧૫૪૫ ?) નાકર (૧૫૮૧), પ્રેમાનંદ (૧૭૨૮ ? ૧૭૪૨) આદિએ તે પર કાવ્યો રચ્યાં છે. નલ દમયંતી સંબંધી ગૂજરાતી ભાષામાં લખવાની પહેલ જૈન કવિઓએ કરી છે.

શ્રીયુત શ્રી ગોંડેકર અને પંડિત લાલચંદ્રે આ ગ્રંથનું સંશોધન સુયોગ્ય રીતે કર્યું છે—તેમાં આવેલા પ્રાકૃત ભાષાના ભાગોની સંસ્કૃત છાયા કરી 'પુટનોટ'માં આપેલ છે. પાઠાંતરો પણ આપ્યાં છે જૈન કથા અને બ્રાહ્મણ કથામાં શું શું ભેદ છે, આ નાટકકાર રામચંદ્રસૂરિએ કયા વસ્તુપર આધાર રાખી પોતાની પ્રતિભા બતાવી છે એ વગેરે આના ઉંડા અભ્યાસી માટે મજ્જનો વિષય છે. રામચંદ્રસૂરિનો નાટયદર્પણ નામનો ગ્રંથ જો બહાર પડે તો આખા નાટક, અલંકાર અને કાવ્યના સાહિત્ય પર જબરો પ્રકાશ પડશે. તે ગ્રંથની વિદ્વાનો બહુ રાહ જુએ છે. શ્રીમંત ગાયકવાડ સરકારે આ પૌવાત્ય ગ્રંથમાળા કાઢી તેમાં જૈન સાહિત્યનો સમાવેશ કરી શ્રી વ્યોકેશ ભટ્ટાચાર્ય જેવા વિદ્વાન્ જનરલ એડિટર, શ્રી ગોંડેકર અને પંડિત લાલચંદ્ર જેવા વિદ્વાનો નિયોજી જૈન સમાજ પર ઉપકાર કર્યો છે એ માટે અમે તેમને અનેકશઃ ધન્યવાદ અર્પીએ છીએ, અને ઇચ્છીશું કે તે ગ્રંથમાળામાં નાટયદર્પણ પણ સંશોધિત થઇ બહાર પડે.

लोक प्रकाश—પ્રથમ વિભાગ. મૂળકર્તા શ્રી વિનયવિજયજી પ્ર૦ દેવચંદલાલભાઇ જૈન પુ. ફંડ. સુરત પાનાં ૧૩૧ નિર્ણયસાગર પ્રેસ મૂલ્ય બે રૂ.) આમાં ૧૧ સર્ગવાળો દ્રવ્યલોક પ્રકાશ મૂકેલ છે. ક્ષેત્ર કાળ અને ભાવથી લોકનું સ્વરૂપ હવે પછીના ભાગોમાં આવશે. જૈન વિશ્વઘટના (cosmology) સંબંધે

શું માન્યતા છે તે આ ગ્રંથ પરથી વિશેષ પ્રમાણમાં સમજાશે. આ સંસ્કૃતમાં વિ૦ ૧૮મા શતકમાં થયેલ વિનયવિજયજીએ કરેલી સુંદર રચના છે. તે આખી કૃતિ જામનગરના પંડિત હીરાલાલ હંસરાજે પ્રકટ કરી છે. તે પંડિત સંબંધી સામાન્ય રીતે કહેવાય છે કે મોટા ટાઇપમાં અનેક પાનાંઓમાં ગ્રંથો છાપી ઘણી વધારે કિંમત રાખે છે–તે ફરિયાદ દૂર કરવાનો આ ગ્રંથના પ્રકાશનનો હેતુ જણાય છે તે અયોગ્ય નથી. ઉક્ત પંડિતની પ્રકાશિત કૃતિમાં અને આમાં શી વિશેષતા છે તે સમજાવ્યું નથી. આમાં કંઈ પણ પ્રસ્તાવના નથી, તેમજ આ સંસ્થા જે રીતે અન્ય ગ્રંથોમાં પ્રાકૃત ગાથાઓ કે વાક્યોની સંસ્કૃત છાયા ફુટનોટમાં મૂકાવે છે તે રીતે આ ગ્રંથ સંબંધે કર્યું નથી. હવે પછીના વિભાગોમાં એમ કરવા લક્ષ આપશે. આમાં વિષયાનુક્રમ, સાદો અને વિસ્તૃત મૂકવો ઘટે એ પણ લક્ષ બહાર જવું ન જોઇએ. આવા ગ્રંથો ગૂજરાતીમાં અનુવાદ કરવા યોગ્ય છે, ને અંગ્રેજીમાં પણ અનુવાદ કરવા લાયક આ ગ્રંથ છે એમ માનીએ છીએ.

ત્રિભુવનદીપક-પ્રબંધ—[રચનાર કવીશ્વર શ્રી જયશેખરસૂરિ સંપાદક પંડિત લાલચંદ્ર ભગવાનદાસ. પ્ર૦ અભયચંદ ભગવાનદાસ ગાંધી; કુલ પૃ. ૮૦ મૂલ્ય આઠ આના]

અંચલ ગચ્છમાં જયશેખરસૂરિ એક મહાકવિ અને ગ્રંથકાર થયા છે. સંસ્કૃતમાં અનેક ગ્રંથો (૧૪૩૬ થી ૧૪૬૨ સં. માં) રચ્યા છે. ઉપદેશ ચિન્તામણી સં. ૧૪૩૬, પ્રબોધ ચિંતામણિ અને ધમ્મિલ ચરિત મહાકાવ્ય સં. ૧૪૬૨, જૈનકુમાર સંભવ મહાકાવ્ય, અને શત્રુંજય, ગિરનાર, મહાવીર જિન એ ત્રણ પર દ્વાત્રિંશિકા, આત્મબોધ કુલક, ધર્મસર્વસ્વ, ધર્મકલ્પદ્રુમ વગેરે વગેરે. આ પૈકી પ્રબોધ ચિંતામણી એ રૂપક ગ્રંથ છે. જૈનમાં ઉપમિતિભવપ્રપંચકથા સિદ્ધર્ષિકૃત રૂપકનો મહાન્ અને પ્રાચીન (૧૦ મા સૈકાનો) ગ્રંથ છે કે જેટલો પ્રાચીન* રૂપક ગ્રંથ વિશ્વના કોઈ પણ સાહિત્યમાં થયેલો જાણવામાં નથી. આ પ્રબોધ ચિંતામણી ગ્રંથમાં મોહ અને વિવેકનું સ્વરૂપ આપ્યું છે અને પરમહંસ એવા આત્મરાજની શ્રેષ્ઠતા બતાવી છે. આ ઉપરથી ધર્મમંદિરે મોહ અને વિવેકનો રાસ ગૂજરાતમાં રચ્યો છે અને બીજાઓએ ઉદયરત્ન, નેમિવિજય આદિએ પણ તેવો રાસ રચ્યો છે.

જયશેખરસૂરિએ આ પોતાના સંસ્કૃત રૂપક ગ્રંથને સ્વતંત્ર રીતે ગૂજરાતીમાં આ ત્રિભુવનદીપક પ્રબંધરૂપે રચ્યો છે. તેની રચના સંવત્ ૧૪૬૨ માં યા તે પહેલાં મૂકી શકાય. આથી આ કૃતિ આદિ કવિ તરીકે હમણાં સુધી મનાતા શ્રી નરસિંહ મહેતાના પહેલાની છે અને તેથી તે પહેલાંની ગૂજરાતી ભાષાની કૃતિ તરીકે પસંદ કરી પંડિત લાલચંદજીએ પ્રસ્તાવના, સંક્ષિપ્ત સાર, વગેરે સહિત સંશોધિત કરી જનસમૂહ પાસે સં. ૧૯૭૭ માં રજુ કર્યો તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. ગૂજરાતી સાહિત્યના પ્રખર સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ એક પત્રદ્વારા જણાવે છે તે યથાર્થ છે કે:—

'જૂની ગૂજરાતીના અભ્યાસને માટે જૂનાં જૈન કાવ્યો બહુ જરૂરનાં છે. પંદરમા સોળમા સૈકા પછી તો જૈનેતર સાહિત્ય પણ મળી આવે છે પરંતુ તે પહેલાંના સૈકા ઉપર તો જૈન સાહિત્યજ પ્રકાશ નાંખી શકે એમ છે.'

આમ લખી વાચક વર્ગને અને અભ્યાસકવર્ગને આભારી કરવા માટે તેવું જૂનું જૈનસાહિત્ય છપાવવાની પ્રવૃત્તિ કરવા માટે આનંદકાવ્ય મહોદધિ પ્રકટ કરનારી સંસ્થાને ધ્રુવ મહાશય પોતે જણાવે છે તે યોગ્ય છે. હજુ આ સંસ્થા તરફથી આવી પ્રાચીન કૃતિઓ પ્રકાશન પામી નથી, પણ લાલચંદભાઇએ પહેલાં પ્રથમ આટલી જૂની કૃતિ સંશોધિત કરી પ્રકાશિત કરાવી તે માટે અભ્યાસક વર્ગ તેમનો ઋણી છે. આ ગ્રંથ બી. એ. ને એમ. એ. ના ગૂજરાતી અભ્યાસક્રમમાં હજુ સુધી દાખલ થઇ શક્યો નથી એ ખેદજનક છે. લાલચંદભાઇએ આ કાવ્ય પાછળ લીધેલ શ્રમ પ્રશંસનીય છે.

શ્રી નરસિંહ મહેતાના પહેલાનું ગૂજરાતી સાહિત્ય જૈન કવિઓકૃત ઘણું છે અને તે ધીમે ધીમે બહાર પડતું જશે તો તેમને આદિ કવિ તરીકે હવે નહિ

કહી શકાય કે નહિ માની શકાય. આથી આઘાત પામવાની ભાષાભ્યાસીઓને જરૂર નથી, પણ ઉલટું ખુશ થવા જેવું છે. લાલચંદ પંડિતે શ્રી શાલિભદ્ર સૂરિએ સં. ૧૨૪૧ માં રચેલ ભરત નરેશ્વર ચરિતને સંશોધિત કરેલ છે તે પ્રકાશિત કરવા તેઓ ઘણાં વર્ષોથી ઇચ્છે છે. તો તેઓ હવે સત્વર પ્રકટ કરશે એમ ઇચ્છીશું.

આ કાવ્ય ઉચ્ચ પ્રતિનું છે. તે ૪૩૨ કડીનું લાખૂં છે અને તેમાં જૂની ગૂજરાતીનું શુદ્ધ સ્વરૂપ મળી આવે છે. તે સ્વરૂપને છણી તેને વિસ્તૃત ટીકા રૂપે બહાર લાવવાનું કાર્ય શ્રી કેશવલાલ ધ્રુવ જેવા ભાષાશાસ્ત્રી કરે તો ઘણો પ્રકાશ પડી શકે તેમ છે. અમને જણાવવાને આનંદ થાય છે કે આ કાવ્યને પુનઃ બીજી પ્રતિઓ મેળવી સંશોધિત કરી તે પર વિધવિધ ટિપ્પણો-રૂપકનો ઇતિહાસ, કવિના સંસ્કૃત પ્રબોધ ચિંતામણી અને આ ગૂજરાતી પ્રબંધની સરખામણી, કવિ અને કાવ્યનો પરિચય, કાવ્યમાં વપરાયેલ છંદ અને ઢાળ પર વ્યકતવ્ય, પાઠાંતરોની મીમાંસા, જૂની ગૂજરાતીનું સ્વરૂપ અને તેની વિશેષતાઓ તેઓશ્રી લખી પ્રકટ કરવાના છે. અને તેમ થયે તે એમ. એ. ના અભ્યાસક્રમમાં દાખલ થશે, તો તેનાથી ભાષાપર જબરો પ્રકાશ પડશે અને તેનો અભ્યાસ થઈ ભાષાનો ઉત્કર્ષ પણ થશે. લાલચંદ-ભાઇના પ્રકાશન પછી પાંચ છ વર્ષે સાક્ષરશિરોમણી ધ્રુવ સાહેબના હસ્તથી આ ગ્રંથ આદર પામે એ ઓછું ખુશ થવા જેવું નથી. તેઓ પોતાનું કાર્ય સુન્દર રીતે પ્રમાણભૂત કરી શકે તે માટે ત્રિભુવન દીપક પ્રબંધની હસ્તપ્રતો જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાંથી મેળવી સાહિત્યરસિક મુનિઓ અને શ્રાવકોએ તેમને પૂરી પાડવાની જરૂર છે. આની એક પ્રત શ્રી વિજયધર્મ સૂરિના આગ્રામાં રાખેલ ભંડારમાં છે તો તે તેમને જલ્દી મોકલે એમ તે ભંડારના કાર્યવાહકોને વિનવીએ છીએ.

जीतकल्प-सूत्रं—કર્ત્તા શ્રી જિનભદ્રગણિ ક્ષમા શ્રમણ સંપાદક મુનિ જિનવિજય પ્રકાશક જૈન સાહિત્ય સંશોધક સમિતિ અમદાવાદ. નિર્ણયસાગર પ્રેસ પૃ. ૨૦+૬૦ મૂલ્ય ત્રણ રૂપીઆ) આમાં મૂલ પ્રાકૃત સૂત્ર ઉપરાંત શ્રી સિદ્ધસેન ગણિકૃત બૃહચ્ચૂર્ણિ અને ચંદ્રસૂરિકૃત વિષમપદ વ્યાખ્યા મૂકવામાં આવેલ છે. પ્રસ્તાવનામાં જિનભદ્રગણિનો સમય અને તે ઉપરાંત બીજી અનેક વિગતો વિદ્વત્તાભરી દૃષ્ટિથી મૂકવામાં આવી છે.

જીતકલ્પ એટલે વિષમપદ વ્યાખ્યામાં સમજાવ્યું છે તેમ જીત એટલે આચરિતવ્યં સર્વકાલધરણા વા જીતં અને તેનો કલ્પ એટલે વર્ણના. શ્રમણના આચાર-એક આચારની વર્ણના. કલ્પ એ શબ્દ દશ અર્થમાં વપરાય છેઃ—

સામર્થ્યે વર્ણનાયાં ચ ચ્છેદને કરણે તથા
ઔપમ્યે ચાધિવાસે ચ કલ્પ શબ્દં વિદુર્બુધાઃ।

તે દશમાં વર્ણના એ અર્થમાં અત્ર કલ્પ એ શબ્દનો વ્યવહાર થયો છે. આમાં ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્તનું વિધાન કરવામાં આવ્યું છે.

જિનભદ્રગણિ એ મહા આગમવાદી આગમજ્ઞ અને આગમ પરંપરા પર સૌથી વધુ ભાર મૂકનાર એક સમર્થ વિદ્વાન હતા, અને તેમને 'ક્ષમાશ્રમણ' 'યુગપ્રધાન' એ નામના મહાભિરૂદ યોગ્યતાથી આપવામાં આવ્યાં છે.

તેમણે 'પોતાની અનુપમ મતિના પ્રભાવે જ્ઞાન, જ્ઞાની, હેતુ, પ્રમાણ અને ગણધર પૃચ્છાનું સવિશેષ વિવેચન વિશેષાવશ્યકમાં ગ્રંથ નિબદ્ધ કર્યું' આ વિશેષાવશ્યક તે આવશ્યક સૂત્રના સામાયિકાધ્યયન ઉપરનું લગભગ પાંચ હજાર ગ્રંથ પ્રમાણે પ્રાકૃત ગાથા બદ્ધ છે તે એટલું બધું સુપ્રતિષ્ઠિત અને જૈન ધર્મના સિદ્ધાન્તોપર એટલું બધું અજવાળું પાડનાર છે કે તેના અધ્યયન વગર જૈન ધર્મનો મર્મ પામી શકાય નહિ. તે તત્વજ્ઞાનથી ભરપૂર છે અને તેથી 'મહાભાષ્યકાર' તરીકે તેમની ગણના થઇ છે. આ પ્રસિદ્ધ થયેલ છે પરંતુ દુર્ભાગ્યે તેના પર તેમણે કરેલી સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા દુર્લભ છે. તેમના બીજા ગ્રંથો બૃહત્ સંગ્રહણી, બૃહત્ ક્ષેત્ર સમાસ અને આ ગ્રંથ પ્રસિદ્ધ થયા. પણ વિશેષણવતી નામનો પ્રકરણ ગ્રંથ અપ્રકાશિત છે. તે પ્રકાશિત કરવા માટે હાલની પુસ્તક પ્રકાશિની સંસ્થાઓ યોગ્ય વિચારશે. મુનિ જિનવિ-

જયજી જૈન સમાજમાં એક પ્રખર પ્રભાવશાળી વિદ્વાન્ છે; ગૂજરાત પૂરાતત્ત્વ મંદિરના આચાર્ય છે, સંસ્કૃત પ્રાકૃત હિંદી ગૂજરાતી વગેરે અનેક ભાષાના જાણકાર છે. તેમણે સંશોધક તરીકે સુંદર કાર્ય કરી આ અપૂર્વ ગ્રંથ પ્રકાશમાં લાવ્યા છે, તે માટે તેમને અવશ્ય ધન્યવાદ ઘટે છે. 'આચારાંગસૂત્ર'ની પેઠે આમાં અક્ષરાનુક્રમે શબ્દકોષ સંસ્કૃત શબ્દ સહિત આવ્યો હત તો ગ્રંથની ઉપયોગિતા વધત.

આ પુસ્તક પ્રકટ કરવામાં જૈનેતર વકીલ રા. બ. ગિરધરલાલ ઉત્તમરામ પારેખે સદ્ગત શ્રાવક પ્રેમચંદ દોલતરામ મોદીના પુણ્ય સ્મરણાર્થે કાઢેલા દ્રવ્યમાંથી સહાય આપી છે તે માટે તેમનો જૈનસમાજપર ઉપકાર છે. જૈન સમાજ પુરાતત્વમંદિરના આચાર્ય શ્રી જિનવિજયજી પાસેથી તેમના લાયકનું કાર્ય લેતાં શીખે તો ઘણું મેળવી શકાય તેમ છે. તેમણે અનેક ગ્રંથો સંશોધિત કર્યા છે કે જેની ટીપ આ ગ્રંથના પુંઠાપર મૂકેલી છે. હવે પ્રાચીન ગૂજરાતી ગદ્યસંદર્ભ, પટ્ટાવલી સંગ્રહ, વિજયદેવ માહાત્મ્ય, ગૂજરાતનાં ઇતિહાસનાં સાધનો એ નામના તેમના ગ્રંથો છપાવાના છે. પહેલા ગ્રંથમાં વિક્રમ પંદરમા સૈકાનું ગૂજરાતી ગદ્ય સાહિત્ય કે જે પદ્યસાહિત્યની પેઠે જૈન ગ્રંથકારોરચિતજ આખા ગૂજરાતી સાહિત્યમાંથી મળી આવે તેમ છે તે મૂકવામાં આવનાર છે—તેમાં મુખ્ય કરી તરૂણપ્રભસૂરિ, સોમસુંદર સૂરિ આદિએ રચેલા બાલાવબોધ માંથી નમુના લેવામાં આવ્યા છે. આ ગૂજરાત પુરાતત્ત્વ મંદિરમાંથી પ્રકટ થનાર છે, અને તે જિનવિજયજીની પ્રસ્તાવના સહિત બહાર પડશે ત્યારે નવીન પ્રકાશ; ભાષાના સંગઠન અને રચનામાં જૈનોના ફાળાનું માપ કાઢવામાં, પડશે એ નિર્વિવાદ છે. બીજો પટ્ટાવલીઓનો સંગ્રહ બહાર પડે તો ઇતિહાસનું એક આવશ્યક અંગ પ્રાપ્ત થાય. અત્યાર સુધી એક પણ જૂની પટ્ટાવલિ સંપૂર્ણાકારે બહાર પડી નથી અને તે પર કોઈ પણ સંસ્થાનું કે પ્રકાશકનું લક્ષ ગયું નથી તે નવાઇ છે. આ અને બીજા ગ્રંથો માટે જૈન શ્રીમંતો કે પ્રકાશિની સંસ્થાઓના દ્રવ્યની સહાય તુરતમાં મળે તો તે જલદી બહાર પડી શકે તેમ છે. મુનિશ્રી પાસે જૈન ઇતિહાસનું બીજું અંગ તે જૂદા જૂદા સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોની પ્રશસ્તિઓ તૈયાર છે તે જો બહાર પાડવા માટે દ્રવ્ય આપનાર કોઇ નિકળી આવે તો જેમ અમારો 'જૈન ગૂર્જર કવિઓ' એ ગ્રંથ ગૂજરાતી સાહિત્યમાં જૈનોના જબરા ફાળાનું ભાન કાન પકડીને કરાવે તેવો નિવડે તેમ છે તેજ રીતે સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં જૈનોનો મોટો ફાળો નિર્વિવાદ રીતે પૂરવાર કરી શકે. અને તેમ થાય તો જૈન સાહિત્યનો સર્વાંગ. સુંદર ઇતિહાસ લખવામાં અતિ અનુકૂળતા પ્રાપ્ત થાય.

આ જરા અપ્રસ્તુતમાં જવાયું પણ તે જરૂરનું હોઇ અત્ર નિવેદ્યું છે. જૈન ધાર્મિક સાહિત્ય અને ખાસ કરી સૂત્ર સાહિત્યનો ઇતિહાસ લખવાની પૂરી આવશ્યકતા છે. ડૉ. વેબરે અનેક હકીકતો તે સંબંધી મૂકી છે. પ્રો. લોયમને અને બીજાએ ઘણું લખ્યું છે તે સર્વ જર્મન ભાષામાંથી વાંચી સમજી તેમાં રહેલા દોષ નિવારી ગુણો ગ્રહણ કરી તેવો ઇતિહાસ રચી શકાય તેમ છે અને તેવું કાર્ય કરવામાં જૈનસમાજમાં યોગ્ય અને પ્રતિભાશાલી વિદ્વાનો અમારી દૃષ્ટિમાં ઉકત આચાર્યશ્રી, પંડિત સુખલાલજી, પં૦ બહેચરદાસ, પં. હરગોવિંદદાસ, મુનિશ્રી વિદ્યાવિજયજી, મુનિશ્રી કલ્યાણવિજયજી આદિ આવે છે. સમાજ તે સર્વનો લાભ લેવા બહાર આવે એ ઇચ્છીશું; અને એવો ઇતિહાસ લખાય તે પહેલાં આવા ગ્રંથો ચૂર્ણિ આદિ પંચ અંગ સહિત સંશોધિત થઇ બહાર પડે તે પ્રથમ જરૂરની વાત છે. આગમોદય સમિતિએ કેટલાંક આગમો બહાર પાડી સાનુકૂળતા કરી આપી છે.

દરેક જૈનગ્રંથ ભંડાર, લાયબ્રેરી, અને આગમભ્યાસી આ ગ્રંથ ખરીદી ઉત્તેજન આપશે. છપાઇ અને કાગળ સુંદર છે.

તરંગવતી—મૂળ કર્તા પ્રાકૃતમાં પાદલિપ્તાચાર્ય તેનો સંક્ષેપ પ્રાકૃતમાં કરનાર નેમિચંદ્ર ગણિ, જર્મન અનુવાદક પ્રો. લૅાયમન. ગૂજરાતી અનુવાદક નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ. પૃ. ૯૨ પ્ર૦ બળલચંદ્ર કેશવલાલ પ્ર. મોદી હાજપટેલની પોળ અમદાવાદ મૂલ્ય આના બાર.

પાદલિપ્તાચાર્યનો સમય નિર્ણય કરવા માટે નિર્વાણ-કલિકાના સંશોધક રા. મોહનલાલ ભ૦ ઝવેરીએ તેની પ્રસ્તાવનામાં પ્રયત્ન કર્યો છે. તે આચાર્ય ઘણા પ્રાચીનકાળમાં એક પ્રભાવક પુરૂષ થયા છે એમાં કોઇ જાતનો શક નથી. તેમણે રચેલો કથાનો આ ગ્રંથ દુર્ભાગ્યે હજુ સુધી અપ્રાપ્ત છે, પણ પ્રાચીન કાળથી તેની સુવિખ્યાતી એટલી બધી હતી કે તેનો ઉલ્લેખ યુગપ્રધાન જિનભદ્ર ક્ષમાશ્રમણે પોતાના વિશેષાવશ્યક ભાષ્ય (ગાથા ૧૫૦૮)માં, હરિભદ્રસૂરિ એ આવશ્યક ટીકામાં, દાક્ષિણ્યાંક-ઉદ્યોતનસૂરિએ કુવલયમાલા (રચ્યા સંવત્ ૮૩૫)માં અને ત્યાર પછીના અનેક વિદ્વાનોએ કર્યો છે. આ ગ્રંથનો પ્રાકૃતમાં સંક્ષિપ્ત સાર હાઇવગચ્છના વીરભદ્રના શિષ્ય નેમિચંદ્ર ગણિએ કરેલો તેની પ્રત પરથી જર્મન પ્રોફેસર લૉઇમને સંશોધન કરી મૂળ તેમજ તેનો જર્મન ભાષામાં જાણે કાવ્ય ન હોય તેવા ગદ્યમાં અનુવાદ કર્યો તે યૂરોપીય વિદ્વાનોમાં બહુ વખણાયો. આ જર્મન પરથી નરસિંહભાઇ ઈશ્વરભાઇ પટેલ (પાટીદાર પત્રના સંપાદક) નામના વિદ્વાને ગૂજરાતીમાં કર્યો તે આમાં મૂકેલો છે.

રા. કેશવલાલ પ્રેમચંદ મોદીએ આની એક પ્રત મેળવી ડૉ. યાકોબીને મોકલેલી કે જેમણે પોતાના મિત્ર ડૉ. લોયમનને આપી. ડૉ. લોયમને મુગ્ધ થઇ તેનું ભાષાંતર જર્મનભાષામાં કર્યું, આવી રીતે આપણા વિદ્વાનો સારા ગ્રંથો જર્મનાદિ વિદ્વાનોને પૂરાં પાડી તેમની મહેનતનું ફલ જૈન સમાજને અપાવ્યાં કરે તો કેટલું બધું ઉત્તમ કાર્ય થાય. શ્રીયુત મોદી જેવા અનેક નિકળે એમ ઇચ્છીશું.

આ ગૂજરાતી અનુવાદનું સંશોધન સાહિત્યપ્રેમી શ્રી જિનવિજયજીએ કર્યું છે અને તે સાથે પ્રાદલિપ્તાચાર્યના સમય વગેરેના વિચાર સંબંધમાં એક વિસ્તૃત નિબંધ લખી આપવા ઇચ્છા તેમણે દર્શાવી હતી પરંતુ સમયાભાવે તેઓશ્રી લખી નથી શક્યા. હવે સમય મળ્યે તેઓ લખશે તો ઉપકાર થશે.

પ્રો૦ લોયમનની પ્રસ્તાવના ખાસ વાંચવા જેવી છે. તે પ્રોફેસરે આવશ્યક સૂત્ર પર ઘણાં વર્ષો પહેલાં વિસ્તૃત નિબંધ લખી, તેમજ 'બુદ્ધ અને મહાવીર' એ નામનો તુલનાત્મક નિબંધ તાજેતરમાં લખી જૈન સાહિત્યની જબરી સેવા બજાવી છે. આ કથા સંબંધે તેમનો પત્રવ્યવહાર આ પુસ્તકમાં છપાયો હત તો વિશેષ અજવાળું પડત.

ઘણા પ્રાચીનકાળથી પ્રાકૃત ભાષામાં સુંદર કથાનકો બહાર પાડવામાં જૈનોએ મોટો ફાળો આપ્યો છે.

પ્રો૦ લૉયમન પ્રસ્તાવનાના પ્રારંભમાંજ કહે છે કે 'હું આ જે કથા રજુ કરૂં છું તે ખરેખર એક નવીન કથા છે. કારણ કે ભારતવાસીઓ સિવાય બહારના કોઇએ અદ્યાપિ એ વાંચી નથી, અને જે ભારતમાં એકવાર એ લોકપ્રિય થઈ પડી હતી, તે ખુદ ભારતમાં પણ અત્યારે એને કોઈ જાણતું નથી. આ કથા પ્રાચીન ભારતનું દાન છે, પણ એને વાંચીને વાચક કયા કાળમાં મુકશે એ હું ચોક્કસ રીતે જાણતો નથી. ટુંકામાં એટલુંજ કહેવાનું કે એમાં વર્ણવેલા ધાર્મિક સિદ્ધાંતો બૌદ્ધકાળમાં પ્રકટ થાય છે, તેથી આ કથા ક્રાઇસ્ટના પછીના કાળમાં એટલે કે બીજી કે ત્રીજી સદીમાં લખાઈ હોવી જોઇએ.'

અને આજ પ્રોફેસર સૂત્રોપરના વ્યાખ્યાન સાહિત્યના કાલક્રમમાં સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે

'જૈન આગમો ઉપર સૌથી પ્રથમ નિર્યુક્તિ નામે પ્રાકૃત ગાથાબદ્ધ ટૂંકી ટિપ્પણીઓ રચાઇ; તે પછી પ્રાકૃત ગાથામાંજ વિસ્તૃત ભાષ્યો રચાયાં, તે પછી પ્રાકૃતબહુલ અને કવચિત્ સંસ્કૃતવાલા ગદ્યમાં ચૂર્ણિઓ રચાઇ; તે પછી સંસ્કૃતબહુલ અને કવચિત્ પ્રાકૃતવાળા ગદ્યમાં ટીકાઓ રચાઇ, અને તે પછી છેવટે કેવલ સંસ્કૃતમાંજ વ્યાખ્યાઓની રચના થઇ.' જુઓ જીતકલ્પસૂત્રની પ્રસ્તાવના પૃ. ૧૯. આ સર્વમાં કથાનકો ઘણાં આવ્યાં છે. અને ચૂર્ણીઓમાંનાં પ્રાકૃત કથાનકોજ પછી સંસ્કૃત ટીકા કરનારે એમને એમજ પ્રાકૃતમાં પોતાની ટીકામાં લીધાં છે.

આ સર્વ કથાનકો પરથી તેમનો ઇતિહાસ લખી શકાય તેમ છે. તરંગવતી એ એક પ્રાચીન કથા છે તે મૂળ પ્રાકૃતમાં કે જૂની અપભ્રંશમાં હતી તે જોવાનું રહે છે, પણ દુર્ભાગ્યે તેની મૂળ પ્રત (પાદલિપ્ત કૃત કથાની) અપ્રાપ્ય છે. 'વિદ્વાન્ શોધકો અને મુનિઓ આ બાબત પર લક્ષ્ય રાખે અને જૂના પુરાણ ભંડારોમાંથી જો મૂળ ગ્રંથ મળી આવે તો જૈન કથાસાહિત્યની કીર્તિ દિગંતપર્યંત ઝળકી

ઉઠે તેમ છે' એ પ્રકાશકના વચનો સાથે સહમત છીએ. આ પહેલી આવૃત્તિ છે

તરંગવતી—ઉપરનીજ કથાનો ઉપર મુજબનોજ અનુવાદ પ્રકાશક–સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી. પૃ. ૧૦૮ પાલીતાણા બહાદુરસિંહજી પ્રેસ. મૂલ્ય–મનન પૂર્વક વાંચન અને પરિશીલન.]

મુનિશ્રી કર્પૂરવિજયજીએ ઉપરોક્ત તરંગવતીનાં ભાષાંતરમાં 'વાંચનારની અનુકુળતા ખાતર પહેલી આવૃત્તિમાંના સઘળા ગાથાંક તથા કૌંસમાંનું કેટલુંક અનુપયોગી (?) લાગતું લખાણ કમી કરેલ છે' ને એક સ્થળે થયેલી જરી ભૂલને સુધારી આ બીજી આવૃત્તિ પ્રકટ કરી છે. જે લખાણ કમી કરેલ છે, તે 'અનુપયોગી' અમારી દૃષ્ટિએ જરાપણ લાગતું નથી, પણ અમને તો તે અતિ 'ઉપયોગી' લાગે છે, પણ પ્રકાશક મહાશયને જે યોગ્ય લાગ્યું તે ખરૂં. આ બીજી આવૃત્તિ વિના મૂલ્યે ભેટ આપવા વાંચનની વૃદ્ધિ કરવા અર્થે પ્રકટ કરવા માટે મુનિશ્રીને ધન્યવાદ આપીએ છીએ. પ્રેસ સારૂં શોધ્યું હત તો છપાઇ, રૂપ રંગ વધારે સુંદર થાત.

નિર્વાણ કલિકા—મૂળ કર્ત્તા પાદલિપ્તાચાર્ય. સંશોધક મોહનલાલ ભગવાનદાસ ઝવેરી બી. એ. એલ એલ. બી. સોલિસિટર. મુનિ શ્રી મોહનલાલજી જૈન ગ્રંથમાલા નં. ૫ પ્ર૦ શેઠ નથમલજી કનૈયાલાલજી રાંકા, મંબાદેવી પોસ્ટ ઓફીસ ઉપર મુંબઇ.

પાનાં ૬૮ નિર્ણયસાગર પ્રેસ. મૂલ્ય દોઢ રૂ; પહેલાં પંડિત રમાપતિ મિશ્રની ચાર પાનાની સંસ્કૃત ભૂમિકા છે અને રા. મોહનલાલે અંગ્રેજીમાં ૨૦ પાનાની પ્રસ્તાવના લખી છે તેમાં પુસ્તકનું વસ્તુ, તાંત્રિક અસર, કર્ત્તાનો સમય અને પરિચય વગેરે અનેક બાબતો પર પ્રકાશ પાડયો છે. આનું ગૂજરાતી ભાષાંતર યા ગૂજરાતીમાં સ્વતંત્ર પ્રસ્તાવના સાથે સાથે મૂકી હત તો વિશેષ યોગ્ય થાત. પાદલિપ્ત–પાદ્દલિપ્ત–પાલ્લિત્ત સૂરિપરથી પાલિતાણા એ ગામનું નામ પડયું છે એમ મનાય છે. વિક્રમના પહેલા શતકમાં તેમનો સમય સંશોધક મૂકે છે. ભદ્રેશ્વરની કથાવલિ નામનો પ્રાકૃત મુખ્ય ગ્રંથ પાટણના ભંડારમાં તાડપત્ર પર લખેલો છે કે જેમાં ૨૪ જિન ૧૨ ચક્રી થી માંડી હરિભદ્રસૂરિ સુધીનાં સત્પુરૂષોનાં ચરિત્ર છે તે પરથી પાલિત્ત ચરિયમ્નો ફોટો પ્રત રા. કેશવલાલ પ્રેમચંદ મોદીએ કરાવી અમને આપેલી અને તે સંશોધક મહાશયને પૂરી પાડી, તે આખું ચરિત્ર આમાં ઉમેર્યું હત તો વધારે ઉપયોગી થાત. હવે તેનો ગુજરાતી સાર પણ તેઓ પૂરો પાડે એમ ઇચ્છીશું.

પુસ્તકમાં વિષય પ્રમાણે પ્રકરણો પાડયાં છે તેમાં નિત્યકર્મવિધિ, દીક્ષાવિધિ, આચાર્યાભિષેક, ભૂપરીક્ષા ભૂમિ પરિગ્રહ, શિલાન્યાસવિધિ–વાસ્તુપૂજન, પ્રતિષ્ઠા વિધિ, પાદપ્રતિષ્ઠા. દ્વારપ્રતિષ્ઠા, બિંબપ્રતિષ્ઠા, હસ્તપ્રતિષ્ઠા, ચૂલિકા પ્રતિષ્ઠા, ચૂલિકાકલશધ્વજધર્મચક્ર પ્રતિષ્ઠા, વેદિકા લક્ષણ, જીર્ણોદ્ધારવિધિ, પ્રતિષ્ઠોપયોગી મુદ્રાવિધિ, પ્રાયશ્ચિત્તવિધિ, અર્હદાદીનાં વર્ણાદિક્રમ, દશદિક્‌પાલાદિ વર્ણન, નવગ્રહાદિ વર્ણન, બ્રહ્મ શાંતિક્ષેત્રપાલાદિ વર્ણન છે. આ બધો મંત્રાદિક પ્રયોગનો વિધિ ગ્રંથ છે. જૈન સાહિત્યમાં મંત્ર જ્યોતિષાદિ પર પુસ્તકો છે અને તેમાં પૂર્વના જૈન આચાર્યો પ્રવીણ હતા, એમ સ્પષ્ટ ભાસે છે. આ નિર્વાણકલિકા અને તરંગવતીના રચયિતા એક નામના સૂરિ એકજ છે એ સિદ્ધ થવા માટે હજુ અનેક પ્રમાણની જરૂર રહે છે એમ અમને લાગે છે. આજ ગ્રંથ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધારફંડ તરફથી જૂદી જૂદી દેવીઓનાં ચિત્રો સહિત પ્રકટ કરવાના છે તેમાં તેના સંશોધક મહાશય કર્ત્તાના સમયાદિ પરત્વે કંઇક નવીન પ્રકાશ પાડશે તો ઠીક થશે. શ્રીયુત મોહનલાલે અતિપરિશ્રમ લઇ પ્રસ્તાવના લખી છે એ નિઃસંદેહ છે. હજુ આ મહાશય તરફથી બીજા ગ્રંથો તૈયાર થવાની આશા રાખીશું.

તત્વાર્થાધિગમ સૂત્રં—મૂળ કર્ત્તા શ્રી ઉમાસ્વાતિ વાચક. તેનો ગૂજરાતીમાં ભાવાર્થ અને તેના પરના ભાષ્યનો ટુંક સાર. પ્ર૦ જૈનશ્રેયસ્કર મંડળ, મહેસાણા પૃ ૧૬૪ જૈન વિદ્યાવિજય પ્રેસ અમદાવાદ. મૂલ્ય નથી.)

આમાં ૩૨ પૃષ્ઠ લગભગની પ્રસ્તાવના અમારી ખબર પ્રમાણે અમદાવાદના પ્રસિદ્ધ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદીએ એક વકીલ મુદ્દા માત્ર લખે તે રીતે લખી છે અને કર્ત્તા અને તેમની કૃતિ સંબંધીના

ઉલ્લેખો આપી ઘણું અજવાળું પાડયું છે, પણ કર્ત્તાનો સમય નિર્ણીત કરવામાં તેનાથી ઉભી થતી ધુંચેાનો ઉકેલ કરવાનું સાહસ કે પરાક્રમ માથે ન લેતાં વાંચકોની વિચારશક્તિ પર મૂક્યું છે. આ પ્રસ્તાવના ખાસ વિચારવા જેવી છે. આજ વકીલે પહેલાં મૂળ સંસ્કૃતમાં તેના ભાષ્ય સાથે સંશોધિત કરી તે રોયલ એ. સોસાયટી બેંગાલે છપાવી હતી. ત્યાર પછી રાયચંદ્ર ગ્રંથમાલામાં તે સર્વ તેના હિંદી અનુવાદ સાથે પ્રગટ થઈ.

ભાવાર્થ પણ ટૂંકમાં અને સરળ ભાષામાં મૂકવામાં આવ્યો છે અને આ રીતે તત્ત્વાર્થ જેવા તત્વજ્ઞાનના સાગરને મોઢે રાખવાને ટુંકમાં સમજવાની અનુકૂળતા પ્રકાશક મંડળે પ્રકટ કરીને આપી છે તે તેને માટે પ્રશંસનીય છે. દિગંબર બંધુઓમાં નાનપણથી બાળકોને આ તત્ત્વાર્થ મૂળ ગોખાવવામાં આવે છે તેથી તેઓને નાનપણથી કંઠે હોય છે અને પછી તેનો અર્થ-વિશેષાર્થ અન્ય ટીકા પુસ્તકોથી કરી જૈન તત્ત્વજ્ઞાનના સારા જાણકાર થાય છે, જ્યારે શ્વેતાંબર સમાજમાં તેવી સ્થિતિને અભાવે બાળકોને ઉપર વધતાં આવા ગ્રંથોમાં જેવો જોઇએ તેવો ચંચુપાત થયો ન હોવાથી તત્ત્વજ્ઞાનનું જાણપણું બહુ ઓછું જોવામાં આવે છે એ શોચનીય છે. માબાપો પોતાનાં બાળકોને નાનપણથીજ કંઠાગ્રે કરાવવાનું લક્ષમાંલેશે અને તેમાં આ ગ્રંથ મદદ રૂપ થશે. આ બોટાદનિવાસી નંદલાલ બહેચરદાસ બગડીયાના સ્મરણાર્થે ભેટ અપાય છે.

તત્વાર્થાધિગમ સૂત્રં—મૂળ કર્ત્તા ઉમાસ્વાતિ વાચક સ્વોપરી ભાષ્ય અને તે પર દેવગુપ્તસૂરિ અને સિદ્ધસેનગણિ ટીકા સહિત પ્રથમ વિભાગ સંશોધક હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. પ્ર૦ શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ. પૃ. ૫૨૮ કર્ણાટક પ્રેસ મુંબઇ મૂલ્ય રૂ. ૭]

આ તત્ત્વજ્ઞાનના સૂત્રરૂપ ગ્રંથ પર દિગંબર અને શ્વેતામ્બર અનેક આચાર્યોએ ટીકા રચેલ છે અને તે દરેક ટીકા પ્રકટ થયે આ ગ્રંથ રત્નાકરની મહત્તા તેમજ આ ગ્રંથસાગરની ઉંડાઇ અને રહસ્ય પ્રાપ્ત થઇ શકે તેમ છે. જ્ઞાનશ્રેણીએ આવતાં તત્ત્વજ્ઞાનપર ગયા વગર ચાલતું નથી. **धर्मस्य तत्त्वं निहितं गुहायां** એ વાક્યની યથાર્થતા સ્વીકારીએ તો જ્ઞાનથી હૃદય ગુહામાં જતાં ધર્મનું છૂપાયેલું તત્ત્વ પમાય છે. કોઇ પણ ધર્મની કસોટી તે તેના તત્ત્વજ્ઞાન પર છે. મહર્ષિ પાતંજલિએ સૂત્રમાં યોગદર્શન ગુંથ્યું છે. શ્રી ઉમાસ્વાતિએ સૂત્રમાં જૈન દર્શન ગુંથ્યું છે તે પ્રમાણે મહર્ષિ પતંજલિએ સૂત્રમાં યોગદર્શન ગુંથ્યું છે.

સંશોધકે શ્રી ઉમાસ્વાતિ સંબંધમાં જે જે હકીકતો-ઉલ્લેખો મળે છે તેની ટીપ ઉતારી છે અને ઉપરોક્ત મહેસાણાના શ્રેયસ્કર મંડળના પુસ્તકની પ્રસ્તાવનાનો અમુક ભાગ તથા અન્ય પ્રકાશ તેમાંથી ભાગ લઇ તેમનો બાહ્ય અને આંતરિક પ્રમાણોથી નિર્ણય કરવાનો પ્રયત્ન કર્યો નથી, અને તે વાત વિદ્વાનોપર મૂકી છે. દેવગુપ્તસૂરિ અને સિદ્ધસેન સૂરિનું પણ તેમજ થયું છે. દેવગુપ્તસૂરિ ઉપદેશ ગચ્છમાં અનેક થઈ ગયા છે; અને તેવા નામના સૂરિ સામાન્યત: તેજ ગચ્છમાં મળી આવે છે જુઓ ઉપદેશ ગચ્છપટ્ટાવલી (જૈન સાહિત્ય સંશોધક ખંડ ૨ અંક ૧ નો પ્રાંત ભાગ) સિદ્ધસેનસૂરિ પણ અનેક થયા છે. સંશોધક મહાશય વિશેષ શ્રમ લેશે તો ઘણું મળી આવશે. આ ગ્રંથ પ્રકટ કરી પ્રકાશની સંસ્થાએ જૈન તત્ત્વજ્ઞાનના સાહિત્ય પર ઉપકાર કર્યો છે.

વિવિધ નોંધ.

(કૉન્ફરન્સ આફીસ—પરિષદ્ કાર્યાલય તરફથી)

૧ પ્રચાર સમિતિ Popaganda Comittee નું કાર્ય.

આ સમિતિની એક બેઠક તા. ૨૫-૯-૨૬ ના રોજ મુંબઇમાં મળેલી હોવાનો ઉલ્લેખ ગતાંક પૃષ્ઠ ૭૪ મે કરવામાં આવ્યો છે, અને તેમાં જણાવ્યા મુજબ કાર્ય થયા બાદ સમિતિના સભ્ય રા. મણિલાલજી કોઠારી તથા બાબુ કીર્તિપ્રસાદજી ને બીજી બેઠક આબુ જેવા બીજા સ્થળે ફરી બોલાવવા જરૂર જણાઇ. તેમની ઇચ્છાને માન આપી આ બેઠક અમે સોજત મુકામે મેળવવા ધારતા તે મુજબ તેવી મીટીંગ બોલાવવામાં આવી હતી. તે સંબંધી વિગતો નીચે આપવામાં આવી છે અમને આ બેઠકની ખાસ જરૂરીઆત જણાઇ નહોતી પરંતુ આ બન્ને સભ્યોની તીવ્ર ઇચ્છા જોતાં તે બેઠકની ગોઠવણ કરવામાં આવી હતી.

શત્રુંજય ડિસ્પ્યુટ-Satrunjaya Dispute-અને "જૈનો અને પાલિતાણા"-Jains and Palitana, એ નામનાં પુસ્તકો છપાવી બહાર પાડવામાં આવ્યાં છે અને તેની યોગ્ય સ્થળોએ વ્હેંચણી ટપાલદ્વારા અત્રેથી કરવામાં આવી છે.

આ સમિતિ માટે થએલ ફંડ પેટી જે વસુલાત અત્યાર સુધી આવી છે તેની નોંધ વિગત સાથે અમારા હવે પછીના અંકમાં પ્રકટ કરવામાં આવશે. જે ભાઇઓ તરફથી ભરાયલી રકમો હજુ સુધી મોકલવામાં આવી ન હોય તેમને વિનંતિ કરવામાં આવે છે કે તે રકમ અમને સત્વર મોકલી આપવી.

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ પ્રચાર કાર્ય સમિતિની મીટીંગ સં. ૧૯૮૨ ના આસો વદ ૪ રવીવાર તા. ૨૪-૧૦-૨૬ ના રોજ સોજત મુકામે મળી તે વખતે નીચે મુજબ કામકાજ કરવામાં આવ્યું.

સભ્યોની હાજરી.

(૧) કોઠારી મણીલાલ વલભજીભાઈ.

(૨) બાબુ સાહેબ ડાલચદજી.

(૩) પારી મણીલાલ ખુશાલચંદ.

(૪) હીરાલાલજી સુરાણા.

(૫) મકનજી જુહાભાઇ (કૉન્ફરન્સના સેક્રેટરી,

આ પ્રસંગે આગામી કૉન્ફરન્સ સોજતમાં નકી કરવા કૉન્ફરન્સના જનરલ સેક્રેટરી ગુલાબચંદજી ઢઢ્ઢા પણ આવેલા અને તેઓ પણ હાજર હતા.

૧. સમિતિનું બંધારણ નકી કરવામાં આવ્યું.

૨. પ્રવાસનો અહેવાલ સભ્યોએ બહારોબાર છાપામાં મોકલી આપવો.

૩. આ સમિતિના સેક્રેટરી ગુજરાનવાળા બાબુ કીર્તિપ્રસાદજીને નીમવામાં આવ્યા.

૪. શત્રુંજય ડીસ્પ્યુટની અંગ્રેજી ચોપડી છપાય છે તે અને ગુજરાતી તથા હીંદી છપાય છે તે સર્વેનું ખર્ચ આ સમીતિના ખર્ચના ફંડ ખાતે લખવું.

૫. પુનાવાળા કેશવલાલ-મંગલદાસ. બી. એ. નો આવેલ કાગળ વાંચ્યો. તે ઉપર વીચાર કરતાં તે કાગળ ભાઈ પોપટલાલ રામચંદ શાહને મોકલી તે નીચે તેમનો અભિપ્રાય શ્રીમાન રેસીડન્ટ જનરલ સેક્રેટરીએ મંગાવવો અને અભિપ્રાય તરફેણમાં આવ્યાથી તેમણે તે ભાઈને પોપટલાલભાઇના પેટામાં કામમાં લેવા અને જોઇતું મુસાફરી ખર્ચ વીગેરે આપવા અને હીસાબ લેવાની ગોઠવણ કરવા પોપટલાલભાઇને લખવું.

૬. પાલણપુર બોર્ડીંગના ધાર્મિક શિક્ષક શાહ. રાજકરણ હેમચંદને ૧ માસ સુધી ફકત મુસાફરી અને ટપાલ વીગેરે જરૂરી ખર્ચ લઇ સેવા આપવાનો આવેલ પત્ર વાંચવામાં આવ્યો. તે ઉપર વીચાર કરતાં મણીલાલ ખુશાલચંદનો અભિપ્રાય તરફેણમાં થતા તેમના પેટામાં તેમની માગણી મુજબ કામમાં લેવા નકી કરવામાં આવ્યું.

૭ પંજાબ આત્માનંદ જૈન સભા લાહોર તરફથી મળેલ ઠરાવ ઉપર વિચાર કરતાં તેમના તરફથી એક પ્રતિનિધિને આ સમીતીના સભ્ય તરીકે

લેવા નકી કરવામાં આવ્યું માટે તેવા ગૃહસ્થનું નામ મોકલવા તેમને લખવું.

૮ હાલ તરત આ સમિતિના સભ્યોએ શત્રુંજય સંબંધી તેમજ આગામી કૉન્ફરન્સને અંગે ખાસ ધ્યાન આપી કામ કરવું.

૨ શ્રી જૈન શ્વેતાંમ્બર કૉન્ફરન્સ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમીતિનું બંધારણ.

૧. આ સમિતિનું નામ "શ્રી જૈન શ્વેતાંમ્બર કૉન્ફરન્સ પ્રચાર કાર્ય સમીતિ" રાખવું.

૨. સમીતિના સભ્યોમાંથી એક જણને સેક્રેટરી નીમવા. તેઓએ બંધારણ અનુસાર કામકાજ કરવું.

૩. કરવાનાં કામકાજ,

(૧) કાર્યક્રમ, (૨) પ્રચાર અંગેનું પ્રોગ્રામ (૩) ખર્ચ, એ કામો નકી કરવા માટે પ્રસંગોપાત સેક્રેટરીએ કમીટીની મીટીંગ બોલાવીને અથવા જરૂર પડેથી પત્ર વહેવારથી સંમતિ મેળવીને કામકાજ કરવું.

૪. મીટીંગ બોલાવવા પહેલાં સદરે મીટીંગનો કાર્યક્રમ શ્રીમાન્ રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓ ઉપર મોકલવું અને હાજરી આપવા લખવું અને જો તેઓ હાજર ન થઇ શકે તો તેઓની સૂચનાઓ અથવા અભિપ્રાય મોકલી આપે.

૫. મીટીંગમાં થયલા ઠરાવ અનુસાર ખર્ચ કરવાની રકમ કૉન્ફરન્સ ઑફીસથી મંગાવવી. તેનો વિગતવાર હિસાબ રાખવો અને દરેક મહિને સદરહુ હિસાબ અને કામકાજનો રિપોર્ટ ઑફીસને મોકલી આપવો.

૬. સેક્રેટરી ઑફીસમાંથી મંગાવી રૂ. ૧૦૦૦) એક હજાર સુધી પોતાની પાસે રાખી શકશે.

૭. આ સમિતિ તરફથી કંઇ પણ સાહિત્ય છપાવવા જરૂર જણાય તે તેના નામથી તેના સેક્રેટરીએ રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓની સલાહથી છપાવવું.

૮. આ કમીટીના જે જે ઠરાવો પ્રોસીડીંગો થાય તેની નકલ કૉન્ફરન્સ ઑફીસને તથા દરેક સભ્યને મોકલી આપવી.

૯. કમીટીના સભ્યોમાંથી ૩ ની હાજરીથી ફોરમ ગણી કામકાજ ચલાવવામાં આવશે (રેસીડન્ટ જનરલ સેક્રેટરી સીવાય) તેઓની સાથે ૪ ની હાજરી હતી

૩. પ્રચારકાર્ય સમિતિના સભ્યોનો પ્રવાસ.

૨ા. પારી. મણીલાલ ખુશાલચંદ—આ ભાઇ તરફથી અમને સવિસ્તર રિપોર્ટ મલ્યાં કર્યો છે તેમાં જણાવ્યા મુજબ નીચેના સ્થળોએ તેઓ ગયા હતા અને દરેક સ્થળે સ્ત્રી પુરૂષોની મ્હોટી સભાઓ મેલવી પ્રચારકાર્ય કર્યું હતું. દરેક સ્થળે શ્રી શત્રુંજય સબંધી આપણી લડત આપણા હકકો અને સંપૂર્ણ સંતોષકારક સ્થીતિ પુનઃ પ્રાપ્ત ન કરી શકીએ ત્યાં સૂધી આપણે શું કરવું વિગેરે બાબતો પર દરેક સ્થળે સારાં વ્યાખ્યાન આપ્યાં હતાં. તેમજ સ્થળે સ્થળે પાઠશાળાઓ લાયબ્રેરી વિગેરે સમાજને ઉપયોગી સંસ્થાઓમાં પણ પૂરતો રસ લીધો છે અને જ્યાં જ્યાં તેની ખામીઓ જણાઇ છે ત્યાં ત્યાં તે દુરસ્ત કરવા બનતું કર્યું છે. દરેક સ્થળે તેમનું કાર્ય તેમણે ઘણાજ ઉત્સાહથી કર્યું જણાય છે. તેઓ ગયા તે તે સ્થળોની યાદી—વાપી, દમણ, દેહેણુ, બોરડી, બંગવાડા, ગોલવાડ, ઉદવાડા, ભીલાડ—સોજત, પાલણપુર, કુંભલમેર, ઠીસા, થરાદ, વાવ, સાચોર, ઢીમા, ભારોલ, નારોલી, કુરબાણ, વાધાસણ, વાતડાઉ, ગોળાસણ, વિગેરે સ્થળોએ ગયા હતા. સોજત મુકામે મળેલી બેઠકમાં હાજરી આપી હતી. દેહેણુમાં સ્ત્રીઓ તથા પુરૂષોની જૂદી જૂદી સભાઓ કરી હતી. બોરડી ગામમાં કુસંપ ઘણો હોવાથી સભા મેલવવા ઘણો પ્રયાસ કર્યા છતાં સફલતા મલી નહિં. બંગવાડામાં આસપાસના સબંધ ધરાવતાં આઠ ગામોના લોકોને એકઠા કરી નવે ગામની એક મ્હોટી સભા થઇ હતી. સામાન્ય રીતે દરેક સ્થળે લોકો મક્કમ જણાય છે છતાં તેવીજ મક્કમતા જાલવી રાખવા ભલામણ કરવામાં આવી હતી. કાર્તક શુદ ૫ વાવમાં શત્રુંજય સબંધી વ્યાખ્યાન આપી બીજે દિવસે ધર્મ સમાજ વિગેરે સબંધી ભાષણ આપ્યું હતું. તથા ગુજરાતિ સ્કુલમાં 'વિદ્યાર્થી જીવન' એ વિષયપર પણ ભાષણ આપ્યું હતું.

૨ા. મણિલાલજી કોઠારીના પ્રવાસ સબંધી હકીકત અન્યત્ર બીજા પેપરોમાં છપાય છે. તેમના તર-

ફથી તેમની પ્રવૃત્તિનો રિપોર્ટ મલ્યો નથી.જેથી તેની નોંધ અત્રે થઇ શકી નથી.

બાબુ કીર્તિપ્રસાદજી–તેઓનો ઘણો સમય નાદુરસ્ત તબીયતના કારણસર ગયો હોવાનું જણાવે છે. હાલ તેઓએ કાર્ય શરૂ કર્યું છે. સમાના પંજાબ મહાસભાના વાર્ષિક સંમેલન વખતે તેમને તથા રા. કોઠારીજીને હાજરી આપવા વિનંતિ કરવામાં આવી હતી. અને તેઓ બન્નેએ ત્યાં હાજરી આપી હતી બાદ તા. ૯–૧૧–૨૬ ના રોજ ઝીરામાં એક સભા સ્થાનકવાસી તથા શ્વેતાંબર ભાઇઓની બોલાવીને ત્યાં પ્રચારકાર્ય કર્યું હતું તથા તા. ૧૭–૧૮ નવેંબરના રોજ શ્રી હસ્તિનાપુરમાં મેળાના પ્રસંગે હાજરી આપી હતી. અને તે ભાઇ જણાવે છે કે "હસ્તિનાપુરનો જલસો બહુ સારો થયો હતો લોકોએ મ્હોટી સંખ્યામાં હાજરી આપી હતી. શત્રુંજય સબંધી ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા તેમજ આખા પંજાબમાં એક શત્રુંજય સ્વયંસેવકમંડલ સ્થળે સ્થળે સ્થાપન કરવા ઠરાવવામાં આવ્યું અને તે માટે કાર્યવાહકોની ચુંટણી પણ કરવામાં આવી હતી. હું હસ્તિનાપુર ગયો હતો અને ભાઇ કોઠારીજી તથા બાબુ દયાલચંદ્રજીના આવવાથી ઠીક થયું."

રા. પોપટલાલ રામચંદ શાહ–દક્ષિણમાં માલેગાંવ, જૂન્નેર વિગેરે આસપાસના સ્થળોએ ગયા હતા. અને પ્રચારકાર્ય કર્યું હતું. શેઠ સારાભાઇ નેમચંદ હાજીની એસેંબ્લીની બેઠક માટેની ઉમેદવારીના કામકાજમાં રોકાએલા હોઇ વિશેષ કાર્ય થઇ શક્યું ન હોવાનું તથા દીપોત્સવી બાદ વધારે કાર્ય કરવા જણાવે છે. બાબુ દયાલચંદજીએ તા. ૧૫ ઓગસ્ટનો શોકનો દિવસ દરેક સ્થળે પળાવવા માટે પત્રોદ્વારા પ્રયાસ કર્યો અને આગ્રામાં ત્રણ સભાઓ કરી. અને ભરતપૂર ફીરોઝાબાદ લખનૌ આદિ સ્થળોના શ્રાવકોને યાત્રા ત્યાગના ઠરાવો ઉપર મક્કમ રહેવા સમજાવ્યું. અને સીકંદરાબાદ (જીલ્લે બુલંદશહેર)માં શેઠ જવાહરલાલ જૈનીના અધ્યક્ષપણા હેઠલ એક મ્હોટી સભા મેલવી પ્રચારકાર્ય કર્યું હતું.

રા. હિરાલાલ સુરાણા–જયપુર, બીઆવર, ધાણેરા, નાડોલ, બુલાલા, સાદડી, બીલાવાસ, ઘીનાવાસ, ધાકડી, વગડી, જાઠણ, પાચોરા આદિ સ્થળોએ ગયા હતા. અને આશરે ચાલીશેક સ્થળોએ પત્રવ્યવહાર મારફતે યાત્રાત્યાગનો ઠરાવ અને તે સબંધી ટુંકી હકીકત પહોંચાડી હતી તથા ઉક્ત ઠરાવ મક્કમ રીતે અમલમાં મૂકવા ભલામણ કરી હતી. નાડોલ મુકામે એક સમસ્ત નગર નિવાસીઓની મીટીંગ કરી હતી જેમાં શ્રીમાન્ ધાણેરાવ ઠાકોર સાહેબને પણ આમંત્રણ કરવામાં આવ્યું હતું. તે શ્રીમાન્ તરફથી સંવત્સરી ભાદ્રપદ શુદ ૪ ના રોજ પોતાના ચાલીશ ગામોમાં યાવત્ ચંદ્ર દિવાકરૌ શિકાર નહિં કરવા તેમ જીવહિંસા સર્વથા બંધ કરવા માટે લેખિત હૂકમ કરવામાં આવ્યો છે. જે બદલ તેમને ધન્યવાદ આપવામાં આવ્યો હતો.

શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા તથા હિરાલાલ સુરાણા–શ્રી ફલોધી પાર્શ્વનાથના મેલા ઉપર હાજરી આપી બે દિવસ સૂધી સભા મેલવી હતી તથા અસરકારક વ્યાખ્યાન આપ્યાં હતાં. જે વખતે શ્રી નેમચંદજી ગુલેચ્છા એ અધ્યક્ષ સ્થાન સ્વીકાર્યું હતું. સોજત મુકામે પ્રચાર સમિતિની બેઠક મલી હતી. અને તેજ સમયે ત્યાંના સ્થાનિક સંઘની એક સભા મલી હતી જે વખતે હાજર રહેલા પ્રચાર સમિતિના સભ્યો તથા રા. શ્રીયુત ગુલાબચંદજી ઢઢા તથા રા. મકનજી જે. મ્હેતાએ ભાષણો આપ્યાં હતાં.

૪. શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ પ્રાઇઝ:–

આ પ્રાઇઝ માટે ઉમેદવારોની અરજી મંગાવવામાં આવી હતી અને તે બદલ આ માસીકમાં તેમજ 'જૈન'માં જાહેરખબર આપવામાં આવી હતી. તે પરથી કુલ્લે સાત ઉમેદવારોની અરજી આવી હતી જેમાંથી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી વધારે માર્ક મેલવનાર તરીકે **મી. બોડીદાસ ડાસાભાઈ કોઠારી** તથા સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્ક મેલવનાર તરીકે **મી. શાંતિલાલ મણિલાલ દીવાનની** અરજીઓ પાસ કરવામાં આવી. અને તે દરેકને રૂા. ૪૦) ચાલીશનું ઇનામ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

૫. ઉપદેશકો મારફતે સંસ્થાનું પ્રચારકાર્ય.

આ સંસ્થા તરફથી ફરતા ઉપદેશકો જૂદે જૂદે

સ્થળે ગયા હતા અને તે તે સ્થળોએ સંસ્થાના ઉદ્દેશાનુસાર વિવિધ વિષયો ઉપર અસરકારક ભાષણો આપ્યાં હતાં. તેમજ સુકૃત ભંડારફંડની યોજના સમજાવતાં તે તે સ્થળોએથી જે જે રકમો આવી છે તેનો નોંધ ગામવાર નીચે આપવામાં આવી છે. સંસ્થાના પ્રચારકાર્યથી સમાજ પર કેવી અસર થઈ શકે છે તેના તે તે ગામોના પત્રો અમને મલતા રહે છે તે પરથી સ્પષ્ટ થાય છે. તેમાંના બે પત્રો આ સાથે પ્રકટ કરવામાં આવે છે.

ઉપદેશક પુંજલાલ પ્રેમચંદ.

તા. ૪-૭-૨૬ થી તા. ૨૨-૧૧-૨૬ સુધી.

ગઢ-૭૭) કુંભાસણ ૧૮) હરસોલ ૧૬॥ બડોદરા ૪॥॥ આત્રોલી ૧) નાના ચેખલા ૨) મોટા ચેખલા ૧। મોઢુકા ૩। મોહનપુર ૧૨॥ રણાસણ ૭) હાથરોલ ૪) કાબોદરા ૪॥॥ બેડબ્રહ્મા ૨૦) વડાલી ૧૧૧। ૪૬૨ ૫૧) કુકડીઆ ૬) સાબલી ૪) જમલા પા વખ્તાપુર ૭) હિમતનગર ૩૧) ગઢોડા ૭॥ હડીઓલ ૨) આગીયોલ પા॥ બેરણા ૩॥ વીરાવાડા ૨) ઢુઢોળ ૧૨) રૂપાલ ૧૯) અડપોદરા ૧૩) સરડોઇ ૪॥॥ ટટિોઇ ૬૪॥॥ દધાલીયા ૪૨॥ મોડાશા ૧। સલાલ ૨। તાજપુરી ૯) રૂપાલ ૨॥ (પાછળથી) હાપા ૧॥। નવલપુર ૧) ૪લોલ ૬૦। દાવડ ૧૦॥॥ એકલારા ૧૨॥॥ વાઘપુર ૧૮॥ તાશપુર ૧૦॥॥ ઓરાણ ૧૮॥॥ પ્રાંતીજ ૨૯॥

ઉપદેશક ગુલાબચંદ શામજી.

તા. ૫-૭-૨૬ ૩ ૪॥॥ બળણા

તા. ૬-૭-૨૬ ૩ ૯॥॥ દસાડા

તા. ૧૬-૯-૨૬ ૩ ૫૦) રાજકોટ તપાગચ્છના-

ઉપદેશક વાડીલાલ સાંકળચંદ.

તા. ૨૮-૬-૨૬ થી ૨૧-૧૧-૨૬ સુધી.

મગોડી પા॥ ૪સનપરમોટા ૭॥ મહુન્દ્રા ૩। લવાડ ૬। રંગજીનું મુવાડું ૬) અમરાભાઇનું મુવાડું ૧૦॥ પાળુંદરા ૯) હાથીજણ ૦॥ બહીઅલ ૧૭॥ કનીપર ૭॥ ધમીજ ૪। કોઠી ૧૦। હરસોલી ૪॥ રાઠોડવાસણા ૪॥॥ કંઠાદરા ૮॥ જશુદરા પા॥ પરઢોલ ૬॥॥ અણાસણ ૬) વલાદ ૭) કોબા ૫) ડભોઇ ૨૭૫) ડભોઇ ત્થા પાછલથી ૧૬॥॥ બારેજા ૨૦) લાલી ૧) બીડજ ૪) મહીજ ૮॥॥ નાંદેજ ૫) હીરાપુર ૧૩) અણીઆલ ૩॥ ધામતવાણ ૨। ગતરાડ ૪) હીરાપર ૦॥ વાંઝ ૭। હાથીજણ ૧૧। નરોડા ૩ મેમદાવાદ ૯) ભાલેજ ૮॥ ઓડ ૮॥ અહીમા ૧૪॥॥ સારસા ૩॥॥ બેડવા ૨૦) ગોપાલપુરા ૧) નાપાડ ૨૦) મ્હેલાવ ૪॥ કાશર ૧૮) સોજીત્રા ૬) ભડકદ ૮) ડભોઉ ૧૦) મલાતજ ૩॥ ચાંગા ૭) પારગોળ ૮) મેલાવ ૨) બાંધણી ૭) રામોલ ૫) કરોલી ૨॥ વરોટવા ૫) સંજાયા ૩) વડતાલ ૭॥ નરસન્ડા ૨॥

૬ અમને મળેલા પત્રો.

શ્રી ૧।

શ્રી જૈન શ્વેતાંબર કાનફરન્સે

જયજીનેદ્ર સાથે લખનાર આમરોલીના જૈન સંઘ સમસ્ત આપણી તરફથી ઉપદેશક વાડીલાલ સાંકલચંદને લઇને ગામ થાલા તાલુકે તિલકવાડાના ગામમાં મહંત વિસ્વનાથ મહારાજે છપન ભોગ-સંવત ૧૯૮૩ ના કારતક વદી ૧ ના રોજ કરેલો તે પ્રસંગ ઉપર આસરે માણસ ૬૦૦૦ થી ૭૦૦૦ સુધી ભેગા થયલા હતા તે વખતે વદી ૧ ના રાતના એક વાગે ભાસણની સરૂવાત કરવામાં આવી હતી અને પાંચ વાગે ભાસણ બંધ કરવામાં આવ્યું હતું. તે વખતે ચરચાયલા વીસયો જેવા કે દારૂ નહી પીવો માંસ ભક્ષણ નહી કરવું અને જીવોને અભયદાન આપવા એ ત્રણ વીસયો ઉપર મચકુર ઉપદેશક સરલ ભાષામાં કરેલું અને લોકોના મનને સચોટ અસર બેઠેલી છે અને તે પ્રસંગે આસરે બેથી ત્રણ હજાર માણસે ગુરૂના સોગનથી ઊપલી ત્રણ બાબતો નહી કરવાની પ્રતીજ્ઞાઓ લીધી હતી અને બળદને હાંકવાના પરાણામાં જે આરો રાખવામાં આવે છે તે આરો નહી રાખવી તેવી ત્રણસો માણસે બાધા લીધી હતી આમ ઉપદેશકની મહેનતથી રાજી થઇ. વિસ્વનાથ મહારાજે કાન્ફરન્સને ધનવાદ આપી મચકુર ઉપદેશકને પુલની માળા પોતાના હાથે પહેરાવી હતી અને ભલામણ કરવામાં આવી હતી કે ઉપરની તમામ લીધેલી બાધાઓની હકીકત દરેક પેપરમાં છપાવવાને માટે તેમને ઘણોજ આગ્રહ કર્યો હતો અને જણાવ્યું હતું કે આ ભાગમાં

હીંસા કરનારા માણસો બીજા આવા પ્રસંગે જોડાઈ હીંસા ન કરે તેવી જરૂરી બતાવી હતી. હવે પછી આવતા એટલે સંવત-૧૯૮૪ ના કારતક સુદી ૧૫ નો મોટો સોકુડનો અને ચાર ધામની રચના વાળો ॥ યજ્ઞ ॥ કરવાનો છે તે પ્રસંગે તમે અહીં આવજો અને આમરોલીના જૈન સંઘ તમને ખબર આપશે તેમ જાહેર કર્યું હતું અમો નીચે સહી કરનારા આમરોલીના જૈન સંઘ વિનંતી કરીએ છીએ કે આવા ઉપદેશકોની ખાસ જરૂર છે તમારી તબીયત નરમ હોવા છતાં તબીયતની દરકાર રાખ્યા સીવાય કાન્ફરન્સને જીવદયાનો પુર્ણ લાભ આપ્યો છે. એમના આવા ઉપદેશથી હમને ઘણી ખુશાલી થઇ છે. દા. સંઘ કહેવાથી શેઠ નગીનદાસ દોલતભાઈ તથા બીજી સહીઓ.

૩.૩) ઉપદેશક વાડીલાલને સુકૃતભંડાર ફંડમાં આપ્યાછે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

જયજીનેદ્ર સાથે લખનાર નાપાડના જૈન સંઘ સમસ્ત.

ઉપદેશક વાડીલાલ સાંકળચંદે આવી સકળ સંઘને તેમજ ગામના તમામ વસ્તીને જુદા જુદા વિષયો ઉપર ભાષણો આપ્યા હતા. ભાષણકાર રાત્રે સાડાસાતથી સાડા અગીઆર વાગ્યા સુધી પોતે લોકોને સમજાવવાને તનતોડ મહેનત કરતા હતા. તેમના બ્રહ્મચર્યના ભાષણથી નીચેના સદ્‌ગૃહસ્થોએ પરદારા ગમન ન કરવાની. સભા સમક્ષ ઉભા થઇ પ્રતિજ્ઞાઓ કરી હતી. જેનાં નામ નીચે મુજબ છે.

× × × ×

સ્ત્રી કેળવણી વીષે પણ ઘણી સારી અસર કરી હતી જીવદયાના ભાષણમાં પાટીદાર લોકોએ વિષેશ ભાર ન ભરવા તથા સુડ ન કરવા તેમ ઝેરી પ્રાણી સર્પ વીંછીને ન મારવા. તેમજ માંકણને ન મારવા મહાભારતા વાક્યોથી સમજાવ્યું હતું લોકો ઉપર સારી અસર થવાથી ગામના તમામ લોકોએ તેમજ સંઘે દરવરષે આવવા અને આમ બોધ આપવા. તમામે ઇચ્છા બતાવી હતી. તેમજ તેમના ચાર ચાર કલાક સુધી બોલવાથી અત્રેના મુખીએ નીચે મુજબ જણાવ્યું હતું.

હું ભાષણ સાંભળવાનો રાગી છું અને આ ગામે બહારથી આવનારાએ ઘણી વખત ભાષણો આપ્યાં છે મેં સાંભળ્યાં છે તેથી કહી શકું છું કે આપના ભાષણમાં જેવી લોકની વૃત્તિ ઠરી છે તેવી વૃત્તિને બોધ લાગે તેવાં ભાષણ આ ઉપદેશકનાં સાંભળ્યાં છે માણસોની સંખ્યા બેનો સીવાય બસો પુરૂષોની થતી હતી. અહીંઆં લેવા પાટીદારની સ્ત્રીઓ હોજલ હોવાને લીધે તેઓ જાહેરાત બોલી શકી નહતી પરંતુ એમ કહેવડાવવામાં આવ્યું હતું કે ફટાણાં તેમજ રૂદન કુટન કરવામાં અમોને ઘણીજ ઉંડી છાપ પડી છે. વિષેશ દિવસ રોકવા તેમને તમામ ગામનો આગ્રહ હતો છતાં તેઓ ચાર દિવસ રહી ગયા છે જો તેઓ રહ્યા હોત તો ગામમાં લાભ થવા વધી હતી એજ દા. કાન્તિલાલ ભાઇલાલ શાહ. ૨૧-૧૦-૨૬ તથા બીજી સહીઓ.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

[સેક્રેટરી રા. વીરચંદ શાહ તરફથી.]

ઉક્ત સંસ્થા તરફથી દર વરસે લેવામાં આવતી " શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ધાર્મીક હરીફાઇની ૪નામી પરીક્ષા"ની "૧૯" મી પરીક્ષા ચાલુ માસની તા ૨૬-૧૨-૨૬ ને રવીવારના રોજે સંસ્થામાં રજીસ્ટર થયેલાં જુદા જુદા સેન્ટરોમાં લેવામાં આવનાર છે.

પરીક્ષા માટે લગભગ ૧૦૦ ગામની પાઠશાળાઓને લખવામાં આવેલ હતું તેમ જાહેર પેપરોમાં પત્રીકા નં ૧ લી પ્રસિદ્ધ થઇ હતી તથા "**જૈન**" અને "**વીરશાશન**" એ બે પત્રોમાં બે અઠવાડીયા સુધી જાહેર ખબર છપાવવામાં આવી હતી આથી આ વરસે કુલ્લે ૩૪ સેન્ટરો થયાં છે અને બધા મલીને ૮૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના છે.

મજકુર પરીક્ષા દિન પરદિન ઘણીજ લોક પ્રિય થતી જાય છે અને આવી પરીક્ષાથી "ધાર્મીક કેળવણી"નો પ્રચાર વિશેષ થાય તે સ્વભાવીક છે વળી અભ્યાસ પણ બધી પાઠશાળામાં એક સરખો ચાલુ થવાનો સંભવ પણ છે. હાલના અભ્યાસક્રમમાંના કેટલાક પુસ્તકો મલી શકતાં નથી તેથી તેમજ બીજો પણ ફેરફાર "**પાઠયપુસ્તકો**"માં કરવાનો છે. વળી બની શકે તો દરેક ધોરણ વારના પાઠયપુસ્તકો બોર્ડ તરફથી તૈયાર કરવામાં આવે અને તેને બોર્ડ તરફથી છપાવીને વિદ્યાર્થીઓને પડતર કીમ્મતે પુરા પાડવામાં આવે તો તેથી ધાર્મીક અભ્યાસમાં વધારે અનુકુળતા થાય તેમ છે આ સંબંધી યોગ્ય વ્યવસ્થા કરવાની સંસ્થાની ઇચ્છા છે અને તે દીશામાં કાર્ય કરવા માંડયું હતું કોમના જુદા જુદા વિદ્વાનોને તેમજ મુની મહારાજોને તેમજ ધાર્મીક કેળવણી આપતી સંસ્થાઓને બોર્ડના ચાલુ અભ્યાસક્રમની બુક તથા પરીક્ષાના સવાલોની બુક તેમ વિનતિ પત્ર મોકલવામાં આવેલ હતું પણ તેનો જોઇએ તેવો સ્વીકાર થયો નથી અને જુજ જવાબો આવ્યા છે એટલે આ દીશામાં કાર્ય કરવા માટે સારા વિદ્વાનો અને પંડીતોની ખાસ અગત્ય છે. આશા છે કે તેવો સહકાર મલતાં સંસ્થા તે દીશામાં કાર્ય કરવા ઘટતો પ્રબંધ કરશે.

બોર્ડ તરફથી પાઠશાળાઓને તેમજ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ (મદદ) આપવામાં આવે છે. અને તે સંબંધી પાઠશાળાઓના **માસિક પત્રકો** તથા વિદ્યાર્થીનું "**પ્રમાણપત્ર**" માંગવામાં આવે છે અને બની શકે તે પ્રમાણે યોગ્યને યોગ્ય મદદ અપાય તેવી બનતી કાળજી રાખવામાં આવે છે.

બોર્ડનો સઘળો આધાર બોર્ડના ફંડ ઉપર છે જૈનકોમની વ્યવહારીક, ધાર્મીક, અને વેપારી કેળવણીમાં સંગીન સુધારો કરવાની ઘણીજ અગત્ય છે અને કેળવણીને માટે જુદી જુદી દીશામાં કાર્ય કરી શકે તેવી આ એકજ સંસ્થા છે અને તેથી તેને સંગીન બનાવવા બોર્ડના મેમ્બર થવા તથા કોન્ફરન્સના સુકૃત ભંડાર ફંડની યોજનાને વધાવી લઇ તેમાં ફાળો આપવા હમારી નમ્ર વિનંતિ છે કારણકે બોર્ડને ઉપલા ફંડમાંથી તેનો ખર્ચ બાદ કરતાં અડધાં નાણા મલે છે આશા છે કે સકળ જૈન સંઘ આ હમારી વિનંતિને સ્વીકારી, તે બદલ યોગ્ય કરશે.

છેવટમાં આ સંસ્થાના કાર્યમાં ઉલટ ભર્યો ભાગ લેવા દરેક બંધુઓને વિનંતિ છે. તથા હમોને કોઈ પણ જાતની સૂચના આપશો અને તે સૂચના પ્રમાણે કાર્ય થઇ શકે તેમ હશે તો ઘણીજ ખુશીથી સૂચના માન્ય કરવામાં આવશે માટે આ સંસ્થાને આપનો દરેક રીતે સહકાર આપશો તેમ ઇચ્છી વિરમું છું.

જૈન યુગ.

સામાજિક અંક.

ૐ સર્વજ્ઞાય નમઃ—દેહનું અને પ્રારબ્ધોદય જ્યાં સુધી બળવાન હોય ત્યાં સુધી દેહ સંબંધી કુટુંબ, કે તેનું ભરણ પોષણ કરવાનો સંબંધ છૂટે તેવો ન હોય, અર્થાત્ આગારવાસ પર્યંત જેનું ભરણપોષણ કરવું ઘટતું હોય તેનું ભરણપોષણ માત્ર મળતું હોય તો તેમાં સંતોષ પામીને મુમુક્ષુ જીવ આત્મહિતનો જ વિચાર કરે, તથા પુરૂષાર્થ કરે. દેહ અને દેહ સંબંધી કુટુંબનાં મહાત્મ્યાદિ અર્થે પરિગ્રહાદિની પરિણામપૂર્વક સ્મૃતિ પણ ન થવા દે, કેમકે તે પરિગ્રહાદિની પ્રાપ્તિ આદિ કાર્ય એવાં છે, કે આત્મહિતનો અવસરજ ઘણું કરીને પ્રાપ્ત થવા ન દે. S. R.

પુસ્તક ૨ અંક ૫. વીરાત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩. પોષ.

તંત્રીની નોંધ.

૧. દ. મ. જૈન શ્વે. પ્રાંતિક પરિષદ્. ૪થું અધિવેશન

ગત ડિસેંબરની ૨૭ અને ૨૮ મીએ આ પરિષદ્ કોલ્હાપુર રાજ્યના શિરોલરોડ સ્ટેશનપર ખાસ ઉભા કરેલા સાદા મંડપમાં ભરાઈ હતી. દક્ષિણ મહારાષ્ટ્રમાં અનેક જૈન ગૂજરાતીઓ પોતાનાં કુટુંબ સહિત વસે છે અને તેમનો વંશ તપાસતાં દોઢેક સૈકા લગભગ તેમના પૂર્વજો અમદાવાદ પ્રાંત અને તેની આસપાસથી આવેલા જણાય છે અને પછી પૈસે ટકે સુખી થઇ એક બીજા સાથે સંબંધ સગપણ રાખી પોતાનો સંસાર વ્યવહાર ચલાવતા ગયા અને તેથી મોટે ભાગે ગૂજરાત આવી લગ્નાદિ પ્રસંગો કરવાનું અટકી ગયું. આ રીતે સાક્ષાત્ સંબંધ ગૂજરાત સાથે બંધ પડયો; છતાં ગૂજરાતી સંસ્કૃતિ તો કાયમજ રહી. માતૃભાષા ગૂજરાતીનો હજુ સર્વાંશે લોપ થયો નથી. બાપદાદાનો જૈન ધર્મ કાયમ છે અને તેના સંસ્કારો પણ અબાધિત ચાલ્યા આવે છે.

આ ગૂજરાતી ભાઇઓના ઉત્સાહ અને પ્રેમથી દક્ષિણ મહારાષ્ટ્ર જૈનશ્વેતામ્બર પ્રાંતિક પરિષદ્નો જન્મ થયો. ત્રણ અધિવેશનો ભરી ચોથું અધિવેશન આ પત્રના તંત્રીના અધ્યક્ષપણા નીચે ભરાયું. પ્રમુખ તરીકેનું ભાષણ આ અંકમાં પ્રકટ થયેલું છે તેમજ તે પરિષદ્ના સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી સખારામ દેવચંદનું ભાષણ અને પરિષદ્માં થયેલા ૧૩ ઠરાવો પણ પ્રકટ કરવામાં આવ્યા છે તે પરથી આખી પરિષદ્નું કાર્ય અને ગૌરવ સમજી શકાશે.

પોષ ૧૯૮૩ ના 'જૈન ધર્મ પ્રકાશ'માં વર્ત્તમાન ચર્ચાના સુજ્ઞ લેખકે જણાવ્યું છે કે

"આપણી કોન્ફરન્સના સંદેશા સર્વત્ર ફેલાવવા માટે પ્રાન્તિક અધિવેશનની બહુ આવશ્યકતા છે, અને એ સંબંધમાં મહારાષ્ટ્રના જૈન બંધુઓનો સતત્ પરિશ્રમ ખરેખર પ્રશસ્ય છે. શ્રી કોન્ફરન્સે જે ઠરાવો કર્યા હોય તેને આધીન રહીને આવા પ્રાન્તિક મેળાવડા થાય તેમાં યોગ્ય ઠરાવો થાય અને કોઈ વાર મુખ્ય સંસ્થા શિથિલ કે મંદ પડી જતી જણાય તો તેને જાગૃત પણ કરાય એટલે અનેક રીતે આવા મેળાવડા લાભકારક થઈ પડે એ સ્વાભાવિક છે. વળી આખા સમુદાયમાં કેટલાક વ્યાવહારિક સુધારાઓ કરવામાં ઘણી અગવડ પડે છે, પણ પ્રાન્તિક પરિસ્થિતિ સમજીને વિચારક આગેવાનો ઘણું કાર્ય કરી શકે. કોન્ફ-

રન્સના ઠરાવો ભલામણ રૂપનાજ હોઇ શકે, ત્યારે અનુકૂળતા પ્રમાણે પ્રાન્તિક પરિષદમાં અમલના રૂપમાં પણ ઠરાવો થઈ શકે. એ ઉપરાંત એક પ્રાંતના લોકો પોતાના વ્યાપાર અને કેળવણીના સવાલો પર તથા બોર્ડિંગ આદિ સંસ્થાઓપર સીધું ધ્યાન આપી શકે, અગવડો દૂર કરાવી શકે અને સક્રિય રચનાત્મક કાર્યનો વિચાર કરીને અમલ કરી શકે."

આ વિચારો સાથે મુખ્યતઃ અમે સંમત છીએ. આ પ્રાંતિક પરિષદના બાંધેલા નિયમોમાં એક એ પણ નિયમ ઉમેરવામાં આવ્યો છે કેઃ—

"આ પ્રાંતિક પરિષદે આપણી મુખ્ય એવી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની ઓફિસ–મુંબઇ સાથે સંબંધ રાખી તેની સાથે વ્યવહાર રાખવો ને તેની સલાહ સૂચના લેવી."

આ નિયમ પ્રમાણે પરિષદના કાર્યવાહકો વર્ત્તશે તો ઘણો લાભ અરસપરસ સંબંધથી અને વ્યવહારથી મેળવી શકાશે. અમે મુખ્ય કૉન્ફરન્સના મંત્રીઓ અને કાર્યવાહકોને ખાસ વિનંતિ કરીએ છીએ કે તેઓએ દરેક પ્રાંતમાં જઇ ત્યાં પોતાના પ્રાંતિક સેક્રેટરીઓની મદદ લઇ પ્રાંતિક પરિષદોનો પ્રબંધ કરવો ઘટે અને તે રીતે કૉન્ફરન્સ–જૈન મહાસભાના સંદેશ દરેક પ્રાંતમાં ફેલાવવા ઘટે. જ્યાં સુધી આમ નહિ થાય ત્યાં સુધી વિશેષ વ્યાપક કાર્ય નહિ બની શકે. આ પ્રાંતિક પરિષદમાં આપણી કોન્ફરન્સના એક પણ મંત્રી હાજર રહ્યા હોત તો વધારે ઉપયોગી કાર્ય કરી શકત, હમણાં તો દરેક પ્રાંતિક પરિષદ પોતાને યોગ્ય લાગે તેમ કાર્ય કરે છે. તે એક રીતે યોગ્ય છે, પણ મુખ્ય કોન્ફરન્સની બાંહેધરી નીચે તે કાર્ય થાય તે ઘણું સુંદર પરિણામ લાવી શકે. દરેક પ્રાંતમાં અને ખાસ કરી આ ભૂલાયેલા દક્ષિણ મહારાષ્ટ્રના ભાગમાં કૉન્ફરન્સે પોતાના ઉપદેશકો અને ઉત્સાહી કાર્યકરો મોકલી ત્યાંના બંધુઓને ઉત્સાહિત અને જાગ્રત કરવાની જરૂર છે.

મુંબઇથી રા. ઓધવજી ધનજી સોલિસિટર, શેઠ લલુભાઇ કરમચંદ દલાલ, શેઠ વાડીલાલ સાકલચંદ શા. શાંતિલાલ ઉજમશી, તથા રાજકોટવાળા રા. ગોકળદાસ નાનજી ગાંધીએ આ પરિષદમાં ખાસ આવી પોતાની હાજરી તેમજ પોતાના વિચારોનો લાભ આપ્યો તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. રા. ગોકુળદાસે આખી પરિષદનો વિગતવાર રીપોર્ટ લીધો હતો અને તે વૃત્તપત્રોમાં આવવાનો હતો પણ આવી નથી શક્યો તે માટે અમે દિલગીર છીએ. કોલ્હાપુર રાજ્યના દિવાન રા. બ. લઠ્ઠે સાહેબ એક સુશિક્ષિત દિગંબર જૈન છે તેમણે ખાસ તે રાજ્યના ક્ષાત્ર જગત્ગુરૂની સંગાતે આ પરિષદમાં આવી ઉચ્ચ શિક્ષણની જૈન સમાજને પૂરી જરૂર છે, શિક્ષણ-અંગ્રેજી શિક્ષણ વગર સુધારા થઇ શકે તેમ નથી તેમ સમાજની ઉન્નતિ અને વેપારની પ્રગતિ બને તેમ નથી એ પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. ક્ષાત્ર જગત્ગુરૂશ્રીએ સરસ્વતિ અને લક્ષ્મી એ બંનેની ઉપયોગિતા સમજાવી સરસ્વતીની પ્રધાનતા વ્યાખ્યાનથી સિદ્ધ કરી હતી. આ બંને મહાશયોને તેમની હૃદયવિશાલતા માટે ધન્યવાદ ઘટે છે. એવી હૃદયવિશાલતા આપણા આગેવાનોએ ગ્રહણ કરવાની છે. આવી પરિષદ વખતો વખત દરેક પ્રાંતમાં ભરાય ને તે માટે તેમને વિજય મળો એમ ઇચ્છીએ છીએ.

૨ સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ.

શ્વે૦ સ્થાનકવાસી જૈનો શ્વેતામ્બર દેરાવાસી મૂર્તિ પૂજક જૈનોથી કેમ જૂદા થયા તેનો ઇતિહાસ જોતાં જણાય છે કે સ્થાનકવાસી સંપ્રદાયના સ્થાપક શ્રી લોંકાશા સં. ૧૫૦૮ માં થયા. અને તેનો સમુદાય વધી ચારેક લાખ થઇ ગયો. આ રીતે આ સમુદાય ઉભો થવામાં વધવામાં શું શું કારણો, પરિસ્થિતિ ઉપસ્થિત થયેલ હશે તે ઇતિહાસકાર માટે ઘણો સુંદર અને મનનીય વિષય છે. મૂર્તિપૂજાના નિષેધ સિવાય બીજા થોડા અહીં તહીંના વિધિ વિધાનના તેમજ અમુકજ સૂત્રો માનવા ઉપરાંત બીજા વિશેષ ભેદ નથી. તે સંપ્રદાય શ્રી વીરપ્રભુના સંતાનરૂપ છે અને પોતાની પ્રગતિ જે જે રસ્તે સહુ અન્ય ભાઇઓ કરી રહ્યા છે તે તે રસ્તે પોતે કરી રહ્યા છે એ આનંદનો વિષય છે.

તેઓએ પોતાની પરિષદ તા. ૩૧ મી ડીસેંબર ૧૯૨૬, ૧લી અને બીજી જાન્યુઆરી ૧૯૨૭ ને રોજ મુંબઇમાં મોટા પાયા પર ભરી હતી અને તેમાં લગભગ ૧૩ ઠરાવો કર્યા હતા. (૧) સ્વામી

શ્રદ્ધાનંદજીના ખૂન પ્રત્યે તિરસ્કાર (૨) પરિષદ્‌ની કાર્ય પદ્ધતિ માટે દરેક પ્રાંતમાં સેક્રેટરીની નિમણુક, દરેક પ્રાંતમાં, બને ત્યારે પગારદાર એસિસ્ટંટની યોજના, (૩) સેવા સમર્પણ કરનારાનો 'વીરસંઘ' સ્થાપવાની આવશ્યકતાનો સ્વીકાર અને તે માટેના નિયમો ઘડવા નીમેલી કમિટી. (૪) જુદે જુદે દિવસે જુદે જુદે સ્થળે પર્યુષણ સંવત્સરી થયાના દાખલાથી તેને માટે એક નિશ્ચિત દિવસ દર વર્ષે કરવા માટે એક કમિટીની નિમણુક (૫) શત્રુંજય તીર્થની પરિસ્થિતિથી દુઃખ, તે સંબંધીના મી. વૉટ્‌સનના ચુકાદા સામે વિરોધ અને બ્રિટિશ સરકારને ન્યાય આપવાની અપીલ. ને ખાસ કરીને પાલીતાણાના હિંદુ રાજા, શ્વેતામ્બરોની ભાવના ધ્યાનમાં લઈ તેને માન આપવાની જરૂર ઉદારતા બતાવશે એવી આશા (૬) પરિષદ્‌નો સંદેશ સર્વસ્થળે મળે તે માટે જુદા જુદા પ્રાંતમાં પ્રાંતિક પરિષદ્‌ ભરવાની ભલામણ (૭) ધાણેરાવ સાદડીના સ્થાનકવાસીઓને શ્વેતાંબર મંદિરમાર્ગી ભાઇઓ તરફથી અન્યાય ને તે દુર કરવાની સૂચના (૮) પરિષદ્‌માં પ્રતિનિધિ માટે કરેલા ૨૫ પ્રાંતોમાં પૂર્વ અને પશ્ચિમ દક્ષિણની સ્પુટતા અને બર્માનો સ્વતંત્ર પ્રાંત વધાર્યો. (૯) જુદી જુદી ધારાસભામાં થયેલા જૈન સભાસદો માટે હાર્દિક હર્ષ (૧૦) સ્વર્ગસ્થ થયેલા આગેવાનો માટે શોક (૧૧) ગાય તેમજ દૂધાળાં અને ખેતીને ઉપયોગી ઢોરનો વધ બંધ કરવા મુંબઇ સરકારને પ્રાર્થના અને ધારાસભાના સભાસદોને પ્રયાસ કરવા આગ્રહ (૧૨) વેજીટેબલ ઘીના પ્રચાર સામે વિરોધ ને બહિષ્કાર (૧૩) બર્મામાં થતો માંસાહાર દૂર કરવા ઉપદેશકો મોકલાવાના પ્રબંધની ભલામણ.

આ ઉપયોગી પ્રસ્તાવોમાં શત્રુંજય તીર્થ સંબંધી કરેલા ઠરાવથી શ્વે૦ મૂર્તિપૂજક બંધુઓ પ્રત્યે બતાવેલી સહાનુભૂતિ, અને સંયુક્ત જૈનોની પરિષદ્‌ મેળવવાના ઠરાવથી શ્રી વીરપ્રભુના સર્વ સંપ્રદાયોની એકત્રતા કરવાની ઇચ્છા બતાવી આ પરિષદે પોતાની હૃદયવિશાળતા (liberalism) બતાવી આપી છે. મુસલમાનો હિંદુ સાથે, હિંદુ અહિંદુ સાથે, જૈન જૈનેતરો સાથે સહકાર કરે તો દેશની એકસંપીમાં વધારો થાય. પણ સાથે સાથે સર્વે કોમ અને સંપ્રદાયો એક બીજા સાથે સહકાર સાધે એ ખાસ આવશ્યક છે. ઠરાવોમાં કેળવણી, હાનિકારક રિવાજો દૂર કરવા વગેરે સંબંધી ચુપકીદી અમને તાજુબીમાં નાંખે છે.

આ પરિષદમાં એક લાખ રૂપિયા જેટલી મોટી રકમ એકઠી કરી તે પૂનામાં જૈન વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ ખોલવા ને નિભાવવા વાપરવાનો ઠરાવ કર્યો છે તે માટે તેના સંચાલકોને ધન્યવાદ ઘટે છે. ઉચ્ચ શિક્ષણ વગર કોમનો અભ્યુદય નથી તેથી તે પર તેઓએ આ રીતે ખાસ લક્ષ આપ્યું છે એ જોઇ અમને અતિ સંતોષ થાય છે.

૩ જૈન સાહિત્ય પરિષદ્‌ની જરૂર.

જોધપુરમાં જૈનસાહિત્ય સંમેલન થયું હતું અને તેનું બંધારણ એટલું બધું પકવ ને મક્કમ રહી શકયું નહિ ને તેથી સાહિત્ય સંમેલનનું બીજું અધિવેશન ન થયું. 'આરંભે શૂરા' આપણે છીએ તેનું આ દૃષ્ટાંત છે. વળી જે કાર્ય થાય છે તે 'શૂરવીરતા' બતાવતાં બતાવતાં એટલું બધું ઉતાવળીઉં થાય છે કે તેમાં પકવ વિચાર, ગંભીર કાર્યક્રમ અને ભવિષ્યની કાર્યકારી અમલમાં મૂકવા જેટલી મક્કમતાનું પ્રદર્શન થતું નથી. આવો ઉતાવળીઓ પ્રયત્ન સુરતમાં જૈન સાહિત્ય પરિષદ્‌નો સમારંભ અમુક ધાર્મિક ઉત્સવનો લાભ લઇને કરી નાંખવામાં આવ્યો હતો. જોધપુરના સંમેલનનો રીપોર્ટ—નિબંધો સહિત પ્રકટ થયો હતો, પણ આ સુરતની 'પરિષદ્‌'નો રીપોર્ટજ હજુ અપ્રકટ રહ્યો છે તે કયારે બહાર પડશે તેનાં સ્વપ્નાં આવે છે.

જમાનો કાર્ય કરવાનો જાગૃતિનો અને અપ્રમાદનો છે; સૌ સૌ પ્રયત્નો કરી રહ્યા છે, જ્યારે જૈનોની નિર્બળતા અને નિષ્ક્રયતા ચાલુજ છે. તેનો લાભ લઈ કોઈ 'કલિકાલ સર્વજ્ઞ'ના બિરૂદવાળા આજન્મ નૈષ્ઠિક બ્રહ્મચારી પ્રખર વિદ્વાન્ શિરોમણી અને શાસન પ્રભાવક શ્રીમદ્ હેમચંદ્રાચાર્યને 'માનસિક વ્યભિચારી' તરીકે નવલકથાના બહાના તળે ચીતરે છે, કોઇ મેવાડના રાણા પ્રતાપને અણીને સમયે મહાસહાય આપનાર જૈન ભામાશાને વૈષ્ણવ તિલકધારી અને વિલાસી સિનેમાની ફિલ્મમાં બતાવે છે. કોઇ જૈનધર્મના સંબંધે ઇતિહાસ વિરૂદ્ધ કપોલકલ્પિત

વાતો 'ભારતવર્ષના ઇતિહાસ'ની અંદર મૂકે છે, કોઈ જૈન ધર્મ અને સાહિત્યની વિરૂદ્ધ મિથ્યા આરોપો અને આક્ષેપો મૂકવા ધૃષ્ટ બને છે. આના પ્રતિકાર રૂપે નિષેધક નહિતો વિધાયક સ્વરૂપે જૈનધર્મ અને સાહિત્યનો ઇતિહાસ એકત્ર કરવા, તે માટેની સામગ્રીનો સંગ્રહ કરવા, તે સામગ્રીનો ઉપયોગ કરી નિબંધો લખવા લખાવવા માટે જૈન સાહિત્ય પરિષદ્ અમુક અમુક સમયના આંતરે થવાની અતિ જરૂર છે એમ સર્વ કોઈ સમજી વીરશાસનરસી જૈન સ્વીકારશે.

આવી પરીષદ્ થવા માટે—તેને અર્થેની ભૂમિકા તૈયાર કરવા અર્થે જૈનોની સારી સંખ્યા ધરાવતા દરેક શહેરોમાં જૈન સાહિત્ય સભા સ્થાપિત કરવી ઘટે છે અને તેમાં ત્યાં ત્યાંના જૈન અને જૈનેતર લેખકો અને વિદ્વાનોનાં ભાષણો કરાવવાં યા નિબંધો વંચાવવાં ઘટે છે–અને તે ભાષણો યા નિબંધો આ પત્ર કે એવાં સાહિત્યમાં રસ લેતાં માસિકોમાં યા જુદા ચોપાનિયા રૂપે પ્રકટ કરવા યોગ્ય છે. જૈન સાહિત્ય પરિષદ્ સ્થાયી રૂપ લે તે માટે તે પહેલાં આવી જૈન સાહિત્ય સભાઓ સ્થાપવાની જરૂર છે.

સુરતની જૈન સાહિત્ય પરિષદ્ ભરાઇ ગયા પછી ૧૯૨૫ ના જાન્યુઆરીમાં પરિષદ્ની ઑફિસ સ્થાપવા માટે મુંબઇમાં અમારા પ્રમુખપણા નીચે મળી હતી તેમાં તે પરિષદ્ના છએ ઠરાવો વંચાયા પછી તેના એક ઠરાવમાં નીમેલી કમિટી માથે તે ઠરાવની રૂએ કંઇ પણ કરવાપણું રહેતું નહોતું એમ અમે જણાવ્યું હતું. વિશેષમાં જો કંઇ પણ કાર્ય થાય તો જ ઓફિસ જેવી સંસ્થા સ્થાપવી તેમજ શું શું કાર્ય કરવા જેવું હતું તે નીચે પ્રમાણે સૂચવ્યું હતું કે—

(૧) આનંદકાવ્ય મહોદધિનું પ્રકાશન તથા સંપાદન કાર્ય પરિષદ્ને આપવા તેના કાર્યકર્તા ખુશી છે તો તે માટે તેમનો સર્વ સરતો સાથેનો પત્ર મેળવવો ને પછી કાર્ય હાથ ધરવું.

(૨) શ્રી બુદ્ધિસાગરજી સૂરિ પોતાનો વીજાપુરનો ભંડાર તથા તે માટેનું મકાન્ પરિષદ્ને આપવા તૈયાર છે તો તેમનો તે બાબતનો લિખિત પત્ર લેવો. (હાલ તેઓશ્રી સ્વર્ગસ્થ થયા છે)

(૩) ત્રિમાસિક 'જૈન સાહિત્ય' કે એવા નામથી મહાવારી કાઢવું.

(૪) ઇતિહાસનાં જે પુસ્તકો છે તેને ભાષાંતર કરી કરાવી છપાવવાં.

(૫) 'Men of Letters' જેવી ગ્રંથમાળા આપણા જૈન ગૂર્જર કવિઓ માટે રચાવવી ને કાંઇ નહિ તો તેમનું જીવન વૃત્તાંત અને કાવ્ય વિવેચન સહિતનાં ચોપાનીઆં લખાવી તૈયાર કરાવવાં–છપાવવાં.

(૬) જુદા જુદા મુનિ મહારાજ્જઓ દ્વારા તેમનાં પુસ્તકો–ગ્રંથ ભંડાર લેવા તેમજ તેમની દ્વારા આર્થિક સહાય મળે તો મેળવવી.

(૭) પ્રદર્શન અંગેની ખાસ ચીજો–તાડ પત્ર પરનાં પુસ્તકો, કપડાંઓ પરનાં પુસ્તકો–લખાણો, શ્રીમદ્ યશોવિજયાદિની હસ્તાક્ષરની પ્રતિઓ, તામ્રપત્રો, રાજ તરફથી મળેલા લેખો, ચિત્રપટ્ટો, અસલનાં વિજ્ઞપ્તિપત્રો વગેરે એકઠાં કરવાં ઇત્યાદિ.

૨૦. પાદરાકરે wholetime worker–આખો સમય કાર્ય કરશે એ વીશે આયેશ બતાવી હતી, તેથી તેમને તથા તેમની સાથે શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરી અને રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલીસીટર એ ત્રણને મંત્રીઓ નીમવામાં આવ્યા; પરિષદ્ની ઑફીસ મુંબઇમાં રાખવી એ નક્કી થયું ને ફંડને માટે બીજી સભામાં ચર્ચા કરવાનું ઠર્યું. આ પછી આ સંબંધી કંઇ પણ થયું નથી. મંત્રીઓ નીમાયા હતા તેઓ જાગૃત થાય તો સારૂં. બધું કાગળપર રહી ન જાય એમ થવું ઘટે.

કચ્છી સાહિત્ય માટે મુંબઇમાં કચ્છી સાહિત્ય સભા હમણાંજ થઈ છે. જૈન સાહિત્ય તો સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગૂજરાતી, તામિલ, કાનડી આદિ દરેક ભાષામાં અને વળી સાહિત્યના દરેક અંગ ઉપર વિદ્યમાન છે તો તે માટે તો જબરો પ્રયાસ જૈનોએ સેવ્યા વગર છૂટકો નથી. પરાવલંબી ક્યાં સુધી રહેવાનું થશે? જૈન સાહિત્યના દરેક અંગ તેમજ દરેક ભાષામાંના જૈન સાહિત્યના ઇતિહાસ લખાવાની જરૂર છે. જૈન લેખકો, વિદ્વાનો; શ્રીમંતો, મુનિ મહારાજ્જઓ કંઇ ચેતશે કે? સાંભળવા પ્રમાણે પુરાતત્વમંદિરના આચાર્ય શ્રી જિનવિજયજી પોતાનું બંધ પડેલું 'જૈનસાહિત્ય સંશોધક' નામનું ત્રિમાસિક સજીવન કરવાના છે–એમ થાય તો તે અમને વધામણીરૂપ છે.

મારી કેટલીક નોંધો.

[લેખક–તંત્રી]

૧ જૈન શુદ્ધિ.

જૈનોનો ઇતિહાસ જોતાં અનેક જૈન ધર્મમાંથી નિકળી પરધર્મી થયા છે. આનાં કારણો ઘણાં છે– ૧ તો જૈનમાં નાની જ્ઞાતિઓને બીજી મોટી જ્ઞાતિઓથી જેવું જોઇએ તેવું ઉત્તેજન મળેલું નહિ, તેમજ પોતાનામાં લેવાની સ્પષ્ટ ના થયેલી. ૨ જૈન મુનિઓનો સર્વત્ર અખંડ અને ગ્રામાનુગ્રામ વિહાર કેટલાયે આખા પ્રાન્તોના પ્રાન્તોમાં થયો નહિ, ૩ જૈન ધર્મની સંયમ અને વૈરાગ્ય–પ્રધાનતા તે હાલના અસંયમી જમાનામાં કેટલાકથી સચવાઇ નહિ ૪ પરધર્મી થયેલાને પાછા સ્વધર્મમાં આવવા માટે જોઇતી સગવડતાઓ મળે નહિ. ૫ કડક બંધનો અને ચુસ્તતા હોવાથી બીજા શિથિલ અને અલ્પચુસ્ત પ્રત્યે તિરસ્કાર ને દ્વેષ, ૬ પર ધર્મીઓનો જૂલમ વગેરે. હિન્દુ સમાજમાં 'આર્ય સમાજ' અહિન્દુને હિન્દુ બનાવવા માટે નિકળ્યો, પણ જેમ પૂર્વના આચાર્યો, યતિઓ, સાધુઓએ અન્યને જૈન બનાવ્યા તેમ જૈન બનાવવાનો લગરીકે પ્રયત્ન થતો હોય એમ હાલમાં જોવાતું નથી. હાલના સમયમાં હિન્દુ મહાસભા આદિ તરફથી સંગઠન અને શુદ્ધિની હિલચાલો ચાલી રહી છે તે વખતે એક જૈન મહાશય નામે અયોધ્યા પ્રસાદ ગોયલીય ('દાસ') દીલ્હીમાં થયેલ જૈન સંગઠન સભાના મંત્રીએ નીચેની જુસ્સાદાર ગઝલ બનાવી છે તે 'જૈન જગત'માંથી આપીએ છીએ.

વોહ કામ કરકે આજ હમ તુમકો દિખાયેંગે,
દુનિયાં મેં સચ્ચે ધર્મકા ડંકા બજાયેંગે. ૧
ચિઢતે હૈં સંગઠનસે પુરાને ખયાલકે,
ઉનકો ભી દેખ લેના હમ અપના બનાયેંગે.
ગફલતસે અપની હો ગયે ગૈરોંકે જો રફીક,
સીનેસે અપને શૌકસેં ઉનકો લગાયેંગે.
ગૂજર સરાગ **મીને** યે ભી તો એક દિન,
મુંહસે તુમ્હારે દેખના જૈની કહલાયેંગે.
સીને પૈ હાથ રખલેં જો શુદ્ધિ કે હોં ખિલાફ,
ફરદો બશર કો ફિરસે હમ જૈની બનાયેંગે.
પિનહાં હમારે સીને મેં કયા કયા ઔસાફ હૈં,
જલવા હમ અપની શાનકા તુમકો દિયાયેંગે. ૬
રશ્કે ઉદૂકે ધર્મ કે મૈદાનમેં એ 'દાસ'
જૌહર હમ અપની તેગકા એક દિન દિખાયેંગે. ૭

આનો અર્થ સરલ થાય તે માટે આમાંના ઉર્દુ શબ્દો બીજા પાસેથી જાણી અત્ર મૂકીએ છીએ. ચિઢતે–ગુસ્સે થતા, ગફલત–ભૂલ, ગૈરોં–બીજા, પરધર્મી, રફીક–દોસ્ત, સીનો–છાતી–હૃદય, શૌક–પ્રેમ. ખિલાફ–વિરૂદ્ધ, ફરદો બશર–મનુષ્ય જાતના આદમીઓ–વ્યક્તિઓ. પિનહાં–છૂપાયેલા. ઔસાફ–ગુણ. જલવા–ભવ્યતા. શાન–બુદ્ધિ, ફત્તેહ. રશ્કે ઉદુ–શત્રુઓની અદેખાઇઓ. જૌહાર–જવાહીર, પાણી, સત્તા. તેગ–તલવાર.

મહાત્મા ગાંધી તા. ૯–૧–૨૭ ના નવજીવનમાં શુદ્ધિ સંબંધી પોતાના વિચાર 'શ્રદ્ધાનંદજી સ્મારક' પર લખતાં જણાવે છે તે પણ મનનીય છે.

'મને પોતાને તો અત્યારે શુદ્ધિનો જે સામાન્ય અર્થ કરવામાં આવે છે તેવી શુદ્ધિની પ્રવૃત્તિની અગત્યની વાત હજુ પણ ગળે ઉતરતી નથી. પાપીની શુદ્ધિ એ તો એક કાયમની આંતરક્રિયા છે. જેઓ નથી હિંદુમાં, નથી મુસલમાનમાં; અગર તો જેઓ તાજાં વટલાએલાં છે પણ ધર્માન્તર એટલે શું એ કશું જાણતાં નથી ને માત્ર પોતાને હિંદુ તરીકે ગણાવવાજ માગે છે, તેમનું ધર્માન્તર ધર્માન્તર નથી પણ પ્રાયશ્ચિત છે. ત્રીજું શુદ્ધિનું સ્વરૂપ એ ચોખ્ખી ધર્માન્તરની પ્રવૃત્તિ છે અને એવા ધર્માન્તરની પ્રવૃત્તિ આજના વધતી જતી સહિષ્ણુતા અને જ્ઞાનના જમાનામાં કેટલે દરજ્જે ઉપયોગી છે એ વિષે મને શંકા છે. હું તો કોઇ પણ જાતની ધર્માન્તરની પ્રવૃત્તિથી વિરૂદ્ધ છું, પછી તેને હિંદુઓ શુદ્ધિ કહેતા હોય, મુસલમાનો તબલીગ કહેતા હોય કે ખ્રિસ્તીઓ ધર્મપ્રચાર કહેતા હોય. ખરૂં ધર્માન્તર એ તો હૃદયની પ્રવૃત્તિ છે જેનો સાક્ષી એક અંતર્યામી ઇશ્વર જ છે. એ પ્રવૃત્તિને બેદખલ વહેવા દઇ સ્વતંત્ર ભાવે પોતાનું કામ કર્યે જવા દઇએ.

'પણ ધર્માન્તર વિષેના મારા વિચારો રજૂ કરવાનું આ સ્થળ નથી. જેમને એવી પ્રવૃત્તિને વિષે આસ્થા છે તેમને જ્યાં સુધી તેઓ ઘટતી મર્યાદામાં રહી પોતાનું કામ કર્યે જાય–એટલે કે જ્યાં સૂધી એ કામમાં કોઇપણ જાતની બળજોરી, છેતરપીંડી અગર તો દુન્યવી લાલચોનો આશ્રય ન લેવામાં આવે અને એવાં ધર્માન્તર કરવા તૈયાર થનાર પુખ્ત ઉમ્મરે અને સમજણે પહોંચેલાં સ્ત્રી પુરૂષો હોય–ત્યાં સૂધી તેમને બેખટકે પોતાનું કામ ચલાવવાનો સંપૂર્ણ અધિકાર છે.

'સંગઠન એ ખરેખર સરસ પ્રવૃત્તિ છે. જ્યાં સુધી દરેક કોમને સ્વતંત્ર હસ્તી ટકાવીને રહેવું છે ત્યાં સૂધી દરેક કોમને પોતપોતાનું સંગઠન કરવાનો હક છે, બલ્કે તેવું સંગઠન કરવાને તે બંધાએલી છે, અને જો હું આવી પ્રવૃત્તિથી અત્યાર લગી અલગ રહ્યો હોઉં તો તે કેવળ સંગઠનને લગતા મારા જે કેટલાક વિચારો ખાસ બંધાએલા છે તેને લઇને છે. હું સંખ્યાબળમાં નહિ પણ ગુણબળમાં માનનારો છું, આજકાલ ગુણ સામું જોવાની વિશેષ દરકાર ન રાખતાં સંખ્યા અગર જથ્થા ઉપરજ ગણતરી બાંધવાનો ઘો ચાલ્યો છે, સામાજિક અને રાજદ્વારી વહેવારમાં સંખ્યા અગર જથ્થાને પણ અવશ્ય સ્થાન છે."

૨. દાનવીર કાર્નેગી.

'દાનવીર કાર્નેગી' એ પુસ્તક અમદાવાદના સસ્તુ સાહિત્યવર્ધક પુસ્તકાલય તરફથી દોઢ રૂપીઆની સસ્તી કિંમતે હમણાં બહાર પડયું છે એ જૈન-વ્યાપારી કોમના તરૂણો અને લક્ષ્મીપુત્રો વાંચી વિચારી તેમાંથી સુન્દર અને પ્રેરણાભર્યો બોધ લેશે એવી અમારી ઉત્કટ વાંછના છે, તેના સંબંધમાં 'સૌરાષ્ટ્ર' ૩. ૭. ૨૬ ના અંકમાં સમાલોચના કરતાં જે લખે છે તે ઉપયોગી ધારી અત્ર ઉતારીએ છીએ:—

"મહાપુરૂષોના જીવનવૃત્તાન્તનો એ તરૂણ જનતાના જીવન-ઉત્કર્ષનાં સાધનો છે. રાષ્ટ્રની અસ્મિતાનો એ ઇતિહાસ છે. એક થોમસ પેઇન કે એક વોશિંગ્ટનનું જીવન અમેરિકાની સ્વાધીનતાની ઇમારતજ છે. એક રોકફેલર એક કાર્નેગીનો વૃત્તાન્ત એની ગરવી સીમંતાઇ અને દાનવીરતાનો જીવન્ત આદર્શ બની રહે છે.

કાર્નેગી અમેરિકાનો કર્ણ છે. એનું જીવન એટલે કંગાલીયતમાંથી સમૃદ્ધિ અને ઝળહોજલાલીને શિખરે પહોંચેલો પુરૂષાર્થ–નિર્ધનતામાંથી કુબેરતાને અધીન બનાવનાર અથંગ આત્મપ્રયાસ, ગરીબ વણકરનો એ ચીંથરેહાલ છોકરો કોઇ કારખાનામાં દિનરાત તન તોડ મજુરી કરી કરીને એક સામાન્ય કારકુન બને છે. એ કોલસા સારનાર હલકેરીનું જીવન જીવે છે અને ઘણીકવાર અન્નદાંતનું વેર પણ અનુભવે છે. પરંતુ એની ઉદ્યમશીલતા, એનો પુરૂષાર્થ અને જીવનસાફલ્યની એની મહત્ત્વાકાંક્ષા અણનમ રહે છે. એ કામ કરે છે ત્યારે અર્જુનના આત્મવિશ્વાસથી ઝંપલાવે છે. એના ઉત્સાહ આગળ એના સહચારીઓની કીર્તિ ઝાંખી પડે છે. વસ્તુને અને વસ્તુસ્થિતિને અવલોકી તેને અનુરૂપ બનવાની એનામાં અદ્‌ભુત કુનેહ છે. એક વખતનો આ મજુર આટલી ચીવ્વટ નેપ્રતાપે મજુરપતિ બને છે. કારખાનાનો કામદાર કારકુનમાંથી મીલમાલેકને પદે વિરાજેછે. અને છતાં એનો મજુરપ્રેમ એટલોજ અનહદ જળવાઇ રહે છે. એ કરોડોને હિસાબે દૌલત કાયમ છે, પણ તે વિલાસમાં વેડફી નાંખવા માટે નહીં. એને આંગણે સમૃદ્ધિની છોળો ઉડે છે, પણ તે ઉડાઉગીરીને પોષવા સારૂ નહી. એની ધનાઢયતા તો સ્વાધીન રાષ્ટ્રની અનન્ય સેવિકા બને છે, અજ્ઞાન બાંધવોને જ્ઞાનપ્રકાશ આપનારી સરસ્વતીનું સ્વરૂપ ધારણ કરે છે. રોગીઓના રોગ હરનારાં આરોગ્યભુવનો રૂપે વિચરે છે. જનતાને શિક્ષણ આપનારાં પુસ્તકાલયોમાં પરિણામ પામે છે. રાષ્ટ્રને ઉન્નત બનાવનાર વિદ્યાપીઠોમાં વેરાય છે. એની દૌલતમાંથી યતીમખાનાં, તબીબખાનાં વિદ્યામંદિરો, અનાથાલયો, ઉદ્યોગગૃહો અને વ્યાયામ–અખાડાઓ ઉભાં થાય છે. એ કંજુસની મિસાલે એકલો ધનસંચય નથી કરતો પણ આખાયે દેશને તેનો લાભ સાંપડે એમ સંસ્થાઓમાં ફોળી નાંખે છે. એની લક્ષ્મી રાષ્ટ્રોન્નતિની સ્વયં સંસ્થા બને છે. કાર્નેગી એ સંસ્થાનો સંચાલક થાય છે, છતાં પોતે હુકમ નથી ફરમાવતો કે નથી એની તંત્રીઓને

ઇચ્છા મુજબ હલમલવતો. એ તો પ્રજાને કેટલીક આદર્શ સૂચનાઓ આપી, દૂર ખસી જાય છે અને મહાપુરૂષના ગૌરવથી એનું સફળ તંત્ર નિહાળ્યા કરે છે. એ કૈલાસવાસી થાય છે, ત્યારે છેલ્લી ઘડીએ પોતાની અનર્ગલ દૌલતને રાષ્ટ્રને અધીન કરતો જાય છે. સંતાનોને માટે લક્ષ્મીભંડારો ભરી રાખવામાં એ માનતો નથી. લક્ષ્મીનંદનોનાં સંતાનોને તે નિર્ધન અને સ્વાવલંબી જોવા ઇચ્છે છે. એણે પોતે ગરીબી જોઇ છે, એટલે એ એની મહત્તા સમજે છે.

'ગઇ કાલે જ વિદેહ થએલા આવા નરવરની આત્મકથા અમદાવાદનું સોધું સરસ્વતી-મંદિર ગુજરાતને ચરણે ધરે છે. ગુજરાતના લક્ષ્મીસૂતોને એમાંથી કંઇક પ્રેરણા મળશે. ગરીબોને એમાંથી વ્યવસ્થા શક્તિ અને આત્મોન્નતિના બોધપાઠ મળશે, તો સસ્તા કાર્યાલયની વર્ષોની ઝુમેશ લેખે લાગી ગણાશે. ''

વ્યક્તિ સ્વાતંત્ર્ય.

'પાટીદાર' નામના માસિકના વિદ્વાનૂ તંત્રી રા. નરસિંહભાઇ ઇશ્વરભાઇને એક સજ્જને સવાલ પૂછ્યો 'કે તમારા ઘણા વિચારો મને રુચે છે, પણ એક વિચાર ખુંચે છે, તમે લગ્ન મરણનાં ખર્ચ ઉપર અંકુશ મુકવાનું વારંવાર કહો છો, એવું કહેવાનો એક પણ પ્રસંગ જવા દેતા નથી. વાત સાચી છે કે એવાં ખર્ચ ઓછાં થાય તો લાભજ છે, પણ એવાં ખર્ચ જેમને કરવાની ઇચ્છા હોય તેમણે શા માટે નહિ કરવાં ? એમની સ્વતંત્રતા ઉપર શા માટે અંકુશ મુકાવો જોઇએ ? હું વ્યક્તિસ્વાતંત્ર્યનો હિમાયતી છું ને તેથી એવો અંકુશ મને ખુંચે છે.'

આ બાબતનો ઉકત તંત્રીએ જે ખુલાસો તે માસિકના ગત શ્રાવણમાસના અંકમાં આપ્યો છે તે મનનીય હોવાથી અત્ર મૂક્યો છે.

'હું પણ વ્યક્તિસ્વાતંત્ર્યનો ખુબ હિમાયતી છું એમ તમને મારા લેખોના ઉંડા અભ્યાસથી જણાઇ આવશે. પણ તમે જે વ્યક્તિ સ્વાતંત્ર્યની વાત કરો છો એમાં ત્રણ વાતોને ગુંચવી નાખી છે, માટેજ તમને શંકા થઇ છે. એ ત્રણ વાતો તે આ છે. (૧) વ્યક્તિગત સ્વતંત્રતા (૨) સમાજગત સ્વતંત્રતા (૩) સમાજગત પરતંત્રતા. આ ત્રણે વાતોનું એકેએકે નિવારણ કરીશું તો ખુલાસો થઇ જશે.

(૧) વ્યક્તિગત સ્વતંત્રતાઃ—જે કાર્યની સાથે આપણને એકલાનેજ લેવાદેવા હોય, ત્યાં આપણે ગમે તેમ કરવાને સ્વતંત્ર છીએ. એકલો માણસ દશ વાગ્યે ખાય કે બાર વાગ્યે ખાય, રોટલો ખાય કે ભાત ખાય આમાં એ કેવળ સ્વતંત્ર છે. લગ્નમરણનાં ખર્ચની સાથે આપણને એકલાને જ લેવાદેવા હોય, સમાજ કે સમાજમાંના બીજા કોઇને એ સાથે કશી લેવાદેવા ના હોય, તો આપણે ગમે તેવાં ખર્ચ કરવાને સ્વતંત્ર છીએ. પણ સાચો પ્રશ્ન તો એ છે કે આપણે વ્યક્તિગત સાચી સ્વતંત્રતા ભોગવી શકીએ છીએ ? ના. આપણે પાઘડીના ઘાટ બદલી શકીએ છીએ ? ના. આપણે મુંછ મુંડાવી કે દાઢી રાખી શકીએ છીએ ? ના. આપણે ઘર બાંધવાનો વહીવટ ને પદ્ધતિ ફેરવી શકીએ છીએ ? ના. આમાં સમાજને કશી લેવાદેવા નથી, છતાંયે વ્યક્તિગત સ્વતંત્રતા ભોગવી શકતા નથી. તેવી જ રીતે લગ્નમરણનાં ખર્ચો કરીએ છીએ, તે આપણી પોતાની જ ઇચ્છાથી કરીએ તેવાં કરીએ છીએ ? એમાં આપણી વ્યક્તિગત સ્વતંત્રતા કામે આવે છે ? બહુ ઉંડો વિચાર કરશો તો જવાબ મળશેઃ ના. પાણીમાં ઉતરવું હોય ને છતાં યે **તરવું** હોય, **જીવવું** હોય તો શ્વાસ લેવાને માથું પાણી બહાર રાખવું જ જોઇશે; આખું શરીર ભલે પાણીમાં રહે, પણ માથું તો પાણીની સપાટી ઉપરજ રાખવું જોઇશે; જો એ પણ પાણીમાં ગયું તો ડુબ્યા સમજો. તેવી જ રીતે સમાજમાં પણ રહેવું હોય ને છતાં યે **તરવું** હોય, **જીવવું** હોય તો માથું ઉપર રાખવું જ જોઇશે, બુદ્ધિ વાપરવી જ જોઇશે, વ્યક્તિગત સ્વતંત્રતા સાચવવી જ જોઇશે; ભલે બધો વ્યવહાર સમાજમાં કરો, પણ બુદ્ધિ વાપરીને, વ્યક્તિગત સ્વતંત્રતા વાપરીને જ કરવો જોઇશે; જો એ બુદ્ધિનિકેતન

માથું, એ વ્યક્તિગત સ્વતંત્રતા પણ વ્યવહાર સાથે સમાજમાં હુએ તો આપણું આવી બન્યું ! અને આજે એમ શું નથી થયું? આપણે વ્યક્તિએ સ્વતંત્ર છીએ ? ખરી રીતે આપણામાં વ્યક્તિગત સ્વતંત્રતા રહી જ નથી.

(૨) સમાજગત સ્વતંત્રતાઃ પણ આપણા કાર્યની સાથે સમાજને કે સમાજમાંના કોઇને લેવા-દેવા હોય તો તેના સુખદુઃખ તરફ નજર રાખીને આપણે આપણાં કાર્ય કરવાં ઘટે, બીજાને દુઃખ થતું હોય તો આપણી વ્યક્તિગત સ્વતંત્રતા ઉપર સંયમ રાખવો ઘટે એજ ધર્મ રહ્યો. કુટુંબનાં બધાં દશ વાગ્યે જમતાં હોય ને આપણા બાર વાગ્યાના જમવાથી કુટુંબને કે તેમાંના એકને પણ દુઃખ કે અડચણ થતી હોય તો બનતા સુધી આપણે દશ વાગ્યે જમી જ લેવું જોઇએ. તેમજ લગ્નમરણનાં આપણે કરેલાં ખર્ચથી સમાજને કે તેમાંના કોઇને પણ દુઃખ કે અડચણ થતી હોય તો આપણી વ્યક્તિગત સ્વતંત્રતા ઉપર અંકુશ રાખવો ઘટે. આજનો સમાજ એવાં ભારે ખર્ચથી રિબાય છે, આપણું જોઇને બીજાને તેવાં ખર્ચ કરવાની ફરજ પડે છે, માટે તેવાં ખર્ચ કરવાની આપણી ઇચ્છાસ્વતંત્રતા ઉપર અંકુશ રાખવો ઘટે, સંયમ રાખવો ઘટે. આપણા ભાઇઓમાં સાચી વ્યક્તિગત સ્વતંત્રતા કેળવાઇ નથી, તેથી પરાધીનતાએ એ પારકાનું અનુકરણ કરે છે; માટે સમાજમાં સાચી વ્યક્તિગત સ્વતંત્રતા કેળવાય ત્યાં સુધી તો એવો સંયમ જરૂર રાખવો જ ઘટે. વૈશાખ માસની 'પ્રસંગકથા' જોશો તો ડા. સુમંતભાઇનું એ બાબતનું સુંદર દૃષ્ટાંત જણાઈ આવશે. દેશના ગરીબ લોકને પહેરવાને પૂરાં કપડાં નથી મળતાં એમ જાણીને, કપડાં પહેરવે સમર્થ હોવા છતાં મહાત્માજીએ લાજ ઢાંકવાં સિવાયનાં બધાં કપડાં પહેરવાં નથી ત્યજ્યાં ? એ જ નિયમે શહેરનું સ્વાસ્થ્ય જાળવવા આપણું ઘર આડે આવતું હોય, ને તે તોડી પાડવા મુંબઇ ખાતું આપણું ઘર માગી લે ત્યારે વ્યક્તિગત સ્વતંત્રતા ઉપર સંયમ રાખી સમાજગત સ્વતંત્રતાને આધીન થઇ બાપીકું એ ઘર તોડવાને માટે પણ સોંપી દેવું ઘટે. માનો કે સાંજના આપણે બે ફરવા નીકળીએ. મને દમનો વ્યાધિ છે, મારાથી ઉતાવળે ચાલી શકાતું નથી; ત્યારે તમારે મારી સાથે ધીરે ધીરે ચાલવું એ તમને તમારો ધર્મ નથી લાગતો ?

(૩) હવે રહી **સમાજગત પરાધીનતાઃ** પણ આપણે લગ્નમરણનાં જે ખર્ચ કરીએ છીએ તેમાં તો નથી રહી વ્યક્તિગત સ્વતંત્રતા કે નથી રહી સમાજગત સ્વતંત્રતા; છે તે માત્ર સમાજગત પરાધીનતા. સમાજનું ભલું થાય એટલા માટે આપણી વ્યક્તિગત સ્વતંત્રતા ઉપર સંયમ રાખીને સમાજનું ભલું થાય તે પ્રમાણે આપણી ઇચ્છાથી આચરીએ તે સમાજગત સ્વતંત્રતા. સમાજનું ભલું થતું હોય કે ના હોય, પણ આપણી ઇચ્છા વિરૂદ્ધ સમાજ આપણું નાક પકડીને દોરે તે માર્ગે જવું પડે ને જઇએ તે સમાજગત પરાધીનતા. અને આવી પરાધીનતા આપણે ડગલે ને પગલે નથી ભોગવતા ? આપણે લગ્નમરણનાં જે ખર્ચ કરીએ છીએ તે ઘણું કરીને સમાજના દબાણથી નથી કરતા ? સમાજના સુખદુઃખની પરવા કર્યા વગર તેની વાહવાહ લેવા નથી કરતા ? તેનાં મહેણાંમાંથી બચવા નથી કરતા ? ત્યારે આમાં આપણી વ્યક્તિગત સ્વતંત્રતાને સ્થાન જ કયાં છે ?

ભાઇ, સાચો સિદ્ધાંત એ જ છે કે સમાજને સુખદુઃખ ના આવતું હોય તો લગ્નમરણના ખર્ચમાં જેને કંઇ ના કરવું હોય તે કંઈ ના કરે લાખોનું કરવું હોય તે લાખોનું કરે; પણ જો આપણા એ કાર્યનું અંધ અનુકરણ સમાજમાંના કોઇને પણ કરવું પડતું હોય તો સમાજમાં સાચી વ્યક્તિગત સ્વતંત્રતા કેળવાય, કોઈ કોઇનું અંધ અનુકરણ ના કરે એવી કેળવાય, ત્યાં સુધી ડા. સુમન્તભાઇની પેઠે પોતાની વ્યક્તિગત સ્વતંત્રતા ઉપર સંયમ રાખવો ઘટે ને તે સમાજના ભલાને માટે જ. પણ પોતાની ઇચ્છા વિરુદ્ધ સમાજના કે તેમાંના કોઇનાથી દબાઇને તો એક પાઇ પણ વધારે ખર્ચ કરવું ના ઘટે. આનું નામ સાચી વ્યક્તિગત સ્વતંત્રતા—સાચું વ્યક્તિસ્વાતંત્ર્ય. હું આ જ વ્યક્તિસ્વાતંત્ર્યનો હિમાયતી છું. આપણા સમાજમાં ઉંડી દૃષ્ટિ નાખીને તપાસી જોશો તો જણાશે કે આપણામાં આવું વ્યક્તિસ્વાતંત્ર્ય બહુ જ થોડું છે. ''

શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વે૦ પ્રાન્તિક પરિષદ.

૪ થું અધિવેશન તા. ૨૭ અને ૨૮-૧૨-૧૯૨૬ શીરોળ મેાટ.

પ્રમુખ રા. મોહનલાલ દલીચંદ દેશાઈનું ભાષણ.

અરિહંતને ભગવંતને નમેા નમેા નમેા
આદિકર તીર્થંકરને નમેા નમેા—
અભયદાતા ચક્ષુદાતા માર્ગદાતા તે
શરણદાતા બેાધિદાતાને નમેા નમેા—
જિન ને જીતાડનાર, તરેલ તારનાર
બુદ્ધ ને બીજાને બેાધનારને નમેા—
મુક્ત ને બીજાને મુક્ત કરી આપનાર
સર્વજ્ઞ સર્વદર્શીને નમેા નમેા નમેા—
જેણે સૌ ભય જિત્યા એવા જીતભયને
અરિહંતને ભગવંતને નમેા નમેા નમેા—

શ્રી વીરશાસનપ્રેમી સ્વધર્મી બંધુઓ અને બહેનો !

દેવેાના મુખ્ી શક્રેન્દ્ર જે શબ્દોમાં પ્રભુને વંદના કરે છે તેમાંનાં થેાડાં પ્રાકૃત સુવચનેાથી સર્વ કર્મોને જીતી જિન થનાર, સર્વ આવરણેાથી મુક્તિ આપનાર, સર્વ ભયેાને જીતનાર એવા શ્રી અર્હંત્ ભગવાનને નમસ્કાર કરી દક્ષિણ મહારાષ્ટ્રના જૈન શ્વેતામ્બરેાની પ્રાંતિક પરિષદની ચેાથી બેઠકના અધ્યક્ષ તરીકેની મેાટી જવાબદારી ભરેલું કામ આપ સૌની આજ્ઞાને શિરસાવંદ્ય ગણી મારી અલ્પ શક્તિથી પૂરેા વાકેફ છતાં બ્હીતેા બ્હીતેા માથે ચડાવું છું, અને આપ સહુનેા હૃદયપૂર્વક આભાર માની મારા આ કાર્યમાં સહકાર આપશેા એવી વિનંતિ કરૂં છું.

જે મેાક્ષ પ્રભુએ ઉપદેશ્યેા છે તેમાં ગૃહસ્થ કે સાધુ, સ્વલિંગી કે અન્ય લિંગી, ગરીબ કે શ્રીમંત સર્વે સમાન છે. આ સમાનતાનું તત્ત્વ સર્વ ધર્મો સદ્બેાધે છે. આપણામાં **સમાનતા** જનસમાજ સાધી શક્યા નથી તેા સામાજિક કે રાજકીય ધર્મ બજાવવા આપણામાં એકતા થવાની જરૂર છે. 'સમભાવી અપ્પા' થયા વગર કદી પણ મુક્તિ થનારી નથી.

તેજ સમાનતાપર વિશ્વપ્રેમ વિરાજિત છે. તે પર દયાનેા-અહિંસાનેા-બંધુભાવનેા સિદ્ધાંત ચણાયેા છે. **मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणइ**–'સર્વ જીવેાથી છે મૈત્રી, મારે વેર ન કેાઇથી.' એ ભગવદ્વાક્ય બંધુભાવનું કેવું મીઠું સ્મરણ કરાવે છે ! માત્ર પર્યુષણ પર્વમાંજ આ સ્મરણ કરી બેસી નથી રહેવાનું, પરંતુ જીવનમાં તે સૂત્ર વણી લઈ વ્યવહારમાં મૂકવાનું છે. મનુષ્ય જીવનની આ સમાજમાં રહીને પ્રકૃતિજ એવી છે કે એકલા ઉભા રહી ન શકાય. જનસમાજમાં જ દરેક વ્યક્તિ શેાભી શકે. આ ભિન્નતામાંથી એકતા સાધવી અને બંધુભાવ કેળવવેા ઘટે. પ્રેમ અને સેવા એજ બંધુભાવ, એજ મૈત્રી અને એજ સમાનતા.

ફ્રાન્સના ત્રણ મહાન્ વિચારેા સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ–સમસ્ત આલમને ધ્રુજાવી શકતા. સમાનતા અને બંધુત્વમાંથી સ્વતંત્રતા પ્રકટે. આ સર્વનેા ઉદય આત્મબળપરજ અવલંબે છે. એ આત્મબળ વ્યવહારમાં કદિપણ એમ નહી કહે કે સ્વીકારે કે **एगो हं नत्थि मे कोइ नाहमन्नस्स केणइ**–હું એકલેા છું, મારૂં કેાઇ નથી, હું અન્ય કેાઇનેા નથી. આવી દીન–ભાવના કે જે અધ્યાત્મમાં અદીનમનસ્ક થઇને ભાવવાની કહી છે–તે વ્યવહારમાં વીસરી જઇ **बन्धु मम सर्व जगत्** એ વિશુદ્ધ વિચારમાં તલ્લીન થઇ આત્મબળવાળેા આગળને આગળ પેાતાના સહધર્મીઓ–દેશબંધુઓની પ્રગતિ અર્થે ધપ્યાંજ કરશે.

પ્રસિદ્ધ કવિ **મૈથિલીશરણ** ગુપ્ત કહે છે કે

અનર્થ હૈ કિ બન્ધુ હી ન બન્ધુકી વ્યથા હરૈ;
વહી મનુષ્ય હૈ કિ જો મનુષ્યકે લિએ મરે,
ચલેા અભિષ્ટ માર્ગમેં સહર્ષ ખેલતે હુએ,
વિપત્તિ-વિઘ્ન જો પડેં ઉન્હેં ઢકેલતે હુએ.
ઘટે ન હેલમેલ હાં બઢે ન ભિન્નતા કભી
અતર્ક એક પંથકે સતર્ક પાન્થ હેાં સભી
તભી સમર્થ ભાવ હૈ કિ તારતા હુઆ તરે
વહી મનુષ્ય હૈ કિ જો મનુષ્યકે લિએ મરે.

શ્રી શત્રુંજય પ્રશ્ન.

આટલું પ્રસ્તાવમાં કહી હવે આપણી સમસ્ત સમાજનો શ્રી શત્રુંજય મહાતીર્થનો વિકટ પ્રશ્ન ચર્ચીએ. તેના સંબંધીની હકીકત બહુ બહાર પડી છે અને ચર્ચાઇ ચૂકી છે. છતાં આ પ્રદેશમાં તેના સંબંધી હજુ ઘણું અજ્ઞાન છે તેથી તે પ્રશ્ન મારે વિશેષ ચર્ચવો યોગ્ય છે એમ મને જાણ થતાં અત્ર ટુંકમાં કેટલીક વિગતોનું નિવેદન કરૂં છું. તે મહાતીર્થનું માહાત્મ્ય શ્રી ધનેશ્વર સૂરિએ અતિશય પોતાના શત્રુંજય માહાત્મ્યમાં ગાયું છે. તે જે નગર પાસે છે તે પાલીતાણાની સાથે પાદલિપ્ત–પાલિત્તસૂરિનું નામ જોડાયેલું ગણાય છે. તે તીર્થની યાત્રા ઐતિહાસિક કાળમાં થયેલા શ્રી વિક્રમાદિત્ય રાજાએ શ્રીમદ્ સિદ્ધસેન દિવાકર નામના મહાસમર્થ આચાર્ય સાથે કરી; સં. ૪૭૭ માં મલ્લવાદીએ બૌધ્ધોને શિલાદિત્ય રાજાની સભામાં વાદમાં હરાવી તે તીર્થનો ઉધ્ધાર કર્યો. સં. ૮૫૦ લગભગ બપ્પભટ્ટ સૂરિએ અને બારમા સૈકામાં શ્રી હેમાચાર્યના ઉપદેશથી કુમારપાળ રાજાએ ઉધ્ધાર કર્યો. ત્યાર પછી તાજા અને સાચા ઇતિહાસની ગણનાયોગ્ય બાહડ મંત્રીનો સં. ૧૨૧૩ નો, ઓસવાલ સમરાશાનો સં. ૧૩૭૧ નો, અને કર્માશાનો સં. ૧૫૮૭ નો એમ ત્રણ ઉધ્ધાર થયા. તે પર અનેક શ્રીમંતોએ મંદિરો અને પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી તે તીર્થને 'દેવાલયોનું શહેર અને જગતનું અદ્વિતીય સ્થાન' કરી મૂકયું.

સોળમા સૈકામાં પ્રધાનપણે શ્રી હીરવિજય સૂરિએ અને પછી તેવામાં જિનચંદ્ર સૂરિએ અકબર બાદશાહનાં ફરમાનો મેળવી તે તીર્થને શ્વેતામ્બર જૈનોનું કુલ માલેકીનું કર્યું અને કરથી તદ્દન મુક્ત કર્યું. ત્યાર પછી અનેક ફરમાનો મોગલ બાદશાહ, સૂબાઓ તરફથી નીકળી પૂર્વ ફરમાનોને સંમતિ મળી ગઇ; તેમાંનું એક અમદાવાદના નગરશેઠ શાંતિદાસને કરી આપવામાં આવ્યું હતું. આ વખતે પાલીતાણાના હાલના ઠાકોર સાહેબના પૂર્વજોનો કંઈ પણ અખત્યાર તે ગામ પર હતો નહિ. રેલ્વે, આગગોટનાં સાધનો ન હતાં. સંઘો નીકળતા તે પાદવિહાર કરી નદી દરિયાને હોડી–વહાણોથી ઉતરી સાથે રખેવાળો –પહેરેગીરો વગેરે રાખી યાત્રા કરવામાં આવતી. શત્રુંજય તીર્થ આસપાસ ઘીચ ઝાડી હતી; લુંટારૂઓ અને ચોર જાતિની ધૂમ બહુ રહેતી તેથી તેની સામે બદોબસ્ત હથિયાર વગેરેનો રાખવામાં આવતો, અને તેને માટે મોટો ખર્ચ કરવો પડતો.

સને ૧૬૫૧ માં આ ત્રાસ અને ખર્ચને દૂર કરવા ગારીઆધરના ગોહેલ રજપૂતોને આ તીર્થનો ચોકી પહેરો કરવા યાત્રાળુની સહીસલામતી માટે તેમની જામીનગીરી લઇ જૈન આગેવાનોએ એક કરાર કર્યો અને આ રખોપા બદલ અમુક બદલો આપવાનું કબુલ થયું. તે રજપુતો પાલીતાણામાં આવ્યા. ૧૮૦૭ માં કાઠિયાવાડના રાજા સાથે સરકારે સેટલમેંટ કર્યું.

સને ૧૮૨૦ માં રખોપા વાસ્તેનો બદલો આરબોને ગીરો સોંપ્યો જે આરબોએ પછીથી જૈનોનેજ કનડવા માંડયું. જૈન આગેવાનોએ અરજી કરી સરકાર પાસે પાલિતાણા પરગણું અને શત્રુંજય પર્વત પાછો પોતાને સોંપવાની માગણી કરી. સરકારે માલેકીની વાત અલગ રાખી આરબોની કનડગત દૂર કરી જૈનોએ ઉઘડ રકમ ૪૫૦૦ રૂ. ની રખોપા બદલ આપવાનું ઠરાવ્યું. તે ૧૮૫૮ સુધી સરખે સરખું ચાલ્યું. પછી વધારવાની તજવીજ સ્ટેટ તરફથી થઇ. ૧૮૫૯ માં એન્ડર્સનનો રકમ વધારી ૭૫૦૦ રૂ. કરવાનો રીપોર્ટ. ૧૮૬૨ માં નવા મંદિર માટે જમીનની કિંમત દરબારે માંગી આખર તે માંગણી છોડી દીધી. ૧૮૬૩ માં આરબને પર્વતપર રાખવા સામે વાંધો. ફીટીંજનો લાંબો રીપોર્ટ. રૂ. ૧૦૦૦૦ ઠરાવ્યા પણ તેમાં બધા કરોનો સમાવેશ કર્યો. આરોગ્ય રક્ષણાદિ કરો વિશેષમાં લઇ શકાય નહિ. નંખાય તો સરકારની સંમતિથી, છતાં કનડગતો ચાલુ રહી.

૧૮૭૪ માં નવાં મંદિરો ગઢમાં કરવા માટે પણ દરબારની રજા જોઇએ એ વાત રજુ થઇ. તે વર્ષમાં કેન્ડી સાહેબ (પછી મુંબઇ હાઇકોર્ટના જજ)નો રીપોર્ટ બહાર પડયો કે (૧) ગઢમાં માત્ર પોલીસ પૂરતો દરબારનો કાબુ રહે. તેમાં નવાં મંદિર માટે કંઇ પણ દરબાર લઇ ન શકે. (૨) ગઢ કે ગઢની બહારના ભાગને શ્રાવકોના સિદ્ધાંતોથી વિરૂદ્ધ દરબાર વાપરી ન શકે. (૩) જે મંદિરો તે વખત સુધી ગઢ

કે ગઢ બહાર વિદ્યમાન હોય તે સંબંધમાં દરબાર કંઇ લઇ ન શકે. (૪) ગઢ બહાર ત્યાર પછી જે નવાં મંદિર થાય તે માટે દરબાર, દર ચો. વારે ૧ રૂ. જ લઈ શકે. દરબાર કંઇ પણ કનડગત યાત્રાળુને ન કરે, તેમ પોલીસ થાણું ગઢમાં તેમજ ગઢથી ૫૦૦ વાર સુધીના રસ્તા સુધીમાં મૂકી ન શકાય.

સન ૧૮૭૬ માં ઢેઢનો મેળો દરબારે પવિત્ર તીર્થપર કર્યો. સરકારે કહ્યું આ નરી હેરાનગતી છે. ૧૮૭૯ માં પોલીસ માટે કોઈ પણ મકાનને વાપરી શકાય નહિ એવો સરકારનો હુકમ થયો. ૧૮૮૧ માં ગઢ પર દરબારની મર્યાદિત સત્તા છે એમ સરકારનો હુકમ થયો.

૧૮૮૬ માં રખોપા આદિ સર્વ કરો માટે રૂ. ૧૫૦૦૦ વર્ષ ૪૦ ની મુદત સુધી જૈનોએ આપવાના નક્કી થયા, ત્યાર પછી તેમાં કંઇ પણ ફેરફાર કરવાનું થાય તો સરકારની સંમતિથી થાય. આ મુદત ૧૯૨૬ માં એટલે આ વર્ષમાં ૧ લી એપ્રિલે પૂરી થઈ.

આ દરમ્યાન પણ દરબાર સુખે કરી બેઠા નહિ. ૧૯૦૩ માં ચામડાના બુટ પેરી તેમજ બીડી પીતા ઠાકોર સાહેબ તથા તેનો સ્ટાફ ગયો. સરકારે જણાવ્યું કે તેમ ન થઇ શકે તેમ કોઈ પણ ન કરી શકે. ૧૯૨૧ માં મહાદેવનું 'નાનું મંદિર કે જે જૈન મંદિરમાં કામ કરનારા શૈવ કારીગરો માટે થયેલું તેનો કબજો તથા વહીવટ માટે દરબારની ડખલગીરી થઇ. તેની મંજુરી વગર રીપેર ન કરાવી શકે, કુંડ સુધરાવી ન શકે, કાદવ–ગાળ કઢાવી ન શકે. તે પર જૈનોના પાટીઆં રખાયાં તે કાઢી નાંખ્યાં કેટલાકને પકડી સજા કરીને આ પાટીઆં કાઢી નાંખવા માટેનું ખર્ચ આપવાનો જૈનોપર હુકમ કર્યો ને તે વસુલ કરવા ટાંચ મારી વાસણ દરબારી માણસો લઈ ગયા. યાત્રાળુઓ લેવા જવા માટે રાખેલી ગાડીઓ જાહેર ખપમાં આવતી ગાડી તરીકે ગણી કર લેવાના હુકમ થયા.

જૈનોએ પોતાની મિલ્કત અને સાર્વભૌમ હક્ક-વાળા સ્થાનમાં દરબારની હકુમત કે ડખલગીરી ન હોઇ શકે એવું સરકારને કહેતાં હિંદી પ્રધાન તરફથી આપણી વિરૂધ્ધ ચુકાદા આવ્યા કે જેના સંબંધી જોઇએ તેવું અને તેટલું ચુકાદા રદ કરાવવા માટે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી કરાયું નથી એમ લાગે છે. પહેલાં દરબારને અરજી કરી દાદ માગો, દરબારની બધી હકુમત છે; તે પ્રમાણે માંગતાં ન્યાય ન મળે તો પછી સરકાર પાસે આવો એમ જણાવી દીધું કે જેને આજે કેટલાંય વર્ષ થઇ ગયાં.

હવે ઉપલી ૪૦ વર્ષની મુદત આ વર્ષમાં પૂરી થતાં તે મુદત લગભગ દરબારે મોટી રકમની માગણી સાથે પોતાની હકુમતમાં પોતાને સર્વ કાંઇ કરવાનો અધિકાર છે, સરકારે વચમાં આવવું ન ઘટે એ જાતની અરજી કરી. આનો જવાબ આપણી તરફથી અપાયો. વૉટ્સન સાહેબે ચુકાદો આપ્યો અને તે શું આપ્યો તે સર્વને વિદિત છે. જૈનોના દરેક સ્થાપિત અને ચિરકાલીન હકનું ઉચ્છેદન કરી સર્વ સત્તા પાલિતાણા રાજ્યને અપાઇ. રખોપા વગેરેના અપાતા પંદર હજાર રૂ. ને બદલે તે પર સાતસો ટકા ચડાવી એક લાખ રૂ. ની દરવર્ષે આપવાની રકમ દશવર્ષ માટે નક્કી કરી, તે રકમ આ–ક–ની પેઢી ન સ્વીકારે તો દર યાત્રાળુ દીઠ રૂ. બે લેવાનો જજીયા વેરો આપવો ને તે પ્રમાણે વસુલ કરવાની જુલમી સત્તા પાલિતાણા રાજ્યને અપાઇ. દશવર્ષ પછી રકમમાં ફેરફાર કરવો કે શું કરવું તે પણ પાલીતાણા રાજ્યની મુનસફી પર મૂકાયું.

આથી આખી જૈન પ્રજા ખળભળી ઉઠી. એક લાખ રૂપીઆ જેટલો મોટો ચાંલ્લો આપવા બદલે તેથી ઓછો પણ મૂળ કરતાં ઘણો વધુ આપવાનું નક્કી કર્યું હત તો કદાચ જૈનમાં મતભેદ પણ રહેત પણ આ મહાભારત રકમે તથા વિચિત્ર ચુકાદાએ જૈનોમાં મતભેદ રાખ્યોજ નહિ અને મહાભારત કાર્ય કરી દીધું. બંગાલના ભાગલા પાડવાથી જે ખળભળાટ ને જાગૃતિ ઉત્પન્ન થયાં તે માટે જેમ લૉર્ડ કર્ઝન નિમિત્ત છે, તેમ જૈનોમાં કરવા માટે મી. વૉટ્સન નિમિત્ત છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની લડત નિષ્ફળ નિવડી–સર્વ જૈનોના ચહેરા

પર સંતાપની છાપ પડી ગઇ. શોકનો સાગર ઉછળ્યો. ન્યાય જેવી શું ચીજ નથી ? આ શું થવા બેઠું છે ? હિન્દુ નરેશના તરફથી યાત્રાળુ ઉપર આટલો ત્રાસદાયક કર લેવાનું નક્કી થયું ? વગેરે અનેક પ્રશ્નો ઉકળતા હૃદયોમાં જોસભેર થવા લાગ્યા.

હવે શું કરવું ?

હવે આપણું ઘર વ્યવસ્થામાં મૂકવાની પહેલી જરૂર છે. જ્યાં સુધી આપણું ઘર અવ્યવસ્થિત હોય, ત્યાં સુધી એકતા ન થાય, પણ છિન્નભિન્નતા થાય. વળી આ વસ્તુસ્થિતિમાં તીર્થનો પ્રશ્ન આખા સમાજનો સવાલ છે. સમાજનાં સર્વ બળો એકઠાં કરી સમાજને સંગઠિત બનાવી તે સર્વ બળોને કામમાં લેવાની જરૂર છે; આમવર્ગ અને શ્રીમંતવર્ગ સર્વએ એકતાન અને એકપ્રાણ બની કાર્ય કરવું ઘટે છે. શેઠીઆશાહી કે શેઠીઆ-સત્તા તૂટી આમ વર્ગની સત્તા સ્થપાશે અને તેથી અનિષ્ટ પરિણામ આવશે એ ભીતિ તદ્દન કાઢી નાંખવી જોઇશે. કારણ કે આ સવાલ જૈન કોમના હકક અને સ્વમાનનો છે. નિરાશા નહિ રાખતા-નિરાશ નહિ બનતા. સર્વ સંપ્રદાયો-ગચ્છો-તડાં-વગેરેને એકત્રિત કરવાની આ મહાતક સાંધો-આ પવિત્ર તીર્થના પ્રશ્નદ્વારા પવિત્ર બની સર્વ કલેશ દૂર કરી એકત્રિત થાઓ અને પછી જોઇ લ્યો કે આ સંગઠનથી આપણે કેવાં અદ્‌ભૂત કાર્યો કરી શકીએ છીએ.

પહેલાંતો આપણે એ નિશ્ચયને વળગી રહેવાનું છે કે:—

નમશું નહિ અન્યાયને, આશા અદલ ઇન્સાફ છે
જાત્રાળુ કર લેવો એ કુદરત, પાસ કદિ ના માફ છે.
પ્રતિવર્ષ રૂપિયા લાખનો, ચાંલ્લો કદિ નવ આપશું
જે આક્રમણ તીર્થે થયા તે કોઈ દિ ના સાંખશું.

એટલે કે પ્રતિવર્ષ એક લાખ રૂપીઆ આપવા નથી. તેમ નાંખવા ધારેલો મુંડકાનો કર આપવો નથી.

બીજું તેથી યાત્રાનો સદંતર ત્યાગ કરવાનો છે અને તે ત્યાગ હૃદયપૂર્વક પ્રભુ-સાક્ષીએ આત્મ-સાક્ષીએ કરવાનો છે.

ત્રીજું જો યાત્રા કરવી તો લાખની રકમ કે મુંડકાનો કર દીધા વગર કરવી. પણ તે સંપૂર્ણ સવિનય શાંતિથી-સર્વ દુઃખ વ્હોરી લેવાની શુદ્ધ અભિલાષા અને નિશ્ચય-પૂર્વક કરવી.

પ્રભુ સાક્ષીએ યાત્રા તણો, કરીં ત્યાગ પ્રભુને પ્રાર્થીશું;
સહુને સુબુદ્ધિ સદા રહો, સત્યેજ આગ્રહ રાખીશું.

હમણાં મળેલી ખબર પ્રમાણે તાજેતરમાં પાંચ દિગંબરી ભાઇઓ યાત્રાએ ગયેલા-વાર્યા ન વળ્યા-પછી ભૂલ સમજાઇ, છતાં તે રાજ્યાધિકારીઓની યુક્તિને વશ થઈ જાત્રા કરી આવ્યા. આ બન્યું હોય તો તે માટે આખી દિગંબરી કોમ પર આક્ષેપ ન મૂકી શકાય, છતાં શ્વેતામ્બરીમાંથી એક પણ બચ્ચો ન જાય, તે વખતે દિગંબરીમાંથી પાંચ ભાઇઓ યાત્રા એ જાય તે સમદુઃખીપણું નથી. આ અવસરે તો બંનેએ એક બીજાની સહાયે-કુમકે રહી એકત્રિત થવાનું છે. દિગંબરી ભાઇઓ ! ચેતજો કે હવે પછી આવી ભૂલ તમારામાંથી કોઇપણ ન કરે. હજુયે અનેક ખેલો ખેલાય-બાજીઓ રચાય-એક પક્ષ કે ગચ્છવાળાને સમજાવી લેવાના પ્રયત્નો થાય, છતાં જૈનકોમે એકત્રિત રહી એકત્રિત તરીકે-એક વ્યક્તિ રૂપે આપેલા અવાજમાં વિસંવાદનો સૂર નીકળવો ન ઘટે. આ એકત્રિત અવાજ એક મહા અભિમાનનો વિષય છે. મારા જેવા અનેકને થયું છે અને થયું હશે કે નિઃસત્વ ગણાતી જૈન કોમ આ વખતે સત્વશાલી બની ગઇ છે તો હવે તેમાં જન્મ લીધાનું સાર્થક ગણાય.

બ્રિટિશ ન્યાયમાં હજુ શ્રદ્ધા.

સરકાર અન્યાય થાય ત્યારે વચમાં પડશે એમ તો મૂળથી હકીકત છે. તેથી અંતિમ નિર્ણય આપણા હકના સંબંધમાં તેની પાસેથી લેવો ઘટે. એક બાજુ પ્રજાનો નિશ્ચય, અને બીજી બાજુ રાજદ્વારી લડત બંને ઉપકારક છે. સરકારની વલણ હમણાં બદલાઇ છે. કોઇ પણ દેશીરાજ્યની પ્રજા બહુ પોકાર કરે છે ત્યારે તે સરકાર વચમાં પડયાના દાખલા થયા છે. નિઝામ જેવી સત્તાને પણ મજબૂત જવાબ આપ્યો છે. ધડરની સ્થિતિ બદલાઇ છે. જ્યારે આમ છે, ત્યારે

આપણે કે જે પાલિતાણાની પ્રજા નથી અને મોટે ભાગે અંગ્રેજ સરકારની પ્રજા છીએ, તેનો પોકાર સાંભળવા સરકાર બંધાયલી છે એટલે આણંદજી કલ્યાણજીની પેઢી જે લડત ચલાવી રહી છે તેને આપણે મજબૂત ટેકો આપવો જોઈએ. આપણી મુખ્ય કૉન્ફરન્સે પોતાની ગત બેઠકમાં કરેલ ઠરાવ પ્રમાણે આ તીર્થ સંબંધી જૈન કોમના હકોની તપાસ ચલાવવા માટે અને પાલિતાણા રાજ્ય અને જૈન કોમ વચ્ચેના હમેશના ઝઘડા બંધ કરવાને સારૂ ઉપાયો યોજવા પ્રતિનિધિત્વવાળું તપાસ માટેનું કમિશન નીમવા માટે બ્રિટિશ સરકારને વિનંતિ કરી લેવાની છે. આવું કમિશન નીમાય તોયે રસ્તો ઘણો સાફ થાય તેમ છે.

તે ગત શત્રુંજય કૉન્ફરન્સે જે ઠરાવો કર્યા છે તે ઘણા વિચારપૂર્વક કર્યા છે અને તેને હિંદના સમસ્ત જૈન સંઘે ટેકો આપી મક્કમપણે વળગી રહેવું જોઇએ સમસ્ત દેશમાં તીર્થ સંબંધીના હકકો અને આપણું હાલનું કર્તવ્ય શું છે તે સંબંધી પુષ્કળ પ્રચાર કરવો જોઇએ અને તે માટે પ્રચાર સમિતિ નીમાઇ છે તેના કાર્યમાં તન મન અને ધનની મદદ કૉન્ફરન્સને કરવી ઘટે.

બીજા રસ્તા.

અરસપર સમજી લેવું એમાં જે શાંતિ અને આનંદ રહે છે તે ઝઘડા કરવાથી નથી રહેતાં. આમ પાલિતાણા રાજ્ય અને આ. ક. પેઢી પરસ્પર સમજૂતીથી નિકાલ કરી નાંખે તેના જેવું એકકે નથી. પણ તેમ કરવા માટે બંને પક્ષની હૃદયપૂર્વક ઇચ્છા અને સહકારિતા જોઇએ. એક પક્ષ અસવાર બને અને પોતાનું મમત્વ ન છોડે તો બીજા પક્ષથી સમાધાન ન થઇ શકે. વળી જે સમાધાન થાય તે સ્વમાન અને પ્રતિષ્ઠાને જાળવીને યથાસ્થિત ન્યાયપુરઃસર થાય તોજ આખી સમાજને સંતોષ થાય.

અરસપરસ સમજુતી ન થઇ શકે, તો બંને પક્ષના વિશ્વાસપાત્ર તટસ્થ અને નિષ્પક્ષપાતી લવાદ દ્વારા ફડચો લાવી શકાય; પણ તે માટે પણ ઉપર જણાવી તેવી બંને પક્ષોની મનોદશા જોઇએ.

પાલિતાણાના રાજ્યકર્તા હિંદુ રજપૂત છે તેણે પોતાના પ્રભુનાં દર્શન કરવા યાત્રાએ આવનાર પ્રત્યે સંપૂર્ણ સદ્ભાવ અને પ્રેમ દાખવવા ઘટે. અસંખ્ય યાત્રાળુના આગમનથી પોતાના રાજ્યને બીજી અનેક રીતે થતા લાભથી સંતોષ માનવો ઘટે. આવી સંસ્કારી આર્યભાવના તેના હૃદયમાં જાગે તો ઝટ નિકાલ થઇશકે.

આ સમયે ત્યાગીઓ-મુનિઓ પોતાનું સંમેલન ભરી તેમજ પોતાની શક્તિ અને પ્રભા બતાવી કંઇ કરે એમ અનેક લોકો આશા રાખી રહ્યા છે. સાંભળવા પ્રમાણે મહાતપસ્વી યતિ મોતીચંદજી માઘ શુદિ ૧૫ લગભગ પાલિતાણા પહોંચી પોતાની શક્તિનો આવિર્ભાવ કરી સંઘ માટે યાત્રા ખુલ્લી કરવા કટિબધ્ધ થયા છેઃ પ્રભુ તેમને જશ આપે. સામાન્ય રીતે મુનિશ્રીઓ ધારે તો આ તેમજ અન્ય સર્વ તીર્થો માટે અને સમાજસુધાર અને પ્રગતિ માટે ઘણું અને સત્વર કાર્ય પરિણમાવી શકે તેમ છે. ઉપેક્ષા સેવવાનું, ભય સમજી વિપક્ષ બાંધવાનું, ભ્રમિત કરવાનું નેવે મૂકી પ્રગતિશીલ બની કાર્ય કરવાનું તેઓ માથે લે તો બહુ વહેલો આપણો સૌનો ઉદ્ધાર થાય.

સાધુવર્ગના ત્રણ પ્રકાર બાંધીએ-તેમાં ૧ લો આત્માર્થી કે જેઓ સમાજના કોઈ પણ પક્ષમાં ન પડી બીજી લપછપમાં પડતા નથી. અકસ્માત્ કોઈ મળે તો ઉપદેશ આપે, બાકી આત્મોદ્ધાર પ્રત્યે ગતિશીલ હોય. બીજો સ્થિતિચુસ્ત જે હોય તે-કંઇક નવીન જોઇ ભડકી ઉઠે, મતસહિષ્ણુતા હોય નહિ તેથી ધમાલ કરી નાંખે, અને તે અંગે વાદવિવાદ, જામે તે જૂદું, ત્રીજો નવીન વિચારો પ્રત્યે પ્રમોદ ભાવનાવાળો વર્ગ-કેળવાયેલા સંસારીઓ સાથે સહાનુભૂતિ દાખવી તેમના માર્ગમાં સરલતા કરે, જમાનાને ઓળખી તેને અનુકૂલ યોજનાઓ કરે અને તેમાં પોતાની શક્તિનો ઉપયોગ કરે. આ સર્વમાંથી પ્રતિભાસંપન્ન સર્વશાસ્ત્રવેત્તા,સમયજ્ઞ મહાન્ મુનિ નીકળી 'યુગપ્રધાન' બને અને શાસનને સંસ્કારી અને જયવંતું કરે એવી પ્રભુ પ્રત્યે અભ્યર્થના છે.

વર્તમાન સામાજિક સ્થિતિ.

સામાન્ય રીતે દક્ષિણની ફર્યાદ છે કે મુનિમહારાજો અત્ર વિચરતા નથી, તેથી ધર્મનું જ્ઞાન મળતું

નથી, ધર્મપ્રાપ્તિ થતી નથી, અને જૈન તરીકેના શુદ્ધ આચરણ શીખાતા નથીઃ આ વાત અસત્ય નથી પરંતુ જે પ્રાંતોમાં સાધુઓ નિરંતર વિચરે છે ત્યાં હાલ શું સ્થિતિ છે ? મુનિનિન્દા, અવિવેક, કષાય કલેશ, કોર્ટના ઝધડા વિગેરે યત્રતત્ર જોવામાં આવે છે. આચાર્યોની સંખ્યા વધતી જાય છે તેમાં શાસનની રક્ષા અને ઉન્નતિ થવાને બદલે અંદર અંદર કલેશાગ્નિ, અને હરીફાઇ–તે અંગે તેમના ઉત્સવો, અઠાઇ મહોત્સવો, સંઘ કાઢવાનાં ખર્ચો એક એકથી સરસ થાય છે. જ્ઞાનપ્રચાર, શાસ્ત્રોદ્ધાર, ધર્મપ્રચાર, સમાજોધ્ધાર, જીર્ણમંદિરોદ્ધાર, આદિ અતિ ઉપયુક્ત અને મહત્વની બાબતોપર ઉપેક્ષા કરવામાં આવે છે.

વિશેષમાં અંતઃક્ષોભ, અંધવિશ્વાસ અને જૂની પરંપરાની ચુસ્તતાને લીધે નવીન પ્રકાશ કે સહિષ્ણુતાનો અભાવ જ્યાં ત્યાં જોવામાં આવે છે એથી સમાજરૂપી નૌકા સાગરમાં ઝોલાં ખાય છે, જૈન ધર્મના સિધ્ધાન્તો–અનેકાંતવાદના અચલ અને સર્વગ્રાહ્ય સિધ્ધાન્તોને અભેરાઇએ ચડાવવામાં આવે છે. મોટો ભાગ અનેકાંત દર્શન શું છે તે સમજતો નથી અને તેથી (૧) જૈન ધર્મની ખરી ખૂબીનું મહત્ત્વ ઉડી જાય છે (૨) કેટલાય કલેશની હોળીમાં નાળીએર બને છે (૩) કેટલાય પોતાના કર્ત્તવ્યનું ભાન ભૂલી ચારિત્રભ્રષ્ટ થાય છે અને નફફટ બની પોતાના દંભને ન છોડતાં સમાજને છેતરી પોતાની પાપ વાસનાનો ઢાંકે પીછોડો કરે છે અને (૪) કેટલાયને બીજાં દર્શનોમાં આશ્વાસન લેવાનું મન થઇ જાય છે અને સ્વધર્મ છોડી પણ દે છે.

આ સમાજની ધાર્મિક બાજુ થઇ; હવે તેની વ્યાવહારિક બાજુ જોઇએ તો કુરિવાજોએ ઉંડાં મૂળ ઘાલ્યાં છે. વૃદ્ધવિવાહ અને કન્યાવિક્રય એ બે એક બીજા સાથે અતલગ સંબંધ ધરાવનારા રીવાજો ઘાતક નીવડયા છે. તેમાં બાળલગ્ન થાય છે. આ સર્વના પરિણામે બાળ વિધવાઓ વધી પડી છે, તેમની સુસ્થિતિ કરવા પર ધ્યાન ન આપતાં તેઓ જાણે જીવ વગરના પદાર્થો હોય નહિ તેમ ગણી તેમને કચડી નાંખવામાં આવે છે. ભભકામાં અને મનની માનેલી મોટાઇમાં મસ્ત બની અનેક જાતનાં નાહકનાં ખર્ચો ઘણાઓ કરે છે અને કોઇ સ્થળે વેશ્યાઓના નાચો કરાવવામાં આવે છે પરંતુ જ્ઞાનપ્રચાર પ્રત્યે ઘણું દુર્લક્ષ આપવામાં આવે છે. સ્ત્રીઓ પોતાનાં સ્ત્રી–ઉચિત ગૃહકાર્યો કરતી નથી તેથી તેમની શારીરિક સ્થિતિ બગડતી જાય છે. બાળકોને માતાનું શુદ્ધ પૂરતું ધાવણ મળતું નથી. ક્ષયઆદિ રોગોની બીમારી જીવનશક્તિનો ક્ષય કરે છે. માનસિક, કાયિક અને કર્મની શિથિલતા–ભ્રષ્ટતા, ઉંડાં મૂળ નાંખી આત્મબળ–સંગઠનબળ દેશપ્રેમ–કોમપ્રેમ આદિને હચમચાવી નાંખી સમાજને મૃતપ્રાય કરી રહી છે. મરણ સંખ્યા જૈનોમાં વધી ગઇ છે અને તે એટલી બધી કે ગત ૪૦ વર્ષમાં લગભગ સવાત્રણ લાખ જૈનો ઓછા થયા છે.

વસ્તીપત્રકમાં જૈનોની જણાતી આટલી બધી વર્ષોવર્ષ થતી ઓછી સંખ્યા જણાય છે. તેમાં ઉપરનાં કારણો નિમિત્તભૂત છે. તેમાં એક વિશેષ કારણ એ પણ છે કે લગ્નક્ષેત્ર સંકુચિત હોય છે ત્યાં નાના નાના વર્ગોને સામાજિક લાભ મળતા નથી તેથી તે આખા ને આખા વર્ગો ધર્મનો પલટો કરે છે. વળી ધર્મનો પલટો કર્યા પછી પાછા મૂળ ધર્મમાં લાવવા માટેનું કંઇપણ સાધન રાખવામાં આવ્યું નથી, તેમજ બીજા ધર્મમાંથી જૈનધર્મમાં આસ્થા રાખનારને જૈનધર્મમાં લાવી સ્થાપિત કરવા જેવું ઉદાર અને વિશાલ વાતાવરણ નથી.

આર્થિક દીનતા.

આર્થિક દીનતા પણ વધી ગઇ છે. લોર્ડ કર્ઝનના કહેવા પ્રમાણે હિંદના વેપારનાં અર્ધા નાણાં જૈનોના હાથમાં પસાર થાય છે એવી સ્થિતિ રહી નથી. વ્યાપાર તરફ લક્ષ અર્થોપાર્જન અર્થે છે, પણ મૂળ અને માલદાર એવા ખરા ધંધા યા ઉત્પાદક ધંધા હાથમાંથી સરી ગયા છે અને વિશેષે દલાલી અને સટ્ટામાં વેપાર આવી રહ્યો છે. હુન્નર ઉદ્યોગની વૃદ્ધિ થતી નથી. પહેલાંના શહેરો હાલ નથી, ઘણાં ઉતરી ગયાં. બધે ઠેકાણે આર્થિક તત્ત્વ નબળું પડતું જણાય છે.

આ રીતે દર્દ અનેકદેશીય છે. ગુંચવાડા ભરેલું છે. તેનો ઉપાય પણ તેજ રીતે ગુંચવાડા ભરેલો હોઈ

શકે. સામાન્ય દર્દ તો નિર્વીર્યતા, જડતા, અનક્ષરતા જ્યાં ત્યાં વ્યાપી રહેલ છે તે પહેલાં પ્રથમ દૂર કરવાની જરૂર છે. તે માટે વિચાર કરવો અને વિચાર કરતાં જે માર્ગ મળે તે સત્વર સ્વીકારવો જોઇએ. આવો વિચાર એકનો કામ ન આવે, પણ ઘણાએ મળી ઊહાપોહ કરી જે નિર્ણયપર અવાય તે નિર્ણય ઠરેલ અને સત્ય નિવડી શકે. વિચાર કર્યા વગર દશા ખરાબજ થતી જાય. નાના વર્ગે ટકી રહેવું હોય તો પુનઃ પુનઃ મળવું જોઇએ અને વિચાર કરવો જોઇએ.

સંમેલનની જરૂર.

આ માટેજ આવા સંમેલનની જરૂર છે. મહાસંમેલન આપણી મહાસભાએ અનેક ભર્યા તેથી સમાજને લાભજ થયો છે. જોકે વસન્તઋતુ આવે ને કુદરતમાં જબરો ફેરફાર થઇ જાય તેટલો બધો લાભ આપણી નરી આંખે દેખાતો નથી, છતાં વિચારોનું આંદોલન કરવામાં,જૂના ચીલાઓ જમાના અનુસાર બદલાવવામાં, જ્ઞાન અને કેળવણીની મહત્તા સમજાવવામાં અને સ્થળે સ્થળે સમાજની સ્થિતિનું દિગ્દર્શન કરાવવામાં તે મહાસભાએ-કૉન્ફરન્સે ઓછું કર્યું નથી; તેજ પ્રમાણે આ પ્રાન્તમાં પ્રાંતિક પરિષદ આપ સૌએ એકત્રિત થઇ ત્રણવાર ભરી અને તેનું આ ચોથું અધિવેશન ભરો છો. તેથી પહેલાં કરતાં આપે જરૂર પ્રગતિ કરી છે, અને આમ પ્રયત્નશીલ રહ્યે ભવિષ્યમાં તેનાં અનેક મધુર ફળો આપણી પ્રજા ભોગવતી થશે એ નિઃશંક છે.

આપનો મોટો ભાગ ગૂજરાતનો છે. અમદાવાદથી કલ્લોલ સુધીના ઘણા વતનીઓએ આ બાજુ લગભગ દોઢસો વર્ષ પહેલાં આવી નિવાસ કર્યો. વૈશ્ય વૃત્તિ એટલે વેપારનો વ્યવસાય કર્યો. પૈસે ટકે સુખી થયા. રીત રીવાજ ગૂજરાતના ચાલુ રાખ્યા, ઘરમાં માતૃભાષા ગૂજરાતીનોજ વ્યવહાર રાખ્યો, તળ ગૂજરાત સાથેનો સંબંધ અખંડિત રહ્યો અને ગૂજરાતી સંસ્કૃતિ આબાદ જાળવી. આ રીતે આપણું બૃહદ્ ગૂજરાત ગૂજરાત દેશની બહાર અદ્ભુત લીલા બતાવી રહ્યું છે એ મારા જેવા ગુજરાતીને ઓછું આનંદજનક નથી. કવિ ખબરદાર બરાબર કહે છે કેઃ-

‘ જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !
જ્યાં જ્યાં ગુજરાતી બોલાતી,
ત્યાં ત્યાં ગુર્જરીનાં મહોલાત !

આપણે બધા શ્રી મહાવીરનાં સંતાનો છીએ. તીર્થંકર પ્રભુની દેશનામાં બાર પરષદા બેસતી. એ પરષદા એજ પરિષદ. તેથી સમજાશે કે પરિષદ એ જૂનો પ્રાચીન શબ્દ છે. આ પરિષદમાં વીરસંતાનો એકત્રિત થઇ સામાજિક સુધારો કરે, એ ઉચિતજ છે. શ્રી વીરના સકલ સંઘના અંગભૂત આપણે છીએ એ ભાવના દરેક સ્થળે ઉત્પન્ન કરીએ. નવી પ્રવૃત્તિ, નવી પ્રેરણા, નવી સ્થિતિ જનતા માગે છે. સહિષ્ણુતા પહેલા કરતાં વધુ થઇ છે. આ ભાગમાં ચેતનાના પૂરનું વહેણ આવ્યું છે તે ચેતનને વિશેષ જગાવી આપણો કાર્યક્રમ ઘડી તેને નિરંતર સક્રિય, ગતિમાન્ અને સફલ રાખીશું તોજ આ પરિષદનો હેતુ બર આવશે. માત્ર ભાષણોથી, માત્ર ઠરાવોથી કાર્ય સરવાનું નથી. જીવંત શ્રદ્ધાથી જ્ઞાનપૂર્વક વિચાર કરી નક્કી કરેલા ઠરાવો-નિર્ણયો અમલમાં મૂકીશું-મૂકતાજ જઇશું, તો આવા સંમેલન પાછળ કરેલ તન, મન, ધનનો વ્યય ઇષ્ટદાયી થશે. આપનો ઉત્સાહ અદમ્ય છે, સ્વભાવ સરળ છે. અને સેવાભાવ હૃદયમાં ઉછળે છે અને તેથી આપની બીજી પરિષદમાં શ્રી જિનવિજયજીએ યથાસ્થિત કહ્યું હતું કે ‘ હું નિરાશાવાદી છું પણ દક્ષિણના લોકોનો ઉત્સાહ જોઇ મને કંઇક આશા ઉત્પન્ન થાય છે કે દક્ષિણના લોકોને જો ખરા માર્ગદર્શકો મળે તો તેઓ અવશ્ય જૈન ધર્મને દીપાવશે. ’

આ પ્રાન્તિક પરિષદ છે-તેણે અત્યાર સુધી મુખ્ય પરિષદથી જો કે ભાવથી અભિન્ન રૂપે પણ દ્રવ્યથી ભિન્નરૂપે કાર્ય કર્યું છે. તે તેની સાથે દ્રવ્ય અને ભાવ બંનેથી અભિન્ન રહી સહકાર આપ્યાં કરે અને લીધાં કરે તો પોતે વધુ ફલદાયી અને સંગઠિત થઈ શકશે.

હવે શેની જરૂર છે ? સાચા સેવકોની.

(૧) જે કોમ કે દેશમાં આત્મભોગી નિઃસ્વાર્થ-

ભાવે સેવા અર્પણ કરનારા નથી તે કોમ કે દેશની સત્વર પ્રગતિ થતી નથી. મુખ્ય વાત એ છે કે જીવન-કલહ એટલો બધો છે કે સેવાની ઇચ્છા ધરાવ્યા છતાં પણ કેટલાય ભાઇઓ જનસેવા કરી શકતા નથી; વળી ખાસ કરી જૈન કોમ વૈશ્ય વૃત્તિ–વેપાર કરનારી હોવાથી તેની રગેરગમાં વેપારીવૃત્તિ સેવાભાવ કરવામાં પણ રહે છે. ત્યાં આંકડા મૂકી ગણત્રી કરવામાં આવે છે. સેવા ધર્મનો અગમ્ય માર્ગ લેવામાં ત્યાગ માર્ગ ગ્રહણ કર્યા વગર છૂટકો નથી. તેવા ત્યાગથી કરેલી સેવા મુક્તિદાયક છે. થોડાએક યુવાન યા વાનપ્રસ્થાશ્રમી સંપૂર્ણ સેવાધર્મીઓ–'મિશનરીઓ' –અર્ધસાધુઓ નીકળશે ત્યારેજ ઉદ્ધાર થશે. જનતામાં શ્રદ્ધા છે. દાનનો ઝરો વહે છે, પણ કાર્ય કરનારા નથી તેથી તે શ્રદ્ધા અને દાનનો ઝરો યથાસ્થિત વેગથી કે સુમાર્ગે વહેતો નથી. કાર્ય કરનારા છે ત્યાં વ્યવસ્થા છે, અને ત્યાં ધન સ્વતઃ મળી આવે છે. આવા વ્યવસ્થા પૂર્વક કામ કરનારા 'સેવકો'માં સેવાની આગ, સમાજનાં દર્દ સમજી ઉપાયો શોધવાની બુદ્ધિ, પ્રબલ આંદોલન કરવાની ઇચ્છાશક્તિ અને સમાજ-હિત માટે આત્માર્પણ કરવા જેટલી તૈયારી હોય ને તેવા થોડા બહાર પડે તો જૈન આલમનું કલ્યાણ થવામાં વધુ વખત નહિ લાગે.

(૨) સમાજના નેતાઓ, કાર્યકર્ત્તાઓ, પ્રતિષ્ઠિત પુરૂષો, પંચો અને ઉપદેશકોએ સાચી વાતનો સ્વીકાર કરી તેનો અમલ કરવાને તૈયાર રહેવું જોઇએ; એટલે કે પહેલાં પોતાનામાંજ સુધારો કરવો જોઇએ–પોતેજ સુધરવું જોઇએ; અને દરેક વ્યક્તિ કે જેને માત્ર જૈન ધર્મ પ્રત્યે આસ્થા હોય તેને પોતાની કરી અપનાવવી જોઈએ. વિરોધ અને વૈમનસ્યને તિલાંજલી આપી ખરા જૈની એટલે અનેકાંતવાદી તરીકેજ વર્ત્તન રાખવું જોઇએ. અનુદાર હૃદય જૈનધર્મને ધારણ કરવાને પાત્રજ નથી.

(૩) સાચા પત્રકારો સમાજની સુંદર અને સુયોગ્ય સેવા બજાવી તેમાં સક્રિયતા, જાગૃતિ અને વેગ લાવે છે. દક્ષિણ મહારાષ્ટ્રમાં સુભાગ્યે 'મહારાષ્ટ્રીય જૈન અને 'જૈન જીવન' પત્રો નીકળ્યાં છે. તેમની સેવાને ઉત્તેજિત કરવાની છે. તેઓ વખત જતાં ઉત્તેજન મળ્યે દક્ષિણમાં વિશેષ સમ્યક પ્રકારે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની ખીલવણી કરશે એમ ધરીશું. આ સાથે કૉન્ફરન્સનું પત્ર 'જૈનયુગ', 'જૈન' અને બીજાં પત્રો વિસરવાનાં નથી.

શરૂઆત કાર્યની ક્યાંથી કરવી? કેળવણીથી.

સર્વથી મહાન્ અને પહેલું કાર્ય તે શિક્ષા પ્રચાર છે. શિક્ષણનો વિસ્તાર થયે સમાજમાં રહેલી કુરૂઢિઓ અને રિવાજો, અસહિષ્ણુતા અને ઝઘડાઓ, વગેરે સર્વ નાબુદ થશે અને ત્યારેજ શાસનની ઉન્નતિ થઇ શકશે.

(૧) પહેલાં આપણે ધાર્મિક બનવું–પ્રથમ ધર્મના જ્ઞાન સંબંધી સ્પર્શ કરતાં કહેવાનું કે આપણા લોકો ધર્મ શબ્દનો અર્થ એટલોજ લેખે છે કે જેના વડે પરલોકમાં સુખ પમાય તેવી કરણી તે ધર્મ છે, પરંતુ ધર્મનું પરિણામ માત્ર સુખ નથી પરંતુ કલ્યાણ, ઉચ્ચતા અને શ્રેય છે. આપણા જીવનને નિરંતર ઉચ્ચતા, ભવ્યતા, દીવ્યતા, ભણી દોરી જાય તે ધર્મ છે. ધર્મનું પરિણામ પરલોકમાંજ જણાય એમ નથી. આપણું જીવન ઉચ્ચતર, ભવ્યતર, કે દીવ્યતર બનતું જાય તે આ લોકમાંજ જાણી શકાય છે. પ્રબળ ધર્મભાવના વિના જનસમાજની સ્થિતિ શીકારીની મંડળી જેવી હોય છે. જે વ્યક્તિમાં ધર્મની ભાવના અને ઉચ્ચતા પામવાના આદર્શની ભાવના હોતી નથી તેનું જીવન પશુજીવન જેવું શાસ્ત્રકારે ગણ્યું છે; તેથી તે ભ્રષ્ટતા, અનીતિ, સ્વચ્છંદ, અનાચાર અને દરેક પ્રકારની અધમતામાં ગબડી પડે છે.

ધર્મ એ અંતરમાંથી ઉત્પન્ન થાય છે. માત્ર બાહ્યાચાર વિધિપૂર્વક હોય તેથી તે પરથી આંતરિક વૃત્તિઓ શુદ્ધ હોયજ એમ ફલિત થતું નથી. કપાળમાં કેસરનું તિલક કરવું એટલે જિનેશ્વરની સાચી પૂજા થઈ ગઈ એમ નથી. માત્ર સમાજે એ તિલકને આંતરિક પૂજા સૂચવનારૂં એક બાહ્ય લક્ષણ સ્વીકાર્યું છે એટલે તે ભાવપૂજાનું સંકેત સૂચક (Symbol) છે. બાહ્યાચાર ત્યાગવાનો કે નિષેધવાનો નથી, પણ તે સાથે આંતરિક આચારની શુદ્ધતા રાખવાની છે–ધર્મ શાસ્ત્રમાં સુવિહિત કરેલી નીતિને

અનુસરી જીવન વીતાવવાનું છે. એ નીતિ તે આપણા દર્શનના સંસ્થાપક મહાપુરૂષે પ્રબોધેલો આદર્શ છે. તેમાં વિશ્વાસ રાખવો એ 'શ્રદ્ધા' છે અને એ શ્રદ્ધાને અનુસરતું જીવન રચવું એનું નામ 'ચારિત્ર્ય' છે.

ગૃહસ્થાચાર શું છે તે શીખી લેવું જોઇએ. માર્ગાનુસારીના ૩૬ ગુણ, શ્રાવકના ૨૧ ગુણ અને બારવ્રત, ગૃહસ્થધર્મ-દિનચર્યા, રાત્રિ ચર્યા આદિ વ્યવહાર ધર્મ-આદિ ગૃહસ્થ જીવનને ઉત્કૃષ્ટ બનાવવાના માર્ગ છે. તેથી ન્યાય-નીતિ-દયા-મૈત્રી આદિ ભાવનાઓને વિકાસમાં લાવી આત્માને નિર્મળ કરી શકાશે-મન વચન કાયાથી થતા કોઇ પણ અનર્થોથી બચી શકાશે અને જગત્ પ્રત્યેના ઉપકારધર્મ આચરી શકાશે.

આપણે સર્વેએ દર્શનોન્નતિ માટે જે કરવાનું છે તે એજ છે કે આપણે આપણા પોતાથી શરૂઆત કરી આગળ વધવું જોઇએ. આપણે પોતે સર્વજ્ઞપ્રણીત દર્શનના સિદ્ધાંતોને લક્ષીને જીવન ગાળવું જોઇએ અને એ પ્રકારના ચારિત્ર વડે જ બીજાનાં મન ઉપર આપણા દર્શનની મહત્તા અને ગૌરવની છાપ પાડવી જોઈએ. દર્શનનો પ્રભાવ બીજી રીતે પડશે નહિ. આપણા પૂર્વના મહાપુરૂષોએ જૈન દર્શનને એ પ્રકારેજ સતેજ, સવીર્ય અને સબળ બનાવ્યું હતું અને આજે પણ દર્શનોન્નતિનો એજ ક્રમ છે.

ધાર્મિક કેળવણી—આપણાં સંતાનોને આ ક્રમ પર ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ધર્મ છે તેથી સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર એ મિથ્યાચારિત્ર છે અને સંસારના પરિભ્રમણનું કારણ છે. શુદ્ધ ચારિત્ર સમજવા માટે શુદ્ધ જ્ઞાનની પ્રથમ જરૂર છે. ભાવ વગર ક્રિયા ફલદાયક થતી નથી. પૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયાઓ તેના હેતુ બરાબર સમજીને વિધિ સાથે ભાવપૂર્વક કરવામાં આવે તો તેનું સંપૂર્ણ ફલ મળે છે. વ્યાવહારિક શિક્ષણ પણ ધર્મ ભાવનાથી સુશોભિત, ભવ્ય અને પ્રશંસનીય બને છે.

આ ધાર્મિક શિક્ષણ યથેષ્ટ મળે તે માટે બાળોપયોગી ધાર્મિક વાંચનમાળાઓ વિદ્વાનોના હાથથી તૈયાર થયેલી પ્રકટ થવી જોઇએ; જૈન પરિભાષા બરાબર સમજાય તે માટે જૈન પારિભાષિક કોષ બહાર પડવો જોઇએ; આપણા ગૂજરાતી સાહિત્યમાં એવો સંપૂર્ણ ગ્રંથ પ્રકાશમાં લાવવો જોઇએ કે જે એકજ ગ્રંથના વાંચનથી જિજ્ઞાસુ જૈન દર્શનનાં રહસ્યોને યોગ્ય રીતે સમજી શકે; તત્વાર્થ સૂત્ર, તથા કર્મ ગ્રંથોના અને અનેકાંતવાદના સિદ્ધાંતોનું એકજ ગ્રંથમાં સરળ રીતે સ્પષ્ટીકરણ થાય તો જૈન તત્ત્વ જ્ઞાનના અભ્યાસીઓનો માર્ગ ઘણો સરળ થઇ પડે. સંસ્કૃત અને પ્રાકૃતમાંના ધાર્મિક સાહિત્યનો પ્રચલિત લોકભાષામાં વિસ્તાર થવો ઘટે, અને સાથે સંસ્કૃત અને ખાસ કરી શાસ્ત્રભાષા પ્રાકૃતનો ઉદ્ધાર કરવો ઘટે.

વ્યાવહારિક કેળવણી.

આપણી કોમમાં લખી વાંચનારની સંખ્યા ઠીક છે. ૨૫ ટકા લગભગ ગણાય પણ અંગ્રેજી શિક્ષણ લેનારની સંખ્યા એક હજારે લગભગ ૨૦ ની છે એટલે બે ટકાજ છે. આપણે અંગ્રેજી એટલે રાજભાષા વગર કામ ચલાવી શકીએ અને આગળ વધી શકીએ તેમ નથી. મુસાફરીમાં, નોકરીમાં, વેહુંવકીલાતમાં, ટપાલ તારમાં એ ભાષાનું જ્ઞાન જરૂરનું થઇ પડ્યું છે એટલુંજ નહિ પણ આજે વેપાર કરતાં કે ખેડતાં અંગ્રેજી જ્ઞાનની પડેલી જરૂર પડે છે. આ સંજોગોમાં માતૃભાષાના જ્ઞાન સાથે અંગ્રેજી ભાષાનું જ્ઞાન લગભગ દરેક માણસે મેળવવું જરૂરી છે; અને તે ઉપરાંત ધંધાનું જ્ઞાન પણ મેળવવું આવશ્યક છે. આ માટે જૂદી શાળાઓ, મિડલ કે હાઇસ્કુલો જૈનો માટે ખાસ અલગ ઉઘાડવા કરતાં સરકારી કે રાષ્ટ્રીય નિશાળોનો લાભ લેતા જનવિદ્યાર્થીઓ માટે સર્વ જાતની બીજી સગવડતાઓ કરી આપવી એ વધુ હિતકર અને લાભદાયક છે. તે સગવડો પૂરી પાડવા માટે ફ્રી બોર્ડિંગ સ્કૂલો, કે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની પદ્ધતિ પ્રમાણે 'લોન સિસ્ટમ' પર બોર્ડિંગો સ્થાપી શકાય યા સ્કોલરશીપો આપી શકાય.

સાંગલીમાં આપમાંના બંધુઓએ એક બોર્ડિંગ સ્કૂલ સં. ૧૯૭૦ માં સ્થાપી ને ૧૯૭૫ સુધી ચાલ્યા પછી કેટલાક નજીવા મતભેદો કાર્યકારી મંડળમાં પડતાં બંધ

પડી પણ આખરે સં. ૧૯૭૭ માં ચાલુ કરી અત્યાર સુધી નિભાવી રાખી છે તે માટે તેમને ધન્યવાદ છે. જૈનધર્મના ઉચ્ચ સંસ્કારો સાથે ફરજિયાત શિક્ષણ, ઉંચું નૈતિક શિક્ષણ અને હાઇસ્કૂલ કૉલેજ સુધીનું ઇંગ્લિશ-વ્યાવહારિક શિક્ષણ તેમજ પુસ્તકાલય દ્વારા વાંચનાભિરૂચિ ઉત્પન્ન કરવી તથા વધારવી, વિદ્યાર્થીઓનું સ્વાભિમાન જાગ્રત કરવું, શારીરિક બળ વધારવું અને તેમને ઉદ્યોગી, ધર્મપ્રેમી અને દેશ પ્રેમી બનાવવા એ ઉદ્દેશો તે સંસ્થાના મુખ્યપણે રાખ્યા છે તે અતિ સ્તુત્ય અને સુયોગ્ય છે. આ સંસ્થાને મદદ કરવી એ ખરૂં જ્ઞાનદાન અને સ્વામિ-વાત્સલ્યનું અંગ છે. આને હમેશાં તન મન ધનથી સહાય આપી પોષજો. તેને આદર્શ સંસ્થાન બનાવજો, અને તે દ્વારા સમસ્ત દક્ષિણ મહારાષ્ટ્રનાં બાળકો યથેષ્ટ લાભ લઇ શકે એવું કરજો—એમાં આપ સૌની શોભા છે—એમાં આપના સમાજની ઉન્નતિનાં બીજ રહેલાં છે—એથી અનેકનાં કુટુંબોનો ઉદ્ધાર છે. આવી અનેક સંસ્થાઓ જેમ જેમ સાધનસંપન્ન બની ઉત્પન્ન કરશો તેમ તેમ સમાજની હમારતની ભવ્યતામાં વધારો કરી શકશો, અને સમાજમાં રહેલ ગરીબાઇ, અજ્ઞતા અને જડતા દૂર કરી શકશો.

આવી સંસ્થા સંબંધી એ ખાસ સ્મરણમાં રાખશો કે 'તમે જેને આપો છો તેને તે ગ્રહણ કરવામાં જે સ્વમાન લોપ અથવા શરમ રહેલ છે તે અટકાવી શકાય તેવું હોય તો જ આપો.' આ એક પાશ્ચાત્ય વિચારકનું કથન છે; મહાત્મા ગાંધીજીનું આવી સંસ્થાઓ સંબંધમાં કહેલું વક્તવ્ય ખાસ નોંધવા લાયક છે અને તે એ છે કે 'આપણી ઘણી ખરી બધી સંસ્થાઓને વિષે આપણે વણિક વૃત્તિ વિશેષે જોઇએ છીએ. આ વૃત્તિને ગૌણ રાખી ક્ષત્રિય (સાહસિક) વૃત્તિને, બ્રાહ્મણ (દીર્ઘદૃષ્ટિની) વૃત્તિને અને મુખ્યત્વે કરીને શૂદ્ર (સેવા) વૃત્તિને પ્રધાન પદ આપવાની આવશ્યકતા છે.'

ઉચ્ચ શિક્ષણ.

આપણી કોમમાં ઉચ્ચ શિક્ષણ પામેલા તો બહુ અલ્પ છે. રાજદ્વારી હીલચાલમાં તો તેથી પણ અલ્પ છે. આથી સમાજને શોસવું પડે છે. તેના સાહિત્યનો ઉદ્ધાર નવીન શૈલીએ હાલના સંજોગોને અનુરૂપ થઇ શકતો નથી. પળેપળે વિધવિધ પ્રસંગો ઉપસ્થિત થતાં અન્ય કોમના સુશિક્ષિતોની મદદ લેવી પડે છે અને તે માટે ઘણું ખર્ચ કરવું પડે છે. એક સુશિક્ષિત કેટલું બધું કાર્ય કરી શકે છે તેનું એક દૃષ્ટાંત આપીશ. કોલ્હાપુરના સુધારક અને પ્રજાપ્રેમી નરેશના દિવાન સાહેબ શ્રીયુત રાવબહાદુર અન્નાસાહેબ લઠ્ઠે સુશિક્ષિત જૈન છે, તેમણે રાજ્યમાં કેટલા બધા સુધારા કર્યા, પોતાની દિગંબરી જૈન કોમને કેટલા લાભો પોતે ગ્રેજ્યુએટ થયા પછી કરી આપ્યા, એ સર્વ પર નજર નાંખીશું તો જણાશે કે ઉચ્ચ શિક્ષણ પામેલા સંસ્કારી વિવેકી અને જનસેવાપ્રેમી ગ્રેજ્યુએટો કોમ અને દેશનો ઉદ્ધાર કરવામાં પ્રબલ નિમિત્તભૂત થાય છે. શત્રુંજય અને અન્ય તીર્થના સંબંધમાં જૈન બેરિસ્ટરો, સોલીસીટરો અને વકીલો જે સહાય આપી શકે તે લઇ શકાય તો કેટલો બધો ખર્ચ જૈન સમાજને બચી જાય એ સહેજે કલ્પી શકાય તેમ છે. વળી તેમાં ધર્મપ્રત્યેની લાગણી જે કાર્ય કરે તે ઑરજ થાય એ જૂદું.

આવા ગ્રેજ્યુએટો ઉત્પન્ન કરવા માટે સાંગલી બોર્ડિંગમાંથી ઉત્તીર્ણ થઇ નીકળતા ચાલાક અને ઉંચી કક્ષાવાળા વિદ્યાર્થીઓ મુંબઇની શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો લાભ લઇ શકે તેમ છે, યા તેમને બીજી સગવડ સ્કોલરશીપ આપી તેને ગ્રેજ્યુએટ બનાવી શકાય છે.

ઉચ્ચ શિક્ષણ લેનાર જીવનના ભવ્ય આદર્શ પારખી શકે છે, તેમનામાં વિશાળ દૃષ્ટિ, ઉંચી ભાવના, ઉચ્ચ પ્રકારનો નિર્દોષ આનંદ લેવાની શક્તિ હોય છે જ્યારે અશિક્ષિત-પંડી ભટ્ટે તે લક્ષ્મીસંપન્ન હોય કે મહા વેપારી હોય તેના-માં તેવું નથી હોતું. સર પી. સી. રૉયે તાજેતરમાં ગ્રેજ્યુએટો સંબંધી જે કથન કહેલું તે મદ્રાસ અને કલકત્તાના ગ્રેજ્યુએટો માટે કહેલું કે જ્યાં આજીવિકા વગરના યા તુચ્છ પગારે આજીવકા અર્થે નોકરી કરનારા મોટા પ્રમાણમાં તેઓ મળી આવે છે. ગૂજરાતના કે આ બૃહત્ ગૂજરાતના જૈનોમાં એવી સ્થિતિ થઇ નથી. જૈન કોમને ગ્રેજ્યુએટોની—સમર્થ પ્રાતભાશાળી ગ્રેજ્યુએટોની બહુ જરૂર છે. કેળવણીના પ્રચાર માટે તેમજ આવી પરિષદો અને તેનાં કાર્યોની ફતેહ માટે કેળવાયેલાઓની સામેલીયતની ખાસ અપેક્ષા છે.

સંખ્યામાં થતા ઘટાડાને કેમ દૂર કરવો ?

(૧) જૈનોની લાચારી દૂર કરવા દાનની દિશા બદલો.

જૈનોની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે એ સંબંધેના પોકારો ઘણા વખત થયાં થતા રહ્યા છે. એનાં કારણોમાં ઉતરતાં બીજાં કારણો સાથે ગરીબાઇ અને લાચારી-બેકારી જૈનોની ખુવારી કરતી રહી છે એ વાત પણ એક કારણ છે. તો તેના સંબંધમાં શ્રીમંતો તથા સમજુ જૈનોએ યોગ્ય ઉપાયો યોજવાની જરૂર છે.

આપણી માતબર ગણાતી કોમમાં અનેક કુશળ માણસો રોજી અને નોકરીથી વિહીન છે, કેટલાક અપંગ અને નિરાધાર છે, અને કેટલાક રોગી અને અશક્ત છે તેથી તેઓનાં કુટુંબો જે હાડમારી ભોગવે છે તે જો ઉંડી રીતે તપાસવામાં આવે તો હૃદય ખિન્ન અને શીર્ણ થાય તેમ છે. આ સ્થિતિ દૂર કરવામાં રોજી કરનારને રોજી પર ચડાવવા, અશક્તને મદદ આપવી યા કાર્યગ્રહો-આશ્રમો ખોલવાં ઘટે.

જૈન ધર્મમાં ધર્મના ચાર પગથીઆં જણાવ્યાં છે. દાન, શીલ, તપ અને ભાવઃ તેમાંનું પ્રથમ દાન છે. જૈનધર્મ ગમે તેવો ઉમદા તત્ત્વવાળો અને આધ્યાત્મિક પ્રગતિ કરનારો હોય, જૈન સાહિત્ય ગમે તેવું ઉંચું અને શાંતિપોષક હોય, છતાં જ્યાં સુધી તે સર્વ એક જૈનની જીંદગીને વ્યવહારૂ રીતે પોષી ન શકે ત્યાં સુધી તે બધાં તેને શું કામનાં. ખરી પ્રગતિનાં સાધનોમાં ભાવના, સાક્ષાત્કાર અને કૃતિ એ ત્રણ મુખ્ય છે. આ ત્રણમાંથી બીજા દેશો કરતાં આ દેશમાં ભાવના અને સાક્ષાત્કાર—અથવા હૃદયપ્રતીતિ પુષ્કળ જોવામાં આવશે, પણ કૃતિની તો ઓછપજ જણાશે. આનું કારણ તપાસીશું તો જણાશે કે બીજા દેશોએ પોતાના ધર્મની ત્વરિતતા પદ્ધતિ-પુરઃસર મૂકી છે, જ્યારે આપણે તે કર્તવ્યથી વિમુખ રહ્યા છીએ તો હવે દરેક ધર્મોપદેશકે અને શ્રાવકે આપણા ધર્મના આદેશ અને ઉપદેશને યોગ્ય કાર્ય-પ્રણાલીપર મૂકવાની અતિ જરૂર છે, તેમ નહિ થાય તો જૈન ધર્મના હાલ જે અનુયાયીઓ છે તે અન્ય ધર્મમાં જશે, તેમ બીજી રીતે સંખ્યા ઘટતી જશે અને પરિણામે નહિવત્ જેવો જૈન ધર્મ રહેશે.

સરકાર રોજીનાં વધુ સાધનો, નવા ઉદ્યોગ, અને નવી જગ્યાઓ ઉઘાડે તો તો કાર્ય ઘણું સરલ અને અસરકારક થઇ શકે તેમ છે, તો પણ તે સાથે ખાનગી ગૃહસ્થોએ જાગ્રત રહેવાની અને પોતાના વર્ગને ઉપયોગી કાર્યો ઉપાડી લેવાની જરૂર છે. આ દેશ ધર્મભાવનાવાળો છે, તેથી ત્યાં અનેક જાહેર તેમજ ખાનગી સંસ્થાઓ છે કે જે સદાવ્રત આપી લોકોને ખવડાવે છે, ગરીબને અન્ન આપે છે, પરંતુ તેમાં ડહાપણ અને પદ્ધતિનો ઉપયોગ થવો જોઇએ તે નથી થતો, તેથી હજારો માણસો તેનો લાભ લઇ શકતા નથી અને ભૂખે મરે છે અને દુરૂપયોગ થાય છે. કેટલાક સંઘને અન્ન પૂરૂં પાડવામાં રૂપીઆ ખર્ચે છે યા વીલ કરી કાઢી જાય છે; પણ આથી જે ગરીબને મદદ મળે તે ક્ષણિક છે અને અલ્પ છે, તો એવી યોજના કરવી જોઇએ કે જેથી ગરીબો કાયમ અને મહાન્ સહાય મેળવી પોતાની સ્થિતિ એટલી ઉચ્ચ કરી શકે કે પછી તેને સહાય લેવાની અપેક્ષાજ ન રહે. જેમ જીવદયા પાળવા અર્થે અમુક જીવોને તેના ઘાતક પાસેથી છોડાવી લાવવા, તેના કરતાં તેના ઘાતક અને માંસભક્ષીને જીવદયાનો ઉત્તમ સિદ્ધાંત પ્રમાણદ્વારા સમજાવી તેના જ્ઞાનનો પ્રચાર કરવો-કરાવવો ઉત્તમ છે, તેવીજ રીતે એક વખત અનેકગણું ધન જમણવાર આદિમાં ખર્ચી ગરીબોને તે દ્વારા લાભ આપવા કરતાં ગરીબોને યોગ્ય રસ્તે ચડાવવા, તેઓને ધંધારોજગારમાં મદદ કરવી, અને તેઓ ઉદ્યોગાદિ શીખી શકે તે માટે સંસ્થાઓ ખોલવી અનેક રીતે અનેકગણી ઉત્તમ અને ફલદાયી છે.

(૨) જૈનધર્મ પ્રચાર.

અહિંસાનો શુદ્ધ માર્ગ એટલો બધો વિશ્વમાન્ય થઈ શકે છે કે જેની વાનગી આ યુગમાં-ગાંધીયુગમાં આપણને ઘણી મળી છે. રાજદ્વારી બાબતોમાં

પણ મહાત્માજીએ અહિંસા તત્ત્વને દાખલ કરી આ યુગને 'જૈનયુગ' તરીકે સ્થાપી દીધો છે. વળી અનેક દૃષ્ટિથી એક વસ્તુને જોઈ તેની સિદ્ધિ કે અસિદ્ધિનો નિર્ણય કરાવનારૂં અનેકાન્તદર્શન જૈન દર્શન છે. આ દર્શન વિશ્વવ્યાપક થઇ શકે તેમ છે. તો તેનો પ્રચાર કરવો એ ખાસ આવશ્યક છે.

સંસારમાં અધર્મ ફેલાયેો છે. અજ્ઞાન, કષાય, પ્રમાદથી હિંસા જ્યાં ત્યાં જોવામાં આવે છે. આવા અધઃપતનથી લોકોને બચાવી તેને જૈન ધર્મની ખૂબી-ઓ સમજાવી વીરશાસનરસી બનાવવામાં ઓછું કલ્યાણ નથી. તે ખરો પરોપકાર, દયાધર્મ અને જૈનનું સાચું કર્ત્તવ્યકર્મ છે.

તેવો ધર્મપ્રચાર કરવા અર્થે જિનવાણીનું પ્રકા-શન અને જૈન ધર્મનો ઉપદેશ એ બે આવશ્યક અંગ છે. જૈન ધર્મનાં અનેક તત્ત્વો અને સિદ્ધાન્તોનું રહસ્ય બહાર પાડવા માટે એવા ગ્રંથોની જરૂર છે કે જેથી શુદ્ધિ તત્ત્વ, ભક્તિમાર્ગ, સ્તુતિપ્રાર્થના, કર્મ સિદ્ધાન્ત, અહિંસાતત્ત્વ, સ્યાદ્વાદ–અનેકાંતવાદ વગેરે પર સંપૂર્ણ પ્રકાશ પડે. આ ગ્રંથો બૌદ્ધ ધર્મનું રહસ્ય જે રીતે શ્રીયુત ધર્માનન્દ કોસંબી લખી બહાર પાડે છે તે શૈલી પર લખાવા જોઇએ. તેમ જ બીજા કેવા ગ્રંથો પ્રકટ કરવા જોઇએ તેનો ઉલ્લેખ ઉપર થઇ ગયો છે.

જૈન ધર્મમાં રત્નપ્રભસૂરિ આદિ અનેક આચાર્યો-એ જુદી જુદી જ્ઞાતિઓમાંથી અસંખ્યને જૈન બનાવી મહા ધર્મ પ્રચાર કર્યો છે.

જૈન ધર્મનો ઉપદેશ સાચા જૈન મિશનરીઓ બની આપવો જોઇએ. આમ થવાથી સાચી શ્રદ્ધાએ થયેલ જૈનોને આપણે અપનાવવા ઘટે. સ્વધર્મમાં લાવ્યા પછી તેમના પ્રત્યે સ્નેહભાવ રાખી, તેમને સર્વ જાતની જૈન તરીકેની સાનુકૂળતા કરી આપવી જોઇએ, એટલે જૈન તરીકેના બધા યોગ્ય અધિકાર આપવા જોઇએ, કે જેથી જૈન ધર્મનો આશ્રય છોડ-વાની તેને ફરજ ન પડે. આ માટે સંગઠન બળ પણ જોઇએ તેમજ ઉપદેશકો મહા સમર્થ અને નિડર હોવા જોઇએ; આ શોકનો વિષય છે કે હિંદુ મિશનરી આર્ય સમાજિસ્ટ આગેવાન શ્રી શ્રદ્ધાનંદજીનું પ્રાયઃ પોતાના આવા પ્રચાર કાર્ય કરવાના પરિણામે ખૂન થયું છે. આવી સમર્પણા–આનો ભોગ દૃષ્ટાંતરૂપ છે.

(૩) કુરીતિઓની સુધારણા.

કુરિવાજો ભયંકર હાનિ કરી રહ્યા છે, છતાં સમાજ સમજી થઈ તે દૂર કરવાને બદલે તેને વળગી રહી છે એ શોચનીય છે.

બાળકો જ્યારે લગ્ન શું છે તે સમજતાં નથી ત્યારે તેની જોખમદારી શું છે તે તો ક્યાંથી સમજે? આવી અપકવ શરીરસ્થિતિ હોય ત્યારે પ્રજોત્પાદન રૂપ લગ્નની બેડીમાં તેઓને ધકેલવાં એ શું પાપ નથી? કન્યાની ઓછામાં ઓછી ૧૧ થી ૧૬ વર્ષની વયે અને પુરૂષની ઓછામાં ઓછી ૨૦ વર્ષની વયે લગ્ન કરવાં જોઇએ. અવસ્થાથી જર્જરીત થયેલા વૃદ્ધોએ લગ્ન કરવાં જ ન ઘટે તેમ તેઓને કોઇએ પોતાની નિર્દોષ કન્યાલક્ષ્મી સોંપી તેને અગ્નિમાં હડસેલવી ન ઘટે. આવા વૃદ્ધવિવાહથી કાચી વયમાં કે ઉગતી જુવાનીમાં કન્યાઓ બાળવિધવા થાય છે. વળી જે બાળવિધવાઓ હાલ છે તેનું સંખ્યાપ્રમાણ ઘણું મોટું છે. તેની દશા કેમ સુધરે, તેનું જીવન કેવી રીતે પવિત્રપણે ગાળવામાં આવે, તે માટે બધી કાળજી રાખવી જોઇએ કે જેથી તેઓ અનિષ્ટ કાર્ય કરતાં અટકે. કેટલીક બિચારી આજીવિકા-વિહોણી હોય છે તેમને આજીવિકા પૂરી પાડવી જોઇએ, તેમને સ્ત્રીઉચિત વ્યવસાય–ગૃહધંધાઓ શીખવવા જોઇએ. છ લાખમાં દોઢ લાખ વિધવા જે કોમમાં હોય તે કોમ કેમ વધી શકે? આટલી બધી વિધવાઓના શાપનો ખ્યાલ કરતાં હૃદય શૂન્ય થઇ જાય છે.

કુમળી બાળિકાઓનાં વેચાણ જ્યાં થવા લાગે ત્યાં તો લીલાંઉવાળાની પેઠે મોટી માગણી કરનારો તેને લઇ જાય, પછી તે ગમે તેવો અપંગ, વૃદ્ધ, કે નિર્બળ હોય. આના પરિણામે–તેનાં માબાપોની આ-લોક કે પરલોકમાં કેટલી અધોગતિ થાય તે કલ્પી શકાય તેમ છે. પેટાજ્ઞાતિઓ વધી પડી છે. દરેક તેવી પેટાજ્ઞાતિ નાની સંખ્યાના માણસોની હોય છે તેથી લગ્નનું ક્ષેત્ર એટલું બધું સંકુચિત થાય છે કે તેના પરિણામે વિષમ લગ્નો થાય છે, યા બીજી ધર્મની

જ્ઞાતિઓમાં ભળી જવાય છે. ફજૂલ ખર્ચો બહુ વધી પડયાં છે, અને અનુત્પાદક વ્યય જમણવારો, મહોત્સવો, ઉજમણાં આદિમાં કરવામાં આવે છે. તે દ્રવ્યનો જ્ઞાનપ્રચાર કે ધર્મપ્રચાર કે સાહિત્યપ્રચારમાં કરવામાં આવે તો જૈન સમાજ તરી જાય એટલે કે ખરૂં સ્વધર્મીવાત્સલ્ય જ્ઞાન દાનાદિમાં છે એમ સમજી જનો સૌ સ્વીકારશે.

સમાજ સંગઠન અને એકતા.

આપણા સમાજની શક્તિ આપણી છિન્નભિન્નતાને લઇને એકત્રિત થઈ શકતી નથી અને તેથી સામુદાયિક કાર્યો થઈ શકતાં નથી. નજીવા મતભેદોથી સાંગલી બોર્ડિંગ લગભગ બે વર્ષ બંધ રહી તેમ ન બનવું જોઇએ. મતભેદ પર સહિષ્ણુતા જોઇએ. તેમજ એવો મતભેદ થાય તો બહુમતિથી કાર્ય લેવું જોઇએ અને બહુમતિને માન આપવું જોઇએ. કદાચ મતભેદ કંઇક ઉગ્ર સ્વરૂપ પકડે તો તે દૂર કરી એકતા સાંધવી જોઈએ. વળી વીરપ્રભુના સંતાનો જ્યાં એક છે ત્યાં એકતા નભાવવી જોઇએ.

વિધિવાદ—ક્રિયાકાંડની અહીં તહીં ભિન્નતા હોય તે આગળ કરી કલેશ વધારવો ન જોઇએ. અરસપરસના ઝઘડા પંચ કે લવાદીથી, અગર પરસ્પરની પ્રેમભાવભરી સમજૂતિથી નાબુદ કરવા જોઇએ અને સંગઠન કરી સામુદાયિક કાર્યોમાં સહકારિતા અને એકતાનતા દાખવવી જોઇએ.

સંગઠનમાં વિજય છે, એકતામાં સિદ્ધિ છે, સંપ ત્યાંજ ધર્મનો-લક્ષ્મીનો વાસ છે, ત્યાંજ શાંતિ છે. સર્વ સ્થળે શાંતિ રહી જૈન સમસ્ત સંઘ એકાકારે તેના ચતુર્વિધ અંગોને સદાકાળ સહાયક, પોષક અને પ્રેરક રહે એ પ્રભુ પ્રત્યે યાચના છે.

ઉપકાર.

આજે જે ધ્યાન દઇ એક ચિત્તે આ મારા લાંબા વ્યાખ્યાનને સાંભળ્યું છે તે માટે આપ સર્વનો ઉપકાર માનું છું. આપે મને જોખમદારીવાળું જે પદ આપ્યું છે તેની જવાબદારીનું મને ભાન છે, પણ તે સર્વ જવાબદારી બજાવી શકવાની મારી અશક્તિ, અને સંયોગના અભાવથી ઉપજતી દીનતાનું પણ તેટલુંજ ભાન છે, તો હું આપ સૌ ઇચ્છો એટલી જવાબદારી સાચવી નહીં શકું તે માટે સાથે સાથે આપ સૌની ક્ષમા યાચી લઉં છું.

છેવટે એટલું ઇચ્છી વિરમું છું કે:—

જતી અસંખ્ય અમૂલ્ય ક્ષણો વૃથા
જીવન છાઇ રહી અતિ અંધતા,
પરમ-અર્થ સદાચરણે વહો,
જીવન-પંથ સુધન્ય સદા રહો.

ઉકત પરિષદ્‌ની સ્વાગત સમિતિના પ્રમુખ

શેઠ સખારામ દેવચંદનું ભાષણ.

માનનીય પ્રતિનિધિ બંધુઓ, સજ્જનો અને સન્નારીઓ:—

આપ સર્વને સ્વાગત સમિતિ તરફથી આવકાર આપતાં મને અત્યંત આનંદ થાય છે. મારાથી અત્રે અનેક વિદ્વાન તેમજ શ્રીમાન બંધુઓ વિદ્યમાન હોવા છતાં આપ સર્વનો સત્કાર કરવાનું જે મોટું માન મને મળ્યું છે એ આપ સર્વના ઉદાર અંતઃકરણની સાક્ષી આપે છે.

પરિષદ્‌નું કાર્યક્ષેત્ર વિશાળ હોવા છતાં સામાજીક અને કેળવણીના પ્રશ્નો તરફ આ વખતે વિશેષ લક્ષ ન આપતાં આ વખતે આપણા પ્રાણપ્રીય તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તરફ જોવાનું છે. બંધુઓ! આજ આપણામાં ચારે તરફ નજર કરીશું તો શત્રુંજય! શત્રુંજય! અને શત્રુંજય એજ વાત નાનાથી તે મોટા સુધી ચાલી રહી છે. એટલે લોકોનું લક્ષબીંદુ શ્રી શત્રુંજયજ હાલમાં થઈ રહ્યું છે.

આ બાબત આપ ખરેખર જૈન ધર્માનુરાગી છો એ નિર્વિવાદ પણે બતાવી આપે છે (?) તો આપણે પ્રથમ પાલીતાણા બાબત વિચાર કરીએ.

જૈન શાસ્ત્રાનુસાર શત્રુંજય તીર્થ શાશ્વતું છે, આપણા આદિ તીર્થંકર ઋષભદેવ ભગવાન વિમલગીરી ઉપર અનેકવાર સમોસર્યા અને તીર્થ પ્રવર્તાવ્યું. એમના પુત્ર ચક્રવર્તી ભરત મહારાજે આ પર્વત ઉપર એક સુંદર વિશાળ અને મનોહર મંદીર બનાવી આદિશ્વર ભગવાનંની રત્નમય મૂર્તી સ્થાપન કરી. એમના પ્રથમ ગણધર પુંડરીક સ્વામી પાંચ કરોડ મુનિઓ સાથે ચૈત્ર પૂર્ણીમાને દિવસે મુક્તિ પામ્યા. ત્યારથી પ્રતિવર્ષ ચૈત્ર પૂર્ણીમાનું પર્વ મનાયું અને હજારો જૈનો જાત્રા આવતા થયા. અનેક તીર્થંકરો, અસંખ્ય મુનિવરો, આ તીર્થપર ધ્યાનસ્થ થઇ મોક્ષે ગયા. એટલે સુધી કે કાંકરે કાંકરે અનંતા સિદ્ધા એ વાક્ય પ્રચલીત થયું, અને સમગ્ર પર્વત તેના અણુ પરમાણુ સાથે પવિત્ર મનાયો.

શત્રુંજય એ જૈનં ધર્મનું પવિત્રમાં પવિત્ર તીર્થ છે. યાત્રાનું પ્રથમ સ્થાન અને મુક્તિનો માર્ગ શત્રુંજય છે ક્રિશ્ચીયન લોકોની પવિત્ર આયોનાની માફક સૃષ્ટીના સર્વ નાશ વખતે એનો નાશ થવાનો નથી. આખા હિન્દુસ્થાનમાં એવું એક પણ શહેર નથી કે જેણે શત્રુંજય પર્વત ઉપર દેવાલય બાંધવામાં ધન ખરચ્યું ન હોય. સ્થળે સ્થળે સુંદર દેવાલયો પર્વતના શીખરોપર આરસપાણની બાંધણીમાં શોભી રહ્યાં છે.

બંધુઓ ! હવે હું તીર્થ સંબંધી જે પરિસ્થિતિ ઉભી થઇ છે તેનું જ માત્ર થોડું વિવેચન કરીશ. શ્રી શત્રુંજયની યાત્રા હાલમાં બ્રીટીશ સરકારની શાંતિજનક સાર્વભૌમ સત્તામાં રેલ્વે વિગેરેના અનેક સાધનોથી જેવી નિર્ભય અને સહેલી થઈ છે, તેવું આગળના વખતમાં ન હતું.

સને ૧૬૫૧ નો સમય પાલીતાણાના યાત્રાળુઓ માટે વધારે ભય ભરેલો દેખાવાથી જૈન કોમના આગેવાનોએ તે વખતે ગારીયા ધારમાં વસતા ગોહેલ રજપૂતોને ચોકી પહેરો કરવાને નીમ્યા અને અમૂક બદલો આપવાનું નક્કી કર્યું. આવી રીતે ગોહેલ રજપૂતોને પાલીતાણે લાવવામાં આવ્યા. ગોહેલોએ સ્વભાવાનુસાર એ ક્ષેત્રમાં પોતાનો પ્રસાર કરવા માંડયો અને, સને ૧૮૨૦ માં તો રખોપા વાસ્તેનો બદલો પણ આરબોને ગીરે સોંપ્યો, જે આરબોએ જૈનોનેજ કનડવાનું શરૂ કર્યું, અને જૈન ધર્મની વિરુદ્ધ અનેક પ્રકારનું વર્તન ડુંગરપર ચલાવ્યું. તેથી તે વખતના જૈન આગેવાનોએ મુંબઇ સરકારને અરજી કરી જેમાં બીજી દાદો સાથે પાલીતાણા પરગણું તથા શત્રુંજય પર્વત પાછો સોંપાવી દેવાની અરજ કરવામાં આવી. એ વખતે મુંબઇ જૈનોની માલીકીનો સવાલ બાજુએ રાખી રખોપા સંબંધી માત્ર તાત્કાલીક મુશ્કેલીઓ જે આરબોથી ઉભી થઇ હતી. તે દુર કરી રૂ. ૪૫૦૦ ઉઘડા આપવા ઠરાવ્યું. ત્યાર પછી થોડાંક વર્ષો ગયા બાદ તે વખતના ઠાકોરે ફરીથી આ પ્રશ્ન ઉપાડયો અને જણાવ્યું કે દેવાલય બાંધવાની જમીન બદલ રકમ માંગવા તેને હક્ક છે. મેજર કીટીંજ પાસે લંબાણથી તપાસ ચાલી અને રખોપામાં પાલીતાણાની કુલ માંગણીનો સમાવેશ કરી રૂ. ૧૦૦૦૦ ની વાર્ષિક રકમ ઠરાવી. સને ૧૮૭૩ માં વળી નવી માંગણી કરવામાં આવી. સને ૧૮૭૭ માં મુંબઇ સરકારનો પ્રસિદ્ધ હુકમ થયો, તેની અંદર પાલીતાણા ઠાકોર તથા જૈન કોમે અરસપરસ કેવી રીતે વર્ત્તવું અને એક બીજાના હક્ક શા છે તેના એક વચગાળા રસ્તા તરીકે પાલીતાણાના ઠાકોરની માગણીને માન આપી તોડ કાઢી, જૈન કોમને પોતાના પુરેપુરા હકકો મંજુર કરવામાં ન આવ્યાથી અસંતોષ ફેલાયો. અને ૧૮૭૭ ના ઠરાવોને પૂરેપુરૂ માન આપ્યા છતાં આ બાજુ પાલીતાણા ઠાકોરે વળી કનડવાની શરૂઆત કરી, તેના ત્રાસથી દૂભાયેલા જૈનોએ ફરીથી બ્રીટીશ સરકારને અરજીઓ કરી અને જે ન્યાય આપે તે કબુલી લઈ શાન્તિથી બેસી રહેવુંજ પસંદ કર્યું. છેવટે ૧૮૮૬ માં બ્રિટીશ સરકારે ૪૦ વર્ષ માટે રખોપાનો કરાર કરાવ્યો, જેમાં જૈનોએ ૧૫૦૦૦ રૂપિયા વાર્ષિક રખોપા દાખલ આપવા ઠરાવ્યું. એક બાજુએ પૈસા નીચોવી નાખવાનો ધંધો કર્યો. અને બીજી બાજુ જૈનોના હકકો ઉપર નવી નવી રીતે ત્રાપો મારવાનું

શરૂ કર્યું અને એવીજ રીતે છેવટે ૪૦ વર્ષની મુદત ગયા એપ્રીલની પહેલી તારીખે ખલાસ થઇ. અને પાલીતાણા ઠાકોરે રૂ. ૨ મુંડકા વેરો નાખ્યો. આ બાજુ બ્રિટિશ સરકારને જેટલી આ સંબંધે અરજીઓ થઇ તેનો જબાબ મૌનમાંજ આવ્યો. જનોએ સર્વત્ર યાત્રાત્યાગનો ઠરાવ કર્યો. છેવટે રખોપા સંબંધી હાલમાં ઠરાવ બહાર પડયો છે તદનુસાર જૈનોએ ૧૦૦૦૦૦ એક લાખ રૂપિયા રખોપા માટે આપવા. બંધુઓ ! શ્રી શત્રુંજય માટે આવી આફતનું વાદળ આપણા માથે છે જેનો વિચાર આપ સર્વેએ કરવાનો છે.

જ્યાં મુળ નાયકજ નહીં પરંતુ સંપૂર્ણ પરિવાર સૌ જૈનોથી પૂજાતો, જ્યાં મંદીરો, દેહરીઓ, પાદુકાઓ, અને ડુંગરની રજેરજ પુજાતી ત્યાં હાલ સર્વ અપૂજ્ય દશામાં આવી પડયું છે. તમારા હૃદયની લાગણીઓ તમારી ફરજ બજાવવા શું તમને નથી ઉશ્કેરતી ?

હવે આપનો વધારે વખત ન લેતાં આપણી આ પરિષદનું થોડાંક વાકયોમાં વિવેચન કરીશ, પરિષદને ત્રણ અધિવેશન થયાં અને આ ચોથું છે. પરિષદ માટે દિનપ્રતિદિન પ્રેમ વધવો જોઇએ તેના બદલે દોષજ લોકો મુકતા દેખાય છે. સારા કામમાં પગલે પગલે અડચણો આવે છેજ અને તેવી અડચણો આવ્યા શિવાય કાર્યની કિંમત પણ થતી નથી. તે પ્રમાણે મહત્ પ્રયાસે આજની આ પરિષદને આપ અનુભવો છો. બંધુઓ ! વિચાર કરો કે દોષ દેવાથી કાર્ય થતું નથી. જેને સમાજના હિતની કાળજી છે, સમાજ તરફ પ્રેમ છે, તે તો દોષ આપી બેસી નહીં રહે પણ દોષ હોય તો સુધારવા પ્રયત્ન કરી કામ કરી બતાવશે. જેને કંઇજ કામ કરવું નથી અને ફકત દોષજ કાઢવા છે તેનાં વાકયોની સમજદાર ગ્રહસ્થ આગળ શી કિંમત હોઇ શકે ? પરિષદ આપણા બધાની બનેલી છે. થયેલા ઠરાવોનો આપણે દરેક જણ પોતાના ઘરમાં અમલ કરીશું તો પરિષદના ઠરાવોની પણ કિંમત રહેશે અને દોષદષ્ટવાળાઓને પણ દોષ કાઢવાનું ન મળતાં કાંતો તમારી સાથે મળી જશે (સુધરશે) અગર સદાને માટે પોતે મૌન રહેશે.

બીજી બાબત અત્યારે મને એક યાદ આવે છે અને તે એજ કે આપણી ભાવી પેઢીના ઉદ્ધારની કુંચી એટલે સાંગલીમાંની બોર્ડિંગ છે કે જ્યાં હાલમાં લગભગ ૨૪ વિદ્યાર્થીઓ આપની ઉદારતાનો લાભ લે છે. આપને જાણતાં અજાયબી અને આનન્દ થશે કે એકસંબાની આપણી પહેલી બોર્ડિંગ કે આપણી આ સંસ્થાને પુનર્જીવન આપેલ છે. એ વખત બોર્ડિંગ ફરીથી ચાલુ કરવાના પ્રશ્ન તરફ કેટલાકોએ અણગમો બતાવ્યો હતો. પણ કામ ખંત અને સતત્ પ્રયાસ કરવાથી આજ આ સંસ્થાને સંગીન રૂપ પ્રાપ્ત થયું છે. આ સંસ્થાનો અહેવાલ તેના સેક્રેટરીઓ રજુ કરવાનાજ છે પરંતુ મેં જે હકીકત સંસ્થાની રજુ કરી છે તે ફકત મારી અન્તરની લાગણીઓની પ્રેરણાથી અને મને સમાધાની થયેલી છે તેથી. સંસ્થામાંથી ત્રણ વિદ્યાર્થીઓએ પોતાનો હાઇસ્કૂલનો કોર્સ પૂરો કર્યો. એકને ડાકટરી કોર્સ માટે મુંબઇ મોકલવામાં આવ્યો છે અને બાકીનાઓએ કૉલેજ જૉઇન કરેલી છે. આ શિવાય બીજા વિદ્યાર્થીઓ હાઇસ્કૂલના અભ્યાસવાળા છે.

આ સંસ્થાની આવી રીતે ક્રમશઃ ચડતી કળા, તથા આપણી આ પરિષદની ૪ થી બેઠક અને આપના બધાનો ઉત્સાહ એ બધું શું સૂચવે છે ? શિક્ષણ અને શિક્ષણ તરફ વધતી જતી દિન પ્રતિદિન અભિલાષા. એ આપણી ઉન્નતિનું ચિન્હ ન કહેવાય ?

મારૂં ભાષણ હવે પુરૂં કરતાં પહેલાં આપણામાંના કેટલાક હાનીકારક રીવાજો તરફ આપનું ધ્યાન ખેંચું છું. શાસ્ત્રોએ પણ દેશકાળ પ્રમાણે રીવાજોમાં ફેરબદલ કરવા છુટ રાખી છે અને તે એટલાજ માટે કે તમારી પ્રગતિને ખલેલ ન પહોંચે. દરેક માણસને વિચાર કરવાની શક્તિ હોય છે. આપનું આપનું દીલ કહેતું હોય કે આ રીવાજ ખરેખર હાનીકારક છે તો તેજ વખતે તેને દૂર કરવાનું પ્રથમ તમારા ઘરમાંથીજ અમલમાં મૂકાવો અને નિર્ભયપણે સમાજ આગળ તમારા

ખરા પ્રમાણિક વિચારો દર્શાવો. તેમની શંકાઓનું સમાધાન કરો અને આવી રીતે સમાજની પ્રગતિના વેગને વધારી સ્હાયભૂત બનો.

પરિષદમાં ખાસ આપણે માટે દૂરદૂરથી સારા સારા વિદ્વાનો અત્રે પધારેલા છે. તેઓ આપણા હિતેચ્છુ છે તો તેમનાં દરેક વાક્યને વિચારી, મનન કરો. તેમાં તલ્લીન થાઓ અને તે પ્રમાણે આપના આત્માને પૂછી આપની જ્યાં ભૂલ થતી હોય ત્યાં વિના વિલંબે સુધારો કરો.

એકસંબાની પહેલી બેઠકને આજ લગભગ ૬ વર્ષ થઇ ગયાં અને તેટલી મુદ્દતમાં આ ચોથી બેઠક છે. નિપાણીની ત્રીજી બેઠક પછી જ્યારે ચોથી માટે કંઇપણ વ્યવસ્થા જણાઈ નહીં ત્યારે મને સ્વાભાવિક રીતે લાગ્યું હતું કે હજી આપણા લોકો ઉંઘે છે. આ બાજુ તેના ખંતી કાર્યવાહકોએ બેઠક બોલાવવા નિપાણી મુકામે મેનેજિંગ કમિટિ બોલાવીને પરિષદની ૪ થી બેઠક કુંભોજના ડુંગર ઉપર ઠરાવી પણ કેટલીક અગવડોના લીધે શિરોળ રોડ ઠેકાણું નક્કી કરવું પડયું. પરિષદને આમંત્રણ આજ સુધી અમુક ગામ તરફથી મળતું હતું અને તેથીજ આટલુ ખરચ કોઈ ગામ સહન કરવા તૈયાર હોય તેજ આમંત્રણ આપી શકે એ અડથળાને કાયમને માટે દૂર કરવા અધિવેશનનું ખરચ સભાની જુજ સિલ્લકમાંથી કરવું અને જમવાને માટે ટિકિટ રાખવી. એમ સર્વાનુમતે ઠર્યું. આવી રીતે યોજના કરી હતી પરંતુ હજી આપણા સમાજમાં હરીના લાલ સ્વધર્મ પ્રેમી પડેલા છે. અને તેઓએ અમારી યોજના અમલમાં મૂકવા ન દીધી અને નોકારશીઓ નોંધાવી. આ પણ કંઇ ઓછું સમાધાનકારક નથી. બીજી કૉનફરન્સોના પ્રતિનિધિઓને જમવાની ટિકિટ અલાયેદી લેવી પડે છે પરંતુ આ બાબતમાં તો આપણી મહારાષ્ટ્ર કોમે હજી પાછી પાની બતાવી નથી.

પરિષદની બેઠક કારતક વદમાં ઠરેલી હતી પરંતુ અધ્યક્ષની ચુંટણીમાં ઘણોજ વખત વીતી ગયેલો હોવાથી બરું કામ અને તૈયારી આ છેવટના ૧૦ દિવસમાં કરવી પડી છે અને તેથી આપ મહાશયોની કોઇપણ રીતે ગેરસોઇ થઇ હોય તો તે માટે આપ સર્વની ક્ષમા ચાહી અને આપ સર્વ પોતપોતાના ઉદ્યોગ ધંધાને છોડી તથા અનેક અગવડો સહન કરી અત્રે પધારેલા છો તે માટે સ્વાગત સમિતિ તરફથી ફરીથી એક વખત આભાર માની પ્રમુખ મહાશયને વિનતિ કરીશ કે પોતાના વિદ્વતાભર્યા ભાષણથી આવા પ્રસંગપર ઉત્તમ સલાહ આપી તેઓ માર્ગદર્શક બને. અસ્તુ.

પરિષદ્‌માં પાસ થયેલા ઠરાવ.

ઠરાવ ૧ લો—ભારતવર્ષના એક નેતા અને હિંદુઓના મહાપુરુષાર્થી નિડર અને મહાનેતા સ્વામી શ્રી. શ્રદ્ધાનંદજીનો સ્વર્ગવાસ ખૂન થવાથી હમણાં થયો છે. તે ભયંકર કૃત્ય પ્રત્યે આ પરિષદ પોતાનો અતિશય નિષેધ અને દુઃખ જાહેર કરે છે. અને ધર્મ તથા સમાજ માટે પ્રાણાર્પણ કરનાર તે સદ્‌ગતનો આત્મા અવિચલ શાન્તિ ભોગવો એમ ઇચ્છે છે.

ટીપ—આ ઠરાવની નકલ તેમના પુત્રપર મોકલી આપવી. પ્રમુખ સ્થાનેથી.

ઠરાવ ૨ જો—કલા કૌશલ્ય અને હુન્નરોદ્યોગનું પુનર્જીવન કરવા અર્થે તેમજ દેશના ઉદ્ધારાર્થે શુદ્ધ સ્વદેશી કાપડ અને સ્વદેશી ચીજો વાપરવાની આ પરિષદ દરેકને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

પ્રસ્તાવ–શ્રી ભોગીલાલ જૈની–પૂના.
અનુમોદન—શેઠ અમેંચદ પદમશી નવનીહાળ.
સમર્થન—બાઇ પાનબ્હેન મુંબઇ.

ઠરાવ ૩ જો—આપણે મૂળ ગુજરાતથી અહીં આવી ગુજરાતી તરીકે વસીયે છીયે, છતાં આપણામાં ગુજરાતી ભાષાનો લોપ થતો જાય છે. એ યોગ્ય નથી. તેથી નિત્ય વ્યવહારમાં–કુટુંબીઓ સાથે તથા ગુજરાતીઓ સાથે મુખ્યપણે ગુજરાતી ભાષામાં સર્વ વ્યવહાર કરવો અને તે શિક્ષણનો આપણા

સંતાનો માટે યોગ્ય પ્રબંધ કરવો એમ આ પરિષદ આગ્રહ કરે છે.

ઠરાવ મૂકનાર—શેઠ રેવચંદ તુળજારામ નિપાણી.
અનુમોદન—રા. ગોકળદાસ નાનજી ગાંધી રાજકોટ
સમર્થન—રા. ભોગીલાલ જૈની-પુના.

ઠરાવ ૪ થો—કે. આપણા પવિત્ર મહાતીર્થ શ્રી શત્રુંજય સંબંધમાં વેસ્ટર્ન ઇન્ડીઆ સ્ટેટના એજંટ ટુ ધી ગવર્નર જનરલ મી. સી. સી. વોટસને જે વિલક્ષણ અને અમાન્ય ચુકાદો આપ્યો છે તે પ્રત્યે આ પરિષદ સખ્ત વિરોધ જાહેર કરે છે, અને તે તીર્થપરના આપણા વંશપરંપરાપ્રાપ્ત સ્થાપિત હક્કો સામે જે જે આક્રમણો પાલીતાણા સ્ટેટે કરેલા છે તે પ્રત્યે સખ્ત અણગમો જાહેર કરે છે.

ખ. જ્યાં સુધી શ્રી શત્રુંજય સંબંધી સંતોષકારક પરિણામ ન આવે ત્યાં સુધી તે તીર્થની યાત્રાનો લાગ ચાલુ રાખવા આ પરિષદ સમસ્ત જૈનને આગ્રહ કરે છે.

ગ. વિશેષમાં શત્રુંજય પ્રકરણમાં સંપૂર્ણ વિજય મેળવવા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જે જે યોગ્ય પગલાં ભરે તેને આ પરિષદ અંતઃકરણપૂર્વક ટેકો આપે છે અને

ઘ. તે સંબંધી જે જે હીલચાલો ચાલે તે સઘળા સકળ સંઘ પાસે જાહેર કરવા માટે તે પેઢીને વિનયપૂર્વક આગ્રહ કરે છે.

પ્રસ્તાવ—શ્રી. પોપટલાલ રામચંદ શાહ પૂના.
અનુમોદન—શ્રી. ઓધવજી ધનજી સૉલિસિટર મુંબઇ.
સમર્થન–શેઠ લાલચંદ દેવચંદ–સાંગલી.
,, શ્રી. ગોકળદાસ નાનજી ગાંધી રાજકોટ.
,, શેઠ શાન્તિલાલ ઉજમશી મુંબઈ.
,, શ્રી. વિઠલરાવ કૃષ્ણ જોષી.
,, શ્રી. શ્રીમંતરાવ તાખાડે–સાંગલી.
,, શ્રી. પાટીલ સંપાદક–સત્યવાદી.
,, શ્રીમતી કલયંત્રીબાઇ–સાંગલી.

ઠરાવ ૫ મો—આપણી સમાજમાં એક પણ જૈન કેળવણીથી બેનશીબ રહે નહીં એવી સ્થિતિ લાવવાની ખાસ અગત્ય છે. માટે આ પરિષદ ભલામણ કરે છે કે દરેક જૈને પોતાની પુત્રી અને પુત્રોને ધાર્મિક શિક્ષણ સહિત વ્યાવહારિક શિક્ષણ અવશ્ય આપવું–અને તે માટે દરેક જાતની સગવડો બોર્ડીંગો અને સ્કૉલરશિપો શ્રીમંતોયે પુરી પાડવી.

પ્રસ્તાવ. શ્રી. મગનલાલ એમ ગાંધી બી. એ.
અનુમોદન––શ્રીમતી કોકીલા બ્હેન.
સમર્થન–કેશવલાલ મંગળદાસ શાહ બી. એ. પૂના.

ઠરાવ ૬ ઠો—જૈન સમાજમાં દિન પ્રતિદિન સંખ્યા ઘટતી જાય છે. તેનાં અનેક કારણો પૈકી લગ્નોનું સંકુચિત ક્ષેત્ર, બાલલગ્ન–વૃદ્ધલગ્ન–કન્યાવિક્રય ઇત્યાદિ હાનિકારક રીવાજો કારણ છે તો તે હાનિકારક રીવાજો દૂર કરવા આ પરિષદ આગ્રહ કરે છે.

પ્રસ્તાવ—શાહ દીપચંદ ભાઇચંદ. બી.એ. સાંગલી.
અનુમોદન––શેઠ લલુભાઈ કરમચંદ દલાલ મુંબઇ.
સમર્થન—રા. ભોગીલાલ જૈની, પૂના.
,, શેઠ મણીલાલ પુરૂષોત્તમ કોલ્હાપુર.

ઠરાવ ૭ મો—જૈનોના અહિંસા માર્ગ અને અનેકાંતદર્શન વિશ્વમાન્ય થઇ શકે તેમ છે તો તેનો પ્રચાર હિંસા અને અજ્ઞાનમાં રહેતા લોકોને પાક્કા વીરશાસનરસી બનાવવામાં કરવો એ જૈનોનું સાચું કર્તવ્ય છે. અને તે માટે પ્રચારકો તેમજ જૈન સિદ્ધાંતો સ્પષ્ટતાથી સમજાવે એવા દરેક ભાષામાં ગ્રંથો બહાર પડે એ આવશ્યક છે, એમ આ પરિષદ સ્વીકારે છે.

પ્રસ્તાવ—શેઠ ચુનીલાલ છગનલાલ સાંગલી.
અનુમોદન—રા. કેશવલાલ મંગળદાસ શાહ. પૂના.

ઠરાવ ૮ મો કઃ—જૈન સમાજના શ્વતાંબર દિગંબર તથા સ્થાનકવાસી સંપ્રદાયો વચ્ચે જ્યાં જ્યાં મનઃક્ષોભ થવાનાં કારણો હોય ત્યાં ત્યાં તે કારણો પ્રીતિ અને શાંતિપૂર્વક દૂર કરી અખિલ જૈન સમાજમાં ઐક્ય અને સંપ સ્થાપવાની આ પરિષદ સર્વ ભાઈઓને ભલામણ કરે છે,

ખ. તથા હૂબળીમાં દિગંબર ભાઇઓએ પોતાની પરિષદ ભરી તીર્થસ્થાનોનું ઐક્ય જાળવવા જે દિગંબર શ્વેતાંબર ભાઈઓની કમિટી સ્થાપી છે તેના માટે આ પરિષદ પોતાની પસંદગી જાહેર કરે છે.

ઠરાવ મૂકનાર —રા.પોપટલાલ રામચંદ્ર શાહ પૂના.

અનુમોદન—શ્રી.બાળગૌંડા આમગૌંડા પાટીલ સાંગલી.
,, શેઠ ડુંગરચંદ અમથારામ એકસંબા.

ઠરાવ ૯ મો—આપણાં દેરાસરોના હિસાબ પ્રસિદ્ધ થતા ન હોવાથી તેના વહીવટદારોપર અવિશ્વાસ આવે છે અને આક્ષેપો મૂકાય છે. તો તેઓએ પોતાના સ્વમાન અને પ્રતિષ્ઠા જાળવવા દરવર્ષે પોતાના વહીવટના દેરાસરોનો હિસાબ પ્રસિદ્ધ કરવો આવશ્યક છે એમ આ પરિષદ માને છે. આ ઠરાવની નકલ આ પરિષદના મંત્રીએ દરેક દેરાસરના વહિવટદારપર મોકલી આપવી.

મુકનાર—શેઠ રાજારામ મિયાચંદ કરાડ.
અનુમોદન—શેઠ ડુંગરચંદ અમથારામ એકસંબા.
,, શેઠ ચતુરભાઈ પીતાંબર સાંગલી.
,, શેઠ મણીલાલ દીપચંદ સાંગલી.

ઠરાવ ૧૦ મો—શ્રી બાહુબલી ડુંગરપરના દેરાસરના વહિવટનો હિસાબ બતાવવા અને પ્રસિદ્ધ કરવાની અનેકવાર માગણી કર્યા છતાં તેના વહિવટદારે તેમ કર્યું નથી તો તે વહિવટનો હિસાબ લેવા તથા પ્રસિદ્ધ કરવા નીચેના ગૃહસ્થોની એક સમિતી આ પરિષદ નીમે છે.

૧ શેઠ કૃષ્ણચંદ હુકમચંદ કાલવડેકર.
૨ ,, આત્મારામ નેમચંદ નિપાણી.
૩ ,, રામચંદ્ર દલુચંદ.
૪ ,, ડુંગરચંદ અમથારામ એકસંબા.
૫ ,, રાજારામ મિયાચંદ કરાડ.
૬ ,, સરૂપચંદ ગંગારામ સાંગલી.

ઠરાવ મુકનાર—શેઠ નાનચંદ ભાયચંદ એકસંબા.
અનુમોદક—શેઠ નેમચંદ જેઠીરામ નિપાણી.

ઠરાવ ૧૧ મો—નિપાણીએ ભરાએલ પરિષદ વખતે પરિષદના બંધારણ માટે નિયમો ઘડવા જે કમિટી સ્થાપન કરવામાં આવી હતી તે કમિટીએ મેનેજિંગ કમિટીની મંજુરીથી સત્તાવીશ નિયમો ઘડેલા છે. તે સર્વ નિયમો આ પરિષદ માન્ય કરે છે.

મુકનાર—શેઠ નાનચંદ ભાઇચંદ એકસંબા.
અનુમોદન—શેઠ મોતીચંદ કૃષ્ણચંદ જુગુલ.

ઠરાવ ૧૨ મો—શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વેતાંબર બોર્ડિંગના સેક્રેટરીએ રજુ કરેલ સંવત્ ૧૯૮૧ આખરનો રિપોર્ટ આ સભા પાસ કરે છે. તથા સંવત ૧૯૮૨ આખરની વ્યાજ તથા લવાજમ વિગેરેની રકમ વસૂલ કરવા સંમતિ આપે છે.

મુકનાર—શેઠ હીરાચંદ કુબેરચંદ વિજાપુર.
અનુમોદન—શેઠ નેમચંદ જેઠીરામ નિપાણી.

ઠરાવ ૧૩ મો—મંત્રી વિગેરેની નિમણુંક.

મહાત્મા ગાંધીજીને.

નવજીવન પુસ્તક ૮. અંક ૬ માં આપશ્રીનો અગ્ર લેખ **આ તે જીવ દયા ?** એ નામે છે તેમાં આપશ્રીએ હડકાયાં કુતરાંને મારવામાં અલ્પ પાપ ગણ્યું છે અને તેથી જન સમાજમાં રહેતા મનુષ્યે તેને મારવા સિવાય બીજો રસ્તો રહેતો નથી. વળી રખડતાં કુતરાંને ખાવાનું દેવામાં પાપ છે, વગેરે વગેરે ઘણું ઘણું એવું લખી નાંખ્યું છે કે સામાન્ય સમાજ જેમને અહિંસાની પૂરેપૂરી લાગણી છે તે હેબતાઈ જાય.

મહાત્માજી, આ બિચારાં કુતરાં પોતાની મેળે મનુષ્ય સંસર્ગમાં આવ્યાં નથી. મનુષ્યોને જરૂર હતી માટે તેઓ તેમને પોતાની પાછળ ખેંચતા આવ્યા છે. હાલનાં કુતરાંઓ અગાઉ વરુ, શિયાળ, લોંકડી વગેરેની પેઠે જંગલમાં કલ્લોલ કરતાં હતાં, હૃષ્ટપુષ્ટ હતાં, પોતાનો નિર્વાહ પોતાની મેળે આ મહાન્ વિશ્વમાંથી કરી લેતાં હતાં. તેમાં જ્યારે મનુષ્યને સમૂહમાં રહેવાની જરૂર પડી ત્યારે ચોકીદારી વગેરે કારણે પોતાનાં બીજાં કુટુંબીઓ કરતાં ભોળા જાત... કુતરાંને પોતાની પાસે રાખ્યાં. એ વખતે મને રૂપક રૂપે કહેવા દો કે તેમનાં બીજાં પિત્રાઈઓએ ઘણી ના પાડી કે અરે મૂર્ખાઓ, એ મનુષ્યો કોઈના

થયા નથી ને થશે નહિ; માટે લોભાઓ ના, જાઓ નહિ. એમના ઓઠા ને સ્વાદીલા ટૂકડાથી ખેંચાઓ ના, અહીં આપણે કાચું કાચું ભલે ખાઇએ; પડયા રહો; પણ તેઓએ માન્યું નહિ ને કુતરાઓ તો ગયા. વંશવિસ્તાર વધ્યો. જ્યાં લગણ માણસોને તેમની પૂર્ણ જરૂર હતી ત્યાં લગી તો તેમને પાળવામાં –સંતોષવામાં આવ્યાં. પણ હવે તો પોલીસ (સારી વા માઠી) ઘણી વધી, રાજ થયું ક્રિસ્તાની, તેઓને તેમનો શબ્દ–અવાજ કર્ણકટુ લાગ્યો અને બાર વાગ્યા. ભૂખ્યાં રહે, પાણી ન મળે, તેથી જે તે ખાય, લાદ ખાય, અને હડકવા ચાલે એ બધાનો દોષ માણસોને માથે છે. ઘણે ભાગે શહેરનો ભૂખે મરતો, પાણી વિનાનો કુતરો જ હડકવાના રોગનો ભોગ થશે. જંગલનો કે ગામડાનો જવલ્લેજ થશે. હવે આ બિચારાંને માથે જુલ્મ, ત્રાસનો વરસાદ વરસે છે.

આંહીંથી પકડાવી આંહી મોકલાવાય છે, ખાડોમાં નાંખી ત્યાં રોટલા પાણી અપાય છે, પાંજરાપોળો સંધરે છે, ગોળીએ મારવામાં આવે છે, ઝેરના લાડુ અપાય છે, ઇત્યાદિ મારી દ્રષ્ટિએ જુલ્મોનો વરસાદ વરસાવવામાં આવે છે. એ શૂરવીર પણ મનુષ્ય પાસે રાંક પ્રાણી એ બધું અતિ આક્રન્દ કરી કરૂણ ભાવે સહન કરે છે. જંગલમાં જવાનો પણ હવે સમય રહ્યો નથી. ત્યાં તેના પિત્રાઇઓ હવે તેમને બીજી જાતના જોઈ એક ઇંચ પણ જગા આપવા ના પાડે છે. આથી નહિ ધરના ને નહિ ધાટના એવા તેના હાલ થયા છે. જાઓ, અહીંથી, માણસોની સોડમાં રહો તે તમને પાળશે. પ્રથમ કાં ન માન્યું, વગેરે શબ્દો તેના પિત્રાઇઓ કહે છે.

તેમાં આપશ્રીએ આ અંકમાં તેમને મારવામાં અલ્પ પાપ અને ઘણું પુણ્ય, અથવા મારવાથી અલ્પ પાપ ને ન મારવામાં મહા પાપ તેથી મહા પાપમાંથી અલ્પ પાપ બાદ કરીએ તો બાકી ઘણો વટાવ રહે છે અને મહાજન તો વટાવનેજ વાંછે. આથી આપના અનુયાયીઓ તો જ્યાં હડકાયાં દેખે ત્યાં કોઇને કોઇ રીતે વહેલામાં વહેલા મારવામાં ભારે પ્રવૃત્તિ કરશે, બોધ પણ કરશે, પત્રિકાઓ પણ વહેંચશે. એનાં પરિણામ વળી આપશ્રીને જે પ્રગમે તે ખરાં. મહાત્માઓ તો સદા અખંડાનંદી હોય, આજ્ઞા, આજ્ઞાપ્રચાર, આજ્ઞાપરિણામ ત્રણેમાં તેઓ તો સમભાવી હોય. તેથી આપની તો આ કામમાં છેવટ લગી એકજ ભાવના રહેવાની. જો કે મહાત્માઓના પણ મહાત્મા પ્રભુને ત્યાં મહાત્માનો હિસાબ થાય તે ખરો.

તરત મારી નાંખવું, તરત મરી જવું, રીબાઇને મરવા દેવું તેના કરતાં એકદમ પ્રાણ સંહરવા, એના અર્થમાં આપની આ આજ્ઞા એક અપેક્ષાએ જાય છે તે પણ આપ સ્મૃતિમાં લેશો એવી આશા છે. કયો પ્રાણી પંડિત–મરણે મરે છે અને કયો પ્રાણી બાલ–મરણે મરે છે તે જાણવાનું કામ તો મહામહાજ્ઞાની–કેવળજ્ઞાની જેવા મનુષ્યનું છે. સામાન્ય જનસમાજ તેમાં ઘણી ભૂલ કરે છે તે પ્રમાણે હડકાયાંને તરત મારવાથી તે બિચારૂં પ્રાણી છૂટે છે, અને બીજાને કરડયાથી જે વિષમ પરિણામનો વિસ્તાર વધે તે પણ બંધ થાય છે. આ બે લાભો આપશ્રીએ ગણ્યા હોય તો તેનો જવાબ નીચે પ્રમાણે છે. —તે પ્રાણી છૂટયું કે અતિ કષ્ટ પામી પ્રાણ કાઢવા પડયા ત્યારે મરણ પામ્યું?–તે જોવા જેવું છે. જે માણસને ૧૦૦૦૦૦નું દેણું છે તે રોજ ૧–૧ રૂપીઓ આપે તો ઘણી સહેલાઇથી આપી શકે પણ મોટા હપ્તા કરે વા એક આંકડે લેણદાર લે તો ઘણુંજ કષ્ટ પડે. એનો અર્થ કોઇ એમ પણ કરે કે ૧ લાખ રોજ લગી દેણીઆત રહેવું તેના કરતાં એક સાથે છૂટકો. પણ તેતો દેણદારની ત્રેવડ, મન, સહનશક્તિ અને સંજોગપર છે માટે જે હડકાયાને તરત માર્યું તેમાં તેને સુખ થયું કે દુઃખ થયું તે સામાન્ય સમાજ કહી શકે નહિ. જન્મથી ઘરડપણનું દુઃખ અતીવ છે અને મરણનું દુઃખ તો તેથી પણ અસંખ્ય ગણું છે. સૌ પ્રાણીને ભલે તે લૂલું હોય, લંગડું હોય, આંધળું હોય ત્યારે પણ એક અવયવને જરા ફટકો મારવાથી તરત જણાઇ આવશે કે તેને શરીરમાં–એવા અતીવ દુઃખદાતા શરીરમાં રહેવું હજુ પણ ઘણું ગમે છે. આ સ્થિતિ કીડીથી કુંજર લગી, મનુષ્યમાં પણ એક સરખી છે. છતાં એ પ્રમાણે કરવાનું માત્ર મનુષ્ય સિવાયનાં પ્રાણીઓના નસીબમાં આવે છે અને

મનુષ્ય તો પોતાના નિયમો પોતાના સ્વાર્થની ખાતર જૂદા બાંધે છે. આથી સ્પષ્ટ જણાય છે કે કોઇપણ અતિ દુઃખી, સર્વે ઇંદ્રિયોએ, અરે આખે શરીરે બળી જુદું થઈ ગયેલો હોય તેવા જીવને પણ પોતાના વર્તમાન શરીરમાંથી નીકળતું ગમતું નથી. નથી ગમતું છતાં જીવને દેહમાંથી પરાણે કાઢવાનું કામ સામો ઘણી હિતકર માને એ પણ કુદરતની અવનવી કળા છે. એવી એની માન્યતા તેને મુબારક હો. તેના પોતાના શરીરની એવી દશા હોય છે ત્યારે તેને તે પ્રમાણે કરવામાં આવે તેનો ચિતાર કે અસર અત્યારે તેને નજ થાય. માટેજ હિંદુ મહાત્માઓએ મરતા જીવોને, મરવાને તરફડીઆં મારતા જીવોને પણ કાંતો દવા-ઉપચાર કરી આરામ કરવાના ઇલાજ શોધવા, નહિ તો શાંત ચિત્તે કુદરતના નિયમોને જોઇ તેનું પાલન કરવું. તે નિયમો પી જવા. હડકાયા કુતરા માટે પણ એજ દશા છે. તેને જો મારીએ તો—

સર્પ, વીંછી, કાંકીડા, ગરોળી, ઉંદર, સિંહ, વગેરે અસંખ્ય પ્રાણીઓને માટે તો દર પળે "મારો મારો મારો" નાજ પોકારો પડતા હોવા જોઇએ અને તેમને મારી પણ નાંખવા જોઇએ. એમાંનાં ઘણાં મનુષ્ય નિવાસની વચ્ચે વસે છે. "જુની ૭ મી ગુજરાતીમાં" નાસ્તિક નરની આગળ" એ કાવ્ય દલપતરામજીનું સંભારશોજી.

મહાત્માજી! આ પ્રશ્ન અટપટો છે. આપ પૂર્ણ રૂપે મહાત્માજી નથી, એમ વારંવાર કહી ચૂક્યા. છે પણ એમજ પણ અમારાથી આપમાં અનેક અપેક્ષાએ ગુણાદિ વધારે હોવાથી મહાત્મા નામે સંબોધીએ છીએ. પૂર્વના મહાત્માઓ આવા પ્રસંગે મૌન્ય સાધતા—

આ જગતમાં બધાં પ્રાણી માત્રને પ્રભુની સભામાં બોલાવી ફરિયાદ સાંભળવામાં આવે તો તેઓ તરતજ કહે કે—

પ્રભુ! હાલ તો અમને મોટામાં મોટી ફરિયાદ મનુષ્યોની છે તે મનુષ્યોથી અમને બચાવો. આખું વિશ્વ અને તેમાંની તમામ ચીજ આપનીજ છે છતાં-

૧. જગા તો મનુષ્યો કહે કે અમારીજ, કોઇપણ પ્રાણીની નહિ.
૨. ખોરાકની ચીજો ,, ,, ,, ,,
૩. હવા ,, ,, ,, ,,
૪. પાણી ,, ,, ,, ,,
૫. રમત–ગમત.
આનંદ વિહારનાં.
સ્થળ, જંગલ, ,, ,, ,, ,,
પહાડ, આકાશ,
પાતાળ.

આ પ્રમાણે માની બેઠાં છે અને સૌને ક્ષણ પણ સુખે બેસવા દેતા નથી. માટે કાંતો તેમને ખેંચી લ્યો, વા અમને ખેંચી લ્યો. અમે હવે બહુજ કષ્ટ પામીએ છીએ. તેમને સન્મતિ આપો તો તેથી પણ વધુ સારૂં.

આ હકીકત સર્વાંશે સત્ય છે. કુતરાં પાસે ઘર નથી, રાચરચીલું નથી, રાંધવા સૂવાનાં સાધન નથી, બીજી કંઈ દંખલગીરી નથી, છતાં સૂવાને જગા પણ કોઇ ન આપે, રસ્તા વચ્ચે પણ સૂઇ ન શકે, ટુકડો માગ્યો આપે નહિ, ત્યારે હક્ક માની વા ભૂખના દુઃખે (સૌમાં સમભાગજીવી અમે પણ હકદાર તે ન્યાયે) તાણી જાય તો પ્રહાર પડે, વગેરે અતીવ દુઃખ ભોગવે છે. પાણી પણ ન મળે, શ્વાસમાં લેવાની હવા તો 'પ્રીવી'–ગટર–ખાળ–કોડીઆના ગંદવાડનીજ મળે.

આ સ્થિતિ તેની છે.

ટુંકામાં પ્રથમની વાત એમ સિદ્ધ થાય છે કે "તરત મરી જાય વા મારવામાં આવે તો તેના દુઃખનો અંત આવે અને બીજાને પણ શાંતિ થાય?" એ બાબત સાવ તકલાદી છે.

જીવતું રહે તો તે હડકાયું બીજાને કરડી હજારો ગણી દુઃખ પરંપરા ઊભી કરે છે આ વાત પણ ઉપરના જેવીજ છે. હડકવા જેને હાલે છે તે કુતરાને પકડી બહાર ખાડમાં નાંખવામાં આવે તો આ વાતનો તરત અંત આવે છે. જેથી મારવાની જરૂર પડતી નથી અને તે પોતાને મોતે ત્યાં મરે

છે. આ જગતનો આગળ કહ્યું તેમ એ એક અચળ સિદ્ધાંત છે કે એક ઇંદ્રિયવાળા જીવોથી તે ઠેઠ દેવયોનિ ને મનુષ્ય યોનિના જીવો લગી સૌને પોતાના મોતે મરવા દેવા. દખલગીરી ન કરવી. તેમાં એ ખાસ કરી જેઓ પામર છે, શરણે છે, તેમને તો બચાવવાજ અથવા મોતે મરવા દેવા. હડકાયું કુતરું, હડકાયું થયા પછી સૌને કરડશે એ કંઇ નક્કી નથી, વખતે નથી પણ કરડતું. સીધું ચાલ્યું જાય છે. માર્ગમાં હોહા થાય તોજ તે વાયુ પ્રકૃતિમાં હોવાથી ડાચીઆં મારે છે. હડકાયાં કહેવાતાં કૂતરાં કેટલીકવાર ખરેખરાં હડકાયાં પણ હોતાં નથી. જેમ બધા સર્પને મારી નાંખવામાં આવે છે તેમાં કેટલાક નિર્વિષ સર્પો પણ મરી જાય છે તેના જેવું છે. કેટલાંક કુતરાં ઘણાં ભૂખ્યાં હોવાથી અંદર અતિ વ્યાકુળ થાય છે અને તેથી મુંઝાય છે તેને માણસો પાછળ લાગી રાડો પાડી ભુરાયું-ભ્રમિત બનાવે છે, તેથી તે અહીંથી તહીં કે તહીંથી અહીં ભટકે છે ને હડકાયું કૂટી મારે છે. જો તેને પાણી, તેલ, રોટલો ધીમે ધીમે આપવામાં આવે તો થોડા વખતમાં પાછું સારું-નિરોગી કુતરું બની જાય છે. માટે હડકાયું થયા પછી પણ માણસોને બચાવવા સારૂ પણ તે હડકાયાને મારવાનો માણસને કોઇને-મહાપુરૂષને પણ હક્ક નથી. પ્રાણ નાખવાની જ્યાં સત્તા નથી તેવો પામર પ્રાણી હડકાયા કુતરાને મારવાનો જરા પણ અધિકાર ધરાવતો નથી. હા, એવે પ્રસંગે તે તેનો ઉપચાર કરે, ખવરાવે, ખરેખર હડકાયું જણાય તો જંગલની ખાઇઓ જ્યાંથી તે ઉપર ચડી શકે નહિ ત્યાં મોકલાવે ને ઠેઠ લગી સંભાળ રાખે અને સૌને પોતાને મોતે મરવા દે.

હડકવા હાલેલ માણસની દશા પણ જે પ્રમાણે છે તેવીજ કુતરાની છે. કુતરાને હડકવા હાલે ત્યારે તે ઝેરી બને છે, ભયંકર બને છે, દુઃખકારક થઈ પડે છે, આડે દિવસે તો શાંત, અલ્પ-ભોજી, સંતોષી, અને હલાલ રહે છે. હડકવા ચાલે ત્યારે પણ ૫-૧૦ માણસને વખતેજ, બેખબરપણે (હું તારી ગાય છું, હું તારો કુતરો છું, હું તારો ગુલામ છું, જા કુતરા હવે તને છોડી મેલું છું વગેરે હલકાં ને લાચાર પ્રાણીના ઉદ્‌ગાર આપણે કથા વાર્તામાં સાંભળીએ છીએ તેથી કુતરાને તો કુતરૂંજ ગણવું), કરડે છે ત્યારે ધારાસભાના મેમ્બરો, સ્ટેશન માસ્તરો, પિતૃદ્રોહી, માતૃદ્રોહી પુત્રો, મીલના માલેકો, બાણુના શેઠો, સ્ત્રીઓનાં-ધર્મપત્નીઓનાં લોહી પીનારા, વ્યભિચારી કુતરાઓ, નાનાં બચ્ચાંઓને ૧ તોલા સોના સારૂ કે ૨૫ સારૂ ઉઠાવી ખુન કરનારા મનુષ્યો-પઠાણો, પંજાબ-બંગાળાના ગુંડાઓ, દેશનાં નાણાં બાદ દેશનાજ ઉમદા રત્નોને જેલમાં પૂરાવનારાઓ, હજારો ડાકટરો, પોલીસના ઉપરીઓ, સ્ટેશનના નોકરો વગેરે વગેરે હજારો પ્રકારના હડકાયાં મનુષ્યો, કુતરાં કરતાં ક્ષણે ક્ષણે લાખો ગણું ભયંકર કામ કરી રહ્યા છે-તેઓ છૂટાં ફરે છે.

આતો બિચારાં કુતરાં, જેની કોર્ટ કોર્ટ નહિ, જેનો કોઇ વકીલ, જેની કોર્ટ વગ નહિ, જેનાં કોઇ બાજતે સગાં નહિ, તેનું જો કોઇને દાઝે તો મહાત્માઓને દાઝે પણ તે મહાત્માઓ તો જંગલગામી રહ્યા, તેથી બિચારાંના ભોગજ. તેનો હડકવા જગતને સૌને સાલે અને તેનો નાશ કરવો, તરત મારી નાંખો અલ્પ પાપ, નહિ મારો તો મહા પાપ, આ ન્યાય ક્યાંનો ?

આતો મુસલમાનો બકરીઇદ કરે છે પણ વાઘ ઇદ કે સિંહ ઇદ કરતા નથી તેના જેવું થયું.

માટે કૃપા કરી ફરી નીધાહમાં લેશો અને આ પ્રશ્નનો ઉકેલ કરશો નહિ તોઃ—

—ઘરમાં લપ લપ લપ, લવ, લવ લવ, હડકાયાં જેવાં લાગતાં માબાપોને પણ શાંત રીતે-શાંત ઝેરથી મારવાંજ જોઇએ એ પવન વાશેજ-પરિણમશે. કારણકે તેવાંનો પણ ચેપ બીજાને લાગતો અટકે.

—રાજદરબારમાં અમને હડકાયા કુતરા જેવા લાગતા તમામ રાજદ્વારીઓનાં ખુન કરવાંજ જોઇએ એ પવન લાગશે. કારણકે તેમને મારવાથી હજારો હડકાયાંનો વિસ્તાર વધતો અટકે.

—સ્વસ્ત્રી-વિવાહિત સ્ત્રીને મૂકી હડકાયા કૂતરાની પેઠે ઠેર ઠેર વ્યભિચાર કરતા, હજારો નિર્દોષ બાળાઓને વ્યભિચારમાં ઉતારતા, તમામ પુરૂષોને પણ કતલ કરવા જોઇએ. મીઠા વિષથી સ્વધામ

પહોંચાડવા જોઇએ જેથી તેવાના જવાથી ભૂમિ પાવન થાય ને તે ચેપની અસર બીજાને ન ચોંટે.

—લાંચ ખાઉ કોઈ અમલદારો, નોકરનાં લોહી ચૂસતા કોઈ શેઠીઆઓ, ગટરમાં કામ કરતા મજુરોના માલિકો બાણમાં કરતા મજુરોના ધણી, ચાના કાશ્મીના બગીચામાં રોટલાને ટુકડે અનીતિમય કામો કરાવીને લ્હેર ઉડાવતા હડકાયા માલિકો એ સર્વેના શા હાલ કરવા તે વિચારશો.

—યંત્રોના મેનેજરો, ડ્રાઈવરો, ગાર્ડો, જોઇંટ-સ્ટોક કંપનીના ડાયરેકટરો, વગેરે પોતાના ૧ના સુખ વાસ્તે અનેક ભૂલો કરે, ગોટાળા કરે, અકસ્માત ઉપજાવે તેમાં હજારો સ્ત્રી પુરૂષો પાયમાલ થઇ જાય તે હડકાયાના શા હાલ કરવા ?

—દરિયો, પવન, અગ્નિ, તોફાને ચડી મનુષ્યોનો એક ક્ષણમાં સંહાર કરે છે, લાખોને ઘરબાર વગરના લાચાર બનાવે છે. તેમના શા હાલ કરવા; હડકવાને અંતે મોત છે તો આમાં પણ પ્રાંતે મોતજ છે.

હડકાયું થયેલું કુતરૂં તો પોતે જાણતું નથી કે હું હડકાયું છું, મારે આ માણસોને કરડી તેને હડકવા કરવો છે, તેને તો તે જાતના રોગમાં કોણ જાણે શું એ થતું હશે અને તેથી તે એ ધુનમાં આડે આવતા માણસ વગેરેને કરડે છે.

વળી રખડતાં કુતરાંને પણ ખબરે નથી કે હું રખડતું છું, મારે આ દુનિયામાં માણસોના સુખને વાસ્તે રખડવું ન જોઇએ પણ તેમને રસ્તો આપી અહીંથી નીકળી જંગલમાં જ્યાં માણસો ન હોય ત્યાં રહેવું જોઇએ અથવા મરી જવું જોઇએ. અગર મને કોઇ મારી નાંખે તો બહુ સારૂં, કુરબાન છે એમ ગણી મરવા તૈયાર રહેવું જોઇએ.

એ પ્રમાણે કુતરાના સંબંધમાં છે ત્યારે ઉપર ગણાવેલાં માણસોના સંબંધમાં તેથી તદ્દન ઉલટું છે.

રખડતાં માણસો, લુટારાઓ, કન્યાવિક્રયવાળા, વ્યભિચારીઓ, ઢોંગી સાધુઓ, મીલમાલેકો, ધારાસભાના દેશદ્રોહી મેમ્બરો વગેરે તો તમામ જાણે છે કે આપણે આવા આવા દુર્ગુણોથી ભરેલા છીએ, જગતમાં હડકાયાં કુતરાથી પણ વધુ ઝેર ફેલાવીએ છીએ, આપણા પેટને વાસ્તે કરોડોના પેટ પર પાટુ મારીએ છીએ, ખુનો સુદ્ધાં કરીએ છીએ.

તેવા હડકાયાને માટે મહાત્માજી વિચાર કરશે.

આપ જણાવશો કે પોલીસ, કોર્ટ, તુરંગ વગેરે તેવા માટે છે પણ આપને નિવેદન થાય કે:—

૧ કરોડ ગુન્હેગારી ખરેખરા હોય તેમાંથી ૧ લાખ પકડાય છે, તેમાંથી ૧ હજારને માટે કાયદા પ્રમાણે પુરાવો પૂરો મળતો નથી અને ૧૦૦ કોર્ટે ચડે છે જ્યારે ૫૦ને ઓછીવત્તી ભૂલવાળી સજા થાય છે.

તેમાં કેટલાએ નિર્દોષ પણ સંડોવાતા હશે. આ પ્રમાણે જ્યારે થાય ત્યારે કોઈ મહાત્માજી કહે કે પ્રભુ તો તેને છોડશે, તે બાકીના સૌનો ઇન્સાફ લેનાર છે તે સમર્થ ન્યાયાધીશ તેને છોડશે નહિ. આમ નિરાશ થઈ માણસની કાવતરાંબાજીને ન પહોંચાય ત્યારે તે કરોડો હડકાયાં કુતરાંથી પણ અતિ પાપી માણસોને તમે કે રાજાઓ છોડી મૂકે છે. એ ન્યાય આ ગરીબ હડકાયાં કુતરાં પર ઉતારો અને એની અનાથતા—માણસના કરતાં અતિશય પામરતા—અજ્ઞાનતા પર રહેમ આણી તેને પણ ઇશ્વરને ઘેર છોડો પણ મારી નાંખો—મારી નાંખવાં—મારી નાંખવામાં અતિ પુણ્ય વા અલ્પપાપ ને ન મારવામાં મહાપાપ એ શબ્દ ખેંચી લેશો.

ઝેરી પ્રાણીઓ, માંસાહારી પ્રાણીઓ, પંખીઓ વગેરે ક્ષણે ક્ષણે ઘણાને કરડે છે. ઝેરી મચ્છરો, પ્લેગનાં જંતુઓ, વગેરે અનેક જાતનાં વિષ ફેલાવનારાં પ્રાણીઓ મનુષ્યનો સોથ વાળી નાંખે છે ને કુટુંબોનાં કુટુંબો પાયમાલ કરી નાંખે છે તેને માટે શો વિચાર કરીશું ?

આપણા દેશના કેટલાક દેશી રાજાઓ લાખોના આંકડાની પ્રજાનો કંઇ પણ વિચાર કર્યા વિના કરવેરા નાંખે, અમાનુષિક કામો કરે, નિર્દોષનો સંહાર કરે, દેશભક્તોને જેલમાં પૂરી રીબાવીને મારે, પ્રજાના લોહીના ટીપાના પૈસાને વિદેશમાં અમનચમનરૂપે, લાડીઓમાં, ગાડીઓમાં, નાચ રંગોમાં ઉડાવે તે હડકાયાના હડકવાની શી દશા ?!

હડકવા તે રાંક કુતરાનો તેને મારો, કાપો, મરવા ઘો, મારી નાંખો અલ્પ પાપ છે, નહિ મારો તો મહા પાપ છે, તો પછી ઉપરના બધાનું શું છે ? તે પણ નિધામાં લેશો.

વૈદક શાસ્ત્ર વાંચી જોવાથી જણાશે કે જીવતાં, ફરતાં, ફરતાં, કુતરાંઓ આપણું પ્રત્યક્ષ કે પરોક્ષપણે શું કાર્ય કરી રહ્યાં છે. તેની વિષ્ટા, તેની લાળ તેનું પેશાબ શું કામનું છે ? તેની નિમકહલાલી જગ જાહેર છે. હજારો દાખલા છે. તે શ્વાસમાં પણ આપણી કેટલીએ ખરાબ ચીજો લઇ લે છે, તે આપણું એઠું, વિષ્ટા વગેરે ખાઇ જાય છે. આપણાં બાળકનાં નિર્દોષ રમકડાં છે, વગર પૈસાનો સિપાઇ છે વગેરે ગુણો સામે તો જોવું જોઇએ.

રખડતાં કુતરાં એ શબ્દ હિંદને માટે છે જ નહિ. દરેક શેરીમાં, મહોલામાં, ગામમાં, જે જે કુતરાં છે તે રખડતાં છે એમ કહેવાનો કાળ અંગ્રેજો આવ્યા પછીજ આવ્યો છે. બાકી આખા હિંદમાં શેરીમાં જે જે પ્રાણીઓ છે, તે તે શેરીમાં રહેતાં મનુષ્યોના પ્રાણથી પણ વ્હાલાં પ્રાણીઓ છે. બે કુતરાં વઢશે તો રસ્તે જતો કોઈ પણ હિંદુ મુસલમાન છોડાવશે, કુતરાની ચાનકીએ કંઈ રખડતાં માટે નહિજ. હિંદ દેશમાં રખડતાં શબ્દ અંગ્રેજ લોકોની અતિશય સ્વાર્થપરાયણતા બતાવે છે. શેરીના લોકો કુતરીની સુવાવડ જે રીતે કરે છે, નમાયાં ગલુડીઆંની જે સેવા કરે છે, ઉંદરડી વીઆણી હોય તો તેનાં બચ્ચાં પણ કેવી રીતે સાચવી મોટાં થવા દે છે, વગેરે વગેરે વાત આપથી કયાં અજાણી છે ?

માટે રખડતાં શબ્દ આપના આર્ય મસ્તકમાં શી રીતે ઉદ્ભવ્યો તે મારાથી સમજી શકાતું નથી. રખેને વિદેશી વાતાવરણમાં ઘણીવાર ફરી આવતાં, આપ મહાત્મા તો થયા પણ, કેટલીક ધુનો મગજમાં અનેક વરસોથી પેસી ગયેલી તે ઉછળી આવી જણાય છે.

કઇ કઈ યોનિમાંથી મરણ પામેલો જીવ કુતરા રૂપે અવતરે અને કુતરૂં મરીને સારામાં સારી ને ભુંડામાં ભુંડી કઈ યોનિ પામે તે જો કોઈ મહાત્મા પાસેથી આપ જાણશો ત્યારે તો આપને એમ થશે કે કુતરૂં પણ મનુષ્યથી ચડી જાય છે. જીવ કયાંથી આવ્યો, કયાં રહ્યો છે જીવ, અને આયુષ્ય પૂર્ણ થયે કયાં જીવ જશે તે સંબંધમાં ભિન્નતા જોવાની નથી. જીવ એનો એ છે, કાળ અનંત છે, આયુષ્ય અનંત છે, ભવ આશ્રયે આપણને ભિન્નતા લાગે છે માટે આ પૂર્વ જન્મ, સ્થિર જન્મ અને પુનર્જન્મના હિસાબો પણ લક્ષમાં લેશો.

કૃપાળુ મહાત્મા ! મારૂં લખાણ મારા અનુભવનું છે, કંઇક ગુરુ પરંપરાનું છે તો આપની બુદ્ધિ, શક્તિ, ત્યાગ, શાંતિ આગળ હું સાગરે બિંદુ સમાન નથી તો પણ કૃપા કરી સારગ્રાહી થશો. દોષ જણાય તો છણી દૂર કરશો સર્વ ગુણ ગ્રહણ કરશો તેમજ કંઇક આપ મેળવો ને વિચાર ફેરવો તો તો મારાં અહોભાગ્ય સમજું. ન ફેરવો અને વાંચો તોએ હું તો મને કૃતાર્થ માનું.

ટુંકામાં કુતરાં કે એવાં પ્રાણીની ઉપર આપની દયા છે જ. કીડી પર પણ છે પણ હડકાયું કુતરૂં, રખડતું કુતરૂં એ બે વિષે આપે જે સિદ્ધાંત પ્રતિપાદન કર્યો છે તેથી મારા મનને લાગી આવતાં મારામાં હતું તે મેં જાહેર કર્યું છે.

એક બે વાત રહી જાય છે, તે એ કે

કુતરૂં રખડતું છે એમજ માત્ર નથી. પ્રાણી માત્ર રખડતાં છે, મનુષ્યમાં પણ રખડતાં છે. એવાં રખડતાં હિંદમાં ૫ કરોડ પણ થઇ જાય તો તેને માટે શું ? જેઓ અપ્રમાણિકપણે, ભ્રષ્ટ આચારથી જગતમાં રહે છે તેઓ પણ રખડતાં જ છે માટે તેનો પણ વિચાર કરશો.

કુતરાને માટે કોઇ કોર્ટ નથી, વકીલ નથી, પિનલકોડ નથી, પણ જો હોત તો હું ધારૂં છું કે તે જરૂર માણસને હઠાવી પોતાનો કેસ જીતત, કારણ કે માણસ કરતાં તે ઘણા સંકોચથી જગતમાં રહી, બીજાને થોડામાં થોડું નડી મરણ શરણ થાય છે. આ વાતમાં ઘણું રહસ્ય છે અને ઘણું સમજવાનું પણ છે. માણસે પોતાનાજ સુખને વાસ્તે (ખરા મહાત્માઓએ નહિ પણ માણસે-તેમાં જે રાજદ્વારી માણસોએ ખાસ કરીને) કાયદા બનાવ્યા અને તેમાં પોતાનોજ માત્ર વિચાર કર્યો પણ પાસેજ રહેલાં

ગાય, ભેંસ, ઘોડાં, કુતરાં વગેરેનો બહુજ થોડો વિચાર કર્યો, એ પણ નીધામાં લેશો.

શુદ્ધ અહિંસા, અહિંસા, વિશ્વ અહિંસા, સમાજ અહિંસા, એમ અહિંસાના પણ આપે અનેક પ્રકારો પાડયા જણાય છે, દેશ, કાળ પરત્વે અહિંસા જાડી પાતળી હોય પણ તેથી કંઈ એમ કહેવાય કે "કુતરૂં રખડતું હોય તેને મારવામાં અલ્પ પાપ ને જીવાડવામાં મહાપાપ" એ સમજાતું નથી. મહાત્માઓ એવે વખતે મૌન ગ્રહે અને કહેવાની ફરજ પડે તો કહે કે મારવું એતો પાપ છે, એ પાપ કર્યા વગર મારાથી રહેવાતું નથી માટે મારે એ કરવું પડે છે. સૌ જીવોને પોતાનાજ શરીરમાં રહેવું અને શાન્તિ મેળવવી એ બહુજ વ્હાલું છે.

કુતરાને કે કીડીને મરવાને છેલ્લી સેકંડ કે સેકન્ડનો અસંખ્યાતમો ભાગ બાકી હોય, મરીને તે ભવ છોડીને દેવલોકમાં દેવપણે બારે સુખમય જીંદગી ભોગવવાની નિશ્ચયપણે હોય તોયે કીડીને અને કુતરાને પોતાને છે તે દેહ છોડવો ગમશેજ નહીં, તેમાં વધુ વખત રહે તો સારૂં, કોઇ ઉત્તમ દવા કરી રાખેતો સારૂં એમ ક્ષણે ક્ષણે ઈચ્છશે.

મનુષ્ય જ્યારથી સમાજ રૂપે રહ્યો ત્યારથી તેની સાથે કુતરાં જેવાં પ્રાણીઓ તેઓનાં બોલાવ્યાં કે પાળ્યાં તેથી વા સ્વાભાવિક રીતે વળગેલાં જ છે.

જેવાંકે–કરોળીઆ, મચ્છર, ઉંદર, બિલાડી, મકોડા, કંસારી, કીડી, ગધૈયાં, ધનેડાં, ગરોળી, છછુંદર; ધુંસ વગેરે.

એઓમાંનાં ઘણાંએ માણસોને દુઃખદ છે. પણ તેઓ જે માણસના ઘરમાં આવે છે તે માણસોના બોલાવ્યાજ આવે છે અને પછી વધે છે. પાયખાનાં રાખો, ગટર રાખો, ખાળ રાખો, ભખોરાં ઘરમાં રાખો, રોજ ને રોજ ઘર સાફ ન રાખો, ઉંચે નીચે વાળી ઝુડી કામ ન લ્યો, વસ્તુઓનો હદ કરતાં વધુ સંગ્રહ કરો છતાં સંભાળો નહિ, તેથી તે જુદી જુદી યોનિના જીવો કે જેમને પણ આ જગતમાં રહેવા, જીવવાનો બોલાદ વધારવાનો હક્ક છે તેઓ આવે છે. એવા નોતરૂં દઇ બોલાવેલા જીવોને મારવા એ તો મેમાનને કાગળ લખી તેડાવી ખુન કરવા જેવું છે. બેદરકારી મનુષ્યની ને ખુન એ જીવોનું થાય એ ન્યાય કોનો ?

એ પ્રમાણે હોવાથી સ્વચ્છતા, અલ્પ પરિગ્રહ, રોજીંદી સંભાળ, સંજોરો, અને તે ઘરધણીએ કે ઘરધણીઆણીએ જાતે કરવો એમ મહાત્માઓનું ફરમાન છે. આથીજ જૈન લોકો પોતાના ઘરમાં કોઇ પણ જીવની યોનિ ઉત્પન્ન થવા દેવાય તેવું ઘર રાખતા નથી છતાં પાડોશીના દુઃખે વા પોતાના પ્રમાદે થઇ જાય તો તે જીવોને પકડી જ્યાં તેમનું પોષણ થાય ત્યાં મૂકે છે. છતાં પાપ તો માનેજ છે એવે વખતે પણ જૈન એમ માને છે કે મારા પ્રમાદથી આ ઉત્પન્ન થયેલા જીવોને મારે મારા ઘરમાંની તેમની ખાસ જગામાંથી બીજે દેશાવર મોકલવા પડે છે. એક માંકડ કે જૂને એક સ્થળેથી બીજે સ્થળે નાંખવા એ હિંદના માણસને અમેરિકાના જંગલમાં નાખવા જેવું છે. આવો જૈન, માણસને વા ગામને તો દુઃખ દેનારો નજ હોય. હોય તો તે જૈન નથી પણ ઉંધી દયાવાળો જૈન છે.

જંગલના મહાત્માઓ પાળી શકે તેવી દયા સમાજમાં રહેનાર મનુષ્યો ન પાળી શકે એ વાત સાચી, પણ તેથી પુણ્ય તે આ ને પાપ તે આ એવા જે અચલ સિદ્ધાંત છે તેને મહાત્માઓ ફેરવી શકે નહિ. પાપ તેતો પાપજ, પુણ્ય તે તો પુણ્યજ. જીવને મારવો ને તેને પુણ્ય ઠરાવવું વા અલ્પ પાપ ઠરાવવું એ તો બની શકેજ નહિ.

માણસના શરીરમાં જીવડા પડયા હોય તે કાઢતાં માણસ બચે છે ને ૨૦૦–૫૦૦ જીવડા મરી જાય ત્યાં પણ માણસને બચાવવાનો આશય છે; જીવડાને મારવાને આશય નથી. બચાવ કરતાં જીવડા મરી જાય છે તેનું પાપ તો લાગે છે. પણ જો કોઈ એવો ઉપાય હોય કે માણસે બચે ને જીવડાઓ બચે તો તે કરવાનો ભાવ ઉત્તમ ડોકટર કે વૈદ જરૂર રાખે પણ તેવા ધલાજને અભાવે, જીવડા બચતા નથી ને માણસને બચાવાય છે. જો કે જીવડા કાઢતાં જીવડા મરી જાય છેજ છતાં માણસ બચશે એ પણ નક્કી હોતું નથી–ઘણીવાર બંને મરી જાય છે. આ વાત આપ

રખડતાં કુતરામાં ઘટાવેા કે માણસ જેવી ઉત્તમ યેાનિના જીવને બચાવવા રખડતાં કુતરાં મારવાં એ અલ્પ પાપ છે ને ન મારવાં એ મહા પાપ છે તેા તેમાંએ ભૂલ છે, કારણકે રખડતાં કુતરાં એ માણસને દુઃખદ નથી. માણસ માની લે છે કે આ કુતરાં મને બહુ દુઃખદ છે.

એનેા દાખલેા—

કુતરાં રાડેા પાડે છે તેથી મારી ઉંઘ ઉડી જાય છે અથવા મને ચેન પડતું નથી કે સારા વિચારેા આવતા નથી. એવા માણસને કહેવામાં આવે કે

૧. વરસાદની ગર્જના થાય ત્યારે શું કરેા ?

૨. ઝાડનાં પાંદડાં અખંડ ખડખડાટ કરે તેનું શું ?

૩. પવનના સુસવાટા થાય તેનું શું ?

૪. મીલનાં ભુંગળાં, ગાડીના પાવા, મેાટરના ધમધમાટ, રેલ્વેના ખડખડાટ, યંત્રેાના અવાજ તેનું શું?

માત્ર જ્યાં લાઇલાજ છે ત્યાં માથું પછાડી બેસી રહે છે પણ કુતરાં જે અનાથ તેનેા કેાઇ ધણી નહિ ત્યાં અવાયેા થઇ મારવા દેાડે છે.

આ પ્રમાણે તમામ છે. પણ સહનશક્તિથી ઉપરની ચીજોના અવાજની સાથે કુતરાં કે પંખીનેા અવાજ પેાતાનાં બાળબચ્ચાંના અવાજની પેઠે કેળવી લે તેા કાંઇ વાંધેા આવે નહિ.

એજ પ્રમાણે કુતરાના બટકું રેાટલાનેા સવાલ છે. પેટવરા ભેગેા પુણ્યવરેા થશે.

વળી કુતરૂં અતિ ઉપયેાગી પ્રાણી છે. રખડતું કુતરૂં પણ અતિ ઉપયેાગી છે.

રખડતાં કુતરાં ગંદકી કરે છે તેા મહાત્માજી ! એ બિચારાંની ગંદકી શા લેખામાં છે. આ ગટરેા, આ પાયખાનાં, આ મીલના પાણીના રગડા, ઘરની બાળકુંડીઓ, વગેરે બિલકુલ બીનજરૂરી ગંદકી આગળ કુતરાંની ગંદકી શા હિસાબમાં છે ? તે બિચારૂં તેા રસ્તે ગંદકી કરે છે, કેાઇવાર અજ્ઞાનતાથી ઘરમાં પણ કરે છે પણ તે તેા તેના ગુણ આગળ નભાવી લેવાનું છે.

કુતરાં રખડતાં છે માટે નકામાં છે અને માણસને દુઃખકર છે માટે મારીજ નાંખવાં એ અલ્પ પાપ છે તેા પછી આફ્રિકા, ફ્રીજી, ન્યુઝીલાંડ, ગિયાના, અમેરીકા, જાપાન વગેરે દેશેામાં આપણા હિંદના લેાકેા કે જેમાંના કેટલાક દેશમાં તેા ઇન્ડીઅનેાએજ જઇને દેશ સુધાર્યેા, વધાર્યેા, ફળદ્રુપ કર્યેા, છતાં તેવા જુના ઇન્ડીઅનેાનેજ હવેની નવી પ્રજા કહે છે કે તમે અહીંથી ચાલ્યા જાઓ, તમે ગંદા, ગેાબરા, હલકા, થેાડામાં ગુજરાન કરનારા, છેા, માટે ચાલ્યા જાઓ: તેવા વિદેશી લેાકેાને માટે આપણે કંઇ પણ ફરીઆદ ન કરવી જોઇએ. કારણ કે તે લેાકેા પેાતાના સુખમાં આડે આવતા રખડતા જેવા કે હલકા ગણતા લેાકેાને શા માટે રહેવા દે ? હવેથી કુતરાના સવાલની પેઠે તેવા વિદેશી લેાકેા

ઇન્ડીઅનેાને રાખે તેા મહા પાપ ને
ઇન્ડીઅનેાને હાંકી કાઢે તેા અલ્પ પાપ

એમ શા માટે નહિ ?

આપે ઉપરનેા જે સિદ્ધાંત શેાધી કાઢયેા તેને આપણા વડીલ મહાત્માઓ જે થઇ ગયા તેનેા કંઇ ટેકેા, આધાર ખરેા કે નહિ ? કે મહાત્માઓ તેા જે કહે તે સત્ય ને સિદ્ધાંત રૂપજ હેાય. કેાઇપણ યુગમાં, સંજોગમાં મહાત્મા જે વદે તે પ્રમાણ જ; તેનાં કારણ પૂછાય જ નહિ કે આધાર મગાય જ નહિ; માટે આધાર અપાતેા હેાય તેા—

રખડતાં કુતરાં રાખવાં એ મહાપાપ.
,, ,, મારી નાંખવાં એ અલ્પ પાપ

એને માટે હિંદુશાસ્ત્રનેા કંઇ આધાર ખરેા ?

જ્ઞાનીના ગમા ને—
જેમ નાખે તેમ સમા

એ ન્યાય આપ જેવાને માટે તેા હેાય નહિ એમ મારૂં માનવું છે.

શ્રી રાયચંદ કવિને સર્પ સંબંધી આપે જે પ્રશ્ન પૂછેલેા ને તેમણે જે ઉત્તર આપેલેા તે આપને યાદ હશેજ. તે ઉત્તર આપને સાચેા નથી લાગતેા ? તેનેા ઉત્તર આપશેા.

હું આપનેા અપેક્ષાએ ભક્ત છું, ખાદી પહેરૂં છું, બને તેટલી સ્વદેશી વસ્તુ વાપરૂં છું, રેંટીઓ

અનિયમિતપણે ફેરવું છું, આપનું 'નવજીવન' મૂળથી ગ્રાહક રહી બરોબર વાંચી વિચારૂં છું, આપના ત્યાગને આપના જ્ઞાનને, આપે હિંદપર કરેલા અનેક ઉપકારોને વંદનીય ગણું છું છતાં આ બાબતમાં મને રહેતી શંકા અથવા ઉપજેલા ખુલાસા આપ કને આપ મહાત્મા હોવાથી–ક્ષમાસાગર હોવાથી કહેવાનો હક્ક જાણી કહું છું.

આપ બેરિસ્ટર દરજ્જે, રાજા દરજ્જે, અમલદાર દરજ્જે, ઢોંગી સાધુ દરજ્જે હોત તો કહી શકત કે નહિ તે હું કહી શકતો નથી. અવિનય થયો હશેજ તેની માફી માગતો— લિ. સેવક.

તા. ૨૮-૧૦-૨૬. 'ઉત્તમતનય'ના પ્રણામ

મી૦ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. એમ. આર. એ. એસ.

[સને ૧૮૯૫ માં શ્રીયુત વીરચંદ ગાંધી ઇંગ્લાંડ અમેરીકા જઇ મુંબઇ આવ્યા હતા તે વખતે તેમનું ટુંક ચરિત્ર રા. અમરચંદ પી. પરમારે લખેલું તે આ મથાળા નીચે શેઠ મોહનલાલભાઈ મગનભાઇએ પ્રગટ કરેલા એક ચોપાનીઆ રૂપે પા આનાની કિંમતે વહેંચાયેલું; આ અમને રા. ખીમચંદ ભાવસારે પૂરૂં પાડેલ છે તે અત્ર પ્રકટ કરીએ છીએ.]

તંત્રી.

મી૦ વીરચંદ રાઘવજી ગાંધી બી. એ. વીસા શ્રીમાળી શ્રાવક વાણીઆ. મૂળ રહેવાશી મહુવા, તાબે ભાવનગરના. જન્મ સંવત ૧૯૨૦ શ્રાવણ વદ ૬, તા૦ ૨૫ આગસ્ટ ૧૮૬૪, મહુવામાં. પિતાનું નામ રાઘવજી અને માતાનું નામ માનબાઈ. ઘણાં ભાંઇ બેહેનોમાં હાલમાં એઓ અને એઓના નાના બહેન છે, જેઓએ જૈન ધર્મ શાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો છે. એઓના પિતા મોતીનો વેપાર કરતા હતા, અને ધર્મ ઉપર તેઓની એટલી બધી શ્રદ્ધા હતી કે, સચીત વસ્તુ જીંદગી સુધી ખાધી નહીં તથા ગરમ પાણી હમેશાં પીતા હતા તથા મોટી મોટી જાત્રા કરી હતી. સુધારાઓ ઉપર તેઓને ઘણી પ્રીતિ હતી. રડવા કુટવા વગેરેનો ચાલ પોતાના ઘરમાં સદંતર બંધ કર્યો હતો.

મી૦ વીરચંદે ગુજરાતી ભાષાનું જ્ઞાન મહુવામાં રહીને મેળવ્યું હતું, અને મહુવા ગામમાંથી સઉથી પેહેલાં એઓએ અંગ્રેજી ભણવું શરૂ કર્યું હતું. ત્યાંના તે વખતના ઇન્સ્પેકટર તથા હેડ માસ્તરની ભલામણ ઉપરથી મી૦ વીરચંદને ભાવનગર અભ્યાસ કરવા લઇ ગયા અને ધંધો રોજગાર છોડી એજ કામને સારૂં આખું કુટુંબ ત્યાં જઇને રહ્યું. ગરીબ સ્થિતિ છતાં પોતાના પુત્રના અભ્યાસ પાછળ પોતાનું સર્વસ્વ ખરચવાનો વિચાર શેઠ રાઘવજીએ કર્યો હતો, અને તે મુજબ કર્યું પણ ખરૂં. એજ અરસામાં એઓનું લગ્ન મહુવામાં ૧૮૭૯ માં થયું હતું. બાદ ભાવનનગરની હાઇસ્કુલમાંથી મેટ્રીકયુલેશનની પરીક્ષા આપી સૌથી પહેલે નંબરે પાસ થઈ એમણે સર જસવંતસિંગજી સ્કોલરશીપ ૧૮૮૦ માં મેળવી હતી.

૧૮૮૧ ના જાન્યુઆરીમાં એઓ સહકુટુંબ મુંબઇ આવી એલ્ફીન્સ્ટન કોલેજમાં દાખલ થયા, અને દઢતાથી અભ્યાસ આગળ વધારી ખંત રાખી પોતાની બી. એ. ની પરીક્ષા ૧૮૮૪ માં પાસ કરી. ઉપરની સ્કોલરશીપ ઉપરાંત એઓએ સરકારી સ્કોલરશીપ પણ મેળવી હતી.

૧૮૮૫ માં જૈન એસોસિએશન ઓફ ઇંડિયાના ઓનરરી સેક્રેટરીનો માનવંત ઓધ્હો એઓએ લઇ અતિ પરિશ્રમ વેઠી એ ખાતાને ફતેહમંદ ખાતું બનાવ્યું, પુસ્તકોનો સંગ્રહ કર્યો. પોતાની સેક્રેટરીની કારકીર્દી દરમ્યાન પાલીતાણા મહારાજા સુરસિંગજીએ સન ૧૮૮૫ માં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનાં કેટલાએક માણસોને કેદ કરવાથી જે કેસ ઉભો થયો હતો તે કેસમાં મી૦ વીરચંદે જુબાનીઓ લઇ અમદાવાદ, મુંબઇ, પુના, વગેરે સ્થળે જઇ અરજી કરી ગવનર સાહેબને મળીને મેજીસ્ટીરીઅલ ઇનકવાયરી કરાવવાનો હુકમ મેળવ્યો હતો. એટલામાં મહારાજા સુરસિંગજી ગુજરી જવાથી કેસની સમા-

ધાની થઈ. નવા મહારાજા માનસિંગજીના ગાદીએ આવવા પછી મુંડકાનો નિકાલ કરવા શ્રાવકોએ અરજી કરી તેમાં મી૦ વીરચંદે આગેવાની ભરેલો ભાગ લઈ ગવરનર લાર્ડ રેને મળીને કર્નલ વોટસન, જે કાઠીઆવાડના પોલિટિકલ એજંટ હતા તેમને મળીને લાંબી મુદત તેની સાથે રહીને, પુરાવા વગેરે રજુ કરીને મુંડકાનું સમાધાન કરાવ્યું કે શ્રાવક લોકો વર્ષના રૂ. ૧૫૦૦૦ દરબારને ૪૦ વર્ષ સુધી આપે, તેથી જાત્રાળુઓ વધુ સંખ્યામાં જવા લાગ્યા. આ કામને પાર ઉતારવામાં મી૦ વીરચંદે બીજાઓ સંગે ઘણીજ મહેનત લીધી હતી. ત્યાર બાદ ૧૮૮૬ ના ડીસેમ્બર માસમાં લોર્ડ રેને શત્રુંજયના ડુંગર ઉપર એક માનપત્ર આપ્યું હતું, તે માનપત્ર પણ મી૦ વીરચંદે વાંચી સંભળાવ્યું હતું.

સન ૧૮૮૫ માં મેસરસ લીટલ, સ્મીથ ફ્રેઅર અને નીકલસન સરકારી સોલિસિટરોની પેઢીમાં આરટિકલ્ડ કલાર્ક તરીકે એઓ જોડાયા, અને તે વખતે જૈનોના કેટલાએક આગેવાન શેઠીઆઓએ પૈસા ધીરીને એમને સારી મદદ કરી હતી.

ત્યારબાદ ઉજ્જનની પાસે મગસીજી પારસનાથના મંદિર બાબત શ્વેતાંબરી અને દીગંબરીઓ વચ્ચે લગભગ ૧૫ વર્ષથી જે કજીઓ ચાલતો હતો, અને એક બીજાની હાર જીત થયા કરતી હતી, તે કેસમાં મી૦ વીરચંદ શ્વેતાંબરી શ્રાવકો તરફથી મગસીજી ૩-૪ વખત ગયા, અને કોરટમાં છેવટ સુધી લઢીને મંદિર શ્વેતાંબરીઓને કબજે અપાવ્યું.

બાદ સોલિસિટરની પરીક્ષા આવી, પણ ધર્મોના કામમાં રોકાયેલા રહેવાથી પરિક્ષામાં પાસ થયા નહીં વળી સન ૧૮૯૦ માં મી૦ વીરચંદના પીતા સ્વર્ગવાસી થયા તેમણે મરતાં પહેલાં કહ્યું હતું કે મારી પાછળ રડવું નહીં, ભોંયે ઉતારવો નહીં. સ્મશાનમાં અણગળ પાણીએ નાહવું નહીં, મરણ ખરચ કરવો નહીં; અને મરણ પછી તેમજ કરવામાં આવ્યું.

સન ૧૮૯૧ માં સમેતશિખરના પવિત્ર ડુંગરો ઉપર બેડમ નામના અંગ્રેજે એક ચરબીનું કારખાનું કાઢ્યું ! તે દૂર કરાવવાને કલકત્તાના બાબુ રાયબહાદુર બદ્રિદાસે શ્રાવક કોમ તરફથી મજકુર કારખાના વાળા ઉપર ફરિયાદી માંડી તેમાં શ્રાવક કોમ હારી અને તેથી ધર્મની લાગણી દુખાવાનો બનાવ હોવાથી જૈન કોમને બહુ માઠું લાગ્યું. તેથી મુંબઈની જૈન એસોસિએશન ઓફ ઇંડિયાએ એકમતે ઠરાવ કરી મી૦ વીરચંદને મજકુર કેસની અપીલમાં મદદ કરવાને કલકતે મોકલ્યા. મજકુર કામમાં દસ્તાવેજો વગેરે આગળથી દાખલ નહીં કરેલા હોવાથી એ કામ એટલું બધું વિકટ ભરેલું હતું કે કોઈ પણ સારો બારિસ્ટર કજીઓ હાથમાં લેવાની ના પાડતા હતા ! પણ કલકત્તામાં એ કેસ લઢવા સારૂ મી૦ વીરચંદે મહિના રહી બંગાલી ભાષાનો અભ્યાસ કરીને ડોકયુમેંટો વગેરેના તરજુમામાં ફેરફારો બતાવી હાઇકોર્ટમાં નવા તરજુમા કરાવીને બાત્રાર્થ ફેરવી નાંખ્યા, અને નવો પુરાવો અપીલમાં આપી શકાય નહીં માટે તવારીખ વગેરેના નવા સંબંધ રજુ કરી નીચલી કોર્ટની ભૂલ બતાવીને જુનાં પુસ્તકો બતાવી, ત્રાંબા પત્રો તથા શીલા લેખોના ફોટોગ્રાફો રજુ કરી કેસ ફતેહમંદ કરી મજકુર ડુંગર જૈન લોકોનો છે, અને ત્યાં બીજા કોઈ દાખલ થવા પામે નહીં, એવું હુકમનામું મેળવ્યું !

બાદ પોતાનો સોલિસિટરનો અભ્યાસ પાછો શરૂ કર્યો. એટલામાં અમેરિકામાં ચીકાગોમાં દુનીઆના ધર્મ સમાજ તરફથી જૈનીઓના આચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી)ને આમંત્રણ આવ્યું. તેઓ નહીં જઈ શકે એમ હોવાથી પોતાના તથા જૈન ધર્મના પ્રતિનિધી તરીકે મી૦ વીરચંદને મોકલવાનું નક્કી કરવા સારૂં મુંબઇમાં જૈનોનો એક સંઘ સન ૧૮૯૩ ના જુન માસમાં મળ્યો, અને સર્વાનુમતે ઠરાવ કરી એમને પ્રતિનિધિ તરીકે ચુંટી કાઢી એમની મદદ સારૂ એક માણસ આપ્યું, અને સ્ટીમર "આસામ" મારફતે આગસ્ટ માસમાં એઓ મુંબઇથી રવાને થયા.

સ્ટીમરપર રસોઇના ખાસ બંદોબસ્ત સારૂ વધારે નૂર આપી જુદોજ લોઢાના ચુલ્હાનો બંદોબસ્ત રખાવ્યો હતો. અમેરિકા પહોંચી ધર્મ સમાજમાં જૈન ધર્મોનાં તત્વો વિષે ભાષણ આપ્યું. જૈન ધર્મના પ્રતિનિધી તરીક મી૦ વીરચંદને એટલું બધું માન

મળ્યું કે સમાજના ચેરમેન ડાક્ટર બેરોઝે પોતાનું મકાન ખાલી કરી આપ્યું હતું. એની વક્તૃત્વ શક્તિથી શ્રોતાજનો ખુશી થઇ ગયા હતા. ત્યાં મી૦ વીરચંદે જોયું કે એક ભાષણ આપીને હું પાછો હિંદુસ્તાન જાઉં તો મારા ધર્મની કંઇ સેવા બજાવેલી કહેવાય નહીં. તે માટે ત્યાં જૈન ધર્મનાં લેકચરો આપવા માંડયા. જૈન ધર્મના અભ્યાસ સારૂ કેટલાએક ક્લાસિસ સ્થાપ્યા, અને ત્યાં સવાર સાંજ અભ્યાસ કરનારાઓ આવવા લાગ્યા. ઘણાં પુરૂષો અને સ્ત્રીઓની જૈન ધર્મ ઉપર શ્રદ્ધા ચોંટાડી. જૈન નામથી પણ જેઓ વાકેફગાર નહોતા તેઓને જૈન ધર્મનાં તત્વ તથા આત્માનું સ્વરૂપ બતાવ્યું. બે વર્ષ જેટલી લાંબી મુદત ત્યાં રહી ચીકાગો, બોસ્ટન, વૉશિંગટન, ન્યુઓર્ક, રોચેસ્ટર, ક્લીવલેંડ, કેસાડેગા, બટેવીઆ, લીલીડેલ, લા પોર્ટ ક્રુકલાઇન, શારોન, રોકસબરી, એવનસ્ટન, હાઇલેંડપાર્ક, વગેરેમાં મળી જુદા જુદાં ૫૩૫ ભાષણો આપ્યાં હતાં ! ત્યાંનાં ન્યુસપેપરો અને ચોપાનિયાઓએ એકે અવાજે એઓના વખાણ કર્યા છે. કોઇ કોઇ ભાષણમાં તો ૧૦ હજાર માણસો હાજર હતા ! કેટલાંએક ભાષણો સાંભળવાને લોકો સ્પેશીઅલ ટ્રેનમાં આવ્યા હતા ! ચીકાગોની ધર્મ સમાજમાં રૂપાનો અને કેસાડેગાની સમાજમાં ત્યાંની પ્રજા તરફથી એક સોનાનો ચાંદ એઓને મળ્યા હતા.

હિંદુસ્તાનની ખાસ સેવા તો તેઓએ ન્યુયોર્કમાં તા. ૩૦ મી નવેંબર ૧૮૯૪ ને દિને નાઇનટીન્થ સેંચ્યુરી નામની મોટી વગવાળી એક ક્લબ આગળ "હિંદુસ્તાનના મીશનરીઓ ફતેહ પામ્યા છે કે કેમ ?" એ વિષય ઉપર એક ભાષણ આપી બજાવી છે. તેમાં હિંદુઓની નીતિ રીતિ તથા રીવાજો શ્રેષ્ટ છે, એવું સાબીત કરી આપ્યું હતું, અને મીશનરીઓ માત્ર નીચ કોમને વટાળવા શિવાય બીજું વધારે કરી શકશે નહીં. વિગેરે બતાવી આપ્યું હતું. ક્રિશ્ચિયન તરફથી હિંદુસ્તાનમાં ૩૩ વર્ષ સુધી રહેલા કલકત્તાના બીશપ થોબર્ન મી. વીરચંદ સામા તકરારમાં ભાગ લીધો હતો. પણ મી૦ વીરચંદના વિચારને પસંદ કરવાનો તથા સભાની ખુશાલી જાહેર કરવાનો પત્ર તે સભાના પ્રેસીડંટે એઓને બીજેજ દિવસે લખી જણાવ્યો હતો.

વોશિંગ્ટન શહેરમાં "ગાંધી ફિલોસોફિકલ સોસાયટી" સ્થાપી તેમાં આજે ૨૦૦ થી ૨૫૦ મેમ્બરો છે. તેના પ્રમુખ આ. પોસ્ટ માસ્ટર જનરલ મી૦ જોસફ સ્ટુઅર્ટ થયા છે. એના ઉપદેશથી હજારો માણસો વેજીટેરીઅન (ભાજીપાલાનો ખોરાક લેનારા) થયા છે, તેમજ ચોથા વ્રતને અંગિકાર કરનારા તથા સમાધિ ધ્યાન ધરનારા નવકાર મંત્રનો જપ કરનારા વગેરે ઘણાં સ્ત્રી પુરૂષોને એમણે બોધ કીધો છે. વળી લંડનમાં ૧૮૯૫ ના એપ્રિલ માસમાં આવ્યા હતા. ત્યાં સાઉથ પ્લેસ ચાપલ તથા રોયલ એશિયાટિક સોસૈટી આગળ લોર્ડ રેના પ્રમુખપણા નીચે ભાષણો આપ્યાં હતાં. તે શિવાય લંડનમાં ૪ ભાષણો આપ્યાં હતાં અને રોયલ એસિયાટિક સોસૈટીના મેમ્બર નિમાયા હતા. ત્યાંથી ફ્રાંસ અને જરમની થઇ તા૦ ૮ મી જુલાઇ ૧૮૯૫ ને દિને સ્ટીમર ઓરીએન્ટલ મારફતે એઓ અત્ર પાછા આવ્યા છે.

સ્ટીમર ઉપર તથા પોતાની સફર દરમ્યાન એક પકા હિંદુ તરીકે પોતાનો ખાવાપીવાનો ખાસ બંદોબસ્ત એમણે રાખ્યો હતો, કે જેને માટે કપતાનો વગેરેનાં સરટિફિકેટો છે. બે વર્ષના અરસામાં અથાગ મહેનત કરવા છતાં પણ એઓ કદી "સીક" પડયા નહોતા. એઓએ બહોળો અનુભવ મેળવ્યો છે, અને હજારો વિદ્વાનો સાથે પરિચય કરી પત્રો મેળવ્યા છે, અને પત્રવ્યવહાર ચાલુ કરયો છે. હિંદુસ્તાનમાં જઇનોના છોકરાઓને કેળવણી આપવાની મદદ કરવા સારૂ ઠેઠ અમેરિકામાં એક ફંડ ઉભું થવા માંડયું છે ! અને મુંબઇમાં પણ મોટા પાયાપર એક જૈન કોલેજ સ્થાપવાની હીલચાલ થવા માંડી છે. મુંબઇમાં એઓ પધાર્યા તે પ્રસંગે અત્રેના શ્રાવકોએ એમને આનંદ સહ વધાવી લઇ એક શુરવીર યોદ્ધાને માન આપે, તેવી રીતે એક મોટા સરઘશના આકારમાં એમને બંદરેથી લઇ આવ્યા હતા. મી૦ વીરચંદે પોતાની સફરનાં ૨–૩

ભાષણો અત્રે આપ્યાં છે, અને પાલીતાણા અને ઈન્સ્ટીટયુટમાં પણ પોતાનાં ભાષણો આપવાનો પંજાબ શ્રીમાન આત્મારામજી મહારાજ પાસે જઇ ઈરાદો છે. ધન્ય છે એવા શુરવીર સ્વદેશાભિમાની આવીને બુદ્ધિવર્ધક સભામાં તથા ફરામજી કાવશજી જનને ! ! !

Holy Satrunjaya.

By Chinubhai Chamanlal Javeri B. A. (Cantab)

Consecrated Mount: Abode of Gods:
Salvation unto us,
What nobler wish could we rejoice,
Than offer up ourselves.

Among the holy mountains vie,
The Glory of Satrunjaya;
Where sits within each Sanctuary,
An image of the Holy.

City of Temples 'Holy Spirits'
Befriend us in distress,
The earth seems coloured with our griefs
Lead us ere we transgress.

Exalted Lord ! 'Great Tirthankars'
The Holy Satrunjaya—
Thy greatest of Legacies we have,
Is hanging by a thread.

Restrained by Power from April day
We have not come to pray.
But shall we humble down and sit
Like beggars in the street ?

A tax !—a Poll tax State has laid;
Our fate has so ordained,
And usurped us of every right
And rule the law with might.

O Lord of Ours: O Tirthankars!
Give ear to our afflctions.
The autocrats lay deep their schemes
Against our sacred rights.

The month of Chaitra treads of late,
—The time for Pilgrimage,
When tens of thousands trod the Hill,
But now no soul is seen.

Be thou not silent at this hour,
The foe now swells with pow'r;
And strikes against our Liberty
To crush us under sway.

Answer our prayers Great Trithankars !
Guides of Righteousness !
Have pity on us, and offer help,
For thou alone could help.

We shall not hate who even hurt,
The way to win is Love.
Ignorant folk they know not GOD,
In darkness they walk on.

Oh foolishness of man ! how long
Your judgment you will drag ?
There's GOD—a just and severe Judge
To expiate our wrong.

The Shatrunjaya Dispute.

As seen by a European.

An echoe of the dispute between the Jain Community and the Palitana Durbar, about the Shatrunjaya Hill, has now come as far as Europe. That is right, and the cause in that manner rendered free from all contingent and local conditions, may be judged with impartiality.

Well, justice and reason are, without any doubt, on the side of the Jains.

The Jain Community has from centuries and centuries acquired on the Shatrunjaya Hill rights and privileges, against which the action of the Palitana Durbar seems to be unjustified.

Shatrunjaya is one of the most sacred places of the Jain Religion. The hill is covered with innumerable and magnificent temples, and every year thousands upon thousands of pilgrims resort to this holy of holies. So, it can reasonably be said: Without the Jain temples and the Sanctuaries, Palitana does not exist. For it is a matter of fact that pilgrims go to the Jain temples, and not to Palitana. Would the Hill with the temples fly away as in the tredy past so pilgrims left the way to Palitana. and every claim of the Palitana Durbar for a tax were vanished.

Such is the moral aspect of the question.

Moreover, there is a material aspect, concerning the ownership and possession of the sacred hill. It is a simple one: The Shatrunjaya Hili belongs to the Jains.

When I open *Epigraphia Indiaca* Vol. 11, No. 6th, I find, among the Shatrunjaya Inscriptions collected by the late Prof. G. Buhler, p. 50–59, No. 12, an important Prakrit inscription, dated Samvat 1650, i. e. 1593 A. D., in which I read that the Great Moghul Emperor Akbar *granted the Shatrunjaya Hill to the Jains*, in the year Samvat 1639, i. e. 1582 A. D.

Indeed, this mention is sufficient for my true opinion.

Gujarat was then a part of the Moghul Empire, and by the aforesaid grant of Akbar, ownership and possession of the Shatrunjaya Hill was recognised to the Jains.

Consequently the Palitana Durbar is not to claim any sovereignty and authority over the Shatrunjaya hill. He must only support Police in order to guarantee tranquility in the country and to secure protection, Watch and ward of the pilgrims.

The Palitana Durbar belongs to the clan of the Gohel Rajputs, whose earliest traces in the region are found

somewhere in the 13th Century. But they removed themselves to Palitana only at a much later date.

In the year 1651, the Jains entered into a contract with the ancestors of the present Durbar, whereby the latter guaranteed protection to the pilgrims coming to the hill, and the Jains in return agreed to make some money payment.

Contractual relations of this sort were continued during centuries.

After the establishment of the Kathiawad Political Agency, a new agreement was signed in December 1821, according to which the Durbar was to receive from the Jain Community an annual sum of Rs. 4500/- for the protection guarranteed. And this agreement was acted upon for nearly 40 years.

In 1863, after a new enquiry the Government of Bombay fixed the annual payment at Rs. 15000/- per annum, and the agreement was consented for 40 years. But as an essential feature it was established, that, in the event of any modification of this sum becoming necessary, the British Government was to be the supreme deciding authority.

That Agreement of 1886 expired on 1st April 1926. Then a new claim of the Palitana Durbar was to allow it to levy a pilgrim tax which would be collected through its own agency. This tax was Rs. 5 a year from subjects of Palitana State, and Rs. 2/- per head from every foreign pilgrim.

But such s tax leads to very great inconvenience to the pilgrims. Therefore the Jain Community submitted a Rejoinder, showing that the payment hitherto made had been in the nature of a contractual obligation under agreement accepted by both parties.

The Contest was put before the Hon'ble Mr. C. C. Watson, Agent to the Governor General for States in Western India. The Honourable has decided, by an Order dated 12th July 1926, that the Durbar of Palitana is entitled to one Lac of Rs. i. e. 100000/- Rs. a year, and for a period of ten yeare, from the Jain Community, in commutation of his right to levy the pilgrim tax.

This amount which represents an increase of nearly 700 per 100, will generally be regarded as an exorbitant one. For it is in excess of what is required to guarrantee protection of the pilgrims. Moreover the normal revenue of the State being about seven lakhs of Rs. the addition of one lack signifies a substantial gain to the State but also a sort of spoliation of the Jain Community.

Therefore the Special Session of the Jain Swetamber Conferance has

strongly protested against the ordet of the Honourable C. C. Watson. In his Presidential address on the 31st July 1926, the Honourable Mr. Shriyut B. Singhi has reasonably suggested that "the supreme Government of India should appoint an authoritative and representative Commission of inquiry to investigate thoroughly into the whole question, and to report thereon dispassionately, on Judicial as well as Historical grounds."

So the Jains look to the British Government for equity and justice.

For the Jain Community is a peaceful, loyal and low-abiding one. Its rights are clear and guarranteed by many centuries. Meanwhile the Palitana Durbar claims to exercise sovereign authority over the holy Shatrunjaya and he risks, through an excess of his attitute to make it impossible for the Jains to visit their temples.

But justice does preserve sovereignty in the world, and the Jains have both equity and justice on their side. Therefore they have full confidence in the final decision of the British Government.

Dr. A. Guerinot.
French Jain Scholar,
PARIS.

આકાંક્ષા.

બિચારાં ! આશાનાં પંખિડાં ! ઉડતાં ગગનાંગણ ભણી કેવાં !
રૂપાના મહિ રાવણ માંહે ! હરેા શું ? અમૃત મેવા
હેાંશ ધરી હૈયામાં અદકી, પ્રયાણ કરી રહ્યાં લેવા !–બિચારાં. ૧

અનિલ જંઝા વાત સરિખેા ધૂમતેા ચેાગમ ભેરે
વિકટ વાટ એમ કષ્ટ કારિણી ત્યાં ઉડવું કઇ પેરે ? !–બિચારાં. ૨

તપે રવિ અતિ તિવ્ર રેાષથી, ત્યાં દહી રહું સહુ કંઇએ
શ્રમિત બિચારાં પંખિડાં ! કયાં વિરામ શેાધે તહીંએ ?–બિચારાં. ૩

ભીતિ ના પૂરની સામે એ તરવુ દુસ્કર કેવું !
આશાનાં માર્યા પામર એ કરતાં સાહસ એવુ !–બિચારાં. ૪

નથી સહાનુભૂતિ, નથી સ્હાયકેા, નથી પંથ શીવકારી !
ઉડવાનું એવા સંજોગે ! સમજીને ઈશ યારી !–બિચારાં. ૫

નશ્વર જગ પણ અમર આશ છે જરા ન શ્રદ્ધા ખૂંટે !
ભગ્ન હૃદય ભલે થાય તેાય પણ નવ પલ્લવ ફરી ફુટે.–બિચારાં. ૬

સીનેાર, તા. ૧૧–૧૨–૨૬. ગેારધનભાઈ વીરચંદ શાહ.

શ્રી શત્રુંજયની એક ઐતિહાસિક બિના.

વિકમસી ભાવસાર ચુપદિ.

પુરુષ એક જગિ મેરુ સમાન,
તે વર્ણવું તહ્મેં દિઉ કાન ।
સેત્રુંજ સમૂ ન તીરથ કોઇ,
મનિ આપણઇ વિમાસી જોઇ ॥૧॥
રવિ તલિ રાવણ સમૂં ન રૂખ,
દરસણિ દીઠઇ ભાજઇ ભૂખ ।
તીહ આગલિ આદિલ પ્રાસાદ,
તિહુયણ ઊપરી નખઇ નાદ ॥૨॥
પ્રભુ પૂજીજઇ ભલે ભોગિ,
બાની પખઢા કરમ સંયોગી ।
તે પૂજારા પરહા કરી,
કાલા પાહાણ કરિ તીણઇ ધરી ॥૩॥
એ દેત્ર છઈ વાણિયા તણું,
અહ્મનઇ અરથ અપાવસીહ્ં ઘણું ।
તેહ તણાં વયણાં સાંભલી,
પાખલિ ધણી પરજ ખલભલી ॥૪॥
એકી ઘાયા લેઇ ખાંડા છરી,
રહીયા દેઉલ પાખલી ફરી ।
એક ભણઇ એ અહ્મ આગમું,
જીમ મેહ્લાવી તઉ પુણું જમું ॥૫॥
તેહે વાતજ કીધી હોઇ,
આધા થઇ ન સકઇ કોઇ ।
ભાવસાર વીકમસી ભણું,
સૂરાં ધુરિ નામ તેહ તણું ॥૬॥
પહિરી નિર્મલ ચાદર ધોતિ,
જસ શરિરિ સોવન્નહ જોતિ ।
હાથિ સુગંધ સેવત્રાં માલ,
આવિ કથા કહી દેપાલ ॥૭॥
જમડઢ જાંગિ બાંધિ કરી,
એક મનુ અલવિહિ સંચરી ।
તીણઇ બાની ડાબો લાવીયા,
તેહ તણી વાતઇ આવીયા ॥૮॥
તહ્મં તાં સોવર્ણુ માગું બહૂ,
પરઠં પરઠં આપઇ સહૂં ।
હાથિ અ છઇ તે મુદ્રા ઘણી,
એહૂ લાષી બિહુ જણ ભણી ॥૯॥
એક પ્રતિઇ ધમ બોલઇ હસી,
આણી ન ભાઇ સૂકડી ઘસી ।
બીજાં પ્રતઈં ભણી કાં ભૂલ,
તૂં તા લેઇ આવિન પુલ ॥૧૦॥
એક રહિઉ પરમેશ્વર પાસિ,
બીજા બે ઉતરીયા સાસિ ।
જુ અવલોઇ આદિ જિણંદ,
તૂત હિયડઇ પરમાણંદ ॥૧૧॥
સામી તણાં ચલણ અણુસરી,
બાની સાહિઉ બિહુ પગિ ધરિ ।
જમદઢ લીધી જિમણઈ હાથિ,
ડાબઈ બાનિ સાહિઉ બાથિ ॥૧૨॥
છબ્ય છબ્ય છુંદી પડઇ તીહં બેહૂ,
બિહુના સાહસ પાર ન લહૂં ।
છીપું કરઇ નવલું છીપણું,
બિબઇ ભરઇ નામ આપણઉં ॥૧૩॥
છીપું પાડઇ અભિનવી ભાતિ,
ધનકુલ ભણાવિ જાતિ ।
બાહરલા વાહરિ રાહાવિયા,
મારીતા ગાઢા (ધંટા) ? વહાવીયા ॥૧૪॥
વીકમસી ગભરાઇ રહિઉ,
ગુરુઉ દેવલોક ગએ ગહિઉ ।
રાયરાણા મોટા મંડલી,
બોલઇ બિરુદ મહાજન મીલી ॥૧૫॥
લુહકું મહાજન એહનઇ ભણું,
પહિલુ કલસજ ધહુતણુ ।
જીહતણે ધરિ પાણી ગલઇ,
અભષ્ય ભષિણ જીદું રિઇ ટલઇ ॥૧૬॥

માંસ મદિરા આસતા નહિ,
લહુ માહાજન તાહરઇ કહી ।
માણા (પિતા) (ભાતા) રામહદેનું પૂત,
આદિસર છલિ સરણિ પહુત ॥૧૭॥

ધન માતા જે ઉદરીઉ ધરીઉ,
ધન કલત્ર જિણું વર વરિઉ ।
વીકમસી ચરીત સાંભલઇ,
તેહ નર નારી અફલાં ફલુઇ ॥૧૮॥

॥ ઇતિ વીકમસી ભાવસાર ચુપદી ॥

નોંધ—આ ચોપઇ અમારાપર વઢવાણ કાંપથી મુનિ રંગવિજયે જૂના ચોપડામાંથી ઉતારી મોકલી આપી છે અને સાથે જે જણાવ્યું છે તે ભાષા સુધારી અત્ર આપીએ છીએ કે–"આ ચોપઇના સંબંધને મળતીજ બીના પાલીતાણાની આસપાસના ભાવસારોના મુખેથી પણ હાલ પણ સાંભળવામાં આવે છે. કારણ કે તેઓ તેના કુલનાજ–પિત્રાઇઓ ગણાય. તેઓ કહે છે કે અમારો વડવો વીકમસી કરીને હતો. તે જાતે ભાવસારના ટીમાણીઆ ગોત્રનો હતો ને લૂગડાં રંગવાનો (છીપાનો) ધંધો કરતો હતો. એકદા કામ કરી મધ્યાન્હ થતાં ઘેર જમવા આવ્યો તે વખતે ઘરમાં તેની ભોજાઇને કામ પ્રસંગે રસોઇ કરવાનું મોડું થયું. વીકમસીને ક્રોધ થયો ને આમ કરીશ ને તેમ કરીશ એમ તે કહેવા લાગ્યો એટલે ભોજાઈએ આવેશમાં કહ્યું કે આટલા બધા જોરાવર છો તો જાઓને સિદ્ધાચલજીને મુક્તાધાટ (મુક્ત) કરોને ?–આ વખતે સિદ્ધાચલજી ઉપર મૂલ નાયકજીની ટુંકમાં વાઘે નિવાસ કર્યો હતો ને યાત્રાળુ તેથી જઈ શકતા નહિ. જાય તો હેરાન કરતો ને મારી પણ નાંખતો. આ વાઘ સામે પરાક્રમ કરો તો ખરા જોરાવર–એમ મેણું ભોજાઇનું થયું. વીકમસીએ કહ્યું કે સિદ્ધાચલને મુક્ત કરીને પછીજ ઘેર આવીશ.

'આ પ્રમાણે કહી વીકમસી ચાલી નીકળ્યો. સંઘને કહ્યું કે હું સિદ્ધાચલજી ઉપર વાઘને મારવા જાઉં છું. ઉપર જઇ વાઘને મારી ધંટો વગાડું ને તમે સાંભલો તો જાણજો કે મેં વાઘને માર્યો ને જો ન સાંભલે તો મુને મુવો માનજો. આવું કહીને ઉપર જઇ વાઘને માર્યો. વાઘે પણ તેને મુવા જેવો કરી નાંખ્યો. છેવટે પોતે ધીરજ લાવી પોતા પાસેનું કપડું શરીરે મજબૂત બાંધીને ધંટ પાસે આસ્તે આસ્તે જઇને ધંટને જોરથી વગાડ્યો, ને સિદ્ધાચલજીને મુક્તાધાટ કર્યો. યાત્રાલુઓને ત્રાસથી બચાવ્યા. યાત્રા ખુલ્લી કરી દીધી.

'આજ વીકમસી ભાવસારનો પાલીઓ હાલ સુધી કુમારપાલના દેરાસરજી પાસેજ નાનો આંબો હાલ રોપેલ છે તેની નીચે હયાત છે. તે મેં ઘણી વખત જોયો છે ! હજુ ટીમાણીઆ ગોત્રના ભાવસારો શત્રુંજય આસપાસ વસે છે ને તેમના છોકરાઓની છેડાછેડી ત્યાંજ છૂટે છે એમ કહેવાય છે.

આ દેપાલ કવિની કરેલી ચોપઇ હોય એમ જણાય છે. તેનું નામ વચમાં સાતમી ગાથામાં છે."

મુનિ શ્રી દર્શનવિજયજીને આજ ચોપઈ એક પાનામાં મળી છે. તેમને પૂછતાં તેઓ જણાવે છે કે 'વાઘને માર્યાનું સ્થળ–તે વાઘ–વાઘણ બચ્ચાવાળી વાઘણ પોળ કહેવાય છે તે છે એટલો મને વિશેષ ખ્યાલ છે."

આ ઉપરથી જણાશે કે બંધ થયેલી યાત્રાને જીવને જોખમે ખુલ્લી કરાવનારા વીરપુરૂષો જૈનોમાં હતા. હાલ જો કે જુદાંજ કારણે પણ બંધ થયેલી યાત્રાને ખુલ્લી કરાવનારા વીરો પ્રગટે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના !

જૈન યુગ.

卐

"I recognise no limits to my aspiration for our Motherland, I want our men and women, without distinction of caste or creed, to have opportunities to grow to the full height of their stature, unhampered by cramping or unnatural restrictions. I want India to take her proper place among the great nations of the world, politically, industrially, in religion, in literature, in science and in Arts."

—Gopal Krishna Gokhale.

Let us strive, honestly, manfully, ceaselessly, to acquire this community of life and thought with the wide ever-moving civilised world. Let us give up nursing our provincial or sectarian pride and prejudice, and then and then only will an Indian nation be possible. Then and then only will an Indian nation be capable of rising to a sublimer height where national differences and prejudices slink away in shame and give place to a recognition of the supreme claims of the broadest humanity, the common brotherhood, of all men in a loving equal family of nation.

—JADUNATH SARKAR. 19-2-27.

પુસ્તક ૨ અંક ૬. વીરસંવત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩. માહ.

તંત્રીની નોંધ.

૧-શ્રી શત્રુંજય પ્રકરણ.

આ સંબંધમાં શું શું ખબરો છે તે શેઠ આણંદજી કલ્યાણજીના મૌનથી જાણવામાં આવતી નથી. શું તે પેઢી નિષ્ક્રિય છે? હાથ જોડીને બેસી રહી છે? પોતે શ્રી કૉન્ફરન્સના મંડપમાં અને પોતાની ભરેલી સભામાં આપેલ વચન–કબૂલાત (undertaking) ભૂલી ગયેલ છે? તે કબૂલાત એ હતી કે વખતો વખત અમે 'બુલેટિન'–માહિતી પત્રો બહાર પાડી તે સંબંધીની ખબરો આપતા રહીશું. પ્રજાને વિશ્વાસમાં લીધા વગર કદિપણ સફલતા મળનારી નથી. એ સફલતાને માટે પણ હાલના જમાનામાં પ્રજાને માહિતગાર રાખવી જોઇએ. પ્રજા 'યાત્રાત્યાગ' ના કદમ પર ઝૂકી રહી છે. 'યાત્રા ત્યાગ કરો' એ બ્યુગલો ફુંકવાની જરૂર છે અને પ્રજા તે ભેરી નાદને માન આપતી આવી છે ને આપશે. અમે પણ પોકારી પોકારીને કહીએ છીએ કે **જ્યાં સુધી માનપ્રદ સમાધાન ન થાય ત્યાં સુધી દરેક જૈન પુરૂષ, સ્ત્રી તેમજ બાળકે શ્રી શત્રુંજયની યાત્રા ન કરવી. ધર્મને ખાતર, આપણી ટેક ને પ્રતિષ્ઠાની ખાતર, સંઘની આજ્ઞાને માન આપવાની ખાતર એ યાત્રાનો ત્યાગ દરેકે કરવાની ફરજ છે-કર્ત્તવ્ય કર્મ છે–આપદ્ ધર્મ છે.**

આ સાથે હમણાં એક જૈન ભાઈ શ્રી શત્રુંજયની વષ્ટીની વાત કરવા આવ્યા. પોતાની પાલીતાણાની મુલાકાતની વાત કરી. શત્રુંજય પોતે જઈ આવ્યા ને પાલીતાણાનું વાતાવરણ ઘણું સારૂં છે ને સમાધાન કરવું આવશ્યક છે એમ ઘણી વાતો કરી. પહેલાં તો અમે સંઘની આજ્ઞા વિરૂદ્ધ યાત્રા કરી આવ્યા તે બદલ તેમને સખત ઠપકો આપ્યો, પછી સમાધાન પર અમે જણાવ્યું કે તે માટે સર્વની ઇચ્છા હોય તે સ્વાભાવિક છે; અમારા વિચાર શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વે૦ પ્રાંતિક પરિષદના છેલ્લા અધિવેશનમાં પ્રમુખ તરીકે નીચે પ્રમાણે જણાવ્યા છેઃ—

'અરસ્પરસ સમજી લેવું એમાં જે શાંતિ અને આનંદ રહે છે તે ઝઘડા કરવાથી નથી રહેતાં. આમ પાલિતાણા રાજ્ય અને આ૦ ક૦ પેઢી પરસ્પર સમન્વતીથી નિકાલ કરી નાંખે તેના જેવું એકે નથી; પણ તેમ કરવા માટે બંને પક્ષની હૃદયપૂર્વક ઈચ્છા અને સહકારિતા જોઇએ. એક પક્ષ અસવાર બને અને પોતાનું મમત્વ ન છોડે તો બીજા પક્ષથી સમાધાન ન થઈ શકે. વળી જે સમાધાન થાય તે સ્વમાન અને પ્રતિષ્ઠાને જાળવીને યથાસ્થિત ન્યાયપુરઃસર થાય તોજ આખી સમાજને સંતોષ થાય.

'અરસ્પરસ સમજુતી ન થઇ શકે, તો બંને પક્ષના વિશ્વાસપાત્ર તટસ્થ અને નિષ્પક્ષપાતી લવાદદ્વારા ફડચો લાવી શકાય; પણ તે માટે પણ ઉપર જણાવી તેવી બંને પક્ષોની મનોદશા જોઇએ.

'પાલિતાણાના રાજ્યકર્તા હિંદુ રજપૂત છે: તેણે પોતાના પ્રભુનાં દર્શન કરવા યાત્રાએ આવનાર પ્રત્યે સંપૂર્ણ સદ્‌ભાવ અને પ્રેમ દાખવવા ઘટે. અસંખ્ય યાત્રાળુના આગમનથી પોતાના રાજ્યને બીજી અનેકરીતે થતા લાભથી સંતોષ માનવો ઘટે. આવી સંસ્કારી આર્ય ભાવના તેના હૃદયમાં જાગે તો ઝટ નીકાલ થઇ શકે.

આજ રીતે આ. ક. ના વહીવટદાર પ્રતિનિધિઓ એક બીજા સાથે મસલત કરી એકસંમત થાય, અને પોતાની સાથેના સાત આગેવાનોની કમિટીની સલાહ અને સહાય લે તે પ્રથમ થવું જોઈએ. તેવી સ્થિતિ અમે પૂછીએ છીએ કે છે? લોકો આ સવાલ આ. ક. ની પેઢીને પૂછે છે તો તેનો જવાબ તેમની પાસે શું છે તે તેઓ જણાવશે? બાકી મોટે ભાગે કેટલાક લોક અને અમારી પાસે ઉપર જણાવેલા આવેલા ગૃહસ્થ એમ પૂછે છે કે 'તમે કંઇ કરતા નથી?'—આના જવાબમાં અમારે મુક્ત કંઠે જણાવવું પડે છે કે અમારી પાસે કંઈ પણ કરવાની શક્તિ કે સત્તા નથી. બધી શક્તિને સત્તા આ. ક. ની પેઢીએ લઇ લીધી છે. તેઓ કુલ મુખત્યાર છે. તેઓને સલાહ અને સહાય આપવા ખાતર સાત આગેવાનોની કમિટી નીમવામાં આવી હતી. તે કમિટીની સલાહ અને સહાય કેમ લેવાય છે તેની જાણ પ્રજાને કદિપણ કરવામાં આવી નથી—આવતી નથી, ને કરવામાં આવશે કે નહિ તે સવાલ છે. without prejudice ચર્ચા બની શકે એમ ન થાય?—આવા સવાલો પૂછાય છે તેના જવાબ પણ યથાસ્થિત શ્રી આ. ક. ની પેઢીજ આપી શકે. અત્યાર સુધીમાં આ મહત્ત્વના પ્રકરણ સંબંધી શું શું થયું છે અને શું પરિણામ આવ્યું છે તેના પાક્કા ખબર પણ તે પેઢીજ આપી શકવાની સ્થિતિમાં છે. આમાં પ્રમાદ જેટલો થાય છે તે લોકમાં નિરાશા અને અવિશ્વાસ ઉત્પન્ન કરનારજ નિવડે છે.

શત્રુંજય પ્રચાર સમિતિ પોતાનું કાર્ય કરી રહી છે. તેના રીપોર્ટ જાહેર પત્રોદ્વારા બહાર પડયે જાય છે. તેના ફંડની હકીકત પણ જણાવવામાં આવે છે છતાં કોઈ તેના સંબંધમાં આંખ મીંચીને ગમે તે યદ્વાતદ્વા બોલે તેની સામું કોઇ સમજુ જોતું નથી. આંખ વગરનો તે અંધ કહેવાય પણ જે આંખ છતાં જુએ નહિ તેને કઇ કોટિમાં ગણવો?

શ્રીયુત સારાભાઇ નેમચંદ હાજી વડી ધારાસભામાં એક સભ્ય ચુંટાયા છે તે માટે અમો તેમને ધન્યવાદ આપીએ છીએ. તેમણે શત્રુજયના સંબંધમાં કમિશન નીમવાના અંગે એક સવાલ વડી ધારાસભામાં રજુ કરવાની અગાઉથી નોટીસ આપી હતી, પણ તે દેશી રાજ્યના સાથે સંબંધ ધરાવતો હોવાનું કારણ આપી તે સભાના પ્રમુખ સાહેબે કાનુન બહાર જાહેર કર્યો તેથી તે સંબંધમાં ધારાસભા કે વડી ધારાસભા કંઈ કરી શકે તેમ નથી એમ જણાયું છે. આ સવાલના સંબંધે પૂરી હકીકત આપવા શત્રુંજય સંબંધીનું સાહિત્ય શ્રી કૉન્ફરન્સ ઓફિસે વડી ધારા-

સભાના લગભગ બધા સભ્યોને પૂરૂં પાડવામાં આવ્યું હતું અને ઘણા સભ્યોએ પોતાની સહાનુભૂતિ જાહેર કરી હતી જેનો કંઈક ખ્યાલ વિવિધનોંધમાં તેમના પત્રોમાંના ભાગ મૂક્યા છે તે પરથી જણાશે કે આ બધી સહાનુભૂતિનો લાભ આપણે લેવાની જરૂર છે. પણ કઇ રીતે લઈ શકાય એ ખાસ વિચારવાનું રહે છે.

અમને જે કંઈ ખબર પડી છે તે એટલી કે ૩૦ મી માર્ચ ૧૯૨૬ ને રોજ વાઇસરોય સાહેબે જે સમસ્ત સંઘની જબરી અરજી ગઈ હતી તેનો જવાબ આપ્યો હતો તેના સામે–તેમાંની હકીકતોના રદીયા રૂપે એક મેમોરીયલ આ. ક. ની પેઢીએ મોકલ્યું છે. મી. વૉટ્સનના ચુકાદા સામેની અપીલ હજુ સુધી નોંધવામાં આવી નથી, પણ તેનો ડ્રાફ્ટ થઈ ગયો છે ને થોડા વખતમાં મોકલવામાં આવશે.

આપણી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ઠરાવ પ્રમાણે કૉન્ફરન્સ ઓફિસ તરફથી વાઈસરોયને શ્રી શત્રુંજય તીર્થના હકકો સંબંધીનું પ્રતિનિધિત્વવાળું કમિશન નીમવા માટેની અરજીનો ડ્રાફ્ટ અંગ્રેજીમાં ઘણી મહેનત લઇને કરવામાં આવ્યો હતો ને તે મોકલાય તે પહેલાં તેમાં ખૂટતી હકીકતો તથા તે અરજી સંબંધી અભિપ્રાય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી માંગવામાં આવતાં તેના જવાબમાં છેક હમણાં કૉન્ફરન્સ ઓફિસને તે પેઢીએ ખબર આપી છે કે આગેવાની કમિટીની સભાએ ઠરાવ્યું છે કે હવે કમિશન માટેની અરજી મોકલવાની જરૂર નથી.

બીજું પ્રજાને ખાસ ભલામણ કરવાની અમને એ જરૂર રહે છે કે કેટલાક ભાઈ પોતાને અમુક સ્વપ્નું આવ્યું ને દાદાસાહેબ અમુક કહી ગયા કે અમુક દેવે આમ 'સોણા'માં આવી કીધું એમ બહાર પાડવા મંડી ગયા છે તો એ બધાથી ભોળવાવાનું નથી. પ્રજાએ તો પોતાનો યાત્રાત્યાગનો નિશ્ચય કાયમ રાખીનેજ વર્ત્તવાનું છે. અને ઘેર બેઠાંજ શ્રી શત્રુંજયની–અરિહંતની ભાવપૂજા–ભાવવંદના ચાલુ રાખવાની છે. જય શ્રી શત્રુંજય !

૨. જૈનો અને વ્યાયામ.

ગૂજરાતના જૈનોની શારીરિક સ્થિતિ દિવસે દિવસે ખરાબ થતી જાય છે, તેનું કારણ વ્યાયામ કરવાનું ભૂલી જવાયું છે. એટલુંજ નહિ, પણ શરીરને કસનારા ધંધાઓ પણ પુરૂષોએ મૂકી દીધા છે અને સ્ત્રીઓએ દળવા ખાંડવા રાંધવા વગેરેનું ગૃહોપયોગી તેમજ શરીરને તંદુરસ્ત રાખનારૂં કાર્ય છોડી દીધું છે. આ છોડી દેવામાં શ્રીમંતાઇ, વિલાસ યા હિંસાના ખ્યાલ નિમિતભૂત બન્યા હોય. વળી અખાડાઓ પહેલાં દરેક શહેરમાં યા ગામમાં રહેતા તે, તથા દેશી રમતો, હોળીનાં યુદ્ધો, વગેરે અદૃશ્ય થતાં શરીરમાં મંદતા, નિર્વીર્યતા, ભીરૂતા, જડતા પેઠી, અને મરણની સંખ્યામાં વધારો થતો ગયો. આ ચસ્તીનો ઘટાડો એમને એમ કાયમ રહેશે તો થોડી વીસીઓમાં શું પરિણામ આવશે એ કલ્પી શકાય તેવું છે.

હમણાં ગત વસંતપંચમીને દિવસે સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખસ્થાને મુંબઇ જૈન સ્વયંસેવક તરફથી વ્યાયામશાળા ખોલાયેલી તે વખતે ઉકત પ્રમુખ સાહેબે યથાર્થ જણાવ્યું છે કે:–

"શ્રાવકો તો વીરપુત્રો છે; તેમને વ્યાયામની જરૂર જણાવવાની હોય જ નહિ. અગાઉ વ્યાયામ શાળાઓ હતી, પણ અંગ્રેજી કેળવણીના પ્રચાર પછી તે શાળાઓ નીકળી ગઈ અને ક્રિકેટ વગેરેની કલબો ઉભી થઈ. મારા વતનમાં શેરીએ શેરીએ અને પોળે પોળ અખાડા હતા, ત્યાં અમે કુસ્તી, મલ્લખમ, દંડ વગેરે કસરત કરતા હતા, તે કસરતને અંગે કોઇ રીતે ખર્ચ થતો ન હતો. આવી તદ્દન બીનખર્ચાળ કસરત ગઇ. અસલથી વીરપુત્રો તલવાર બાંધતા આવ્યા છે, અને રણક્ષેત્રની તૈયારી માટે આ વ્યાયામશાળા એક પગથીઉં છે. આવી શાળાને દરેક રીતે સ્ત્રી પુરૂષોએ ઉત્તેજન આપવાની જરૂર છે અને આશા છે કે પુરૂષો કરતાં બાળકોની માતાઓ પોતાનાં બાળકોને આ કસરત શાળામાં મોકલીને જરૂર ઉત્તેજન આપશે. હવે વીરપુત્રો જાગ્રત થઇને અંગબળ અને કસરતની આવશ્યકતા સમજ્યા છે તે માટે ધન્યવાદ ઘટે છે."

અમોએ આ પ્રસંગે જણાવ્યું હતું કે: વ્યાયામશાળા —અખાડા દરેક જૈન શિક્ષણની સંસ્થા સાથે જોડાવા જોઇએ. જે વિદ્યાર્થીની શરીર સ્થિતિ સારી ન હોય ને જેણે અખાડાની તાલીમ લીધી ન હોય યા જે લેતો ન

હોય તેને અન્યશિક્ષણ આપવાથી પૂરો લાભ નથી. માબાપોએ પોતાનાં બાલકો કસરત કરવાથી રખેને હાડકાં ભાંગશે એ ખ્યાલ દૂર કરી તેમને કસરત આપવી–અપાવવી જોઇએ. શરીર એ ધર્મસાધન છે. શરીર એ મુખ્ય સંપત્તિ છે—તેથી બીજી બધી સંપત્તિઓ પ્રાપ્ત થઇ શકે તેમ છે. તો આવી શાળાઓ દરેક સ્વયંસેવક મંડળ દરેક શહેરમાં–ગામમાં સ્થાપશે અને એથી તંદુરસ્ત સેવાભાવી નિડર અને અન્યના રક્ષણ માટે તત્પર યુવકો ઉત્પન્ન કરશે તો સમાજ કંઈ ઓર સૌંદર્ય ધારણ કરશે.

મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલય શેઠ ગોકળદાસ મૂળચંદ જૈન હોસ્ટેલ, શેઠ હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગ, પુનાનું ભારત જૈન વિદ્યાલય, તેમજ આપણી જૈન હોસ્ટેલો કે બોર્ડિંગો, અખાડા સ્થાપી વિદ્યાર્થીઓને તે દ્વારા તાલીમ આપવાની ગોઠવણ કરશે એમ અમે ઇચ્છીશું. રા. પાદરાકર 'અંગબળ અને કસરત' નામનું પત્ર વડોદરાથી કાઢી કસરતના લાભો સમાજને ઠીક સમજાવી રહ્યા છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તે ભાઇની અનેક સેવાઓ ચિરસ્થાયી નથી થઈ તે રીતે આ સંબંધમાં ન બનતાં કસરત સંબંધીના વિચારોનો પ્રચાર સમાજમાં ચિરસ્થાયીપણે કર્યા કરશે એમ અમારી તેમને ભલામણ છે.

૩. જૈન ડૉકટરોની કદર.

ડૉકટર ત્રિભોવનદાસ ઓધવજભાઈ શાહ એફ. આર. સી. એસ. ને માનપત્ર આપવાનો મેળાવડો મુંબઈની જૈન એસોસિયેશન ઓફ ઇંડિયાઅને મુંબઈ માંગરોળ જૈન સભાના આશ્રય નીચે મુંબઈ ઇલાકાના કેળવણીના પ્રધાન દી. બ. હરિલાલ દેસાઇભાઈ દેસાઇના પ્રમુખપણા નીચે તા. ૧૩ મી ફેબ્રુઆરી ૨૭ ને દિને કરવામાં આવ્યો હતો. ડોકટર શાહ એ શસ્ત્રક્રિયામાં અતિ નિપુણ તખીબ છે, વળી વઢવાણના ગરીબ કુટુંબમાંથી આટલી તાલીમ પામેલા આ ડૉકટર ગરીબો પ્રત્યે પ્રેમ ધરાવે છે એ ખરેખર જૈન સમાજને ગૌરવનું કારણ છે. ઓછામાં ઓછા પંદર જૈન સાધુ સાધ્વીઓના પર શસ્ત્રક્રિયા સેવાભાવે કરી તેમને રોગથી સફલરીતે મુક્તતા આપી શાતા ઉપજાવી, એ આ માનપત્રનું અનંતર કારણ છે. ખાસ કરી મુંબઇમાં મુનિશ્રી ન્યાયવિજયજી પર ખાસ કરી 'એપેન્ડિસાઇટીસ' માટેનું શસ્ત્રકાર્ય મુંબઈના બીજા જૈન ડૉકટરો ડા૦ મોદી, સરાફ આદિ અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તખીબી વિદ્યા લેતા વિદ્યાર્થીઓના સહકારથી ડૉ૦ શાહે જે સફલતાથી કર્યું તે માટે તેમને તેમની નિપુણતા સારૂ અવશ્ય ધન્યવાદ ઘટે છે.

ઉચ્ચ શિક્ષણમાં મદદ કરવાથી કેવા તાલીમવંતા શાસ્ત્રનિપુણ નરો મેળવી તેનાથી લાભ ઉઠાવી શકાય છે તેનું આ જવલંત દૃષ્ટાંત છે. બીજું શસ્ત્રક્રિયા એ આવશ્યક અને ઉપયોગી ચીજ છે, એ આ ચાલુ જમાનામાં નિર્વિવાદપણે સ્વીકારવાનું છે. તે સામેના વિરોધીઓ વ્યાજબી રીતે હોઈ ન શકે એમ અમારૂં માનવું છે. મહાત્મા ગાંધીજી જેવાને ઉપરનું 'એપેન્ડીસાઇટીસ' જેવું દરદ થતાં તેમના પર તાત્કાલિક શસ્ત્રકાર્ય થવું જોઈએ એવું કર્નલ મેડોક નામના ડાકટરનું કહેવું થતાં જ તેને કુદરત પાસેથી દરદના ઇલાજ લેનારા–શોધનારા મહાત્માજી પણ શરણ થયા–શસ્ત્રકાર્ય સફલ થયું અને સુભાગ્યે દેશખાતર બચ્યા, એ પણ દૃષ્ટાંત આ વખતે અમારી સમક્ષ ખડું થાય છે.

તબીબો જીવનદાતા, પોલીસ રક્ષણદાતા અને સાધુમુનિઓ જ્ઞાનદાતા છે પરંતુ તેઓ તેમ મટી જઇ જીવનદાતા જીવલેણ, રક્ષણદાતા ભક્ષક અને જ્ઞાનદાતા અજ્ઞાનદાતા બને તો સમાજની શી દશા થાય ? આ મેળાવડાને આગલે દિવસેજ 'સૌરાષ્ટ્ર' 'જીવનદાતા !' એ નામનો સુંદર અગ્રલેખ બહાર પાડયો હતો તે આ મેળાવડામાંના જે વકતાઓએ ભાષણ કર્યા તેમાંના કોઇએ પણ લક્ષમાં લીધો લાગતો નથી. અમે તે આખો દરેક ડાકટરને વાંચી મનન કરવા ભલામણ કરીએ છીએ. અત્ર સ્થાનને અભાવે તે આખો ન આપતાં તેનો છેલ્લો ભાગજ ઉતારીએ છીએ:—

"દાક્તર બંધુઓ પોતાની છાતી ઉપર હાથ રાખીને બોલશે ? અધર્મ આચરવો છોડે તો શું તેઓનું ઉદરપોષણ અટકી પડે છે ? તેઓની થાળીમાં દાળ ભાત રોટલી, અંગ પર સુંદર વસ્ત્રો અને રહેવાનું સુખાવહ મકાન : એટલા

ખાતર શું તેઓને માનવતા વેચવી પડે છે ? ના. તેઓની સંખ્યાની ઓછપને કારણે જ આપણને તેઓની જરૂર જ રહી છે. તેઓને રઝળવાનું રહ્યું નથી. મી. સ્વેઈને પોલીસોને પ્રબોધ્યો હતો તેવો કશો ભોગ દાક્તર બંધુઓને આપવો પડવાનો નથી. તેઓની સજ્જનતા સામે તો દર્દી પ્રાણ પાથરતો આવશે. તેઓની નિસ્પૃહા ઉપર તો પ્રજા અવાચી પડશે. તેઓના કરૂણામય સ્મિત ઉપર લોકો હોંશે હોંશે લક્ષ્મી વરસાવશે. અમીરોની પાસેથી એ દ્રવ્ય લઇ શકશે—અને ગરીબોમાં એ વિના મૂલ્યે સેવા અર્પી શકશે. આજે કોઇ કોઈ દાક્તરોને આપણે પ્રભુના ફિરસ્તા જેવા વિહરતા, સુખી જીવન ગુજરતા અને ઠેર ઠેર સંજીવની છાંટતા જોઇએ છીએ. ધન એને ચરણે વણમાગ્યું લોટે છે. અને **એની ઔષધિ કરતાં વધુ રામબાણ તો એની નિઃસ્વાર્થ વૃત્તિ નીવડે** છે. એની નિદ્રામાં કે જાગૃતિમાં, નિવૃત્તિમાં કે પ્રવૃત્તિમાં, ખાવામાં કે પીવામાં, ગમે તે વખતે ને ગમે તે સ્થાને, એનાં દ્વાર ખુલ્લાં રહે છે. અને રોગીની શાંતિમાં જ એને પરમ શાતા સાંપડે છે. બધા દાક્તરો એવા શીદને ન થાય ? કેટલી સહેજે સેવા કરી છૂટવાનો સુયોગ એનો વ્યવસાયજ એને આપે છે ! કેટલી માતાઓ એને પોતાનો પુત્ર અથવા પિતા માની **પોતાની લજ્જા એના હાથમાં સોંપે છે !** કેટલાં બાળકો એને ઈસારે હસે છે ? કેટલાં આઝારો એની દુવા ગાય છે ! આવી પ્રાપ્તિ સામે પૈસો તો પામર ચીજ છે. **દાક્તર બંધુ, જોખી જોજે ! તું સ્વર્ગનો દેવ છે. અશ્વિનીકુમારોનો દૂત છે. ધન્વંતરિનો વારસદાર છે. તારો આદર્શ અતિ પુનિત છે. તારો વ્યવસાય તો પ્રભુપૂજાનું જ ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. તારી મતિના પલટા પર કેટલાઓનાં જીવન-મૃત્યુ રમે છે !"**

ડૉક્ટર શાહે ઉત્તર બહુ સુંદર શબ્દોમાં વાળ્યો હતો અને પોતે ગરીબ કુટુંબમાંથી આવેલ તે ગરીબ પ્રત્યે પોતે બને તેટલી સેવા કરશે એવું વચન આપવા સાથે જૈન સમાજને એક હૉસ્પિટલ યા એક 'વૉર્ડ' પોતાની કોમના દરદીઓ માટે ઉઘાડવા સલાહ આપી હતી. જૈનોએ ડા. શાહને માનપત્ર ચાંદીની પેટીમાં મૂકીને આપે એ તેમની ખરી કદર નથી, પણ તેમણે મુંબઈમાં પ્રેકટીસ કરવા આવ્યા તે સમયમાંજ શ્રી મહાવીર જૈન હોસ્પિટલ ઉઘાડવા માટેની યોજના જૈન સમાજ અને તેના શ્રીમંતો પાસે રજુ કરી દીધી હતી. પણ તેના તરફ દુર્ભાગ્યે લક્ષજ ન અપાયું. સેવા અર્પવા તૈયાર થનારની સેવાનો લાભ લેવા જે સમાજ તૈયાર ન હોય તે માત્ર માનપાત્ર આપીને સંતોષ પકડે તે ખરી અને પૂરી કદર નથી જ કરતી. હજુ પણ સમાજ ચેતી ઉક્ત યોજનાને પાર પાડે, યાતો 'વૉર્ડ' કાઢવા જેટલી તૈયારી બતાવે, તો આ માનપત્ર ખરૂં માનપત્ર આપ્યું છે એમ ગણાય.

ડા. નાનચંદ કસ્તૂરચંદ મોદી મુંબઈમાં દરેક સમાજ ઉપયોગી કાર્યમાં ભાગ લે છે, તેમણે મુંબઈમાં ઈન્ફ્લુએન્ઝા ફાટી નીકળ્યો ત્યારે જૈન ફ્રી હોસ્પિટલમાં જે કાર્ય કર્યું હતું તે અતિ પ્રશંસનીય અને ઉદાત્ત સેવાભાવી હતું. તે કાર્યની કદર કરવા સમાજ નિષ્ફલ નીવડી છે એ અમારા મનમાં તાજું થાય છે. તે વખતની જૈનેતર પ્રસિદ્ધ ડાક્ટર દલાલની સેવા પણ દુર્લક્ષ કરી શકાય તેમ નહોતી. ડા. મોદી અને બીજા ડૉક્ટરોને letters of thanks (ઉપકારના પત્રો, વહેંચવાનું છેલી ઘડીએ આપસ આપસમાં નકી કરી આ મેળાવડામાં રાખ્યું હતું. એટલી એમની કદર થઈ તે ગણીમત.

દરેક ડાક્ટર, ઉપર મૂકેલા 'સૌરાષ્ટ્ર'ના લેખમાંથી સર્વ મનન કરી પોતે ખરા જીવનદાતા ગણાશે; અને આયુર્વેદ તથા યુનાની દવાઓનો સાથે સાથે અભ્યાસ કરી તેના ઉપયોગી અંશોનો લાભ આપશે, તો દેશનું વિલાયતી દવાઓથી હરાઈ જતું ધન ઘણું બચાવી તે રીતે દેશનો આર્થિક ઉદ્ધાર કરશે અને પરદેશી મિશનરી ડૉક્ટરો જે રીતે સેવા બજાવે છે તે રીતે સેવા બજાવવા બહાર પડશે અને શ્રીમંતો તેમને તેવા કાર્યમાં સહાયક થશે એવું અમે ઇચ્છીશું.

૪ જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લિ૦

આ મંડળ સ્થાપવા અને વ્યવસ્થિત કરવા માટે જૈન ગ્રેજ્યુએટ શ્રીયુત સારાભાઈ મગનભાઈ મોદીની જહેમત પ્રશંસનીય છે. પાંચ લાખ સુધીની થાપણ રાખી છે ને ૨૫ રૂ. નો એક શેર એમ તેને વહેંચી નાંખી છે. (૧) આખા મુંબઈ ઇલાકાના જૈન (શ્વે૦ મૂર્તિપૂજક) વિદ્યાર્થીઓને હિંદમાં યા પરદેશમાં માધ્યમિક, ઉચ્ચ, કળાવિષયક, વ્યાપારિક ઔદ્યોગિક ધાર્મિક વગેરે કેળવણી લેવા માટે આર્થિક મદદ

આપવી (૨) ધંધા શીખવામાં અને ધંધાની તાલીમ લેવાના સમયમાં યુવકોને આર્થિક મદદ આપવી, (૩) હિંદમાં વા પરદેશમાં ધંધો રોજગાર યા નોકરી શોધવાના વખતમાં યુવકોને ધન સલાહ અથવા આશ્રયસ્થાન આપી મદદ કરવી (૪) આ ત્રણે ઉદ્દેશ માટે લીધેલી રકમ પાછી ભરપાઈ કરવામાં મદદ કરવી. (૫) કેળવણીની સંસ્થાઓને અને ધંધો રોજગાર વા નોકરીનાં ક્ષેત્રો વિષે માહિતી એકત્ર કરી યુવકોને પૂરી પાડવી, (૬) કેળવણીની સંસ્થાઓ, બોર્ડિંગ હાઉસો, સ્કોલરશિપો વગેરે સ્થાપવી. (૭) મંડળના સભાસદના વીમા ઉતારવા પુરતી સહ્કર વીમા કંપનીઓની એજંસી લેવી. આ પ્રમાણે ઉદ્દેશો છે. આની પહેલી જનરલ સભા ૨૦-૨-૨૭ને રોજ મળી તેમાં વ્યવસ્થાપક કમિટી ૧૫ ગૃહસ્થોની નીમાઇ છે. મંડળના પ્રેસીડંટ શેઠ માણેકલાલ જેઠાભાઈ અને મંત્રી તરીકે ઉક્ત શ્રીયુત સારાભાઈ મોદી નીમાયા છે. વ્યવસ્થાપક કમિટીના સભ્યોમાં શ્રીમંત, ભણેલા, અને લાગવગવાળા એમ ત્રણેનું તત્ત્વ છે. ચરોતર એજ્યુકેશન સોસાયટીનું આવું મંડળ ઘણું સુંદર પરિણામ આપનારૂં નીવડ્યું છે તેજ પ્રમાણે શેરહોલ્ડરો વ્યાજ મેળવવા ઉપરાંત ઉચ્ચ શિક્ષણ અને ધંધાની તાલીમ પોતાની કોમનાને આપી શકાશે એથી અર્થ સાથે ધર્મનો લાભ પણ હાંસિલ કરશે.

એક જૈન શ્રીમંત આગેવાન સાથે આ સંબંધી વાતચીત થતાં તેમણે જણાવ્યું કે આ બહુ ઉપયોગી યોજના છે, પણ સાથે સાથે આવી યોજના જે ન ભણેલા હોય, અને ગરીબ હોઈ નાણાંને અભાવે ધંધો કરવાની ઇચ્છા થતાં ધંધો ન કરી શકતા હોય એવા જૈનો માટે આવી યોજના થવી ઘટે. કેટલાક ભાઇઓ બસો ત્રણસોનો માલ ઉઝીતો મળે તો તે ફેરી કરી પોતાનું 'પેટીઉ' કાઢી શકે તેમ હોય છે. આવા ભાઇઓને કોઇ ધીરતું નથી તો તેવાને માટે પણ આવું મંડળ ઉભું થવાની જરૂર છે. અમો આ વિચારથી પ્રસન્ન થયા અને તેવું મંડળ તેઓ એક વેપારી હોઇ બીજા જૈન વેપારીઓનો સહકાર લઇ જરૂર કાઢી અનેકના આશીર્વાદ લઇ શકે એમ જણાવ્યું. અમે ઇચ્છીશું કે આવું મંડળ પણ સ્થાપવા આપણા જૈન વેપારીઓ કટિબદ્ધ થાય.

૫ કવિશ્રી નાનાલાલ જન્મ સુવર્ણ મહોત્સવ-

કવિ શ્રી નાનાલાલ દલપતરામ કવિ જૈન સમાજમાં પ્રસિદ્ધ છે અને આખી ગૂજરાતી આલમમાં તેમણે ઉત્તમોત્તમ કવિ તરીકે સુપ્રતિષ્ઠા મેળવી છે. ગૂજરાતના તે 'રવીન્દ્ર ટાગોર' છે એવો મત અમે જાહેરમાં ઘણા વખત પહેલાં પ્રકટ કર્યો હતો. એમણે જૈન સંબંધી ઉદાત્ત વિચારો અનેક સ્થળે જેવા કે વણથલીમાં શેઠ દેવકરણ મૂલજીએ કરેલ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે, શ્રીલાલજીના ચરિત્રની પ્રસ્તાવનામાં, સૂરતમાં જૈન સાહિત્ય પરિષદના પ્રમુખ સ્થાનેથી, હમણાં ગત જાન્યુઆરીમાં ભરાયેલ સ્થાનકવાસી જૈન પરિષદ વખતે, વગેરે સ્થળે પ્રદર્શિત કર્યા છે. એમનાં કાવ્યોમાં સાત્વિકતા-તપોમયતા અને સાથે રસિકતા ભરી છે. ગૂજરાત વાંગ્મયના સૂજનકર્તામાં તેમનું ઉંચું સ્થાન છે. તેઓ પચાશ વર્ષ આવતા ચૈત્ર માસમાં પૂરાં કરી 'વન'માં પ્રવેશ કરનાર છે; તેથી તેમની અનેકવિધ સેવાની કદર કરવા માટે તેમનો જન્મ સુવર્ણ મહોત્સવ ઉજવવો યોગ્ય છે એવો વિચાર પ્રકટ થતાં તેમના પ્રશંસકો વગેરેની એક સભા નીમાઇ 'કવિશ્રી નાનાલાલ જન્મ સુવર્ણ મહોત્સવ ફંડ' એકત્રિત કરવા એક મોભાદાર માણસોની કમિટી સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપણા નીચે નીમાઈ છે. તેના મંત્રીઓ પૈકી એક સાક્ષર શ્રી અંબાલાલ બુલાખીરામ જાની બી. એ. (ગુજરાતી ઑફિસ-ફૉર્બસ રટ્રીટ બેકહાઉસ લેઇન, કોટ મુંબઇ) છે તેમના તરફ સાહિત્ય પ્રેમી સર્વ જૈનો પોતાથી બને તેટલો ફાળો મોકલી આપશે એવી અમારી તેમને ભલામણ છે.

૬ શ્રીયુત વાડીલાલ મોતીલાલની કદર—

જૈન હિતેચ્છુ, જૈન સમાચાર પત્રોના સંપાદક અને 'નગ્ન સત્ય' 'સમયના પ્રવાહમાં' એ મથાળા નીચે સ્વતંત્ર વિચારો સમાજને આપનાર, 'અમૃતલાલ શેઠનું અડવાડીઉ'-પોલિટિકલ ગીતા (અંગ્રેજીમાં)-મસ્તવિલાસ આદિ અનેક ગ્રંથના લખનાર શ્રીયુત વાડીલાલ જૈન સમાજમાં પ્રસિદ્ધ છે એટલુંજ નહિ

પણ તે સમર્થ લેખક અને વિચારક તરીકે અન્ય સમાજમાં પણ અત્રતત્ર ખ્યાતિ પામેલા છે. મૂળ કઠોરના રહીશ અને રંગુનમાં વેપાર કરતા રા. ગલીબારા નામના જૈન ગૃહસ્થે રૂ. ૧૦૦૦) એક હજાર તેમના 'નગ્ન સત્યાદિ' લેખોની કદર તરીકે રોકડા આપવા ગૂજરાત સાહિત્ય પારષદ્ દ્વારા મોકલ્યા છે અને બીજા આઠ લેખકોને પાંચસો પાંચસો તેમના અમુક લેખોની કદર માટે એમ કુલ રૂ. ૫૦૦૦) મોકલ્યા છે. બીજા લેખકો કરતાં વાડીલાલને બમણા મોકલાયા, અને તેઓ બીજા લેખકોની ગૂજરાત સાહિત્ય સમાજમાં પ્રસિદ્ધ નથી છતાં શા માટે આમ ? એમ કેટલાકે કલ્પના કરી જુદા જુદા વિચાર જણાવ્યા છે. શ્રી વાડીલાલને એક તો ઠીક થયું છે કે કેટલાએ લેખકો અને પત્રકારોની અંદરની શક્તિ જોવાની તક આ પ્રસંગથી મળી છે. કેટલાકો આ ઘટનાને જોઈ આનંદ્યા છે. કેટલાઓએ ઉદાસીનતા બતાવી છે, કેટલાઓએ ઇર્ષાસૂચક ઉદ્‌ગાર કાઢ્યા છે. આનો ઉત્તર શ્રીયુત વાડીલાલને આપવાનો હોયજ નહિ. તેઓ સાહિત્ય સારૂં લખે છે કે માઠું એની કદર સાહિત્યપ્રેમી સમાજ કરે તે ઇષ્ટ છે. બીજાઓના અભિપ્રાય તેમને આનંદ કે અફસોસ ઉપજાવશે નહિ એમ સમજી એટલું કહીશું કે તેમના વિચાર પ્રમાણે તત્વજ્ઞાન બાબતમાં કે ક્રિયાશક્તિ બાબતમાં તેમની પ્રગતિ સંબંધે સારા–નરસા અભિપ્રાય કોઇએ આપવા દરકાર કરી હોત તો તેઓ જરૂર ખુશી થાત.

રા. વાડીલાલે ઉક્ત એક હજાર રૂપીઆના ઇનામનો અંગત લાભ લેવાની ના કહી છે અને એનો ઉપયોગ શું કરવો તે તેમણે બહાર પાડેલા પત્રમાંથી ટુંકમાં લઇએ છીએ:—

'નગ્ન સત્ય' ('Being') શ્રી 'મહાવીર' (Superman) નું છે, અને 'સમયના પ્રવાહમાં' (Becoming) superman નો વિજયાંકિત વાવટો ફરકાવનાર સુભટ અને ભાટ ફ્રેડરિક નિત્શનું છે. એમાં મારૂં કાંઈ પણ હોય તો તે માત્ર એમની પ્રેરણાને સ્વેચ્છાપૂર્વક તાબે થવા રૂપ 'મૌન' જ છે, કે જે મૌન અદ્યાપિ પર્યંત અપક્વ હોઇ એ શક્તિઓનાં બરનાં શરીરે મળી શકયાં નથી.

'હજારની રકમ તો એ પરમ શક્તિઓ પર પુષ્પ વૃષ્ટિ હોઈ, અને એ શક્તિઓ પોતે તો પુષ્પની પણ પરવા વગરની હોઈ જેમને હજી સુગંધનો 'શોખ' છે અને સુગંધ પીછાનનારૂં 'નાક' છે તેવા સહધર્મીઓ માટે 'સત્ય' ના પુનર્જન્મમાં એ રકમની યોજના કરવાની મહારે શિર ફરજ નંખાયલી માનું છું; અને જેથી એ રકમનો કબજો એવી શરતથી સ્વીકારૂં છું કે, છેલ્લા એક દાયકામાં છૂટક છૂટક લખાયલાં નગ્નસત્યો એક **ગ્રંથરૂપે** છપાવવામાં એ રકમનો ઉપયોગ કરી તથા તેમ કરવામાં ખૂટતી રકમ પદરથી ઉમેરી અઢી રૂપિયાના મૂલ્યવાળી બે હજાર પ્રતોના વેચાણની આખી આવક મહને સંબંધ ન હોય એવા પ્રકારની હરકોઈ સાહિત્યસેવામાં અર્પણ કરવી.'

આ વિચારો પરથી રા. વાડીલાલની ઉદાત્તતા જોઇ શકાશે. એથી અને સાહિત્ય સમાજમાં અમારા એક જૈન લેખકની-વિચારકની આ રીતે જાહેરમાં કદર થાય છે એ જાણી અમોને અતિ પ્રમોદ ઉપજે છે.

૭–પ્રકીર્ણ.

(૧) **રા. ચીમનલાલ જે. શાહ બી. એ.** એક તાજા જૈન ઉત્સાહી તરૂણ ગ્રેજ્યુએટ છે. તેઓ એમ. એ. ની પરીક્ષામાં પાસ થવા માટે એક પુસ્તક લખવા માગે છે અને તેનો વિષય The Jains of Northern India–**'ઉત્તર હિંદના જૈનો'** એ નામનો પોતે પસંદ કર્યો છે અને તે યુનિવર્સિટી પાસ કરે તો તેમને એમ. એ. ની ડીગ્રી મળે. આ વિષય માટે તેઓ દરેક જૈન વિદ્વાનની સહાય, સાધનો અને વિગતો પૂરા પાડવા માટે માગી રહ્યા છે, અમો પણ તેમને દરેક જાતની હકીકતો, ઐતિહાસિક બિનાઓ, પુસ્તકો, વગેરે ઉક્ત વિષયને ઉપકારક હોય તે પૂરી પાડવા દરેક સાહિત્ય અને ઇતિહાસ રસિક જૈનને વિનતિ કરીએ છીએ. આશા છે કે આ વિનતિ સ્વીકારાશે. તેમનું ઠેકાણું પરીખ મેન્શન–પહેલે માળે, સેન્ડ હર્સ્ટ રોડ મુંબઇ છે. તેમણે તાજા અભ્યાસના પરિણામે 'The A. B. C. of Jainism નામનો અંગ્રેજીમાં એક લેખ લખ્યો છે.

(૨) આવીજ રીતે એક દક્ષિણી બ્રાહ્મણ ગ્રેજ્યુએટે 'The Jains of the Southern India' **'દક્ષિણહિંદના જૈનો'** એ નામનો એમ. એ. ની ડીગ્રી માટેનો વિષય લીધો છે. તે માટે પણ ઉપર

જણાવેલાં સાધનો પૂરાં પાડવાની જૈનોને અને ખાસ કરી દિગંબરી ભાઇઓને વિનતિ છે. તેમનું નામ તથા ઠેકાણું નીચે પ્રમાણે છે:—S. R. Sharma –Indian Historical Research Institute St. Xavier's College Bombay.

(૩) ન્યૂ પૂના કૉલેજમાં બી. એ. માં ફર્સ્ટક લાસમાં પાસ થઈ શ્રીયુત મધુસૂદન મોદી ફેલો નિમાયા છે. તેઓ **અપભ્રંશ સાહિત્ય** ઉપર એક નિબંધ (thesis) લખે છે. તેમને અમારી 'જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧ લો' ની ચોપડી શ્રીમતી કૉન્ફરન્સ ઓફિસ તરફથી પ્રો. ઢાકેરદ્વારા ભેટ તરીકે પૂરી પાડવામાં આવી છે અને અમે ઇચ્છીએ છીએ કે તે ભેટ ઘણી ઉગી નીકળશે. પાટણ ભંડારમાં અને ખાસ કરી દિગંબરી ભાઇઓના ભંડારમાં હજુ ઘણું અપભ્રંશ સાહિત્ય અપ્રકટ અને અજ્ઞાત પડયું છે તે બહાર લાવી આવા વિદ્વાનોને બતાવાય યા પૂરૂં પડાય તો જૈનોનો તે સાહિત્ય માટેનો જબરો ફાળો અપાયેલો તે બાબતની અને એ રીતે જૈનોની સાહિત્ય સેવાના મહત્વની પીછાન જગતને કરાવી શકાય. દેશી ભાષાઓનું શાસ્ત્ર ઘડી શકાય.

૮ 'સામાયિક સૂત્ર.'

(મૂળ, સંસ્કૃત છાયા, સૂત્રના ક્રમનો આશય, વિધ, વિધિના હેતુ સહિત) તેમજ તેમાં સામાયિક વિચારના નિબંધ સહિત અમારા તરફથી પૂર્વે દશેક વર્ષ પહેલાં પ્રકટ થયું હતું તેની એક પણ નકલ મળી શકતી નથી, તેની સંશોધિત અને સંવર્દ્ધિત બીજી આવૃત્તિ થોડા માસમાં એક મહાશયની દ્રવ્ય સહાયથી પ્રકટ થનાર છે તો તેમાં જે કંઇ આવશ્યક સુધારા વધારા હોય તે કોઇ વિદ્વાન્ અનુભવી ભાઇ યા બહેન તુરતજ અમારા તરફ મોકલી આપશે તો તેમાં દાખલ થઇ શકશે, અને એ રીતે પુસ્તકની મહત્તા વધારવા માટે અમારી તેમને વિનંતિ છે.

૯ જૈનો વિરૂદ્ધ વિષમય સાહિત્ય.

રાસમાળા જેવા પુસ્તકમાં જૈનો સંબંધી એટલી બધી ખોટી અને ભ્રમણાજનક ઘટનાઓ દાખલ થઇ ગઈ છે કે તેનો વિચાર કરતાં કોઇ પણ તટસ્થ માણસ 'તોબા તોબા' પોકારે તેમ છે, આ રાસમાળા પૃ. ૨૯૪ પરની એક દંતકથા પરથી એક યુવક કલાકાર (મીસ્ત્રી) 'ઝમોર' નામની એક નવલિકા 'ઉપહાર' માટે 'ઉપહાર'ના ઉમેદવાર તરીકે લખી મોકલે છે અને તે શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજીના સચિત્ર માસિક 'સુવર્ણમાળા'ના ગત માગશર અને પોષ માસના અંકોમાં બે કકડે સંપૂર્ણ પ્રગટ થઈ ગયેલ છે.

આ વાર્તામાં ઘણું વિષ રહ્યું છે. જૈન પ્રસિદ્ધ સૂરિ શ્રી હેમચંદ્ર અને તેમના કલ્પેલા શિષ્યો નામે નક્ષત્રસૂરિ અને પ્રવીણસૂરિ (કે જે નામના સૂરિઓ થયાજ નથી) તેમને પ્રપંચખોરીની ટોળી તરીકે અનેક તિરસ્કરણીય પ્રપંચો અને જૈન મુનિના આચારથી વિરૂદ્ધનાં કાર્યો કરતાં વર્ણવ્યા છે, જૈન થયેલા કુમારપાળ રાજાને નિર્માલ્ય–તેજોહીન બતાવેલ છે, અને અજૈન પાત્રો (દંતકથાની મેવાડી રાણી અને જયદેવ બારોટ કે જેનો ક્યાંય પણ ઉલ્લેખ કોઇપણ ગ્રંથમાં નથી) ની બહાદૂરી વર્ણવી છે અને 'ઝમોર' કરાવી જૈનો પર શ્રાપ આપ્યા છે—આ સર્વ હૃદયને એટલું બધું હલમલાવે તેવું છે કે તે સામે પ્રબલ વિરોધ કર્યા વગર રહેવાય તેમ નથી, છતાં તે સ્થિતિમાં અવાય તે પહેલાં અમે ઇચ્છીએ છીએ કે સર્વમતસહિષ્ણુ, ઉદાત્ત અને ભલા ગૃહસ્થ શ્રીમન્ પુરૂષોત્તમ વિશ્રામ માવજી આ સંબંધમાં ઘટતું જાહેર કરી જૈનોની લાગણીને માન અને ન્યાય આપશે એવી ખાત્રી ભરી આશા છે. એટલા માટે તેમજ ઉપરની નોંધો લખાઇ ગયા પછી આ લખવામાં આવે છે તેથી સ્થાનને અભાવે અમે અમારા ઉદ્‌ગારો તેમજ જૈન સમાજમાં ઉપસ્થિત થયેલા ઉદ્‌ગારો બહાર પાડવાનું મોકુફ રાખીએ છીએ. વિશેષમાં આપણી કૉન્ફરન્સ ઑફિસે આ વાત હાથ લીધી છે; અને તેનું પરિણામ આવતા અંકમાં જાહેર કરી શકીશું.

સામાયિક–યોગ અને તેથી થતો આત્મવિકાસ.

વ્યાખ્યાતા—પંડિત ફૂલ્તેહચંદ કર્પૂરચંદ લાલન.

આ વિષયપર જાહેર ભાષણ મુંબાઈમાં શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના આશ્રય નીચે તા. ૨૩-૬ ૧૯૨૭ રાવવારને દિવસે રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇના પ્રમુખપણા હેઠળ પંડિત લાલને આપ્યું હતું. સભાનો હોલ સારી રીતે ભરાઇ ગયો હતો. આનો રીપોર્ટ એક ભાઇએ લખીને મોકલ્યો તે અત્ર તત્ર સુધારી અહીં પ્રકટ કરવામાં આવે છે. **તંત્રી જૈનયુગ.**

[પ્રારંભમાં પ્રમુખે જણાવ્યું કે આપે મને આ સ્થળે બેસાડીને ઉપકૃત કર્યો છે, મારી લાયકાત જો કાંઇ હોય તો 'સામાયિક સૂત્ર' એ નામનું પુસ્તક સંગ્રહરૂપે એકત્ર કરી મેં સને ૧૯૧૧ માં-પ્રકટ કર્યું છે તે હોઈ શકે. પંડિત લાલન પોતાનો સ્વાનુભવ આજે પ્રકટ કરે છે. તેમના જેટલો અનુભવ નથી કરી શક્યો. પંડિત લાલનને એઓને સામાયિકની ધૂન લાગી છે, ગાંધીજીને ખાદીની ધૂન લાગી છે, સુરજમલભાઈને નવકારની ધૂન લાગી છે, ધૂન વગર કાર્ય ઉત્તમ રીતે થતું નથી. મહાપુરૂષોનું ચરિત્ર જોઇશું તો જણાશે કે તેઓને અમુક અમુક જાતની સાચી ધૂન હતી અને તેથી ઉત્તમ કાર્ય તેઓ કરી શક્યા. એટલે ધૂનની કિંમત છે.

પંડિત લાલનની ટુંકી ઓળખાણ એ કે તેઓ એક મિશનરી—ધર્મપ્રચારક, એવો જેનો અર્થ છે એવા એક મિશનરી છે. તેમની ઓળખાણ આપવાની મને અગત્ય નથી લાગતી કેમકે એમને બધા ઓળખે છે.

મીશનના અર્થાત પ્રચારના જન્મ વગર આપણા ધર્મની ઉન્નતિ નથી. જો તેમણે આ પ્રયાસ સતતપણે અત્યાર સુધી જારી રાખ્યો હોત તો સમાજ તેઓની સુવર્ણ જ્યુબિલી પણ કદાચ ઉજવત. રા. શિવજીના ચાલુ પ્રકરણમાં તે પોતે તટસ્થ છે એમ તેમનું કહેવું થયું છે તે અત્ર જણાવી દઉં છું. હવે તેઓ આપણી સાથે મળી જે કંઇ કહેવા માગે છે તે પોતાના અનુભવ સહિત પ્રકટ કરશે.]

પંડિત લાલને પોતાનું ભાષણ શરૂ કર્યું:—

આપણા શ્વેતાંબર આચાર્યોમાં, પ્રકાશના પર્વત જેવા કોહીનુર જેવા મહાન ચળકતા એવા શ્રી હરિભદ્રસૂરિ થયા છે તેઓશ્રીએ કોઇ પણ ધર્મક્રિયા–ધર્મવિધાન–ધર્મઅનુષ્ઠાન કેવી રીતે કરવા જોઇએ ? તેનું આપણને ધોરણ બાંધી આપેલ છે. તે ધોરણનું આછું ચિત્ર આપવાને હું પ્રયત્ન કરીશ.

પ્રથમથી તેઓએ અનુષ્ઠાનને પંચાવયવરૂપ કરી દેખાડયું છે, એટલે કે ૧ પ્રણિધિ, ૨ પ્રવૃત્તિ, ૩ વિઘ્નજય, ૪ સિદ્ધિ, અને ત્યારકેડે ૫ વિનિમય.

પ્રણિધિ-માં તેઓશ્રીએ દેખાડયું છે તે એ છે કે આપણે આ ક્રિયા કરી—દાખલા તરીકે સામાયિક યોગ સાધી શું મેળવવું છે તે પ્રથમ નક્કી કરવું જોઇએ. પ્રણિધાન એટલે સાધ્ય–ઉદ્દેશ શું છે–લક્ષ શું છે તે. જેને ધનનું બરાબર ચિંતન છે, તે ગૃહ, સંતાન, સ્ત્રી, કુટુંબ વગેરે છોડી જ્યાંથી તે મળે છે ત્યાં એટલે કોઇ આફ્રિકા, કોઇ કયાં એમ દૂરના પ્રદેશોમાં ચાલ્યો જાય છે–ધન મેળવવાનું લક્ષ્ય છે અને તે મેળવવા આફ્રિકા જવાની પ્રવૃત્તિ છે. માટે જે મેળવવું હોય તેનું લક્ષ્ય કે સાધ્ય પ્રથમ નક્કી કરવું અગત્યનું છે. એ લક્ષ્યને પ્રણિધિ કહે છે–લક્ષ્ય ઉપર આપણે જેટલા સંગીન હોઇશું તેટલી સંગીન શક્તિ આપણી 'પ્રવૃત્તિ'માં હશે. જેટલો પ્રેમ, તેટલું પ્રવૃત્તિમાં બળ. ધારો કે પ્રવૃત્તિ કરતાં આપણને આપણા માર્ગમાં કેટલાંક વિઘ્નો નડયાં, દાખલા તરીકે પુના જવું છે, પુના પહોંચી તેની સુખદાયક હવા મેળવવી છે અને તેથી આરોગ્ય આપણે સાધીશું એ નક્કી હોવાથી આપણે આપણા માર્ગમાં વિઘ્ન રૂપ પર્વતોને એ સાધ્ય ઉપર થયેલી પ્રીતિના લીધે તોડી ફોડી આપણો માર્ગ કરીશું.

આમ **પ્રણિધિ** એટલે આપણું સાધ્ય, **પ્રવૃત્તિ** એટલે આપણું સામાયિક રૂપ સાધન, અને સાધ્યને પહોંચવામાં, માર્ગમાં આપણા પ્રવૃત્તિ માર્ગમાં આવતા બાર કાયાના, દશ વચનના, અને દશ મનના દોષ રૂપી વિઘ્નોને આપણે તોડી ફોડી તેના પર જય

મેળવી એટલે **વિઘ્નજય** કરી સાધ્ય બળે આગળ વધી શકીએ તો, ચોથી સ્થિતિ જેને આચાર્ય પ્રભુ **સિદ્ધિ** કહે છે, એ સિદ્ધિએ આપણે પહોંચીએ, આપણા સાધ્યની સિદ્ધિ થયા પછી આપણે **વિનિમય** કરીએ એટલે બીજાઓને એ સાધન દેખાડીએ કે જેથી એઓ પણ એ સિદ્ધિને પામે.

શ્રી મહાવીર સ્વામીનું સાધ્ય શું હતું ? એ સાધ્યને પહોંચવા તેઓશ્રીએ કયું સાધન અંગીકૃત કર્યું ? એ સાધનની સાધના કેવે પ્રકારે કરી ? માર્ગમાં આવતાં વિઘ્નોને કેવે પ્રકારે દૂર કર્યા ? અને આત્મસિદ્ધિ વરીને શી સિદ્ધિઓ પ્રાપ્ત કરી ? એ આપણે હવે તેઓશ્રીના સ્વમુખે ઉચ્ચારેલાં આગમરૂપ આરીસામાં જોઈ શકીએ છીએ, એટલુંજ નહિ પરંતુ જે સાધન વડે, જે સામાયિક વડે, અનંત જ્ઞાનાદિ સ્મૃદ્ધિઓ તેઓ પામ્યા તે સામાયિકનું પણ જે કંઈ વર્ણન પ્રથમના આચારંગ સૂત્રમાં છે તે પણ આપણે વિચારીએ.

એમનું સાધ્ય શું હતું ?-કંઈ ઑર-જૂદું હતું અને તે એકે પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શન, પૂર્ણચારિત્ર, પૂર્ણ આનંદ, પૂર્ણ બળ-વીર્યની પ્રાપ્તિ. તે મેળવવા માટે તેમણે કુટુંબ, રાજ્ય, દેશ છોડ્યાં અને એ પૂર્ણ જ્ઞાનાદિ અનંત ચતુષ્ટય, તેઓએ સામાયિક વડે, હાંસીલ કર્યા. શ્રી વીરને વિઘ્નજય કરતાં કેટલો સમય જોયો ? સાડાબાર વર્ષ અને એક પક્ષ. તે વીતતાં, તેમની સાધના પૂર્ણ થઇ, કોઇ કાળે અસ્ત ન પામે એવા કેવળ જ્ઞાન રૂપ ભાસ્કરનો, ઉદય થયો.

એ જ્ઞાનાદિની-આનંદની-બળાદિની પૂર્ણતા એ શું છે ? એ સમજવા હવે આપણે પ્રયત્ન કરીએ. એ પૂર્ણતાનો ખ્યાલ આવે, એના માટે આપણે એક ઉદાહરણ લઇએ:-**નાહોરાત્રૌ યથા સૂર્યે પ્રભારૂપા વિશેષત**: As there is neither day nor night in the ever-enlightening sun અર્થાત્ જેમ સર્વદા ઉદયમાન રહેતા સૂર્યમાં રાત્ર દિવસ નથી, તેમ આત્મામાં પૂર્ણતા ક્ષણિક નથી, તેમ નથી ક્ષણિક અપૂર્ણતા, પણ આત્મામાં તો શાશ્વત દિવસની પૂર્ણતાજ છે. રાત્રિનો સર્વથા અભાવ છે. એટલે જે આત્મા આપણે પામવો છે, તેમાં અજ્ઞાનાદિ રાત્રિનો અભાવ છે-એ આપણે હવે જોઇશું.

પૃથ્વી ઉપર રાત્રિ દિવસ છે, તેમાં જે બાજુ સૂર્યનો પ્રકાશ આવે છે, ત્યાં દિવસ, અને તેની સામેની બાજુએ રાત્રિ હોય છે.

આ રીતે જ્યાં સૂધી આપણે આ પૃથ્વીરૂપ દેહને હું માનીએ છીએ-શરીરાદિમાં આત્મબુદ્ધિ કરીએ છીએ ત્યાં સૂધી શુભ અશુભ કર્મના રાત્ર દિવસ, આપણને આવ્યા કરવાના છે. પરંતુ કાંતો પૃથ્વીને ખસેડી નાખી હોય, તો આપણે શાશ્વત દિવસજ દેખાશે કાંતો આપણે, સૂર્યના વિમાનમાં ચડી જઇએ તો પણ આપણને શાશ્વત દિન જણાશે, તેમ આપણે દેહભાવને, પૃથ્વી જેવા બહિરાત્મભાવને, દૂર કરીએ-સામાયિકના સમય સૂધી પણ-બે ઘડી સૂધી પણ-એક મુહુર્ત સૂધી પણ-દૂર કરીએ તો એ આત્માની આપણને ઝાંખી થશે, એ સામાયિક ચાલુ રાખી તેને એક દિવસના પૌષધ સુધી લંબાવીશું તો તેનાં દર્શન થશે. અને રાત્રિ દિવસનો પૂર્ણ પૌષધ એટલે ૩૦ સામાયિક સાધીશું તો દર્શન મોહનો ક્ષય થઇ ચારિત્ર મોહનો પણ ક્ષય કરી, એ પૂર્ણ આત્માનો સાક્ષાત્કાર કરીશું. એવા આશયથીજ પ્રભુએ આપણને, આચારાંગ સૂત્રમાં ઉપદેશ કર્યો છે કે,-મેં સામાયિક વડે પૂર્ણતા સાધી અને તમે સાધો—'સવીજીવ કરૂં શાસનરસી' એવી ભાવનાવાળા પ્રભુએ સામાયિક-યોગના રસિક થાઓ એવું ઉપદેશ્યું.

એક મહાપુરૂષના વચનમાં કહું તો—

मनुष्याणां सहस्रेषु कश्चित् यतति सिद्धये.
यततामपि सिद्धानां कश्चिन भामवेती तत्त्वतः

"અરે તમે મનુષ્યો થઇને, કોઇકજ મારા ઉપદેશેલા-સામાયિક યોગને સાધો છો ! અને મારા શાસનમાં સામાયિક યોગને સાધતા છતાં પણ મને-મારી સામાયિકને મારી સાધનાને તત્વથી રહસ્યથી કોઇકજ સમજો છો ! એમ ન ઘટે, મારા પુત્રો અને પુત્રીઓ, તમારે સર્વએ **સર્વથી** અને શક્તિ ન હોય તો, **દેશથી**-એ સામાયિક યોગની સાધના કરવીજ

અને જે સિદ્ધિની મેં પ્રાપ્તિ કરી છે તે કરવી,"

મહાત્માશ્રી આનંદઘનજી પણ કહે છે કે—

"સર્વ પાપનું મૂળ, સર્વ અજ્ઞાનાદિનું મૂળ, દેહને હું માનવો એ છે" એઓશ્રી દેહનો તમને ત્યાગ કરવાનું નથી કહેતા, પણ દેહ એ હું છું એવા બહિરાત્મ ભાવનો–એવા મિથ્યાત્વનો ત્યાગ કરવાને, ઉપદેશે છે કારણ કે બહિરાત્મભાવજ સંસારનું કારણ છે.

તેઓ શ્રી સુમતિનાથ ભગવાનની કોર્ટમાં અપીલ કરતાં નોંધાવે છે કે,–

"આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ."

કાયાદિકને હું માનવો એજ પાપ રૂપ છે. અર્થાત્ કાયાદિકને હું ન માની હાલ દેખાતી આ કાયામાં રહેલો પૂર્વે અનેક પ્રકારની કાયાઓમાં રહી આવેલો અને હજી પણ સકલ કર્મ બંધનોનો ક્ષય કરી મોક્ષ ન પ્રાપ્ત કરૂં ત્યાં સૂધી સદા સર્વદા કાયમ રહેનારો એવો આત્મા હું છું, એવો ઉપયોગ રહેવો તે અંતરાત્મા, અને તેજ સર્વ પાપના નાશનું મૂળ. મોહનીય આદિ સોતેર કોડાકોડી સાગરોપમની આયુષવાળા કર્મ પર્વતનો પણ વજ્રની પેઠે ઉચ્છેદ કરનાર આત્મા, બહિરાત્માનો સાક્ષી અને પરમાત્માનો સાક્ષાત્કાર કરનાર એ હું છું, એવું જાણી તમે સામાયિક કરો. જુઓ શ્રી સુમતિનાથરૂપ મહાન ન્યાયાધિશ, શાસન રૂપ ન્યાયમંદિરમાં જાણે બીરાજે છે. લાલનરૂપ મનુષ્ય દેહને હું માનવાથી ન્યાય મંદિરના પીંજરામાં ઉભો છે. એ લાલનરૂપ દેહમાં ઉપયોગ રૂપ રહેલો આત્મા–અંતરાત્મા–સાક્ષી આત્મા એ હાલ હું છું, મારૂં નામ **પ્રશમ** છે અને આ પીંજરામાં ઉભેલા મનુષ્યનું નામ લાલન છે. હું એ લાલનનો સાક્ષી છું. એના શુભ, અશુભ કર્મનો યથાશક્તિ પ્રામાણિક જાતા છું. એના પૂર્વના શુભ કર્મને લઇને એને કોઈ ઇલકાબ મળે કે અશુભ કર્મને લઇને એને કાંઈ શિક્ષા અમલી પડે તેમાં પ્રામાણિક સાક્ષીને શો નફો નુકસાન છે? લાભ હાનિ છે? એક રોમન ફીલોસોફર પણ કહે છે કે–

Not all of me shall die હું સર્વસ્વ તો મરણ પામવાનો નથીજ.' **तं विदित्वा मृत्युमश्येति;**

વેદાંતરૂપ ઉપનિષદ પણ કહે છે કે, સાધક તેને જાણીને મૃત્યુને ઓળંગી જાય છે, એક અમેરિકન કવિ કહે છે કે–"મરણ તેને અડી શકતું નથી." અને જૈનોને તો એ વાત આત્મામૃતરૂપ છે. એક જૈન અધ્યાત્મિક કહે છે કેઃ—

नाहं नारको नाम न तिर्यक् नापि मानुषः
न देवः किन्तु सिद्धात्मा, सर्वोऽयं कर्मविभ्रमः।

અર્થાત્ હું નારકી નથી, નથી હું તિર્યંચ, નથી મનુષ્ય, એટલુંજ નહિ પણ દેવ પણ નથી પરંતુ **સિદ્ધ**–આત્મા છું; નારકી તિર્યન્ચ દેવ અને મનુષ્ય એ તો કર્મના ખેલ છે–કર્મથી ઉત્પન્ન થયેલા દેહો છે, એતો કર્મમાં હુંપણાનો મને વિભ્રમ થયો હતો. આત્મભાનુનો અરૂણોદય થતાં આત્મ–પ્રતિભા–જાગ્રતાં એ લાલનરૂપ વિભ્રમ મને ગયો. હું પ્રશમ છું, અને લાલનાદિ એ તો મારાં હવે તદ્હેતુરૂપ સાધનો છે–સામાયિકના સાધનો છે.

એવું તે મનુષ્યમાં શું બળ છે કે અનુકુળ અને પ્રતિકુળ ઉપસર્ગો પણ જેનાથી હાર્યા? એવું તે મનુષ્યમાં શું વીર્ય–બળ છે કે જેથી પરિસહો પીગળી ગયા,–સંગમ આદિ હાર્યા?–એ બળ આપણી શક્તિ પ્રમાણે આપણે જોવા પ્રયત્ન કરીએ.

એ પરાભવ ન પામે એવું બળ–પરમપુરૂષ આપણને પોતાનો અનુભવ કરી કહે છે કે–એ–બળ તમારા સર્વમાં છે. શ્વેતાંબરમાં છે. દિગમ્બરમાં છે. બૌદ્ધમાં છે. અને સર્વમાં એટલે મુસલમાનોમાં, અંગ્રેજોમાં, પારસીઓમાં–સર્વમાં છે.

એ બળને પામવાને માટે સૌ સૌના મહાપુરૂષો માર્ગદર્શક બની માર્ગ દાખવી ગયા છે.

પયગમ્બર મહંમદે નિમાજ પઢી ખુદાને પામવા પ્રયત્ન કર્યો, મહાત્મા ક્રાઇસ્ટે પ્રાર્થના કરી God ગૉડને મળવા પ્રયાસ આદર્યો, હિંદુઓ શ્રી કૃષ્ણને

પામવા નિત્ય કર્મ કરે છે, બ્રાહ્મણો સંધ્યા કરે છે અને આપણે શ્રી પરમાત્માએ પોતાના પર પ્રયોગ કરી સિદ્ધ કરેલ સામાયિક કરીએ છીએ.

જ્યારે ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ તીર્થ-સ્થાપ્યું,–સંઘ સ્થાપ્યો–સમાજ રચના કરી, ત્યારે સર્વવિરતિરૂપ સામાયિક ચારિત્ર લેનાર, જે બહાર આવ્યા તે સાધુ અને સાધ્વી લેખાયા, અને દેશવિ-રતિ એટલે બે ઘડી સામાયિકમાં રહી સાધુત્વ આચ-રનારને શ્રાવક શ્રાવિકા ગણવામાં આવ્યા. આવી રીતે ચતુર્વિધ સંઘ શ્રી વીરના શાસનમાં પોતાના આત્મા-માં વિશ્વાસ રાખી સામાયિકધારી થયો, અને તેથી શ્રી વીરના શાસનમાં તે ગણાય કે જેઓ વીરના સામાયિકને અનુસરી તેના પગલે ચાલતા હોય. આવા જે સામાયિક કરતા હોય તે તેમના તીર્થરૂપ સંઘમાં મળ્યા. બાકીનાને સામાયિકની અનુમોદના કરનાર 'માર્ગાનુ-સારી' ગણ્યા.–સભાના સભ્યો નહિ તો અનુમોદકો મનાયા.

શ્રી મહાવીરે સાડાબાર વર્ષ, અને એક પખવા-ડીઆ સુધી સાધના કરીને જ્યારે પૂર્ણજ્ઞાન, પૂર્ણ સામર્થ્ય સંપાદન કર્યું, ત્યારે અનુભવ્યું કે–ચૌદ રાજ-લોકના આત્મા સર્વ સમાન છે, કોઇના પણ આત્મ પ્રદેશો વધારે ઓછા નથી, વનસ્પતિ, કીડી કે ઇંદ્રનો આત્મા લો તોપણ એ સમાન છે અને એ આત્મા-ના અકેક પ્રદેશમાં, અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સામર્થ્ય ભરેલું છે.

હા ! કોઇનો આત્મા અલ્પ વિકસિત છે, કોઇનો વિશેષ વિકાસવાન છે, અને શ્રી મહાવીર સરખા સમર્થનો પૂર્ણ વિકાસ પામેલ છે. આત્માને નહિ વિકસવાનું કારણ, કે દિવસે દિવસે સંકુચિત થઇ જવાનું કારણ દેહાત્મબુદ્ધિ છે. 'હું દેહ છું' એવી ખોટી અને અજ્ઞાનમૂલક સમજણથી–આત્મ વિકાસ અટકી રહે છે. પણ દેહાદિનો સાક્ષી છું એ રૂપ સમ્યકત્વી થવા, એટલે પૂર્ણ વિકાસ પામવાને માટે અંતરાત્મા થવું પડશે.

આવો આત્મસંદેશ જૈન ધર્મે-નિજ ધર્મે જ-ગતના કલ્યાણ અર્થે, પોતે પ્રતીત કરી સામાયિક આદિ આવશ્યક અનુષ્ઠાનોનું અનુશીલન કરી શાસ-નમાં ફેલાવો કરી આખા જગતમાં તેને વિસ્તારવા પ્રયાસ કરવો જોઇએ.

મારા એક જર્મન મિત્ર ડો. હર્મન જેકોબી કહે છે કે:—

जिणवयणं पसिद्धं जंबुदिवम्मि चेवसव्वम्मि
किति जस्स अचिरा पावओ सयल पुढवियं

અર્થાત્ જિન પ્રવચન કે જે જંબુદ્વિપમાં, સાંપ્રત એશિયામાં છે, તેની દિગંતમાં કીર્તિ પ્રસરો, અને માનવ જાત એ ધર્મ વડે પોતાનું સાધ્ય પ્રાપ્ત કરો.

જિન ધર્મ એ નિજધર્મ છે–આત્મ ધર્મ છે, અને તેના અનુયાયીઓ જો આત્મ સંદેશ પામી સામા-યિક આદિ વિધિઓ અને ક્રિયાઓ સમજપૂર્વક કરવા પ્રવૃત થાય તો તેઓ તે ધર્મનું રહસ્ય પામી જગતના તમામ મનુષ્યોને હાલના વિસ્તારસુગમ કાળમાં સંદેશ પહોંચાડી શકશે.

મારા પિતા અંચલ ગચ્છ સંપ્રદાયના હતા. અને તેથી પોતે જ્યારે મુંબાઇમાં બંદર રોડ ઉપર નિવાસ કરી રહ્યા હતા, ત્યારે સર્વ અંચળ ગચ્છ-વાળા કચ્છી બંધુ બહેનો સાથે પ્રતિક્રમણાદિ કરતા, ૪૦–૪૫ વર્ષ ઉપર આ કચ્છી ભાઇઓમાં પ્રતિક્ર-મણ ભણાવનાર, માત્ર એકજ ધર્મપ્રેમી સજ્જન દેખાતા હતા, એટલે કે પ્રતિક્રમણ કંઠસ્થ હોય તેવા આ એકજ ભાઇ હતા અને તે સ્વ૦ ભીમશી માણેક હતા.

જેમ દેવર્ધી ગણિ ક્ષમાશ્રમણના સમયમાં, દેશ-કાળાનુસાર પ્રયત્નથી, જૈન આગમો, લેખનરૂપે પુસ્ત-કારૂઢ થયા, તેમ એ મહુંમ ભીમશી માણેકના સતત્-પ્રયાસથી જૈન આગમાદિ અને જૈન સાહિત્ય વિશેષ ભાવે વિસ્તર્યા, જેના પરિણામે આજે બાર વર્ષનાં જૈન બાળકો પણ સામાયિક, પ્રતિક્રમણ જેને મુખ પાઠ હોય તેવા જોઈએ છે. ત્યાર પછી તે સામાયિક, પ્રતિક્રમણના ગૂજરાતી અર્થો પણ સમજી શકે એવા ઉમદા આશયથી, મૂળ સૂત્રો અર્થ સહિત પ્રકટ કર-વામાં આવ્યાં પણ તેનું પરિણામ પ્રાયઃ એવું આવ્યું કે જેમ પ્રથમ લોકો સૂત્રો કડકડાટ બોલી જતા

તેમ અર્થોને પણ જોખી બોલી જવા લાગ્યા પણ તેના પર વિચાર, મનન, કરવાનું કાં તો તેમને સુઝયું નહિ અને કાંતો તેમણે તે પ્રત્યે દુર્લક્ષ્ય રાખ્યું. અને તેથી સામાયિક, પ્રતિક્રમણમાં જે રચના જે યોજના છે તેનાથી-કર્મ ખપાવનાર જ્ઞાનથી તેઓ અનભિજ્ઞ-અજ્ઞાત રહ્યા.

આ છતાં પણ આ રીતેય લોકો અન્યોન્ય, સામાયિક કરતા થયા તે પણ એક રીતે અમુક અંશે ઇષ્ટ અને કલ્યાણ કરનાર તો થયું, પરંતુ એ ક્રિયાકારને જે આનંદોર્મિ કે હૃદયોલ્લાસ થવો જોઇએ, તે નથી થતો.

ચિત્ત પ્રસન્ન ભૂમિકા પર્યંત જતાં સામાયિકના સાધકને સામાયિકનાં કેટલાંક રહસ્યો આપોઆપ સમજી શકાય છે, અને તેથી ઉત્સાહમાં વૃદ્ધિ થતાં બમણી હોંશથી તે સામાયિક કરતો અને સમભાવમાં રહેતો આગળ વધે છે, પણ સામાયિકમાં પ્રવેશ કરનારને જે વિઘ્નો અડચણ કરે છે, તેને દૂર કેવી રીતે કરવાં એ પ્રથમ સમજી લઇએ. તે વિઘ્નો ૩૨ છેઃ-દશ મનના, દશ વચનના અને બાર કાયાના દોષો છે. તેમાંના કાયા અને વાણીના બાવીસ દોષો તે સાધકના પ્રયત્નથી થોડાજ વખતમાં અડચણ કરતાં અટકી જાય છે. પણ મનના દશ દોષો દૂર કરતાં સાધકે યુક્તિ વાપરવાની હોય છે, કેમકે આપણે સામાયિકમાં બેસીએ એ વખતે પણ મનતો પોતાનું કાર્ય કરતું હોય છે, પણ તેને સામાયિક ક્રિયામાં સ્થિત કરવા માટે સામાયિક બરાબર સમજવું પડશે, અને તે જેમ જેમ વધારે સ્પષ્ટ સમજાશે તેમ તેમ મન પોતાના નિરંકુશ સ્વભાવને છોડી આપણા કાર્યને અનુસરશે.

મોહનલાલ ભાઈએ આપણા ઉપર ઉપકાર કરી શુદ્ધ સૂત્ર, અર્થ અને હેતુ સહિત સામાયિકની જે મુક પ્રકટ કરી છે તે ઘણીજ ઉપયોગી છે. મને તો તેમાંથી ઘણું જાણવાનું મળે છે, અને તમો સર્વ ભાઇઓ બરાબર મગજ પરોવી વાંચો તો, અત્યાર સુધી તમે કરેલી સામાયિક પર વધારે ઉજાસ પડશે, અને સામાયિકમાં વધારે આનંદ આવશે. જેમ ચકમક સાથે લોખંડનું ફળક અથડાતાં તેમાંથી પ્રકાશની ચીનગારી પ્રકટે છે, તેવી રીતે સૂત્ર સાથે તેના અર્થનું ચિંતવન રૂપ ઘર્ષણ થતાં તેમાંથી ફલિતાર્થ, કે ભાવાર્થ પ્રકટે છે. જ્યારે સાધક તેમાં રસ લેતો થાય છે ત્યારે, તેને મનન, વિચારણા, અને સ્ફુરણ સહજ થાય છે, અને સૂત્ર પાઠ બોલાતાં સાથેજ અર્થ અને ભાવ પણ સમજાય છે. ઉપયોગ સહિત બોલાય છે તેથી આત્મા ક્રમશઃ ઉન્નત થતો જાય છે.

(હું) વક્તા પોતે સામાયિક કરૂં છું. દરરોજ મારે પાંચ સામાયિક કરવાનો તો નિયમ છે. પણ તે ઉપરાંત પણ કરૂં છું અને અત્યારે સામાયિકમાં એવો આનંદ મળે છે કે ઇંદ્ર આવી મને કહે કે તારૂં સામાયિક આપ, અને તું મારૂં રાજ સંભાળ તો હું તે ન લઉ. પ્રથમ તો હું એટલો ક્રિયાપ્રિય નહોતો, પણ જ્ઞાનપ્રિય તો ખરોજ; પછી હું ક્રિયારૂચિ કેમ થયો, તે સંક્ષેપમાં કહું.

લાલનની અંગના (પત્નિ) કે જે પ્રખર ક્રિયારૂચિ હતા, તેમના દેહાવસાનના સમયે મેં તેણીને પૂછયું કે-તમને શું જોઇએ છે? ત્યારે તેણીએ કહ્યું કે મને સામાયિક પ્રિય છે, અને વળી તમે ૩૬૦ સામાયિક, ૩૬૦ પૂજા, ૩૬૦ માળા, ૩૬૦ દેરાસરના દર્શનો એટલું આપજો. મેં તેની તે માગણી કબુલ રાખી અને સામાયિક કરવાનો આરંભ કર્યો. પણ મૂળે તો હું જ્ઞાનરૂચિ હોવાથી ક્રિયાનો અને જ્ઞાનનો સંયોગ કરી દરેક ક્રિયા સમજણપૂર્વક કરવા લાગ્યો, અને તેથી સામાયિક સૂત્રોની ગુંથણી મને રહસ્ય વાળી જણાઇ-એટલે તો મારો ઉત્સાહ વધ્યો અને હું એકાંત સ્થાનમાં બેસી બાર, બાર સામાયિક કરવા લાગ્યો, અને વધારેને વધારે સમજવા લાગ્યો. પણ તે એકાંત સામાયિકનો લાભ હું એકલો લેતો હતો. એટલામાં મહારાજ શ્રી કર્પૂરવિજયના ગૃહસ્થ શિષ્ય કકલભાઇ ગોકળદાસ મારા સાથે રહેવા અને સામાયિક કરવા લાગ્યા, તેણે કર્પૂરવિજયજી મહારાજને આ વાત કરી. એટલે કર્પૂરવિજયજીએ મને આજ્ઞા કરી કહ્યું કે તમે આ સામાયિકનો પ્રચાર કરો, કોલેજોમાં, બોર્ડીંગોમાં, અને જ્યાં જ્યાં જૈનો વસતા

હોય ત્યાં જઇ તેને સામાયિક કરી બતાવે। કે જેથી અમુક વર્ગમાંથી સામાયિક નષ્ટ થયું છે, તે પણ સમજીને ફરી સામાયિક કરતા થાય–તેથી આજે હું એમની આજ્ઞાનુસાર સામાયિક સ્થળે સ્થળે કરીને તેમજ લેકચર કરીને બતાવું છું.

જે સ્થિતિમાં મરણ સ્પર્શ કરી શકે નહિ, દુનિયાના કોઇ વિષયો લલચાવી શકે નહિ, એવી સ્થિતિ શુદ્ધ સામાયિક પ્રાપ્ત કરાવે છે,–એ આપણે શાસ્ત્રશ્રવણથી જાણીએ છીએ, અને તે સ્થાનને પહોંચવા આપણે ઉદ્યુક્ત થયા હોઇએ તો–આપણે શાસ્ત્રે બતાવેલા માર્ગ પ્રમાણે પ્રવૃત્તિ કરવી પડશે અને તેમાં અનુભવી મહાપુરૂષોએ બતાવેલાં અનુષ્ઠાનો, વિધિવિધાનોને અનુસરવું જોઇએ કે જેથી જે પ્રકારે તેમણે એ પૂર્ણ આનંદદાયક સ્થળ મેળવ્યું, તેમ આપણે પણ મેળવી શકીએ.

જેઓને અનુભવ છે એવા સમર્થ આત્માઓ કહે છે કે:—

તમે દેહ નથી પણ દેહમાં રહેલ આત્મા છો, દેહ એ તો મર્યાદિત સમય સુધી આપણી સાથે રહે છે. પણ તેમાં જે વસી રહ્યો છે, તે આત્મા એવા કેટલાય દેહમાં જઈ આવી, હમણાં તમારા દેહમાં નિવાસ કરે છે. તે ભૂતકાળમાં હતો, ભવિષ્યમાં હશે, અને વર્તમાનમાં છે પણ દેહ એટલે આત્માનું ઘર, તે તો ૫૦–૬૦ કે પોણોસો વર્ષ પછી નહિ હોય, અને એવા દેહમાં આત્માને આવવાનું ત્યાં સુધીજ હોય છે કે જ્યાં સુધી તે શુભ–અશુભ કર્મથી બદ્ધ છે. કર્મથી નિવૃત્ત થતાં તે નિરાબાધ એવા મોક્ષ સ્થાનમાં પહોંચે છે.

અંતરાત્મા થયા પછી તેને જગતના સકળ પ્રાણીઓ આત્મવત્ લાગે છે. અને તેથી પોતે કોઇને દુઃખરૂપ થતો નથી. આથી નવાં કર્મ આવતાં બંધ થાય છે. અને પ્રથમનાં કર્મો સમભાવ વડે નષ્ટ થાય છે. આ પ્રમાણે નષ્ટ થયેલાં કર્મ, અને કષાય રહિત આત્માને પરમ આનંદરૂપ સ્થિતિનો અનુભવ થાય છે.

આપણા જૈન સાહિત્યમાં કોઇક સ્થળે એવો ઉલ્લેખ જોવામાં આવે છે કે, ચારિત્ર પાળી પાળી ઓઘા અને મુહપતિઓનો મેરૂ જેવડો ઢગલો કરે, પણ જો તેની અંતરાત્મ-બુદ્ધિ નહિ હોય તો તે કર્મથી મુક્ત થઇ શકતો નથી અને તેથી તેની દેહાત્મ બુદ્ધિમાં હંમેશાં આસ્રવ (કર્મનું આવવારૂપ) જાણ્યે અજાણ્યે થયાંજ કરે છે. તે કર્મનો આસ્રવ દૂર થતાં અંતરાત્મા સમજાય છે.

સાંપ્રત સમયમાં દેહાધ્યાસી મનુષ્ય પોતાનાં ત્રણ કર્તવ્ય સમજે છે, અને તેમાં પોતાનું આખું જીવન પસાર કરે છે. તે ત્રણે દેહના માટેજ છે. શરીરને પોષવા માટે અનાજ, શરીરને ઢાંકવા માટે વસ્ત્ર, અને શરીરને નિવાસ કરવા મકાન–બસ આ ત્રણ જરૂરીઆત તેને દેખાય છે. જે દેહ અમુક વખત સુધી સાથે રહી જતો રહે છે. તે માટે તે પોતાનું મૂલ્યવાન માનવ જીવન ખર્ચતો હોય છે, પરંતુ તેમાં રહેલ એવા આત્મા માટે તેને કાંઇ વિચાર આવતો નથી, અને કદાચ વિચાર આવે છે તો આચારમાં મૂકી શકતો નથી.

આત્મબળે આપણને અજાણ્યે પણ ફેરવી ફેરવી અનેક યોનિમાં પસાર કરી આપણને ઉત્તમોત્તમ એવો મનુષ્યભવ પ્રાપ્ત કરાવ્યો છે. એમ અકામનિર્જરામાં આટલું કામ તો કર્યું પરંતુ સમજણપૂર્વક આત્મની પૂર્ણતા માટે શ્રી વીર પ્રભુએ બતાવેલું સામાયિક કરી આપણે પૂર્ણ થવું જોઇએ.

મનુષ્ય જીવન દુર્લભ છે, એમ દેવો પણ કહે છે. કારણ કે મોક્ષમાં જવાને માત્ર મનુષ્યજ પ્રયત્ન કરી શકે છે. તેવા ભવમાં આવીને પણ જો આપણે આત્મકલ્યાણ કરી ન શકીએ તો પછી ક્યારે કરીશું ?

આપણામાં રહેલ આત્મા અને પરમાત્માની સરખામણી વિચારતાં આપણને પ્રતીત થાય છે કે અનંત જ્ઞાની છે એ પરમાત્મા, અને અલ્પ અજ્ઞાની તે આત્મા. પણ પ્રયત્ન વડે, આત્મા તે પરમાત્મા થઇ શકે છે.

દેહભાવથી અલગ થવા માટે, પ્રથમ દેહ અને આત્માને જુદા સમજવા જોઇશે, અને આત્મા તો દેહાદિનો સાક્ષી છે, અને તેથી કર્મનું ફળ ભોગવવાનું દેહભાવીને રહે છે. આત્મા તો સાક્ષી છે.

પ્રભુ શ્રી મહાવીરે જ્યારે તીર્થ સ્થાપન કર્યું ત્યારે, પોતે જે ક્રિયાથી ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યા હતા, તે સ્થિતિમાં જગતના જીવોને લાવવાના આશયથી એમણે સંઘ સ્થાપિત કર્યો. અને તે સંઘમાં આવેલા જે, એ ઘડી સામાયિક કરે તે શ્રાવક અને જીવન પર્યંત સામાયિક કરે તે સાધુ કહેવાયા.

જૈન ધર્મના અનુયાયીઓને સુખદુઃખના પ્રસંગો હર્ષ કે શોક કરાવી શકતા નથી. કારણ કે તે કર્મને માનનારા છે. અને તેથી પોતાને સુખપ્રદ પ્રસંગોમાં, શુભ કર્મનો ઉદય ભોગવનાર ગણે છે. અને દુઃખના સમયે તે મારા અશુભ કર્મનો ઉદય છે, એમ સમજી વિહ્વળ થતા નથી. અને અંતરાત્મ પછી નિર્જરા વડે અશુભ કર્મનો નાશ કરે છે.

એવી રીતે યથાશક્તિ રાગ દ્વેષ રહિત થતાં આત્મા પોતાના ગુણોને રાગ દ્વેષાદિથી થયેલા આચ્છાદિતપણાથી ધીરે, ધીરે છોડાવતો દર્શન દે છે, અને છેવટે બત્રીશ દોષો રહિત સામાયિક કરીને આત્માના ગુણોને ભેટવાનો અધિકારી થાય છે.

જે વસ્તુ તમારે પામવાની ઇચ્છા છે, તેના તરફ વિશેષ વિચાર કરો તો બળવત્તરપણે રૂચિવાન્ થઈ આગળ વધતાં વિઘ્નો તમને નાનાં લાગશે અને પામવાની વસ્તુ અતિ મહત્વની જણાશે. આડે આવનારાં વિઘ્નો નાનાં અને અલ્પ થતાં થતાં એ વિઘ્નોને વિદારી પોતાનું લક્ષ્ય જ્યાં છે ત્યાં પહોંચી જવાશે. દાખલા તરીકે-જ્યારે માણસોને પુના જવાની જરૂર પડી, ત્યારે તેના રસ્તામાં પર્વતો આડે ઉભેલા હતા પણ માણસોએ તેને તોડીને પોતાનો માર્ગ કર્યો અને ગયા.

કેટલાક ભાઇઓ કહે છે કે, મન વશ નથી રહેતું. એ ભાઇઓની એ વાત ખરી છે, પણ એ મન વશ નથી થતું તેનું કારણ વિચારીએ.

આપણી ક્રિયાને જ્યારે આપણું મન અનુસરતું નથી, ત્યારે આપણે એ ક્રિયાને રસપૂર્વક કરતા નથી હોતા, અને તેથી મન બહારને બહાર ભટક્યાં કરે છે. જ્યારે કોઇ પુસ્તક વાંચનાર તે સમજણ સહિત રસપૂર્વક વાંચતો હોય છે, ત્યારે તેનું મન તેમાં એટલું પરોવાયલું હોય છે કે-આસપાસ શું થાય છે તેની તેને ખબર પણ નથી હોતી. મન તેને પૂર્ણ સહાનુભૂતિ આપતું હોય છે. મન સ્થિત ત્યાંજ થાય છે કે-જ્યાં તે જ્ઞાનથી પ્રદીપ્ત હોય.

હાલમાં સામાયિકના અર્થો હૃદયમાં નથી ઉતરતા તેનું કારણ એ છે કે તે સામાયિક આત્મ કલ્યાણાર્થ કરવામાં નથી આવતું પણ લોકોમાં 'પોઝિશન' વધારવા માટે કરાય છે.

સામાયિક કરનાર આત્મા સકળ સંસારના જીવોને પોતાના સમાન ગણનાર હોય એટલે કોઇને દુઃખકારક તે થાયજ નહિ. શ્રી મહાવીરે સામાયિકમાં બાર વર્ષ અને એક પક્ષ રહી તેથી જે સિદ્ધિ મેળવી, તેથી **"सवि जीव करुं शासनरसी"** એ ભાવનાથી તીર્થંકર તરીકે રહી તેઓ સિદ્ધ થયા.

[આ પછી પ્રમુખે ઉપસંહાર કરી સામાયિક સંબંધી વિવેચન કર્યું હતું. ભાષણકર્તાએ પોતાનો વિષય પૂરો કર્યો હતો નહિ તેથી તેમનું બીજું વ્યાખ્યાન આજ વિષયપર તે પછીના રવિવારે રાખવામાં આવ્યું હતું. આ બીજું વ્યાખ્યાન યથાવકાશે પ્રકાશ પામશે]

અસંખ્ય યોગ છે, નવપદ એ યોગ છે તેમ સામાયિક પણ યોગ છે. કહ્યું છે કે:—

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણોરે;
એહ તણે અવલંબનેં, આતમધ્યાન પ્રમાણોરે—

—શ્રીપાલ રાસ યશોવિજયજી.

जे केवि गया मोक्खं, जे वि य गच्छंति जे गमिस्संति ।
ते सव्वे सामाइय, माहप्पेण मुणेयव्वं ॥

—જે કોઇ મોક્ષે ગયા, જે વળી જાય છે, અને વળી જે મોક્ષે જશે તે સર્વ સામાયિકના માહાત્મ્યથી જાણવું.

શમામૃત (છાયા નાટક)

[મુખ્ય અનુવાદકઃ—રા. ભોગીલાલ અમૃતલાલ ઝવેરી B. A. LL. B.]

[આ નાટકનું ગદ્યમાં ભાષાંતર રા. રા. ઝવેરીએ કર્યું. શ્લોક ગાથાનો અર્થ પણ ગદ્યમાં મૂક્યો. અમે અત્ર તત્ર સુધારા વધારા કર્યા. પદ્યનું પદ્યમાં ભાષાંતર કરવા રા. બાબુલાલ મોતિલાલ મોદીને સોંપ્યું. તેમણે તે કર્યું તેમાં પણ અમોએ વિશેષ સુધારા વધારા કર્યા અને આખરે આમ ત્રણના પ્રયત્નો વડે થયેલ ભાષાંતર અત્ર મુક્યું છે. મૂળ સંસ્કૃતમાં છે ને તે મુનિશ્રી ધર્મવિજયજી સંશોધિત થઈ ભાવસાર વનમાળી. ગોવિંદજી મુ. કોળીયાક (હાલ વેરાવળ) તરફથી સં. ૧૯૭૯ માં પ્રસિદ્ધ થયેલ છે. આ નાટકનું વસ્તુ શાંતિરસપ્રધાન છે તેથી તેનું નામ 'શમામૃત' આપવામાં આવ્યું છે. સામાન્ય રીતે શૃંગારરસપ્રિય લોકો છે તો તેને આવું શાંતિરસપ્રધાન નાટક કેમ પસંદ પડે એવો પ્રશ્ન નાટકકારેજ ઉઠાવી નટીના મુખમાં મૂકી તેનો ઉત્તર પણ સૂત્રધારના મુખમાં આપ્યો છે. જૈન ધર્મ એ ત્યાગપ્રધાન ધર્મ છે, અને જૈનાચાર્યોએ જ્યાં ત્યાં ત્યાગનાં માહાત્મ્ય ગાયાં છે-છતાં જૈનકથાઓમાં શૃંગારરસ અત્ર તત્ર જોવામાં આવે છે ને કયાંક તેને પલ્લવિત પણ કર્યો છે પણ છેવટમાં તો ત્યાગનો વિજયજ જોવામાં આવે છે. આ નાટકની વસ્તુ યાદવકુલના શ્રમણ ભગવંત નેમિનાથના ચરિત્રની છે. તે ૨૨ મા જૈન તીર્થંકર છે, અને આજન્મબ્રહ્મચારી રહી દીક્ષા લઇ આખરે ગિરિનાર પર્વત પર સિદ્ધિ પામ્યા છે. નાટકનો પ્રારંભ નેમકુમાર ઉગ્રસેનની પુત્રી રાજીમતિને સ્વજનોના આગ્રહથી પરણવા માટે રથમાં બેસી વરઘોડે ચડી ઉગ્રસેનના મહાલય તરફ જાય છે અને ત્યાં પુરેલાં બૂમ પાડતાં પશુઓને પેખી દયાર્દ્ર થઇ લગ્ન ન કરવાનો નિશ્ચય જણાવી પશુઓને છોડાવે છે. પોતે પાછા ફરતાં લોકાંતિક દેવો તેમને તીર્થપ્રવર્ત્તન કરવાની વિનતિ કરવા આવે છે. છેવટે આશીર્વાદ પૂર્વક નાટકની પૂર્ણાહુતિ થાય છે.

આટલી ટુંક વસ્તુ લઈને કવિએ કાવ્યરસ છલકાવ્યો છે અને પોતાની પ્રતિભા દાખવી છે. કવિએ પોતાનું નામજ કે પોતા સંબંધી કંઈ પણ હકીકત આપી નથી; છતાં તેનો સમય જાણવા માટે એટલું તો કહી શકાય કે મહોપાધ્યાય વિનયવિજયજીએ સં. ૧૬૯૬ માં રચેલી કલ્પસૂત્રપર સુબોધિકા ટીકામાં આ નાટકમાંથી ઘણો ખરો ભાગ થોડા ઘણા ફેરફાર સાથે શ્રી નેમનાથનું ચરિત્ર વર્ણવતાં લીધો છે તેથી તે પહેલાંની આ કૃતિ છે એ નિશ્ચિત છે. જે પ્રત પરથી સંશોધકે આ નાટક છપાવ્યું તેના પર લખ્યા સંવત્ નથી, છતાં તે એટલું જણાવે છે કે તે પ્રતના અક્ષરો અને તેની સ્થિતિ પરથી તે વહેલામાં વહેલી ૧૫ મી સદીને ને મોડામાં મોડી ૧૭ મી સદીની હોઇ શકે. આમ જો હોય તો આ નાટકનો સમય પણ તેજ સ્વીકારી શકાય. **તંત્રી જૈનયુગ.**]

પાત્રો.

નેમિકુમાર.....	બાવીશમા તીર્થંકર
સારથિ.....	શ્રી નેમિકુમારનો રથ હાંકનાર
રાજીમતી.....	ઉગ્રસેન રાજાની પુત્રી
ચંદ્રાનના, મૃગલોચના } ...	રાજીમતીની સખીઓ
સમુદ્રવિજય.....	શ્રી નેમિકુમારના પિતા
શિવાદેવી	સમુદ્રવિજયની પત્ની
દેવો.....	લોકાન્તિક દેવતાઓ

મંગલાચરણ અનુષ્ટુપ્

શિવા સૂનુ જિને એવા, અમારૂં શિવ તો કરો,
નિવૃત્તિ ઇચ્છતાયે જે, વિરાગી સ્ત્રી થકી રહ્યા.૧

મૂળ શ્લોકોનો અર્થ-જે મોક્ષ રૂપી સ્ત્રીને ઇચ્છતા છતાં પણ સ્ત્રીઓ વિષે વિરાગી હતા તે શ્રી શિવાદેવીના પુત્ર નેમિનાથ જિન ભગવાન્ અમારૂં કલ્યાણ કરો. ૧

(નાન્દિની પછી)

સૂત્રધાર—(સર્વ તરફ નજર ફેરવી વિસ્મય સહિત) આર્યે! નાટકનું શ્રવણ કરો.

નટી—જેવી આર્યની આજ્ઞા.

સૂત્રધાર—જેણે પોતાના ચરિત્રરૂપી ચન્દ્રિકાથી ત્રણ ભુવનના લોકોને પ્રીતી ઉપજાવી છે તે શ્રી નેમિનાથ ભગવાનના યાત્રા-મહોત્સવના પ્રસંગ પર આજે એકઠા થયેલા વિદ્વાન સભાસદોએ મને આજ્ઞા

કરેલી છે કે શ્રી નેમિનાથ ભગવાનનું શમામૃત નામનું છાયાનાટક ભજવો.

નટી—(કૌતુકથી)

છોડી પશુ પણ દીસે, રસ શૃંગારજ સારભૂત જગમાં,
જન બહુમાન કરે આ, કાં નેમિજિન શમતા રસમાં

મૂળ ગાથાર્થ—શૃંગારરસ સારભૂત છે એવો આ જગતમાં બહુમત છે તો પછી પશુઓને છોડાવીને શ્રી નેમિજિનેંદ્રે શમતા રસ બતાવ્યો તે સમતા રસમાં આ લોકોને બહુમાન કેમ થવાનું ?.૨

સૂત્રધાર—આર્યે, જુગતું અજુગતું જેવું તું બોલે છે.

શમતા સ્વાદ અજ્ઞાની, શૃંગારે મન રાચતાં;
સુણે ના ગાન અદ્‌ભૂત, ગોપગાન જ વાંચ્છતા.

શ્લોકાર્થ—શમતાના સ્વાદને ન જાણનારનું મન શૃંગારથી રંજીત થાય છે જેમકે જેણે અદ્‌ભુત ગાન સાંભળ્યું નથી તેને ગોવાળ લોકોના ગાનથી આનંદ થાય છે. ૩

(નેપથ્યમાં)

(ધવલ મંગલ ગીતોનો સ્વર તથા પાંચ જાતિના સ્વરોવાળાં વાજીંત્રોનો અવાજ સંભળાય છે)

સૂત્રધાર—(સાંભળીને) આર્યે! આ રીતે સર્વ વિશ્વના ઉદરને પૂરી નાંખતો મંગળસૂચક અવાજ કાને આવે છે, તેથી રાજીમતીની સાથે લગ્ન કરવા સારૂ શ્રી નેમિનામ કુમાર સમુદાયમાં આવતા હોય તેમ લાગે છે. માટે ચાલ, આપણે આંખોને આનંદકારી મંગળ સૂત્રને ધારણ કરનાર શ્રી નેમિકુમારને જોઇએ.

(બન્ને બહાર ચાલ્યા જાય છે)

પ્રસ્તાવના.

(પછી આગળ ચાલતા શ્રી સમુદ્રવિજય અને બીજા રાજાઓથી શોભતા, તથા શિવાદેવી પ્રમુખ સ્ત્રીજનોથી જેનાં ગીતો ગવાતાં હતાં તેવા રથમાં બેઠેલા અને મસ્તકે છત્ર ધરાયેલ શ્રી નેમિકુમાર પ્રવેશ કરે છે)

શ્રીનેમિ—(આગળ જોઇને સારથી પ્રત્યે)-હે સારથિ! પેલું મંગળ ઉપચારવાળું ધવલ મંદિર કોનું છે ?

સારથી—(આંગળી વડે દેખાડતો)

એતો આપના સાસરા, ઉગ્રસેન-મહેલ છે,
ગોખથી આપને નિર્ખે, તન્વંગી બે સુહાસિની.

શ્લોકાર્થ—આપના સસરા ઉગ્રસેન રાજાનો તે મહેલ છે અને પેલા ગોખમાં બેઠેલી હસતા મુખ વાળી બે કોમલાંગીઓ આપને જોયાં કરે છે. ૧

(પછીથી મહેલના ગોખમાં બેઠેલી બે સ્ત્રીઓ પ્રવેશ કરે છે)

એકઃ—(નેમિકુમારને જોઇને આનંદ સાથે)

સખિ ચંદ્રાનના!

વનિતા વૃંદે એકજ, આ રાજીમતી ઉત્તમ ગુણવાળી;
રૂપનિધિ નેમિ જેને, વરશે અતિ મંગળકારી.

ગાથાર્થ—આખા સ્ત્રી વર્ગમાં એકલી રાજીમતી જ પ્રશંસનીય ગુણોવાળી છે કે જેનું પાણિગ્રહણ લાવણ્યના ભંડાર શ્રી નેમિકુમાર કરશે. ૨.

ચંદ્રાનના—સખિ મૃગલોચના!

રંભાનું રૂપ હરતું, રાજિમતીરૂપ નિર્મી બ્રહ્માએ;
અવર ન મનહર નિર્મ્યું, જેથી કદિએ જશ હીણો થાયે.

ગાથાર્થ—રંભાના રૂપને હરનારૂં રાજીમતીનું રૂપ બનાવીને વિધિ પણ આના જેવી બીજી સ્ત્રીને બનાવી-નિર્મી ન શક્યો. કારણ કે ખરેખર તેથી તે અપજશવાળો થઈ જાય. ૩.

ચંદ્રાનના—(પાછળથી જોઇને ઉત્સુકતાથી) હે મૃગલોચના! માંગલિક વાજિંત્રોનો અવાજ સુણીને જો કે પોતાની માતા ગૃહમાં હોવા છતાં પણ (માતાની શરમ ન રાખી) પ્રિય સખી રાજીમતી પ્રિય પતિના દર્શનની ઉત્કંઠાથી અહીં આવી પહોંચી!

(રાજીમતી પ્રવેશ કરે છે).

રાજીમતી—(અભિલાષા સાથે) સખીઓ! આ કોઇકના પણ મહોત્સવના દર્શનરૂપી દાનથી મારા ઉપર કૃપા કરો-મને તે જોવા દ્યો.

સખીઓ—તેમ કરીએ તો બદલામાં તું શું આપીશ ?

રાજીમતી—(જોર કરી તેઓની વચ્ચે ઉભી રહી શ્રી નેમિકુમારને જોઇને આનંદ સાથે પોતાનાં મનમાં બોલી).

શું આ નાગકુમાર, કામદેવ, કે સુંદર સુરપતિ છે ?
કાં મુજ પુણ્યનો પુંજ, તાદૃશ મૂર્ત્તિમંત એતો.

ગાથાર્થ—શું આ કોઈ પાતાળકુમાર કે કામદેવ અથવા તો દેવતાના અધિપતિ ઇંદ્ર છે ? ખરેખર આ તો મારા પુણ્યનો ઢગલો એકત્ર થઈ મૂર્ત્તિ રૂપે ઉભેલો છે. ૪.

(વળી પણ)

જે વિધિએ નિર્મ્યો આ, પતિ અનુપમ સૌભાગ્ય તણા નિધિને,
ધન્યવાદ શા અર્પું, ન્યોછાવર મુજ આત્મ કરૂં તેને.

ગાથાર્થ—નિરૂપમ સૌભાગ્યના ભંડાર એવા પતિને જે વિધિએ મારા માટે નિર્માણ કરેલા છે, તે વિધિને હું શું શું કરૂં ? (મારા) આત્માનો પણ ન્યોછાવર કરૂં. ૫.

ચંદ્રાનના—(રાજીમતી તરફ જોઇને હસીને) મૃગલોચના ! જો જો.
નેમિકુંવરને નિર્ખી, પ્રિય સખિ હાવાં, કોને નવ નિર્ખે;
તેને પરણી કે પછી તો નવ ઓળખશે તે આપણને.

ગાથાર્થ—તેમને જોયા પછી વ્હાલી સખી હવે બીજા કોઇ મનુષ્ય પ્રતિ નજર નાખતી નથી તો પછી તેમની સાથે પરણ્યા પછી તો આપણી પણ ઓળખાણ નહિ રાખે. ૬.

સખી—
ભલે નહી ઓળખતી, થઇશું રાજી અતિ• એટલેથી,
જો આ પ્રિયસખિનો કંદ, મંગલ કર શ્રી નેમિ ધરશે.

ગાથાર્થ—ભલેને તે સખિ આપણી ઓળખાણ ન રાખે–આપણને ભૂલી જાય છતાંય જો તે નેમિકુમાર વ્હાલી સખિનું પાણિગ્રહણ કરે તો એટલાથી પણ આપણને સંતોષ છે. ૭

(નેપથ્યમાં)

(વનવાસી પશુઓનો કરૂણ સ્વર સાંભળી)

નેમિકુમાર—(કંપારી ખાઇને) હો હો દારૂક ! કાનના પડદાને ફાડી નાંખનાર આવો દુખદાયક સ્વર શાનો છે ?

સારથી—
સમીપ લગ્ને સ્નેહીનું, કરવા ગૌરવ માંસથી,
કર્યા ભેગા પ્રભો ! અત્ર, આ ભીરૂ પ્રાણીઓ બધાં. ૮

શ્લોકાર્થ—હે પ્રભુ ! નજદીકના વિવાહપ્રસંગમાં પોતાનાં સગાં સંબંધીઓનું ગૌરવ માંસવડે કરવા આ બાપડા પશુઓને અહીં એકઠા કરેલાં છે. ૮.

નેમિકુમાર—(મનમાં)
અરે આ કેમ સુણાયે ! મલિન ચિત્તના લોકતણી કરણી;
જે નિજ ઉત્સવ ઉજવે, અન્ય જીવોને પીડા આપીને. ૯

ગાથાર્થ—અરેરે ! જેઓ બીજા પશુઓના અનુત્સવ-દુઃખ વડે પોતાનો ઉત્સવ ઉજવે એવા અપવિત્ર ચિત્તવૃત્તિવાળાનું ચરિત્ર સાંભળી શકાય તેવું નથી. ૯

રાજીમતી—(જમણી આંખનું ફરકવું નાટયથી બતાવીને) અરે ધિક્કાર હો સખીઓ, શા કારણથી મારી ડાબી ? (જમણી) આંખ ફરકે છે ?

સખીઓ—તારૂં અમંગલ ટળી જાઓ.

(સખીઓ થુ થુ કરે છે.)

નેમિકુમાર—(મોટેથી) હે ! સારથી ! રથને અહીંથી તે તરફ ફેરવ.

સારથી—આપની આજ્ઞા પ્રમાણ છે–જેવો આપનો હુકમ.

(પછીથી પશુઓ પ્રવેશ કરે છે)

(તેઓમાં એક હરિણ છે)

હરિણ—(શ્રી નેમિનાથને જોઈ પોતાની ડોક હરિણીની ડોક પર મુકી બીક અને ઉત્સુકતાથી ઓલે છે) ના, ના માર! કદાપિ! હૃદયહારિણી મુજ પ્રિય હરણીને;
સ્વામી ! મરણ થકી પણ, દુસ્સહ વિરહ પ્રેમીજનને. ૧૦

ગાથાર્થ—મારા હૃદયને હરનારી આ હરિણીને મા માર, મા માર,–હે સ્વામિ ! આજે (મારૂં) મરણ થાય તેના કરતાં પણ પ્રિયતમાનો વિરહ (સાંપડે એ) વધારે દુઃસહ છે. ૧૦

હરિણી—(નેમિકુમારનું મુખ જોઈ હરણ પ્રતિ)
શાન્ત વદન ત્રિભુવનના સ્વામિ ને આ નિષ્કારણ બંધુ,
વિનવો વલ્લભ તેને, સહુ જીવોનું રક્ષણ કરવા. ૧૧

ગાથાર્થ—આ પ્રસન્ન મુદ્રાવાળા ત્રણ ભુવનના સ્વામિ છે અને નિષ્કારણ બંધુ છે તેથી હે વ્હાલા ! સર્વ જીવોની રક્ષા કરવા સારૂ તેમને વિજ્ઞપ્તિ કરો. ૧૧

હરિણ—(મુખ ઉંચું કરીને)
નિર્ઝરનું જળ પીતાં, વન તૃણખાતાં, પ્રાણી વનવાસી;
અમ નિર્દોષી કેરૂં, જીવન રક્ષ ! રક્ષજ ! સ્વામી ! ૧૨

ગાથાર્થ—હે પ્રભુ ! ઝરણાંનું પાણી પીનારા, જંગલનું ઘાસ ખાનારા, અને વનમાં રહેનારા એવા અમો નિરપરાધ પશુઓની જીંદગીનું રક્ષણ કરો, રક્ષણ કરો. ૧૨

એ પ્રમાણે સર્વ પશુઓ પોકાર કરે છે.

નેમિકુમાર—થોડુંક ચાલી અવલોકન કરી, પશુઓના પહેરેગીરો પ્રતિ.

મારા લગ્ને તમ સ્વામી, હણશે આ સૌને ખરે,
હું કરીશજ ના લગ્ન, તેથી છોડો પશુ બધાં. ૧૩

શ્લોકાર્થ—આપના રાજા મારા વિવાહમાં આ પશુઓનો વધ કરશે, તેથી હું વિવાહ કરીશ નહીં, માટે મૃગોને છોડી મુકો, છોડી મુકો. ૧૩

(પહેરેગીરો તે પ્રમાણે કરે છે.)

નેમિકુમાર—સારથિ ! આપણા મહાલય તરફ રથને ઝટ પાછો ફેરવ.

સિંચેલું પશુરકતેથી વિવાહ-વિષ વૃક્ષ જે,
ફળ દે દુર્ગતિ કેરૂં, તે ના છે મુજ કામનું. ૧૪

શ્લોકાર્થ-પશુઓના લોહીથી સિંચાયેલ આ વિવાહ રૂપી વિષવૃક્ષ જે દુર્ગતિ રૂપ ફલ આપે છે, તેનું મારે હવે કંઇપણ કામ નથી. ૧૪

સારથી—જેવો દેવનો આદેશ.

(તે પ્રમાણે કરે છે)

સમુદ્રવિજય રાજા, શિવાદેવીય તે પળે,
સજ્જનો સાથ સામે જૈ, રથને શીઘ્ર રોકતાં. ૧૫

શ્લોકાર્થ—તેજ પળે સમુદ્રવિજય રાજા, તથા શિવાદેવી રાણી પોતાનાં સગાંઓ સાથે આગળ જઇ ઉભા રહી તે રથને શીઘ્ર રોકે છે. ૧૫

રાજીમતી—હા દૈવ ! આશું થયું ?

(મુર્ચ્છા ખાય છે)

સખીઓ—હે સખી ! આશ્વાસન લે, આશ્વાસન લે.

(ચંદન વિગેરે શીતળ વસ્તુઓનો અભિષેક કરે છે.)

રાજીમતી—(આશ્વાસન લઇ આંસુ સાથે અને મોટે સાદે)

હા ! જાદવકુલ દિનકર ! નિરૂપમજ્ઞાની પ્રિયતમ જગશરણા;
હે ! કરૂણાકર સ્વામી ! કયાં ચાલ્યા તરછોડી મુજને ?

ગાથાર્થ—હા ! યાદવકુલમાં સૂર્ય ! હા ! નિરૂપમ જ્ઞાનવાળા !, હા ! જગતના શરણ !, હાં ! કરૂણાની ખાણ એવા સ્વામી !, મને મુકીને (તમે) કયાં ચાલ્યા ! ૧૫

શિવાદેવી—(આંસુઓ રોકી ગદ્‌ગદ્ સ્વરે)
હે જનની-વત્સલ ! મુજ, પ્રથમ વિનતિ વત્સ ! ઉરે ધારો. લગ્ન કરી અમને દ્યો, વધૂ-મુખ-દર્શનનો લ્હાવો. ૧૬

ગાથાર્થ—હે માતા પ્રત્યે વાત્સલ્યવાળા વત્સ ! પહેલ વહેલીજ કાંઈ પ્રાર્થના કરૂં છું કે પાણિગ્રહણ કરી મને નિજ વહુનું મુખ બતાવ. ૧૬

ચંદ્રાનના—પોતાના પ્રિય જનનો, માતા પ્રતિ કહેલ કાનને રસાયન જેવો જવાબ તું સાંભળ.

રાજીમતી—સાવધાન છું.

નેમિકુમાર—
તજો આગ્રહ હે માતા, લોકસ્ત્રી પર ચિત્ત ના;
મુક્તિશ્રી—સંગમોત્કંઠ, ઉત્કંઠા મમ ચિત્તની. ૧૭.

શ્લોકાર્થ—હે માતા ! આ આગ્રહને તું છોડી દે. માનુષી સ્ત્રીઓ વિષે મારૂં મન લાગતું નથી. મોક્ષ રૂપી સ્ત્રીનો સંગમ કરવાની ઉત્કંઠાવાળું મારૂં મન તો તે ઉત્કંઠામાંજ રહ્યું છે. ૧૭

રાજીમતી—(ઉંડો નિશ્વાસ નાંખીને) સાંભળવાનું હતું તે સાંભળ્યું.

હે નિષ્ઠુર ઉર ધૃષ્ટ !, હજી કાં નિર્લજ જીવનને ધારે ?
જ્યારે જગના સ્વામી, પતિ મુજ બીજે રાગથી બંધાયા. ૧૮

ગાથાર્થ—હે લુચ્ચા અને ઘાતકી હૃદય ! તું હજુ સુધી લજ્જા વગરનું બની જીવન ધારી રહ્યું છે. મારા આત્માના પ્રભુ જગતના નાથની પ્રીતિ બીજે સ્થળે બંધાઇ છે. ૧૮.

(તે પ્રમાણે છાતીને કૂટતી બતાવતી તે ફરીથી મૂર્ચ્છા પામે છે)

સખીઓ—હા ! પ્રિય સખી ! પ્રિય સખી !

રાજીમતી—(આશ્વાસન લઇ નેમિનાથને ઉદ્દેશીને ઠપકા સાથે, મોટે સ્વરે)

ધૂર્ત ! હતો જ્યે રાગી, સિદ્ધ સેવિકા મુક્તિ ગણિકામાં;
રચી વિવાહમહોત્સવ, વિડંબના કયમ મારી કીધી ?

ગાથાર્થ—હે ધૂર્ત ! જે સર્વ સિદ્ધોથી ભોગવાયેલી મુક્તિરૂપી ગણિકામાં તું રાગી હતો તો પછી આવી રીતે વિવાહનો આરંભ કરીને તેં મારી કેમ હાંસી કરી ? ૨૦

સખિઓ—(રોષ સહિત)

પ્રેમ વિહોણા આવા, નરમાં પ્રિય સખિ પ્રણય કદિ ન ધરતી,
શોધીશું તુજ કાજે, બીજે પ્રેમી કાન્ત સખિરી ! ૨૧

ગાથાર્થ—હે વ્હાલી સખી ! આવા પ્રેમવગરના પુરૂષ તરફ પ્રેમભાવ મા રાખજે; પ્રેમથી ભરપૂર એવો બીજો કોઇ વર તારા માટે શોધી કાઢશું. ૨૧

રાજીમતી—(હાથવતી બન્ને કાનો બંધ કરી) હે સખી ! તું પણ આવું ન સાંભળવા લાયક શું બોલે છે ?

વિશ્વ નિયમને છોડી, દિનકર પણ જો પશ્ચિમમાં ઉગશે;
નેમિનાથ નરપુંગવ, ત્યાગી હૃદય અવર ન વરશે. ૨૨

ગાથાર્થ—જો કોઇ રીતે પશ્ચિમ દિશામાં સૂર્યનો ઉદય થાય તો પણ નેમિનાથ સિવાય બીજા કોઇને હું મારો પતિ કરું નહિં. ૨૨

[અને વળી]

લગ્ન સમે યદિ મુજકર, તેના હસ્તમહીં ના મૂકાયો,
તોપણ દીક્ષા સમયે, મુજ શિરપર તે હસ્તજ મૂકાશે.૨૩

ગાથાર્થ—વિવાહમાં જો કે ખરેખર તેમના હસ્તમાં મારો હાથ ન મૂકાયો છતાં પણ દીક્ષા સમયે મારા મસ્તક ઉપર તેમનો હાથ મુકાશે. ૨૩

ચંદ્રાનના—બહુ સારૂં પ્રિય સખી ! બહુ સારૂં. તારો જન્મ સફળ થયેલ છે કારણકે ત્રણ લોકના રાજ્યથી દુર્લભ એવી સતી તરીકેની (તારી) નામના થશે, (પોતાના ઉત્તરીય વસ્ત્રનો છેડો ઉતારે છે અને નીચે પ્રમાણે બોલે છે.

એક પક્ષી જે પ્રેમ, સદા કષાયી દાડિમફળ જેવો,
બિજ પાકયા વિણ જગમાં, નહિ થાય કદી તે રસવંતું.૨૪

ગાથાર્થ—દાડિમના ફળ માફક એક તરફી પ્રેમ કષાયવાળો હોય છે. જ્યાંસુધી બીજ પાકતું નથી ત્યાં સુધી તે રસવાળું થતું નથી. ૨૪

(તેમ સાંભળીને)

રાજીમતી—સખીઓ, અહીં બહુજનવાળા સ્થાનમાં હું રહી શકતી નથી માટે ધવલગૃહની અંદર પ્રવેશ કરીએ.

(બન્ને સખીઓ સાથે તેણી બહાર ચાલી નીકળી)

સમુદ્રવિજય—(આજ્ઞાપૂર્વક) હે વત્સ ! વિવાહના ઉત્સવથી અમારા મનોરથો પૂર્ણ કર. હાલનો અભિનિવેશ-મનનો ખ્યાલ તું મૂકી દે અને પરમાર્થ વૃત્તિથી સદ્‌વિચારવાળાં વચનો બોલ. (કારણકે)

કર્યા લગ્ન ઋષભાદિ, મુક્તિ તોય વર્યા હતા,
કુમાર બ્રહ્મચારી થૈ, થશે ઉચ્ચ શું તેહથી ? ૨૫

શ્લોકાર્થ—ઋષભાદિ જિનેશ્વરોએ વિવાહ કર્યા હતા અને (છતાં તેઓ) મોક્ષે ગયા હતા, તો પછી બાલ બ્રહ્મચારી તરીકે તારે કયું ઉચ્ચું પદ લેવાનું છે ? ૨૫

નેમિનાથ—(હસીને) ભોગરૂપી ફળ જેનાં ક્ષીણ થયેલાં છે, એવાં કર્મવાળો હું છું તેથી મને આવી રીતની વિચારમાળા અવળે રસ્તે લઇ જઈ નહિ શકે. પરંતુ વિવિધ જાતના બીજી રીતના ઉત્સવોથી હું આપના મનોરથો પૂર્ણ કરીશ.

સ્ત્રીના એકજ સંભોગે, ઘાત જીવ અનંતનો,
ભવ પરંપરા વૃદ્ધિ, એવા લગ્ને શું આગ્રહ ? ૨૬

શ્લોકાર્થ—સ્ત્રીના એક સંભોગથી અનંત જંતુઓનો-જીવોનો નાશ થાય છે અને ભવની પરંપરા વધે છે તેવા વિવાહમાં આપનો આગ્રહ શા સારૂ હોઇ શકે ?

(નેપથ્યમાં)

જય હો! કામ વિજેતા! જન્તુને અભયપ્રદ!
પ્રવર્તાવો પ્રભો! તીર્થ, નિત્ય ઉત્સવ કારણે. ૨૭

શ્લોકાર્થ--કામદેવને જીતનાર જય હો! પ્રાણી માત્રને અભય આપનાર (એવા આપનો) જય હો. હે નાથ! સર્વદા ઉત્સવોના અવતારને માટે-ઉત્સવો સાંપડે તે માટે તીર્થ પ્રવર્ત્તાવો. ૨૭

સમુદ્રવિજય—શું સારસ્વત આદિ લોકાંતિક દેવતાઓ દીક્ષા સમય થયો છે તેની જાણ કરવા સારૂ શ્રી નેમિનાથ જિનના ચરણ પાસે આવે છે કે?

(પછીથી દેવતાઓ આવે છે અને શ્રી નેમિનાથ ભગવાનને નમસ્કાર કરી રાજા તથા રાણી પ્રત્યે કહે છે)

દેવતાઓ—આનંદના ઉદય પ્રસંગે વિષાદરૂપી કંદમાંથી આવા કષ્ટ જાતના ફણગા આપને ફુટી નીકળ્યા? સર્વ પ્રકારે આપ કૃતાર્થ છો કારણકે આપનો પુત્ર શ્રી નેમિનાથ વાર્ષિક દાન આપ્યા પછી તીર્થ પ્રવર્તાવવા રૂપી મહાન ઉત્સવ વડે ત્રણ ભુવનના લોકને આનન્દ આપશે.

(સર્વે હર્ષ બતાવે છે)

દેવો—આપનું બીજું વિશેષ પ્રિય શું કરીએ?

સમુદ્રવિજય--(હર્ષપુર્વક)

નેમિ, તીર્થ પ્રવર્તાવી, વિશ્વ આનન્દ આપશે.
અમ સ્તુતિ કીધી દેવે, આથી ત્યાં શું વધુ પ્રિય? ૨૮

શ્લોકાર્થ—શ્રી નેમિકુમાર તીર્થ પ્રવર્ત્તાવી વિશ્વને આનંદ પમાડશે (તેથી) દેવતાઓએ અમારાં વખાણ કર્યા છે તો પછી એનાથી વિશેષ પ્રિય (અમને) શું હોઇ શકે?

દેવો—એ રીતેજ તથાસ્તુ.

શાર્દુલ.

થાજો દેવ શુભંકરા જલદ સૌ, વર્ષા સમે વર્ષજો;
રાજાઓ જયવંત નીતિશીલ થઇ, પૃથ્વી સદા ધારજો.
શ્રીશાળી સૂરિઓ તણા કવનમાં, મેધા અતિ દીપજો;
કાવ્યોનો મધુ સ્વાદ સૌ સુજનને, આનંદકારી થજો.૨૯

અર્થ--દેવતાઓ શુભના કરનારા થાઓ! વાદળો પોતાના સમયાનુસાર વરસાદની વૃષ્ટિ કરો! રાજાઓ જયવંત રહીને ન્યાયપરાયણ થઈ પૃથ્વીને દીર્ઘકાળ સુધી ધારણ કરો! અતિ શ્રીવાળા સૂરિઓ-આચાર્યો કવિતા પ્રધાન બુદ્ધિવાળા થાઓ! અને સજ્જનો કાવ્યના સ્વાદથી આવતા રસવડે પ્રસન્ન વદનવાળા થઈ આનંદ પામો! ૨૯

ચિદાનંદજીકૃત સ્વરોદયજ્ઞાન.

[એક મહાપુરૂષની અપ્રકટ નોંધમાંથી]

૧. છપ્પયમાં અર્હત્ સ્તુતિ છે. ૨ છપ્પયમાં સરસ્વતિની સ્તુતિ છે. પછી દોહા આવે છે. ૩ સરસ્વતિને વચનવિલાસ દેવા વિનતિ, ૪-૮ સિદ્ધસ્તુતિ ૯-૧૦ ગ્રંથનો હેતુ, ૧૧-૧૨ નાડી વર્ણન, ૧૨-૧૫ નાડીસ્થાન, ૧૬-૧૮ સ્વર ઓલખાણ, ૧૯-૨૨ ચલ સ્થિર કાર્યવિચાર ૨૩-૨૪ વાર વિચાર ૨૫-૨૯ પક્ષાદિફલ ૩૦-૩૨ રાશીના સ્વામી, ૩૩ માસના સ્વામી ૪૭-૫૫ પ્રાણાયામ. ૫૬-૫૭ પ્રાણાયામના ૭ પ્રકાર, ૫૮-૫૯ સાતેની ટુંકામાં વ્યાખ્યા, ૬૦ લીનતાના બે ભેદ ૬૧-૬૩ યોગબીજસંચાર કરવાની વિધિ ૬૪-૬૮ પંચ વાયુના બીજ અને તેના ભિન્ન ભિન્ન ગુણ ૯૯-૧૦૪ કેવા ગુણોથી ધ્યાન સહજગતિ આવે?

રાત્રિ દિન ધ્યાન વિષયમાં ઘણો પ્રેમ લગાવ્યાથી યોગ રૂપી અગ્નિ (કર્મને બાળી દેનાર-માટે ઉપમા) ઘટમાં જગાવે (એ જાણે ધ્યાનનું જીવન) હવે તે વિના તેનાં બીજાં સાધન બોધે છે. થોડો આહાર, અને આસનનું દૃઢપણું કરે (પદ્મ, સિદ્ધ, વીર કે ગમે તે-જેથી મનોગતિ વારંવાર ન ખેંચાય તેવું આસન આ સ્થળે સમજાવ્યું છે.)-એ પ્રમાણે આસનનો જય કરી નિદ્રાનો પરિત્યાગ કરે-અહીં 'પરિત્યાગ'થી દેશ-પરિત્યાગ સમજાવ્યો છે, યોગને

જે નિદ્રાથી બાધા થાય છે-તે નિદ્રા-અર્થાત્ પ્રમત્ત પણાનું કારણ-દર્શનાવરણીની વૃદ્ધિ ઇત્યાદિકથી ઉત્પન્ન થતી અથવા અકાળિક નિદ્રા તેનો ત્યાગ.

૩૪૨-૩૬૪ સ્વરજ્ઞાનનાં સાધન, ગુરૂગમથી ભેદ-પ્રાપ્તિ, અમુક ક્રિયા અમુક સ્થિતિમાં કરવાની વાત. અમુક સ્વર વગેરેનાં ફલ.

૩૭૨ નિર્વાણનાં સાધન ૩૭૨-૩૭૬ અબુધે બુધે માનેલું તેનું સ્વરૂપ, ૩૭૭-૩૭૮ યથાર્થ માર્ગની એ પર શિક્ષા. ૩૮૧-૪૦૪ આત્મોપદેશ.

(આમાંના કેટલાકપર વિવેચન કરેલું છે તે નીચે પ્રમાણેઃ—)

રૂપાતીત વીતિત મલ, પુર્ણાનંદી ઈશ,
ચિદાનંદ તાકું નમત, વિનય સહિત નિજ શીશ. ૮

—રૂપથી રહિત, કર્મરૂપી મેલ જેનો નાશ પામ્યો છે, પુર્ણ આનંદના જે સ્વામી છે; તેને ચિદાનંદજી પોતાનું મસ્તક નમાવી વિનય સહિત નમસ્કાર કરે છે.

રૂપાતીત—એ શબ્દથી પરમાત્મદશા રૂપરહિત છે એમ સૂચવ્યું. વીતિતમલ—એ શબ્દથી કર્મનો નાશ થવાથી તે દશા પ્રાપ્ત થાય છે એમ સૂચવ્યું. પુર્ણાનંદી ઇશ—એ શબ્દથી તે દશાના સૂખનું વર્ણન કહ્યું કે જ્યાં સંપૂર્ણ આનંદ છે; તેવું સ્વામીત્વ એમ સૂચવ્યું. રૂપ રહિત તો આકાશ પણ છે; એથી કર્મમલ જવાથી આત્મા જડરૂપ સિદ્ધ થાય—એ આશંકા જવા કહ્યું કે તે દશામાં આત્મા પુર્ણાનન્દનો ઇશ્વર છે; અને એવું તેનું રૂપાતિતપણું છે. ચિદાનંદ તાકું નમત—એ શબ્દ વડે પોતાની તે પર નામ લઇને અનન્ય પ્રીતિ દર્શાવી-સમુચ્ચયે નમસ્કાર કરવામાં જે ભકિત તેમાં નામ લઈ પોતાનું એકત્વ દર્શાવી વિશેષ ભકિતનું પ્રતિપાદન કર્યું. વિનયસહિત-એ શબ્દથી યથાયોગ્ય વિધિનો બોધ કર્યો. ભકિતનું મૂળ વિનય છે, એમ દર્શાવ્યું. નિજ શીશ—એ શબ્દથી દેહના સઘળા અવયવોમાં મસ્તક એ શ્રેષ્ટ છે; અને એના નમાવવાથી સર્વાંગ નમસ્કાર થયો તેમજ શ્રેષ્ટ વિધિ મસ્તક નમાવી નમસ્કાર કરવાની છે; એમ સૂચવ્યું, નિજ-શબ્દથી આત્મત્વ જૂદું દર્શાવ્યું, કે મારા ઉપાધિજન્ય દેહનું જે ઉત્તમાંગ તે. ૮.

કાલ જ્ઞાનાદિક થકી, લહિ આગમ અનુમાન,
ગુરૂ કરૂણા કરી કહત હું, શુચિ સ્વરોદય જ્ઞાન. ૯

કાળજ્ઞાન નામના ગ્રંથ વગેરેથી, જૈન સિદ્ધાંતમાં કહેલા બોધનાં અનુમાનથી; અને ગુરૂની કૃપાના પ્રતાપવડે કરીને સ્વરોદયનું પવિત્ર જ્ઞાન કહું છું.

કાળજ્ઞાન એ નામનો અન્ય દર્શનમાં આયુષ્ય જાણવાનો બોધ કરનારો ઉત્તમ ગ્રંથ છે-અને તે શિવાયના આદિ શબ્દથી બીજા ગ્રંથનો આધાર પણ લીધો છે એમ કહ્યું. આગમ અનુમાન-એ શબ્દથી એમ દર્શાવ્યું કે જૈનશાસ્ત્રમાં આ વિચારો ગૌણતાએ દર્શાવ્યા છે, તેથી મારી દૃષ્ટિએ જ્યાં જ્યાં જેમ બોધ લીધો તેમ તેમ મેં દર્શાવ્યું છે. મારી દૃષ્ટિ તે અનુમાન છે; કારણ હું આગમનો પ્રત્યક્ષ જ્ઞાની નથી. એ હેતુ. ગુરૂ કરૂણા-એ શબ્દોથી એમ કહ્યું કે કાળ જ્ઞાન અને આગમના અનુમાનથી કહેવાની મારી સમર્થતા ન થાત; કારણ તે મારી કાલ્પનિક દૃષ્ટિનું જ્ઞાન હતું-પણ તે જ્ઞાનનો અનુભવ કરી દેનારી જે ગુરૂ મહારાજની કૃપાદૃષ્ટિ.

સ્વરકા ઉદય પિછાનિયે, અતિ થિરતા ચિત ધાર,
તાથિ શુભાશુભ કીજિયે, ભાવી વસ્તુ વિચાર ૧૦

—ચિત્તની અતિશય સ્થિરતા ધારણ કરીને ભાવી વસ્તુનો વિચાર કરી 'શુભાશુભ' એ (કરવું)

અતિ થિરતા ચિતધાર—એ વાકયથી ચિત્તનું સ્વસ્થપણું કરવું જોઈએ ત્યારે સ્વરનો ઉદય થાય—યથાયોગ્ય એમ સૂચવ્યું. શુભાશુભ ભાવી વસ્તુ વિચાર—એ શબ્દથી એમ સૂચવ્યું કે તે જ્ઞાન પ્રતિભૂત છે—અનુભવ કરી જુઓ. ૧૦

હવે વિષયનો પ્રારંભ કરે છે,

નાડી તો તનમાં ઘણી, પણ ચોવિસ પ્રધાન,
તામે નવ પુનિ તાહુમે, તીન અધિક કર જ્ઞાન. ૧૧

—શરીરમાં નાડી તો ઘણી છે, પણ ચોવીસ તે નાડીઓમાં મુખ્ય છે; તેમાં વળી નવ મુખ્ય અને તેમાં પણ વિશેષ તો ત્રણ જાણ. ૧૧

હવે તે ત્રણ નાડીનાં નામ કહે છે.

ઇંગલા પિંગલા સુષમનાં, એ તીનો કે નામ,
ભિન્ન ભિન્ન અબ કહત હું, તાકે ગુણ અરૂ ધામ. ૧૨

—ઇંગલા, પીંગલા, સુષુમણા એ ત્રણ નાડીનાં નામ છે, હવે તેના જૂદા જૂદા ગુણ અને રહેવા સ્થળ કહું છઉં.૧૨

અલ્પાહાર નિદ્રા વશ કરે, હેત સ્નેહ જગથી પરિહરે;
લોકલાજ નવિ ધરે લગાર, એક ચિત્ત પ્રભુથી પ્રિત ધાર. ૮૨

—અલ્પ આહાર કરનાર, નિદ્રાને વશ કરનાર એટલે નિયમિત નિદ્રાનો લેનાર, જગતનાં હેત પ્રીતથી દૂર રહેનાર; (કાર્યસિદ્ધિથી પ્રતિકૂળ એવા) લોકની લજ્જા જેને નથી; ચિત્તને એકાગ્ર કરીને પરમાત્મામાં પ્રીતિ ધરનાર. ૮૨

આશા એક મોક્ષની હોય, બીજી દુવિધા નવિ ચિત્ત કોય,
ધ્યાન જોગ જાણો તે જીવ, જે ભવદુઃખથી ડરત સદીવ૮૩

—મોક્ષ સિવાયની સર્વ પ્રકારની આશા જેણે ત્યાગી છે, અને સંસારના ભયંકર દુઃખથી નિરંતર જે કંપે છે, તેવા આત્માને ધ્યાન કરવાને યોગ્ય જાણવો. ૮૩

પરનિંદા મુખથી નવિ કરે, નિજ નિંદા સુણી સમતા ધરે,
.....

—પોતાનાં મુખથી જેણે પરની નિંદાનો ત્યાગ કર્યો છે, પોતાની નિંદા સાંભળીને જે સમતા ધરી રહે છે; સ્ત્રિ, આહાર, રાજ, દેશ ઇત્યાદિક સર્વ કથાનો જેણે છેદ કર્યો છે; અને કર્મને પ્રવેશ કરવાના દ્વાર જે અશુભ મન, વચન, કાયા તે જેણે રોકી રાખ્યાં છે. ૮૪

હરખ શોક હિરદે નવ આણે, શત્રુ મિત્ર બરાબર જાણે;
પરઆશા તજ રહે નિરાશ, તેથી હોવે ધ્યાન અભ્યાસ૮૫

* * * *

ધ્યાનાભ્યાસી જે નર હોય, તાકું દુઃખ ઉપજે નવિ કોય;
ઇંદ્રાદિક પૂજે તસ પાય, રિદ્ધિ સિદ્ધિ પ્રગટે ઘટઆય૮૬

* * * *

મેરા મેરા મત કરે, તેરા નહિં હૈ કોય;
ચિદાનંદ પરિવારકા, મેલા હૈ દિન દોય. ૩૮૧

ચિદાનંદજી પોતાના આત્માને ઉપદેશે છે કે રે જીવ! મારૂં મારૂં નહીં કર; તારૂં કાંઇ નથી. હે ચિદાનંદ! પરિવારનો મેળ બે દિવસનો છે. ૩૮૧

ઐસા ભાવ નિહાર નીત, કીજે જ્ઞાન બિચાર;
મિટે ન જ્ઞાન બિચાર બિન, અંતરભાવ વિકાર. ૩૮૨

—એવો ક્ષણિક નિરંતર જોઇને હે! આત્મા! જ્ઞાનનો વિચાર કર. જ્ઞાન વિચાર કર્યા વિના (માત્ર એકલી બાહ્ય ક્રિયાથી) અંતરમાં ભાવકર્મના રહેલા વિકાર મટતા નથી. ૩૮૨

જ્ઞાન રવી વૈરાગ્ય જસ, હિરદે ચંદ સમાન,
તાસ નિકટ કહો કયોં રહે, મિથ્યાતમ દુઃખ જન.૩૮૩

—જીવ! સમજ કે જેના હૃદયમાં જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ થયો છે, અને જેના હૃદયમાં વૈરાગ્ય રૂપી ચંદ્રનો ઉદય થયો છે તેના સમીપ કેમ રહે—શું? મિથ્યાભ્રમરૂપી અંધકારનું દુઃખ. ૩૮૩

જૈસે કંચુક ત્યાગ સૈ, વિનસત નાહિ ભુજંગ,
દેહ ત્યાગસેં જીવ પુનિ, તૈસે રહત અભંગ. ૩૮૬

—જેમ કાંચળીનો ત્યાગ કરવાથી સર્પ નાશ પામતો નથી; તેમ દેહનો ત્યાગ થવાથી જીવ પણ અભંગ રહે છે. (એટલે કે નાશ પામતો નથી.)

અહીં દેહથી જીવ ભિન્ન છે; એમ સિદ્ધતા કરે છે. કેટલાક આત્માઓ દેહ અને જીવની ભિન્નતા નથી, દેહનો નાશ થવાથી જીવનો નાશ થાય છે, એમ કહે છે તે માત્ર વિકલ્પરૂપ છે; પણ પ્રમાણભૂત નથી. કેમ? કે તેઓ કાંચળીના નાશથી સર્પનો નાશ થયો સમજે છે. અને પ્રત્યક્ષ છે કે સર્પનો નાશ કાંચળીના ત્યાગથી નથી. તેમજ જીવને માટે છે; દેહ છે તે જીવની કાંચળી છે—કાંચળી જ્યાં સુધી સર્પના સંબંધમાં છે, ત્યાં સુધી જેમ સર્પ ચાલે છે, તેમ તેની સાથે ચાલે છે; તેની પેઠે વળે છે; અને તેની સર્વ ક્રિયા સર્પની ક્રિયાને આધિન છે. સર્પે તેનો ત્યાગ કર્યા પછી એમાંની એકકે ક્રિયા કાંચળી કરી શકતી નથી. જે ક્રિયામાં પ્રથમ તે વર્ત્તતી હતી, તે ક્રિયા માત્ર સર્પની હતી; એમાં કાંચળી માત્ર સંબંધરૂપ હતી એમજ દેહ પણ જેમ જીવ કર્માનુસાર ક્રિયા કરે છે, તેમ વર્તે છે; ચાલે છે; બેસે છે; ઉઠે છે; એ બધું જીવરૂપ પ્રેરકથી છે; તેનો વિયોગ થયા પછી કંઇ નથી.

તત્ત્વાર્થસૂત્રનું કર્તૃત્વ

સુન્દર અને સરલ ગીર્વાણ ગિરામાં લગભગ ૨૦૦ શ્લોક જેટલા પ્રમાણવાળાં આશરે ૧૩૫૦ સૂત્રો ગૂંથીને જે ગ્રન્થ દ્વારા જૈન તત્ત્વજ્ઞાનનો યથેષ્ટ પ્રકાશ પાડવામાં આવ્યો હોય તે ગ્રન્થ સમસ્ત જૈન સમાજમાં આદરણીય બને એમાં નવાઈ જેવું નથી. તેમાં પણ વળી જ્યારે આ ગ્રન્થ પ્રાચીન સમયની કૃતિ તરીકે સુપ્રસિદ્ધ હોય અને તેના ઉપર શ્વેતામ્બર અને દિગમ્બર એ બંને જૈન સમ્પ્રદાયોના પ્રખર પણ્ડિતોએ ટીકાઓ રચી હોય ત્યારે આ ગ્રન્થ પોતાનાજ સમ્પ્રદાયના આચાર્યની કૃતિ છે એમ ઓળખાવવા બંને સમ્પ્રદાયો એક બીજા સાથે સ્પર્ધા કરે તે બનવા જોગ છે. પરંતુ એ ધ્યાનમાં રાખવા જેવી વાત છે કે કેવલ સ્પર્ધા કરવાથી કંઇ કાર્ય-સિદ્ધિ થતી નથી. જે સમ્પ્રદાય આ ગ્રન્થને પોતાની કૃતિ તરીકે સિદ્ધ કરવા ઇચ્છતો હોય, તેણે તેવાં પ્રમાણો સાક્ષર- સમૂહ સમક્ષ રજુ કરવાં જોઈએ. તેમ થતાં જેનાં પ્રમાણો અને યુક્તિઓ ન્યાય દૃષ્ટિએ વિચારતાં અકાટય સિદ્ધ થાય તેનો આ ગ્રન્થ હરે.

અત્ર એ ઉમેરવું આવશ્યક સમજાય છે કે આ **તત્ત્વાર્થાધિગમસૂત્ર** નામક ગ્રન્થ શ્વેતામ્બર અને દિગમ્બર એમ બે સમ્પ્રદાયોમાં જૈન સમાજ વિભક્ત બન્યો તે પૂર્વે રચાયો છે.[૨] એટલે આના કર્તા વાચકવર્ય શ્રી **ઉમાસ્વાતિ** ખાસ શ્વેતામ્બર કે ખાસ દિગમ્બર હોવા જોઇએ એમ કહી શકાય નહિ. કેટલાક વિદ્વાનોનો જે આવા પ્રકારનો અભિપ્રાય છે તેના સત્યાસત્ય ઉપર વિશેષ ઉહાપોહ ન કરવામાં આવે તો પણ આ ગ્રન્થનું વલણ કયા સમ્પ્રદાયને વિશેષ અનુકૂળ છે એ તો જરૂરજ નક્કી કરી શકાય.

ત્રણ ચાર મહિના ઉપર શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી જે **તત્ત્વાર્થાધિગમ સૂત્રનો** પ્રથમ વિભાગ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તેની પ્રસ્તાવનામાં મેં આ ગ્રન્થનું વલણ શ્વેતામ્બર માન્યતાને વિશેષ અનુકૂળ છે એ વિષયનું દિગ્દર્શન કરાવ્યું છે. આ પૂર્વે આ વિષય પ્રમાણપુરસ્સર કોઇ અન્ય ગ્રન્થમાં પ્રતિપાદન કરવામાં આવ્યો હોય એમ મારા જાણવામાં કે સાંભળવામાં નથી. મારી મન્દ મતિ અનુસાર જે યુક્તિઓ મેં ત્યાં દર્શાવી છે તેની સ્થૂલ રૂપરેખા નીચે મુજબ છે:—

ચતુર્થ અધ્યાયના તૃતીય સૂત્રમાં સૂત્રકાર કલ્પોપપન્ન દેવોના બાર વિભાગો સૂચવવાની પ્રતિજ્ઞા કરે છે પરંતુ આ પ્રતિજ્ઞાનું પાલન દિગમ્બરીય ગ્રન્થમાં થતું જોવામાં આવતું નથી કેમકે ત્યાં તો તેના ૧૯ મા સૂત્રમાં ૧૬ ભેદો બતાવ્યા છે, જ્યારે શ્વેતામ્બરીય ગ્રન્થમાં તો તેના બાર ભેદ બતાવ્યા છે એટલે પ્રતિજ્ઞા-ભંગરૂપ દૂષણથી કોણ મુક્ત છે. એ સહેલાઇથી જોઇ શકાય છે.

બીજો મત-ભેદનો વિષય એ છે કે કાલને મુખ્ય દ્રવ્ય તરીકે દિગમ્બરો સ્વીકારે છે, જ્યારે શ્વેતામ્બરો તેને ઔપચારિક માને છે. જો સૂત્રકાર પણ કાલને મુખ્ય દ્રવ્યરૂપે માનતા હોત તો તેના અવગાહના-ક્ષેત્રનો ઉલ્લેખ કરત તેમજ કાલને લગતું સૂત્ર પંચમ અધ્યાયના અન્તિમ ભાગમાં આપ્યું છે તેને બદલે આ અધ્યાયનાં પ્રારમ્ભમાં આપત.

આ ઉપરાંત જિનેશ્વરના ૨૨ પરીષહો પૈકી ક્ષુધા-તૃષા સહન કરવાના પ્રસંગના સંબંધમાં જે યુક્તિઓનો દિગમ્બરોને આશ્રય લેવો પડે છે તેનો ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રી **યશોવિજયે** પોતે રચેલા **અધ્યાત્મમત પરીક્ષામાં** સમૂળ નિરાસ કર્યો છે. આ નિરસનમાં કંઇ દૂષણ ન હોય તો તો સૂત્રકારનું શ્વેતામ્બર-મત અનુસાર કથન છે એમ સૂચન થાય છે.

---

૧ શ્વેતામ્બર મત પ્રમાણે સૂત્રની સંખ્યા ૩૪૪ ની છે, જ્યારે દિગમ્બર મત પ્રમાણે તે ૩૫૭ છે. વળી કેટલાંક સૂત્રોના પાઠોમાં પણ ન્યૂનાધિકતા છે. હી. ૨.

૨ સમ્પ્રદાય-ભેદ ક્યારે પડયો તે વિષય વિવાદગ્રસ્ત છે, એટલુંજ નહિ પરંતુ આ ગ્રન્થ ક્યારે રચાયો તેનો પણ હજી નિર્ણય થયો નથી. હી. ૨.

વળી વૈમાનિક દેવોના સંબંધમાં લેશ્યાનો વિચાર કરતી વેળાએ પણ દિગમ્બરોની ઘટના દુર્ઘટ હોય એમ લાગે છે. આ ઉપરાંત નિર્ગ્રન્થ અને પરિગ્રહને લગતાં સૂત્રો તેમજ દ્રવ્ય-લિંગ અને ભાવ-લિંગની વ્યાખ્યા ઇત્યાદિ હકીકત પણ સૂત્રકારનું મંતવ્ય શ્વેતામ્બરોને વિશેષ અનુકૂળ હોય એમ સૂચવે છે.

અંતમાં આ વિષયનો ઉપસંહાર કરતાં મેં ત્યાં સૂચવ્યું છે એમ અત્ર ફરીથી હું દિગમ્બર વિદ્વાનોને વિજ્ઞપ્તિ કરૂં છું કે ઉપર્યુક્ત યુક્તિઓમાં જો કંઈ સ્ખલના થતી હોય તો તે સૂચવશો તેમજ સૂત્રગવેષણપૂર્વકની દિગમ્બરાનુકૂલત્વ સિદ્ધ કરનારી કોઈ યુક્તિઓ આપના ધ્યાનમાં હોય તો તેનો પણ નિર્દેશ કરશો કે જેથી કરીને સત્યાસત્યનો નિર્ણય કરવામાં કોઇ જાતનો બાધ આવે નહિ.

આ ઉપરાંત હું તેમની પાસેથી એ પણ જાણવાની આશા રાખું છું કે આ ગ્રન્થનું ભાષ્ય સ્વોપજ્ઞ હોવાનું અર્થાત્ સૂત્રકાર અને ભાષ્યકાર એકજ છે, એવી શ્વેતામ્બરોની માન્યતામાં શું કંઈ દૂષણ છે કે જેથી દિગમ્બરો તે વાત સ્વીકારતા નથી ?

આ ભાષ્યના સંબંધમાં એક સાક્ષર તો ત્યાં સુધી અભિપ્રાય આપે છે કે ભાષ્યની ભાષા સૂત્રાનુસારી તથા દિગમ્બર ટીકાઓ કરતાં પ્રાચીન છે. લેખનશૈલી પણ વૈદિક અને બૌદ્ધ દર્શનનાં પ્રાચીન ભાષ્યોના જેવી પુરાતન છે. એટલે તત્ત્વાર્થ ભાષ્ય દિગમ્બર ટીકા-ગ્રન્થો કરતાં પ્રાચીન છેજ. તેનું દ્રવ્યાનુયોગ વિષે એવું સ્થાન છે કે તેને બાદ કરીએ તો સંસ્કૃત જૈન સાહિત્યમાં પ્રાચીન સંક્ષિપ્ત, સર્વાંગપૂર્ણ અને સામ્પ્રદાયિક બીજો ગ્રન્થ છેજ નહિ.

શું ભાષ્યને સ્વોપજ્ઞ માનવાથી તેના અન્તમાં આપેલી પ્રશસ્તિ અને તેથી કરીને થતો ગ્રન્થકારનો સમય-નિર્ણય દિગમ્બરોને માનવો પડે તેટલા માટે તેઓ આનો ઇન્કાર કરે છે એમ પણ કેટલાક શ્વેતામ્બરો પુછે છે. વિશેષમાં **તત્વાર્થસૂત્રના** કર્તા વાચકવર્ય શ્રી **ઉમાસ્વાતિએ** ૫૦૦ પ્રકરણો રચ્યાં છે તેમાં **પ્રશમરતિનો** પણ સમાવેશ થાય છે. આના સંબંધમાં એમ સાંભળવામાં આવ્યું છે કે આ ગ્રન્થમાં પ્રરૂપેલી કેટલીક હકીકતો તત્ત્વાર્થ-ભાષ્યની સાથે સંગત થતી નથી એમ દિગમ્બર વિદ્વાનોનું કહેવું છે તો શું આ સત્ય છે ? અને એમ હોય તો તે યુક્તિપૂર્વક નિવેદન કરવા કોઇ વિદ્વાન્ કૃપા કરશે ?

હવે એક બાબત તરફ હું ખાસ વિદ્વાનોનું ધ્યાન ખેંચવાની રજા લઉં છું. તે એ છે કે જૈન સાહિત્ય સંશોધક સમિતિ (અમદાવાદ) તરફથી પ્રસિદ્ધ થયેલા **જીતકલ્પસૂત્રની** સમ્પાદકીય પ્રસ્તાવનાના ૧૬ મા પૃષ્ઠમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

“ શ્વેતાંબર સંપ્રદાયોના સર્વ આગમોમાં અને અન્ય ગ્રન્થોમાં આ જીતકલ્પ સૂત્ર પ્રમાણેજ ૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત વર્ણવેલાં મળે છે. પણ તત્વાર્થસૂત્રના નવમા અધ્યાયમાં ૨૧–૨૨ સૂત્રમાં પ્રાયશ્ચિત્તના પ્રકાર ૯ ગણાવ્યા છે અને તેમાં, આ સૂત્રમાં વર્ણવેલાં મૂલ, અનવસ્થાપ્ય અને પારંચિક આ છેલ્લાં ત્રણનાં સ્થાને પરિહાર અને ઉપસ્થાપના નામનાં બે પ્રાયશ્ચિત્ત કહ્યાં છે. દિગંબર સંપ્રદાયના પ્રાયઃ સર્વત્ર તત્ત્વાર્થસૂત્ર પ્રમાણે ૯૪ પ્રાયશ્ચિત્ત મળી આવે છે. શ્વેતાંમ્બર સાહિત્યમાં એક તત્ત્વાર્થસૂત્ર સિવાય બીજે ક્યાંએ આ પ્રકાર દૃષ્ટિગોચર નથી થતો. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ જીતકલ્પસૂત્રની અંતે એમ પણ કહે છે કે તપ–અનવસ્થાપ્ય અને તપપારાંચિક આ બન્ને પ્રાયશ્ચિત્ત ભદ્રબાહુ સ્વામી પછી વ્યુચ્છેદ પામ્યાં છે. દિગમ્બર સાહિત્યમાં આ વિચાર ક્યાંએ નથી તેમજ તત્ત્વાર્થભાષ્યમાં પણ આ સંબંધે કાંઇ સૂચન નથી વિદ્વાન્ અભ્યાસિઓ તત્ત્વાર્થસૂત્રના કર્તૃત્વના પ્રશ્નનો ઊહાપોહ કરે ત્યારે આ વિષય પણ તેમાં વિચારવા જેવો છે, એ સૂચન કરવા સારૂં અહિં આ ઉનોંધ કરવી ઉચિત લાગી છે.”

આ સંબંધમાં હું એટલુંજ નિવેદન કરીશ કે શ્રી **સિદ્ધસેન**ગણિ પોતાની ટીકામાં **“अनवस्थाप्य पारंचिक प्रतिपादनार्थमाह–उपस्थापनं पुनर्दीक्षणमित्यादि”** ઇત્યાદિ ઉલ્લેખ કરે છે. તેના જિજ્ઞાસુએ આ ટીકા જોવી એટલી મારી ભલામણ છે.

અન્તમાં હું એ નિવેદન કરવાની રજા લઉં છું કે તત્ત્વાર્થસૂત્ર, ભાષ્ય તેમજ પ્રશમરતિના સંબંધમાં જે વિશિષ્ટ હકીકતો તેના કર્તૃત્વનો નિર્ણય કરવામાં સહાયભૂત થાય તેમ હોય તે હકીકતો (ભલે પછી તે

૩ આ નોંધ તરફ શ્રીયુત **નાથુરામજી પ્રેમી**એ મારૂં લક્ષ્ય ખેંચ્યું હતું તેથી અત્ર તેનો ઉપકાર માનું છું

સૂત્રકારનું વલણ શ્વેતામ્બરોને અનુકૂળ કે પ્રતિકૂળ સિદ્ધ કરતી હોય) મને જો વિદ્વાનો લખી મોકલવા કૃપા કરશે, તો તેનો સાર હું તત્ત્વાર્થાધિગમસૂત્રના દ્વિતીય વિભાગની પ્રસ્તાવનામાં લેખકના નામસહિત આપીશ અને તેના સંબંધમાં યથામતિ મારા વિચારો પણ રજુ કરીશ. અથવા તો આ જૈનયુગના તંત્રી મહાશય પોતાના માસિકમાં આ હકીકતો પ્રસિદ્ધ કરવા હા પાડે તો તેમના ઉપર લખી મોકલવી.

આ સંબંધમાં એ સૂચન કરવું અસ્થાને નહિ ગણાય કે આ લેખ લખવાનો આશય સત્યાન્વેષણ સિવાય અન્ય કોઈ નથી તેથી બંને સંપ્રદાયોમાં વૈમનસ્ય ઉત્પન્ન કરે તેવા લેખો મારા ઉપર લખી મોકલવા કોઇ પ્રેરાશો નહિ. પરંતુ વસ્તુ-સ્થિતિને ઉદ્દેશીને લખાયેલી તમામ હકીકત ઉપર હું પૂર્ણ ધ્યાન આપીશ એમાં જરા પણ સંદેહ રાખશો નહિ.

પાઠક-મહોદય ! આપ પાસેથી મેં આ લેખ દ્વારા જે સામગ્રીની આશા રાખી છે તે હવે આપ ક્યારે મારા ઉપર મોકલાવી મને ઉપકૃત કરશો તેની રાહ જોતો હું વિરમું છું.

૩મ. નં. ૪૩, નવી ચાલ
ભગતવાડી, ભૂલેશ્વર
મુંબાઇ. તા. ૧૪-૨-૨૭

હીરાલાલ રસિકદાસ કાપડિયા. એમ. એ.

[શ્રી તત્ત્વાર્થસૂત્રના સંબંધમાં કેટલુંક વક્તવ્ય તે સંબંધીના બે પુસ્તકોની સમાલોચના કરતાં ગત કાર્તિક અને માગશરના સંયુક્ત અંક નામે જૈન ઇતિહાસ સાહિત્ય ખાસ અંકમાં અમોએ કર્યું છે. તે બે પુસ્તકોમાંનું એક તે આ લેખના લખનાર રા. કાપડિયાએ સંશોધન કર્યું છે. આ લેખકે અનેક પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે, તેમાં કર્ત્તાનો, ટીકાકારોનો સમય ઉપરાંત મૂલકર્ત્તાના ચરિત્ર પરત્વે તેમજ તે શ્વેતામ્બર ને દિગંબર બેમાંથી કોના મંતવ્યને અનુસરેલ છે તે સંબંધના પ્રશ્નો છે. જો દિગંબર અને શ્વેતાંબર એ બે સંપ્રદાયોનો ભેદ પડ્યા પહેલાં આ ગ્રંથની રચના હોય તોયે એ પણ જાણવાનું રહે છે કે તેમાંનાં કયાં સૂત્રો, આ બંને સંપ્રદાયોમાં એક બીજાથી જે ભિન્ન માન્યતા છે તેમાં કઇ માન્યતા સાથે સંબદ્ધ થાય છે તે વિચારવાનું રહે છે, અને તેમ કરતાં-મીમાંસા કરતાં કદાચ એ પણ મળી આવે કે અમુક સૂત્ર અમુકની માન્યતા સાથે અને અમુક સૂત્ર બીજાની માન્યતા સાથે સંબંધ ધરાવતું જણાય. આ પ્રશ્ન લેખકે ચર્ચ્યો છે તો તેના જવાબ રૂપે યા તેની વિશેષ મીમાંસારૂપે અમારા તરફ જે કંઈ લેખ આવશે તે ખુશીથી પ્રકટ કરીશું, આવી ચર્ચામાં ભાગ લઇ શકે એવા શ્વેતામ્બરોમાં વિદ્વાનો શ્રી આનંદસાગર સૂરિજી, શ્રી જિનવિજયજી, શ્રી કલ્યાણવિજયજી, શ્રી બાલચંદ્ર યતિજી, પંડિત સુખલાલ, પંડિત બહેચરદાસ, રા. મોહનલાલ ઝવેરી આદિ છે અને દિગંબરોમાં વિદ્વાનો શ્રીયુત જુગલકિશોરજી મુખત્યાર, શ્રીયુત નથુરામ પ્રેમી, અને બીજા પંડિતો છે, તેમને દરેકને અમારી વિનતિ છે કે આ લેખમાં ઉપસ્થિત ચર્ચા પર પ્રકાશ પાડનારા લેખ સપ્રમાણ મોકલાવી આપશે તો અમને આનંદ થશે અને શ્રીમદ્ મહાવીર ભગવાન્ પછીના લગભગ એક હજાર-પંદરસો વર્ષના ઇતિહાસમાં ખૂટતા મકોડા, આવી ચર્ચાઓથી મળી આવશે. મૂળ કર્ત્તા શ્રી ઉમાસ્વાતિજીના સંબંધમાં તેમજ ટીકાકારોના સંબંધમાં અને મૂળ ગ્રંથ, તે પર ટીકાઓ-અને તે સર્વ સાથે જૈનેતર ગ્રંથો નામે ઉપનિષદો, પાતંજલિ યોગ સૂત્ર, ગૃહ્યાદિ ધર્મસૂત્રો સાથે સંબંધ છે કે નહિ તે પરત્વે પણ ગવેષણાપૂર્વક લેખો આવશે તો તેને પણ અમે જરૂર સ્થાન આપીશું. **તંત્રી.**]

શ્રી આનંદઘનજીકૃત પાર્શ્વ અને વીરસ્તવનો.

[આ જૈનયુગના શ્રી મહાવીર નિર્વાણ અંક એટલે ગત ભાદ્રપદ અને આશ્વિનના ભેગા અંકમાં પૃ. ૬૬ ઉપર પ્રકટ થયા છે તેમનો અર્થ ગદ્યમાં મુનિ મહારાજશ્રી કપૂર વિજયજીએ કરી શેઠ કુંવરજી આણંદજી દ્વારા મોકલ્યો છે તે અત્ર પ્રકટ કરવામાં આવે છે. આના પર સવિસ્તર વિવેચન સુંદર રીતે કરી કોઈ મોકલશે તો વિશેષ આવકારદાયક થશે. **તંત્રી.**]

૨૩ પાર્શ્વસ્તવ.

ભાવાર્થ—વાણીથી વર્ણવી ન શકાય એવા અનુપમ ગુણ વાસનાથી ભરપૂર **પાર્શ્વ** પ્રભુના ચરણ કમળને પ્રેમથી પ્રણમું છું. આપણું મન મધુકર (ભ્રમર)ની જેમ, પ્રભુના ગુણ મકરંદ (રસ)માં મગ્ન બની, અનાદિ દોષ મલીનતાને તજીને સ્ફટિક જેવું નિર્મળ બને છે. ૧

પ્રભુના પદ-પંકજની નિષ્કામ સેવાથી કશો મળ-દોષ લાગવાની દહેશત રહેતી નથી. તો ભય, દ્વેષ ને ખેદ (પરિણામની ચંચળતા, અરોચકતા, ને પ્રસ્તુત સત્ પ્રવૃત્તિમાં આલસ્ય કે કંટાળવા રૂપ) એ મનના દોષત્રય દૂર થાય છે. તથા મન વચન કાયાના શુદ્ધ સ્વાભાવિક યોગથી આત્માના ખરા સુખમાં વધારો થવા પામે છે. ૨

મનમાં રહી સહી સંકુચિતતા (ક્ષુદ્રતા) દૂર થાય છે. તથા શુદ્ધ ઉદાર મૈત્રી, મુદિતા, મધ્યસ્થતા ને કરૂણાભાવ ચિત્તમાં સદા બન્યો રહે છે. ૩

નિજ આત્મભાવમાં સ્થિરતા-રમણતા સહેજે થવા પામે છે, જેથી જડ વસ્તુ ઉપરની પ્રીતિ સહેજે તૂટે છે-વિરમે છે. ઔદયિક ભાવે પ્રાપ્ત સારા નરસા સંયોગમાં, સમભાવે રહેવાય છે તેથી હર્ષ શોકાદિક પરભાવના પ્રપંચથી કાયમ બચી શકાય છે. મોહની વિવિધ લાલચોમાં ફસી જવાતું નથી. ૪

એથી આત્માની સ્વાભાવિક દશા ચોકસ જાગે છે-પ્રગટ થાય છે અને ઉત્તમ અનુપમ શાન્તરસમાં મન ઝીલ્યા કરે છે. પર પૌદ્ગલિક ભાવમાં લગારે રાચતું નથી. કેવળ આત્મભાવમાં કાયમ રક્ત (મગ્ન) રહે છે. ૫

આત્મામાં આત્માની સકળ ગુણ-સંપદાનો એથી અનુભવ કરી શકાય છે. અને પરભાવમાં લગારે રાગ-રસથી પ્રવર્તવાનું બનતુંજ નથી. જેમ હંસ ક્ષીર નીરને સહેજે જૂદાં કરી ક્ષીરને ગ્રહણ કરે છે. તેમ સત્ય સ્વાનુભવ જાગૃત થયાથી, વિભાવને તજી પોતે સ્વભાવનેજ ગ્રહે છે. ૬

ખરા અનુભવના અભ્યાસથી વાધેલા શુદ્ધ અનુભવના યોગે આત્મા સર્વ સંકલ્પ વિકલ્પથી વિરામ પામી શુદ્ધ પરમાત્મ દશાનો આનંદ મેળવે છે. એવો શુદ્ધ સ્વાનુભવ જાગ્યા-જગાવ્યા વગર શુદ્ધ પરમાત્મ દશાનો ઉત્કૃષ્ટો આનંદ યથાર્થ ભાવે કદાપિ મેળવી શકાતો નથી એમ **આનંદઘનજી** વખાણે છે.

ઇતિશમ્

૨૪ વીરસ્તવ.

જગતના ત્રાણ શરણ આધાર રૂપ, સકળ સામાન્ય કેવળીઓના ઇશ્વર, પ્રાતિહાર્યાદિક પરમ વિભૂતિઓના સ્વામી શ્રી મહાવીર પ્રભુ જયવંત વર્તો. તે પ્રભુનું સ્વરૂપ અનુભવ મિત્રે યથાર્થ જાણી એકાન્ત હિતબુદ્ધિથી (પરમાર્થ દાવે) પ્રકાશ્યું છે. ૧

જે મન, વચન (વિચાર વાણી)ને અગોચર છે તે અતીંદ્રિય પ્રભુનું સ્વરૂપ અનુભવ મિત્રે આત્મીય બળથી જાણી પ્રકાશ્યું છે. ૨

નય નિક્ષેપા વડે ને પરોક્ષાદિક પ્રમાણ વડે જેનું શુદ્ધ સ્વરૂપ લખી શકાતું નથી, તે પરમાત્મતા કેવળ અનુભવ સૂર્યના ઝગહળાટ ભર્યા અપાર ને અબાધિત પ્રકાશ વડે સંપૂર્ણ લખી શકાય છે. ૩

એવા અલખ, અગોચર ને અનુપમ પરમાત્માનું સ્વરૂપ, આત્માની સ્વાભાવિક વિશુદ્ધિ થતાં અનુભવમાં આવી શકે છે. તે વગર કોઇ તેનો ભેદ-પરમાર્થ સમજાવી શકતો નથી તેમજ સઘળાં શાસ્ત્રો પણ સંતોષ આપી શકતાં નથી. ૪

સઘળાં શાસ્ત્રો માત્ર દિશા-માર્ગ દેખાડી વિરમે છે. આત્માની અગમ વાતને પ્રકાશતાં નથી. સકળ દોષવર્જિત હોવાથી સુપ્રસિદ્ધ એવો અનુભવ-મિત્ર

જ કાર્યસાધક બને છે, અલખ, અગોચર ને અનુપમ એવા આત્માને સંપૂર્ણ ઓળખાવે છે. ૫

અહો! એ અનુભવ મિત્રની કેવી ચતુરાઇ? (ચકોરતા–કુશળતા), તેનો કેવો એકનિષ્ઠ (અટળ) પ્રેમ? કે પોતે અંતર્યામી આત્મા સમીપેજ ખરા મિત્રરૂપે રહીને (રમણ કરતો) નિજ કાર્ય સાધક બને છે. ૬

આનંદઘનજી મહારાજ કહે છે કે એવા અનુભવ–મિત્રના સંગથી સહજાનંદ પ્રગટતાંજ પરમાત્મા પ્રભુનો ભેટો થયો ને સઘળાં કાજ સફળ થયાં એટલે આત્માની નિજ સંપદાનો સાક્ષાત્ અનુભવ થયો. અથવા પૂર્વોક્ત રીત્યે અનુભવ યોગે ઉલ્લસિત ભાવે પ્રભુ સ્વરૂપને પામી કૃત કૃત્ય થઇ, જે આત્મસંપદાને સાક્ષાત્ વરે છે તે આનંદઘન બને છે. ઇતિશમ્

[શંકા—સંઘવી ચુનીલાલજી ગોપીલાલ મેવાડી બજાર કપડાની દુકાન–બીઆવરથી એક પત્ર લખી શંકા કરે છે કે " આ શ્રીવીર સ્તવનમાં ત્રીજી ટૂંકમાં જણાવ્યું છે કે:—

'નય નિક્ષેપેરે જેહ ન જાણીયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ,
શુદ્ધ સ્વરૂપેરે તેહ બ્રહ્મ દાખવે, કેવલ અનુભવ ભાન.'

આમાં 'નય નિક્ષેપે જેહ ન જાણીયે નવી જિહાં પ્રસરે પ્રમાણ' એમ જે કહ્યું છે તેનું વિસ્તારથી વિવેચન થવું જોઇએ છે, કારણ કે શ્રી તત્ત્વાર્થસૂત્ર પ્રથમ અધ્યાયના સૂત્ર છઠામાં કહ્યું છે કે પદાર્થ જાણવાના કારણોમાં **'प्रमाणनयैरधिगमः'** એ સૂત્ર તો પદાર્થ જાણવાને વાસ્તે પ્રમાણ નયની પુષ્ટી કરે છે. અને શ્રી વીરસ્તવનમાં તથા સમયસારાદિમાં પણ આવો ભાવ છે તો અમે અલ્પજ્ઞનું સમાધાન થવા યોગ્ય છે કે તત્ત્વાર્થમાં નય પ્રમાણાદિની આવશ્યકતા પ્રતિપાદકતા કરી છે ને આ મહાવીર સ્તવનમાં પ્રમાણ નયથી પદાર્થ જાણવામાં અનાવશ્યકતા બતાવવામાં આવી છે–એ બંને વિરોધાભાસ લાગે છે' "

આનું સમાધાન મુનિશ્રી કર્પૂરવિજયાદિ મુનિઓ યા શ્રાવકોમાંથી કોઇ વિસ્તારથી કરશે તો અમે જરૂર પ્રકટ કરીશું. ટુંકમાં અમે જે સમાધાન કરી શકીએ તે એ છે કે અહીં પરમાત્માની વાત છે. બ્રહ્મ–પરમાત્માનું સ્વરૂપ અલખ, અગોચર છે, ત્યાં નય નિક્ષેપ કે પ્રમાણ દ્વારા બુદ્ધિ પહોંચી શકતી નથી. અનુભવજ તેનું સ્વરૂપ લઇ શકે અને તે એવી રીતે કે તેનું વર્ણન પણ પૂર્ણ ન થઇ શકે. વાણી તે સમજાવવા અપૂર્ણ સાધનજ નિવડે છે.

"આત્માનું સ્વરૂપ સામાન્ય રીતે કહેવામાં આવે છે તે લક્ષમાં લેવા યોગ્ય છે. જીવવિચારાદિમાં તે જણાવવામાં આવ્યું છે. કેટલાક વિદ્વાનો આત્માનું સ્વરૂપ અનિર્વચનીય અર્થાત્ વચનોથી કહી ન શકાય તેવું જણાવે છે તે પણ સત્ય છે કારણકે શબ્દોદ્વારા પરિમિત ભાવજ પ્રકટ કરી શકાય છે. જો જીવનું વાસ્તવિક સ્વરૂપ પૂર્ણતાથી જાણવું હોય તો તે અપરિમિત હોવાને કારણે શબ્દોદ્વારા કોઇ રીતે તે બતાવી શકાતું નથી. આ માટે આ અપેક્ષાથી જીવનું સ્વરૂપ અનિર્વચનીય છે. કહ્યું છે કે:—

यतो वाचो निवर्तन्ते, न यत्र मनसो गतिः।
शुद्धानुभवसंवेद्यं तद्रूपं परमात्मनः॥

—श्रीयशोविजयकृत परमज्योतिः पंचविशातिका २-४

—જ્યાં વાણી પાછી ફરે છે, જ્યાં મનની ગતિ પહોંચતી નથી અને જે શુદ્ધ અનુભવથીજ જાણી શકાય તેવું છે એવું પરમાત્માનું સ્વરૂપ છે.

આ વાતને અન્ય દર્શનોમાં 'નિર્વિકલ્પ' શબ્દથી અને 'નેતિ નેતિ' શબ્દથી જણાવેલ છે: જુઓ ઉક્ત શ્રી યશોવિજયજીકૃત પરમજ્યોતિ પંચવિશાતિના નીચેના શ્લોકો.

निरालम्बं निराकारं, निर्विकल्पं निरामयं
आत्मनः परमं ज्योति–र्निरुपाधि र्निरंजनं॥१-३
धावन्तो पि नयानैके तत्स्वरूपं स्पृशंति न।
समुद्रा इव कल्लोलैः कृतप्रतिनिवृत्तयः॥ २-८॥
शब्दो परकृतद्रूप बोधकन्नयपद्धतिः।
निर्विकल्पं तु तद्रूपं–गम्यं नानुभवं विना॥२-९॥
अतद्व्यावृत्तितो भिन्नं, सिद्धान्ताः कथयन्ति तं
वस्तुस्तु न निर्वाच्यं, तस्य रूपं कथंचन॥२-१०॥

—આ પરથી જણાશે કે આત્માની પરમજ્યોતિ નિરાલંબ, નિરાકાર, નિર્વિકલ્પ, નિરામય, નિરૂપાધિ,

નિરંજન છે. બધા નયો દોડે, પણ તેના સ્વરૂપનો સ્પર્શ કરી શકતા નથી, નયપદ્ધતિ શબ્દોથી જેવું રૂપ જોઇ શકાય તે વર્ણવે છે, પણ જેનું રૂપ નિર્વિકલ્પ છે તે અનુભવ વગર અગમ્ય નથી. સિદ્ધાંતો તેને અતદ્-વ્યાવૃત્તિથી ભિન્ન કહે છે પણ વસ્તુતઃ તેનું સ્વરૂપ કોઇ રીતે કહી શકાતું નથી.

શ્રી શંકરાચાર્યકૃત ઉપદેશસાહસ્રીમાં નાન્યદન્યત્ પ્રકરણ શ્લોક ૩૧ માં જણાવ્યું છે કે

अप्राप्यैव निवर्तन्ते वचोधीभिः सहैव तु ।
निर्गुणत्वात् क्रियाभावाद् विशेषणाभावतः ॥

અર્થાત્–શુદ્ધ જીવ નિર્ગુણ અક્રિય અને અવિશેષ હોવાથી તે બુદ્ધિગ્રાહ્ય નથી તેમજ વચન–પ્રતિપાદ્ય નથી.

બૃહદારણ્યક અધ્યાય ૪ બ્રાહ્મણ ૨ સૂત્ર ૪ માં 'નેતિ નેતિ' શબ્દથી નીચેના કથનથી તેનું સ્વરૂપ જણાવ્યું છે કે:—

स एष नेति नेत्यात्माऽगृह्यो न हि गृह्यते
ऽशीर्यो न हि शीर्यतेऽसंगो न हि सज्यतेऽसितो
न व्यथते न रिष्यत्यभयं वै जनक प्राप्तोसीति
होवाच याज्ञवल्क्यः ॥

આવી રીતે જૈન દર્શનમાં '**सरा तत्थ निवत्तंते तक्का तत्थ न विज्जइ**' (આચારાંગ ૫-૬) ઇત્યાદિ શબ્દથી કહ્યું છે. આ અનિર્વચનીયત્વનું કથન પરમ નિશ્ચય નયથી યા પરમ શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી સમજવું જોઇએ. અને જે જીવનું લક્ષણ ચેતના યા અમૂર્ત્તત્વ કહેલ છે તે નિશ્ચયદૃષ્ટિથી યા શુદ્ધ પર્યાયાર્થિક નયથી કહેલું છે."

આ છેલ્લી હકિકત પંડિત સુખલાલજીના પંચ પ્રતિક્રમણ (પ્ર. શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડલ, રોશન મહોલ્લા આગરા) માંથી પહેલાં પ્રથમ જે 'જીવ અને પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ' આપ્યું છે તેના પૃ. ૭ થી ૯ માંથી લીધેલી છે. આટલાથી શંકાકાર ગૃહસ્થનું સમાધાન થશે એવી અમારી આશા છે. છતાં આ વિષય જેમ વધુ સ્પષ્ટ થાય તેમ કરવાની જરૂર છે ને તે માટે વિદ્વાનો–અનુભવીઓને લેખદ્વારા સ્પષ્ટ કરવા વિનતિ છે. તંત્રી,]

આગમોદય સમિતિનું કર્તવ્ય.

શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ.
માનદતંત્રી જૈનયુગ.

સુજ્ઞમહાશય.

જૈન ધર્મનો તથા સાહિત્યનો ઇતિહાસ ત્યારેજ સંપૂર્ણ થઇ શકે કે જ્યારે આગમ સાહિત્ય-નિર્યુક્તિ ભાષ્યચૂર્ણિ ટીકા રૂપ વ્યાખ્યા સાહિત્ય, પ્રાચીન પ્રાકૃત સાહિત્ય તેમજ મલ્લવાદીજીના નયચક્રવાલ જેવા અતિ પ્રાચીન ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં આવે. એ શોચનીય છે કે આગમોદય સમિતિ જેવી ખાસ આગમ સાહિત્ય પ્રસિદ્ધ કરવાના હેતુથી સ્થાપેલી સંસ્થા પણ જ્યારે છેદગ્રંથો કંઇક કારણે પ્રસિદ્ધ ન કરે, ભાષ્યો બીજા કંઇક કારણે પ્રસિદ્ધ ન કરે, અને ચૂર્ણિ અને ત્રીજા કંઇક કારણે પ્રસિદ્ધ ન કરે અને મહદ્દવ્યયે સ્તુતિ સ્તવનાદિને શણગારી બહાર પાડવાના કાર્યમાં વ્યાપૃત થાય તો જૈનધર્મનો તથા સાહિત્યનો ઇતિહાસ અપૂર્ણ અને ભ્રાંતિપુર્ણ રહે. આગમ પંચાંગી સાહિત્ય એટલું વિશાળ છે કે થયલું કાર્ય જોતાં મહાસાગરમાંથી એકાદ પણ નદી માત્ર ઉલેચવામાં આવી છે અને સાગર ભર્યો પડયો છે. એજ આશા છે કે જૈનસાહિત્ય સાગર જનસમસ્તને સદ્ય સુલભ થાય અને સમિતિ પોતાનું કર્તવ્ય સમજે. એ પ્રસિદ્ધિ કાર્ય થાય તેના અંતરમાં ઇતિહાસરસિકો જેમને મૂળ પ્રતિઓ લભ્ય છે તે સંઘદાસાદિ પ્રાચીન ભાષ્યકાર, જિનદાસ મહત્તર ગણિ, આમ્રદેવ, પ્રલંબસૂરિ, સિદ્ધસેનગણિ આદિ ચૂર્ણિકારોની કૃતિઓ તથા તેવીજ આગમના વ્યાખ્યાસાહિત્યમાંની નામ રહિત કૃતિઓ તપાસી ઇતિહાસિક ઘટનાઓ રજુ કરશે તો જૈન-ઇતિહાસ સત્વર શૃંખલાબદ્ધ થશે.

લિ. જૈન અભ્યુદયાકાંક્ષી.

વિવિધ નોંધ.

(કૉન્ફરન્સ ઑફીસ—પરિષદ કાર્યાલય તરફથી.)

૧ શ્રી શત્રુંજય અને વરીષ્ઠ ધારાસભા.

શ્રી શત્રુંજય સંબંધી સંસ્થા તરફથી પ્રકટ કરવામાં આવેલું સાહિત્ય તથા આપણા પ્રશ્નમાં સહાનુભૂતિ ઇચ્છનારા પત્રો વરીષ્ઠ ધારાસભાના બધા સભ્યોને મોકલવામાં આવ્યા હતા. અને તે તમામ સભ્યો પૈકી જેના જવાબ અમને મલ્યા છે. તેમાંથી અગત્યનો ભાગ નીચે પ્રકટ કરવામાં આવે છેઃ—

(1).....If I can be of any help to the Jain Community my services are at your disposal. Being a new member I can not take the responsibility of moving any resolution in the matter.....However if you can show me a practical way I shall try to get our party take up this matter in the Assembly. Outside the Assembly if I can be of any help to you I shall gladly help you.—30th January 27.
N. C. Chunder.

(૧) જો હું કોઇ પણ રીતે જૈનોને મદદગાર થઈ શકું તો મારી સેવા તૈયારજ છે. નવોજ સભ્ય હોવાના કારણસર હું આ બાબતમાં કોઈ પણ ઠરાવ રજુ કરવાની જોખમદારી લઈ શકતો નથી.....છતાં જો તમે કોઈ પણ વ્યવહાર રસ્તો દર્શાવી શકો તો હું સભામાં આ પ્રશ્ન અમારી પાર્ટી અખત્યાર કરે એવી તજવીજ કરીશ. ધારાસભાની બહાર જો હું કોઇ પણ રીતે મદદગાર થઇ શકું એમ હોય તો હું તમને ખુશીથી મદદ કરીશ. ૩૦ જાનેવારી ૧૯૨૭ એન. સી. ચંદર.

(2) I am directed by Sir Victor Sassoon to acknowledge receipt of your letter and literature regarding the rights of the Jain Community over the Holy Shatrunjaya Hill which will receive his due attention. 31 Jan 1927 Secretary to Sir Victor Sasson.

(૨) મને સર વિકટર સાસુન તરફથી સૂચના આપવામાં આવી છે તે પ્રમાણે તમારો પત્ર તથા પવિત્ર શત્રુંજય ઉપરના જૈન કોમના હકકો સંબંધીનું સાહિત્ય તેમને મલ્યાની પહોંચ સ્વીકારૂં છું તેનાપર તેઓ ધ્યાન આપશે. ૩૧-૧-૨૭. સેક્રેટરી ટુ સર વિકટર સાસુન.

(3) Sir Purshottamds Thakurdass has received your letter of the 26th Instt., and the phamplets. He need hardly assure you that if the question comes up before the Assembly, he will support the Jain point of view. 31 Jan. 1927. Secretary to Sis Purshottamdass Thakordass.

(૩) સર પુરશોતમદાસ ઠાકોરદાસને તમારો ચાલુ માસની ૨૬ મી નો કાગલ તથા ચોપાનીઆઓ મલ્યાં છે. ભાગ્યેજ તમને ખાત્રી આપવાની જરૂર રહે છે કે જો આ પ્રશ્ન એ સેમ્બલી સમક્ષ રજુ થશે તો તેઓ જૈનોના પક્ષને ટેકો આપશેજ. ૩૧-૧-૧૯૨૭ સેક્રેટરી ટુ સર પુરશોતમદાસ ઠાકોરદાસ નાઈટ—

(4).....I need not assure you that I have been fully convinced of the gross injustice that has been done to the Jain Community over the Shatrunjaya question and I am prepared to do all that has in my power to undo it. If you want me to move any resolution or to ask any question in the Assembly about the matter I

shall be glad to have a draft thereof from you. I may however inform you that there is a great fear of the same being disallowed by the President unless they are very carefully worded so as not to come within the mischief of the rules which govern our procedure. I may at the same time tell you that at the time of the Budget debate in March next I propose to raise the question in my speech. 1-2-1927. Jamnadas M. Mehta.

(૪) શત્રુંજયના સવાલમાં જૈન કોમને જે ઘોર અન્યાય થયો છે તેની મને સંપૂર્ણ ખાત્રી થઇ ચુકી છે એમ તમને વિશ્વાસ આપવાની ભાગ્યેજ જરૂર રહે અને તે ફેરફાર માટે મારી શક્તિના પ્રમાણમાં બધું કરવાને તૈયાર છું. જો આ બાબતમાં વરિષ્ઠ ધારાસભામાં કોઇ પણ ઠરાવ મારી મારફતે રજુ કરાવવા અગરતો કોઇ પણ પ્રશ્ન પુછાવવા તમે માંગતા હો તો તેનો મુસદ્દો તમારી પાસેથી મેલવવા હું ખુશી થઇશ. છતાં પણ હું તમને જણાવું છું કે જો તે અમારી કાર્ય પદ્ધતિ માટેના ઘડાયેલા ધારા ધોરણના તોફાની ઝપાટામાં ન આવે એમ ઘણી સંભાલપૂર્વક ઘડવામાં ન આવે તો પ્રમુખ એ પ્રશ્ન લાવવાની રજા ન આપે એવો મને ભય રહે છે. સાથે સાથે હું જણાવું છું કે આવતા માર્ચમાં બજેટની ચર્ચા વખતે મારા ભાષણમાં હું એ પ્રશ્ન ઉઠાવવા ધારૂં છું. ૧-૧-૧૯૨૭ જમનાદાસ એમ. મહેતા.

(5) After reading the literature you have kindly sent to me I shall certainly give the matter my very earnest consideration. I feel an injustice has been done to the Jain Community. I, as the leader and representative of a minority Community, (Anglo-Indian Community) will not hesitate to give your cause and grievance my entire and whole-hearted support. 1-2-1927. Leiut-Col. H. A. J. Gidney. I. M. S. Retd.

(૫) તમે જે સાહિત્ય મહેરબાનીથી મને મોકલ્યું છે તે વાંચ્યા પછી તે પ્રશ્ન ઉપર હું અવશ્ય સંપૂર્ણ ધ્યાન આપીશ. મને લાગે છે કે જૈન કોમને અન્યાય કરવામાં આવ્યો છે. એક નાની કોમ (એંગ્લોઇંડીયન કોમ)ના પ્રતિનિધિ અને મુખી તરીકે તમારા પ્રશ્ન અને આપત્તિને મારો અંતઃકરણ પૂર્વકનો સંપૂર્ણ ટેકો આપતાં અચકાઇશ નહીં. ૧-૨-૧૯૨૭. લે. કર્નલ. એમ. એ. ઝે. ગીડની. આઇ. એમ. એસ. (રીટાયર્ડ)

(6).....It will receive my best attention. I-2-1927. Lala Lajpatrai.

(૬) આ પ્રશ્ન ઉપર હું વિશિષ્ટ ધ્યાન આપીશ. ૧-૨-૨૭ લાલા લજપતરાય.

(7) I Shall be very happy to support the resolution on the Shatrunjaya Hill, and be of use to Jains, in the matter so dear to their heart.

2 Feb. 1927. M. R. Jayakar.

(૭) શ્રી શત્રુંજય ગિરિ સંબંધી ઠરાવને ટેકો આપી જૈનોના અંતઃકરણને આટલા પ્રિય પ્રશ્નમાં જૈનોને ઉપયોગી થવાથી હું અત્યંત ખુશી થઇશ ૨-૨-૧૯૨૭ એમ. આર. જયકર.

(8).....I shall be very pleased to help the Jains but I do not know how to do so.....you may let me have your concrete constructive proposals and I shall then see what to do in the matter. 2 Eebruary 1927.

B. S. Moonje.

(૮) હું જૈનોને મદદ આપવા ઘણો ખુશી થઇશ પણ તે મદદ કેવી રીતે આપવી તેની મને સમજ પડતી નથી.....તમારી ચોક્કસ સ્વરૂપમાં રચનાત્મક માંગ-

ણીએા મને જણાવશેા તેા પછી એ બાબતમાં શું કરવું એ હું વિચારીશ. ૨ ફેબ્રુઆરી ૧૯૨૭.

બી. એસ. મુંજે.

(9) .....It would be much better if you write to me at the above address after a fortnight the suggestions how I can help you in the matter. Believe me always to be ready to help the public cause. 5-2-27.

Mukhtar Singh. M. L. A.

(૯) એક પખવાડીઆ પછી ઉપર જણાવેલ ઠેકાણે આ બાબતમાં હું તમને કેવી રીતે મદદ કરી શકું તે સંબંધી સૂચનાઓ લખી મેાકલશેા તેા ઘણું ઠીક થશે. આ જાહેર કાર્યમાં મદદ કરવાને હું હમેશ તત્પરછું એમ માનજો. ૫-૨-૧૯૨૭ મુખતાર સિંઘ. એમ. એલ. એ.

(10).....When this matter comes up before the Assembly I shall see what can be done. 19-2-27.

A. H. Ghuznavi., M. L. A.

(૧૦) જ્યારે આ પ્રશ્ન વહી ધારાસભા સમક્ષ રજુ થશે ત્યારે જે કરવું શકય હેાય તે પર લક્ષ દઈશ. ૧૯-૨-૨૭ એ. એચ. ગઝનવી. એમ. એલ. એ.

૨ પૂના સંસ્કૃત કૅાલેજ અને જૈન અભ્યાસક્રમ.

પૂનામાં એક સંસ્કૃત કૅાલેજ સ્થાપવા સબંધે કેટલીક હિલચાલ થતાં ત્યાંથી રા. મેાતીલાલ લાધાજીએ આ સંસ્થાપર એક પત્ર લખ્યેા હતેા. જેમાં જણાવ્યા પ્રમાણે શરૂ કરવા ધારેલી કૅાલેજ સ્થાપિત થાય ત્યાં સુધી કાર્ય કરવા માટે એક પ્રબંધ કમિટી નીમવામાં આવી હતી. અને તે કમિટીના સભ્ય તરીકે જૈનજીવન પત્રના અધિપતિ શ્રીયુત મેાતીલાલ લાધાજીની નીમણુંક થઇ છે. આ કૅાલેજમાં વ્યાકરણ, ન્યાય, વેદ વેદાંગ, ધર્મશાસ્ત્ર, પૂર્વમીમાંસા, અર્ધમાગધી, પાલી વગેરે આઠ વિષયનેા અભ્યાસ વિદ્યાર્થીની રૂચિ મુજબ આપવા ગેાઠવણેા તેમજ તે કૅાલેજ કલકત્તા કાશી વિગેરે સ્થળે અપાતી તેવી કેલવણીની યેાજના પર કેલવણી આપવાની ધારણા જણાવવામાં આવી હતી. આ અભ્યાસક્રમમાં જૈન સાહિત્ય વિગેરે માટેનેા અભ્યાસક્રમ તથા ગ્રંથેા વિગેરે કેવા અને કયા હેાવા જોઇએ તે સબંધી અભિપ્રાય અને વિગતેા માંગતા પત્ર વ્યવહારને અંતે નીચેના પત્રમાં જણાવ્યા પ્રમાણેની યેાજના તેમને મેાકલવામાં આવી હતી. જે યેાજના મેાકલ્યાબાદ આ સંસ્થાના એક રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રીયુત મેાહનલાલ ભગવાનદાસ ઝવેરી પૂને ગયા હતા અને ત્યાં જૂદે જૂદે સ્થળેથી મળેલી યેાજના પર વિચાર ચલાવવામાં આવ્યેા હતેા અને કંઇક ખુલાસા થયા હતા. ત્યાર બાદ એક Final Scheme છેવટની યેાજનાનેા ડ્રાફ્ટ શ્રીયુત મેાતીલાલ લાધાજીએ પ્રકટ અમેાને મેાકલ્યેા છે તે આ સાથે પ્રકટ કરવામાં આવે છે. પૂના સંસ્કૃત કૅાલેજની સ્કીમ ઘણી ઉપયેાગી થાય એવી આશા બંધાય છે. જૈન અભ્યાસક્રમ માટે યેાગ્ય શિક્ષણ આપવાને યેાગ્ય પંડિત વા આચાર્ય રેાકવામાં આવે અને જૈન વિદ્યાર્થીઓને ઉત્તેજન માટે સારી શિષ્યવૃત્તિઓ આપવામાં આવે તેા અભ્યાસક્રમ સ્વસમય તથા પરસમયનું વિદ્યાપીઠમાં યેાગ્ય શિક્ષણ આપવા માટે આદર્શરૂપ થઇ પડે. પરંતુ સમસ્ત જૈન કેામ તેને અપનાવે તેાજ તે સંપૂર્ણ રીતે ફળીભૂત થાય. અમારા નમ્ર મંતવ્ય પ્રમાણે પૂજ્ય સાધુ મહારાજો પણ આનેા લાભ લઇ શકે એમ છે.

અમદાવાદ, વડેાદરા, ભરૂચ, સુરત, મુંબઈ તથા પુણા આદિ સ્થળેાએ ખાસ કરીને જૈન અભ્યાસક્રમની પરીક્ષાઓ લેવા માટે કેંદ્રો તરીકે નિયુક્ત કરવામાં આવે તેા ગુજરાતથી માંડી દક્ષિણ સુધી ગમે ત્યાં વિચરતા અને ચાતુર્માસ રહેતા સાધુ મહારાજો પરીક્ષા આપી શકે અને હાલમાં કલકત્તા અને કાશી જેવા સ્થળેાએ દીર્ઘ વિહાર કરી જવું પડે છે તેવી મુશ્કેલીઓ ન નડે. જે કેંદ્રો નક્કી થાય ત્યાં આ અભ્યાસક્રમ માટે સહાય્ય આપી શકે એવી પાઠશાળા લાયબ્રેરી અને પંડિત અવશ્ય હેાવા જોઇએ. આવી અગત્યની બીના પર અમે ધ્યાન ખેંચીએ છીએ કે જૈન સમાજ સંપૂર્ણ લક્ષ આપશે અને સાથે એ યાદ રાખવું જોઇયે કે વિદ્યા માટે પુણા દક્ષિણનું

કાશી ઘણે અંશે થઈ ચૂકયું છે અને સર્વાંશે થવાની આશા આપી રહ્યું છે. અનેક પ્રકારના વિદ્યાલયો ઉપરાંત હમણાં ત્યાં મીમાંસા વિદ્યાલય પણ નિકળ્યું છે. વળી પુણામાં ભારત જૈન વિદ્યાલય નામનું છાત્રાલય પણ છે.

28 December 1926.

To,

Seth Motilal, Ladhaji Esq.,
Editor Jain Jivan,
Bhavani Peth,
POONA.

DEAR SIR,

As our office was closed yesterday owing to Ashtami we received your letter of the 26th Instt. today. Our Mr. Mohanlal B. Jhavery, however, sent yesterday from his office a letter together with graduated course for 3 examinations, extending over 6 years on certain hypothesis. We find from your letter the additional fact that before the studies commence at the Poona College you want to hold two other examinations priliminary to the entrance in the Poona College. We also understand that the only requisite as far as College Authorities are concerned will be knowledge of Siddha-Hema (सिद्ध हेम) with Laghu Nyasa (लघु न्यास) and Svopajla Brihad Vratti (स्वोपज्ञ बृहद् वृत्ति) and Tarka Sangraha (तर्क संग्रह). It is for us to consider what other knowledge should be imparted during the 3 years. We shall consider the same hereafter.

Turning to the course of the three examinations of students studying at the Poona College we find that the course for each examination is divided into three sections. The main section being alloted to study of Jain Logic and Philososphy, we shall discuss the same first.

Course of Upadhyaya Examination.

We may refer you to the Prathamika Course in the graduated course sent by us yesterday. Paper No. 2 therein may be now omitted as the same will be now included in the Abhyasika and Praveshika (अभ्यासिका अने प्रवेशिका) examination to be held prior to entrance in Poona College.

Syadwada Manjri (स्याद्वाद मंजरी) Paper No. 5 in our course is common with your No. 3. We think knowledge of an Upanga or Anga absolutely necessary...both because the course of Ardha Magadhi (अर्ध मागधी) language and because the particular work Jiva-Bhigama (जीवाभिगम) gives a comprehensive and original idea about the philosophy of Jiva which is the most important part and considered the best by European Scholars. If you like to prescribe instead Samavayanga (समवायांङ्ग) being shorter simple work the same will give a good idea of Dravyanuyoga (द्रव्यानुयोग) Its treatment is simple and scientific. We think therefore that that paper must be included. Instead of Pramana Mimanss (प्रमाणमीमांसा) we think

Pramana Naya Tattva-Lokalankara (प्रमाणनयतत्वालोकालंकार) is more suited as the same is connected with Syadwada Ratnakarāvatārika (स्याद्वाद रत्नाकरावतारिका) and Syadwada Ratnakar prescribed in the two higher examinations. As Pariksha Mukha (परीक्षा मुख) with Prameya-Ratna-Mālā Tika (प्रमेय रत्न माला टीका) furnishes a real want to students of Elementary Jain Logic, the same is also prescribed. We have also prescribed Nyayavatar (न्यायावतार स०) Satik. We think Jain Tarka Bhasha (जन तर्क भाषा) of Yasho Vijayaji may be now omitted as the course in view of the 2 additional 2 sections which are now being included is otherwise likely be encumbered unduiy. Instead of the four old Karma Grantha's (कर्म ग्रंथ) we think work like Pravachana sarosdhar (प्रवचनसारोद्धार) which gives a general idea of Jainism and Jain Philosophy is more suited. We leave it however to you which to prefer. Course for Upadhyaya Examination as modified will now be:—

1st paper. Jiva-bhigama or Samavayang. जीवाभिगम वा समवायांग)

2nd Paper. Nyayavatar Satik and Praman Naya Tatvalokalankar Mul (न्यायावतार स० अने प्रमाण नयतत्व लोकालंकार (परीक्षा मुख अने प्रमेय रत्न माला टीका स्याद्वाद मंजरी.)

3rd paper. Priksha Mukh with Prameya-Ratna-Mala Tika with Syadwad-Manjari

4th paper. Four Prachin Karma Granthas or Pravachan Saroddhar (प्रा० कर्मग्रंथ वा प्रवचन सारोद्धार).

We approve of the three works prescribed in the second section namely Tarka Sangraha Deepika, Mimansa Paribhasha and Vedanta Sar (तर्कसंग्रह दीपीका-मीमांसा परिभाषा, वेदान्तसार).

In the 3rd section namely General course we suggest for Sarva Dharma Ka Itihas (सर्व धर्मका इतिहास), Hopkins Religion's of India in English and if the same is not suited being in English we suggest Hind Tatvagnan no Itihas (हिंद तत्व ज्ञाननेा इतिहास) in 2 parts by Narmadashanker Devshanker Mehta in Gujarati Published by the Gujrat Vernacular Society for comparative Philology Dr. Gune's Introduction to that science and Bhandarkars Wilson Philological lectures are prescribed by the Beneres Hindu University and the Bombay Univarsity. As far as we know those are the standard works on that science and for the benefit of students not knowing English the same may be translated.

We approve of the chapters selected by you from Sarva Darshana Sangraha (सर्व दर्शन संग्रह). That is all for Upadhyaya Examination.

Turning now to what we called in the graduatsd course Madhyama and what you call "Shastri" the first paper should be Prajnapna (प्रज्ञापना) or Thānanga and Visheshavashyaka Bhashya-Mula (ठाणांग अने विशेषावश्यक भाष्य भूल) may be reserved for the final Acharya Examination. Siddha Sena Divakara 20 Dwatrinsikhas (सिद्धसेन दिवाकर विंशति द्वांत्रिंशिका) are quite unsuitable for the Shastri Examination. They have more to do with literature than with logic. The same must therefore be omitted and instead the second paper must be in Syadwada Ratnakar-avatārika (स्याद्वाद रत्नाकरावतारिका) We would now omit 2 b from our course with a view not to encumber the course as there are two other sections in this examination also, and instead couple Shat Darshana Samuchchaya (षट् दर्शन समुच्चय) with Syadwada Ratnākarārika in the second paper.

The third paper should be Tatvartha Sutra (तत्वार्थसूत्र) with Swopajna Bhashya (स्वोपज्ञभाष्य) and Tika of Siddha Sena Gani or Raja-Vārtika (राजवार्तिक) (we think the later commentary far better than any other on Tattvartha Sutra). This is necessary to give a general idea of Jain Philosophy to students in the Shastri Examn. If you think the same unnecessary having been taught with Bhashya in the Praveshika Examination, you may include Syadwada Ratnakara Parichched 4 (स्याद्वादरत्नाकर परिच्छेद४) instead but we should desire you to include Shat Darshana Samuchchaya (षट्दर्शन समुच्चय) of Hari Bhadra Suri with Tīka of Guna Ratna (गुणरत्न) only Mūla is taught in the Abhāysiks Examination) in the 2nd paper. We think you should omit Sammati tarka part I and 2nd as the same are above the mark of the second examination and would unduly burden the students.

The fourth paper should be Sapta Bhangi Tarangini (सप्तभंगी तरंगिणी) with Dravya Sangraha (द्रव्य संग्रह) We would drop Nayopdesha (नयोपदेश). Instead of Karma Granthas 5th and 6th we would prescribe here Pancha Sangraha (पंचसंग्रह) part I and include no work on Karma in the Acharye Examination.

We approve of the courses in the 2nd and 3rd section. In the Shastri Section the course would be as follows:-

1. Prajnapna Or Thanang. (प्रज्ञापना वा ठाणांग).
2. Syadwada Ratnakaravatarika and Shat Darshan Samuchchaya Satika Tika by Guna Ratna (स्याद्वादरत्नाकरावतारिका तथा षट्दर्शन समुच्चय स० श्री गुणरत्न कृत).
3. Syadwada Ratnakara Parichchedu 4 (स्याद्वाद रत्नाकर परि० ४).
4. Sapta Bhangi Tarangini and Dravya Sangraha (सप्तभंगी तरंगिणी तथा द्रव्य संग्रह).

5. Pancha Sangraha Part I. (पंच संग्रह प्रथम भाग).

Acharya Examination.

The first paper should be Suya-Gadanga (सुय गडांग) and Vishesha-vashyaka Bhashya Mula (विशेषावश्यक भाष्य मूल).

2nd. Syadwada Ratnakara Avashi-stansha (स्याद्वाद रत्नाकर अवशिष्टांश) or Sammati traka Part I and 2 (सम्मतितर्क भाग १-२).

3. Anekanata Jaya Pataka (अनेकांत जय पताका) with (b) Sarvajna Siddhi (सर्वज्ञ सिद्धि) by Hari-bhadra Suri or Brahad Sarvajna Siddhi (बृहद् सर्वज्ञ सिद्धि). By Ananta Kīrti

4. Syadwad Kalpa Lata (स्याद्वाद कल्पलता) by Yasho Vijayaji being commentary on Shastra Varta Samuchchaya (शास्त्रवार्ता समुच्चय) or Ashta Sahastri (अष्ट सहस्री).

5th. Parmeya Kamala Martanda (प्रमेय कमल मार्तण्ड).

We approve of the works prescribed in the second and third section.

We would however suggest that if vedanta Paribhasha (वेदान्त परिभाषा) can be relegated to the Upadhaya Exrmination, portions on Shanker Bhashya (शंकरभाष्य) on Brahama Sutra (ब्रह्म सूत्र) may be prescribed as Vedanta in the Shastri and Acharya Examn.

As regards books on Jain Darshan being prescribed in the other branches within Jain Darshan in the Commentary of Guna Ratna (गुणरत्न) on Shat Darshan Samuchaya (षट् दर्शन समुच्चय) will give far better idea of the Jain than that of the nonsense of Jain Darshan which is written in Sarva Darshan Sangraha (सर्व दर्शन संग्रह). Instead of Swadwad Manjari (स्याद्वाद मंजरी) we would suggest Tatvartha Sutra (तत्वार्थ सूत्र) for being prescribed in the other examinations or Syadwad Ratnakar Avatarika (स्याद्वाद रत्नाकरावतारिका). At any rate Tatvartha Sutra (तत्वार्थ सूत्र) must be included.

We think Bechardas's Prakrit Vyakarna (प्राकृत व्याकरण) will give some idea of the development of Various Prakrit Apabrahansa and other languages from Sanskrit.

As regards Jain History much can be known from the Prachin Jain Lekh Sangraha part 1 and 2 by Jina Vijay-ji and Pratima Lekh Sangrha part 1 and 2 by Budhi Sagar Suri and Puranchandji Nahar's work on inscriptions.

The Indian Sect of the Jains by Burges is also a good book. Webers History of Jain Literature, U. D. Barodiya's History of Literatare, Reply to Lala Lajpatrai by our Mr. Mohanlal B. Jhavery and the Section on Jainism by Mohanlal

Dalichand Desai in the History of Gujrati published by Kanhaiyalal Munshi and the introduction of Jain Gurjar Kavi's will give a good idea of Jain religion, literature and achar (rules of conduct).

In the first two preliminary examinations–Abhyasika and praveshika portions from Samara Itcha Kaha and Heer Saubhagya (**समराइच्छकहा अने हीर सौभाग्य**) may be included. Sur Sundari Chariyam, Suparsvanaha Chariyam, Shripal Chariyam, Kuva laya Mala, Tarang Lola, Vilas Veikaha Kathavali, Maha Purush Chariyam (**सुरसुंदरि चरियम्, सुपार्श्वनाह चरियम्, श्रीपाल चरियम्, कुवलयमाला, तरंगलोला, विलास वैकहा कथावली महापुरूष चरियम्**) are important Prakrit works and such of them as you find suitable may be prescribed.

If there is any difficulty please let us know immediately.

Thanking you for the great trouble taken by you.

Yours Sincerely,

(Sd) Mohanlal Bhagwandas Jhavery.

Resident General Secretary.

N. B. Our Mr. Mohanlal B. Jhavery is likely to be in Poona on Thursday or Friday.

ઉપરજણાવેલી યેાજના પરથી તેમજ રા. મેાહનલાલ ભગવાનદાંસ ઝવેરીની રૂબરૂ ચર્ચાને અંતે નીચે જણાવેલેા અભ્યાસક્રમ છેવટના (Final Course) તરીકે નક્કી થયાનું શ્રીયુત મેાતીલાલ લાધાજી પેાતાના તા. ૨૭–૧–૨૭ ના પત્રથી જણાવે છે.

પુના સંસ્કૃત કૉલેજ–અર્ધમાગધી અભ્યાસક્રમ.

વર્ષ. **ઉપાધ્યાય. સમય વર્ષ. ૨.**

૧. (૧) સ્યાદ્વાદ મંજરી. ૨. પરીક્ષામુખ સટીક, ૩ કર્મગ્રન્થ ૧–૨ સટીક

૨. ૧. સમવાયાંગ સટીક ૨. ન્યાયાવતાર સટીક, ૩ ષડ્દર્શન સમુચ્ચય સટીક ૪ કર્મગ્રંથ ૩–૪ સટીક.

અંગ—તર્ક સંગ્રહ દીપિકા, વેદાન્ત પરિભાષા, મીમાંસા પરિભાષા

વર્ષ. **શાસ્ત્રી સમય વર્ષ ૨.**

૧. ૧. પ્ર. ન. લેા. રત્નાકરાવતારિકા પરિ. ૪. ૨ સંમતિતર્ક ભા. ૧. ૩ દ્રવ્ય સંગ્રહ અથવા પંચ વસ્તુક સટીકં

૨. ૧. પ્રજ્ઞાપના સટીક ૨ રત્નાકરાવતારિકા પરિ–૫–૮, ૩ સમંતિતર્ક ભા. ૨, ૪ સપ્તભંગીતરંગિણી. ૫ વિશેષાવશ્યક મૂલગાથા ૧૫૪૮ સુધી.

અંગ—સિદ્ધાંત મુક્તાવલિ, પ્રત્યક્ષખંડાન્તા, આપેાદેવી, શાંકરભાષ્ય તર્કવાદ,

વર્ષ. **આચાર્ય—સમય વર્ષ ૨**

૧. ૧ સૂત્રકૃતાંગ સટીક, ૨ વિશેષાવશ્યક મૂલ અવશિષ્ટાંશ, ૩ સંમતિ તર્ક ૩–૪

૨. ૧. અનુયેાગદ્વાર સટીક, ૨ અનેકાન્તજય પતાકા, ૩ સ્યાદ્વાદ કલ્પલતા, ૪ પ્રમેયકમલમાર્તણ્ડ અથવા અષ્ટસહસ્રી.

અંગ–મીમાંસા શ્લેાક વાર્તિક સૂત્ર ૧ સંપૂર્ણ, સિદ્ધાન્ત મુક્તાવલિ સંપૂર્ણ, શાંકરભાષ્ય તર્કવાદ.

જનરલ આવશ્યક અભ્યાસ માટે જૈન ઇતિહાસ જાણવા.

૧. Indian sect of the Jainas by Bur gess.

૨. History of Jain Literature by Weber

૩. Jain Gurjara Kavio (જૈન ગૂર્જરકવિઓ–અપભ્રંશાશ.) by Mohanlal Dalichand Desai.

૩ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિનો ૧૯૨૬ ડીસેંબર સુધીનો રીપોર્ટ.

આ સમિતિના સેક્રેટરી શ્રીયુત બાબુ કીર્તિપ્રસાદજી તરફથી ઉક્ત સમિતિના સભ્યો તરફથી કરવામાં આવેલ પ્રવાસ તથા પ્રચાર કાર્ય સબંધી રિપોર્ટ પોતાના તા. ૧૨-૧-૨૭ ના જા. નં ૨૬ વાળા પત્ર સાથે આવ્યો છે. જેની નોંધ આ નીચે પ્રકટ કરીએ છીએ.

(૧) **બાબુ કીર્તિપ્રસાદજી જૈન** સમાના શ્રી આત્માનંદ મહાસભાના પ્રસંગે ગયા હતા તેમજ જીરામાં એક સભા કરવામાં આવી હતી. હસ્તિનાપૂરના મેલા પ્રસંગે યાત્રા ત્યાગ માટે ખાસ ઠરાવો કરવામાં આવ્યા તેમજ તે પ્રસંગે શ્રી શત્રુંજય સ્વયંસેવક મંડળ કાયમ કરવામાં આવ્યું હતું જેના પ્રમુખ લાલા ગોપીચંદજી વકીલ અંબાલા અને લાલા મંગતરામજી સરાફ સેક્રેટરી નીમાયા છે. તેઓએ સ્વયંસેવકની નામાવલી શરૂ કરી છે. દીલ્હીમાં તા. ૫-૬ ડીસેંબરના દિવસોમાં ગુરૂકુલની સર્વ સાધારણ સભા પ્રસંગે યોગ્ય પ્રચાર કાર્ય કરવામાં આવ્યું. શ્રી. આણંદજી કલ્યાણજીની પેઢીને શત્રુંજય સબંધી યોગ્ય કરવા પત્રો લખવામાં આવ્યા. તથા પંજાબમાં જગ્યાએ જગ્યાએ શત્રુંજય સાહિત્ય પહોંચાડવામાં આવ્યું. (૨) **શ્રીયુત મણીલાલ કોઠારી** પંજાબના પ્રવાસ પછી કાઠીયાવાડમાં યાત્રા ત્યાગ માટે પ્રયાસ કરી રહ્યા હતા અને તે સફલ પણ થયા. ત્યારબાદ હસ્તિનાપુરના મેલા પ્રસંગે તેમનાં વ્યાખ્યાનો અસરકારક થયાં હતાં. બાબુ કીર્તિપ્રસાદજી તથા રા. મણીલાલ કોઠારીના પ્રયાસથી પંજાબ આજે જાગૃત છે.

(૩) **શ્રીયુત દયાલચંદજી જોહરી** હસ્તિનાપુરના મેળા પ્રસંગે આવ્યા હતા અને આગરા લખનૌ તથા આસપાસ તે માટે યોગ્ય પ્રચાર કરી રહ્યા છે. (૪) રા. **શ્રીયુત પોપટલાલ રામચંદ્ર** દક્ષિણમાં પ્રવાસ કરી રહ્યા છે અને ગામે ગામ યથોચિત ઠરાવો કરે છે. ત્યાં સારી જાગૃતિ છે. (૫) રા. **મણિલાલ ખુશાલચંદ** ખાસ કરીને ગુજરાતના નાનાં નાનાં ગામડાંઓમાં ફેરા કરે છે. તેમનો તથા ભાઈ રાજકરણભાઇનો પ્રવાસ પાલણપુર આસપાસના ગામોમાં ડીસા કેંપ આસપાસ તથા દીમા-કરબાંણ-સાચોર ધાંનેરા-આકોસ વિગેરે જગ્યાએ જઇ આવ્યા હતા ગામડાની વસ્તુસ્થિતિ તેઓ નોંધી લે છે અને જૈનસમાજનું સુંદર દિગ્દર્શન તેઓ કરી રહ્યા છે.

(૬) શ્રીયુત હીરાલાલ સુરાણા મારવાડમાં સોજત-સાદડી-શીવગંજ ખીવાણંદી તથા પુરારી આમલનેર-મુરતીજાપુર-સાંગલી-અમરાવતી હીંગણઘાટ-મનમાડ-અને હૈદ્રાબાદ તથા મારવાડ આસપાસના ગામોમાં ખાનદેશના ગામોમાં તથા દક્ષિણનાં ગામોમાં જોર શોરથી પ્રવાસને પ્રસાર કરી રહ્યા છેઃ તેમણે મારવાડનાં ગામે ગામમાં શ્રી સંઘોને ઠરાવો મોકલાવ્યા છે અને ખૂબ પ્રવાસ કરી રહ્યા છે.

જૈન યુગ.

卐

પ્રાણીમાત્રના દુઃખને પોતાનું ગણવું એનું નામજ મહાત્માપણું, ખરી સહાનુભૂતિ–સમવેદના–સમભાવ છે, એજ ખરો ધર્મ છે. એને પાળનારાને ધન્ય છે. —આદર્શદૃષ્ટાંતમાળા પૃ. ૧૬૮.

પુસ્તક ૨ અંક. ૭. વીરસંવત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩. ફાગણ.

વસંતોત્સવ

(૧)

આજનો ઉત્સવ એવાં પુણ્યસંભારણાંનો ઉત્સવ છે, પાપનો નહીં; પ્રેમનો ઉત્સવ છે, મોહનો નહીં; સત્નો ઉત્સવ છે, અસત્નો નહીં; રંગનો ઉત્સવ છે, કદર્થનો નહીં; સૌંદર્યનો ઉત્સવ છે, બિભત્સતાનો નહીં. આ શુદ્ધિનો ઉત્સવ છે, આપણા આત્માને લાગેલી અંધકારની રજને ધોઈ નાંખવાનો ઉત્સવ છે. હવેથી તો પ્રકાશનાં પુણ્યજળથી જ આત્માને વધુ ને વધુ અંધોળ કરાવવાનો ઉત્સવ છે. કાંટા અને ઝાંખરાંને તોડી સાફ કરીને રંગબેરંગી ને પરમ સુગંધિત પુષ્પો ઉછાડવાનો ઉત્સવ છે. સંસારમાં સ્નેહનાં બીજ વાવવાનો ઉત્સવ છે, બંધુતા ખીલવવાનો ઉત્સવ છે. વ્યક્તિનો જ નહીં પણ સમષ્ટિનો ઉત્સવ છે. સ્વનો છે તેમ પરનો છે. આપણો, આપણાં કુલનો, ગામનો, પ્રાંતનો, દેશનો, ખંડનો, જગતભરનો ઉત્સવ છે. આપણા છૂટા છૂટા સૂરો ગમે તેવા હોય, છતાં આજે તો આપણા એ સર્વ સૂરો એકજ સિતારમાં પૂર્ણ સંવાદમાં ગોઠવાઇ રહે, અને તે પર મહાવસંતના ગાનના અદ્ભુત સૂરો ગવાઈ રહે, એવી વિવિધતામાં એકતાનો આ ઉત્સવ છે. આજે તો આપણા રાગવિરાગની સર્વ વિષમતા ત્યાગીને આપણે સૂરમાં સૂર પૂરીને એક પિતાનાં સંતાનો જેવાં સ્નેહબંધનમાં રહીને આ ઉત્સવ ઉજવવાનો છે. આજે **वसुधैव कुटुम्बकं**નો ઉત્સવ છે. ભૂત અને ભવિષ્યને વર્તમાનમાં સાંકળવાનો ઉત્સવ છે. અનંતતાને પળમાં સમાવવાનો ઉત્સવ છે. વિજ્ઞાનીઓના ઉત્ક્રમનો ઉત્સવ છે, તત્ત્વજ્ઞાનીઓના સમન્વયનો ઉત્સવ છે, કવિઓની અમર વસંતનો ઉત્સવ છે. પયગંબરોના નવપયગામનો ઉત્સવ છે. આજે જડચેતનનો ભેદ નથી. સૌના ફુલપરાગ ખીલ્યા છે. અને પમરે છે, ઉષા ને સંધ્યાના કપોલ જેવી સૌને કપોલે આજે ગુલાલની લાલી પથરાય છે. આજે સર્વ પ્રજાઓનો ઉત્સવ છે.

(૨)

વસંત એટલે સત્યનું ને સૌંદર્યનું પુનઃસ્થાપન. **सत्यं शिवं सुन्दरं** જે સત્ય છે તેજ સુંદર છે, સત્યમાં બધી સુંદરતા સમાયેલી છે, સૂર્યના કિરણે કિરણે સત્ય ઝળકે છે, તોજ તેમાંથી સૌંદર્યની ધારા ફુટે છે, અને મેઘધનુષ જેવી અદ્ભુત સુંદરતા પ્રકટે છે. જગત સત્યથી વેગળું જાય એટલે સૌંદર્યથી વેગળું જાય છે. એ સૌંદર્ય તેજને પૃથ્વી ત્રાંસી

આંખે જોય ત્યાંથીજ તેના અંધાર વધવા માંડે છે. એ અંધાર વધતાં આંખોમાંથી સૌંદર્ય ઘટતું જાય છે, એટલે સ્નેહ સરતો જાય છે. એ સ્નેહ સરતાં જગતમાં આસુરી માયા વધે છે. એ સ્નેહ સરતાં સંવાદ તૂટે છે અને સર્વ કાંઇ અંધારે અથડાય છે. આ જગતની બધી અથડામણો–બંધુબંધુની, દેશ-દેશની, પ્રજાપ્રજાની–એ સૌંદર્યથી દૂર જતાંજ થાય છે, પશ્ચિમની પ્રજાઓ પોતાને આજે સુધરેલી કહેવ-ડાવે છે, પણ આ સત્ય ને સૌંદર્યનું તત્ત્વ તે ઊંધે માર્ગે ખોળે છે. એ તત્ત્વ તો સ્નેહ છે. પશ્ચિમને તો આજે સ્નેહ કરતાં સ્વાર્થ વહાલો છે, અને પરિણામે આજે જગતની જૂદી જૂદી પ્રજાઓ આખીયે જૂદી જૂદી લશ્કરી છાવણીઓ રૂપે એકમેક સામે હથિયારો ખખડાવે છે. જગતમાં આજે દ્વેષના અંધકાર વધ્યા છે, કારણ કે સ્નેહનાં તેજ તેની આંખમાંથી ઝપાટે સર્યા જાય છે.

(૩)

(આશાવરી)

આવો, કરીએ આજે ભારતની સૌ અલાભલાની હોળા!
જોજો, દીઠી પણ પરખી નહીં એવા ભલાભલાની હોળા!
—આવો !

કંઈ કંઈ સદીનાં બાઝયાં હૈયે અણુરીટયાં અંધારાં;
કંઇક છૂટયાં, ને કંઇક રહ્યાં, તે કરો બધાંની હોળા!
—આવો !

તારકરથ બ્રહ્માંડ તણો ના થોભે નિદ્રિત માટે;
ઊઠો, કરો ઉર જડતા ભરતી એ નિદ્રાની હોળા !
—આવો !

દ્વેષ, પ્રમાદ, કુસંપ વસે ત્યાં જંપ મળે પળ કોને ?
કરો જુગોની સુખઘાતક એ મૂરખતાની હોળા !
—આવો !

વહેમ, ગુલામી, કાયરતા ને નીચ સ્વાર્થની વાતો;
કરો આત્મદુર્બળ કરતી એ કર્મકથાની હોળા !
—આવો !

પરપોટાનાં મોતી જેવી પર આશ્રયની આશા,
કરો જીવનજડ હીણુ કરતી એ પરઆશાની હોળા !
—આવો !

ઉઘડયાં આનંદદ્વાર પ્રભાનાં, વસંતપદ સંભળાએ !
આજ અહલ ભારતદુખડાંની કરો સદાની હોળા !
—આવો !

—શ્રી ખબરદારના 'વસંતોત્સવ'પરના ભાષણમાંથી.

તંત્રીની નોંધ.

૧. જૈનો અને મી. મુનશીનું પ્રકરણ

મી, કનૈયાલાલ માણેકલાલ મુનશીનું 'પાટણની પ્રભુતા' નામનું પુસ્તક તેના 'ધનશ્યામ' એ તખલ્લુસથી બહાર પડયું ત્યારપછી જૈન કોમમાં ઘણો ખળભળાટ થયો હતો એ વાત તે વખતના જૈન પત્રો તેમજ અન્ય પત્રો પરથી જણાશે. તેમણે તે વખતે જણાવ્યું હતું કે

'કેટલાક મારા જૈનમિત્રોના કહેવાથી મને માલમ પડે છે કે મારી 'પાટણની પ્રભુતા' નામની ચોપડીથી એમની કોમમાં કાંઇક અસંતોષ થયો છે, તેમજ એમ પણ કહેવામાં આવે છે કે આ નવલકથા શ્રાવકોને અને તેમના ધર્મને અપમાન કરવાના હેતુથી લખાયેલી હોય એમ માનવામાં આવે છે. જો આવો અસંતોષ થયો હોય જો આમ માનવામાં આવતું હોય તો ખરેખર મને ઘણીજ દિલગીરીનું કારણ મળે એમ છે–અને જો આવો ખ્યાલ કોઇને પણ આવશે એમ મેં ધાર્યું હોત તો તેમાં બને તેટલો ફેરફાર કરવામાં મને કાંઈપણ ઉણપ જણાત નહીં.

'મારા પોતાના અભિપ્રાય પ્રમાણે જૈન અને બ્રાહ્મણ મતના અનુયાયીઓ વધારે એકઠા થાય તોજ ગૂજરાતનું શ્રેય છે એમ હું માનું છું; જૈન અને બૌદ્ધધર્મના સંસ્કારો વડે જ હિન્દુ સંસ્કૃતિ અને હિંદુ રાષ્ટ્રીયતાનું ગૌરવ આટલું ઉચ્ચ છે; અને ખાસ કરીને ગૂજરાતના ઇતિહાસના વિજયી દિવસોમાં સત્તા, પ્રભાવ અને વિદ્વત્તા જૈનોમાંજ હતી તે જોઇ તેમની પાછલી કારકીર્દી મને શૃંગારસભી લાગે છે.

વિશેષમાં તેમાં મૂકેલા આનંદસૂરિ નામના જૈન-યતિના પાત્રે જે જે કાર્યો તે કર્તાએ કરાવ્યાં છે તે 'જતિ કે જમદૂત' એવા એક પ્રકરણના મથાળાને બરાબર સિદ્ધ કરે છે. આવાં કાર્ય તેને જૈનયતિ

કહી તેની પાસે કરાવવાં એમાં કયો શુદ્ધ આશય છે ? તેના જવાબમાં તેમણે જણાવેલું યાદ છે કે

'હેમાચાર્યે પોતાની શાન્ત અને ગૌરવશીલ રાજ્ય-નીતિથી ગૂજરાતને કેમ જૈનમતના સામ્રાજ્ય નીચે આણ્યો તે દેખાડવાનો હોવાથી–કોઇપણ કાલ્પનિક પુરૂષને એવો ચીતરવાની જરૂર જણાઇ કે જેની અધમતાથી હેમાચાર્યની મહત્તા છે તેના કરતાં પણ વધારે તેજસ્વી દેખાય; અને જે તે ન કરી શક્યો તે વધારે સારી રીતે, હેમાચાર્ય કરી શક્યા એ સ્પષ્ટ થઈ શકે. આ માટે ને બીજાં પુસ્તકો પ્રગટ થશે તો આ બે વચ્ચે શો ફેર છે અને શામાટે આનંદસૂરિ કલ્પવાની જરૂર જણાઇ છે તે સ્પષ્ટ સમજાશે.....'

શું આનંદસૂરિ એ કાલ્પનિકજ નામ કે પાત્ર છે? મી. મુનશી પોતાના બચાવમાં તેને તેમ ભલે જણાવે, અને બીજા જે જૈનઇતિહાસમાં ઉંડા ઉતરી શક્યા નથી તે પણ ભલે તેમ માને, પણ અમને તો એમ લાગે છે કે તે આણંદસૂરિ એ નામની વ્યક્તિ તે સમયમાં થઇ ગયેલ છે. અને તેનો ટૂંક ઇતિહાસ નીચે પ્રમાણે છેઃ—

અમરચંદ્રસૂરિ અને આનંદસૂરિ એ બંને ગુરૂ-ભાઈ હતા; તે બંને નાગેંદ્રગચ્છમાં થએલા મહેંદ્ર-સૂરિના શિષ્ય શાંતિસૂરિના શિષ્ય હતા. તેઓ બંનેને ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહ તરફથી 'વ્યા-ઘ્રશિશુક' (વાઘનું બચ્ચું) અને સિંહશિશુક' (સિંહનું બચ્ચું) નાં બિરૂદ મળ્યાં હતાં. આ પૈકી અમરચંદ્ર સૂરિએ 'સિદ્ધાંતાર્ણવ' નામનો મહાન ગ્રંથ રચેલો છે, અને તેમના શિષ્ય હરિભદ્રસૂરિ હતા–તેમના શિષ્ય વિજયસેનસૂરિ હતા અને તેમના શિષ્ય ઉદય પ્રભસૂરિ હતા કે જે ઉદયપ્રભસૂરિએ 'ધર્માભ્યુદય મહાકાવ્ય' નામનો વસ્તુપાલ મંત્રીના ચરિત્ર રૂપ ગ્રંથ રચ્યો છે. (જુઓ જૈન ધર્મનો પ્રાચીન ઇતિ-હાસ ભાગ ૧ હીરાલાલ હંસરાજ કૃતમાં અમરચંદ્ર સૂરિ (૧) પૃ. ૫, આનંદસૂરિ (૧) પૃ. ૭.)

આ નાગેંદ્રગચ્છના મહેંદ્રસૂરિથી તે વિજયસેન સૂરિ પર્યંતની પરંપરાનું વર્ણન સંસ્કૃતમાં પ્રાયઃ અજૈન કવિ અરિસિંહના સુકૃતસંકીર્ત્તનમાં ચોથા સર્ગમાં આપ્યું છે. તેમાં ઉપરોક્ત આનંદ અને અમરસૂરિના સંબંધમાં શાંતિસૂરિના શ્લોક પછી નીચેના શ્લોક આપ્યા છેઃ—

तत्पदेऽति विदितप्रथावथानन्द सूर्यमर
सूरि संज्ञकौ
वासमंदिरविलासमंदिरे श्रेयसां मुनिविभू
बभूवतुः ॥१९॥
शैशवेऽपि मदमत्त वादविद् वारवारणनिषा-
रणक्षमौ
यौ जगाद जयसिंह भपतिर्व्याघ्रसिंह शिशुका
विति स्वयम् ॥२०॥

આ પરથી વાઘ અને સિંહના બચ્ચાનું ઉપનામ આનંદસૂરિ અને અમરસૂરિ, સિદ્ધરાજ જયસિંહ રાજા પાસેથી મદમત્ત વાદીઓને બાલ્યકાળમાં પણ જીતી શકવાને લીધે, પામ્યા હતા એ નિશ્ચિત થાય છે. એ પૈકી આનંદસૂરિનું નામ સિદ્ધરાજના પિતા કર્ણદેવના સમયમાં પોતાનાં પાત્રને માટે સ્વીકારી તે વાઘ કે સિંહના બચ્ચાને વાદીઓ સાથે યુદ્ધ ન કરાવતાં પોતાની મનમાનેલી કલ્પનાના બળે અણછાજતા, તેમજ જૈન સાધુને માટે કુત્સિત અને નિંદ્ય કાર્યો કરતાં મી. મુનશીએ દાખવેલ છે, એમ અમને લાગે છે.

હવે આ વાત 'પાટણની પ્રભુતા' પર થઇ, તે સંબંધીનો ખુલાસો તે વખતે બહાર પડતાં પડતાં રહી ગયો. ત્યારપછી હેમાચાર્યની સરખામણીમાં મૂકવા માટે આણંદસૂરિ પોતે મૂકેલ છે એમ મી. મુનશીએ જણાવ્યું હતું, તો શ્રીમદ્ હેમાચાર્ય સંબંધમાં પોતે શું કરેલ છે તે તેમનાં ત્યારપછીનાં પુસ્તકોમાં મળી આવે છે. મંજરી સાથેનો સમાગમ અને તેથી તેમને થતો વિકાર બતાવ્યો એમાં શું હેમાચાર્યની બતાવવા ધારેલી મહત્તાની તેજસ્વીતા છે ? એ વિષેનું જે પ્રકરણ મી. મુનશીએ લખ્યું તે લખતા પહેલાં અમારી સાથે પત્ર-વ્યવહાર કર્યો હતો જે જૈનયુગના પુ. ૧ અંક ૪-૫ માં પ્રકટ થઇ ગયેલ છે; અને અમોએ અમારા તા. ૩૧-૧૦-૨૨ ના પત્રમાં બીજી અનેક બાબતો ઉપરાંત 'હેમચંદ્ર માટે કલ્પેલો પ્રસંગ જૈનોના આત્માને દુભવશે' એમ જણાવી દીધું હતું. છતાંએ મી. મુનશીએ તે કલ્પીને લખ્યો ને પ્રકટ કર્યો. એમ કરવામાં તેમનું માનસ (mentality) કેવું હોઇ શકે એ નિશ્ચિત રીતે અનુમાનમાં આવી શકે તેમ છે.

'મુંજાલને મિનલનો આશક કર્યો. ઉદાને પરસ્ત્રી અપહરણ કરનાર ચીતર્યો, આમ્રભટ્ટને મૂર્ખો-પરસ્ત્રી લુબ્ધ બતાવ્યો' વગેરે પ્રકારે અનેક જૈન ઐતિહાસિક પાત્રોને માટેનું પાત્રાલેખન થયું છે એ નિષ્પક્ષપાતી વાચકો સ્પષ્ટ સમજી શકે તેમ છે, અને તે પણ અમે અમારા ઉકત તા. ૩૧-૧૦-૨૨ ના પત્રમાં જણાવી દીધું છે.

એક વિદ્વાન્ લેખક નિરંકુશતાથી પોતાના મન માન્યા-મનગઢંત વિચારોને-ખ્યાલોને પાત્રો સાથે વણી દઇને કેટલે દરજ્જે જઇ શકે છે તેનાં જવલંત દૃષ્ટાંતો તરીકે મી. મુનશીની નવલકથાઓ છે એમ અનેક સુજ્ઞો કહી શકે છે. તેમનાં પુસ્તકો વગેરેની સાલવારી ૨૦-૩-૨૭ ના મુંબઇ સમાચારમાંથી 'મી. મુનસી વિરૂદ્ધ જઇનો' એ નામના એક ગ્રેજ્યુએટના ચર્ચાપત્રમાંથી લઇને અત્ર મૂકીએ છીએ: સન ૧૯૧૩ માં પાટણની પ્રભુતા, ૧૯૧૭ માં ગુજરાતનો નાથ, ૧૯૨૨માં રાજાધિરાજ પુસ્તકાકારે પ્રસિદ્ધ થયાં. ૧૯૨૬ માં ગુજરાતના જ્યોતિર્ધરો—પછી તેજ વર્ષમાં રા. મુનશીએ જઇન કોમની સ્ત્રી સાથે લગ્ન કર્યું સન ૧૯૨૭ ના ફેબ્રુઆરીને અંતે રા. મુનશીએ મુંબઇની ધારાસભા માટે ઉમેદવારી બહાર પાડી.

કોઇપણ પુસ્તકના પરિણામે જૈનો અને બ્રાહ્મણો વચ્ચે-હિન્દુઓ વચ્ચે વિશેષ વૈમનસ્ય ઉત્પન્ન થાય, એ કોઇ રીતે ઇચ્છવા યોગ્ય નથી. ભૂતકાલમાં શ્રમણ-બ્રાહ્મણના ઝઘડા થયા હોય અને એકબીજાએ એકબીજાની વિરૂદ્ધ લખ્યું હોય તે વાતનો આ યુગે પડદો પાડી દીધો છે અને પાડી દેવો ઘટે. આ યુગ એમ માગે છે કે હિંદુઓનું સંગઠન કરો-બલ્કે હિન્દીઓનું સંગઠન કરો. અરસપરસ સહકાર કરો, અસહિષ્ણુતાને તિલાંજલિ આપી એખલાસ કેળવો અને વધારો; છતાં ભણેલા ગણેલા મોટી ડીગ્રીઓ ધરાવતા સાક્ષરો અરસપરસ લડાલડી કરે, અને એક બીજાપર આક્ષેપો મૂકે, અને તેમાં કેટલાક અસંયમી લેખકો અમુક ધર્મ પાળતી ઐતિહાસિક વ્યક્તિઓનું ચારિત્રનિરૂપણ પોતાના જનસ્વભાવના માનેલા ધોરણપર દોરાઇને કરી તેમને નીચા-હલકા-અધમ કે અવગુણવાળા બતાવાય, તેથી તે ધર્મના અનુયાયીઓના મનમાં વિષાદ ઉત્પન્ન કરે એતો આ શાંતિઇચ્છક સંગઠનપ્રિય જમાનામાં વિષમયજ ગણાય.

૨. મી. મુનશી કમિટી.

આ કમિટી કેમ ઉપસ્થિત થઇ તે થોડાનેજ માલૂમ હશે. મુંબઇમાં મુનિ શ્રી દર્શનવિજયજીનું ચોમાસું હતું. વ્યાખ્યાનશાળામાં અનેક જાહેર વ્યાખ્યાનો-શ્રી આત્મારામજી જયંતી-શ્રી બુદ્ધિસાગરજી જયંતી આદિ પ્રસંગોએ ઉક્ત મુનિશ્રી તેમજ ન્યાયવિજયજીએ શ્રી હેમાચાર્યના પર આક્ષેપ કરતી મી. મુનશીની નવલકથાનો ઉલ્લેખ સખત રીતે કર્યો હતો અને પછી તેવા જૈન ઐતિહાસિક વ્યક્તિઓ પરના આક્ષેપો દૂર કરાવવા માટે કૉન્ફરન્સ ઓફિસપર તેમણે પત્ર લખ્યો હતો. આ પત્ર પર વાટાઘાટ ચાલતાં તા. ૨૮-૬-૨૬ ના રોજ આ પેટા સમિતિ શ્રી કૉન્ફરન્સની સ્ટૅન્ડિંગ કમિટીએ નીમી હતી, અને તેનો રિપોર્ટ તા. ૧૫-૩-૨૭ ને રોજ તે પેટા સમિતિએ પોતાની અનેક મંત્રણા-સભાઓ ભરી કર્યો હતો. આ રીપોર્ટ આ અંકમાં મૂકવામાં આવ્યો છે.

૩. પ્રોટેસ્ટ સભા.

પ્રાયઃ ફેબ્રુઆરી આખરમાં યુનિવર્સીટી ગ્રેજ્યુએટો તરફથી બહુમતિથી ચુંટાયલા ડા. પ્રાંજપેએ ધારાસભામાંથી સભ્ય તરીકે રાજીનામું આપતાં મી. મુનશી એક ઉમેદવાર તરીકે બહાર પડયા. આ બાજુ રીપોર્ટ તૈયાર થતો ગયો. ધારાસભાના સભ્ય તરીકેની ચુંટણી ૨૨-૩-૨૭ ને રોજ નક્કી થઇ હતી. આથી કેટલાક તરફથી એ પ્રશ્ન કરવામાં આવ્યો કે મી. મુનશી જૈનકોમની દુખાયેલી લાગણી શાન્ત ન કરે તો પછી જૈન ગ્રેજ્યુએટોએ તેમને વોટ આપવો કે નહિ; અને જો વોટ ન આપવો એવું જૈનગ્રેજ્યુએટનું કર્તવ્ય ઠરે તો જૈનગ્રેજ્યુએટોનું તેવા કર્તવ્ય તરફ લક્ષ દોરવું કે નહિ? આ પ્રશ્ન પર વિચાર કરવા બેસીએ તે પહેલાં મી. મુનશીની સાથે પત્રવ્યવહાર કરવો અને તેમને તક આપવી એ યોગ્ય અને પ્રથમ દરજ્જાનું કાર્ય ગણવામાં આવ્યું

અને પત્રવ્યવહાર ચાલુ થયો. ૧ લો પત્ર મી. મુનશીને તા. ૧૩-૩-૨૭ નો લખાયો કે જે પેટા સમિતિના એક સભ્ય રા. મોતીચંદ ગિ. કાપડીઆને બતાવી તેમની અનુમતિ લઇને મોકલવામાં આવ્યો હતો. આ પત્રમાં જે જે વાંધાકારક વસ્તુઓ હતી તે જણાવી તે સંબંધમાં જૈનોની દુખાયેલી લાગણીને માન આપી તે માટે યોગ્ય કરવા જણાવવામાં આવ્યું હતું. તેના જવાબમાં પોતાની ઇચ્છા લાગણી દુખાવવાની નહોતી. દુખાઇ હોય તો પોતે દિલગીર છે એવું કબૂલપણ જણાવ્યા વગર એટલું જણાવ્યું કે (ચુંટણીનો દિવસ) તા. ૨૨-૩-૨૭ પછી પોતે મળી શકે તેવો વખત આપવા જણાવ્યું; આ પરથી સામો જવાબ તા. ૧૬-૩-૨૭ નો અપાયો કે જે ખાસ વાત તેઓ સામાન્ય રીતે જણાવે એવું-ક્ષુબ્ધ લાગણીને શાંત કરવાનું વચન આપવા જેટલું પણ-વક્તવ્ય ન મળે એ યોગ્ય નથી; અને એક પ્રોટેસ્ટ સભા તુરતજમાં મળે એવો સંભવ છે માટે તુરતજ તે યા બીજે દિને મેળાપ થઇ શકે તો સારૂં, (આ પત્ર લખ્યા પહેલાં પેટા સમિતિનો રીપોર્ટ થઇ ગયો હતો) આનો ૧૭ મી માર્ચનો ઉત્તર મી. મુન્શીએ આપ્યો કે પોતાનો ઇરાદો કોઇની લાગણી દુભવવાનો કે જૈનકોમને ઉતારી પાડવાનો હતો નહિ એ વાત તેમણે વિદ્યાવિજયજી સાથેના પત્રવ્યવહારમાં (આ પત્રવ્યવહાર આ અંકમાં અન્ય સ્થળે પ્રકટ થયો છે) સ્પષ્ટ કરેલ છે. મળવાનો વખત શનિવાર તા. ૧૯ મીએ સવારે ૯ વાગે પોતાના ઘરમાં આપ્યો. મુનિશ્રી વિદ્યાવિજયજી સાથેના પત્રવ્યવહારમાં કરેલો ખુલાસો અસંતોષકારક હતો એ તે વાંચતાં જણાશે (અને એ ખુદ ઉક્ત મુનિશ્રીના ધર્મધ્વજ પત્રના ગત ચૈત્ર સુદિ ૧૪ ના અંકમાં 'શ્રીયુત મુનશી અને જૈન સમાજ' એ મથાળા નીચે જણાવવામાં આવ્યું છે) એમ જણાવી તૈયાર થયેલ રીપોર્ટ તા. ૧૮-૩-૨૭ ને રોજ રાત્રે મળનારી જાહેરસભામાં મૂકવામાં આવશે ને તે વખતે યોગ્ય ઠરાવો થશે તો મળવાનો વખત તે ૧૮ મીએ દિવસના ત્રણ વાગ્યે મુંબઇ-માંગરોળ જૈન સભાના હોલમાં રાખવો વધારે યોગ્ય થશે, આનો જવાબ મી. મુનશીએ આવેશમાં આવી જઇ પત્રવ્યવહારની સભ્ય મર્યાદા ઉલ્લંઘી જઇ જે તા. ૧૭-૩-૨૭ નો જણાવ્યો તેનો સાર અત્રે મૂકવાની જરૂર નથી કારણકે તે સમગ્ર વાંચવાની જરૂર છે. આ સમગ્ર પત્રવ્યવહાર જાહેર છાપામાં છપાઇ ગયો છે. અને આ પત્રના ચૈત્ર અંકમાં આ સાથે પ્રકટ કરવામાં આવ્યો છે.

૪. આ સંબંધે 'ગુજરાતી'નું વક્તવ્ય.

જૈન પત્રોના સુર જુદે જુદે સ્થળેથી નીકળ્યા છે તેમજ જૈન સમાજમાં જુદે જુદે ગામે જે ઠરાવો થયા છે તે એક બાજુએ અત્યારે રાખી, 'ગુજરાતી' પત્રનું ૨૦ મી માર્ચ ૨૭ ના અંકમાં જે અધિપતિની નોંધ 'જૈનો અને મી. મુનશી' એ મથાળા નીચે લખવામાં આવી છે તે અત્ર ઉતારીએ છીએઃ-

"મી૦ કનૈયાલાલ માણેકલાલ મુનશી ગુજરાતી સાહિત્યમાં એક વાર્તાકાર તરીકે વાર્તાનું વસ્તુ ગુંથવામાં કાંઇક નવીનતા હોવાથી એમની પ્રારંભની વાર્તાઓએ ચોક્કસ વાચકવર્ગનું સારૂં આકર્ષણ મેળવ્યું; પણ ત્યાર પછી આ વાર્તાઓની મૌલિકતા સંબંધમાં વિચારવા યોગ્ય ચર્ચા ઉપસ્થિત થયેલી છે અને નિઃશંક તજ્જ્ઞ વિદ્વાનો કહે છે અને માને છે કે આ વાર્તાઓનાં પાત્રો અને તેમના આત્મા ફ્રાન્સના જાણીતા નવલકથાકાર હ્યુમાનાં છે, પણ મી૦ મુનશીએ વેશપાલટથી એ પાત્રોના દેહને ગુજરાતના લોકોનાં વસ્ત્રો પહેરાવેલાં છે અને પાત્રોના જીવનને ગુજરાતીઓનો, સાંપ્રત જમાનાના નવ ગુજરાતીઓનો રંગ ચઢાવવા પ્રયાસ કર્યો છે. આ પ્રમાણે લેખકો પોતાની કાલ્પનિક વાર્તાઓ માટે એક નવી સૃષ્ટિ ઉત્પન્ન કરે તેમાં તો કાંઈ ખાસ વાંધા જેવું લેખી શકાય નહીં. પણ મી૦ મુનશીએ તો પોતાની વાતોને ઇતિહાસનું સ્વરૂપ આપવાને ગુજરાતના ઇતિહાસનાં મશહુર અને લોકસંમાન્ય પાત્રોને લીધાં છે તેમ બીજી કેટલીક વાર્તાઓમાં પૌરાણિક પાત્રોની યોજના કરી છે, અને તેમાં એમણે એ લોકસંમાન્ય પાત્રોના પાત્રત્વને, વ્યક્તિત્વને વિકારશીલ, કહો કે દુષિત કર્યું છે; અને એથી તે સામે ગુજરાતના રસજ્ઞ વાંચકોએ વાંધો ઉઠાવેલો છે, કારણ કે આ કહેવાતી ઐતિહાસિક વાતોના વાંચનથી લોકોમાં એ સંમાન્ય પત્રોનાં ચારિત્ર્ય આદિ સંબંધમાં અશ્રદ્ધા અને ભ્રમ ઉત્પન્ન થાય અને ખોટા વિચારો બંધાય એવો સંભવ છે. આમાં પણ લોકોમાં પૂજ્ય મનાતાં પાત્રો જાણે અપવિત્ર ભાવનાઓવાળાં હોયા વિનાનાં અને કસોટીના અગ્નિમાં શુદ્ધ થયા વિનાનાં હોઇ શકેજ નહિ એવો ખ્યાલ મી૦ મુનશીની

વાર્તાથી બંધાવાને લીધે લોકોનો તેમની વાર્તારીતિ સામે તીવ્ર વિરોધ જગ્યો છે. મી૦ મુનશીએ જે પોતાની વાર્તાની પ્રસ્તાવનામાં, વાચકોએ એ વાર્તાઓનાં પાત્રોને સાચાં ઐતિહાસિક લેખવાં જોઇતાં નથી, પણ તેમનાં ચરિતોમાં રસ જમાવવા માટે પોતે કલ્પનાનો ઉપયોગ કરેલો છે માટે કાલ્પનિક પાત્રો માનવાં ઘટે છે એટલુંજ જો સ્પષ્ટ સ્વીકાર્યું હોત તો કોઇને વાંધો લેવાનું કારણ રહેતે નહિં. પણ મી૦ મુનશીએ અવરવર ટીકાબાણો છૂટવા છતાં એવો ખુલાસો નહિં કરતાં ઉલટું કઠોર મૌનનું અવલંબન કર્યું છે; અલબત્ત તેમાં એક અપવાદ તેમણે કરેલો છે. "સ્વપ્ન દૃષ્ટા"માં હજરતપાક પેગમ્બર સાહેબના સંબંધમાં ઈસ્લામીઓને આશ્ચર્યચકિત ત્વરાથી સંતોષવાનું યોગ્ય વિચાર્યું છે. પરંતુ જૈનોનો પણ એવોજ વાંધો હોવા છતાં તેમને ઘટતો સંતોષ આપવામાં અસાધારણ વિલંબ લગાડયો છે, તેથી કુદરતી રીતે જૈનોમાં ઘણો કચવાટ ઉત્પન્ન થયો છે. મી૦ મુનશીએ જેમ ઈસ્લામીઓને સંતોષ આપવાને યોગ્ય વિચાર્યું તેમ જૈનોને પણ સંતોષ આપવો જોઇતો હતો. પણ તેમણે તેમ નથી કર્યું એ સહજ આશ્ચર્યકારક છે. જૈનોએ તેથી સ્વાભાવિક રીતે પ્રેરાઇને તા૦ ૨૯-૮-૨૬ને દિને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પાસે એક કમીટી નીમાવરાવી અને મી૦ મુનશી પાસેથી ઘટતો ન્યાય અને સંતોષ મેળવવાને યોગ્ય ચળવળ કરવાની શરૂઆત કરી હતી. પણ એ સંબંધમાં પ્રસિદ્ધ થયલા પત્રવ્યવહારથી જણાય છે તેમ મી૦ મુનશીએ આ બાબતનો તાત્કાલિક નિકાલ આણવાને અને જૈનોને સંતોષ આપવાને ઘણો લાંબો વિલંબ લગાડયો. એટલે યુનીવર્સીટી તરફની તેમની ઉમેદવારીનો આબાદ મોકો આવતાં જૈનોએ પોતાના વિરોધ અને ધંધાને મૂર્ત સ્વરૂપ આપવાને અનુકૂળ તક એકદમ હાથમાં લીધી છે. જૈનોએ તા૦ ૧૮ મીની રાત્રે મુંબઇ માંગરોલ જૈન સભાના હોલમાં એક જાહેર સભા ભરી ઠરાવ કર્યો છે કે "દિલગીરી જાહેર કરવા તથા ભવિષ્યમાં તેવાં લખાણો નહી લખવાની ખાત્રી આપવા માટે પૂરતી તક આપ્યા છતાં તેમણે તેમ કર્યું નથી માટે આ સભા ઠરાવ કરે છે કે જ્યાં સુધી મી૦ મુનશી સંતોષકારક જવાબ અને ઉપર્યુક્ત પ્રકારની ખાત્રી ન આપે ત્યાં સુધી વિરોધની નિશાની તરીકે જૈન મતદારોએ મી૦ મુનશીની તરફેણમાં મત આપવો નહીં તેમ મત મેળવી આપવામાં સીધી કે આડકતરી રીતે મદદ આપવી નહીં." આ સંબંધમાં અમારે એટલું કહેવું જોઇએ કે જૈનોનું આ પગલું સહજ છે તેટલુંજ અવસરને યોગ્ય નથી. અલબત્ત જૈનો મી૦ મુનશી પાસેથી ન્યાય મેળવવા અને સત્ય સ્વીકારાવવા ઘટતું મથન કરે તે સામે કોઇને વાંધો હોઈ શકે નહીં. પણ ધાર્મિક ચળવળને રાજકીય ચળવળ સાથે ભેળવી દેવામાં ભૂલ થઇ છે, એમ અમારૂં કહેવું અને માનવું છે. અલબત્ત મી૦ મુનશીએ ઇસ્લામીઓને ત્વરાથી સંતોષ્યા અને જૈનોને ના સંતોષી પોતાનો વિરોધ બતલાવ્યો તેથી કુદરતી રીતે જૈનોને ખોટું લાગે, એ ખરૂં. પણ મી૦ મુનશી યુનીવર્સીટી તરફથી ધારાસભામાં જવા માટે ઉમેદવાર તરીકે બહાર પડયા એ તકનો લાભ લેવા કેડ કસી છે, એટલે કે સાણસામાં સાપ સપડાતાં તેને વશ કરવાનો મોકો હાથમાં લીધો છે અને મી૦ મુનશી સામા પોતાનો વિરોધ દર્શાવ્યો છે, તે માટે જૈનોને મુબારકબાદી મળે એવું અમે માનતા નથી. ધાર્મિક પ્રકરણમાં મતભેદ હોવાને કારણે રાજદ્વારી પ્રકરણમાં તે મતભેદના વેરની વસુલાત લેવાય તે આવકારદાયી નથી. ઘણા પ્રતિનિધિઓ પોતાના ધાર્મિક વિચારો પ્રમાણે સમાજ અને સંસારના ઘાટ ઘડાવવા માટે ધારાસભામાં ગયા પછી પ્રયાસો કરે છે તે જેમ વાંધા પડતા છે તેમજ મતદારો પણ પ્રતિનિધિઓ-પર પોતાના ધાર્મિક મતનો પડઘો પાડવાનું દબાણ કરે તે પણ યોગ્ય નથી. અમે બંને વસ્તુ નાપસંદ કરીએ છીએ. અને તેજ પ્રમાણે લેખકો પાત્રોને કલ્પનાના રંગો ચઢાવેલા હોય ત્યાં તેનો સ્વીકાર ન કરવાને આગ્રહી બને અને ઐતિહાસિક પાત્રોને વિકૃત સ્વરૂપમાં રજુ કરવાની જીદ લે તે પણ ઇષ્ટ નથી. પ્રસ્તુત પ્રકરણ સંબંધમાં જૈનોએ જૈન ગ્રેજ્યુએટોને સલાહ આપનારા પત્રો મોકલાવ્યા છે કે મી૦ મુનશીને તમારે ઉપયુકત કારણે મત ના આપવો, એ પગલું અમને ઉપર્યુકત લાગતું નથી. તેમ મી૦ મુનશી જે વિરોધ અટકાવવામાં કુશળ છે તે આ પ્રસંગે કેમ ચૂકયા તે પણ એક આશ્ચર્ય છે. આવી તકરારોને અંગે બીજાઓ કાવી જાય છે, જ્યારે નિરર્થક આગ્રહી થવામાં કોઇ જાતનો લાભ કે મહત્તા નથી."

૫ છેવટે—

અમે હૃદયપૂર્વક એ જણાવીએ છીએ કે 'લોક સમૂહ' ઉછળી જાય એ સ્વાભાવિક છે. ચુંટણીના સમયનો મોકો લઇ મી૦ મુન્શીને મત ન આપવા બાબતનો ઠરાવ કરવો એની યોગ્યતા અયોગ્યતા માટે મતભેદ હોય. છતાં રા. મુન્શી જેવાએતો સમજી થઈ આખી કોમની ક્ષુબ્ધ લાગણીને માન આપી તેને યોગ્યરીતે સંતોષવી ઘટે અને એક સાક્ષર તરીકે તેઓએ તે પ્રકારની પ્રામાણિકતા બતાવવી ઘટે.

કમિટી સંબંધમાં રા. મોતીચંદભાઇએ જે ગેરસમજુત ઉભી કરી છે તે દૂર કરવા અમારૂં વકતવ્ય સ્થાનાભાવે મોકુફ રાખીએ છીએ. અમે તો આ પ્રકરણ સર્વપક્ષને સંતોષ મળે તે રીતે પૂર્ણ થાય એજ અને એજ ઇચ્છીએ છીએ. એમ થશે માટે આવેશમય ન થવું એ વાતતો ઉપરોકત પ્રોટેસ્ટ સભામાં અમે વ્યકત કરી હતી. આગ્રહ તૂટે, શાંત પ્રકૃતિ ઉદયમાન થાય, સ્વચ્છ અને પ્રેમમય વાતાવરણ ઉત્પન્ન કરવાના પ્રયત્ન થાય તો એ ઇચ્છા પાર પાડવામાં વિલંબ ન લાગે, એવો અમને વિશ્વાસ છે. કવિ ખબરદારે વસન્તોત્સવમાં જેની હોળી કરવી ઘટે તે બતાવ્યું છે તેમાંથી એકજ કડી અત્ર ઉતારીએ છીએ કે:—

દ્વેષ, પ્રમાદ, કુસંપ વસે ત્યાં જંપ મળે પળ કેને ?
કરો જુગોની સુખ ઘાતક એ મૂરખતાની હોળી !
આવો કરીએ આજે ભારતની સૌ અલાબલાની હોળી !

૬. સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ—

આ સંબંધે ગત પોષના અંકમાં ૨૦૨ માં પૃષ્ઠ પર જે અમે લખ્યું હતું તેમાં એ પણ હતું કે:-

'ઠરાવોમાં કેળવણી, હાનિકારક રિવાજો દૂર કરવા વિગેરે સંબંધી ચુપકીદી અમને તાજુબીમાં નાંખે છે.'

આ કથન પર સ્થા. જૈન કો. પ્રકાશના તંત્રીએ પોતાના ૪-૩-૨૭ ના પત્રથી અમારૂં ધ્યાન ખેંચી જણાવ્યું કે 'મુંબઇના અધિવેશન પ્રસંગે કેળવણી અને હાનિકારક રિવાજો ઉપર વધારે જોર દેવામાં આવ્યું છે. તે પ્રસંગે લગભગ ૩૨ ઠરાવો પાસ થયા છે, જેમાંના નં. ૭-૮, ૧૨, ૧૭, ૨૫ અને ૨૮ એ ઠરાવો પ્રતિ ખાસ આપનું લક્ષ ખેંચવામાં આવે છે. આશા છે કે આથી આપની તાજુબી દૂર થશે.'

અમે એ ઠરાવો વાંચ્યા, ને અમારી તાજુબી દૂર થઈ છે એટલુંજ નહિ પણ ઉલટો અતિ આનંદ થયો છે, અને અમારી અમુક એક પત્રમાં આવેલા ઠરાવો તે બધા ઠરાવો હશે એમ સ્વીકારી થયેલી ભૂલ જાહેર કરીએ છીએ. ઉકત જે ઠરાવો પર અમારૂં લક્ષ ખેંચ્યું છે તે એ છે કે

(૭) કોઈ પણ સ્થાનના પંચે નાના નાના ગુન્હાઓ માટે આરોપીને જન્મભર માટે જ્ઞાતિબહાર ન મૂકવો. (૮) કેળવણીનો ઠરાવ—આ પરિષદ દરેક પ્રકારની શિક્ષાની સાથે સાથે તેના પ્રમાણાનુસાર પૂરતું ધાર્મિક શિક્ષણ રાખીને એક સ્થાનકવાસી જૈન શિક્ષા પ્રચાર વિભાગ સ્થાપિત કરે છે. અને તે દ્વારા નીચે લખેલાં કાર્યો કરવાની સત્તા જનરલ કમિટીને આપે છેઃ ૧ ગુરૂકુળ સમાન સંસ્થા સ્થાપન કરવાની જરૂરીયાત આ કોન્ફરન્સ સ્વીકારે છે, અને જનરલ કમિટીને સૂચના કરે છે કે ફંડની અનુકૂળતા થતાંની સાથેજ ગુરૂકુળ ખોલવામાં આવે; ૨ જ્યાં જ્યાં કોલેજ હોય ત્યાં ત્યાં ઉચ્ચ અને માધ્યમિક શિક્ષણ લેવાવાળા વિદ્યાર્થીઓ માટે છાત્રાલય (Boarding House) ખોલવું તથા સ્કોલરશિપ આપવાની વ્યવસ્થા કરવી, ૩ ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરવા માટે ભારતવર્ષથી બહાર જવાવાળા વિદ્યાર્થીઓને લોન (loan) છાત્રવૃત્તિ આપવી. અને કોલેજીયન વિદ્યાર્થીને કળાકૌશલ્ય, શિલ્પ અને વિજ્ઞાનની ઉચ્ચ શિક્ષા પ્રાપ્તિ માટે સ્કોલરશિપો આપવી. ૪ પ્રૌઢ અધ્યાપક અને અધ્યાપિકાઓ તૈયાર કરવી. ૫ સ્ત્રી શિક્ષા માટે સ્ત્રીસમાજોની સ્થાપના કરવી. ૬ જૈન જ્ઞાનપ્રચારક મંડળ દ્વારા નિશ્ચિત થયેલ યોજનાને કાર્યમાં પરિણુત કરવી તથા જૈન સાહિત્યનો પ્રચાર કરવો. ૭ હિન્દી અને ગુજરાતી બંને વિભાગ માટે જુદી જુદી સેંટ્રલ લાઇબ્રેરી સ્થાપિત કરવી તથા પબ્લિક લાઇબ્રેરીઓમાં જૈન સાહિત્યના કબાટો મૂકવા. (૧૨) મહિલા પરિષદના અધિવેશનની પણ આ કોન્ફરન્સને બહુ જરૂર. (૧૭) શ્રાવિકાશ્રમની આવશ્યકતા (૨૫) બાળલગ્ન, કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ, અનેક પત્નિઓ કરવી વગેરે કુરિવાજો નાબુદ કરવા (૨૮) બ્રહ્મચર્યાશ્રમ અથવા ગુરૂકુળની જરૂર. તે માટે જૈન ટ્રેઇનિંગ કોલેજ સાથે તેની વ્યવસ્થા; તે માટે નીમેલી કમિટી.

આ ઉપરાંત અમે નહિ નોંધેલા ઠરાવો એ છે કે જોધપુરના મહારાજાને માદીન પશુઓની પોતાના સ્ટેટમાં હમેશને માટે બંધ કરેલી નીકાસ માટે ધન્યવાદ, ભારતના સ્થાનકવાસીઓની ડીરેકટરી દશ દશ

વર્ષે કરવી, સાધુ સંમેલનની આવશ્યકતા, બીકાનેર જૈન ટ્રેઇનિંગ કોલેજના સંચાલકોને ધન્યવાદ, અર્ધ માગધીકોષ માટે સરદારમલજી ભંડારીને ધન્યવાદ, ઉદેપુરના મહારાજ કુમારને પાર્શ્વનાથ જયંતિ દિન પોષ વદ ૧૦ ને જાહેર અગતો પળાવવાના હુકમ માટે ધન્યવાદ વગેરે. છેવટે અમારાથી અજાણ્યે થયેલ ભૂલ માટે અમો ક્ષમા ચાહીએ છીએ.

૭. શેઠશ્રી ગુલાબચંદ દેવચંદનું શોકજનક અવસાન.

માત્ર ૩૮ વર્ષની વયે આ સમાજમાં ગુલાબના પુષ્પસમા સુવાસી સંસ્કારી વિદ્વાન્ લક્ષ્મીપુત્ર સમાજના દુર્ભાગ્યે ગત માર્ચની ૮ મી તારીખે આ લોકમાંથી અદૃષ્ટ થયેલ છે. તેમને અંગ્રેજી ભાષાનું સારૂં જ્ઞાન હતું અને તેમનામાં સાર્વજનિક સેવાના સંસ્કારો યુવાન વયમાં પહેલા પ્રથમ સુરત કોંગ્રેસ થઇ ત્યારે ઝળકયા હતા. જૈન સમાજ પ્રત્યે પોતાની અનુકુળતા છેવટ સુધી હતી. જૈન એસોસીએશન ઑફ ઇંડિયાના પ્રમુખ તરીકે સુન્દર કાર્ય કર્યું હતું. વેપારી અને ઝવેરી તરીકેની ખ્યાતિ સારી મેળવી હતી અને ઝવેરી મહાજન, મુંબઇની વ્યાપારી ચેંબર્સ, ધર્માદા કાંટાના ફંડ વગેરેમાં ઘણાં કામકાજ કાર્યકુશળતાથી કર્યા હતાં.

કેટલીકવાર ઉંચી પદવીએ પહોંચવા પછી કોઇ કોઇ પોતાના સમાજ અને સંપ્રદાયને વિસારી મુકવામાંજ પોતાની પ્રતિષ્ઠા સમજે છે. સ્વ. ગુલાબચંદ ઝવેરીને એ સંકુચિત ભાવના સ્પર્શી શકી ન હતી. સરકારી, વ્યાપારી રાષ્ટ્રીય સંસ્થાઓમાં માન અને પ્રતિષ્ઠા પામવા છતાં છેલ્લી ઘડી સુધી જૈન સંઘ અને સમાજના એક સેવક તરીકે ઓળખાવવામાં પોતાનું ગૌરવ માન્યું હતું.

તેમણે જૈન કૉન્ફરસની ઓછી સેવા બજાવી નથી. જ્યારે કૂટ પ્રશ્નો ઉપસ્થિત થતા, અને સંજોગોની ગંભીરતા થઇ પડતી ત્યારે પોતાની પુક્ત અને પ્રામાણિક સલાહ આપવા ચૂકતા નહિ, એટલું જ નહિ પણ પોતાની હાજરીની જરૂર પડતી ત્યારે આવી કાર્યને હાર પાડવામાં કદી હઠતા નહિ.

શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીમાં તેઓ સુરતના તરફથી એક પ્રતિનિધિ હતા, અને જાન્યુઆરી ૧૯૨૬ માં તેની ભરાયેલી સભામાં તેમણે કુશલતાથી લીધેલો ભાગ અમારા હૃદયમાં તાજો છે. સાત આગેવાનોની કમિટી નીમાવવામાં તેમનું અગ્રકાર્ય હતું. તે વખતના પ્રત્યક્ષ પરિચયથી તેઓ અમને એક 'ગુલાબી' આનંદી સજ્જન યથાર્થપણે જણાયા હતા.

સાહિત્યનો બહુ શોખ હતો. ગુજરાત સંસદમાં તેમણે જોડણી સંબંધી કરેલ વિવેચન ઘણું માર્મિક છતાં સ્વચ્છ હાસ્ય અને વિનોદ ઉત્પન્ન કરનારૂં હતું તે સાંભળી તેમનાં ગુજરાતી સાહિત્ય સાથેનો દીર્ઘ સમાગમ સ્પષ્ટ જોવામાં આવ્યો. તેમણે અમને એક વખત ખાસ કહેલું કે 'તમે ખૂબ લખો–તમારા જેવી મારી પાસે 'Facile Den' હોત તો હું કેટલુંયે લખી નાંખત'–આ માટે એમનો અમોએ આભાર માન્યો, છતાં અમોએ જણાવ્યું કે 'આપ લખો તો જરૂર સુંદર લખી શકો. લખવા માંડો કે તમારી કલમ અખંડિત પ્રવાહમાં ચાલી જશે વગેરે વગેરે.'

તેમનામાં મોટામાં મોટા સદ્‌ગુણ દરેક સાથે પ્રેમભાવ, અને ગુસ્સાનું કારણ હોય તે છતાં ક્રોધાવેશવાળા થયા વગર શાંતિથી વર્ત્તાવ રાખી વાતચીત કરી તોડ કાઢવાનો, યા સર્વને પ્રસન્નતા બતાવવાનો હતો. આ ગુણ દરેક આગેવાનમાં હોય તો કેટલું સારૂં!

ટુંકામાં તેમના અવસાનથી જૈન સમાજે એક સજ્જન, શાંત, નિર્માની, નિર્ભય, સેવાપ્રિય આગેવાન ગુમાવ્યો છે અને એવા આગેવાનની જગ્યા લેનાર નજદીકના ભવિષ્યમાં સાંપડશે કે નહિ, એ વિચારે હૃદયને અતિ આઘાત થાય તેમ છે. ખરતા તારાની પેઠે એક પછી એક આગેવાનો ખરતા જાય છે શેઠ મોતીલાલ મૂળજી, શેઠ હીરાલાલ બકોરદાસ, શેઠ નરોતમ ભાણજી વગેરે ગયા. છેવટે 'ગુલાબ' પરિમલ વિસ્તારી ચાલ્યો ગયો. પ્રભુ! તેમના આત્માને શાંતિ, સમાધિ સાથની સદ્‌ગતિ આપો.

'કિત્તિય વંદિય મહિયા જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા, આરુગ્ગબોહિલાભં સમાહિવરમુત્તમં દિંતુ'.

અમારો સત્કાર.

[જૈન ઇતિહાસ-સાહિત્ય અંક]

(૧)

મુલુંદ, તા. ૩-૨-૨૭.

આત્મબંધુ મોહનભાઇ,

'જૈનયુગ'નો નવો અંક કાલે પહોંચ્યો. એના પર અવલોકન—પ્રસિદ્ધ કરવા ખાતર અવલોકનો લખાય છે તેવું—લખવાનો મ્હારો આશય ન જ હોય તે તમ્હને ભાગ્યે જ કહેવું પડે. મ્હને અને એ સામ્પ્રદાયિક Organsને સંબંધ શો? પણ મોહનભાઇ મ્હારા, એટલે એમના પોતાના વિકાસને એમના કાર્યદ્વારા જોઇ જે ખુશાલી સ્ફુરે તે તમ્હેમને પોતાને જણાવવા પુરતો આ પત્રનો આશય.

'સાહિત્ય' સંબંધી મ્હારો ખ્યાલ અનેક 'ટુંકા'વાળા શત્રુંજય જેવો છે. જે નસીબવંતી ઘડી હું મ્હારા શત્રુંજયની અંતીમ 'ટુંક' પર ગાળતો હોઉં છું તે ઘડીએ મ્હને 'સાહિત્ય' એવી ભાવના (Concept) પણ થવા પામતી નથી તો એ કામની ચીજ કે નકામી, સારી કે ખોટી એવા તર્કોને તો જગા જ શાની હોય? એથી નીચાણની 'ટુંક' પર બેઠો હોઉં છું ત્યારે મ્હને સાહિત્ય પ્રફુલ્લિત કરતા પવન તરીકે સ્પર્શ છે—સ્થૂલરૂપે નહિ; અને પવન વીરોની પ્રકૃતિ રૂપે હોય છે. એમાં મહાવીર, કૃષ્ણ, રામ, નિત્શેનાં જીવનની સુગંધ માત્ર હોય છે, હકીકતો નહિ અને વાઙ્મય પણ નહિ. ભયંકર તીણા, છાતીને વીંધીને કાળજામાં પહોંચે એવા એ વાયરાની સુગંધીની અને કાળજાને સ્પર્શ્યા પછી એને થનથનાટ કરતું બનાવી દેવાની એની શક્તિની શું વાત કરૂં અને કરૂં તો માનશેય કોણ? કારણકે માનવા-ન માનવામાં 'આધાર' મંગાય છે Logicનો કે Historyનો કે પ્રમાણભૂત મનાયલા પુરૂષોનો! અને મ્હને એમાંના એકકેની ગરજ પાલવી નથી, બલ્કે એમાંનું કાંઇ આજસુધી શીખવા કોશીશ કરી નથી! એક વધુ નીચાણની 'ટુંક' પર આવું છું તો ત્યાં 'સાહિત્ય' નહિ પણ "સાહિત્ય શોધકો"—તમ્હારા જેવા 'ઢુંઢકો'-(તમ્હને ઢુંઢક શબ્દ તો શું પણ ઢુંઢક તરીકે જન્મેલાના નામને પણ મુખેથી ઉચ્ચારતાં 'ડર' લાગે છે, પણ તમ્હે પોતે 'ઢુંઢક' (અર્થાત્ શોધક) છો એ બાબતમાં કોઇબાથી પણ નાઇનકાર જવાય તેમ નથી!) એક 'સમૂહ' તરીકે મ્હારી નજરે પડે છે. કૃષિકારની ભોળપથી અને એવી જ મહેનતથી તેઓ અહીંતહીં આથડી-ભટકી બીજ એકઠાં કરતા, વાવતા, પાણી પાતા, લણતા નજરે પડે છે. શું એમની મજુરી, શું એમનું ધૈર્ય, શું એમનો ભાવીપર ભરોંસો! ખેતીનો પાક તો સારામાં સારા વર્ષા આદિના સંજોગો મળી આવે ત્યારે પણ—આખી જીંદગીના ભાગ્યેજ ૨-૩ વર્ષની 'જરૂરીઆતો' માત્ર પુરે એટલોજ હોય છે; પ...ણ, એ ખેતીનું બીજું ફળ કોણ જાણે છે! કુદરતનું આખું શરીર એક પછી એક પડદા દૂર કરી એની રહામે ખુલ્લું થવા પામે છે. કુદરતના હાર્દ સાથે તે એકાકાર થાય છે. તમ્હારા આજના અંકમાં બિલ્હણની સુરત ક્રિયા આલેખવામાં આવી છે, તે બિલ્હણ આજની સુરત શક્તિ ગુમાવી બેઠેલી જનતાથી તો કંઇ ગુણી વધારે ઉત્તમ ક્રીડા કરી શક્યો, પણ હજી એમાં 'કાલકૂટ' જોવાનું ભૂલી ન શક્યો અને 'વાડવાગ્નિ'થી બળતો જ રહ્યો, જ્યારે ઉક્ત કૃષિકાર કુદરતથી જે એકાકારપણું પામે છે તમ્હેમાં એને કાલકૂટ અને વાડવાગ્નિ નડતાં જ નથી. ત્યારે વધારે ઉન્નત સાહિત્યકાર કોણ: કવિ કે બેડૂત? એ જ બેડૂતની માફક તમ્હે સાહિત્યકૃષિકારો લાંબો વખત શ્રદ્ધાપૂર્વક મથતાં મથતાં એક દિવસ કુદરતના સર્વ ભેદો પામવાના. હમણાં તો એનીજ માફક માટી અને ધૂળ (ભાષા અને વ્યાકરણ) ચુંથવા પડશે, પણ **ઉપરથી** સૂર્ય અને **ચોતરફથી** પવન અને **અંદરથી** વસુંધાનો અર્ક જેમ જેમ મળતો જશે તેમ તેમ કાંઇ નહિ ધારેલું-નહિ આશા કરાયલું-ઉડતા પક્ષી જેવું એકાદ રહસ્યજ્ઞાન અંદર ઉગી આવશે અને બાહ્ય પાક કરત

અનંત કિમતનું એ ફળ કાંઇ અલૌકિક જ શકિત અને આનંદ આપશે. આ ઘટનાના ક્રમમાં શ્રદ્ધા હોવાથી જ હમારૂં માસિક અવલોકું છું. મહને એમાં ખેડૂત મોહનનું શરીર પહેલા કરતાં વધુ દૃઢ અને ખીલેલું જણાય છે.

હમે પોતે ૧૨૪ પૃષ્ટ પર 'સ્વાધ્યાય'નું સ્વરૂપ સમજાવવા ટુંકમાં કોશીશ કરી છે, તે જોઇ હર્ષ થયો. પ્રાકૃત વર્ગ જેને 'સજઝાય' કહે છે તે જ તે સ્વાધ્યાય. એ ક્રિયાસૂચક શબ્દ છે; કોઇ ભાવના માત્ર નથી. હરેક મનુષ્ય, હરેક ચીજ, હરેક ઘટનાની સજઝાય કરાય ત્યારે મનુષ્ય 'દેવ' બને. અને રખે માનતા કે વાચનાના ૫ પ્રકાર **પાડી બતાવવામાં** જૈનશાસ્ત્રકારોએ એ કાંઇ નવીન શોધ હાથ કરી છે. એ તો સ્વાભાવિક ઘટનાનો ઉલ્લેખ માત્ર છે અને દરેક psychologist તે વગર વાચને જાણતો હોય છે. પણ સાધકોલોજી જેની પ્રકૃતિમાં નથી અને શબ્દના અર્થની પેલી પાર જવાનું તો દૂર રહ્યું પણ અર્થનેય મેળવવાની ગરજ જેનામાં ઉગી નથી એવા જૈનોને હમે આટલું કહીનેય મ્હોટો લાભ કર્યો છે એમાં શક નથી. પાંચ stagesમાં ચોથું stage Reflectionનું છે; પણ Reflectionની પીછાન આપવાનું રહી ગયું છે. કદાચ આશ્ચર્ય લાગશે કે વિદ્વાનો અને સાહિત્યકારો જ્યારે ચાર શ્રેણીએ ઉદ્યમપૂર્વક ચ્હડે ત્યારે Reflectionની ભૂમિકાને જરા સ્પર્શવા પામે; પણ born poet અને thinker અને philosopher તો Reflectionથી પ્રારંભ કરે! પહેલી ત્રણ ભૂમિકા એના પગ નીચે જ રહેતી હોય, અગર વધુ નમ્ર શબ્દમાં કહું તો, ચાર શ્રેણિપર એક સાથે એકી વખતે તે ચ્હડતો હોય. હમે જે પાંચમું પદ 'ધર્મોપદેશ' એવા શબ્દથી ઓળખાવ્યું હેને વાંચતાં મ્હારા ભાનમાંથી ધર્મ કે ઉપદેશ બન્ને ભાવો ખસી જઇને માત્ર Action, flowing એટલુંજ દૃશ્ય ખડું થાય છે. Reflection થયા બાદ મનુષ્ય જે કાંઈ કાર્ય કરે પછી તે 'સુરત'નું હોય કે ધર્મોપદેશનું– reflectionમાં મળેલા અનુભવથીજ નીપજતું હોય. એ કાર્ય માત્ર reflectionનું ગતિમાન થવાપણું હોય. આજના જૈનો કે અજૈનો reading પણ કરી જાણતા નથી અને બહુ તો re-captulating કે બહુ તો perverted and distorted thinking સુધીજ આવી શકે છે–અને તે પણ પ્રયત્ને, નહિ કે સ્વ-ભાવતઃ—હેમના નશીબમાં raflection અને એના સ્વાભાવિક પરિણામ રૂપ ધર્મોપદેશક્રિયા કયાંથી? પૃષ્ઠ ૧૮૫ પરના રા. કૃષ્ણલાલભાઇના શબ્દો "They acted and reacted on each other" મ્હારા અનુભવના પડઘા રૂપ લાગ્યા. જૈનો અને અજૈનો આટલા વર્ષ ભેગા વસ્યા પછી, હજારો ખાંડી કાગળો કાળા કર્યા પછી, આજે પહેલી વાર આટલું જ સત્ય શિખવા પામ્યા હોય તો હિંદની 'પ્રગતિ' કેટલી ધીમી છે તે સ્હેજે અને દુઃખ સાથે જોઇ શકાય છે. અજૈન કહેવાતાઓ હજી આટલે દિવસે પણ એટલું સત્ય જોઇ શકયા, પણ જૈનો તો એટલુંય નથી કરી શકયા. કારણ કે તેઓ હજી Action, thought અને word ત્રણેને ખાસ જૈન રૂપમાં જ ગોંધી રાખતા દેખાયા છે. એ જો શક્તિનું કાર્ય હોત તો હું એમની એ મહત્વાકાંક્ષાપર આફરીન થાત, પણ એ દૌર્બલ્યનું કાર્ય છે એવી મ્હને સમાજમાં આટલાં વર્ષ ગાળ્યા બાદ ખાત્રી ન થાય એમ ભાગ્યે જ બને. પ્રાચીન ગ્રીસ નહાનું છતાં સમસ્ત જગત્ પર તેણે વિજય મેળવ્યો હતો અને ગ્રીક પ્રકૃતિ અને સાહિત્યે પણ જય મેળવ્યો હતો, તે છતાં એણે કાંઇ જૈનો માફક ખાસ પરિભાષાનો મોહ કર્યો નહોતો. જૈનોએ પોતાની ખાસ પરિભાષા કરી એમાં મહાવીર જેવા સમર્થ આત્માનો કાંઇજ હાથ ન હતો, એ તો પંડીતોનો મોહ હતો અને તે ટુંકી દૃષ્ટિનું અભિમાન હતું, જેણે કહેવાતા મુઠીભર જૈનો સિવાયની તમામ જનતાને જૈન આમ્નાયોચીઆમાં શું બને છે અને શું એની ભાવનાઓ છે તે જાણવાની ઇચ્છા થાય તો પણ એમ થવા ન પામે એવું અશક્ય બનાવી દીધું હતું. હમે ભલે વિકાસક્રમના સાધન તરીકે જૈન ગુજરાતી અને જૈન મંદિરો, જૈન ઇતિહાસ, વગેરેનાં લાંબાં પહોળાં વિવેચનો કર્યા કરો–મ્હને તે માત્ર જૈનોમાં મિથ્યાભિમાન જગાડવા રૂપ નજીવું ફળ ઉપજાવનાર પ્રય-

ત્નથી વિશેષ લાગતું જ નથી. પણ એટલું તો હું હમેશ કહીશ કે ખાસ પરિભાષા અને ઘણા ગ્રંથો કે જેને સાહિત્યમાં વિદ્વત્તાના પુરાવા રૂપ મનાય છે (!) એ તો પ્રજાને નિર્માલ્ય બનાવનાર બલાઓ જ છે. હું પૂછું: હરિભદ્ર કે હેમાચાર્ય મ્હોટા વિદ્વાન થઇ ગયા હોય તેથીય ત્હમને-મ્હને શું? જનતાને શું? માનવછોડને આજે એ ઘડીભરના અભિમાનથી શું વિકાસ મળવાનો હતો? ડાહ્યાભાઇ ૩૫ વર્ષની ઉમરે ગુજરી ગયા, ત્યાં સુધીમાં આટલી સુંદર બલદાયક કૃતિઓ કરી તે છતાં જૈનો આંધળા ત્હેને એ અર્થમાં જોઈ શકયા નહિ, અને આજે એનાં ગાન ગાવા નીકળ્યા છે! એ ગાન એના જીવનકાળમાં થવા પામ્યાં હોત તો એનામાં ઓર વધુ શક્તિ ખીલી હોત અને જનતાને તે ઓર વધારે ખીલવી-નચાવી શકયો હોત. મર્હુમની મૂર્ત્તિ પૂજવી અને જીવતી મૂર્તિની અવગણના કરવી: એ મોહદશા નહિ તો બીજું શું?

Action and Re-action આટલે દૂરના એસીઆ-યુરોપથી થયા વગર નથી રહેલા તો ન્હાની સરખી અને મુડદાલ ગુજરાત એ કુદરતી નિયમથી કેવી રીતે બચી શકે? પણ એટલુંય જૈનોના ભાનમાં જો ઉગવા પામ્યું હોત તો સાધુ, દેરા-અપાસરા, વ્રત, અને અમુક શાસ્ત્રીય શબ્દો: આટલામાંજ એમનું જીવન સમાપ્ત થવા ન પામ્યું હોત. આજે ત્હમે, જૈનોના મુખેથી કાંઇ પણ વાત ચાલતી હશે તો, આ સિવાય બીજી એક વાત નહિ સાંભળો. વ્યાપારમાંય જૈન પરિભાષાનો એકાદ શબ્દ અને એ વાતાવરણે ઉત્પન્ન કરેલી પ્રકૃતિ જોશો જ. આ કદાચ ત્હમને અસહ્ય લાગશે કે, જેમ જૈન સાહિત્યની બાબતમાં તેમજ આજે ગુજરાત અને ગુજરાતી ભાષાના સંબંધમાં જે 'બડીબડી બાતાં' કાગળો પર આવે છે ત્હેની બાબતમાં છે: જ્યાં કાંઇ ખાસ અભિમાન લેવા જેવી શક્તિ કે ઉંચાણ કે ઉંડાણ નથી ત્યાં કલ્પનાથી અને દેશમોહથી બધું 'આરોપવા'માં આવે છે. જેમ જૈનો ગાજે છે કે અમારો જ ધર્મ સર્વોત્તમ, તેમ આજના ગુજરાતી સાક્ષરો 'ગરવી ગુજરાત' વગેરે શબ્દો જોડી કહાડે છે. શું ગ્રિસનું કે ન્હાનકડા ઇંગ્લંડનું ગૌરવ કોઇ કાળે ગુજરાતમાં હતું? એની ભાષામાં દીવ્યતા કદાપિ હતી?-મ્હને ગુજરાતી જેવી નમાલી એકકે ભાષા લાગતી નથી. શ્રીમન્ મહાવીર પુનઃ જન્મી શકે તેમ નથી છતાં ઘડી માટે કલ્પનાથી ધારી લ્યો કે તે આજે જન્મે અને પૂર્વભવના પાપે (જો તે બાકી રહ્યાં હોય તો!) ગુજરાતમાં જન્મ પામે તો તેણે કોઈ બીજી જ ભાષા એના અનુભવને જીરવી શકે એવી ઘડવી પડે! પણ ઠીક છે; સીધીને પોતાનો છોકરો એમ જ વ્હાલો કરી લેવો પડે છે-એ ન્યાયે બધા મોહો ક્ષન્તવ્ય છે! સત્ય હકીકત સાથે કોઇ સાહિત્યનો સંબંધ નથી!

પણ Action and Re-actionની અનિવાર્ય સત્તા સમજવા પામનાર જનતાએ તો એ સમજને વિસ્તારીને આખા જગતની પોતાપર પડતી અસરો જોવી જોઇએ અને કઈ અસરોને આવવા દેવી અને કઈની સ્હામે યુદ્ધ કરવું તેનો વિવેક કરવો જોઇએ; તેમજ અને તે સાથે, પોતાની અસરો દુનિયાના બીજા ભાગ પર નાખવી જોઇએ. Action-Reaction કાંઈ માત્ર સિદ્ધાંત તરીકે સમજવાની વાતો નથી, પણ action કરવાની શક્તિ અને re-action કરતી શક્તિનો અનિષ્ટ ભાગ ward off કરવાને માટે જોઇતી પહાડ માફક સ્થિર ઉભા રહેવા રૂપ ધૈર્ય શક્તિ-ધ્યાનશક્તિ-ખીલવવા તરફ ધ્યાન આપવું જોઇએ છે. જૈન સાધુઓ, નેતાઓ અને કૉન્ફરન્સો આ મૂળ મુદ્દાની બાબતમાં શું કરી શકયા છે? અને ગુર્જર સાહિત્યકારો પણ?

મ્હને પોતાને તો સાહિત્ય માત્ર અને કાનુન માત્ર, માત્ર નિરર્થક જ નહિ પણ શક્તિદ્રોહી લાગ્યા છે અને લાગે છે. મ્હારૂં ચાલે તો લખવા અને ભણવાના હું પરવાના કાઢું અને બહુજ થોડાને ભણવા દઉં કે લખવા દઉં! જેટલી ચીજો 'સામાન્ય' બની છે તેટલીએ મૂલ્યવાનપણું ગુમાવ્યું છે. લક્ષ્મી,

વિદ્યા, શક્તિ ઘેરઘેર ન જઈ શકે; અને ત્યાં સુધી જ એમનું નૂર જળવાય. ગોલા-ગુલામને ઘેર ગયેલી કોઈ દેવી દેવી રહી શકતીજ નથી; અને રાજાને પરણેલી ગોલી પણ દેવી બને છે. પણ આ વાત કાંઈ ઓછાજ 'સમાન હક્કવાળા' અને 'દયાળુઓ' અને સાહિત્યકારો માને તેમ છે ? દુનિયા જ્યારે ગંધાતો ઉકેડો બની જશે ત્યારે 'નવી ખેતી' સૂઝશે !

× × × ×

૧૪૩ મા પૃષ્ઠપર 'ગુજરાતી'કારે તમારા ખાસ અંકમાંના 'મહાવીર: Superman' એ લેખને **"ખાસ મનનીય"** જણાવ્યો, અને તે પણ લેખકનું નામ જાણ્યા વગર-એ કાંઈ જૈનયુગને માટે ઓછું અભિવંદનીય ન ગણાય,-પણ હું બીજા જ અર્થમાં બોલું છું: નવા ઉગવાના જૈનયુગને માટે એ અભિવંદનીય, નહિ કે કોઇ માસિકવિશેષને માટે ! હું તો તમને જૈનયુગ નામ પસંદ આવ્યું—આવી શક્યું-તેમાંય ભવિષ્યનો હાથ જોઉં છું: નવો જૈન યુગ જરૂર ઉગવાનો છે અને તે પણ જૂનાને ભયંકર આગમાં બાળીને ! તમને આ નહિ સહ્ય લાગે: તમે હજી નવા ને જૂનાના મધ્યમાં ઉભા છો. તમે કહેશો: "જૂનું શું કામમાં નથી આવતું ?" હા, ખરેખર કામ લાગે છે: કોણ ના કહે છે ? અંગ્રેજો શું ખોટું કહે છે કે ચીનમાં એમને લખી આપેલા જૂના હકકોને તેઓ શા માટે છોડે ?.....જૂનાને વળગે નહિ તો પોતાનો લાભ કેમ થાય ?..... આ એમનું ધર્મશાસ્ત્ર અને આ એમના ધારાશાસ્ત્રીઓનાં તર્કશાસ્ત્રો ! અરે એ તર્કશાસ્ત્રથી તો કાંઈ કાંઇ ધારાશાસ્ત્રી પ્રસિદ્ધિ અને માન પામે, એ શું ત્યાજ્ય તર્કશાસ્ત્ર ગણાય ? જેથી કાંઇ કાંઈ વ્યક્તિઓ માલદાર અને પૂજ્યપાત્ર બને, તે શું બોટું ધર્મશાસ્ત્ર ગણાય ?.....બધું એમજ છે. લોકોના બિચારાના ભોગ છે કે તમને એક દડાની પેઠે કોઇ આમ ને કોઇ તેમ ફેંકે અને એના મ્હોતે પોતે મઝા અને કસરત લે ! આ છે દુનિયાના ધર્મોનાં દયાશાસ્ત્રો અને ન્યાયશાસ્ત્રો ! એ બળ્યા વગર કાંઇ ઓછાજ નવયુગ કે જૈનયુગ ? આવી શકવાનો હતો ?.....

સ્નેહાધીન

વાડીલાલના જયવાદ.

(૨)

જૈનયુગ:—(શ્વેતાંબર જૈન કૉન્ફરન્સનું માસિક પત્ર) મુંબઇ. ૨૦ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ.

આ માસિકના "જૈન ઇતિહાસ-સાહિત્ય ખાસ અંક અને સામાજિક અંક" એમ બે અંક અમને મળ્યા છે. શ્રી હેમચન્દ્રાચાર્યનું પ્રાકૃત વ્યાકરણ નામનો લેખ શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ લખ્યો છે, ને તેમાં આ વ્યાકરણ સંબંધી ઘણી સારી માહિતી આપી છે. મુનિશ્રી કલ્યાણવિજયજીનો 'પાટણ ચૈત્ય પરિપાટી' નામનો લેખ પાટણના ઇતિહાસપર નજર નાખે છે. શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇ તંત્રી સાહેબે 'પ્રાચીન જૈન પરિષદ' નામના લેખમાં 'પરિષદ અને 'વાચના' આ બે શબ્દોના ભેદ જણાવી મગધમાં પણ પ્રાચીનકાળમાં જૈન પરિષદ હતી એમ સિદ્ધ કરી આપ્યું છે. જો કે 'ગુજરાતી' સાપ્તાહિકમાં એક વિદ્વાન લેખકે વલ્લભી અને મથુરાની પરિષદો સ્વીકારી મગધની પરિષદનો ઇનકાર કરેલો હતો. મૂર્શિદાબાદના જગતશેઠની વંશાવલી આપવામાં આવેલી છે. તેમાં ઓસવાલ અટકનો અર્થ આમ આપેલો છે. આજના ઓસવાળ જૈન મારવાડના વૈદિક રજપૂત હતા. એઓ જોધપર સ્ટેટમાં આવેલા ઓશિયન ભાગના રહેવાસી છે. ઓશિયન ઉપરથી ઓસવાલ અટક પડી. જૈનાચાર્ય હંસસૂરિએ આ લોકોને સોલમી શતાબ્દિના પ્રારંભમાં જૈન દીક્ષા આપી હતી. એ સિવાય સ્વર્ગવાસી જૈન નાટકકાર ડાહ્યાભાઈ ઘોળશાજી પર પણ એક લેખ છે. ને કેટલાક પ્રાચીન અને બીજા કાવ્યો છે. ટુંકામાં 'જૈન ઇતિહાસ સાહિત્ય ખાસ અંક, ઘણા પરિશ્રમથી તૈયાર કરવામાં આવ્યો છે ને તેમાં શાશ્વત મહત્વના વિષયો આવેલા છે.

સામાજિક અંકમાં દ. મ. શ્વેતાંબર પ્રાંતિક પરિષદના પ્રમુખનું ભાષણ ને ઠરાવો તથા સ્થાનકવાસી જૈન પરિષદનો અહેવાલ આપવામાં આવ્યો છે. ફ્રેંચ વિદ્યાર્થી ડૉ. એ. ગ્યુરિનટનો શત્રુંજય પ્રકરણ નામનો લેખ તથા 'ઉત્તમ તનય' નો મહાત્મા ગાંધીજીને' નામનો લેખ હરકોઇ જૈને વાંચવો તંત્રીશ્રીનું ઋણ અદા કરવું જોઇએ.—**મહારાષ્ટ્રીય** જોઇએ. ગાંધી વીરચંદ રાઘવજીનું ચરિત્ર પણ **જૈન.** ૪–૩–૨૭.

રત્નત્રયી.

પ્રથમ ભૂમિકા.

(વ્યાખ્યાતા. રા. રા. ઉમેદચંદ દોલચંદ બરોડીઆ B. A.)

પ્રિય બંધુઓ.

હું આજનો વિષય શરૂ કરૂં તે પહેલાં આ સ્થળે કેટલોક પ્રાસંગિક ખુલાસો કરવાની હું જરૂર જોઉં છું:–

તા. ૨૦–૧૧–૨૪ ને દિને શ્રી વિદ્યાલયની વ્યવસ્થાપક કમીટીએ તમારી સમક્ષ, ક્રિયારૂચિપર લાક્ષણિક ભાષણો કરાવવા–એવી મતલબનો એક અગત્યનો ઠરાવ કર્યો.

સદરહુ ઠરાવની નકલ મને તા૦ ૧૨–૧–૨૫ ને દિને પહોંચાડવામાં આવી. તે વાંચી, મારી જે મનોદશા થઇ, તે મેં વળતે દિવસે સેક્રેટરી મહાશયને લખી જણાવી. મજકુર મનોદશા તમને પણ અત્રે જણાવી દેવાનું ઉચિત ધારૂ છું:—

" મજકુર ઠરાવમાં, ચાર ભાષણો કરવાને અંગે મારૂં પણ નામ વાંચી હું ચકિત થયો. ક્રિયારૂચિપર લાક્ષણિક ભાષણો આપવા જેટલું સામર્થ્ય, અંદર તપાસી જોતાં, મારામાં હોય તેમ ન જણાયું, ત્યારે મારે તે સંબંધી ધૃષ્ટતા શા માટે કરવી ? એવો ભાવ આવતાં વાર ન લાગી. સાથે સાથે મેનેજીંગ કમીટીએ, એકવાર મારૂં નામ મજકુર ઠરાવમાં મુકયા પછી, અને તેમ કરી મને એક ઉત્તમ પ્રેરક નિમિત્ત આપ્યા પછી, સદરહુ નિમિત્તનો, સ્વહિત ખાતર પણ લાભ ન લઉં તો, પ્રમાદનો વધારોજ થાય એમ જાણી વિશેષ વિચાર થતાં, તત્સંબંધી યથાશક્તિ સેવા બજાવવાની, મારા પોતાપરના કંઇક અવિશ્વાસપૂર્વક, ઇચ્છા થઇ છે."

બંધુઓ, આ મનોદશા અત્યારે પણ હું એટલીજ તીવ્રતાથી અનુભવું છું. સામર્થ્ય વગર, માત્ર શુભ નિમિત્તના જોસથીજ આજનું મારૂં લખાણ લખાયેલું છે.

ક્રિયારૂચિને લગતા વિષયોની વહેંચણી અગાઉથી નહી થયેલી હોવાથી, પ્રસ્તુત વિષયની કેટલીક બાબતો પિષ્ટપેષણ જેવી કદાચ થશે તે ભય મારી સામે ઉભો થયો. આખરે ગયા જુલાઇ માસની અધવચમાં, આજના વિષયનું નામ સુઝી આવતાં તે પસંદ કરવામાં આવ્યું અને તે ઉપર વિચાર કરવાનું શરૂ કર્યું. આંખોની મંદતાને લીધે મારૂં વાંચન હાલ થોડુંકજ રહે છે અને તેથી કરીને આ નિબંધમાં કંઇ નવીનતા, અદ્‌ભુતતા કે બહુશ્રુતપણું તમને ન જણાય તો તે માટે પ્રથમથીજ તમારી પાસે ક્ષમા યાચી લઉં છું. હું માત્ર એટલુંજ માંગી લઉં છું કે થોડા સમય માટે મને સાંભળવા પુરતી ઉદારતા દાખવશો. અને સાંભળી રહ્યા પછી તમે, મારા વિચા-

* શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ આપેલું વ્યાખ્યાન.

રાને અંગે જે કંઇ પ્રશ્ન પુછવા હોય તે પૂછી શકશો અને તે વખતે તમારા પ્રશ્નોના ખુલાસા આપવા હું મારાથી બનતું કરીશ.

આપણા ગ્રંથોમાં ઠેક ઠેકાણે ત્રણ રત્નો વિષે અતિ રસિક વર્ણન જોવામાં આવે છે. તે એટલાં બધાં પ્રસિદ્ધ છે કે તેનાં નામ તો દરેક જૈનને, પછી તે અભણ હોય કે બાળક હોય તો પણ, તેને આવડે છે. દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નારકી-એ ચાર ગતિમાં પરિભ્રમણ રૂપ આપણો સંસાર છે. તે સંસારનું ચિત્ર આપણે ચાર પાંખડીવાળો સાથીઓ કાઢી આલેખીએ છીએ. તે સંસારમાંથી મુક્ત થવું તેનું નામ મોક્ષ. મોક્ષ પ્રાપ્તિના માર્ગ તરીકે ત્રણ ચીજ આપણને તીર્થંકર ભગવાન બતાવી ગયા છે. અને તે **સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન** અને **સમ્યગ્ચારિત્ર** છે. અને તેની સ્થાપના, આપણે સ્વસ્તિક આગળ ત્રણ ઢગલીથી કરીએ છીએ અને સૌની આગળ બિંદુ સહિત અર્ધ ચંદ્રાકાર કાઢી આપણે મોક્ષને સ્થાપીએ છીએ. સંસારમાંથી મુક્ત થવા માટે આ ત્રણે સાધનરૂપ છે-તે હકીકત હંમેશા સ્મૃતિમાં રહે તે માટે આપણે જિનમંદિરમાં પ્રભુની દ્રવ્ય પૂજા કરી, ભાવપૂજા કરવાની અગાઉ, આ પ્રમાણે અક્ષત વડે સ્વસ્તિકાદિ કાઢી, તે ઉપર ફળ અને નૈવેદ્ય મુકી, પછી આપણે ભાવપૂજા કરવા ઉત્સાહવાન થઇએ છીએ. અને વળી 'નમુથ્થુણં' બોલતી વખતે 'અપ્પડિહય વરનાણ દંસણ ધરાણં' અપ્રતિહત અને શ્રેષ્ઠ એવા જ્ઞાનદર્શન ધારણ કરવા વાળા અને 'સવ્વનૂણં સવ્વદરિસણં' સર્વજ્ઞ અને સર્વદર્શી એવા અરિહંત ભગવાનના ગુણગાન ગાતાં ગાતાં, 'એ ત્રણ રત્ન આપો પ્રભુ મુજને' એમ આપણે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ. આ પ્રસિદ્ધ ત્રણ રત્નોનું શું રહસ્ય છે તે ચર્ચવાનો આજનો પ્રયાસ છે.

મહા પ્રભાવશાલી નવપદજીમાં પણ આ ત્રણ રત્નો ત્રણ સ્થાન ભોગવે છે. આ ત્રણ પદનો અર્થ, તે ત્રણેનો એક બીજા સાથેનો સંબંધ, તે ત્રણેનું સુસંગતપણું અને ઐક્ય હોવું-રાખવું એ આપણા જીવન-વિકાસ માટે એટલું બધું ઉપયોગી છે કે તેની કિંમત આંકવી પણ અતિ મુશ્કેલ છે. અને તેથીજ આ 'ત્રિપદી' ને રત્નત્રયી એવું મૂલ્યવંતું નામ આપવામાં આવ્યું છે. અતિ ઉંડો વિચાર કરતાં, 'રત્ન' એવું ઉપનામ પણ તે ગંભીર અને ગહન પદો માટે ઉતરતુંજ જણાશે.

આ મહાપદોની મોટી મોટી વ્યાખ્યાઓ આપી, આજે હું શાસ્ત્રાર્થ કરવા નથી માંગતો. શ્રી વિદ્યાલયમાં સ્વધર્મના શિક્ષણ અંગે જે સુંદર પ્રબંધ ચાલે છે તેથી તેવી વ્યાખ્યાઓથી તમે કંઇ અપરિચિત તો નથી જ. મોક્ષ અને તેનાં સાધનો-જેવા ગગન-વિહારી અને ગહન વિષયો ચર્ચવા અગાઉ 'રત્નત્રયી' એ વિષયની પ્રથમ ભૂમિકા તરીકે, પ્રસ્તુત વિષય સાથે સંબંધ ધરાવતા પ્રાથમિક વિચારોજ, હું આજે રજુ કરવા માંગું છું અને મને આશા છે કે તેથી પ્રસ્તુત વિષય સમજવામાં આપણને અનુકુલતા અને સાહાય્ય મળશે; એટલુંજ નહિં પરંતુ, સામાન્ય રીતે દૃષ્ટિગોચર થતાં આપણાં આધુનિક વ્યક્તિજીવન અને સામાજિક જીવનને ઉચ્ચ કરવા માટે કેવાં પગલાં લેવાં જોઇએ તે વિચારણામાં આવી જાતની ચર્ચા કંઇક અંશે મદદગાર થશે, એવું મારૂં માનવું છે.

બંધુઓ, જીવવું એ એક અતિગહન ક્રિયા છે અને તે ક્રિયાનો કર્ત્તા આપણો જીવ છે. જન્મથી મરણ પર્યન્તના સમયને સામાન્ય રીતે આપણે જીવન એવું નામ આપીએ છીએ. મનુષ્ય પોતાના ભાનપૂર્વક, જે રીતે જીવે છે, તે જ ખરૂં જીવન છે. તે શિવાયનું જીવન નામનું જ છે.

આ જીવન મરણનો પ્રશ્ન અતિ ગૂઢ અને આશ્ચર્યથી ભરેલો છે, જીવનના બે પ્રકાર છે. બહિર્જીવન અને આંતરજીવન. બહિર્જીવન-આંતરજીવનનાં ચિન્હ કે નિશાનીરૂપ છે. એટલે કે બહિર્જીવન આંતરજીવનનો આવિર્ભાવ છે અને તેનાથી જ આંતરજીવન પ્રાયઃ પરખાય છે. આ બહિર્જીવનને વર્તન, વ્યવહાર કે આચરણના (conduct) નામથી આપણે ઓળ-

બીશું. બીજી રીતે કહીએ તો જીવન ક્રિયાના બે ભેદ થાય છે સ્થૂલ અને સૂક્ષ્મ. વર્તન એ સ્થૂલ ક્રિયાનું એકરૂપ છે. બાવું, પીવું, બોલવું, ચાલવું, દોડવું વિગેરે જે બધું દૃષ્ટિમાં આવે છે, તે આપણી સ્થૂલ ક્રિયા છે. પ્રથમ આપણે આ સ્થૂલ ક્રિયાના સંબંધમાં વિચાર ચલાવીશું.

મુખ્યપણે, વર્તનરૂપ સ્થૂલ ક્રિયામાં, હાલ સાદાઇ અને સરળતાનાં તત્ત્વો ઓછાં જણાય છે. જ્યાં ત્યાં પ્રાયઃ તેમાં કૃત્રિમતા, આડંબર, વક્રતા (Inconsistency), અસંબદ્ધતા, ભિન્નતા અને વિરૂદ્ધતા નજરે પડે છે. નથી હોતાં તેમાં ધ્યેય કે લક્ષ્ય, નથી હોતાં તેમાં ક્રમ કે કળા. એકજ વ્યક્તિનાં બાનગી અને જાહેર વર્તન જુદાં જુદાં. ધાર્મિક સ્થળો અને વ્યાપાર સ્થળોમાં પણ તેમજ. સર્વત્ર વિરોધ અને અસંબદ્ધતાનું જ રાજ્ય. દાંત દેખાડવાના અને ચાવવાના જુદા. એ તો પોથીમાંહેલા રીંગણાં જેવી જ વાત છે. હવે ઉપરોક્ત વર્તનની વક્રતા અને કૃત્રિમતા એક બે દૃષ્ટાંતો આપી સ્પષ્ટ કરવા પ્રયત્ન કરીશઃ-

"એક વખતે એમ જાહેર ખબર દ્વારા જાણવામાં આવ્યું કે એક વક્તા અમુક સંસ્થાના વિદ્યાર્થીઓ સમક્ષ અમુક વિષય ઉપર ભાષણ આપશે. ભાષણના સમયે જણાયું કે તે ભાષણકારે ભાષણને બદલે તે વિદ્યાર્થીઓની જેમ તેમ પરીક્ષા લેવા માંડી અને તરત જ પરિણામ જાહેર કરી આપ્યું કે બે આની પણ સંતોષ થયો નથી. અને પાછળથી પોતાના પાસે આવનારા માણસોને કહ્યું કે હું પરીક્ષા લેવા જ ગયો હતો, અને તે સંસ્થામાં જોઇએ તેવું શિક્ષણ અપાતું નથી. વર્તન-વક્રતા તે આનું નામ."

એક વધુ દૃષ્ટાંત લઇએ.

૨ એક તીર્થસ્થળની ધર્મશાળામાં થોડા કહેવાતા જાત્રાળુઓ હવાફેર માટે તબીઅત સુધારવા ઉતર્યા હતા. એક મુસાફર બીજા મુસાફરની ખોડ ખાંપણ કાઢવામાં શૂરા હતા. પોતે ધર્મ જ કરે છે અને બીજા અધર્મી જ છે એમ જ્યાં ત્યાં આડંબર કરતો, મંદિરમાં રાગડા કાઢી, બાજુના માણસોને ગમે તેટલી હરકત પડે તે તરફ દુર્લક્ષ્ય રાખી-ધર્મિષ્ટપણાનો ડોળ રાખવામાં તેનાથી લગારે કચાસ દેખાડવામાં આવતી નહીં. હવે જ્યારે તે દંભી માણસનું બાનગી જીવન તપાસવામાં આવ્યું ત્યારે જણાયું કે તે અમુક દુર્વ્યસન સેવતો હતો. આ બધું શું બતાવે છે? કયાં પવિત્ર **તીર્થ** સ્થળ, કયાં **ધર્મ**શાળા, કયાં હવા ફેર, કયાં દંભ, કયાં બીજાના દોષ કાઢવાની વૃત્તિ અને કયાં દુર્વ્યસન."

હવે વધારે ઉદાહરણો આપી તમને હું કંટાળો આપીશ નહીં. કારણ કે આધુનિક સમયમાં કપટ અને વક્રતાવાળા, માયાથી ભરેલા વર્તનના આવા બનાવો ડગલે ડગલે પળે પળે આપણા દૃષ્ટિપંથમાં આવે છે.

આપણા વર્તનને લગતી સર્વ ક્રિયાઓ કરનાર આપણો જીવ કે આત્મા જ છે. અને આપણો આત્મા શુદ્ધ નહીં હોવાથી, રાગદ્વેષથી કલુષિત હોવાથી, આપણી ક્રિયાઓ પણ તેવીજ રીતે કલુષિત થાય છે, અને આપણા વર્તનમાં તે રાગદ્વેષનાં સ્વરૂપો જેવાં કે ક્રોધ, માન, લોભ અને માયા ઉતરે છે. આ છેલ્લો કપટરૂપી કષાય તો આધુનિક જીવનમાં પોતાની હદ બહારની સત્તા જમાવી બેઠો છે અને તેને લીધે અનેક ખરાબ કામ કરવા તરફ આપણે વળીએ છીએ. સંક્ષેપમાં પોતાના અનેક પ્રકારના દોષો છુપાવવા સારૂ, સમાજસેવાનો આશ્રય લેવા જેવું વર્તન ઘણે સ્થળે જોવામાં આવે છે. દુનીઆ કેવી આગળ ધસે છે તે જોવું નહીં-અરે-તે વિષે અપરિચિત રહેવું અને સમાજના નેતાનું પદ ભોગવવું અને કપટભાવપૂર્વક તે નીભાવવા ધડભાંગ કરવી એ કંઇ યોગ્ય કહેવાય નહીં. તેથી તો અહંપદ બળવાન્ સત્તા ભોગવે છે અને અંતે સમાજ છિન્નભિન્ન થાય છે. અત્યારે આપણા સમાજમાં સર્વત્ર શું જણાય છે? ત્રિકાળ અબાધ્ય સિદ્ધાંતો એક બાજુ અને બીજી બાજુ અનેક રૂઢિબંધનો, ગતાનુગતિકપણું, અંધશ્રદ્ધામય-વર્તન, પોતાનો જ કક્કો ખરો કરાવવા જેટલો કદાગ્રહ. પરિણામ એ આવ્યું છે કે આપણે વિવેક વગર

સમજણ વગર દુષ્કર્મોજ કર્યા કરીએ છીએ–વાહ માયા ! તું અસત્યસ્વરૂપ હોવા છતાં અહીં તો તું રાજ્ય ભોગવે છે ! ! !

પણ તમે પુછશો કે આ કષાયયુકત વર્તનનો પ્રેરનાર કોણ ? સ્થૂલ ક્રિયાનો પ્રેરનાર સૂક્ષ્મક્રિયા–આપણું આંતરજીવન–આપણું મન અને તેની કલ્પનાઓ અને તે કલ્પનાઓ સ્વીકારનાર આપણું હૃદય; એક શબ્દમાં કહું તો આપણી–માન્યતાઓ(Beliefs). આ માન્યતાઓ આપણું વર્તન–આપણો વ્યવહાર રચે છે–ઘડે છે. એકવાર ક્રિયા થઈ અને તેનું પુનરાવર્તન થયું કે તે ક્રિયામાં બળ આવતું જાય છે, તે એટલે સુધી કે તે ટેવ કે આદત, પ્રકૃતિ–કે–સ્વભાવનું રૂપ પકડે છે. આપણી પ્રકૃતિનાં–ટેવોનાં મૂળ તપાસીશું તો તે ક્રિયાના પુનરાવર્તનમાં–અને તે ક્રિયાનાં શરૂઆતમાંજ, તે જણાશેઃ–કાંઈપણ દુર્વ્યસન એકવાર કર્યું–સેવ્યું કે માર્ગ ખુલ્લો થયો, બીજી વાર–ત્રીજીવાર કરતાં અનેકવાર અને છેવટે આદત, ટેવ કે પ્રકૃતિ ઘડાઈ જાય છે. આ પ્રકૃતિ ઘડનારી ક્રિયાઓનો પ્રેરનાર આપણી માન્યતાઓ છે અને હવે આપણે તેની પરીક્ષા કરવાની છે. માન્યતાઓના ભંડાર તપાસવાના છે. તેમાં ખરા શીક્ષા છે કે ખોટાં રત્નો છે કે કાંકરા તે જોવાનું છે ! મન જે ન કરે તે ઓછું. ક્યાં તેને ન્યાયશાસ્ત્રને પૂછવા જવું છે ? એ તો રૂચ્યું તે માન્યું ! જો આપણા મગજે એક કલ્પના ઉઠાવી અને જો તે આપણે સ્વભાનવગર માની લીધી–સ્વીકારી લીધી તો તે સ્વચ્છંદ કહી શકાય. અરે એવી અનેક માન્યતાઓ આપણે સ્વચ્છંદપૂર્વક માની લીધી કે જેને માટે નથી દલીલ કે નથી યુકિત કે નથી આપ્ત વચન.

જ્યાં સ્મૃતિ, વિચારશકિત, વિવેકશકિત, નિર્ણયશકિત રીતસર કેળવાતી ન હોય અને કદાગ્રહ, રૂઢિબંધનો, અને ગતાનુગતિકપણું વિદ્યમાન હોય તેમાં કાંઇ નવાઈ જેવું નથી. આપણી એ માન્યતાઓ પાસેથી, તેઓનાં પ્રમાણપત્રોની, **શાંતિના સમયે** માગણી કરીશું તો તે માન્યતાઓનો મોટો ભાગ વરાળ થઈ ઉડી જશે, પણ આશ્ચર્ય એટલુંજ છે કે દૃઢનિશ્ચયના અભાવે, તેજ માન્યતાઓ પાછી આપણને કનડશે. કારણ કે આપણું મન સર્પની માફક વાંકું ચાલે છે અને આપણો બહિરાત્મા મમત્વના મદથી ઘેરાયેલો છે. આપણી માન્યતાઓમાં અનેક મિથ્યાત્વો–અસત્યો વાસ કરે છે. સત્યમાં અસત્યનો અને અસત્યમાં સત્યનો ભાસ થવાથી વસ્તુસ્વરૂપનું ભાન થઈ શકતું નથી. અસત્માં વિશ્વાસ થાય છે અને સત્માં અવિશ્વાસ થાય છે અને આપણી માન્યતાઓ તે મુજબ દૃઢ થાય છે. પરન્તુ આ માન્યતાઓ બંધાઇ કયાંથી એ પ્રશ્ન હવે ઉપસ્થિત થાય છે. જવાબ એજ છે કે આપણું જાણપણું (Information) or knoweledge અને આપણા રાગદ્વેષ (Attachment, Hatred) તેનાં કારણ છે.

રાગદ્વેષની ચર્ચા હાલ તુરત મુલતવી રાખી માત્ર આપણું જાણપણું હવે તપાસીશું.

ઇંદ્રિયો અને મનદ્વારા પ્રાપ્ત થએલું આપણું જાણપણું કેટલું બધું અધુરૂં અને સદોષ છે ? આપણી ઇંદ્રિયો અને મન કેટલાં બધાં અવિકસિત અને નિર્બળ છે તે તો તમે શિખ્યા છે. અમુક આંદોલનો વાળો જ પ્રકાશ આપણી આંખમાં પેસી શકે, કાન પણ અમુકજ આંદોલનો સાંભળી શકે. વધારે સંખ્યાનાં આંદોલનો આંખ અને કાનને બધા કરે. અને તે જ પ્રમાણે બીજી ઇંદ્રિયોનું અને મનનું. કેટલી બધી અપૂર્ણતા અને નિર્બળતા ! દુનીઆના બધા પદાર્થો આપણે જાણી શકતા નથી. માત્ર થોડાકજ પદાર્થો આપણી ઇંદ્રિયો અને મન ઉપર જેવી છાપ પાડે તેવીજ છાપોથી બનેલું આપણું જાણપણું હોય છે. છાપ પણ ઝાંખી કે ઉંડી હોઇ શકે. અનંત વિશ્વના અનંત પદાર્થો પૈકી એક નાની સંખ્યાના પદાર્થોની અમુક જ બાજુઓએ આપણા ઉપર પાડેલી સાચી કે ખોટી, ઝાંખી કે ઉંડી છાપો–એજ આપણું આધુનિક જાણપણું. તેને જ્ઞાન એવું નામ પણ આપી શકાય કે ? આપણું શબ્દજ્ઞાન, ભાષાજ્ઞાન, સાહિત્યજ્ઞાન વિગેરે પણ અધુરાં અને થોડાં અને તે પણ દોષવાળાં. અલ્પ જીવનની અનેક વિટંબણા વચ્ચે કેવું ને કેટલું આવડે ? અરે કેવું ખેદજનક

ચિત્ર ! બંધુઓ ! શું તેથી નિરાશ થઇ ગયા ? લાખો નિરાશાઓમાં અમર આશાઓ છુપાએલી છે. બન્ધુઓ ! આશાવાદી બનો અને સજ્જ થાઓ. ઉદ્યમ કરીશું તો તેમાં પણ સુધારો થઇ શકશે. ઉપરોક્ત છાપો-માહીતીઓ-વીગતોથી બનેલું જ્ઞાણપણું, માન્યતા અને વર્તન સંબંધી હમણાં આપવામાં આવેલા ટુંક અને ભિન્ન ભિન્ન વર્ણન દરમ્યાન તે ત્રણે વચ્ચે કેવો સંબંધ છે તે સમજાવવા પ્રત્યે સહેજ પ્રયત્ન કરવામાં આવ્યો છે. જ્ઞાણપણાનો આધાર લઇ, પૂર્વ કાળના કે વર્તમાનકાળના સંસ્કારો અને વાતાવરણના ગુણદોષોને આધીન થઇને માની લેવામાં આવેલી માન્યતાઓથી મોટે ભાગે પ્રેરાએલું કે ઘડાયેલું કે ઘડાતું આપણું વર્તન હોય છે. તે ત્રણે વચ્ચે દેખાતા સંબંધ કે વિરોધ વિષે હવે પાંચ છ ઉદાહરણો લઇશું, અને તેમાંથી નીકળતા સારના સંબંધમાં થોડીક ચર્ચા કરીશું:—

૧ જીવન સાથે જોડાએલું એવું જે દરદ તે વિષે એક દૃષ્ટાંત લઇએ. ધારો કે "દરદ દવાથી મટે છે" એવું પુસ્તકોમાંથી કે બીજાઓ પાસેથી જાણવામાં આવે, ત્યારે "દરદ એની મેળે મટી જાય છે અને મટશે" એવું માની લેવામાં આવે અને તે મતનો આગ્રહ કરવામાં આવે અને બાનગી જીવન તપાસતાં "દરદ મટાડવા દોરા ધાગા કરવામાં આવે" અને દોરા ધાગા કરતાં કાકતાલીય ન્યાયથી જો કદાચ દરદ થોડીકવાર માટે પણ શમ્યું તો પાછું અજ્ઞાન વ્હેમ-ખોટો મત અને તેવા મતનો આગ્રહ જીવનમાં પેસતાં વાર લાગતી નથી."

આ પ્રમાણે જ્ઞાણપણું, માન્યતા અને વર્તનમાં સુસંબંધ તો દૂર રહ્યો પણ અસંગતપણું કે વિરોધ હોય તો પરિણામ ભયંકર આવે છે.

આ પ્રકારના જીવનમાં વર્તનનો આધાર માન્યતા નથી, માન્યતાનો આધાર માહીતી કે જ્ઞાણપણું નથી અને તમે જાણો છો તેમ પાયા વિનાનું મકાન જલ્દી પડી જાય છે. વધુમાં તે ત્રણેમાં એક બીજા સાથે વિરોધ અને ભિન્નતા હોવાથી તે જીવન નિરર્થક અને નિષ્ફળ નીવડે છે. જીવન અધમ બને છે. જીવન નામનું જ હોય છે. અરે—તે તો ધીમું મરણ જ કહેવાય. ચાલો બીજું દૃષ્ટાંત લઇએ.

૨ ધારો કે 'મજુરી કરવાથી પૈસા મળે છે' એમ જાણવામાં આવે ત્યારે 'નસીબથી પૈસા મળે છે' એમ માનવામાં આવે અને પૈસા મેળવવા રસ્તામાં ચાલતા જોશીને પુછવામાં આવે યા તો ધનવાનોની અદેખાઇ કરવામાં આવે અને તેમને લુંટવામાં આવે. લુંટવા જતાં પણ પૈસા મળે કે ન મળે પણ અનીતિ, આળસ, અદેખાઇ, હિંસા વગેરે દોષો તો જરૂર જીવનમાં આવે. આ દાખલામાં પણ જ્ઞાણપણું માન્યતા અને વર્તન ત્રણે એક બીજાથી વિરૂદ્ધ છે. અને પરિણામે જીવન અધમ બને છે."

આ પ્રકારનું જીવન ઘોર જંગલમાં ભુલા પડયા જેવું છે. અહીં તહીં ભટકવા છતાંયે જંગલમાંથી બહાર નીકળાતું નથી, બહાર નીકળવાના માર્ગ વિનાની ભુલવણી એજ આવા પ્રકારના જીવનનું સ્વરૂપ છે. નથી હોતો તેમાં રસ કે આનંદ કે નથી થતાં તેમાં વિકાસ કે અભિવૃદ્ધિ. પ્રાયઃ કલેશ અને ગુંચવાડો તેમાં જણાય છે; કારણ કે તેમાં માર્ગ કે સાધનનો અભાવ છે. માર્ગ મળે તો જ ધારેલી જગ્યાએ જઈ શકાય. માર્ગ વગર-ભટકવાનું જ થાય. અરે માર્ગના અભાન ઉપરાંત દુષ્કર્મ રૂપી ઘોર રાત્રી હોય અને તેમાં પણ તેના પરિપાકરૂપી અતિ વરસાદ સાથે વાવાઝોડું હોય તો વળી શી દશા થાય ! એ તો વીતી હોય તે જ જાણે. અરૂણોદયની વાટ જોતાં બેસી રહેવું જ પડે. પરન્તુ પ્રકાશ થતાં ચાલવાનો ઉદ્યમ કરવાનું મન થાય-ચાલવા માંડે અને માર્ગના ભાન વગર પણ ભટકતાં સદ્ભાગ્યે કોઈ માર્ગદર્શક મળી આવે તો જ માર્ગપ્રાપ્તિ થાય, નહીં તો ત્યાં સુધી જીવન ઉદ્દેશ-જીવન લક્ષ્ય સમજ્યા વગર ચોરાશીના ફેરામાં ફરવાનું જ રહ્યું અને અજ્ઞાન અને મોહમાં ફસાયેલા જ રહેવાનું થયું. ચાલો એક વધુ દૃષ્ટાંત લઈએ.

૩ "બહુ ખાવાથી અપચો થાય છે કે અભક્ષ્ય ખાવાથી રોગ થાય છે." એમ આપણે જાણીએ છીએ પણ તે હકીકત મગજે નિશ્ચયપૂર્વક સ્વીકારેલી નહીં હોવાથી અવિશ્વાસ અને સંશય સાથે આપણે ખૂબ ખાઈ લઇએ છીએ અને ખાતી વખત ભક્ષ્યાભક્ષ્યનો પણ વિચાર કરતા નથી. અને પરિણામ એ આવે છે કે પ્રથમ અપચો થાય છે ને તેમાંથી પછી અનેક રોગો ઉદ્ભવે છે. આવી રીતે જાણેલી હકીકત નિશ્ચયપૂર્વક સ્વીકારેલી નહીં હોવાથી વર્તનમાં ઉતરતી નથી. જ્યાં સુધી શું ખાવું, કેવી રીતે ખાવું, એ માટેના નિર્ણયો દેશકાળ, શરીરસ્થિતિ અને શરીરપ્રકૃતિ વિગેરે જોઇ ન કરવામાં આવે અને તેમાં વિશ્વાસ કે પ્રતીતિ ન થાય ત્યાં સુધી, તેને લગતા રોગના ભોગ આપણે થવાના અને થવાના જ. અરે તેવા નિર્ણયો કરવા માટે પુરતા વિચાર અને જ્ઞાનનો પણ જ્યાં અભાવ હોય ત્યાં સુધારાની શી આશા રાખી શકાય."

૪ ધારો કે 'પત્થરનો પોઠીઓ પરમેશ્વર છે' એમ કોઇ પુરૂષ કોઈ પણ રીતે જાણે, 'પૈસો મારો પરમેશ્વર' એમ તે માની લે. અને સાથે સાથે કામદેવની તે પૂજા કરે અને વિષયોમાં લુબ્ધ થાય તો તે જીવન કેટલું એળે જાય એ સહેલાઇથી સમજી શકાય તેવું છે. આ દૃષ્ટાંતમાં જાણવામાં, માનવામાં અને વર્તવામાં કોઇ પણ પ્રકારનો સંબંધ જણાતો નથી. એટલુંજ નહીં પણ તે ત્રણે ઘણાં અશુદ્ધ છે. આવું જીવન અંધકારમય છે. જીવન એટલે શું તે તેને સમજાતું નથી. મદમાં ઘેરાએલા અને અજ્ઞાન, પુરૂષથી જીવન સ્વરૂપ તે ક્યાંથી સમજાય!"

૫ "સારી સલાહ આપે તે મિત્ર" એમ જણ્યા પછી, જ્યારે એક મનુષ્યે મને સારી સલાહ આપી ત્યારે તે મનુષ્યને મેં મિત્ર તરીકે જાણ્યો. તે મિત્રે અનેક વખતે એ પ્રમાણે મને સારી સલાહ આપવા છતાં, હું તે મનુષ્યને શત્રુ તરીકે માની લઉ અને જાહેર રીતે તેનો જ નાશ કરવા ઘાટ ઘડયા કરૂં તો મારૂં જીવન બેશક અધમ કહેવાય. કારણ કે સ્વાર્થ દુરમનાવટથી તે મિત્રે કરેલા ઉપકારો હું વિસરી ગયો. એ રીતે હું કૃતઘ્ની થયો એટલુંજ નહિ પરંતુ દંભ ને કપટનો મેં આશ્રય લીધો અને હિંસા–અરે મનુષ્યહિંસા કરવા તત્પર થયો. આનાં કારણો તપાસીએ તો સમજાશે કે જાણવામાં, માનવામાં અને વર્તવામાં પરસ્પર વિરોધ રાખવાથી આવી અધમાઅધમ સ્થિતિ પ્રાપ્ત થાય છે. હવે એક છેલ્લું દૃષ્ટાંત લઇશું.

૬ કાયદાનો અભ્યાસી જાણે છે કે કોર્ટમાં સર્વેએ સત્ય બોલવું જોઇએ છતાં અનેક લાલચોને વશ થઇ 'હુશીયાર એવો જે હું તેને કોર્ટ ખરોજ માનશે' એમ માની લઈ, ચાલાકીનો ડોળ કરી તે અસત્ય કથન કરે અને પાછળથી ખરી વાત બહાર આવે તો શું તે નિંદ્ય અને શિક્ષાને પાત્ર થતો નથી?"

આવાં આવાં અનેક દૃષ્ટાંતો આપી શકાય પરંતુ વિષય લાંબો થઇ જવાના ભયથી વધુ દૃષ્ટાંતો અત્યારે હું ટાંકતો નથી.

આ દૃષ્ટાંતો ઉપરથી તમે સમજી શકશો કે જાણેલી વીગતો, તે વિષેની માન્યતા અને તેને લગતું વર્તન–એ ત્રણેને એક બીજાનો આધાર જોઇએ અને જેટલે જેટલે અંશે તે ત્રણે એક બીજા સાથે જોડાયેલાં, અનુકૂળ અને સંગત હોય છે તેટલે તેટલે અંશે જીવનમાં રસ અને આનંદ આવે છે અને ત્યારેજ જીવન માર્ગ કેવો હોવો જોઇએ તેની સહેજ ઝાંખી થાય છે. બીજી બાજુ જ્યારે તે ત્રણેને એક બીજા ઉપર આધાર હોતો નથી, તે ત્રણે એક બીજાથી ભિન્ન કે પ્રતિકૂળ હોય છે ત્યારે તે જીવન કલેશમય બને છે. તબલાં સારંગી અને ગાનાર ત્રણે તાલમાં હોય ત્યારેજ સાંભળવામાં મજા રહે છે પણ તાલ વિનાનાં તે ત્રણે હાંસીને પાત્ર થાય છે. ઘોડાનો અવાજ, ગધેડાનો અવાજ અને કાગડાનો અવાજ એક સાથે નીકળવાથી માત્ર કોલાહલ (Discord) અને શોર બકોરજ થાય છે. કંઇ તેમાંથી સંગીત

ઉદ્ભવી શકતું નથી. આ પ્રમાણે અસંબદ્ધ અને પરસ્પર વિરોધપૂર્વક જાણવામાં, માનવામાં અને વર્તવામાં આવે તો જીવનમાં વક્રતા અને કડવાશજ પરિણમે છે. પરંતુ જો તે ત્રણે સુસંગત થાય અને તેમાંથી વિરોધ ઉડી જાય તો પછી જીવનમાં ઓર મીઠાશ અને મધુરતા આવે છે.

આટલું વિચાર્યા પછી સમજાયું હશે કે ઉચ્ચ વર્તન માટે દૃઢ નિશ્ચયો જોઇએ. તે નિશ્ચયો દૃઢ થવા પુરતાં ન્યાયપુરઃસર થએલાં નિર્ણયો જોઇએ અને તેવા નિર્ણયો માટે સુવિચારણા જોઈએ અને તે સુવિચારણાની પીઠ પાછળ શુદ્ધ જાણપણું જોઇએ. સૌથી પહેલાં આપણું જાણપણું–આપણી માહીતીઓ સર્વ રીતે સંપૂર્ણ કરવા કોશીષ કરવી જોઈએ, નહીં તો છેવટે, દુનીઆના–જાણપણાના ભંડોળ સાથે સરખાવતાં કંઈક સંતોષ થાય તેટલી તો તે માહીતીઓ હોવી જોઇએ. અને પછી તેની શુદ્ધિ કરવી જોઇએ. કારણ કે અશુદ્ધ અને અપૂર્ણ જાણપણું આપણને અમાર્ગે–કુમાર્ગે દોરી જાય છે. હવે તે જાણપણું પૂર્ણ અને શુદ્ધ કરવા માટે–આપણે હાલ કેવાં પગલાં લઇએ છીએ અને કેવાં લેવાં જોઇએ વિગેરે હકીકતો ઉપર આપણે હવે પછી બીજે વખતે વિચાર કરીશું. અત્યારે તો હું ધારૂં છું કે આટલું બસ છે. અંતમાં, શુદ્ધ જાણપણું, શુદ્ધ માન્યતા અને શુદ્ધ વર્તન, એ ત્રણેનું સુસંગતપણું જીવનને ઉચ્ચ બનાવે છે. ઉચ્ચજીવનના અભિલાષીઓ પ્રથમ પોતાનું જાણપણું શુદ્ધ કરવા મથે છે અને જાણપણું શુદ્ધ કર્યા પછી તે પ્રમાણેજ પોતે માને છે અને તે પ્રમાણે જ પોતે વર્તે છે. અને એ રીતે એ ત્રણેનું એક પણું થાય છે.

ટુંકામાં, જાણપણું—માન્યતા અને વર્તનની શુદ્ધતા અને સુસંગતપણું (Purity and consistency of Information, belief and conduct) એજ ખરો જીવનમાર્ગ છે.

બંધુઓ! તમને આ વિચાર જો યોગ્ય જણાય તો, મારી તમને ખાસ વિનંતિ છે કે આવતી કાલે શરૂ થતા મહા કલ્યાણકારી પર્યુષણ પર્વમાં, તમારૂં વર્તન એવું રાખજો કે જેથી તમારૂં જીવન કંઇક ઉચ્ચગામી થાય. કારણ કે આપણે સારી રીતે જાણીએ છીએ અને માનીએ છીએ કે તે પર્વમાં કરવાની ધાર્મિક ક્રિયાઓ જેવી કે દરરોજ બે વખત પ્રતિક્રમણ કરવાં, પ્રભુ પૂજા કરવી, ચૈત્ય પરિપાટીએ જવું, ગુરૂમંડળને વંદના કરવી, પવિત્ર કલ્પસૂત્ર એકાગ્ર ચિત્તે સાંભળવું, તપ પચ્ચખાણ કરવાં, સર્વ જીવોને ખમાવવા આદિ આપણી શુદ્ધિને અર્થેજ કરવાની કહી છે. અને તેથીજ આત્મશુદ્ધિનો હેતુ નજર આગળ જ રાખી, તે ક્રિયાઓ કરવી તે આપણું કર્તવ્ય છે અને તમે જરૂર એ પ્રમાણેની ફરજો જો હંમેશ બજાવતા રહેશો તો તમારૂં જીવન ઉચ્ચ બનવા સાથે, જે સંસ્થાનો તમે આશ્રય લ્યો છો તે સંસ્થાનો હેતુ પણ બર આવશે.

આપણું 'ખમાસમણ' અથવા પ્રણિપાત સૂત્ર.

મજકુર સૂત્ર નીચે પ્રમાણે છે:—

'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ ॥

આ સૂત્રના અર્થને અંગે મને સમજણ ન પડી. ૪૦ વર્ષની ઉમ્મરે પણ આવું સામાન્ય પણ અતિ ઉપયોગી સૂત્ર કમભાગ્યે ન સમજાયું. ધાર્મિક ક્રિયામાં નિત્ય જરૂરી સૂત્રનો અર્થ ઉકેલવામાં મુશ્કેલી પડતાં તે અંગે કંઈક વિચારણા, ચર્ચા, પત્રવ્યવહાર તેમજ હાલની પ્રચલિત પંચપ્રતિક્રમણ સૂત્રની ચોપડીઓ આદિનું વાંચન વિગેરે થયાં. છેવટે આશરે બે વર્ષે આ લેખ લખવાનું કાર્ય હસ્તગત થયું.

મારી મુશ્કેલી માત્ર બે શબ્દોને અંગે હતી અને હજી કંઈક છે. તે શબ્દો 'જાવણિજ્જાએ' અને 'નિસીહિઆએ' છે.

કેટલીક ચોપડીઓમાં 'જાવણુજ્જાએ'નો અર્થ 'યથાશક્તિ' વાંચી મારી મુશ્કેલી વધી, અને તે માટેના ખુલાસાઓથી મારી મુંઝવણ બમણી થઇ. ગુરૂ વંદન કરવાને ઉત્સુક શિષ્ય વંદન કરવા જતાં પોતાની શારીરિક શક્તિ માપવા બેસે-તેને અંગે વિચાર પણ કરે તે મગજમાં ન ઉતરે તેવી વાત થઈ પડી. વંદનોત્સુક વિનયી શિષ્ય પૂજ્ય ગુરૂની અનુકુળતા તપાસે-તેમના સ્વાધ્યાયાદિ કાર્યમાં વિક્ષેપ કોઇપણ રીતે ન પડે તેવું વિચારે, અને તેવી રીતે 'વંદન કરવા ઇચ્છું છું' એમ નમ્ર ભાવે આજ્ઞા માગે પરંતુ તે વખતે 'સ્વશક્તિ અનુસાર' વંદન કરવાની ઇચ્છા તે જાહેર ન કરે. 'શક્તિ વિનાનો માણસ ઉભા ઉભા હાથ જોડીને પણ નમન કરી શકે, વિશેષ શક્તિવાળો દ્વાદશાવર્ત વાંદણાંથી વંદન કરે' એ ખુલાસો ગુરૂની દૃષ્ટિએ ભલે સમીચીન હોય પણ અત્રે તો શિષ્યની દૃષ્ટિએ જોવાનું હોઈ, તેવો ખુલાસો વ્યાજબી ન જણાયો. શિષ્યની વંદનેચ્છાની દૃષ્ટિએ 'યથાશક્તિ' વંદન કરવા ઈચ્છવું તે અવિરોધ જણાતું નથી. "આપશ્રીની અનુકુળતા મુજબ" વંદન કરવા ઇચ્છું છુ એવો ભાવ કદાચ હોય તો તે બંધબેસતો થઈ પડે.

'આપશ્રીના સ્વાધ્યાયાદિ કાર્યમાં બાધા-વિક્ષેપ ન આવે તે રીતે વંદન કરવા ઇચ્છું છું' એવો ભાવ શિષ્યના વિનયને વધુ શોભાવે. પરંતુ ધાર્મિક ક્રિયા-નિત્ય-આવશ્યક ક્રિયા કરવા જતાં થાક લગાડે-ઉત્સાહ મંદ પાડે તેવો અર્થ કે ખુલાસો ગળે ન ઉતરે એ સ્વાભાવિક છે. ધાર્મિક ક્રિયાનો ઉદ્દેશ-આશય હંમેશ તદ્દેશીય ઉત્સાહ વધારવાનો છે. અને તેમજ સર્વત્ર દેખાય છે તો પછી અત્રે 'યથાશક્તિ વંદન કરવા ઇચ્છું છું' તે ભાવ ઉચિત જણાતો નથી. ઉભા ઉભા કરવાની ક્રિયા હાલતો બેઠા બેઠા થાય છે તે ભવિષ્યમાં સુતા સુતા કે એવીજ કોઇ પ્રમાદ-સૂચક દશાએ થાય એવો ભય પેદા થાય છે. કેટા વંદન, થોભવંદન અને દ્વાદશાવર્ત વંદન એમ વંદનના ત્રણ પ્રકાર પાડી, ગુરૂની અનુકુળતા સાચવવા પુરતું વંદનનું ઉચ્ચ રહસ્ય 'યથાશક્તિ' જેવા અર્થથી ઉડી જાય એમ ચિંતા થાય છે. બાળહૃદયોમાં ધર્મના ઉંડા મૂળ નાંખવાના ઉમદા હેતુથી છપાતી આપણી પંચપ્રતિક્રમણની ચોપડીઓ છપાવતી વખતે ઘટતી સંભાળ રખાય તો કેવું સારૂં એવી સૂચના જાહેરમાં મુકવાની ઇચ્છા પ્રબળ થાય છે. અર્થ લખતી કે વિચારતી વખતે વ્યુત્પત્તિ અર્થ, રૂઢ અર્થ, ગૌણ અર્થ વિગેરે તરફ લક્ષ અપાય ત્યાં સુધી તો વ્યાજબી લેખાય પણ કોઇપણ પ્રાચીન આધાર વિના, ટીકાઓ-વૃત્તિઓ જોયા વિના માત્ર કલ્પનાનો આશ્રય લેવાય તે તો અસહ્ય લાગે છે. વિશેષણને અવ્યય તરીકે, તરતજ પાછળ આવતા 'નિસીહિઆએ' શબ્દથી સ્વતંત્ર રીતે, છુટું પાડીને સમજાવવાનો પ્રયત્ન કરવો અનુચિત ભાસે છે. 'આજકાલ જે અર્થ ચાલે છે એ સાધારણ માણસ માટે (જેઓ શબ્દાર્થને પણ મુશ્કેલીથી સમજી શકે તેમને માટે) છે' એ દીલાસો શાંતિ આપતો નથી. તેથી સત્યાર્થ શોધવા વધુ પ્રયત્નો કરવાનું સદ્‌ભાગ્ય આપણને પ્રાપ્ત થાય છે.

કેટલાંક પુસ્તકોમાં 'જાવણિજ્જાએ' શબ્દનો 'શક્તિસહિત' એવો અર્થ આપવામાં આવ્યો છે. એક પુસ્તકમાં તો એમ પણ લખ્યું છે કે 'જેના વડે કાળક્ષેપ કરીએ તે યાપનીયા કહિયે તે શક્તિએ સહિત'. જ્યારે ધાર્મિક કેળવણીમાં રસ લેતા એક મિત્રે લખ્યું કે "શક્તિસહિત એવો હું વંદન કરવાને ઇચ્છું છું' અને વધુ ખુલાસો આપ્યો કે:— 'શક્તિસહિત એવો હું-વંદન કરનાર માટે વિશેષણ રૂપે છે. પૂર્વ મહાન્ પુરૂષો મોટી મોટી રીતે વંદના કરી ગયા હશે. હું યથાશક્તિ (શિષ્ય પોતાની લઘુતા દર્શાવવા માટે 'શક્તિ સહિત' એવું વિશેષણ પોતાના માટે મુકે છે) વંદન કરૂં છું. ત્યારે તો અતિ વિસ્મય થયો. વિશેષણ અને અવ્યયના તફાવતની ઉપરોક્ત અણસમજ કરતાંએ વિભક્તિ તરફની આ દુર્લક્ષતા દુઃખકર થઈ. 'જાવણિજ્જાએ' વિશેષણ છે અને તેને ત્રીજી વિભક્તિ છે છતાં પ્રથમા વિભક્તિ ગણવાનું આ સાહસ અયોગ્ય લાગ્યું.

હવે 'શક્તિસહિત' અર્થ બંધ બેસતો છે કે નહીં તે તપાસવા પહેલાં તેનું વિશેષ્ય 'નિસીહિઆએ' એટલે શું તે પ્રશ્ન ઉપર આવીએ. 'નિસીહિઆએ' એટલે **नैषिधिक्या** એટલે નૈષિધિકી વડે.

સામાન્ય રીતે તેનો અર્થ 'નિસીહિવડે' એટલે 'અશુભ વ્યાપારનો ત્યાગ કરીને' અથવા 'વંદનથી અન્ય વ્યાપારના નિષેધવડે' એવો અર્થ કેટલીક ચોપડીઓમાં જોવામાં આવે છે.

તો પછી જેમ પ્રભુમંદિરના પ્રવેશાદિ વખતે બોલાય છે તેમ 'નિસીહિ' બોલી યાતો 'નિસીહિ-પૂર્વક' વંદન કરવા ધરચ્છું છું એમ શું અર્થ હોઇ શકે? અને દ્વાદશાવર્ત વાંદણા કે જેનું 'આ પ્રણિ-પાત સૂત્ર' ગુરૂની અનુકુળતા સાચવવા માટે ટુંકું કરવામાં આવેલું જણાય છે તેમાં મિતાવગ્રહ પ્રવેશ વખતે 'નિસીહિ'તો બોલવાનું છે તો પછી તે માટે શું અત્રે ગુરૂની આજ્ઞા માગવાની છે? ગમે તે હો પણ આ બંને શબ્દ સાથે લઇએ ત્યારે 'શક્તિસહિત અશુભ વ્યાપારના નિષેધવડે' એ અર્થ સુસંગત જણાતો નથી.

વળી 'શક્તિસહિત-નિષેધવડે' વંદન તે કેમ થાય? અશુભ વ્યાપારનો ત્યાગ કે નિષેધ ત્રિકરણ-વડે—મન, વચન અને કાયા વડે થઇ શકે છે અને તે ત્રિકરણવડેજ વંદન પણ થઇ શકે છે પણ અત્રે તો ઉપરોક્ત અર્થ લઇએ તો—આ ત્રિકરણનો અભાવ ઉપસ્થિત થાય છે તેનું કેમ? વળી તેવા અર્થ માટે પ્રાચીન આધાર પણ નથી. તો પછી આવો અર્થ કેમ પ્રચલિત થયો?

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ તો પોતાની આવશ્યક ટીકામાં જણાવે છે કે:—

नैषिधिकया प्राणातिपातादि निवृत्तया तन्वा शरीरेणेत्यर्थः ॥

નૈષેધિકી એટલે શરીર કે જે વડે જીવહિંસાદિ અટકાવવાનું થઇ શકે છે.

સામાન્યરીતે મન અને વચનનો અર્થાપત્તિથી શરીરમાં સમાવેશ થઇ જાય છે. વિશેષમાં, વંદન ક્રિયામાં શરીર મુખ્ય ભાગ લે છે તેથી 'શરીર' એ અર્થ સ્વીકાર્ય છે.

તેથી પ્રસ્તુત બંને શબ્દોનો 'શક્તિસહિત શરીરવડે' એ અર્થ આ અવસ્થાએ થયો. હવે તે અર્થ તપાસીએ.

શ્રી હરિભદ્રસૂરિ તો 'જાવણિજ્જાએ'નો અર્થ "યાપનીયયા" 'યથાશક્તિ યુક્તયા' એવો કરે છે. કંઇ 'શક્તિયુક્તયા' કે 'શક્તિસહિત' એવો અર્થ કરતા નથી. તો પછી 'યથાશક્તિ' અને 'શક્તિ-સહિત' એવા અર્થ આવ્યા કયાંથી એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેનું કદાચ આ નિરાકરણ હોઈ શકે:—

'યથાશક્તિયુક્ત'માંથી કેટલાકોએ 'યુક્ત' શબ્દ છોડી દીધો એટલે 'યથાશક્તિ' માત્ર અર્થ રહ્યો. અને બીજાઓએ 'યથા' શબ્દ છોડી દીધો એટલે 'શક્તિ-યુક્ત' 'શક્તિસહિત' એવો અર્થ કર્યો અને તેથીજ આ બંને અર્થો જોવામાં આવે છે પણ તે બંને ઉપરમુજબ છુટા પડી જવાથી, પાછળ આવતા 'નિસીહિઆએ' શબ્દ સાથે બંધ બેસતા થતા નથી.

ત્યારે હવે 'યાપનીયયા' એટલે 'યથાશક્તિ' એટલે શું એની વિચારણા કરીએ.

પ્રથમતો. યા એટલે પામવું, પહોંચવું, તેનું પ્રેરક-રૂપ 'યાપયતિ' એટલે પમાડે છે, પહોંચાડે છે. "યાપયતીતિ યાપનીયા" એટલે પમાડે, પહોંચાડે તેવા' એવો અર્થ તેની વ્યુત્પત્તિદ્વારા નીકળે છે, એટલે (ઇષ્ટકાર્ય—અંત્રે વંદનાદિ—ના પારને) પ્રાપ્ત કરાવે તેવા. 'યથાશક્તિયુક્ત' એટલે બનતી શક્તિએ યુક્ત—યોગ્ય થયેલા એવા. આ રીતે જોતાં ઇષ્ટ કાર્યના પારને પ્રાપ્ત કરાવે તેવા-શિષ્યની દૃષ્ટિએ પોતાના ગુણવિકાસાવસ્થાને અનુસરીને યોગ્ય થયેલા—ઇંદ્રિય અને મનને બનતી શક્તિએ વશ કરીને તેની પીડાઓથી અબાધિત કરી યોગ્ય કરેલા—ટુંકમાં, 'વંદન યોગ્ય અબાધિત શરીરવડે' એ અર્થ નીકળે છે.

અત્રે વંદન તે લક્ષ્ય છે. શરીર તે સાધન છે. વંદનેચ્છા લક્ષ્યપ્રતિ ગતિ કરાવે છે અને વંદનયોગ્ય અબાધિત શરીર હોવાથી લક્ષ્ય પ્રતિ ગતિ રહેલાર્થથી નિર્વિઘ્ને થાય છે અને ઇષ્ટ કાર્ય સિદ્ધ થાય છે.

'જાવણિજ્જાએ નિસીહિઆએ' એ બે શબ્દ બે કીંમતી પાઠ શિખવે છે. એકતો એકે શરીરનું પ્રયોજન જીવહિંસાદિ અટકાવવા માટે છે, અને બીજો

પાઠ એ છે કે તેને યોગ્ય કરવામાં આવે છે-કેળવવામાં આવે છે-ઇંદ્રિય અને મનને વશ કરીને અબાધિત કરવામાં આવે છે તો તે ઇષ્ટસિદ્ધિ કરાવે છે.

દ્વાદશાવર્ત વાંદણામાં 'જવણિજ્જં ચ ભે' આવે છે ત્યાં 'જવણિજ્જ" એટલે યાપનીયં નામ રૂપે છે. **'याप्यते येन तत् यापनीयं'** 'પાર પહોંચાય જે વડે તે' એટલે યોગ્યતા. ગુરૂને સુખશાતા પુછતાં, સંયમયાત્રા અવ્યાબાધ વર્તે છે તેમ પુછી તેજ યાત્રાના સાધનભૂત યોગ્યતા-ઇંદ્રિય અને મનની પીડાથી રહિતપણું-અબાધિતપણું-નિરાબાધતા વર્તે છે એમ શિષ્ય પુછે છે અને શિષ્યની તેજ યોગ્યતા વિષે ગુરૂ પણ સામી પૃચ્છા કરે છે. ગુરૂની સુખશાતાપૃચ્છામાં પણ શરીર 'નિરાબાધ' એવા શબ્દો છે. એ રીતે જોતાં 'જવણિજ્જએ નિસીહિઆએ' નો અર્થ ઇન્દ્રિય અને મન વસ્ય થયેલા હોવાથી તેમની પીડાઓથી અબાધિત-નિરાબાધ શરીરવડે' એ અર્થ પણ બંધબેસતોજ છે.

એક વિદ્વાન્ મુનિરાજ લખે છે કેઃ-' યાપનીયા એક યોગ્ય શક્તિ વિશેષ છે કે જે ઇષ્ટકાર્યના પારને પહોંચાડે છે.' વધુમાં તે મુનિરત્ન લખે છે કેઃ-'દ્રવ્ય ભાવ આરોગ્ય એજ ધાર્મિક ક્રિયાના અને છેવટે સંસારના પારને પહોંચાડનાર છે. માટે જૈન શાબ્દિકોએ 'યાપનીય' શબ્દને નિરાબાધ અર્થમાં રૂઢ કર્યો છે.'

છેવટે, વિદ્વાન્ મુનિમહારાજાઓ અને ગૃહસ્થ બંધુઓ આ સંબંધમાં આ માસિકદ્વારા કંઇક વધુ અજવાળું પાડશે તો લેખક ઉપર ઉપકાર થશે એ પ્રાર્થના સાથે વિરમું છું. **આશાચંદ્ર.**

હેમચંદ્રાચાર્ય અને રાજાધિરાજ.

' ગુજરાતના ગૌરવને પ્રકટ કરનારાં પુસ્તકોમાં **ભાઈ કન્હૈયાલાલ માણેકલાલ મુનશી**ની 'પાટણની પ્રભુતા' અને 'ગુજરાતનો નાથ' અગ્રસ્થાન ભોગવે છે, એ કોઈથી અજાણ્યું નથી. તેનાજ અનુસંધાનમાં 'રાજાધિરાજ'નો લેખ લખાયો છે. યદ્યપિ કેટલાક સાક્ષરો તરફથી એમ કહેવામાં આવ્યું છે કે-આ કૃતિયો ચોક્કસ અંગ્રેજી પુસ્તકોના ઉલ્થા માત્ર છે; પરંતુ મારી અંગ્રેજીની અનભિજ્ઞતા તે સંબંધી કંઇ પણ અભિપ્રાય આપવાની સ્પષ્ટ ના પાડે છે. હું આ લેખમાં જે કંઈ કહેવા ધારું છું તે **'રાજાધિરાજ'** ની નવલકથામાં આવેલા **જૈન-પાત્ર-આચાર્ય હેમચંદ્રસૂરિ**-સંબંધી છે.

'ગુજરાતના નાથ'ની માફક 'રાજાધિરાજ' માં પણ હેમચંદ્રાચાર્યને જે સ્થિતિમાં ઉપસ્થિત કર્યા છે, તે સંબંધમાં જૈન સમાજમાં-વિદ્વદ્સમાજમાં કોલાહલ ઉત્પન્ન થયો છે, તે જાણીતોજ છે. ભાઈ મુનશીજી તે મારા મિત્ર, સાહિત્ય સંસદ્ના સભ્ય તરીકે તેમનો મારો સંબંધ અને મારા **'સૂરીશ્વર અને સમ્રાટ્'** માં તેમણે ઉપોદ્ઘાત લખેલી, તે પણ એક સંબંધ. આ સંબંધોના લીધેજ 'હું તેમના સંબંધી કંઇ નથી લખતો' કિંવા 'હું તેમના મતને મળતો છું-એટલે હેમચંદ્રાચાર્યે માનસિક વ્યભિચાર સેવ્યો, મંજરીને દેવી માની-સરસ્વતી માની તેણીને પ્રણામ કર્યા,' ઇત્યાદિ વાતોને હું પણ માનું છું; એવી કલ્પનાઓ કરી કેટલાક મહાનુભાવોએ પોતાના સ્વભાવ પ્રમાણે મને પણ સુંદર (!) શબ્દોમાં નવાજ્યો, પણ મારે તેમને શું લખવું ? જ્યાં 'રાજાધિરાજ' વાંચવાનોજ પ્રસંગ નહિ પ્રાપ્ત થયેલો, ત્યાં તે સંબંધી વગર અભ્યાસે મારાથી તે વિષયમાં ઝીપલાવાયે કેમ ? આખરે મારે આ સત્ય **'જૈન'** ના તા. ૧૮ નવેમ્બર ૧૯૨૩ ના અંકમાં પ્રકટ કરવું પડ્યું. સાથે સાથે ભાઈ કન્હૈયાલાલની સાક્ષરતા, અને તેમના સ્વભાવ માટે હું જે કંઇ ધારતો આવ્યો છું, તે આ શબ્દોમાં મેં સ્પષ્ટ કર્યું:—

'ભાઇ કન્હૈયાલાલની સાક્ષરતા માટે મને સંપૂર્ણ માન છે એટલુંજ નહિ પરન્તુ મારા મિત્ર તરીકે તેમના સ્વભાવને જ્યાં સુધી હું ઓળખી શક્યો છું, ત્યાં સુધી એમ કહી શકું છું કે વ્યાજબી રીતે

પ્રમાણપુરઃસર તેઓને કોઇ પણ વાત સમજાવવામાં આવે, તો તેઓ ખોટો દુરાગ્રહ રાખી બેસે તેવા નથી.”

ભાઇ કન્હૈયાલાલની સાથે આ સંબંધી પત્રવ્યવહારમાં પણ મેં તો તેમની આજ સજ્જનતા જોઇ. મારા એક પત્રના ઉત્તરમાં તેઓ મને લખે છેઃ—

“ હેમચંદ્રાચાર્ય વિષે જે કાંઈ પણ મેં લખ્યું છે—વાર્ત્તામાં કે ગંભીર લેખોમાં—તે તેમના સ્મરણોને શોભાવે એવું છે. પણ મનુષ્ય સ્વભાવથી અપરિચત કે શ્રદ્ધા ચક્ષુથીજ જોનાર માણસો તે વિષે કાંઈ પણ કહે તો હું શું કરું ?

“ ગુજરાત ” માં મારે વિષે કાંઇ પણ સારું કે માઠું ન લખાય, એવી પ્રણાલિકા મેં પાડી છે પણ આપ જો કાંઇપણ લખવા કૃપા કરશો તો વિરૂદ્ધ હશે તો પણ તે ‘ગુજરાત’માં સ્થાન પામશે. અને નહિં તો હું કોઈ બીજા સારા ચોપાનિયામાં પ્રગટ કરાવીશ. માટે જરૂર લખી મોકલશો.”

ભાઇ મુનશીજીના ઉપર્યુક્ત શબ્દો મને એમ કહેવાની પ્રેરણા કરે છે કે—આ ઐતિહાસિક ચર્ચામાં તેમનું હૃદય કુટિલ તો નથીજ. તેઓ આટલું લખીને નથી વિરમ્યા, હેમચંદ્રાચાર્ય વિષે. તેમણે જ્યાં જ્યાં લખ્યું છે, તે સ્થળો બતાવી મને આ સંબંધી લખવામાં વધારે મહેનતથી બચાવવાનો શ્રમ પણ લીધો છે. તેમની આ સજ્જનતાને હું કેમ ભૂલું ?

મારી અન્યાન્ય પ્રવૃત્તિના લીધે મને આશા ન્હોતી કે હું **‘રાજાધિરાજ’**ના લેખો આટલા જલદી વાંચી શકીશ અને તે ઉપર કંઇ લખી શકીશ. છતાં સદ્‌ભાગ્યે સમય મળ્યો. લેખો વાંચ્યા અને કંઇક લખવાનો પણ પ્રસંગ મળી ગયો.

હું આ પ્રસંગે કેવળ ‘રાજાધિરાજ’ના લેખોમાં આવેલા ‘હેમચંદ્રસૂરિ’ના સંબંધમાંજ ઉલ્લેખ કરવા ઇચ્છું છું.

‘રાજાધિરાજ’ના લેખોમાં ‘હેમચંદ્રસૂરિ’ આટલા પ્રસંગોમાં દેખાવ દે છેઃ—

૧ ભૃગુકચ્છની બહાર એક ટેકરા ઉપર પ્ર. ૧ લું.
૨ દેવભદ્રસૂરિના ઉપાશ્રયમાં, જ્યાં કાક મળે છે ,, ૧૦મું.
૩ સખીઓ સાથે મંજરી જૂએ છે, ત્યાં ,, ૧૦ ,,
૪ રેવાપાલને ત્યાં. ,, ૨૩ ,,
૫ મંજરીની મુલાકાતે. ,, ૨૬-૨૭,

આ પ્રસંગો બારિક દૃષ્ટિએ તપાસવા આવશ્યક છે; પરંતુ તે પહેલી એક વાત કહી દઉં.

નવલકથાઓ વાંચનારાઓને એ ખ્યાલ ‘મગજમાં ઠસેલો અવશ્ય હોવો જોઇએ કે—નવલકથાઓ એટલે લોકોનાં ચિત્તોને ખુશ કરે, અને ઉદાસીનતાને મટાડે એવી વાર્તાઓ. વસ્તુ ગમે તેટલું નહાનું હોય પરન્તુ વાંચનારાઓને રસ ઉત્પન્ન થાય એવા વર્ણન પૂર્વક—ટૂંકમાં કહીએ તો કાવ્યોના રસોને પોષવાપૂર્વક લખાએલી વાર્ત્તા, નવલકથા. આવી કથાઓમાં અત્યુક્તિ હોય, શબ્દલાલિત્ય હોય, ઉત્તેજકતા હોય અને સરસતા પણ હોય, પરન્તુ તેની સાથે એ પણ ભૂલવું ન જોઇએ કે નવલકથા—નવલકથાઓમાં તફાવત હોય છે કોઇ નવલકથા સામાજિક હોય છે તો કોઈ ઐતિહાસિક, જ્યારે કોઇ ધાર્મિક—વૈરાગ્યાત્મક પણ હોય છે. સામાજિક અને ધાર્મિક નવલકથાઓમાં સામાજિક અને ધાર્મિકભાવોનું ચિત્ર દોરવામાં આવે છે, પરન્તુ ઘણે ભાગે તેનાં પાત્રો કાલ્પનિક હોય છે. ઐતિહાસિક નવલકથાઓનાં પાત્રો મ્હોટે ભાગે સાચાંજ હોય છે. અને સાચાં હોવાંજ જોઇએ. નહિ તો ઇતિહાસનું જે સત્ય સમાજ સમક્ષ મૂકવાનું છે, તે સત્ય, સત્યરૂપે સમાજ નજ સ્વીકારે. ભાઈ મુનશીની ‘આ નવલકથા’ એક “ ઐતિહાસિક નવલકથા ” છે. આ નવલકથામાંથી ‘ગુજરાતનું ગૌરવ’ પ્રકટ થાય છે. આ નવલકથા ગુજરાતના રાજાઓની કીર્તિ અને ધ્વંસનાં કારણો ઉપસ્થિત કરે છે અને આ નવલકથા ગુજરાતની ‘અસ્મિતા’નું ચિત્ર આપણી આંખો આગળ ખડું કરે છે. એટલે નવલકથાના હિસાબે આમાં અત્યુક્તિ ભલે હોય, શબ્દલાલિત્ય ભલે ઝળકે, ઉત્તેજકતા ભલે ઉભરે અને સરસતા ભલે છલકે; પરન્તુ તેમાં અસત્યતાનું કે મનગઢંત વાતોનું તો મિશ્રણ નજ હોવું જોઇએ. જો તેવું હોય તો ઇતિહાસના ઉપર પાણીજ ફર્યું—ફેરવ્યું કહેવાય. આવી અવસ્થામાં ભાઈ મુનશીજીની આ નવલકથા અને ચર્ચાસ્પદ શ્રી હેમચંદ્રસૂરિના પ્રસંગો માટે આપણે કંઈપણ અનુમાન કે ધોરણ બાંધીએ તેના કરતાં તેની

સત્યતાનાં પ્રમાણ ભાઇ મુનશીજી પાસેથીજ મેળવીએ એ મને વધારે સમુચિત લાગે છે અને તેથી કથાના ઉપર્યુક્ત પ્રસંગો વાંચતાં મને જે કંઇ પ્રશ્નો ઉપસ્થિત થાય છે, તે આ નીચે આપી ભાઈ મુનશીનું તે તરફ ધ્યાન ખેંચું છું:—

૧ હેમચંદ્રસૂરિ દેવભદ્રસૂરિને મળે છે. કાક પણ આવે છે, તે પ્રસંગે રાજ્યકારભારમાં 'હિંસા-અહિંસા'નો જે વિવાદ ચર્ચવામાં આવ્યો છે, તે વિવાદ પ્રમાણયુક્ત છે કે કાલ્પનિક? પ્રમાણયુક્ત છે તો કયા ગ્રંથમાં? પ્ર. ૧ પૃ. ૨૩૮

૨ રેવાપાલને હેમચંદ્રસૂરિ મળે છે. અને રેવાપાલના શૈવ હોવા સંબંધી સૂરિજી ભાવ વ્યક્ત કરે છે. રેવાપાલ 'મને અહિંસા ધર્મ રૂચતો નથી.' એમ કહે છે. આ હકીકત કોઇ ગ્રંથના આધારવાળી છે કે કાલ્પનિક? પ્ર. ૨૩, પૃ. ૨૩૧.

૩ કાકના હાથમાંથી સત્તા લઈ લેવા માટે તેજપાલ, માધવ, અને આંબડને સમજાવવાની જે રાજ્ય ખટપટ હેમચંદ્રસૂરિ કરે છે, તથા દુર્ગપાલ સૂરિજીનું અપમાન કરે છે, તે હકીકત કોઇ ઐતિહાસિક ગ્રંથમાં છે? છે તો કયા? પ્ર. ૨૩ પૃ. ૨૩૨.

૪ મંજરીને જોતાં સૂરિજીને જે 'સંશય' પેદા થયાનો કિંવા 'સંશય પેદા થયાની ભ્રમણા'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે શા ઉપરથી? સૂરિજીને એવો સંશય કિંવા ભ્રમણા ઉત્પન્ન થઈ હતી, એની શી ખાતરી? પ્ર. ૨૭; પૃ. ૩૨૮

૫ મંજરીનો અને સૂરિજીનો છેલ્લો પ્રસંગ—જેમાં દુર્ગપાલને ત્યાં ગોચરી જવાનું નિમંત્રણ સ્વીકારવું, સૂરિજીનું ચમકવું, પોતાના મગજ પાસે હિસાબ માંગવો, મંજરી પાસે જવું, મંજરીને 'ભગવતી' 'માતા' આદિ સંબોધનોથી બોલાવવી, મંજરીની સ્હામે સૂરિજીનું હસવું, મંજરીએ આશીર્વાદ આપવો, સૂરિજીને સૂરિપદ-વીતરાગ પદ-અવિકારતા નજર આગળથી અદૃશ્ય થઈ જવી, પુનઃ અનિત્યાદિ વૈરાગ્યની ભાવનાઓથી સૂરિજીનું ચિત્ત ઠેકાણે આવવું, સૂરિજીએ મંજરીને સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કરવા, આ પ્રસંગો શું ઐતિહાસિક સત્યતાવાળા છે? છે તો તેનાં પ્રમાણ? પ્ર૦ ૩૭, પૃ. ૩૭૨ થી ૩૭૭.

બસ, મારૂં માનવું છે કે ઉપર્યુક્ત હકીકતમાંજ આ ચર્ચાનો જન્મ થયેલો છે, અને આ પ્રશ્નોના ખુલાસામાંજ તેનો અંત છે.

પુનરૂક્તિનો દોષ વ્હોરીને પણ એક વાર ફરી કહીશ કે-આ કથા એક ઐતિહાસિક નવલકથા છે. અતએવ ઐતિહાસિક પાત્રોને યથાસ્થિત સ્થાનમાંજ ગોઠવવાનો નિયમ ભાઈ મુનશીજી જેવા એક ઉમદા નવલકથાકાર નહિં ચૂક્યા હોય, એ ખાતરી છે. અને ગુજરાતનું ગૌરવ બતાવવા સૌથી આગેવાની ભર્યો ભાગ લેનાર આ 'ગુજરાત'ના તંત્રીના હાથે ગેરવ્યાજબી અન્યાય યુક્ત તંત્ર નહિંજ ગોઠવાયુ હોય એવો વિશ્વાસ છે. અને તેથી એક મિત્ર તરીકે વિશ્વાસયુક્ત આશા રાખીને ટુંકમાંજ પતાવું છું કે-તેઓ ઉપર્યુક્ત પ્રશ્નોના ખુલાસા અવશ્ય આપશે.

શ્રીવિજયધર્મ લક્ષ્મીજ્ઞાન મંદિર,
બેલનગંજ આગરા
ફા. સુદ ૧, ૨૪૫૦ ધર્મ સં. ૨

વિદ્યાવિજય.

આ લેખ ભાઇ મુનશીજી ઉપર મેં મોકલ્યો હતો. તેમણે મારી પ્રશ્નાવલિના ઉત્તરમાં જે જવાબ આપ્યો છે, તે આ નીચે અક્ષરશઃ આપું છું.

મુંબાઇ
તા. ૧૬-૩-૨૪

મુનિ શ્રી વિદ્યાવિજયજી

આપની પ્રશ્નાવલિ ને વિવિધ વિચારમાલા મળી. આપના પ્રશ્નોના જવાબમાં લખવાનું કે રેવાપાલ અને મંજરી કાલ્પનિક પાત્રો છે. એટલે તેના બધા પ્રસંગો કાલ્પનિક છે. ઐતિહાસિક નવલકથા એટલે ઇતિહાસ નહીં; પણ ઇતિહાસના પ્રસંગોમાં ગુંથેલી કાલ્પનિક કથા.

હેમાચાર્ય વિષે ઇતિહાસમાં બે વસ્તુ દેખાય છે. તેમનો અહિંસાવાદ તરફ પક્ષપાત અને પાટણના રાજા પાસે જૈનધર્મ સ્વીકારાવવાની પ્રબળ ઇચ્છા આ બે જેના જીવનની મોટી આકાંક્ષા છે એવા મહાન ગુજરાતીના જીવનમાં તેમના ચારિત્ર્યને અનુરૂપ, કાલ્પનિક પ્રસંગો યોજ્યા છે, અને એ યોજવાનો કથાકારનો અધિકાર છે, એમ હું માનું છું.

મંજરીનો પ્રસંગ, હેમાચાર્યનો બાલ્યાવસ્થાથીજ સંયમ કેવો હતો તે દેખાડે છે. વિકારને વશ કર-

વામાં જે મહત્તા રહેલી છે, તે આ પુરૂષને કેવી સુલભ હતી તે પણ દેખાય છે, એ પ્રસંગમાં હેમાચાર્યનાં સ્મરણોને નાનમ લાગવા જેવું શું છે, તે મને હજુ સમજાતું નથી. માણસ હોય તેને વિકાર થાય–અને વિકાર જીતી ને વીતરાગ થાય. જે પાષાણ હોય તેનેજ વિકાર થાય નહીં અને તેને વિકાર જીતવાની જરૂર રહે નહીં. તીર્થંકરોને પણ તપશ્ચર્યા આદરવી પડી છે, અને ચિત્તવૃત્તિનો નિરોધ કરવા દૃઢ પ્રયત્ન કરવો પડયો છે. તેથી શું તેમની અપૂર્વતા ઓછી થાય છે? તો હેમાચાર્યે તો કદી તીર્થંકર હોવાનો દાવો કર્યો નથી. એજ

લી.

કનુ મુનશીના

પ્રણામ

નોટ—

ભાઇ મુનશીજીના ઉપર્યુક્ત જવાબ ઉપરથી જોઇ શકાય છે કે **રાજાધિરાજની** કથાના **રેવાપાલ** અને **મંજરી**નાં પાત્રો કાલ્પનિક છે, અને તેથી સ્પષ્ટ થાય છે, કે હેમચંદ્રાચાર્યનો મંજરી સાથેનો જે જે સંબંધ–પ્રસંગ તેમણે પોતાની કથામાં આલેખ્યો છે, તે બધોએ કાલ્પનિક જ છે. એટલે કે–તે પ્રસંગો મુનશીજીના મનગઢંત છે, નહિં કે બનેલા. આવી અવસ્થામાં તો આપણે મુનશીજી પાસે એટલુંજ ઇચ્છી શકીએ કે–આવા મનગઢંત પ્રસંગમાં એક ધુરંધર, પવિત્ર, શુદ્ધ ચારિત્ર્યવાન અને વિદ્વાન આચાર્યને માનસિક વ્યભિચાર સેવતા બતાવી પાછળથી મનને વશ કરવા બનાવવાનો શો અધિકાર? આનો જવાબ મુનશીજી જે આપે છે તે મનુષ્ય સ્વભાવ પ્રકૃતિના નિયમ તરફ આપણું ચિત્ત દોરે છે, વિકારને વશ કરવામાં જે મહત્તા રહેલી છે, તે આ પુરૂષને (હેમચંદ્રાચાર્યને) અત્યંત સુલભ હતી; એ બતાવવાનો મુનશીજીનો હેતુ છે પરન્તુ અહિં વિચારવાનું એટલુંજ છે કે એક મનુષ્યમાં રહેલી કોઇ પણ વિશેષતા–મહત્તા બતાવવા તેને પાપ–અધર્મની તરફ યોજવાની જે પ્રારંભિક ભૂલ ભાઇ મુનશીજીના હાથે થઈ છે, તે તેઓ જોઇ શકયા નથી. પગને માફ કરવાની ખાતર પગને કિચ્ચડમાં નાખી ધોનારને શું કોઇ બુદ્ધિમાન સમજશે? ભાઇ મુનશીજીની આલેખેલી ઘટના બિલકુલ આ દૃષ્ટાંતને લાગુ પડે છે, તેમાં પણ અહિં તેના એક મહાન ચારિત્ર્યનો સવાલ છે. એટલે સાહિત્યના વિષયમાં કોઇ પણ લેખકે વધારે સાવધાનતા રાખવી જોઇએ છે, એ વાત તેમણે ન ભૂલવી જોઇએ.

આ ઉપરાન્ત ભાઇ મુનશીજીએ, હેમચંદ્રાચાર્યના મુખથી મંજરી પ્રત્યે 'ભગવતી' 'માતા' આદિ શબ્દો કહેવડાવી મંજરીને નમસ્કાર-પ્રણિપાત પણ કરાવ્યો છે, તે બિલકુલ અસંભવિત છે. એક સામાન્યજ જૈન સાધુ કેમ ન હોય, કોઇપણ ગૃહસ્થને સ્ત્રી કે પુરૂષને–તે નમસ્કાર કરેજ નહિં, જ્યારે આ તો આચાર્ય–મહાન્ આચાર્ય તે તો માતા–ભગવતી કહેજ શાના, અને પ્રણિપાતની તો વાતજ શી? કાલ્પનિક પ્રસંગોમાં પણ આવી અસંભવિત વાતો ઉલ્લેખી એક મહાન્ પુરૂષને–સાચા પાત્રને અધમ સ્થિતિમાં મૂકવા જેટલી અઘટિત સ્વતંત્રતા મુનશીજી જેવા ગુજરાતનું ગૌરવ બતાવનાર નવલકથાકાર ભોગવે એ તો નહિ ઇચ્છવા યોગ્યજ ગણી શકાય. એક સાચા ઐતિહાસિક પાત્રને-સામાન્ય પાત્રને નહિં મહાન્ પુરૂષને—તેની વાસ્તવિક સ્થિતિથી છેક નીચી સ્થિતિએ મૂકવાનો હક કોઇનો પણ ન હોઇ શકે. અને તેટલા માટે એ કહેવું લગારે ખોટું નથી કે મારા મિત્ર ભાઇ મુનશીજીએ ખરેખર ગુજરાતના ઇતિહાસના આ અંશને ક્ષતજ કર્યો છે.

આ સિવાય એટલે રેવાપાલ અને મંજરીના પ્રસંગ સિવાયના મારા બાકીના પ્રશ્નો સંબંધી ભાઇ મુનશીજીએ કંઇપણ ખુલાસો કર્યો નથી, એજ બતાવી આપે છે કે તેમણે તે તે પ્રસંગો કોઇપણ ઐતિહાસિક પ્રમાણના આધાર સિવાયજ આલેખ્યા છે, અને તેથી એક ઇતિહાસકાર–સુયોગ્ય ઇતિહાસલેખકના હાથે ઇતિહાસને જે આઘાત પહોંચ્યો છે, એ જોઈ કોઇપણ ઇતિહાસ પ્રેમીને ખેદ થયા વિના નહિં રહે, એ સિવાય વિશેષ શું કહી શકાય?

શ્રીવિજયધર્મસૂરિ સમાધિ મંદિર
શિવપુરી (ગ્વાલીયર)
ફા. સુ. ૧૫, ૨૪૫૦, ધર્મ સં. ૨

વિદ્યાવિજય.

—**વિવિધ વિચારમાલા**–વીરાત્ ૨૪૫૦ અંક ૫મો.

પ્રાચીન જૈન કવિઓનાં વસંતવર્ણન.

સુવર્ણમાલાનો નવીન અવતાર થયો અને તેના અંકોનું બાંધેલું પુસ્તક મારા મિત્ર રા. ચંદુલાલે વાંચવા આપ્યું, તેમાં ગુજરાતી પ્રાચીન કવિઓનાં વસંતવર્ણન એ નામનો લેખ ચૈત્ર ૧૯૮૨ ના અંકમાં રા. છગનલાલ વિઘારામ રાવળનો શરૂ થએલો જોયો કે જેમાં શ્રી નરસિંહ મહેતાથી લઇ ઇંદ્રાવતી (પ્રણામી પંથનો) અને ત્યાર પછીના અંકમાં કવિ રાજે ભક્તથી લઈ રા. સાકરલાલ પુરૂષોત્તમ શુકલના વસંતવર્ણન લેવામાં આવ્યાં છે. આ પરથી જૈન પ્રાચીન કવિઓનાં વસંતવર્ણન બને તેટલાં એકત્રિત કરી પ્રકટ કરવાપર વિચાર થતાં તેનો અમલ આ લેખમાં કરવામાં આવ્યો છે. રા. રાવળે ભક્તકવિ નરસિંહ મહેતાની નીચે જણાવ્યું છે કે,

'તેમના સમયની જુની ગુજરાતી ભાષાનાં જૈન કાવ્ય હાલ હાથમાં આવ્યાં છે તે જોતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે, હાલમાં પ્રસિદ્ધ થયેલાં પદની ભાષા તેમના વખતની નથી.

અત્ર જણાવવું યોગ્ય થઇ પડશે કે શ્રી નરસિંહ મહેતાના સમયનાં તો શું, પણ તેમની પૂર્વેનાં પ્રાચીન જૈન કવિઓનાં કાવ્યો સાંપડયાં છે તે અને બીજાં કાવ્યોમાંથી 'વસંતવર્ણન' મળી આવેલ છે, કે જે અત્ર મૂકયાં છે. હજુ ઘણાં કાવ્યો જોવાં બાકી છે, અને તે જોયે તેમાંથી મળી આવતાં વર્ણનો હવે પછી આપવાની ધારણા છે.

આ વર્ણનોના બે ભાગ પડી શકે છે. એક તો વસંતનાં છૂટાં કાવ્યો અને બીજાં આખાં લાંબાં કાવ્યોમાંથી વસંતના પ્રસંગોચિત વર્ણનો.

હવે આ સર્વ જોતાં જૈનોના બાવીસમા તીર્થંકર 'નૈષ્ઠિક બ્રહ્મચર્યનો અનુભૂત આદર્શ આપનાર યાદવ તીર્થંકર નેમિનાથ' સંબંધી જે કાવ્યો છે તેમાં પ્રાયઃ વસંતનાં વર્ણન આપેલાં જણાય છે. વસંતનાં છૂટાં કાવ્યો પણ મુખ્ય ભાગે ઉક્ત શ્રી નેમિનાથ સંબંધીનાં હોય છે. જેમ જૈનેતર સાહિત્યમાં 'બારમાસ' નામની કૃતિઓ જોવામાં આવે છે તેમ જૈન સાહિત્યમાં પણ 'બારમાસ' નામની અનેક કૃતિઓ છે અને તે મુખ્ય ભાગે શ્રી નેમિરાજુલ બારમાસ હોય છે.

જ્યારે જૈનેતર ભક્તિ સંપ્રદાયના રસાત્મા, 'કર્મ યોગનો સક્રિય માર્ગ ઉપદેશનારા વાસુદેવ શ્રીકૃષ્ણ'ને મુખ્ય નાયક લઇ વસંતના ઉત્સવોમાં પણ તેને પ્રધાનપદ જૈનેતરોએ આપ્યું છે, ત્યારે જૈનમાં પ્રધાનપદ લગ્ન નિમિત્તે ગયા છતાં પણ લગ્ન ન કરતાં રાજિમતી-રાજુલનો ત્યાગ કરી ધર્મ દીક્ષા લેનાર નેમિનાથજીને પ્રધાનપદ આપવામાં આવ્યું છે; આમ કરી તેમજ જિન-તીર્થંકરોનાં સ્તવનો-સ્તુતિઓ રચી જૈન કવિઓએ ભક્તિ-સાહિત્ય પણ ખીલવ્યું છે. નેમિનાથ તે કૃષ્ણના કાકા સમુદ્રવિજયના પુત્ર-પીતરાઇ ભાઇ.

નેમિનાથની કથા પ્રસિદ્ધ છે. તેમાં એક પ્રસંગ ખાસ વસંત ઋતુને ઉચિત છે તે એ છે કે

'નેમિકુમારે કૃષ્ણ વાસુદેવની આયુધશાળામાં પ્રવેશ કરી તેનો પાંચજન્ય શંખ પૂરીને વગાડયો કે જે શંખ કૃષ્ણ સિવાય વગાડવા કોઇ સમર્થ ન હતું. કૃષ્ણને ખબર પડી ને પ્રસન્ન થયા. ભુજબળમાં નેમિએ કૃષ્ણને નમાવ્યા. કૃષ્ણે નેમિકુમાર પરણે તો સારૂં, પણ તે પૂર્ણ બ્રહ્મચારી હતા તેથી તેને લગ્ન પ્રત્યે ઉત્સુક કરવા પોતાના અંતઃપુરમાં જવા આવવાની છૂટ આપી તેમજ પછી વસંતઋતુમાં નગરજનો અને યાદવોની સાથે પોતાના અંતઃપુર સહિત રૈવતાચળના-ગિરનારના ઉદ્યાનમાં ક્રીડા કરવા કૃષ્ણ નેમિનાથને લઇ ગયા. આ વખતનું વસંતનું વર્ણન નેમિનાથનાં ચરિત્ર જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં આપવામાં આવ્યું છે.

નેમિનાથનું મૌન લગ્નેચ્છા તરીકે સ્વીકારી તેમનો વિવાહ રાજીમતી સાથે નક્કી થયો. જાન ગઈ ત્યાં રથમાં બેઠેલા નેમિનાથે પ્રાણીઓનો કરૂણસ્વર સાંભળ્યો. ત્યાં જઇ જોયું તો જણાયું કે ચીસ પાડતાં આ પ્રાણીઓ આમિષાહારીને આહાર પૂરો પાડવા માટે બાંધેલાં છે ને 'પાહિ પાહિ' (રક્ષણ કરો, રક્ષણ કરો) એમ બોલતા લાગ્યા. દયાર્દ્ર નેમિનાથે

રથ ફેરવ્યો. લગ્નનો ત્યાગ કર્યો. રાજીમતી વિલાપ કરવા લાગી. દીક્ષાનો અડગ નિશ્ચય કરી આખરે પ્રવ્રજ્યા શ્રાવણ શુદ ૬ ને દિને ગિરિનારના સહસામ્ર વનમાં લીધી. રાજીમતીએ પણ તેમની પાસે દીક્ષા લીધી. આખરે બંને સિદ્ધિ પામ્યા.

શ્રી મહાવીર પ્રભુ પછી નંદરાજાના સમયમાં સ્થૂલિભદ્ર થયા. તેઓ યૌવનવયમાં કોશ્યા નામની વેશ્યાને ત્યાં રહેલ અને પછી તેમણે દીક્ષા ગ્રહણ કરી. તેમના ચરિત્રનો એક ભાગ એ છે કે:—

એકદા એક ચાતુર્માસ સમયે જુદા જુદા મુનિઓ સિંહ ગુફા આદિક પાસે રહી તપશ્ચર્યા કરવા માટે ગુરૂ મહારાજની આજ્ઞા માગી ત્યાં ગયા. સ્થૂલભદ્રે ગુરૂની આજ્ઞા એમ કહી માગી કે 'હે ભગવાન્ હું પણ કોશ્યા વેશ્યાની ચિત્રશાળામાં રહીને ષટ્રસ ભોજન સહિત ચાતુર્માસ રહીશ' ગુરૂ મહારાજે પણ જ્ઞાનોપયોગથી તેમને યોગ્ય જાણી તેમ કરવાની આજ્ઞા આપી, અને તેથી સ્થૂલભદ્રે કોશ્યાને ત્યાં જઇ શુદ્ધ ચારિત્ર પાળ્યું. તે ચારિત્ર બીજા બધા શિષ્યો કરતાં અતિ દુષ્કર ગુરૂજીએ જાહેર કર્યું.

આ સ્થૂલભદ્ર અને કોશ્યાનો પ્રસંગ લઇ કેટલાક જૈન કવિઓએ શૃંગારમય વર્ણન-તેમાં વસંતવર્ણન મૂકી કરેલ છે. આખરે ત્યાગનો બોધ બતાવ્યો છે.

વસંતરૂપે કેટલીક અધ્યાત્મ-વસંતો પણ ગવાઇ છે. વસંત સંબંધી હોરીઓ રચાઈ છે તેમાંની કેટલીક અધ્યાત્મ-હોરીઓ પણ છે.

વસંત સંબંધીનાં જૈન કવિઓનાં કથનો અને કાવ્યો કેટલાં રસિક છે અને જૈનેતર કવિઓનાં કાવ્યો સાથે સરખાવતાં કેવાં માલૂમ પડે છે એ કાર્ય તટસ્થ રસપિપાસુ વાચકજનોને સોંપવામાં આવે છે.

જૈનેતર ગૂજરાતી કાવ્યોમાં પ્રથમજ વસંત સંબંધી વર્ણન કરનાર શ્રી નરસિંહ મહેતા મળી આવે છે; જ્યારે તેમની પહેલાના જૈન કવિઓ વસંત વર્ણન કરનારા માલૂમ પડે છે.

મહા શુદ ૫ ને વસંતપંચમી લોકમાં કહેવામાં આવે છે અને તે માસમાં વસંતનું આગમન થાય છે એવો ધ્વનિ તે પરથી નીકળે છે; પરંતુ ખરૂં જોતાં ફાગણ વદ ૧ (મારવાડી ચૈત્ર વદ ૧)થી એટલે હોળીનો દિન-ફાગણ શુદ પૂર્ણિમા પછી તુરતજ બીજા દિવસથી શરૂ થાય છે; છતાં અત્ર લોકમાં માહ માસથી વસંત પ્રારંભની માન્યતાને માન આપી માહ-ફાગણ-ચૈત્ર એમ ત્રણ માસને વસંત ઋતુનાં ગણી તે તેનાં વર્ણન આપવામાં આવ્યાં છે.

તંત્રી, જૈનયુગ.

વિક્રમ ચૌદમું શતક.

સહસારામુ મનોહરૂ એ, માલ્હંતડે,
વિહસિય સવિ વણરાય,
સુણિ સુંદરે પૂજિય દરિસણ પાય.
કોયલ સાદુ સુહાવણઉ એ મા૦
નિસુણિયઇ ભમર ઝંકાર. સુણિ.

\+ + +

(દશમી ભાષા)

રિતુ અવતરિયઉ તહિ જિ વસંતો,
સુરહિકુસુમ પરિમલ પૂરંતો
સમરહ વાજિય વિજયદક્ક.
સાગુ સેલુ સલ્લઇ સચ્છયા, કેસૂય કુડય કયંબ નિકાયા,
સંધસેનુ ગિરિમાહઇ વહએ.
બાલીય પૂછઈ તરૂવર નામ, વાટઈ આવઇ નવનવગામ
નયની ઝરણ રમાઉલઉં. ૧

—સમરા રાસુ. અંબદેવ સૂરિકૃત સં. ૧૩૭૧.

[પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ.]

વિક્રમ પંદરમું શતક.

'જયશેખર સૂરિના નાના ગુરૂભાઈ મેરૂતંગ સૂરિ, તેમના શિષ્ય માણિક્યસુંદર સૂરિએ જૂની ગૂજરાતીમાં ગદ્યાત્મક પૃથ્વીચંદ્ર સંવત્ ૧૪૭૮ માં રચ્યું છે; તે બોલીમાં છે. અક્ષરના, રૂપના, માત્રાના અને લયના બંધનથી મુક્ત છતાં તેમાં લેવાતી છૂટ ભોગવતું પ્રાસયુક્ત ગદ્ય, તે બોલી. માણિક્યસુંદર, બોલીવાળા પ્રબંધને વાગ્વિલાસ એટલે બોલીનો વિલાસ એવું નામ આપે છે.' આ ગદ્યકાવ્ય પ્રાચીન ગુર્જર કાવ્ય

સંગ્રહ (Baroda Oriental series)માં છપાયું છે તેમાં વસન્ત સંબંધી ઉલ્લેખ છે ને તેમાં એક દૂહો પણ મૂકવામાં આવ્યો છે:—

'તિસિહ આવિઉ વસંત, દૂઉ શીત તણુઉ અંત,
દક્ષિણ દિસિ તણુઉ શીતલ વાઉ વાઇ, વિહસઇ વણુરાઇ.

સવ્વે ભલ્લા માસડા, પણ વઇસાહ ન તુલ્લ
જે દવિ દાધા ઇંધડાં, તીહ માથઇ પુલ્લ.

'મઉરિયા સહુકાર, ચંપક ઉદાર; વેઉલ બકુલ, ભ્રમરપુલ સંકુલ, કલરવ કરઇ કોકિલતણું કુલ. પ્રવર પ્રિયંગુ પાડલ, નિર્મલ જલ, વિકસિત કમલ; રાતા પલાસ; કુંદ મુચકુંદ મહમહઈ, નાગ પુન્નાગ ગહગહઈ. સારસ તણી શ્રેણિ, દિસિ વાસીઈ કુસુમ રેણિ, લોક તણે હાથિ વીણા, વસ્ત્રાડંબર ઝીણા; ધવલ શૃંગાર સાર, મુક્તાફલતણા હાર; સર્વાંગ સુંદર, મનમાહિ રમઇ ભોગ પુરંદર. એકિ ગીત ગવારઈ; વિચિત્ર વાદિત્ર વાજઈ, રમલિતણાં રંગ છાજઇ. એકિ વાદિઈ પુલ ચૂટઇ, વૃક્ષતણા પલ્લવ ખુંટઈ; હીડોલઈ હીંચઈ, ઝીલતાં વાદિઈ જલિઇ સીંચઈ; કેલિહરાં કઉતીગ જોઅઈ, પ્રીતમંત હોયઇ. વનપાલકિ અવસર લહી વસંત અવતરિયા તણી વાર્ત્તા કહી.

'રાજા સોમદેવ આવ્યા વનમાહિ, તેહ જિ સરોવર દેખી કુંઅરિ સાંભલી મનમાહિ. તેતલઇ પુરૂષિ એકઇ તેહ જિ કમલ મધ્ય દૂંતી નીસરી રત્નમંજરી કુમરી, દીઠી નરેશ્વરિ. દુઃખતણાં વ્યાપ ચૂરિયાં, લોક આશ્ચર્ય પૂરિયા. નગર મધ્ય વાર્તા જણાવી, રાજી કમલલોચના આવી. દીઠી બેટી, હુઇ પરમાનંદતણી પેટી, પરિવરી ચેટી.

'તિહાં માંડિયા વધામણાં, મહોત્સવિ કરી સુહામણાં; વિચિત્ર વાદિત્ર વાજિવા લાગા. તે કવણ કવણ. વીણા વિપંચી વલ્લકી નકુલોષ્ટિ જયા ચિચિત્રિકા હસ્તિકા કરવાદિની કુબ્જિકા ઘોષવતી સારંગી ત્રિદંબરી ત્રિસરી ઝંપરી આલવિણિ છકના રાવણહત્થા તાલ કંસાલ ઘંટ જયઘંટ ઝાલરિ ઉગરિ કુરકચિ કમરઉ ધામરી–ઢાક ડાક ઢાક ધૂંસ નીસાણ તાંબકી કહુઆલિ સેલ્લક કાંસી પાહી પાઉ સાંપ સીંગી મદન કાહલ ભેરી ધુંકાર તરવરા. ઇણિ પરિ મૃદંગ પટુપડહ પ્રમુષ વાદિત્ર વાજ્યાં, દુઃખ દૂરિ તાજ્યાં. ઇકવીસ મૂર્છના ઇગુણપંચાસ તાન, ઇસ્યાં હુઈ ગીત ગાન; યાચક યોગ્ય પ્રધાન વસ્ત્રદાન. કિસ્યાં તે વસ્ત્ર. સૂથિલા સંગ્રામાં દાડિમાં મેચવનાં પાંડુરાં જાદરા કાલાં પીયલાં પાલેવીયાં તાકસીનીયાં કપૂરીયાં કસ્તૂરીયાં પુદડીયાં ચઉકડીયાં સલવલીયાં લલવલીયાં હંસવડિ ગજવડિ ઉડસાલા નર્મ પીઠ અટાણ કતાણ ઝૂના ઝામરતની ભાઇરવ સુદ્ધ ભઇરવ નલીબદ્ધ પ્રમુખ વસ્ત્ર જાણિવાં. ઇણિપરિ મહોત્સવ ભરિ સાથિ કુમરિ નરેશ્વર પહુતા નગરિ. મનતણુઇ ઉલ્લાસિ, આવ્યા આવાસિ."

હવે 'બારમાસ' લઇએ.

માહ મહીને હો ઘણું ઘણું તમે, પાલો પડેરે ઠંઠાર,
નેમજી રંજણે ગિરનારે ગયો, પુડીઆ રાજલ નાર
—નેમજી ન જાજો ગિરનાર પાધરા. ૭

ફાગણ મહીને હો ઘણું ફગફગે, ઉડે અબીર ગુલાલ
ઘર ઘર હોલી ઓ નેમજી ખેલે, જય તમ છયુતરે સુકેણ
નેમ૦ ૮

ચૈત ચતુર ગીઓ ચમકો, લાગસી પુલીસા વણરાય,
છવે ને રતાંરા પુલ મહમહે, ભવર કરે ગુંજાર. નેમ. ૯

—**નેમ** (નેમરાજુલ) **બારમાસ** હીરાનંદ સૂરિકૃત (સં. ૧૪૮૫ લગભગ)

કવિ વસંતનું મનોહર વર્ણન આપી જણાવે છે કે મદનને જીતી શુદ્ધ બ્રહ્મચર્યમાં યૌવન ગાળી દેવરત્ન સૂરિએ દીક્ષા લીધી.

રાસઉ.

તતક્ષણિ મિત્ર વસંતહ કારિઉ, કોમલવયણે તે તણિ વારિઉ,
તઉ ગહગહિઉ અપાર,
કણયર કેતક નઇ બીજઉરી, પાડલ કેસર કરણી મઉરી,
તરણી ગાઈ તાર. ૩૪

ફાગ.

ફલ ભરિ સહકાર લહકઇ, ટહકઇ કોઇલ વૃંદ,
પારધિ પાડલ મહિમહ્યા, ગહિ ગહિઆ મુચકુંદ. ૩૫
ચંદન નારંગ કદલીઅ, લવલીઅ કરઈ આનંદ,
રમઇ ભમઈ બહુ ભંગિઇ, રંગિઇ મધુકર વૃંદ. ૩૬

વનિ વનિ ગાયન ગાયઇ, વાસઇ મલય સમીર,
હસિમસિ નાચઇ રમણીઅ, રમણીય નવનવ ચીર. ૩૭
કિશુક ચંપક ફોફલિ, ફલિઆ તરૂવર સાર,
મયણ મહીપતિ ગાજઇ, રાજઈ રસ શૃંગાર. ૩૮

કાવ્યં

चापं पुष्पमयं शरानलिमयान् कृत्वा च चैन्यं स्त्रियो
दूतं दक्षिणमारुतं मधुमथ मित्रं विधुं सैन्यपं ।
उच्चैः कोकिलनादवाद्यनिवहः कामोऽयमामो-
हयन्
विश्वं विश्वमदो मदोद्धुरतरः सज्जोऽभवद्
दिग्जये ॥ ३९ ॥

રાસ.

રતિપતિ અબલા બલ સારિસઉ, રીસઇ ચાલઉ વીરરે
મિત્ર વસંત પ્રમુખ નિજ પરિકરિ, પરિકરિઉ યતિ
ધીર રે. ૪૦
આવિઉ મુનિવર પાસઇ તેજવિ, જવ તવ હઉ -
ઉવ સંતાપરે
સીયલ કવચ તસુ દેખી અતિ ક્ષણ, ઘણુ ગુણુ
આરામ ચાપરે. ૪૧

—દેવરત્નસૂરિ ફાગ-સં. ૧૪૯૯

વિક્રમ પંદરમી સૈકાના અંતે સોમસુંદર સૂરિના શિષ્ય રત્નમંડન ગણિએ શ્રી રંગસાગર નેમિ ફાગ એ નામનું નેમિનાથના સંબંધનું અનુપમ કાવ્ય રચ્યું છે તેમાંથી વસંતનું વર્ણન અત્ર આપ્યું છે.

રાસક

અવસરિ અવતરિ રતિ (ઋતુ) મધુ માધવી,
માધવી પરિમલ પૂરીરે,
કુસુમ આયુધ લેઈ વનસ્પતી સવિ,
રહી વિરહી ઉપરિ સૂરિરે. ૨૧
મદન રણંગિણિ સારથિ પરિમલ, ભરિ મલયાનિલ વાઇરે,
સુભટિ કિ મધુકર કરઈ કોલાહલ, કાહલ કોકિલ વાઇરે. ૨૨

આંદોલ

કોઈલ વિભયણી, મદિરારૂણ નયણી,
નાર કિ મરહઠીએ, વનિ વનિ બઈઠીએ;
પંથી પ્રાણપતંગ, કાલઉં કાજલ ભૃંગ,
ચંપક દીપકૂએ, વનધર દીપકૂએ. ૨૩

કુસુમિત એ કરણી, જાણે કિરિ તરૂણી,
મધુકર શ્રેણિએ, તેહ સિરિ વેણીએ;
જંબીર બીજઉરી, વેઇલ વકુલ સિરિ,
પાડલ પારધીએ, મધુરસ વારિધીએ ૨૪

ફાગ

વાડીય સવિ હુ કુસુમાયુધ આયુધ આશા લહવંતિ,
ભમર રહઇ તિહાં પાહરી માહરિ એ મન મન ભ્રાંતિ; ૨૫
સંવત્રી ફૂલડઇ મહુર અર મહુઅર રહું જવ દીઠ,
મુગધ ભણુઇ તવ રાહુઉ અહુઉ ચંદ્રી બઇઠ; ૨૬

કાવ્યં (શાર્દૂલ)

આવીએ મધુ માધવી રતિ (ઋતુ) ભલી, ફૂલી સવે માધવી,
પીલી ચંપકની કલી મયાણુની, દીવી નવી નીકલી;
પામિ પાડલ કેવડી ભમરની, પૂગી રૂલી કેવડી,
કૂડેદાડિમિ રાતડી વિરહિયાં, દોલ્હી હુઈ રાતડી. ૨૭

ફાગ

સુલલિત ચરણ પ્રહારિઇ મારઇ કામિની લોક,
ધિક વિહસંતિ અભાગીયા અભાગીયા તહવિ અશોક; ૨૮
કુવલરિ કરઇ પરીરંભ રંભા સોભાણી નારિ,
વનિ વનિ કુસુમ રોમ રોમાંકુર કુરબક ધરઇ અપારિ, ૨૯
પૂરઇ ષટ્પદ ઊંલટ કૂલિ ટયાં વનખંડ,
ત્રિભુવનિ મદન મહીપતિ દીપતિ અતિ પ્રચંડ. ૩૦

કાવ્યં

ઓઢી ચાદર ચીર સુંદર કસી, દીલી કસો કાંચલી,
આંજી લોચન કાજલે સિરિ ભરી સીમંત સિંદુરની,
લેઇ સાથિઇ નેમિકુંવર સવે ગોવિંદની સુંદરી
વાડીએ ગિરિનાર હુંગરિ ગઈ સિંગારિણી ખેલિવા; ૩૧

રાસક

વસંત ખેલણિ સાથિઇ દેવર, દેવરમણી સમ ગોરીરે;
પહુતલી ગિરિનાર ગિરિ અંબાવનિ, બાવનિ ચંદનિ
ગોરીરે. ૩૨
અનંગ જંગમ નગરા બહુપરિ, પરિણેવા મનાવણુ હારીરે,
લલાટ ઘટિત ઘન પીયલિ કુંકુમ, કુમર રમાડઇ નારીરે. ૩૩

આંદોલ

કુમર રમાડઇ નારિ, હીંડોલે હીંચણુ હારિ,
ઉચ્છંગિ બઇસારીએ સયરિ સિંગારીએ;
થાઇ થુમણિ થોર, દોલઇ દીહર દોર,
કંચણુ ચૂડીએ, રણુકઇ રયડીએ. ૩૪

દેઉર (માર) ઉરવરિ હાર, વઉલ સિરી સુકુમાર,
નવનવ ભંગીએ, કુસુમચી અંગીએ;
ત્રીકમ તરૂણી તુંગ, વિરચઇ સુચંગ
અતિ અણીયાલઉંએ, ધૂંપ ધૂણાલઉ એ; ૩૫

ફાગ

ધૂંપ ધૂણાલઉ વિવિ વિચિત્ર, કુસુમ રચઈ એમિ,
અતિ હિ અલંકૃત કલી હરિ, હરિ રમણી લિઇ એમિ;૩૬
કનક ચઉ કીવટ માંડતી હા રસ પૂરિ,
નેમિ રમાડઈ સેાગઠે સેાગઠે સઈ સવિ દૂરિ. ૩૭

અઢઈઆ

વન ખંડ મંડન અખંડ ખડેા ખલી, મલયાનીલ
પાડિત જલ ઉકલી,
ઉકલી ચતુર દુઆરિતુ, ધનધન તેહ જલિ વિલસતઇં;૩૮
સવિ અલવેસરિ વિગલિત કાજલ કુંકુમ કેસરિ;
તસરિ સીહરિ નારિતુ, ધન ધન૦ ૩૯

ઝગમગ ઝગમગ ઝાલિ ઝબૂકઇં,
રિમિ ઝિમિ રિમિ ઝિમિ ઝંઝર ઝણુકઇં;
ઝીલઇ ઝાઝઇ નીરિ તુ. ધન ધન૦ ૪૦

સુરભિ દૂસલિલ ભરી સેાવન સીંગી કેસવ સુંદરિ
સકલ સુરંગી,
સીંચઇ નેમિ સરીર તુ; ધન ધન૦ ૪૧
ઇણપરિ વિવિધ વિલાસે રમણી નેમિકુમર મનિ
અચિલ જાણીય,
પાણીય રમલિ મઝારિ તુ ધન ધન૦ ૪૨
વાનિ જિસી હુઇ ચંપકની પુલી રૂપિ કરતિ
અપ્છર નીકલી,
નીકલી આહિરી નીસરી. ધન ધન૦ ૪૩
સરીરિ કરઇ સિણગાર પહિરઇ ચીર મનેાહાર,
રમણી કુસુમ કુસુમ સુકુમાર. ધન ધન૦ ૪૪
નેમિપાય પડી ઇમ ભણઇ અમ્હ ભણી કરિન પસાઉ
સાવ સલુણ તું માનિ ન માનિની પરિણઉ ભાઉ,
નેમિ કદાગ્રહ ભાગઉ લાગઉ મૌનનઈ રંગી
તવ મનિ માનિઉં જાણીય રાણીય ઉલટઇ અંગિ. ૪૫

॥ ઇતિ રંગસાર નામ્નિ શ્રી નેમિજિન ફાગે
વિવાહાકાર વર્ણનં ॥

વિક્રમ સેાળમું શતક.

કરિ વાલાકા વીજણારે, વસી વસંતઈ વાસ્યા,
પુલદડા કરિ પુટડારે, પાન કપૂરઈ વાસ્યારે.
હમચડી ૩૦

કાન્હુઅડઇ તવ કૂડ કમાયૂં, નેમિકુમર તેડાવ્યા,
અવસર આજ વસંતનુરે, અંતેઉરા ભલાવ્યારે. ૩૧ હ.
વારૂ વન રલીઆમણાંરે, આંબા રાઇણિ રડાં
કેાઇલિ કરઇ ટહૂકડારે, રાતી ચાંચઇ મુ(ય)ડારે. ૩૨ હ.
દ્રાખતણા છઇ માંડવારે, નવરંગી નારિંગી,
ચિંહુ પખઇ તરૂ મુરીઆરે, ચઉખંડા છઇ ચંગારે. ૩૩હ.
નરવર ચતુર્ભુજ આવીયારે, ગેાપી સવિ સિણગારી,
નેમિકુમરિ ભલાવીયારે, વલીયા દેવ મુરારીરે. ૩૪ હ.
ગેાપી લેાપી લાજડીરે, લાજિ વડી પટરાણી,
આલિ કરિ ઊછાંછલારે, બેાલઈ વાંગડ વાણીરે. ૩૫ હ.
ખડેાખલા છઇ મેાકલીરે, રાણી રાઉલ વાહી,
હરષિ હસઈ હાસાં કરિરે, દેઉર સિઉ ભુજાઇ. ૩૬ હ.
કમલનાલ ભરિ ભરિ છાંટઇ, ચંદ્રાઉલી રાખઈ સાહી
રૂપ દેખાડઇ રૂકિમિણીરે, કિમ જાસિઉ અમ્હ વાહીરે.
૩૭ હ.

—નેમિનાથ હમચડી લાવણ્યસમયકૃત સં. ૧૫૬૪

વિક્રમ સત્તરમું શતક.

જયવંતસૂરિ વિક્રમ સત્તરમા સૈકાના પ્રારંભમાં થયા. તેમણે શૃંગારમંજરિ નામનું અતિ મનેાહર કાવ્ય કર્યું છે ને તે ઉપરાંત બીજાં કાવ્યેા રચ્યાં છે. એક ટૂંકું નેમિજિન સ્તવન રચ્યું છે તેમાંથી નીચેનું વસંતવર્ણન આપ્યું છે.

સમુદ્રવિજય સિવાદેવિ સુત, સેાહિ નેમિ સરૂપ,
ઋતુ વસંત ધણિ અવસરિ, પસરિઉ સવિ ઋતુ ભૂપ. ૩

ફાગ.

પસરિઉ મલય મહાબલ, મહાબલિ કરતુ વ્યાપ,
યુવતિજન રત જલહર, લહરિ હરઇ જન તાપ; ૪
મુનિ મન મેાહન માનિનિ, માનિનિ રાસ કરંતિ,
પંથિ જન મનિ યમ સમ, નિયમ સમાધિ હરંત; ૫

કાવ્યં

કેાકિલા ટહુ કરિ આંબલઇ, તેહ તણઇ સરિ વિયેા-
ગિઆં બલઈ.

સાલિમાનના કઠોર હૈયા બલઇ, તરૂવરિ કુંપલિ
આંબલઇ. ૬

ફાગ

વિરહી જન મન દારણ, દારૂણ કરવત ધાર,
વનિ રવિ હસિ કેવડી, કેવડી ભમર ઝંકાર. ૭
નવ નવ ચંપકની કલી, નિકલઇ પરિમલ પૂર,
કિહિ ચંદન અહિનવ કુલ, બકુલ લતા ગુણ ભૂરિ; ૮

કાવ્યં

વસંત માસિ પંથીજન કામિની, વાટ જોઇ
ઉભી ગજ ગામની,
જાઇ યૌવન જેમ સૌદામિની, વરસની પરિ જાઇ
યામિની; ૯

દૂહા

રિતુ વસંત ધમ વ્યાપિઉ, નેમિ જિન વનહ મઝારિ,
કેશવ કામિની પરિવર્યો, ખેલઇ વિવિધ પ્રકારી; ૧૦

રાગ–મલ્હાર

વૃંદાવનમાં વન વન તરૂ તલઈ, સરોવર જન
સુવિચારરે,
રાધા રૂકમિણિ ભામા ભામિની, ક્રીડઇ નેમિ કુમારરે;૧૧
માધવ માનિનિ મુનિમન મોહની, ખેલઇ માસ
વસંતરે,
મયણ મહાતરૂ મંજરિ મદમતી, મયગલ જિમ
મલંતિરે; ૧૨

ધ્રુપદ

કેકર કમલિ છાંટિ જલભરી, કેવર કેસર રોલરે;
કે નેમિ છેહડઇ વલગઇ આવતી, કેતી કરઇ ટકોલરે;૧૩
નયન મીંચાંવઇ કોએક પૂંઠિથી, કોઇ છપાવઇ બાલરે,
કોઇ કરી માલા નવનવ કુસુમની, કંઠિ ઠવઇ
સુવિમાલરે; ૧૪
વંઠ તણિ પરિ તું ભમઇ એકલો, મનિ ધરઇ
નારિ ઉછાહરે,
ધ્રમ કરી નારિં નેમિ મનાવીયા, રાજમતિ વીવાહરે;૧૫

આજ કવિ જયવન્ત સૂરિએ નેમનાથ બારમાસ રચ્યા છે તે વિસ્તારમાં છે પણ અપ્રકટ છે તેની સં. ૧૬૯૭ માં લખાયેલી પ્રત મળી છે, તેમાંથી માહ, ફાગણ ને ચૈત્ર માસનાં વર્ણન લઇએ:—

દેશી

માહિઇ અતિ ઊમાહીઆ, રહિઇ મનમાંહિ ઝૂરિરે
વૈવ્યા ?) જે વિરહ વેદન તણઉ, તે વાલ્હેસર દૂરિરે–મા.
ઊમાહીઆ મનમાંહી રહીઇ, જેમ પંખી પાંજરેઇ,
દેસાઉરી સો સજન મેરા, સાસ પાહલા સાંભરે,
સખી સોઇ સુંદર અવર અંતર રયણ રેડ ન કાકરા,
સ પીઆરડુ પીઉ કદહી મિલાસ, હસત મુખ ગુણ
આગરા. ૩૫

દૂહા

જાણું સો કબ વીસરે, છૂટઉ નેહ કે બંદિ,
જિહાં જોઉં તિહાં સામુહો, વાલ્હા તુજ મુખચંદ. ૩૬
મુઝ મનિ નિસિદિન તુમ્હે વસો, તુમ્હ મન કલ્યું ન જાય
તુમ્હા વિણ દીઠઇ સુખ નહીં, ઘડી જમવારો થાય. ૩૭
નિસિ મોટી નિદ્રા નહીં, પાંગરી યૌવન પાલિ,
વાલાલો વિદેસી વિરહ રે, જિમ ચાલે તિમ સાલિ. ૩૮

દેશી

ફાગુણે કેસૂ કુંપલ્યા, દાવાનલ વીંઝયાઇરે,
કેસ્યૂ રંગ વિના વિરહી કાં, દૈવે ઘડ્યાઇરે–ફા૦
કુંપલ્યા કેસૂ લાલ વેસૂ, કપુર કેસર છાંટણાં,
ગુલાલિ રાતી છાંટિ માતી, ઉપરિ આછાં ઓઢણાં,
એ જોડિ મદમતિ હસતિ ખેલતિ, દેખતિઇ દુખ સંભરે
પીઉ વિના કહે સ્યું વસંત ખેલું? છાંટણાં પચરકી ભરે.૩૯

દુહા

ફાગુણિ હોલી સહુ કરે, વીછડ્યા હિ બારમાસ
સજન ! છોડાવો વિરહથી, જો અમ્હ જીવિત આસ. ૪૦
પ્રીતિ પ્રીતિ સહુ કો કહે, અમ્હે તુ જણ ઉદઇર,
બાઝી તે મરે ચઇ, અંગારા બઇર. ૪૧
લોહિ રેપ્યુ રે હીઆ, કઇ ઘડીઓ વયરેણ,
નેહિ ધીકયુ ફારો નહી, વાલિંભ વિરહ ઘણેણ. ૪૨

રાગ સામેરી કૃષ્ણ બારમાસની ઢાલ.

કોઇલડી કહૂ કહૂ કરી, કોયલડી લિલ ગાઇ,
મદમસ્ત માનિનિ પરિહરી, કોઇલડી ઇતિ સમઇઝાઇ,
સખિ ! ચૈત્ર માસે અંબ મોર્યા, અતિ મધુર મલય સુવાય
પીઉ વિના પીડે પુષ્પકેતન, કેતકી કરવત થાયરે. ૪૪
વાલંભજી ! ઇણિ રતિઈ, મનમથ માહલીઇરે
મદમત્ત યૌવન પૂરરે,

લાલનજી ! વીનતિ કરૂં મન વાલીહરે
અતિ ઘણું ન કીજે જુરરે–વાગ્દંભ.

દૂહા

સજ્જન વિરહે તાહરે, લાગી વેડિ સરીરિ,
સાયર નીસાસે સસ્યા, ભર્યા તે આંસૂનીરિ. ૪૫
જાણું જે ઉડી મિલું, સૂડા આપિ ન પાંખ
દરસનિ મીઠા સજ્જનત, જેહની આંખા શાખ. ૪૬
જાણું વલી વલી મુખ જોઉં, કેડિ ન છંડુ રેખ,
અમીય ઘડયારે સજ્જના, જોતા મ કરિસિ તેખ. ૪૭

હવે પ્રસિદ્ધ કવિવર નયસુંદરનું એક કાવ્ય લઇએ:—

રતિ વસંત એહવે આવીઓ,ચતુર લોકની મનિ ભાવીઓ,
પુષ્પિત ફલિત હવી વનરાજિ, રહે શશિ રતિ નિજ
મનસ્યું લાજિ.
પસરિયો મલયાચલ વનવાય, મંજુરિયાં અંબ અદલ
સછાય,
સ્વર પંચમ કોકિલા આલવિ, મધુકર તાસ સરિત
પૂરવિ. ૯૫
અભિનવ કેલિ કરે દંપતિ, ઇણે સમે નલ-દમયંતી સતી,
પ્રમોદ ભરિ મધુ ખેલન કામિ, સપરિવારિ આવ્યુ
આરામિ. ૯૬
કુસુમ કેલિ જલક્રીડા સાર, દોલા કેલિ કરે મનોહારિ,
કેલિહરા રચીયાં અતિ રમ્ય, તિહાં રાજા એહુ
અભિગમ્ય. ૯૭
વસન્તપૂજા કરી સુવિવેક, દીયાં દાન ગાયક અનેક
સન્ધ્યા સમુ હવું એતલિં, વૈતાલિક બોલ્યાં તેતલિં. ૯૮

—સં. ૧૬૬૫ માં નયસુંદર કૃત ×**નળદમયન્તી રાસ** પ્રસ્તાવ ૯ આ. કા. મ. ૬ પૃ. ૨૯૫.

× આ એકજ જૈનકૃતિ રા. છગનલાલ રાવળે 'ગુજરાતના પ્રાચીન કવિઓનાં વસંતવર્ણન' એ લેખમાં લીધી છે અને તેના સંબંધી લખ્યું છે કે 'આ કવિતા નળદમયંતી રાસમાંથી વસંત ઋતુને લગતોજ ભાગ અહિં લીધો છે. ભાષા રા. બ. કે. હ. ધ્રુવના ગુ૦ શાળાપત્રમાં પ્રસિદ્ધ કરેલા વસંતવિલાસ પછીની છે. આ રાસની રચના ભાલણ અને કવિ પ્રેમાનંદનાં નળાખ્યાન કરતાં જરાપણ ઉતરતી નથી, બલકે કેટલીક જગોનું વર્ણન તો તેમના કરતાં યે તેમણે ઘણું સારૂં કર્યું છે એમ ન્યાયની ખાતર ન કહી શકાય ?–સુવર્ણમાલાનો વસંત અંક ચૈત્ર ૧૯૮૨ પૃ. ૬–૭.

રાગ ધમાલ.

વસંતસિરિ સોજન ખેલે હો, ખેલ હો ભુવનદયાલ–
વસંત.
ખેલે હો ઋષભ ભૂપાલ. વસંત૦
ખેલે હો મરૂદેવી બાલ, વસંત૦
એક દિન માસ વસંત ખેલનકૂં, નાભિ નરિંદકો નંદ,
બલજાઉં,
ભરતાદિક બહુ નિજ પરિકર યુત, સાથે સુર અસુર
નરવૃંદ. બ૦ વસંત. ૧
ત્યાશી લાખ ભએ હે પૂરવકે, તિણ સમે આએ
ઉદ્યાન, બ.
વિહંગાલાપ ભમર ગુંજારવેં, મધુનૃપ કરત બહુ માન.
બ. વસંત. ૨
ગાવત ગીત કોકિલ પંચમ સ્વર, બાજત તાલ
બજાય, બ.
પવન પ્રેરિત પલ્લવ અભિનયસેં, માનું નૃત્ય કરત
વનરાય, બ. વસંત૦ ૩
કુસુમકે બાગમેં કુસુમ ધનુષ રિપુ, કુસુમ ભૂષન
સબ દેહ, બ.
કુસુમ ગિંદુક નિજ હાથ લીયો હે, બેઠે હે કુસુમકે
ગેહ. બ. વસંત. ૪
દ્રોય બેલ સુખ નિર્ભર બેલે, સુત સહસ્ત્ર પરિવાર, બ૦
ક્રીડા રસમેં મગન સબ દેખત, જિન લહત હે
હરષ અપાર બ. વસંત ૫
ઇણ સમે અરજ કરત લોકાંતિક, દીક્ષા-અવસર દેવ!બ.
છોરિ વિભાવ સ્વભાવમેં બેલે, તીરથપતિ ભમે
સ્વયમેવ. બ. વસંત ૬
આતમભાવ–વસંતમેં બેલત, પ્રગટે ઋદ્ધિ રસાલ, બ.
ત્રિભુવન ભાનકી આન ધરિ શિર, દિન દિન હુયે
મંગલ માલ. બ. વસંત ૭

—ભાનુચંદ્ર.

સખીરી માહ માસ કિમ કીજે, નેમજી તિલમા
તન ભીજે
બને રંગ ભરિ સેજ રમીજે, તે જીવિત સફલ ગણીજે
હો લાલ નેમજી નેમજી કરતી. ૮

સખીરી ફાગણ માસ સુહાવે, નરનારી ચંગ વજાવે,
તિહાં અબીર ગુલાલ ઉડાવે, સાહિબ કયું અજીય
ન આવે હો લાલ. ૯
સખીરી ચૈતે ન કરૂં સિણગારા, નવિ પહિરૂં નવસરહારા,
ભોજન લાગે મુઝ ખારા, પ્રીતમ વિણ કવણ
આધારા હો લાલ. ૧૦

—લાભોદય કૃત નેમિરાજુલે બારમાસ સં. ૧૬૮૯
આશો સુ. ૧૫

રાગ ધમાલ.

આયો જબ ઋતુ સુરભિ મનોહર, સબ ઋતુકે
સરદાર, બલજાઉં.
નેમકુમાર ખેલન ચલેહો, લીનો નોહે જદુપરિવાર બ. ૧
મોહન જિન ખેલે રંગ ભરી હો, અહો મેરે લલના,
મોહત સબ નરનાર-મોહન આંકણી.
ફૂલ અમૂલકો ટોડર પેયોં, બડો બહોત સોભાત, બલ.
લાલ ગુલાલ અબીર ઉડાવત, ગાવત ગુણિજન
ફાગ, બ. મો. ૨
સરસ કુસુમરસ કેશર મિશ્રિત, ચંદન ચર્ચિત અંગ, બ.
કનક અધિક છબિ નિરખત જાકે, જનમન હરખ
સુરંગ. બ. મો. ૩
સાર શૃંગાર હાર મોતિનકો, પહેરી પ્રભુપેં આય, બ.
ખેલત સકલ ગોપાલ બાલિકા, ઘેર લીયો યદુરાય,
બ. મો. ૪
કોમલ કમલ વિમલ દલ ભરકેં, છિરકે નિર્મલ નીર, બ.
અતિ બહુ હસત વદન ધરિ નીકો, વ્યાકુલ વ્રજ
પરિવાર, બ. મો. ૫
વચન રસાલ બાલ ગોપિનકે, બોલે બોલ બનાય, બ.
વસ આયે પ્રભુ બહોત દિનોંકે, છોડેંગેં વ્યાહ
મનાય, બ. મો. ૬

—ભાવવિજયજી (વિજયદેવસૂરિશ.)

વિક્રમ ૧૮ મું શતક.

ભોગીરે મન ભાવીયોરે, આયો માસ વસંતોરે
નરનારી બહુ પ્રેમસું, કેલિ કરે ગુણવંતોરે—૧
ફાગ રમે મિલિ યાદવા, ગિરિધર નેમિકુમારોરે
ઓધવજી મહસેનજી, મિલિયા દસે દસારોરે—૨ ફાગ.

બલભદ્રજી બોલે તિહારે, સાંભલ સારંગપાણીરે,
ચાલો નંદનવન જાઇને, કેલિ કરાં મનમાંનીરે. ૩ ફાગ.
મોર્યા આંબા આંબલીરે, મોરી દાડિમ દાખોરે
કોઇલડી ટહુકા કરેં, બેઠી સરલી સાખોરે. ૪ ફાગ.
નાલેરા નીંબુ ઘણારે, નહી નારંગી પારોરે
પાડલિ પરિમલ મહમહેં, ભમર કરે ગુંજારોરે. ૫ ફાગ.
મરૂયો દમણો માલતીરે, જંબુ જેહી જાયોરે
એક ન ફૂલી કેતકી, સહુ ફુલી વનરાયોરે. ૬ ફાગ.
વારૂ વેસ વિરાજતારે, સીસ સારંગી પાગોરે
ચંબેલી ફૂલે જસું, સુંઘે ભીના વાગારે. ૭ ફાગ.
પહિર અરગજા મહકતારે, કંઠ કુસુમરી માલોરે
ફાગતણા વલિ ફૂટરા, ગાવે ગીત રસાલોરે. ૮ ફાગ.
છયલ છબીલા રાજવીરે, માનીતા મછરાલોરે
સાગર સંબ પ્રજુનસું, ખેલે બાલ ગોપાલોરે. ૯ ફાગ.
બાસ બવાસ તિહાં ઘણારે, સિર સોનારા ઝાબારે
પાખતીયાં ઊભા રહે, હાથ પાનારો ડાબારે ૧૦ ફાગ.
ગેહર વિરાજે જાદવારે, તિણમાં માધવ માંઝીરે
નેમ નગીનો જાણીયેં, જેહની કીરતિ ઝાઝીરે. ૧૧ ફાગ.
સોલ સહસ ગોપી મિલીરે, મનમોહન મદમાતીરે
ઘૂમર ઘાલેં ચિહુંદિસેં, નૃત્ય કરેં ગુણ ગાતીરે ૧૩ ફા.
તાલ સહિત સ્વર ચાલવેં રે, ગાન કરે ગુણમાલારે,
માધવજી મનમોહીયો, વાજેં વેણુ કંસાલારે. ૧૪ ફા.
રામગિરિ મલયાગિરિરે, હરિસેના હરિસાલીરે,
ગાવે ગીત સુહામણા, દે તાલી મુખ બાલીરે. ૧૫ ફા.
હરિ બોલી હાસો કરેરે, જયસેના તિહાં વારેરે
પૂઠિ પૂઠિ રહી પુહ પાવતી, નયણાં કાજલ સારોરે.
૧૬ ફાગ.
રૂકમણિ બોલેં રાધિકારે, હસિત મુખી હરણાખીરે,
જંબુવતી ભામા સતી, રંગ રમે રસ રાખીરે.
૧૭ ફાગ.
ભોલે ભૂલી ભામિનીરે, બલિભદ્રજી સુ બોલેરે,
ગોહ દેવો (દ્યો) ગોપી ભણી, કટિ પટકો તિહાં
બોલેરે. ૧૮ ફાગ.
નાંખે અરગજા કમ કમારે, નાંખે ગુલાલ અબીરારે,
ભીજે ભોગીરો ચોલણો, ભીંજે ગોરીનો
ચીરારે ૧૯ ફાગ.
કેસર ઘોલ કપૂરસુંરે, ભામિનિ ભરિ ભરિ લોટારે,
છયલ પુરૂષ છાંટે તિહાં, હસિ હસિ દે તાલોટારે ૨૦ ફાગ.

છલ દેખી રાણી કહેરે, સાંભલ કંત મુરારીરે.
ઘણા દિવસ જાતા તુમ્હે, આજ અમ્હારી
વારીરે. ૨૧ ફાગ.
નાંખે પિચરકા પ્રેચકારે, અબીર ગુલાલ ઉડાવેરે
રૂકમણિ ને ચંદ્રાવતી, હરીને ઘણુંએ હસાવેરે. ૨૨ ફાગ.
દેખી દેવર દૂરથીરે, હરિભામિનિ તિહાં આવેરે,
નેમિકુમાર ઉભો તિહાં, જંબુવતી બોલાવેરે. ૨૩ ફાગ.
લાજભરાં મ્હે લોકમેંરે દેવર અજે કુમારોરે
વિણ પરણ્યાં હિવ નેમિજી, નહિ મુકાં નિરધારોરે૨૪ફા.
કૂડ કપટ તિહાં કેલવીરે, નેમિ વિવાહ મનાયો રે
રાજમતી પરણાવિસાં, મુરલીધર મન ભાયો રે. ૨૫ ફાગ
રાજવી એ મિલિ રાજવી રે, કુમરેં કુમર વસીલા રે,
ભામિનિસું મિલિ ભામિની, બોલ ફાગુ
રસીલારે. ૨૬ ફાગ
ફાગ રમી ઘરિ આવીયારે, સુખ વિલસે અસમાનોરે,
હોડિ કરે કુણ એહની, સોહે અધિક સનેહોરે. ૨૭ ફાગ.
જોરે તોરે જાદવારે, જલધરવરણી દેહોરે,
ગોપી વિચમેં વીજલી, સોહે અધિક સનેહોરે. ૨૮ ફાગ
રાજ કરે રિણછોડજીરે, સબ જન મન સુહાયોરે.
કિસી અનૂરતિ તેહની, જેહને રામ સખાઈ રે. ૨૯ ફાગ
સમુદ્રવિજય સુત નેમજીરે, જીવ સકલ પ્રતિપાલોરે,
રાજહર્ષ બહુ ભાવસેં, ગાઇ ફાગ રસાલોરે. ૩૦ ફાગ

—ઇતિ ફાગ સમાપ્ત–કર્ત્તા રાજહર્ષ [કે જેની સં. ૧૭૦૩ તથા ૧૭૩૨ ની કૃતિઓ મળી આવે છે. જુઓ નં. ૨૯૬ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨.]

રાગ ધમાલ.

રાજુલ નારી એમ પયંપે, સુણ હો નેમ કુમાર, લલનાં
ફાગુણ માસ રંગીલો આયો, કરીયે હો ક્રીડા
અપાર લલનાં
મન મોહ્યો હમારો નેમજી હો
અહો મેરે પ્રભુજી ! તુંહી મુઝ પ્રાણ આધાર.
—મન૦ આંકણી.
એહ રિતિ છે રમવા કેરી, આય મિલો થેં આજ લલના
બહુવિધ રીઝાવુંગી તુઝને, પૂરો મુઝ વછિત કાજ,
મન–૨.
નરનારી મિલિ ફાગુણ માંહે, લાલ ગુલાલ અબીર, લલનાં
મરદ મૂંછાલા વાગા પહિરે, નારીને દક્ષિણ ચીર, મન–૩.
ફાગુણ માસ રંગીલો સોહે, મોર્યા છે સહકાર લલનાં,
કોયલડી નિજ પ્રીતિ ધરીને બોલે તે સાદ શ્રીકાર,
મન–૪.
દમણો ને વલિ માલતી મોર્યા, નીંબૂ ને નારેર, લલનાં
નારિંગી જાંબૂ મન મોહે, ફાગુણને હુવે જોર. મન–૫.
બહુવિધની વનરાઇ ફૂલી, આવે સખરી દ્રાખ, લલના
પ્રાણ પીયારા ! સુણ હો કંતા ! વાણ અમીણીય
ભાખ, મન–૬.
તતથેઇ તતથેઇ નાચત, પેખો હો નેમ સુજાંણ લલના.
નાટક દેખતાં મન હીંસે, સતરે પનર વર્ધમાણ.
મન–૭.
નવ ભવ કેરી પ્રીત જાંણીને, આઈ મિલ્યો મહારાય,
લલનાં
અંબડી વેર કયું પ્રીતિ ઉતારી, છોડ ચલે યદુરાય.
મન–૮.
નેમ રાજુલ દોનૂં તિહાં મિલીયા, શિવપુર જિહાં
આવાસ લલના
તે નારી હિવ મોકું દેજો, વીનવે સિદ્ધિવિલાસ મન–૯.

—નેમિરાજુલ ગીત. સં. ૧૭૧૫ સિદ્ધિ વિલાસ કૃત. (આની પ્રત સં. ૧૭૬૩ ના ફાગણ શુદ ૧૩ ની કવિની સ્વહસ્ત લિખિત મળી છે–તેમાંજ લખ્યું છે કે:–

સંવત સતરે ત્રેસઠે, ફાલ્ગુન તેરસ જાંણ
પંડિત સિદ્ધિ વિલાસ ગણિ, એહ લખ્યો સુપ્રમાણ.)

દાલ વસંતની

વસંત માસ ભલે આવીઓરે, ફલી ફૂલી વનરાય
ભોગી ભમરા રણઝણે રે, કામી જન મન થાય,
વસંત ભલે આવિયો હો, ખેલે સહુ નરનારિ–૧ વસંત
અંબ લિંબ દાડિમ ફલ્યારે, ફલિયા તે સહકાર,
કેસુ કદંબક કેવડો રે, તિહાં કોયલ કરે ટહુકાર–૨ વ.
વૃંદાવૃંદ રાય ખેલતો રે, કરતો રંગ વિરંગ,
કેસર ગુલાલ તિહાં છાંટતો રે, છાંટે નીર સુચંગ–૩ વ.
તાલ તમાલ તિહાં જાઇ જૂહરે, મોગર લાલ ગુલાલ,
ચંપક કેતક માલતીરે, દમણો મરુઓ રસાલ–૪ વ.

છેલ છબીલા ખેલતારે, ખેલે સરખી જોડિ
તાલ વૃંદાલ ચંગ ગાજતોરે, થેઈ થેઈ કરે નરકોડિ.
૫ વસંત.
ભરિય ખંડોખલી ઝીલતારે, ચંદન કરી ઘનઘોલ,
વસંત ખેલે ત્યાં રાજીયોરે, વલિ આવે નગરની પોલ.
૬ વસંત.

—મેરૂવિજયકૃત વસ્તુપાલ તેજપાલ રાસ સં. ૧૭૨૧.

રાગ વસંત ધમાલ.

માસ વસંત હસંત સુહાયો, આયો સહજ સનૂર, લલના.
મેં તવ પાયા નેમજી હો, ખેલે આણંદ પૂર–૧
ફાગ ખેલત પિયા નેમજી હો, અહો મેરે લલના
ગોપાંકે સંગ સુરંગ–ફાગ૦ એ આંકણી.
ફૂલ બન્યો સબ સેહરો હો, શ્રવણુમેં સોહે ફૂલ, લલના
બાગ બને સબ ફૂલકેં હો, ફૂલકી શોભા અમૂલ
–ફાગ૦ ૨
ચંગ મૃદંગ બજાવત ગાવત, માચત નાચત રંગ, લ૦
લાલ ગુલાલ ઊડાવતાં હો, પાવત આણંદ અંગ
–ફાગ૦ ૩
ભરીય ખંડોખલી કુંકુમે હો, ખેલે નેમ મુરારિ, લ૦
હરિસંકેતેં હરિપ્રિયા હો, નેમિકું છિરકત નારિ,
લ૦–ફાગ. ૪
ઘેરિ રહી સબ કામિની હો, મધુકર જ્યું સહકાર, લ૦
રૂકિમણી પ્રમુખ હસી કહે હો, દેવર વરો એક
નારિ–લ૦ ફાગ૦ ૫
લાજથી જબ પ્રભુ હસ રહે હો, તબ સબ પાયો
હરષ, લ૦
જય કહે પિયા કાનકૂં હો, માન્યો વ્યાહ નેમજીયેં
સરસ. ફા૦–૬
વ્યાહ મનાયે ગિરધર આયે, પાયો હર્ષ અપાર, લ૦
નયવિજય પ્રભુ ગાવતાં હો, નિત્ય નિત્ય જય જય
કાર–ફાગ૦ ૭
—યશોવિજય

નાર વિના મહા માસની, રયણી નવિ હાય,
શૂની સેજે તલપતાં, વરસાં સો થાય. ૬
પ્રહ ઉઠી પીઉ નેમશું, જમી ઉન્હાં અન્ન,
ઘર આવો તો વાલહા, ઘણું કરૂં રે જતન્ન. ૭
તેલ તંબોલ ને તૂલિકા, તરૂણીને તનતાપ,
સેજ સજ્જાઇ સજ્જ કરૂં, ન હોયેં શીત સંતાપ ૮
ફાગુણના દિન ફૂટરા, જો હોય પ્રીતમ સંગ.
ખેલું લાલ ગુલાલશું. ચઢતે ઊછરંગ. ૯
ભોલી ટોલી સરવ મલી, હોલી ખેલે ખાંત,
કંત વિછોહ્યાં માણસાં, એ દિન સાલંત. ૧૦
ચઇતરે તરૂઅર ચિતર્યા, ફૂલી વનરાય,
પરિમલ મહકે પુષ્પના, મધુકર ગુણ ગાય. ૧૧
જો પીઉ એહ વસંતમાં, ઘરમાં આવી વસંત,
તો મુજ હૈયકું ઉલ્લસે, કુંપલ વિકસંત. ૧૨

—નેમરાજીમતી બારમાસ વિનયવિજયકૃત સં. ૧૭૨૮ રાનેરમાં જૈન કાવ્યપ્રકાશ પૃ. ૨૩૮

કવિ પહેલાં પ્રથમ માર માસ ચૈત્રથી વસંતનું વર્ણન કરે છે, અને એ રીતે વિરહિણી રાજુલના બારમાસ ગાઇ પૂરા કરે છેઃ—

ફાગ

ચૈત્રે ચતૂરારે ચિંતવે, ચિત્તમેં રાજૂલ નારિ,
ન આવ્યા નેમિ જિનેસર, પ્રાણેસર આધાર
કહોરે સખી હવિ કિમ રહું, નિરવહું નાથનૂં દૂખ,
કંત વીયોગેં કામની, જાંમની દિવસ ન સૂખ. ૩
ચિત્ર ભલી ચિત્રસાલીરે, આલી! નિહાલી ન જાય,
પિઉ વિણ રાંન સમાંન એ, થાવિ નાવેં દાય,
મૃગમદ ચૂર કપૂરનો, ભૂર કર્યો રંગરોલ,
નાહ પાખિરે ગમે નહી, કેસર ચંદન ઘોલ. ૪
એ પેલી કોયલ બોલેરે, ડાલેં આંબલાડાળ,
શ્રવણેં સબદ સૂંણી સૂંણી, વાધી વિરહની ઝાલ,
સહિયર વાય ન ઢોલો રે, બોલો ઉપાય ન અન્ય,
નાથ વિયોગેં એ મોરડી, ગોરડી દાઝિં તન્ન. ૫

દૂહા ?

ટલવલિ નારિં ભરતાર પાખિં
ઉરથકી હાર ઉતારિં નાંખિં
અતિ ઘણાં આંસૂં પાડિં બેહું આંખિં,
કિણિં વિધિં જઇ મલિં વિગર પાંખિં. ૬
સરસતી માત સુપસાય પામી,
નિજ ગુરૂ પાઉલેં સીસ નામી

માસ પહેલેં ભલી સરસ વાતાં
ભણિં માંણિક્ય તેં ઉપજે હર્ષ ગાતાં. ૭

× × ×

માહે ઉભાહિરે માહરૂં મનડૂં મલવારે કાજિ
લેખ સંદેશ ન મોકલે વાલમ આણી પાજ્ય
યૌવન દ્રહાડા રે દોહિલા, દોહિલેા કામ સંતાપ
પીડ ન જાણેરે નાહલેા, કિમ કરી રાખું આપ. ૫૨
દીરઘ રયણી ન જાય રે, ટાઢિ ધ્રુજે રે અંગ,
વયર વસાવ્યું રે નીદ્રડી, સોહણે ન મલિં સંગ.
હાડેંરે વેહ નિં પાડતેા, હાલિં હિમાલય વાય,
અબલારે ઝૂરે એકલી, વિરહિ તન સેાસાય. ૫૩
આશવિલૂધા રે માણસ, આખેા દિન અવટાય,
જાય જમવારેા જેટલેા, તે અણલેખે થાય.
બિહિન વેગ સિધાએારે, ધાએા મ લાએા વાર,
આણેા તુરત મનાયનેં, જાઇનેં બંધુ મુરાર. ૫૪
તરફડે વિરહિણી વિરહ વાધ્યેા
મનમથિં મેાહનેા બાંણ સાધ્યેા
દુખ ઘણું દેાહિલૂં તન્ન સાલિં
પ્રાંણજીવન વિના કુંણ પાલિં. ૫૫ સ૦
સરસતી માત સુપસાય પામી
નિજ ગુરૂ પાઉલેં સીસ નામી
માસ અગ્યારમેં સરસ બાતાં
ભણિં માંણિક્ય તેં ઉપજેં હર્ષ ગાતાં. ૫૬

ફાગૂણ નાહ નહી ઘરે, કુણ લડાવિ લાડ
આંસુડે ઝડ લાગીરે, દુખનાં ઉગ્યાં ઝાડ.
વન વન કેસુરે પ્રુલેંય પ્રુલડાં સેાહેરે સાર
માનું એ વિરહાગનિ તણા, અધબલતાં અંગાર. ૫૭
સાત પાંચ સાહેલડી વેલડી, વલગી બાલ,
પહિરણ પીલી પટેાલડી, ચેાલી સેાહે લાલ
ગેારડી ધમ ધ્રુ ટેાલીરે, ગેાલી હેાલીનેા ફાગ,
ગાવિ ચંગ મૃદંગસ્યૂ, રંગસ્યું આલવી રાગ. ૫૮
દીન વચન કરી દાખીઇ, રાખીઇ ઉત્તમ રીત,
પિઉ પાછેા રથ વાલીઇ, પાલીઇ પૂરવ પ્રીત,
ધણિનેં માનજ દીજઇ, ખીજઇ નહી નવિ દેાષ,
યેાવન લાહેા લીજઇ, કીજઇ નહી તપ સેાસ. ૫૯

-સં. ૧૭૪૨ માં માણિક્યવિજયકૃત રાજુલની બારમાસી.

કેાશ્યા સ્થૂલિભદ્રને પેાપટદ્વારા સંદેશ કહાવે છે એ રૂપે સ્થૂલભદ્ર બારમાસ નામનું કાવ્ય ચતુરવિજય નામના કવિએ ૧૮ કડીનું રચ્યું છે તેમાં બારમાસની સ્થિતિનું વર્ણન ફાગણ માસથી કરે છેઃ—

શ્રી શ્રી દેપા સૂડા પ્રતે કેાસા ભણેરે સૂડા,
તું નર પર ઉપગારીરે
બાર વરસનેા નેહલેા રે સૂડા, મેલી ગયેા નિરધારીરે. ૧

× × ×

ફાગણ માસજ આવીએા રે સૂડા,રમીએ તે હેાલી ફાગેારે
કેસર ભરી કચેાલડી રે સૂડા, શ્રી થૂલભદ્રવિના નહિ લાગેારે.
ચઇત્ર માસે ચિત્ત ચલેરે સૂડા, ઝાડે તે જેાબન આવેરે,
તરૂણ માણસ કેમ રહે રે સૂડા, ગરઢા મંગલ ગાવેરે.

× × ×

બહા માસની રાતડીરે સૂડા, શ્રી થૂલભદ્ર વિના કેમ જાએ રે,
જમ જમ બેાલી સીત પડેરે સૂડાં, તેમ તેમ બહુ દૂખ થાયે રે.

—સ્થૂલભદ્રના બારમહિના ચતુરવિજયકૃત. પ્રત લખ્યાં સં. ૧૭૫૨.

વસંતક્રીડા.

વસંત સમય આવ્યેા અન્યદા, વિકસ્યા પલ્લવ ફલપુલ
પસરી બહુ સુગંધતા, શીતલ પવન અમૂલ. ૧૯
રમવા ચાલ્યેા રાજવી, બહુ મહિલા પરિવાર,
જાતાં દીઠી મારગે, કાંઇકિ સુંદર નાર. ૨૦
પીનેાન્નત કુચ જેહના, ભારે નમતી જેહ,
મુખ રાકાપતિ સારિખેા, નાશા દીપકરેહ. ૨૧
નયણ યુગલ પંકજ જિસા, ભ્રુ ભ્રમર ઉપમાન,
કરપદ કમલ વિરાજતા, કાયા સેાવનવાન. ૨૨
મન્મથ બાણે વીંધીએા, થયેા વિસંસ્થુલ રાય,
તે નારી દેખી કરી, કરે વિકલ્પ ઉપાય. ૨૩
દેવી દિવ જીપી ધરા, રયું જીપણ આવી એહ,
અથવા પુણ્ય પુન્યવંતને, હરિ આણી છે એહ. ૨૪
ધન્ય જેહને ઘરે એ હુસ્યે, કરસે ભેાગવિલાસ,
છઠી છઠા ખંડની, ઢાલ થઇ એ ખાસ. ૨૫

દુહા.

ચિંતવતાં એમ રાયને, કરતાં સોચ તિવાર,
જ્ઞાન જાણી રાજા તણો, સચિવ કહે તિણિવાર. ૧
સ્વામી ચાલો ઉતાવલા, હવે વિલંબો કેમ,
ક્રીડા કરણ વસંતની, ધરતાં મનમાં પ્રેમ. ૨
ભિન્ન ઉક્તિ એમ ચિંતવી, મન મૂકી તિણી પાસ,
વક્ર ગ્રીવાએ જોવતો, તિહાંથી ચાલ્યો ઉદાસ. ૩
રતિ પામે નહિ મધુ વિષે, વધૂ લોક રતિ નાંહિ.
બકુલ કમલ વિકસિત વિષે, રતિ નહી વાપી માંહિ. ૪
નાટિક ન ગમે જોવતાં, વનશ્રી લાગે દીન,
કયાંહી રતિ પામે નહિં. ઉછ્યે જલ જિમ મીન. ૫
આગલિ પાછલી પાખતી, શલ્યા કાનન ગેહ,
નષ્ટેંદ્રિય હુઆ અપર, જિહાં તિહાં દેખે તેહ. ૬

—સં. ૧૭૫૫ જિનહર્ષકૃત શત્રુંજય તીર્થ રાસ પૃ. ૩૮૫-૬.

આજ કવિ જિનહર્ષે નેમ રાજેમતી બારહ માસીયો-એ નામનાં બે કાવ્ય લખ્યાં છે. એક માત્ર ૧૫ કડીનું કાવ્ય છે તેમાં

૧

માહે દાહપણે ઘણો, વાયે શીતલ વાય,
સીયાલાની રાતડી, વાલ્હો આવે દાય. ૧૧
બેલે ફાગ સંજોગિણી, ફાગુણ સુખદાય,
નેમ નગીનો ઘર નહી, બેલે મોરી બલાય. ૧૨
ચતુરા ચૈત્ર સુહામણો, રિતિ સરસ વસંત,
રાતી કુંપલ રૂંખડે, મુલ કહી એ હસંત. ૧૩
નયને આંસૂં નાંખતાં, બોલ્યા બારહ માસ,
નિહુર નાહ ન આવીયો, જીઉ કેહી આસ. ૧૪

અને બીજું ૧૩ કડીનું છે તેમાં

હું તો કયુ કરી બોલું એકલી, દુખદાયક આયો માહરે
કોય સૈણ ન દીસે એહવો, મેલે મત્તમોહન નાહરે
—હું તો મોહીરે સાહિબ સાંવલા. ૩
વાલેસર ! સાંભલિ વીનતિ, જો ફાગુણમેં નાવેસરે
નેમ ચાચિરકે મિસિ બેલતી,તો હોલી ઝંપાવેસરે. હું. ૪
તેમ ચૈત્ર મહિનો આવીયો, જાદવરાય લીયો વૈરાગરે,
મૃગનેણી ફાગ રમે સખી, મુઝ પ્રિય વિણ કેહો ફાગરે હું ૫

વૈશાખે વનખંડ મોરીયા, મોરી સગલી વનરાયરે,
વિરહાનલ મુઝ કાયા તપે, નેમ! તુઝ વિણ કયું ન સુહાયરે. હું. ૬

દોહા

એમ સુખમાં વસતાં થકાં, આવ્યો માસ વસંત,
સંયોગી નર સુરતરૂ, સરિખો છે અત્યંત.
સંત સહુ હેતે કરી, આવે ઉપવન માંહિ,
શીતલ પવન પ્રવાહથી, સંચરે તરૂવર છાંહિ.

૨૬ મી ઢાલ–રાગ વસંત.

હવે એક દિન શ્રીચંદ્ર ભૂમિકંત, ગુણચંદ્ર મિત્ર સંયુત,
મયમત્ત મહંત મિલંત સંત, કહે આયો ખેલીજે વસંત.૧
હવે ગુહરી મોહરી વનરાઇતંત, માનું આયો ઋતુરાજ વસંત,
તિહાં તાલ તમાલ હિંતાલ પુંગ, માનું ધ્વજ પટે ઉયવિયાં સુચંગ. ૨
નિઝરણુ ઝરણુ રત તાલ તંત, પડછંદા નીસાણાં ગુડંત,
અંકુદિત સવિ ઉપવન ભૂ કુરંત, માનું પ્રમદા પ્રમુદિત સંગ કંત. ૩ હવે.
તિલક વરૂણ અશોક ખંતિ, પ્રમદાપદ પડયા અભિલષંત,
તરૂયર તરૂણશું આલિંગંત, લતા લલના લલિત હૃદય ખંત. ૪ હવે.
ગુચ્છાદિક ઘણ ઘણ સુમજસ જે હસંતિ, મનુ અધર તે પલ્લવ ચારૂ પંતિ,
પંચવર્ણી પૂદી ચુદિ પંતિ, તિહાં વિટપ વદનને મનુ ચુબંતિ. ૫ હવે.
કુસુમ પાત્રે એકે પીયંત, મધુર મધુકરી મકરંદવૃંત,
તિહાં હરિણ હરિણી કપોલ અંત, શૃંગે સુકુંડને ખણંત. ૬ હવે.
કરી ગંડુશ જલ ભરી દીયંત, કરિણીવદને નિજ કરી મહંત.
ચકવા ચકવી કિસલય કરી અંત, દેખત મુખમાં ધરી પ્રેમવંત. ૭ હવે.
એમ પ્રમુદિત પંખી જીવયંત, નિરખીને કામીજન ઘસંત
તિહાં પંચબાણ બાણબલ મહંત, ભૂમિદેશે અનિવારિત પ્રસરંત. ૮ હવે.
ઉન્માદ,મોહનને તાપનંત, શોષણ ને મારણ પંચમંત,

પંચમસ્વર કોકિલ કલરવંત, હોવે સુણતાં સચેત નર
કામવંત. ૯ હવે.
રોગી વિયોગી દુઃખ દીયંત, સંયોગી અમૃતરસ પીયંત,
શીતલ મલયાચલ અનિલવંત, સુમગંધશું સિકરને
ઝરંત. ૧૦ હવે.
વિરહિણી કહે એ ભુયંગલિંત, ઉદ્‌ગાર એ તેહના કણ
ઝરંત,
કિંશુક કુસુમ મનુ પલ અસંત, તિણ હેતે પલાશ
વિરહિણી ભણંત. ૧૧ હવે.
સંયોગિણી પલ્લવ તસ લીયંત, કરે શેખર સુંદર વેશવંત,
દેખનકું અતિ રૂપવંત, પર નિર્ગુણગંધ ન તે દહંત.
૧૨ હવે.
માનીનિ માન ને ભેદ ભ્રંત, મનુ આયો વસંત
નૃપ સાજવંત,
મદન મતંગજ પરે ચઢંત, તિહાં વિવિધ કુસુમ સેના
સજંત. ૧૩ હવે.
શુક કોકિલ મોર મેના શકુંત, કલ કૂજિત કેલિ કલા લવંત
યોગી પણ હૃદયે થરહરંત, શું જાણીએ મન થિર
કેમ રહંત. ૧૪ હવે.
બકુલ ને બોલસિરી વાસંત, દશ દિશિ પરિમલ પસરંત,
શિશિર ઋતુયે જે પાત ઝરંત, મનુ તેહ અવસ્થાને
હસંત ૧૫ હવે.
વીણા ડફ મહુઅરી બહુ બજંત, અવલ ગુલાલ
અબિર ઉડંત,
ભરી ઝોલી ગોરી હોરી ખેલંત, ફાગુણના ફાગુઆ ગીત
ગંત. ૧૬ હવે.
પિચરકા કેસરકા ભરંત, માદલ મધુર માલા ગલે ઠવંત,
અધર સુધારસને પીયંત, પ્રેમપ્યાલે દંપતી મલિય
પંત ૧૭ હવે.
માલતિ એક નવિ જે વિકસયંત,તો શી ઉણિમ હોયગી
વસંત,
વેલી જાઇ જુઇ મહમહંત, વિચે ચંપકમાલા કુસુમ
ધરંત. ૧૮ હવે.
એણી યુગતે લીલા હરિવંત, બિરૂદ ઋતુરાજ તણો ધરંત
છોડી માનને માનિની આય કંત, ગલે કંદલી આલિંગન
દીયંત ૧૯ હવે.

એણે સમયે સૂર્યવતી કુમારી, લેઈ સાથે સોચ્છવ
સપરિવાર,
ક્રીડે એમ વિવિધે વનવિહાર, દીયે દાન અવારિત
જું નિર્ધાર. ૨૦ હવે
મનુ ભૂતલ શચિપતિ અનુકાર, સંગીત નાટકના ધોંકાર,
સુખ લીલે નિગમે દિવસ સાર, જ્ઞાનવિમલ ગુરૂ શિર
આણાધાર. ૨૧ હવે.

દોહા

એણીપરે બહુવિધ હર્ષના, પસર્યો અધિક આણંદ,
શ્રીચંદ્ર ગુણચંદ્ર બે હુલ્યા, જિમ મધુમાસ માકંદ ૧
જ્ઞાનગોષ્ઠી રસ રંગમાં, જાતો ન જાણે કાલ,
એહીજ ઉત્તમ સંગનો, ફલ સાક્ષાત વિશાલ. ૩

—શ્રીચંદ કેવલીનો રાસ જ્ઞાનવિમલકૃત સં. ૧૭૭૦
રાધનપુરમાં.

રાગ કાફી

જઇ કહેજ્જો હો જઈ કહેજ્જો હો
માહરા હેમ નાવલીયાનેં જઈ કહેજ્જો
મહારા વારૂ વાલમીયાને જઇ કહેજ્જો,
મહારા મીઠડા હો સ્વામી
—એણી ઋતેં ઘરેં વહેલા આવજ્જો*—જઈ કહેજ્જો. ૧
હાંરે વાલા, અવર ઋતેં વિરહો દમે રે,
વસંતેરે વસંતે હોરે, વસંતે એહથી વિશેષ, એણી,
કેસરીયા હો કેસરીયા—મહારા મીઠડા૦
હાંરે વાલા, મધુકર ગુંજે મદ ભર્યો,
અંબ અંબે અંબ અંબે હો, અંબ અંબે
પાકી દાડિમ દ્રાખ, એણી. ૨
હાંરે વાલા, વન વન બોલે કોકિલા,
પગ પગેં પગ પગેં હો પગ પગેં ફુલ્યા
બહુ ફુલ, એણી૦
હાંરે વાલા, સુરભી પવન સુસ્તો વસે,
સુણનાં સુખનાં હો, સુણનાં પ્રગટયાં એહ
સૂલ એણી. ૩

---

* 'એ રતેં વહેલેરા આવજ્જે' એ આને મળતી કડી કવિ મૂળશંકરે એક નાટકમાં એક રાસડામાં વાપરી છે.

હાંરે વાલા, ગિરિવરેં વનરાજી ભજે,
સરોવરેં સરોવરેં હો, સરોવરેં ફૂલ્યા કમલના
છોડ, એણી૦

હાંરે વાલા, ઘર ઘરે ફાગ ખેલે ઘણા,
કામિની કામિની હો, કામિની પહોંચે
મનના કોડ, એણી. ૪

હાંરે વાલા અબીર ગુલાલ ઉડે બહુ,
રંગભીની રંગભીની હો, રંગભીની ન રહે હો
નાર, એણી.

હાંરે વાલા જલ-પિચકારી ન્હેરમાં,
તિહાં છટકે હો તિહાં છટકે કરી મનોહાર.
એણી૦ ૫

હાંરે વાલા નારિ ત્યજી ગિરનારમાં,
લીલાથું લીલાથું હો, લીલાથું રહ્યોરે લોભાય, એ.

હાંરે વાલા ઉદય વદે રાજીમતી,
એમ સંદેશે એમ સંદેશે હો, એમ સંદેશે
દીયોરે પઠાય. એણી. ૬

—ઉદયરત્ન.

[અપૂર્ણ]

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસે તા૦ ૨૯–૮–૨૬ ને દિને નિમેલી કમિટીનો રિપોર્ટ.

શ્રીયુત કનૈયાલાલ મુનશી કૃત "પાટણની પ્રભુતા" "ગુજરાતનો નાથ" તથા "રાજાધિરાજ" નામની ત્રણ નવલકથાઓમાં જૈન ધર્મ, જૈન આચાર્યો અને મુંજાલ મંત્રી, ઉદયન મંત્રી, આમ્રભટ્ટ વિગેરે ઉપર અણઘટતા ખોટા આક્ષેપો કરવામાં આવ્યા છે અને નવલકથાના ઓઠાં નીચે જૈન ધર્મની, જૈનાચાર્યોની અને છેવટે ખાસ કરી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિની નિંદા કરવામાં આવી છે.

ઉપરની ત્રણ નવલકથાઓ પૈકી "પાટણની પ્રભુતા" નામની નવલકથામાં શ્રીયુત મુનશીએ જૈન ધર્મ અને જૈન સાધુઓ ઉપર ખોટા આક્ષેપો કરી જૈન ધર્મને જાહેરમાં હલકો પાડયો છે. આનંદસૂરિ નામનું એક કલ્પિત પાત્ર ઉભું કરી તેની પાસે જૈન સાધુઓ કદિ પણ કરી શકે નહિં તેવાં કામ શ્રીયુત મુનશીએ કરાવ્યાં છે. ઉપરની નવલકથામાં ખાસ કરીને નીચેનાં પ્રકરણોમાં તદ્દન ખોટા આક્ષેપો અને અણછાજતી નિંદા કરવામાં આવી છે.

પ્રકરણ ૭ મું, પ્રકરણ ૧૨ મું, પ્રકરણ ૨૧ મું, પ્રકરણ ૨૯ મું, પ્રકરણ ૩૨ મું, અને પ્રકરણ ૪૧ મું.

આ સિવાય પુસ્તકમાં જુદે જુદે ઠેકાણે બીજા ખોટા અને અણઘટતા આક્ષેપો કરવામાં આવ્યા છે,

ઉપરાંત મજકુર પુસ્તકમાં મુંજાલ મંત્રી અને ગુજરાતની મહારાણી મીનલદેવીનો માનસિક વ્યભિચાર આલેખી આ પવિત્ર સ્ત્રીપુરૂષને હલકા પાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

"ગુજરાતનો નાથ" નામની નવલકથામાં શ્રીયુત મુનશી જૈનોએ યવનો તથા અન્ય ધર્મીઓ ઉપર જુલમ ગુજર્યો હતો તેવું આલેખે છે. જ્યારે 'જામીઉલ-હિકાયત' જેને આ બીનાના મૂલ તરીકે શ્રીયુત મુનશી તથા ઉપોદ્ઘાતમાં શ્રીયુત નરસિંહરાવ જણાવે છે તેમાં તો તે પ્રકારનો જુલમ બ્રાહ્મણ તથા અગ્નિપૂજકોએ યવનોપર કર્યો હતો એમ જણાવ્યું છે. આ પ્રકારનો વિપર્યય કરવામાં શ્રીયુત મુનશીનો હેતુ જૈનોને લોક દૃષ્ટિમાં ઉતારી પાડવાનો અમને લાગે છે. મહામંત્રી ઉદયન એક બ્રાહ્મણ સ્ત્રી (કાકની સ્ત્રી-મંજરી) પાછલ પડી તેને પરણવા જુદા જુદા પ્રપંચો કરે છે. તેવું બતાવી મંત્રી ઉદયનને પરસ્ત્રીલંપટ આલેખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મંજરી એક કલ્પિત પાત્ર છે. ઉદયન મંત્રી અને મંજરીનો પ્રસંગ આલેખી શ્રીયુત મુનશીનો હેતુ જૈનોને હલકા ચિતરવાનો છે એવું અમારૂં માનવું છે. 'ગુજરાતના નાથ'માં વાંધાભરેલાં લખાણો ખાસ કરી નીચે જણાવેલાં પ્રકરણોમાં છે.

પ્રકરણ ૧૩-૧૪ અને ૧૮ (પ્રથમ ભાગ)
પ્રકરણ ૭ મું.....(દ્વિતીય ભાગ)
પ્રકરણ ૧૦ મું.....(તૃતીય ભાગ)

'રાજાધિરાજ' નામની તેની છેલ્લી નવલકથામાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિ ઉપર તદ્દન ખોટા અને અણઘટતા આક્ષેપો કર્યા છે. મંજરી જેવા એક તદ્દન કલ્પિત પાત્ર સાથે પૂજ્ય શ્રી હેમચંદ્ર સૂરિનો પ્રસંગ આલેખવામાં શ્રીયુત મુનશીનો આશય જૈન સાધુઓ અને જૈન ધર્મને ઉતારી પાડવાનો છે, એમ અમારૂં માનવું છે. મજકુર નવલકથામાં વાંધા ભરેલાં લખાણો વિભાગ પહેલો પ્ર. ૨૩, પ્ર. ૨૬ અને પ્ર ૨૭ માં કરવામાં આવ્યાં છે.

આ સિવાય "ગુજરાતના જ્યોતિર્ધરો" નામના પુસ્તકમાં શ્રીયુત મુનશીએ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિની બુદ્ધિને કુટિલતાવાળી કહી આ મહા વિદ્વાન અને પવિત્ર જૈનાચાર્યની અણછાજતી નિંદા કરી છે.

ઉપરનાં લખાણો સંબંધમાં આપણે હવે શું કરવું તે સંબંધમાં અમો નીચે પ્રમાણે સૂચના કરીએ છીએ.

વાંધા ભરેલાં લખાણો મોટે ભાગે તદ્દન ખોટા અને કલ્પિત છે અને ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં તો તે તદ્દન અસત્ય છે. ઉપર્યુક્ત સર્વ લખાણો સંબંધે આ રિપોર્ટની નકલો જૈન તેમજ જૈનેતર વિદ્વાનો ઉપર અભિપ્રાય માટે મોકલી આપવી. વળી જૈન મુનિરાજો ઉપર પણ રિપોર્ટની નકલો મોકલી તેમને અભિપ્રાયો મોકલવા વિનંતી કરવી.

મુનિરાજો તથા અન્ય વિદ્વાનોના અભિપ્રાયો મળ્યા પછી પ્રકટ કરવા. વાંધા ભરેલાં લખાણો માટે જો શ્રીયુત મુનશી સંતોષકારક ખુલાસો કરે નહિં અને જૈન કોમને પૂરતો બદલો આપે નહિં તો જાહેર પત્રોમાં શ્રીયુત મુનશીની ઉપર જણાવેલી નવલકથા ઓની સમાલોચના કરવી, અને સત્ય બીના જનસમાજ આગળ મુકવી. સાધુ મુનિરાજોને આ બાબતમાં જૈન કોમમાં સતત ચલવલ કરી આંદોલન કરવા વિનંતિ કરવી. સ્થલે સ્થલે વિરોધદર્શક સભાઓ કરી સખ્ત વાંધો રજુ કરવો.

વળી અમારા સાંભળવામાં આવ્યું છે કે શ્રીયુત મુનશી પોતાની નવલકથાઓ બોમ્બે યુનવર્સિટી અભ્યાસક્રમમાં નિર્ણીત પાઠય પુસ્તકો તરીકે મુકરર કરવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. જો આ બીના સત્ય હોય તો તે સામે આપણે ઘણી સખત ચળવળ કરવાની જરૂર છે. તેમજ વિરોધદર્શક સભાઓ કરી યુનિવરસીટી સેનેટ University Senate ને જણાવવું જોઇએ કે જો મજકુર નવલકથાઓ પાઠય પુસ્તકો તરીકે નિર્ણીત થશે તો કોઇપણ જૈન વિદ્યાર્થી તેને હાથમાં પણ લેશે નહિં. વિરોધદર્શક સભાઓએ ઠરાવો કરી મી. મુનશીને મુંબાઇ યુનિવરસીટીના રજીસ્ટ્રારને તથા ગુજરાતી સાહિત્ય પરિષદના સેક્રેટરીઓને તથા મુંબાઇ સરકારના એજ્યુકેશનલ ડિપાર્ટમેન્ટના પ્રધાન તથા સેક્રેટરીને મોકલવાં. આ બાબતમાં જો આપણે વેલાસર જાગૃત નહિં થઇએ તો ભવિષ્યમાં જૈન ધર્મ અને જૈનાચાર્યોપર ઘણા અયોગ્ય અને અણઘટતા આક્ષેપો થશે અને જનસમાજમાં જૈન સમાજ હલકો પડશે.

(Sd.) Chinubhai L. Sheth.
(,,) ઉમેદચંદ દોલતચંદ બરોડિયા.
(,,) હીરાલાલ એમ શાહ.
(,,) Odhavji Dhanji Shah,
(,,) Mohanlal B. Jhavery.

I am sorry I do not agree with the report. My personal view is that in such literary matters we should proceed cautiously. No purpose will be served by setting a literateur on his back. It will widen the gulf and the object in view will be frustrated. Personal exchange of ideas and correpondence carried on within lines of decency can achieve the desired object.

(Sd.) MOTICHAND G. KAPADIA.
Dissenting.

જૈનો વિરૂદ્ધ વિષમય સાહિત્ય.

ઝમોરની વાર્ત્તા.

અમે ગત માહ માસના અંકમાં તંત્રીની નોંધ નવમીમાં (પૃ. ૨૫૦) જે નોંધ કરી હતી તેમાં રાખેલી આશા પ્રમાણે જૈન સમાજમાં ઉપસ્થિત થયેલા ઉદ્‌ગારો પૈકી ખાસ કરી 'જૈન' અને 'સુઘોષા' નામનાં પત્રોએ કરેલા ઉદ્‌ગારો અત્ર આપીએ છીએ. બીજા લેખકોએ લખેલા લેખો અવકાશના અભાવે અમે આપતા નથી. અત્ર પ્રકટ થતાં લખાણો ઉપરથી સમજી શકાશે કે જૈન સમાજની લાગણીને તીવ્ર અઘાત પહોંચ્યો છે.

મુનિમહારાજશ્રી દર્શનવિજયજીએ મુંબઇમાં આ સંબંધી હેંડબિલદ્વારા પહેલ પ્રથમ જૈન સમાજનું ધ્યાન ખેંચ્યું હતું. પછી શ્રીમતી કૉન્ફરન્સે પોતાની એક કમિટી દ્વારા આની ચર્ચા કરી સુવર્ણમાલાના સંચાલક શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજીની સાથે 'ડેપ્યુટેશન'માં જઈ સર્વ હકીકત સમજાવવાનો પહેલો નિર્ણય કરવામાં આવ્યો હતો. તેની રૂએ રા. ચીનુભાઈ લાલભાઇ સોલિસિટર, રા. નરોત્તમ ભગવાનદાસ શાહ અને રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલિસિટર (કૉન્ફરન્સના એક જનરલ સેક્રેટરી)નું ડેપ્યુટેશન ઉકત શેઠ પાસે ગયું હતું. ચર્ચા ખૂબ કરી હતી અને તેને પરિણામે એમ ઠર્યું હતું કે ઝમોરની વાર્ત્તા વિરૂદ્ધ રદીઆ રૂપે જે વક્તવ્ય હોય તે કૉન્ફરન્સ તરફથી આવે, અને તે સુવર્ણમાલાના પછીનાજ અંકમાં સંચાલકની તે પર નોંધ સાથે પ્રસિદ્ધ થાય વગેરે વગેરે. આ રદીઆ રૂપે વક્તવ્ય કૉન્ફરન્સ ઓફિસ તરફથી ગયું તે સુવર્ણમાલાના માઘના અંકમાં પ્રકટ થયું છે અને તેની નીચે સંચાલકની નોંધ (પણ અપૂર્ણ આકારમાં) પ્રસિદ્ધ થઇ છે, તે યથાસ્થિત અત્ર અમે પ્રગટ કરીએ છીએ. **તંત્રી.**]

'ઝમોર સંબંધી વક્તવ્ય'

શ્રીયુત પુરૂષોત્તમ વિશ્રામ માવજી [અને રા. **'ચન્દ્રકાન્ત'** સંચાલક, સુવર્ણમાલા.]

સુજ્ઞ મહાશય,

આપના માસિકના ગત માગસર તથા પોષના અંકોમાં "ઝમોર" નામની કથા પ્રકટ કરવામાં આવી છે તે ખરાદાપૂર્વક જૈન સાધુઓનું અપમાન કરવાને તથા જૈનોની પૂર્વ જાહોજલાલી પ્રત્યેની ઈર્ષ્યાથી જૈનધર્મ તથા જૈનોને લોકની દૃષ્ટિમાં ઉતારી પાડવાને લખાઇ હોય એમ સ્પષ્ટ સમજાય છે. લેખક મહાશય કદાચ એમ માનતા હોય કે આ પ્રકારે હિંદુ સંગઠન થશે કે શૈવ વા હિંદુધર્મનો ઉદ્ધાર થઈ જશે તો તેવા ભ્રમો આપના લોકપ્રસિદ્ધ માસિક જેવા માસિકો તથા જાહેર પત્રોએ સદ્ય નિવારવા અતિ જરૂરી છે. અમને તો લાગે છે કે આવા લેખકોની બિનજવાબદાર પ્રવૃત્તિઓથી આજે સમસ્ત હિંદમાં સ્થલે સ્થલે કોમી કલહના ગગનભેદક ધ્વનિ થઇ રહ્યા છે તથા પૂરેપૂરી અશાંતિ વ્યાપી રહી છે. તે સમયે બિલકુલ ટૂંક દૃષ્ટિથી અને તદ્દન સંકુચિત વૃત્તિથી અને સંપૂર્ણ ધર્માંધપણાથી લખાએલા લેખો સમસ્ત ભારતવર્ષમાં ભિન્ન ભિન્ન કોમો વચ્ચે અને ભિન્ન ભિન્ન જ્ઞાતિઓ વચ્ચે અવનવું વિષ રેડી રહ્યાં છે તેને અટકાવવાને તો નહિં પરંતુ ગતિમાન કરવાને માસિકો અને વર્તમાનપત્રોના જવાબદાર અધિપતિઓ પણ સહાય આપે એ ઇષ્ટ ગણાય નહિ.

શું રાસમાલામાં બ્રાહ્મણોની એક દંતકથા મૂલ તરીકે દેખાડવામાં આવે એટલે બસ ! લેખકને પોતાની કલમ બેલગામ છોડી દેવાની સંપૂર્ણ છૂટ ? એ કલ્પિત બ્રાહ્મણી દંતકથાના શરીરમાં શું લેખકે વિષમય આત્મા રેડયો નથી ? શું વિનાશક રંગોથી ચિત્રને અચ્છી-તરેહ ઘુંટવામાં આવ્યું નથી ? શું ઇર્ષા અને દ્વેષના ઝેરી આભરણોથી શણગાર સજવામાં આવ્યો નથી ?

આપના ઐતિહાસિક ખ્યાતિવાલા માસિકમાં જ્યા જગે જગે વાંચક ઐતિહાસિક તત્વની અપેક્ષા રાખે ત્યાં એક સ્થલે શ્રીહેમચંદ્રસૂરિ અને કુમારપાલ મહારાજનાં ઐતિહાસિક પાત્રો ઉતારવામાં આવે અને સાથેજ પ્રભાણસૂરિ, નક્ષત્રસૂરિ, વગેરે પાત્રોની નિરાધાર કલ્પના કરી જૈનશાસ્ત્રો જેનો પૂર્ણ પ્રતિબંધ કરે

તેવાં આચરણો કરતાં દેખાડવામાં આવે–એ પ્રમાણે નિર્મૂલ કલ્પનાઓના શ્યામ સાયા હેઠલ પવિત્ર જૈન સાધુઓ પર આક્ષેપો કરવામાં આવે તે જૈન સમાજ કદિ પણ સાંખી શકે નહિં.

ચંદ્રમામાં પણ કલંક હોય માટે પ્રત્યેક મહા પુરૂષમાં પણ કોઇ નહિને કોઇ દોષ વા વિકાર હોય એ પ્રકારનાજ તર્કજ્ઞાનની જેને ઇશ્વરી નવાજેશ હોય એવા અથવા જ્યાં દોષ કલ્પીજ શકાતો ન હોય ત્યાં દોષારોપણ કરી પોતાના તત્ પ્રકારનાં બાલિશ સિદ્ધાન્તને સત્ય કરી બતાવવાના આગ્રહથી અને રસપૂર્વક મથનાર સાહિત્યકો શું સાહિત્યની પવિત્રતા, વા તેનું ગૌરવ સમજે છે? આજ સુધી સાહિત્ય ક્ષેત્ર પ્રત્યેક પ્રકારની રાગદ્વેષજન્ય મલિનતાથી અતિદૂર અને શાંતિનું ધામ મનાતું તેને આજે આવી વિકૃત કૃતિઓ વડે કેટલે દરજ્જે અપવિત્ર કરવામાં આવ્યું છે. તંત્રી મહાશય! આપ જુઓ છો, એમાંનું જરીયે રવીદ્રનાથ ઠાકુર આદિ મહા કવિઓ જેણે "**वसुधैवकुटुम्बकम्**" એ સૂત્ર અંગીકાર કર્યું છે તેમના કોઇપણ ગ્રંથોમાં? ત્યાં તો સાહિત્યનો પવિત્ર આદર્શજ જણાય છે. સાહિત્ય સર્વ દૂષિત વાતાવરણથી પર છે.

અમને પૂરેપૂરો વિશ્વાસ છે કે સાહિત્યના સત્ય-સેવકો, ગુજરાતના મહારથીઓ સાહિત્યની પવિત્રતા જાલવવા માટે પોતાના ઓજસ્વી અસ્ત્ર હવે તો સદ્ય યોજશે. પ્રસ્તુત કથામાં પાટણનાં ધર્મયુદ્ધ શરૂ થયાનો ઉલ્લેખ કરનાર લેખક તથા તેના જેવા કલ-મબાજોને ફરી ધર્મયુદ્ધ ઉપસ્થિત કરતાં હિંદુકોમના દીર્ઘદર્શી આગેવાનો તુરત રોકશે–અનિષ્ટ પરિણામ નિપજાવતાં થંભાવશે.

સમગ્ર લેખમાં લેખકની મનોવૃત્તિનું દર્શન સ્થલે સ્થલે થાય છે, પરંતુ તે પૈકી તેના કેટલાક ઉદ્ગારોજ દૃષ્ટાંત રૂપે અત્રે મુકીશું.

લેખક મેવાડી રાણીને 'મહાસૂરિજી જો તે વિધિ-સર દીક્ષા દેવાના સાત દિવસ પોતાની શિષ્ય તરીકે રાખી વ્રતો, મહાવ્રતો, અનુવ્રતો ને અત્યંગો તથા ધર્મના ગૂઢ રહસ્યો સમજાવી સુબોધરૂપ અમૃત પાઇ રાણીના હૃદયમાં જ્ઞાનદીપક પ્રકટ કરવાના' એમ લખે છે. લેખકને મન વ્રત, મહાવ્રત, અનુવ્રત બધું એકી વખતે આપી શકાય એવુંજ છે. અત્યંગ એટલે શું તે તો લેખકજ જાણે. પરંતુ રાણીને પોતાની શિષ્યા તરીકે રાતદિવસ હેમસૂરિ રાખે એ કલ્પનામાં તો દાટજ વાળ્યો છે. જૈનની દીક્ષા સાધુ કે સાધ્વી તરીકે લીધા પછી એટલે મહાવ્રતો લીધા પછી ગૃહમાં જવાનું હોયજ નહીં વળી શ્રાવિકા તરીકે પણ એટલે (અનુ-વ્રત નહિ પણ અણુવ્રત લેવાને માટે) તેમજ વંદનાર્થે કોઇપણ સ્ત્રી એકલી સાધુના ઉપાશ્રયમાં સાત દિવસ તો શું પણ એક કલાકે રહી શકે નહિ. જૈન સાધુઓ તથા સાધ્વીઓના ઉપાશ્રયો પણ જુદાજ હોય છે તો જૈન સાધુઓના બ્રહ્મચર્ય મહાવ્રતને ભંગ કરનારા અણઘટતા કલ્પિત પ્રસંગો કલ્પી જૈન સાધુઓને લેખકે ઘોર અન્યાય કર્યો છે. લેખક એક સ્થળે આમ લખે છે:–" એક સવારે હેમસૂરિનો એક શિષ્ય વિહારાર્થે નગરના રસ્તે જતો હતો (શિષ્યનું નામ હોયજ કયાંથી?) દૈવયોગે ઉપરથી ઘરનું નળીયું પડ્યું અને મુનિજીનું બોડું માથું સખ્ત ઘવાયું. લોકો એકઠા થઇ ગયા×××એક બ્રાહ્મણ જે ટોળાની અંદર જોવા બેઠો હતો તે બધા સાંભલે તેમ બોલ્યો 'મુનિ મહારાજશ્રી! માથે જટા રાખતા હોતો શું બોડું? આમ રસ્તે જતાં વાગે નહિં. જૈનધર્મ ના કહેતો હોય તો શિવધર્મમાં આવો. ગુરૂ જોઇએ તો નવા-રાણી દીક્ષા આપવા તૈયાર છે. બ્રાહ્મણ નાસી છુટવા ન પામ્યો હોત તો 'अहिंसापरमोधर्मः'ના ચુસ્ત અનુ-યાયીઓના હાથે બધાએ દિવસો પૂરા થવાનો ઘણો સંભવ હતો. નાસતા નાસતા એ જાણે શાપ આપતો હોય તેમ બ્રાહ્મણ બોલ્યો 'હવેજ ખબર પડશે તો તમારા ઉચા દેરા નીચાં ન થાય તો મને સંભારજો' બ્રાહ્મણમાં એટલી હિંમત કયાંથી આવી તે સમજાયું જ નહિં." કયાંથી સમજાય? કલ્પનાના ઘોડાને ધર્મ ઝનુનના ચાબખાથી પૂરપાટ હાંકી મૂક્યો હોય ત્યાં ઔચિત્ય અનૌચિત્યનું જ્ઞાન રહેજ કયાંથી? દંડી સંન્યાસીઓ, શંકરાચાર્યના અનુયાયીઓ તેમજ સમા-જી સાધુઓ પણ મુંડિત શિરવાલા હોય છે એ લેખ-કની સ્મૃતિમાંથી સરી ગયું હોય એમ લાગે છે અને

શરૂઆતમાં જે જૈન સાધુઓને 'પેલા નિમાલા વિનાના બોડા માથાવાલા' વિગેરે શબ્દોમાં આલેખ્યા હતા તેટલાથી સંતોષ નહીં થયેલો એટલે તે પર નલીયું પાડવાનો હાસ્યજનક પ્રસંગ ઉપસ્થિત કર્યો અને તેથાયે ન ધરાતાં બ્રાહ્મણ પાસે જટા રાખવાનું કહેવડાવી નવારાણી પાસે દીક્ષા લેવાનું કહેવું અને વલી અહિંસાવાદીને હિંસા કરવાને તત્પર ચિત્રી છેવટ નાસતા બ્રાહ્મણ પાસે ઉંચા દેરા નીચાં થવાનો શ્રાપ અપાવવો એથી વિશેષ ઝેર ભરેલું અને આક્ષેપપૂર્ણ જૈન સાધુઓની નિતાંત નિંદા કરનારૂં બીજું કયું લખાણ હોઇ શકે.

લેખકને જાણે-મેવાડના રાણાના મુખે કુમારપાલ તથા મુનિમહારાજો બીજાઇ (મેવાડી કુંવરી પર) જુલ્મ વર્તાવશે 'કારણ ધર્મ પ્રવર્તનમાં અહિંસાવાદી જૈનો હિંસા કરતા અચકાતાજ નથી એ હું જાણું છું' એમ કહેવડાવવાથી સંતોષ ન થયો હોય, તેથી લેખક સ્વમુખે તેની અત્રે પુનરૂક્તિ કરી પોતાના હૃદયનો ભાવ તદ્દન સ્પષ્ટ કરે છે. લેખકે પ્રવીણસૂરિ તથા નક્ષત્રસૂરિ તથા સાધ્વીનાં કલ્પિત પાત્રોને મેવાડી રાણીને તેડવા ગયેલાં ચિતરી જે જે કાર્ય કરતાં આલેખ્યા છે તે જૈન સાધુના આચારથી તદ્દન વિરૂદ્ધ છે. ગૃહારથાશ્રમીઓના જ્યોતિષ વૈદકનાં કાર્યો જૈન સાધુઓ જૈન શાસ્ત્ર પ્રમાણે કરી શકતા નથી. તેમજ જ્યોતિષ, વૈદક તથા મંત્રથી વૃત્તિ કરવા વિરૂદ્ધ જૈન શાસ્ત્રનો સખ્ત પ્રતિબંધ છે.

કુમારપાલ રાજા પણ જૈન હોવાથી તેની સામે પણ લેખકે કટાક્ષ કર્યો છે. કુમારપાલ રાજાના સમયમાં ગુજરાત જાહોજલાલીની ટોચપર હતું. છતાંયે ઐતિહાસિક સત્યવિરૂદ્ધ કટાક્ષ કરવામાં બીજું શું તાત્પર્ય હોઈ શકે ?

લેખકે કુમારપાલને 'આપ ગુજરાતના રાજા નહિં' એવું મેવાડી રાણાનું કથન બારોટ મુખે સંભલાવતાં તેને સહેજ ક્રોધ ચડયો એમ કહી' કુમારપાલ-મહારાજના શુરાતનો જગજાહેર હતાં ' એ ઉમેરી તેનાપર તદ્દન અયોગ્ય આક્ષેપ, તે જૈન હોવા માત્રથીજ, કર્યો છે, ખુદ મેવાડી રાણાના કથનમાં પણ 'તમારા શૂરવીર મનાતા કુમારપાલ મહારાજ' એમ આક્ષેપ કરવામાં આવ્યો છે.

લેખક કલ્પિત પ્રવીણસૂરિને વાતવિમર્દન તેલ ખરીદવા જતાં કલ્પી દાસીના હાથમાંના તેલના કચોલાંને સ્પર્શતાં ચિતર્યા છે.

લેખકને એટલીએ ખબર નથી કે જૈન સાધુઓ પૈસા રાખતા નથી તો ખરીદ કરવા નીકળેજ કયાંથી ? જૈન સાધુઓને સ્વીકારવા પડતાં મહાવ્રતોમાં નિષ્પરિગ્રહ રહેવાનું મહાવ્રત પણ અંગિકાર કરવું પડે છે. તેમજ જૈન સાધુઓ જે પ્રકારનું ઉગ્ર બ્રહ્મચર્ય વ્રત ધારણ કરે છે તેને લઇને સ્ત્રીને વસ્તુના આંતરે પણ અડકી શકતા નથી, અર્થાત્ હાથો હાથ સ્ત્રી પાસેથી કોઇ પણ વસ્તુ લઇ કે આપી શકતા નથી. ભિતને આંતરે પણ સ્ત્રી વસતી હોય તો તેઓ વસી શકતા નથી. એ પ્રકારનું જૈન ધર્મમાં પ્રસિદ્ધ નવવાડોથી સુરક્ષિત આદર્શ બ્રહ્મચર્ય જૈન સાધુઓ પાળે છે તો, જૈનાચારથી વિરૂદ્ધ દાસીના હાથમાંના તેલનાં કચોલાંને સ્પર્શતાં જૈન સાધુને આલેખવામાં તેમના પ્રત્યેના દ્વેષ સિવાય બીજો કયો આશય સંભવી શકે ? વળી કપોલકલ્પિતઘટના ઉપજાવી જૈન સાધુઓને કામણ ટુંમણ કરનારા આલેખી ધાર્મિક વ્યાખ્યાન અપાતું હોય ત્યારે સભા જનોમાં મ્હોટી શિલા રેડવી એ લેખકની મનોદશા તલસુધી સ્પષ્ટ દેખાડે છે. હજુએ અધુરૂં હોય તો વાંચો લેખકના આ ઉદ્‌ગારો:-"સઘળું પાપ હેમસૂરિ, તારે માથે-રાજા, તારે માથે "

" એ ઝમેાર પછી ગુજરાતનો ઇતિહાસ બદલાયેા. એ ન હોત તો પીળા કેશરીઆ ચાંલાનું અત્યારે કેટલું જોર હોત તે કલ્પવું મુશ્કેલ છે. હેમસૂરિજીની કલા નમવા માંડી. રાજાની શ્રદ્ધા ન ચળી. પરંતુ અંધવશીકરણના પાશમાંથી એ મુક્ત થયા. કુમારપાળ મહારાજે શિવાલયોના પુનરૂદ્ધારમાંએ પાછળથી દ્રવ્ય ખર્ચ્યા તેના ઉલ્લેખો ઇતિહાસમાંથી જડી આવે છે. " આ કેવા ઉલટા સ્વરૂપમાં રજુ થાય છે. કુમારપાલ જેને હેમસૂરિના વશીભુત ચિતરવામાં આવ્યા છે તે ઇતિહાસમાં તો શુરવીર, ઉદાર અને ભિન્ન ભિન્ન ધર્મોમાં નિષ્પક્ષપાત રાખનાર યોગ્ય રાજા

તરીકેજ નજરે આવે છે. તેને બ્રાહ્મણ દંતકથાના 'ઝમેાર' પછીજ શિવાલયેાના ઉદ્ધાર કરનારા અત્રે દેખાડવામાં આવે છે. શું તેઓ પહેલાં ન્હેાતા ઉદ્ધાર કરતા ? અને કર્યા તેા તે કલ્પિત ઝમેાર પછીજ કર્યા? શું છે ઇતિહાસમાં તેવેા પુરાવેા ? ખુદ હેમચંદ્રાચાર્ય મહારાજ પણ કેવા નિષ્પક્ષપાતી અને સર્વ ધર્મ માટે સમભાવ રાખનારા હતા તે તેમણે સિદ્ધરાજ મહારાજને આપેલા સંજીવની ન્યાયે ધર્મ કરવાના બેાધ પરથી, અને કુમારપાલ મહારાજના સમયમાં તેમણે રચેલા વીતરાગ સ્તેાત્ર અને મહાદેવના પ્રસંગ પરથી સ્પષ્ટ માલમ પડે છે. તેા એવા મહાપુરૂષ જેની સર્વ દેશીય બુદ્ધિ અને સર્વ શાસ્ત્ર વિશારદતાને માટે 'કલિકાલ સર્વજ્ઞ'નું આપેલું બિરૂદ યથાર્થજ છે એમ આજે પણ દુનીયાના સમર્થ વિદ્વાનેા માને છે, અને તેને માટે પૂર્ણ માન ધરાવે છે તેવા મહાપુરૂષને ખેાટાજ રંગમાં આલેખવામાં ધર્માંધતા કે ધર્મદ્વેષ સિવાય અન્ય કયું કારણ સંભવે ? છેવટમાંયે લેખકે પૂરેપૂરેા સંતેાષ લઇ લેવા લક્ષ મુનિઓનેા લય યેલી બ્રાહ્મણી કથાપરથી કલ્પ્યેા છે.

તંત્રી મહાશય, આશા છે કે શાંતિપ્રિય સહિષ્ણુ જૈન કેામપર આવા જે અણઘટતા આઘાતેા થયા છે તે વિષે આપ યેાગ્ય કરશેા.

મુંબઈ, માર્ચ ૧, ૧૯૨૭. } **મેાહનલાલ ભગવાનદાસ ઝવેરી.**
એ. રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,
શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ.

નોંધ:—

જૈન ભાઈઓ કે કેાઇપણ ધર્મના અનુયાયીઓની દરકારપૂર્વક લાગણી દુભાવવી એવું કદીપણ અમારા મનમાં હેાઈ શકેજ નહિ. સુવર્ણમાલાએ અત્યારસુધી જે પ્રગતિ કરી છે તે જેતાં જણાશે કે ઇતિહાસ અને સાહિત્ય ઉપરના વિદ્વતાપૂર્ણ નિબંધેા ઉપરાંત રસમય વાર્તાઓ, નાટકેા, કાવ્યેા આદિ નિર્દોષ રંજનાત્મક સાહિત્ય પ્રજાને અર્પવામાં અમારેા પ્રયાસ દિનપરદિન વધતેાજ જાય છે.

"ઝમેાર"ની એક કલ્પિત વાર્તા તરીકેજ પસંદગી થયેલી અને તે પ્રકટ કરતી વખતે અમને સ્વપ્નેયે ખ્યાલ ન્હેાતેા કે આ વાર્તાથી જૈન ભાઇઓની લાગણી દુઃભાશે. પણ આ વાર્તા પ્રકટ થતાંજ મુંબઈની જૈન કૉન્ફરન્સના પ્રતિનિધિ મંડળ તથા સેક્રેટરી તરફથી અમને એમ જણાવવામાં આવ્યું છે કે આ વાર્તાથી જૈન ભાઇઓનીલાગણી અત્યંત દુભાઇ છે, અને મજકુર વાર્તાના અનૈતિહાસિકપણા વિષે તેમણે એક લેખ 'સુવર્ણમાલા'માં પ્રકટ કરવા ઇચ્છા જણાવી... આ લેખ અમે નિઃસંકેાચપણે પ્રકટ કરીએ છીએ.

અમે આશા રાખીએ છીએ કે જૈન ભાઇઓને આથી હવે સંતેાષ થશે અને અમે કેાઈ પણ ખાસ દરકારપુર્વક આ વાર્તા નથીજ છાપી તે વિષે તેમને ખાત્રી થશે

સંચાલકેા:—"સુવર્ણમાલા"

ઇતિહાસને નામે વસ્તુનેા વ્યભિચાર

કથાસાહિત્યમાં કેવળ કલ્પનાના આશ્રયે રચાયેલી કથાઓ કરતાં ઐતિહાસિક વસ્તુના આધારે ઉપજાવેલી વાર્તાઓ વિશેષ આદરણીય મનાય છે. કાલ્પનિક કથાઓનેા લેખક તેા પ્રાયઃ ગગનવિહારી હેાય છે–સંસારનાં સામાન્ય કઠિન સત્યેા અને વહેવારિક મર્યાદાઓનાં બંધનને ઉવેખી તે પેાતાના જૂદા જ વિશ્વમાં યથેચ્છ વિહરી શકે છે. ઐતિહાસિક પાત્રેાનેા નિર્માતા એટલી છૂટ નથી ભેાગવી શકતેા. ઇતિહાસના પ્રસંગેા અને તે કાળની પરિસ્થિતિ તેને સ્વૈરવિહાર કરતાં પગલે પગલે રેાકી રાખે છે. કલ્પનાસાહિત્યનાં પાત્રેા કાં તેા પરમ દૈવી અને કાં તેા મહાઆસુરી પ્રકૃતિના હેાય તેા પણ નભાવી લેવાય–વિવિધ દંતકથાઓ પણ તેની અંદર સમાવેશ પામી શકે; પરંતુ ઐતિહાસિક પાત્રેાના ચરિત્રચિત્રણમાં એવેા એકતરફી ઝેાક કેવળ હાસ્યાસ્પદ જ લેખાઇ જાય. સામાન્યતઃ ઐતિહાસિક નવલકથાના લેખકને શિરે એવડી જવાબદારી રહેલી હેાય છે. ઇતિહાસની સાથે તે સમયના રીતરિવાજ અથવા તેા જે સમાજને ઉદ્દેશી પેાતાના પાત્રેાનેા ક્રમવિકાસ સાધવાનેા હેાય તેમની આચારવિચાર વિષયક વિશિષ્ટતા પણ તેની જાણબહાર ન રહેવી જોઇએ. ઐતિહાસિક વાર્તાએ

જેમ એકલો-નિર્ભેળ ઇતિહાસ નથી તેમ તે કેવળ વાર્ત્તા અથવા દંતકથા પણ નથી. ઇતિહાસ અને આદર્શનો સમન્વય જે ઐતિહાસિક કથાસાહિત્યમાં ન જળવાય તો વસ્તુના નામે વર્ણસાંકર્ય અને કળાના નામે વિખવાદ સિવાય બીજો કોઈ અર્થ ન સરે. આજે આપણા ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક નવલકથાઓને નામે કેટલું પાખંડ પ્રવર્ત્તી રહ્યું છે તે હવે કોઇથી ભાગ્યે જ અજાણ્યું રહ્યું હશે. શ્રીયુત મુનશીજીની નવલકથાઓ તો એ વસ્તુ-સાંકર્યના એક નમુનારૂપ જ લેખાય છે. ઇતિહાસની અવગણના કરતી અને જૈનશાસનના પ્રભાવશાળી પાત્રોને અન્યથા સ્વરૂપમાં ચીતરતી તેમની નવલકથાઓ સામે ગુજરાતી સાક્ષરો અને જૈન વિદ્વાનોની ફરીયાદ હજી તો ઉભી જ છે; એટલામાં જાણે ઇતિહાસનો એ વ્યભિચાર હજી અપૂર્ણ હોય તેમ હાલમાં જ એક અજ્ઞાત લેખક 'ઝમોર' નામની એક વાર્ત્તા, સુવર્ણમાળા માસિકમાં અવતારી ઇતિહાસપ્રસિદ્ધ જૈન પ્રભાવને વગોવવાનો પ્રસંગ સાધ્યો છે. "ઝમોર" ના લેખકને ઇતિહાસનું કેટલું ઉંડું જ્ઞાન છે તે તો કેવળ એકજ હકીકત ઉપરથી સમજાશે કે 'મેવાડ' શ્રી હેમસૂરિ અને 'ગુજરાત' એટલા શબ્દો વાર્તામાંથી બાદ કરવામાં આવે તો તેમાં વસ્તુતઃ વાર્ત્તા, વસ્તુ કે ઇતિહાસ જેવી કોઇ ચીજ અવશેષ રહે કે કેમ તે એક પ્રશ્ન થઈ પડે. લેખકને માત્ર એકજ વાત કહેવાની છે અને તે એજ કે મેવાડી રાણી શ્રી હેમસૂરિને ન નમી અને એ પ્રતિજ્ઞાના પાલન અર્થે કેટલાય બારોટોને જીવતાં બળી મરવું પડ્યું. આ કથનને ઇતિહાસનો કંઇ આધાર છે કે નહીં, તે તો ઐતિહાસિકો પોતે જ નક્કી કરી લેશે. પણ ઇતિહાસના આશ્રયે લેખકે જૈનમુનિઓ અને જૈન શાસનની જે પેટ ભરીને નિંદા કરી છે તે તો એટલી ઉઘાડી-નફટ અને નિરાધાર છે કે તેની સામે કોઇ પણ કળારસિક વાચક પોતાનો વિરોધ દર્શાવ્યા વિના ન રહે ઇતિહાસના પટ ઉપર જૈન સમાજ અથવા મુનિવ્યવહારનું ચિત્ર આંકતાં પહેલાં જે સંસ્કાર-સામગ્રી સંઘરવી જોઇએ તેની પામરતા પણ આ વાર્ત્તાના પ્રત્યેક પ્રસંગમાં તરી આવે છે. લેખક જૈનસમાજના મુનિવરોનું ચરિત્ર વર્ણવવા પ્રયત્ન તો કરે છે, પણ જૈનમુનિના સહજ દર્શન ઉપરાંત તેમના સામાન્ય કિંવા વિશેષ આચારધર્મોનો અભ્યાસ કરવા જેટલી પણ તકલીફ ઉઠાવી શકયા નથી. એ સામગ્રી વિષયક કંગાલીયતની સાથે તેમના અંતરનો વિદ્વેષ ભળતાં વાર્તા એ વાર્ત્તા ન રહેતાં, કળા અને વસ્તુના વ્યભિચાર રૂપજ બની રહે છે. વધારે ખાત્રી માટે આપણે એ લેખકના જ છીછરા જ્ઞાન તેમજ સંસ્કાર તપાસીએઃ—

પાટણના કુમારપાળ મહારાજ મેવાડની રાજકુંવરીને પરણે છે. પણ એ કુંવરીને તેમના પિતા પાટણ મોકલતા ખંચાય છે. કુંવરીને તેડવા આવેલ જયદેવ બારોટને મેવાડપતિ કહે છે કે-"પેલા નિમાળાવિનાના, બોડામાથાવાળા ન્હાવાધોવાની બાધાવાળા જતીઓને વંદન કરવા એ રાજકુંવરીને ન આવડે-કુંવરીને સાંજ સવાર ઉપાશ્રયે સામાયિકો કરવા જવાનું પણ ન ગમે. તમારા કુમારપાળ રાજાનાં અંતઃપુરની યુવતીઓને સવાર-સાંજ વંદન કરવા ફરજીયાત ઉપાશ્રયે જવું પડે છે." જૈનધર્મ અને મુનિસમાજ સંબંધે લેખક કેટલો દયાજનક પરિચય ધરાવે છે તેના નમુનારૂપ નહીં, પણ ઐતિહાસિક હકીકતના ઓઠા નીચે તેણે વસ્તુનો કેટલો વિપર્યાસ સાધ્યો છે તેના એક નમુના તરીકે આ ઉદ્‌ગારો ઉલ્લેખનીય છે. જૈનમુનિઓ હંમેશા નિમાળા વિનાના-બોડા માથાવાળા હોય અને ન્હાવાધોવાની બાધાવાળા હોય એ જ સત્ય જાણે કે સમસ્ત ઇતિહાસના નવનીતરૂપે તારવી કાઢયું હોય એવી છટાથી લેખક રજુ કરે છે. અંતઃપુરની એકે એક યુવતીને સવાર-સાંઝ સામાયિક કરવા ઉપાશ્રયમાં જવુ પડે, એટલું જ નહીં પણ શ્રી હેમચંદ્રાચાર્ય સમા સમર્થ અને કાળકાળ સર્વજ્ઞ જેવા પુરૂષ અંતઃપુરવાસિનીઓ તરફથી એવા વંદનની સતત્-ઉગ્ર ઝંખના રાખે એ તો તદ્દન વિચિત્ર અને આચારનીતિથી પણ વિરૂદ્ધ જતી વાત છે જૈનમુનિની પાસેજ શ્રાવક કે શ્રાવિકા સામાયિક કરી શકે એવી ભ્રાંતિમાંથીજ આ અનર્થ લેખકે ઉપજાવ્યો છે. ખરૂં જોતાં જૈન ધર્મ એવી ફરજ નથી પાડતો. સવાર-સાંઝ તો શું પણ જ્યારે પણ

સમતા કે શાંતિની આરાધના કરવાની હોય, મનમાં વિવિધ તર્કવિતર્કોને રોકી, ધર્મધ્યાનમાં પ્રવેશવાનું હોય ત્યારે ગમે તે શ્રાવક કે શ્રાવિકા પોતાના ઘરના એકાદ ખુણામાં, જ્ઞાનના પુસ્તકને સ્થાપનાચાર્ય તરીકે સ્થાપી સામાયિક કરી શકે છે. વૈષ્ણવ મહારાજ-ઓની જેમ જૈન મુનિરાજો કોઇને પણ પોતાના વંદન કરવા આવવાની ફરજ નથી પાડતા. અમે આ હકીકતને વસ્તુનો વ્યભિચાર કહ્યો છે તેનો પણ એજ અર્થ છે કે વૈષ્ણવ મહારાજાઓની જેમ જૈન મુનિરાજો પણ એવીજ નિરંકુશ સત્તા પોતાના અનુયાયીઓ ઉપર ભોગવતા હશે એમ લેખકે પોતાની મેળે માની લીધું છે અને એ રીતે જૈન મુનિને જૈન રાખવા છતાં પણ જાણે વસ્તુતઃ વૈષ્ણવના મહારાજ અથવા ગોસ્વામી હોય તેવા સ્વાંગ સજાવ્યા છે. આને વસ્તુનો વ્યભિચાર સિવાય બીજું શું કહી શકાય? આ વૈષ્ણવી રંગ-ઢંગ કેટલી વિલક્ષણ પરા-કાષ્ઠાએ પહોંચે છે તે પણ જરા જોવા જેવું છે:—

"બેટા! ચેતતી રહેજે હોં-એ જૈન સાધુઓ કામણટુંમણ કરનારાઓ હોય છે." એ પ્રકારની છેલ્લી સલાહ અને વિદાયગીરી લઈ કુંવરી પાટણ આવવાં નીકળ્યાં. પાટણની એ સમયની સ્થિતિ ઇતિ-હાસની દ્રષ્ટિએ લેખક આ પ્રમાણે વર્ણવે છે:—"એ એવો સમય હતો કે જ્યારે જૈન સત્તા એની પરમ ટોચે પહોંચી હતી. મહોલ્લે ઉપાશ્રયો, દેરાસરો ને વિહારોના ઉન્નત શિખરો પોતાની મહત્તા પોકારતા હતા. શેરીએ શેરીએ નિભાળા વિનાના, શ્વેત વસ્ત્ર-ધારી સાધુઓ વિહારોથી જતા જણાતા.....હેમ-સૂરિજી જુના વખતના યુરોપમાં રોમના પોપ જેવી સત્તા ધરાવતા મનાતા હતા. ગુજરાતમાં જૈન ધર્મનો વિજય ડંકો વાગતો હતો-ગુજરાત બ્હારે કુમારપાળે જીતેલા પ્રદેશમાં એનો પગ પેસારો થયો હતો. પરંતુ ગુજરાત બ્હારની પ્રજા હજી જૈનમત સંપૂર્ણ રીતે સ્વીકારતી નહીં તેથી મુનિજી રાજ પ્રકરણમાં અવા-રનવાર માથું મારતા અને પોતાના ધર્મની અદશ્ય ધજા બની શકે ત્યાં બધે ફરકાવવા સતત્ પ્રયત્ન કરી રહ્યા હતા. રાજગઢમાંએ એમનો શબ્દ પ્રભુ આજ્ઞા પેઠે મનાતો. અને અંતઃપુરની સ્ત્રીઓને, સામંત-ઉમરાવોની સ્ત્રી-દીકરીઓને ઉપાશ્રયે જવું પડતું. રાજ-કુલની નવવધુ પ્રથમ જૈન ધર્મની દીક્ષા લીધા પછી જ અંતઃપુરમાં પ્રવેશે એવી પ્રથાયે થોડા વખતથી શરૂ થઈ હતી. અને મેવાડ કુંવરીને દીક્ષા આપી-ઠેઠ મેવાડ સુધી પોતાના ધર્મની સુગંધ પ્રસરાવવાની મુનિજીની ખાસ ગણત્રી હતી." આ છેલ્લા વાક્યમાં, જૈન દીક્ષા અને વૈષ્ણવ મહારાજાઓના મંત્રદાન એ બેની વચ્ચે જમીન-આસમાન જેટલું અંતર હોવા છતાં આ વાર્ત્તાલેખકના પ્રતાપે એક પ્રકારનું વર્ણ-શંકર સ્વરૂપ ધારણ કરે છે. દીક્ષાના સંબંધમાં લેખ-કની કેવી કલ્પના હશે તે તો આખી વાર્તાના ચાલીસ ઉપરાંત પૃષ્ટો ઉથલાવવા છતાં, છેક છેવટ સુધી કંઈ ચોક્કસ થતું નથી; છતાં મેવાડી કુંવરીનો એ દીક્ષા તરફ જે ઉગ્ર અભાવ અને તિરસ્કાર દેખાઈ આવે છે તે લક્ષમાં લેતાં લેખકે એ દીક્ષાને પણ એક અના-ચારનું જ રૂપક આપવાનો આડકતરો પ્રયત્ન કર્યો હોય તેમ જણાય છે. રાજા કુમારપાળ અને શ્રી હેમ-ચંદ્રાચાર્યના જમણા હાથ મનાતા પ્રવીણસૂરિજી વચ્ચેના એક વાર્ત્તાલાપ દરમીયાન મુનિશ્રી આ દીક્ષા સંબંધે કહે છે કે:—"રાજા! આવતી કાલનો પ્રસંગ (દીક્ષા પ્રસંગ) તો પાટણના ઇતિહાસમાં અનુપમ અને અપૂર્વ લેખાવાનો. રાણીજીને મહાસૂરિજી જાતે વિધિસર દીક્ષા દેવાના. સાત દિવસ પોતાની શિષ્યા તરીકે રાખી વ્રતો મહાવ્રતો, અનુવ્રતો તથા ધર્મના ગૂઢ રહસ્યો સમજાવી સુબોધરૂપ અમૃત પાઇ રાણીના હૃદયમાં જ્ઞાનદીપક પ્રગટ કરવાના અને પછી આપ વાજતે ગાજતે આવી સન્જોડે વંદના કરી, મહાસૂરિજીની આશિષ યાચવાના અને પામવાના." લેખક કહે છે કે આ શબ્દો સાંભળી રાજાને સંકોચ થયો. સાત સાત દિવસ સુધી એક પરિણિત વધુને ગુરૂ સમિપ રાખવાની સલાહ સાંભળી કોને સંકોચ ન થાય? એ સંકોચ અને સાત દિવસની અવધી એ જ આ દીક્ષાના પ્રસંગમાં રહેલી અનુચિતતા પુરવાર કરવાને શું બસ નથી? વારેવારે જૈન સાધુઓને "નીમાળા વિનાના-બોડા માથાવાળા અને નહાવા ધોવાની બાધા-વાળા" કહેવા છતાં લેખકને પુરો સંતોષ નથી થતો. તેને તો જૈન સત્તા અને જૈનમતની મશ્કરી કરવા,

દીક્ષા જેવા પરમ પુનિત પ્રસંગને પણ પુરેપુરો મલીન ચિતરવાના કોડ છે. કોઈ પણ જૈન મુનિરાજે દીક્ષા આપવાના નિમિત્તે કોઇ પણ નારીને સાત-સાત દિવસ પોતાની શિષ્યા તરીકે રાખી હોય એવો એક પણ પ્રસંગ ઇતિહાસ, આચાર કે વિધિ ગ્રંથમાંથી લેખક બતાવી શકશે ? ભલે, આ પ્રકારની ભ્રાંતિ રજુ કરવામાં લેખકનો કંઈ મલિન આશય ન હોય, પણ એટલું તો ચોક્કસ છે કે તે જૈન સત્તાને અને જૈન મુનિઓને બને તેટલી હદે અપમાનિત કરવામાં એક પ્રકારની મોજ તેમજ કૃતકૃત્યપણાનો ઉંડો આત્મ-સંતોષ મેળવે છે. આખી ઝમોરની વાર્ત્તા એજ મલિન મનોદશાનો પડઘો પાડી રહી છે. થોડાં છૂટાં છવાયાં વાક્યોમાંથી પણ એજ મનોદશા ટપકે છેઃ-" ધર્મપ્રવર્તનમાં અહિંસાવાદી જૈનો હિંસા કરતાં અચકાતાં નથી." "ભોળા શંભુપર જળ રેડનારને જૈન મુનિ શું કરી શકવાના હતા ?" " હેમસૂરિજી હજી પણ વંદનાના ભૂખ્યા છે કે ? " " જો જો કોઇ યતિ મહારાજ આ રાજવાડી તરફ ફરકે નહીં. નહિતર કંઇ કાળા ટીલી આવી જશે." "વાહ રે વાહ ! તમે યે હેમસૂરિમાં બહુ શ્રદ્ધાવાન જણાઓ છો ! એ મહા મુનિજી તો એમના ઉપાશ્રયે ઉંચા નીચા થતા મારી વૃથા રાહ જોતા રહેશે." " કુમારપાળ મહારાજાને કુલદેવોમાં શ્રદ્ધા છતાં હેમસૂરિની વંદનામાંથી નવરાશ મળતી નહીં." વાર્ત્તાના આ પ્રથમાંશના ઉદ્‌ગારો વિષે વિશેષ પૃથક્કરણ કરવાની જરૂર નથી. અહિંસાવાદી જૈનોએ પોતાના ધર્મ અને સત્તાને માટે જાણે કે બીજા સંપ્રદાયો ઉપર અત્યાચાર ગુજર્યો હોય એમ સૂચવવાનો ચોખ્ખો સંકેત જણાઈ આવે છે. જૈનધર્મના યતિઓ અને મુનિઓ જાણે સતત્ રાજવાડી-જ્યાં અંતપુર આવી રહેલું હોય ત્યાં વિલાસી અને કામી પુરૂષોની જેમ આંટા મારતા હોય એવો ધ્વની પણ લેખકે ઉપજાવ્યો છે. વાર્ત્તા આગળ વધે છે તેમ તેમ સંકેતરૂપે ઉચ્ચારેલા સૂચનોને લેખક ઘટનાદ્વારા સિદ્ધ કરવા મથે છે. રાજવાડીમાં મેવાડકુંવરી-કુમારપાળની રાણી ઉતરે છે. બારોટ તેમને રોજ શિવપૂજનનું સાહિત્ય પુરૂં પાડે છે. જે દિવસે ભારે સમારોહ સાથે નવી રાણીનું સામૈયું થવાનું છે તેજ દિવસે રાજાની બધી તૈયારીઓને ફોક કરી, ઉપાશ્રયમાં જવાને બદલે તે મહારૂદ્ર નામના શિવલીંગની પૂજા કરવા રવાના થાય છે. લેખકના માનવા પ્રમાણે મુનિમંડળના મુહૂર્ત્ત તથા યોજના વિગેરે વ્યર્થ નિવડવાથી હેમસૂરિજી તથા તેમના શિષ્યો વ્યાકૂળ બને છે, સામૈયા માટે ગયેલો વરઘોડો પાછો ફરે છે અને એ રીતે પાટણમાં નવું ધર્મયુદ્ધ મંડાય છે. આ ધર્મયુદ્ધનો બધો દોષ, જૈન સત્તા અને હેમચંદ્રાચાર્ય ઉપર ઢોળવાનો લેખકનો ઉદ્દેશ છે. તે એમ કહેવા માગે છે કે જો જૈન મુનિઓએ મેવાડ કુંવરી તરફની વંદનાનો લોભ ન રાખ્યો હોત તો પાટણમાં આ તોફાન ઉતરવા ન પામત-સેંકડો બારોટોને જીવતા બળી મરવું પડયું તે પ્રસંગ ઉપસ્થિત ન થાત. પરંતુ અમને લાગે છે કે વંદના જેવી સાવ નિર્માલ્ય વાતને લેખક આવું અસાધારણ ગંભીરરૂપ આપવામાં પોતાની બુદ્ધિ અને વિવેક શક્તિનુંજ નીલામ કરે છે. જૈન મુનિઓને તો શું પણ દુનીયાના કોઇ પણ ધર્માચાર્યને પોતાના ધર્મ સિદ્ધાંતો પ્રાણ કરતાંય અધિક પ્રિય હોય એ બનવા જોગ છે, પરંતુ વંદનાના જ પ્રતાપે ધર્મ આગળ વધે-એક રાણી કે મહારાણી વંદના કરવા આવે તો જ ધર્મશાસન દિગંતના અંત સુધી પ્રચાર પામે એવો મિથ્યા મોહ તો કોઇ પણ ડાહ્યો પુરૂષ ન નભાવે. હેમચંદ્રાચાર્ય જેવા કુશળ, પવિત્ર અને પ્રભાવશાળી પુરૂષ આવી સાદી વાત ન સમજતા હોય એમ માનવાની આપણી સામાન્ય બુદ્ધિ પણ સાફ ના પાડે છે. લેખકનો એક બીજો ભ્રમ પણ કેટલો વિચિત્ર છે ? તે કહે છે કે મેવાડની કુંવરી જો મુનિવંદના કરવા આવે તો મેવાડમાં પણ જૈનધર્મનો વિજય વાવટો ફરકતો થઇ જાય ! મેવાડની કુંવરી જ્યારે ગુજરાતની મહારાણી બની, ગુજરાતમાં વસવાની છે તો પછી તેની શ્રદ્ધા કે ભક્તિ મેવાડમાં શી રીતે ઉપયોગી થાય ? રાજા પોતે જો જીનદર્શનમાં ચુસ્ત છે તો પછી મેવાડની એકાદ કુંવરી, પોતાના ઇષ્ટદેવ-મહારૂદ્રના મસ્તક ઉપર ચોવીસે કલાક જળ રેડે તો તેથી કરીને જૈનસત્તા કે જૈન પ્રભાવને શી ઉણપ આવવાની હતી ? "ઝમોર" ના લેખકે ઇતિહાસના એક અભ્યાસી તરીકે નહીં, પણ સાદી

અક્કલથી જો આ પ્રશ્ન વિચાર્યો હોત તો જૈન મુનિ સમાજ અને જૈન ધર્મ વિષે આવા ન છાજતા અડપલાં ન કરત. પરંતુ ઇતિહાસને નામે એ વાર્તા એટલેથીજ સમાપ્ત નથી થતી. વાર્તાના બીજા ભાગમાં તો લેખકે વળી જૂદોજ રંગ દાખવ્યો છે. રામના નામે જેમ પત્થર તર્યા તેમ તે પણ જૈનમુનિના કામણના પ્રતાપે પત્થરની શીલાઓને પણ પ્રવાસ કરતી દેખાડે છે. પરંતુ બહુ વિસ્તાર થઇ જવાના ભયથી એ પ્રસંગ આવતા અંક માટે મુલતવી રાખવાની અમને ફરજ પડે છે.

—જૈન તા. ૬-૩-૨૭

જૈન મુનિનાં કહેવાતાં કામણ-ટુમણ

(૨)

પાટણમાં ધર્મયુદ્ધ જામ્યું છે. "હેમસૂરીજીનું હડહડતું અપમાન થયું છે...અને સાધ્વીઓ પણ વાદમાં હારી ચૂકી છે...હેમસૂરીજી અચલ શાંતિથી બાજી ગોઠવતા જાય છે." આ પ્રમાણે બબ્બે મહિના નીકળી ગયા. અહિંસાવાદી જૈનો લાગ આવે તો હિંસા કરતાં પણ અચકાતા નથી, એ કથનને હવે એક પ્રસંગ વડે સિદ્ધ તો કરવું જ જોઇએ, નહિંતર લેખકની રચનામાં એટલી ઉણપ રહી જાય. "ઝમોર"ના લેખક એક નિર્મૂલ પ્રસંગને પોતાની પીંછીથી આ પ્રમાણે રંગે છેઃ—

"એક સવારે હેમસૂરિનો એક શિષ્ય વિહારાર્થે નગરના રસ્તે જતો હતો દૈવયોગે ઘરનું નળીયું પડયું અને મુનિજીનું બોડું માંથુ સખત ઘવાયું. લોકો એકઠા થઈ ગયા. દુઃખ પામેલા મુનિજીને ઘેરી વળ્યા–લોહી અટકાવવા ઉપચાર કરવા મંડયા. એક બ્રાહ્મણ કે જે ટોળાની અંદર જોવા પેઠો હતો તે બધા સાંભળે તેમ બોલ્યોઃ—"મુનિ મહારાજશ્રી ! માથે જટા રાખતા હો તો શું બોડું ? આમ રસ્તે જતાં વાગે તો નહીં. જૈનધર્મ ના કહેતો હોય તો શિવધર્મમાં આવો–ગુરૂ જોઇએ તો નવા રાણી દીક્ષા આપવા તૈયાર છે," મુનિજીની આટલી મશ્કરી એ વખતે મ્હોતને નોતરવા જેવી હતી, શ્રાવકો ગુસ્સે થઇ ગયા અને બ્રાહ્મણ ઉપર ટૂટી પડયા. મુનિજી કરતાં તેને દસગણું વાગી ચૂકયું અને જો એ નાસી છૂટવા પામ્યો ન હોત તો અહિંસા પરમોધર્મના ચુસ્ત અનુયાયીઓના હાથે બધા યે દિવસો પૂરા થવાનો ઘણો સંભવ હતો. નાસતાં નાસતાં એ જાણે શાપ આપતો હોય તેમ બોલ્યો–"હવે જ ખબર પડશે. તમારાં ઉંચાં દેરાં નીચાં ન થાય તો મને સંભારજો"

જૈનોના ઉંચાં દેરાં અને મુનિઓના વિહાર લેખકને શલ્યની જેમ ખૂંચતા હોય એ સિવાય આ પ્રસંગનો બીજો હેતુ નથી. પોતાનાં રાગદ્વેષને સાકાર કરી બતાવવાની તાલાવેલીમાં આવા લેખકો ભૂતકાળ તેમજ વર્તમાનકાળની પરિસ્થિતિને પણ કેવી કદરૂપી બનાવી મૂકે છે તેનો આ એક નમુનો છે. આજના હિંદુ-મુસલમાનોની જેમ તે વખતે જાણે કે જૈનો અને શૈવો વચ્ચે ભારે કોમી વીખવાદ હૈયાતી ભોગવતો હોય એમ લેખકે માની લીધું છે. પરંતુ વર્તમાન સ્થિતિના વાધા ભૂતકાળને આબાદ બંધ બેસતા કરવા એ કેવળ વાહયાતપણું છે. જ્યાં બુદ્ધિના અને મુસદ્દીગીરીના તેજ ચમકતા હોય ત્યાં આ પ્રકારની મારામારી અને કડવાશ હોવાંજ જોઇએ એમ શા સારૂ માની લેવું ? ગુજરાતમાં જૈનો અને શૈવો કિંવા જૈનતરો વચ્ચે આટલી બધી હદે બેદીલી વ્યાપી હોય એમ હજી સુધી જણાયું નથી. જૈન મુનિઓ હંમેશાં પોતાની સરળતા અને નિસ્પૃહતાને લીધે સમોવડીઆ જેવા ગણાતા સંપ્રદાયો તરફથી પણ સત્કાર જ પામ્યા છે. મત, પંથ કે સત્તાના દુન્યવી લોભે તેમને પોતાના ઉચ્ચપદથી નીચે ઉતાર્યા હોય એમ કલ્પવામાં કશોજ આધાર નથી. ઉંચા દેરાં નીચાં કરવાં અને બોડાં માથાં જટાવાળાં બનાવવાં એ ભાવના કોઇ દિવસે આર્ય હૃદયમાં ઉગી નથી. દેરાં ભાંગવાં અને શીખાને બદલે દાઢીઓ વધારવાનાં ઝનુન તો બહુ પાછળની પેદાશ છે. અને છતાંય અપવાદરૂપ એવી દશા કથંચિત્ હોય તો પણ તેને આ રીતે સૂક્ષ્મ દર્શક યંત્રવડે

તપાસી, ઇતિહાસના સ્વાંગ સજાવી બ્હાર મુકવામાં તો કોઈ પણ પ્રકારે સાહિત્ય, સંપ્રદાય કે દેશની સેવા નથી. થતી ઇતિહાસ અને સાહિત્યની સાર્થકતાના એ ખ્યાલ હજી લેખકને સંસ્પર્શી શકયા નથી. આગળ જતાં તે ઇતિહાસને અલગો રાખી દંતકથાનો આધાર શોધે છે અને જૈન મુનિઓ કામણ—ટુમણવાળા હોય એમ બતાવવા માગે છે. લેખકની બુદ્ધિશક્તિની હવે તો બરેબર હદ્દેરાજ છે-શિષ્ટ સાહિત્યમાં જેને છેક છેલ્લે પાટલે બેસાડવા જેટલી યોગ્યતા ન હોય તેને તે વાર્ત્તાના વસ્તુના આત્મા તરીકે ગોઠવે છે અને પોતાની કલ્પના તથા કુશળતાની પુરેપુરી પામરતા બતાવી આપે છેઃ—

"મેવાડ કુંવરીને ત્વરાથી પોતાને પગે નમતી કરવાનો હેમસૂરિએ નિશ્ચય કર્યો. આખો દિવસ તે વિચારગ્રસ્ત જણાયા. પ્રવીણ નામના શિષ્યે તે જોયું અને હિંમત કરી પૂછ્યું. "મહારાજ! આપના હંમેશના શાંત પ્રફુલ્લિત વદનકમળપર વિષાદછાયા પથરાય તે અમોને-શિષ્યોને શરમાવા જેવું છે. રત્ન આપો તો આજે રાત્રેજ કુંવરીને મોંમાં તરણું ઘાલી આપને શરણે આવતી કરું. જૈન ધર્મની ગુઢ વિદ્યા શા કામમાં આવશે? અને ચમત્કાર વિના નમસ્કાર કોણ કરશે?" મહા સુરિજીએ પ્રવીણના સામું જોયું. પોતે જે ન કરી શકે તે પોતાના શિષ્ય વધારે છુટથી કરી શકે તેનો વિચાર થયો, વળી પોતે છાનાં આકર્ષણનાં આંદોલનો કુંવરીને જૈન ધર્મ તરફ દોરવા પ્રેરવા માટે કયારનાંએ મોકલવા માંડયા હતા; પરંતુ કોણ જાણે કેમ મહારૂદ્રના ત્રિશુળથી વીંધાઈ કુંવરી પર અસર કરતાં જણાતાં નહીં."

જૈનધર્મમાં જાણે ગમે તે મત કે વિચાર ધરાવતી વનિતાને વશીભૂત કરવા માટે પાર વિનાનાં મંત્ર તંત્ર ભર્યા હોય એટલુંજ નહીં પણ એ પ્રકારના મંત્ર તંત્ર ઉપરજ જૈન ધર્મના અસ્તિત્વનો આધાર હોય એવી અહીં વાચકના દીલ ઉપર છાપ પડે છે. વેદાન્તીઓ, બૌદ્ધો, વિગેરેની સામે ટક્કર ઝીલવામાં જૈન દર્શને-જૈન દર્શનના મુનિ સમાજે કેવળ કામણ-ટુમણનોજ ઉપયોગ કર્યો હોય એ કેટલી કંગાળ કલ્પના છે? બ્રહ્મીઓ અને અંધશ્રદ્ધાળુઓ એવી કલ્પનાને પોષે તો તે કંઈક ક્ષંતવ્ય ગણાય, પણ જે સાક્ષર, જનતાનો ઉપદેશક હોવાનો દાવો કરતા હોય, ઇતિહાસને ચોક્કસ સત્યો નિરૂપવા એને પોતાનો ધર્મ સમજતો હોય, તેજ જો આવા બ્રહ્મીઓની બોથ શોધે તો એ સાહિત્યને કઇ કોટીમાં મૂકવું તે એક પ્રશ્ન થઇ પડે; છતાં આશ્ચર્યની વાત એ છે કે આજ વાર્તાને સુવર્ણમાળાના સમાલોચકોએ ઇનામને યોગ્ય ઠરાવી છે. રા. મુનશીની શૈલીને અનુસરવા ઉપરાંત આ આખી વાર્ત્તામાં કંઈ વિશેષતા હોય એમ અમને નથી લાગતું. કોઇપણ સારો લેખક જુના જમાનાની કામણ-ટુમણવાળી દંતકથાઓને આવી રીતનું મહત્ત્વ ન આપે. બાળકોનાં મનનેજ વિસ્મિત કરનારી એ દંતકથા પણ જરા સાંભળવા જેવી છે.

"પ્રવીણસુરિએ મેવાડી રાણીને નમાવવાનું બીડું ઝડપ્યું. બીજે દિવસે બપોરે તે મનમાં કંઇ મંત્ર બોલતો નીકળ્યો અને રાજવાડીના દરવાજા સામે રસ્તાની પગથાર ઉપર આંટા મારવા લાગ્યો.....મેવાડીરાણીને માથે નાંખવાના તેલની જરૂર પડી તેથી ફુલ નામની એક દાસી તેજ વખતે એક કચોળું લઇ બજારમાંથી તેલ લાવવા બ્હાર નીકળી. દરવાજામાંથી બહાર નીકળતાંજ બે-ત્રણ કલાકથી ટેલી રહેલા પ્રવીણસુરિજી સામા મળ્યા. દાસીએ તેલવાળાની દુકાને જઈને સરસ તેલની માગણી કરી, દુકાનદારે ગમ્મતની ખાતર કહ્યું-"શું કરીએ? વાળ વિનાના પાટણમાં બહુ રહ્યા તે તેલ ઘાલે નહીં અને વાળવાળા જુ મરવાની બીકે વાપરે નહીં એટલે અમને ઉત્તેજન કોણ આપે?" એટલામાં પ્રવીણમુનિજી ત્યાં આવી પહોંચ્યા. તેમણે દુકાનદારને ઉદ્દેશીને પૂછ્યું-"વાતવિમર્દન તેલ રાખો છો?" દુકાનદારે તેનો નકારમાં જવાબ આપ્યો. પછી તો મુનિજીએ ફુલના હાથમાંનું કચોળું સ્પર્શી "સુંદર છે. જરા જોવા દ્યો-કયાંની બનાવટ હશે?" ફુલ ભડકી, લાલચોળ જેવી થઈ ગઈ. પૈસા ફેંકી ઉતાવળથી ચાલી ગઈ. મુનિજી પોતાનું અપમાન ગળી ગયા અને અપાશ્રયે પહોંચી ગયા.

એ તેલ મેવાડી રાણીએ એક શિલા ઉપર ઢોળી દીધું અને જાણે શિલામાં જીવ આવ્યો હોય તેમ આંચકો ખાઈ હાલીને જરા ઉંચી નીચી થઇ.

ત્રીજે દિવસે મેવાડ કુંવરી પેલા બારોટની સાથે મેવાડ ભણી નાઠી. બીજી તરફ પ્રવીણસુરિ પોતાની પથારીમાં વિચાર કરતો હતો. એની ગણત્રી એવી હતી કે કુંવરીના

માથામાં તેલ જતાં કુંવરીને મહાસુરિનો વિચાર આવશે–તેલ ટકશે તેમ વખત જતાં તે વિચાર ઘટ થતો જશે. બીજે દિવસે તે હેમસુરિમય થઇ જશે અને ત્રીજે દિવસે તો હેમસુરિના શરણે આવવા તત્પર થઇ જશે અને માનસિક ગમે તેટલો વિરોધ કરશે તો પણ બીજા દિવસનું પ્રભાત થતાં થતાં તો નિરાધાર બની ઉપાશ્રય શોધતી આવી ગુરૂના પગે પડશે–સાધેલા તેલનો એ પ્રભાવ હતો સાધના નિષ્ફળ નીવડેજ નહીં.

પ્રભાત થયું. એક પ્રચંડ શિલા જાણે સજીવ અને સમજતી હોય તેમ પાટણના રાજમાર્ગપર ગબડતી ગબડતી ચાલી રહી હતી. પ્રભાતનાં પ્રથમ કીરણ ફુટ્યાં અને એ શિલાએ રાજવાડીમાંથી બહાર નીકળતાં દ્વારપાળો ભડક્યા. બહાર આવતાં વહેલા નદીએ જતા લોકોએ જોઈ અને આશ્ચર્ય ને ભયથી ખુમ પાડી–વાત વાયે ઉડી અને શિલા નગરના દ્વારે પહોંચે તે પહેલાં તો માર્ગની બન્ને બાજુઓ પ્રેક્ષકોથી ભરચક ભરાઈ ગઈ. શિલા પણ અદ્‌ભૂત કામ કરતી હતી. ધીમે ધીમે એણે ગતિ વધારવા માંડી–જાણે એક ખાસ માર્ગ જોયો હોય અને અમુક સ્થળે જવાનું છે તે જાણતી હોય તેમ તે રસ્તા બદલતી હતી. તે ચાલતી ચાલતી પ્રથમ પેલા અત્તરવાળાની દુકાને પહોંચી. ક્ષણભર ત્યાં પગથીયા નજીક થોભી, જાણે વિચાર કરતી હોય, તેમ પાછી મરડાઇ આગળનો રસ્તો લીધો–થોડે ગઇ અને સીધા પહોળા રસ્તા તરફ દોડતી હોય તેમ ગબડવા માંડી, + + હેમસુરિજી એમની મોહક વાણીથી વ્યાખ્યાન આપી રહ્યા હતા. એવામાં બહાર લોકોનો ધુમાટ સંભળાયો. સૌને આશ્ચર્ય થયું. હેમસુરિજી અને પ્રવીણ સમજ્યા કે કુંવરી આવતાં હશે અને લોકો હાંસી કરતાં તેમની પાછળ પડયાં હશે. મહામુનિજીને એ વિચાર રૂચ્યો. આજે એ ટેકીલી કુંવરી પર પોતાના અપમાનનો બદલો લેવા તે તૈયાર થયા હતા. + + + શિલા ધસી આવતી હતી. વાડો આવ્યો ને તે થોભી. જાણે દરવાજો જોઈ ઓળખતી હોય તેમ તે દરવાજામાં પેઠી–મેદાનમાં દોડી અને સભા હતી તે મંડપ તરફ ધસી. લોકો પણ તેની પાછળ ધૂસ્યા. + + પ્રવીણની આંખો કુંવરીને શોધતી હતી. એની દૃષ્ટિ સૌથી પહેલાં શિલા ઉપર પડી અને તે ગભરાટમાં બોલી ઉઠયો–"ગજબ થયો!" મુનિઓ ગભરાઇ ઉભા થવા માંડયા. મહાસુરિજી ને કે અંદરથી પ્રજળી ઊઠયા હતા છતાં પરમ શાંતિ અને ગૌરવથી બોલ્યા–"સબુર! શરણે આવી છે? તારૂં કલ્યાણ થાઓ!" શિલા જાણે નમી રહી હોય તેમ ત્યાં શાંત અટકી.

"મહારાજ! આ શો ભેદ છે?" રાજાએ પૂછ્યું.

"રાજન્! જૈનધર્મની મહત્તા મારે તમોને નજરે બતાવવી હતી. જૈનધર્મ માને છે કે પત્થરમાં પણ જીવ છે–એને એક ઇન્દ્રિયનું જ્ઞાન છે. અને એનામાં પણ લાગણી હોઇ પોતાના આધ્યાત્મિક ઉદ્ધારની ભાવના એનામાં પણ છુપાયેલી હોય છે. બીજું એ કે એક જડ શિલા જ્યારે આત્મકલ્યાણમાં જૈનધર્મનું શરણ શોધશે તો માનવ હૃદયનું શું ગજું કે એ ટકી શકે? રાજા! તને અવિશ્વાસ પેઠો હતો કે મેવાડી રાણી નમશે કે નહિ? તે દૂર કરવા મહાન તીર્થંકરોએ આ જડ શિલાને પ્રેરી છે."

રાજા કુમારપાળને, તપાસ કરતાં મેવાડી–રાણી પાટણમાંથી રવાના થઇ ગયાના સમાચાર મળ્યા. લેખક કહે છે કે એજ દિવસે બપોર પછી મહામંત્રીને ઘટતી સૂચના આપી, શરમથી હેમસૂરિને મળ્યા વિના બે હજાર ચુનંદા સ્વારો લઇ, નાસી જતી મેવાડી રાણીને પકડી પાડવા પુરવેગથી નીકળી પડયા. રાજા અને રાણીના સૈનીકો વચ્ચે યુદ્ધ જામે તે પહેલાં તો મેવાડી રાણી, પોતાના પતિ રાજા કુમારપાળ સામે ચાલી આવી ઉભા રહ્યાં. લેખક માને છે કે એ વખતથી જૈન સત્તા ગુજરાતને અસહ્ય–ભારરૂપ હતી અને તેથી તે પોતાના અંતરની ધૃણા એ રાજા–રાણીના સંવાદમાં જ આ રીતે વ્યક્ત કરે છે:—

"કેમ, પાટણના રાજા! પાટણમાં આવી ત્યાં નવરાશ ન મળી, તે અહીં સુધી આવ્યા છો?"

"પાટણ આવ્યાં અને મળ્યા વિના બારોબાર જઓ તે મેવાડ કુંવરીને ઘટતું નથી, પાછા ચાલો–તમને લેવા આવ્યો છું," રાજાએ રીસ દાબીને શાંતિથી કહ્યું.

"મને લેવા આવ્યા છો? પાટણનો દરવાજો તો બંધ છે ને? રાજ મહેલે લઈ જશો કે હેમસૂરિના ઉપાશ્રયે?' રાણીએ તિરસ્કાર દર્શાવ્યો.

"પ્રથમ હેમસૂરિના ઉપાશ્રયે–તે પછી રાજમહેલમાં. રાણી!" આ જવાબ સાંભળી રાણીની આખમાંથી ક્રોધની જ્વાળા ભભૂકી.

"હેમસૂરિના ઉપાશ્રયે? હજીયે એ કોડ છે? પાટણના ધર્માંધ રાજા! ધર્મ, હેમસૂરિને વાંદવામાં સમજ જતો નથી!–જે જતિ મંત્રેલ તેલ મોકલી તમારી રાણીને અપમાની રહ્યા છે, એના પગે પડવાના હજી અભિલાષ ધરાવે છો?" એટલું કહેતાં કહેતાંમાં રાણી એક કટારીવડે

આત્મઘાત કરે છે અને પછી જયદેવ બારોટ, આ સૌ અનર્થની કારણભૂત થયેલી એક બારી જૈન સત્તાને સદ્દાકાળનું કલંક ચોંટાડવાનો નિશ્ચય કરે છે."

સિદ્ધપુરની ભાગોળે બારોટની ન્યાત એકઠી કરી તેણે ઝમોરનો મહિમા વર્ણવ્યો અને હેમસૂરિને તેમજ જૈન સત્તાને શ્રાપ આપતા કેટલાય બારોટો, પોતાની સ્ત્રીઓ અને બાળકો સાથે જીવતાં બળી મુઆ. આ પ્રમાણે જીવતાં-શ્રાપ આપતાં બળી મરવું તેને 'ઝમોર' ના નામથી ઓળખવામાં આવે છે. ઘણું કરીને "ઝમોર" નો અર્થ એને અહીઆ સમજાવવા માટેજ લેખકે આ વાર્તા આમ છેક નિરાધારપણે અવતારી હોય એમ લાગે છે. તેણે પોતાનું નામ તો નથી આપ્યું પણ કાંતો લેખક પોતે એ જ જ્ઞાતિના હોય અથવા તો જૈન સત્તા તરફ-જૈનોના ગૌરવવંતા ભૂતકાળ તરફ બહુ ધર્માંની નજરે જોતાં હોય એવી પ્રતીતિ થાય છે, પણ અત્યારે એ એ વાત જવા દઇએ. આ વાર્ત્તાને ઇતિહાસનો કેટલો આધાર છે, તે આપણે જોવું જોઇએ. મૂળ ન હોય તો પછી શાખાની વાત તો કોઇજ ન કહાડે. મેવાડી રાણી એ જ આ વાર્ત્તાના મુખ્ય આધારરૂપ પાત્ર છે. ત્યારે શું કુમારપાળ રાજાને એવી કોઇ રાણી હતી? વિસ્તારના ભયથી એ ચર્ચા આવતા અંક માટે મુલતવી રાખીએ.

જૈન તા. ૧૩-૩-૨૭.

ઇતિહાસ—પાત્રાલેખન અને કલ્પના.

(૩)

ગુજરાતનો મધ્યકાલીન ઇતિહાસ જૈન અમાત્યો, આચાર્યો અને રાજતંત્રીઓના કીર્ત્તિકલાપથી ભરપૂર છે. એ યથાર્થ ઇતિહાસને સજીવ તેમજ સાકાર કરી બતાવવા જૈનપાત્રો પણ અવતારવા પડે એ વાત અમે માનીએ છીએ; પરંતુ જૈન સત્તા અથવા જૈન પ્રભાવ વિષે જેના દીલમાં લેશ માત્ર પણ સહાનુભૂતિ વર્ત્તતી ન હોય, પરમ મધ્યસ્થભાવે ઇતિહાસ અને ઐતિહાસિક પરિસ્થિતિનું અવલોકન કરવા જેટલું જેનામાં ધૈર્ય ન હોય તેમના વડે ઇતિહાસ કે સાહિત્યનો પૂરતો ન્યાય ન મળી શકે. સાંપ્રદાયિક ધર્મો અને મતમતાંતર સંબંધી ઝનુનવડે જેમનાં મન કલુષિત થયેલાં હોય તેઓ ઇતિહાસને પણ એટલોજ કલુષિત અને મલીન બનાવવાનો પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે. "ઝમોર"ના લેખકે ઇતિહાસના નામે વસ્તુતઃ પોતાના અંતરના રાગ દ્વેષજ ઠેલવી નાંખ્યા મૂકી કેવળ સ્વચ્છંદભાવે આ વાર્ત્તા ચીતરી છે. જે વાર્તાની પાછળ લેખકે લગભગ ૪૦ જેટલાં પૃષ્ઠો રોકયાં છે અને જ્યાં જ્યાં લાગ મળ્યો ત્યાં ત્યાં જૈનોની-જૈન મુનિઓની પેટ ભરીને મજાક ઉડાવી છે, તે વાર્ત્તાને યથાર્થતઃ ઇતિહાસનો કેટલોક આધાર છે તે આપણે આજે તપાસીએ. તાત્ત્વિક દ્રષ્ટિએ જોઇએ તો આ કથન કિંવા વાર્ત્તાને ઇતિહાસની સાથે જરી જેટલો પણ સંબંધ નથી. ઘણીવાર ઇતિહાસના પુસ્તકોમાં કિંવદંતી-ગાલપુરાણનાં અવતરણ ઉતારી લેવામાં આવે છે. ઇતિહાસ સંબંધી હકીકતને વધુ સ્પષ્ટ તેમજ વિશાળ બનાવવા અર્થેજ એવી લોકકથાઓ ઇતિહાસની પડખો પડખ સ્થાન પામે છે. પરંતુ ઐતિહાસિક પાત્રો સાથે સંકળાયેલી બધીજ વાર્ત્તાઓને ઇતિહાસના જેટલીજ પ્રમાણભૂત માનવી એ આલીશના છે. ઐતિહાસીક ઉપાદાન સંગ્રહ કરતી વખતે સંશોધક આસપાસની અનેક વિગતો એકઠી કરે, સુવર્ણ મેળવવા માટે જેમ માટી પણ પુષ્કળ પ્રમાણમાં સંઘરવી પડે છે, તેમ છેક વજુદ વગરની વાતો પણ તોંચવી પડે, પરંતુ સુવર્ણ અને માટીને પૃથક પાડવા જેટલી કુશળતા ન ધરાવનાર જેમ સુવર્ણ અને માટીને બરબાદ કરે છે તેમ જે

સાહિત્યક વાસ્તવિકતા અને કુત્રિમત્તાને પોતાના વિવેકવડે જૂદા ન પાડી શકે તેની સાહિત્યસેવા પણ એક ઉપદ્રવરૂપે જ લેખાઇ જાય. " ઝમોર " ના લેખકે જે ઐતિહાસિક ગ્રંથમાંથી પોતાની વાર્ત્તાનો વિષય શોધ્યો છે તે ગ્રંથમાં સાવચેતીના શબ્દો તરીકે ગ્રંથકારે પોતેજ કહ્યું છે કે બ્રાહ્મણોએ જૈનાચાર્ય શ્રી હેમચંદ્ર તથા કુમારપાળ વિષે ઘણી " અદ્‌ભૂત દંતકથાઓ " ચલાવી છે. કોઇ પણ વાંચક અથવા સાહિત્યક તેને ઇતિહાસ માનવાને ન પ્રેરાય અને ભૂલેચુકે પણ કોઇ જૈન આચાર્ય અથવા અમાત્યને અન્યાય ન મળે એટલા માટે ઇતિહાસના સંગ્રાહકે પોતે જ સ્પષ્ટ શબ્દોમાં તેને "અદ્‌ભૂત દંતકથાઓ" ની ઉપમા આપી છે; છતાં ઝમોરના લેખકે એ દંતકથાને-બ્રાહ્મવર્ગે વિનોદ અથવા તો વૈરની તૃપ્તિ માટે ઉપજાવેલી કપોળ કલ્પનાને વાસ્તવિક ઐતિહાસિક વિગત જેટલું જે મહત્વ આરોપ્યું છે તે પરથી તો માત્ર એકજ વાત સિદ્ધ થઇ શકે કે લેખકને જે વિરોધ ચીતરવાની લાંબા કાળથી ઝંખના રહેતી હશે તે વિરોધને તેણે વાર્ત્તારૂપે અવતારવાની આ રીતે એક સરસ તક ઇરાદાપૂર્વક શોધી લીધી હોય. "રાસમાળા" ના મૂળ લેખકે પોતેજ "ઝમોર" વાળી વાર્ત્તાને એક "બ્રાહ્મણ-વૃત્તાન્ત" તરિકે ઓળખાવી છે, ફાર્બસ સાહેબે પોતે તેને કદિપણ ઇતિહાસ તરીકે ચલાવી લેવાનો આગ્રહ નથી કર્યો. તેમના પોતાના શબ્દો તેમજ તેમણે રજુ કરેલી વાર્ત્તા એક તુલના માટે અત્રે ઉપયોગી થઇ પડશે:-

રાસમાળાના પૃષ્ટ ૨૯૪ ઉપર " ઝમોર " સંબંધી હકીકત આ પ્રમાણે મળી આવે છે:-"બ્રાહ્મણોના વૃતાન્તમા લખે છે કે કુમારપાળ મેવાડના રાજની કુંવરી સિસોદિણી વેરે પરણ્યો હતો. જ્યારે તેને પરણવાને ખાંડું મોકલ્યું ત્યારે તે કુંવરીના જાણવામાં આવ્યું કે રાજાને એવો નિયમ છે કે રાણિઓએ પ્રથમ હેમાચાર્યને અપાસરે જઇને જૈનધર્મની દીક્ષા લીધા પછી દરબારમાં પેસવું.' આ ઉપરથી રાણીએ પાટણ જવાની ના કહી ને કહ્યું કે મને આચાર્યના અપાસરે મોકલવામાં નહીં આવે એની ખાતરી કરી આપો તો હું આવું. ત્યારે કુમારપાળનો દસોંદી ભાટ જયદેવ કરીને હતો તે વચ્ચે જામીન થયો. એટલે રાણીએ અણહિલપુર જવાની હા કહી. તેને આવ્યાને કેટલાક દિવસ વિત્યા પછી હેમાચાર્યે રાજાને કહ્યું કે સિસોદિણી રાણી કદિ મારી પાસે આવ્યાં જ નથી તે ઉપરથી કુમારપાલે તેને જવાનો આગ્રહ કર્યો, પણ તેણે ના કહી પછી રાણી માંદી પડી ત્યારે ભાટની સ્ત્રીયો તેને જોવાને ગઇ. ત્યાં તેની વાત સાંભળીને તેઓએ પોતાના જેવો તેને પોશાક પહેરાવીને છાનીમાની પોતાને ઘેર તેડી આણી, રાત્રે ગઢની ભીંત ભાટે કોચીને ત્યાંથી રાણીને લઇ ચાલ્યો. આ વાત જ્યારે કુમારપાળ રાજના જાણવામાં આવી ત્યારે બે હજાર ઘોડું લેઇને તેના ઉપર ચડ્યો, ઇડર દશ ગાઉ રહ્યું ત્યાં આગળ પેલા નાશી જનારાને રાજાએ ઝાલી પાડ્યાં ત્યારે ભાટે રાણીને કહ્યું કે "જો તમે ઇડરમાં જઇ પહોંચો એમ હોય તો ઉગરાય. મારી પાસે બસો ઘોડું છે. જ્યાં સુધી અમારામાંનું એક પણ માણસ રહેશે ત્યાં સુધી અમે કોઇનો હાથ અડકવા દઇશું નહીં." એ પ્રમાણે કહીને સામા ચડી આવેલા ભણી તે ફર્યો; પણ રાણીની હિંમત ચાલી નહીં એટલે તેણે પોતાના રથમાં આપઘાત કર્યો ત્યારે હાસી બોલી કે " હવે લડીને શું કરો છો ? રાણી તો કયારનાંએ મરી ગયાં છે." પછી કુમારપાળ અને તેની ફોજ ઘર ભણી પાછી વળી..

જયદેવ ભાટે જાણ્યું કે મારી લાજ ગઇ માટે હવે મારે જીવવું નહીં. તે સિદ્ધપુર ગયો. અને પોતાની નાતના લોકોને કંકોતરી મોકલી કે "આપણી નાતની પ્રતિષ્ઠા લઇ લેવામાં આવી છે. માટે જેઓ મારી સાથે મળી મરવાનો રાજી હોય તેઓએ તૈયાર થવું. " પછી ત્યાં શેરડીનો ઢગલો કર્યો અને જેઓ પોતાની સ્ત્રી સહિત બળી મરવાના હતા તેમણે બબ્બે ઝંડા (સાંઠા) લીધા અને જે એકલા બળવાના હતા તેમણે દરેકે અકેકા લીધો. તેમણે ચિતા અને ઝમોર ખડકી. પહેલી ઝમોર સિદ્ધપુરમાં સરસ્વતિના તીરે કરી. બીજી પાટણથી એક તીરવાહને છેટે કરી, ને ત્રીજી તે નગરના દરવાજા પાસે ખડકી. પછી અકેકી

ઝમેારમાં સેાળ સેાળ ભાટ પેાતાની સ્ત્રીઓ સુધાંત બળી મુવા. જયદેવનેા ભાણેજ કનેાજ હતેા. તેને પણ કંકેાતરી મેાકલી હતી, પણ તેની માએ તેને પહેાંચાડી નહતી; કેમકે તેને તે એકનેા એકજ હતેા. તથાપિ ભાટનેા ગેાર ઝમેારની રાખની ગુણેા ભરીને ગંગામાં નાખવાને નીકળી ચાલ્યેા. તે કનેાજ આવ્યેા. ત્યાં જયદેવનેા ભાણેજ નાકાદાર હતેા તેને જણ્યું કે માલ લઇ જાય છે તેથી દાણ માગ્યું. એટલે બ્રાહ્મણે જે માલ હતેા તેનું નામ લીધું એટલે વધારે પુછપરછ કરી ત્યારે જે નિપજ્યું હતું તે સર્વ કહી સંભળાવ્યું. પછી તે પેાતાનું કુટુંબ એકઠું કરીને તેમને પાટણ લઇ આવ્યેા અને કેટલીક ઝમેાર ખડકીને સર્વ બળી મુઆં" વિગેરે.

મધ્યસ્થ સમીક્ષકેા પણ રાસમાળામાંની આ દંતકથા ઉપરથી 'ઝમેાર' ના લેખકે પેાતાની વાર્તામાં કેટલી અતિશયેાક્તિ કરી છે–જૈનાચાર્યોને અપમાનિત કરવાના આશયથી કેવી કુતર્કજાળ ગેાઠવી છે તે બરાબર જોઇ શકશે. વિચિત્ર વાત તેા એ છે કે પેલી શીલા અને કામણ–ટુમણનેા જે દંતકથાને સ્પર્શ સુદ્ધાં નથી થયેા તેજ વાત એક પરમ પ્રભાવશાલી જૈનાચાર્યના નામે ચડાવતાં એ લેખકને લેશમાત્ર પણ સંકેાચ નથી થયેા. લેાકકથાના એક ઉંડા અભ્યાસી તરફથી અમને કહેવામાં આવ્યું છે કે આવી મંત્રેલી શિલા સંબંધી એક વાત મારવાડની લેાકકથામાં મળી આવે છે અને તેનાં પાત્રેા ઉમા–ઝુમા–અંચળેા ખેશી અને મીનળદે વિગેરે છે. મેવાડ કુંવરી કે જૈન મુનિને એ મંત્ર–તંત્ર કે શિલા સાથે રજમાત્ર સંબંધ નથી. ગુજરાતના ઇતિહાસ વિષયક સાહિત્યમાં આવું એક જુઠાણું દાખલ કરવા માટે ઝમેારનેા લેખક માત્ર જૈનેાને જ નહી, પણ ગુજરાતી સાહિત્યના સાક્ષરેાની પાસે પણ જવાબદાર ઠરે છે. ઇતિહાસના અભ્યાસીઓ પણ રાજા કુમારપાળના અંતઃપુરમાં મેવાડ કુંવરી જેવી કેાઇ રમણી હેાય એ વાતનેા સ્પષ્ટ અસ્વીકાર કરે છે. નાગેારના રાજા–આ બન્ને કુમારપાળની સામે યુદ્ધક્ષેત્રમાં સખ્ત હાર ખાધા પછી પેાતાની કુંવરી કુમારપાળને પરણાવી પેાતાના અપરાધની ક્ષમા યાચી હેાય એવેા એક ઉલ્લેખ મળી આવે છે. પણ તેણીએ જૈનધર્મ સ્વીકારવામાં આનાકાની કરી હેાય અથવા તેા જૈન મુનિઓ તરફ તીરસ્કાર દાખવ્યેા હેાય એવેા એક પણ ઉલ્લેખ મળી શકતેા નથી. એટલે ટુંકામાં ઇતિહાસની દૃષ્ટિએ અવલેાકતાં "ઝમેાર"ની આખી વાર્તા કેવળ શૂન્ય અથવા માત્ર અતિશયેાક્તિ રૂપજ પુરવાર થાય છે. ઇતિહાસના નામે જેમ મ્હેાટું મીંડું મૂકાયુ છે તેમ તેનું પાત્રાલેખન પણ એટલુંજ શિથિલ અને ઢંગ વગરનું છે. કુમારપાળના અંતઃપુરમાં કદાચ મેવાડીરાણી જેવું કેાઇ પાત્ર હેાય તેા પણ તે આજની સુધરેલી સફ્રેજીસ્ટના જેવું તેાફાની અને કેવળ બળવાખેાર હેાય એમ માનવાને કંઈ સબળ કારણ નથી. વંદના જેવા એકાદા નજીવા કારણસર સીસેાદીયા વંશની કુંવરી પેાતાના પતિ સામે સતત્ કંકાસ કરે અને પેાતાના પતિનું ગમે તે થાય એમ માની એકાએક નાસી છુટે એ અસ્વાભાવિક અને રાજપુત રમણીને માટે લજ્જાસ્પદ છે. વળી લેખકના આ પાત્રચિત્રણમાં એવી કેાઇ કુશળતા નથી કે જેથી મેવાડ કુંવરી તેમજ તેમનેા સહાયક બારેાટ, વાચકના દીલ ઉપર કંઇ સારી સ્થાયી અસર મૂકતા જાય. કેાઇ કેાઇવાર ઇતિહાસની મામૂલી વ્યક્તિઓમાં પ્રતિભાશાલી લેખકેા ભારે ભવ્યતા ઉભેરવામાં સફળ થાય છે. તેમનું કાલ્પનિક ચરિત્રચિત્રણ આપણને બે ઘડી વિસ્મિત બનાવી મૂકે છે અને એ રીતે ઇતિહાસની અપૂર્ણતાને પેાતાની કુશળતા વડે ભરી કહાડે છે. "ઝમેાર" ના લેખનમાં તેમજ પાત્રચિત્રણમાં એવી કેાઇ તાકાત દેખાતી નથી. તેણે જેમ ઇતિહાસની નરી અવગણના કરી છે, તેમજ જે જૈનશાસનના સંબંધમાં પેાતે સંપૂર્ણ અજ્ઞાત અને અપરિચિત છે. તેની આચાર–નીતિ વિષે ટીકા કરવામાં કેાઇ પણ પ્રકારનેા સંયમ કે મર્યાદાનું પાલન કર્યું નથી. મધ્યકાળના ઇતિહાસમાં ગુજરાતના રાજાધિરાજ તરીકે કુમારપાળનું શાસન ઘણી ઘણી રીતે ગુજરાતીઓના દીલમાં ઉલ્લાસ તથા અભિમાન પ્રકટાવે તેવું છે. તે જેમ એક સબળ સૈનિક હતેા તેમ તે તેટલેા જ સંયમી અને ધર્મપરાયણ હતેા. રાજનીતિ

અને ધર્માજ્ઞા એ ઉભયનું વિરોધરહિત પાલન કરવામાં કુમારપાળે જે આત્મશૌર્ય દાખવ્યું છે તેને લીધે એક રાજા તરીકે તેમજ એક ચુસ્ત શ્રાવક તરીકે ઇતિહાસના પૃષ્ટોમાં તેની કીર્ત્તિ ચિરંજીવ બની રહી છે. તેણે માત્ર મંદિરમાં કે ઉપાશ્રયમાં બેસી રહીને ધર્મની વાતોજ નથી કરી; વ્રતો પણ ઉચ્ચર્યા છે. વખત આવ્યે યુદ્ધમાં પણ ઝુકાવ્યું છે; એટલુંજ નહીં પણ જૈનમંદિર અને શિવમંદિરોના જીર્ણોદ્ધાર કરાવી તેમજ નવાં મંદિરો નિર્માણ કરી પોતાની ઉદારતા બતાવી આપી છે. તે પોતે જેમ સમર્થ રાજા હતો તેમ શ્રી હેમચંદ્રાચાર્ય પણ એવાજ એક પરમ પ્રતિભાશાલી, શક્તિસંપન્ન અને દેશ-કાળના જ્ઞાતા પુરૂષ હતા. તેમની અદ્‌ભૂત શક્તિ અને અગાધ જ્ઞાન વિષે તો આજે પણ શોધકો ભારે આશ્ચર્યમુગ્ધતા અનુભવી રહ્યા છે. ધર્મ અને રાજશાસનનો આવો અપૂર્વ યોગ એ ખરેખર એક અપૂર્વતા છે. જેને આ અપૂર્વતા જોવાને આંખો નથી, અને જેને એ અપૂર્વતાનો રસોપભોગ કરવા જેટલી યોગ્યતા નથી તેની સાહિત્યસેવા એ વિડંબણા માત્ર છે એમ કહીએ તો "ઝમોર" ના લેખક પ્રત્યે અમને દયા જ પ્રકટે છે. જે લેખક એક જૈનાચાર્યમાં અને વૈષ્ણવના ગોંસાંઇઓમાં જરાએ ભેદ ન જોઇ શકે, જે લેખક વીતરાગદેવમાં અને સૃષ્ટિકર્તામાં કંઇ જ વિશિષ્ટતા ન પારખી શકે અને તાંત્રિકોના તંત્ર મંત્ર તેમજ જૈન મુનિઓનાં વૈરાગ્ય રંગને એકજ કોટીમાં મુકતાં જરીકે ન શરમાય તેના પ્રત્યે દયા સિવાય બીજો કોઇ ભાવ સંભવે પણ શી રીતે? આ આખી વાર્તામાં એક નહીં પણ એવા અનેક પ્રસંગો આવે છે કે જે વિષે સમાધાનકારક જવાબ આપવામાં અમારે આ કરતાં પણ દસગણું લંબાણ કરવું પડે. પરંતુ 'ઝમોર'ના લેખકની અપકવ શૈલી તેમજ અપૂર્ણ અભ્યાસ જોતાં તેને એટલું બધું મહત્વ આપવું, એ કદાચ અમારે માટે બહુ લાજીમ ન ગણાય. અમને આશા છે કે ઇનામી હરીફાઇના પરીક્ષકો આ "ઝમોર"માં રહેલી અસભ્યતા, અનાવડત અને ઐતિહાસિકતા આદિના વિવેચન પરથી બરાબર જોઇ શકશે અને જે માસિકમાં એ વાર્તા પ્રકટ થઇ છે તેના સંપાદક પણ જૈનોની લાગણી આવી ખોટી રીતે દુભવવા માટે તેમજ ઇતિહાસ અને સાહિત્યના ક્ષેત્રમાં છેક નિરંકુશ ખીનજવાબદારી દાખલ કરવા માટે પોતાની દિલગીરી દર્શાવી પોતાની કર્ત્તવ્યશીલતા બતાવી આપશે. સાહિત્યની શિષ્ટતા અને સંપ્રદાયો વચ્ચેની સમભાવતા સદા સુરક્ષિત રહે એ દૃષ્ટિએ પણ એટલી ઉદારતા આવશ્યકજ છે.

—જૈન તા. ૨૯-૪-૨૭.

ઝમોર કે ઝેર?

સુવર્ણમાલા માગશીર્ષ અને પોષના બે અંકમાં તેના એક ઇનામી લેખકે આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય પર પેટ ભરી આક્ષેપ કરી લીધા; તેમાં તેને પેટ પુરતો આનંદ થયો હશે. એક સમય એવો હતો કે જ્યારે વીર પુરૂષો સામ સામા ઘા કરતા, આ સમય એવો આવ્યો છે કે પીઠ પાછળ ઘા કરવામાં બહાદુરી ગણાય છે. જે મહાન નરનું પરમ વિશુદ્ધ જ્ઞાન અને પરમ તેજસ્વી ચારિત્ર એવું નીવડયું કે તે કાળે તેમના સામા થવાની જે અન્ય દર્શનીઓની હિંમત ચાલી નહિ; તે આઠસો વર્ષે પીઠ પાછળ જે મનુષ્ય હૈયાત નથી અને જે તેનાપર મૂકાતા આરોપો માટે જવાબ દેવાનો નથી માટે–ઘા કરવા માંડયા છે. ઇતિહાસમાં આ રીતે અસત્ય અને કલંકનો ચેસારો થાય છે તે અતિદુઃખદ છે; આ ઉપરાંત સાહિત્યલેખકોની દૃષ્ટિ કેવી કલાની ઉપાસના ઇચ્છે છે તે પણ તે સ્પષ્ટ કરે છે. સાચી કલા કયી? સત્યને સત્ય સ્વરૂપે રજુ કરવું અને તેને તે પુરતું સ્પષ્ટ કરવા કલાને વાપરવી; આ કલાની વિકાસદૃષ્ટિ છે. સત્યને છુપાવવા અને તે ઉપરાંત સાચા ઇતિહાસનું ખુન કરવા અને અસત્ય આક્ષેપો બનાવી ઐતિહાસિક વ્યક્તિઓ પર આરોપવા તે કલાની વિકાર દૃષ્ટિ છે. આ પ્રમાણે કરવાથી સાહિત્યમાં વિકાસ થતો નથી; પણ વિકાર થાય છે. આવા સાહિત્યની અસર જનસમાજ પર કયા પ્રકારની અસર કરે તે સુજ્ઞજન સહેજે સમજી શકે તેમ છે. ઇતિહાસ પોકારીને કહે

કે કુમારપાળ રાજાને મેવાડી નામની રાણી ન હતી, તો પછી તેને જૈન ધર્મી બનાવવાની, હેમચંદ્રસૂરિને વંદાવવાની અને તે અર્થે સારા અગર ખોટા માર્ગો લેવાની જરૂર શી હોઇ શકે? અને તેમ ન બને તો કુમારપાળ રાજાની સમક્ષ તે રાણીનો અપરાધ અને તેને કારણે જયસિંહ બારોટને નવસો નવાણું બારોટના ઝપેારમાં જીવ અર્પવાનું પરાક્રમ કરવાની પણ આવશ્યકતા ક્યાં રહી? ઐતિહાસિક વિગતમાં કોઢ અને અજયપાળના રાજ્યમાં જૈનોની ઉતરતી દશાને આ ઝપેાર સાથે ગૂંથવાની ચેષ્ટા શાને અર્થે થાય છે? શું બનાવટી આક્ષેપેા દ્વારાજ પેાતાના દર્શનનેા ઝુંડા સર્વવ્યાપી કે દિગંતવ્યાપી કદી બન્યેા સાંભળ્યેા છે ખરેા? સાહિત્યકારેા આ પ્રકારે સાહિત્યમાં વિકાર પ્રવેશ કરે છે તે તરફ કયારે દૃષ્ટિ નાંખશે? અને ઇતિહાસકારેા આ પ્રસંગે ઇતિહાસને-સાચા ઇતિહાસને અભરાઇ પરજ રહેવા દેશે? કે તેમના જ્ઞાનનેા સાચેા ઉપયેાગ કરી જનસમાજ સમક્ષ આ વૃત્તાંત સંબંધી સત્ય પ્રકાશ નાંખવા તત્પર થશે ખરા? કલાની ઉપાસનામાં સાચી કળાને પસંદગી મળશે કે જુઠી કલાને? સાહિત્ય અને ઇતિહાસમાં વિકાસ કરવેા છે કે વિકાર? આ સર્વ પ્રશ્નેા જનસમાજને વિચારવાના છે.

અને જૈન ગ્રહસ્થ અને મુનિવર્યોને! તેમના જ્ઞાન અને ભંડારનેા ઉપયેાગ આવા પ્રસંગે સત્ય રજુ કરવા, ખેાટા અને મલીન આશયથી થતા આક્ષેપેાને માથાતેાડ જવાબ આપવા સચેાટ અને વ્યવસ્થિત જ્ઞાનની ઉપાસના કરતા આપણે કયારે થઇશું? ઇતિહાસ-તત્ત્વ મહેાદધિ આદિ ઇલ્કાબધારીઓ આવા પ્રસંગે સેવા નહિ કરે ત્યારે કરશે પણ કયારે? ઇતિહાસનું તેમનું સાગર પ્રમાણ જ્ઞાન જન સમાજને ઉપયેાગી કયારે બનશે? સાચા ઇતિહાસ સાથે ખેાટાનું મિશ્રણ કરવામાં આવે ત્યારે સાચાને સાચા રૂપે રજુ કરવાનું કાર્ય કેાણ અને કયારે કરશે? જૈન મુનિઓનું પરમ કર્તવ્ય છે કે ચાલુ કાલને ઓળખી લઇ નવી પદ્ધતિ અનુસાર જ્ઞાન પ્રાપ્ત કરી તેનેા વ્યવસ્થિત ઉપયેાગ કરવેા; તેાજ આ 'મારે તેની તલવાર'ના જમાનામાં જૈન સંસ્કૃતિ, જૈન સાહિત્ય અને જૈન ઇતિહાસ ટકી શકશે; તેમ નહિ બને તેા બીજા ખાસ અને અસત્ય સાધન સત્ય મનાવા લાગશે અને જૈન ઇતિહાસ અને તેને લગતાં લખાણેા પર સમય જતાં કેાઇ વિશ્વાસ પણ નહિ મૂકે. જ્ઞાન માટેની અખંડ ઉપાસના તે તેમને સ્વીકારેલ ધર્મ છે; તે ધર્મ બજાવવા સમર્થ બનવા શક્તિનેા અપવ્યય કરવાનેા મૂકી સન્માર્ગે વ્યય થતેા જાય તેમ ઇચ્છીયે છીયે.

ઐતિહાસિક સત્યના પિપાસુઓને:

અત્યારના સાચા ઇતિહાસને શેાધી તેને શુદ્ધ રૂપે જનતા સમક્ષ રજુ કરવા ચારે તરફ પ્રયત્ન થાય છે, ત્યારે કેટલીક બાજુએ ઇર્ષ્યાને લઇ યા સાંપ્રદાયિક મેાંડને ઐતિહાસિક વ્યક્તિઓ પર જે વજ્ર સમાન ઘા થઇ રહ્યા છે તે પણ આપ સૌને માટે વિચારણીય વસ્તુ છે. આ રીતે સાચા ઇતિહાસને સમજવાની, તેને શેાધી કાઢવાની આપણી મુશ્કેલીઓને આપણે પહેાંચી વળી શકતા નથી, ત્યારે ભવિષ્યની પ્રજાને તે કેટલી વધારે મુશ્કેલીઓમાં મૂકશે તે પણ ભુલવાનું નથી. પુરાતત્ત્વ મંદિર જેવી સંસ્થા આવા પ્રસંગે શું મૂંગી રહેશે? અને પ્રજાના અવાજને રજુ કરતું સૌરાષ્ટ્ર પણ શું આવા ઐતિહાસિક બાબતેાના ખુન ઉપર માત્ર પડદેા ફેંકશે? વળી પ્રૌઢ વિચાર રજુ કરતું પ્રસ્થાન આ પ્રસંગે શું કરવું યેાગ્ય ધારે છે? અને મુંબાઇ ગૂજરાતી તેા આવા વિષયેા પરત્વે સારી લાગણી ધરાવે છે તે પણ ઐતિહાસિક સત્ય અર્થે જરૂરી ગવેષણા નહિ કરે? પેાત પેાતાના વિચારેા. દૃષ્ટિઓ, લાગણીઓ આદિ દર્શાવવાનેા સૌને હક છે અને તેનેા અખતરેા નવલકથાઓમાં થાય; પણ તે કલ્પિત કથાનકેામાં થાય તે ઇષ્ટ છે, એટલે ઐતિહાસિક વ્યક્તિઓ પર આવા અખતરા કરવાથી સાચા ઇતિહાસની શી દશા અત્યાર સુધી થઇ છે અને થતી જાય છે તેટલા પરથી પણ કાંઇ આપણે ચેતીશું નહિ શું? ઐતિહાસિક નવલકથા લખાવા સામે પણ કેાઇનેા વિરેાધ ન હેાઇ શકે, પણ ઐતિહાસિક વ્યક્તિઓ હેાય તે પ્રમાણે તેમાં બતાવવામાં આવે અને કલ્પિત પાત્રેામાં–માત્ર તેમાંજ લેખક પેાતાની કલ્પનાના રંગ પૂરે તે શું ઇચ્છનીય નથી? આ વિચાર સાહિત્ય

પરિષદે પણ કરવા જેવો નથી શું? શું સાહિત્ય પરિષદ આવી રીતે સત્ય પર અસત્યના પડદા અને અસત્યને સત્ય તરીકે રજુ થતી વિગતો પ્રતિ આંખ આડા કાન કરશે? આજે તો જૈનોનો વારો છે, કાલે સૌનો પણ આવશે તે પણ શું ભૂલી શકાય તેમ છે! જો તે પરિષદ કાંઇ ન કરે તો પણ ઐતિહાસિક નવલકથામાં ઐતિહાસિક વ્યક્તિઓ પર આક્ષેપો ન મૂકાય તેવા પ્રકારે કાંઇ કરવાની જરૂર તો સૌને લાગશેજ. જો સાહિત્ય પરિષદ આવી વિકૃત કળાને સાચી કળા માનતી હોય તો 'સાક્ષરો' કેવા વિપરીત બનેલ છે તેનો તોલ જનસમાજ કરી લેશે. વિચારસહિષ્ણુતાના જમાનામાં આ પ્રકારે સાંપ્રદાયિક રીત પ્રત્યે આક્ષેપ પ્રક્ષેપ કરવાથી કોમી વિખવાદ વધે અને આમ સાંપ્રદાયિક જડતા પણ તીવ્ર પ્રકારનાં બને તો તેમાં કાંઇ આશ્ચર્ય ન થાય! વિચારસહિષ્ણુતાના બાના હેઠળ આવું ધતીંગ નભાવી લેવાય તે આવા સંજોગોમાં શું ઇષ્ટ છે ખરૂં? વિચારવિનિમય અને વિચારસહિષ્ણુતા આમ કરવાથી વધે તેમ બની શકે ખરૂં? તેમ કદી ન બને; અને કોમી ભાવના તીવ્ર તેમજ જડ પણ બને તો તેથી પ્રજાને પણ નુકશાનજ છે. આ સર્વ રીતે વિચાર કરતાં આ વસ્તુસ્થિતિ ઉપેક્ષણીય નથી. માટે સૌ સાક્ષરો, ઐતિહાસિક સત્યના સંશોધકો આદિ વિચાર કરો! કે આ પ્રસંગે કયા પ્રકારનો 'સેફ્ટી વાલ્વ' યા સંરક્ષક ઉપાય યોજવો જરૂરનો છે. આ સવાલ સુંવાળી ચામડીનો કહી કાઢી નાંખવા જેવો પણ નથી, કેમકે તેમાં પ્રજાના વિકાસ કરવાને બદલે હાનિકારક જે તત્વો રહેલ છે તે તેની અસર કોઇને કોઇ પ્રકારે અવશ્ય કરશેજ. આ વસ્તુ હવે સૌ સમજી લે અને તે અટકાવવા સચોટ આંદોલન મચાવે તેમ અમે ઇચ્છીએ છીયે.

—સુબોધા તા. ૧૮-૩-૨૭.

જૈન યુગ.

卐

શ્રી મહાવીર જન્મોત્સવ ખાસ અંક.

હિન્દુ મુસલમાન વચ્ચે સંવાદ લાવવા માટે કલકત્તામાં 'ફેલોશિપ' નામની સંસ્થા અસ્તિત્વમાં લાવવા અર્થેની તા. ૨૨-૩-૨૭ ને દિને સભા ભરવામાં આવી હતી. ત્યારે ડા. રવીન્દ્રનાથ ટાગોરે નીચે પ્રમાણેનો સંદેશ મોકલ્યો હતો:—

The time has come when we must cultivate worldwide spiritual comradeship by training ourselves to realize the inner core of the truth in all religions, feeling glad when we discover the spiritual wisdom which we find in our creed, expressed in those of others, with their special characteristic idiom, accent and emphasis.

પુસ્તક ૨ અંક. ૮. વીરસંવત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩. ચૈત્ર.

શ્રી વર્ધમાનના ગૃહવાસ--ત્યાગ પરથી બોધ.

'વર્ધમાન સ્વામીએ ગૃહાવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે; કર્ત્તવ્ય રૂપ નથી; એમ જાણ્યું હતું; તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી ને મુનિપણામાં પણ આત્મબળને સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે એમ જાણી, મૌનપણું અને અનિદ્રાપણું સાડા બાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઇ શકે નહીં.

'જે વર્ધમાન સ્વામી ગૃહાવાસમાં છતાં અભોગી જેવા હતા, નિસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્દ્ધમાન સ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને-નિરસ જાણી-દૂર પ્રવર્ત્યા તે વ્યવસાય બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે તે વિચારવા યોગ્ય છે; તે વિચારીને ફરી ફરી તે ત્યર્યા કાર્યે ત્યર્યે, પ્રવર્ત્તને પ્રવર્ત્તને, સ્મૃતિમાં લાવી, વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રૂચિ વિલય કરવા યોગ્ય છે. જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે, હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઇ નથી, અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે; પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી, કારણકે બેય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય એમ ત્રિકાળમાં બનવા યોગ્ય નથી.

'સ્વપ્નેય જેને સંસાર સુખની ઇચ્છા રહી નથી અને સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે, એવા જ્ઞાની પુરૂષ પણ વારંવાર આત્માવસ્થા સંભાળી સંભાળીને ઉદય હોય તે પ્રારબ્ધ વેદે છે, પણ આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી. પ્રમાદના અવકાશ યોગે જ્ઞાનીને પણ અંશે વ્યામોહ થવાનો સંભવ, જે સંસારથી કહ્યો છે, તે સંસારમાં સાધા-

રણ જીવે રહીને, તેનો વ્યવસાય લૌકિક ભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ; તો બીજાનું પરિણામ થવું સંભવે છે. અહિતહેતુ એવો સંસાર સબંધી પ્રસંગ, લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને-તેને સંક્ષેપીને-આત્મહિતને અવકાશ આપવો ઘટે છે. આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઇ જણાતું નથી; છતાં, તે સત્સંગ પણ, જે જીવ લૌકિક ભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રત્યે નિષ્ફળ જાય છે, અને સહેજ સત્સંગ ફળવાન થયો હોય તો પણ જો વિશેષ વિશેષ લોકાવેશ રહેતો હોય તો તે ફળ નિર્મૂળ થઇ જતાં વાર લાગતી નથી; અને બીજપુત્ર, આરંભ પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે, તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને? જે પ્રસંગમાં મહાજ્ઞાની પુરૂષો સંભાળીને ચાલે, તેમાં, આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી, સંક્ષેપીને ચાલવું એ વાત નજર ભૂલવા જેવી છે, એમ નિશ્ચય કરી પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે, અને પરિણામે પરિણામે, તેનો લક્ષ રાખી તેથી મોકળું થવાય તેમજ કર્યા કરવું: **એ શ્રી વર્દ્ધમાન સ્વામીની છદ્મસ્થ મુનિચર્યા ઉપરથી બોધ લેવાનો છે.**

'મોટા મુનિઓને જે વૈરાગ્ય દશા પ્રાપ્ત થવી દુર્લભ તે વૈરાગ્ય દશા તો ગૃહવાસને વિષે જેને પ્રાયે વર્ત્તતી હતી, એવા શ્રી મહાવીર ઋષભાદિ પુરૂષો પણ ત્યાગને ગ્રહણ કરી ચાલી નીકળ્યા એજ ત્યાગનું ઉત્કૃષ્ટપણું ઉપદેશે છે. ગૃહસ્થાદિવ્યવહાર વર્ત્તે ત્યાંસુધી આત્મજ્ઞાન ન થાય કે આત્મજ્ઞાન હોય તેને ગૃહસ્થાદિ વ્યવહાર ન હોય, એવો નિયમ નથી. તેમ છતાં પણ જ્ઞાનીને પણ ત્યાગ વ્યવહારની ભલામણ પરમ પુરૂષોએ ઉપદેશી છે, કેમકે **ત્યાગ આત્મઐશ્વર્યને સ્પષ્ટ વ્યકત કરે છે;** તેથી અને લોકને ઉપકારભૂત છે તેથી, ત્યાગ અકર્ત્તવ્યલક્ષે કર્ત્તવ્ય છે, એમાં સંદેહ નથી. સ્વસ્વરૂપને વિષે સ્થિતિ તેને 'પરમાર્થ સંયમ' કહ્યો છે. તે સંયમને કારણભૂત એવાં અન્ય નિમિત્તોના ગ્રહણને 'વ્યવહારસંયમ' કહ્યો છે. કોઇ જ્ઞાની પુરૂષોએ તે સંયમનો પણ નિષેધ કર્યો નથી. પરમાર્થની ઉપેક્ષાએ લક્ષવગર-જે 'વ્યવહાર સંયમ'માંજ 'પરમાર્થસંયમ'ની માન્યતા રાખે તેના 'વ્યવહારસંયમ'નો તેનો અભિનિવેશ ટાળવા નિષેધ કર્યો છે, પણ 'વ્યવહારસંયમ'માં કંઇપણ પરમાર્થની નિમિત્તતા નથી એમ જ્ઞાની પુરૂષોએ કહ્યું નથી. પરમાર્થના કારણભૂત એવા 'વ્યવહારસંયમ'ને પણ 'પરમાર્થસંયમ' કહ્યો છે. પ્રારબ્ધ છે એમ માનીને જ્ઞાની ઉપાધી કરે છે એમ જણાતું નથી, પણ પરિણતિથી છૂટયા છતાં, ત્યાગવા જતાં બાહ્ય કારણો રોકે છે, માટે જ્ઞાની ઉપાધિ સહિત દેખાય છે; તથાપિ તેની નિવૃત્તિના લક્ષને નિત્ય ભજે છે.

'મહાવીર સ્વામિના દિક્ષાના વરઘોડાની વાત-સ્વરૂપ-જો વિચારાય તો વૈરાગ્ય થાય. એ વાત અદ્ભુત છે. તે ભગવાન્ અપ્રમાદી હતા. તેઓને ચારિત્ર વર્ત્તતું હતું, પણ જ્યારે બાહ્યચારિત્ર લીધું ત્યારે મોક્ષે ગયા.

'જન્મથી જેને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હતાં, અને આત્મોપયોગી એવી વૈરાગ્ય દશા હતી, અલ્પકાળમાં ભોગકર્મ ક્ષીણ કરી સંયમને ગ્રહણ કરતાં મનઃપર્યવ નામનું જ્ઞાન પામ્યા હતા, એવા શ્રીમદ્ મહાવીર સ્વામી, તે છતાં પણ બાર વર્ષ અને સાડા છ માસ સુધી મૌનપણે વિચર્યા. આ પ્રકારનું તેમનું પ્રવર્ત્તન તે ઉપદેશમાર્ગ પ્રવર્તાવતાં કોઇ પણ જીવે અત્યંતપણે વિચારી પ્રવર્ત્તવા યોગ્ય છે એવી અખંડ શિક્ષા પ્રતિબોધે છે. તેમજ જિન જેવાએ જે પ્રતિબંધની નિવૃત્તિ માટે પ્રયત્ન કર્યું, તે તે પ્રતિબંધમાં અજાગ્રત રહેવા યોગ્ય કોઇ જીવ ન હોય એમ જણાવ્યું છે, તથા અનંત આત્માર્થનો તે પ્રવર્ત નથી પ્રકાશ કર્યો છે. જેવા પ્રકાર પ્રત્યે વિચારનું વિશેષ સ્થિરપણું વર્ત્તાવું ઘટે છે. જે પ્રકારનું પૂર્વપ્રારબ્ધ ભોગવ્યે નિવૃત્ત થવા યોગ્ય છે, તે પ્રકારનું પ્રારબ્ધ ઉદાસીનપણે વેઠવું ઘટે. જેથી તે પ્રકાર, પ્રત્યે પ્રવર્ત્તતાં જે કંઇ પ્રસંગ પ્રાપ્ત થાય છે, તે તે પ્રસંગમાં જાગ્રત ઉપયોગ ન હોય, તો જીવને સમાધિવિરાધના થતાં વાર ન લાગે. તે માટે સર્વે સંગભાવને મૂળપણે પરિણામી કરી, ભોગવ્યા વિના ન છૂટી

શકે તેવા પ્રસંગ પ્રત્યે પ્રવૃત્તિ થવા દેવી ઘટે; તોપણ તે પ્રકાર કરતાં સર્વાંશ-અસંગતા જન્મે તે પ્રકાર ભજવો ઘટે છે.

'વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનઅધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તોપણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઈ હિતકારી ઔષધ નથી એવું વારંવાર ચિંતવન કરવું. આ પરમતત્ત્વ છે તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્ત થાઓ! નિવૃત્ત થાઓ!! હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચારપ્રમાદ છોડી જાગૃત થા! જાગૃત થા!! નહીં તો રત્નચિંતામણિ જેવો 'આ મનુષ્ય દેહ નિષ્ફળ જશે. હે જીવ! હવે સત્પુરુષની આજ્ઞા ઉપાસવા યોગ્ય છે.'

'શાન્ત'

જય શ્રી મહાવીર.

(શ્રી દેવવાચકની સ્તુતિ પરથી-રાગ ભૈરવી ગઝલ.)

પુકારું જય મહાવીરની, મહાવીર જયવંતા રહો!
લોકો! વદો સૌ સ્થાનમાં, 'મહાવીર જયવંતા રહો'!
આ વિશ્વ સચરાચર ભર્યું, જ્યાં જ્યાં જુઓ ત્યાં જીવ છે,
તે જીવતત્ત્વને જાણતા, મહાવીર જયવંતા રહો!
જગના ગુરુ. જગને સદા આનંદ દેનારા પ્રભુ,
જગનાથ ને જગબંધુ એ, મહાવીર જયવંતા રહો!
ભગવાન્ એ જગના પિતામહ, ને પ્રભવ છે શાસ્ત્રના,
તીર્થંકરોમાં અન્તના, મહાવીર જયવંતા રહો!
લોકો તણા ગુરુ એ પ્રભુએ ધર્મને ઉપદેશિયો,
એ વીર ને મહાત્મા બધે, મહાવીર જયવંતા રહો!
જેણે બધા જગમાં કર્યો ઉદ્યોત નિશ્ચયથી ખરે,
તે વીર જિનનું ભદ્ર હો! મહાવીર જયવંતા રહો!-
જેને નમ્યા સુરાસુરો, ધૂળ ધોઇ જેણે પાપની
તેનું સદા કલ્યાણ હો!, મહાવીર જયવંતા રહો!

તંત્રી.

મહાવીર-જયંતી.

(બોરસદમાં ગત શ્રી મહાવીર જયંતી પ્રસંગે પ્રમુખ તરીકે આપેલું ભાષણ.)

જયઇ જગજીવજોણિવિયાણઓ જગગુરુ જગાણંદો।
જગણાહો જગબંધૂ જયઇ જગપિયામહો ભયવં॥
જયઇ સુઆણં પભવો તિત્થપરાણં અપચ્છિમો જયઇ ।
જયઇ ગુરુ લોગાણં જયઇ મહપ્પા મહાવીરો ॥
—દેવવાચક+

+આ દેવવાચકકૃત એક વધુ ગાથા આમાં નીચે પ્રમાણે છે અને આ ત્રણ ગાથાનો ગુજરાતીકાવ્યમાં અનુવાદ અમોએ કર્યો છે તે આ લેખની ઉપર અમે આપ્યો છે:—

भद्दं सव्वजगुज्जोयगस्स भद्दं जिणस्स वीरस्स ।
भद्दं सुरासुरंनीमयस्स भद्दं धुयरयस्स ॥

તંત્રી.

नमो दुर्वाररागादिवैरिवारनिवारिणे ।
अर्हते योगिनाथाय महावीराय तायिने ॥
—હેમચંદ્રાચાર્ય.

આપે શ્રીમાન્ અને બહુબુદ્ધિમાન્ બીજા સુયોગ્ય વિચક્ષણ પ્રમુખની યોજના ન કરતાં આજની સભાનું ગૌરવભર્યું ઉચ્ચ સ્થાન મને આપી જે પ્રેમ પ્રદર્શિત કર્યો છે, તે માટે હું આપનો અન્તઃકરણથી આભાર માનું છું.

મ્હારી ન્યુનતાનો મ્હને ખ્યાલ હોવા છતાં, હું અનેક ઉપાધિથી વ્યગ્ર હોવા છતાં અને માત્ર એક દિવસ પહેલાં મ્હને સૂચન કરવા છતાં આપના આમંત્રણને મેં માન્ય રાખ્યું તે એવા હેતુથી કે

એ નિમિત્તે ઉત્સાહી વીરપૂજક બંધુઓના અને વીરભૂમિનાં દર્શનનો મ્હને લાભ થશે.

પ્રાચીન સંસ્કૃત ઉલ્લેખોમાં જેને **બદ્દર** (બોર) **સિદ્ધિ** મહાસ્થાનના નામથી ઓળખાવેલ છે, જ્યાંના સાહિત્યપ્રેમી બંધુઓએ લખાવેલાં સૈકાઓ પહેલાંનાં તાડપત્રીયાદિ પુસ્તકો અને જ્યાંના ધર્મપ્રેમી બંધુઓએ પ્રતિષ્ઠિત કરાવેલી સૈકાઓ પહેલાંની જૈન-પ્રતિમાઓ અત્યારે પણ જોવામાં આવે છે. જ્યાંની ભૂમિને પ્રભાવશાલી **હીર**વિજયસૂરિ જેવા સમર્થ મહાત્માઓએ પાવન કરી હતી, જ્યાં પેટલાદનું ઐશ્વર્ય ભોગવતા જયંતસિંહની-વીરમંત્રી વસ્તુપાલના સુપુત્રની એક સમયે આજ્ઞા મનાતી હતી, જ્યાંની વીરભૂમિએ ભારતમાતાની સ્વતંત્રતા માટે તન, મન, ધનથી અસાધારણ પ્રયત્ન કરનાર **વિઠ્ઠ**લભાઇ, વલ્લભભાઇ જેવા વિખ્યાત વીરનેતાઓને આગળ ધર્યા છે, જ્યાં શ્રીયુત **ગો**પાલદાસજી જેવા રાજ-યોગીના નેતૃત્વ નીચે સત્યાગ્રહી વીરોએ રાજભયની પણ પરવા કર્યા વિના, કષ્ટપરંપરાને ગણકાર્યા વિના તુચ્છસ્વાર્થવૃત્તિને વશ થયા વિના, શસ્ત્ર-અસ્ત્રાદિ સ્વીકાર્યા વિના પણ સર્વતંત્રસ્વતંત્ર સરકાર સ્હામે ધર્મયુદ્ધ માંડયું હતું અને દૃઢ નિશ્ચયથી અંતે અહિંસાનો વિજયધ્વજ ફરકાવવા સાથે સાધ્યસિદ્ધિ મેળવી હતી, ભવિષ્યમાં પણ પ્રસંગ પડે તો પરમપ્રિય તીર્થાધિરાજ '**શ્રી શત્રુંજય**'પ્રતિ થયેલા અન્યાયને દૂર કરાવવા જ્યાંના ઉત્સાહી વીરબંધુઓ જ આગળ આવે એવી પૂર્ણ સંભાવના છે; તેવી સિદ્ધિકારિણી **બોર**સદ્દની પુણ્યભૂમિનાં દર્શન કરવા કોણ ન આકર્ષાય? એ આકર્ષણથી આકર્ષાઇને હું પણ આજે **મહાવીર** જન્મજયંતીના મંગલમય પ્રસંગે આપની સમક્ષ ઉપસ્થિત થયો છું.

મહાવીર

અધ્યાત્મજ્ઞાનીઓને પણ અગમ્ય, વચસ્વીઓથી પણ અવાચ્ય, આંખવાળાઓને પણ પરોક્ષ એવા પ્રભુ મહાવીરના વિષયમાં સ્થૂલબુદ્ધિએ વક્તવ્ય કરવું એ પણ સાહસ કહી શકાય. જેમની સ્તુતિ કરવામાં યોગીઓની પણ અશક્તિ હોય, ત્યાં અન્યની શી ગણના? તેમ છતાં તેમના ગુણો પ્રત્યે અનુરાગ આપણને તેમ કરવા પ્રેરે છે. '**शुभे यथाशक्ति यतनीयम्।**'–શુભ કાર્યમાં શક્તિ પ્રમાણે યત્ન કરવો જોઇએ–એ નિયમ આપણને પ્રેરણા કરે છે.

આજે તે પરમપવિત્ર તિથિ છે કે જે તિથિએ આજથી અઢી હજાર વર્ષ ઉપર જગદુદ્ધારક, જગદ્ગુરુ, જગન્નાથ, જગદ્બંધુ, જગત્પિતામહ વિગેરે વિશેષણો જેને વાસ્તવિક રીતે આપી શકાય, તે મહાત્મા **મહાવીર**દેવનો આ **ભારત**ભૂમિમાં જન્મ થયો હતો. જેમના પવિત્ર જન્મપર્વના દિવસે પ્રાણિમાત્રને પ્રમોદ પ્રકટયો હતો, ક્ષત્રિયકુંડગામમાં આજે જેમના જન્મમહોત્સવનો આનંદ ઉજવાઇ રહ્યો હતો, આજે જેમના જન્મથી **સિદ્ધાર્થ**રાજા અને ત્રિશલાદેવીના આહ્લાદની અવધિ ન હતી. એ પ્રભુ **મહાવીર**નું ચરિત્ર આપણે પ્રતિવર્ષ પર્યુષણપર્વમાં શ્રવણ કરીએ છીએ, એથી આપણને એ અપરિચિત નથી. **આચારાંગ, સૂત્રકૃતાંગ, આવશ્યક** વિગેરે અનેક સૂત્રોમાં અને બીજા અનેક ઔપદેશિક તથા ચરિતગ્રંથોમાં પ્રભુ **મહાવીર**નું ચરિત્ર દર્શાવેલું છે. પ્રભુ **મહાવીર**નાં સેંકડો સ્તુતિ-સ્તોત્રો મળી આવે છે, પ્રભુ **મહાવીર**નાં સેંકડો સ્મારકો-મંદિરો, મૂર્તિઓ વિગેરે અદ્યાપિ જોવામાં આવે છે; એ શું સૂચવે છે? **મહાવીર** પ્રતિ ભક્તિભાવ.

મહાવીર પ્રત્યે ભક્તિભાવ કેમ?

અઢી હજાર વર્ષ ઉપર થઇ ગયેલા **મહાવીર** પ્રત્યે આપણો ભક્તિભાવ કેમ? એવો સહજ પ્રશ્ન થાય, પરંતુ આપણે વિચારીશું તો જણાશે કે–તેમના અસાધારણ ગુણોએજ લોકોને પોતાના તરફ આકર્ષ્યા છે. એથી તો ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા જન્મથી બ્રાહ્મણ છતાં જૈનાચાર્ય સુપ્રસિદ્ધ **હરિ**ભદ્રસૂરિ કહે છે કે–

बन्धुर्न नः स भगवानरयोऽपि नान्ये, साक्षान्न दृष्टतर एकतमोऽपि चैषाम्।
श्रुत्वा वचः सुचरितं च पृथग् विशेषं, वीरं गुणातिशयलोलतया श्रिताः स्मः॥
नास्माकं सुगतः पिता न रिपवस्तीर्थ्या धनं नैव तै-

दत्तं नैव तथा जिनेन न हृतं किञ्चित् कणादादिभिः।
किन्त्वेकान्तजगद्धितः स भगवान् वीरो यत-
श्चामलं
वाक्यं सर्वमलापहर्तृ च यतस्तद्भक्तिमन्तो वयम्॥
—લોકતત્ત્વનિર્ણય.

ભાવાર્થ:—તે ભગવાન્ મહાવીર કાંઇ અમ્હારા બંધુ નથી અને બીજા દેવો અમ્હારા શત્રુ નથી, વળી એમાંથી એકેને અમે સાક્ષાત્ જોયેલ નથી; પરંતુ તેઓનાં વચન અને ચરિત્રને જૂદાં જૂદાં સાંભળી ગુણોના અતિશયથી અધિક એવા વીરપ્રભુના અમ્હે આશ્રિત થયા છીએ.

સુગત (જિન) એ અમ્હારા પિતા નથી અને અન્ય મતવાળા અમ્હારા દુશ્મનો નથી, તેઓએ કે જિને અમ્હને ધન આપ્યું નથી અને કૃણાદ વિગેરેએ હર્યું નથી; પરંતુ જે કારણથી તે વીરભગવાન એકાંતથી—નિશ્ચયે જગતના હિતકર છે અને જેનું નિર્મળ વાક્ય સર્વ મળને હરનારૂં છે, તેથી અમ્હે તેમના પ્રત્યે ભક્તિવાળા છીએ.

જગદ્બંધુ કેમ ?

પ્રભુ મહાવીર જગતમાં વર્તતા સકલ પ્રાણિગણના બંધુ કહી શકાય. કારણ કે—સકલ પ્રાણિસમુદાયના રક્ષણનો તેઓએ ઉપદેશ આપેલો છે, તેમજ તે પ્રાણીઓને સુખમાં સ્થાપન કરતા હોવાથી તે જગદ્બંધુ કહી શકાય. મહાવીરે ફરમાવ્યું છે કે-

"सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा न अज्झावेयव्वा न परिघेतव्वा न उवद्दवेयव्वा एस धम्मे सुद्धे धुवे नीए सासए समेच्च लोयं खेयन्नेहिं पवेइए।"
—આચારાંગસૂત્ર.

ભાવાર્થ:—સર્વપ્રાણ, સર્વભૂત, સર્વજીવ, સર્વસત્ત્વને ન હણવા, ન ક્લેશ ઉપજાવવો, ન પરિતાપ ઉપજાવવો, ન ઉપદ્રવ કરવો આ ધર્મ શુદ્ધ ધ્રુવ ન્યાય શાશ્વત છે. લોકને સમ્યક પ્રકારે જાણી ખેદજ્ઞોએ જણાવ્યો છે.

પ્રભુ મહાવીરે ફરમાવેલી અહિંસાને દૂષિત કરવા, તેને કલંકિત દર્શાવવા કેટલાકોએ પ્રયત્ન કરી જોયા, પરંતુ પરિણામે પરંપરાએ અહિંસાને જ પ્રાધાન્ય મળ્યું છે. વૈરપરંપરાને અટકાવવા, જગત્માં સર્વત્ર શાંતિ સ્થાપવા, જગત્ના ક્લેશ-કંકાસોને દૂર કરવા કાયિક, વાચિક, માનસિક હિંસાનો ત્યાગ એ કેટલો આવશ્યક છે એ જગતના ઇતિહાસનો ગંભીર સૂક્ષ્મ અભ્યાસ કરનારા સમજી શકે છે અને ત્યારેજ એ સર્વજ્ઞ પ્રભુના પ્રરૂપેલા અહિંસાતત્ત્વની ઉત્તમતા વિચારી શકે છે.

જગત્-પિતામહ

જગત્ને—જગદ્વર્તી સકલ સત્ત્વને નરક વિગેરે દુર્ગતિમાં પડતાં અટકાવનાર હોવાથી, તે સંબંધી ભય, અપાયથી રક્ષણ કરનાર હોવાથી ધર્મ એ જગત્પિતા કહી શકાય અને એ જગત્પિતા ધર્મના પણ અર્થથી ઉત્પાદક હોવાથી પ્રભુ મહાવીર જગત્પિતામહ કહી શકાય.

ભગવાન મહાવીરની સમતા

જે સમગ્ર ઐશ્વર્યથી, રૂપથી, યશથી, લક્ષ્મીથી, ધર્મથી અને સમગ્ર પ્રયત્નથી યુક્ત હોવાથી 'ભગવાન્' કહેવાય છે. કર્મનું વિદારણ કરવાથી સાડાબાર વરસની ઘોર ઉત્કૃષ્ટ તપસ્યાથી શોભતા હોવાથી, અચિન્ત્ય વીર્યયુક્ત હોવાથી જે વીર કહેવાય છે, તેમજ કષાયજય, ઉપસર્ગજય, પરિષહ-જય, ઇંદ્રિયાદિ શત્રુગણજય કરવામાં જે મહાન વીર હોવાથી યથાર્થ મહાવીર કહેવાય છે. અચિન્ત્ય શક્તિવાળા ભય-ભૈરવાદિથી ન ડરનાર નિષ્પ્રકંપ એ મહાવીરની ઘોર તપસ્યા, એ મહાવીરે સમભાવથી સહન કરેલ ઘોર ઉપસર્ગો અને પરિષહોનું વર્ણન કરતાં પણ કંપારી છૂટે એ સમતારસના સાગર મહાભાગ, અપકારિજનો પર પણ ઉપકાર કરનાર-અપરાધી જનો પર પણ કૃપા-કરુણાભરી અમી નજરથી જોનાર એ કરુણાસિંધુ મહાવીરના પવિત્ર જીવનની ઉત્તમતા શું વર્ણવીએ ? શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ રાખનાર-રાગ-દ્વેષ કરવાનાં પ્રબલ કારણો ઉપસ્થિત થવા છતાં, જગત્ના રક્ષણ અને ધ્વંસ કરવાનું બલ સામર્થ્ય હોવા છતાં રાગ-રોષાદિને લેશ માત્ર પણ અવકાશ ન આપનાર એ વીતરાગ, વીતદ્વેષ વીરપ્રભુનો મહિમા કઇ રીતે વર્ણવી શકાય? એમના

સાધ્યની સિદ્ધિમાં સહાયભૂત એ સમતારસને આપણે આપણા જીવનમાં કેટલો ઉતાર્યો છે અને કેટલો ઉતારવાની આવશ્યકતા છે એ વિચારવાનું કર્તવ્ય આપણું છે.

જયંતીની સફલતા

આપણે પ્રભુ મહાવીરની જયંતી ઉજવી ત્યારે જ કહી શકાય, જ્યારે આપણે એ પ્રભુના ફરમાવેલા પવિત્ર માર્ગે પ્રયાણ કરીએ. આપણી ઉજવેલી જયંતી ત્યારે જ સફળ થઇ શકે કે જ્યારે આપણે આપણાં વૈમનસ્યોને, ક્ષુદ્રકલહોને, નજીવા કલેશકંકાસોને, પરસ્પરના કુસંપને તિલાંજલિ દઇ આપણી શક્તિ અને અમૂલ્ય સમયનો દુર્વ્યય ન કરતાં એ પ્રભુ મહાવીરના જીવનમાંથી ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભતાને આપણા જીવનમાં ઉતારીએ. વિષયજય, કષાયજય, ઇંદ્રિયજય, મનોજય કરવા પ્રયત્ન કરીએ. પ્રભુ મહાવીરે પ્રરૂપેલ ગંભીર સૂક્ષ્મ સત્ય તત્ત્વોને–ગહન સિદ્ધાંતોને સ્વયં સમજી અન્યને સમજાવવા–તેનો પ્રચાર કરવા પ્રશસ્ત પ્રયત્ન કરીએ. અજ્ઞાનથી, પક્ષપાતથી કરાતા અક્ષમ્ય અસત્ય આક્ષેપોના પણ શાંતિથી પ્રત્યુત્તર આપી અજ્ઞાન લેખક–વક્તાઓની સ્ખલનાઓ શાંતિ–સમાધાનીથી સુધરાવવા પ્રયાસ કરીએ. અને એ રીતે કંઇક અંશે જો પરમાત્મા મહાવીરને પુનિત પગલે ચાલીશું તો અવશ્ય આપણી ઉજવેલી જયંતી સફલ થશે, અને આપણે સાધ્યસિદ્ધિ સદ્યઃ સાધીશું.

આપે મ્હારા વક્તવ્યને શાંતિથી શ્રવણ કર્યું તે માટે આપનો પુનઃ આભાર માની મ્હારું વક્તવ્ય પૂર્ણ કરું છું.

વીર સં. ૨૪૫૩
ચૈત્ર શુ ૧૩
બોરસદ.

લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી.

શ્રી વીરસ્તુતિ.

(ર. ર. ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ. B. A.)

ગીતિ.

जो देवाणविदेवो
जं देवा पंजली नमंसंति ।
तं देव देव-महिअं
सिरसा वंदे महावीरं ॥

(અનુવાદ ગીતિ)

વંદું છું શ્રી વીરને
નમે છે દેવો પ્રાંજલિ જેને
પૂજિત છે ઇંદ્રોથી
વળી જે છે દેવ, દેવોના.)

અગણિત વંદન હો—કોટિશઃ ધન્યવાદ હો તે સિદ્ધાર્થનંદન, ભયભંજન, મહાવીરને કે જેઓએ આજની પુણ્યતીથિએ ચરમ દેહ ધારણ કરી, સાચું જીવન જીવી, જગતને સાચો માર્ગ દેખાડયો છે.

જગદ્‌ગુરૂ, શ્રી વીરપ્રભુના સર્વ ગુણોનું યથાસ્થિત વર્ણન કરવું તે દેવતાઓના ગુરૂ માટે પણ અશક્ય છે તો પછી મારા જેવા પામર માટે તો તે તદ્દન અશક્ય હોય તેમાં શો સંદેહ ?

મનુષ્યવાણીને અગોચર, અતીંદ્રિય, અલક્ષ્ય અને અનુપમ તે શ્રી નિગ્ગંથ નાતપુત્તનું સ્વરૂપતો સ્વાનુભવજ દેખાઠી શકે. યથાયોગ્ય દશા નહીં હોવાથી બાળકની માફક માત્ર હાથ પહોળા કરી 'તે જગદ્‌વંદ્ય મહાપુરૂષ આવા–આવા હતા' એજ મારે માટે કહેવાનું રહે છે.

પળે પળે, સમયે સમયે સ્મરવા યોગ્ય છે તે શત્રુંજય મહાવીર અને તેમનો જીવનસંદેશ. નહીં કે એકલા જન્મકલ્યાણક દિવસેજ. તેથીજ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ ગાયું છે કેઃ—

"તુમ ગુણ ગણ ગંગાજળે, ઝીલીને નિર્મળ થાઉંરે
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે
—ગિરઆરે.

આસન્નઉપકારી ત્રિશલાતનુજ આજથી આશરે અઢી હજાર વર્ષ પૂર્વે સર્વ કર્મો દુર કરી, પોતાના સર્વ ગુણો પ્રકટાવી શુદ્ધ સ્વરૂપે મોક્ષમાં પ્રકાશી રહ્યા છે. તેમનું અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતચારિત્ર અને અનંતવીર્ય આપણને મુગ્ધ બનાવે છે. તેજ આપણો આદર્શ છે. તેજ આપણું લક્ષ્યછે.

આપણો તે આદર્શ કંઇ અપ્રાપ્ય નથી. ત્રિકાળ અબાધ્ય સિદ્ધાંતો પ્રરૂપનાર શ્રી વીરપ્રભુની માફક તેમની અગાઉ અનેક અરિહંતો તે આદર્શપદે પહોંચ્યા છે. અને પોતાના જ્વલંત દૃષ્ટાંતરૂપ જીવનથી તે મહાપદે પહોંચવાનો તેઓએ માર્ગ બતાવેલો છે.

આદર્શો આપણને ભાવનાઓરૂપી પાંખો આપે છે તે પાંખો વડે આપણે ઉંચે અને ઉંચે ઉડીએ છીએ. આપણે સ્વીકારેલો તે આદર્શ અત્યંત શુદ્ધ હોવાથી–શ્રી મહાવીર જેવા જિનેશ્વરોનાં જીવનોથી જીવનમાં ઉતરાયેલો હોવાથી–અને અનેક મહાપુરૂષોના જીવનમાં ઉતારાતો હોવાથી–અવલંબનરૂપે તે નિઃસંદેહ અતિ ઉપકારી છે અને તે આદર્શનું ધ્યાન પ્રતિક્ષણ કરવા યોગ્ય છે.

આત્મવિકાસક્રમમાં સમભૂમિકાવાળાઓ સાથે મૈત્રી, ઉચ્ચ ભૂમિકાવાળાઓ તરફ પ્રમોદ, ઉતરતી ભૂમિકાવાળાઓ ઉપર કરૂણા અને અનાત્મ–જડ તરફ માધ્યસ્થ એવી ઉચ્ચ ભાવનાઓ જીવી દેખાડનાર, ગુણદૃષ્ટિ, ગુણપ્રેમ અને ગુણગ્રાહકતાના માર્ગ જનાર અને તેજ માર્ગના ઉપદેષ્ટા, સત્પદાર્થને અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, સૂક્ષ્મબોધ, મીમાંસા, પ્રતિપત્તિ અને પ્રવૃત્તિરૂપી અષ્ટાંગ યોગથી સાધનાર મહાયોગી, અનેકાંત વદનાર માત્ર નહીં પણ જીવનમાં ઉતારનાર, જ્ઞાન–દર્શન અને ચારિત્યના ઐક્યરૂપી અદ્વિતીય મૌલિક મોક્ષમાર્ગ બતાવનાર શ્રમણ ભગવાન્ મહાવીરનું જીવન આજના જડવાદના વાતાવરણમાં સમજવું મુશ્કેલ થઇ પડયું છે તોયે તેનાં થોડાંક પણ અમીમય સ્મરણો અપૂર્વ શાંતિ બક્ષે છે. અવનવો ઉલ્લાસ અર્પે છે, અને દિવ્ય પ્રેરણાઓ પ્રેરે છે, અને સ્વાભાવિક રીતેજ કવિ જિનહર્ષના શબ્દોમાં એમ ગવાઇ જાય છે કેઃ—

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરશન દીજે,
ધુંઆડે ધીજું નહીં સાહીબ પેટ પડયાં પતીજે.

—સેવક—

પ્રભુના પ્રત્યક્ષ દર્શન સિવાય અન્ય કંઇ ઇચ્છા થતી નથી. રસોડાના ધૂમાડાથી કંઇ બાળક રીઝાતો નથી. પેટમાં અન્ન પડે ત્યારેજ તેને પ્રતીતિ થાય. તે બાળકના જેવીજ આપણી સ્થિતિ છે.

શ્રી વીરનું પ્રત્યક્ષ દર્શન થાય તોજ સર્વે ઝઘડાઓ–આંતર બાહ્ય સર્વે મતમતાંતના કલેશો તરતજ દૂર થાય કારણ કે શ્રી આનંદઘનજી મહારાજના નીચલો શબ્દોમાં મને અતિ વિશ્વાસ છે.

'દર્શન દીઠે તુમ તણુરે, સંશય ન રહે લેષ,
દિનકર કર ભર પ્રસરતાંરે, અંધકાર પ્રતિષેધ;

—વિમલજિન.

જેમ ઘેટાના ટોળામાં ગયેલો અને સ્વભાન ભૂલેલો સિંહ બીજા ખરા સિંહને જોઇને પોતાનું સ્વરૂપ સમજે છે તેમ શ્રી વીરપ્રભુના પ્રત્યક્ષ દર્શનથી આપણને આપણું આત્મસ્વરૂપ સહજે સમજાઇ જાય. પણ નિર્વાણપ્રાપ્ત પુરૂષનું પ્રત્યક્ષ દર્શન તો તેમના જેવા મુક્ત પુરૂષનેજ હોઇ શકે. આપણા માટે તો તે અશક્ય છે. આપણે માટે તો રહ્યું છે તેમનું પરોક્ષ દર્શન–તેમના સિદ્ધાંતો અને તેમનાં અલૌકિક જીવનના કેટલાંક સંસ્મરણો અને તે પ્રત્યક્ષ અને પરોક્ષ દર્શનની દુર્લભતા માટેયે શ્રી આનંદઘનજીએ ખરૂં ગાયું છે કેઃ—

ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ,
ધીકાઇ કરી મારગ સંચરૂં, એગુ કોઇ ન સાથ,
—ત્રિશલાનંદન દરિશણ તરસીયે,

શ્રી મહાવીરનું જીવન એજ તેમનો જીવનોપદેશ અને સિદ્ધાંત તેજ જ્ઞાન ક્રિયાનું ઐક્ય નથી ત્યાં અંતર નિશ્ચય અને વ્યવહારમાં નથી ત્યાં ભેદ વિજ્ઞાન અને કળાનો અને તેજ પરમાર્થનો પંથ આ દિવ્ય જીવન આપણને ક્યાંથી સમજાય.

આ યુગમાં, કે જ્યાં જ્ઞાન અને ક્રિયા વચ્ચે રહે છે એક મહા સમુદ્ર તે ઉપર પુલ કરવો રહ્યો શ્રદ્ધાન સમ્યગ દર્શનનો સમ્યગ દર્શન કરે છે જ્ઞાન અને ક્રિયાને ઓતપ્રોત અને એક રસ અને ત્યારેજ જીવાય છે દિવ્ય જીવન અને નથી આવતો ત્યારે જીવન મરણનો ત્રાસ.

આવું સમ્યગ્ દર્શન શ્રી મહાવીરના જીવને સરળ અને મજબુત બાંધાવાળા ગ્રામચિંતક નયસારના ભવમાં પ્રાપ્ત થયું હતું. લાકડા પડાવવાના અતિ શ્રમ પછી ભૂખ લાગવા છતાં, જમવાનો સમય વીતી ગયો હતો છતાં, ભયંકર અટવીમાંયે હૃદયની સ્વસ્થતા રાખી તે મુનીની શોધ કરાવે છે. શોધીને આનંદ પામે છે. તેમને અન્નાદિથી સંતોષે છે. સંતોષીને સાંભળે છે, સાંભળીને આદરે છે, અને માર્ગ દેખે છે. સત્સંગની ઇચ્છા, સત્સંગની પ્રાપ્તિ અને સત્સંગમાંજ રહેવાપણું એજ જીવન પલટો કરાવે છે, એજ દૃષ્ટિ-કોણ ફેરવાવે છે. અને સન્માર્ગે ચઢાવે છે. સાચા સંત પુરૂષો, સાચાં મુનિવર્યો ખરેખર પારસમણિ છે. લોઢાંનું સોનું બનાવે છે. દોષદૃષ્ટિને ગુણદૃષ્ટિમાં પલ્ટાવી નાંખે છે. સત્સંગના આ દૃઢ સંસ્કારથી જ તે નયસારનો જીવ મરિચિ નામે શ્રી આદિનાથના પૌત્ર તરીકે જન્મેલ છે અને વૈરાગ્ય પામી તેમની પાસે જ બાળવયમાં દીક્ષા લે છે. પણ વૈરાગ્યનો પાયો કાચો હોવાથી અને હજી મન દૃઢ નહી હોવાથી સંયમ બરાબર રીતે પાળી શકતો નથી અને પોતાની અલ્પતા બતાવનાર ત્રિદંડીનો નવીન વેશ તે ધારણ કરે છે. પણ તે તે વખતે પણ સત્ય નથી ચૂકતા. અને દંભને હંમેશને માટે દેશવટો જ દે છે. અને કહે છે કે સત્ય માર્ગ તો શ્રી આદિનાથનો છે. હું તો પામર છું અને તે માર્ગે જવા અશક્ત છું. આ ભવમાં મિશ્ર સત્ય બોલવાનો માત્ર એકજ પ્રસંગ તે મરિચિના ભવમાં બન્યો. કે જેનું કટુ ફળ તેમને પાછળથી ભોગવવું પડયું તે ભાવી મહાપુરૂષમાં નિર્ણયની સ્પષ્ટતા ઘણે અંશે થઇ છે પણ તેમાં જોઇએ તેવી દૃઢતા હજી આવી જણાતી નથી. પણ વગર હથીયારવાળા સિંહની સાથે હથીયાર છોડી લડનાર ત્રિપૃષ્ટ વાસુદેવનો ન્યાય પુરઃસર લડવાનો નિર્ણય તે ઉચ્ચગામી જીવમાં તે દૃઢતા લાવે છે. આ દૃઢતા એક વખતે આજ્ઞા પળાવતી વખતે કંઇક ઉગ્રસ્વરૂપ ધારણ કરે છે અને કઠોર બને છે. શય્યા પાલકના કાનમાં સીસું રેડવા જેવો પ્રસંગ ઉપસ્થિત થાય છે. પરંતુ તેજ કઠોરતાને પછી છેલ્લા ભવમાં સ્વાતંત્ર્ય અને સહનશીલતામાં પલટાવતાં અને તત્કાલીન આર્ય જગતમાં પ્રસરેલી **અંધશ્રદ્ધાને** મૂળથી ઉખેડી નાંખતાં અંને ધર્મને નામે ચાલતી **સત્તા** અને **હિંસા** સામે પોકાર ઉઠાવતાં અને સર્વજન હિતકર ધર્મ તીર્થ પ્રવર્તાવતાં, આર્ય કે અનાર્ય, સ્ત્રી કે પુરૂષ, ઉંચ કે નીચ, સર્વને સમાન ગણતા અને સમાન ગણવા ઉપદેશ આપતા, આપણે શ્રીવીરને જોઇએ છે. તેમની માતૃપિતૃભક્તિ, ભ્રાતૃસ્નેહ અતુલ અંગબળ, મહા વૈરાગ્ય, અપૂર્વ આત્મબળ, અવર્ણનીય સહિષ્ણુતા, સર્વસંગ પરિત્યાગ, ઘોર તપશ્ચર્યા, મહાવિશાળ ભાવનાઓ. કેવળ જ્ઞાન સ્વરૂપતા અને સંપૂર્ણ અહિંસામય જીવન અને પ્રવચન ઉપર જેટલું બોલીએ અથવા લખીએ એટલું ઓછું છે. નથી અત્યારે સમય તે ઉપર વધારે વિવેચન કરવાનો. હું તો અત્યારે એકજ ગુણ ઉપર તમારૂં વિશેષ ધ્યાન ખેંચી વીરમીશ. અને તે સત્ અને અસતનો વિવેક–સમ્યગ્ દર્શન છે, અને તેજ આપણે પ્રથમ તો શિખવાનો અને સમજવાનો અને સાક્ષાત્કાર કરવાનો છે.

જોઇએ છીએ અંધશ્રદ્ધાને સ્થાને તત્ત્વાર્થ-શ્રદ્ધા જરૂર જોઇએ છીએ. મત મતાર્થ સ્વમહત્ત્વાકાંક્ષી પ્રયત્નોની જગ્યાએ આત્માર્થ આત્મભોગી સ્વયંસેવા. જડતાને સ્થાને ચેતનતા. કદાગ્રહને સ્થાને સત્યનો સ્વીકાર અને સત્યાગ્રહ શુષ્ક જ્ઞાન અને શુષ્ક ક્રિયાની જગ્યાએ જરૂર છે હવે જ્વલંત જ્ઞાનક્રિયાની એકતાની. જૈન કેળવણી ખાતાઓના નેતાઓ સાંભળશે આ વીર સંદેશ અને પ્રગટાવશે હવે સત્સંગી નવયુગ.

અને તેમ થશે ત્યારેજ જૈન સમાજમાં સંગઠન થશે. ઐક્ય જામશે, હૃદયની વિશાળતા આવશે, ધર્મભક્તિ રસ ઝરશે અને શ્રી વીર પ્રભુનાં અત્યારે સંકુચિત બનેલાં શાસનમાં નવું જોત પ્રકાશશે. અને તે થશે અવશ્ય શ્રીમહાવીર જીવનના સતત્ સંસ્મરણથી અને ક્ષણે ક્ષણે તેના આચરણથી.

તે શ્રી મહાવીર કેવા છે તો કે

(હરિગીત.)

સંસાર દાવાગ્નિ તણી જ્વાળા બુઝાવા નીર છે.
સંમોહ ધૂલી દૂર કરવાં, જે પ્રચંડ સમીર છે,
માયારૂપી પૃથ્વી વિદારણ, તિક્ષ્ણ હળ સમ શૂર છે,
મેરૂ સમાનજ ધીર જે છે, જયવંત તે મહાવીર છે.

વીરચરિત્રનો લેખક

[તે કેવો હોવો જોઇએ ને તેણે લક્ષ્યમાં શું રાખવું ઘટે ?]

[લેખક—મુનિમહારાજ શ્રી દર્શન વિજયજી]

૧. ઉપોદ્ઘાત.

સામાન્ય રીતે દરેક ધર્મોમાં અમુક પ્રકારનાં તત્વોની જે વિશિષ્ટતા જોવાય છે, તેમાં જૈન તત્વની અસર સ્પષ્ટ નીહાળાય છે. સારાય દેશમાં અહિંસા માટે કાંઇ વક્તવ્ય હોય ત્યારે અનાયાસે જૈનધર્મની પ્રશંસા કરવીજ પડે છે. આ અહિંસા ધર્મના અંતિમ નિર્યામક પ્રભુ **મહાવીર** છે. હરકોઇ સહૃદય જૈન નામ ધારીને મુખે સાંભળો, પ્રમાણિક પૂરાતત્વ વિવેચકોના પાનીએ પાનીએ જુઓ, કે નિષ્પક્ષપાતી જૈનેતર લેખકોની ધર્મમીમાંસા તપાસો તો+[૧] ઐતિહાસિક નિર્ગ્રન્થજ્ઞાતપુત્ર તીર્થંકર મહાવીરની જોરશોરથી કરેલી પ્રશંસા સંભળાશે.

અત્યારનો કાળ તે વિશમી સદીનો ઉત્તરાર્ધ અને વિશમી સદીનો ઉત્તરાર્ધ એટલે સ્વતંત્રતાની રટના, સ્વચ્છંદતાની શહેનશાહત, યાને મનમોજી કલ્પનાનો મધ્યાન્હ.

અંગ્રેજ ગ્રંથકારોએ અત્યાર સુધી ઉઠાવેલી જહેમતમાંથી એવું સ્હેજે પ્રતીત થાય છે કે તેમનાં વક્તવ્ય વાંચતાં આર્યાવર્તના સંસ્કારોનો લોપ થાય પણ આર્યાવર્તના ઉદાત્ત લેખકોએ કૃષ્ણચરિત્ર, બુદ્ધચરિત્ર વિગેરે આધુનિક શૈલીથી લખી આર્યાવર્તના જીવનોલ્લાસમાં નવચેતન રેડયું છે.

હવે માત્ર આધુનિક શૈલીમાં લખાએલા વીરચરિત્રની ખામી છે એમ કોઇ કહે તો તે સર્વથા યોગ્ય છે. કેમકે નવીનતામાં મોહ પામનારા યુવકોના હૃદયપટમાં વિશ્વાસાત્મક વીરચરિત્રની ઇચ્છા કેમ ન ચિત્રાય ?

આવું વીરચરિત્ર લખવાની મારી ભાવના થાય છે પણ તે તો લખાય ત્યારે ખરૂં ? તે દરમ્યાન બીજા ઘણાય લેખકો "વીરચરિત્ર" લખવાનો પ્રયાસ કરે છે અને અવારનવાર તે માટેનાં સાધનોની માગણી કર્યા કરે છે, એટલે મને જે જે સાધનો મલ્યાં છે તે

---

૧ હરિચંદ જૈન ધર્મકી પ્રાચીનતામાં જૈન લખે છે કે—એ એક ટીબેટી પુસ્તકમાં જૈન દર્શનનું વર્ણન વાંચેલ છે + + મહારાજ થિસરગંદી હુશાનને ઇ. સ. ની આઠમી શતાબ્દિમાં તિબેટમાં બૌદ્ધ વિદ્વાન હોશંગ મહાયાનની સાથે શાસ્ત્રાર્થ કરવા માટે પ્રખર પંડિત જૈનાચાર્ય કમલશીલને બોલાવ્યા હતા. આ રાજાએ કમલશીલજીની યુક્તિને થીની નૈયાયિકોની યુક્તિથી વિશેષ બળવાન દેખી, આ ભારતીય નૈયાયિક (કમલશીલજી)ની ગરદનમાં જયમાળા આરોપી અને તે વખતે તિબેટના અનુયાયિઓ કમલશીલજીના અનુયાયી થયા.

ભારતવર્ષીય બૌદ્ધ ટેકસ્ટ સોસાયટીના સેક્રેટરી બાબુ સરત્યંદ્રદાસ સી. આઈ. ઈ. જ્યારે હિંદુસ્તાનમાં બૌદ્ધ મત અને હિંદુમતનું સંગ્રામ ચાલતું હતું. ત્યારે બૌદ્ધ મતના અને જૈન મતના મનુષ્યો અહીંથી નીકળી યુનાન, કાર્થેજ, ફીનીશીયા, ફીનસ્તીન, રૂમ અને મિશ્ર દેશમાં પહોંચ્યા. અને આબાદ રહ્યા. (પૃ. ૧) તમે કહી શકશો કે યુનાનના પર્ણાપસ Parnasas પર્વતનું બીજું નામ Devanika દેવાનિકા કેમ પડયું ? પણ અમો કહી શકીએ છીએ કે જૈન મતના સંતો પર્ણની ઝુંપડીઓમાં રહેતા હતા જેથી તે પ્રથમનું નામ થયું અને ત્યાં દેવોના નિવાસની ભૂમિ હતી જેથી બીજું નામ પાડયું. (પૃ. ૧૭)

જેમ યુનાનમાં હિંદીઓમાં શહેર અને પર્વતના નામો વિદ્યમાન છે તેમ મિશ્ર દેશ (આફ્રિકા)માં ગએલાઓ પણ પોતાના વતનને વીસરી ગયા નહિ. જે તેઓએ ત્યાંના બે પર્વતને Sumara સુમેરૂ અને. Cailas કૈલાસનું નામ આપ્યું (પૃ. ૪૨)

એક Surse સુબાગુરના છે આજસુધી જ્યાંનાં મંદિરો અને મૂર્તિઓ ગિરનારની જેવાં માલુમ પડે છે.

હિંદુસ્તાન કદીય (ઉર્ફે)માંથી મિશ્ર અને નાતાલમાં જૈન ધર્મ હતો (પૃ. ૨૫)

પં. લેખરાય આર્યમુસાફર મથુરાના જૈન સ્તૂપો ઇ. સ. પૂર્વે ૬૦૦ વર્ષના છે. તે ભારતવર્ષની જુનામાં જુની ઇમારત છે. D. 1-10-19 Oriental

મારે જાહેરાતમાં મૂકવાં જોઇએ એમ ધારી આ નિબંધ લખેલ છે તો "શ્રી વીરચરિત્ર"ના લેખકોએ આ નિબંધ વાંચી જવો અને તેમાં કાંઇ અન્યથા ઉલ્લેખ થયો હોય તો તે સબંધી મને (લેખકને) લખી જણાવશે તો વસ્તુની સત્યતા તારવવામાં વધારે સુલભતા થઇ પડશે. એમ મારી માન્યતા છે.

આટલો પ્રાસંગિક નિર્દેશ કર્યા પછી હવે આપણે મુખ્ય વિષય ઉપર નજર નાખીએ.

૨—યુરોપિઅન પંડિતોનું વલણ.

આપણે જ્યારે **વીરચરિત્ર** લખવા પ્રયાસ કરીએ ત્યારે પાશ્ચિમાત્ય પંડિતોના અભિપ્રાય તરફ પણ નેત્રકોણ ફેંકવો જોઇએ, એટલે પ્રથમ એજ તપાસીએ.

પાશ્ચિમાત્ય પંડિતો અથાગ પ્રયત્ન કરે છે પણ તે શ્રીમાનોનું કેટલુંક મંતવ્ય અમુક એકદેશીય ધોરણ સાથે અચૂક જોડાએલુંજ રહે છે. જેથી તેઓ ઘણી બાબતમાં વિચિત્ર કલ્પનામાં દોરાઇ જાય છે અને કેટલીક વખત સત્યતાની તારવણીમાં ઉલટો છબરડો વાળે છે. આ વિષયમાં લોકપ્રિય લેખક બાબુ **બંકિમચંદ્ર** ચેટરજીના ઉદ્‌ગારોની નોંધ લઇએ તો આધુનિક પંડિતોના સમસ્ત બુદ્ધિવિષયક રહસ્યનો નિચોળ નીતરી આવશે. બાબુજી ઐતિહાસિક ચર્ચાની આફતો પૈકી એક આફત પાશ્ચિમાત્ય પાંડિત્યની નિચેના શબ્દોમાં જણાવે છે "બીજી બાજુની આફત તે વિલાયતી લોકોના પાંડિત્યની છે. યુરોપિયન પંડિતો સંસ્કૃતનું શિક્ષણ લઈ પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં તવારીખની સચ્ચાઇ શોધવા મંડેલ છે તેમાંથી કેટલાકનું મન **"પરંતુ પરાધીન દુર્બળ હિંદીઓ કોઇ કાળે સુધરેલા હોય,**–તેમનો સુધારો પ્રાચીન હોય." આ સ્વીકારવામાં નાકબુલ થતું હોવાથી તેઓ જેમ બને તેમ પ્રાચીન ભારતનું ગૌરવ તોડી પાડવા મચ્યા રહ્યા છે. "હિંદના પ્રાચીન ગ્રંથો અર્વાચિન છે. વળી હિંદુના પુસ્તકમાં જે કાંઇ છે તે સચ્ચાઇ બહારનું અથવા પારકા દેશમાંથી ચોરી લીધેલ છે" એમ સાબીત કરવા પૂર્ણ પ્રયત્ન કરી રહ્યા છે.

આ શોધમાં તેઓ એકજ વાત શિખ્યા છે કે "જે બીના હિંદના તરફેણમાં હોય તે વાત ખોટી કે અનુકરણ કરેલી, અને જે બીના હિંદના રીતરિવાજોથી અલગ જતી હોય તે માત્ર ભરોંસાદાર." જેમકે–"પાંડવો વિગેરેનાં ચારિત્રો તે આર્યાવર્તનાં કલ્પનાકાવ્ય, પણ દ્રૌપદીના પાંચ પતિ તે હિંદની સત્ય કથાનો નમુનો." ('તીર્થંકરો થયા છે' એ કલ્પનાની ગુંથણી. જ્યારે તીર્થંકરો માંસ સ્વિકારનો સર્વથા નિષેધ કરતા નથી. તે સત્યોપદેશનો નિર્વાદ નમુનો) કેમકે આ પ્રમાણેની શોધ બતાવીને માત્ર હિંદીઓને અસંસ્કારી અધમજ ઠરાવવાનો પોતાનો મનોરથ સિદ્ધ કરવા પ્રત્યે તેઓ દોરાયા હોય છે.

વેબર સાહેબે ઉપરોક્ત નિયમને સદર કરી જાહેર કર્યું કે–હિંદીઓએ નક્ષત્ર મંડલનું જ્ઞાન બાબિલોનો પાસેથી મેળવ્યું છે પણ આ જ્ઞાન બાબિલોનો પાસે હતું એવું પ્રમાણજ જ્યારે મળે તેમ નહતું, ત્યારે તે સપ્રમાણ કેમ સાબીત કરવું એ ચિંતા વ્હીટનીને થઇ ને તેણે એવો કોરડો ઘડ્યો કે–"તે હિંદીઓએ શોધ્યું હોય એવું મનાય તેમ નથી. કારણ! હિંદીઓનું મગજ એવું તેજસ્વી નથી કે તે આટલી શોધ કરી શકે."

કેટલાક કેળવાએલ હિન્દીઓ પણ સ્વપ્રજ્ઞાને તરછોડી આપ્યા વગર વિના સંકોચે આંખો મીંચીને પાશ્ચિમાત્ય પંડિતોના મતને પોતાના મત તરીકે સ્વીકારી લે છે જેમાંથી કેટલાકને **વિલાયતી તેજ બધું સારૂં છે.** ખરી પંડિતાઇ! અરે કુતરાં સરખાં પણ વિલાયતીજ ગમે છે. અને દેશી પુસ્તકની વાત એક બાજુ રહી પણ જો દેશી ભિખારી હોય તો તે પણ એક પાઇ આપવા યોગ્ય નહિ. સત્યપ્રિય દેશભક્તો સિવાયના ઘણા સુધરેલા લગભગ આ સ્થિતિમાં મૂકી શકાય તેવા છે કારણ કે તેઓ ઉપરોક્ત કથનનો વગર આંચકે સ્વીકાર કર્યે જાય છે.

યુરોપીયનોના વેબર સાહેબ મોટા પંડિત કહેવાય છે પણ મને તો એમ લાગે છે કે–એણે જે દિવસે સંસ્કૃત શીખવા માંડ્યું, તે દિવસ ભરતખંડ માટે તો બહુજ કમુહૂર્તનો હતો. જર્મનોના એક વખતના જંગલી બર્બરોના એ વંશજથી હિંદુનુ પ્રાચિન ગૌરવ

જોઇ શકાયું નહીં. તેથી તેણેજ "ભરતખંડનો સુધારો તાજેતર છે" એમ સાબીત કરવા બહુજ પ્રયત્નો કર્યા. વેબર સાહેબે મહાભારતની પ્રાચીનતા ઉપર દૃષ્ટિ નાંખતા પોતાને પ્રશ્ન કર્યો "ચંદ્રગુપ્ત (ઇ. સ. પૂ. ૪૦૦) ના સમય કાળમાં યુરોપિયન પંડિત મિગાસ્થનીસે પોતાના ભ્રમણવૃત્તાંતમાં હિંદની બાબતો માટે નોંધ લીધી છે તેમાં મહાભારતની નોંધ હશે કે નહીં હોય? પણ તે ગ્રંથ નાશ પામતાં બીજા ગ્રંથકારોએ લીધેલા તેના **ભારતવૃત્તાંતના** જે છૂટક ફકરાઓ મળે છે તેમાં મહાભારતનું નામ નિશાન નથી. જ્યારે ત્યાર પછીના ખ્રીસ્તી સાધુ ક્રિસોસ્ટમ મહાભારતનો ઉલ્લેખ કરે છે. તેથી મહાભારતને તેના કાળથી વધારે પ્રાચીનતામાં મૂકી શકાય નહીં એટલે તેમણે ઇચ્છાપૂર્વક ખોટો રસ્તો પકડી જાહેર કર્યું કે ચંદ્રગુપ્તના અરસામાં મહાભારત હતું નહીં. ઇસુના જન્મકાળે પણ નહીં હોય. ક્રિસોસ્ટમના હિંદગમન પહેલાં તે ગ્રંથની રચના થઇ છે. જો કે પાણિની સૂત્રમાં મહાભારત યુધિષ્ઠિર વગેરે નામો છે પરંતુ તેના ઉપર વિશ્વાસ રખાય નહીં. કેમકે તે અર્વાચિન છે" અહીં ભારતવૃત્તાંત ગ્રંથનો મોટો ભાગ લોપ થઇ ગયો છે નામનું બાકી રહેલ છે એ વાતની વેબર સાહેબને ખબર હોવા છતાં હિંદુસ્થાનની દ્વેષ બુદ્ધિને લીધેજ ઉપરની હકિકત લખેલી હોવી જોઇએ. એના હિંદુસ્થાન વિષયક સાહિત્યમાં પાને પાનાનો ઉદ્દેશ-માત્ર ભરતખંડની મોટાઇને તોડી પાડવી એટલેજ તારવી શકાય છે.

વળી ધારો કે મિગાસ્થનિસે પોતાના ભારતવૃતાંતમાં કાંઇ ન લખ્યું તેટલાથી મહાભારતની હયાતીજ નહીં એમ મનાય ખરૂં? અહીં આશ્ચર્ય સાથે કહેવું જોઇએ કે ઘણા હિંદીઓએ લખેલ જર્મન મુસાફરીના વર્ણનમાં વેબર સાહેબનું નામ પણ જડતું નથી. તો તે સાહેબ હયાતજ નહતા, એમ મનાય ખરૂં? વળી વેબરે પાણીનીના મહાભારત શબ્દનો અર્થ (**પાણીની ૬-૨-૨૮**) ભરતનો વંશ એમ કરેલ છે તેમજ પાણીનીને અર્વાચીન ઠરાવેલ છે. આમાં તદ્દન દ્વેષજ કેળવાએલ છે.

જો કે આપણે વીલાયતી પાસેથી કેટલુંક શીખવાનું છે તેમ વિલાયતના લોકોએ પણ આપણી પાસેથી ઘણું શીખવાનું છે જેમકે:-એક વિવાહ તત્વ લઇએ તો-યૂરોપમાં એક ઉપરાંત બીજી સ્ત્રી થાય નહીં, (આ માર્ગ પ્રશસ્ય છે પણ તેમાં થતા અનર્થો માટે નાપસંદગી માનવી પડે છે.) એવી પ્રથા છે. હવે જો યૂરોપમાં આ પ્રથા ન હોત તો બોનાપાર્ટને જોસેફાઇનને છોડી દેવાનું જે ઘોર પાપ કરવું પડ્યું તે કરવું પડત નહીં, આઠમા હેનરીને પોતાની સ્ત્રીઓની હત્યા કરવી પડી તે વખત આવત નહી. હજુ પણ યૂરોપના સુધારાના ઝગમગતા તેજમાં એજ કારણે અનેક **પતિહત્યા**-પત્નિહત્યાઓ થાય છે. આપણા કેળવાએલા તો એમ માને છે, કે-વિલાયતી તે સઘળું પવિત્ર, દોષશૂન્ય, અને ઉપર નીચેની આગળ પાછળની ચૌદપેઢીના ઉદ્ધારનું સાધન છે, તેથી કેટલાક વિલાયતી સાક્ષરો યુવક યુવતીના સુધારાના પડદા નીચે સર્વથા તેઓનું આંધળું અનુકરણ કરી રહ્યા છે. અરે એવા દૃષ્ટાંતો પણ મળી આવશે કે પોતે અને પોતાની રખાયતની હાજરીમાં વચ્ચે આડખીલી રૂપ સાચી સતી સ્ત્રીને રહેવાનો અધિકારજ ન હોય.

ડૉ૦ લોયમેને પણ "બુદ્ધ અને મહાવીર" શિર્ષક નિબંધમાં હિંદની બાબતમાં આવીજ ભાંગ ઘુંટી છે.

આ બાબતમાં કાંઇ એક બંકિમ બાબુજ ઉલ્લેખ કરે છે એમ નથી પણ કવિસમ્રાટ્ નાનાલાલે પોતાની "ભરતનો ઇતિહાસ" એ ભાષણમાં એક આંખે જોનારા અને બન્ને આંખે જોનારા પાશ્ચાત્ય પંડિતોને જુદી જુદી સીટ પર બેસાર્યા છે. તથા રા. બા. ગવરીશંકર હીરાચંદ ઓઝા વિગેરે હીંદિ લેખકોએ તેને મળતો અવાજ પૂર્યો છે. જે દરેક બાબત વિસ્તારના ભયથી અહિં લખવા ઉચિત ધારી નથી.

૩-શોધખોળ.

જૈનધર્મની શોધખોળમાં પણ યૂરોપીયન પંડિતોના હાથે આ રીતે ઘણો અન્યાય થએલ છે. પ્રથમતો તેઓએ એજ સ્વરૂપ પકડ્યું કે-"જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ બન્ને વસ્તુતઃ એકજ છે

માત્ર નામાંતરો કે દેશભેદો છે.” મી. ટોડ સાહેબે તો ત્યાં સુધી શોધી કાઢયું કે “ બૌદ્ધ દર્શનના ચોવિશ અર્હન્માં ૧–આદિનાથ ૨–નેમનાથ ૩–પાર્શ્વનાથ અને ૪–મહાવીરસ્વામી એ મુખ્ય બૌધ્ધો છે” સામાન્ય શોધમાં પણ જણાઇ આવે એવું છે કે–બૌદ્ધની ચોવીશીમાં આ નામોજ નથી. કારણ, તે જૈન તીર્થંકરોનાં નામો છે. છતાં શોધખોળની ધૂનમાં ટોડ સાહેબે આ ભૂલ કરી નાખી છે. જોકે ટોડ સાહેબની શોધમાં જૈનયતિ જ્ઞાનચંદ્રજીની સંપૂર્ણ સહાય હોવા છતાં આ ભૂલ કેમ થઇ હશે? એ સમજાતું નથી પણ જેમ વકીલ મોહનલાલ ડી૦ દેશાઇ પાસેથી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિનો વૃત્તાંત જાણી નવલકથાકાર ક. મા. મુનશીએ તેને મનગઢંત સ્થાનમાં ગોઠવી વિકૃતિનું રૂપ આપ્યું છે, તેમ ટોડસાહેબે એજ ધોરણે મનસ્વીપણે કામ લીધું હોય તો આવી અનેક ભૂલો થાય એ સર્વથા બનવા જોગ છે પરંતુ ટોડરાજસ્થાનના ગુજરાતી ભાષાંતરમાં આ ગોટાળો રહે અને તેના સંબંધમાં સુધારાનું ટિપ્પન ન મૂકાય એ પણ ગુજરાતી અનુવાદક માટે અક્ષમ્ય ગણાય.*[૨]

એ તો સ્પષ્ટ છે કે–પાશ્ચાત્ય પંડિતોએ સરખાવટ કરવાના પ્રવાહમાં તણાઇ, આવી અનેક અસત્ય વાતોને ઠોકી બેસારી છે એમાંથી થોડી શોધોના પુરાવા તપાસી લઇએ.

૧. પ્રાચિન આર્યો પ્રખર જ્ઞાનવાળા હતા. જ્ઞાનના બળથી અને મુસાફરીમાં થતા અનુભવથી વિશ્વાસના દરેક પ્રસંગોના સંપૂર્ણ જાણકાર હતા. તેઓને દેશોદેશમાં બનતી વિચિત્ર ઘટનાઓની માહિતી લક્ષ્યમાંજ હતી જેથી તેઓ ઉત્તરિય ભાગના છ માસવાળા દિવસ રાત્રીના જાણકાર હતા પણ આ વસ્તુસ્થિતિ જાણી શકાય તેવું બુદ્ધિસામર્થ્ય પ્રાચીન આર્યોને હોય એમ પાશ્ચિમાત્ય પંડિતોના ખ્યાલમાં નજ ઉતર્યું. તેથી તેઓએ પરંપરાજ્ઞાનથી ૭-૭ માસના દિવસ જાણનાર આર્યોને યૂરોપિઅન પ્રજાના સંતાન તરીકે ઓળખાવવા પ્રયત્ન કર્યો.

૨. ફર્ગ્યુસને નગ્ન સ્ત્રિઓની કેટલીક પ્રાચિન મૂર્તિઓ જોઇ જાહેર કર્યું કે “ પ્રાચિન ભારત સ્ત્રિઓને કપડાં પહેરવાનો ધારો ન હતો ” અર્થાત્ તેઓ અસભ્ય હતી.

૩. તેજ ફર્ગ્યુસને **મથુરાનું** શિલ્પકામ જોઇ “ હિંદમાં આવી કારીગરી હોઇ શકે નહીં. એમ માની નક્કી કર્યું કે–“ આ બધું ગ્રીસ શિલ્પીના પ્રયત્નનું ફળ છે.

૪. કેટલાક યુરોપિઅનોએ **સૂર્યપ્રજ્ઞપ્તિ–ચંદ્રપ્રજ્ઞપ્તિ** વિગેરે ગ્રંથો સાંભળેલા નહીં એટલે તેમણે આર્યાવર્ત જ્યોતિષની બાબતમાં મત આપ્યો કે–“ તે ગ્રીકનું અનુકરણ છે. ” “ તે શિક્ષણ બાબિલનો પાસેથી મેળવેલ છે. ”

૫. કેટલાએકને યુરોપિઅન **મૂર** જાતિ સિવાયની કાળી–લાલ ચામડીવાળી કોઇ બીજી જાતિ જગતમાં વસે છે એવું સ્વપ્ન આવ્યું નહતું. એટલે તેમણે હિંદીઓને પ્રથમ દર્શનમાંજ “ મૂર ”નું બીરૂદ આપી દીધું.

૬. કેટલાકને વીર રસ સિવાયના ગ્રંથો પણ પદ્યબંધ–આખ્યાનમાં હોય છે એવું જ્ઞાન નહતું તેમજ તેમના વિશ્વકોષમાં આવી બાબત માટે એપીક સિવાય બીજો શબ્દજ ન હતો. જેથી રામાયણ મહાભારતને દૃષ્ટિપથમાં આવતા વાર Epic કાવ્યની ગણતરીમાં ગોઠવી દીધાં.

૭. સંસ્કૃત ભાષાના અનભિજ્ઞ **વ્હીલર** સાહેબે મહાભારતના કરાવેલા તરજુમામાંથી ઉપરચોટિયું જ્ઞાન મેળવ્યું. વળી અમદાવાદના સુબાઓ અને દીલ્લીના મોગલ શહેનશાહોના કે ચંદ્રગુપ્ત વિગેરેના રાજ્ય કાળના પૂર્વપશ્ચિમ હિંદના રાજાઓના પરસ્પર સબંધની બાબતમાં અજાણ હતા એટલે તે સાહેબે કૃષ્ણપાંડવોના ગાઢ સબંધ કલ્પિતવાત તરીકે ઓળખાવવા પ્રમાણ આપ્યું કે–“ દ્વારિકા હસ્તિનાપુરથી ૭૦૦ કોષ દૂર હતું, માટે તેઓનો સબંધ અસંભવિત છે. ”

---

*૨ ગુજરાતી તરજુમો કરનાર પણ ક્યારેક ગોટાળો કરે છે. કેમકે દિ૦ બ૦ રણછોડરામ ઉદયરામે ફાર્બસ રાસમાળાના તરજુમામાં એવુંજ કર્યું છે. અને ભાષાંતરના પાઠોમાં તથા ટીપ્પણીઓનો વધારો કરી ગુજરાતના ઇતિહાસને અન્યાય આપ્યો છે. (જુઓ નવી આવૃત્તિ ફા. રા. શીલગુણસૂરિ તથા શ્રી હેમચંદ્રસૂરિનો અધિકાર.)

૮ યૂરોપિયન સ્વચ્છંદી 'ફ્રીથિંકર'–નાસ્તિકોની પેઠે સ્વચ્છંદ વિહારી નવલકથાકાર **મુનશી** પણ "મટ્યા ચોરાશી ફરવા" માં રહેલ ભયને–કાર્ય સમાપ્તિને સમજી શકેલ નથી. "મનુષ્યદેહ મોંઘીરે ખોયો મણી હાથે ચઢ્યો" ના ભાવને ખેંચી શકેલ નથી, અને ભર્તૃહરી–પિંગલાનો કડવો સ્વાદ સમજેલ નથી, તેથી 'અર્વાચિન સાહિત્યનો પ્રધાનસ્વર' શિર્ષક પોતાના નિબંધમાં (પૃષ્ટ–૩) પોત પ્રકાશે છે કે– "પરભવનું હેત વિસરી આ ભવનું આકર્ષણ, આ વિશિષ્ટતા નવાકાળના આખા સાહિત્યમાં તરત નજરે ચઢે છે. અને તેજ પ્રમાણે નર્મદ પહેલાના કાળનું પ્રથમ લક્ષણ–પરભવનો પ્રેમ અને આ ભવની અરૂચિ." ખરેખર 'આ ભવ મીઠા, તો પરભવ કોણે દીઠા?' તે આનું નામ.

૯ એક દેશી વિદ્વાને પણ ગુજરાત કાઠિઆવાડમાં જૈનોની વસ્તી માટે બીન અનુભવી અનુમાન કરેલ છે. જે માટે મેં "ગુજરાત-સૌરાષ્ટ્રમાં જૈનોનું સ્થાન" શિર્ષક નિબંધ ૭ માસ પહેલાં લખેલ છે. અને પ્રસંગે બહાર મૂકીશ. પણ આ બાબતમાં તે વિદ્વાને ખાલી કલમ શાહી અને પત્રનોજ સદુપયોગ (?) કરેલ છે જે અહીં લખતો નથી.

આવી આવી ઘણી શોધખોળો થઇ છે. આને 'શોધખોળ' એ નામ આપવું એ પણ ભાષાનો દુરૂપયોગ કરવા જેવું છે.

તેઓએ આ શોધ કરવામાં પુરાણોનો પણ સારી રીતે આધાર રાખ્યો છે. જેથી આ ભૂલો કરવામાં પુરાણના ગપ્પો પણ પૂરવણી રૂપ મનાય.

પ્રથમ શ્લોકવાયકાની વસ્તુના સંગ્રહમાંથી સૂત્રો રૂપે ચુટણી કરી ત્રણ ભાગ પાડ્યા. તે વાયકાસંગ્રહ હાલ ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ રૂપે પ્રસિદ્ધ છે. જનતા આવા વિભાગ કરનાર પુરૂષને "વ્યાસ" એવા નામે ઓળખતી હતી. આ રીતે વેદ ઉપનિષદ અને પુરાણોના વ્યાસો જૂદા જૂદા છે. જેમકે–કૃષ્ણ, દ્વૈપાયન વ્યાસ. ઇત્યાદિ ઇત્યાદિ.

વળી વનવાસી ઋષિઓના પ્રશ્નોત્તર અને અધ્યયનમાં બ્રાહ્મણો તથા ઉપનિષદોનો સંગ્રહ થયો છે ત્યાર પછી તુરતમાં તેનાજ પુરાણોની રચના થઇ હતી.

બંકિમ બાબુ કહે છે કે–"વેદમાં **શતપથ બ્રાહ્મણ** વિગેરેના પુરાણો હોવાનું લખેલ છે" આ કથનથી આપણને બીજી પણ એક બાબત વિચારવાની રહે છે કે–ત્રણ ચાર હજાર વર્ષ પહેલાનાં વેદપુરાણોમાં અને અર્વાચિન કાળના વેદપુરાણોમાં અવશ્ય તફાવત હોવો જોઇએ. જેમાં પ્રાચિનકાળના ઘણાં સત્યોનો વિકાર થયેલો હોવો જોઇએ. કેમકે–તત્વ નિર્ણય પ્રાસાદમાં કહેલા આદિવેદો અને પ્રાપ્યવેદોની ભિન્નતા છે.

શતપથ પુરાણ વિગેરે અત્યારે ઉપલબ્ધ નથી. એટલે દશાવતાર વિગેરે બનાવટી કથાઓનો નવો સંગ્રહ થયો જે પ્રસંગે કાળાંતરે **સમાજપ્રિય** થતાં નવા પુરાણોની રચના થઈ છે. અને અત્યારે તેજ મોજુદ છે. **વિલ્સન** વિગેરે અત્યારના યુરોપિઅનો પુરાણકૃતિને ઘણીજ નજીકની–લગભગ બસો–ત્રણસો વર્ષ સુધીની, માને છે. પણ તે શોધ તદ્દન આગ્રહમૂલક છે

વસ્તુતઃ તેમના ધારવા પ્રમાણે અને બંકિમ બાબુના કથન પ્રમાણે પોતાની નામના ફેલાવવાની અનિચ્છાવાળા યશોલિપ્સા રહિત નિઃસ્વાર્થી બ્રાહ્મણોએ પ્રાચિન પુરાણોમાં માત્ર પોતાની કૃતિ ઉમેરી દીધી છે. તથા એ માન્યતા વિશ્વાસ કરવા લાયક છે કે પ્રાચિન **બ્રહ્મવવર્ત**નું સ્થાન તદ્દન અર્વાચિન બ્રહ્મવૈવર્તે લીધું છે.

આ ઉપલબ્ધ થતાં પુરાણોમાં જૈનધર્મ અને તીર્થંકરો સબંધે બહુ વિચિત્ર ઘટનાઓ આલેખી છે *૩ આ પ્રમાણે કલ્પિત રંગો પુરાયા હોય એ પ્રસ્તુત પુરાણરચનાના ઇતિહાસથી સમજી શકાશે.

વિશેષ વખત જતાં અંતિમ તીર્થંકર **મહાવીર** સ્વામી અને અંતિમ બુદ્ધ શાક્યસિંહ જુદા જુદા છે, કેટલીક સમાનતા હોવા છતાં બંન્નેના ધર્મપંથો

* ૩ પુરાવા માટે જુઓ; શ્રમણપતાકામાં આવેલ મુનિ ન્યાયવિજયનો. "જૈનધર્મ સબંધે કંઇ કંઇ" નિબંધ.

જુદા જુદા છે એવો મત બંધાયો ×૪ તે માટેના પુરાવા બૌદ્ધ ગ્રંથોએ પૂરા પાડયા. અને આગળ વધીને ૨૩ મા શ્રી **પાર્શ્વનાથ** તીર્થંકર પણ ઐતિહાસિક પુરૂષ છે, એ પણ પુરવાર થઇ ચુક્યું છે. એટલે અત્યારથી અઢીહજાર વર્ષ પૂર્વે પણ જૈનધર્મ હતો; એ વાત અન્ય ગ્રંથોથીજ સિદ્ધ થઇ ચુકી છે.

શોધખોળની ખાતાવહી ઉકેલતાં ઉકેલતાં કેટલા-એક પુરાણોએ તેને પુષ્ટી આપી છે. **બલીના** (બડલીના) વીરનિર્વાણ સંવત્-૮૪ ના શિલાલેખે નિઃશંકતા પ્રકટાવી છે, **ભદ્રાવતીના** વીરાબ્દ-૨૩ ના શીલાલેખે (સમ્રાટ્ સંપ્રતિની ધર્મલીપિએ) અને કલિંગસમ્રાટ્ **ખારવેલની** હસ્તિગુફાની શિલાલીપિએ તો જૈનધર્મની પ્રાચિન જાહોજલાલીનો નવો પડઘોજ પાડયો છે.

હવે પછીના નવા પુરાણીઓ "પાર્શ્વનાથ એ અમારા ભગવાધારી સંન્યાસી કે બ્રાહ્મણ હતા" આવી કલ્પના ન કરે તો સારૂં.

હવે શ્રી પાર્શ્વનાથ પ્રભુની પહેલાં જૈનધર્મ હતો કે નહીં? આ પ્રશ્નનો ઉત્તર આપતાં સંશોધકો માથું ખંજવાળે છે. કેમકે વેદ અને ઉપનિષદોમાં પ્રાચિન જૈનત્વનો કોઇ પુરાવો મળતો નથી. પાર્શ્વનાથ પ્રભુની પહેલાં જૈનધર્મ હશે નહીં એવી પુરાતત્વીઓની માન્યતા છે. પુરાતત્વના રસિક જૈનો પણ આ બાબતમાં નવું અજવાળું પાડે તેમ લાગતું નથી.

હાલના સંશોધકો પ્રાચિન આચાર્યોના કથનને સત્યજ તરીકે માનવાનો ઇન્કાર કરે છે. એટલે દાદાસાહેબ **દેવર્ધિગણી** ક્ષમાશ્રમણ, શ્રી **જિનભદ્રગણી** ક્ષમાશ્રમણ કે શ્રી **શિલાંકાચાર્યનું** કથન હોય અથવા જગદ્‌ગુરૂ શ્રી **હીરવિજયસૂરિ** કે મહામહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજનો ઉલ્લેખ હોય તો પણ આજનો પુરાતત્વવિદ્ તેને સર્વથા માનવા તૈયાર નથી. તો પછી તેજ આજનો પુરાતત્વવિદ્ "કૈં પણ ગમે તેમ કહે" તેજ અવિસંવાદ વાક્ય છે, એ પણ શું સ્વતંત્ર વિચારકના મસ્તિષ્કમાં ઉતરે ખરૂં?

આ ઉપરથી હું એમ નથી કહેવા માગતો કે-અર્વાચીન યુગના સંશોધકો સર્વથા ભૂલ કરે છે, સત્ય મારી નાખે છે, યાને ગપ્પજ ચલાવે છે. કિંતુ મારો કહેવાનો હેતુ એવો છે કે-કેટલાક અસ્વાભાવિક વિષયમાં છાછરી માનવી બુદ્ધિ કામ કરી શકતીજ નથી. મનુષ્યની જ્ઞાનેન્દ્રિયમાં જેટલી ખામી હોય છે, તેટલા પુરતી ભૂલો તેમના કાર્ય-પરિણામમાં આવે છે.

(૧) એકી વખતે બધી ચીજોનું જ્ઞાન સર્વજ્ઞપણા વગર **અસંભવિત** છે, જેમકે કેટલાક યુરોપિયનો થોડા બૌદ્ધગ્રંથો જોઇ કથે છે કે-"બૌદ્ધગ્રંથોમાં કૃષ્ણનું નામ નથી" જ્યારે **લલિતવિસ્તરા** નામના બૌદ્ધગ્રંથમાં કૃષ્ણની અસુર તરીકે પિછાણ કરાવેલ છે. તથા બીજું આવું કાંઇક અંશે આપણે ઉપર વાંચી ગયા છીએ વિગેરે. વિગેરે.

(૨) વળી કેટલાએક એવા કુદરતી નિયમો છે કે જે આપણે જાણતાજ નથી. જેમ સહરાના રણમાં જીવનારો જંગલી પોતાની ભ્રમણભૂમિને જગત કલ્પી આનંદ માને છે, એક ટાપુમાં વસતો ભરવાડ ફોનોગ્રાફ સીનેમા કે વાયરલેસની પોતાને અપ્રત્યક્ષ બીનાને સત્ય તરીકે સ્વિકારતો નથી અને ટુંક બુદ્ધિવાળો દેડકો પોતાના કુવા સિવાય બીજું જગત માનવાને ઇનકાર કરે છે. આપણા બુદ્ધિવાનોની પણ અપ્રત્યક્ષ વાતમાં કેટલીકવાર આવીજ પ્રવૃત્તિ હોય છે. બેશક આ નિયમ દરેક વસ્તુ માટે એક સરખી રીતે લાગુ પાડી શકાય તેમ નથી. પરંતુ કેટલીક કુદરતી ઘટનાઓને સાચી માન્યા વિના ચાલી શકે તેમજ નથી. **બંકિમ બાબુ પણ કહે છે કે-પ્રાચિન ઇતિહાસના ઘણાં તત્વો અંધકારમાં છવાઈ રહેલાં છે.**

કેટલાક યુરોપિયનો તિર્થંકરોમાં સુમતિનાથ=સારી બુદ્ધિવાળા મોટા, વિશેષણ. શાંતિનાથ=શાંતિ દેનારા, વિશેષણ. કુંથુનાથ=કાંઈ નહીં, અર્થ વગરનું વિશેષ નામ. એવા કલ્પિત રૂપકો ઘટાવી, તીર્થંકર જેવી કંઈ વસ્તુજ નથી એમ કહેવા માટે પ્રેરાય છે. પણ આ વાક્યપટુતામાં તો એક જાતનું ઉડાઉપણુંજ છે. કેમકે લૉાસને મહાભારતના દરેક પ્રસંગોને આજ શૈલીથી તદ્દન નજીવા કરી નાખ્યા છે; તેઓ કહે છે

× ૪ આ માટે જુઓ શ્રી **ચારિત્રસ્મારક સીરીઝ** નું પુસ્તક '**જૈનતીર્થોનો ઇતિહાસ**' ની પૂરવણીમાં છપાએલ મુનિ જ્ઞાનવિજયનો "પ્રભુ મહાવીર અને ગૌતમબુદ્ધ" શિર્ષક નિબંધ.

કે-પાંડવો=પાંચાલના મનુષ્યો. પાંચાલી લગ્ન=પાંચાલની પાંચ ક્ષત્રિય જાતિનો પરસ્પર વ્યવહાર. કૃષ્ણ=કાળું. મહાભારત=હિંદનું કલ્પનાપ્રધાન મોટું કાવ્ય. રામ=રમ્ ધાતુપદથી કલ્પી કાઢેલ નામ. રામાયણ=ખેતીવાડી.....ઇત્યાદિ.

એક બંગાળી યુવકે અસિ=તરવાર ઇત્યાદિ ૩૫. કથી પ્લાસીના સાચા યુદ્ધને પણ ભૂતાવળ જેવું કલ્પનાચિત્ર હરાવ્યું છે. બંકિમચંદ્ર બાબુએ પણ એજ ચીલે ચાલીને લસ=ક્રિડા કરવી. લૅાસનની શોધ=ક્રિડા-કૈાતુક. એવો મનસ્વી અર્થ કરી રૂપકપ્રથાની બાલિશતા વ્યકત કરી છે.

ગો. ના. ગાંધીએ તો પ્રભુમહાવીરનો જીવન વૃત્તાંત સત્ હોવા છતાં "અધ્યાત્મ મહાવીર" નિબંધમાં એવું રૂપક ગોઠવ્યું છે કે જેમાં સત્ય જીવન વસ્તુ પણ ખોવાય જાય. યાને જેના વિવેકમાં પુરાવિદ્રોનું સંમ્મેલન મેળવવા છતાં નિષ્ફળતા જ સાંવડે.

અર્થાત્—રૂપક એ એક જાતની સાહિત્યક સૃષ્ટિ છે. પણ તેને શોધખોળમાં સ્થાન નથી.

અહીં પ્રશ્ન એ થાય કે-પાણિનિની અષ્ટાધ્યાયિમાં "જિન" શબ્દજ નથી. જરૂર આપણ એક વિચારણીય પ્રશ્ન છે. પણ પાણિનિમાં દરેક શબ્દોની સિદ્ધિ કરેલ છે. એવું કાંઈ માની શકાતું નથી. કેમકે પાણિનિમાં મહાભારતના કેટલાંક નામો અરે કૃષ્ણશબ્દ પણ ઉલ્લેખગોચર નથી. ઐતિહાસિક પ્રભુ પાર્શ્વનાથ મહાવીરસ્વામી સિદ્ધાર્થ રાજા વિગેરે પણ મળતા નથી. તો પછી જિન શબ્દનો અભાવ હોય તેથી "તે" ન હતા એવું શા માટે માનવું ?

વેદ—ઉપનિષદોમાં જિન કે અરિહંત સબંધી ઉલ્લેખ નથી. આ એક બીજો પ્રશ્ન છે. પણ તીવ્ર વિચારસરણીના વેગમાં ઉત્તર મળે છે કે-જૈનધર્મ અને વૈદિક ધર્મ એ જુદા જુદા પાયા ઉપર ચણાએલા-પરસ્પરથી નિરાળા ધર્મો છે. જેથી વેદગ્રંથોમાં જૈનધર્મના ઉલ્લેખો સંબંધી આશા રાખી શકાતી નથી. વળી વેદમાં ઇતિહાસના મંગલદર્શનમાં નજરે પડતા બીજા પણ કેટલાક પુરૂષોનાં નામો નથી. જેમકે-ત્રણ સંહિતામાં કૃષ્ણચંદ્રનું નામ નથી. જો કે ઋગ્વેદમાં "કૃષ્ણ"નું નામ છે-અને સંહિતા વિભાગકાર કૃષ્ણ દ્વૈપાયન વ્યાસવેદ પ્રસિદ્ધ છે પણ તેથી વાસુદેવ-કૃષ્ણની સામીતી મળી શકતી નથી. **શતપથ** બ્રાહ્મણમાં ધૃતરાષ્ટ્ર પરિક્ષિત અને જન્મેજય શબ્દગોચર છે. પાંડવોનાં નામ નથી છતાં આપણે તેને ઐતિહાસિક પુરૂષ માની શકીએ, અને જિનોને ન માની શકીએ.-આનું કારણ ?

ત્રણે સંહિતામાં ઋષભદેવ નેમિનાથ મહાવીર અને ચતુર્વિંશતિ તિર્થંકર વિગેરેનાં નામો છે એમ ઘણાં અવતરણો સૂચવે છે પણ એ બાબતમાં બહુ (શાખા-પ્રશાખા ભેદોની) શોધખોળ કર્યા સિવાય અહીં કાંઈ લખવા ઉચિત ધાર્યું નથી. તોપણ વેદોમાં **અર્હન્ નેમિ ઋષભ** વિગેરે શબ્દપ્રયોગો છે એ વાતનો બહુ ચોક્કસ છે અને આ રીતે અર્હન્ શબ્દ જ "જિન"ની યથાર્થતા માટે બસ છે.

મી૦ ત્ર્યંબકકાળે (**જ્ઞાનપ્રકાશ, તા. ૧૩-૨-૧૯૨૭**) કહે છે કે-" શ્રી કૃષ્ણ અને જૈનોના બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ સમકાલીન હતા," એ વાત મને પૂર્વેજ લક્ષ્યમાં આવેલી છે.

પુરાણકારોએતો જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીનું વિવિધ કલ્પનાથી ઓતપ્રોત ચરિત્રજ આપેલ છે. બૌદ્ધ સિદ્ધાંતમાં પણ શ્રી પાર્શ્વનાથના શિષ્યો નિગ્રંથજ્ઞાતપુત્ર, નિગ્રંથ અગ્નિવેશ્યાયન, નિગ્રંથો, આનંદ શ્રાવકસંઘ વિગેરેના અનેક ઉલ્લેખો છે×૪

આ ઉપરથી આપણે જોઇ શકયા કે-જૈનધર્મ સબંધી પાસ્ચિમાત્ય શોધમાં હજી ઘણી અપૂર્ણતા છે તેમજ આ બાબતમાં જૈનસમાજ અજ્ઞ છે. અને જે જાણકાર-સાક્ષરો છે તે ભેદરકાર છે. જેનું ફળ આપણે આ રીતે ભોગવી રહ્યા છીએ.

બંકીમચંદ્ર બાબુજી પણ કહે છે કે-"ઇતિહાસની નજરે જોતાં કઈ વાત ખરી અને કઇ વાત ખોટી તે પારખવાની શક્તિ ન હોવાથી અથવા તેપર શ્રદ્ધા ન હોવાથી, તે શોધી કાઢવાનો યત્ન થાય નહીં, ત્યાં એવુંજ બને. " આપણને આ શબ્દોમાંથી ઘણું શિખવાનું છે.

૪—ઐતિહાસિક સાધનો.

અત્યારસુધી પુરાતત્વની દૃષ્ટિએ વિચાર થયો.

હવે અંતિમ તીર્થંકર પ્રભુમહાવીરના જીવનવૃત્તાંત માટે શું શું સાધનો છે તે તપાસી લઇએ.

ઇતિહાસ માટે કહ્યું છે કે—

धर्मार्थकाममोक्षाणा मुपदेशसमन्वितम्
पूर्ववृत्तकथायुक्त मितिहासं प्रचक्षते ॥ १ ॥

અર્થાત્—ધર્મ અર્થ કામ અને મોક્ષના ઉપદેશ વાળું, પૂર્વવૃત્તની યાદીરૂપ વાર્તાવાળું કથન તે ઇતિહાસ કહેવાય છે.

આ ઇતિહાસ તો માત્ર બે પગાં પ્રાણીઓનો. બાકી ભાષા દર્શન વ્યાપાર ધર્મ અને જ્યોતિષ વિગેરેના પણ અલગ અલગ ઇતિહાસો છે પણ તે દરેકનું વિવરણ અહિં જણાવીશ નહીં.

ઇતિહાસના ઘણાં પ્રસંગો ઐતિહાસિક ઘટનામાં નિરૂપયોગી પણ હોય છે. જેમકે-લિવિના રોમના ઇતિહાસમાં, હિરોડોટસકૃત ગ્રિસના ઇતિહાસમાં, ચંદકવિકૃત પૃથુરાજ રાસામાં, અને ફિરસ્તાએ કરેલા મુસલમાની બાદશાહોના ઇતિહાસ વિગેરેમાં ઘણાં મિશ્રણો છે. ઐતિહાસિક નૉવેલોમાં તો નરી કલ્પના સૃષ્ટિજ છે, અને મહાભારતમાં તો પુરવણીનાં બે સ્તરો છે. છતાં તેને ઇતિહાસ તરીકે કબુલ રાખવાં પડે છે તેમજ હું અહીંજ ગ્રંથોની નોંધ આપીશ તે પૈકીના કેટલાક ગ્રંથોમાં અનૈતિહાસિક વસ્તુગુંથણી હોય પણ તેથી તે ઐતિહાસિક સાધનામાં અપૂર્ણ-બીન જરૂરી ગ્રંથ છે, એમ તો કહી શકાયજ નહીં.

આ ઉપરાંત પ્રાચિન બાબતો માટે તે કાળની માન્યતાઓ અને રીતરિવાજો ઉપર બહુ આધાર રાખવો પડે છે એટલે આપણે પ્રાચિન કાળનાં સાધનોથીજ પ્રાચિનતાના ઉંડાણમાં જઈ શકીએ, પણ ચાલુ યુગનાં સાધનોથી-રીતિરિવાજોથી પ્રાચિનકાળના પડ તપાસીએ એતો બેહુંદું બુદ્ધિબળજ કલ્પી શકાય. જેમ બાર ગાઉએ બોલી બદલાય છે, સો સો વર્ષે ભાષા ફરે છે તેમ રીત રિવાજો અને માન્યતાઓમાં પણ દેશે દેશે સેંકડો રૂપાંતર થાય છે. એટલે બંગાળમાં ૮૦ રૂપૈયાભારનો શેર, મુંબઇમાં દુધડેરીમાં ૫૬ રૂપૈયાભારનો શેર, અને ગુજરાતમાં ૪૦ રૂપૈયાભારનો શેર. શરાફી વ્યાપારમાં કે ધાન્યભંડારમાં સોલાખની ક્રોડ, અને ઢેઢિયા વ્યાપારમાં વીશની ક્રોડી, ઉંટીયાકોશમાં ઉંટીયો ગજ અને વેંતીયા દેશમાં મુઠીઓ ગજ લઇએ તોજ યથાર્થ માપણી થઇ શકે તેમ છે.

હરકોઇ તીર્થંકરોકત હરકોઇકાળના ધાર્મિક સાહિત્યનો ચાલુ તીર્થંકરના સાહિત્યમાં સમાવેશ થાય છે. આ રીતે અત્યારે ઉપલબ્ધ થતા જૈનધર્મના સાહિત્યની શરૂઆત પરમાત્મા મહાવીરથી થાય છે. જેમાં મુખ્ય સાહિત્ય **એકાદશાંગી** છે.

એકાદશાંગી—એ પ્રભુ મહાવીરના પાંચમા શિષ્ય પટ્ટધર શ્રી **સુધર્મા** સ્વામીની રચના છે જેમાનું **આચારાંગ** સૂત્ર તો ભાષાશાસ્ત્રીની દૃષ્ટિએ પણ પ્રભુ મહાવીરના વખતનુંજ મનાય છે.

એકાદશાંગી પછીનું સાહિત્ય ઉપાંગો, પયન્નાઓ, અનુયોગદ્વારસૂત્ર નંદીસૂત્ર, કલ્પ સૂત્ર, છેદગ્રંથો વિગેરે વિગેરે છે. આ ઉપાંગોમાં અઢી હજાર વર્ષ પહેલાનું આર્યજ્યોતિષ સાહિત્ય સચવાઇ રહેલ છે. આ દરેક ગ્રંથોમાંની વસ્તુની વિશેષ સ્પષ્ટતા માટે ભાષ્ય નિર્યુક્તિ ચૂર્ણી અને ટીકાઓની સંકલના યોજાયેલ છે. જે પૈકીનું ભાષ્ય અને નિર્યુક્તિઓનું સાહિત્ય વધારે પ્રામાણિકતામાં-પ્રાચિનતામાં મૂકાય છે જ્યારે ચૂર્ણી અને ટીકાની રચના મધ્યકાલીન છે. અને તે મૂળ, ભાષ્ય, તથા નિર્યુક્તિને અનુસરે તોજ પ્રામાણિક મનાય છે.

આ સાહિત્ય ભંડોળનું "લેખનકાર્ય" પૂજ્યપાદ દાદા **દેવર્ધિ** ગણી ક્ષમાશ્રમણુની×૫ દૃષ્ટિ નીચે

×૫ જૈન સાહિત્યના ચાર સ્તંભો છે.' ૧-આગમ સાહિત્યમાં પૂ૦ પા૦ દાદાશ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણ. ૨-પ્રાકૃત સાહિત્યમાં પૂ૦ પા૦ મહર્ષિ હરિભદ્રસૂરિજી. ૩-સંસ્કૃત સાહિત્યમાં ક૦ સ૦ શ્રી હેમચંદ્રસૂરિજી. ૪-ગુજરાતી સાહિત્યમાં પૂ૦ પા૦ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય વાચકજી શ્રી **યશો**વિજયજી મહારાજ. સાહિત્યમાં તો આ ચારે યુગપ્રવર્તકો માની શકાય.

થએલ છે. તેઓશ્રીએ કેટલાક પાઠોને સંકેલ્યા છે. જ્યારે કેટલાક ભાગમાં જરૂરીયાત ઉમેરો પણ કરેલ છે. દૃષ્ટાંત તરીકે–શ્રી ભદ્રબાહુસ્વામી કૃત કલ્પસૂત્રની સ્થાવળી. અનુયોગદ્વારસૂત્ર તથા નંદીસૂત્રમાના ભારત,–ષષ્ઠીતંત્ર, વિગેરે શબ્દસંકેતો, ઇત્યાદિ લેખનકાર્યમાં વધારેલ છે. શ્રી દેવવાચક કૃત નંદીસૂત્રનો રચનાકાળ દાદા દેવર્ધિ ગણીની લગભગમાંજ ગ્નય છે. ટીકા અને ચરિત્રોનો રચનાકાળ વિક્રમની છઠી સાતમી શતાબ્દી પછીનો છે અને ત્યાર પછીનું સાહિત્ય પણ વિશાળ છે.

આ દરેક સાહિત્યમાંથી વીરપ્રભુનું ચરિત્ર લખવાનાં સાધનો નીચે મુજબ છે.

૧–આચારાંગસૂત્ર શ્રુતસ્કંધ ૧ અધ્યયન ૯ મું, ચૂલિકા ૩ અધ્યયન ૨૪ મું.

૨ ભગવતીજી સૂત્ર.

૩ ઉપાસકદશાંગ સૂત્ર.

૪ ઉત્તરાધ્યયન સૂત્ર. કેશીગણધરવાદ.

૫ સૂયગડાંગ સૂત્ર. વીરસ્તુતિ, આર્દ્રકાધિકાર. ઉપાંગોમાનાં છુટક છુટક વૃત્તાંતો.

૬ વસુદેવ હીંડી (અપૂર્ણલભ્ય)

૭ ચૌદપૂર્વધારી શ્રી ભદ્રબાહુસ્વામીકૃત કલ્પસૂત્ર.

૮ ચૌ૦ પૂ૦ શ્રી ભદ્રબાહુ સ્વામીકૃત આવશ્યક નિર્યુક્તિ, જેમાં ત્રેસઠ પુરૂષોના સંગ્રહ ચરિત્રો અને પ્રભુ મહાવીરનું સંપૂર્ણ ચરિત્ર તથા કેટલાક વિશિષ્ટ પ્રસંગોનું વર્ણન છે×૬

૯ શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત–વિશેષાવશ્યક ભાષ્ય.

૧૦–૧૧ શ્રી નેમિચંદ્રસૂરિકૃત મહાવીર ચરિયં (આત્માનંદ સભાએ છાપેલું. શ્લોક ૧૧૩૯) તથા મહાવીર ચરિઅં (ખંભાતભંડાર, શ્લોક ૩૦૦૦)

૧૨ શ્રી ભદ્રેશ્વર સૂરિ કૃત કથાવળી.

૧૩ શિલાંકાચાર્ય કૃત મહાપુરૂષ ચરિત્ર.

૧૪ મહાવીર ચરિઅં (પાટણ ભં. ૫. શ્લોક ૪૧૦૦)

૧૫ શ્રી શીલાચાર્ય કૃત ચઉપન્ન મહાપુરૂષ ચરિઅં. રચના સં. ૯૨૫. (પાટણ ભં. ૪–જ્ઞાનમંદિર વડોદરા)

૧૬ જિનેશ્વરસૂરિ કૃત વીરચરિત્ર (અપભ્રંશભાષા)

૧૭ જિનવલ્લભસૂરિકૃત વીરચરિઅં (ગાથા–૪૪)

૧૮ શ્રી ગુણચંદ્રગણી કૃત મહાવીરચરિત્ર (પાટણ ભં. ૧–૫–૯, શ્લોક ૧૨૦૨૫)

૧૯ ક૦ સ૦ શ્રી હેમચંદ્રસુરિકૃત ત્રિષષ્ઠિશલાકાપુરૂષ ચરિત્ર. માની શકાય છે કે વસુદેવ હીંડીના આધારે આ ચરિત્રની રચના થઇ હોય.

૨૦ વર્ધમાનચરિત્ર (જ્ઞાનમંદિર–વડોદરા શ્લોક ૩૦૩૫)

૨૧ પુષ્પદંતકૃત-ત્રિષષ્ઠિ મહાપુરૂષ ગુણાલંકાર (શ્લોક–૭૧૦૦)

૨૨ ગુણભદ્રાચાર્યકૃત ત્રિષષ્ઠી લક્ષણ મહાપુરાણ સંગ્રહ.

૨૩ અસગ કવિ (દિ૦) કૃત વીરચરિત્ર. (ડેક્કન કોલેજ. પીટર્સન રીપોર્ટ નં. ૪)

૨૪ પદ્મસુંદરજીકૃત રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય. રચના સં૦ ૧૬૧૫.

૨૫ વજ્રસેનસૂરિકૃત ત્રિષષ્ઠિ પ્રબંધસાર. માની શકાય છે કે કદાચ આ ગ્રંથ ગદ્યમાં હોય.

૨૬ અમરચંદ્રકવિકૃત પદ્માનંદ મહાકાવ્ય. (છાણીજ્ઞાનભંડાર શ્લોક ૮૧૯૧)

૨૭ ઉપાધ્યાયશ્રી મેઘવિજયજીકૃત લઘુ ત્રિષષ્ઠી શલાકા પુરૂષચરિત્ર. (વડોદરા જ્ઞાનમંદિર શ્લોક ૫૦૦૦)

૨૮ મહાવીર વિવાહલઉ ગૂ. સં. ૧૬૭૪ (વ૦ સેંટ્રલ લાઇબ્રેરી)

૨૯ પં૦ શિતલપ્રસાદજી (દિ૦)કૃત મહાવીરચરિત્ર.

૩૦ પં૦ કામતાપ્રસાદજી (દિ૦)કૃત ભગવાન મહાવીર. જેમાં કેટલીક કદાગ્રહી બાબતો પણ છે.

૩૧ પં૦...ભંડારી (દિ૦)કૃત, મહાવીર ચરિત્ર.

૩૨ સુશીલકૃત વીરચરિત્ર. જેની લેખન શૈલી ગ્રાહ્ય છે.

૩૩ વકીલ નંદલાલ લલ્લુભાઇનું વીરચરિત્ર જેમાં પં૦ મ૦ શ્રી પ્રતાપવિજયજી મ૦ ના પાઠોથી અને શિક્ષણથી વણા પ્રમાણોનો સંગ્રહ થએલ છે.

૬* જુઓ આત્માનંદ પ્રકાશ વર્ષ ૨૩ મું–ચૈત્રના અંકમાં આવેલ મારો "ફાંસીને લાકડે" એ નિબંધ.

૩૪ વેદો ઉપનિષદો અને પુરાણો.

૩૫ બૌદ્ધ-ત્રિપિટકો.

૩૬ હર્મનયાકોબીએ લખેલ આચારાંગસૂત્ર સમવાયાંગ અને કલ્પસૂત્રની પ્રસ્તાવના.

૩૭ ડો. હોર્નલે લખેલ ઉપાસકદશાસૂત્રની પ્રસ્તાવના.

૩૮ યૂરોપમાંના જૈનગ્રંથોની પ્રસ્તાવના કે છુટક નિબંધો વિગેરે.

૫ તત્વોપદેશ.

પ્રો૦ **લૉયમન** કહે છે કે—હિંદીઓએ પૂર્વજન્મની કલ્પના કરી. અને ધર્મતત્વમાં એક નવા તત્વનો ઉમેરો કર્યો. અર્થાત્ પૂર્વજન્મ અને સ્વર્ગ વિગેરેનું અસ્તિત્વ માનવું તે કલ્પના તરંગ છે. **બંકિમ** બાબુ પણ કહે છે કે ઇંદ્ર, ઇંદ્રાલય, અને પારિજાતનું પુલ હોય એ માની શકાતું નથી. અર્થાત્ પરોક્ષ મનાતી વસ્તુ જગતમાં હશે, એવી સાબીતી નથી. આવાં લખાણોથી અત્યારનો કેટલોક સમાજ પરોક્ષ બનાવોથી રહિત ચરિત્રની માગણી કરે છે.

હવે વીરચરિત્રમાં દૃષ્ટિ સ્થાપીએ તો આ માન્યતામાં વિરલ આંતરૂં છે. કેમકે દેવના પ્રસંગો બાદ કરીએ તો વીરભગવાનના ચરિત્રમાં લગભગ નહીં જેવો પ્રાણ રહે છે. બીજી તરફ હાલના સુધરેલા પણ ભૂત પ્રેત વિગેરેની હસ્તી તો સ્વિકારે છે. અને તે કરતાં પણ વિશેષ પ્રમાણતો એ છે કે—શ્રી તીર્થંકરોના ઉપદેશમાંજ સ્વર્ગની હૈયાતી દેખાડેલ છે તો તેમના ચરિત્રમાં સ્વર્ગ વિગેરેને લગતા પ્રસંગો આવે તેને કઈ રીતે નકામા-નિરૂપયોગી ગણી શકાય? તીર્થંકરો તો ઉપદેશે છે કે—જેમ બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા વિગેરે એક જીંદગીના વિભાગો છે, તેમ મનુષ્યભવ, પશુભવ, વિગેરે પણ એક સંસાર જીવનના અંગો છે. જેમ વૃદ્ધાવસ્થામાં શાંતિ ઇચ્છનારાઓ યુવાવસ્થામાં લક્ષ્મી સંગ્રહ કરે છે તેમ ભવિષ્યની શાંતિ ઇચ્છનારે ચાલુભવમાં કાંઇ સંગ્રહ કરવોજ જોઇએ. તે માટે આભવમાં મળેલા ક્ષણિક સુખને પણ ઇચ્છાપૂર્વક ત્યજી અશાંતિને નિર્મૂળ કરવા, કટિબદ્ધ રહેવું જોઈએ, કે જેથી પૂર્ણાનંદમય સ્થાન મળે છે અને તે ન મળે ત્યાં સુધી ઇચ્છાપૂર્વક ત્યજેલ ક્ષણિક સુખ વડે ઉપાર્જન કરેલ પુણ્યના પ્રતાપે દેવલોક વિગેરે રૂડાં સ્થાનો મળેજ છે. અર્થાત્ પુણ્ય, પાપ, ધર્મ, અધર્મ, સ્વર્ગ, મોક્ષ, વિગેરે પણ જગતના સત્ પદાર્થો છે, ઇત્યાદિ.

પ્રસ્તુત **તત્વોપદેશ** પ્રકરણ તીર્થંકરોકત વસ્તુ દર્શાવવા માટે, અને તેમના ચરિત્રમાં અમુક પ્રસંગો અસ્વાભાવિક માની શકાય નહીં એટલું સ્પષ્ટ કરવા માટેજ લખેલ છે.

A—તીર્થંકરો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સ્વતંત્રપણે તથા આનુષંગિકપણે છ દ્રવ્યોની પીછાણ કરાવે છે. જેઓ જ્ઞાનગોચરીમાં જણાવે છે કે—

જીવ અને પુદ્ગલો વગેરે દ્રવ્યો સ્વતંત્ર સિદ્ધ છે. આ વસ્તુઓને કોઇએ બનાવી નથી. જગત્કર્તા વિશેષણ વાળી વ્યક્તિ કોઈ છેજ નહીં. જેમ બાલકને રૂદન શાંત કરવા માટે " એ બાવો આવ્યો " ઇત્યાદિ બોલાય છે, તેમ અજ્ઞજીવોને પાપથી પાછા વાળવાને " પરમેશ્વરનો ડર રાખ " એમ ભય સંચાર કરાવવા માટે પંડિતોએ કલ્પનાથી શબ્દ ઉભો કર્યો છે. બાકી દરેક વસ્તુમાં અનંતા ધર્મો છે જે **સ્વતઃ** પરાવર્તન પામ્યાં કરે છે. પુદ્ગલ દ્રવ્યના અણુઓ બહુ સૂક્ષ્મ છે. જે સૂક્ષ્મતા માનવી જ્ઞાનથી અપ્રતર્ક્ય હોવાથી તદ્દન અસ્વભાવિક જેવી લાગે, પરંતુ તે અસત્યતા સાયન્સની શોધમાં સત્યતાનુંજ રૂપ લ્યે છે.

શબ્દો પણ પૌદ્ગલિક વસ્તુ હોઇ દ્રવ્ય છે.

B—ક્ષેત્રનું મહત્પરિમાણ ૧૪/૭ રાજલોકનું છે. જેમાં સ્વર્ગ મૃત્યુ અને પાતાળ લોકનો સમાવેશ થાય છે. જીવો સ્વર્ગમાં દેવરૂપે, મૃત્યુલોકમાં મનુષ્ય કે પક્ષિ રૂપે, અને પાતાળમાં અસુરકુમાર કે નારકી રૂપે અવતરે છે, વસે છે, અને મૃત્યુપામી બીજે સ્થાને ચાલ્યા જાય છે.

C—સમયથી પ્રારંભીને ઉત્સર્પીણી-અવસર્પીણી સુધીના સંકેતો વિગેરે કાળસૂચક છે. પણ યથાર્થ રીતે કાળ મૂળ છેડા વિનાનો-અનાદિ અનંત છે.

D—દરેક પદાર્થો પોતપોતાના સ્વરૂપમાં અચળ રહી વિકૃતિઓમાં પણ વ્યાપક બને છે.

જિનેશ્વરોએ જીવનોલ્લાસમાં **અહિંસાને** પ્રથમ સ્થાન આપ્યું છે. જ્યાં અહિંસા છે-સર્વ પ્રાણીઓ પ્રત્યે ભાઇચારો છે ત્યાંજ ન્યાય છે, પારમાર્થિક સ્વતંત્રતા છે, સાચી સમાનતા છે, ધર્મરાજ્ય છે. જ્યાં સુધી જીવનમાં અહિંસા-સમાન પ્રેમ ઓતપ્રેત થતા નથી ત્યાં સુધી સમાજસુધારણાના પ્રશ્નો નિરર્થક છે. કારણ? દરેકના હૃદયમાં એકમેકની પીછાણ થાય, નીતિમય જીવન થાય. એટલે અન્યાય ગુન્હા ઓછા થાય. યાને કાયદાની પણ જરૂર ન રહે. પણ જ્યાં ઇર્ષ્યા, દ્વેષ, મારવું અને મરવુંની નોબત ગગડતી હોય, ત્યાં તેનું નિયંત્રણ કરવા માટે સખ્ત થવાની અને કાયદાકાનુનોની જાળ પાથરવાની આવશ્યકતા મનાય છે. આ વિચાર સિદ્ધ સત્ય છે. આપણે બંકિમબાબુના કહેવા પ્રમાણે મહારાજા કૃષ્ણચંદ્રના જીવનમાં પણ દૃષ્ટિપાત કરીએ તો તેમની પાંડવ કૌરવના **યુદ્ધમાં હથીઆર નહીં લેવાની પ્રતિજ્ઞા** વાંચકના મન ઉપર અજબ અસર કરે છે. આ પ્રતિજ્ઞાના મૂળમાં પણ બાબુજીની માન્યતા પ્રમાણે અહિંસા-હિંસાનીજ છણવટ છે. વળી તેઓ આગળ વધીને કહે છે કે—

"માણસની ઉન્નતિનું મૂળ ધર્મની ઉન્નતિમાં રહેલ છે, **દેશનું નૈતિક પુનર્જીવન** પ્રકટાવવા માટે **ધર્મપ્રચાર** જોઈએ. જે થતાં સુધારો પણ એની મેળેજ થાય છે. આ સિવાય ઝાડની ડાળ ઉપર પાણી સીંચી, તેના ફળ મેળવવાની ઈચ્છા જેવું થાય છે. આપણે તે સમજી શકતા નથી જેથી સમાજનો સુધારો એ તેનાથી **કાંઈ જુદી બાબત** સમજી નકામો ખળભળાટ કરી મૂકીએ છીએ. કારણ? સુધારાવાળામાં પોતાનું નામ ખપાવે તો માણસને બહુ નામના મળે છે, અને તેમાં પણ **ઈંગ્રેજી રીત પ્રમાણે** સુધારો કરનારની આબરૂમાંતો કાંઇ મણાજ રહેતી નથી. એ સઘળા માણસો એટલું ધ્યાનમાં રાખે કે-"**રાજનૈતિક ઉન્નતિનું મૂળ** ધર્મની ઉન્નતિ છે" તો બસ છે. તે હશે તો બીજા બધા સુધારા એની મેળે થશે" નવલયુગના નવલકારો યુવકો કે યુવતિઓ આ વાંચશે કે?

બંગાળના ગવર્નર લૉર્ડ **લિટન** કહે છે કે-"આપણા ફોજદારી કાયદાના મૂળમાં **વેરનું તત્વ** રહેલું છે, તેને ઠેકાણે સુધારણાનું તત્વ દાખલ કરવું. × × નૈતિક ઉદ્ધારના સાધન તરીકે શિક્ષા (દંડ-માર)નો કશો ઉપયોગ નથી. અને એનો ત્યાગ થવો જોઇએ. દુખ દઇને અને શિક્ષા કરીને જોર જુલમથીજ જે નીતિ પળાવી શકાય એ **ખોટી નીતિ** છે. × × શિક્ષા કે દબાણથી કદી ન ઉત્પન્ન કરી શકાય એવી એક વસ્તુ તે **ભલાઈ** અથવા **નીતિ** છે એટલે દુષ્ટતા ટાળવા માટે અથવા ભલાઇ શિખવવા માટે કરવામાં આવતી બધી શિક્ષા સ્પષ્ટ રીતે હાનિકારક છે, ભલાઇ એ મનની સ્થિતિ છે તેમ આરોગ્ય એ શરીરની સ્થીતિ છે એટલે જેમ શરીરના દોષો શિક્ષા કરીને નથી મટાડી શકાતા, તેમ ચારિત્ર્ય-દોષો પણ શિક્ષાથી નહીં સુધરી શકે × × એવાં કામતો પરોપકારી સજ્જનોથીજ થાય?" આમાં પણ અશિક્ષા અને નીતિનો એક મૂંગો સંદેશ છે.

કેટલાક પુરાતત્વવિદો અહીં પુછે છે કે-પ્રભુ મહાવીરના આવા નૈષ્ઠિક સંદેશામાં આવશ્યકતાએ-છતાં નાખુશીએ લેવાતો વનસ્પતિ આહાર પણ અનૈચ્છિક છે. તો પછી માંસાહાર વિગેરેની આશા તો નજ રાખી શકાય! છતાં અમુક પાઠો એવા છે કે જે કદાચ પ્રક્ષેપકજ હોય, પણ તે ખરેખર પ્રક્ષેપક ન હોય તો એવા પાઠોનું શું રહસ્ય હશે?

આ પ્રશ્ન વ્યાજબી છે અને તેમ થવાનાં કારણો નીચે મુજબ છે.

(૧) એકતો કલ્પનાને ખાતર સ્વિકારી લઇએ કે-જેમ લેપ વિગેરેમાં અભક્ષ્ય દારૂ વિગેરેનો ઉપયોગ કરાય છે તેમ શરીરલેપ માટે કદાચ નિર્દોષ વસ્તુ પ્રાપ્તિની અપેક્ષા (ન) રાખી હોય એ સંભવિત મનાય ખરૂં.

(૨) બીજું-પ્રાકૃત માગધી અને સંસ્કૃત ભાષામાં કેટલીક વનસ્પતિનાં એવાં નામો છે કે-જેના

અર્થમાં વનસ્પતિ અને પક્ષિ એ બન્નેનો ભ્રમ થાય. જેમકે-**मत्स्या, मत्स्यखंडो, चक्रांगी, शकुलादिनी, ऐरावणी, वृकी, शीखंडीनी, (मास सरिसव.)** વિગેરે.

વળી પન્નવણા સૂત્રમાં વનસ્પતિના અધિકારમાં દરેક સ્થાને ફળના ગર્ભને બદલે **मांस** શબ્દનો અને દળિયાને બદલે **अस्थि** શબ્દનો પ્રયોગ થએલ છે.

આગમોમાંના બે અર્થ વાળા ઉપરોક્ત શબ્દ-પ્રયોગો સ્થૂલ બુદ્ધિમાં સંશય પાડે એ સ્વાભાવિક છે. પરંતુ તે દરેકનો અમુક વનસ્પતિ એવો અર્થ બંધ બેસતો છે.

(૩) ત્રીજું આપણે એ પણ નિકાલ કરી શકીએ કે-બીજાને મનથી પણ દુભવવામાં અન્યાય માનનારાઓ માંસ ખાવાનો ઉપદેશ આપે, એ કયા મગજમાં કબુલ કરવું?

હવે વિચારકના હૃદયમાં એકજ મુંઝવણ છે કે-વિક્રમ પછીના નિઘંટુ શાસ્ત્રમાં એ અર્થસંગતિ છે પણ તેની પહેલાના ગ્રંથોમાં ઉપરોક્ત અર્થસંકળનો મળે નહીં ત્યાં સુધી આપણો તે ખુલાસો યથાર્થ છે એ કેમ માની શકાય? પણ તેમાં મુંઝાવા જેવું કશુંય નથી. કારણ? સ્પષ્ટ છે કે ભાષાના ક્રમ ઉપર વ્યાકરણ રચાય છે. તેમ લોક વ્યવહારના શબ્દોના સંગ્રહ માટે નિઘંટુ કે **શબ્દકોષ** રચાય છે એટલે જે નામો શબ્દગોચર હોય છે તેનેજ કોષમાં સ્થાન મળે છે. આ રીતે પ્રભુ મહાવીરના વખતમાં કે વિક્રમાર્કના વખતમાં જે શબ્દો જે અર્થમાં લોકપ્રસિદ્ધ હતા તેનો આગમોમાં અને ગ્રંથોમાં ઉલ્લેખ થયો, જેથી પછીના નિઘંટુકારોએ પોતાના કોષમાં તે નામોને દાખલ કર્યા.

વળી કદાચ આ શબ્દાર્થોને નિરૂપયોગિ કે અપ્રાસંગિક બાબત માની વૈદિક નિરુક્તોમાં સ્થાન મળ્યું નહીં હોય. કેમકે "દરેક ગ્રંથકારો દરેક શબ્દોનો સંગ્રહ કરેજ" આવો એકાંત્રિક નિયમ નથી. અર્થાત્ એતો ગ્રંથકારની સ્વતંત્રતાની બાબત છે.

શ્રી **નેમિનાથચરિત્ર**ના વાંચકો કહે છે કે-રાજીમતીના લગ્નમાં માંસવ્યવહાર હતો, અને પોતાની જાનમાં શ્રી નેમિનાથજી બળભદ્ર અને કૃષ્ણચંદ્ર વિગેરે જૈનો હતા તો શું તેઓ માંસ લેતા હશે?

આના ખુલાસામાં એટલુંજ કહેવાય કે-તે જ્ઞાતિ બંધારણનો પ્રશ્ન છે. કેમકે તે કાળમાં જૈન અને જૈનેતરો એક જ્ઞાતિમાં રહી પરસ્પર રોટી બેટીનો વ્યવહાર કરી શકતા હતા. જેમાં જ્ઞાતિના નિયમો એક સરખાજ લાગુ પડતા. જેથી **ઉગ્રસેન**ની જ્ઞાતિમાંના જૈનેતરો માંસ લેતા હોય, અને વ્રતધારી જૈનો માંસ ન લેતા હોય એ સંભવિત છે. આથી તે જ્ઞાતિવ્યવહારનો દોષ હરકોઇ ધર્મવ્યવહારમાં આરોપી શકાય નહીં. અરે ચોથા વર્ષનું દૃષ્ટાંત લઇએ કે-"એક મૂર્તિ નહીં માનનાર જૈન વણિક જ્ઞાતિમાં લગ્નપ્રસંગે અભક્ષ્ય મનાતા બટાટાનું શાક થયું હશે. એટલે એક વિચારક વ્યક્તિએ પુછ્યું કે "આ અભક્ષ્ય શાક કેમ કર્યું?" જેથી ઉત્તર મળ્યો કે-"મીસ્ટર...તમો લેશો નહીં" એમ કહી આખી જ્ઞાતિમાં તે શાક પીરસાયું. માત્ર અભક્ષ્યના ત્યાગીઓએ તે શાકનો સ્પર્શ કર્યો નહીં. હવે આવા જ્ઞાતિના પ્રશ્નોનું જોખમ તેજ જ્ઞાતિના અમુક એક માન્યતાવાળા સમુદાય ઉપર કેમ ઓઢાડાય?

આ ઉપરાંત અર્વાચિન બીજી જ્ઞાતિઓમાં લગ્ન પ્રસંગે કુંગળી દારૂ કે અમુક વસ્તુઓનાં બંધારણો ગોઠવાઇ ગયાં છે જેમાં ઘણાં ધર્મવાળા જમવા જાય છે અને જેને જે વસ્તુઓનો ત્યાગ હોય છે તેઓ તે પદાર્થને સ્પર્શતાજ નથી. પણ અમુક વસ્તુની પ્રતિજ્ઞા વાળો પુરૂષ તે જ્ઞાતિની સાથે સંબંધ રાખે છે, એટલા પરથી તે દોષિત થતોજ નથી.*૭

---

* ૭-ઉનાવા. (પેથાપુર)નો કુંભાર **નારણજી** અણગળ પાણી વાપરતો નથી. તે વાસણ વિગેરે બનાવવામાં પણ ગળેલ પાણીજ વાપરે છે. વળી ત્યાંનો **હરિ** ભંગીઓ પણ ગળેલુંજ પાણી વાપરે છે. તેણે મકાનના ચણતરમાં ગળેલ પાણીનીજ વ્યવસ્થા રાખી હતી. તથા તે અભક્ષ્ય દારૂ લેતો નથી. હવે આ બન્ને વ્યક્તિઓ મુંબઇ જાય કે પોતાનાજ પુત્રના લગ્નમાં, જ્યાં તેના નાતીલા અણગળેલ પાણી પીવે, અને દારૂ વિગેરેની વપરાશ કરે. પરંતુ તેથી એમ ન કહેવાય કે-તે નારણજી અણગળેલ પાણી વાપરતો હશે. અને તે હરિ અણગળેલ પાણી, દારૂ, કે માંસ વાપરતો હશે.

એટલે અહિંસાનો ઝૂંડો ફરકાવનારમાં આવી છુટ છાટ માનવી, એતો નરી કલ્પનાજ છે.

આ દરેકનો નિષ્કર્ષ એ નીકળે છે કે-દરેક બાબતમાં પ્રત્યેક આત્મા જેવો બીજો કોઇ જોખમદાર નથી. તેથી જિનેશ્વરોએ જ્ઞાતિ, સમાજ કે દેશસુધારણાના પ્રશ્નોને અનાવશ્યક માની આત્મસુધારણાનો પ્રશ્ન સ્વતંત્ર હાથ ધર્યો છે.

આ જીવનસુધારણાનું મૂળ અંગ, અભેદ-અખેદ યાને ભ્રાતૃભાવ છે.

આ પ્રમાણે તીર્થંકરોનો તત્વોપદેશ છે.

૬. જીવનનાં સંસ્મરણો.

આપણે ઉપર જોઇ ગયા કે-પ્રત્યેક ઉન્નતિનું મૂળ **ધર્મ** છે, તો આ બાબતમાં સમાજને પણ એવો આદર્શ પુરૂષ મળવો જોઇએ, કે જે જીવનસુધારણામાં સંપૂર્ણ હદે પહોંચેલ હોય.

હિંદીઓએ દરેકે દરેક સારાં નરસાં કાર્યોમાં જુદા જુદા આદર્શો ગોઠવ્યા છે. જેમકે શિલ્પમાં વિશ્વકર્મા, કામવિલાસમાં લક્ષ્મીપુત્ર, ન્યાયીશાસનમાં રામચંદ્ર, યુદ્ધમાં કૃષ્ણ, બાણાવળીમાં અર્જુન. તેમ જેમાંથી દરેક ઉચ્ચ બાબતોનું શિક્ષણ મળે એવો આદર્શ પુરૂષ કોણ ?

ભલે, ઉપાસક તે પુરૂષને પ્રથમ સાધનામાં યથાર્થ ઓળખી ન શકે પણ સાધનાના પરિણામે અંતિમ ધ્યેયે પહોંચી શકે. એવો સ્વયંસિદ્ધ આદર્શ હોવો જોઇએ. આવા આદર્શ નરો તીર્થંકરો છે.

જે પૈકીમાં અંતિમ તીર્થંકર **શ્રી મહાવીર સ્વામી** છે.

એટલે હવે તેમના **ચરિત્રભાગો** તપાસી લઇએ.

પૂર્વભવ—પૂનર્જન્મ માટેની માન્યતા ઉપર સ્પષ્ટ કરેલ છે. પ્રભુમહાવીરના પૂર્વના ૭૭વીશ જન્મોનું વૃત્તાંત મળી શકે છે. બૌદ્ધ સંજ્ઞામાં આવા પૂર્વભવોને **જાતકસંગ્રહ** કહે છે.

ગર્ભાપહાર—મહારાજા કૃષ્ણચંદ્રના વડીલ બંધુ **બળભદ્ર** માટે એવું બન્યું છે કે-દેવે દેવકીના સાતમા ગર્ભને રોહિણીના ઉદરમાં સ્થાપ્યો હતો. જેનો જન્મ થતાં **બળભદ્ર** નામ રાખ્યું હતું. જ્યારે દેવકીજીએ મૃતબાલિકાને જન્મ આપ્યો હતો.

દેવકીજીનો આઠમો ગર્ભ તે મહારાજા કૃષ્ણચંદ્ર છે.

આજ પ્રમાણે પ્રભુ મહાવીરસ્વામી માટે બન્યું છે.

તેઓ **વિશાલા** નગરીમાં બ્રાહ્મણકુંડ પરામાં ઋષભદત્ત બ્રાહ્મણની **શ્રી** દેવાનંદાની કુક્ષિમાં ૮૨ દિવસ સુધી ગર્ભપણે રહ્યા હતા. ત્યાર પછી **હરિણગમેષી** દેવે ગર્ભપરાવર્તન કર્યું, એટલે ક્ષત્રિયકુંડ પરાના સિદ્ધાર્થ ક્ષત્રિયની **શ્રી** ત્રિશલાદેવીની કુક્ષિમાં ઉતરી જન્મ પામ્યા હતા. જોકે આ વાત અજ્ઞબુદ્ધિથી સ્વિકારી શકાય તેવી નથી. જ્યારે બુદ્ધિશાળિઓને આ બનાવમાં જરાય અવિશ્વસ્યતા લાગતીજ નથી. કેમકે અત્યારના ડૉક્ટરો બહુ સાવચેતીથી એકબીજી સ્ત્રિઓના ગર્ભનો પાલટો કરી શકે છે. તો પછી આ કાર્ય કરવામાં દૈવી સામર્થ્ય અશક્ત મનાય ? હરગીજ નહીં. આ ગર્ભાપહારની શાહેદી **શ્રી ભગવતી** સૂત્રમાં છે.

દંપતીવ્યવહાર—જો સ્ત્રી અને પુરૂષ આખી રાત્રિ શય્યામાં સુઇ રહે તો બ્રહ્મચર્ય પાળવા છતાં સ્ત્રીના શરીરનાં આકર્ષણ-તત્વોથી પુરૂષના શરીરમાં ધસારો શરૂ થાય છે અને પરિણામે યુવાવસ્થામાંજ પુરૂષને ક્ષય લાગુ પડે છે. માટે દંપતીએ અલગ અલગ શયન કરવું જોઇએ. આ અત્યારના ડોક્ટરોનો જાહેર અભિપ્રાય છે પણ આપણે શ્રી **કલ્પસૂત્ર**ના સ્વપ્નના અધિકારમાં જોઇ શકીએ છીએ કે-(ઋષભદત્ત અને દેવાનંદા તથા) સિદ્ધાર્થ ક્ષત્રિય અને ત્રિશલા ક્ષત્રિયાણીનાં શયનસ્થાનો જુદાં જુદાં હતા, જેથી ત્રિશલા ક્ષત્રિયાણીએ સ્વામી પાસે જઇ પોતાનું સ્વપ્ન કહી સંભળાવ્યું હતું. આ પાઠમાં ગર્ભના ત્રીજે મહીને શુદ્ધ બ્રહ્મચર્યની ઝાંખી છે.

જ્યાં આવું નિરૂપમ ગૃહસ્થજીવન હોય, નૈષ્ઠિક બ્રહ્મચર્ય હોય, ત્યાં સમર્થતાની વિશ્વોદ્ધારક પુત્રની માતા થવાનું ભાગ્ય સાંપડે એમાં શું નવાઇ ?

દંપતીવ્યવહારમાં રહેલાંને આ આદર્શ શું શીખવે છે ?

ગર્ભનું જ્ઞાન—પ્રથમ ગર્ભમાં ઉત્પન્ન થાય ત્યારે શરીરની ખામીને લીધે જીવો બેભાન હોય છે. છતાં કેટલાક જીવોની જ્ઞાનદશા સતેજ હોય છે. પાંચમા માસે ગર્ભ-શરીરનાં ઉપાંગો વ્યક્ત થાય છે ત્યારે સામાન્ય જીવોની પણ સ્વાભાવિક આત્મજાગૃતિ હોય છે. **શિવાજી** ગર્ભમાં હતો ત્યારે તેના માતાજીના વિચારોમાંજ શિવાજીના ભવિષ્યની પીછાણ થાય છે. એ ગર્ભમાં રહેલો શિવાજી પોતાની જનની **જીજીઆ**નાં મન વચન અને શરીર-દ્વારા ક્ષત્રિયબળને બહાર કાઢતો હતો. (આ બાબતનો **દોહદમાં** સમાવેશ થાય છે.)

અભિમન્યુનો ચક્રાવો વાંચનાર તો કુદીને કહી શકે છે કે અભિમન્યુને સુભદ્રાની કુક્ષિમાંજ ચક્રયુહના કોઠાનું જ્ઞાન મલ્યું હતું.

શ્રીમતી **ભગવતી**જીમાં લખેલ છે કે-'ગર્ભના જીવો યુદ્ધના આવેશમાં આવી જાય છે ઉશ્કેરાઇ જાય છે વૈરાગ્ય રસને પી શકે છે અને મૃત્યુ પામે તો દેવ મનુષ્ય વિગેરે પરગતિનો બંધ પાડે છે.' એટલે ગર્ભસ્થ જીવોમાં પણ આત્મદશા-જ્ઞાનચેતના જાગૃત હોય છે. પ્રભુ મહાવીરને પણ ગર્ભમાંજ સુંદરતમ જ્ઞાન વ્યક્ત હતું.

તેમણે મારાં અંગોપાંગના સંચલનથી માતાને દુઃખ થશે એમ માની ગર્ભમાં અંગોપાંગ સંકોચ્યાં. પરંતુ ત્રિશલા દેવીએ ગર્ભ મૃત્યુ પામ્યો હશે ઇત્યાદિ ચિંતવી છાતીફાટ રૂદન કર્યું તેમણે પોતાના સહેતુક પ્રયત્નનું આવું વિચિત્ર પરિણામ દેખી એક આંગળીને હલાવી. જેથી ત્રિશલા માતાએ પણ હર્ષમાં આવી જઇ પોતે કરેલી ખોટી કલ્પના માટે પશ્ચાત્તાપ કર્યો.

અત્યારે પણ ગર્ભ નિશ્ચેષ્ટ થતાં માતાને આવુ દુઃખ થતું અનુભવિએ છીએ.

જન્મ—૯ માસ અને ૭ દિવસ થતાં ચૈત્ર શુદિ ૧૩ દિને સિદ્ધાર્થ ક્ષત્રિયની પત્ની ત્રિશલા ક્ષત્રિયાણીએ બાલકને જન્મ આપ્યો. જેનું નામ રાખ્યું **વર્ધમાન** કુમાર.

આ વર્ધમાનકુમાર આત્મભાન પણ ખોવાઇ જાય એ પ્રસંગોમાં પણ જરાય અસ્થિર થયા નથી. વીરતાથી અટલ રહી અનેક ઉપસર્ગની કસોટીમાં પસાર થયા છે જેથી તેઓના યથાર્થ ગુણને દર્શાવનારા "વીર" અને "મહાવીર" એવાં નામો જગજાહેર થયાં છે.

ઇતિહાસ કહે છે કે-વિશાલાનું રાજ્ય **ગણુસત્તાક** હતું. એટલે પાર્લામેંટ-ધારાસભાની જેમ મોભાદાર અગ્રેસરોના મંડળથી રાજ્યવ્યવહાર ચાલતો હતો. જેમાં સિદ્ધાર્થ ક્ષત્રિય હોદ્દાદાર હશે, કેમકે-તેઓ ધનધાન્યની સમૃદ્ધિવાળા, ચતુરંગી સેનાવાળા, પ્રજામાં રાજા જેવી આજ્ઞા પ્રવર્તાવનાર, સત્તાદાર અને જ્ઞાત કુલમાં અગ્રેસર હતા.

આ ઉલ્લેખ કરવાનો હેતુ એ છે કે બ્રાહ્મણકુંડ કે ક્ષત્રિયકુંડનું સ્વતંત્ર રાજ્ય ન હતું. કદાચ સ્વતંત્ર રાજ્ય હોય તો પણ તે વિશાળ રાજ્ય ન કહી શકાય. જ્યારે આપણે અર્વાચીન કાળમાં સિદ્ધાર્થ ક્ષત્રિયને "રાજા" તરીકે ઓળખીએ છીએ. તેનું કારણ એજ મનાય કે તેઓ રાજ્યમંડળમાં એક ઉચ્ચસ્થાનના માલેક હતા આટલા પુરતુંજ.

બાકી શ્રી કલ્પસૂત્ર અને આવશ્યક નિર્યુક્તિમાં તો વિશેષ પ્રકારે "ક્ષત્રિય" અને "ક્ષત્રિયાણી" શબ્દનાંજ સંબોધનો છે, એટલે આ બાબતમાં સંપૂર્ણ શોધ થવાની જરૂર છે.

બાળવય—વર્ધમાન કુમારના કુમાર દશાના બધા જીવનપ્રસંગો મળી શકતા નથી, કેમકે દોડવું, ખાવું, પીવું, મારવું, કુટવું. એકડો ગોખવો ઇત્યાદિ પ્રસંગો કાંઇ આદર્શ જીવનમાં આવશ્યક નથી. આ સ્થિતિ, બુદ્ધ, કૃષ્ણ, પાતંજલ, શંકર, વ્યાસો, રામાનુજ ખલીફા-જરથોસ્ત ઇસુ અને **ચોહાન** વિગેરે હરકોઇના ચરિત્રમાં સમાન છે. કેમકે તે દરેકના બાલ્યાવસ્થાનાં સંભારણાં મળતાંજ નથી. પરંતુ જ્યારથી આદર્શતાનાં કાર્યો કર્યા હોય ત્યારથી તેઓનું જીવન આવશ્યક છે, અને લેખકો પણ તેની નોંધ લ્યે છે.

છતાં વર્ધમાન કુમારનું નૈષ્ઠિક-કૌમાર્યબળ દર્શાવવાને 'આમલકીક્રિડા' 'લેખનશાલા' વિગેરે સ્મૃતિઓ મોજુદ છે.

દીક્ષા—જગતના સમસ્ત પ્રાણીઓને એક કુટુંબ માનનારા વર્ધમાન કુમારને સગાં ભાઇ સ્ત્રી પુત્રિ રાજ્ય આટલા પુરતા કુંડાળામાં મારાપણું રાખવું એ ઉચિત લાગ્યું નહીં. વળી જ્યારે પરસ્પરની ઇર્ષ્યા દ્વેષ હિંસા અધર્મથી જગત ધમધમી રહ્યું હતું ત્યારે કયો સુજ્ઞ સુઇ શકે ? એટલે તેમણે દરેક અસ્થિર વસ્તુનો મોહ ત્યજી દિક્ષાનો સ્વિકાર કર્યો-જગતના ઉદ્ધાર માટે **દેહ-કર્મયજ્ઞ** આદર્યો.

ઉપસર્ગો—તેઓએ આદર્શની કોટિએ પહોંચતાં પહોંચતાં બહુ વેઠ્યું, નિર્ભયતાથી વિટંબનાઓમાં પેઠા અને પસાર થયા. અરે દુઃખોનો જ્વાળામુખી સળગાવનાર **સંગમક** પ્રત્યે પણ માત્ર " મારા નિમિત્તે આ દેવનું ભાવિ શું થશે ? એનો ઉત્તર હૃદયદ્રાવક છે" એજ વિચારથી દયાર્દ્ર મનથી આંખનાં આંસુ વરસાવવાનોજ બદલો વાળ્યો; નહીં કે રોમાંચમાં પણ માઠું ચિંતવીને.

હાલમાં તેઓનાદેહ સામર્થ્યની કે સહનશીલતાની ઝાંખી કરાવનાર દૃષ્ટાંત બીલ્કુલ મળી શકશે નહિ. છતાં સામાન્ય ખ્યાલ આપવા માટે એટલું કહી દઇએ કે-વીશમી સદીના પ્રો૦ રામમૂર્તિ સેંડો અને પ્રો૦ કે. કે. શાહ જેવા વિરલાઓ હેરત પમાડે તેવા સામર્થ્યબળથી જગતનું અગ્રસ્થાન ભોગવે છે તો પછી આવી પરમોચ્ચ વિભૂતિનું શું સામર્થ્ય ? કે સહનશીલતા ? તે કોણ કથી શકે.

તેમની નિર્ભયતાનો નમુનો ચંડકૌશિકના દૃષ્ટાંતમાં સોળેસોળ કળાથી ખીલેલ છે. જેમ મદારી સાપને રમાડે તેમ તેઓ પોતાના શરીરને યથેચ્છપણે રમાડી શકતા હતા, આ તીવ્ર દેહસાધનાના પરિણામે હાલવું, ચાલવું, ઉઠવું, બેસવું વિગેરે ક્રિયાઓ કરવા છતાં કદાચ છ છ માસ સુધી આહાર પાણી ન મળે તો તેમના દેહને રંચમાત્ર ગ્લાનિની અસર થતી ન હતી.

લેશ્યા—તેઓના ત્રાટક પ્રાણાયામ અને સમાધિ અપ્રયાસસિદ્ધ હતા. મેસ્મેરિઝમની અદ્‌ભૂત શક્તિ સ્મૃતિસાધ્ય હતી. તે પ્રભુને તપસ્યાથી અને સ્વાત્મલીનતા સમાધિથી ક્રોધના કિરણમાં જગતને ભસ્મીભૂત કરનાર **તેજોલેશ્યા**, અને કૃપાકટાક્ષથી ધગધગતા પદાર્થમાં-જ્વાળામુખીમાં પણ અપૂર્વ શાંતિ પ્રકટાવનાર **શીતલેશ્યા** વિગેરે અગણ્ય શક્તિઓ પ્રકટી હતી.

પણ તેઓનું સાધ્યબિંદુ આ દરેક પદાર્થોથી પર, કાંઇ નિરાળી શાંતિ તરફ હતું. અર્થાત્ વર્ધમાન પ્રભુના મનોજય અને દેહસાધના અતિ ઉચ્ચ કક્ષાનાં હતાં.

ગોશાળો—શ્રી વર્ધમાન પ્રભુના છદ્મસ્થ જીવનમાં ખટકતો પ્રસંગ ગોશાળાનો છે. જે અર્વાચિન વિચારકોને બેડોળ લાગે છે. ગોશાળાની પ્રાથમિક જીંદગી નિઃસત્વ છે પણ પ્રભુ મહાવીરના સંસર્ગથી અને પાર્શ્વનાથ પ્રભુના સંતાનિય મુનિઓ પાસેના અધ્યયનથી તેમનો સારો વિકાસ થયો છે. તે એક કાળે મૂર્ખ જેવો હતો, અને તેજ બીજી વખતે "જિન" જેવી સંજ્ઞાથી બનાવટી દર્શન આપે છે. આ ઘટનામાં માત્ર ગુપ્ત શક્તિનો અપૂર્ણ વિકાસજ છે. જે વિકાસ થવાના હેતુરૂપ ઉપરોક્ત બન્ને પ્રસંગો છે. જૈન ગ્રંથોમાં ગોશાળાનું જીવન એવું આલેખાયું છે કે તે સામાન્ય વાંચકોને અતિશયોક્તિથી ભરપૂર લાગે છે. બીજી બાજુ જૈનગ્રંથો અને બૌદ્ધગ્રંથો ગોશાળાને **ધર્મસ્થાપક** તરીકે ઓળખાવે છે. તો પછી ગોશાળાનું યથાર્થજીવન આળેખવામાં કયા ઉલ્લેખો પ્રમાણવાહી છે ? એ પ્રશ્ન છે. પણ અત્યારના કેટલાંક દૃષ્ટાંતો આ પ્રશ્નની ગુંચવણનો સરલ નિવેડો લાવે છે.

અત્યારે કેટલીક વ્યક્તિઓ એવી છે કે-જેની બાલ્યવયમાં તેની માતાઓ " આ બાલક કોઇ બીજીના છોકરા સાથે બદલાવી લઉં તો સારૂં " એવો બળાપો કરતી હતી, તેજ બાળકો ભવિષ્યમાં મહાન પુરૂષ તરીકે પ્રસિદ્ધિ પામે છે. અરે તદ્દન નજીકમાંજ આંખ ઉઘાડીએ તો. ધર્માનન્દ કોશાંમ્બી અને પ્રો૦ + + + + નું જીવન કેટલું વિચિત્રતાપૂર્ણ છે ?

આજ રીતે ગોશાળો પણ ચીંથરે વીંટ્યું રતન છે. માત્ર તે લોક કહેતી પ્રમાણે " ભણેલ પણ ગણેલ નહીં " બુદ્ધિશાળી પણ બુદ્ધિનો ઉપયોગ કરવાની ખામી વાળો સદ્‌જ્ઞાની નહીં પણ વિરૂપજ્ઞાની હતો.

તે ખામી વીરપ્રભુના સહવાસથી અલ્પાંશે દૂર થાય છે.

એટલે જૈન ગ્રંથોમાં આલેખેલ ગોશાળાનો પ્રસંગ બીલકુલ સચ્ચાઇથીજ પૂર્ણ છે.

જ્ઞાન—પ્રભુ મહાવીરને સંપૂર્ણ જ્ઞાન હતું જ્યારે નિયત કરેલ જગતના પદાર્થોની-દ્રવ્યોની વ્યવસ્થા હજી પણ તેઓના જ્ઞાનસામર્થ્યની સાક્ષી આપે છે તેઓનો ઉપદેશ જગતના ઉદ્ધારની ચાવી છે.

મોક્ષ—તેઓએ જડ-ચૈતન્યની વહેંચણી કરી, આત્માને પોતાના મૂળ સ્વરૂપમાં સ્થાપી, આનન્દ-મય-સ્થાનની પ્રાપ્તિ કરી. આ મોક્ષની પ્રાપ્તિ એ પ્રભુ મહાવીરના આદર્શમાં અંતિમ સૂત્ર છે.

ઉપસંહાર—વીરચરિત્રનો લેખક કોણ હોઇ શકે ? તેણે કેટલું વિચારક થવું ઘટે ? તેની રેખા માત્ર આ નિબંધમાં દર્શાવવાથી આ નિબંધનું નામ "વીરચરિત્રનો લેખક" એવું રાખેલ છે.

વાંચકો વાંચી વિચારી યોગ્ય સૂચના આપશે. એ ઇચ્છા સાથે આ **રેખાચિત્ર** પુરૂં કરૂં છું.

શ્રી મહાવીરના શ્રાવકો.

શ્રી મહાવીરજયંતી પ્રસંગના જૈનયુગનો આ ખાસ અંક હોવાને લીધે આમાં શ્રી વીરપ્રભુના ચરિત્રને અનુસરતા લેખોજ વિશેષ શોભારૂપદ થાય એવા હેતુથી જૈનયુગના માનદતંત્રી શ્રીયુત મોહનલાલ દલીચંદભાઇ દેશાઇએ પસંદ કરી બહાર પાડેલા વિષયો પૈકીના 'શ્રી મહાવીરના શ્રાવકો' આ વિષય ઉપર યથામતિ બે શબ્દો લખવા આ પ્રયત્ન આદર્યો છે.

શ્રી મહાવીર પ્રભુના મહાન્ શ્રાવક સમુદાયમાં વિવિધગુણસમ્પન્ન અનેક શ્રાવકો હશે પરંતુ વાચનના પરિણામે અને શોધખોળના અંગે મને જેના જેના સંબંધે માહીતી મળી શકી તેટલાનોજ અહિં ઉલ્લેખ કરીશ, અને તે પણ લેખ વિશેષ લાંબો ન થઇ જાય તેવા ભયથી ટુંકાણમાંજ પતાવીશ માટે વિશેષ જાણવા માટે તેમનાં ચરિત્રો વિગેરે જોવાં.

૧. ચેટક રાજા.

એ વિશાલી નગરીના મહાન્ પ્રતાપી રાજ્યકર્ત્તા હતા, ક્ષત્રિયકુંડ ગ્રામના શ્રી સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલાના સગા ભ્રાતા હોવાને લીધે શ્રીમહાવીર સ્વામીના મામા થતા હતા. એમનું રાજ્ય અત્યંત વિશાળ હતું, નવમલ્લઇ અને નવલચ્છઇ સંજ્ઞક કાશી અને કૌશલ દેશના રાજાઓ અને પાવાપુરીનો રાજા હસ્તિપાળ વિગેરે એમના આજ્ઞાધારક ખંડણી ભરનારા રાજાઓ હતા. ગમે તેવા વિકટ પ્રસંગે પણ એક દિવસમાં એકથી અધિક બાણ કદિ છોડયું નથી એવી દૃઢ પ્રતિજ્ઞા પાળનાર હોવાથી એમનામાં કેટલું શૌર્ય, ધર્મપ્રેમ અને પ્રાણીઓ પ્રત્યે દયાભાવ હશે એ ચોખ્ખુ જણાઇ આવે છે, દૈવી સ્ખલના શિવાય એમનું બાણ કદિ પણ નિષ્ફલ જતું નહી. એમની સાતે પુત્રીઓ મહાસતી પરમ શ્રાવિકા હતી. તેમનાં નામ નીચે મુજબ—

૧. **પ્રભાવતી** વીતભયપત્તનના રાજા ઉદયનની પટ્ટરાણી.

૨. **પદ્માવતી**-ચંપાનગરીના દધિવાહન રાજાની પત્ની અને પહેલા પ્રત્યેકબુદ્ધ કરકંડુની માતા.

૩. **મૃગાવતી**—કૌશાંબી નગરીના શતાનીક રાજાની પત્ની.

૪. **શિવા**—ઉજ્જયિની નગરીના ચંડપ્રદ્યોત રાજાની પટ્ટરાણી.

૫. **જ્યેષ્ઠા**-કુંડપુરના સિદ્ધાર્થરાજાના પુત્ર અને મહાવીરના વડિલબંધુ નંદિવર્દ્ધનની પત્ની.

૬. **સુજ્યેષ્ઠા**-શ્રેણીકે પ્રપંચ કરી ચેલણાને વરી તેથી કુંવારાવસ્થાએજ દીક્ષા લીધી.

૭. **ચેલણા**-રાજગૃહનગરના રાજા શ્રેણિકની પત્ની

ચેટકરાજા શ્રી મહાવીર પ્રભુના મામા હોવાને લીધે અને જૈનધર્મની અભિવૃદ્ધિને માટે પોતાની રાજ્યઋદ્ધિનો

બનતો ભોગ આપેલો હોવાથી બૌદ્ધગ્રંથોમાંથી આ ચેટકરાજા સંબંધે વિશેષ કંઇ પણ માહિતી મળતી નથી માત્ર એમની રાજધાની વિશાળા નગરીને પાંખડીઓની ભૂમિકા અથવા શારદાપીઠના નામે ઓળખાવી છે.

૨ શ્રેણિકરાજા.

રાજગૃહ નગરીના રાજા પ્રસેનજીતનો પરમપુણ્યશાલી સકળ ગુણસંપન્ન પુત્ર બૌદ્ધગ્રંથોમાં એને બિંબિસારના નામે ઓળખવામાં આવે છે, એ પ્રથમથીજ જૈનધર્માનુયાયી નહોતો, પરંતુ ચુસ્ત જૈનધર્માનુયાયી ચેટકરાજાની પુત્રી પરમશ્રાવિકા ચેલ્લણા સાથે લગ્ન થયા બાદ પોતપોતાના ધર્મગુરૂઓ સંબંધે પરસ્પર ચર્ચા થતી તેના પરિણામે અંતે સુવર્ણની પેઠે પરીક્ષા કરી રાજા શ્રેણિકે જૈનધર્મ અંગીકાર કર્યો અને પ્રભુ મહાવીરનો પરમભક્ત બન્યો.

જિનેશ્વર વર્દ્ધમાન પર, તેમનાં સાધુસાધ્વીઓપર અને જૈનધર્મ ઉપર તેમની એટલી અડગ શ્રદ્ધા થઇ હતી કે દેવતાઓએ માછીની જાળ પકડેલા સાધુનું અને ગર્ભવંતી સાધ્વીનું રૂપ વિકુર્વી માર્ગમાં મળી દરેક સાધુસાધ્વીઓને પોતાના જેવા અને તેથી પણ વિશેષ કુત્સિતાચારપરાયણ (ખરાબ ચાલના) જણાવ્યા છતાં જરાપણ શ્રદ્ધામાં ભેદ પડયો નહી.

શ્રેણિકરાજા હમેશાં સુવર્ણના એકસોઆઠ યવ ધડાવી ત્રિકાળ જિનપૂજન કરતો એવું વર્ણન મેતાર્ય રૂષિની કથામાં આવે છે તેથી પ્રભુપૂજા ઉપર એમની કેટલી ભાવના હતી એ સ્પષ્ટ જણાય છે.

એમનાથી જન્મભરમાં એકે શ્રાવકના વ્રતનું પાલન થઇ શકયું નહોતું પરન્તુ માત્ર પ્રભુ મહાવીર ઉપર નિઃસીમ હાર્દિક ભક્તિભાવને લીધે તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું. એમના પુત્ર નંદિષેણ-મેઘકુમાર હલ્લ વિહલ્લ વગેરે શ્રી મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી હતી.

૩. અભયકુમાર.

પોતાના પિતાના ઠપકાને લીધે મુસાફરીએ નીકળેલા શ્રેણિક કુમારે પોતાના અનેક નિર્મલ ગુણોના પરિચયથી બેનાતટનિવાસી ધનવાહ શ્રેષ્ઠીની પુત્રી સુનંદા સાથે પાણિગ્રહણ કર્યું હતું તેનો પુત્ર અભયકુમાર મહાનબુદ્ધિશાલી અને અત્યંત વિચક્ષણ હતો. ગમે તેવા વિષમકાર્યમાં પણ એની બુદ્ધિ કદી પણ મુંઝાતી નહીં. એજ હેતુથી આજ પણ બેસતા વર્ષે ચોપડા લખવાની શરૂઆતમાં **'અભયકુમારની બુદ્ધિ હજો'** એમ લોકો લેખે છે.

આ અભયકુમાર સંબંધે જૈન ગ્રંથોમાં ઘણું વર્ણન કરવામાં આવેલું છે પરંતુ બૌદ્ધ ગ્રંથોમાં પણ એને નિગંઠ નાત્તપુત્તનો અનુયાયી જણાવેલો છે. જુઓ મજ્ઝિમનિકાયના ૫ મા (અભયકુમાર) સુત્તમાં લખ્યું છે કે–"નિગ્ગન્ઠ નાતપુત્તે તેને (અભયકુમારને) બુદ્ધની સાથે વાદ કરવા મોકલ્યો હતો. પ્રશ્ન એવો ચાલાકી ભરેલો તૈયાર કરવામાં આવ્યો હતો કે બુદ્ધ તેનો ગમે તેવા હકાર અગર નકારમાં જુવાબ આપે પણ તે સ્વાવરોધવાળા ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ દોષમાં સપડાયા વિના રહેજ નહી. પરંતુ આ યુક્તિ સફળ થઈ નહી અને પરિણામ તેથી ઉલટું આવ્યું કે અભય બુદ્ધાનુયાયી થયો. આ વર્ણનમાં નાતપુત્તના સિદ્ધાંત ઉપર પ્રકાશ પાડે એવું કંઇ તત્ત્વ નથી.

૪. ઉદયન રાજર્ષિ.

એ વીતભયપત્તનનો પ્રતાપી રાજા હતો, એને ચેટકરાજાની પુત્રી પ્રભાવતી નામે રાણી હતી, એકદા કોઇ વહાણના વેપારીએ ગોશીર્ષચંદનની દેવાધિદેવની પ્રતિમા રાજાને આપી તેની પૂજા કરી રાજા વાજીંત્ર વગાડતો હતો અને પ્રભાવતી રાણી ભક્તિથી નૃત્ય કરતી હતી. અનુક્રમે પ્રભાવતી મરણ પામી સ્વર્ગે ગઇ ત્યારે રાજાની આજ્ઞાથી તે પ્રતિમાની પૂજા કુબ્જિકા દાસી કરવા લાગી. એકદા ગંધાર નામનો શ્રાવક તે પ્રતિમાના દર્શન કરવા આવ્યો, દૈવયોગે તે માંદો પડયો, તેની ચાકરી તે દાસીએ કરી તેથી ખુશી થઇ ગંધારે તેણીને કેટલીક ગુટિકા આપી પછી તે ત્યાંજ મરણ પામ્યો. ગુટિકાના પ્રયોગથી તે દાસી મનોહર રૂપવતી થઇ તેથી તે ગુટિકાના અધિષ્ઠાયક દેવના સાહાય્યથી ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતના હૃદયમાં વસી. તે રાજા અનલગિરિ હાથી ઉપર ચઢી આવી તે પ્રતિમા સહિત દાસીનું હરણ કરી ગયો. તેની ખબર પડતાં ઉદયન રાજા ઉજ્જયિની-(અવંતી)

નગરીમાં સૈન્ય સહિત આવ્યો અને ચંડપ્રદ્યોતનો પરાજય કરી તેને પકડી કેદ કર્યો તથા તેના કપાળમાં 'આ દાસીપતિ છે' એવા અક્ષર લખ્યા. પછી ઉદાયન તે પ્રતિમા લેવા ગયો પરંતુ પ્રતિમા ચાલી નહી, છેવટ તેના અધિષ્ઠાયકે કહ્યું કે–"વીતભયપતન નગર ધૂળથી દટાઇ જશે માટે આ પ્રતિમા લઇ જવી નહી." પછી ઉદાયનરાજા ચંડપ્રદ્યોતને લઇ પોતાના નગર તરફ ચાલ્યો. માર્ગમાં વર્ષાઋતુ આવવાથી ત્યાંજ પડાવ નાખ્યો. અનુક્રમે પર્યુષણ પર્વમાં ઉદાયનને ઉપવાસ હોવાથી રસોઇઆએ ચંડપ્રદ્યોતને 'શું ખાવું છે?' એમ પુછ્યું એટલે તેણે પણ વહેમ આવવાથી કપટવડે પોતાને પણ પર્યુષણાનો ઉપવાસ છે એમ કહ્યું તે જાણી ઉદયન રાજાએ તેને સધર્મી કહી છોડી મુક્યો. અને તેના કપાળે તે અક્ષરો અદશ્ય કરવા માટે સુવર્ણપટ્ટ બાંધ્યો. પછી વર્ષાઋતુ પૂર્ણ થએ ઉદાયન રાજા પોતાના નગરમાં આવ્યો. અંતે પોતાના ભાણેજ કેશીને રાજ્ય સોંપી પ્રભુ મહાવીર પાસે દીક્ષા લઇ અંતિમ રાજર્ષિ થયો.

૫. ચંડપ્રદ્યોત.

આ રાજા શ્રી ચેટક મહારાજાનો જમાઇ અને પરમશ્રાવિકા શિવા દેવીનો ભર્તા હોવા છતાં પ્રથમ જૈન ધર્મ નહોતો પાળતો પરન્તુ ઉદાયન રાજા સાથે ઉપરોક્ત બનાવમાં કપટથી પણ પર્યુષણનો ઉપવાસ કર્યો અને બંદીખાનામાંથી મુક્તિ મળી તેથી ત્યાર પછી શુદ્ધ રીતે જૈન ધર્મ પરિપાલક બન્યો હતો.

૬. રાજા કોણિક.

રાજગૃહનગરીના શ્રેણિક અને ચેલ્હણાનો પુત્ર કે જેને બૌદ્ધગ્રંથોમાં અજાતશત્રુના નામે ઓળખવામાં આવે છે. તે પોતાના રાજ્ય ખટપટના કાર્યમાં ગમે તેવો હશે પરન્તુ પ્રભુ મહાવીરનો અનન્ય ભક્ત હતો. પ્રભુ મહાવીરના સામૈયામાં એણે જેટલી ધામધૂમ કરેલી અને પોતાનો દ્રવ્યનો સદુપયોગ કરેલો તેટલો બીજા કોઇ રાજાએ ભાગ્યેજ કર્યો હશે એથી જૈન આગમોમાં સામૈયાના પ્રસંગે **जहा कोणीए**ની સાક્ષી આપવામાં આવે છે. કેટલાકો એમ માને છે કે બુદ્ધના મૃત્યુ પહેલાં ૮ વર્ષે તેણે બૌદ્ધ ધર્મને આશ્રય આપ્યો હતો અને બૌદ્ધધર્મ વિષે એને મોટી શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી પરંતુ તે માન્યતા મોટી ભૂલ ભરેલી છે. એને બૌદ્ધધર્મ વિષે બિલકુલ લાગણી હતીજ નહી.

૭. શતાનીક રાજા

કૌશાંબી નગરનો ન્યાયનીતિમાન્ પ્રજાપાળક નરેશ રાજા ચેટકનો જમાઇ છદ્મસ્થપણે વિચરતા પ્રભુમહાવીરે પોષ વદિ પડવેને દિવસે અભિગ્રહ કર્યો કે–"પગમાં લોહની બેડી હોય, મસ્તક મુંડેલું હોય ત્રણ ઉપવાસી હોય, રૂદન કરતી હોય, રાજાની પુત્રી હોય છતાં તે દાસીની પેઠે રહેતી હોય, ઉંબરા વચ્ચે બેડી હોય એવી કોઇ સ્ત્રી જો મને ભિક્ષા વેળા ટળી ગયા બાદ સૂપડાના ખૂણામાંથી અડદના બાકળા વહોરાવે તો મ્હારે પારણું કરવું, અન્યથા નહી." આવો ઘોર અભિગ્રહ લઇ પ્રભુ મહાવીર હમેશાં ભિક્ષાવૃત્તિ માટે ઘરોઘર ફરતા પરંતુ કોઇથી પણ તે પૂર્ણ કરી શકાયો નહી. પરમ જૈન ધર્મી શતાનીક રાજા, ચેટકરાજાની પુત્રી મૃગાવતી રાણી, સુગોત્ર મંત્રી અને તેમની પત્ની નંદાએ ભિન્ન ભિન્ન જાતના ઘણા ઘણા ઉપાયો યોજેલા છતાં અભિગ્રહથી અજાણ હોવાને લીધે તેમાં તેઓ સફળ નિવડ્યા નહી; આખરે પાંચ દિવસ ઉન છ માસે સર્વ પ્રકારની અનુકુલતાએ ચંદનબાલાના હાથે પ્રભુએ પારણું કર્યું–સર્વને આનંદ થયો. પ્રભુને કેવળજ્ઞાન થયા બાદ ચંદનબાલાએ દીક્ષા લીધી અને શતાનીક રાજાની પત્ની મૃગાવતીએ તેનું શિષ્યત્વ સ્વીકાર્યું.

૮. નવમલ્લઇ અને નવલચ્છઇ.

કાશી દેશના મલ્લઇ જાતીના નવ રાજાઓ અને કોશલદેશના લચ્છઇ જાતીના નવ રાજાઓનાં જુદાં જુદાં નામ કે રાજ્યસ્થળો વગેરેની માહિતી મળતી નથીઃ માત્ર તેઓ વૈશાલી નગરીના ચેટકરાજાના સામંતો હતા અને નવમલ્લઇ, નવલચ્છઇની સંજ્ઞાથી ઓળખાતા એટલુંજ મલે છે. પ્રભુમહાવીરે પાવાપુરી નગરીના હસ્તિપાળ રાજાની કારકુન યોગ્ય સભામાં અંતિમ (છેલ્લું) ચાતુર્માસ કરેલું ત્યારે પ્રભુના આયુષ્ય કર્મની પૂર્ણતાની છેલ્લી રાત્રીએ એ અઢારે

રાજાઓ કારણ પ્રસંગે ત્યાં એકત્રિત થયા અને પ્રભુ મહાવીર પાસે અન્ન પાણી વગરનું અષ્ટમ ભક્ત (ત્રણ ઉપવાસ) કરેલું. ભાવઉદ્યોતકારક જ્ઞાનદિવાકર પ્રભુ મહાવીરનું નિર્વાણ થવાથી **गए से भावुज्जोए दव्वुज्जोयं करिस्सामो** એમ વિચારી તેઓએ રત્નાદિથી દ્રવ્યઉદ્યોત કર્યો ત્યારથી દીવાળી પર્વની પ્રવૃત્તિ થઇ.

બૌદ્ધગ્રંથ અંગુત્તરનિકાય, ૩,૭૪ માં વૈશાલીના લિચ્છવીઓમાંના વિદ્વાન્ રાજકુમાર અભય (આ અભયકુમાર-શ્રેણિકના પુત્રથી ભિન્ન સમજવો) માટે કેટલુંક લખવામાં આવેલું છે તેમ મહાવગ્ગ ૬,૩૬ (S. B. E. પુ. ૧૭ પૃ. ૧૦૮)માં સિંહનું એક વૃત્તાંત આપેલું છે તેમાં લખ્યું છે કે-"તે સિંહ લિચ્છવીઓનો સેનાપત્તિ હતો અને નાતપુત્તનો ઉપાસક હતો. તે બુદ્ધને મળવા ઇચ્છતો હતો. પરંતુ નાતપુત્ત ક્રિયાવાદી હોઇ બુદ્ધ અક્રિયાવાદી હતો તેથી તેની પાસે જવાની તેને ના કહેવામાં આવી હતી. પરંતુ તે તેની આજ્ઞાને ઉલ્લંઘી પોતાની મેળે બુદ્ધ પાસે ગયો અને બુદ્ધની મુલાખાતના પરિણામે તે તેનો અનુયાયી બન્યો" આથી પણ લિચ્છવી રાજાઓ મહાવીરના ભક્ત હતા એમ ચોખ્ખું જણાઇ આવે છે.

૯ **નંદિવર્દ્ધન**—પ્રભુમહાવીરના સગા વડિલબંધુ હોવાથી તેમના પૂર્ણ ભક્ત હોય એમાં નવાઈ નથી.

૧૦ **દશાર્ણભદ્ર**-દશાર્ણપુરનો રાજા, જેણે મોટા વિસ્તારવાળા સામગ્રીથી પ્રભુમહાવીરને વાંદ્યા હતા. અને ઇંદ્રની અવર્ણનીય ઋદ્ધિ દેખી પ્રતિબોધ પામી મહાવીર પાસે દીક્ષા લીધી હતી.

૧૧ **હસ્તિપાળ**--પાવાપુરીનો રાજા જે અન્ય ધર્માવલંબી હોત તો પ્રભુમહાવીરને ચતુર્માસ માટે અનુકુલતાવાળી પોતાની કારકુન યોગ્ય સભામાં સ્થાન આપતજ નહી.

૧૨ **જીર્ણ શ્રેષ્ઠી.**

એ વિશાલાપુરીનો પ્રખ્યાત શેઠ હતો, એનું અસલ નામ જિનદત્ત હતું. સ્વભાવે ઘણો દયાલુ હતો. પૂર્વ દુષ્કર્મના યોગે વૈભવનો ક્ષય થવાથી 'જીર્ણશ્રેષ્ઠી' નામે પ્રખ્યાત હતો. પ્રભુ મહાવીર છદ્મસ્થ અવસ્થાએ વિચરતા આવી ઉદ્યાનમાં બલદેવનાં મંદિરમાં પ્રતિમાએ રહ્યા. પ્રભુના શરીરનું દિવ્યતેજ અને અનેક લોકોત્તર લક્ષણો જોઇ 'આ છદ્મસ્થપણે રહેલા ચરમ તીર્થંકર છે' એમ નિશ્ચય થવાથી પ્રભુને વંદન કરી પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે-પ્રભુએ આજે ઉપવાસ કરી પ્રતિમા ધરી હોય એમ જણાય છે. આવતી કાલે મારે ઘેર પારણું કરે તો ઘણું સારૂં થાય. આવી આશાથી ચાર માસ સુધી હમેશાં પ્રભુની સેવા બંદગી બજાવી. ચાતુર્માસના છેલ્લા દિવસે પ્રભુને આમંત્રણ કરી ઘેર જઇ પ્રાસુક અને એષણીય ભોજનની તૈયારી કરી માર્ગ તરફ દૃષ્ટિ રાખી આનંદિત થતો અનેક ભાવના ભાવતો વાટ જોવા લાગ્યો, પ્રભુ કોઇના આમંત્રણની ઇચ્છા નહોતા કરતા. રાગીદ્વેષી પર સમાન ભાવે ફરતા ફરતા ત્યાંના અન્યધર્માવલંબી અને લક્ષ્મીના મદમાં છકેલા **'નવીન શેઠ'** ને ઘેર જઇ ચઢ્યા. તેણે દાસી પાસે અપાવેલા સુકાપાકા બાકલા વહોરી શુભ, અશુભ, શત્રુ, મિત્ર, રંક, રાજ ઉપર સમાન ચિત્તવાલા પ્રભુએ પારણું કર્યું. તત્કાળ ચેલોત્ક્ષેપ, વસુધારા, સુગંધીપુષ્પ, સુગંધીજલની, વૃદ્ધિ થઇ. અને દેવદુંદુભિ નાદ થયો. તે ધ્વનિ સાંભલી 'અહો મારા જેવા ભાગ્યહીનને ધિક્કાર છે. મારા મનોરથ સફલ ન થયા' વિગેરે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. જો દુંદુભિનો નાદ ક્ષણવાર મોડો સાંભલવામાં આવ્યો હોત તો કેવલજ્ઞાન પ્રાપ્ત કરત. અંતે બારમા અચ્યુત દેવલોકમાં દેવ થયો.

૧૩ **ઢંકશ્રાવક.**

એ શ્રાવસ્તી નગરીનો રહીશ અત્યંત સમૃદ્ધિમાન કુંભકાર હતો. એના સંબંધે નીચેની નોંધ ખાસ લેવાજેવી છે-'પ્રભુ મહાવીરનો જમાઇ જમાલીએ પ્રભુના વિચારથી ભિન્ન માન્યતાની પ્રરૂપણા કર્યા બાદ ગામાનુગામ વિચરતો આવીને શ્રાવસ્તી નગરીના ઉદ્યાનમાં નિવાસ કર્યો અને તેમની પત્ની (પ્રભુ મહાવીરની પુત્રી) એક હજાર આર્યાના પરિવાર સહિત એજ ઢંક શ્રાવકના ઘેર શાલામાં ઉતરી. તેને પ્રભુ મહાવીરનો સિદ્ધાંત સમજાવવાને ખાતર પોતાના નિભાડામાંથી એક તણખો તે પ્રિયદર્શના સાધ્વી ન જાણે તેવી રીતે તેના વસ્ત્ર ઉપર નાંખ્યો. વસ્ત્રને

બલતું જોઇ પ્રિયદર્શના બોલી કે–' અરે ઢંક ! જો, તારા પ્રમાદથી આ મારૂં વસ્ત્ર બળી ગયું.' ઢંકે કહ્યું કે–'હે સાધ્વી ! તમે મૃષા બોલો નહી, તમારા મત પ્રમાણે તો જ્યારે બધું વસ્ત્ર બલી જાય ત્યારેજ બલ્યું એમ કહેવું ઘટે. બળતું હોય તેને બળી ગયું કહેવું એતો શ્રી મહાવીર પ્રભુનું વચન છે અને આ અનુભવ તેમનું તે વચન સ્વીકારવાને યોગ્ય જણાય છે ' પછી સાધ્વી પ્રતિબોધ પામી તત્ત્વ સમજી પોતાના પતિ જમાલીનો મત છોડી સર્વ પરિવારસહિત પ્રભુ મહાવીર પાસે આવી પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ સિદ્ધાંતમાં રૂચિવાલી થઇ.

૧૪/૧૫/૧૬ ધન્નો, શાલિભદ્ર અને કૃતપુણ્યક.

આ ત્રણે પુણ્યાત્માઓ માટે જૈન ગ્રંથોમાં ઘણો આકર્ષક અને આશ્ચર્યજનક ઘટના વાળો ઇતિહાસ મળે છે પરંતુ તે પ્રાયઃ પ્રચલિત હોવાથી અહિં વિશેષ લંબાણ કરતો નથી.

૧૭ પુણિઓ શ્રાવક.

આ શ્રાવક રાજગૃહી નગરીનો રહીશ હતો, હમેશાં રૂની પુણી વેચીને તેમાં મળતા ૧૨॥ દોકડા (બે આના) થીજ સંતોષ રાખીને આજીવિકા ચલાવતો હોવાથીજ તે પુણીયાના નામે પ્રસિદ્ધ થયો. પ્રભુ મહાવીરનો ખરેખરો ભક્ત અને પ્રથમ પંક્તિનો શ્રાવક હતો. તે સ્ત્રી ભર્ત્તાર બે જણ હતા. લાભાંતરાયના યોગ્યે વધારે લક્ષ્મીની પ્રાપ્તિ ન થવાથી તેટલાથીજ સંતોષ માનતા. દરરોજ સહધર્મિવાત્સલ્ય (પોતાના સમાન ધર્મવાલાની ભક્તિ) કરવાના હેતુથી બન્નેજણ એકાંતરે ઉપવાસ કરતા પરંતુ જે દિવસે પુરૂષ ઉપવાસ કરે તે દિવસે સ્ત્રી જમતી અને સ્ત્રી ઉપવાસ કરે તે દિવસે પુરૂષ જમતો. એટલે એક શ્રાવકનું સાધર્મિવત્સલ્ય થતું. તે શિવાય બે આનામાંથી કંઇક બચાવીને દરરોજ પ્રભુ પાસે ફૂલના પગર ભરતા–ફૂલો ચઢાવતા. એ સંબંધે પૂજાકાર શ્રી વીરવિજયજી મહારાજ જણાવે છે કે–

" જેમ પુણીયો શ્રાવકરે સંતોષ ભાવ ધરે,
નિત્ય જિનવર પૂજેરે ફૂલપગાર ભરે. "

બન્ને દંપતી દરરોજ સાથે બેસી સામાયિક કરતા. તેમની દ્રવ્ય શુદ્ધિ માટે એક વખતનો પ્રસંગ આ પ્રમાણે છે–એક દિવસ સામાયિક કરતાં ચિત્ત બરાબર સ્થિર થતુ ન હોવાથી આ શ્રાવકે શ્રાવીકાને પુછ્યું કે ' આજે ચિત્ત બરાબર સ્થિર કેમ થતું નથી ? આપણા ઘરમાં કંઇ અનીતિનું અથવા અદત્ત દ્રવ્ય–વસ્તુ આવેલ છે ? શ્રાવિકાએ બહુ વિચાર કરી કહ્યું કે–' બીજુંતો કાંઇ નહીં પણ આજે માર્ગમાં પડેલાં અડાયાં છાંણાં હું લાવી છું. શ્રાવકે કહ્યું કે–તમે ભૂલ કરી, એ છાણાં તો રાજદ્રવ્ય ગણાય, એ આપણાથી લેવાય નહી માટે આપણે રાખવા યોગ્ય નથી. પાછા રસ્તા ઉપર નાંખી દેજો.' પછી તે શ્રાવિકાએ તેમ કર્યું.

એક વખતે રાજા શ્રેણિકે પોતાની ગતિ માટે પ્રભુ મહાવીરને પ્રશ્ન કર્યો. પ્રભુએ નરકાયુ બાંધ્યાનું જણાવ્યાથી નરકે ન જવાય એવા ઉપાયો પુછ્યાં, પ્રભુએ બીજા ઉપાયો બતાવવા સાથે આ પુણીયા શ્રાવકની સામાયિક વેચાતી લેવાથી પણ નરકે ન જવું પડે એમ બતાવ્યો, શ્રેણિકે પુણીયાને બોલાવી બેઆની આપવા માગણી કરી, તેણે કહ્યું કે– હું આપવાની ના પાડી શકતો નથી પણ કિંમત શું લેવી તે હું જાણતો નથી તેથી જેણે તમને એ વેચાતી લેવાનું કહ્યું હોય તેને કિંમત પુછી આવો. તેની કિંમત પુછતાં પ્રભુ મહાવીરે સમગ્ર રાજ્ય આપવાથી તેની કિંમત પૂર્ણ ન થાય એવું જણાવવાથી નિરાસ થઈ શ્રેણીક સ્વસ્થાને ગયો.

૧૮ અંબડ પરિવ્રાજક.

આ મહાશય પ્રથમ શૈવધર્માનુયાયી હતો. પરંતુ પાછલથી પ્રભુ મહાવીરના ઉપદેશામૃતનું પાન કરવાથી તેમનો દૃઢ ભક્ત શ્રાવક બન્યો હતો. અનેક પ્રકારની તપશ્ચર્યા કરવાને લીધે એને અનેક રૂપ કરવા યોગ્ય વૈક્રિય લબ્ધિ અને આકાશગમનવિદ્યા પ્રાપ્ત થઇ હતી. ઇચ્છાનુકૂલ રૂપવિકુર્વણા માટે સુલસા શ્રાવિકાનો અને એનો પ્રસંગ વિચારીએ–એક દિવસે પ્રભુ મહાવીરની દેશના સાંભલી પ્રજા વિસર્જન થયે આ અંબડ સંન્યાસીએ પોતાને રાજગૃહ નગર તરફ જવાની ઇચ્છા દર્શાવી. ત્યારે પ્રભુ મહાવીરે સ્વયંમુખ રાજગૃહ નગરીમાં વસતા નાગ નામના રક્ષકારની પત્ની

સુલસા શ્રાવિકાને ધર્મલાભપૂર્વક કુશલતા પુછવાનું જણાવ્યું. પ્રભુ મહાવીરને વંદના નમસ્કાર કરી આકાશમાર્ગે ઉડી તત્કાળ રાજગૃહી નગરીમાં આવ્યો.

પોતાને તો શ્રી મહાવીર સ્વામીના વચન ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો પરંતુ પ્રભુ જેને કુશળતા પુછાવે છે તે સુલસાને કેવી અડગ શ્રદ્ધા છે તેની પરીક્ષા માટે રાજગૃહ નગર બહાર પૂર્વ દિશાના દરવાજા આગળ ચાર મુખ, ચાર ભુજા, બ્રહ્માસ્ત્ર, ત્રણ અક્ષસૂત્ર અને જટા મુકુટ ધારણ કર્યા. પદ્માસન વાળ્યું, સાવિત્રી અને હંસવાહનથી અલંકૃત થઇ વેદોચ્ચાર કરતા સાક્ષાત્ બ્રહ્માજીનું સ્વરૂપ ધારણ કર્યું. આ વાતની લોકોને ખબર થતાં લોકોનાં ટોળેટોળાં દર્શનાર્થે આવવા લાગ્યા અને સાક્ષાત્ બ્રહ્માનાં દર્શન કરવાથી પોતાનાં અહોભાગ્ય માનતા આનંદિત થયા. પણ સુલસા ત્યાં ગઇ નહી. તેતો પોતાના મનમાં વિચાર કરવા લાગી કે-જ્યાં સ્ત્રી સંગ છે ત્યાં કામેચ્છા અસંપૂર્ણ પણ હોય છે. જે અસ્ત્રશસ્ત્ર ધારણ કરે તેને કોઈ પણ શત્રુનો ભય હોવો જોઇએ. શ્રમ, ખેદ ન હોય તો વાહનની પણ જરૂર ન હોય. જપમાલા ધારણ કરનારને પોતાના જપમાં ભૂલ થવાનો પ્રસંગ વ્યંજિત થાય અથવા તેનો ઉપરી પણ કોઇ આશામી હોવો જોઇએ કે જેનું તે સ્મરણ કરે. જેને શૌચ કરવાની જરૂર હોય તેને કમંડલુ રાખવાની ફરજ પડે. તો પછી એવા અનેક દોષોથી યુક્ત આપણા જેવા સંસારી-સામાન્ય જીવ મુક્તિ આપવાને કેમ સમર્થ થઈ શકે ? જેઓ પોતે દરિદ્રી હોય તે શું બીજાને ધનાઢય બનાવી શકે ? માટે સર્વ દોષમુક્ત પ્રભુ મહાવીરજ અસલ બ્રહ્મા છે. કહ્યું છે કેઃ—

"उर्वश्या मुदपादि रागबहुलं चेतो यदीयं पुनः
पात्रांदण्डकमण्डलुप्रभृतयो यस्याऽकृतार्थस्थितिम् ।
आविर्भावयितुं भवन्ति स कथं ब्रह्मा भवेन्मादृशा
रागद्वेषकषायदोषरहितो ब्रह्मा कृतार्थोऽस्तु नः ॥

બીજે દિવસે દક્ષિણ દિશાના દરવાજા બહાર શંખ, ચક્ર, ગદા અને ખડ્ગ ધારણ કરી, લક્ષ્મી યુક્ત ગરૂડ ઉપર બિરાજમાન થઇ સાક્ષાત્ વિષ્ણુ ભગવાન્ પધાર્યાનો લોકોને વ્યામોહ ઉત્પન્ન કર્યો. સર્વ લોકો દર્શનાર્થે તેજ પ્રમાણે ગયા અને સુલસાને દર્શન કરવાનું કહ્યું પણ સુલસા તો તેજ પ્રમાણે વિચાર કરી દોષ રહિત વિષ્ણુના સ્વરૂપનું ચિંતવન કરવા લાગી. જેમકે—

"यत्नाद् येन विदारितं करुहै दैत्येन्द्रवक्षःस्थलं
सारथ्येन धनञ्जयस्य समरे योऽमारयत् कौरवान् ।
नाऽसौ विष्णुरनेककालविषयं यज्ज्ञानमव्याहतं
विश्वं व्याप्य विजृम्भते सतु महाविष्णुर्विशिष्ये मम॥

ત્રીજે દિવસે પશ્ચિમ દિશાના દરવાજે શંકરનું રૂપ ધરીને બેઠો. ઋષભનું વાહન રાખ્યું. લલાટે અર્ધચંદ્રને ધારણ કર્યો. પાર્વતી સાથે રાખી, ગજ ચર્મના વસ્ત્રો પહેર્યા, ત્રણ નેત્ર કર્યા, શરીરે ભસ્મનો અંગરાગ કર્યો. ભુજામાં ખટ્વાંગ, ત્રિશૂળ અને પિનાક રાખ્યા, ગળામાં કપાળોની રૂંડમાળા ધારણ કરી અને ભૂતોના વિવિધ ગણોથી સંયુક્ત થઇને ધર્મોપદેશ કરી લોકોને આકર્ષિત કર્યા, પરંતુ ઉપર પ્રમાણે વિચાર કરી સુલસા જરા માત્ર પણ ડગી નહી. અને

"दग्धं येन पुरत्रयं शरभवा तीव्रार्चिषा वन्हिना,
यो वा नृत्यति मत्तवत् पितृवने यस्यात्मजो वा गुहः।
सोऽयं किं मम शङ्करो भयरुषाऽज्ञानार्त्तिं मोहक्षयं
कृत्वायः स तु सर्ववित् तनुभृतां क्षेमंकरः शङ्करः ॥

એવા શુદ્ધ શંકરનું સ્મરણ કરતી રહી.

ચોથે દિવસે ઉત્તર દિશામાં ત્રણ ગઢ વિગેરે દિવ્ય શોભાયુક્ત સમવસરણ રચી જિનેશ્વરનું રૂપ ધારણ કરી બેઠો. લોકોની મોટી મેદિની ધર્મમાં ભળવા આવવા લાગી, સુલળાને ત્યાં પણ આવેલી જોઈ નહી તેથી તેને ચળાવવા માટે ખાસ માણસ મોકલી કહેવડાવ્યું કે-' શ્રી વીરસ્વામી સમોસર્યા છે છતાં તું વંદનાર્થે અને ધર્મોપદેશ સાંભળવા આવવામાં કેમ વિલંબ કરે છે ?' ત્યારે સુલસાએ કહ્યું કે-'આ ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ નથી, '

' અરે મુગ્ધા ! આતો પચ્ચિસમા તીર્થંકર છે.' માણસે કહ્યું.

' કદિ પણ પચીસમા તીર્થંકર થાયજ નહી. આ કોઈ પાખંડી હશે.' સુલસાએ ઉત્તર વાળ્યો. આખરે

કોઈ પણ રીતે સુલસાને ચલાયમાન ન કરી શકવાથી પોતાનું અસલ રૂપ કરી 'નૈગેયિકી' બોલતો સુલસાને મલ્યો. સુલસાએ પણ ધર્મબંધુ જાણી યથાયોગ્ય સત્કાર સન્માન કર્યું. પછી વીરપ્રભુએ કહ્યા પ્રમાણે કુશળતા પુછી પોતાને સ્થાનકે ગયો." શુદ્ધ મનોભાવથી શ્રી વીર પરમાત્માના વચન ઉપર અડગ શ્રદ્ધા રાખી ધર્મારાધન કરી અન્તે તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કર્યું. જેથી આગામી ચોવીસમો દેવ તીર્થંકર થશે.

પ્રભુ મહાવીરનો શ્રાવક વર્ગ એકંદરે એક લાખ ઓગણસાઠ હજારનો હતો પરંતુ તે સર્વમાં આદિ દશ શ્રાવકો મુખ્ય ગણાતા હતા, તેમનું વૃત્તાન્ત ઉપાસક દશાંગ સૂત્રમાં મોટા વિસ્તારથી આપવામાં આવેલ છે પરંતુ તેનાથી ઘણો ખરો જૈનસમાજ વાકેફગાર હોવાથી અત્રે માત્ર તેમની નોંધ પુરતી હકીકત આપી વાચક વર્ગને વિશેષ કંટાળો ન આપતાં હું મારા લેખની પરિસમાપ્તિ કરીશ.

૧૯ આનંદ શ્રાવક.

આ વાણિજ્યગ્રામનો રહેવાસી ગૃહપતિ હતો. એમની પત્નીનું નામ શિવાનંદા હતું. ચાર ક્રોડ સોનૈયા ભંડારમાં, ચાર ક્રોડ વ્યાજે અને ચાર કરોડ વ્યાપારમાં ફરતા હતા. અને દશ દશ હજાર ગાયોના પ્રમાણવાળા ચાર ગોકુલનો માલિક હતો છતાં પણ અનેક પ્રકારની સાવદ્ય વસ્તુઓનો પરિત્યાગ કરી અત્યંત કડક શ્રાવકવ્રતનું પાલન કરતો હતો.

૨૦ કામદેવ.

ગંગા નદીના તટ ઉપર આવેલી ચંપા નગરીનો રહીશ કુળપતિ હતો, એને ભદ્રા નામે ભદ્ર પ્રકૃતિ ધર્મપત્ની હતી. અઢાર કરોડ સોનૈયા અને છ ગોકુળની સંપત્તિ હતી.

૨૧ ચુલની પિતા.

કાશીનગરીનો રહેવાસી ચોવીસ કરોડ સોનૈયા અને આઠ ગોકુલનો સ્વામી ધનાઢ્ય ગૃહસ્થ હતો. એમની સહધર્મચારિણીનું નામ શ્યામ હતું.

૨૨ શૂરદેવ.

એજ કાશીનગરીનો રહીશ ગૃહસ્થ, ઉપરોક્ત કામદેવ શ્રાવક જેટલી સમૃદ્ધિવાળો પ્રખ્યાત ગૃહસ્થ હતો. એની પતિધર્મપરાયણ પત્નીનું નામ ધન્યા હતું.

૨૩ ચુલ્લશતક—

આ ગૃહસ્થ આલંભિકા નગરીનો રહીશ કામદેવ જેટલી સંપત્તિવાળો હતો. એમની પત્નીનું નામ બહુલા હતું.

૨૪ કુંડકોલિક—

એ પણ કામદેવ જેવી લક્ષ્મીવાળો કાંપિલ્યપુરનો પ્રખ્યાત ગૃહસ્થ હતો. એમની ધર્મપત્ની પુષ્પા પણ એમના જેવીજ ધર્મપરાયણ હતી.

૨૫ શબ્દાલપુત્ર—

એ પોલાશપુર નગરનો કુંભકાર હતો. પત્નીનું નામ અગ્નિમિત્રા હતું. ત્રણ કરોડ સોનૈયા એક ગોકુળ અને પાંચસો કુંભકારની દુકાનોની સંપત્તિ હતી. એ પ્રથમ ગોસાળાનો અનુયાયિ હતો. પાછળથી પ્રભુ મહાવીરનો પરમ શ્રાવક બન્યો હતો.

૨૬ મહાશતક—

એ રાજગૃહ નગરીનો પ્રખ્યાત ગૃહસ્થ હતો. સંપત્તિમાં ચુલનીપિતાની સમાનતાવાલો હતો. એને રેવતી વિગેરે તેર સ્ત્રિઓ હતી. તેમાં રેવતી આઠ કોટી સુવર્ણ અને આઠ ગોકુળ પોતાના પિહરથી લાવી હતી. બીજી સ્ત્રીઓ એકેક ગોકુળ અને એકેક કોટી સુવર્ણ લાવી હતી.

૨૭ નંદિની પિતા—

શ્રાવસ્તી નગરીનો રહીશ અને ઉપરોકત આનંદ શ્રાવક જેટલી સંપત્તિવાળો હતો એને અશ્વિની નામે ગૃહિણી હતી.

૨૮ લાંતકપિતા—

એજ નગરીનો નિવાસી આનંદ શ્રાવકના જેવી સમૃદ્ધિ યુકત પ્રખ્યાત ગૃહસ્થ હતો, એને ફાલ્ગુની નામે ધર્મપત્ની હતી. એમનાં ઘણાંખરાં વ્રતો–નિયમો આનંદ અને કામદેવાદિના સરખાંજ હતાં અને સર્વે શ્રાવકો સ્વર્ગગતિ પામ્યા હતા.

આ પ્રમાણે **ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત્રે** નું દશમ પર્વ અને ભરતેશ્વર બાહુબલી વૃત્તિના

આધારે જે જે શ્રાવકોના અંગે કંઇક માહીતી મળી શકી તે અત્રે આપી છે. તથા શ્રેણિક, કોણિક, અભયકુમાર અને સિંહ લિચ્છવીના સંબંધમાં પ્રાતઃ સ્મરણીય ગુરૂવર્ય શ્રી અમરવિજયજી મહારાજ કૃત **જૈનેતર દૃષ્ટિએ જૈન**નો પણ ઉપયોગ કર્યો છે. એ શિવાય ભગવતીસૂત્ર, સૂત્રકૃતાંગ વિગેરે સૂત્રોમાંથી બીજા કેટલાક શ્રાવકોનાં નામો તથા ટુંક બીના મળી શકવાનો સંભવ છે પરંતુ મ્હારી પાસે અત્યારે તેવાં સાધનોના અભાવ હોવાથી એટલેથીજ સંતોષ માની, પ્રમાદ કે દૃષ્ટિદોષને લીધે લખાએલા શાસ્ત્ર-પરંપરા વિરૂદ્ધ ઉલ્લેખ માટે **मिछामि दुक्कडं देइ** તે તે સ્થળે સુધારી વાંચવા અને યોગ્ય જણાય તો મને સૂચિત કરવા સજ્જન પુરૂષો પ્રત્યે અભ્યર્થના કરી વિરમું છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ભરૂચ. તા. ૨-૨-૨૬,
લિ. મુનિ ચતુરવિજય.

શ્રી જિનેશ્વર સૂરિકૃત મહાવીર જન્માભિષેક.

૧ આ મૂલ અપભ્રંશમાં છે. સંગ્રાહક સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસ.

સિદ્ધત્થ મહા નરરાય વંસ, સર રાયહંસ મુણિરાય હંસ,
તેલુક્કનાહ જય દીહબાહ, જય ચરમ જિણેસર વીરનાહ ॥૧॥

તુહ મજ્જણુ જે જિણ કુણહિ, ભવ્વ તે પાવહિં સપય નાહ સવા,
ઉચ્છિન્નરૂઢ દાલિદ્દકંદ, પણયામરવિંદ જિણિંદ ચંદ. ॥૨॥

સાધન્ન પુન્ન સુકયત્થ વીર સિરિ તિસલદેવિ જસુ ઉયરિ ધીર;
ઉપ્પન્નુ સયલ તેલુક્કનાહુ, તુહુ ગુણગણરયણહ સલિલનાહુ. ॥૩॥

સુરસિહરિ મિલિય ચઉસટ્ઠિં ઇંદ જંમકખણિ. તકખણિ તુહ જિણિંદ,
કેઊર મઉડ કડિ સુતહાર, ચલ કુંડલ મંડિય ભત્તિ સાર. ॥૪॥

નિય નિય વિસેસ પરિવાર જુત્ત, ઉલ્લસિય ચારુ રોમંચ ગત્ત;
ખીરોહિ ખીર ભરપૂરિએહિં, સયવત્ત વિહાણુ વિભૂસિએહિં. ॥૫॥

મણિ કણગ રયણ ગણ નિમ્મિએહિં,
કલસેહિ વિસાલ સુનિમ્મલેહિં,
તુહ મજ્જણુ સજ્જણુ વિહિય તોસુ. ॥૬॥

કલ્લાણુવલ્લિ કય પરમ પોસુ, અગમ વિહાણિ કરિં વયણ કોસુ;
વિરયંતિ સુરેસર સયલ તત્થ, સંપુન્ન પુન્ન ભાવણ કયત્થ. ॥૭॥

વર રંભ તિલુત્તમ અચ્છરાઉ, નચ્ચંતિ ભત્તિ ભર નિબ્ભરાઉ;
ગાયંતિ તાર હારજ્જલાઇં, તુહ ચરિયહ જિણુવર નિમ્મલાઇં. ॥૮॥

વજ્જંતિ ઢંક ઢંઅુક્ક અુક્ક, કંસાલ તાલ તિલિમાહુ કુક્ક;
ઉપ્પિતઇં ત સુરવરવિમાણ, મહમંડલિ દીસહિ પવર જાણ. ॥૯॥

જય જય રવુ કેવિ કરંતિ દેવ, જોડિય કરસંપુડ કરહિ સેવ,
કિવિ અટ્ઠ વર મંગલાઇં, તુહ પુરઉ કરહિ કય-મંગલાઇં. ॥૧૦॥

મન્નંતિ અપ્પુ સુકયત્થુ પુન્ન, તહિં સયલ સુરાહિવ સુકયપુન્ન;
જં ન્હવિઉ અજ્જ સિરિ તિજયનાહુ, નિવ્વિય ભવિય ભવ દહણ દાહુ. ॥૧૧॥

કલ્લાણુવલ્લિ ઉલ્લાસ કંદુ, તેલુક્ક પરમ આણંદચંદુ;
હલ્લુપ્ફલ સુર કરઇ નટ્ટ રંગ, જંમકખણુ, તુહ જિણ જયઉ ચંગુ. ॥૧૨॥

જમ્માભિસેઉ કયતિ જગસેઉ, ભવિયણ નિન્નાસિય પાવ લેઉ,
તુહ કરહિ દેવ દેવિંદ વિંદ છે અસુરિંદ ફણિંદ સ જ્જોઇ-સિંદ. ॥૧૩॥

જિમ મેરુંમિ અમરેસરા મજ્જણું, કરહિ તુહ વીર ગિરિધીર દુહ તજ્જણું;
સદ્ધ સુવિયટ્ટત તહ કુણહિ જે સંપય, સુત્તવિહિણાઉ તે લહહિ પરમં પયં. ॥૧૪॥

—શ્રી મહાવીર દેવજન્માભિસેઉ કૃતિ રિયં શ્રી જિનેશ્વર સૂરીણાં

૨. સંસ્કૃત છાયા

(છાયાકાર—પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી)

सिद्धार्थ महानर राजवंशसरो–राजहंस ! मुनि-
राजहंस ! ।
त्रैलोक्यनाथ ! जय दीर्घबाहो ! जय चरम
जिनेश्वर ! वीरनाथ ! ॥१॥
तव मज्जनं ये जिन ! कुर्वन्ति भव्यास्ते प्राप्नु-
वन्ति सत्पदं नाथ ! सर्वी ।
उच्छिन्नरौद्रदारिद्र्यकन्द ! प्रणतामरवृन्द !
जिनेन्द्रचन्द्र ! ॥२॥
सा धन्या पुण्या सुकृतार्था वीर ! श्री त्रिश-
लादेवी यस्या उदरे धीर !
उत्पन्नः सकलत्रैलोक्यनाथस्त्वं गुणगणरत्ना-
नां सलिलनाथः ॥३॥
सुरशिखरिणि मिलिताश्चतुःषष्टिरिन्द्रा जन्म-
क्षणे तत्क्षणं तव जिनेन्द्र !
केयूर–मुकुट–कटिसूत्र–हार–चलकुण्डमण्डिता
भक्तिसाराः ॥४॥
निजनिजविशेषपरिवारयुक्ता उल्लसितचारु-
रोमाञ्चगात्राः ।
क्षीरोदधिक्षीरभरपूरितैः शतपत्रविधानवि-
भूषितैः ॥५॥
मणि–कनक–रत्नगणनिर्मितैः कलशैर्विशालैः
सुनिर्मलैः !
तव मज्जनं सज्जन विहित तोषम् ॥६॥
कल्याणवल्लिकृतपरमपोषमागमविधानेन कृत्वा
वदनकोषम् ।
विरचयन्ति सुरेश्वराः सकलास्तत्र सम्पूर्ण-
पुण्यभावनाकृतार्थाः ॥७॥
वररम्भा–तिलोत्तमा अप्सरसो नृत्यन्ति
भक्तिभरनिर्भराः ।
गायन्ति तार–हारोज्ज्वलानि तव चरितानि-
जिनवर ! निर्मलानि ॥८॥
वाद्यन्ते ढक्का ढबुक्कबुक्कं (?) कांस्यताल–ताल
–त्रिवलिहुडुक्कं (?)
दीप्यन्ते तानि सुरवरविमानानि मह(ही)
मण्डले दृश्यन्ते प्रवरयानानि ॥९॥
जय जय रवं केऽपि कुर्वन्ति देवा योजितक-
रसम्पुटाः कुर्वन्ति सेवाम् ।
केऽप्यष्ट वरमङ्गलानि तव पुरतः कुर्वन्ति कृत-
मङ्गलानि ॥ १० ॥
मन्यन्त आत्मानं सुकृतार्थं पुण्यं तत्र सकल-
सुराधिपाः सुकृतपूर्णाः ।
यत् स्नापितोऽद्य श्रीत्रिजगन्नाथो निर्वापित.
भव्यभवदहनदाहः ॥११॥
कल्याणवल्ल्युल्लासकन्दस्त्रैलोक्यपरमानन्द-
चन्द्रः ।
ससम्भ्रमं सुराः कुर्वन्ति नृत्यरङ्गं; जन्मक्षण-
स्तव जिन ! जयतु चङ्गः ॥१२॥
जन्माभिषेकं कृतत्रिजगच्छ्रेयसं भविजन
निर्नाशितपापलेपम् ।
तव कुर्वन्ति देवदेवेन्द्रवृन्दा असुरेन्द्राः फणी-
न्द्राः सज्योतिषेन्द्राः ॥१३॥
यथा मेरावमरेश्वरा मज्जनं कुर्वन्ति तव वीर !
गिरिधीर ! दुःखतर्जनम् ।
शब्दसुविदग्धास्तथा कुर्वन्ति ये साम्प्रतं सूत्र-
विधिना तु ते लभन्ते परमं पदम् ॥१४॥
श्री महावीरदेवजन्माभिषेकः कृतिरियं
श्री जिनेश्वरसूरीणाम् ।

૩ ગૂજરાતી છાયા.

(પં. લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી)

સિદ્ધાર્થ મહાનર–રાજવંશ–સરો–રાજહંસ ! મુનિ–
રાજહંસ !
ત્રૈલોક્યનાથ ! જય દીર્ઘબાહુ ! જય ચરમજિનેશ્વર !
વીરનાથ ! ૧
તુઝ મજ્જન જે જિન ! કરે, ભવ્યો તે પામે સંપદ
નાથ ! સર્વે;
ઉચ્છેદક રૌદ્ર દારિદ્ર–કંદ ! પ્રણમે અમરવૃન્દ જિનેંદ્રચંદ્ર !૨
તે ધન્ય પુણ્ય સુકૃતાર્થ વીર !, શ્રી ત્રિશલાદેવી જસ
ઉદરે ધીર !;
ઉત્પન્ન સકલ–ત્રૈલોક્યનાથ !, તું ગુણગણ–રત્નોનો
સલિલનાથ ! ૩
સુરશિખરી પર મલ્યા ચોસઠ્ઠ ઇંદ્ર, જન્મક્ષણે તત્ક્ષણ
તુઝ જિનેંદ્ર !
કેયૂર–મુકુટ–કટિસૂત્ર–હાર–ચલકુંડલમંડિત ભક્તિસાર.૪
નિજ નિજ વિશેષ પરિવાર યુક્ત, ઉલ્લસ્યાં ચારુ
રોમાંચ ગાત્ર;
ક્ષીરોદધિ–ક્ષીર–ભરપૂર, શતપત્રવિધાન–વિભૂષિત. ૫
મણિ–કનક–રત્નગણ–નિર્મિત, કલશે વિશાલે સુનિર્મલે;
તુઝ મજ્જન સજ્જનને કરે તોષ. ૬
કલ્યાણવલ્લિનો કરે પરમપોષ, આગમવિધાને કરે
વદનકોષ;
વિરચે સુરેશ્વર સકલ તત્ર, સંપૂર્ણ–પુણ્ય ભાવના–
કૃતાર્થ. ૭
વર રંભા તિલોત્તમા અપ્સરા, નાચે ભક્તિભર–નિર્ભરા;
ગાય તારા–હાર–ઊજલાં, તુઝ ચરિતો જિનવર !
નિર્મલાં. ૮
વાગે ઢક્કા ઢમુક્કમુક્ક, કાંસતાલ તાલ તબલાં હુડુક્ક (?);
ઓપતાં તે સુરવર–વિમાન, મહીમંડલે દીસે પ્રવર યાન.૯
જય જય રવ ઠોઠ કરે દેવ, જોડી કરસંપુટ કરે સેવ;
કેઇ આઠ વર મંગલ, તુઝ પાસ કરે કૃતમંગલ. ૧૦
માને આત્માને સુકૃતાર્થ પુણ્ય, ત્યાં સકલ સુરાધિપ
સુકૃતપુણ્ય;
જેથી ન્હવરાવ્યો આજે શ્રી ત્રિજગનાથ, ખૂઝવનાર
ભવ્યભવ–દહન–દાહ. ૧૧
કલ્યાણવલ્લિ–ઉલ્લાસ–કંદ, ત્રૈલોક્ય–પરમાનંદ–ચંદ્ર;
હલ્લપ્ફલ સુર કરે નાટ્યરંગ, જન્મક્ષણ તુઝ જિન !
જયો ચંગ. ૧૨
જન્માભિષેક કૃતાત્રજગત–શ્રેય, ભવિજન–નિર્નાશિત–
પાપલેપ;
તુઝ કરે દેવ–દેવેન્દ્ર–વૃંદ, અસુરેંદ્ર ફણીંદ્ર સહ
જ્યોતિષેંદ્ર. ૧૩
જેમ મેરુ પર અમરેશ્વરો મજ્જન, કરે તુજ વીર !
ગિરિધીર ! દુઃખતર્જન;
શબ્દ (?) સુવિદગ્ધો તેમ કરે જે સાંપ્રત, સૂત્ર વિધિએ
તે લહે પરમપદ. ૧૪

[શ્રી મહાવીરદેવ–જન્માભિષેક. આ શ્રી જિનેશ્વર[1]સૂરિની કૃતિ[2] છે.]

---

૧ આ જિનેશ્વરસૂરિ મહારા ધારવા પ્રમાણે તે હોવા જોઇએ કે–જેનો થોડો પરિચય મેં 'વીરરાસ'ના ટિપ્પનમાં આપ્યો છે.—લા. ભ.

૨ આ જન્માભિષેક (મૂલ) ની ભાષા અપભ્રંશ (પ્રાકૃત વ્યાકરણ નિયમિત) કહી શકાય, જેના પર પાઠકોનો દૃષ્ટિપાત પ્રથમ થશે; તેની સંસ્કૃત અને ગૂજરાતી અમ્હારી કરેલી છાયાથી પાઠકોને યત્કિંચિત અંશે સહાયતા થશે, તો અમ્હારો પ્રયાસ સફલ થયો માનીશું.—લા. ભ.

રાજતિલક ગણિકૃત શાલિભદ્ર રાસ.

[સંગ્રાહક–સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસ.]

થંભણપુરિ પહુ પાસનાહ પણમેવિણુ ભત્તિએ,
હઉં પભણિસ્સુ સિરિસાલિભદ્દ મુણિતિલયહ રાસુ;
ભવિયહુ નિસુણહુ જેણ તુમ્હ હુઇ સિવપુરિ વાસુ ॥૧॥
અત્થિ પુહવિ વર નયર રાઉગિહિ લચ્છિહિ પુન્નઉ,
જિણુ નિન્જિય ગય અંતરિકિખ અમરાવઇ મન્નઉં,
રજ્જુ કરઇ તહિં અમરરાઉ જિવ સેણિઉ રાઉ;
ભંજિય બલ ભુયદંડ ચંડ વેરિય ભડવાઉ. ॥૨॥
તત્થ વસઇ ગોભદ્દ સિટ્ઠિ ધણુજિય ધણુઇસરુ,
દીણ દુહિય સાહારુ નિચ્ચહિય વાસિ જિણેસરુ;
રૂવિણ નિન્જિય ગઉરિ લચ્છિ ભજ્જા તસુ ભદ્દા,
નિરુવમ સીલપભાવ ભાવિ મણુવંચ્છિય ભદ્દા. ॥૩॥
ઉપ્પન્નઉ તસુ કુચ્છિ લચ્છિ જિવ કામુ સુરૂવિણુ,
ગોવાલય સંગમય જીવુ મુણિદાણુ–પભાવિણુ,
ઉજ્જેયંતઉ દિસહ ચક્કુ સંજાયઉ પુત્તુ,
સાલિખિત્ત–સુમિણેણુ, કહિય સોહગ્ગ પુન્નુ. ॥૪॥
ધાત–અત્થિ સિરિ પુરુ પુરુ રાયગિહ નામુર, પાલેઇ
સેણિઉ પરવરાઉ, રજ્જ તહિં વેરિ–ખંડણુ,
ગોભદ્દ સિટ્ઠિ પવર તાસ ભજ્જ સંજાઉ નંદણુ,
કંતહિં જેઇય દિન્નિ પડલુ સંગમિઉ ગોવાલુ,
સાહુદાણુ–કમલહતણુઉં વિત્થરિયઉ કિરિ નાલુ. ॥૫॥
તસુ સુહ વાસરિ સાલિભદ્દ ધય રઇયં નામૂ,
માય પિયરિ પિય બંધવાણ સંગમિ અભિરામૂ
વદ્ધઇ જિવ જિવ ચંદુ જેવ સો જણયાણંદુણુ,
તિવ તિવ વિયસ્સિય કુમુય જેવ ભદ્દા હરિસિયતણુ. ॥૬॥
અહિ પરિણાવિઉ સાલિભદ્દ બત્તીસ કુમારી,
તિહુયણિ સયલવિ જાહ નત્થિ પડિચ્છંદઉ નારી;
ચરમ જિણેસર પાસિ દિક્ખ લેઉ ગોભદ્દુવિ,
દેઉ હૂઅઉ દેવલોઇ કરઇ મણુ–ચિંતિઉ સવ્વવિ. ॥૭॥
દેઉ સુ પૂરઇ દેવ તણુઉ નિતુ નિતુ આહારુ,
ભજ્જા–સહિતહિ નિયય પુત્ત આભરણહ ભારુ;
અચ્છર–ગણ સઉ ઈંદુ જેવ વિન્નસઇ તિવ નિચ્ચુ,
કામિણિ–જણ સઉ સાલિભદ્દુ અગણિય–નિય–કિચ્ચુ. ॥૮॥

ધાત–પુત્તુ જાયઉ પુત્તુ જાયઉ સુહ–મુહતુંમિ,
વદ્ધાવિઉ સિદ્ધિ તહિ દિયઇ દાણુ દાલિદ્દ–ખંડણુ;
તસુ પુત્તહ નામુ કિઉ સાલિભદ્દુ ધહ પાવખંડણુ,
વિજ્જા સયલવિ પાઢિયઉ પુત્રસુખ પરણાવિઉ વરનારિ,
વ્રતુ લેઇવિ ગોભદ્દુ ગઉ સગ્ગિ પત્તુ સુહ–પારિ. ॥૯॥
તત્થ સમાગય વણિયા લેઉ, રયણ કંબલ રુઇજિય
રવિ તઉ,
ચહુદ્દઇ લક્ખુ લક્ખુ મૂલુ અલહંત,
પત્તા સેણિય ભૂમિવઇંત. ॥૧૦॥
લક્ખુ લક્ખુ મૂલુ દિયઇ નહુ રાઉ,
તીહ તણુઇ મણિ હુયઉ વિસાઉ;
સાલિભદ્દ–ઘર ગુરુ પિક્ખેવિણુ, પહુતા હરિસિણુ
પૂરિય મણુ તણુ. ॥૧૧॥
સયલ કંબલ ભદ્દા ગિણ્હેઇ, લક્ખુ લક્ખુ તીહ તણુઉ
મૂલુ દેઇ;
ભદ્દા કંબલ સવિ ફાડેઇ, ભજ્જુહ પાઉંછણુય
કરેઇ. ॥૧૨॥
ધય સંભલિઉ દેવી ચિલ્લણ નિવ અગ્ગઇ,
રયણકંબલ મહ દેહિ બહુ વારં મગ્ગઇ. ॥૧૩॥
રાઇણ સાલિભદ્દ ઘરિ મંતી, પેસિઉ પિક્ખઇ ઘોડય દંતી,
પભણઇ કંબલ મગ્ગિય ભદ્દા, ભજ્જહ પાઉંછણકિય
ભદ્દા. ॥૧૪॥
કંબલ–વત્ત કહિય જઉ મંતિણ, નિવુહક્કારઇ સાલિ-
ભદ્દુ હરિસિણુ,
ભદ્દા આવી તઉ વિનવેઇ, મહ પુત્તુ ઘર–બારિ પયુ
ન ધરેઇ ॥૧૫॥
તઉ તસુ ઘરિ નિવુ સેણિઉ આવઇ, પુત્તહ માયા
જાઇ સંભાલઇ,
પુત્તુ ભણઇ તુહુ લેઇ કિરાણું, જિવ તઇં લીયઉ તિવ ઇ
પ્રમાણું ॥૧૬॥
માય ભણઇ વચ્છ તુહ યઉ નાયકુ, સયલહ પુહવિહિ
સેણિઉ નાયકુ;
મજ્જવિ ઊપરિ અચ્છઇ સામિઉ, મિલ્હિસુ ભવુ હઉં
જિણિ જગુ નામિઉં. ॥૧૭॥

ઇય ચિંતિવિ વંદઇ નિવ-પાયા, ઉચ્છંગે તઉ
ગિન્હઇ રાયા;
મયણુ ગલઇ જિમ ઉણ્હઇ પડિયઉ, તિમ સો ગલઇ
ઉચ્છંગે ચડિયઉ. ॥૧૮॥
તઉ નિવિ મુક્કઉ ઠાણિ પહુત્તઉ, સો અચ્ચંતં ભવ-
હ વિરત્તઉ;
મજ્જણુ કરતહ રાયહ પડિયા, મુદ્દા કૂવ-મઝિ તઉ
ગઇયા. ॥૧૯॥
જલિ ઉત્તારિય મુદ્દારેહઇ, અંગારઉ જિય ભૂરણુ ફેડઇ;
જિમિવિ નિણુહ ધવલહરિ પહુત્તઉ, હરિસિની-મણુ
કજ્જિ પયટ્ઠઉ. ॥૨૦॥
ધાત-રયણકંબલ રયણકંબલ સવિફ્ફાડેઇ, ભજ્જાણ
પાઉંછણુય વિહિય મંતિ-વયણેણુ જાણિઉ,
કોઉહલિ પૂરિયઉ સાલિભદ્દ ધરિ જઇ સેણિઉરાય,
પહુતુહ આઇયઉ ભદ્દા સુયહ કરેઇ,
તઉ સંસાર-વિરત્ત મણુ સો સામી વંદેઇ. ॥૨૧॥
પત્તઉએ વીર જિણિંદુ તહિ પુરિ સાહુહિ પરિયરિઉ,
સાલિભદ્દુ એ જણુણિ પભણેઈ, વીર પાસિ હઉં
વ્વંતુ ગ્રહિસુ. ॥૨૨॥
જંપઇ એ જણુણિ સું આલિ કહ સંજમ-ભરુ
તુહુ વહિસિ,
ન સકઇ એ વહિવા વાચ્છ વાચ્છઉ મહારહહ
ભરુ. ॥૨૩॥
આગહિં એ જણુણિ મંનાવિ ધન્નઇ સહિયઉ
સાલિભદ્દુ;
પરિહરિવિ એ ધણુ-ધન્નાઇ વેરગ્ગિણુ વાસિય
હિયઉ. ॥૨૪॥
વિચ્છડિવિ એ તઉ ગિણ્હેઇ પાસિ વીર તિત્થંકરહ,
વિહરઇ એ સહ વીરેણુ ધન્નઇ સહિયઉ તવુ
તવેઇ. ॥૨૫॥
વિહરંતઉ એ આવિઉ સામિ વીર જિણેસરુ રાયગિહિ;
વીરિણુ એ કહિયં માય કરિ તુહું સાલિભદ્દ
પારિસિહિ. ॥૨૬॥
ગોચરિ એ ફિરતઉ પત્તુ જણુણિ-ઘરે તવકિસિયતણુ,
ઉલ્લખિઉ એ નહિ માયાઇ જિણુ-વંદણુ-
ઊધસિય મણુ. ॥૨૭॥

તઉ મુણિ પહુત્તઉ પોલિ-સમીવિ, હરિસિય ધન્ના તં
વિકખેવિ,
વિહરાવઇ દહિ પૂજંતઉ, વિય પુચ્છિય તિણિ મુણિ વીરુ;
કહઇ પુવ્વ ભવુ તસુ અઇ ધીરુ, સાલિ ગામિ ઉચ્છિન્ન
કુલુ. ॥૨૮॥
ધન્નાસઉ સંગઉ ગોવાલૂ, તં આસી દય-દાણુવિસાલૂ;
ખીરિણુ તઇ મુણિ પારિયઉ, દાણુ-પભાવિણ એરિસ રિદ્ધી
જાયા કમિ તુહુ હુઇસી સિદ્ધી, પુવ્વ જણુણિ વિહરા-
વિયઉ. ॥૨૯॥
ઇય જાઇસર-લાભિણુ તુટ્ઠા; તવ-સોસિય-તણુ
ધમ્મિણુ પુટ્ઠા;
ધન્નઉ સાલિભદ્દુ એવિ મુણિ,વૈભારહ ગિરિ ઉપરિ જંતા;
અણુસણુ કાઉસગ્ગુ કુણંતા, સુદ્ધ સિલાઇય ભૂમિ
ઠિય. ॥૩૦॥
અહ ભદ્દા વકૂખાણુ-અણંતરુ, જિણુ પુચ્છઇ મહ
નત્થિહ સુહવર,
ભણિયં જિણિ વેભારિ ઠાઉ, સેણિય સહિયા ભદ્દા જાએ,
જિહિ ઠે તે મુણિ ઉજ્જયકાએ, પિકખઈ નિશ્ચલ
દોવિ મુણિ. ॥૩૧॥
પણમિય ભદ્દા બોલાવેઇ, વાઇ પુત્ત મુહ સંમુહુ જોઇ;
મહ હિયડઉં નહુ ફુટ્ટિસઇ, મુણિ નહુ જોયઇ નહુ બુલ્લેઇ.
ભદ્દા ઢણુહણુ તઉ રોએઇ, આય મુચ્છ ધરણિહિ
પડિય. ॥૩૨॥
ગઇય મુચ્છ તઉ સા વિલવેઇ, હઇઉ દૈવુ મહ આસ હરેઇ,
મઇં જાણિઉ ઇઉ બોલિસ એ, કઠિણુ ઠાણિ કહ ઇત્થ રહેસી;
તુહ કોમલુ કિવ સીઉ સહેસી, ધ્રસકઇ હિયડઉ મજ્ઝ
તણુઉ ॥૩૩॥
સેણિય બોહિય ભદ્દા નિય ઘરિ, પત્તા સવ્વટ્ઠુ
સિદ્ધિ તે મુણિવર,
રાજતિલક ગણિ સંથુણુઇ, વીર જિણેસરુ ગોયમ
ગણુહરુ;
સાલિભદ્દ નઇ ધન્નઉ મુણિવરુ, સયલ સંઘ-
દુરિયઇં હરઉ. ॥૩૪॥
સાલિભદ્દ મુણિ રાસો જે બોલા દિંતી,
તેસિં સાસણદેવી જણયાઉ સિવ સંતી. ॥૩૫॥

શ્રી શાલિભદ્રમુનિ રાસઃ સમાપ્ત.

[અર્વાચીન ગૂજરાતીમાં છાયાકાર—પં. લાલચંદ ભગવાનદાસ ગાંધી.]

સ્તંભનપુર–પ્રભુ પાર્શ્વનાથ પ્રણમીને,
ભક્તિએ હું પ્રભણીશ શ્રી શાલિભદ્રમુનિતિલકનો રાસ;
ભવ્યો ! સુણો જેહથી તુમ હોય શિવપુર વાસ ૧
છે પૃથ્વી [પર] વરનગર રાજગૃહ લક્ષ્મીથી પૂર્ણ,
જેથી નિર્જિત ગઇ અંતરીક્ષે અમરાવતી માનું;
રાજ્ય કરે ત્યાં અમરરાજ જેમ શ્રેણિકરાય,
ભંજિતબલ ભુજદંડ–ચંડવેરી–ભટવાદ. ૨
ત્યાં વસે ગોભદ્રશેઠ ધનજિત ધનેશ્વર,
દીન દુઃખિત આધાર નિત્ય હૃદય વસે જિનેશ્વર;
રૂપે નિર્જિત ગૌરી લક્ષ્મી ભાર્યા તસ ભદ્રા,
નિરુપમ શીલ–પ્રભાવ ભાવે મનવાંછિત ભદ્રા. ૩
ઉપન્યો તસ કુક્ષે લક્ષ્મીને જેમ કામ સુરૂપે,
ગોપા(વા)લ સંગમ–જીવ મુનિ–દાન પ્રભાવે;
ઉદ્યોત કરતો દિશાનું ચક્ર જન્મ્યો સુપુત્ર,
શાલિક્ષેત્ર–સ્વપ્ને કહેલ સૌભાગ્યે પૂર્ણ. ૪

ધાત–છે શ્રીપુરવર રાજગૃહ નામે પાલે શ્રેણિક પ્રવર
રાય રાજ્ય ત્યાં વેરિ–ખંડન,
ગોભદ્ર શેઠ પ્રવર તસ ભાર્યા સંજ્ઞત નંદન;
કાંતિએ દ્યોતિત દિશા–પટલ સંગમ ગોવાલ,
સાધુદાન–કમલ તણું વિસ્તર્યું કિલ નાલ. ૫
તસ શુભ વાસરે શાલિભદ્ર એ રચ્યું નામ,
માતપિતા પ્રિય બંધવોના સંગમે અભિરામ;
વધે જેમ જેમ ચંદ્ર જેમ તે જન–આનંદન,
તેમ તેમ વિકસિત કુમુદ જેમ ભદ્રા હર્ષિતતનુ. ૬
અથ પરણાવ્યો શાલિભદ્ર બત્રીશ કુમારી,
ત્રિભુવને સકલે જસ નથી પડછંદો નારી;
ચરમજિનેશ્વર પાસે દીક્ષા લેઇ ગોભદ્ર,
દેવ હૂઓ (થયો) દેવલોકે કરે મન–ચિંતિત સર્વે. ૭
દેવ તે પૂરે દેવ–તણો નિત (ત્ય) નિત(ત્ય) આહાર,
ભાર્યાસહિત નિજ પુત્રને આભરણનો ભાર;
અપ્સર–ગણ સહિત ઇંદ્ર જેમ વિલસે તેમ નિત્ય,
કામિની–જન સહિત શાલિભદ્ર અગણિત નિજ કૃત્ય. ૮

ધાત—પુત્ર જન્મ્યો પુત્ર જન્મ્યો શુભ મુહૂર્તે
વધાવ્યો સિદ્ધે ત્યાં દિયે દાન દારિદ્ર–ખંડન,
તસ પુત્રનું નામ કિયું (ધું) શાલિભદ્ર એહ પાપ–
ખંડન;
વિદ્યા સઘલી પઢાવીઓ પરણાવ્યો વર નારી,
વ્રત લેઇ ગોભદ્ર ગયો સ્વર્ગે પામ્યો (પુત્ર) સુખ પાર. ૯
ત્યાં આયા વાણિયા લેઇ, રત્નકંબલ રુચિ–જિત રવિ તો;
ચહુટે લાખ લાખ મૂલ્ય–અલાભે, પહોંચ્યા શ્રેણિક ભૂમિ–
પતિ–પાસે. ૧૦
લાખ લાખ મૂલ્ય દિયે નહિ રાય, તેહ તણા મનમાં
દૂ(થ)યો વિષાદ;
શાલિભદ્ર–ઘર ગુરુ પેખીને, પહોંચ્યા હર્ષે પૂરિત
મન તનુ. ૧૧
સઘલી કામલ ભદ્રા ગ્રહે, લાખ લાખ તેહ તણું મૂલ
(લ્ય) દેય;
ભદ્રા કામલ સૌ ફાડે, ભાર્યા (પુત્ર–વધૂ)નાં પાદ–
પુંછન કરેય. ૧૨
એ સાંભલ્યું દેવી, શ્રેલણા વૃપ આગે (આગળ);
રત્નકંબલ મને દ્યો, બહુ વાર માગે. ૧૩
રાયે શાલિભદ્ર–ઘરે મંત્રી પ્રેષ્યો પેખે ઘોડા દંતી;
પ્રભણે કામલ માગી ભદ્રા, ભાર્યાનું પાદ–પુંછન
કર્યું ભદ્ર ! ૧૪
કામલ–વાત કહી જબ મંત્રીએ, નૃપ હકારે
શાલિભદ્રને હર્ષે;
ભદ્રા આવી તો વિનવે, મુઝ પુત્ર ઘર–બાર પગ નધરે.૧૫
તો તસ ઘર નૃપ શ્રેણિક આવે, પુત્રને માતા જઈ
સંભલાવે;
પુત્ર ભણે તું લે કરિયાણું; જેમ તેં લીયું (ધું)
તેમ જ પ્રમાણ. ૧૬
મા ભણે વચ્છ(ત્સ) ! તુમ એ નાયક, સઘલી પૃથ્વીનો
શ્રેણિક નાયક;
'મુઝ ઉપર પણ છે સ્વામી, મેલ્હીશ ભવ હું જેણે
જગત્ નમાવ્યું.' ૧૭
એમ ચિંતવી વંદે નૃપ–પાય, ઉત્સંગે તો ગ્રહે રાય;
મીણ ગલે જેમ ઉન્હે પડ્યું, તેમ તે ગલે
ઉત્સંગે ચડ્યો. ૧૮
તો નૃપે મૂકયો ઠામે (સ્થાને) પહોંચ્યો, તે અત્યંત
ભવથી વિરક્ત;
મજ્જન કરતાં રાયની પડી, મુદ્રા કૂવામાં તો ગઇ. ૧૯
જલે ઉતારી મુદ્રા નીરખે, અંગારો જેમ ભૂરત્ન ? ફેડે;
જમીને નૃપ ધવલગૃહે પહોત્યો, હર્ષતો મન કાજ પેઠો.૨૦

ધાત–રત્નકંબલ રત્નકંબલ સૈા ફાડી, ભાર્યાનું પાદપુંછન
કર્યું મંત્રિ–વચને જાણ્યું.
કુતૂહલે પૂર્યો શાલિભદ્ર–ઘરે જાય શ્રેણિકરાય
પ્રભુ તુમ આવ્યો ભદ્રા સુતને કહે
તેા સંસાર–વિરક્તમન તે સ્વામીને વંદે. ૨૧
પહેાત્યેા(ચ્યેા) એ વીર જિનેન્દ્ર, તેહ પુર સાધુએ પરવર્યો
શાલિભદ્ર એ જનનીને પ્રભણે, વીર પાસે હું
વ્રત ગ્રહીશ. ૨૨
જંપે એ જનની શું આળ, કહું સંયમ–ભાર તું વહેશે;
ન શકે એ વહેવા વચ્છ !, વાછડેા મહારથનેા ભાર ૨૩
*આગ્રહે એ જનની મનાવી, ધન્ના સહિત શાલિભદ્ર;
પરિહરી એ ધન ધાન્યાદિ, વૈરાગ્યે વાસિત હૃદય. ૨૪
વિચ્છ(ચ્છે)ડીને એ તેા ગ્રહે, પાસે વીર તીર્થંકરની;
વિહરે એ સાથ વીરની, ધન્ના સહિત તપ તપે. ૨૫
વિહરતાં એ આવીએા (વ્યેા) સ્વામી વીર જિનેશ્વર
રાજગૃહે;
વીરે એ કહીયું (હ્યું)માત–કરે તું શાલિભદ્ર ! પારશે. ૨૬
ગેાચરી એ ફરતેા પહેાત્યેા, જનની–ઘરે તપ–કૃશતનુ;
એાલખ્યાએા (ખ્યેા) એ નહિ માતાએ જિનવંદન–
ઉદ્ય(ચ્છ્વ) સિત મને. ૨૭
તેા મુનિ પહેાત્યેા પેાળ–સમીપે, હરખી ધન્ના(ન્યા)
તેને પેખી,
વેાહરાવે દહી પૂજતાં (સૂઝતું), આવી પૂછતાં
તેને મુનિ વીર;
કહે પૂર્વભવ તસ અતિધીર, શાલિગામે ઉચ્છિન્ન કુલ ૨૮

ધન્ના–સુત સંગમ ગેાવાલ, તું હતેા દયા–દાન વિશાલ,
ખીરે તું મુનિ પા'રિયેા, દાન–પ્રભાવે આવી રિદ્ધી;
જાતા (થ૪) કમે તુજ હેાશે સિદ્ધી, પૂર્વજનની
વેાહરાવ્યું. ૨૯
એ જાતિ–સ્મરણ–લાભે તુષ્ટ, તપ–શેાષિતતનુ ધર્મે પુષ્ટ,
ધન્ના(ન્ય)શાલિભદ્ર એય મુનિ, વૈભારગિરિ ઉપર જાતાં
અનશન કાઉસગ્ગ કરતા, શુદ્ધ શિલા ભૂમિએ રહ્યા. ૩૦
હવે ભદ્રા વકખાણ અનંતર, જિનને પૂછે મુજ નથી
અહિં સુતવર,
ભણિયું (કહ્યું) જિને વે(વૈ)ભારે રહ્યા, શ્રેણિક
સહિત ભદ્રા જાય;
જિહાં છે તે મુનિ ઉજ્જિતકાય, પેખે નિશ્ચલ
દેાય મુનિ. ૩૧
પ્રણમી ભદ્રા બેાલાવે, વચ્છ ! પુત્ર ! મુજ સામું જોય,
મુજ હિયડું નહિ ફૂટશે, મુણિ નહિ જોય નવ બેાલે,
ભદ્રા ઢણહણ (ઢળહળ)તેા રેાએ (વે), આવી મૂર્છા
ધરણીએ પડી. ૩૨
ગઈ મૂર્છા તેા સા(તે) વિલવે(પે), હત (હા !) દૈવ
મુજ આશ હરે,
મેં જાણ્યું એ બેાલશે, કઠણ ઠામે કેમ અહિં રહેશે ?
તુજ (તું) કેામલ કાય (કેમ) શીત (સર્વ) સહેશે,
ધ્રસકે હિયડું મુજ તણું. ૩૩
શ્રેણિક બેાધી ભદ્રા નિજ ઘરે, પહેાત્યા સર્વાર્થસિદ્ધે
તે મુનિવર,
રાજતિલકગણિ સંસ્તવે, વીરજિનેશ્વર ગૌતમ
ગણધર;
શાલિભદ્ર ને ધન્નેા મુનિવર, સકલ સંઘ–દુરિત હરેા ૩૪
શાલિભદ્રમુનિરાસેા–જે બેલે દેવે,
તેહને શાસનદેવી કરેા શિવ શાંતિ. ૩૫

* આ સંબંધનેા માતા ભદ્રા અને શાલિભદ્રનેા સંવાદ કવિ પદ્મ (પદ્મ) કક્કાના અક્ષરેાથી શરૂ કરી ૭૧ કડીમાં પ્રાચીન ગૂજરાતીમાં રચેલ છે; જે ગાયકવાડ ઑરિયન્ટલ સિરીઝ તરફથી પ્રકાશિત થયેલ 'પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ'માં પ્રકટ થયેલ છે. અર્વાચીન છાયાનુવાદ સાથે તેનેા આસ્વાદ સાહિત્ય રસિક પાઠકેાને હવે અવકાશે કરાવીશું. લા. ભ. ગાંધી.

છદ્મસ્થ દશામાં શ્રી મહાવીર પ્રભુનાં વિહાર–સ્થલો.

(લેખકઃ—રા. ડી. જી. ભણશાળી બી. એ. ૧૬ પોલોકસ્ટ્રીટ કલકત્તા.)

કુંડપુરઃ—કનીંગહામ માને છે કે આ સ્થલ વૈશાલીનો એક ભાગ હોવો જોઇએ. કારણ મહાવીર પ્રભુને "વૈશાલિય" કહેવામાં આવેલ છે. જો કે આ વિશેષણ વિશાલા નગરીનો વતની તેમજ પ્રાન્તનો વતની બન્નેને લાગુ પાડી શકાય. તેઓ (ડો. હરનલ પણ એમજ) માને છે કે ક્ષત્રીયકુંડ અને બ્રાહ્મણકુંડગ્રામ આ બંને વૈશાલીના શાખાપુર અગર સ્પષ્ટ રીતે કહીએ તો "પાડા" હતા. આ બધી માન્યતાને અંગે તેઓ વિશાલા નગરીને "બેસાર" Besarh ગામ તરીકે જણાવે છે જે સ્થલ બૌદ્ધ ગ્રન્થોમાં અને ચીની મુસાફરના આપેલા અંતરો સાથે બરાબર મળતું આવે છે. આ ગામથી છ માઇલને આંતરે બ્રાહ્મણગામ નામે ગામડું આની પણ અસ્તિ ધરાવે છે. પ્રાચીન બ્રાહ્મણકુંડગ્રામ હોય તો તેમાં કાંઇ બાધ નથી. બેસારમાંથી તો ખોદકામ કરતાં તેમજ વિશાલાનો મહેલ વિગેરે સ્થળો ભગ્નાવશેષ સ્થીતિમાં આજે પણ મૌજુદ છે (જુઓકનીંગહામ) શેષમાં કનીંગહામ હિંમતપૂર્વક કથે છે કે " ભગ્નદશામાં પડેલો બેસારનો કિલ્લો નામ ક્ષેત્રફળ, અને સ્થાન એટલી સચોટ રીતે પ્રાચીન વિશાલા નગરીની ખાતરી આપે છે કે હવે શંકા રહી નથી". આ રીતે વિશાલાને બેસાર સાથે બ્રાહ્મણગ્રામનો તેજ નામના ગામ સાથે અને તેનીજ પાસે આવેલું "બસુકુંડ"ને શાયદ ક્ષત્રીયકુંડ સાથે આપણે સ્થલ નિર્ણય કરી શકીએ.

આ સ્થલનિર્ણયમાં બાધ માત્ર એક આવે છે કે આધુનિક લછવાડ પાસે ડુંગરપર જેને આપણે ક્ષત્રીયકુંડ તરીકે ગણીએ છીએ તે સ્થાપના તીર્થ માનવું પડે. પણ તેમ માનવાને આપણી પાસે સબળ પુરાવો નથી. પં. હંસ સોમ આદિ કવિઓએ પણ આધુનિક ક્ષત્રીયકુંડની યાત્રા કરી છે એમ તેમના પૂર્વ ક્ષેત્રોની તીર્થમાળા પરથી જણાય છે. આ પ્રશ્નનો ઉકેલ કરવા બહુજ અગત્ય છે.

વાણિજ્યગ્રામઃ—શ્રી કલ્પસૂત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. 'વૈશાલી અને વાણિજ્યગ્રામની નિશ્રાએ પ્રભુએ બાર ચોમાસાં કર્યા.' આ પરથી કહેવાની જરૂર રહેતી નથી કે વાણિજ્યગ્રામ અને વિશાલા તદ્દન નજીકજ હોવા જોઇએ. વળી વિશાલાથી વાણીજ્યગ્રામ પ્રતિ વિહાર કરતાં વચ્ચે ગંડકી નદી નાવમાં ઉતરવી પડી હતી. એટલે વૈશાલી ગંડકી નદીના તીરપર હોવું જોઈ એ અને વાણિજ્યગ્રામ સામે તીરે. નકશામાં બજીઆ યા બનીઆ બેસારથી સામે તીરે છે તે વાણીજ્યગ્રામ હોવા દરેક સંભવ છે એમ શ્રી વિજયધર્મસૂરી જણાવે છે.

ડો. હરનલ પોતાના ઉપાસક દશાંગની નોટમાં જણાવે છે કે કુંડપર અને વિશાલા એકજ હોવી જોઇએ કારણ પ્રભુને 'વૈશાલીય' કહેલ છે માટે તે કુંડપુરને વિશાલાનો ક્ષત્રીય પાડો કહે છે જ્યાં રાજા (ખિતાબ) તરીકે સિદ્ધાર્થ હતા. ઉપરાંત શ્રી આચારાંગના ભાવનાધ્યયનથી (દ્વિતીય શ્રુતસ્કંધ) જણાય છે કે **उत्तरेखत्तीयकुंडग्राम अने दाहिणे माहणकुंडग्राम** આથી કુંડગ્રામના બંને પાડા હોય એ નિશંક થાય છે.

કુમારગ્રામઃ—એક વખત ક્ષત્રીય કુંડગ્રામના સ્થલનો નિર્ણય કીધા પછી આ નહાનકડા સ્થલ માટે એટલુંજ કહી શકાય કે તે કુંડપુરથી ૧૦ થી ૧૫ માઇલ પર હોવું જોઈ એ કારણ પ્રભુ લગભગ ૧।। થી ૨ કલાકમાં એ સ્થલે પહોંચ્યા હતા.

કોલાગ સન્નિવેશઃ—નાલંદાની ઉત્તરે આ સ્થલ હતું એમ શ્રી ભગવતી સૂત્રના ઉલ્લેખ પરથી માલુમ પડે છે.

નાલંદાથી **અંદૂર સામંતે** કાલાક સન્નિવેશ હતું. અને નાલંદા રાજગૃહીથી ૭ માઇલ પર ઉત્તરે હતી.

મોરાક–અને અસ્થિગ્રામઃ—નાલંદાથી મોરાક આવ્યા. મોરાક અસ્થિગ્રામની નજીકજ હતું કારણ

અડધા ચોમાસે પ્રભુ અસ્થિગ્રામ ગયા અને ચોમાસું પુરૂં થતાં પણ શરદ ઋતુમાં ત્યાં આવ્યા એટલે અસ્થિગ્રામથી ૫ થી ૧૦ માઈલથી દૂરતો નજ હોય.

અસ્થિગ્રામઃ—જેને વર્ધમાન કહેવામાં આવતું હતું એમ આવશ્યક સૂત્રની સાખ છે તો જેને આજે 'બદ્દવાન' (સંસ્કૃત વર્ધમાન) કહે છે તેજ પ્રાચીન વર્ધમાન-અસ્થિગ્રામ તરીકે લેવામાં કશો બાધ નથી. આ બદ્દવાન દામોદર નદ નામે વેગવતી નદીને કિનારે છે.

વાચાલ પ્રદેશઃ—બદ્દવાનથી ઉત્તર તરફ વિહાર કરતાં તુરતજ દક્ષિણ વાચાલ. સુવર્ણવાલુકા નદી-કનકખલ આશ્રમ-રૂપ્યવાલુકા નદીમાં થઈ પ્રભુ શ્વેતામ્બી પહોંચ્યા.

કનકખલઃ—આશ્રમ શ્વેતાંમ્બીની પાસેજ હતું આવશ્યકજી પૃષ્ઠ. ૧૯૫. "**तस्यादूरे श्वेताम्बिका नगरीं**" અને આશ્રમ પછી રૂપ્યવાલુકા નદી પાર ઉતરી ઉત્તર વાચાલમાં દાખલ થયા ત્યાંથી શ્વેતામ્બિમાં પધાર્યા. માટે ઉત્તર વાચાલ પ્રદેશનું પાટનગર શ્વેતમ્બી હોય એ દરેક સંભવ છે, અને કનકખલ આશ્રમ રૂપ્યવાલુકાને કિનારે હોય અને નદી પછી તુરતજ ઉત્તરવાચાલ-આમ આ ચારે સ્થલ દૂર નથી માત્ર દક્ષિણ વાચાળજ દૂર હતું. માટે ઉત્તર વાચાલનો સ્થલનિર્ણય અગર શ્વેતમ્બીના સ્થળ નિર્ણયપર બીજા ચારનો આધાર છે.

શ્વેતામ્બીઃ—શ્રી રાયપસેણી સૂત્ર પરથી જણાય છે કે તે સાવથ્થી નગરીથી બહુ દૂર નહોતી અને સાવથ્થીનો સ્થલનિર્ણય સેતમેહત નામે ગામ અજોધ્યાથી ૩૦ માઇલપર છે ત્યાં થઇ શકે છે માટે શ્વેતમ્બી તેની પૂર્વ અગર પૂર્વોત્તરમાં હોય. આ પ્રદેશ આધુનિક નેપાલ સાથે બંધબેસતો છે માટે શ્વેતમ્બી તે વખતની નેપાલ દેશની રાજધાની હતી એમ અનુમાન થાય છે. અને ઉત્તરવાચાલમાં શ્વેતમ્બી હતી તો ઉત્તરવાચાલ અને નેપાલ બંને એકજ હોવા જોઇએ.

સુરભીપુરઃ—શ્વેતેમ્બીની દક્ષિણે અને ગંગાની ઉત્તરે આ શહેર અને થુણાગ સંનિવેશ હોવા જોઇએ. સ્થલનિર્ણય હજી થઇ શકયો નથી.

રાજગૃહઃ—આધુનિક રાજગીર-રાજગૃહ. વિશેષ વિવેચનની જરૂરજ નથી.

નાલંદાઃ—રાજગૃહથી ૭ માઈલ ઉત્તરે બડગામ પાસે થએલા ખોદકામ નાલંદાનો નિર્ણય કરાવે છે

સુવર્ણખલઃ—આ આશ્રમ કનકખલથી તદન ભિન્ન હોવું જોઇએ એમાં શક નથી કારણ કનકખલ શ્વેતમ્બી પાસે છેક ઉત્તરમાં છે જ્યારે આ સુવર્ણખલતો રાજગૃહથી બ્રાહ્મણકુંડગ્રામ જતાં રસ્તામાં આવે છે અને બ્રાહ્મણકુંડ શ્વેતંબીથી ઘણે દૂર દક્ષિણે છે. તેમજ સુવર્ણખલ તેથીયે દક્ષિણે છે. માટે સ્થલનિર્ણયની જરૂર છે.

બ્રાહ્મણગ્રામઃ—ઉપર વૈશાલીમાં વિવેચન કરી-ધેલ છે.

ચંપાનગરીઃ—આએ નામનું સ્થળ ભાગળપુરથી પશ્ચિમે નાથનગર પાસે ગંગાકિનારે આજે પણ મૌજુદ છે જેને ચંપાનાલા કહે છે.

પૃષ્ઠચંપા કયંગલાઃ—ચીની મુસાફરના લખાણ મુજબ ચંપાથી ૪૦૦ લી યાને ૭૦ માઇલ પર પૂર્વમાં કયંગલા નગરી હતી. ચંપાથી નદી રસ્તે જતાં તો અંદાજ ૯૦ માઇલ થાય છે પણ ખુશ્કી માર્ગે ૭૦ માઇલ થાય. આ કયંગલા રાજમહાલથી દક્ષિણે ૧૮ માઇલપર છે. (કનીંગહામ), અને કયંગલા નામનું ગામ હૈયાત છે કે જે આઝીમગંજથી ઉત્તરે બરહરવા અને જીલદંગાની વચે મુકી શકાય. આવી રીતે જ્યારે કયંગલાનો નિર્ણય થાય છે કે ચંપાથી પૂર્વમાં ૭૦ માઇલપર છે તો પૃષ્ઠચંપા તે બે સ્થલોની વચ્ચેજ હોવી જોઇએ. કારણ પ્રભુ ચંપાથી નીકલી પૃષ્ઠચંપામાં ચોમાસું રહ્યા અને ત્યાંથી તુરત કયંગલા ગયા.

સાવથ્થીઃ—બલરામપુર સ્ટેશનેથી ૧૨ માઇલપર સેટ મેટનો કીલ્લો છે તે અકોનાથી ૫ માઇલપર છે અને તે અયોધ્યાથી ઉત્તરે ૩૦ માઇલ છે. તે અકોના અને સેટ મેટનો સંયુક્ત પાંચ માઇલનો પ્રદેશ સાવથ્થી તરીકે લઇ શકાય (જોને માટે જુઓ કનીંગહામ અને વિજયધર્મસૂરિની પ્રાચીન તીર્થમાલા ભાગ ૧) તીર્થકલ્પમાં પણ લખ્યું છે કે **संपइकाले महेठित्ति बूढा**,

અહિંથી હાલેદુર્ગ–નંગલા–આવર્ત્તા થઇ તેઓ ચોરાગસંનિવેષે આવ્યા તે ચોરાગ પૃષ્ઠચંપાની નજીક છે માટે હાલેદુર્ગ આદિ સાવત્થીથી પૃષ્ઠચંપા જતાં રસ્તામાં હોવા જોઇએ તેનો સ્થળ નિર્ણય કરવો.

લાઢ-રાઢ—બંગાલનો રાઢ નામે પ્રદેશ. આ રાઢ પ્રદેશની ઉત્તર સિમા રાજમહાલના ટેકરાઓ છે પ્રાચીન કાલમાં રાજમહાલના ટેકરાઓથી આરંભી દક્ષિણે પૂર્વાર્ધ મીદનાપુર બાંકુરા બર્દવાન હુગલી હાવરા વિગેરે જીલ્લાઓ સમેત રાઢ પ્રદેશ કહેવાતો હતો. વલી ઉત્તર રાઢ અને દક્ષિણ રાઢ આ બે પ્રદેશો અજયા નદીથી વિભકત થતા હતા.

પૂર્ણકલસઃ—આ સ્થળનો નિર્ણય થયો નથી. પણ શ્રી આવશ્યક પરથી જણાય છે રાઢ નામે અનાર્ય ભૂમિની સરહદ પર આ એક અનાર્ય ગામ હતું.

ભદ્દિલ નગરી કદલિસમાગમ જંબુષંડતંબાયકૂપિકા—આ શહેર યા નગરીઓનો પણ નિર્ણય થઈ શકતો નથી.

(કદલી સમાગમ અને તંબાય માટે એક સૂચના માત્ર થઇ શકે છે કે રાઢ દેશની હદ છેક તારકેશ્વર–કલકત્તા પાસે–સુધી છે એટલે કદલી સમાગમ ને કેાલાઘાટ જે કલકત્તાથી બેંગેાલ નાગપુર લાઇનમાં રૂપનારાયણ નદીને તીરે ( ) માઇલ પર આવેલું છે. બંગ ભાષામાં કેળાં–કદલી–ને કલા–ઉચ્ચાર કૅાલા–કહે છે આ સ્થળ નામ સાથે ઘણુંજ બંધ બેસતું છે, અને જો કેાલા ઘાટને કદલી સમાગમ લઇએ તો તંબાયને તામલુક–તામ્રલિપ્તિ એક લઇ શકાય જે કેાલાઘાટથી નજીકજ છે અને તે સમયમાં પ્રખ્યાત બંદર હતું.

ગ્રામક શાલિશીર્ષક ભદ્રિકાઃ—આ ગામ અને નગરીનો સ્થાન નિર્ણય આલંભીકાના નિર્ણય પર નિર્ભર છે. કારણ આ ત્રણે સ્થલો વૈશાલિ–બેશાડ–અને આલંભિકાની વચ્ચે આવેલાં છે.

આલંભિકાઃ—આ નગરીનો નિર્ણય અતિ વિવાદાસ્પદ છે. ડૉ. હરનલ પોતાના ઉપાસકદશાંગની નોટ–પાના ૫૧–૫૩ માં સર કનીંગહામના સ્થળ નિર્ણય સાથે મળતાપણું બતાવી જણાવે છે કે આલવી અગર આલો અને ચીની મુસાફરનું નવદેવકુલ બે એકજ હોવા જોઇએ અને આ સ્થલ કનોજથી અગ્નીકેાણુમાં ૧૬ માઈલ પર આવેલ **નેવાલ** સાથે નિર્ણિત કરી શકાય.

પણ આ વાતમાં સત્ય હોય એમ લાગતું નથી. વિહાર માર્ગ તરફ દૃષ્ટિ કરતાં તે સ્થલ બિહારમાંજ હોવું જોઇએ અને તે પણ આધુનિક આરા શહરની આસપાસ લઇ શકાય. પ્રભુજીએ છઠ્ઠું ચોમાસુ ભદ્રિકામાં કર્યું ત્યાંથી મગધમાં ફરીને આલંભિકા પહોંચ્યા અને સપ્તમ વર્ષારાત્ર ત્યાંજ પ્રસાર કર્યું.

કુંડાક, મર્દના, બહુશાલક, લોહાર્ગલાઃ—જો આલંભિકાને આરા લઇએ જે માટે પૂરાવાની જરૂર છે તો આ ચાર સ્થલો આરાથી અલાહબાદ–પુરિમતાલ જતાં રસ્તામાં લેવા જોઇએ.

ઉર્ણાક ગોભૂમિઃ—સ્થલનિર્ણય યા સૂચનમાત્ર પણ મુશ્કેલ છે.

રાજગૃહઃ—જાણીતું છે.

રાઢ વજ્રભૂમિ શુદ્ધભૂમિઃ—અનાર્ય સ્થલો પૈકી રાઢનો ઉલ્લેખ ઉપર થઇ ગયો છે અને સુહમ પણ મિદનાપુર જીલ્લાને લઇ શકાય. રાઢ અને સુહમ ઘણા ભાગે સાથેજ બોલાય છે. અને વજ્રભૂમિ–બીરભૂમ–વીરભૂમિના પ્રદેશને લેવાથી બાધા નથી આવતી.

સિદ્ધાર્થપુર કૂર્મગ્રામ—નિર્ણય નથી.

વાણિજ્યગ્રામ—ઉપર લખાઇ ગએલ છે.

સાવત્થી–સંત મહંતનો કિલ્લો, દશમ વર્ષારાત્ર દશમા અને અગીઆરમા ચોમાસા જે વૈશાલીમાં થયું છે તેની વચ્ચે અનેક સ્થલો આવી જાય છે અને પંથ પણ અતિ લાંબો છે.

સાવત્થીથી સાનુલષ્ઠ અનિર્ણિત.

દૃઢભૂમિ, વાલુકા, સુક્ષેત્રા, હસ્તીશીર્ષ, તાંસલી, મોસલી, વજ્રગામ–આ સ્થલોમાં કર્મ નિર્જરાર્થે છ માસ ગાળ્યા અને મુનિ શ્રી ન્યાયવિજયજીએ વર્ણન કરેલા સંગમ દેવના ઉપસર્ગો અહિં થયા.

દૃઢભૂમિને સિંગભૂમ તરીકે લેવા સૂચના માત્ર છે. **તાંસલી** કટક પાસે આવેલું ધવલી જે ખારવેલ રાજાના વખતમાં ઉત્તર કલિંગનું પાટનગર હતું

તેને પ્રો. જયસ્વાલ અનેક પૂરાવાથી તાંસલી તરીકે સાબીત કરે છે.

હસ્તીશીર્ષ:--પ્રસિદ્ધ હાથી ગુફા તો ન હોય જ્યાં હાથીની શુંઢ છે અને તોસલીથી નજીકજ છે.

આલંભિકા:--કનોજ પાસેનું નેવાલ લેવાથી પંથ અતિ દૂર થઈ પડે છે પણ આરા પાસે કોઈ સ્થલ લેવાથી અનુકુલતા જણાય છે.

શ્વેતંબિ--નેપાલનું મુખ્ય શહેર. આ નગરી જૈન ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે પણ બૌદ્ધ ગ્રન્થોમાં તેનો નામ નિર્દેશ જાણમાં નથી. અને છે કે નહિ તેનો વિદ્વાનો સાથે પત્ર વ્યવહાર થાય છે. ચીની મુસાફર કોઈ આ નગરીનું વર્ણન આપતા નથી. નેપાલમાં લલિત પટ્ટન તેઓ ગયા છે અને આ લલિત પટ્ટનથી સાવત્થી અતિ દૂર નથી. ત્યાંથી

કોશાંબિ--યમુનાના તીરે પ્રયાગ પાસેનું કોસમ ગામ.

મિથિલા--જનકપુર.

સાવત્થીથી દૃઢભૂમિ આદિમાં છ માસ કાઢયા બાકી રહ્યા વિહારના બે માસ જેમાં પ્રભુ વજ્જગામ કટક પાસેથી નેપાલમાં શ્વેતમ્બી ગયા ત્યાંથી ફરી સાવત્થી, ત્યાંથી કોશમ્બી બનારસ મીથીલા ફરીને વૈશાલી આવ્યા.

સુંસુમારપુર ભોગપુર નંદિગ્રામ મેંઢીઆ-વૈશાલી અને કોસમ વચે નકી કરવા જોઇએ.

જંભિઆ:--શ્રીવિજયધર્મસૂરી જમગ્રામ લેય છે ત્યારે પં. બહેચરદાસ જમૂઈની સૂચના કરે છે.

(આ લેખ સંબંધી લેખક જણાવે છે કે:-

'આ મ્હારો સ્વતંત્ર લેખ નથી પણ અનેક શોધખોળ કરનારાના મતનું દોહન છે. આ પ્રયાસ એક વ્યક્તિ કરે તો ફાવી શકે તેમ નથી, પણ ચાર પાંચ વિદ્વાનો પોતાનો મત સાબીતી સહિત બતાવે તો પાર પડે તેવું કાર્ય છે માટે આપ આપનો અભિપ્રાય, તેમજ મુનિ ન્યાયવિજયજી આદિ આ કાર્યમાં રસ લેનારી વ્યક્તિઓનો અભિપ્રાય દર્શાવશો. આ લેખ રૂપે છેજ નહિ પણ દરેક જણના અભિપ્રાય એકઠા થયે લેખ રૂપે લખવો એવો મારો આશય છે. જોઇએ તો તંત્રી પોતે લખે તો પણ મને વાંધો નથી. આપના અભિપ્રાય અને નવીન સૂચના બાદ સ્થલ નિર્ણય માટે વધુ પ્રયત્ન કરીશ. આમા બ્હોળા વાંચનની જરૂર છે અને બૌદ્ધ ગ્રંથોનો પણ અભ્યાસ જોઇએ. ધર્માનન્દ કોસામ્બીને શ્વેતમ્બી, કયંગલા અને આલંભિકા બાબે પૂછવી જોશો. આમાં આધાર જેનો લીધો છે તેનાં નામઃ કનીંગહામની ભૂગોળ, બીલ-બુદ્ધિસ્ટ રેકર્ડ, સ્મિથ-અર્લિ હિસ્ટરી, હૉનેલ ઉપાસક દશાંગ, ડેવિડસ-બુદ્ધિસ્ટ ઈંડિયા, વિજયધર્મસૂરિ-પ્રાચીન તીર્થમાળા, આવશ્યક સૂત્ર, શ્રી આચારાંગ-માત્ર એક સ્થળે. "

ગત શ્રી મહાવીર ખાસ અંકમાં પં. બહેચરદાસે એક લેખ લખેલો પ્રકટ થયો છે અને આ બીજો છે. હજુ પણ આ સંબંધે વિશેષ શોધખોળ કરવાની રહે છે. તો બેાજકો વિશેષ પ્રયાસ કરી સ્થલોની નિશ્ચિતતા કરશે અને એ રીતે તે પુણ્ય ભૂમિઓનો ઉદ્ધાર કરવામાં નિમિત્તભૂત થશે. [તંત્રી.

શ્રી મહાવીર ચરિત્ર રહસ્ય.

મહાવીર પરમાત્માના ચરિત્રમાં મળેલો કોઈ પણ ભાગ નથી કે જે રહસ્ય વિનાનો હોય. એમના છદ્મસ્થપણામાં પણ એમનામાં સર્વે ગુણો ઘણી ઉચ્ચકોટીએ પહોચેલા હતા. તેમના પૂર્વ ભવનું ચરિત્ર જોતાં પણ પ્રથમથીજ એ જીવ ઉચ્ચકોટીનો હતો એમ સિદ્ધ થાય છે. પ્રાયે એવા જીવોના પાછલા જીવો પણ રહસ્યથી ભરપૂર હોય છે.

શ્રી પરમાત્માનો ૨૭ ભવો પૈકીનો પ્રથમ ભવ જોઈએ કે જે ભવમાં તેઓ સમકિત પામ્યા છે. એ **નયસાર**ના ભવમાં પણ કાષ્ટ એકઠાં કરીને જમવા બેસતાં એમની ભાવનાઓ થાય છે કે 'જો કોઈ અતિથિ આવી જાય તો તેમને આપીને પછી જમું.' એવામાં ભૂલા પડેલા મુનિ આવે છે અને તેમને આહાર વહોરાવ્યા પછી પોતે જમે છે. ઉત્તમ જનોની

પ્રવૃત્તિ એવીજ હોય છે. એમની પાસે આવેલો યાચક અથવા નિરાશ્રિત મનુષ્ય કાંઇ પણ મેળવ્યા શિવાય ખાલી જતો નથી. એનું મનજ કાંઇ પણ આપ્યા સિવાય શાંતિ પામતું નથી. આટલા માટેજ પણ કૃપણ[1] મનુષ્યને ધર્મને અયોગ્ય કહેલ છે. બીજાને ખરેખરો દુઃખી જોવા છતાં અને પોતાની શક્તિ છતાં તેના દુઃખનું કાંઇ પણ નિવારણ કરવાની વૃત્તિ ન થાય એનામાં કૃપણતા ઉપરાંત દયાળુપણાની પણ ખામી દેખાય છે.

હવે પ્રસ્તુત પ્રસંગમાં નયસાર જમ્યા પછી મુનિને રસ્તે ચડાવવા જાય છે. પરોપકારપરાયણ મનુષ્યો એવે વખતે પોતાના કામ કરતાં પરના કામને વધારે વજન આપે છે. મુનિને રસ્તો બતાવીને પાછા વળતાં મુનિ પણ તેને યોગ્ય જીવ જાણી તેના ઉપકારનો બદલો ભાવદયા કરવા વડે વાળવા ધારે છે. એને શુદ્ધ ધર્મનો ઉપદેશ આપે છે. સંસાર પરિમિત થઇ ગયેલો હોવાથી યોગ્યતા પ્રાપ્ત થયેલી છે તેથી તેને તરતજ ઉપદેશ લાગે છે ને તે સમકિત પામે છે. અહીં તે નયસારના અતિથિને કાંઇ પણ આપીને પછી ખાવાના વિચારે તેનું કલ્યાણ કર્યું છે અને તેની પરોપકાર વૃત્તિ સફલ થઇ છે.

ત્યાર પછીના મધ્યના ભવોમાં તો અનેક પ્રકારની જુદી જુદી પરિસ્થિતિઓ જીવે ભોગવી છે. પરંતુ છેવટના પચીશમા નંદનઋષિના ભવમાં એક લાખ વર્ષ પર્યંત માસ ખમણ કરી પૂર્વે બાંધેલી અશુભ કર્મની પરંપરાને ત્રોડી નાખે છે. આવો તપ શું લાભ ન આપે? તે ત્રીજે ભવે મોક્ષે જવાની સ્થિતિને પમાડી દેય છે. તીર્થંકર નામ કર્મનો નીકાચીત બંધ કરાવે છે. પણ એ તપમાં સમતા કેવી હશે? ક્ષમા કેવી હશે? નિરભિમાન વૃત્તિ કેવી હશે? ગુરૂભક્તિ કેવી હશે? શાસનરાગ કેવો હશે? અને 'સર્વ જીવ કરૂં શાસન રસી'-એ વાક્ય કેવું હૃદય-પર અસર કરી ગયું હશે? એનો વિચાર કરીએ છીએ ત્યારે એ બધી બાબતો અત્યંત ઉંચા પ્રકારની હોવાની ખાત્રી થાય છે. તે સિવાય પૂર્વના પારાવાર કર્મોની શ્રેણી ત્રુટે નહિ અને તીર્થંકર નામ કર્મ બંધાય નહીં. આ હકીકત ઉપરથી આધુનિક મુનિમહારાજાએ ઘણો ઘડો લેવાનો છે. પરંતુ અત્યારે તો સમજુને કોણ સમજાવે, એવી સ્થિતિ થઇ ગયેલી છે.

હવે મહાવીર પરમાત્માના નામમાં સંસારી પણાનું તો ઘણું વર્ણન આવતું નથી અને એમાં ખાસ જાણવા જેવો વિભાગ પણ બહુ નથી. પરંતુ ચારિત્ર ગ્રહણ કર્યા અગાઉ ગર્ભમાં કરેલ વિચાર 'માતપિતા જીવંતા સંયમ નવિ લહું' એને અમલમાં મૂકે છે. માતાપિતાના ઉપકારનો બદલો વળી શકે તેમ નથી, એને માટે તો ભગવતિ સૂત્ર પણ શાક્ષી પૂરે છે, છતાં હાલમાં એ વાત કેમ ભૂલી જવામાં આવતી હશે? તે સમજી શકાતું નથી. ગૃહસ્થ વર્ગમાં માતાપિતાની આજ્ઞામાં વર્તનારા-તેમને દુઃખ નહીં ઉપજાવવાની ઇચ્છાવાળા પુત્રોની સંખ્યા બહુ ઓછી દેખાય છે. પોતે પોતાનાં બાળકો માટે કેટલું કરે છે? કેટલાં ને કેવાં દુઃખો સહન કરે છે? તે ધ્યાનમાં રાખીને પોતાના માતાપિતાએ પણ તેવાં દુઃખો આપણે માટે સહન કર્યાં હશે, તેનો વિચાર કરે તો કયો પુત્ર માતાપિતાનું દિલ પણ દુઃખાવી શકે? કેટલાક મનુષ્યો સંસાર છોડીને ચારિત્ર લેવાની ઇચ્છા વાળા પણ આ વાતને બીલકુલ ભૂલી જાય છે. જૈન શાસ્ત્ર તો દરેક સ્થળે માબાપને સમજાવીને-સંતોષીને ચારિત્ર લેવા કહે છે. જુઓ પંચસૂત્ર. છતાં આત્માનું હિત કરવામાં ઉતાવળા થઇ ગયેલા બંધુઓ તે વાત કેમ ભૂલી જતા હશે? અને તેને દીક્ષા આપનારા ગુરૂમહારાજ પણ તે વાત તેને કેમ સમજાવતા નહીં હોય? મહાવીર પરમાત્મા શું માતાપિતાની ભક્તિ માટે પોતાનું દૃષ્ટાંત આપીને એ વાત આપણને સમજાવતા નથી? આગળ જતાં માતાપિતાનો અભાવ થયા પછી ભાઇના આગ્રહથી પણ બે વર્ષ સંસારમાં રહે છે. જ્યારે ત્યાગી પણાની સ્થિતિ-ઓજ રહે છે, પણ એ કેવો વિવેક સુચવે છે? આટલા ઉપરથી ચારિત્ર લેતાં અટકવું કે વધારા પડતો વિલંબ કરવો એમ અમારૂં કહેવું નથી, પણ એ

---

[1] અહીં કૃપણ અતિ કૃપણ સમજવો અને ધર્મ પ્રાપ્તિ ઉચ્ચ પ્રકારની નથી થતી એમ સમજવું.

સંબંધમાં ઉચિત વિવેક જાળવવાની ખાસ જરૂર છે. એટલુંજ કહેવું છે.

વીરપરમાત્મા ચારિત્ર લીધા પછી પણ બ્રાહ્મણને અર્ધ વસ્ત્ર આપવા પડે દાનવૃત્તિ ને મુર્ચ્છાભાવ બને બતાવે છે. છદ્મસ્થપણાના બારવર્ષમાં એમણે જે ઉપસર્ગો સહન કર્યા છે તે બીજો સામાન્ય મનુષ્ય તો સહન કરી શકે તેમજ નથી. એવા ઉપસર્ગોમાં પણ એમની ક્ષમા અતિ અદ્‌ભૂત દેખાઇ આવે છે. ચંડકોશીઓ સર્પ વારંવાર ડસે અને મૃત્યુ પમાડવા ધરછે છતાં પ્રભુ તો તેના પર કૃપાનો વરસાદજ વરસાવે છે અને 'ચંડકોશીક! બુઝ! બુઝ!' કહી તેને બુઝવે છે. આ મહાત્માનો પ્રસંગ પડતાં પ્રથમ કષાયની બહુળતા છતાં પણ પછી તેનું કામ થઇ જાય છે. તે ખરેખરો બુઝે છે. અને મુનિપણાને યોગ્ય સમતા બતાવી આપે છે. એણે એ વખત દુઃખ ઓછું સહન કર્યું નથી. પરંતુ શરીર ઉપરથી મમતા ઉઠી જવાથી અને સ્વપરનું વિવેચન ખરેખરૂં સમજીને અમલમાં મૂકવાથી–શરીરને પર જાણવાથી એ બધી પીડા સમભાવે સહન કરે છે–સહન કરી શકે છે, અને પ્રભુની કૃપા દૃષ્ટિથી સદ્‌ગતિનું ભાજન થાય છે.

કાનમાં ખીલાના ખનાર ગોવાળ ઉપર અને તે ખીલા કાઢનાર વૈદ્ય ને વણિક ઉપર પણ પ્રભુ સમભાવ રાખે છે. આ જેવી તેવી વાત છે? એક પ્રાણાન્ત ઉપસર્ગ કરે અને એક તેમાંથી બચાવે તે બંને ઉપર સમભાવ રહી શકે ખરો? એને આપણે ન્યાય કહીએ ખરા? ન કહીએ. પણ અહીં ન્યાય જુદો છે. અહીં તો તે જીવો પોત પોતાના કર્મને વશ છે, અને ઉપકાર કે અપકાર કરીને શુભાશુભ કર્મના ભાગી થાય છે એ વિચારણા છે. તે સાથે પોતાને અશુભ કર્મનો ઉદય છે, તેમાં ગોવાળ તો માત્ર કારણીક–નિમિત્ત કારણજ છે, એની ઉપર દ્વેષ શેનો કરવો? જો મારે એવા અશુભ કર્મનો ઉદય ન હોત તો એ કાંઇપણ કરી શકત? નજ કરી શકત તો પછી વિચાર તો આપણે પૂર્વે બાંધેલા અશુભ કર્મનો કરવો. બેદ કરવો તો તે કર્મ ઉપર કે તેના બાંધનાર આત્મા ઉપર કરવો. ઠેશ વાગતાં પથ્થર ઉપર દ્વેષ કરવાની જેવો અયોગ્ય દ્વેષ શેનો કરવો? અહીં આવા ન્યાયની વિચારણા છે. આ કામ કરવા આવનારે પ્રભુની પીડાનું નિવારણ કર્યું નથી પરંતુ પોતાના આત્માનું કામ કરી નાખ્યું છે. શ્રેયના ઢગલા મેળવ્યા છે.

હવે સંગમના ઉપસર્ગનો વિચાર કરીએ. એણે તો ઉપસર્ગ કરવામાં બાકી રાખી નથી. પ્રાણાંત ઉપસર્ગો પણ અનેક કર્યા છે. મોટું કાળચક્ર મૂકીને પણ છેવટ બાકી રાખી નથી. ત્યાર પછી પણ છ મહિના પર્યંત શુદ્ધ આહાર મળવા દીધો નથી. પ્રભુએ તો સાદ્યંત એક સરખી સમતા રાખી છે. યત્કિંચિત્ પણ તેના ઉપર દ્વેષ કર્યો નથી. એટલુંજ નહીં પણ જ્યારે તે થાકીને પાછો જાય છે ત્યારે પણ પ્રભુને તો તેના પર દયાજ આવે છે. અને આ બીચારાનું શું થશે? એ કેટલા ભવ રઝળશે ને દુઃખ પામશે? તેના વિચારથી પ્રભુની આંખમાં અશ્રુ આવી જાય છે. એટલા માટેજ કહ્યું છે કેઃ–

कृतापराधेऽपि जने, कृपामंथरतारयोः।
ईषद् बाष्पार्द्रयोर्भद्रं, श्री वीरजिननेत्रयोः॥

'કર્યો છે અપરાધ જેણે એવા જીવની ઉપર પણ જેના નેત્રના તારા (કીકી) કૃપાયુક્ત છે અને કાંઇક બાષ્પવડે આર્દ્ર થયેલ છે એવા શ્રી વીર પરમાત્માના નેત્રોનું કલ્યાણ થાઓ. અર્થાત તે તમારૂં ભદ્ર–કલ્યાણ કરો.'

હવે વીર પરમાત્મા કેવળ જ્ઞાન પાળ્યા પછી ૩૦ વર્ષ વિહાર કરીને અનેક જીવોપર ઉપકાર કરી અંત સમયે પાવા પુરી પધારે છે. તે વખતનો એક પ્રસંગ બહુ ચિતાકર્ષક લાગે છે. તે પ્રસંગ એ છે કે —મહાવીર પરમાત્મા પોતાનો અંત સમય નજીક જાણી અત્ર પાવા પુરી પધાર્યા. ત્યાં આવ્યા પછી ગૌતમસ્વામી પોતાની ઉપર અત્યંત રાગવાળા હોવાથી તે અંત સમય જોઈ શકશે નહી એમ ધારી તેમને નજીકના કોઇ ગામમાં રહેનારા દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ કરવા મોકલ્યા. તેને પ્રતિબોધ કરી તેઓ પાછા પ્રભુ પાસે આવવા ચાલ્યા, ત્યાં તો આ-

કાશ માર્ગે દેવતાઓનું થતું ગમનાગમન જોઇ પ્રભુનું નિર્વાણ થયેલ જાણ્યું. તે વખતે તેમને એવો આઘાત થયો કે તેઓ મૂર્ચ્છિત જેવા થઇ ગયા. પછી સાવધ થઇને વિચારવા લાગ્યા કે–'પ્રભુએ આ શું કર્યું? મને ખરેખરા ભક્તને ખરે વખતેજ દુર કર્યો? શું લોકવ્યવહાર પણ ન પાળ્યો? લોકોમાં તો એવે વખતે ઉલટા પોતાના સંબંધીને દુરથી પણ નજીક પોતાની પાસે બોલાવે છે.' આ હકીકત સંબંધી વિચાર કરતાં આપણને પણ એમજ લાગે તેવું છે. આપણા ખરેખરા પ્રેમવાળા અને ખાસ અતલગના સંબંધી પોતાને અંત વખતે—ખાસ તેવું જાણ્યા છતાં આપણને દૂર મોકલે તો આપણને કેવું લાગે? આ આઘાત કાંઇ જેવો તેવો નથી પણ તે વિરાગવૃત્તિ આવવાથીજ ગૌતમસ્વામી સહન કરી શક્યા છે. તેમણે વિચાર્યું કે–'હું જેટલા વિચાર કે કલ્પના કરૂં છું તે બધી રાગવાળા જીવોની છે, અને પ્રભુ તો સર્વથા વીતરાગ છે–તેનામાં યત્કિંચત્ પણ રાગનો અંશ નથી. હું તેમના પર અપ્રતિમ રાગ ધરાવતો હતો, પરંતુ તેઓ તો પોતાની વીતરાગ દશામાંજ વર્તતા હતા. તો તેઓ મને શા માટે પાસે રાખે? એને મારૂં શું કામ હતું? શી ભલામણ કરવાની હતી? એઓતો સર્વજ્ઞ હોવાથી જાણતા હતા કે–મારી પાછળ દરેકની આ પ્રમાણેની સ્થિતિ બનવાની છે. મને રાગના કારણથી વધારે આઘાત લાગશે એમ ધારી મારાપરની હિતબુદ્ધિથી મને છેટે મોકલ્યો તો હવે મારે પણ રાગ કરવો કે રાગથી મુંઝાવું તે નકામું છે–નિષ્ફળ છે–હાનિકારક છે. રાગ દ્વેષ ને મોહથીજ આ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.' આવા શુભ વિચારની શ્રેણીએ ચડતાં ક્ષપકશ્રેણિ માંડી, અને જે કેવળજ્ઞાન માત્ર પ્રભુ ઉપરના પ્રશસ્તરાગને લઇને પણ પ્રાપ્ત થતું નહોતું તે તત્કાળ પ્રાપ્ત થયું. દેવોએ અવધિજ્ઞાનથી તે હકીકત જાણી એટલે તેમના કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. ગણધર મહારાજે દેશના આપી અને પછી વિહાર કરી અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. આ પ્રસંગ બહુજ વિચારવા જેવો છે.–ઘણું શિક્ષણ લેવા જેવો છે. ઉચ્ચકોટીનો છે. આપણે પણ તે સ્થિતિના ઇચ્છક હોઈએ તેથી આ હકીકત ખાસ લક્ષમાં ધારી લેવા યોગ્ય છે.

મહાવીર પરમાત્મા તો લોકોત્તર પુરૂષ હતા, અને તેમનામાં અનંત ગુણો હતા, તે બધા શીરટોચે પહોચેલા હતા. એ પુરૂષના ચરિત્રમાંથી રહસ્ય શોધનારને તો ડગલે ડગલે ને પગલે પગલે રહસ્ય મળી શકે તેમ છે, પરંતુ બીજા સાધારણ ગુણવાન કે જેમાં એકાદ ગુણ પણ ઉચ્ચ કોટીનો અને ઉચ્ચ સ્થિતિએ પહોંચેલો હોય તો તેના ચરિત્રમાંથી પણ રહસ્ય મળી શકે છે. દરેક મનુષ્યે વિશિષ્ટ ગુણીતો થવાય ત્યારે ખરૂં પરંતુ સામાન્ય રીતે પણ ઉચ્ચ પુરૂષોની સામી દૃષ્ટિ કરીને તેમનામાંથી અમુક ગુણ કે તેના અંશો લઇને ગુણી ગણાવાની તો જરૂર છે. કારણ કે જે મનુષ્ય ગુણીમાં ગણાતો નથી તેનો મનુષ્યજન્મજ નિરર્થક છે. એક કવિ કહે છે કે–

गुणोगणगणनारंभे, न पतति कठिनी ससंभ्रमाद्यस्य।
तेनांबा यदि सुतिनी, वद वंध्या कीदृशी नाम ॥१॥

'અમુક શહેરમાં, ગામમાં કે સમુદાયમાં ગુણી કોણ છે? ને કેટલા છે? તેની ગણના–ગણત્રી કરવાના પ્રારંભમાંજ જે મનુષ્યના નામ ઉપર કઠિની એટલે આંગળી પડતી નથી તેવા પુત્રની માતાને તેવા પુત્રથી જો પુત્રવાળી કહેશું તો પછી વંધ્યા કોને કહેશું? અર્થાત જે મનુષ્યો ગુણીમાં ગણાતા નથી તેવા પુત્રોની માતા પુત્રવતી છતાં પણ વંધ્યા તુલ્ય છે."

આ શ્લોક ખાસ વિચારવા યોગ્ય છે, એટલું સુચવી આ ટુંકો લેખ સમાપ્ત કરવામાં આવે છે. મહાવીર પરમાત્માના ચારિત્રમાંથી તો જે પ્રસંગ લઇએ તે રહસ્યવાળો હોય છે અને તેમાંથી સારગ્રાહી બુદ્ધિવાળા સાર ગ્રહી શકે છે. બાકી સમાન બુદ્ધિવાળા છતાં તેમની વિચારણા ઉપર બહુ આધાર રહે છે. એકને એક હકીકતમાંથી એક વિચારક મનુષ્ય ઘણો અને ઉપયોગી સાર ગ્રહણ કરી શકે છે ત્યારે બીજો તેવો સાર ગ્રહણ કરી શકતો નથી. એટલુંજ નહીં પણ છદ્મસ્થ પ્રાણીઓને અગોચર

એવું અપૂર્વ વસ્તુ સ્વરૂપ વિગેરે કેવળ જ્ઞાન વડે જાણીને કહેવામાં આવે છે ત્યારે એક ગુણગ્રાહી મનુષ્ય તેમના અપૂર્વ જ્ઞાનનું બહુમાન અને વિશિષ્ટતા ચિંતવે છે, ત્યારે બીજો દોષગ્રાહી તેનું અસંભવિતપણું માની અનેક પ્રકારના કુતર્કો કરે છે. તેથી જ જ્ઞાનીઓએ સર્વ ગુણમાં પ્રથમ સમકિત ગુણની આવશ્યકતા બતાવી છે, કારણ કે શ્રદ્ધા શિવાય ગુણગ્રાહી થવાતું નથી અને ખરું રહસ્ય પ્રાપ્ત થતું નથી. માટે દરેક મનુષ્યે પ્રથમ સમકિત ગુણ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો અને એ ગુણ પ્રાપ્ત થયેલ હોય તો તેનું બરાબર રક્ષણ કરવું. શંકાકાંક્ષાદિ દૂષણો વડે એ ગુણને મલિન થવા દેવો નહીં, કેમકે એ ગુણ પ્રાપ્ત થવો અતિ મુશ્કેલ છે. બહુલમ્

કુંવરજી આણંદજી.

ભગવાન્ મહાવીરની સિદ્ધાન્તભૂમિકા.

આજ આપણે ચર્ચાનો નવોજ પ્રદેશ ઉઘાડીએ. આપણે સર્વ આપણી જાતને ભગવાન મહાવીરના શાસનના અનુયાયી તરીકે ઓળખાવીએ છીએ અને તેમણે જગતમાં જે તીર્થ પ્રવર્તાવ્યું તેનું અવલંબન ગ્રહણ કરીને આપણા જીવનના વિવિધ અંગોની ઘટના કરતા રહીએ છીએ. ભગવાન્ મહાવીરે જે તીર્થ પ્રવર્તાવ્યું તે કાંઇ આકસ્મિક મનઃકલ્પિત સિદ્ધાન્તોનો પ્રચાર નહોતો પણ જે દેશકાળ વચ્ચે તેમણે જન્મ લીધો હતો તે દેશકાળની યોગ્ય સમીક્ષા ઉપર તેમના સમગ્ર તીર્થની રચના કરવામાં આવી હતી. એથી ભગવાન્ મહાવીરના સિદ્ધાન્તોને સમજવા માટે તેમના દેશકાળને યથાર્થપણે સમજવાની પ્રથમ આવશ્યકતા ગણાય.

તેમના સમયમાં બ્રાહ્મણસમુદાયનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. બ્રાહ્મણને તરણતારણ માનવામાં આવતા હતા, ક્ષત્રીઓ પણ બ્રાહ્મણને નમતા, સર્વ ધર્મકાર્યના પ્રવર્તક બ્રાહ્મણો હતા, લોકોની બ્રાહ્મણવર્ગ ઉપર અપૂર્વ શ્રદ્ધા હતી, જન્મ એજ માણસની ઉચ્ચતા કે નીચતા સિદ્ધ કરવા માટે પૂરતું કારણ મનાતું; હલકા કુળનો માણસ ઉંચે જઇ ન શકે. ઉંચા કુળનો નીચ બની ન શકે--આવી માન્યતા સર્વત્ર દૃઢ હતી. આજના અન્ત્યજવર્ગની તે વખતે પણ હયાતી હતી શુદ્રો. પણ મનુષ્યને યોગ્ય અનેક અધિકારોથી વંચિત રહેતા. બ્રાહ્મણની શ્રેષ્ઠતા જન્મસિદ્ધ મનાતી, એ બ્રાહ્મણવર્ગ પોતાની સત્તા સ્થિર રાખવા સર્વ પ્રકારના પ્રયત્નો આચરતો અને ભોળા લોકોને અનેક રીતે ભમાવતો. ધર્મ વિષયમાં પણ ક્રિયાકાંડનું જોર વ્યાપી રહ્યું હતું, મોટા યજ્ઞો કરવામાંજ ધર્મની પરિપૂર્તિ સમજવામાં આવતી, યજ્ઞના નામે હિંસાનો પાર રહેતો નહિ, અહિંસાનું તત્ત્વ કોઇ જાણતું નહિ. સંયમ-તપની કોઇને દરકાર નહોતી, બાહ્યાડંબરમાંજ ધર્મનો સાર સમાઇ જતો, સુખદુઃખનો આધાર કર્મકાંડજ લેખાતો, 'સ્વર્ગની ઇચ્છા હોય તો યજ્ઞ કરો' એ એ યુગનો પ્રતિષ્ટિત આદેશ હતો, ઇશ્વરની કૃપાથી સુખ મળે છે; તેની અકૃપાથી દુઃખ આવે છે, માટે તેને પ્રસન્ન કરો.' આ પ્રમાણે માત્ર ઇશ્વરજ નહિ પણ અનેક દેવ-દેવીઓ લોકોની શ્રદ્ધા અને ઉપાસનાનું સાધન થઇ પડયાં હતાં. આત્મા શું ? કર્મ શું ? મનુષ્ય જીવન શું ? એ વિષે ગાઢ અજ્ઞાન પ્રવર્તતું હતું. વેદની સત્તા સર્વોપરિ હતી. સર્વ શંકાઓનું સમાધાન વેદથી થતું. વેદ ઇશ્વરકૃત માનવામાં આવતા હતા. માણસે પોતાની બુદ્ધિથી કશું વિચારવાનુંજ નહિ. વેદ પણ સમજવા-સમજાવવાનો ઇજારો બ્રાહ્મણોનેજ હતો. સંસારવ્યવહાર સ્મૃતિઓ નિર્માણ કરતી. સ્મૃતિઓનું મુખ્ય સૂત્ર **ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ** હતું. એ સંસારમાં પુરૂષ પ્રધાન હતો, સર્વ અધિકાર પુરૂષોને હસ્તજ હતા, સ્ત્રીનો અધિકાર માત્ર ભરણપોષણનો અને તેનો કાર્યપ્રદેશ કુટુંબમાં રહી સેવા કરવાનો ગણાતો, તેને કશી માલિકી હતી નહિ. તેને કશું સ્વાતંત્ર્ય હતું નહિ. ધર્મપ્રદેશમાં પણ સ્ત્રીનું સ્થાન ગૌણ હતું. સ્ત્રી એ પતિની જાણે કે મિલ્કત ન હોય એવી રીતની ગણના હતી. તેને

સંન્યાસનો અધિકાર નહિ, નિયમ બંધન સર્વ સ્ત્રીઓ માટે, પુરૂષને અનેક પ્રકારની છુટ. સ્ત્રી એટલે કોઇ અવનત આત્મા-ઓછી શકિતઓ વાળી, રક્ષણ કરવા યોગ્ય-સેવા લેવા યોગ્ય-જરા પણ છુટ આપતાં છટકી જાય એવી અધોગામી પ્રકૃતિવાળી માનવામાં આવતી. વળી ધર્મ યા કર્મમાં હિંસાનું ભારે પ્રાબલ્ય હતું. માંસાહાર છુટથી પ્રચલિત હતો. વનસ્પતિમાં તો કોઇને જીવની પણ કલ્પના નહોતી. પ્રાણી માત્ર માટે દયાની ભાવનાનું સ્વપ્ન સરખું પણ નહોતું. ભગવાન્ મહાવીરના સમયની આવી પરિસ્થિતિ હતી.

ભારતના ઇતિહાસમાં આ અસાધારણ કાળ હતો. લોકોમાં અજ્ઞાન-વહેમ-અંધકારનું સામ્રાજ્ય હતું, સર્વત્ર માનસિક ગુલામી પ્રવર્તી રહી હતી. લાંબા કાળના પડેલા ચીલે લોકો ચાલતા હતા. તેમાં ન હતી પ્રગતિ, ન હતી નૂતનતા કે ન હતો સર્જનશક્તિનો આવીર્ભાવ. લોકોના ધાર્મિક જીવનનું સૂત્ર બ્રાહ્મણોને હાથ હતું; બ્રાહ્મણોનું જીવનસૂત્ર વેદ અને રૂઢીને પરાયણ હતું. લોકોમાં અસંતોષ-દુઃખ-બંડવૃત્તિ વધતાં જતાં હતાં. આ બંડવૃત્તિ તે કાળની કેટલીએક મહાન્ વિભૂતિઓદ્વારા જગત્ સમક્ષ મૂર્તિમન્ત બની અને પરિણામે લોકજીવનમાં મહાન્ ઉત્ક્રાન્તિ જન્મ પામી. તે સમયની આવી મહાન્ વિભૂતિઓમાં એક ભગવાન મહાવીર હતા. તેમણે પોતાના સમયની પૂરી ચિકિત્સા કરી; પોતાના સમયના દર્દને સારી રીતે પીછાણ્યું અને તે સર્વના ઉચિત ઉપાય સૂચવી યોગ્ય નિદાન કીધું. નિદાન એટલે અત્યારે આપણે જેને જૈન ધર્મ તરીકે ઓળખીએ છીએ તેની સ્થાપના અને પ્રવર્તના. તે કાળનું બારીક અવલોકન કરીને તેમાં અનુભવ, મનન અને ચિન્તનની મેળવણી કરી ભગવાન્ મહાવીરે ભૂમિકારૂપે નીચેના સિદ્ધાન્તો નીપજાવ્યા-પ્રરૂપ્યા.

(૧) જે આત્મા આપણામાં અન્તર્ગત છે તેવોજ આત્મા જગત્ના સર્વ જીવોમાં છે. માત્ર પ્રાણીઓમાંજ જીવાત્મા છે એટલુંજ નહિ પણ વનસ્પતિ અને પૃથ્વી, પાણી, અગ્નિ તથા વાયુ પણ સજીવ છે.

(૨) જગત્માં જન્મનાજ કારણે કોઇ મોટો કે નાનો નથી. સર્વ મનુષ્યો સરખા છે, શુદ્ર ઉચ્ચ કોટિનો પણ હોઇ શકે; બ્રાહ્મણ હલકી કોટિનો પણ હોઇ શકે.

(૩) જે વસ્તુતઃ નીચી કોટિનો હોય તે સ્વપ્રયત્નથી ઉંચામાં ઉંચી કોટિને પહોંચી શકે. માણસની પોતાની ઉપરજ પોતાની અવનતિ કે ઉન્નતિનો ખરો આધાર છે.

(૪) સ્ત્રીમાં પુરૂષ જેટલીજ આધ્યાત્મિક શકયતાઓ ભરેલી છે, સ્ત્રી સ્ત્રી હોવાના કારણે કે પુરૂષ પુરૂષ હોવાના કારણે એકમેકથી નીચા ઉંચા નથી. એક સરખો આત્મા ઉભયમાં વ્યાપેલો છે.

(૫) 'વેદમાં લખ્યું તેજ સાચું' એ બુદ્ધિથી સ્વીકારી શકાય તેમ નથી. વેદ પણ માણસની કૃતિ છે, તેથી માણસની અપૂર્ણતા તેમાં પણ સંભવે છે. વેદ હોય કે અન્ય ધર્મગ્રંથ હોય પણ જેનું વચન યુક્તિમંત હોય, આપણી સમજશકિતમાં ઉતરી શકતું હોય તે સત્ય, કોઈ પણ કથનમાં અબાધિત સત્ય હોતુંજ નથી. દરેક કથનમાં રહેલું સત્ય સાપેક્ષ છે.

(૬) યજ્ઞયાગાદિ માણસને કશું ફળ આપી શકતા નથી. બાહ્ય ક્રિયાકાંડ માત્રથી કોઇનો કાંઈ ઉદ્ધાર થતો નથી. માણસના ઉદ્ધારનો ખરો આધાર તેના ચારિત્ર ઉપર છે અને તે ચારિત્રની શુદ્ધિનો આધાર તેના દર્શન અને જ્ઞાનની નિર્મળતા ઉપર રહેલો છે; એટલે માણસે બાહ્યાવલંબન છોડીને અન્તર્મુખ બનવું જોઈએ અને પોતાના જીવનનું બને તેટલું સંશોધન કરવું જોઈએ.

(૭) દરેક પ્રાણી કર્મવશ છે. સંસારમાં સુખદુઃખઅને પરિભ્રમણનું કારણ કર્મ છે. આત્માની સ્વાભાવિક સ્થિતિ ચિન્મય-સત્યમય-આનંદમય છે. કર્મના આવરણને અંગે પોતાની સ્વાભાવિક સ્થિતિથી દરેક પ્રાણી દૂર રહે છે. કર્મો બંધાવાના જગત્માં અનેક કારણો છે. તેમાં મુખ્ય હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ છે, માટે આ કારણોથી મુક્ત બને તો માણસ કર્મના પાશથી છુટો થવા માંડે. મુક્તિનાં સાધનો જ્ઞાન, તપ અને ભક્તિ છે. એ ત્રણ સાધનોના અવલંબનથી પ્રાણી મોક્ષને પામે. મોક્ષનું અસ્તિત્વ આત્મસ્વરૂપના સૂક્ષ્મ પરીક્ષણથી સહજ સિદ્ધ છે.

આ રીતે ભગવાન્ મહાવીરે પોતે જગત્ના હિતાર્થે પ્રરૂપેલા પ્રવચનની ભૂમિકા રચી અને તેના ઉપર સમગ્ર તીર્થનું મંડાણ કીધું, મનુષ્યને ઉન્નત્તિનો સાચો માર્ગ દર્શાવ્યો; તેની આંખોનાં પડળ દૂર કીધાં અને અનેક જીવનસત્યો પ્રકાશિત કીધાં. બ્રહ્મત્વ વિનાના બ્રાહ્મણને તેમણે પ્રતિષ્ટાભ્રષ્ટ કીધો. પ્રગતિના પિપાસુ શુદ્રને માટે ધર્મનાં દ્વાર ખુલ્લાં કીધાં. વેદને ઉંચેથી નીચે ઉતાર્યો; માનુષિક પ્રજ્ઞાને

ઉન્નત સ્થાને પ્રતિષ્ઠિત કીધી. દરેક પ્રાણીને આત્મોત્કર્ષ સાધવાને સંપૂર્ણ સ્વાતંત્ર્ય બક્ષ્યું. તેમણે જગતને જણાવ્યું કે માણસ પોતેજ પોતાનો સંહારક કે ઉદ્ધારક છે. માણસની કિંમત માણસના ચારિત્રમાંજ રહેલી છે. પોતે પોતાને સમજે અને યોગ્ય માર્ગે પોતાની જીવનસરિતાને વહાવે.

જે અધિકાર અને સ્વાતંત્ર્ય તેમણે પુરૂષોને આપ્યાં તેજ અધિકાર અને સ્વાતંત્ર્ય તેમણે સ્ત્રીઓને આપ્યાં સ્ત્રી સ્વતંત્ર છે. અને પુરૂષસમાન છે. પુરૂષના દોષ પુરૂષને લાગે; સ્ત્રીના દોષ સ્ત્રીને લાગે. સ્ત્રી એટલે દાસી અને પુરૂષ એટલે દેવ એ માન્યતાનો તેમણે નિષેધ કર્યો; સ્ત્રી-પુરૂષ બન્ને સરખાં, સારી-ખરાબ વૃત્તિઓથી ભરેલાં, એકમેકની મદદથી સંસારવ્યવહાર ચલાવવાને સરજાયેલાં અને આત્મપ્રગતિ સાધવાને નિર્માયેલાં પોતપોતાનાં કર્મોના સ્વતંત્ર ફળભાગી છે. કોઇ કોઇથી એવું બંધાયલું નહિ કે કોઈપણ કારણે એક અન્યથી છૂટીજ ન શકે. પુરૂષ ઉચ્ચકોટિનો હોય અને સંસાર ઉપર વિરક્તિ આવતાં જેમ સ્વસ્ત્રીનો ત્યાગ કરી પરિવ્રાજક (સાધુ) બની શકે તેમજ ઉચ્ચકોટિની સ્ત્રી વૈરાગ્યવશ બનતાં અથવા તો આત્મોત્કર્ષની ભાવના બળવાન્ થતાં પોતાના પરિણીત પતિને છોડીને સંયમ ગ્રહણ કરી શકે અને પ્રાંતે બંનેનો મોક્ષ થઇ શકે. ભગવાન્ મહાવીરે ચંદનબાળાને પોતાની પ્રથમ શિષ્યા બનાવી. આ બનાવ તે સમય વિચારતાં કાંઇ ઓછા મહત્વનો નહોતો.

આવીજ રીતે તેમણે હલકામાં હલકી કોટિના મનુષ્યને ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિના અધિકારી બનાવ્યા. તેમને મન શુદ્ર, અંત્યજ કે ચંડાલનો ભેદ નહોતો. તેમનું સમવસરણ સર્વ માટે ખુલ્લું હતું. તેમની દીક્ષા સૌ કોઇ લઇ શકતું. મેતાર્ય મુનિ અને હરિબળ મચ્છીના દાખલા જૈન કથાઓમાં સુપ્રસિદ્ધ છે. આ રીતે અંધકાર અને ઉજાસ વચ્ચે ઝોલા ખાતા તે કાળના લોક-માનસ ઉપર તેમણે નવો પ્રકાશ પાડયો; જીવનવ્યવહારની પુનર્ઘટનાનો નવો સંદેશ આપ્યો, અનેક જુના ચીલા તોડયા અને નવી સડકો બાંધી; અંધશ્રદ્ધાના અંધારાં દૂર કર્યા. સ્વતંત્ર વિચારશક્તિને લોકચિત્તમાં જાગ્રત કરી અને અવનત ભારતમાં પોતાના ભગીરથ તપથી સદ્ધર્મવાહિની ભાગીરથીનો અવતાર કીધો.

વર્ધમાન સ્વામીની વ્યવહાર્યતા.

[લેખક-લક્ષ્મણ રઘુનાથ ભિડે ૨૯૭ શનવાર પુના.]

सिद्धं संपूर्ण भव्यार्थसिद्धेः कारणमुत्तमम् ।
प्रशस्तदर्शनज्ञानचारित्र प्रतिपादनम् ॥
सुरेन्द्रमुकुटाश्लिष्ट पादपद्ममुकेसरम् ।
प्रणमामि महावीरं लोकत्रतयमङ्गलम् ॥

જિનશાસનની શુદ્ધતા આજે સૌ કોઇ સ્વીકારે છે; પણ આ શાસન વ્યવહારમાં આચરી શકાય એવું નથી એમ એક બીજાજ પ્રકારના આક્ષેપ કેટલાક બુદ્ધિવાદિઓ હવે આગળ મૂકવા લાગ્યા છે. બરૂં જોતાં જિનશાસન અવાધ્ય છે એજ આ આક્ષેપમાં પણ સિદ્ધ થાય છે. કેમકે આ આક્ષેપજ એવો છે કે જે બીજા તત્વના આક્ષેપો ન હોય ત્યારે આગળ મૂકાય છે. જો જિનશાસનની શ્રેષ્ટતા સ્વીકારીએ છીએ તો તે અવ્યવહાર્ય છે એમ કહેવું આ એક જાતની આક્ષેપકની પોતાની નબળાઇ છે, ન કે શાસનની કાંઇક ત્રુટી. શાસનને અવ્યવહાર્ય વિશેષણ લગાડી ચાણાક્ષ વ્યવહારી કે પ્રપંચી લોકો પોતાની નબળાઇ ઢાંકવા માગે તો તેઓ તેમ ભલે કરે પણ તેનાથી શાસન કાંઇ દૂષિત થતું નથી.

વળી અવ્યવહાર્ય પણ શા માટે કહેવું ? શું આ શાસન અસ્વાભાવિક છે કે આચરણમાં ન લાવી શકાય એમ છે ? જિનશાસન તો તેવું નથી. કેમકે અનંતાનંત તીર્થંકરોએ, સિદ્ધોએ, આચાર્યોએ,

ઉપાધ્યાયોએ કે નિગ્ગંથ સાધુઓએ આ શાસનની આજ્ઞા મુજબ આચાર પાળી બતાવ્યો છે. જ્યાંસુધી એક પણ વ્યક્તિ જે કામ કરી બતાવી શકે છે ત્યાં સુધી તે કામને અવ્યવહાર્ય ન કહી શકાય. જનસામાન્યનો જે વ્યવહાર છે તેનાથી બીજોજ માર્ગ જિનશાસન ઉપદેશે છે તેથી તે ભલે કઠણ હોય કે લોકરૂચિને વિરૂદ્ધ હોય પણ અવ્યવહાર્ય તો કદીપણ ન કહી શકાય. કઠણ કામને અવ્યવહાર્ય કહેવું એ એક જાતનું દાર્બલ્ય છે; પણ વ્યવહારી લોકોએ એવો પ્રપંચ રચ્યો છેકે તેમાંએ દૌર્બાલ્યના દુર્ગુણને સદ્‌ગુણનું રૂપ આપ્યું છે જ્યારે વ્યવહારી લોગો કોઈ કામને અવ્યવહાર્ય કહે છે ત્યારે તેઓ પોતે મુત્સદ્દી કહેવાડવા માગેછે અને આ કામને હલકું લેખવા માગેછે.

મહાવીર પ્રભુ કે ગૌતમબુદ્ધથી નેપોલિયન, રસ્કિન, ટૉલસ્ટૉય અને મહાત્મા ગાંધી જેવા પુરૂષાર્થના હિમાયતી આજ સુધી જેવા થયા છે. તેઓના વિષયમાં પ્રપંચી લોકોએ અવ્યવહાર્યતાનું જાળ રચી પોતાની નબળાઇને સારૂં રૂપ આપવાની કોશીશ કરી છે. તેવાઓના એવા પ્રપંચથી અલ્પજ્ઞ લોકો ઠગાઇ જાય છે અને પુરૂષાર્થ બતાવવું છોડી દે છે. પોતાને માટે સાધ્ય હોય એવી વાત પણ અસાધ્ય સમજે તેથી તેઓ પ્રયત્નજડ રતા નથી અને આત્મનાશ વ્હોરી લે છે.

વીર શાસનના વિષયમાં પણ એવોજ બનાવ બન્યો છે, ગૌતમ બુદ્ધે પોતાનો મધ્યમ માર્ગ લોકોને ઉપદેશી નિગ્ગન્થ નાત્તપુત્રનો માર્ગ અસામાન્ય છે એમ કહ્યું, તો વૈદિકોએ લોકાભિરૂચિને અનુકુળ એવો માર્ગ બતાવી નિગ્ગન્થ સિદ્ધોના માર્ગ અવ્યવહાર્ય છે એમ કહી દીધું. પણ અમેતો જાણીએ છીએ કે નાતપુત્તનો માર્ગ પણ ઘણાએ આચરી બતાવ્યો છે અને આ માર્ગનું અનુસરણ કર્યા વગર મોક્ષેચ્છુ લોકોને છુટકોજ નથી. વીરશાસન આત્મસિદ્ધિનો સીધો માર્ગ ,બતાવે છે. પુદ્‌ગલ પરમાણુઓના સંબંધથી બંધ પામેલાઓને આ બંધ વધે એવો માર્ગ બતાવ્યાથી કોઇનું ન વળે. આ બંધની નિર્જરા કરવાનોજ માર્ગ બતાવવાનો રહ્યો; અને એવો એનો હેતુજ હોઇ શકે એમ છે. જડ અને ચેતન બન્ને સ્વભાવથી ભિન્ન હોવાથી તેમાંના મર્ગો પણ ભિન્ન છે. આ બેમાં કદીપણ તડતોડ થઇ શકે એમ નથી.

વર્ધમાનસ્વામીએ જિનશાસન પોતે આચરી તે વ્યવહાર્ય છે એમ બતાવી આપ્યું છે. પ્રભુ બાલપણથીજ ત્રિજ્ઞાનધારી હતા. પણ પૂર્વભવોમાં તેઓશ્રીએ તે માટે પ્રયત્ન પણ ઘણા કરેલા હતા. સાપ કરડે, વ્યંતર દેવતાઓ બાધા કરે તો પણ પ્રભુ સમભાવ રાખતા હતા એવો પુરુષાર્થ અનંતવીર્યના સિવાય થઇ શકે એમ નથી. મહાવીરપ્રભુ જ્યારે ત્યારે બે વર્ષના યુવક હતા ત્યારે ગૌતમબુદ્ધ તપશ્ચર્યા છોડી મધ્યમ માર્ગનો ઉપદેશ આપતો ફરતો હતો અને તેમણે ઘણા લોકોને ભિક્ષુની દીક્ષા આપી પણ મહાવીરપ્રભુ પોતાનું શ્રાવકવ્રત છોડી બુદ્ધની પાછળ નથી દોડ્યા તેઓશ્રી ભાવનાપ્રધાન ન હતા. સારા સાર વિવેકી ને વ્યવહારૂ હતા જ્યારે ચોતરફ ખળભળાટ હોય ત્યારે પણ પોતાના મત ઉપર અડગ રહેવું એ એક યુવકને માટે કેટલું બધું કઠણ છે તે સૌ લોક જાણે છે. મહાવીર પ્રભુએ તો ૭ વરસની ઉમર સુધી ઘેર રહી માતપિતા કે બંધુ જેવા વડિલોની સેવા કરતા કરતા ધર્માચરણ કરેલું અને યોગ્ય લાગતાં દીક્ષા લીધેલી. તેઓશ્રી પરિસ્થિતિના દાસ ન હતા; પણ અકાળની પરિસ્થિતિને પ્રભુએ દાસ બનાવી હતી. એમ ન હોત તો બીજાની જેમ પ્રભુ પણ ભિક્ષુ બનત. બીજા યુવકોની માફક તેઓશ્રી પણ શિકાર રમત કે વિષયોપભોગમાં લિપ્ત થાત. પણ અનંતવીર્યશાળી પ્રભુના આગળ એક વિશેષ કાર્ય (Mission) હતું અને તેની સિદ્ધિને માટેજ તેઓશ્રી કોશિશ કરતા હતા. દીક્ષા લીધા પછી બારહ વર્ષ સુધી પ્રભુએ એવી ઘનઘોર તપશ્ચર્યા આચરી કે તેના પ્રભાવથી પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. મહમદ પૈગંબર, ઇશુખ્રિસ્ત, કૃષ્ણ હતા તેમાં કોઇપણ ધર્મસંસ્થાપક જેટલું કઠણ તપ આચરેલું ન હતું અને જે તપ ગૌતમબુદ્ધે પણ અડધું છોડી દીધું હતું તેટલું સામાન્ય તપ મહાવીર પ્રભુએ આચરેલું હતું; એટલુંજ નહિ પણ કોઇપણ બીજા તીર્થંકરે, શ્રીવીર નિગ્ગંથ તપસ્વીના જેટલું કાંઇ તપ આચરેલું નહતું.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ મુનિવ્રત આચરતાં આચરતાં પ્રભુ વિહાર કરતા હતા અને ભવ્ય જીવોને દેશના આપતા હતા. આ દેશના એવી ભાષામાં પ્રભુ આપતા કે જે કોઇ પણ ગતિનો જીવ સમજી શકે. આ ભાષા આત્માની ભાષા હતી, ન કોઇ પર્યાયની કે પ્રદેશની. એવી આ ભાષા તિર્યંચ પણ સમજી શકતા હતા. પ્રપંચી લોક આ વાતને ભલે ન સમજી શકે પણ તે તદ્દન અશકય માત્ર નથી. મહાવીરસ્વામી નિર્વૈર હતા એટલે તેઓશ્રીની પાસે જીવગણ નૈસર્ગિક વેર પણ ભૂલી જતા હતા. પ્રેમબળથી એમ થતું હતું. સરકસ વિગેરેમાં ભયથી જે બને છે તે પ્રેમથી શા માટે ન બને? એમાં અશકય જેવું કાંઇ પણ લાગતું નથી.

એવી રીતે મહાવીર પ્રભુ પોતે બાહોશ વિવેકી ને વ્યવહારી હોવાને લીધે તેઓશ્રીનો ઉપદેશ પણ શુદ્ધ વ્યવહાર્ય રહેતો હતો જે ધર્માચરણ કરશે તેમને ઇશ્વર સારૂં ફલ આપશે ને જે બુરાઇથી વર્તશે તેમના ઉપર ઇશ્વર નારાજ થશે એવાં ભાવના પૂર્ણ પણ વિવેકહીન વચનો પ્રભુએ કદી પણ કહ્યાં નથી. તમે ધર્માચરણ કરશો તો સારૂં ફળ મળશેજ. ઇશ્વરની કૃપા, અવકૃપાનો કશો પણ સંબંધ તેથી રહેતો નથી. ભલા રાજી થવું કે નારાજ થવું વીતરાગ ઇશ્વરને કેમ સંભવે? એ વાત અવ્યવહાર્ય છે. વીતરાગ ને નિરૂપાધિક ઇશ્વરને કર્તૃત્વ કે ઉપાધિ નથી. એવી વિવેકપૂર્ણ વૃત્તિ મહાવીર પ્રભુની છે.

એકાંતમત અવ્યવહાર્ય હોય છે. પ્રભુએ અપેક્ષાયુક્ત અનેકાંતમત ઉપદેશ્યું છે. કાંઇપણ વિધાન કોઇ એક અપેક્ષાથીજ સત્ય હોય છે. નહિં કે સદાય સત્ય રહે છે. બીજા મતોપદેશકોની આ ભૂલ પ્રભુના શાસનમાં નથી એટલે સ્યાદ્વાદ વિવેકપૂર્ણ કે પૂર્ણ રીતે વ્યવહાર્ય છે.

હિંસાદિ પાપકર્મો પણ પુણ્યકર્મોપાર્જન કરે છે એમ વિવેકહીનનું અવ્યવહાર્ય વચન કેટલાક મતોપદેશકોનું છે. વીરપ્રભુએ સમ્યક ધર્મ ઉપદેશ્યો છે જેમાં જરાપણ કિલ્બીષ નથી.

મારી પૂજા કરો કે મને શરણ આવો એટલે તમારૂં કલ્યાણ થશે; હું દેવપુત્ર છું, દેવદૂત છું; એવાં અવિવેક વચનો પ્રભુએ કહ્યાં નથી. સમ્યક ધર્મનું આચરણ કરો તમારો આત્મા ઉન્નત થશે. એમ ન કરો તો ભવમાંજ ડૂબતા રહેશો. તમારી મુક્તિ બીજા ઉપર અવલંબિત નથી. તમારૂં સારૂં ને નઠારૂં તમારાજ હાથમાં છે. એવું સત્ય વચન મહાવીર પ્રભુએ કહ્યું છે.

પ્રભુએ પ્રપંચ કર્યો નથી કે કાંઇપણ બોલી લોકોને ઉશ્કેર્યા નથી. જે કાંઇ સર્વ બાજૂથી સત્ય અને નિરાબાધ્ય હતું તે તેઓશ્રીએ ઉપદેશ્યું. એવો આત્મમાર્ગ ઉપદેશથી ધ્યાનમાં ન આવે એવો હોવાથી પોતે આચરી ખરેખર વ્યવહાર્ય છે એમ બતાવ્યો. એનાથી વ્યવહારી બીજા કોણ છે ને વીરશાસનથી પણ વિવેકપૂર્ણ શાસન બીજું કયું છે? એવા શાસનને અવ્યવહાર્ય કહેવું પોતાની મૂઢતા અને નબળાઇ બતાવવા જેવું છે. સામાન્ય લોકો જોકે પુદ્ગલાનંદમાંજ મગ્ન હોય અને તેમને આત્માનંદની વાત ન રૂચે તેથી આત્માનંદ જેવી કોઇ સ્થિતિ નથીજ એમ ન કહી શકાય. પ્રયત્નથી આ સ્થિતિ પ્રાપ્ત થાય એમ છે. પ્રયત્ન કરવાવાળા ઓછા હોય છે તેથી આ શાસન અવ્યવહાર્ય નથી થતું. વીરશાસન સંપૂર્ણ રીતે વ્યવહાર્ય છે, નિષ્કલંક છે. નિરાબાધ્ય છે. સર્વને માટે સુસાધ્ય છે. એવા શાસનનો જય થાઓ.

વર્ધતાં જિનશાસનમ.

વિવિધ નોંધ.

(કૉન્ફરન્સ ઑફીસ–પરિષદ્ કાર્યાલય તરફથી)

૧. મી. કનૈયાલાલ એમ. મુન્શી સાથે થએલો પત્રવ્યવહાર.

13 March 1927.

KANAIYALAL M. MUNSHI, ESQR.

B. A. LL. B.

Sir,

We beg to draw your immediate attention to the fact that the feelings of the Jain Community are very much offended by certain objectionable chapters, passages and remarks contained in your various writings published by you from time to time. Without making an attempt to give an exhaustive list of such chapters, passages and remarks we draw your attention to the following chapters and passages in your books which are considered by our Community as specially objectionable.

Patan Ni Prabhuta ... Chapters 7, 12, 21, 29, 32, and 41.
Gujrat No Nath ... Chapters 13, 14 and 18. pt. 1.
" " ... Chapter 7 ... pt. 2.
" " ... Chapter 10 pt. 3.
Gujrat na Jyotirdharo ... Remarks in respect of Shri Hemachandracharya.

These chapters and other passages in your writings lead the Jain Community to believe that there is an attempt on your part deliberate or otherwise to lower the Jains, Jainism and Jain preceptors in the eyes of the public and to show historical Jain characters in false light. Your delineation of Shri Hemchandracharya Suri in some of these writings have evoked the greatest resentment amongst the Jains. They also think that there is absolutely no warrant or justification for your delineation of so imaginary a character as Anandsuri. The effect is to create disgust towards Jain Sadhus when history does not show a single instance of a Jain Sadhu of the type of Anandsuri.

Criticism and protest were made in different quarters immediately on publication of your such offensive writings. It seems, however, that in spite of certain attempts made by common friends and well wishers you have done nothing till now to right the wrong done to the Jains.

The matter has, therefore, been referred to our Conference and a Committee has been appointed. The said Committee has held several meetings and has prepared its report. Before the said report is published and action taken on it the Committee has asked us to write to you to give you an opportunity to express your regret for what you have written and to give us an undertaking to cease publishing and circulating literature offending the feelings of our Community.

We personally do not think that once you are made aware of the extent to which the feelings of the Jains have been wounded by your such writings, you are likely to persist in the attitude adopted by you till now. This is but to give you a final opportunity to make amends.

We have to request you to let us have your reply before Tuesday the 15th inst., to enable us to place the matter before our Committee which is going to meet on that day to consider this question.

Yours truly,
(Sd.) MOHANLAL B. JHAVERY,
Resident General Secretary.

૧૩ માર્ચ ૧૯૨૭.

મી. કનૈયાલાલ એમ. મુનશી બી. એ. એલ.
એલ. બી. મુંબઇ.

સાહેબ,

વખતો વખત તમે પ્રસિદ્ધ કરેલાં તમારા જૂદાં જૂદાં લખાણોમાંના ચોક્કસ વાંધા ભર્યા પ્રકરણો, ફકરાઓ, અને ઉલ્લેખોને લઇને જૈન કોમની લાગણી ઘણીજ દુઃખાએલી છે તે બિના તરફ તમારૂં તાત્કાલિક લક્ષ ખેંચવાની રજા લઇએ છીએ. એવાં પ્રકરણો અને ઉલ્લેખોની સંપૂર્ણ યાદી આપવાનો પ્રયાસ કર્યા વિના તમારા પુસ્તકો માંહેના નીચેનાં પ્રકરણો અને ફકરાઓ, જેને અમારી કોમ ખાસ કરીને વાંધા ભર્યા ગણે છે તે તરફ તમારૂં ધ્યાન ખેંચીએ છીએ.

પાટણની પ્રભુતા...પ્રકરણ ૭-૧૨-૨૧-૨૯-૩૨ અને ૪૧
ગુજરાતનો નાથ...પ્રકરણ-૧૩-૧૪-૧૮ ભાગ ૧લો
,, ... ,, ૭ ,, ૨જો
,, ... ,, ૧૦ ,, ૩ ,,
ગુજરાતના જ્યોતિર્ધરો...શ્રી હેમચંદ્રાચાર્ય સબંધી ઉલ્લેખ—

તમારા લખાણોમાંના આ પ્રકરણો અને અન્ય ફકરાઓથી જૈન કોમ એમ માનવા દોરાય છે કે જાહેરની નજરમાં જૈનોને, જૈનધર્મને, અને જૈન ધર્માચાર્યોને બુદ્ધિપૂર્વક યા અન્યથા ઉતારી પાડવાનો અને ઐતિહાસિક જૈન વ્યક્તિઓને ખોટા સ્વરૂપમાં દેખાડવાનો પ્રયાસ તમે કર્યો છે. આ લખાણોમાંના કેટલાકમાંના શ્રી હેમચંદ્રાચાર્ય સૂરિના ચિતારથી સૌથી વધુ રોષવૃત્તિ પેદા કરી છે. તેઓ એમ પણ માને છે કે આનંદસૂરિ જેવા કાલ્પનિક પાત્રના તમારા ચિતાર માટે કંઇ પણ પ્રમાણ નથી તેમજ તેનું વ્યાજબીપણું પુરવાર થઇ શકે તેમ નથી. આનંદસૂરિ જેવી કક્ષાના એક પણ જૈન સાધુનો દાખલો હોવાનું જ્યારે ઇતિહાસ દેખાડતો નથી ત્યારે અસર એ થાય કે જૈનસાધુઓ પ્રત્યે તિરસ્કાર ઉદ્ભવે.

તમારાં આવાં વાંધા ભરેલાં લખાણો પ્રસિદ્ધ થતાંજ જૂદી જૂદી દિશાઓથી ટીકા અને વિરોધ કરવામાં આવ્યાં હતાં. અરસપરસના મિત્રોએ અને શુભેચ્છકોએ કરેલા કેટલાક પ્રયાસો છતાં એમ જણાય છે કે તમે અત્યાર સૂધી જૈનોને કરવામાં આવેલ અન્યાયને અન્યથા કરવા કંઇપણ કર્યું નથી.

તેટલા માટે આ વાત અમારી કૉન્ફરન્સ સમક્ષ રજુ કરવામાં આવી છે અને એક કમિટી નીમવામાં આવી છે.

ઉક્ત કમિટીની કેટલીએક બેઠકો મળી છે અને તેણે પોતાનો રિપોર્ટ તૈયાર કર્યો છે. ઉક્ત રિપોર્ટ પ્રસિદ્ધ થાય અને તે પર કંઇ પણ કાર્ય કરવામાં આવે તે પહેલાં કમિટીએ અમને જણાવ્યું છે કે તમે જે લખ્યું છે તે બદલ દિલગીરી જાહેર કરવા અને અમારી કોમની લાગણીઓને દુઃખનારૂં સાહિત્ય પ્રસિદ્ધ કરતાં અને ફેલાવતાં તમે અટકો એવી અમને ખાત્રી આપવાની તક આપવા માટે તમને લખવું.

તમારાં આવાં લખાણોથી જૈનોની લાગણી દુઃખાઇ છે તેથી તમને વાકેફ કરવામાં આવે તો અમે જાતે નથી ધારતા કે તમે અત્યાર સુધી ગ્રહણ કરેલી વૃત્તિ સંભવિત રીતે જારી રાખો. બદલો વાળવાની છેલ્લી તક આપવા માટેજ આ લખાયું છે.

અમારે તમને વિનંતિ કરવી પડે છે કે તા. ૧૫ મંગળવાર પહેલાં તમારો જવાબ અમને મળવો જોઇએ કે જેથી આ પ્રશ્ન સબંધે વિચાર કરવા માટે તેજ દિવસે મળનારી અમારી કમિટી આગળ આ બાબત અમે મૂકી શકીએ.

લી.
સહી. મોહનલાલ બી. ઝવેરી.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,

Bombay, 14th March 1927.

The Resident General Secretary.
Shri Jain Swetamber Conference,

Sir,

With reference to your letter dated yesterday which is to hand to-day noon, I regret to inform you that I could not

find time to give a detailed reply. In a matter like this, the points of difference cannot be settled by correspondence. If your Committee can see its way to give me some time after the 22nd Instant when I can meet them I am sure some solution of this difficult question can be arrived at to the satisfaction of both the sides.

Will you kindly let me know whether your Committee is willing to give me such time when I can meet them for a friendly discussion.

yours faithfully,
(Sd). **K. M. Munshi.**

મુંબઇ ૧૪ મી માર્ચ ૧૯૨૭.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,

શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ ૨૦ પાયધુની મુંબઇ.

સાહેબ,

તમારો ગઇ કાલની તારીખનો પત્ર જે આજે બપોરે મ્હને મલ્યો છે તે સંબંધે જણાવવાને દિલગીર છું કે વિગતવાર જવાબ આપવા માટે મ્હને વખત મલી શક્યો નથી. આવી બાબતમાં મતભેદનાં બિંદુઓ પત્રવ્યવહારથી નક્કી થઇ શકે નહિં. તમારી કમિટી તા. ૨૨મી પછીનો કોઇ સમય કે જ્યારે હું તેઓને મલી શકું તેવો સમય મ્હને આપવા પોતાનો માર્ગ જોઇ શકે તો બન્ને પક્ષને સંતોષ મળે તેવો આ કઠિન પ્રશ્નનો ઉકેલ આવી શકે એવી મ્હને ખાત્રી છે.

મિત્રાચારી ભરી ચર્ચા માટે તમારી કમિટીને હું મલી શકું તેવો સમય આપવા તમારી કમિટી ખુશી છે કે કેમ તે જણાવવા મહેરબાની કરશો.

તમારો વિશ્વાસુ.
(સહી) કે. એમ. મુન્શી.

16th March 1927.

Kanaiyalal M. Munshi Esqr. B. A. LL. B.
Advocate Bombay.

Sir,

With reference to your letter dated 14th inst. delivered to us yesterday, we beg to inform you that the same was placed before the meeting of our Committee and it was found to be *un-assuring*. We regret to note that it seems you have not realised to what extent the feelings of our Community have been wounded by your writings and that there is no inclination on your part shown therein, to make satisfactory amends immediately.

It was expected of you, at least, to indicate that there was no intention on your part to wound the feelings of the Jains and your readiness to allay the same.

In this connection we beg to draw your attention that some of the leading Jain Institutions of the Community are very shortly going to commence agitation against you in this matter and have already started a compaign asking the Jain voters not to vote for you in the ensuing elections on that score.

We understand that a public meeting is shortly to be held to protest against your offensive writings and we apprehend it will mar your prospects in the ensuing election.

We earnestly desire that such agitation against you should be stopped but we are also keen that amends should be made as soon as possible, before the date of election. It is therefore considered necessary and highly desirable that the discussion as desired by you, with our Committee should take place immediately. We hope therefore that you will be good enough to fix an appointment to discuss the matter with our Committee either for to-day or to-morrow at any time suitable to you. Please treat the matter as urgent.

Yours truly,
(Sd.) **M. J. Mehta,**
(Sd.) **Mohanlal B. Jhavery,**
Resident General Secretaries.

૧૬ માર્ચ ૧૯૨૭.

નં. ૮૫૦

મી. કનૈયાલાલ. એમ. મુન્શી.

બી. એ. એલ એલ બી. એડવોકેટ

મુંબઇ.

સાહેબ,

ગઇ કાલે અમને મળેલા તમારા તા. ૧૪ મી ના પત્ર સબંધે તમને જણાવવા રજા લઇએ છીએ કે ઉક્ત પત્ર અમારી કમિટીની બેઠકમાં રજુ થતાં તે બાબત ન આપનારો માલુમ પડયો હતો. નોંધ કરવા માટે અમે દિલગીર છીએ કે અમારી કોમની લાગણી કેટલી હદ સુધી દુઃખાઇ છે તેનો ખ્યાલ તમને આવ્યો જણાતો નથી અને તાત્કાલિક સંતોષકારક બદલો વાળવાનું તમારૂં વલણ તેમાં દેખાડવામાં આવ્યું નથી.

ઓછામાં ઓછું તમારા તરફથી એટલું તો અપેક્ષિત હતું કે જૈનોની લાગણી દુઃખવવાનો તમારો ઇરાદો નહોતો અને તે શાંત કરવા તમે તત્પર છો એમ દર્શાવો.

આ સબંધમાં તમારૂં ધ્યાન ખેંચવા રજા લઇએ છીએ કે કોમના કેટલાક આગેવાન જૈન મંડળો આ બાબતમાં તમારી સામે થોડા સમયમાં ચળવળ શરૂ કરનાર છે અને તે કારણસર આવતી ચુંટણીમાં તમને મત ન આપવા જૈન મતદારોને જણાવવાની હિલચાલ કયારનીએ શરૂ થઈ ચુકી છે.

અમે સમજીએ છીએ કે તમારાં દુઃખવનારાં લખાણો સામે વિરોધ જાહેર કરવા એક જાહેર સભા ટુંકમાંજ મળનાર છે અને અમને ભય રહે છે કે તેથી આવતી ચુંટણીમાં તમારા ભવિષ્યને ક્ષતિ પહોંચે.

તમારી સામે આવી ચળવળ બંધ કરવી જોઇએ એમ અમે ઉત્કંઠાપૂર્વક ઇચ્છીએ છીએ. પરંતુ ચૂંટણીના દિવસ પહેલાં જેમ બને તેમ સત્વરે બદલો વાળવામાં આવે તે માટે પણ અમે ઉત્સુક છીએ. તેથી તમારી ઇચ્છા મુજબ અમારી કમિટી સાથેની ચર્ચા તુર્તજ થાય એ જરૂરી અને ઘણુંજ ઇષ્ટ છે એમ માનીએ છીએ. તેટલા માટે અમે આશા રાખીએ છીએ કે તમને સવડ પડે તે સમયે આજે યા આવતી કાલે અમારી કમિટી સાથે તે બાબતની ચર્ચાને માટેના સમયની ગોઠવણ નક્કી કરવા કૃપા કરશો. મહેરબાની કરી આ બાબતને તાકીદની ગણશો.

લી.

સહી. એમ. જે. મ્હેતા.

,, મોહનલાલ બી. ઝવેરી.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

Bombay 17th March 1927.

To,

The Resident General Secretary.
Shri Jain Swetamber Conference.
BOMBAY.

Dear Sirs,

With reference to your letter dated 16th instant I shall feel obliged if you or any members of your Committee can make it convenient to see me on Saturday, morning at 9 a. m. at my place (Beach House, Napen Sea Road.

I have repeatedly made it clear and in particular in my correspondence with Vidyavi jayji–that I neither entertain nor have entertained any intention at any time to lower or to jujure any body's feelings. The regard which I have for my friends in your Community ought to have been sufficient that I could not harbour any other intention.

Yours faithfully,
Sd/– **K. M. Munshi.**

---

૧૧૧ એસપ્લેનેડ રોડ, ફોર્ટ મુંબઈ,
૧૭ મી માર્ચ ૧૯૨૭

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ મુંબઇ.

વહાલા સાહેબો,

તમારા ૧૬ મીના પત્ર સંબંધે જણાવવાનું કે તમે અગર તમારી કમિટીના કોઇ પણ સભ્યો મ્હારે ત્યાં (બીચ હાઉસ, નેપીઅનસી રોડ,) શનિવારે સ-

વારના નવ વાગે મ્હને મળવાને અનુકુળતા કરી શકશે તો હું ઉપકૃત થએલો માનીશ.

મ્હેં વારંવાર અને ખાસ કરીને વિદ્યાવિજયજી સાથેના પત્રવ્યવહારમાં સ્પષ્ટ કર્યું છે કે કોઈની પણ લાગણી દુઃખવવા અથવા તો હલકા પાડવાનો ઉદ્દેશ હું રાખતો નથી તેમજ કોઇ પણ વખતે રાખ્યો પણ નથી. તમારી કોમ માંહેના મ્હારા મિત્રો પ્રત્યે જે માન હું ધરાવું છું તે પુરતું હોવું જોઇએ કે હું બીજો કોઈ પુરાવો ધરાવી શકયો ન હોઉં.

17th March 1927.

KANAIYALAL M. MUNSHI ESQR.

B. A. LL. B.

Dear, Sir,

With reference to your letter of date delivered at the office of Messrs, Jhavery & Co., Solicitors, we beg to inform you that it would have been better if an appointment was made for to-day as suggested.

As to the correspondence with Muni Maharaj Shri Vidyavijayji your reply being unsatisfactory the Conference had to appoint a Committee. The Committee's report is to be placed before the public meeting of the Jains to be held to-morrow at 7-30 p. m. (B.T.) at Mangrol Jain Sabha's hall and the meeting may pass resolutions thereon.

We therefore suggest that you should see our Committee to-morrow at Mangrol Jain Sabha's Hall, Pydhonie at 3 p. m. (B. T.)

We shall inform the members of our Committee to be present on hearing from you that the appointment suits you in course of the day.

Yours faithfully.

Sd/- **M. J, Mehta**

Sd/- **Mohanlal B. Jhavery.**

Resident General Secretaries.

તાકીદનો

૧૭ મી માર્ચ ૧૯૨૭

મી. કનૈયાલાલ એમ. મુન્શી

બી. એ. એલ એલ બી. એડવોકેટ. મુંબઇ.

વ્હાલા સાહેબ,

મેશર્સ ઝવેરી એન્ડ કું. સોલિસિટરોની ઑફીસે પહોંચાડવામાં આવેલા આજની તારીખના પત્ર સબંધે અમે જણાવવા રજા લઇએ છીએ કે સૂચવવામાં આવ્યા મુજબ આજને માટે મળવાની ગોઠવણ કરવામાં આવી હોત તો વધારે સારૂં હતું.

મુનિ મહારાજશ્રી વિદ્યાવિજયજી સાથેના પત્ર વ્યવહાર સંબંધે (જણાવવાનું કે) તમારો જવાબ અસંતોષકારક હોવાથી કૉન્ફરન્સે કમિટી નીમવી પડી; કમિટીનો રિપોર્ટ માંગરોળ જૈન સભાના હૉલમાં આવતી કાલે સાંજના ૭-૩૦ (મું-ટા.) વાગતે મળનારી જૈનોની જાહેર સભા સમક્ષ મુકવાનો છે અને મીટીંગ તે ઉપર ઠરાવો પસાર કરે.

અમે તેટલા માટે સૂચવીએ છીએ કે અમારી કમિટીને પાયધુનીપર આવેલા માંગરોળ જૈન સભાના હૉલમાં બપોરના ૩-૦ (મું-ટા) વાગતે તમારે મળવું યોગ્ય છે.

આ ગોઠવણ તમને અનુકુળ છે એમ આજના દિવસમાં તમારા તરફથી સાંભળશું એટલે અમારી કમિટીના સભ્યોને હાજર રહેવા જણાવશું.

તમારા વિશ્વાસુ.

સહી. એમ. જે. મ્હેતા.

" મોહનલાલ બી. ઝવેરી.

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

17th March 1627.

To

KANAIYALAL MANEKLAL MUNSHI ESQR.,

B. A. LL. B., Advocate.

BOMBAY.

Sir,

Referring to the first para of our letter dated 13th instt., we regret through typists

oversight, the portion "Rajadhiraj Chapters 23,26 and 27" was ommitted which please now add and read duly corrected.

Yours truly.

Sd/- **Mohanlal B. Jhavery,**
Resident General Secretary

૧૭ મી માર્ચ ૧૯૨૭

નં. ૧૦૯૮

મી. કનૈયાલાલ માણેકલાલ મુન્શી.
બી. એ. એલ. એલ. બી.

સાહેબ,

અમારી તા. ૧૩ મીના પત્રના પહેલા પેરા સંબંધે દિલગીરી સાથે જણાવવાનું કે ટાઇપીસ્ટની શરતચુકથી "રાજાધિરાજ પ્રકરણો ૨૩-૨૬-૨૭" એટલો ભાગ રહી ગયો છે કે જે મહેરબાની કરી ઉમેરશો અને યોગ્ય રીતે સુધારીને વાંચશો.

લી.
સહી. મોહનલાલ બી. ઝવેરી.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

---

૧૧૧ એસપ્લેનેડ રોડ, કોટ,
મુંબઇ. તા. ૧૭-૩-૨૭.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના સ્થાનિક મંત્રીઓ જોગ,
મુંબાઇ. નં. ૩.

વિ. તમારો આજ તા. ૧૭ મીનો પત્ર મળ્યો. તમારા પત્રોની શાસનાત્મક અને ધમકી ભરેલી રીત અને પત્રો પર પત્રો લખી ધમધમાટ કરવાનો ઇરાદો કોન્ફરન્સ જેવી જવાબદાર સંસ્થાને ભાગ્યેજ શોભાપ્રદ છે. જ્યારે તમારી અને મારી વચ્ચે વાતચીત ચાલે છે, તે વખતે જાહેર સભા બોલાવવાનું તમારું પગલું તમારી સમાધાન વૃત્તિનો પુરાવો આપતું દેખાતું નથી.

૨—કેટલાંક કારણોસર તમે નિશ્ચય કરી દીધો છે, અને આ અવસરનો લાભ લઈ તમારી કમીટીના કેટલાક સભ્યો ચુંટણીમાં મને કેંક ઇજા થાય એ સંકલ્પથી તત્પર બન્યા છે. એમ સ્પષ્ટ દેખાય છે. જો કોઇ પણ પ્રકારે ચુંટણીમાં મને હાની પહોંચે એજ ઇરાદે આ ધમાલ ઉભી કરી હોય તો તે નિરર્થક છે.

૩—તમારી કમીટી અને કોન્ફરન્સની વાત તો જુદી રહી, બાકી જૈનો સાથેનો મારો સંબંધ તો જેવો બીજા હીંદુ ગુજરાતીઓ જોડે છે તેવોજ છે. ગુજરાતનો ઇતિહાસ સંશોધતાં કે 'ચીતરતાં' અથવા ગુજરાતી સાહિત્યની સેવા કરતા બ્રાહ્મણ અને બ્રાહ્મણેતર ઇતિહાસ અને સાહિત્ય વચ્ચે કદી મેં ફેર જોયો નથી, કે કર્યો નથી તમારી કમીટીના સભ્યો પૈકી સાહિત્યમાં જેઓ મારા સહયોગી છે તેમને આ વાતની ખબર છે, અને છતાં તમારા આગળ તે રજુ નથી થઇ તે જોઇ મને અન્યાયી લાગે છે. ગુજરાતના કોઇ પણ સમાજ તરફ મેં કદી તિરસ્કાર વૃત્તિ કેળવી નથી અને ગુજરાતના ભૂત અને વર્તમાન જીવનમાં જૈનોએ જે ભાગ ભજવ્યો છે એને મેં કદી અન્યાય કર્યો નથી આ મારાં દૃષ્ટિબિંદુઓ અનેકવાર પ્રગટ થયાં છે.

૪—છતાં તમારી કમીટીનો એવો ઇરાદો હોય કે મારી ચુંટણીના પ્રસંગનો લાભ લેવો અને તમારા પહેલા પત્રમાં મોકલેલા હુકમો મારી પાસે બળજોરીથી કબુલાવવા—તો આ ઇરાદો સમાધાન વૃત્તિનું ચિન્હ નથી. તમારી કમીટીના સભ્યો જે મને અંગત પીછાણે છે, તે જાણતા હોવા જોઇએ કે ધમકીથી મારી સાથે સમાધાન ભાગ્યેજ થઇ શકશે.

૫—કમીટીને જે કૈં કરવું હોય તેની આડે હું આવી શકું તેમ નથી. જૈનોનો અને મારો સંબંધ નીરાળો છે. તેમને હું ગુજરાતનું અંગ ગણું છું, અને એવા અંગ તરીકે જે માન તેમને ઘટે તે હું આપતો આવ્યો છું; અને આપતો રહીશ.

૬—આપ મંત્રીવર્યો એ પત્ર વ્યવહારમાં જે પદ્ધતિ રાખી છે, તે જોતાં તમે મને સમાધાનવૃત્તિથી મળવા માંગતા હો એમ મને લાગતું નથી. જો તમે કાલની સભા મુલતવી રાખીને તા. ૨૨મી પછી આ બાબતમાં વિચાર કરવા સમાધાન વૃત્તિથી મળવા તૈયાર હો તો હું ખુશીથી તમને મળીશ. તમારો ઇરાદો બળજોરી કરવાનો જ્યાં સુધી છે ત્યાં સુધી તમે મને મળવાનું જણાવ્યું તે નિમંત્રણ સ્વીકારવાનું સદ્‌ભાગ્ય મારે પાછું ઠેલવું પડશે. એજ. લી.
ક. મા. મુન્શીના યથાયોગ્ય.

૨ તા. ૧૮ મી એ મળેલી જાહેર સભામાં પસાર થએલા ઠરાવો.

ઠરાવ ૧–આજે મળેલી જૈનોની જાહેર સભા ઠરાવે છે કે મી. કનૈયાલાલ માણેકલાલ મુન્શીએ પોતાના પુસ્તકોમાં દાખલા તરીકે "પાટણની પ્રભુતા" "ગુજરાતનો નાથ" "રાજાધિરાજ" "ગુજરાતના જ્યોતિર્ધરો" વિગેરેમાં જૈન ધર્મ તથા ધર્મ ગુરૂઓ તેમાં ખાસ કરીને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અને ઐતિહાસિક જૈન મહાપુરૂષો પર અસત્ય અને અણઘટતા આક્ષેપો કરી જૈનોની લાગણી અત્યંત દુભવી છે તે માટે આ સભા પોતાનો તિરસ્કારપૂર્વક સખ્ત વિરોધ જાહેર કરે છે.

દરખાસ્ત મુકનારઃ–મી. ઓધવજી ધનજી શાહ.

ટેકોઃ–શેઠ મણીલાલ માણેકચંદ

અનુમોદકઃ–મી. સાકરચંદ માણેકચંદ ઘડીઆલી.

ઠરાવ ૨ જો–શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સે મી. મુન્શીને, આવાં વાંધાભર્યા લખાણો લખી જૈન કોમની લાગણી દુખવી છે તે માટે દીલગીરી જાહેર કરવા અને ભવિષ્યમાં તેવાં લખાણો લખશે નહિ અથવા પ્રગટ કરશે નહિ તેવી ખાત્રી આપવા માટે, પુરતી તક આપવા છતાં તેમણે તેમ કર્યું નહિ તેથી આ સભા એવો ઠરાવ કરે છે કે જ્યાંસુધી મી. મુન્શી સંતોષકારક જવાબ તથા ઉપરોકત પ્રકારની ખાતરી આપે નહિ ત્યાંસુધી વિરોધની નીશાની તરીકે જૈન મતદારોએ મી. મુન્શીની તરફેણમાં મત આપવા નહિં. તેમ કોઇપણ જૈને તેમને મત મેળવી આપવામાં સીધી કે આડકતરી રીતે મદદ કરવી નહીં.

દરખાસ્તઃ–શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ.

ટેકોઃ–શેઠ સારાભાઇ મગનભાઇ મોદી.

ઠરાવ ૩ જો–મી. મુન્શીના પાસેથી સંતોષકારક જવાબ તથા ખાત્રી મેળવવા માટે કોન્ફરન્સે જે પગલાં ભર્યા છે તેને આ સભા સંપૂર્ણ ટેકો આપે છે અને વિનંતિ કરે છે કે આ બાબતમાં જ્યાંસુધી સંતોષકારક નીવેડો ન આવે ત્યાંસુધી તે દિશામાં દરેક પ્રકારની હિલચાલ ચાલુ રાખવી તથા જરૂર જણાય તો કાયદેસર પગલાં પણ લેવાં.

દરખાસ્તઃ–શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી.

ટેકોઃ–શેઠ ઉમેદચંદ દોલતચંદ બરોડીયા.

ઠરાવ ૪ થો–મુંબઇ યુનીવર્સીટી અને સરકારી કેળવણી મંડળ તરફથી લેવાતી જુદી જુદી પરીક્ષાઓ માટે પાઠય પુસ્તક તરીકે જૈન સમાજની લાગણી દુખવનારાં અને વાંધાભર્યાં લખાણોથી ભરેલાં મી. મુન્શીનાં પુસ્તકો પૈકી "પાટણની પ્રભુતા" "ગુજરાતનો નાથ" "રાજાધિરાજ" અને "ગુજરાતના જ્યોતિર્ધરો" માંથી કોઇ પણ પુસ્તક પાઠય પુસ્તક તરીકે દાખલ કરવા તરફ આ સભા સખ્ત વિરોધ જાહેર કરે છે.

દરખાસ્તઃ–શેઠ વીરચંદ પાનાચંદ.

ટેકોઃ–ડૉકટર મોહનલાલ શાહ.

અનુમોદનઃ–શેઠ મોહનલાલ મગનલાલ ઝવેરી.

Resolutions Passed by the Public Meeting held on 18th March 1927.

1. This public meeting of the Jain Community in Bombay strongly protests with contempt against the false and objectionable writings by Mr. K. M. Munshi against the Jain religion, the religious preceptors of the Jains in general and the most reverable and Kali-omniscient shri Hemchandracharya Suri in particular and great historical Jains in his works viz:—

Patan ni prabhuta, Gujrat no nath, Raja Dhiraj and Gujrat na Jyotirdharo–calculated to wound the feelings of the whole Jain Community.

Moved by:–Mr. Odhavji Dhanji Shah,
Supported by:–Mr. Manilal Mohkamchand
„ Mr. Sakerchand Manekchand

2. This meeting records that though sufficient opportunity was given to Mr. Munshi by the Jain Swetamber Conference office to express his regret for offending the feelings of the Jain Community by his various objectionable writings and give an assurance that he would not in future publish such writings but he has not availed of the same. This meeting therefore resolves that until

Mr. Munshi expresses his regret and gives an assurance as aforesaid, no Jain graduate should, as a mark of protest, vote in favour of Mr. Munshi at the ensuing election for the Bombay Legislative Council nor should any Jain help him directly or indirectly by canvassings votes for him.

Moved by:–Seth Lallubhai Karamchand Dala
Supported by:–Mr. Sarabhai M. Mody., B. A.,

3. This meeting whole-heartedly supports the Jain Conference for their action for obtaining a satisfactory reply and assurance from Mr. K. M. Munshi and further requests them to continue their efforts until a satisfactory reply is obtained and to take legal steps if necessary.

Moved by;–Seth Lallubhai Gulabchand Jhavery.
Supported by:–Mr. Umedchand Barodia., B. A.

4. This meeting strongly disapproves the introduction of any of the books of Mr. Munshi viz: Patan ni Prabhuta, Gujrat No Nath. Rajadhiraj and Gujrat na Jyotirdharo which are full of historically untrue and objectionable writings offending the feelings of the Jains as a text book in the Curriculum for any of the examinations taken by the Bombay University and Goverment Department of Public Instruction and requests those bodies not to prescribe any of the said books as a text book.

Moved by:–Seth Virchand Panchand Shah, B. A.,
Supported by:–Mohanlal Hemchand Shah
Mr. Mohanlal Maganlal Jhavery.

---

૩ મુંબઈ યુનિવર્સીટી સાથે થએલો પત્રવ્યવહાર.

No. 798.

The Registrar,
The University of Bombay, BOMBAY.

Sir,

We understand that certain books written by Mr. Kanaiyalal Maneklal Munshi, B. A., LL. B., Advocate, are going to be prescribed as text books for Gujrati Courses of the various examinations of this University. We have therefore to draw your attention to the fact that some of his works contain matter which has greatly offended the religious feelings of the Jain Community of the whole of India. We are therefore obliged to request you not to include such books of Mr. Munshi which are against the tenets and beliefs of the Jains and cast aspersions on their honoured preceptors such as Hemchandracharya and other Jain historical characters and offend their religious feelings. Although stray remarks of the kind may be seen in almost all the works of Mr. Munshi including the magazine–"Gujarat" edited by him, we note below some of his works which have been particularly offensive to the Jains.

(1) Patan ni Prabhuta. (2) Raja Dhiraj and (3) Gujrat na Jyotirdharo.

We further request you to place the matter before the proper authorities and inform us of your decision.

Thanking you in anticipation.

We are,
Yours faithfully,
Sb/ **Mohanlal B. Jhavery.**
Resident General Secretary.

No. 2822 of 1927 Bombay, 17th March 1927.

To,

THE RESIDENT GENERAL SECRETARY.
Jain Swetamber Conference.
20. Pydhonie, Bombay 3.

Sir,

I have the honour to acknowledge receipt of your letter No. 798 dated the 7th of March 1927, on the subject of the pres-

cription of the text books in Gujrati for the University examinations, and to state that it has been brought to the notice of the Board of studies in Gujrati.

Yours faithfully,
Sd/-**Fardunji M. Dastur,**
Registrar, University of Bombay.

No. 1099. 17th March 1927.

The Registrar,
The University of Bombay.
BOMBAY.

Sir,

Referring to the first para of our letter dated 7th inst. we regret that through typist's oversight the book 'Gujarat no Nath' was ommitted which please now add and read the letter duly corrected.

We have the honour to be,
Sir,
Your most obedient servant.

20th March 1927.

The Registrar,
The University of Bombay, BOMBAY.

Dear Sir,

In continuation of our letter dated 7th of March 27 we beg to enclose herewith a copy of the resolution passed at a Public Meeting of the Jains held under the auspices of Shri Jain Swetamber Conference, The Jain Association of India and the Bombay Mangrol Sabha. The resolution speaks for itself.

We shall thank you to forward the said resolution to the proper authorities.

Yours faithfully,
Sd/- **M. J. Mehta,**
Sd/- **Mohanlal B. Jhavery.**
Resident General Secretaries.
Shri Jain Swetamber Conference.

Copy of the resolution passed at a public meeting of the Jains on 18th March 1927.
Resolution No. 4.

---

21 March 1927,

To,
The Registrar,
The University of Bombay, BOMBAY.

Sir,

We are in receipt of your letter dated 17th March 1927. We note that the subject matter of our letter dated the 7th of March 1927 has been brought to the notice of the Board of studies in Gujrati.

We understand that the books recommended by the Board of studies are prescribed for the University Course without any reference to the Syndicate.

We beg to point out that it is necessary that if any book of Mr. Munshi, referred to in our first letter is likely to be recommended or is already recommended by the board of Studies-the matter should be placed before the Syndicate or if necessary before the Senate.

We shall thank you to circulate a copy of our letters dated the 7th and 17th of March 1927 to the members of the Syndicate for their information and necessary action. Copies of the said letters are sent herewith.

We may point out that the feelings of our Community in the matter are very strong as would appear from a copy of the resolution passed at the public meeting of the Jains held on 16th March 1927 which we send you along with a seperate letter addressed to you to-day.

Trusting that you will do the needful and oblige.

Yours faithfully,
Sd/ **M. J. Mehta.**
Sd/ **Mohanlal B. Jhavery.**
Resident General Secretaries,

Letter from the Registror Bombay, University.

No. 3694, Dated 13th April 1927.

Sir,

I am directed to acknowledge receipt of your letter No. 1465, dated the 11th April 1927, and to state that your letters of the 20th and 21st March and 5th April. 1927 are being circulated to the members of the Board of studies in Gujrati, and that they will be placed before the proper authorities in due course of time for disposal.

2. I am to add that so far, no books of Mr. Munshi have been prescribed by the University Board of studies in Gujrati.

I have etc.

Sd/ **Furdunji M. Dastur.**
Registrar, University of Bombay.

Letter from the Secretary, School, Leaving, Examination.

Boards No. 595 dated 20th April.

Gentlemen,

In my letter No. 3694 of 1927 dated the 13th instant I, as University Registrar, informed you that so far, no books of Mr. Munshi had been prescribed by the University Board of Studies in Gujrati.

As Secretary of the School Leaving Examination Board I may inform you that the S. L. Examination Board of 1926 the first 200 pages of Mr. Munshi's 'Gujrat No Nath" as portion of the course for studies in Gujrati. The University Board of Studies in Gujrati had nothing to do with the prescription of this book as the S. L. Examination Board had appointed Sub-Committee of its own to prescribe text books in the Vernaculars.

I have etc.

Sd/- **Furdunji M. Dastur,**
Secretary,

૪. બેલગાંવમાં પ્રચારકાર્ય—આગલો રીપોર્ટ મલ્યા બાદ શ્રી શત્રુંજય પ્રચારકાર્ય સમિતિના સભ્ય રા. હિરાલાલ સુરાણાએ બેલગાંવમાં તા. ૧૦-૧-૨૭ના રોજ શ્રીયુત વાય. એસ. આંકલે બી. એ. એલ. એલ. બી. ના અધ્યક્ષપણા નીચે એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. જે વખતે સર્વે જૈન બંધુઓએ મ્હોટી સંખ્યામાં હાજરી આપી હતી. દિગંબર ભાઇઓને પણ ખાસ આગ્રહપૂર્વક બોલાવવામાં આવ્યા હતા અને આશરે એક હજાર માણસો એકઠાં થયાં હતાં. શ્રી શત્રુંજય સંબંધી તમામ માહિતિ આપવામાં આવી હતી અને પાલિતાણા દરબાર તથા જૈન કોમ વચ્ચેના ચાલતા ઝઘડા સંબંધીની સંપૂર્ણ હકીકતો કહી સંભલાવતાં તમામ જૈનોએ એકત્ર થવા ભલામણ કરી હતી. તેમજ બ્રિટિશ સરકારે આ બાબતમાં વચ્ચે પડી આ ધાર્મિક ઝઘડાનો સંતોષકારક નિવેડો લાવવાની આવશ્યકતા બતાવી હતી અને સર્વાનુમતે ઠરાવ અંગ્રેજીમાં પસાર કરવામાં આવ્યો હતો.

"The Digamber and Shwetambar Jains of Belgaum assembled in a public meeting resolved that it is derogatory to the exalted position occupied by the British Government as the Paramount power, that the Palitana Darbar should levy a religious tax on pilgrims in connection with Shri Shatrunjaya Hills even on British Indian subjects. They threfore humbly pray that His Excellency Lord Ervin, Viceroy and Governor General and the Secretary of State for India in Council will be graciously pleased to take due steps in order to protect their loyal subjects from the oppression of the Palitana Darbar and safeguard the rights and interests of the Jain Community in matters religious.

They further sincerely trust that justice will be meted out to them by abolishing the levy of the said obnoxious and illegal tax."

Sd/ **Y. S, Ankle.**
President.

અનુવાદઃ—એલગાંવના દિગંબર અને શ્વેતાંબર જૈનો એક જાહેરસભામાં એકઠા થઇ ઠરાવે છે કે સાર્વભૌમ સત્તા તરીકે બ્રિટિશ સરકાર શ્રી શત્રુંજય સબંધમાં બ્રિટિશ હિંદી પ્રજા ઉપર પણ પાલિતાણા દરબારને યાત્રિક વેરો નાંખવા દે એ તેની ઉચ્ચ સ્થિતિને હિણપદ લગાડનારૂ છે અને તેઓ (અમે) તેટલા માટે નમ્રતાપૂર્વક અરજ કરે છે કે નામદાર લૉર્ડ અર્વીન. વાઇસરોય અને ગવર્નર જનરલ, તેમજ સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઇન્ડીઆ ઇન કાઉન્સીલ, પાલિતાણા દરબારના આ જુલમમાંથી પોતાની પ્રજાને બચાવવાને અને જૈન કોમની ધાર્મિક બાબતોમાં તેના હક્ક અને હિતનું રક્ષણ કરવાને યોગ્ય પગલાં લેશે. તેઓ (અમે) અંતઃકરણ પૂર્વક વિશ્વાસ રાખે છે કે આ ગેરકાયદે અને દુઃખકર વેરો રદ કરી ન્યાય આપવામાં આવશે.

આ ઠરાવની નકલો વાઇસરૉય, સેક્રેટરી ઑફ સ્ટેટ તથા પાલિતાણા દરબારને મોકલવામાં આવી છે.

૫ મણિલાલ ખુશાલચંદ (પાલણપુરવાલા) નો વિશેષ પ્રવાસ.

મા. વ. ૨. **ચંડીસર** જાહેરસભા મેલવી શત્રુંજયનો પ્રશ્ન સમજાવવામાં આવ્યો, દેરાસરના જીર્ણોદ્ધારનું આરંભેલું કાર્ય અત્રે લાંબા કાળથી અધવચ પડયું છે માટે આગેવાનો મત ફેર હોય તો તે દૂર કરી લક્ષમાં લે તો સારૂં. મા. વ. ૩ **ડીસાકેંપ** જાહેર સભા બોલાવી શત્રુંજય સબંધી વિવેચન કર્યું વાંચનાલયની જરૂર છે. મા. વ. ૭ **સદ્દેરાચરણ** અહિ આજુબાજુનું મહાજન એકઠું થયું હતું આપણા હકકો વિગેરે સંબંધી હકીકત સમજાવી. મા. વ. ૪ **કટેરીઆ તીર્થ** શ્રી સિદ્ધાચળને અંગે યોગ્ય વિવેચન કર્યું મેળો ભરાવાની તિથિ હોવાથી લોકો સારી સંખ્યામાં આવ્યા હતા, આ વખતે પં. લલિતવિજયજી તથા સાગરાનંદ સૂરિશ્વરજીના પ્રયાસથી એક બોર્ડીંગ સ્થાપવામાં આવી અને તેના નિભાવ માટે સારૂં ફંડ એકત્ર થયું. કાર્યવાહી કમિટી નીમવામાં આવી સંસ્થાનું નામ 'શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય' રાખવામાં આવ્યું. પો. શુ. ૨. **ઢેલાણા** અહિ સતર જીલાનું મહાજન એકત્ર થવાનું હોવાથી શત્રુંજય પ્રકરણ સમજાવવા ગયા. પો. શુ. ૮ **સંખેશ્વરજી** પાટણથી નીકળેલ કચ્છમાં જતા સંઘનો પ્રસંગ લઇ અત્રે આવ્યા. આશરે પાંચ હજાર માણસ એકઠું થયું હતું. આ પ્રસંગે શત્રુંજય અંગે વિસ્તારથી વિવેચન કર્યું. પો. શુ ૧૨ **હારીજ** જૈન વસ્તી નથી. પરંતુ રાધનપુર સંખેશ્વર ઇત્યાદિ સ્થળોએ જતા મુસાફરો વિશ્રાંતિ અર્થે ખોટી થાય છે તેથી સ્ટેશન ઉપર જૈનોની વસ્તી વેપાર અર્થે વસેલી છે. નાના પુસ્તકાલયની જરૂર છે. શત્રુંજય સંબંધી વિવેચન કર્યું. પો. શુ. ૧૩. **સમી** સ્ત્રી પુરૂષોની જાહેર સભા બોલાવી વિવેચન કર્યું. પં. ભક્તિવિજયજી મહારાજના જ્ઞાનભંડારનો લાભ અવાર નવાર અત્રે લેવાય છે. પો. શુ. ૧૫. **રાધનપુર** અહિં સ્વયંસેવક મંડળ તથા આગેવાનોએ શત્રુંજય પ્રશ્ન જનતાને સારી રીતે સમજાવેલ હોવાથી તે માટે ખાસ પ્રબંધ કરવામાં ન આવ્યો. પો. વ. ૧ **વારાહી** શત્રુંજય પ્રકરણ સર્વને સમજાવ્યું. દુષ્કાળને અંગે લોકો કફોડી સ્થીતિમાં આવી પડયા છે. પો. વ. ૧ સાંતલપુર અને ત્યાંથી **ભામાસણ** ગયા (વાગડ). શત્રુંજયની બીના સમજાવી. પૈસાના અભાવે જીર્ણોદ્ધારનું કામ અધવચ પડયું છે. ધાર્મિક શિક્ષણ મળવાની સવડ નથી. અજ્ઞાનતા વધારે હોવાથી કુરિવાજો વિશેષ જોવાય છે. શત્રુંજય પ્રકરણ તથા માનવ જીવન વિકાસને અંગે વિવેચન કર્યું. પુસ્તકાલયની જરૂર છે. પોસ વદ ૮ **ચિત્રોડ** તથા વદ ૯ **લાકડીઆ** વદ ૧૦–૧૧ થી ૦)) સુધી **કટારીઉં** વદ ૧૨ **આણંદપૂર** વદ ૧૩ શિંકારપૂર તથા સામખીઆરી, ભચાઉ, છાડવાડા, જંગી, લલીઆંણુ, આમલીઆરા અને આધોઇમાં પણ ફરી શ્રી શત્રુંજય સંબંધી હાલની સ્થિતિનું વિવેચન કર્યું. હતું. તથા યાત્રા ત્યાગના ઠરાવો કરાવ્યા છે.

૬ **ઉપદેશકોનું પ્રચાર કાર્ય અને સુકૃત ભંડાર ફંડઃ**—નીચે જણાવવામાં આવેલાં દરેક સ્થળે તેમજ આસપાસના ગામોમાં સંસ્થાના પગારદાર ઉપદેશકો ગયા હતા. અને દરેક સ્થળે હાનિકારક રિવાજો દૂર કરવા, કેલવણી, વિગેરે વિષયોપર અસરકારક ભાષણો આપ્યાં હતાં. કેટલેક સ્થળેથી તે પરથી કરવામાં આવેલા ઠરાવો તથા લેવામાં આવેલી બા-

ધાઓ વિગેરેના પત્ર અમને મલ્યા છે. સ્થળ સંકોચને લઇ પ્રકટ કરી શકયા નથી.

મી. વાડીલાલ સાંકલચંદ મારફતે તા. ૨૯-૧૧-૨૬ થી ૧૯-૨-૨૭ સુધીમાં વસુલાત આવી તે પાદરા, પરા, આમરોલી ૩, મહુધા ૫૧, સણાલી ૧, મોહલેલ ૧૪।, ચુણેલ ૨૫।। અલારસા ૧, તોરણા ૫, આંતરોલી ૫૧, ભાટેરા ૬, બોરસદ ૨૦।।, ધર્મજ ૧૭।। સુણાવ ૧।। પાલજ ૬, પેટલાદ ૧૪।, વાડવોલ ૧૭, કોસિંદ્રા ૪, સીસવા ૪, ઝારોડા ૧, વડદલા ૮, ખંઢાણા ૭, જલસણ ૧૪, કણજટ ૪, બામણવા ૧।, જરાજ ૨, તથા રૂપીઓ એક શુભખાતે.
વટાદરા ૩૧, વમા ૪, કમલસર ૫, વભા ૨—૪-૦ રામોલ ૨, ડેમોલ ૨, દેવા ૯, ખાંધલી ૮-૧૧-૦ અણીદરા ૨, ઉંવસો ૨૦-૧૨-૦ શેસવા ૪-૦-૦ પેટલાદ ૧-૦-૦ માતર ૩-૮-૦

મી. પુંજાલાલ પ્રેમચંદ મારફતે ૨૨-૧૧-૨૬ થી ૫-૨-૨૭ સૂધીમાં આવ્યા. સાદરા ૧૮।, વાસણા ૨।, પીપલજ ૪, પેથાપુર ૪૭।। સીરોલી મોટી ૩, મહુંદ્રા ૩।।। ચીલોડા ૨।।। વડોદરા ૧૭।। ડભોડા ૨૨, લાકરોડા ૭।।। વરસોડા ૩૩, વીદપુરા ૨।, માણસા ૭૭। ઈટાદરા ૧૮।।। પુંજાપરા ૧૪। સીતવાડા ૦।।। બોભા ૬। લીંબોદરા ૨૬। માણેકપુર ૧૬, રીદરોડા ૧૮।। આજોલ ૩૯।। લોદરા ૪૫, મહુડી ૨૯।। નવાસંગપુર ૧૯। દેરોલ ૧।। સાહેબપુર ૧।।। ધનપરા ૩ ભેંમપરા ૦।। પુંધરા ૧૪।।। વીજાપુર ૧૫૩, માણસા ૦।।। રણાસણ ૧૩।। પેઢામલી ૨૭, કડોલી ૪।। પ્રુદેળ ૩,

૭ કન્વેન્શનમાં સુકૃતભંડાર ફંડ થયું તેમાં કહેલાં નાણાંમાં જેઓનાં આવ્યાં તેઓના ૧૯૮૨ ના ભાદરવા આસોના અંકમાં જણાવ્યા છે જેનો ત્યાર પછીથી આવ્યા તેઓના નામ અગર તેમાં જણાવ્યા વગર રહી ગયા તેના નામ

૨૫૧) શેઠ સારાભાઇ મગનભાઈ મોદી, ૨૦૧) શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ, ૨૦૧) શેઠ મણીલાલ સુર. જમલ ઝવેરી, કુલ ૬૫૩) હજુ આશરે ૬૮૦૦) ની રકમની કન્વેન્શનમાં ભરાયલાં નાણાંની ઉઘરાણી વસુલ આવી નથી, તો જે જે ઉદારચરિત ગૃહસ્થોએ કન્વેન્શનમાં પોતાની સખાવત ભરી છે પણ હજુ મોકલી નથી તેમને તે તે રકમો મોકલી આપવા ફરીથી વિનંતિ છે.

૮ અમદાવાદનો શ્રી સુકૃત ભંડારફંડમાં ફાળો:-

આ સંસ્થાના પ્રાંતિક સેક્રેટરી રા. શેઠ ઝવેરી મૂળચંદ આશારામ તરફથી ફંડ ઉઘરાવવામાં આવતાં રૂા. ૪૧૨, **અમદાવાદના** અમને મલ્યા છે—

તેમજ **શ્રી શાહપુર જૈન સંઘ તરફથી** શેઠ ચીમનલાલ રાજારામ હથુ-રોકડા ૨૫) અમને મોકલવામાં આવ્યા છે.

૯ જૈન શ્વેતાંબર એજ્યુકેશનલ બોર્ડ.

(ઓ. સેક્રેટરી-વીરચંદ પાનાચંદ શાહ)

ધાર્મિક પરીક્ષા

બોર્ડ તરફથી દરવર્ષે લેવામાં આવતી "ધાર્મિક હરિફાઇની ઇનામી પરીક્ષા ગઇ તા. ૨૬-૧૨-૨૬ માગશર વદી ૭ ને રવીવારના રોજે જૂદા જૂદા ૭૪ સેન્ટરોમાં લેવામાં આવી હતી. આ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામા સારો વધારો થયો હતો અને તેની સંખ્યા ૮૦૦ ઉપર જવા પામી હતી. પરીક્ષાની સવાલણુકો પરીક્ષકો ઉપર મોકલી આપી છે જેમાંથી ઘણીખરી તપાસીને આવીગઇ છે હવે બે ત્રણ પરીક્ષકો પાસેથી પુકો આવવાની બાકી છે. તે આવેથી "પરીક્ષાનું પરિણામ" થોડા વખતમાં બહાર પાડવામાં આવશે.

અભ્યાસક્રમમાં ફેરફાર

પરીક્ષાનો જે અભ્યાસક્રમ હાલમાં ચાલૂ છે. તે ઘણીજ મહેનતે ઘડવામાં આવેલ છે અને તે ઘણોજ સુંદર છે. છતાં તેમાંના ઘણાં પુસ્તકો હાલમાં મલી શકતાં નથી તેથી વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની ઘણીજ મુશ્કેલી નડે છે. તેથી તેમાં ઘણો ફેરફાર કરવાને તે બાબતના અનુભવી વિદ્વાનોને **"વિનંતિ પત્રો"** લખવામાં આવેલ છે. તેમાંથી થોડાઘણા જવાબો આવ્યા છે થોડા વખતમાં આ બાબત ઉપર વિચાર ચલાવવા કમીટી મલશે અને તે સંબંધીનો છેવટનો નિર્ણય કરશે. નિર્ણય થયા બાદ તે પ્રમાણેનો " અભ્યાસક્રમ " છપાવવામાં આવશે. જેઓએ સૂચના આપી ન હોય તેઓ તુરતજ સૂચના મોકલાવી આપશે.

પાઠય પુસ્તકો

ઘણાખરાનું એમ માનવું છે કે ધાર્મીક અભ્યાસ ને માટે બોર્ડ તરફથી "સીરીઝો" તૈયાર કરાવવાની જરૂર છે. હમો તેમના વિચારને સંપૂર્ણ મલતા છીએ. છતાં આ કામ બોર્ડે પ્રથમ પણ હાથમાં લીધેલું પણ તેમાં ફત્તેહ મલી નહોતી. છતાં કોમના વિદ્વાનો ધારે તો આ કાર્ય થઇ શકે તેમ છે. જો તેવું કાર્ય કોઈ પણ વિદ્વાનો ઉપાડી લેશે તો બોર્ડ તેને ઘટતી મદદ આપશે. પાઠય પુસ્તકો કેવી રીતે તૈયાર કરાવવા તેની "રૂપરેખા" બોર્ડ ઉપર મોકલવામાં આવશે તો પણ તે સબંધી યોગ્ય વિચાર કરવામાં આવશે.

શ્રી ૧।

સં. ૧૯૮૨ ના આસો વદી ૦)) સુધીનું શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ ઑફીસનું સરવૈયું.

જ

૨૧૧૮૬-૧૧-૧૦ શ્રી ખાતાંઓ
- ૧૦૫૨૩-૧-૧ શ્રી કૉન્ફરન્સ નિભાવફંડ ખાતે
- ૬૦૫૯-૨-૯ શ્રી પુસ્તકોદ્ધાર ફંડ ખાતે જમા
- ૪૬૦૪-૮-૦ શ્રી શત્રુંજય પ્રચાર કાર્યફંડ ખાતે જમા

૨૧૧૮૬-૧૧-૧૦

૭૬૦૪૫-૧૧-૧૦ શ્રી વ્યક્તિગત ખાતાંઓ
- ૧૭૨૦૪-૦-૬ શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ ખાતે જમા
- ૧૦૩૫૯-૫-૪ શ્રી બીજી કૉન્ફરન્સ રિશેપ્શન કમિટિ ખાતે જમા
- ૩૪૯૯-૬-૯ શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશિપ ખાતે જમા
- ૪૪૮૭૧-૩-૩ શ્રી બનારસ હિંદુ યુનીવર્સીટી જૈનચેરઆદિ મદદ ફંડ ખાતે જમા
- ૧૦૦-૦-૦ શ્રી જૈન સ્વયંસેવક મંડળ ખાતે જમા
- ૧૧-૧૨-૦ શેઠ મુલચંદ આશારામ ઝવેરી ખાતે જમા

૭૬૦૪૫-૧૧-૧૦

૯૭૨૩૨-૭-૮

ઉ

૨૬૦-૧૫-૨ શ્રી અંગત લ્હેણું
- ૭૩-૧-૦ ઉપદેશક વાડીલાલ સાંકળચંદ ખાતે ઉધાર
- ૧૨૪-૯-૨ ઉપદેશક પુંજલાલ પ્રેમચંદ ખાતે ઉધાર
- ૨-૧૨-૦ શ્રી જૈનધર્મ પ્રસારક સભા શ્રી ભાવનગર ખાતે ઉધાર
- ૬૦-૧૦-૦ શેઠ મકનજી જે. મ્હેતા ખાતે ઉધાર

૨૬૦-૧૫-૨

૯૨૬૨૭-૩-૦ સીક્યુરીટીઓ તથા રોકડ
- ૧૦૦૦૦-૦-૦ સીટીઇમ્પ્રુવમેંટ ટ્રસ્ટ બોંડ ખાતે ઉંધાર
- ૧૨૫૦૦-૦-૦ બેંકઑફ ઇંડીયા લીમીટેડના પ્રીકસ્ડ ડીપાઝીટ ખાતે ઉધાર
- ૫૦૦૦-૦-૦ ઇંદોર માળવામીલના પ્રીકસ્ડ ડીપાઝીટ ખાતે ઉધાર
- ૭૫૦૦-૦-૦ સાડાત્રણ ટકાની નોટ
- ૪૯૬૮૪-૪-૭ સાડાત્રણ ટકાની જુદી નોટો
- ૩૯૨૩-૨-૯ બેંક ઑફ ઇંડીયા લી. ના ચાલુ ખાતે જમા
- ૩૮૯-૭-૪ ઇમ્પીરીયલ બેંક ઑફ ઇંડીયાના ચાલુ ખાતે જમા
- ૪૮૮-૦-૦ પુરાંત સેક્રેટરી સા. પાસે
- ૧૪૧-૧૦-૫ પુરાંત જણસ ઑફિસમાં

૯૨૬૨૭-૩-૦

૪૩૪૪-૧૫-૬ શ્રી ખાતાંઓ
૨૨૫૯-૪-૫ શ્રી જૈનયુગ ખાતે
૧૭૭૯-૧૨-૩ શ્રી જૈન ગુર્જર કવિઓ ખાતે
૨૯૪-૯-૦ ડેડસ્ટોક ફરનીચર ખાતે
૧૧-૫-૧૦ શ્રી ખાસ અધિવેશન ખાતે

૪૩૪૪-૧૫-૬

૯૭૨૩૨-૭-૮

I have examined the Accounts and Balance Sheet with the Books and Vouchers of Shri Jain Shwetamber Conference and report that the Balance Sheet is properly drawn up, so as to exhibit a true and correct view of the affairs of that Institution as on Aso Vad 30 Samwat 1982.

I have also seen the securities mentioned in the Balance Sheet.

(Sd.) **Narottam Bhagvandas Shah.**
Hon. Auditor. 13-3-27.

શ્રી ૧૫

સં. ૧૯૮૨ ની સાલનો આવક જાવકનો હિસાબ.

જ

૧૦૩—૨-૧૫ શ્રી રોકડ પુરાંત ગઇસાલ આખર
૧૫૪૫૭-૧૪-૩ શ્રી સુકૃત ભંડારફંડ ખાતે જમા
૧૦૨૪૧—૦-૦ કન્વેન્શન વખતે થયેલ ફંડના વસુલ આવ્યા તે
૩૮૯૩—૨-૩ ઉપદેશકો મારફતે વસુલ આવ્યા
૭૧૦-૧૨-૦ પરચુરણ સ્વયંસેવક મંડળ બાલમિત્રમંડળ મારફતે
૨૦૧—૦-૦ શેઠ રવજી સોજપાળ તરફથી
૪૧૨—૦-૦ અમદાવાદના હ. શેઠ મુળચંદ આશારામ ઝવેરી

૧૫૪૫૭-૧૪-૩

૬૯૯૭-૧૧-૭ શ્રી કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતે જમા
૨૫૦—૨-૦ વ્યાજના આવ્યા
૧૧-૧૫-૦ પરચુરણ પરતી વિગેરેના
૩-૧૧-૩ સ્વયંસેવકમંડળના ચાંદખાતાના વધારાના
૩૦૦—૦-૦ મોતીના ધર્મના કાંટા તરફથી મદદના તા. ૧-૫-૨૪ થી તા. ૩૦-૬-૨૪ સુધીના દર

ઉ

૧૫૪૫૭-૧૪-૩ શ્રી સુકૃત ભંડાર ફંડ ખાતે ઉધાર
૨૬૧૫-૧૦-૨ શ્રી પગાર ખર્ચના
૧૨—૧-૦ મનીઓડર કમિશન ખર્ચ
૧૦૬—૩-૪ શ્રી પોસ્ટ પારસલ ખર્ચ
૫૮-૧૦-૦ ઉપદેશકોનું ભોજનભત્તા ખર્ચ
૧૩૮—૧-૦ સ્ટેશનરી પ્રીન્ટીંગ ખર્ચ
૩૭—૫-૯ પરચુરણ ખર્ચ મજુરી, સીપાઇના ડ્રેસ વીગેરે ખરચના
૩૬૭-૧૩-૯ ઉપદેશકોનો પ્રવાસ ખર્ચ
૨—૬-૯ ટ્રામ ભાડા ખર્ચ
૮૦૨-૧૨-૨ સં. ૧૯૭૭ની સાલ આખરે ખાતું બંધ થતાં માંડી વાળ્યા તે કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતે ચાલુ સાલમાં આપ્યા
૮—૮-૦ ઉત્તરવિભાગ અમદાવાદ ઓફિસનો ખર્ચ
૫૦—૦-૦ જાહેરખબર ખર્ચના
૧૧૨૫૮—૬-૪ વધારાના રહ્યા તે અરધા ભાગે નીચે મુજબ ઠરાવ પ્રમાણે

માસે ૩. ૫૦) લેખે
૮૦૨–૧૨–૨ સં. ૧૯૭૭ ની સાલ આખરના સુકૃત ભંડારફંડના લણી વાળ્યા હતા તેના જમા
૫૬૨૯—૩–૨ શ્રી સુકૃત ભંડારફંડના વધારાના અર્ધભાગના

૬૯૯૭–૧૧–૭

૧૭૬૩–૧૦–૬ ધી બેંક ઓફ ઇંડીયાના ચાલુ ખાતે જમા
૧૭૬૩–૧૦–૬ વધારે આ સાલમાં આવ્યા તે
૬૧૪૧—૬–૭ શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ ખાતે જમા
૨૩૭—૩–૫ ૩. ૭૫૦૦)ની નોટના વ્યાજના
૨૭૫—૦–૦ બેંક ઓફ ઇંડીયાના ફીક્સ ડીપોઝીટના વ્યાજના
૫૬૨૯—૩–૨ શ્રી સુકૃત ભંડારફંડના વધારાના અર્ધભાગના

૬૧૪૧–૬–૭

૧૪૮૦–૧૦–૯ શ્રી જૈનયુગ ખાતે જમા
૧૨૯૬–૧૦–૯ લવાજમના તથા પરચુરણ વેચાણના આવ્યા
૧૮૪—૦–૦ જાહેરખબરના આવ્યા

૧૪૮૦–૧૦–૯

૩૧–૧–૧૦ ઉપદેશક ગુલાબચંદ શામજી કોરડીયા ખાતે જમે
૩૧–૧–૧૦ લેણા હતા તે આવ્યા
૬૩—૧૦–૬ શ્રી પુસ્તક વેચાણ ખાતે જમા
૬૩–૧૦–૬ પુસ્તકોના વેચાણના આવ્યા તે
૧૫૮—૦–૮ શ્રી પુસ્તકોદ્ધારા ફંડ ખાતે જમા
૧૫૮—૦–૮ શ્રી વ્યાજના આવ્યા
૪—૦–૦ શ્રી સાતક્ષેત્ર ખાતે જમા
૪૦૦—૦–૦ ધી ડાયમંડ જ્યુબીલી પ્રિ. પ્રેસ ખાતે જમા
૪૦૦—૦–૦ બા. જે. ગઇ સાલ આખર લેણા હતા તે આવ્યા

૫૬૨૯–૩–૨ કોન્ફરન્સ નિભાવ ફંડ ખાતે
૫૬૨૯–૩–૨ શ્રીં જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ ખાતે

૧૫૪૫૭–૧૪–૩

૩૫૨૯–૫–૮॥ શ્રી કૉન્ફરન્સ નિભાવફંડ ખાતે ઉ.
૨૧૨૮—૩–૪ પગાર ખર્ચના
૪૩૦—૮–૦ મકાન ખર્ચના
૧૧૧–૧૧–૬ શ્રી પોસ્ટ તાર ખર્ચના
૧૨૨–૧૧–૬ વીજળી ફીટીંગ તથા બીલ
૫૭—૧–૬ પેપર લવાજમના
૩૦૫–૩–૧॥ સ્ટેશનરી પ્રીન્ટીંગ
૩૫–૧૧–૯ ટ્રામગાડી ભાડાના
૧૦૯–૧૪–૬ શ્રી પરચુરણ ખર્ચ ખાતે
૮—૭–૦ રેલવે પારસલ વીગેરેના
૨૧૯–૧૩–૬ જુદા જુદા વિદ્વાનોને યુરોપમાં પુસ્તકો મોકલ્યા તેના ટપાલ ખર્ચના

૩૫૨૯–૫–૮॥

૩૮૭૬—૦–૦ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ ખાતે ઉધાર
૩૮૭૬—૦–૦ જુદા જુદા વખતે પાઠશાળાઓને મદદ આપવા તથા સ્કોલરશીપો આપવા વિગેરે માટે સાલ દરમિયાન આપ્યા
૨૦૧—૦–૦ શ્રી જૈન સ્વયંસેવક મંડળના ચાંદ ખાતે ઉધાર
૧૯૭—૪–૯ મંડળને ચાંદ આપતા ચાંદના ખર્ચના
૩–૧૧–૩ કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતે લઇ ગયા તે

૨૦૧—૦–૦

૩૪૫૯—૨–૫ શ્રી જૈનયુગ ખાતે ઉધાર
૭૩—૪–૬ સ્ટેશનરી પ્રીન્ટીંગ ખર્ચના

૩૬૧—૭–૦ શ્રી બીજી કૉન્ફરન્સ રિસેપ્શન કમિટિ ખાતે જમા
૩૬૧—૭–૦ સાલ દરમિયાન વ્યાજના આવ્યા તે
૯૭—૮–૬ શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ ખાતે જમા
૯૭—૮–૬ શ્રી વ્યાજના આવ્યા તે
૪૦૦૦૦—૦–૦ શ્રી મહાવીર જૈન વિદ્યાલય ખાતે જમા
૪૦૦૦૦—૦–૦ ગઇ સાલના લેણા હતા તે આ સાલમાં આવ્યા
૩૦૧૬–૧૪–૩ શ્રી બનારસ હિંદુ યુનીવર્સીટી જૈન ચેર આદિ મદદફંડ ખાતે જમા
૨૫૪૪–૧૯–૬ શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી વ્યાજના આવ્યા વ. ૧ દિ. ૨૨ના ટકા ૬ લેખે
૪૭૨—૮–૯ બીજા વ્યાજના આવ્યા તે

૩૦૧૬–૧૪–૩

૭૫૦૦—૦–૦ શ્રી સાડાત્રણ ટકાની લોન ખાતે જ.
૫૩૫૦—૦–૦ બા. જે. રૂ. ૭૫૦૦)ના નોટો વેચતાં (શ્રી પુસ્તકોદ્ધાર ફંડ ખાતાની) ઉપજ્યાં તે
૨૧૫૦—૦–૦ બા. જે પ્રથમ આ નોટો બીજી નોટો સાથે દર રૂ. ૯૮–૧૨–૦ લેખે તા. ૨–૫–૧૯૦૫ લેવાઇ તેના હિસાબે રા. ૭૪૦૬–૪–૦ પડયા તથા તેની ફેસવેલ્યુ રૂ. ૭૫૦૦)ના હિસાબે અત્યાર સુધી રહેલી તેના ચાલુ સાલમાં જૈનગુર્જર કવિઓની છપાઇ વીગેરે માટે વેચતા નીચેના હિસાબે આવ્યા.
૩૪૨૮)ૐ રા. ૫૦૦૦ ની નોટો દર રા. ૬૮।। લેખે તા. ૨૩–૧૨–૨૫
૧૯૨૧।।।ૐ રા. ૨૫૦૦) ની નોટ દર રા. ૭૬।।।ૐ લેખે તા. ૬–૧૦–૨૬

૨૬૯૦–૧૦–૬ સં. ૧૯૮૨ના મહા સુધી પ્રત ૨૦૦૦ તથા શ્રાવણ સુધી પ્રત ૧૦૦૦ ની છપાઇ તથા કાગળના
૪૦૫—૧–૯ વી. પી. પોસ્ટેજ વિગેરેના
૧૪૦—૩–૨ શ્રી પગાર ખર્ચના
૩૦—૫–૦ શ્રી પરચુરણ ખર્ચના
૧૧૯—૯–૬ રેલ્વેનુર માસિક તથા કાગળની ગાંસડીઓના

૩૪૫૯–૨–૫

૧૨૩—૫–૧ શ્રી અંગત લેણા ખાતે ઉધાર
૨૦–૧૫–૬ ઉપદેશક વાડીલાલ સાંકળચંદ ખાતે ઉધાર
૩૮–૧૫–૭ ઉપદેશક પુંજલાલ પ્રેમચંદ ખાતે ઉધાર
૨–૧૨–૦ શ્રી જૈનધર્મ પ્રસારક સભા ભાવનગર ખાતે
૬૦–૧૦–૦ શેઠ મકનજી જુઠાભાઇ મ્હેતા

૧૨૩–૫–૧

૨૦૮૫–૧૧–૧ શ્રી ખાતે લેણા
૧૧–૫–૧૦ શ્રી ખાસ અધિવેશન ખાતે
૨૬૪—૯–૦ ડેડસ્ટોક ફરનીચર ખાતે
૧૭૭૯–૧૨–૩ શ્રી જૈન ગુર્જર કવિઓ ખાતે કોપી ૧૦૦૦) ની છપાઇ વીગેરેના ખર્ચના થયા તે

૨૦૮૫–૧૧–૧

૨૩૧—૫–૬ શ્રીપુસ્તકોદ્ધાર ફંડ ખાતે ઉધાર
૧૯૧—૫–૬ પુસ્તકો વીગેરે ખરીદ્યાં તેનાં તથા નોટો વેચતાં ઇમ્પીરીયલ બેંકના કમિશનના.
૨૧૫૦—૦–૦ રા. ૭૫૦૦)ની આ ખાતાની નોટો જૈન ગુર્જર કવીઓની છપામણી ખર્ચ વીગેરે માટે વેચતાં પડતર કિંમત કરતાં ઓછા ઉપજ્યાં તેના શ્રી સાડા

તેના રૂા. ૫૩૫૦) ઉપજ્યા તે ખાતાના હિસાબે તુટતા ઉપર મુજબ રૂા. ૨૧૫૦) થયા તે શ્રી પુસ્તકોદ્ધાર ફંડ ખાતે ઉધારીને આ ખાતે જમા કીધા.

૫૧૦—૦-૦ શ્રી નવજીવન પ્રેસ ખાતે જમા
૫૧૦—૦-૦ લેણા હતા તે આવ્યા
૪૮૦-૧૩-૯ શ્રીકૃષ્ણ પેપર માર્ટ ખાતે જમા
૪૮૦-૧૩-૯ લેણા હતા તે આવ્યા.
૧૧-૧૨-૦ શેઠ મૂળચંદ આશારામ ઝવેરી ખાતે જમા
૧૧-૧૨-૦ બા. જે તેમના તરફથી સાલ આખરે હિસાબ આવતાં દેવા રહ્યાં તે.
૬૨૬૭—૦-૦ શ્રીશત્રુંજય પ્રચાર કાર્ય ફંડ ખાતે જમા
૬૨૬૭—૦-૦ બા. જે શ્રી ખાસ અધિવેશન વખતે થએલા ફંડના સાલ દરમિયાન વસુલ આવ્યાં તે.
૧૦૦—૦-૦ શ્રી સ્વયંસેવક મંડળો ખાતે જમા
૧૦૦—૦-૦ બા. જે. જુદા જુદા મંડળોને વેંચી આપવા માટે ખાસ અધિવેશન વખતે શેઠ રવજી સોજપાલે લીધેલાં તે.

૯૦૯૪૬-૧૨-૩॥

ત્રણ ટકાની નોટ ખાતે જમા કર્યા તે.

૨૩૪૧—૫-૬
૭—૨-૦ શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ ખાતે ઉધાર
૭—૨-૦ બા. જે. સ્કોલરશીપ આપવા જાહેરખબર આપી તેના
૫૭૧૮૪—૪-૭ સીક્યુરીટીઓ વિગેરે ખાતે ઉધાર
૨૫૦૦—૦-૦ સાલ દરમિયાન બેંક ઓફ ઇંડીયામાં ફીક્સ ડીપોઝીટ ખાતામાં વધાર્યા તે.
૫૦૦૦—૦-૦ ધી ઈંદોર માળવા મીલ્સની ફીક્સ ડીપોઝીટ ખાતે
૪૯૬૮૪—૪-૭ સાડા ત્રણ ટકાની લોન ખરીદી તે ।। વિગત સીક્યુરીટી લિસ્ટમાં છે.

૫૭૧૮૪—૪-૭
૩૮૯—૭-૩ ધી ઇમ્પીરીયલ બેંક ઓફ ઇંડીયા ખાતે ઉધાર
૩૮૯—૭-૩ ચાલુ ખાતામાં લેણા રહ્યા તે
૧૬૬૨—૮-૦ શ્રીશત્રુંજય પ્રચાર કાર્ય ખાતે ઉધાર
૧૩૧૨—૮-૦ સભ્યોના પ્રવાસ ખર્ચના
૨૦૦—૦-૦ શેઠ મણીલાલ કોઠારી ખાતે
૧૫૦—૦-૦ શેઠ પોપટલાલ રામચંદ ખાતે

૧૬૬૨—૮-૦
૬૨૯-૧૦-૫ શ્રી પુરાંત જણસે
૪૮૮—૦-૦ શા. મોહનલાલ ખી. ઝવેરી પાસે સેક્રેટરી તરીકે
૧૪૧-૧૦-૫ ઑફિસમાં રોકડ

૬૨૯-૧૦-૫

૯૦૯૪૬-૧૨-૩॥

સીકયુરીટીઓનું લીસ્ટ.

૨૦૫૦૦—૦—૦ ધી ઇમ્પીરીયલ બેંક ઑફ ઇન્ડીઆની સેફ કસ્ટડી ડીપોઝીટમાં રહેલી સીકયુરીટીઓની નોંધ–ચાર નામની મકનજી જે. મ્હેતા, મોતીચંદ ગિ. કાપડીઆ, ગુલાબચંદ ઢઢા અને દેવકરણ મૂળજી, ૨. નં. ૪૭૦૭–૬/૧૬૦૨ તા. ૨૭ જુલાઈ ૧૯૨૬

૩૦૦૦) ત્રણ ટકાની લોન ૧૮૯૬–૯૭ ટુકડા ૩ દર રૂા. ૧૦૦૦) ના નં. બી. ઓ. ૧૦૧૬૦/૬૨. આ નોટો શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશીપ માટે સંસ્થાને ખરીદીને આપવામાં આવી છે.

૭૫૦૦) સાડા ત્રણ ટકાની લોન ૧૯૦૦–૦–૧ ની ફેસવેલ્યુ રૂા. ૭૫૦૦)ની ખરીદી દર રૂા. ૯૮।।। લેખે. ૨–૫ ૦૫ માં

૫૦૦) કટકો ૧ નં. બી. ૧૩૯૩૨૭

૨૦૦૦) કટકા ૨ નં. બી. ૧૩૯૩૨૮/૨૯ દરેક રૂા. ૧૦૦૦) ના.

૫૦૦૦) કટકો ૧ નં. ૨૨૫૫૧૦ નો.

૧૦૦૦૦) સીટી ઇમ્પ્રુવમેંટ ટ્રસ્ટ બૉંડ ટુકડા ૬ નીચેની વિગતે ફેસવેલ્યુ રૂા. ૧૦૦૦૦) ની.

૪૦૦૦) ટુકડા ૪ દર રૂા. ૧૦૦૦) ના નં. ૨૩૦૭ થી ૧૦ ટકા ૪ ની ૧૯૦૨.....૧૯૬૨

૬૦૦૦) નીચે મુજબ ૧૦૦૦) ટુકડો ૧ નં. ૬૩૫૬ } લોન ૫૦૦૦) ટુકડો ૧ નં. ૬૩૫૭ } ૧૯૦૩.....૬૩

૨૦૫૦૦—૦—૦

૧૨૫૦૦—૦—૦ ધી બેંક ઑફ ઇન્ડીઆની ફીક્સ્ડ ડીપોઝીટ રસીદ નંગ બે

૫૦૦૦) રસીદ નં. ૧ નંબર ૧૯/૪૧૧૪ ટકા ૫ લેખેની પાકતી તા. ૨૫–૧૧–૨૬

૭૫૦૦) રસીદ ૧ નં. ૨૦/૫૧૩ ટકા ૫ લેખેની પાકતી તા. ૧૨–૨–૨૭

૧૨૫૦૦)

૫૦૦૦—૦—૦ ધી ઈંદોર માલવા મિલ્સ ફીક્સ્ડ ડિપોઝીટ ૨. નં. ૧૪૩ ટકા ૬ લેખે પાકતી તા. ૧૨–૨–૨૭

૪૯૬૮૪—૪–૭ સાડા ત્રણ ટકાની જૂદી નોટો નીચેની વિગતે

૫૧૦૦૦) રૂા. એકાવન હજારની ફેસવેલ્યુની ખરીદ કી. ૭૭।–।।

૧૦૦૦) ટુકડો ૧ નં. ૧૨૯૮૨૭ સં. ૧૯૦૦–૦૧

૨૫૦૦૦) ટુકડો ૧ નં. B ૦ ૭૪૬૩૪ B ૧૦૦૪૪૦/૧૮૫૪–૫૫

૨૫૦૦૦) ટુકડો ૧ નં. ૭૪૬૩૪ નં. બી. ૧૦૪૪૧/૧૮૫૪–૫૫

૧૨૫૦૦) રૂા. સાડાબાર હજારની ફેસવેલ્યુના ખરીદ કીંમત દર રૂા. ૭૭।। લેખે.

૧૦૦૦૦) ટુકડો ૧ નં. B ૧૨૪૬૧૮

૧૦૦૦) ટુકડો ૧ નં. B ૧૦૩૪૬૩

૧૦૦૦) ટુકડો ૧ નં. B ૧૨૪૬૦૭

૫૦૦) ટુકડો ૧ નં. B ૯૯૭૫૬

આ નોટો રા. શેઠ એમ. જે. મ્હેતા, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆના નામપરની ગમે તે એની સહીથી નાણાં મલે તે મુજબ છે.

Correct,
Sd/. N. B. Shah
Hon-Auditor 13-3-27

૧૨ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનું સંવત ૧૯૮૨ ની સાલનું સરવાયું.

જ		ઉ	
૧૮૧૬૯—૩-૩	બોર્ડ ખાતે જમા	૧૭૨૦૪—૦-૬	શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ખાતે
		૨૫૦—૦-૦	મી. ભોગીલાલ તારાચંદ પાસે લોનના
		૫૦૦—૦-૦	મી. ચીમનલાલ નાનચંદ ખાતે લોનનાં
		૧૭૯૫૪—૦-૬	
		૨૧૫—૨-૯	શ્રી શીલીક
		૧૮૧૬૯—૩-૩	

મેળ તથા ખાતાવહી તપાસતાં હીસાબ બરાબર જણાય છે વાઉચરો મેં તપાસ્યાં છે.
લહેરચંદ ચુનીલાલ કોટવાલા.
ઓ. ઓડીટર
તા. ૪-૩-૧૭

૧૩ એજ્યુકેશન બોર્ડનો સંવત ૧૯૮૨ નો આવક જાવકનો હીસાબ.

જ		ઉ	
૬૫-૧૧-૯	ગઇ સાલની રોકડ શિલીક	૧૧૬૫—૮-૦	સ્કોલરશીપના વિદ્યાર્થીઓને આપ્યા.
૧૪૦—૦-૦	વાર્ષીક સભાસદનાં લવાજમના આવ્યા	૬૬૯-૧૪-૦	પાઠશાળાઓને મદદના આપ્યા
૫૧૨—૩-૫	વ્યાજના. રા. ૭૫૦૦ ની લોન તથા રા. ૫૦૦૦ ની પ્રીન્સ ડીપોઝીટનાં	૮૧૭—૪-૦	ધાર્મીક પરીક્ષામાં ઇનામના આપ્યા
		૫૦૦—૦-૦	મી. ચીમનલાલ નાનચંદને લોન તરીકે આપ્યા
૫૬૨૯—૩-૨	સુકૃત ભંડાર ફંડના ભાગના કોન્ફરન્સ તરફથી આવ્યા તે.	૩૯૦—૦-૦	શ્રી પગાર ખરચ ખાતે
		૪૭—૪-૦	શ્રી પરચુરણ ખર્ચનાં
		૪૭-૧૧-૦	શ્રી પોષ્ટ ખર્ચનાં
		૧૬૫—૦-૦	પ્રીન્ટીંગ ખરચનાં
		૬૪—૦-૦	જાહેરખબર ખાતે ખર્ચનાં
૬૩૪૭—૨-૪		૨૨૬૫—૬-૭	કોન્ફરન્સ ખાતે
		૬૧૩૧-૧૫—૭	
		૨૧૫—૨-૯	શ્રી જણશ ખાતે રોકડા
		૬૩૪૭—૨-૪	

મેળ તથા ખાતાવહી તપાસતાં હીસાબ બરાબર જણાય છે વાઉચરો મેં તપાસ્યાં છે.
લહેરચંદ ચુનીલાલ કોટવાલ.
ઓ. ઓડીટર
તા. ૪-૪-૨૭

૧૪ આવતું અધિવેશન

આ કૉન્ફરન્સનું તેરમુ સામાન્ય અધિવેશન મારવાડમાં સોજત મુકામે મળવા માટે ખાસ અધિવેશનની બેઠક વેળાએ સોજત તરફથી રા. શ્રીયુત હીરાલાલ સુરાણાએ આમંત્રણ આપ્યું હતું જે સ્વીકારવામાં આવ્યું હતું. આ અધિવેશન માટે પ્રાથમિક કેટલોક ઉહાપોહ થયો હતો અને તે અધિવેશન અંગે સોજત જેવા સ્થળે કેટલીક સગવડોની ખાસ જરૂરીઆત અમને માલૂમ પડી હતી. આ ઉપરથી જોધપુરના નામદાર મહારાજા સાહેબને અત્રેથી એક રેપ્રીઝેન્ટેશન તા. ૧૭ મી જાન્યુઆરી ૧૯૨૭ ના દિને મોકલવામાં આવ્યું હતું. જેમાં કેટલીએક જરૂરીઆતો પૂરી પાડવા માટે તે નામદારને વિનંતિ કરવામાં આવી હતી. ઉક્ત રેપ્રીઝેન્ટેશનનો જવાબ ધાર્યા કરતાં ઘણો મોડો એટલે કે ગઇ તા. ૧-૪-૨૭ ના નં. ૬૫૫ નો આ સંસ્થાને તા. ૩-૪-૨૭ ના રોજ મલ્યો છે. જેમાં નામદાર મહારાજા સાહેબે લગભગ બધી માંગણીઓ સ્વીકારી છે તે બદલ તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે. જણાવવામાં આવેલા ઉક્ત પ્રત્યુતરમાં સોજત સ્ટેશનથી સોજત ગામ જે આશરે ૬-૭ માઇલ દૂર છે તે વચ્ચેનો રસ્તો ખરાબ થઇ ગએલો હોવાથી તેનું સમારકામ જોકે ઝડપથી પૂરૂં કરવા તાકીદ આપવામાં આવી છે તો પણ તે મે માસ કરતાં વહેલું પૂરૂં થવા સંભવ નથી એમ જણાવવામાં આવે છે.

અધિવેશનનું સ્થળ મારવાડમાં હોઈ ચાલુ ગરમીની મોસમ ધ્યાનીજ મુશ્કેલી વાળી ગણાય સિવાયકે પ્રથમ ઇસ્ટરના દિવસો નક્કી કરવામાં આવ્યા હતા તે સમયે બેઠકો મળે જે બનવું અસંભવિત થઇ પડયું છે. ગરમીની ઋતુ મારવાડની બેઠકને માટે તદન અસહ્ય ગણાય તેમજ ચોમાસું એ બહારગામથી આખા હિંદમાંથી આવનાર ડેલીગેટો વગેરેને મુશ્કેલી વાળું હોઇ સાધારણ અધિવેશન માટે તે સમય અયોગ્ય અને મુશ્કેલીઓ વાળો ગણાય જેથી આ આધવેશન ઇસ્ટરના તહેવારોને બદલે દીવાલી આસપાસ કોઇપણ સમયે યાતો ક્રીસ્ટમસમાં અનુકુળ દિવસોએ ભરવા પર મુલતવી રાખવા ફરજ પડી છે.

From Rao Raja Narpat Singh Private Secretary to His Highness the Maharaja Sahib Bahadur of Jodhpur.

To The Resident General Secretary Shri Jain Swetamber Conference, 20 Pydhoni, Bombay 3.

No. 655 Dated Jodhpur, the 1-4-1927.

Sir,

With reference to your letter No. 485 dated the 17th January, 1927 forwarding a representation to His Highness I am directed to say that it was laid before His Highness who appreciate the Committee's decision to hold the next Session of Shri Jain Swetamber Conference at Sojat (Marwar) during April 1927.

His Highness, while thanking the Committee, for their kind invitation to inagurate the Session, desires me to express his inability to attend.

His Highness has, however, been pleased to consider your other requests favourably, and has directed me to reply as under:-

1. That the Inspector General of Police has been asked to make necessary. police arrangements.
2. That as regards the Road from Sojat Road Station to Sojat City, the work is in progress, but it will not be possible to get it finished before sometime in May. His Highness has however been pleased to grant permission to all and sundry to ply motor vehicles on hire during the fixed period covering the meeting of the Conference.
3. Regarding the Customs Inspection, His Highness has been pleased to dispense with customs examination of persons attending the Conference, if a proper guarantee is forthcoming on a printed declaration that no arti-

cles will be sold in Marwar and any person found violating this will submit to the penalties in force in Marwar for infringement of the Customs Regulations.

4. The Principal Medical Officer has been asked to depute a Sub-Assistant Surgeon to look after Sanitary measures.

5. Regarding the grant of Dal Badal His Highness regrets his inability to accede to your request, but the Superintendent Farrash Khana has been instructed to lend you such tents and *Kanats* as could be made available; you will therefore please approach the Superintendent Farrash Khana for your requirements.

Yours faithfully,
Sd/- **Narpat Singh,**
Private Secretary to
H. H. The Maharajah Sahib
Bahadoor of Jodhpur.

મુજબ જવાબ આપવા મ્હને ફરમાવવામાં આવ્યું છે કે,

૧. પોલીસ ખાતાના વડાને ઘટતું પોલીસ સંરક્ષણ આપવા જણાવવામાં આવ્યું છે.

૨. સોજત સ્ટેશનથી સોજત શહેર સુધીના રસ્તા સંબંધે (જણાવવાનું કે) કામ ચાલુ છે પણ મે માસની કોઇપણ તારીખ પહેલાં તે સંપૂર્ણ થવા સંભવ નથી તો પણ કૉન્ફરન્સના અધિવેશનના નિર્ણિત સમય દરમિયાન ભાડાની દરેકે દરેકને મોટરો દોડાવવા પરવાનગી આપવામાં આવે છે.

૩. કસ્ટમ (જકાત) તપાસણી સંબંધે-મારવાડમાં કોઇપણ વસ્તુઓ વેચવામાં આવશે નહિં અને જો કોઇપણ વ્યકિત આનો ભંગ કરે તો જકાતના નિયમો તોડવા માટે જે સજા મારવાડમાં અમલમાં હોય તે સહન કરવા પૂરતી છાપેલાં સોગંદનામા-પર ધટતી ગેરંટી અપાય તો જકાતની તપાસ બંધ કરવામાં આવશે. (કૉન્ફરન્સમાં ભાગ લેવા આવનાર ગૃહસ્થો માટે.)

૪. આરોગ્ય સંરક્ષણ સંબંધે સંભાળ રાખવા માટે એક સબએસીસ્ટંટ સરજનની ગોઠવણ કરવા આરોગ્ય ખાતાના વડાને જણાવવામાં આવ્યું છે.

૫. દલ બાદલ વાપરવા આપવા માટે તમારી માંગણી ન સ્વીકારી શકવા બદલ નામદાર મહારાજા સાહેબ દિલગિર છે. પણ જે તંબુઓ અને કનાતો મલી શકે તેમ હોય તે વાપરવા આપવા ફરાસ ખાનાના અધ્યક્ષને જણાવવામાં આવ્યું છે જેથી તમારી જરૂરીઆતો સંબંધે ફરાશખાનાના અધ્યક્ષને મહેરબાની કરી જણાવવું.

તમારો વિશ્વાસુ.
(સહી અંગ્રેજીમાં) **નરપતસિંધ.**
પ્રાઇવેટ સેક્રેટરી ટુ, એચ. એચ. ધી મહારાજા સાહેબ બહાદુર ઑફ જોધપુર.

(જોધપુરના નામદાર મહારાજા સાહેબના પ્રાઇવેટ સેક્રેટરીનો પત્ર) નં. ૬૫૫ તા. ૧-૪-૧૯૨૭

તમારા તા. ૧૭-૧-૨૭ ના નં. ૪૮૫ વાલા, નામદાર મહારાજા સાહેબ પરના પત્ર સાથેના પત્ર સંબંધે એમ લખી જણાવવા ફરમાવવામાં આવ્યું છે કે ઉકત પત્ર ના. મહારાજા સાહેબ હજુરમાં મુકતાં ૧૯૨૭ ના એપ્રિલમાં શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું **સોજત** (મારવાડ) માં આવતું અધિવેશન મેળવવા સંબંધે કમિટિના નિર્ણયની તેઓ નામદાર કદર બુજે છે.

આવતું અધિવેશન ખુલ્લું મુકવા સંબંધે તમારા માયાલુ આમંત્રણ માટે કમિટિનો આભાર માનતાં ઉકત અધિવેશન વખતે હાજરી આપવા અશકિત તમને જણાવવા ઇચ્છે છે.

છતાં તમારી બીજી માંગણીઓ સંબંધે તમને અનુકૂલ થાય તેવો નિર્ણય કરવા ખુશી થતાં નીચે

૧૫ મી. મુન્શીનાં લખાણો સામે વિરોધદર્શક સભા.

તા. ૧૮-૩-૨૭ શુક્રવારના રોજ રાત્રે મુ. ટા. ૭-૦ વાગતે શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હૉલમાં મી. કનૈયાલાલ માણેકલાલ મુન્શીના કેટલાંક વાંધા ભરેલાં લખાણો સંબંધે વિચાર કરી યોગ્ય

ઠરાવ કરવા જૈનોની એક જાહેર સભા મલી હતી. જે વખતે મ્હોટી સંખ્યામાં જૈનભાઇઓએ હાજરી આપી હતી. આ સભા શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ તથા માંગરોળ જૈન સભાના આશ્રય હેઠળ બોલાવવામાં આવી હતી. શરૂઆતમાં સંસ્થાના રેસીડેન્ટ જનરલ સેક્રેટરી મી. મકનજી જે. મ્હેતાએ સભા બોલાવવાનો ઉદ્દેશ સમજાવ્યો હતો અને આ સભાનું પ્રમુખસ્થાન લેવા રા. શેઠ છોટાલાલ પ્રેમજીને વિનંતિ કરી હતી. આ દરખાસ્તને ટેકો મલતાં પ્રમુખશ્રીએ ટુંક વિવેચન કરતાં જૈનોની લાગણી આ લખાણોથી કેવી દુઃખાઇ હતી તે સમજાવ્યું હતું. પોતાના વિચારો સૌએ જણાવવા હરકત નથી પરંતુ અંગત ટીકામાં ન ઉતરવા ભલામણ કરી હતી. ત્યારબાદ મી. મુન્શીકૃત પુસ્તકો સંબંધે વિચાર કરી રિપોર્ટ કરવા માટે કૉન્ફરન્સે નીમેલી તા. ૨૯-૮-૨૬ ની પેટા સમિતિનો રિપોર્ટ તથા મી. મુન્શી સાથે થએલ પત્રવ્યવહાર રજુ કર્યો હતો. બાદ જે ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા તે આ સાથે આપવામાં આવ્યા છે. આ પ્રસંગે જૂદા જૂદા વક્તાઓએ પોતાની લાગણી-જુસ્સો અને શું કરવું જોઇએ વગેરે બાબતો પર પોતાના વિચારો જણાવ્યા હતા. આ બોલનારાઓ પૈકી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી, લલ્લુભાઇ કરમચંદ દલાલ, ઓધવજી ધનજી, મોહોલાલ મગનલાલ ઝવેરી, મોહનલાલ દલીચંદ દેશાઇ, વીરચંદ પાનાચંદ શાહ, ડૉ. મોહનલાલ હેમચંદ વગેરે ભાઈઓએ મુન્શીના બધાં લખાણો સંબંધે ટુંકમાં પણ સ્પષ્ટ વિવેચનો કર્યા હતાં. ઠરાવો પસાર થયા અને પ્રમુખશ્રીએ ટુંક વિવેચન કર્યા પછી તેમનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

૧૬ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિનો રિપોર્ટ.

શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિના સેક્રેટરી શ્રીયુત બાબુકીર્તિપ્રસાદજી તરફથી ઉક્ત સમિતિના કામકાજનો રિપોર્ટ તેમના તા. ૧૨-૪-૨૭ ના પત્ર સાથે અમને મોકલવામાં આવ્યો છે તે આ નીચે જાહેર જાણ માટે પ્રકટ કરીએ છીએ.

બાબુ કીર્તિપ્રસાદજી.

તા. ૨૬ જાન્યુઆરીથી પંજાબમાં પ્રવાસ શરૂ કર્યો. અમૃતસર, જંડીઆલાગુરૂ કસૂર, પટ્ટી, જલંધર અને હોશીઆરપુર આ બધી જગ્યાઓએ સભાઓ થઇ જ્યાં જ્યાં બની શકયું ત્યાં સ્થાનકવાસી ભાઇઓને પણ સાથે મેળવ્યા અને શત્રુંજય તીર્થ સંબંધી આવશ્યક બાબતો સમજાવી-યાત્રાત્યાગ કાયમ રાખવા પંજાબનાં ગામેગામમાં પૂરી મક્કમતા છે. સ્વયંસેવક મંડળ (અંબાલા) પોતાનું કામ કરી રહ્યું છે. એપ્રિલની પહેલી તારીખે પંજાબ ભરમાં ખૂબ તપશ્ચર્યા થઇ છે અને હરેક જગ્યાઓએ સભાઓ થઇ છે. પેઢી તરફથી આવેલ હિંદી સાહિત્યનો પ્રચાર કર્યો. પ્રચાર કાર્ય સમિતિની મીટીંગ જયપુર બોલાવવાની હતી એ ત્રણ સભ્યો આવી શકે તેમ ન હોવાથી મુલ્તવી રહી.

શ્રીયુત મણીલાલ કોઠારી.

દક્ષિણમાં ગએલા અને ત્યાં જગ્યાએ જગ્યાએ સભાઓ કરીને શત્રુંજયની લડતનું રહસ્ય સમજાવ્યું. એ સભાઓનો હેવાલ પત્રોમાં વખતો વખત આવતો રહ્યો છે.

શ્રીયુત હીરાલાલ મુરાણા.

દક્ષિણમાં લાંબી સફર કરીને છેવટે બેલગામમાં શ્વેતાંબર દિગંબર ભાઇઓની મોટી સભા કરીને સોજત આવ્યા છે. ત્યાંથી જયપુર-જોધપુર વગેરે જગ્યાએ જઇ આવ્યા. કૉન્ફરન્સની બેઠક માટે તેઓ પ્રયાસ કરી રહ્યા છે. અને આસપાસ પ્રચાર કરી રહ્યા છે. તા. ૨૫-૨-૨૭ થી નવ ઉપવાસ કર્યા તેથી મુસાફરીમાં જઇ શકયા નથી. આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરિજી સોજત આવવાના હોવાથી તેમના આવી ગયા પછી આગળ પ્રવાસ શરૂ કરવા ધારે છે.

બાબુ દયાલચંદજી જોહરી.

નાદુરસ્ત તબીયતના લીધે તેઓ પ્રવાસ કરી શકયા નથી. બનારસ અને લખનૌમાં સભાઓ કરી હતી.

ભાઇ પોપટલાલ.

દક્ષિણમાં પ્રચાર કરી રહ્યા છે. ત્યાંના શેહરો અને ગામોમાં પ્રસંગોપાત પ્રવાસ કરે છે અને તેના

સવિસ્તર સમાચાર શ્રી મહારાષ્ટ્રીય જૈનમાં આવતા રહે છે.

રા. મણીલાલ ખુશાલચંદ.

તેઓશ્રી બે મહિનાથી કચ્છ પ્રાંતમાં ગામેગામ ઘૂમી રહ્યા છે. બાદરગઢ, સઈ, રાપર, જેસડા, ધમડકા, કંથકોટ, કાનમેર, પલોસ, આડેસર, ફતેહગઢ, બેલા અને એવા નાનાં નાનાં ઘણાંએ ગામોને તેઓ પહોંચી વળ્યા છે. ગામડાંઓમાં જઈને ત્યાં શત્રુંજય સંબંધી વ્યાખ્યાનો આપવા ઉપરાંત ત્યાંની પરિસ્થિતીના પ્રમાણમાં લોકોની સ્થિતિ સુધારવાના પ્રયાસો પણ કરી રહ્યા છે.

કૉન્ફરન્સની ડીરેક્ટરીનાં ફૉર્મ ભરાવે છે. જ્યાએ જગ્યાએ શાળા પાઠશાળા ખોલાવવાના પ્રયાસો કરે છે અને મુસાફરીનો અવિશ્રાન્ત શ્રમ સેવી રહ્યા છે. કચ્છપ્રાન્ત પૂરો કરીને તેઓ વઢીઆર થઈને જુનાગઢ સંઘ આવવાના પ્રસંગે ત્યાં પહોંચવા ધારે છે.

શ્રીયુત લાલા બાબુરામજી જૈન.

એમ. એ. એલ. એલ. બી. પ્લીડર ફાઝલ્કા વાળા શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબના તરફથી ચુંટાઇને આવ્યા છે. તેઓશ્રીએ શત્રુંજય સંબંધી ઉર્દુમાં ટ્રેક્ટ તૈયાર કર્યું છે જે થોડા વખતમાં બહાર પડશે. વડી ધારાસભામાં ઠરાવ આવવાનો હતો ત્યારે તેઓશ્રી રા. હાજીને મલ્યા હતા અને હિંદુ મહાસભાના સભ્યોને મલીને શત્રુંજય સંબંધી હિલચાલ કરવા પ્રયાસ કર્યો હતો.

૧૭ ખાસ અધિવેશનના પ્રમુખ મહાશયની સખાવતો.

ગયા જુલાઇ ઑગસ્ટમાં મળેલાં ખાસ અધિવેશન વખતે ઉક્ત અધિવેશનના પ્રમુખ મહાશય શ્રીયુત બહાદુરસિંહજી સિંધી તરફથી જે સખાવતોની રકમ જાહેર કરવામાં આવી હતી તે સખાવતોની રકમ નીચેની વીગતે અમોને તેઓશ્રી તરફથી મોકલવામાં આવી છે.

રૂ. ૨૫૦૧) શ્રી સુકૃત ભંડારફંડમાં, રૂ. ૧૫૦૧) શ્રી શત્રુંજય પ્રચારકાર્ય ફંડમાં, રૂ. ૫૦૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય, રૂ. ૨૫૧) શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ, રૂ. ૨૦૧) શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા. રૂ. ૨૫૧) શ્રી મુંબઇ જીવદયા મંડળી, રૂ. ૨૫૧) શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રચારક મંડળ, તથા કચ્છી સ્વયંસેવક મંડળ અને યુવક સેવાસમાજ દરેકને રૂ. ૫૧) આ રીતે રકમો અમને મળી ચૂકી છે, અને ઉક્ત રકમ તે તે દરેક સંસ્થાને આપી દેવામાં આવી છે.

જૈન યુગ.

卐

" न चैतदेवं यत् तस्मात्–शुष्कतर्कग्रहो महान्
मिथ्याभिमान हेतुत्वात् त्याज्य एव मुमुक्षुभिः ॥१४५॥
ग्रहः सर्वत्र तत्त्वेन मुमुक्षूणामसंगतः ।
मुक्तौ धर्मा अपि प्रायस्त्यक्तव्याः किमनेन तत् ॥१४६॥

અર્થાત્—" મુમુક્ષુજનોએ તો એ શુષ્ક તર્કના પાશમાંથી છૂટવું જ જોઇએ–એતો મિથ્યાભિમાનનો હેતુ છે–એના એકના પાશમાંથી છૂટવાથી કાંઈ સરશે નહિ, કિંતુ એવા એવા બીજા માન્યતાના પાશો આખર છોડવા જ પડશે, તો પછી આ શુષ્ક તર્કને રાખીને શું કામ છે ?

—શ્રી હરિભદ્ર સૂરિકૃત યોગદૃષ્ટિ–સમુચ્ચય.

પુસ્તક ૨ અંક. ૯. વીરાત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩. વૈશાખ.

તંત્રીની નોંધ.

શ્રી કેશરીઆજી તીર્થ પ્રકરણ.

૧ શું શ્વેતાંબરીઓએ દિગંબર ભાઇઓને માર્યા?

ગત મેની ૬ ઠી તારીખે મુંબઇના પત્રમાં દિગંબરી ભાઇઓની જૈન તીર્થક્ષેત્ર કમિટીના મંત્રી શ્રીયુત ચુનીલાલ હેમચંદ જરીવાલા તરફથી જે પ્રગટ થયું તેનો સાર એ છે કે:—

'અમને ખબર મળી છે કે કેસરીઆનાથના મંદિરમાં ધ્વજા અને મુગટ મંડળની ક્રિયા વખતે **અહિંસાના ઉપાસકો ગણાતા શ્વેતાંબર જૈનોને હાથે** દિગંબર જૈનોને માર પડયો છે. તારથી ખબર મળી છે કે બધા દિગંબરોને **હકીમ** અને **શ્વેતાંબરીઓએ** ખુબ માર્યા છે. ૫ માણસો માર્યા ગયા છે. ૧૫ મરવાની અણીપર છે ને લગભગ ૧૫૦ ને સખત ઇજા થઇ છે.

આ ખબરથી અમને ઘણો ખેદ થયો. વસ્તુસ્થિતિ શું છે તે જ્યાંસુધી નિષ્પક્ષપાતપણે સત્ય સ્વરૂપમાં બહાર ન આવે ત્યાં સુધી આ ખબર ઉપર વિચાર થઇ ન શકે; પણ હૃદયને આઘાત તો થયોજ; છતાં આ ખબરમાં અત્યુક્તિ તો નથી ? એવો પ્રશ્ન તો હૃદયમાં ઉગ્યો.

આજ મંત્રી ૫ મી મેના પત્રથી આપણી કૉન્ફરન્સના જનરલ સેક્રેટરી પ્રત્યે જણાવે છે કે:—

" અમોને તાર એ રીતનો મળ્યો છે કે:—

'Digambaries seriously beaten by Lathis **by the Hakim with his Swetamber followers** causing death of 5 persons fifteen about to die. 150 seriously injured at the Dharajadand & Mukut Kundal ceremony very serious straggle.'

—પોતાના શ્વેતામ્બર અનુયાયીઓ–અનુચરો સહિત હકીમે ધ્વજદંડ અને મુકુટકુંડલ ક્રિયા વખતે લાઠીઓથી દિગંબરીઓને સખત માર્યા અને ૫ જણના મરણ નિપજાવ્યાં, ૧૫ મરવાની અણીપર છે અને ૧૫૦ સખત રીતે ઇજા પામેલ છે.

તેજ મંત્રી મી. જરીવાલા તા. ૬ ઠ્ઠી મેના પત્રથી વળી જણાવે છે કે:—

'હકીમે અને તેના શ્વેતાંબરી અનુયાયીઓએ બધા દિગંબરીઓને માર્યા. ૫ માણસ માર્યા, ૧૫ મરવાની અણીપર છે અને લગભગ ૧૫૦ **લાઠીથી** સખત ઘવાયા છે. ભારે કલહઃ આમ ૧ લીનો તાર છે. બીજીનો તાર પણ તેવોજ છે ને વિશેષમાં જણાવે છે કે શ્વેતાંબરીઓ હજુ હુમલાખોર–કજીઆ શોધતા (aggressive) છે ને ૬ઠી પર ક્રિયા કરવા માગે છે.' આ પરથી બારીક મામલો છે અને **શ્વેતાંબરીઓ અને મહારાણાના માણસોનું** અમાનુષિક વર્ત્તન છે તે તમો જોઈ શકશો. આશા રાખીએ છીએ કે આ તુરતજ તમો બંધ કરાવશો અને તમે શું કરવા માગો છો તે જણાવશો.

તા. ૮ મી એ દિગંબરી ભાઇઓની સભા મુંબઇમાં ભરાય છે ને તેમાં એક નજરે જોનાર ભાઇ જણાવે છે કે:—

"દિગંબરીઓની જાણ બહાર ખાનગી રીતે કેટલાક શ્વેતાંબરીઓની ખટપટથી ધ્વજદંડ ચડાવવાની તજવીજ થઈ ચુકી એવી ખબર દિગંબરીઓને પડવાથી તેઓએ શ્રી કુમારસાહેબ પાસે તેમ નહીં થવા દેવા પ્રાર્થના કરી. તેમણે કંઇ પરવાનગી આપી નથી એમ જણાવવાથી તેઓ શ્રી મહારાજ પાસે ગયા. ત્યાંથી પણ જવાબ મળ્યો કે અમે તેમને ધ્વજ ચઢાવવાની કંઈપણ પરવાનગી આપી નથી, તે ઉપરથી સેંકડો દિગંબરીઓ વખત પહેલાં મંદિરમાં હાજર થઈ ગયા. શ્વેતાંબરીઓ તરફથી પોતાનો કાર્યક્રમ પૂરો કરવા માટે પુરતી તૈયારી હતી, કારણ તેમની સાથે રાજ્યના લશ્કરની તથા મોટા અમલદારોની હાજરી રાખવામાં આવી હતી. તેમાંના દેવસ્થાન હાકેમ તથા ખાસ હાકેમ બંને શ્વેતાંબરીઓજ છે. પછી ધાર્મિક ક્રિયાનો પ્રારંભ થતાં દિગંબરીઓના એક આગેવાન પંડિત ગિરધારીલાલજી ન્યાયાધીસે (?) શ્વેતાંબરીઓને તેમ કરતા અટકાવ્યા, અને તેઓ કોના હુકમથી આ ક્રિયા કરે છે તે જાણવા માગ્યું, કારણ (કે) તેમને તો અગાઉથી મહારાજ કુમાર તેમજ શ્રી મહારાજ પાસે પ્રાર્થના કરતા જણાવવામાં આવેલું કે તેમણે કોઇએ તેવી પરવાનગી શ્વેતાંબરીઓને આપેલી નથી. આ પ્રમાણેના દિગંબર ભાઇના આગ્રહને લીધે ત્યાં હાજર રહેલા ઓફિસરે બ્યુગલ ફુંકી લશ્કરને અગાઉથી મંદિરની ચારે આજુબાજુ કિલ્લેબંદીની પેઠે ગોઠવાયલું હતું તેને અંદર બોલાવ્યું અને તેણે **(લશ્કરે) મંદિરમાં દાખલ થતાંની સાથેજ તેનાં દ્વાર બંધ કરી દીધાં અને હુકમ મળતાંજ ત્યાં હોમની ક્રિયા કરવા માટે પડેલાં બળતણનાં લાકડાં વડે જમા થયેલા દિગંબરીઓને મારવા પરવા માંડયા અને જેના પરિણામે પાંચ માણસો** તો ત્યાંને ત્યાંજ રામશરણ થઇ ગયા અને દોઢસો બસો ભયંકર રીતે ઘાયલ થઇને પડયા છે. આ જોઇને તો તે વખતે શ્વેતાંબરીઓ બધી ક્રિયા બંધ રાખી (અ)ને સઘળા અમલદારો સાથે પલાયન કરી ગયા. જોકે પાછળથી બીજે દિવસે ચુપચાપ ધ્વજ ચડાવીને જાણે પોતાના પરાક્રમમાં મહાન્ વિજય મેળવ્યો હોય તેવો સંતોષ અને આનંદ માન્યો." મુંબઇસમાચાર તથા સાંજવર્તમાન તા. ૧૦–૫–૨૭

આ નજરે જોનાર દિગંબર ભાઈના કથનમાં ક્યાંય એમ આવતું નથી કે **બધા દિગંબરોને શ્વેતાંબરીઓએ** ખૂબ માર્યા છે. આમાં તો હાજર રહેલા ઓફિસરે લશ્કર બોલાવ્યું અને તે લશ્કરે બળતણનાં લાકડાંથી દિગંબરીઓને પૂરી માર્યા ને તેને પરિણામે મરણ વગેરે નિપજ્યું એમ જણાવ્યું છે. વળી શ્વેતાંબરીઓ સંબંધે તેઓ બધી ક્રિયા કરી સઘળા અમલદારો સાથે પલાયન કરી ગયા અને બીજે દિને ચુપચાપથી ધ્વજદંડ ક્રિયા તેમણે કરી એમ જણાવ્યું છે.

આમ છતાં જાહેર પત્રમાં **બધા દીગંબરોને** હકીમ **અને** શ્વેતાંબરીઓએ ખુબ માર્યા છે એમ પ્રકટ કરવામાં આવ્યું છે, અને વિશેષમાં ઉપરોક્ત સભામાં પણ અત્યુક્તિ ભરેલો એક એવો ઠરાવ કરવામાં આવે છે કે:—

'શ્રી કેસરીઆજીના દિગંબર જૈન મંદિરમાં **શ્વેતાંબરીઓએ** ધીરે ધીરે પોતાનો અધિકાર જમાવીને ધ્વજદંડ ચઢાવવા જેટલો દુરાગ્રહ કર્યો છે અને તેમાં પણ **ભયંકર હત્યાકાંડ કરીને કેટલાએ દિગંબર ભાઇઓની ઘોર અમાનુષિક રીતે હત્યા પણ કરી** છે તથા રાજકર્મચારીઓદ્વારા **દિગંબરોને બુરી તરેહથી પીડાવીને મરાવી નંખાવ્યા** છે. તેમના આ કાર્યને માટે આ સભા ધૃણા કરે છે અને તિરસ્કાર પ્રગટ કરે છે.'

આમાં કાળા અક્ષર અમે મૂકાવ્યા છે. જો તે પ્રમાણે થયું હોય તો ઘૃણા-તિરસ્કાર એક રીતે વ્યાજબી ઠરે, પણ **मूलं नास्ति कुतो शाखा** એ ન્યાયે ત્યાં એકઠા થયેલા શ્વેતામ્બરીઓએ **મારવામાં** ભાગ લીધો હોય એમ નજરે જોનાર દિગંબર ભાઇનાજ ઉપલા અહેવાલ પરથી પણ દેખાતું નથી, તેમજ શ્રીયુત જરીવાલાએ કોન્ફરન્સ પર શરૂઆતના જે બે પત્રો લખ્યા અને તેમાં પોતાને મળેલા તારની હકીકત જણાવી તેમાં પણ એમ નીકળતું નથી. એ બધું તો લશ્કર ને ઓફિસર (હકીમ કે કોઈ બીજા) એ મારવામાં ભાગ લીધો એમ જણાવે છે. એ બધું ખરૂં હોય તો 'પખાલીના વાંકે પાડાને ડામ' એ પ્રમાણે એકના દોષનું આરોપણ બીજાના પર કરવામાં આવે છે એવું ફલિત આ પરથી સ્પષ્ટ રીતે થઈ શકે.

મારવું અને બીજા એટલે અમલદાર કે લશ્કર મારે તે અમુકે જોવું એ બે ભિન્ન ભિન્ન વસ્તુ છે. તેમાં પણ શ્વેતાંબરીઓએ રાજકર્મચારીઓ દ્વારા દિગંબરોને બુરી તરેહથી પીડાવીને મરાવી નંખાવ્યા છે એવું શ્વેતાંબરીઓ પરનું આળ પણ ઉચિત ન ગણાય. દિગંબરી ભાઇઓના મનમાં શ્વેતામ્બરીઓનો મોટો ગુન્હો એ વસેલો જણાય છે કે શ્વેતામ્બરીઓ ધ્વજા દંડ ક્રિયા કેમ કરી જાય? એમ થઇ જાય અને થઇ ગયું તો પોતાના હકકોપર તે આક્રમણ થાય છે, અને તેથી ગમે તે ભોગે તે ન થવા દેવું જોઇએ આવો ખ્યાલ દિગંબરી ભાઇઓના મનમાં આવ્યો હોય તો તે અમે સ્વાભાવિક ગણીએ. તે ખ્યાલથી પોતે જે કરવા દોરાયા હતા અને જે કર્યું હતું તેનું વર્ણન કંઇક અંશ ભાગે ઉપરની સભાના નજરે જોનાર દિગંબર ભાઇએ જે જણાવ્યું છે. તે એ છે કે દિગંબરી ભાઇઓને અગાઉથી ખબર મળી ગઇ હતી (કે જેની ખબર અમે ધારીએ છીએ કે મુંબઇની દિગંબરીય જૈન તીર્થક્ષેત્ર કમિટીને પણ ઉપરનો પ્રસંગ બન્યો તે પહેલાં અગાઉથી મળી ગયેલી હોવી જોઇએ) તેથી શ્રી મહારાજકુમાર ને પછી શ્રી મહારાણાને તેઓ મળી આવ્યા. કહેવાય છે કે તેઓએ જણાવ્યું હતું કે શ્વેતામ્બરીઓને ધ્વજાદંડ ચડાવવાની પરવાનગી નથી આપી. તે ઉપરથી 'સેંકડો દિગંબરીઓ વખત પડેલાં મંદિરમાં હાજર થઇ ગયા. શ્વેતાંબરીઓને ધાર્મિક ક્રિયાઓ કરતાં એક દિગંબર ભાઈ એ અટકાવ્યા. તે પછી લશ્કર વગેરે આવ્યું ને આ પ્રસંગ બન્યો' કેવી રીતે અટકાવ્યા? તેમાં કંઈ અતિરેક કરવામાં આવ્યો હતો કે નહિ? ઓફિસરે વાર્યા હતા કે નહિ? વગેરે કંઈ પણ બતાવવામાં આવતું નથી. અમે તો પોતાને થયેલા ઉપલા ખ્યાલથી કંઈ પણ અતિરેક કરવા પ્રેરાવાનું સ્વાભાવિક માનીએ તો પછી તે સંબંધી ઢાંકપિછોડો શું કામ કરવામાં આવે છે? આ મારામારી થી મેએ સવારમાં બની એમ દિગંબરભાઇઓ જણાવે છે.

તા. ૧૦ મી મેના મુંબઇ સમાચારમાં 'નજરે જોનાર દિગંબરભાઇ તરફનો અહેવાલ, એક જુદા લેખમાં પ્રકટ થાય છે તેમાં મુગટ કુંડળ ચઢાવવાની ક્રિયાની વાત તેમજ બંદુકના ગોદાથી મારવાની વાત વિશેષમાં આમેજ થાય છે, આ ભાઈ ઉપરોક્ત સભામાંનો 'નજરે જોનાર' હોય કે અન્ય, તે અમો કળી શકતા નથી.

'ત્રીથી તારીખની સવારે આ સઘળું જોઇ સ્થાનિક તેમજ જત્રાએ આવેલા દિગંબર ભાઇઓ મંદિરમાં એકઠા મળ્યા અને દેવસ્થાનહાકેમ કે જેઓ પણ શ્વેતાંબર છે તેમને હુકમ બતાવવા માટે લેખિત તેમજ મોઢેથી કહ્યું પરંતુ તેઓએ હુકમ બતાવ્યો નહીં અને ત્યાં આવેલા બાવન જિનાલયમાંની મૂર્ત્તિઓ ઉપર **શ્વેતાંબરો મુગટકુંડળ ચઢાવવાની તદન નવી ક્રિયા કરવા લાગ્યા** કે જે દિગંબર ધર્મથી તદન વિરૂદ્ધ છે તેમજ આગળ કદિપણ આ મુગટકુંડળ ચઢતા નહી, કારણકે મંદિર દિગંબરીઓનું બનાવેલું અને તેમનું છે. જેના પુરાવા તરીકે શિલાલેખો મૂર્ત્તિઓ વગેરે અત્યારે પણ મોજુદ છે. આ ક્રિયા થતી જોઈ દિગંબરીઓમાંથી એકે અટકાવવાની કોશીશ કરી, જે ઉપરથી મચરાહાકેમ કે જે શ્વેતાંબરી છે તેમણે બ્યુગલ વગાડી આગળથી તૈયાર રાખેલા સીપાઇઓને અંદર બોલાવ્યા. અને દરવાજા બંધ કરી ત્યાં પડેલાં બાળવાનાં લાકડાંથી તેમજ **બંદુકના ગોદાથી** મારવાનો હુકમ આપ્યો. સામે થનાર પંડિત ગિરધરલાલજી ન્યાયતીરથ (ન્યાયાંધીશ? નહિ) ને પડેલોજ ફટકો માથા પર માર્યો કે જે ત્યાં મરણને શરણ થયા અને **સીપા-**

ઇઓ એકદમ લોકો ઉપર તુટી પડયા. દિગંબરીમાંથી એકપણ માણસ પાસે લાકડી કે હથિયાર નહોતું, કારણકે તે મંદિરમાં લઇ જવું ધર્મવિરૂદ્ધ હતું (તેજ પ્રમાણે શ્વેતાંબરો સંબંધી પણ કહી શકાય-તંત્રી) આમ કરતાં ઘણાં માણસોને ગંભીર ઇજા થઈ અને પાંચેક માણસ મરી ગયાં એમ ખબર પડતાં હાકેમ વગેરે શ્વેતાંબરો બધું પડતું મુકી ભાગી ગયા. મરણ પામેલાંનાં મુડદાં બે દિવસ સુધી રઝળતાં રહ્યાં પછી મહારાણા તરફથી સર્જન ઓફિસર અને બે બીજા અમલદારોએ આવી બાળવાની રજા આપી. આ દરમ્યાન આટલાથી ધરાયાં ન હોય તેમ શ્વેતાંબરો તા. ૬ ઠીને દિવસે વધુ પોલીસનો પહેરો રાખી દિગંબરોને મંદિરમાં જતાં અટકાવી પોતે પોતાની જાતવાલા અમલદારોની મદદથી ધ્વજાદંડની ક્રિયા કરી કે જે કરવાનો હક્ક દિગંબરોનો હતો, કારણ મંદિર દિગંબરીઓનું છે."

આમાં પણ શ્વેતાંબરીઓએ દિગંબર ભાઇઓની હત્યા કરી એવું નથી. 'પાંચેક માણસ મરી ગયાં એમ ખબર પડતાં તેઓને હાકેમ બધું પડતું મુકી ભાગી ગયા' ને '૬ ઠી મે એ એકલા ધ્વજાદંડની ક્રિયા કરી' એમ આમાં કહેવામાં આવ્યું છે. વિશેષમાં કહેવામાં આવ્યું છે કે 'ધ્વજાદંડ કરવાનો હક્ક દિગંબરોનો હતો', તો આ ધ્વજદંડ પહેલાંનો ધ્વજદંડ શ્વેતાંબર ભાઈએ જ ચડાવ્યો હતો એ એક ઐતિહાસિક બિના છે તેમજ તે ધ્વજદંડ ઉપરના લેખથી સાબીત થાય છે. રા. બ. ઓઝાજીએ જણાવ્યું છે કેઃ—

'વિ૦ સં. ૧૮૮૬ (ઈ સ. ૧૮૩૨) માં જેસલમેરના (તે સમયે ઉદયપુરના) નિવાસી ઓસવાલ જાતિની વૃદ્ધ શાખાવાળા બાફણાગોત્રી શેઠ ગુમાનચંદના પુત્ર બહાદુરમલના કુટુંબિયોએ પ્રથમ દ્વાર પરના નક્કારખાનું બનાવરાવી વર્તમાન ધ્વજદંડ (એટલે હમણાં ચઢાવ્યો તે પહેલાંનો) ચઢાવ્યો.' રાજપૂતાનેકા ઇતિહાસ–પ્રથમ અંડ પૃ. ૩૪૭.

'મંદિર દિગંબરીઓનું છે' એટલે એનો અર્થ એમજ થતો હોય કે માત્ર દિગંબરીઓનું છે તો તે કોઇ પણ સજ્જન સ્વીકારશે નહિ. દિગંબરી ભાઇઓ અને તેમના ભટ્ટારક દ્વારા થયેલી પ્રતિષ્ઠાના દેવકુલિકાઓ પર કે બીજા સ્થળે તેમના લેખો હોય, તો સાથે શ્વેતાંબરીઓના પણ લેખો તેમજ અન્ય ધર્મીના તામ્રપત્રો પણ ધ્યાનમાં લેવાં ઘટે. ઓઝાજીના શબ્દો ઉધ્ધૃત કરીએ તો–

'અહીંની મૂર્ત્તિપર કેસરનું ઘણું ચઢાવવામાં આવે છે; તેથી તેને કેસરીયાજી યા કેસરિયાનાથજી પણ કહેવામાં આવે છે. મૂર્ત્તિ કાળા પત્થરની હોવાથી ભીલલોક તેને 'કાળાજી' કહે છે. ઋષભદેવ વિષ્ણુના ૨૪ અવતારોમાંથી આઠમો અવતાર હોવાથી હિંદુઓનું પણ આ પવિત્ર તીર્થ માનવામાં આવે છે. આખા ભારતવર્ષના શ્વેતાંબર તથા દિગંબર જૈન એવં મેવાડ, મારવાડ, ડુંગરપુર, વાંસવાડા, ઈડર આદિ રાજ્યોના શૈવ, વૈષ્ણવ આદિ અહીં યાત્રાર્થે આવે છે. ભીલલોક કાળાજીને પોતાના ઈષ્ટદેવ માને છે અને તે લોકોમાં એની ભક્તિ ત્યાં સુધી છે કે કેસરિયાનાથ પર ચઢેલા કેસરને પાણીમાં ઘોળી પી લીધા પછી તેઓ–ચાહે તેટલી વિપતિ પોતાને સહન કરવી પડે–બૂરું માનતા નથી.

'આખા હિંદુસ્થાનમાં આજ એક એવું મંદિર છે કે જ્યાં દિગંબર તથા શ્વેતાંબર જૈન અને વૈષ્ણવ, શૈવ, ભીલ એમ તમામ સવર્ણ સ્નાન કરી સમાન રૂપે મૂર્ત્તિનું પૂજન કરે છે."

કેશરિયાજી યા કેશરીયાનાથજી એ નામ દિગંબર ભાઇઓ મુકતકંઠે સ્વીકારે છે એ માટેના તેમના ઠરાવો પણ એ જણાવે છે. કેશર જિનપૂજામાં વાપરવું, ચઢાવવું એ શ્વેતાંબરોજ કરે છે. દિગંબરભાઇઓ તો જિનદેવ પર કેશર ચઢાવતા નથી તેમ જિનપૂજામાં કેશર વાપરતા નથી. તો પછી પોતાના ઋષભદેવની મૂર્ત્તિપર કેશર ઘણાકાળથી ચઢાવવામાં આવે છે તેમ ચઢાવવા દઇ તેમનું નામ કેશરીયાજી યા કેશરીયાનાથજી એવું શ્વેતાંબરની પૂજાવિધિપોષક અને દર્શક નામ દિગંબર ભાઇઓએ કેમ પડવા દીધું

---

§ અહીં પૂજનની મુખ્ય સામગ્રી કેસર જ છે અને પ્રત્યેક યાત્રી પોતાની ઈચ્છાનુસાર કેસર ચઢાવે છે. કોઈ કોઇ જૈન તો પોતાના બાલક આદિને કેસરથી તોળી તે બધું કેસર ચઢાવી દે છે. પ્રાતઃકાલના પૂજનમાં જલપ્રક્ષાલન, દુગ્ધપ્રક્ષાલન, અતરલેપન આદિ થયા પછી કેસરનું ચડાવવું શરૂ થઇને એક વાગ્યા સુધી ચઢતુંજ રહે છે. રા. બ. ઓઝાજી.

હશે ? તે ભાઇઓ પૈકી વિદ્વાનો, પંડિતો આનો ઉત્તર શાંત અને સંયમી ભાષામાં ઐતિહાસિક દૃષ્ટિથી આપશે તો કંઇક અજવાળું જરૂર પડશે.

અમને તો હિન્દુ અને જૈન બંનેને માન્ય આ જૈન તીર્થના ગૌરવ માટે આનંદ ઉપજે છે. વૃથા આરોપો કરવા, ઝઘડા ઉપસ્થિત કરવા એ તો સમગ્ર જૈન સમાજના સંગઠનમાં અંતરાય રૂપે છે અને તે માટે પૂર્ણ ખેદ થાય છે.

શ્વેતાંબર અહેવાલો.

(૧) પાટણવાળા શેઠ પુનમચંદ કોટાવાલા કે જે શ્રીમંત જૈન શ્વેતાંબર આગેવાનના હાથથી ધ્વજ-દંડની છેલ્લી ક્રિયા થઇ હતી. (૨) રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ કે જે મુંબઇમાં એક શ્વેતાંબર આગેવાન છે, કૉન્ફરન્સના માજી જનરલ સેક્રેટરી અને સોલીસીટર છે. (૩) શેઠ રણછોડભાઇ રાયચંદ મોતીચંદ ઝવેરી કે જે પણ મુંબઇના શ્વેતાંબર આગેવાન છે–એમ એ ત્રણ કેશરીઆજીની યાત્રાએ ઉપલો બનાવ બન્યા પછી લગભગ તુરતમાં ગયા હતા તેમના તરફથી કેટલીક હકીકતો ત્યાંની પરિસ્થિતિથી વાકેફ થઇ રજુ થઈ છે. આ પૈકી કોઇ પણ મૃત્યુના બનાવ વખતે હાજર નહિ હતા.

શેઠ કોટાવાલાએ જણાવ્યું કે 'ઘણા આનંદથી મારે હાથે ધ્વજદંડ શાંતિ પૂર્વક ચડાવવામાં આવ્યો છે. બધું સારૂં છે. ઝઘડો નથી'–આ વાત ઉઠી એ બની અને તે ક્રિયા શાંતિપૂર્વક બની-તે વખતે કંઈ પણ ઝઘડો થયો નથી એ તો દિગંબર ભાઇઓ પણ સ્વીકારે છે.

મોતીચંદભાઇને હાઇકોર્ટની રજા હતી અને તેમણે કેશરીયાજીની યાત્રા કરવાનો અગાઉથી નિશ્ચય કર્યો હતો ને તે પ્રમાણે તેમણે નીકળી ઉઠી એ કરેડા તીર્થની યાત્રા કરી તે વખતે રણછોડભાઇ સાથે હતા. ૭ મી એ ઉદયપુર પહોંચ્યા. ત્યાં કૉન્ફરન્સ તરફથી ખરી હકીકત શું છે તે વિગતવાર જણાવવા તેમના પર તાર મળ્યો ને બીજા પણ તેવા તારો મળ્યા એટલે ઉદયપુરમાંજ તપાસ કરી ટુંકો તાર કર્યો કે 'દિગંબરોએ સ્ટેટની પોલીસ સાથે ઝઘડો કર્યો અને પાછા હઠતાં પોતાનીજ વડે ચાર જણાને દાબી માર્યા. દિગંબર અને શ્વેતાંબર વચ્ચે કોઇ ઝઘડો થયો નથી...વધારે વિગત માટે રાહ જુઓ.' ને તેજ ૭ મી ની સાંજે કેશરીઆજી પહોંચ્યા. ત્યાંથી હકીકત મેળવી ૮ મી એ ગુજરાતી તથા અંગ્રેજીમાં હકીકતો લખી કૉન્ફરન્સ ઓફિસ પર મોકલી. આ બંને તા. ૧૨ મી ના ગુજરાતી તેમજ અંગ્રેજી પત્રોમાં છપાયેલ છે. તેમજ રણછોડભાઇએ આપેલ ઇન્ટર-વ્યુ પણ છપાયો છે તેમાં પણ પોતે નજરે જોનાર તરીકે નહિ, પણ ત્યાં યાત્રાર્થે ગયેલા ને જે હકીકત તપાસ કરી મેળવેલી તે પોતે જણાવેલી છે. આમાં મારામારી કોની વચ્ચે અને કેવી રીતે થઇ તેનો સાર મોતીચંદભાઇના શબ્દોમાં એ છે કે:—

'વૈશાખ શુદ ૩ ના રોજ સવારે અભિષેક કરવાનો હતો. ચાર કલાક તે ક્રિયા ચાલી. દિગંબરીઓએ આમંત્રણ કરી આઠસો ઉપર જૈનોને એકઠા કર્યા હતા. તેઓ આ આખી ક્રિયા જોઈ રહ્યા હતા. લગભગ બપોરના બાર વાગે ક્રિયા પૂરી થઈ અને શ્વેતાંબરો જમવા માટે ધર્મશાળામાં ગયા. તે વખતે માત્ર બેજ શ્વેતાંબરો મંદિરમાં હાજર હતા અને સોની પ્રતિમાજીઓને મુગટકુંડળ ચઢાવતા હતા. નાનામોટા હોય તો બરાબર બેસાડતા હતા. લગભગ તેર પ્રતિમાજીને મુગટ ચઢી ગયા ત્યાં એક દિગંબરે ધમાધમ કરી, બૂમ બરાડા કર્યા અને બે મુગટ ભાંગી ફેંકી દીધા. બીજા દીગંબરો ચારસે જેટલા ધુમો પાડવા માંડયા અને ધમાલ મચી. સ્ટેટની પોલીસે બધાને એકદમ બહાર જવા હુકમ કર્યો અને પકડો પકડોની બૂમ પડી. દિગંબરો બીકમાં પડી ગયા અને દોડયા. દશ પગથીઆ છે તે લપસણા છે તે પર દોડતાં કેટલાક પડી ગયા. દરમ્યાન સામે દરવાજે એક દિગંબર મુનિ જે ઉદેપુર વિદ્યાલયમાં ગૃહપતિનું કામ કરે છે તે બહાર નીકળવાના દરવાજા આડો ઉભો રહી બૂમ પાડવા લાગ્યો અને કોઇ બહાર ન નીકળે તેમ ઉંચેથી કહેવા લાગ્યો અને આડા હાથ કરી બહાર આવનારને રોકવા લાગી ગયો (આ એકવચન અમને અનુચિત લાગે છે. તંત્રી) બહાર પણ બુમ પડી અને બહારના લોકો આવવા લાગ્યા. આ ધમાલમાં કેટલા પડી ગયા અને તેના શરીરપર પછવાડેવાળા પગ મૂકી દોડયા. આ ધમાધમમાં ચાર દીગંબરોના શરીર રૂંધાઇ ગયા અને બીજાના ભારથી દબાઈ મરણ પામ્યા.

'આ ધમાલમાં શ્વેતાંબરોનો બીલકુલ હાથ નથી. તેઓ હાજર પણ નહોતા અને હતા તે એટલી નાની સંખ્યામાં હતા કે એ લડાઇ કરી શકે તેવી સ્થિતિમાંજ ન હોતા. કોઈ ઘાયલ થયું નથી. લોહીનું એક ટીપું પડયું નથી, હથિયાર કે લાકડી વપરાયા નથી અને જે બનાવ બન્યો છે તે ઘણો દિલગીરી ભરેલો પણ એને માટે જવાબદાર મોટી સંખ્યામાં રોળો મચાવનાર દીગંબર ભાઇઓજ છે.

'સ્ટેટની પોલિસે તુરતજ શાંતિ પાથરી દીધી. મરનારની લાસ પર તપાસ કરી. કોઈ જાતનો ઘા મળી આવ્યો નથી. કચરથી દબાઈને શ્વાસ રૂંધાવાથી મરણ થયાના અભિપ્રાય આપ્યો છે. પાંચમને દિવસે નીમેલ વખતે ધ્વજદંડ ચઢાવ્યો છે. એ ક્રિયામાં કોઈ જાતની અગવડ થઈ નથી. ઉદેપુર તરફથી તપાસ કરવા કમીશન નીમાયું છે, તેની તપાસમાં પણ કોઈ શ્વેતાંબરને જવાબદાર ગણવામાં આવ્યો નથી. વગેરે''

આ મોતીચંદભાઇએ તપાસ કરી જે કંઇ હકીકત પોતાને મળી શકી તે-પોતાની information એટલે ખબર પ્રમાણે મળી તે જણાવી છે. પોતે તેના સાક્ષી નથી. એટલે પોતાના Knowledge-જાત માહેતીની આ વાત જણાવી નથી. આમાં જે કંઇ ખાસ ધ્યાન ખેંચે છે તે એ છે કે સ્ટેટના લશ્કરે મારામારી કરી અને તેથી ચારનાં મરણ થયાં એમ આમાં જણાવ્યું નથી, પણ દિગંબરીઓ ભાગવાથી તેની બહુ સંખ્યાના ધસારામાં અમુક માણસો પડી ગયા ને તેનું ટોળું તેના પર ફરી વળ્યું ને તે કચડાઇ મુઆ (જેમ હરદ્વારના કુંભ મેળામાં ૩૨-૪૦ માણસો મરી ગયા તેમ). શ્રી કૉન્ફરન્સ ઑફીસ સાથેનો આ સંબંધી પત્ર વ્યવહાર તથા મોતીચંદ ભાઇનો રીપોર્ટ આવતા અંકમાં આવશે. કૉન્ફરન્સ ઑફીસે રીપોર્ટ અને હકીકત મેળવવા માટે પોતાથી બન્યું તેટલું બધું કર્યું છે અને તે પરથી જણાશે.

'તરૂણ રાજસ્થાન' પોતાને દિગંબરી ભાઇઓ તરફથી મળેલા ખબર ઉપરથી ઠેઠ તા. ૩૦-૫-૨૭ ના અંકમાં જણાવે છે કે:—

'ઉનમેં સિપાહી નિહત્થે દિગંબરિયોં પર ટૂટ પડતે હૈં ઔર લકડી કે ડંડો તથા બંદૂકોં કે કુન્દોંસે ઉન્હેં મારના પીટના શુરૂ કર દેતે હૈં ! ઇસસે પં. (આદિ ચાર જણ) કા વહીં કામ તમામ હો જાતા હૈ ! કઇ જખ્મી હોતે હૈં ઔર શેષ ભાગ જાતે હૈં !'

'મગરા-હાકિમ વહાં મૌજૂદ થે હિ, દેવસ્થાન-હાકિમ ભી ખબર પાકર તુરન્ત આ જાતે હૈં, ભિસ્તિયોંસે મંદિર ધુલવાકર ખૂન આદિકે નિશાન મિટા દિયે જાતે હૈં ! ઔર ફિસલ કર ગિર પડને ઔર દમ ઘુટકર મર જાનેકા કિસ્સા ગઢ કર સબકો ઉસકા પાઠ પઢા દિયા જાતે હૈ ! ! કયા તાંગેવાલા, કયા મોટરવાલા, કયા મંદિરકા સેવક, કયા સિપાહી, જિસસે સુનો સબકે મુંહ યહી બાત સુનાયી દેગી !...'

એટલે સીપાઇઓએ મારેલો માર તે છુપાવવા માટે હાકિમ લોહીને સાફ કરાવે છે ને પડી ગયા ને શ્વાસ રૂંધાઇ મરી ગયાનો બધાને પાઠ પઢાવી દે છે:- આમ વાત જણાવે છે.

આમાં પણ શ્વેતાંબરીઓએ દિગંબર ભાઇઓને મારવાનું કયાંય નથી; છતાં 'ઉદયપુરનો હત્યાકાંડ' કે એવા મથાળાના બીજા કેટલાક લેખો' આવ્યા છે તેમાં દોષનો પોટલો શ્વેતાંબરો ઉપર મૂકવામાં આવે છે એ તો બેહુદું, અને સત્ય વિરૂદ્ધ હોય એમ સ્પષ્ટ અને સિદ્ધ છે.

સવાલ માત્ર એ છે કે લશ્કરના મારથી મરણ થયાં કે પડી જવાને લીધે શ્વાસ રૂંધાવાથી મરણ થયાં. આનો નિર્ણય મરેલા ભાઇઓની ડાકટરોની 'પોસ્ટ મોર્ટેમ' તપાસ તથા કમિશનના રિપોર્ટપરથી તુરતજ જણાઇ શકાશે. તેમાં પણ ચશમપોશી થયાના આરોપ મૂકાય તો તે આરોપ મૂકનાર જાણે.

અમે તો જે કંઇ મૃત્યુ થયાં છે તે માટે અત્યંત દિલગીર છીએ અને સૌ શ્વેતાંબરી ભાઇઓ પણ દિલગીર થાય તે સ્વાભાવિક છે. અહિંસાના ઉપાસક દિગંબરો અને શ્વેતાંબરો બન્ને છે અને વ્યવહારથી તેમજ પરમાર્થથી રહેવા ઘટે. સર્વેએ આ મરણના દાખલાથી શોક કરવો-દર્શાવવો ઘટે.

રા. વાડીલાલ મોતીલાલ શાહે સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં પોતાના તંત્રીપણા નીચે જૈન હિતેચ્છુ અને જૈન સમાચાર એ પત્રો કાઢી ઘણી સેવા બજાવી છે. તે પત્રો અસ્ત થઇ ગયાં એથી અમને દિલગીરી થઇ છે. તેમણે 'જર્નાલિસ્ટ'-પત્રકારનો

ધંધો એક વેપારી થઇ ગયા પછી ધીમે ધીમે છોડી દીધો એ ઠીક નથી કર્યું. તેઓ જર્મન ફિલસુફ નીશીના વિચાર પ્રવાહથી એટલા બધા આકર્ષાયા છે કે આજના નીતિનાં ધોરણો અને તેની કિંમત પર પોતે નવી તેમજ જુદીજ કિંમત તે ફિલસુફને અનુસરી મૂકતા થયા છે. તેથી તેના વિચાર-વાતાવરણમાં અદ્‌ભુત પરિવર્ત્તન થયું છે. અમોએ થોડો ઘણો નીશી વાંચ્યો, પણ અમે કબૂલ કરીએ છીએ કે તે જીરવવાની અમારી અશક્તિ જણાતાં તેને અમારે છોડી દેવોજ પડ્યો. રા. વાડીલાલે 'ઉદયપુરનો હત્યાકાંડ' એ મથાળા નીચે અનેક લેખો લખ્યા છે. અને લખતા જાય છે–હજુ તેનો અંત અમે આ લખીએ છીએ ત્યાં સુધી આવ્યો નથી. તેમાં શ્વેતામ્બરીઓ ઉપરજ આરોપ, તિરસ્કાર, વગેરેનાં બાણો છોડ્યાં છે અને અનેક જાતની અપ્રસ્તુત ફિલસુફી ડોળી છે. આ તકરારના મૂળ માટે આ અંકના પ્રથમ પૃષ્ઠે મૂકેલા શ્રી હરિભદ્રસૂરિનાં વાક્યો લાગુ પડતા હોય એમ અમને જણાય છે. આમ અમારાથી મોટા તે મિત્રને મિત્ર ભાવેજ કહેવામાં આવે છે તો અમારા પ્રત્યે દુઃખ નહિ લગાડે એમ અમે એમની પાસેથી માગી લેઇએ છીએ.

અમે રા. વાડીભાઇના લેખોની ઝીણવટમાં ઉતર્યા વગર જે કંઈ તેમને કહેવા ઇચ્છીએ છીએ તે એજ કે તેમના આ લેખોથી શ્રી દિગંબર અને શ્રી શ્વેતાંબર એ બંને સમાજનું એક બીજા પ્રત્યે વૈમનસ્ય વધે છે કે ઘટે છે એ કદિ તેમણે એક વિચારક તરીકે વિચાર્યું છે? એક વિચારકે પોતાની દૃષ્ટિ પોતાના સમયથી ઘણી આગળ–૫૦ વર્ષ આગળ ખેંચીને પોતાના વિચાર જણાવવા ઘટે. વર્ત્તમાન ક્ષુદ્રતાથી તે પર રહે, વૈમનસ્ય અને વિરોધને દૂર કરનારા વિશુદ્ધ વિચાર બહાર પાડે, અને પોતાના જમાનાનો prophet–પયગંબર અમુક અંશે બને, આવું શ્રીયુત વાડીલાલ પાસેથી મળે તો તેમને અમે જરૂર ધન્યવાદ આપીએ અને વધાવીએ. સત્ય કેટલીક વખત કડવું હોય છે, નગ્ન સત્ય તો કેટલીક વખત અસહ્ય હોય છે, છતાં નગ્ન સત્ય તોજ કામનું, જો તેનાથી ગંદી ભૂમિ સાફ થાય ને શુદ્ધ નિર્દોષ ફલવતી ભૂમિ ભવિષ્યમાં તૈયાર થાય; પણ કહેવાતા 'નગ્નસત્ય'થી વૈમનસ્ય અને વિરોધનો ઉકરડો ભેગોજ થતો જાય એ શું કામનું? વિવેક–મર્યાદાનું ઉલ્લંઘન વિચારક ન કરે. 'પેલો આવો...' એમ તુંકારામાં કોઇને કહેવું એ પણ ઠીક લાગતું નથી.

કોઇ આવેશમાં આવી કંઇ જણાવે તો તે પ્રત્યે વિચારક પોતાની Sanity–સમતોલતા તજી ન દેતાં વિવેકપૂર્ણ ભાષામાં પોતાના વિચાર જણાવે છે. અમે તો શ્રીયુત વાડીલાલને શાંતિના દૂત તરીકે આ પ્રકરણથી યત્ર તત્ર ઉપજેલા વિરોધના શમાવનાર-લવાદના સ્વાંગમાં જોવા ઇચ્છીએ છીએ. સર્વત્ર શાંતિ થાય એ દિન પ્રભુ સત્વર આપે!

મોતીચંદભાઇ પણ અમારા મોટા મિત્ર છે. તેમણે મી૦ મુનશી કમિટીમાં જે વિરોધી મિનિટ કરીને ગેરસમજુતી ઉભી કરી હતી તે પ્રકરણ શમ્યું ન હતું ત્યાં તીર્થયાત્રા કરવા ગયા અને ત્યાં પણ તેમના હાથે થયેલ રીપોર્ટથી દિગંબરીના તરફથી ગેરસમજુતી થઇ. એ એક કાલનો પ્રભાવ છે. તે ગેરસમજુતી દૂર કરવા માટે અને ખાસ વાડીભાઇના લેખ સામે રદિયા આપવાના લેખો તેમને લખી બહાર પાડવાપડ્યા. મી૦ મુનશી કમિટીની પોતાની 'મિનિટ' સંબંધી હજુ જોઇએ તેવો રદીયો તેમણે આપેલ નથી અને તેમણે કરેલી ગેર સમજુતી દૂર કરવા ગત ફાગણ–ચૈત્ર અંકમાં અમારૂં વક્તવ્ય સ્થાનાભાવે મોકુફ રાખીએ છીએ એમ અમે જણાવ્યું હતું તેજ અત્ર પુનઃ અમારે જણાવવું પડે છે. કારણ કે શ્રી કેશરીયાજીનો મામલો જાહેર પત્રોમાં એટલો બધો કૂદી પડ્યો કે અમારે આવડી મોટી નોંધ લખ્યા વગર રહેવાય તેમ ન હતું. તેથી તે અને બીજી પણ અનેક નોંધ અત્યારે અમારે સ્થાનાભાવે મુલતવી પડે છે. પ્રભુ! સૌને સદ્‌બુદ્ધિ આપો!

જૈન સાહિત્ય સંશોધક.

[જૈન ઇતિહાસ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન આદિ વિવિધ વિષયક સચિત્ર ત્રૈમાસિક પત્ર ખંડ ૩ અંક ૧ પૃ.૧૬૦ સંપાદક શ્રી જિનવિજય આચાર્ય–ગૂજરાત પુરાતત્ત્વ મંદિર. અમદાવાદ પ્રકાશક જૈન સાહિત્ય સંશોધક કાર્યાલય એલિસબ્રિજ, અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. જણાવેલ નથી. ઘણું કરી પાંચ રૂપીઆ.]

આ ત્રિમાસિક કેટલાંક વર્ષો થયાં બંધ હતું તેનો આ ત્રીજો ખંડ શરૂ થઇ પહેલો અંક બહાર પડયો જાણી અતિ આનંદ થાય છે. જૈન ઇતિહાસ, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો ફાળો જગત્થી અવગણી શકાય તેમ નથી, પણ જગત્ પાસે મૂકવાનું કાર્ય તો જૈનોનું છે. શ્રીમંતો દ્રવ્ય આપી, વિદ્વાનો અધ્યયન કરી લેખ લખી, પંડિતો પ્રાચીન ગ્રંથોને સંશોધિત કરી તે તે સંબંધી બહાર પાડવામાં સહાયભૂત થાય તોજ આ વિશાલ વિષયોને કોઇ પણ અંશે પહોંચી વળાય. સંપાદક મહાશય એક જબરા વિદ્વાન્ છે અને જૈનેતર વિદ્વાનો તેમજ જર્મન વિદ્વાન્ યાકોબી જેવાએ તેમની વિદ્વત્તા સ્વીકારી–પ્રમાણી છે; તેથી તેમની પાસેથી ઘણાની આશા સમાજ રાખે તે યોગ્ય છે. સમાજે માત્ર એવી એક પક્ષી આશા રાખવા સાથે તે આશા ફલિભૂત થાય તે માટે ગ્રાહકો સંખ્યાબંધ મેળવી આપવાની તેમજ બીજી સગવડો પ્રાપ્ત કરી આપવાની છે. સંપાદક મહાશય હવે આ પત્રને અખંડ ધારાએ ચલાવવા શક્તિમાન થાય એમ જરૂર ઇચ્છીશું.

આ અંકમાં સંપાદકે દેવવાચક કૃત શ્રી મહાવીર સ્તુતિ-શ્રવણ સંઘ સ્તુતિ-વીરશાસન સ્તુતિ શ્રી હેમચંદ્ર સૂરિ પ્રસાદી કૃત મંત્રપદો, જિનપ્રભ સૂરિનું ફારસી ભાષામાં ઋષભસ્તવન, વસ્તુપાલ તેજપાલના બે રાસ વગેરે સંશોધિત કરી બહાર પાડયા છે. તે ઉપરાંત વડોદરા નરેશનો જૈન સાહિત્ય પ્રેમ સ્વતંત્ર લેખ લખેલ છે. પંડિત બહેચરદાસે ધર્માસ્તિકાય એટલે શું ? એ ચર્ચાત્મક લેખ લખ્યો છે પંડિત સુખલાલજીએ રત્નસિંહસૂરિ કૃત આત્માનુશાસ્તિ ભાવનાનું ભાષાંતર કર્યું છે અને તે ઉપરાંત ખાસ મનનીય અને ઉચ્ચ કક્ષાનું શ્રી સિદ્ધસેન દિવાકરકૃત ન્યાયાવતારસૂત્રનું ભાષાંતર અને તે પર વિવેચન કરેલ છે તેમાંથી ઘણું જાણવાનું મળે છે. અમને આ ન્યાયાવતાર ખાસ ન્યાય પ્રવેશક ગ્રંથ લાગે છે ને તે ધાર્મિક શિક્ષણક્રમમાં સારૂં સ્થાન લે તેમ છે. શ્રીયુત રસિકલાલે એક ઐતિહાસિક શ્રુત પરંપરા એ નામના લેખમાં વસ્તુપાલ મંત્રીના પ્રબંધમાં આવેલ મૌજુદીનની હારનો પ્રસંગ ઇતિહાસની દૃષ્ટિએ સાધક પ્રમાણો આપી સુંદર રીતે છણ્યો છે અને બીજા અનુસંધાનના લેખમાં બીજી કેટલીક હકીકતો પર પ્રકાશ પાડવાની આગાહી આપી છે. રા. મોહનલાલ ભ. ઝવેરી સોલીસીટરે શ્રી જિન ભદ્રગણિના સમયની ચર્ચા કરી છે તે વિચારવા યોગ્ય છે. શ્રીયુત વાલજી ગોવિંદજી દેશાઇએ આહાર શુદ્ધિ અને રસ ત્યાગ નામનો લેખ લખી દૂધનો આહાર તરીકે ઉપયોગનો પ્રશ્ન પણ જૈન દૃષ્ટિએ બતાવી છેવટે જણાવ્યું છે કે 'દૂધાદિનો ત્યાગ અવશ્ય ધર્મ છે. પણ તીર્થંકરોયે લાંબા ઉપવાસનું પારણું દૂધેજ કરતા એમ લાગે છે, એટલે એ ધર્મનું આચરણ આ કઠણ કલિકાલને વિષયે જેનું તેનું કામ નથી. એ ધર્મના પાળનાર મહારથીઓને સહસ્રવાર વન્દન હો.''

જૈનેતર વિદ્વાનોમાં મહાત્મા ગાંધીજીનાં રાયચંદભાઇનાં કેટલાંક સ્મરણો મનનીય છે, રા. નાનાલાલ સિવિલિયનના જૈન પ્રતિમાવિધાન અને ચિત્રકલા એ લેખમાં કેટલાંક દૃષ્ટિબિંદુઓ છે તે પર શોધ કરતાં ઘણું મળી શકે તેમ છે, તેમજ પ્રસિદ્ધ ચિત્રકાર શ્રીયુત રાવલના હિંદી કલા અને જૈન ધર્મ સંબંધે. દિ. બ. કેશવલાલ હ. ધ્રુવ એ પ્રસિદ્ધ સાક્ષરે પવન દૂતના કર્ત્તા ધોયી પર પુષ્કળ પ્રકાશ પાડયો છે. છેવટે આ ત્રિમાસિકનો વિજય ઇચ્છી તે માટે મહાત્મા ગાંધીજીએ જે સંદેશો મોકલ્યો છે તે ટાંકીએ છીએ કે:—

'જૈન મતના મારા 'પક્ષપાત'ને લીધે ને જૈનોના સત્સંગને લીધે કેટલાક મને જૈનજ માને છે. એવો હું તો જરૂર ઇચ્છું કે આ ત્રૈમાસિક દ્વારા જૈન મત જે અત્યારે તો જીવદયા એટલે ખોટી જંતુદયાના પ્રવર્ત્તનને નામે વગોવાય છે તે જીવદયા એટલે મનુષ્ય સુધાં પ્રાણીમાત્ર પ્રત્યેના વિશુદ્ધ વ્યવહારના શિક્ષક તરીકે ઓળખાતો થાઓ.'

જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧લો.

તે સંબંધી અભિપ્રાયો.

સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. M. A. L. L. B. મુંબઈની રમોલ કૉલીજ કોર્ટના વડા જજસાહેબે જે અભિપ્રાય ગત ડીસેંબરમાં આપ્યો તે જ્યુઆરીના ૨૭ ના મોડર્ન રિવ્યુમાં પ્રકટ થયો છે:—

(1) JAIN GURJAR POETS. PART I :—*By Mohanlal Dalichand Desai, B. A. LL. B., Vakil, High Court. Printed at the Diamond Jubilee Printing Press. Ahmedabad. Cloth Cover. Pp. 320—656. Price Rs. 5-0-0 (1926).*

This is a treasure house of old poems written by Jain poets in Gujarati between the XIIth and XVII centuries of the Vikrama Era. The collection is the 'result' of Mr. Desai's persistence and assiduity as he has left hardly a single Jain Bhandar unexplored, wherever and whenever he could help it. His opinion is that prior to the XIIIth century, the literature of Gujarat was written in *Apabramsha* (very old Gujarati) and hence he has taken that century as the starting point for his collection. A preface of staggering volume consisting of 320 pages, containing a *short* history of old Gujarati forms an important part of this book. If the author calls this a *short* history we wonder what the 'size' his preface would have been, had it been a full one. He passes in rapid review the different stages of the development of the language from Sanskrit to Prakrit, thence to Shaurseni and Paishachi, Apabramsha, old Gujrati to its present state. He asserts the principle that the prior or older forms of the language were not dying or becoming dead, but that they were developing and presenting an altered exterior. The preface is replete with quotations, from very old writers in support of the facts stated by the writer who is at pains to show that so far as the language or vehicle for expression was concerned there was no difference or distinction between the writings of Jain and Non-Jain (Brahmin) writers in those far off days, just as there is none now. We congratulate Mr. Desai in his *magnum opus*, and await the second part with great interest.

K. M. J.

Modern Review January 27.

જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧લો—કર્તા મોહનલાલ દલીચંદ દેશાઈ બી. એ. એલ એલ. બી. વકીલ હાઇકોર્ટ. મુદ્રિત-ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટીંગ પ્રેસ અમદાવાદ. લુગડાનું પુઠું પૃ. ૩૨૦+૬૫૬ કિંમત રૂ. પાંચ (૧૯૨૬).

આ પુસ્તક વિક્રમ સંવત્ ૧૩ મા સૈકાથી તે ૧૭ મા સૈકા સુધીના ગૂર્જરવાણીમાં જૈન કવિઓએ

લખેલાં જૂનાં કાવ્યોનો એક ખજાનાનો સંગ્રહ–મહા સંગ્રહનિધિ છે. આ સંગ્રહ મી. દેશાઇના સતત્ આગ્રહ અને ખંતવાળા ઉદ્યમનું 'પરિણામ' છે કારણ કે તેણે પોતાથી બની શકયું ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે કોઈ પણ જૈન ભંડારને તપાસ્યા વગરનો ભાગ્યેજ રાખેલ છે. તેનો અભિપ્રાય એ છે કે ૧૩ મા શતકની પહેલાં ગૂજરાતનું સાહિત્ય અપભ્રંશ (ઘણી જૂની ગૂજરાતી)માં લખાયું હતું અને તેથી તેણે પોતાના આ સંગ્રહના પ્રારંભના અગ્રબિંદુ તરીકે તેજ–તેરમા શતકને લીધું છે. જૂની ગૂજરાતીના 'સંક્ષિપ્ત' ઇતિહાસ વાળી ૩૨૦ પૃષ્ઠોની આંજી નાંખે તેટલા મોટા પ્રમાણવાળી પ્રસ્તાવના એ આ ગ્રંથનો એક અગત્યનો ભાગ સારે છે. જે કર્ત્તા આને 'સંક્ષિપ્ત' ઇતિહાસ કહે છે તો અમને અચરજ એ થાય છે કે તે પૂરો ઇતિહાસ હોત, તો પોતાની પ્રસ્તાવનાનું 'કદ' કેવડું હોત! તે સંસ્કૃતમાંથી પ્રાકૃતમાં, પછી શૌરસેની અને પૈશાચી, અપભ્રંશ, જૂની ગૂજરાતી તે અત્યારની વર્ત્તમાન સુધીના ભાષાના વિકાસની જુદી જુદી ક્રમિક અવસ્થાઓનું ઝડપથી અવલોકન કરે છે. ભાષાનાં પૂર્વનાં યાતો વધુ જૂનાં રૂપો મરતાં નહોતાં યા મૃત થતાં નહોતાં પરંતુ તેઓ વિકાસ પામીને ફેરફાર થયેલો–વિકૃત થયેલો બાહ્ય ઘાટ દાખવતા હતા એ મુખ્ય સિદ્ધાંતને તેણે સિદ્ધ–સ્થાપિત, યા નિશ્ચયપૂર્વક પ્રતિપાદિત કરેલ છે. આ પ્રસ્તાવના લેખકે મૂકેલી હકીકતોના સમર્થનમાં લીધેલાં ઘણા પ્રાચીન લેખકોનાં અવતરણોથી ભરપૂર છે. કર્ત્તાએ શ્રમ લઇને બતાવ્યું છે કે જ્યાં સુધી ભાષા અથવા વિચારપ્રદર્શન માટેના વાહનને લાગે વળગે છે ત્યાં સુધી જેવી રીતે વર્ત્તમાનમાં બીલકુલ નથી તેજ પ્રમાણે તે જૂના કાલમાં પણ જૈન અને જૈનેતર (બ્રાહ્મણ) લેખકોનાં લખાણોમાં કંઇ પણ તફાવત કે ભેદ હતો નહિ. મી. દેશાઇને તેના આ **મહાભારત ગ્રંથ** માટે અમે અભિનંદન આપીએ છીએ અને તેના બીજા ભાગની અતિ રસપૂર્વક રાહ જોઇએ છીએ.

મોડર્ન રિવ્યુ જનવ. ૨૭.

---

(૨) તમારી વિસ્તૃત પ્રસ્તાવના જૂની ગૂજરાતીના સંબંધમાં હકીકતની ખાણ રૂપ છે. હું ધારૂં છું, તમેમાં આવી છે તેવી અને તેટલી હકીકત એક ઠેકાણે તો માત્ર તમારા પુસ્તકમાંજ કેન્દ્રસ્થ કરવામાં આવેલી છે. વળી તમે સંસ્કૃત અને પ્રાકૃત અપભ્રંશના અર્થનો સ્ફોટ પણ ગૂજરાતીમાં આપ્યો છે તેથી તમારી પ્રસ્તાવનાનો ઉપયોગ ખૂબ બહોળો થવા સંભવ છે. આટ આટલી હકીકતોને એક ઠેકાણે આપવા માટે, ખરેખર તમારા પ્રેમ–પરિશ્રમને અભિનન્દન જ ઘટે છે.'

વડોદરા તા. ૩૧–૧૨–૨૬

મંજુલાલ મજમુદાર. B. A. LL. B.

---

(૩) 'કલાને મંદિરે' એ મથાળા નીચે વિદ્વાન્ લેખક રા. કેતુ નીચે પ્રમાણે જણાવે છે:—

જૈન સાહિત્યકારોએ ગુર્જરી વાણીની શી શી સેવા કરી તેની આજ પ્રતીતિ પડે છે. નરસિંહ મહેતાની પૂર્વે પણ પાંચ–છ સદીઓ સુધી ગુર્જર સાહિત્યનું ગૌરવ, મધપૂડામાં મધુ પૂરતી મધમાખીઓની માફક પુષ્કળ જૈન કવિઓ સંધરી રહ્યા હતા અને તે કેવળ એક જ દિશામાં નહિ. ઇતિહાસ, વાર્તા, કાવ્યો, સુભાષિતો, અલંકારશાસ્ત્રો અને કઠોર વ્યાકરણ: એવી સર્વદેશીય સાહિત્ય-આરાધનામાં સાધુઓ સુદ્ધાં શામિલ હતા. બેશક, ભાષા તે વખતે અપભ્રંશ હતી. પણ તે અપભ્રંશ હોવાને કારણે જ શિષ્ટ અશિષ્ટ સહુ નરનારીઓને સુગમ્ય હતી. અપભ્રંશ હતી, છતાં અર્થવાહિની, ઉંડાણવાળી, જાજરમાન અને સુમિષ્ટ કેવી હતી તે એનાં સુભાષિતો બતાવે છે:—

મહુ કન્તહો બે દોસડા, હેલ્લિ મ ઝંખહિ આલુ
દેન્તહો હઉં પર ઉવ્વરિઅ જુજ્ઝન્તહો કરવાલુ

[હે સખી! મારા કંથના બે દોષ: આળ મ દે: એક તો તેના (દાન) દેતાં દેતાં હું જ ફક્ત ઉગરી. અને ઝુઝતાં ઝુઝતાં ફક્ત તલવાર જ બચી!]

જહિ મારગ કેહરિ વુચ્ચા, રજ્જ લાગી તિરણાંહ
તે ખડ ઉભી સૂખસી, નહિ ખાસી હરિણાંહ

આજ એ દુહા ભાષા–પલટો ખાઇને એમ બોલાય છે કે,

જે મારગ કેસરી ગયો, રજ લાગી તરણાં
તે ખડ ઉભાં સૂકશે, નવ ખાશે હરણાં.

ન ભૂલીએ કે એક દિવસ આ ભાષા જીવતી હતી. લોકોના પ્રાણમાંથી વહેતી હતી. આ દૃષ્ટાંતો તો બિન્દુ સમાન જ છે. એક પ્રચૂર સાહિત્ય-ખાણની એ નિશાની છે.

* * *

પાંચ સદીઓની આ અંધારી ગુફામાં મશાલ લઇ જવાનો યશ રા. મોહનલાલ દલીચંદ દેસાઇને મળે છે. આ દટાયેલ સમૃદ્ધિની મૂળ ભાળ દેનાર તો સ્વ. મનસુખભાઇ. પરંતુ ભા. દેસાઇના અપરિશ્રાંત ઉદ્યમ વિના એ રત્નાકર ઉલેળવાનો સમય આટલો નજીક કોણ લાવત! સવા વર્ષથી એ બંધુ 'જૈનયુગ' નામનું માસિક કાઢી, ઇતિહાસ, ભાષા અને સંસ્કૃતિની દૃષ્ટિએ ચુપચાપ સંગીન સંશોધન કર્યે જાય છે. પણ કમભાગ્યે જનસમુદાયની આંખો આડે પંથ-દૃષ્ટિના કાચો જડાયા હોવાથી એમના પ્રયાસો બહુ થોડાની જ નજરે ચડતા હશે. દરમીઆન આજ એમણે 'જૈન ગુર્જર કવિઓ' નામનો છસો પૃષ્ઠોનો સંશોધન-ગ્રંથ ગુજરાતને ખોળે મેલ્યો છે. અને એની પાછળ બીજો ભાગ પણ ચાલ્યો આવે છે. અમને લાગે છે કે ગ્રંથ-દૃષ્ટિની સંકુચિતતા ભેદી અન્યોન્ય સેવા-વિનિમયનો ભાવ જગાડવામાં આ પ્રયાસ મોટો ફાળો આપશે.

સૌરાષ્ટ્ર ૫-૨-૨૭.

---

(૪) 'નવો કાલ' એ મથાળા નીચે નીચે પ્રમાણે તા. ૫-૨-૨૭ ના સૌરાષ્ટ્રમાં સમાલોચના પ્રકટ થઇ છે:—

સંશોધન

જૈન ગૂર્જર કવિઓ (પ્રથમ ભાગ): પ્રોજક મોહનલાલ દલીચંદ દેશાઇ. બી. એ. એલ એલ. બી, પ્રકાશક શ્રી જૈન કોન્ફરન્સ ઓફીસ, મુંબાઇ. પાકું પૂઠું, પૃષ્ઠ ૬૫૬, મૂલ્ય પાંચ રૂપિયા.

ગુર્જર સાહિત્યમાં પ્રાંતિક અસ્મિતાની જે જ્વાલા પ્રગટ થઇ છે, તેને અજવાળે અજવાળે આપણી ભાષા તથા ઇતિહાસના ઉંડા ભૂતકાળની ગુફામાં પ્રાચીનતાના અનેક આશકો આજે પરિભ્રમણ કરી કરી, આપણા અતલી બળનું પ્રેરણા-સ્થળ શોધી રહ્યા છે. એ ત્વરિત ગતિથી બેદાઇ રહેલા સંશોધન પ્રદેશમાં પ્રસ્તુત ગ્રંથના કર્તાએ કરેલું અપૂર્વ સાહસ આજે ગુજરાત સહર્ષ વધાવી લેશે. નરસિંહ મહેતાની પૂર્વે તો કેમ જાણે ગુજરાતી સાહિત્ય જીવતું જ નહોતું, એવી તમામ ભ્રમણાઓને વિદારીને આ ગ્રંથ દસમી સદીથી માંડીને સત્તરમી સદી સુધીના અપભ્રંશ સાહિત્યના વિપુલ ખજાનાને આપણી સમક્ષ ખુલ્લો મૂકી દે છે. આશ્ચર્ય ઉપજાવે તેટલા બધા પ્રાચીન રાસાઓ ને હસ્તલિખિત પુસ્તકોમાંથી અવતરણો ટાંકી ટાંકી, પ્રકરણોવાર એ વિષયને ક્રમશઃ વહેંચી નાખી, ગુર્જર સાહિત્યના પાયામાં બળવાન ચણતર કરનાર ત્રણસો જેટલા જૈન કવિઓનાં કાવ્યો ઉતારી, ગ્રંથકાર વિદ્વત્તાભેર સિદ્ધ કરે છે કે અપભ્રંશ વાણી વાટે વિકસેલું ગુર્જર સાહિત્ય સારી પેઠે સમૃદ્ધિવંત હતું. ભાષાના ઘડતર ઉપર તો આ ગ્રંથ અત્યંત ઉર્જ્વલ જ્યોતિ પાથરે છે, અને ગુર્જર સાહિત્યને જાજ્વલ્યમાન બનાવવામાં જૈન કવિઓનો મહાન્ હિસ્સો પૂરવાર કરે છે. ગ્રંથકારના આવા ભગીરથ પરિશ્રમ માટે ઉચ્ચ આદર ઉપજે છે.

સૌરાષ્ટ્ર તા. ૫-૨-૨૭.

---

(૫) શ્રીયુત **નાનાલાલ ચીમનલાલ મહેતા** આઇ. સી. એસ. ડેપ્યુટી કમિશનર પર્તાબગઢ, અવધ તા. ૧૭ મી ફેબ્રુઆરી ૧૯૨૭ ના પત્રથી આ સંબંધે જણાવે છે કે:—

I have read the introduction of your book which alone I am in a position to appreciate. Your book is really a book for the book-makers. There is so much matter new and interesting that nobody interested in Jaina and Prakrit literatures can afford to ignore it. The only criticism I have to make is that the presentation might have been more concise and systematic with a detailed Syno-

psis at the beginning. A few foot-notes for the old verses would have been also useful.

—મેં તમારા પુસ્તકની પ્રસ્તાવના વાંચી છે, કે જે એકજની કદર કરવાની સ્થિતિમાં હું છું. તમારૂં પુસ્તક ખરેખર પુસ્તકના કર્ત્તા થવા માંગતાને માટે છે. તેમાં એટલું બધું નવું અને રસપ્રદ દ્રવ્ય-વસ્તુ છે કે જૈન અને પ્રાકૃત સાહિત્યોમાં રસ લેનાર કોઇને પણ તેથી અજાણ્યા રહેવાનું પાલવે નહિ. ફક્ત એક ટીકા સૂચન મારે કરવું પડે છે કે આરંભમાં વિગતવાર સારાંશ આપીને વસ્તુનિવેદન –પ્રતિપાદન વધુ સંક્ષિપ્ત અને વધુ વ્યવસ્થિત કદાચ થઇ શકત. જૂની કવિતા માટે થોડી 'ફુટનોટ' પણ ઉપયોગી નિવડત.

---

(૬) માર્ચ ૧૯૨૭ ના **'સાહિત્ય'**માં નીચે પ્રમાણે **'ગ્રંથાવલોકન'**માં પ્રગટ થયું છે.

જૈન ગુર્જર કવિઓ—પહેલો ભાગ સંપાદનાર મોહનલાલ દલીચંદ દેશાઇ, મુંબાઇ, જૈન શ્વેતામ્બર કોનફરંસ ઓફિસ, કિંમત રૂા. ૫) આ સાલમાં બહાર પડેલા પુસ્તકોમાં આને અમે સૌથી અગત્યનું ગણીએ છીએ; તેનાં એ કારણો આઃ આમાં જૂની ગુજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ એ નામનો નિબંધ ભાઇ મોહનલાલે લખ્યો છે; અને વિક્રમના તેરમા સૈકાની કવિતા પહેલી વાર બહાર પાડી છે. એ ખરૂં, કે નિબંધ જૂદી જૂદી તૈયાર સામગ્રી પરથી ઘડાયો; પરંતુ મુદ્દાની વાત એ કે તૈયાર સામગ્રીની થયા યોગ્ય ચાળવણી કરીને ઉપયોગી સાધનોને એકઠા કરી તે પરથી માન્ય થઇ શકે એવા સિદ્ધાંતો બાંધવા એ મુશ્કેલ કામ ભાઇ મોહનલાલે કર્યું છે. એમનો આ નિબંધ ભાષાશાસ્ત્રીને જોઇ આપે તેવો અને ભાષાશાસ્ત્રના અભ્યાસીને કામમાં લાગે તેવો છે. એમાં વિદ્વતા, વાંચન અને મનનનાં પરિણામો સ્પષ્ટ તરવરી રહે છે. એઓ સાચું કહે છે, કે "જૂની અપભ્રંશ સંસ્કૃત અને પ્રાકૃત સાથે મળતી છે અને પાછળની અપભ્રંશ જૂની ગુજરાતીને મળતી છે." આગળ ચાલતાં તેઓ સારી રીતે સાબીત કરી શક્યા છે, કે "તેરમી ચૌદમી સદીમાં ગુજરાતીનું વાંગ્મય નિર્માણ થયું; તેથી ગુજરાતી ભાષા તેટલી પ્રૌઢ થઇ હતી એવું જણાય છે. તે પૂર્વે ત્રણ સદી તો તે બોલાતી હોવી જોઇએ. + + આ સંબંધે કેવળ અનુમાન પર તે વાતનો આધાર રાખવા જેવું નથી રહ્યું. + + સંવત ૮૩૫ માં રચાયેલી કુવલયમાળામાં મુખ્ય દેશમાં + + ગુર્જર લોક ને તેમની ભાષાનો સ્પષ્ટ ઉલ્લેખ છે:—

'ન ઉરે ભલ્લઉં ભણિરે અહ પેચ્છઇ ગુજ્જરે અવરે

એટલે—પછી ગુર્જર લોકોને જોયા. એ લોકો + + ન ઉરે ભલ્લઉં એમ બોલનારા હોય છે." મતલબ કે અમારી માન્યતા છે કે ગુજરાતી ઘણી જૂની છે. પારસીઓના હિંદમાંના વસવાટ જેટલી જૂની છે, તે બીજી રીતે ભાઇ મોહનલાલ સાબીત કરી શક્યા છે. હવે જોવાનું છે, કે પૂ. નરસિંહરાવ ભાઇ કેવી રીતે આનું ખંડન કરે છે.

આ નિબંધમાંના એક મંતવ્યનો અમારે વિરોધ કરવો જોઇએ. ભાઇ મોહનલાલ માને છે, કે જૈનો અને બ્રાહ્મણોનાં સાહિત્ય જૂદાં જૂદાં ખીલ્યા નહોતાં. આને માટે કશો આધાર તેઓ આપી શક્યા નથી, પોતાની વિરૂદ્ધનો પુરાવો એમણે પ્રગટ કરેલી આ ચોપડીથી મળી રહે છે. **'જૈન ગુર્જર કવિઓ'** એ નામ સંપ્રદાયનું, તેમ અંદરની કવિતા પણ સંપ્રદાયની છે. એથીજ અમે કહીએ છીએ, કે જૈન ગુજરાતીને જૂની ગુજરાતી માનવાની ભૂલ ન કરો. **જૈન ગુજરાતી એજ તે તે કાળના હિંદુ લખનારની ભાષા હતી** અને હાલનાં રૂપ તો બહુ પ્રતના ક્રમને લીધે લાધ્યાં એમ કહેવું ન્યાયયુક્ત નથી. એ ચર્ચા જવા દઇશું, અને આ ચોપડીમાંથી સંવત ૧૨૪૧ માં લખાયેલ કવિતાઓની બે ચાર લીટી વાનગી તરીકે રજુ કરી અટકીશું.

"ગુણ ગણહ એ તણઉં ભંડારૂ, સાલિભદ્રસૂરિ જાણીઇએ
કીધીઉં એહ તીણિ ચરિતુ ભરહ નરેસર રાસુ છંદિઇ

× × × ×

સંવત એ બાર એકતાલિ ફાગણ પંચમિઇ એહુ કીઉએ

સાહિત્ય. માર્ચ. ૨૭.

---

(૭) 'ગુજરાત'માં મી. જયોતીન્દ્ર હ. દવે 'નવું સાહિત્ય' એ નામના વિભાગમાં ફાલ્ગુન સં. ૧૯૮૩ ના અંકમાં નીચે પ્રમાણે લખે છેઃ—

જૈન ગુજર કવિઓઃ—પ્રથમ ભાગઃ પ્રયોજકઃ રા. મોહનલાલ દલીચંદ દેસાઇઃ પ્રકાશકઃ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ ઑફીસ, મુંબાઇ. મૂલ્ય ૩. પાંચ.

જૈન સાહિત્યના પ્રખર અભ્યાસક તરીકે રા. મોહનલાલનું નામ સુપરિચિત છે. સંસદ પ્રયોજિત 'ગુજરાતી સાહિત્ય'ના પાંચમા ખંડમાં તેમણે મધ્ય યુગના જૈન કવિઓનો પરિચય કરાવ્યો છે.

આ પુસ્તકમાં વિક્રમના તેરમા શતકથી તે સત્તરમા શતક સુધીના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિમાંથી નમુના આપીને ઓળખાણ કરાવી છે.

આપણા આદિ કવિ નરસિંહ મહેતા પહેલાં અનેકાનેક જૈન કવિઓ થઇ ગયા છે; અને ત્યાર પછી પણ ઘણા થઇ ગયા છે. એ સર્વની કૃતિઓનું પરિશીલન કરીને તેમાંથી સારદોહન કરવાનું કાર્ય કેટલું કઠણ છે તે સહજ સમજાય એમ છે. પ્રસ્તુત સંગ્રહ તૈયાર કરતાં રા. મોહનલાલને કેટલો પરિશ્રમ કરવો પડયો હતો. કેટકેટલી પ્રતોનું અવલોકન કરવું પડયું હતું તેનો ઝાંખો ખ્યાલ 'નિવેદન' વાંચ્યાથી આવે એમ છે. આ ગ્રંથને જૈન સાહિત્યની Encyclopidea નું નામ આપીએ તો તેમાં જરા પણ અતિશયોક્તિ નથી.

આ ઉપરાંત ગ્રંથના આરંભમાં 'ગુજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ' આપ્યો છે તે બહુ ઉપયોગી છે. એના સાત વિભાગ પાડયા છે. પહેલા વિભાગમાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષા સંબંધી વિવેચન છે. બીજા વિભાગમાં દશમી સદીથી માંડી સોળમી સદી સુધી અપભ્રંશ સાહિત્યનો પરિચય કરાવવામાં આવ્યો છે. ત્રીજા વિભાગમાં હેમચંદ્રાચાર્ય તથા તેના વ્યાકરણ પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. ચોથા વિભાગમાં સોમપ્રભાચાર્યના કુમારપાલ પ્રતિબોધ વીશે. પાંચમામાં પ્રબંધ ચિંતામણિ વીશે બહુજ ઉપયુકત માહિતી આપવામાં આવી છે. છઠ્ઠા વિભાગમાં 'અપભ્રંશ સંબંધી કેટલીક હકીકતો' અને સાતમામાં 'જુની ગુજરાતી સંબંધી કેટલીક હકીકતો' આપવામાં આવી છે. ૩૨૦ પાનાનો આ વિસ્તૃત નિબંધ ઘણી રીતે ઉપયોગી છે. વર્ષોના અભ્યાસનું એ પરીણામ છે એમ તરત જણાઇ આવે છે. આખો નિબંધ રા. મોહનલાલ છુટો છપાવશે તો ગુજરાતી ભાષાના અભ્યાસીઓ પર એમનો મોટો ઉપકાર થશે.

રા. મોહનલાલ આનો બીજો ભાગ સત્વર પ્રગટ કરશે એવી આશા સાથે વિરમીશું.

ગુજરાત—ફાલ્ગુન ૧૯૮૩.

---

(૮) **જૈન સાહિત્ય સંશોધક** નામના ત્રિમાસિકના ફાલ્ગુન સં. ૧૯૮૩ ના અંકમાં આચાર્ય શ્રી જિનવિજય 'નવ પ્રકાશિત ગ્રંથ પરિચય'માં પોતાના વિચારો અને ઉદ્‌ગારો નીચે પ્રમાણે જણાવે છેઃ—

જૈન ગૂર્જર કવિઓ—પ્રથમ ભાગ. [વિક્રમ તેરમા શતકથી તે સત્તરમા શતક સુધીના ગૂજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિ સહિત વિસ્તૃત સૂચિ. 'જૂની ગૂજરાતી ભાષાના ઇતિહાસ'ની વિસ્તૃત પ્રસ્તાવના સમેત **સંગ્રાહક** અને **સંપ્રયોજક** શ્રીયુત **મોહનલાલ દલીચંદ દેસાઇ**, બી. એ. એલ્‌એલ્. બી. વકીલ હાઇકોર્ટ મુંબઇ. પ્રકાશક જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઑફીસ, મુંબઇ.]

આ ગૌરવ ભરેલા ગ્રંથના 'સંપ્રયોજક' શ્રીયુત મોહનલાલ દ. દેશાઇ. આ વિષયમાં, અમારા સમવ્યસની અને સમસ્વભાવી ચિરમિત્ર છે. જૈન સાહિત્ય અને જૈન ઇતિહાસના પરિશીલનનો તેમને ઘણો જૂનો રોગ છે. જે વખતે અમને કલમયે ઝાલતાં નહોતી આવડતી તે વખતના એ જૈન ઇતિહાસ અને જૈન સાહિત્યના વિચારવેત્તા અને અનન્ય આશક બનેલા છે. કોઇ ૨૦-૨૨ વર્ષથી જે એક પોતાના પ્રિય-વિચારરૂપ સુપુત્રની એ પ્રતિપાલના કરતા આવ્યા છે તેના લગ્નોત્સવ સમાન સૌભાગ્ય ભરેલા સુપ્રસંગ જેવો, આ ગ્રંથને પ્રકાશમાં મૂકવાનો તેમના માટે સુઅવસર આવેલો ગણાય. અને એ સુઅવસરને જોવા મોહનભાઇ સફળ થયા તે માટે અમે એમને વધામણી આપીએ છીએ.

આ યુગના જૈન વ્યવસાયી ગૃહસ્થોમાં મોહન-

ભાઇ જૂના જૈન ગૂજરાતી સાહિત્યના અભ્યાસી તરીકે સર્વાગ્ર છે એમ જો કહીએ તો તેમાં જરાયે અમને અતિશયતા નથી લાગતી. ક્યાં તો વકીલાતનો વહેતો ધંધો અને ક્યાં આ અખંડ સાહિત્ય સેવા! ખરી રીતે જ્યાં આ બે પ્રવૃત્તિઓને જરાયે મેળ નથી ત્યાં મોહનભાઈ આવું અત્યુત્તમ ફળ નીપજાવી શક્યા તે માટે એમના ઉદ્યોગની શી વર્ણના કરી શકાય. કેવળ સાહિત્ય પ્રવૃત્તિ એ જ જેમના જીવન-નિર્વાહનો ખાસ ઉપાય હોય અને એ જ જાતનું જીવન જીવવા માટે જેઓ સરજાયા હોય તેવા પુરુષો પણ, જે કાર્ય મોહનભાઇએ કરી બતાવ્યું છે તે, કરી બતાવવા ભાગ્યે જ ભાગ્યશાળી નીવડે છે. મોહનભાઇ જો ન જન્મ્યા હોત તો કદાચ જૈન ગૂર્જર કવિઓની ઝાંખી કરવા જગતને ૨૧ મી સદીની વાટ જોવી પડત.

હવે મુદ્દા ઉપર આવીએ. આ ગ્રંથમાં ગૂજરાતી ભાષામાં પદ્ય રૂપે, જે જે જૈન વિદ્વાનો, જે કંઇ લખી ગયા છે તેની વિગતવાર યાદિ આપવાનો મુખ્ય ઉદ્દેશ રાખેલો છે. આ ભાગમાં ૨૮૦ લેખકોની ૫૪૦ કૃતિઓની નોંધ આવેલી છે અને તેણે લગભગ ૬૦૦ પાના રોકેલા છે. એ એકલી નોંધ જ નથી પણ ખરી રીતે ૫૦૦ વર્ષના ગાળામાં થએલા ૩૦૦ જેટલા ગૂજરાતી ભાષાના ઉત્કર્ષક અને પોષક એવા જૈન વિદ્વાનોના જીવનકાર્યનું સારભૂત તારણ છે. આ ૬૦૦ પાનાના મૂળ ગ્રંથ ઉપર ૩૦૦ કરતાંયે વધારે પાનાની 'પ્રસ્તાવના (!)' છે. એનું નામ પ્રસ્તાવના છે, પણ વાસ્તવિકમાં ગૂજરાતી ભાષાના બંધારણ અને ઇતિહાસ ઉપર પ્રકાશ પાડનારા અનેકાનેક પ્રસ્તાવો-પ્રકરણો-પ્રબંધોના સંગ્રહનો આ એક મોટો ગ્રંથ જ બનેલો છે. સુંઠના ગાંઠિએ ગાંધી જેવા બનેલા સાક્ષર વર્ગમાંના મોટા ભાગને તો આ ગ્રંથનાં પૂરાં પાનાં ફેરવી જવાં જેટલું ધૈર્ય પણ હોવું કઠણ છે ત્યારે મોહનભાઈ તો આવા અનેક ભાગો લખી, સુધારી, છપાવી બહાર પાડવાના હજી તો મોટા મનોરથો કરી રહ્યા છે. ભગવતી શ્રુતદેવતા એમના એ મહનીય મનોરથોને સફળ કરવાની શુભ તક આપે.

—જૈન સાહિત્ય સંશોધક—ફાલ્ગુન સં. ૧૯૮૩.

[આ ગ્રંથ (૧) જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસ, પાયધુની મુંબઇ, (૨) મેસર્સ મેઘજી હીરજી જૈન બુકસેલર, પાયધુની, મુંબઇ ને ત્યાંથી મળી શકશે. કિંમત રૂ. પાંચ છે.]

" સ્નેહના સરજ્યા "

અમે તો સ્નેહના સરજ્યા સદાના સ્નેહિ રહેવાના,
ઉરેઉર એકતા સાધી લલિત ઉર લ્હાવ લેવાના. અમે.

અમારે સ્નેહથી જીવવું, અમારે સ્નેહથી મરવું;
અમારે સ્નેહથી તરવું, અમે તો સ્નેહિ દિવાના. અમે.

રહે જો જળવિના મત્સ્ય, રહે જો દેહી વીણ દેહ;
અમારે સ્નેહ વીણ તેમ ખરેખર પ્રાણ જવાના. અમે.

સમુદ્ર છાતીપર જહાજ, અમે ત્યમ સ્નેહની સાથ;
દૃઢીભૂત બાથ ભીડાવી સમાધિ મસ્ત થાવાના. અમે.

ધીરજલાલ બે. શાહ.

અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી.

'અનુક્રમે સંયમ સ્પર્શતોજી, પામ્યો ક્ષાયિક ભાવ રે;
સંયમશ્રેણી ફુલડેજી, પૂજું પદ નિષ્પાવ રે.
—સંયમ શ્રેણીની સ્વાધ્યાય.

—(આત્માની અભેદ ચિંતારૂપ) સંયમના એક પછી એક ક્રમને અનુભવીને ક્ષાયકભાવ (જડપરિણતિનો ત્યાગ) ને પામેલો એવો જે શ્રી સિદ્ધાર્થ પુત્ર, તેનાં નિર્મળ ચરણકમળને સંયમશ્રેણિરૂપ ફુલથી પૂજું છું."

આ અતિશય ગંભીર વચનો છે. તે દ્વારા, શ્રીમન્ મહાવીર પ્રભુનું સ્મરણ કરી, શ્રી વીરના એક સુપુત્રનું સ્મરણ–ગુણોત્કીર્ત્તન–ચરિત્રાલેખન થોડું થોડું મારી અધૂરી વાણીમાં કરવા પ્રવૃત્ત થાઉં છું.

૧. દેવચંદ્રજીના જીવનનો ઇતિહાસ અલભ્ય હતો, પણ હમણાં એક 'કવિયણ'નો તેમના સ્વર્ગવાસ પછી તેર વર્ષે (સં. ૧૮૨૫ આશો શુદ ૮ રવિવારે) રચેલો 'દેવવિલાસરાસ' પ્રાપ્ત થતાં તેમાંથી મળતી ટુંક હકીકત લઇ લઇએ.

૨. " મરૂસ્થલ—મારવાડના બીકાનેર પાસેના એક ગામમાં ઓસવાલ વંશીય લૂણીઆ ગોત્રના શાહ તુલસીદાસજી વસતા હતા. તેને ધનબાઇ નામની ભાર્યા હતી. ઉપાધ્યાય રાજસાગર આવતાં તેણીએ જણાવ્યું કે પોતાને જો પુત્ર થશે તો તે ગુરૂને ભાવપૂર્વક વહોરાવશે. ધનબાઇને ગર્ભ વધતો ચાલ્યો, અને શુભ સ્વપ્નો આવવા લાગ્યાં. ત્યાં ખરતરગચ્છના આચાર્ય શ્રી [૨]જિનચંદ્રસૂરિ વિહાર કરતાં કરતાં તે ગામે આવી ચડ્યા, ને તેમને આ દંપતિએ સ્વપ્નો જણાવ્યાં, તે પરથી તેમણે સ્વપ્નશાસ્ત્રાધારે જણાવ્યું કે પુત્ર એક મહાન્ થશે, કાંતો તે છત્રપતિ થશે અને કાંતો પત્રપતિ થશે–દીક્ષા–સંન્યાસ લેશે. સૂરિજી ગયા પછી સં. ૧૭૪૬ માં પુત્ર જન્મ્યો ને નામ દેવચંદ્ર આપ્યું. તે આઠ વર્ષનો થયો ત્યાં અનુક્રમે વિહાર કરતાં કરતાં ઉપરોક્ત રાજસાગર

૧—દેવચંદ્રજીનું સંક્ષિપ્ત જીવન લખવાનું ભાગ્ય મને રા. રા. મોહનલાલ હીમચંદ વકીલે તેમના આગમસાર–આગમસારોદ્ધાર એ નામનો ગ્રંથ તેમના તરફથી જુદો ને એક નાની ચોપડીના આકારે છપાતો હતો તેમાં મૂકવા પ્રેરણા કરેલી ત્યારે થયું હતું. તેને આજે ૧૫ વર્ષ થઇ ગયાં. તે વખતે જુજ હકીકત મળી તે પરથી લખેલું ટુંક જીવન તેમાં તેમજ જૈન શ્વે. કૉન્ફરન્સ હેરૅલ્ડમાં તેમજ, જૈન કાવ્યદોહન (રા. મનસુખલાલ રવજી પ્રકાશિત) માં પ્રકટ થયું છે. ત્યારથી તે અત્યાર સુધીમાં શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી તેમના સર્વ ગ્રંથો બે ભાગમાં 'શ્રીમદ્ દેવચંદ્ર' એ નામથી પ્રકટ થયા છે-અને હમણાં આ સાથેજ 'દેવવિલાસ' એ નામનો રાસ અધ્યાત્મજ્ઞાન પ્રચારક મંડળ તરફથી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાલા ગ્રથાંક ૧૦૩–૧૦૪ માં પ્રકટ થયો છે તે સર્વ પરથી, તેમના સંબંધી ઘણું જાણવાનું મળે છે. તેમાંથી અહીં જરા વિસ્તારથી જણાવવાનું સુભાગ્ય ફરીથી ઉક્ત રા. મોહનલાલ હીમચંદ વકીલ પાદરાવાળાની પુનઃ પ્રેરણાથી મને પ્રાપ્ત થાય છે. આમાં શ્રીમદ્ દેવચંદ્રના બંને ભાગોનો સ્થળે સ્થળે ઉલ્લેખ આપેલ છે, તેમાં પહેલા ભાગને ૧ ને બીજા ભાગને ૨ એમ જણાવી પછી આડી લીટી દોરી તે તેના પૃષ્ઠની સંખ્યા જણાવી છે.

૨—દેવચંદ્રજી પોતાને યુગપ્રધાન ખરતર ગચ્છાચાર્ય જિનચંદ્રસૂરિની પરંપરા શાખામાં થયેલ જણાવે છે. (જુઓ વિચારસાર પ્રશસ્તિ) અને તે જિનચંદ્રજી કે જેમણે બાદશાહ અકબરને પ્રતિબોધેલો, અને તે અકબર પાસેથીજ 'યુગપ્રધાન' એ નામનું બિરૂદ મેળવેલું. તેઓનો જન્મ સં. ૧૫૯૫, દીક્ષા સં. ૧૬૦૪, સૂરિપદ સં. ૧૬૧૨, સ્વર્ગવાસ સં. ૧૬૭૦ માં થયો હતો તેથી તેઓ ૧૭૪૬ માં દેવચંદ્રજીના જન્મ પહેલાં ૭૬ વર્ષે સ્વર્ગસ્થ થયેલા. એ કારણે જે જિનચંદ્ર સૂરિએ દેવચંદ્રની માતાનાં સ્વપ્નનો વિચાર કહ્યો અને જેમણે દેવચંદ્રજીને વડી દીક્ષા આપી તે ઉક્ત યુગપ્રધાન ખરતરગચ્છની પટ્ટાવલિના ૬૧ મા પટ્ટધર નહિ, પણ તે પછીના ૬૫ મા પટ્ટધર સમજવા. તેમના ગણધરચોપડા ગોત્રના સાહ, સહસકરણ પિતા, અને સુવિચાર દેવી માતા હતાં. મૂલ નામ હેમરાજ અને દીક્ષા નામ હર્ષલાભ. તેમની પદસ્થાપના સં. ૧૭૧૧ ના ભાદ્રપદ વદ ૧૦ ને રોજ રાજનગરમાં નાહટા ગોત્રના સાહ જયમલ્લ તેજસીની માતા કસ્તુરબાઇએ મહોત્સવપૂર્વક કરી હતી. ત્યાર પછી તેમણે જોધપુરવાસી શાહ મનોહરદાસે કરાવેલા ચૈત્યમાં ઋષભાદિ ૨૪ જિનની પ્રતિષ્ઠા કરી. એ રીતે વિધવિધ દેશવિહારી સિદ્ધાંતજ્ઞાતા જિનચંદ્રસૂરિ સૂરત બંદરે સં. ૧૭૬૩ માં સ્વર્ગસ્થ થયા. (જુઓ ક્ષમાકલ્યાણકૃત ખરતરગચ્છ પટ્ટાવલિ.)

વાચક પધાર્યા. દેવચંદ્રને માતપિતાએ વહોરાવ્યો, ને શુભ મુહૂર્તે તે ગુરૂએ સં. ૧૭૫૬ માં તેને લઘુદીક્ષા આપી. પછી ઉક્ત જિનચંદ્ર સૂરિએ વડી દીક્ષા આપી, ને નામ રાજવિમલ રાખ્યું. પછી રાજસાગરજીએ દીક્ષિતને સરસ્વતી મંત્ર આપતાં શિષ્ય દેવચંદ્રજીએ તેનું ધ્યાન બેલાડા ગામમાં રમ્ય વેણાતટે ભૂમિગૃહમાં (ભોંયરામાં) યથાર્થ કરતાં સરસ્વતીએ પ્રસન્ન થઇ રસનામાં વાસ કર્યો[૩] શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. ષડાવશ્યક સૂત્ર, અન્યદર્શનનાં શાસ્ત્ર, પંચકાવ્ય–નૈષધાદિ, નાટક, જ્યોતિષ, ૮ કોષ, કૌમુદી મહાભાષ્યાદિ વ્યાકરણો, પિંગળ, સ્વરોદય, તત્ત્વાર્થસૂત્ર, આવશ્યક બૃહદ્વૃત્તિ, વિશેષાવશ્યક, શ્રી હરિભદ્ર સૂરિ, હેમાચાર્ય, અને યશોવિજયજીના રચેલા ગ્રંથો, ૭ કર્મ ગ્રંથ, કર્મ પ્રકૃતિ આદિ અનેક શાસ્ત્રોની જૈન આમ્નાયથી સુગંધ લઇ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મેળવ્યું. (દેવચંદ્રજીએ મુલતાનમાં સં. ૧૭૬૬ ના વૈશાખમાં ધ્યાનદીપિકા લખી; મુલતાન તથા બીકાનેરમાં ચોમાસાં કર્યા, ને સં. ૧૭૬૭ ના પોષ માસમાં દ્રવ્ય પ્રકાશ બનાવ્યો.) સં. ૧૭૭૪ માં રાજસાગર વાચક દેવલોકે ગયા. સં. ૧૭૭૫ માં જ્ઞાનધર્મ પાઠક સ્વર્ગસ્થ થયા.

૩. 'દેવચંદ્રજીએ વિમલાદાસની બે પુત્રી નામે માણજી અને અમાણજી માટે આગમસાર નામનો ગદ્યમાં ગ્રંથ રચ્યો.[૪] તેઓ સં. ૧૭૭૭ માં ગૂજરાત આવી પાટણમાં પધાર્યા; ત્યાં પૂર્ણિમ ગચ્છના ભાવપ્રભસૂરિ[૫]ના ઉપદેશથી પૂર્ણિમ ગચ્છના શ્રાવક નગરશેઠ શ્રીમાલી વંશીય દોસી તેજસી જેતસીએ સહસકૂટ જિન બિંબ ભરાવ્યાં[૬] હતાં, અને તે ભાવપ્રભસૂરિ પાસે તેમાં પ્રતિષ્ઠા કરાવી હતી; તે શેઠને દેવચંદ્રે પૂછ્યું કે તમે સહસકૂટનાં જિનબિંબ તો ભરાવ્યાં, પણ તે

ગ્રંથ કિયો મનરંગસો, સિતપખ ફાગુણ માસ,
ભોમવાર અરૂ તીજ તિથિ, સફલ ફલી મન આશ.

૫–**ભાવપ્રભસૂરિ**–પૌર્ણમિક ગચ્છના સ્થાપક ચંદ્રપ્રભસૂરિ સં. ૧૧૫૦–તેની પટ્ટ પરંપરામાં પ્રધાન શાખામાં વિદ્યાપ્રભસૂરિ–તેના પટ્ટે લલિતપ્રભસૂરિ–તેની પાટે વિનયપ્રભસૂરિ–તેની પાટે મહિમાપ્રભસૂરિ અને તેની પાટે ભાવપ્રભસૂરિ. તેમનું સૂરિપદ પહેલાં ભાવરત્ન નામ હતું અને પિતાનું નામ માંડણ અને માતાનું નામ બાદૂલા (?) હતું. તેમણે સં. ૧૭૬૩ ના માઘ શુદ્ધ ૮ ગુરૂએ યશોવિજય ઉપાધ્યાયકૃત સંસ્કૃત પ્રતિમાશતક પર સં. ટીકા રચી છે. તેમનો સૂરિપદ મહોત્સવ પાટણમાં માતા રામા અને પિતા જયતસીના પુત્ર તેજસી (કે જેમણે સહસ્રકૂટ મંદિરમાં બિંબ તેમનાજ હસ્તથી ભરાવ્યા હતા) એ કર્યો હતો. તેમણે સં. ૧૭૬૯ માં રૂપપુરમાં હરિબલ મચ્છીનો રાસ, સં. ૧૭૯૭ માં પાટણમાં સુભદ્રા સતી રાસ, સં. ૧૭૯૯ માં પાટણમાં બુદ્ધિલ વિમલા સતી રાસ, સં. ૧૮૦૦ માં અંબડરાસ તથા નવવાડ સઝાય, ૧૩ કાઠીયાસઝાય, અધ્યાત્મ થુઇ વગેરે ગૂર્જર ભાષામાં રચેલ છે. આ દેવચંદ્રજીના સમકાલીન હતા. તેઓ પાટણમાં ઢંઢેરવાડાના અપાસરામાં રહેતા ને તેની શાખા ઢંઢેર પડી હતી. તેમણે કાલિદાસકૃત જ્યોતિર્વિદાભરણ પર સુખબોધિકા નામની સંસ્કૃત ટીકા પણ રચી છે.

૬–દેવચંદ્રજી પોતે આ પાટણના સહસ્રકૂટ સંબંધે સ્તવન રચ્યું છે (શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ ૨ જો પૃ. ૯૨૩-૯૨૪) તેમાં જણાવ્યું છે કે:—

સહસ્રકૂટ સિદ્ધાચલ ઉપરેં, તિમહિજ ધરણી વિહાર,
તેથી અદ્ભૂત એ છે સ્થાપના, પાટણ નગર મઝાર. ૯
તીર્થ સકલ વળી તીર્થંકર સહુ, એણે પૂજ્ય તે પૂજ્ય,
એક જીહથી મહિમા એહનો, કિણ ભાતે કહેવાય. ૧૦
શ્રીમાળી કુલ દીપક જેતસી, શેઠ સુગુણ ભંડાર,
તસ સુત શેઠ શિરોમણી તેજસી, પાટણ નગરમેં દાતાર. ૧૧
તેણે એ બિંબ ભરાવ્યા ભાવશું, સહસ અધિકા ચોવીસ,
કીધી પ્રતીષ્ઠા પુનમગચ્છધર, ભાવપ્રભ સૂરીસ. ૧૨

આ સહસ્રકૂટનું મંદિર પાટણમાં તાંગડીયા વાડામાં સહસ્રફણા પાર્શ્વનાથજી પ્રમુખ સાત દેહરાસરૂજી છે તેમાંનું એક છે.

૩–આમ હોય તો દેવચંદ્રજીએ ગમે ત્યાં પણ સરસ્વતિની સ્તુતિ અવશ્ય કરી હશે એમ મનમાં આવતાં તેના ગ્રંથોના બંને ભાગ ફેરવી ગયો, પણ મારા જોવામાં ન આવી.

૪–જ્યારે દેવચંદ્રજી પોતે તે ગ્રંથના અંતની પ્રશસ્તિમાં સ્વમિત્ર દુર્ગદાસને શુભચિત્તે સમજાવવા માટે મરોટકોટમાં સં. ૧૭૭૬ ના ફાગણ શુદ્ધ ૩ ભોમવારે આગમસાર રચ્યો એમ કહે છે.

સંવત સત્તર છિહુત્તરે, મન શુદ્ધ ફાગુણ માસ,
મોટે કોટ મરોડ મે, વસતા સુખ ચોમાસ. × ×
આગમસારોદ્ધાર એહ, પ્રાકૃત સંસ્કૃત રૂપ,
ગ્રંથ કિયો દેવચંદ્ર મુનિ, જ્ઞાનામૃતરસકૂપ,
કર્યો ઇહાં સદ્ભાય અતિ, દુર્ગદાસ શુભ ચિત્ત,
સમજાવન નિજ મિત્રકું, કીનો ગ્રંથ પવિત્ત.
ધર્મમિત્ર જિન ધર્મ રતન, ભવિજન સમકિતવંત,
શુદ્ધ અમરપદ ઓલખાણ, ગ્રંથ કીયો ગુણવંત. × ×

સહસકૂટના ૧૦૨૪ જિનનાં નામ ગુરૂ મુખે કહિ ધાર્યા છે ? શેઠે અજાણપણું બતાવ્યું. એ અવસરે તપગચ્છીય જ્ઞાનવિમલ સૂરિ હતા તેની પાસે જઇ શેઠે સહસ્રકૂટનાં નામ પૂછ્યાં, ત્યારે તેમણે એમ કહ્યું કે અવસરે જણાવીશું. એક વખત ત્યાં શાહની પોળમાં ચોમુખ વાડીપાર્શ્વનાથના મંદિરમાં સત્તરભેદી પૂજા ને સ્તવના થતી હતી ત્યાં જ્ઞાનવિમલ સૂરિ આવ્યા ને તેમને સહસકૂટનાં નામો પૂછતાં તેમણે જણાવ્યું કે પ્રાયઃ શાસ્ત્રમાં તે નામો નથી. કોઇ શાસ્ત્રે કદાચિત્ હોય. એટલે એનો પ્રતિરોધ દેવચંદ્રજીએ કરી છેવટે પોતે સહસ્રનામો બતાવી આપ્યાં. આથી બંને વચ્ચે (દેવચંદ્રજી અને જ્ઞાનવિમલ સૂરિ વચ્ચે) પ્રીતિ જામી. રાજસાગરના શિષ્યની ખ્યાતિ થઇ–તેમણે પછી ભવ્ય પ્રતિષ્ઠા અને નવા ઓચ્છવ કરાવ્યા, અને ક્રિયોદ્ધાર કર્યો. તેમાં અપરિગ્રહ પર બહુ ભાર મૂક્યો–સત્ય પ્રભુ માર્ગમાં મૂર્ચ્છા તજવીજ ધરે ને તે તજી. સં. ૧૭૮૭(?)! માં અમદાવાદ આવી નાગોરી સરાહમાં ઉતરી ભગવતી સૂત્રની વાચના કરી, ને ત્યાં ઢુંઢક માણેકલાલને મૂર્ત્તિપૂજક કર્યો; નવું ચૈત્ય કરાવી તેમાં પ્રતિમા સ્થાપી. ત્યાં શાંતિનાથની પોળમાં સહસફણા બિંબ[૮] સ્થાપ્યું. સહસકુટ જિનબિંબની પ્રતિષ્ઠા કરી. સં. ૧૭૭૯ માં ખંભાત ચોમાસું કર્યું પછી શત્રુંજયપર નવાં ચૈત્ય કરાવી જીર્ણોદ્ધાર કર્યો. મહા-

૭ **જ્ઞાનવિમલસૂરિ**–ભિન્નમાલના વીસા ઓસવાલ વાસવ શેઠ અને કનકાવતીના પુત્ર. જન્મ સં. ૧૬૯૪ નામ નથુમલ્લ; સં. ૧૭૦૨ માં તપગચ્છના ધીરવિમલ ગણિ પાસે દીક્ષા. નામ નયવિમલ. સં. ૧૭૪૮ માં પાટણ પાસે સંડેરમાં સૂરિપદ–નામ જ્ઞાનવિમલ સૂરિ; તેમના ઉપદેશથી સં. ૧૭૭૭ માં સુરતના શેઠ પ્રેમજી પારેખે શત્રુંજયનો સંઘ કાઢયો. સં. ૧૭૮૨ આશો વદ ૪ ને દિને ખંભાતમાં સ્વર્ગસ્થ.

૮–અમદાવાદમાં હાજા પટેલની પોળમાંની શાંતિનાથ પોળના બીજા દેરાસરના વચલા ભોંયરામાં સહસ્રફણા પાર્શ્વનાથની દેવચંદ્રજીએ કરેલી પ્રતિષ્ઠાનો શિલાલેખ સં. ૧૭૮૪ માગશર વદ ૫ નો મળી આવે છે જુઓ આ પુસ્તકમાં જીવનચરિત્ર પાનું ૩૧ જ્યારે આ કવિયણ સં. ૧૭૮૭ ની સાલ આપે છે. તે કદાચ ૧૭૭૭ની હશે. વળી તે ત્યાર પછી ૧૭૭૮ થી વાત કહેવા માંડે છે–તો આ વર્ષાનુક્રમ આગળ પાછળ ઉલટો રાખવાનું કારણ સમજાતું નથી.

જને તે સિદ્ધાચલપર જીર્ણોદ્ધારનું કારખાનું મંડાવ્યું. સં. ૧૭૮૧, ૧૭૮૨ અને ૧૭૮૩ માં કારીગરો પાસે કામ કરાવી શત્રુંજયનો મહિમા વધાર્યો પછી ગુરૂ રાજનગર (અમદાવાદ) આવ્યા. (આ સં. ૧૭૮૪ માં મૂકાય ને તે વખતે તેમણે સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા ફુટનોટમાં બતાવી છે તે કરી જણાય છે), ત્યાંથી સુરત આવ્યા.

૪. સં. ૧૭૮૫, ૧૭૮૬ અને ૧૭૮૭ માં ૯પાલીતાણામાં પ્રતિષ્ઠા કરી પછી ફરી રાજનગર

૯-પાલીતાણાના શત્રુંજયગિરિપરના ૧૧૮ શિલાલેખોની ટીપ ડા. બુહ્લરે કરી છે તેમાં તેણે ૩૩ લેખો મૂળ સંસ્કૃતમાં આપેલ છે અને બીજાનો માત્ર અંગ્રેજીમાં સાર આપ્યો છે તે પૈકી નં. ૩૪ ખરતરવસી ટુંકના દક્ષિણ બાજુના ખુલ્લા વિભાગમાં સિદ્ધચક્ર શિલાપરના લેખનો સાર એ છે કે:—

સંવત્ ૧૭૮૩ માઘ સુદિ ૫ સિદ્ધચક્ર, ધણપુરના રહેવાસી, શ્રીમાલી લધુ શાખાના ષેતા (ખેતા) ની સ્ત્રી આણન્દ બાઇએ અર્પણ કર્યું (બનાવ્યું). બૃહત્ ખરતર ગચ્છનો મુખ્ય શાખામાં જિનચંદ્રસૂરિ થયા જેમને અકબર બાદશાહે યુગપ્રધાનનું પદ આપ્યું. તેના શિષ્ય મહોપાધ્યાય રાજસાગરજી થયા. તેના શિષ્ય મહોપાધ્યાય જ્ઞાનધર્મજી, તેના શિષ્ય ઉપાધ્યાય દીપચંદ્ર, તેના શિષ્ય પંડિતવર દેવચંદ્રે પ્રતિષ્ઠા કરી.

નં. ૩૫ પંચ પાંડવ દેવાલયની મુખ્ય મૂર્ત્તિની જમણી બાજુએ આવેલી એક મૂર્ત્તિની બેસણી ઉપરનો લેખ છે તેનો સાર એ છે કે;–સંવત્ ૧૭૮૮, માઘ સુદિ ૬, શુક્રવાર, ખરતર ગચ્છના સા (હુ) કીકાના પુત્ર દુલીચન્દે ભીમમુનિની એક પ્રતિમા અર્પણ કરી; ઉપાધ્યાય દીપચંદ્ર ગણિએ પ્રતિષ્ઠા કરી. (આ દીપચંદ્રજી દેવચંદ્રજીના ગુરૂ જણાય છે.)

નં. ૩૬ છીપાવસી ટુંકમાંના એક દેવાલયના મંદિરની બહાર દક્ષિણ ભીંત ઉપરના લેખનો સાર એ છે કે:–સંવત્ ૧૭૯૪, શક ૧૬૫૯, આષાઢ સુદિ ૧૦, રવિવાર. ઓસવંશ વૃદ્ધ શાખા નાહુલ ગોત્રના ભંડારી ભાનાજીના પુત્ર ભંડારી નારાયણજીના પુત્ર ભંડારી તારાચંદના પુત્ર ભંડારી રૂપચંદના પુત્ર ભંડારી સિવચંદના પુત્ર ભંડારી હરષચંદે, એ દેવાલય સમરાવ્યું અને પાર્શ્વનાથની એક પ્રતિમા અર્પણ કરી (કરાવી); બૃહત્ ખરતર ગચ્છના જિનચંદ્રસૂરિના વિજયિ રાજ્યમાં મહોપાધ્યાય રાજસાગ-

આવી ચાતુર્માસ રહ્યા. સં. ૧૭૮૮ માં આષાઢ શુદિ ૨ ને દિને દીપચંદ્રજી પાઠક સ્વર્ગે પધાર્યા. દેવચંદ્રજી હતા ખરતરગચ્છના, છતાં તેમની પાસે તપગચ્છના વિવેકવિજય મુનિ ભણ્યા.

૫. અમદાવાદમાં ૧૦રત્નસિંહ ભંડારી સૂબો હતો. તેનો ઇષ્ટ પ્રિય શેઠ આણંદરામ, દેવચંદ્રજી

વાઈસરૉય-નાયબસુબા તરીકે પ્રસિદ્ધ થયેલા રત્નસિંહે સં. ૧૭૮૯ થી સં. ૧૭૯૩ સુધી અમલ ચલાવ્યો. આ વખતે સમસ્ત હિંદમાં અશાંતિ ને અવ્યવસ્થા હતી. મરાઠાઓ પોતાના સરદાર મલ્હારજી હોલ્કરની સરદારી નીચે ગૂજરાત ઉપર ચઢી આવ્યા ત્યારે રત્નસિંહને પોતાના નવા હોદ્દાપર રહેવાનું મુશ્કેલ થતું ગયું છતાં તે નાયબ સુબા અસાધારણ ખર્ચથી આવતા હુમલા પાછા કાઢતા હતા. વિરમગામનો ભાવસિંહ હેરાનગતી આપતો તેને પકડવા માટે જવાનમર્દખાનને સં. ૧૭૮૦ માં રત્નસિંહે હુકમ કરતાં તેણે તેને પકડયો પણ પછી તેને છોડી દેવો પડયો. સં. ૧૭૮૦ માં મરાઠાઓએ વડોદરા લીધું. ત્યાંના સુબા શેરખાન બાબીએ રત્નસિંહની મદદ માગતાં ખંભાતના સુબા મોમિનખાનને તેની કુમકે મોકલ્યો પણ મહાદજી ગાયકવાડે આ જાણી લઈ શેરખાનને હરાવ્યો ને મોમીનખાન પાછો ખંભાત ગયો. ગાયકવાડે વડોદરા સર કર્યું. આજ વર્ષમાં પેટલાદનો સૂબો ધનરૂપ ભંડારી મરણ પામ્યો ને શાંતિદાસ શેઠના પૌત્ર ખુશાલચંદ શેઠ (આ શાંતિદાસ શેઠે સં. ૧૬૯૪ માં સસપુરમાં પાર્શ્વનાથ મંદિર કર્યું હતું ને જેને તે વખતના ગૂજરાતના સુબા ઔરંગજેબે તોડી ત્યાં સં. ૧૭૦૦ માં મસીદ બંધાવી હતી તે પછી તે મંદિરને શાહજહાંએ પાછું બંધાવી આપ્યું હતું.) ને અમદાવાદથી ભંડારીની કક્ષા થતાં ચાલી જવું પડયું હતું. (આ ખુશાલચંદ સં. ૧૮૦૪ માં મરણ પામ્યા. જુઓ મારી જૈન ઐતિહાસિક રાસમાલા ભાગ ૧ લો પ્રસ્તાવના પૃ. ૮ થી ૧૦). સં. ૧૭૯૯ માં રત્નસિંહને ધોલકાની સુબાગીરી અપાઈ. વિરમગામની સોહરાબખાનને અપાઈ. આ બીજી વાત રત્નસિંહને ન ગમતાં તે અભયસિંહને અપાવી. પછી લડાઈ થઈ ને સોહરાબખાન ઘવાયો ને મૃત્યુ પામ્યો. રત્નસિંહ પર એક ઘોડેસ્વારે ખૂન કરવાનો પ્રયત્ન કરતાં તેને પકડી મારી નાંખવામાં આવ્યો. રત્નસિંહ થયેલા ઘાથી બે મહીને સાજો થયો. વીરમગામના ભાવસિંહે મરાઠા સાથે મળી તેમને ગુપ્ત રીતે ગામમાં બોલાવ્યા. દામાજીએ મારવાડી અધિકારીને કાઢી મૂક્યો ને રંગોજીને ત્યાં રાખી પોતે સોરઠ તરફ જતાં વચમાં રત્નસિંહ ભંડારી સામો થયો, ને રંગોજીને વીરમગામ હાંકી મૂક્યો. મરાઠાઓનો સામાન ઘણો કબજે કર્યો ને પછી વીરમગામને ઘેરો ઘાલ્યો. આ સામે યુક્તિ કરી મરાઠાએ પ્રતાપરાયને અમદાવાદ ઘેરો ઘાલવા મોકલ્યો. આથી ભંડારીને વીરમગામનો ઘેરો તજી અમદાવાદ જવું પડયું સં. ૧૭૯૩ અહમદશાહ સુલતાને અભયસિંહ પાસેથી લઈ મોમીન-

આવી ચાતુર્માસ રહ્યા. સં. ૧૭૮૮ માં આષાઢ શુદિ ૨ ને દિને દીપચંદ્રજી પાઠક સ્વર્ગે પધાર્યા. દેવચંદ્રજી હતા ખરતરગચ્છના, છતાં તેમની પાસે તપગચ્છના વિવેકવિજય મુનિ ભણ્યા.

૫. અમદાવાદમાં ૧૦રત્નસિંહ ભંડારી સૂબો રજીના શિષ્ય ઉપાધ્યાય જ્ઞાનધર્મજીના શિષ્ય ઉપાધ્યાય જ્ઞાનધર્મજીના શિષ્ય ઉપાધ્યાય દીપચંદ્રજીના શિષ્ય પંડિત દેવચંદ્રજીએ પ્રતિષ્ઠિત કરી. (જુઓ સાક્ષર શ્રી જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ ૨ જીના છેવટના અવલોકન પૃ. ૫૧ અને ૫૨.) આ ઉપરાંત શત્રુંજય ઉપર ચૌમુખની ટુંકમાં મંદિરના ચોકમાં જતાં ડાબા હાથે એક સિદ્ધચક્રની સ્થાપના છે તેમાં દેવચંદ્રજી સંબંધી ઉલ્લેખ છે તે લેખ મુનિશ્રી કલ્યાણવિજયજીએ કૃપાથી લખી જણાવ્યો છે કે:—

" संवत् १७८४ वर्षे ॥ मिगशिर वदि ५ तिथौ राजनगर वास्तव्य श्री सिद्धचक्र कारापितं च श्री महावीरदेवाविच्छिन्न परंपरायात श्री वृहत्खरतरगच्छाधिराजश्री अकब्बरसाहि प्रतिबोधक तत्प्रदत्तयुगप्रधान भट्टारक श्री जिनचंद्रसूरि शाखायां महोपाध्याय श्री श्री राजसारजी तत् शिष्य उपाध्याय ज्ञानधर्मजी तत् शिष्य उपाध्याय श्री दीपचंद्रजी तत् शिष्य पंडित देवचंद्र युतेन ॥ "

૧૦-રત્નસિંહ ભંડારી—મારવાડ જોધપુરની ગાદી પર મહારાજા અભયસિંહના વિ. સં. ૧૭૮૦ થી સં. ૧૮૦૬ ના અમલમાં રત્નસિંહ ભંડારીએ ઉદય પામી પોતાની નામના કાઢી હતી. તે જૈન ઓસવાલ કુટુંબના હતા. સંવત્ ૧૭૮૬ માં ગુજરાતના સુબાદાર સરબુલંદખાં સ્વતંત્ર થવાથી બાદશાહ મુહમ્મદશાહે અભયસિંહજીને તે સુબાને દબાવવા માટે મોકલ્યા ને અજમેર અને ગુજરાતનું રાજ્ય સર કરવાને અમદાવાદ તરફ મોટા લશ્કર સાથે કુચ કરી ત્યારે તેમણે મોટી ફોજમાં રત્નસિંહને પોતાની સાથે રાખ્યા હતા. અમદાવાદમાં કેટલીક ખુન, ખ્વાર લડાઇ પછી મહારાજાએ સરબુલંદખાનને જીવતો પકડી દીલ્હી મોકલાવી ગૂજરાત પ્રાંત કબજે કર્યો અને રત્નસિંહને પોતાના મદદનીશ તરીકે નીમ્યા. ત્રણ વર્ષ ગૂજરાત ઉપર અમલ કર્યા પછી અભયસિંહ દીલ્હી પાછા ગયા ને રત્નસિંહ ભંડારીને દીલ્હી રાજ્યના વતી ગૂજરાત ઉપર અમલ કરવાને નીમતા ગયા. ઇતિહાસમાં ઉપ્યુટી

પાસે આવી ધર્મચર્ચા કરતો હતો. તેને ગુરૂએ ચર્ચામાં જીત્યો. આણંદરામે ગુરૂની પ્રશંસા કરતાં રત્નસિંહ ભંડારીએ ગુરૂ પાસે આવી વંદના કરી; ત્યાર પછી પ્રેત્યાં મૃગી ઉપદ્રવ-રોગચાળો ચાલ્યો. તે ભંડારીની અને મહાજનની વિનતિથી ગુરૂએ શમાવ્યો. ત્યાર પછી રણકુંજીએ સૈન્ય લાવી ભંડારી સાથે યુદ્ધનો પડકાર કર્યો. ગુરૂએ બેફિકર રહેવા ભંડારીને કહ્યું. યુદ્ધમાં ભંડારી જીત્યો. ધોલકાવાસી જયચંદ શેઠે એક વિષ્ણુ યોગીને ગુરૂ પાસે આણ્યો, તેને ગુરૂએ જૈન બનાવ્યો. સં. ૧૭૯૫ માં પાલીતાણા અને સં. ૧૭૯૬ માં અને સં. ૧૭૯૭ માં નવાનગર [૧૧]ગુરૂ રહ્યા, ને ત્યાં ઢુંઢકને જીત્યા. નવાનગરમાં ચૈત્યો લોપ્યાં હતાં ને પૂજા બંધ થઇ હતી તેનું નિવારણ કરી ફરી સ્થાપ્યાં. ત્યાંથી પડધરીમાં ત્યાંના ઠાકુરને પ્રતિબોધ્યો. ત્યાંથી ફરી પાલીતાણે અને ફરી નવાનગરમાં ગયા.

૬. પછી સં. ૧૮૦૨ માં—૧૮૦૩ માં રાણાવાવ રહ્યા. ત્યાંના અધીશને (રાણાને) ભગંદર રોગ હતો તે ટાળ્યો. સં. ૧૮૦૪ માં ભાવનગર આવી ઢુંઢક મેતા ઠાકરસીને મૂર્તિપૂજક કર્યો અને ત્યાંના રાજાને જૈન ધર્મ પ્રત્યે પ્રીતિવાન્ બનાવ્યો [આ રાજાનું નામ ભાવસિંહજી હતું કે જેણે પોતાના નામ પરથી ભાવનગર સ્થાપ્યું હતું].

(આ વાત અન્ય સ્થળેથી સાબીત થાય છે.)[૧૨]

ખાનને ગૂજરાતની સુબાગીરી આપી. અભયસિંહે ભંડારીને મોમીનખાનને સૂબો થતાં અટકાવવા કહ્યું. મોમીનખાને અમદાવાદ વેર્યું. ભંડારીએ જબરો બચાવ કર્યો. આખરે દામાજી ને મોમીનખાન બંને મળી ગયા. આખરે સલાહ થઈ. મોમીનખાને ખર્ચના દામ ભંડારીને આપી રવાના કર્યો ને પોતે સૂબાગીરી લીધી. સં. ૧૮૦૧ માં વીકાનેરનો રાજા મરણ પામતાં બે હકદાર જગ્યા. એકે ગાદી લીધી બીજો અભયસિંહ પાસે જતાં તેણે સહાય આપવા કબૂલ કર્યું. ભંડારીને સેનાપતિપદ આપી સાથે લડવા નીકળ્યો. સં. ૧૮૦૩ માં ચહસાજણ પાસે ખૂનખાર લડાઈ થઇ. વીકાનેરના લશ્કરે આખરે જોર કર્યું. ભંડારી ડગ્યો નહિ ને પોતાને આંખમાં બાણ વાગ્યું છતાં લડયો. આખરે જોયું કે પોતાના સાથી ઓછા છે ને ફાવવાનો દાવ નથી એટલે પાછા હઠવાનો હુકમ આપ્યો. આમ હઠતાં એક વીકાનેરી ભાલાદારે હુમલો કર્યો અને રત્નસિંહ ભંડારી વીરતાથી મરણ પામ્યો. (શ્રીયુત ઉમરાવસિંહ ટાંકના લેખપરથી.)

આટલો લાંબો પરિચય કરાવવાનું કારણ એ છે કે આ વખતે ગૂજરાતની કેવી અશાંત સ્થિતિ હતી તેનું દિગ્દર્શન થાય.

૧૧-નવાનગર તે કાઠિયાવાડનું જામનગર. ત્યાં દેવચંદ્રજીએ સં. ૧૭૯૬ ના કાર્તિક સુદ ૫ મી રોજ જ્ઞાનસાર પર ટીકા નામે જ્ઞાનમંજરી કરી. અષ્ટ પ્રવચન માતાની સઝાયો પણ ત્યાંજ રચી. નવાનગરના આદિ જિનપર સ્તવન (૨-૯૧૯) રચ્યું છે તેમાં 'શેઠ વિહાર' ના આદીશ્વરનો ઉલ્લેખ છે.

૧૨–સં. ૧૮૧૦ આ સંઘ નીકળ્યો હતો તેમ દેવવિલાસ રાસકાર કહે છે જ્યારે દેવચંદ્રજી પોતે સિદ્ધાચલ સ્તવનમાં ચોખ્ખું કહે છે કે સં. ૧૮૦૪ ના માગશર શુદ ૧૩ ને દિને સુરતથી તે સંઘ કચરા કીકાએ કાઢયો હતો:–

સંવત અઢાર ચોડોત્તર વરસે, સિત મૃગસર તેરસીયે
શ્રી સુરતથી ભક્તિ હરખથી, સંઘ સહિત ઉલ્લસીયે
કચરા કીકા જિનવર ભક્તિ, રૂપચંદ (ગુણવંત) જીઇએ,
શ્રી સંઘને પ્રભુજી ભેટાવ્યા, જગપતિ પ્રથમ જિણુંદ.

શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ ૨. પૃ. ૯૧૭

દેવચંદ્રજીના શિષ્ય મતિરત્ને સિદ્ધાચલ તીર્થયાત્રા એ નામની પદ્યકૃતિ પાંચ ઢાળમાં રચી છે તેમાં તે આ કચરા કીકાદિના સંઘની આખી વિગત આપે છે. રચ્યા સંવત્ આપેલ નથી તેમ સંઘ નીકળ્યાનો સંવત્ આપેલ નથી પણ તેની મિતિ કાર્તિક શુદ ૧૩ મંગલ આપે છે. ને ઉપર માગશર શુદ ૧૩ આપી છે. આમાં વિગત એ છે કે

"મૂળ પાટણના રહીશ અને રવજીશાના કુલમાં થયેલા વૃદ્ધશાખીય શ્રીમાલી કચરા કીકા એમ પોતે ત્રણ ભાઇ સહિત સુરત આવ્યા. તેણે શત્રુંજયનો (કાર્તિક સુ. ૧૩ ને દિને સંવત્ આપ્યો નથી) કાઢયો. રૂપચંદ નામના શેઠ પણ સંઘવી તરીકે જોડાયા. હુંબસ (હુમસ) આવી ત્યાંથી ભાવનગર આવ્યા કે જ્યાં ભાવસિંહજી (કે જેમણે સં. ૧૭૭૯ ના વૈશાખ શુદ ૩ ને દિને ભાવનગર વસાવ્યું હતું અને જેઓ ૬૧ વર્ષ સુધી સ્વતંત્રપણે રાજ્ય કરી સં. ૧૮૨૦ માં સ્વર્ગસ્થ થયા) રાજ્ય કરતા હતા. તેમણે ચાંચીઆને જેર કરી જગાત ઓછી કરી સમુદ્રને નિર્ભય અને વેપારીઓને આબાદ કર્યા હતા. આ સંઘને ભાવનગરના સંઘપતિ કુંઅરજી શેઠે માન આપ્યું. તેમાંના મંદિરોમાં સંઘપતિએ પૂજા કરી. રાજાજીને સાથે આવવા વિનતિ કરી ને રાજાએ તે માટે ચોકીદાર વગેરે માટેનું

૭. ત્યાંથી તેજ વર્ષમાં પાલીતાણા જઈ ત્યાંનો

લાગત ખર્ચ માંગ્યું; કચરાશાએ દસ્તુર માફક દેવા કબૂલ્યું એટલે રાણાજી લશ્કર સાથે સંઘ ભેગા નીકળ્યા (કાર્તિક વદિ ૧૩). ચોથે દિન વરતેજ, પછી કનાડે આવ્યા. સાથે ઉત્તમવિજય પંન્યાસ, યોગવિમલ તપસ્વી, ખરતરગચ્છી દેવચંદ્રજી (આપણા ચરિત્રનાયક) હતા. પાલીતાણાના રાજા પૃથ્વીરાજજીના કુંવર સામા આવ્યા કે જેને સંઘવીએ પહેરામણી કરી. કુંવરશ્રી નવઘન સંઘ સાથે ગારીયાધર સુધી આવ્યા. ને માગશર સુદિ તેરસ દિને શત્રુંજયની યાત્રા કરી. પછી પાલીતાણા આવ્યા. ત્યાં 'વિધિ ઉપદેશક શ્રુત જલધિ દેવચંદ ગુરૂરાય, સંવેગી જિનમારગી ઉત્તમવિજય સહાય'–દેવચંદ્રજી ને ઉત્તમવિજય હતા એટલે ખંભાતથી જીવણસાહ સંઘવી સંઘ લઈ આવ્યા. વેળાવળ પાટણથી રામચંદ્રશા, દક્ષિણથી મેસર ગામનો સંઘ લઈ ગલાલસા એમ અનેક સંઘો તે તેના સંઘપતિ સહિત આવ્યા. સૂરતથી વિધિપક્ષ (અંચલ ગચ્છના) ઉદયસાગરસૂરિ (મૂળ નવાનગરના શા કલ્યાણજી અને ભાર્યા જયવંતીના ઉદયચંદ નામે પુત્ર જન્મ સં. ૧૭૬૩ દીક્ષા સં. ૧૭૭૭, આચાર્યપદ સં. ૧૭૯૭, સ્વર્ગવાસ સં. ૧૮૨૬ આસો સુ. ૨ સુરતમાં.) આવ્યા. તપાગચ્છના પાઠક સુમતિવિજય એમ અનેક યતિઓ અને ચતુર્વિધ સંઘ મળ્યો. પોશ શુદિ ૧૩ દિને ઇંદ્રમાલનો ઉત્સવ થયો. આ પ્રમાણે યાત્રા સફલ થઈ." આમાં જણાવેલા ઉદયસાગરસૂરિએ સં. ૧૮૦૪ ના (અબ્ધિખાષ્ટેંદુમિતે) ના પોષ સુદિ ૧૫ ને સોમવારને દિવસે 'સ્નાત્રપંચાશિકા' નામનો ગ્રંથ સુરાષ્ટ્રના પાલીતાણામાંજ રચ્યો તેમાં આ સંઘના સંઘપતિ "દેવગુરૂભક્ત કીકાના પુત્ર કચરાએ કાઢેલા સંઘની સાથે યાત્રા કરતાં જિનરાજની ભક્તિને માટે આ ગ્રંથ રચ્યો છે" એવું સ્પષ્ટ જણાવેલું છે. (જુઓ પીટર્સનનો ત્રીજો રીપોર્ટ પૃ. ૨૩૯)-આથી પણ સ્પષ્ટ થાય છે કે સંઘવી કચરા કીકાએ આ સંઘ ૧૮૦૪ માં કાઢયો હતો.–"કચરા કીકાએ પાલીતાણાના સંઘો ઘણી વખત કાઢયાનું જુદાં જુદાં સ્તવનો તથા ચરિત્રો પરથી જણાય છે અને તેવાં ત્રણ ચાર પ્રસંગો મારા વાંચવામાં પણ આવ્યાં છે એમાં સં. ૧૮૦૪ માં શ્રીમદ્ સંઘ સાથે પાલીતાણે ગયા હોય અને સં. ૧૮૧૦ માં ફરી ગયા હોય એ બનવા જોગ છે. તેમાં અસંભવિત જેવું કશુંએ નથી," એમ રા. મોહનલાલ હીમચંદ વકીલ પાદરાવાળા જણાવે છે.

આમાંના ભાવનગરમાં ઋષભ પ્રાસાદમાં દિવાલી દિને વીર જિનવર નિર્વાણ રચી દેવચંદ્રજીએ પૂરૂં કર્યું: (૨-૯૦૯)

મૃગી નામનો રોગચાળો દૂર કર્યો. સં. ૧૮૦૫ અને ૧૮૦૬ માં લીંબડી રહી ત્યાંના આગેવાન શેઠોને શાસ્ત્રાભ્યાસ કરાવ્યો. લીંબડી ધાંગધ્રા અને ચૂડા એમ ત્રણ સ્થળોએ બિંબ પ્રતિષ્ઠા કરાવી. (આ ત્રણે કાઠિયાવાડનાં શહેરોમાંનાં મંદિરો તપાસી તેમાંની પ્રતિમાના પ્રતિષ્ઠા લેખો જોવા ઘટે છે.) ધાંગધ્રામાં સુખાનંદજી મળ્યા હતા. સં. ૧૮૦૮ માં ગૂજરાતથી શત્રુંજયમાં બહુ દ્રવ્ય ખર્ચાવી પૂજા અર્ચા કરાવી. સં. ૧૮૦૯ અને ૧૮૧૦ માં ગૂજરાતમાં ચોમાસાં ગાળ્યાં. સં. ૧૮૧૦ માં કચરાશાહે શત્રુંજયનો સંઘ કાઢયો તે સાથે દેવચંદ્રજી પધાર્યા અને શત્રુંજયપર સાઠ હજાર દ્રવ્ય ખર્ચી જિનબિંબની પ્રતિષ્ઠા કરી[૧૩] સં. ૧૮૧૧ માં લીંબડીમાં પ્રતિષ્ઠા કરી અને વઢવાણમાં ઢુંઢક શ્રાવકને બુઝાવ્યા. ને ત્યાં તેથી ઘણાં ચૈત્ય થયાં. દેવચંદ્રજીના શિષ્ય મનરૂપજી અને તર્કશાસ્ત્રના અભ્યાસી વિજયચંદ હતા. મનરૂપજીના શિષ્ય વકતુજી અને રાયચંદજી હતા. સં. ૧૮૧૨ માં ગુરૂ રાજનગર આવ્યા. ગચ્છનાયકને તેડાવી મહોચ્છવ કર્યા. દેવચંદ્રજીને ગચ્છપતિએ (આ જિનલાભ સૂરિ હોવા ઘટે) વાચક પદ આપ્યું.

૮. દેવચંદ્રજી ઉત્તમ વ્યાખ્યાન તત્વજ્ઞાનમય આપતા હતા. તેમણે શ્વેતાંબરીય હરિભદ્ર સૂરિ તથા યશોવિજય વાચકકૃત ગ્રંથોનો અભ્યાસ કરવા ઉપરાંત દિગંબરીય શાસ્ત્ર–ગોમટ્ટસારાદિ વાંચ્યાં હતાં, અને ગૂજરાત ઉપરાંત મુલતાન, બીકાનેરમાં પણ ચોમાસાં કર્યા હતાં. તેમણે નવા ગ્રંથ ટીકા સહીત કર્યા તેનાં નામ—દેશનાસાર (અપ્રકટ), નયચક્ર, જ્ઞાનસાર અષ્ટક પર સં. ટીકા, કર્મગ્રંથપર ટીકા

૧૩–આ સંબંધી એક લેખ શત્રુંજયપર હાથીપોળ તરફ જતાં દક્ષિણે આવેલા દેવાલયમાં (વિમળવસી લિસ્ટ્સ પૃ. ૨૦૭ નં. ૨૮૫ બુહ્લર સંગ્રહ) મળી આવે છે તેનો સાર આ પ્રમાણે છે:—

"સંવત્ ૧૮૧૦ માહ સુદિ ૧૩, મંગળવાર સંઘવી કચરા કીકા વિગેરે આખા કુટુંબે સુમતિનાથની પ્રતિમા અર્પણ કરી; સર્વ સૂરિએ પ્રતિષ્ઠા કરી."

–શ્રી જિનવિજયજી સંપાદિત પ્રા. જૈ. લે. સંગ્રહ ભા. ૨ અવલોકન પૃ. ૫૨.

વગેરે. આ દેવચંદ્રજી અમદાવાદમાં દોશીવાડામાં બિરાજતા હતા, ત્યાં એક દિન વાયુપ્રકોપથી વમનાદિ વ્યાધિ થતાં નિજ શિષ્યોને બોલાવી શિક્ષા આપી કે " સૂરિજીની આજ્ઞા વહેજ્યો, સમયાનુસારે વિચરજ્યો, પગ પ્રમાણે સોડ તાણી સંધની આજ્ઞા ધરજ્યો." આ વખતે શિષ્યોમાં મુખ્ય મનરૂપજી ને તેના શિષ્ય રાયચંદ્રજી, વળી બીજા શિષ્ય વિજયચંદ્રજી ને તેના શિષ્ય રૂપચંદ્રજી, તેમજ સભાચંદજી વગેરે હાજર હતા. પછી દશવૈકાલિક, ઉત્તરાધ્યયન એ સૂત્રોનાં અધ્યયન સાંભળતાં અરિહંતનું ધ્યાન ધરતાં સં. ૧૮૧૨ના ભાદ્રપદ અમાવાસ્યાને દિને રાત એક પ્રહર જતાં દેવચંદ્રજી દેવગતિ પામ્યા. પાછળ ઉત્સવથી માંડવી કરી ઘણું દ્રવ્ય દાનાર્થે ખર્ચી સર્વ શ્રાવકોએ મળી શબને દાહ દીધો. "

૯ રાસકર્ત્તા કહે છે કે તેઓ 'આસન્નસિદ્ધ હતા, ને અનુમાને જો દરેક ભવમાં આરંભમાં ભાવથી કર્મનો ધ્વંસ કરવા રહી ધર્મ યૌવનમાંજ જીવન સતત ગાળશે તો સાત આઠ ભવે સિદ્ધિને વરશે.' વળી તે કહે છે કે 'તેમના મસ્તકમાં મણિ હતી તે હાથ આવી નહિ. મહાજને દાહસ્થળે સ્તૂપ કરાવી પાદુકા પ્રતિષ્ઠિત કરી. (આ માટે વિશેષ બારીક શોધખોળ કરવાની જરૂર છે.) ત્યાર પછી થોડા દિવસે મનરૂપજી સ્વર્ગસ્થ થયા. તેમના શિષ્ય રાયચંદજી રહ્યા કે જે ગુરૂ પ્રમાણે વર્ત્તન રાખી ગુરૂનું ધ્યાન ધરતા હતા. તેમણે કર્ત્તાને ગુરૂની સ્તવના કરવા કહ્યું તેથી તેણે આ સં. ૧૮૨૫ આસો સુદ ૮ રવિવારે દેવવિલાસ રાસ રચી પૂર્ણ કર્યો. "

૧૦ વિશેષમાં કર્ત્તા આ રાસના પ્રારંભમાં જ દેવચંદ્રજીમાં ૨૨ ગુણો જણાવે છે તે નોંધવા લાયક છે:-" ૧ સત્યવક્તા ૨ બુદ્ધિમાન્ ૩ જ્ઞાનવંત, ૪ શાસ્ત્રધ્યાની, ૫ નિષ્કપટી, ૬ અક્રોધી, ૭ નિરહંકારી, ૮ સૂત્ર નિપુણ (આગમ, કર્મગ્રંથ, કર્મ પ્રકૃતિ આદિમાં નિષ્ણાત), ૯ અન્ય સકલ શાસ્ત્રના પારંગામી (અલંકાર, કૌમુદી, ભાષ્ય, ૧૮ કોષ, સકળ ભાષા, પિંગલ, નૈષધાદિ કાવ્યો, સ્વરોદય, જ્યોતિષ, સિદ્ધાન્ત, ન્યાયશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્રાદિ સ્વપર શાસ્ત્રમાં પ્રવીણ). ૧૦ દાનેશ્વરી (દીનપર ઉપકાર કરનારા), ૨૧ વિદ્યાના દાનની શાળાપર પ્રેમી (અનેક ગચ્છના મુનિઓને વિદ્યાદાન દેનાર તેમજ અન્ય ધર્મીને વિદ્યા શિખવનાર) ૧૨ પુસ્તકસંગ્રાહક ૧૩ વાચકપદપ્રાપ્ત, ૧૪ વાદીજીપક, ૧૫ નૂતન ચૈત્યકારક, ૧૬ વચનાતિશયવાળા (તેથી ધર્મસ્થાને દ્રવ્ય ખર્ચાવનાર), ૧૭ રાજેન્દ્રપ્રધાનપૂજિત, ૧૮ મારિ ઉપદ્રવ નાશક, ૧૯ સુવિખ્યાત, ૨૦ ક્રિયોદ્ધારક, ૨૧ મસ્તકમાં મણિધારક અને ૨૨ પ્રભાવક. " આમાનાં ઘણાંક વિશેષણો પ્રાયઃ યોગ્ય અને સાર્થક ગણી શકાય. હવે આપણે સ્વતંત્ર રીતે દેવચંદ્રજી સંબંધી જૂદી જૂદી હકીકતો જૂદી જૂદી દૃષ્ટિથી જોઇશું.

ગુરૂપરંપરાઃ—

૧૧. તેઓ ખરતર ગચ્છમાં થયા હતા. તે ગચ્છમાં ૬૧ મી પાટે જિનચંદ્ર સૂરિ થયા કે જેઓ સમ્રાટ્ અકબરના સમયમાં થયા ને જેમણે તે સમ્રાટ્પર પોતાનો પ્રભાવ પાડી તેની પાસેથી 'યુગપ્રધાન' બિરદ મેળવ્યું હતું (જુઓ મારો નિબંધ નામે 'કવિવર સમયસુંદર' જૈન સાહિત્ય સંશોધક ખંડ ૨ અંક ૩-૪ તથા અગાઉની નં. ૨ની ફુટનોટ) તેમનાથી માંડીને દેવચંદ્રજી પોતાની ગુરૂપરંપરા આપે છે. આ જિનચંદ્ર સૂરિનું નીચે પ્રમાણે પોતે વર્ણન કરે છેઃ—

तेषां वंशे ज्ञातो गुणमणिरत्नाकरे महाभाग्यः।
कलिकालपंकमग्नांल्लोकान्निस्तारणे धीरः॥
श्रीमज्जिनचंद्राह्वः सूरि र्नव्यार्कदीधितिप्रतापः।
तस्यावदातसंख्या गण्यते नो सुराधीशैः॥

(જ્ઞાનમંજરી પ્રશસ્તિ પૃ. ૪૨૧. ભા. ૧ લે.)

૧૨. તેના શિષ્ય પુણ્યપ્રધાન ઉપાધ્યાય થયા-તેના શિષ્ય સુમતિસાગર-સુમતિસાર 'વિદ્યાવિશારદ' થયા, તેમના સાધુરંગજી અને તેમના શિષ્ય રાજ(ગ)રજી 'શ્રી જિન વચનનું મુખ્ય સારતત્ત્વ તેમાં પ્રવીણ;' (વિચારસાર પ્રકરણ પ્રશસ્તિ), 'સુવિહિત કહેતાં પંચાંગી પ્રમાણ, રત્નત્રયીની હેતુ કેતાં કારણ એહવી જેહની સમાચારી-એહવો જે ખરતર ગચ્છ તે મધ્યે વર કહેતાં પ્રધાન, સર્વશાસ્ત્રનિપુણ, મરૂસ્થળ વિષે અનેક જિન ચૈત્ય પ્રતિષ્ઠાકારક, આવશ્યો-

દ્ધાર પ્રમુખ ગ્રંથોના કર્ત્તા એવા મહોપાધ્યાય' (ગૂજરાતી ચોવીસીના સ્વોપજ્ઞ બાલાવબોધના અંતમાં), 'આવશ્યકોદ્ધારાદિ સદ્ગ્રંથ કરણ, અનેક ચૈત્ય પ્રતિષ્ઠા સ્થાપિત અનેક જિન બિંબાલય જેણે કરેલ છે એવા' (વિચારસાર પ્રકરણ ટીકા), 'સર્વ દર્શનશાસ્ત્રાર્થ તત્વદેશન તત્પર એવા સુપાઠક' (જ્ઞાનમંજરી પ્રશસ્તિ) થયા; તેમના શિષ્ય 'પરમોત્તમ પાઠક, જૈનાગમ રહસ્યાર્થદાયક ગુણનાયક' (જ્ઞાનમંજરી પ્રશસ્તિ), 'ન્યાયાદિક ગ્રંથાધ્યાપક જેણે સાઠ વર્ષ પર્યંત જિવ્હાના રસ તજી શાકજ્ઞત તજીને સંવેગ વૃત્તિ ધરી એવા' (ચોવીશીનો બાલાવબોધ) જ્ઞાનધર્મ ઉપાધ્યાય થયા, તેમના શિષ્ય 'રૂડા યશના ધણી, સુખના દેવાવાલા, એહવા તથા જેણે શ્રી શત્રુંજય તીર્થ ઉપર શિવા સોમજીકૃત ચોમુખની અનેક બિંબ પ્રતિષ્ઠા કરી તથા પાંચ પાંડવના બિંબની પ્રતિષ્ઠા કરી, શ્રી રાજનગરે સહસ્રફણા પાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા કરી એહવા' (ચોવીસીનો સ્વોપજ્ઞ ટબો) એટલે કે 'શ્રી શત્રુંજયે સમવસરણ મેરૂ પ્રમુખ અનેક ચૈત્ય શ્રી રાજનગરે સહસ્રફણાદિ અનેક સત્તીર્થની પ્રતિષ્ઠા કરી જેણે આત્મસાફલ્ય કર્યું છે એવા' (વિચારસાર પ્રકરણ ટીકા)-એટલે કે:—

'येन शत्रुंजये तीर्थे कुंथुनाथार्हतः पुनः
चैत्ये समवसरणे प्रतिष्ठा विहिता वराः ॥
चतुर्मुखे सोमजीता कृते यः पूर्णतां व्यधात् ।
प्रतिष्ठां नैकबिंबानां चक्रे सिद्धाचले गिरौ ॥
अहम्मदावाद मध्ये सहस्रफणाद्यनेकबिंबानां ।
चैत्यानां च प्रतिष्ठां चकार यो धर्मवृद्धये ॥

—જ્ઞાનમંજરી પ્રશસ્તિ.

એ જેણે કર્યું છે એવા મહાપુણ્ય કર્મ સંસારમાં ઉદ્યત એવા દીપચંદ્ર પાઠક ઉપાધ્યાય થયા, અને તેહના 'અધ્યાત્મ તત્ત્વરસના સ્વાદન રસિક, જિનાગમના અભ્યાસથી જેણે જિનાજ્ઞા રૂચિ પ્રાપ્ત કરી છે એવા' (વિચારસાર પ્રકરણ ટીકાને અંતે), 'સવેંગ પક્ષી' (વિચારસાર પ્રશસ્તિ), 'ધીમાન્' વિનેય-શિષ્ય દેવચંદ્ર ગણિ-પંડિત થયા.

૧૩. દેવચંદ્રજીએ ત્રણ ઠેકાણે પોતાના ગુરૂ તરીકે રાજહંસ ગણિ (ગુરૂ પરંપરામાં જ્ઞાન ધર્મ પછી) જણાવ્યા છે અને તે જણાવતાં દીપચંદ્રજીનો ઉલ્લેખ કર્યો નથી. જેમકે:—

રાજહંસ સદ્ગુરૂ સુપસાયે, મુઝ મન સુખ નિત પાવેજી;
એક સુગ્રંથ રચ્યો શુભ ભાવે, ભણતાં અતિ સુખ પાવેજી.

—ધ્યાન દીપિકા ચતુષ્પદી ૧-૫૭૯

सुयवायगा गुणट्ठा, नाणधम्मा सुनाण धम्मवरा ।
निवईणविसपुज्जा, राजहंसा गणिप्पवरा ॥ १७३ ॥

—કર્મસંવેદ્ય પ્રકરણ ૧-૬૬૨

રાજહંસ સદ્ગુરૂ સુપાયે, દેવચંદ્ર ગુણ ગાયજી;
ભવિક જીવ જે ભાવના ભાવે, તેહ અમિત સુખ પાયજી.

—સાધુની પંચ ભાવના ૨-૬૯૨

૧૪. આ પરથી કાંતો એમ ધારી શકાય કે પ્રથમના કાલમાં પોતે આ ત્રણે કૃતિઓ બનાવી હોય ને તે વખતે રાજહંસ નામના ગણિ પાસે પોતે અભ્યાસ કર્યો હોય એટલે કે પોતાના વિદ્યાગુરૂ હોય (દીક્ષા ગુરૂ તો દેવવિલાસ પ્રમાણે રાજસા(ગ)ર હતા) અને પછી પોતે દીપચંદ્રની આજ્ઞામાં રહી તેમને ગુરૂ સ્વીકાર્યા હોય, અને કાંતો રાજહંસ ગણિ અને દીપચંદ્રજી બંને એક જ હોય અને પહેલાં રાજહંસ નામ હોય તે પાછળથી દીપચંદ્રજી નામ થયું હોય. બીજો વિકલ્પ વધારે સંભવિત લાગે છે.

૧૫. દેવવિલાસમાં જણાવેલ દીક્ષા નામ નામે રાજવિમલ તો દેવચંદ્રજીએ પોતે પોતાને માટે ક્યાંય પણ વાપર્યું જણાતું નથી.

શિષ્યો:—

૧૬. પોતાના શિષ્યો પૈકી કેટલાક માટે જ્ઞાનમંજરી નામની ટીકા રચી એમ તેની છેવટની પ્રશસ્તિમાં કથેલ છે તે આ પ્રમાણે.

मतिरत्न राजलाभाद्याः श्रुताभ्यासपरायणाः ।
ज्ञानात्कुशलसद्राजप्रमोद शिष्याववोधाय ॥

એ પરથી મતિરત્ન, રાજલાભ, જ્ઞાનકુશલ અને રાજપ્રમોદ એ નામના તેમને શિષ્યો હતા. મતિરત્ને

સિદ્ધાચલ તીર્થયાત્રા એ નામની કૃતિ પાંચ ઢાળમાં રચી છે તેમાં સં. ૧૮૦૪ માં કરેલ તે તીર્થની યાત્રાનું વર્ણન છે. (પ્રાચીન તીર્થ માલા સંગ્રહભાગ. ૧. પૃ. ૧૭૬ થી ૧૮૮) તેમાં છેવટની કડીઓ આ છે:-

'ઉવઝાય વર શ્રી દીપચંદે, શિસ ગણિ દેવચંદ એ,
તસ સિસ ગણિ મતિરત્ન ભાષેં, સકલ સંઘ આણંદ એ.

૧૭. દેવવિલાસમાંથી જણાય છે કે તેમને (અન્ય) નામે મનરૂપજી અને શાસ્ત્ર અભ્યાસી વિજયચંદ હતા. મનરૂપજીના શિષ્ય વક્તુજી અને રાયચંદ હતા.

કવિ:—

૧૮. દેવચંદ્રજી ફિલસુફ ગણાય છે અને તેની ફિલસુફીની કઠિનતા જ્યાં ત્યાં દૃષ્ટિગોચર થાય છે. ચોવીશ જિનપર એક એક એમ ચોવીશ સ્તવનો રચ્યાં અને તેમાં પોતાની દૃષ્ટિએ તત્ત્વજ્ઞાન કુટી કુટીને ભર્યું છે તેથી તે સમજાવવાને પોતાને સ્વોપજ્ઞ ટબો-બાલાવબોધ રચવો પડ્યો. વીશ વિરહમાન જિન પરનાં વીશ સ્તવનો ચોવીશીની અપેક્ષાએ ઓછી ફિલસુફી વાળાં અને ઓછાં કઠિન-વિષમ છે; આથી પોતાના કાવ્યમાં પ્રાસાદિક ગુણ સહજ ભભુકી ઉઠતો નથી; જ્યારે યશોવિજયજીની તેમજ અન્ય પૂર્વગામી કવિઓની ને સમકાલીન તેમજ પછીના કવિઓની ચોવીશી વીશી આદિ સ્તવનો લોકો સમજી તેમાં આનંદ સરલતાથી લઇ શકે તેમ છે; આનંદઘનજીનાં સ્તવનોમાં લોકો સમજી શકે તેવી કાવ્યત્વવાળી ફિલસુફી અનુપમેય ભરી છે; છતાં પણ દેવચંદ્રજીનું પ્રાસાદિક કવિપણું તદ્દન અસિદ્ધ થઇ શકતું નથી. કયાંક કયાંક તો તે એવું સુંદર રૂપે દર્શન આપે છે કે આપણે એ ઘડી મુગ્ધ થઈ જઇએ. આનાં થોડાં ઉદાહરણો અત્ર આપીશું:—

૧૯. ચોવીશીમાંથી પ્રથમ જિન સ્તવન કેવું સરલ, છતાં તર્કબુદ્ધિ મિશ્રિત ભાવના--ભક્તિમય છે તે એક વખત ગાઇને સમજતાં તરતજ જણાય તેમ છે.

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો
ચતુર વિચાર;
પ્રભુજી જઇ અળગા વસ્યા, તિહાં કિણે નવિ હો
કોઇ વચન ઉચ્ચાર. ઋ૦
કાગળ પણ પહોંચે નહી, નવિ પહોંચે હો તિહાં
કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાંખે હો કોઇનું
વ્યવધાન-ઋ૦
પ્રીતિ કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ;
પ્રીતડી, જેહ અરાગીથી, ભેલવી તે હો લોકોત્તર
માગ-ઋ૦
પ્રીતિ અનાદિની વિષભરી,તે રીતે હો કરવા મુઝ ભાવ,
કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાતેં હો કહો બને
બનાવ-ઋ૦
પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ,
પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી
ગુણગેહ-ઋ૦
પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાસ,
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ
સુખવાસ-ઋ૦

૨૦. આમાં સરલતા જણાય છે, પણ બહુ સ્પષ્ટતા-વિશદતા નથી; તેનું કારણ કવિમાં રહેલું Mysticism છે. આમાં કહી 'પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુઝ ભાવ' એ લ્યો. તેમાં 'રીતે' એટલે વિષભરી રીતે?—સામાન્ય રીતે એમ સમજાય, પણ કવિનો તેવો ભાવ નથી. કવિને સ્વોપજ્ઞ બાલાવબોધમાં સ્પષ્ટ કરવું પડે છે કે "જીવને પ્રીતિની પરિણતિ અનાદિની છે. તે પ્રીતિ પુદ્ગલાદિના મનને સુખ આપનાર સંયોગની ઇષ્ટતાપર નિર્ભર છે. તેથી તે પ્રીતિ અપ્રશસ્ત છે-વિષ ભરી છે. જેમ ઐશ્વર્યાદિક દેખીને પુદ્ગલ-અશુદ્ધતા ઉપર જે ઇષ્ટતા તે રાગ વિષમય છે; તે રાગ સ્વજન, કુટુંબ, પરિગ્રહ ઉપર છે, તે રીતે પ્રભુજી! તુમ ઉપર રાગ કરવાનો મારો ભાવ છે..."

૨૧. છેલ્લું મહાવીર પ્રભુપરનું સ્તવન 'તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમાં એટલો સુયશ લીજે' એ આત્માની દીનતા અને મનની અર્પણતાથી ભરેલું છે અને દરેક રસગ્રાહકને ભક્તિમાં લીન કરે તેવું છે.

૨૨. જો કવિએ કોઇ આખ્યાન લઇ તે પર

કાવ્ય કર્યું હોત તો જે અનેક ભાવો સામાન્ય રીતે તેમાં ઉપસ્થિત થાય તેને વિકસાવવા-પ્રફુલ્લ કરવા જે વાણીનો ઉપયોગ થાત તે પરથી તેમનું ગેય-રસભર્યું કવિત્વ આપણે પ્રાપ્ત કરી શકત; પણ તેમનો અધ્યાત્મરસિક સ્વભાવ આખ્યાનમાં રસ લઇ નથી શકયો. છતાંયે એવી છુટી છુટી કૃતિઓ છે કે જેમાં એવા પ્રસંગો આવ્યા છે કે જેમાં પોતાની ઉર્મિઓનો મનોરમ આવિર્ભાવ થયો છે. તેમણે તો નીચેનાં સુકવિ. કુકવિનાં અધ્યાત્મરસિક બનારસીદાસ કવિશ્રીએ આપેલાં છે. તે બાંસ લક્ષમાં રાખ્યા જણાય છે.

સુકવિનાં લક્ષણ બનારસીદાસજી પોતાના સમયસારમાં આ પ્રમાણે જણાવે છેઃ—

'અબ કછુ કહૂં જથારથ બાની, સુકવિ કુકવિ કથા કહાની,
પ્રથમહિ સુકવિ કહાવે સોઇ, પરમારથ રસ વરણે જોઈ.
કલપિત બાત હીએ નહિ આને, ગુરૂ પરંપરા રીત વખાને,
સત્યારથ શૈલી નહિ છંડે, મૃષાવાદસોં પ્રીત ન મંડે.
છંદ શબ્દ અક્ષર અર્થ, કહે સિદ્ધાંત પ્રમાન,
જો ઇહવિધિ રચના રચે, સો હે કવિ સુજ્ઞન.

ત્યારપછીજ કુકવિનાં લક્ષણ તેઓ આ પ્રમાણે કહે છેઃ—

અબ સુનુ કુકવિ કહોં હે જૈસા, અપરાધિ હિય અંધ અનેસા,
મૃષા ભાવ રસ વરણે હિતસોં, નઇ ઉકતિ જે ઉપજે ચિતસોં.
ખ્યાતિ લાભ પૂજા મન આને, પરમારથ પથ ભેદ ન જાને,
વાની જીવ એક કરિ બૂઝે, જાકો ચિત જડ ગ્રંથ ન સૂઝે.
વાની લીન ભયો જગ ડોલે, વાની મમતા ત્યાગિ ન બોલે,
હે અનાદિ વાની જગમાંહિ, કુકવિ બાત યહ સમુઝે નાંહિ.

હવે સુકવિ-કુકવિ બંને સંબંધે તેઓ સમજાવે છે કેઃ—

મિથ્યામતિ કુકવિ જે પ્રાણી, મિથ્યા તિનકી ભાષિત વાણી,
મિથ્યામતિ સુકવિ જો હોઇ, વચન પ્રમાણે કરે સબ કોઇ,
વચન પ્રમાણ કરે સુકવિ, પુરૂષ હિયે પરમાન,
દોઉ અંગ પ્રમાણ જો, સોહે સહજ સુજ્ઞન.

૨૩. શ્રી ગૌતમ, શ્રી મહાવીર પ્રભુના પટ્ટ શિષ્ય-મુખ્ય ગણધર હતા. પ્રભુ ઉપર અતિ રાગ-પ્રશસ્ત રાગ હતો. પ્રભુએ નિર્વાણ થતા પહેલાં ગૌતમને બીજે સ્થળે મોકલ્યા; પ્રભુનું નિર્વાણ થતાં ગૌતમને આઘાત લાગ્યો. આ ગૌતમવિલાપ દેવચંદ્રજી 'વીર જિનવર નિર્વાણ' માં કેવો ટુંકામાં આત્મશ્રેણિ બતાવી મધુરતાથી કહે છે!—

'હે પ્રભુ! મુજ બાલક ભણિજી રયે ન જણાયું આમ,
મૂકી રયે મુને વેગલોજી, એ નિપાવ્યો કામ,
નાથજી મોટો તુજ આધાર.
હવે કુણ સંશય મેટશેજી, કહેશે સૂક્ષ્મ ભાવ,
કોને વાંદિશ ભક્તિસ્યુંજી, કરસ્યું વિનય સ્વભાવ
-નાથજી.

વીર વિના કેમ થાયરયેજી, મુને આતમસિધ્ધિ,
વીર આધારે એતલાજી, પામ્યા પૂરણ સમૃદ્ધિ-નાથજી.
ધ્યમ ચિંતવતાં ઉપન્યોજી, વસ્તુ ધર્મ ઉપયોગ,
કરતાં સહુ નિજ કાર્યનાજી, પ્રભુ નૈમિત્તિક યોગ
-નાથજી.

ધ્યાનાલંબન નાથનોજી, તે તો સદા અભંગ,
તિણ પ્રભુ ગુણને જોઇવેજી, જોઇતું આતમઅંગ
-નાથજી.

આતમભાસનરમણથીજી, ભેદે જ્ઞાન પૃથકત્વ,
તેહ અભેદે પરિણમ્યોજી, પામ્યો તત્ત્વ એકત્વ-નાથજી.
ધ્યાનલીનગૌતમ પ્રભુજી, ક્ષપકશ્રેણિ આરોહિ,
ઘનઘાતિ સવિ ચૂરિયાંજી, કીધો આતમ અમોહ
-નાથજી.

લોકલોકની અસ્તિતાજી, સર્વ સ્વ-પર પર્યાય
તિન કાલના જાણિયાજી, કેવલજ્ઞાન પસાય-નાથજી.
પ્રભુ પ્રભુ કરતાં પ્રભુ થયાજી, શ્રી ગૌતમ ગણરાય,
તત્ક્ષણ ઇંદ્રાદિક ભણીજી, એહ વધાઈ થાય—નાથજી.
૨—૯૦૪ અને ૯૦૫

૨૪. આ કરતાં પણ વિશેષ મોહક અને સુશ્લિષ્ટ એક જુદા 'શ્રી વીર પ્રભુનું સ્તવન' એ નામના સ્તવનમાં વીર પ્રભુનો વિરહ દર્શાવ્યો છેઃ—

'મારગદેશક મોક્ષનોરે, કેવલજ્ઞાનનિધાન,
ભાવદયાસાગર પ્રભુરે, પરઉપગારી પ્રધાન રે
વીર પ્રભુ સિદ્ધ થયા.

વીર પ્રભુ સિદ્ધ થયા, બંધ સકલ આધાર
હવે ઇણ ભરતમાં કોણ કરશે ઉપગાર રે—વીર૦
નાથ વિહુણું સૈન્ય જ્યૂં રે, વીર વિહુણો રે સંઘ,
સાથે કોણ આધારથી રે, પરમાનંદ અભંગ રે-વીર૦

માત વિહુણો બાલ જ્યું રે, અરહોપરહો અથડાય,
વીર વિહૂણા જીવડારે, આકુલવ્યાકુલ થાય રે—વીર૦
સંશયછેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય?
જે દીઠે સુખ ઉપજે રે, તે વિણ કેમ રહેવાય રે—વીર૦
નિર્યામક ભવસમુદ્રનો રે, ભવ-અડવી સત્થવાહ,
તે પરમેશ્વર વિણ મલેરે, કેમ વાધે ઉત્સાહ રે—વીર૦
વીર થકાં પણ શ્રુતતણો રે, હતો પરમ આધાર,
હવે ઇહાં શ્રુત આધાર છે રે, અહો જિનમુદ્રા
સાર રે—વીર૦

ત્રણ કાલે સવિ જીવનેરે, આગમથી આણંદ,
સેવો ધ્યાવો ભવિજનારે, જિનપડિમા સુખકંદ-વીર૦
ગણધર આચારજ મુનિ રે, સહુને એણિપરિ સિદ્ધિ,
ભવભવ આગમ-સંગથી રે, દેવચંદ્ર પદ લીધ રે—વીર૦
(૨—૯૧૮)

૨૫. ગજસુકુમાલ મુનિપર એક સ્વાધ્યાય રચી છે તેમાં તે રાજકુમાર દીક્ષા લઇ ધ્યાનમાં કાયોત્સર્ગ કરી સ્થિત હતા ત્યાં તેના મસ્તક પર ક્રોધાવેશમાં આવેલા તેમના સસરા સોમિલે સગડી સળગાવી હતી, છતાં તે ધ્યાની મુનિએ હૃદયમાં લેશ પણ વૈરભાવ ન આણતાં સિદ્ધિ પ્રાપ્ત કરી-એ પ્રસંગનું વર્ણન કરી આ પ્રમાણે આપે છે:—

'શિરપર સગડી સોમિલે કરીરે,
સમતાશીલ ગજસુકુમાલ રે,
ક્ષમા-નીરે ન્હવરાવ્યો આતમા રે,
રયું દાઝે તેહને એ જ્વાલ રે-
ધન્ય ધન્ય જે મુનિવર ધ્યાને રમ્યા રે.
દહનધર્મ તે દાહજે અગનિથી રે,
હું તો પરમ અદાજ અગાહ રે,
જે દાઝે તે તો માહરો ધન નથી રે,
અક્ષય ચિન્મય તત્ત્વપ્રવાહ રે—ધન્ય૦
ક્ષપકશ્રેણિ ધ્યાન-આરોહણે રે,
પુદ્ગલ આતમ ભિન્ન સ્વભાવ રે,
નિજગુણ અનુભવ વળી એકાગ્રતા રે,
ભજતાં કીધો કર્મ-અભાવ રે—ધન્ય૦
નિર્મલ ધ્યાને તત્ત્વ અભેદતા રે,
નિર્વિકલ્પ ધ્યાને તદ્રૂપ રે,
પાતકક્ષયે નિજ ગુણ ઉલ્લસ્યા રે,
નિર્મલ કેવલજ્ઞાન અનૂપ રે.-ધન્ય૦
થઇ અયોગી શૈલેશી કરી રે,
ટાળ્યો સર્વ સંયોગીભાવ રે,
આતમ આતમરૂપે પરિણમ્યા રે,
પ્રગટયો પૂરણ વસ્તુ સ્વભાવ રે, —ધન્ય૦
સહજ અકૃત્રિમ વળી અસંગતા રે,
નિરૂપચરિત વળી નિર્દ્વંદ્વ રે,
નિરૂપમ અવ્યાબાધ સુખી થયા રે,
શ્રી ગજસુકુમાલ મુનીંદ રે—ધન્ય૦
(૨—૧૦૩૫)

કૃતિઓ:—

૨૬. શ્રી દેવચંદ્રજીની સંસ્કૃત, પ્રાકૃત, વ્રજ અને ગૂજરાતી ભાષામાં રચેલી સર્વ કૃતિઓ 'શ્રીમદ્ દેવચંદ્રજી' એ નામેથી બે ભાગમાં શ્રી બુદ્ધિસાગરજી ગ્રંથમાળા ગ્રંથાંક ૪૯ અને ૫૩ માં પ્રગટ થયેલ છે તેથી તેનાં નામોની સૂચિ વગેરેનો અત્ર ઉલ્લેખ કરવો નિરર્થક છે. છતાં સાથે જણાવી દેવાનું અત્ર યોગ્ય લાગે છે કે બીજા ભાગમાં પૃ. ૮૭૩ થી ૮૮૩ માં શ્રાવક ગુણ ઉપર ૨૧ પ્રકારી પૂજા છપાઈ છે તે દેવચંદ્રજીકૃત નથી પણ છેલ્લે પ્રશસ્તિમાં બતાવ્યા પ્રમાણે તેના રચનાર જ્ઞાનસાગર ઉપાધ્યાયના શિષ્ય (જ્ઞાનઉદ્યોત?) છે ને તેની રચના (ગુણ યુગ અચલ ઇંદુ—સં. ૧૭૪૩ માં) થઈ છે કે જે સમયે દેવચંદ્રજીનો જન્મ પણ થયો નહોતો; તેજ બીજા ભાગમાં ત્યાર પછી પૃ. ૮૮૪ થી ૮૯૧ પર પ્રગટ કરેલી અષ્ટપ્રકારી પૂજા પણ દેવચંદ્રજી કૃત નથી પણ ઉક્ત જ્ઞાનસાગરજીના શિષ્યનીજ સં. ૧૭૪૩ માં રચેલી છે (જુઓ પૃ. ૮૮૯ પરના દોહા.)

૨૭. વિશેષમાં એ પણ કહેવું અત્ર પ્રાપ્ત થાય છે કે પહેલા ભાગમાં પ્રગટ થયેલ વિચારરત્નસારમાં તો શ્રીમદ્ દેવચંદ્રજીથી અન્યનો હસ્તપ્રક્ષેપ થયો હોય એવું એક પ્રમાણ ચોક્કસ મળી આવ્યું છે અને તે એ છે કે તે વિચારરત્નસારના પ્રશ્ન ૨૭૪ ના ઉત્તરમાં પૃ. ૯૦૯ પર 'માટે જ્ઞાની કહે છે જે' એમ

કહી તે જ્ઞાનીનું કાવ્ય નીચેનું ટાંકવામાં આવ્યું છેઃ—

'વિષયવાસના ત્યાગે ચેતન, સાચે મારગ લાધેરે
તપ જપ ક્રિયા દાનાદિક સહુ, ગીણતિ એક ન આવેરે
ઇંદ્રિયસુખમેં ઝૂલ્યું એ મન, વક્ર તુરંગ જ્યું
ધાવેરે. ઇત્યાદિ.'

આ કાવ્ય કયા જ્ઞાનીનું હશે તે શોધતાં આખર એ મળી આવ્યું કે તે શ્રી ચિદાનંદજીનું છે કે જેઓ દેવચંદ્રજીના પુરોગામી નહિ, પણ હમણાંજ વીસમી સદીમાં થયેલા યોગી પુરૂષ-કર્પૂરવિજય ઉર્ફે ચિદાનંદજી છે.

દેશીઓઃ—

૨૮ પોતાનાં ભાષામાં કરેલાં કાવ્યોમાં પોતાના પૂર્વગામી કવિઓની તેમજ બીજી દેશીઓ લીધી છેઃ—**અધ્યાત્મ** ગીતામાં ઢાલ ભમર ગીતાની (કે જે ભમર ગીતા વિનયવિજયજીએ રચી છે) રાખી છે; **ચોવીસીમાં** ૧ નિદ્રડી વેરણ હુઆ રહી. ૨ દેખો ગતિ દૈવનીરે, ૩ ધણુરા ઢોલા ૪ બ્રહ્મચર્ય પદ પૂજીયેં ૫ કડખાની, ૬ હું તુજ આગળ શી કહું કેસરિયા લાલ, ૭ હો સુંદર તપ સરિખું જગ કોઈ નહીં. ૮ શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, ૯ થારા મહેલ ઉપર મેહ જરૂમે વીજલી હો લાલ, ૧૦ આદર જીવ ક્ષમા ગુણ આદર (સમયસુંદરજીની ક્ષમાછત્રીસીની) ૧૧ પ્રાણી વાણી જિનતણી, તુમેં ધારો ચિત્ત મઝારરે. (બીજી પ્રતમાં પાંચે પાંડવ વાંદતાં મન મોહ્યારે) ૧૨ પંથડો નિહાલુંરે બીજા જિન તણેરે (આનંદઘનજી અજિતસ્તવનની), ૧૩ દાસ અરદાસ સીપરે કરેજી (જિનરાજ સૂરિકૃત મલ્લિ જિન સ્ત૦) ૧૪ દીઠી હો પ્રભુ દીઠી જગ ગુરૂ તુજ (યશોવિજયજીકૃત અભિનંદન જિન સ્ત૦) ૧૫ સફલ સંસાર અવતાર એ હું ગાયું, ૧૬ આંખડીયેં મેં આજ શેત્રુંજે દીઠોરે (ઉદયરત્ન) ૧૭ પરમ જિણેસરૂ (જિનરાજસૂરિ વીર સ્ત૦) ૧૮ રામચંદ્રકે બાગ ચાંપો મોરી રહ્યોરે ૧૯ દેખી કામીની દોષ કે, કામેં વ્યાપીયોરે (બીજી પ્રતમાં-કરતાં સેતી પ્રીતિ સહુ હુંસી કરે રે) ૨૦ ઓલંગડી ઓલંગડી સુહેલી હો શ્રી શ્રેયાંસનીરે. (જિનરાજસૂરિનું શ્રેયાંસ જિન સ્ત૦) ૨૧ પીછોલારિ પાલ, ઉભા દોય રાજવીરે, ૨૨ પદ્મપ્રભ જિન જપ અળગા વસ્યા (યશોવિજયજીકૃત પદ્મપ્રભ સ્ત૦) ૨૩ અને ૨૪ કડખાની; કલશ-કાલ ઓલવાની; **વીશી**-૧ સિદ્ધચક્રપદ વંદો (શ્રીપાળરાસમાંથી) ૨ નારાયણની ૩ સંભવજિન અવધારીએ (માનવિજયકૃત સંભવ જિન સ્ત૦) ૪ માહારો વાલેા બ્રહ્મચારી, ૫ દેહું દેહું નણંદ હડીલી, ૬ મેા મનડેા હેડાઉ હેા મિસરિ ઠાકુરેા મહદરેા (રાજસ્થાની ગીત લાગે છે) ૭ વારીરે ગેાડી પાસને ૮ ચરણાલી ચામુંડા રણ ચડે ૯ ખડખાની ૧૦ પ્રાણી વાણી જિનતણી (ઉપરની ચેાવીસીના ૧૭ મા સ્તવનની આજ દેશી છે) ૧૧ નદી યમુનાકે તીર (ઉમેરેા—ઉડે દોય પંખીયા) ૧૨ વીરા ચંદલા. (જિનરાજસૂરિની વીશીમાં બીજું યુગમંધર જિન સ્ત૦ છે તેની દેશી), ૧૩ શ્રી અરનાથ ઉપાસના (માનવિજયજીકૃત અરનાથ સ્ત૦ ની) ૧૪ લૂઅરની, ૧૫ કાલ અનંતાનંત (જિનરાજ સૂરિનું શાંતિ સ્ત૦) ૧૬ અરજ અરજ સુણેાને રૂડા રાજીયા હેાજી, ૧૭ લાછલદે માત મલ્હાર ૧૮ તટ યમુનાનુંરે અતિ રળિયામણુંરે ૧૯ મહાવિદેહક્ષેત્ર સેાહામણુંરે ૨૦ નથી મૂકી. કલશ ધન્યાશ્રી; ગત ચેાવીસીમાં ૨-વીરજી પ્યારા વીરજી પ્યારા. ૩ ચકેમાસી પારણું આવે—બીજી પ્રત શીતલ જિન સહેજાનંદી. (જિનવિજયજીકૃત શીતલ સ્ત૦) ૪ રાગ ફાગ ૫ કડખાની ૬ જગજીવન જગ વાલહેા (યશોવિજયકૃત ઋષભ સ્ત૦ ની) ૭ રસીયાની, ૮ રાગ ધમાલ ૯ મેારા સાહેબ હેા શ્રી શીતલનાથકે, ૧૦ (નથી) ૧૧ રહેા રહેા રહેા વાલ્હા, ૧૨ નમણી ખમણી ને મન ગમણી ૧૩ કાન્હૈયા લાલ ૧૪ થારાં મેહલા ઉપર મેહ ઝબુકે વીજલીહેા લાલ ૧૫ મન મેાહ્યું અમારૂં પ્રભુ ગુણે, ૧૬ હેા પીઉ પંખીડા ૧૭ દેખેા ગતિ દૈવની રે, ૧૮ રાગ મારૂ. ૧૯ અધિકા તાહરેા હું અપરાધિ, હું અપરાધિ, ૨૦ અખીયાં હરખન લાગી હમારી અખીયાં રાગ પરભાતિ. ૨૧ શ્રી જિન પ્રતિમા હેા જિન સરખી કહી, (સમયસુંદરકૃત જિન પ્રતિમા સ્તવન જુએા જૈનયુગ પુ. ૧ અંક ૨ પૃ. ૬૨); **સ્નાત્ર** પૂજામાં વસ્તુ છંદ, ચંદ્રાવલા છે ને કેટલીક

દેશીએ। આ છેઃ-૧-શ્રી જિનનેા કલશ કહીશું પ્રેમ-સાગર પૂર, ૨ જગનાયકજી ત્રિભુવન જન હિતકાર એ, પરમાતમજી, ચિદાનંદ ઘનસાર એ ૩ તીર્થકમલ ઉદક ભરીને પુષ્કર સાગર આવે, ૪ રાગ વેલાવલ; વીરાજનનિર્વાણુમાં-૧ શ્રી સુપાસ જિનરાજ ૨ જીરી-યાની અથવા સેાહલાની, ૩ યતિની ૪ બહિની રહી ન સકિ તિસેંજી ૫ પ્રભુ તું સ્વયંબુદ્ધ સિદ્ધેા અલુદ્ધેા ૬ મેરે નંદના, ૭ મેઘ મુનીસર, કાંઈ ડમડેાલલઈ રે, ૮ કુમત ઇમ સકલ દૂરે કાર, ૯ ભરત નૃપ ભાવશું (ઋષભદાસ કૃત); સાધુવંદનામાં ૧ સફલ સંસાર અવતાર એ હું ગિણું ૨ વીર જિણેસર ચરણ કમલ કમલાકર વાસેા (ગૌતમ રાસ) ૩ શ્રી નવકાર જપી મનરંગે ૪ ગૌતમ સમુદ્ર કુમાર સંસાર ગંભીરા, ૫ અરણિક મુનિવર ચાલ્યા ગેાચરી (સમયસુંદર) ૬ સુખકારણ ભવિયણ સમરી નીત નવકાર, વિશાલીયા પિંગલ, ૮ ચતુર વિચારીયેરે; પંચભાવના ૧ લેાક-સ્વરૂપ વિચારેા આતમ હિતભણીરે ૨ અનુમતિ દીધી માગ્યે રેવતી, ૩ હવે રાણી પદ્માવતી (સમયસુંદરનેા ચાર પ્રત્યેકબુદ્ધરાસ૦) ૪ પ્રાણી ધરીએ સંવેગ વિચાર, ૫ ઇણિપરે ચંચલ આઉખું જીવ જગેારે, ૬ શૈલગ શેત્રુંજે સિદ્ધા; અષ્ટપ્રવચન માતા સઝાય ૧ પ્રથમ ગેાવાલ તણે ભવેજી (સમયસુંદરની શાલિભદ્ર સ૦), ૨ ભાવના ભાલતી ચૂસીએ, ૩ ઝાંઝરીયા મુનિવર ૪ ભેાલીડા હંસારે વિષય ન રાચીએ ૫ ચેતન ચેતજોરે, ૬ વૈરાગી થયેારે ૭ સુમતિ સદાએ દિલમેં ધરેા, ૮ ફુલના ચેારસ પ્રભુજીને શિર ચઢે; પ્રભંજના સ૦ માં ૧ નાટકીયાની નંદની ૨ હું વારેા ધન્ના તુઝ જાણુ ન દેસ ૩ તુઠેા તુઠેા રે મુજ સાહેબ જગનેા તુઠેા, વનિતા વિકસીને વિનવે-આસ ફળી મેરી આશ ફળી, વહિલડા આવજ્યેા ધન ધન સાધુ શિરેામણી ઢંઢણેા.

૨૯. ધ્યાનદીપિકા ચેાપાઈમાંથી—૧ વીરવખા-ણી રાણી ચેલણાજી (સમયસુંદરની સઝાયની) ૨ આશ્રવ કારણ એ જગ જાણીયે, ૩ મેરે નંદના ૪ તિણે અવસર બાજે તિહાંરે, ૫ ઢઢેરાનેા ઢેાલ, ૫ નાયક મેાહ નચાવીયેા (જિનરાજસૂરિકૃત વાસુપૂજ્ય સ્ત૦) ૬ રમણિ આઠે અતિ ભલી—જિન પ્રતિમા જિન સરીખી વંદનીક, ૭ કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યેા રે (સમયસુંદરકૃત પ્રિયમેલકરાસ) ૮ કેકેઈ વર લાધ્યા ૯ જત્તીની—વ્રત નીમ ન સાજે આણી. ૧૦ તાર કિરતાર સંસાર સાગર થકી (જિનરાજસૂરિકૃત અજિત સ્ત૦), ૧૧ ધરમ સુણી રાજા પ્રતિબૂધેા ૧૨ ચુવલે યેાજન ઝિલરયેા. ૧૩ ઈડર આંબા આંબલી ૧૪ મયા મેાહિ દક્ષિણી આણિ મિલાઈ ૧૫ પાર-ધીયારી ૧૬ સાંઝ થઈ દિન આથમ્યેા ૧૭ રૂડીરે રબારણ રામલા પદમીનીરે, ૧૮ હરિયા મન લાગ્યેા ૧૯ રાગ ગેાડી. જીવજી ગેારી ૨૦ ટેાડરમલ્લ જીતેારે અથવા આદીશ્વર તૂઠારે ૨૧ દાન ઉલટે ધરી દીજીયે, ૨૨ એાલગડીની, ૨૩ એક લહરી છે ગેારલેા, ૨૪ મેારેા મન મેાહ્યેા ધણ ડુંગરે ૨૫ પાંચમ તપ-વિધ સાંભલેા, ૨૬ નાયકાની ૨૭ મેલેા થાપિ ચલ્યેા વલિ રાવણ, ૨૮ પાસ જિણંદ જુહારિયે, ૨૯ ગૌતમસામી સમેાસર્યા, ૩૦ ધણુરી બિંદલી રંગ લાગેા, ૩૧ સીતા અતિ સેાહે, ૩૨ પ્રભુ પ્રણમુ રે પાસ જિણેસર થંભણે, ૩૩ યેાગ લિયેા રાજા ભરથરી ૩૪ રંગીલે આતમ, ૩૫ મ્હારે ભીંભલીયાં નયણાણેા પાણી લાગણેા પાણી ૩૬ (રાજસ્થાની) ૩૬ એ એ મુનિવર વિહરણ પાંગુર્યા રે (મતિસારકૃત શાલિભ-દ્રરાસ) ૩૭ લાજ ગમાવેરે લાલચી, ૩૮ સુગુણ સેાભાગી હેા સાહિબ મારા. ૩૯ સૂરજ સામ્હા હેા પેાલિ, ૪૦ કુમરી બુલાવે કૂબડેા ૪૧ વાહ બણાયેા વીંઝણેા ૪૨ બૂઝિરે તું બૂઝિરે તૂં બૂઝિ પ્રાણી ૪૩ રામે સીતા બ્યાહર કરી ૪૪ ધણ પરિ ભાવ ભગત મન આણી.

૩૦. આ દેશીએા પરથી જણાય છે કે દેવચંદ્રજીએ રાસાએા આદિ ભાષાસાહિત્ય ઘણું વાંચ્યું હતું, તેમજ સમયસુંદરજી, જિનરાજસૂરિ, આનંદઘનજી, યશેાવિજયજી માનવિજયજી, વગેરેનાં સ્તવનેા ખાસ અવધાર્યા હતાં. તેમના વખતમાં ભરથરીનાં ગીતેા બેાલાતાં હતાં. રાજસ્થાની ગીતેાનેા ઉપયેાગ પેાતે કર્યો છે.

સરખામણી:—

૩૧. ઉપરેાક્ત શ્રીમદ્ દેવચંદ્રના બંનેા ભાગેા પ્રકટ

થવાથી ઘણી લકીકત મળી આવી છે. [૧૪]જ્ઞાનસારજી કરીને એક મસ્તમુનિ શ્રીખરતર ગચ્છમાં થઇ ગયા તેમણે આનંદઘનજીની ચોવીશીપર બાલાવબોધ રચ્યો છે; અને દેવચંદ્રજીની 'સાધક સાધનયાં રે નિજ સત્તા ધક ચિત્ત' એ પદથી શરૂ થતી સાધુ પદપરની સ્વાધ્યાયપર ટબો રચ્યો છે. તેમણે તેમાં શ્રી આનંદઘનજી, શ્રી યશોવિજયજી, જિનરાજસૂરિ, દેવચંદ્રજી, અને મોહનવિજયના સંબંધમાં ગુજરાતમાં પડેલી કહેવત જણાવી છે તે અતિ ઉપયોગી છે; દેવચંદ્રજીની ઉક્ત સ્વાધ્યાયની પહેલી કડી પર વિવેચન કરતાં તેના સંબંધમાં જણાવે છે કે:—

૩૨. 'એ કવિરાજના (દેવચંદ્રજીની) યોજનાનો એજ સુભાવ છે. તેજ વાતને **ગટરપટર**—આગેંની પાછે, પાછેંની આગે હાંકતો ચાલ્યો જાય (છે) તે તમે પોતે વિચાર (કરી) લેજ્યો. સંબંધ વિરૂદ્ધ અંગોપાંગ ભંગ કવિતા વારંવાર એક પદ ગુંથાણો તે પુનરૂક્ત દૂષણ કવિતા એ એહીજ સિઝાયમેં તમેહી જોઇ લેજ્યો. એક નિજપદ દશ જગા (જગ્યાએ) ગુંથ્યો છે તે ગિણ (ગણી) લેજ્યો; એકલો મૂજને દૂષણ મત દેજ્યો. બીજું એહુનો (એમનો) છુટક લિખત સપ્ત નયાયશ્રયી સપ્તભંગ્યાશ્રયી ચુસ્ત છે, સ્વરૂપના કથનની યોજના તેમાં તો (પણ) ગટરપટર છે; એ વિના બીજી સહિજ છૂટક યોજના સટંક છે; યોજના કરવી એ પિણ વિદ્યા ન્યારી છે. કૌમુદી કર્તાયે શિષ્યથી આદ્ય શ્લોક કરાયો, આપથી ન થયો. વલી એ વાત ખુલી ન લિખું તો એ લિખત વાંચણવાલો મૂર્ખશેખર જાણે એ કારણે લિખું "

૩૩. આ પરથી દેવચંદ્રજીના સંબંધમાં જ્ઞાનસારજી જેવો અધ્યાત્મી પુરૂષ જે કહે તે ઉપેક્ષણીય નથી. અધ્યાત્મીને અધ્યામીજ- વિશેષ અને યથાયોગ્ય પિછાણી શકે; તેથી જ્ઞાનસારજીનો અભિપ્રાય બહુ વજનદાર અને પ્રામાણિક ગણાય. અને તે મત એ છે કે-આત્મસ્વરૂપનું કથન કરતાં ગટરપટરપણું આવે છે એટલે કે આગળનું પાછળ અને પાછળનું આગળ એમ થાય છે. વિચારની સાંકળ બરાબર રહેતી નથી—તેમાં પુનરૂક્તિ દોષ પણ થઇ જાય છે. તે સિવાયના લખાણમાં તેમનું ગટરપટરપણું દેખાતું નથી-તેમાં સંટકપણું એટલે નિશ્ચિતાર્થપણું જોવાય છે-કેટલાંક છૂટાં લખાણોમાં સપ્તનય અને સતભંગીને ચુસ્તપણે વળગી રહેવાનું દેખાય છે તેમાં ગટરપટરપણું આવી જાય છે. સટંકયોજના-શૃંખલાબદ્ધ વિચારોને યોજવા એ વિદ્યા-કળા ન્યારી છે-સૌની પાસે હોતી નથી-વિરલા પાસે હોય છે:—

૩૪. ત્યારે આવી યોજના-સંટક વિચારોની વ્યવસ્થિત સહજ ગુંથણી કોની પાસે છે? તો તેનો ઉત્તર તેમણે આપેલી કહેવતમાંથી મળી આવે છે:—

'ગુજરાતમાં એ કહેવત છે કે **આનંદઘન** ટંકશાલિ, [૧૫]**જિનરાજસૂરિ બાબા** તો અવ્યવચની,

---

૧૪-જ્ઞાનસાર-ખરતરગચ્છમાં જિનલાભ સૂરિના શિષ્ય રત્નરાજના શિષ્ય થયા. તેમણે સં. ૧૮૬૧ ના પોષ સુદ ૭ સોમે જયપુરમાં દંડક ભાષા ગર્ભિત સ્ત૦. તેજ વર્ષના માઘ માસમાં તેજ સ્થળે જીવ વિચાર ગર્ભિત સ્ત૦ તેમજ સં. ૧૮૬૧ માં નવતત્વ ભાષા ગર્ભિત સ્ત૦ રચેલ છે. તે ઉપરાંત આનંદઘનજીની ચોવીસી પર વિચારપૂર્વક બાલાવબોધ રચ્યો છે અને તેમ કરતાં જ્ઞાનવિમલસૂરિએ તેના પરજ બાલાવબોધ કર્યો છે તેના પણ દોષ બતાવ્યા છે.

૧૫. **જિનરાજસૂરિ**—(બીજા) પિતા શા. ધર્મસી, માતા ધારલદે, ગોત્ર ઓહિત્થરા. જન્મ સં. ૧૬૭૪ વૈ શુ. ૭, દીક્ષા બીકાનેરમાં સં. ૧૬૫૬ માગશર શુ. ૩ દીક્ષાનામ રાજસમુદ્ર, વાચક (ઉપાધ્યાય) પદ સં. ૧૬૬૮ અને સૂરિપદ આસકરણે કરેલા મહોત્સવપૂર્વક મેડતામાં સં. ૧૬૭૪ ફા. શુ. ૭. તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરી:-દાખલા તરીકે થેરૂશાહે ઉદ્ધાર કરેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના ચૈત્યની પ્રતિષ્ઠા જેસલમેરમાં; સં. ૧૬૭૫ ના વૈશાખ શુદિ ૧૩ શુકે શત્રુંજય પર અષ્ટમ ઉદ્ધારકારક અમદાવાદના સંઘવી સોમજી શિવ- જીએ ઋષભ અને બીજા જિનોની ૫૦૧ મૂર્ત્તિઓ બનાવરાવી તેની પ્રતિષ્ઠા કરી. ભાણવડમાં પાર્શ્વનાથ સ્થાપ્યા. સં. ૧૬૭૭ જેઠ વદિ ૫ ગુરૂવારે ઉક્ત આસકરણે બનાવેલા મમ્માણી (સંગેમસરના) પથ્થરના સુંદર વિહાર (મંદિર)માં મેડતામાં શાંતિનાથની મૂર્ત્તિની પ્રતિષ્ઠા કરી. એવું કહેવાય છે કે તેમને અબંકાદેવીએ વર આપ્યો હતો. તેમણે નૈષધીય કાવ્ય પર જૈનરાજી નામની વૃત્તિ રચી છે. અને બીજા ગ્રંથો રચ્યા છે. ભાષાકૃતિમાં ધન્નાશાલિભદ્ર રાસ (?), ગજસુકુમાલ રાસ સં. ૧૬૯૯, ચોવીશી અને વીશી રચેલ છે. જુઓ મારો સંગ્રહ નામે જૈન ગૂર્જર કવિઓ. પૃ ૫૫૩ થી ૫૬૧. તેઓ સં. ૧૬૯૯ ના આષાઢ સુદિ ૯ને દિને પાટણમાં સ્વર્ગસ્થ થયા.

ઉ૦ યશોવિજય ટાનરટુનરિયા–પોતે થાપ્યો તેજ ઉથાપ્યો, ઉ૦ **દેવચંદ્ર**.....જીને (ગોરજીને) એક પૂર્વનું જ્ઞાન હતું તેથી ગટર પટરીયા; **મોહનવિજય પન્યાસ** તે લટકાલા.'

૩૫. એટલે આનંદઘનજી સટંક કહેનારા. તેનાં વચનો ટંકોત્કીર્ણ—પત્થરની શિલાપર કોતરેલાં એવાં, ટંકશાળમાં મુદ્રા પડે તેવાં ટંકશાલી. પૂર્ણ અનુભવીનાંજ વચનો આવાં હોય. જિનરાજસૂરિ કે જે ખરતરગચ્છના ૬૨ મા પટ્ટધર (સ્વર્ગસ્થ સં. ૧૬૯૯) હતા તેનાં વચનો અવધ્ય-અબાધ્ય હતાં; યશોવિજયજીએ નયદૃષ્ટિથી અનેક વાતો લખી છે, તેમનો શ્વેત વસ્ત્ર સિવાય અન્ય વસ્ત્રો-રંગીન વસ્ત્ર પ્રત્યે વિરોધ હતો, વિજયપ્રભ સૂરિને પહેલાં માનવા-પટ્ટધર માનવા માટે આનાકાની હતી પછી માન્યા હતા. એવી એવી તેમના જીવનમાં અનેક વાતો માનવામાં આવે છે તેથી તેઓ ટાનરટુનરિયા લોકોમાં ગણાયા હોય. વાસ્તવિક રીતે તેમનું જ્ઞાન અપૂર્વ હતું, તાર્કિક શિરોમણી હતા અને તેમના જેવા જ્ઞાની મહાપુરૂષ ઘણાં સૈકાઓ થયાં—હરિભદ્ર સૂરિ પછી કોઈ પણ કાળે–થયા નહોતા એમ કેટલાક વિદ્વાન પંડિતોનું માનવું છે. આ વાત પંડિત સુખલાલજી યશોવિજયજીના સંબંધમાં વિસ્તારથી લખવા ધારે છે તે લખાશે ત્યારે સિદ્ધ થશે. દેવચંદ્રજીને એક પૂર્વનું જ્ઞાન હતું તે શેના પરથી કહેવાયું છે તે સમજી શકાતું નથી; અને તેમ હોય તો તે કારણ આપી 'તેથી તે ગટરપટરીઆ હતા' એવું કહેવામાં આવે છે તે સમજી શકાતું નથી. ખૂબ વિચાર કરી તે કહેવાતો મેળ બેસારીએ તો એમ ભાવાર્થ કાઢી શકાય કે એક પૂર્વ કરતાં વધુ જ્ઞાન ન હતું તેથી તેના વક્તવ્યમાં આગળ તે પાછળ ને પાછળ તે આગળ એમ આવતું ને પુનરૂક્તિ દોષ પણ થતો; તેથી તે 'ગટરપટરીઆ' રહેતા. (મૂળ જ્ઞાનસારનો ટબો જોવાની જરૂર, સંદેહ ટાળવા માટે, રહે છે. મોહનવિજય[૧૬] (તે ચંદરાજા રાસ આદિના કર્તા) લટકાલા ઓળખાય છે. તેમની વ્યાખ્યાનશૈલી તેમજ કાવ્યચાતુરીથી રસ મૂકવાની કુશલતા પરથી તે લટકાલા ગણાયા છે એમ લાગે છે.

ભાષાપ્રેમ:—

૩૬. દેવચંદ્રજી સંસ્કૃતના પોતે જ્ઞાતા હતા છતાં થોડી વ્રજભાષામાં અને વિશેષ ગૂજરાતી ભાષામાં તેમણે રચના કરી છે. ભાષામાં રચવાનાં કારણમાં તેમણે પોતાની ૨૦ વર્ષની વયે જણાવ્યું છે કે:—

' સંસ્કૃત વાણી વાચણી, કોઇક જાણે જાણ.
જ્ઞાતાજનને હિતકર જાણી, ભાષા કરૂં વખાણ.
૧-૪૫૩ ધ્યાનદીપિકા ચતુષ્પદી

સંસ્કૃતવાણી પંડિત જાણે, સરવ જીવ સુખદાણીજી.
જ્ઞાતા જનને હિતકર જાણી, ભાષારૂપ વખાણીજી.
૧-૫૭૮. એજન.

સંયમી:—

૩૭. પોતે દશ વર્ષની કુમારવયે દીક્ષા લઇ જીવનપર્યન્ત બ્રહ્મચર્યસ્થ સાધુ તરીકે જીવન ગાળ્યું, એ બ્રહ્મચર્ય, એ સંયમ, આત્માના ઉંચા પરિણામ કરી તેને ઉચ્ચ ભૂમિકાપર લઇ જવા માટે ઓછા કારણરૂપ નથી. મહાત્માજી કહે છે કે:-"બ્રહ્મચર્ય એટલે સર્વ ઇંદ્રિયો ઉપર સંપૂર્ણ કાબુ. જે પૂર્ણ બ્રહ્મચારી છે, તેને માટે આ સંસારમાં કશુંજ અસાધ્ય નથી. મન વાણી, ને કર્મથી સંપૂર્ણ સંયમ પાળ્યા વિના આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત નજ થઇ શકે" સંયમ સાથેનું શાસ્ત્ર જ્ઞાન શોભે છે અને અધ્યાત્મ માર્ગ પર લઇ જાય છે.

(અપૂર્ણ.)

---

૧૬. **મોહનવિજય**-ત૦ વિજયસેન સૂરિના શિષ્ય કીર્તિવિજય તેના માનવિજય તેના રૂપવિજય ને તેના શિષ્ય. તેમણે મહેસાણામાં સં. ૧૭૫૫ માં હરિવાહન રાજાનો રાસ, પાટણમાં સં. ૧૭૬૦ માં માનતુંગમાનવતીનો રાસ, સં. ૧૭૬૦ માં પાટણમાં રત્નપાલનો રાસ, સં. ૧૭૬૩ માં પાટણમાં પુણ્યપાલ ગુણસુંદરી રાસ. અને સં. ૧૭૮૩ માં અમદાવાદમાં ચંદરાજાનો રાસ, અને સમીનગરમાં ૧૭૬૪ માં નર્મદાસુંદરીનો રાસ તથા ચોવીશી રચેલ છે. દેવચંદ્રજીના સમકાલીન. જુઓ મારો ગ્રંથ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨ જો પૃ. ૪૨૮ થી ૪૪૨ કે જે થોડા વખતમાં બહાર પડનાર છે.

ભારવિનું (?) ભટ્ટિકાવ્ય.

સુપ્રસિદ્ધ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના સંસ્કૃત દ્વયાશ્રય મહાકાવ્યનું ગૂજરાતી ભાષાંતર સાક્ષર મણિલાલ નભુભાઇ દ્વિવેદીએ કરેલું, જે વડોદરા દેશી કેળવણીખાતા તરફથી વિ. સં. ૧૯૪૯ માં પ્રકટ થયું હતું. તેમાં વિશેષાવલોકન (પૃ. ૩૦)માં નીચેનો ઉલ્લેખ જોવામાં આવે છે—

"તે દ્વયાશ્રયકાવ્ય આ પ્રકારે **ભારવિના ભટ્ટિ**-કાવ્યને મળતું આવે છે, પણ ફેર એટલો છે કે **ભારવિએ** જ્યારે પાણિનીયની અષ્ટાધ્યાયીનો ક્રમ યથાર્થ સાચવ્યો છે.[1] ત્યારે એ આશ્રયથી રચેલો આ ગ્રંથ બહુ જ કઠિન થઇ ગયો છે, ને ટીકાની સાહાય્ય વિના તે સમજવો પણ મુશ્કેલ પડે એવો છે."

સાહિત્ય પ્રેમી સાક્ષર શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડિયા બી. એ. એલ એલ. બી. સોલીસીટરે ગત આઠમી ગૂજરાતી સાહિત્ય પરિષદ્ મુંબઇ માટે લખેલા અને 'જૈનયુગ'(૧૯૮૩ ના કાર્તિક-માગશર)માં તથા 'સાહિત્ય' (૧૯૨૬ ડિસેંબર, ૧૯૨૭ જનેવારી)માં પ્રકાશિત થયેલા 'શ્રી હેમચંદ્રાચાર્યનું પ્રાકૃત વ્યાકરણ' નામના લેખમાં પણ ઉપરનો ફકરો ટાંકેલો જોવામાં આવે છે. (જૈ. પૃ. ૯૬-૯૭ તથા સા. પૃ. ૨૫.)

આ સંબંધમાં લક્ષ્ય ખેંચવું આવશ્યક છે કે-મર્હુમ મણિલાલ ન. દ્વિવેદીએ **'ભારવિનું ભટ્ટિકાવ્ય'** પ્રમાદથી સ્વયં ગ્રંથ તપાસ્યા વિના લખ્યું જણાય છે. કારણ કે **ભારવિ**નું કિરાતાર્જુનીય મહાકાવ્ય પ્રસિદ્ધ છે,પરંતુ તેનું **ભટ્ટિકાવ્ય** ક્યાંય હોય તેમ જણવામાં નથી. **ભટ્ટિકાવ્ય** જે સુપ્રસિદ્ધ છે, જેનું અપરનામ રામકાવ્ય અને રાવણવધ પણ છે અને જે મુંબઇ, કલકત્તા વિગેરે સ્થળેથી અનેક આવૃત્તિયોમાં પ્રકાશિત થયેલ સટીક મળી આવે છે, તેમ જેની હસ્તલિખિત પ્રતિયો પણ મળી શકે છે, તથા જેને કલકત્તા વિ૦ ની યુનિવર્સિટીમાં સંસ્કૃત પરીક્ષામાં પાઠય પુસ્તક તરીકે સ્થાન મળ્યું છે, તેના કર્તા **ભારવિ** હોય તેમ જણવા જોવામાં નથી.

વાસ્તવિક રીતે વિચારીએ તો શિશુપાલ વધકાવ્ય માઘકવિના નામથી 'માઘકાવ્ય'ના નામે ઓળખાય છે, તેમ એ ઉપર્યુક્ત રામકાવ્ય પણ **ભટ્ટિ** કવિના નામથી **ભટ્ટિ** કાવ્યના નામે ઓળખાય છે; એટલે તેના કર્તાનું નામ **ભટ્ટિ** સ્પષ્ટ જણાય છે. જયમંગલકૃત ટીકા સાથે મુંબઇ નિર્ણયસાગર પ્રેસ તરફથી પ્રકાશિત થયેલી બંધી આવૃત્તિયોમાં-મૂલ નીચે— **"इति वलभीवास्तव्यस्य श्री स्वामिसूनो र्भट्ट (ट्टि) महाब्राह्मणस्य महावैयाकरणस्य कृतौ रावणवधे × ×"** ઇત્યાદિ તથા ટીકામાં— **'श्रीस्वामिसूनुः कविर्भट्टिनामा रामकथाश्रय-महाकाव्यं चकार।'** આવો ઉલ્લેખ જોવામાં આવેછે.

મુંબઇ સરકારી સંસ્કૃત સિરિઝમાં **મલ્લિનાથ** કૃત ટીકા સાથે પ્રકાશિત થયેલ અને ગોવિંદશાસ્ત્રિ સંશોધિત નિ. સા. પ્રેસમાં છપાયેલ આવૃત્તિમાં પણ **ભટ્ટિકાવ્ય**ના કર્તાનું નામ **ભટ્ટિ** જોવામાં આવે છે.

કલકત્તામાં પ્રકાશિત **યદુનાથ** તર્કરત્નદ્વારા સંસ્કૃત જયમંગલ અને **ભરતસેન**વાળી બંને ટીકાઓવાળી આવૃત્તિમાં, તથા જીવાનંદ વિદ્યાસાગર ભટ્ટાચાર્યે પ્રકાશિત તથા કમિટી સાહેબની આજ્ઞાથી પ્રકાશિત પુસ્તકમાં **ભટ્ટિકાવ્ય**ના કર્તાનું નામ **ભટ્ટિજ** જોવામાં આવે છે, માત્ર **ભરતસેન** પોતાની ટીકામાં **ભટ્ટિ**-કવિને બદલે **'भर्तृहरिर्नाम कविः श्रीरामकथाश्रयं महाकाव्यं चकार।'** આવો ઉલ્લેખ કરી **ભર્તૃ**-**હરિ** નામ જણાવે છે, પરંતુ બીજા ટીકાકારોના અભિપ્રાય પ્રમાણે અને પ્રસિદ્ધિ પ્રમાણે **ભટ્ટિકાવ્ય**ના કર્તાનું નામ **ભટ્ટિજ** વિશેષ યોગ્ય જણાય છે.

જેસલમેરના કિલ્લાના પ્રાચીન જૈન ભંડારમાં રહેલ એજ પુસ્તકની તાડપત્રીય પ્રતિ પરનો ઉલ્લેખ અમ્હારા કથનને વિશેષ પુષ્ટ કરે છે.

"वलभीवास्तव्य श्रीस्वामिसूनोर्भट्टिब्राह्मणस्य कृतौ रामकाव्यं समाप्तम्"—જૂઓ જેસલમેર

---

૧ મો. ગિ. કાપડિયાના લેખની ટિપ્પણીમાં આ સ્થળે સૂચવ્યું છે કે-'આમાં ગેરસમજુતી છે. ભટ્ટિકાવ્યમાં **પાંડવ અને** રામચરિત્ર છે એટલે એમાં ઇતિહાસ ચાલુ છે.' પરંતુ ભટ્ટિકાવ્યમાં **પાંડવચરિત્ર** જોવામાં આવતું નથી-લા. ભ.

ભાં. સૂચી (ગા. ઑા. સિરીઝ્ તરફથી પ્રકાશિત પૃ. ૨૪).

આ ઉપરથી સહ્ગત સાક્ષર મ. ન. દ્વિવેદીએ જણાવેલ ભટ્ટિકાવ્યના કર્તાનું નામ 'ભારવિ' એ ભૂલભરેલું જણાય છે. અને એ સાથે એમ અનુમાન થાય છે કે સહ્ગતે એ ભટ્ટિકાવ્યનું યથાયોગ્ય અવલોકન નહિ કર્યું હોય; કેમકે તેમણે એજ ફકરામાં સૂચવેલ અભિપ્રાય ઉપરથી એવું સૂચિત થાય છે. સ્વ. દ્વિવેદીએ શ્રી હેમચંદ્રાચાર્યના દ્વયાશ્રય મહાકાવ્યને ભટ્ટિકાવ્ય સાથે સરખાવતાં સૂચવ્યું છે કે 'ભારવિએ જ્યારે પાણિનીયની અષ્ટાધ્યાયીનો ક્રમ યથાર્થ સાચવ્યો છે' પરંતુ બરાબર તપાસી જોવામાં આવે તો સત્ય જણાશે કે—'હેમચંદ્રાચાર્યે પોતાના દ્વયાશ્રય મહાકાવ્યમાં પોતાની 'સિદ્ધહેમ' શબ્દાનુશાસનની અષ્ટાધ્યાયીનો સૂત્રક્રમ જેવો ક્રમ સાચવ્યો છે, તેવો પાણિનીયની અષ્ટાધ્યાયીનો ક્રમ ભટ્ટિકવિ ભટ્ટિકાવ્ય અપરનામ રામકાવ્યમાં સાચવી શક્યા નથી' આવો અભિપ્રાય વિશેષ સમુચિત લેખી શકાય તેમ છે. નિષ્પક્ષપાત તુલનાત્મક દૃષ્ટિથી અવલોકન કરનારે મુંબઈ સરકારી સંસ્કૃત સિરીઝ તરફથી પ્રકાશિત હેમચંદ્રાચાર્યનું સંસ્કૃત તથા પ્રાકૃત દ્વયાશ્રય મહાકાવ્ય તપાસી જોવું.

એ દ્વયાશ્રય મહાકાવ્યને ભટ્ટિકાવ્ય સાથે તુલના કરતાં સ્વ૦ દ્વિવેદીએ એજ ફકરામાં આલેખ્યું છે કે-

'ત્યારે બે આશ્રયથી રચેલો આ ગ્રંથ બહુ જ કઠિન થઈ ગયો છે, ને ટીકાની સાહાય્ય વિના તે સમજવો પણ મૂશ્કેલ પડે એવો છે.'

આ સંબંધમાં આપણે દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરીએ તો સમજાશે કે શબ્દાનુશાસનનાં ક્રમવાર સમસ્ત સૂત્રોનાં સમગ્ર ઉદાહરણ પ્રત્યુદાહરણોના પ્રયોગોનો ઉપયોગ કરી-પરિમિત શબ્દોના વર્તુલની ચોકસ મર્યાદામાં રહી અભીષ્ટ વિષય ઉપર મહાકાવ્ય રચવું એ કેટલું કિલષ્ટ કાર્ય છે? તે-તે વિષયના વિશારદ અનુભવીઓ જ સમજી શકે તેમ છે. અને એથી એમાં વ્યાકરણના અપૂર્ણ અપરિપક્વ અભ્યાસીને કાઠિન્ય જણાય એ પણ સ્વાભાવિક છે. ભટ્ટિકાવ્યમાં પણ એવું કાઠિન્ય ક્યાં નથી?, તેના કર્તા સ્પષ્ટ શબ્દોમાં સૂચવે છે કે—

"दीपतुल्यः प्रबन्धोऽयं शब्द लक्षण-चक्षुषाम् ।
हस्तामर्ष इवान्धानां भवेद् व्याकरणाद् ऋते ॥
व्याख्यागम्यमिदं काव्यमुत्सवः सुधियामलम्।
हता दुर्मेधरश्चास्मिन् विद्वत्प्रियतया मया ॥"

—**ભટ્ટિકાવ્ય** (સર્ગ ૨૨, શ્લો. ૩૩, ૩૪,)

ભાવાર્થ—શબ્દલક્ષણ-વ્યાકરણ રૂપી આંખવાળાને આ પ્રબંધ દીવા જેવો છે, પરંતુ વ્યાકરણ વિના આંધળાઓને હસ્તસ્પર્શ જેવો છે. **વ્યાખ્યાથી સમજી શકાય એવું** આ કાવ્ય સારી બુદ્ધિવાળા-શ્રેષ્ઠ વિદ્વાનોને અધિક ઉત્સવ-આનંદ આપે તેવું છે, અને આમાં મેં વિદ્વાનો પરના પ્રેમથી દુર્બુદ્ધિ-અલ્પમતિયોને હણ્યા છે-અનુગૃહીત કર્યા નથી-અનધિકારી કર્યા છે.

ભટ્ટિકવિના ઉપર્યુક્ત ઉદ્ગાર પર વિચાર કરતાં સ્પષ્ટ પ્રતીત થાય તેમ છે કે-મ. ન. દ્વિવેદીએ હેમચંદ્રાચાર્યના દ્વયાશ્રય મહાકાવ્યની ભટ્ટિકાવ્ય સાથે તુલના કરતાં પક્ષપાત, અન્યાય અને અજ્ઞાનની માત્રાનો પરિચય કરાવ્યો છે, અને તેમાં પણ નીચેના ફકરામાં પોતાનો અભિપ્રાય દર્શાવતાં તેને વિશેષ વ્યક્ત કર્યો છે. તે ફકરો આ પ્રમાણે છે—

'દ્વયાશ્રયની ભાષા સંસ્કૃત છે, તે બહુ શુદ્ધ છે, પરંતુ **તેમાં તથા ટીકામાં ઘણા દેશી શબ્દો આવ્યાં જાય છે. જે કારણને લીધે આ ગ્રંથ અતિ કઠિન થઇ ગયો છે, તે કારણથી એમાં આપણે સ્વાભાવિક રીતે રસિક કાવ્યત્વની આશા ન રાખીએ, તો પણ એમ કહ્યા વિના ચાલતું નથી કે હેમચંદ્રનાં રચેલાં બધાં પુસ્તકોમાં કાવ્યચાતુરી બહુ હલકા પ્રકારની છે.'**

— દ્વયાશ્રય ભાષાંતર (પૃ. ૩૧)

ભાષાંતરકાર સહ્ગત દ્વિવેદી મહાશયે ઉપર્યુક્ત ઉલ્લેખ કરતાં કયા કયા દેશી શબ્દો તેમાં આવ્યા છે?, કઈ રીતે તેમાં રસિકતાની ન્યૂનતા છે? અને શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનાં રચેલાં બધાં પુસ્તકો તેમણે ક્યારે જોઈ લીધાં? અને તેમાં કાવ્યચાતુરી બહુ

હલકા પ્રકારની તેમને કઇ દૃષ્ટિથી તપાસતાં જણાઈ? તે જો પ્રમાણપૂર્વક સૂચવ્યું હોત તો વિદ્વાનોને તે પર વિશેષ વિચાર કરવાનું બની આવત.

સ્વ૦ દ્વિવેદીનો અભિપ્રાય કેટલે અંશે અસત્ય યા પક્ષપાતજન્ય છે, તે તપાસવાને એ દ્વયાશ્રય મહાકાવ્ય (સટીક) આજે વર્ષો થયાં જગત્સમક્ષ સુપ્રકટ છે. દ્વિવેદીના ભાષાંતરમાં રહી ગયેલ શ્લોક-ભાષાંતર તથા સ્ખલનાઓના સંબંધમાં અવકાશે અન્યત્ર ઉલ્લેખ કરીશું.

—લા. ભ. ગાંધી

ગાંધીજી.

(આછી છાયા)

લેખક: ધીરજલાલ બ. શાહ.

એનેથી દેવી ગુર્જરી ઉજળી છે;
એનેથી માતા ભારતી ભવ્ય છે.
એ છે સન્તોનો સન્ત, મનુશ્રેષ્ઠ;
દિશ દિશ ગાજ્યા છે-ગાજે છે.
એના જયડંકા વિજયશીલ નાદભર્યા.

× × × ×

પૃથ્વીપર અંધારાં ઉતરતાં હતાં,
હિંસાથી વસુંધરા ત્રાસી હતી.
જગત આગળ વધતું. શેમાં ?
જડવાદમાં: પ્રભુતામાં હતો પથ્થર.
ફાડખાઉ, હિંસક, સ્વાર્થી વૃત્તિ
પથરાઇ હતી સર્વત્ર.
તેવે સમે કોઇ ઘનઘોર આભથી
વીજળી ઝબુકે, ઉર્વીતળ ઉજ્વસે,
પાપયોગ અંધકાર નષ્ટે;
ત્યમ જગતની સુધડીએ વીર એ
વરસ્યો ફાડતો ઘોર એ પાપદલ.
હિંસાની પૃથ્વીમાં અહિંસાનો પેગામ;
લાવ્યો એ દિવ્ય દેશથી.
જાહેરાત કરી જગતને, સત્ય એજ ધર્મ:
અહિંસ એજ સુખ સાધન.
હિંસ્રા જગતને આ પેગામ ફાવે કયમ?
પછી તો મંડાયા યુદ્ધ તમઘોર
હિંસા અને અહિંસાના.
" પાપથી પાપ જાય (જન્મે);
પાપનો વૈરી અપાપ.
દુશ્મન પ્રતિ પ્રેમ દાખવો;
શઠને જીતવો સત્યથી. "
આવા આવા કંઈ કંઇ સૂત્રો;
સમજ્યા એ મહાત્મને—
અહિંસાના યોગીએ.
દુનિયા ભડકી જાગી, આ ગાંડાઈ શું ?
પણ શીખવ્યું અનુભવે-સમયે,
નહિ ગાંડાઈ એ: ખરૂં એ સત્ય.
અહિંસા યુદ્ધના સેનાપતિની
થઇ હવે ખરી કીંમત.
એના ત્યાગે દાનવોને દેવ બનાવ્યા;
એની ક્ષમાએ દુશ્મનોને પ્રેમી બનાવ્યા.
એની ભલાઇએ વર્વીષ્ટોના ગર્વ તજાવ્યા;
એના જીવને જગત સારાને આકર્ષ્યું.
એની સાદાઈ-અહિંસાએ એને
બનાવ્યો મહાત્મન્.
એણે કહ્યું, ધર્મ વિના આત્મા નહિ;
એણે કહ્યું, ધર્મ વિના દેહ નહિ.
એણે કહ્યું, ધર્મ વિના સંસાર નહિ;
એણે કહ્યું, ધર્મ વિના રાજ્ય નહિ.
ધર્મહીન રાજતંત્રને એણે માન્યુ જુલ્મી-અમાનુષી.
ખુલ્લા કાઢયા વેણ,
ઉખાડું એ તંત્રને.
આવા એ પુરૂષે વર્ણ્યો ધર્મને
સંસારના ચક્રે ચક્રમાં.
જગતે અવલોક્યો આ પુરૂષને;
સમીક્ષા કરી, પરીક્ષા કરી,

સમીક્ષા કરી, પરીક્ષા કરી.
એની તપસ્યા ભાવના જોઇ વધા
સ્વગત જૈનો,
આ મહાવીરનો ધર્મપુત્ર તો નહિને?
ખ્રીસ્તીઓના ધર્મગુરૂએ ઉપદેશ્યું,
ઇસુના દર્શનની ઇચ્છા હોય,
તો જાઓ હિન્દમાં.
આવો પ્રભાવશાળી ને પૂજ્ય છે એ મહાત્મન;
એનું શરીર તો છે જર્જરીત,
" મુઠીભર હાડકાનો સ્વામિન્ "
પણ એના આત્મામાં ઉગ્યા છે.
પયગમ્બરી તેજ, જે આકર્ષે છે
સમસ્ત માનવકુળને.
કોઇ રૂપાળી રાતના લલિત લલનાઓના
કિન્નર કંઠથી ઝરે છે એના નામજોડ ગરબા
ત્યારે સ્મરણપટપર ચડે છે,
ભગવાન શ્રી કૃષ્ણઃ જશોદાનો કાનુડોઃ
ગોપીઓનો કહાન.
ભગતજનો એનાં ભજન લલકારે,
ત્યારે શ્રવણપટ પડે છે એની રામધૂન;
વીરો એનું પૂજન કરે છે ત્યારે
શકિત સમો ભાસે છે-ભાવે છે સર્વને
એના વચનો પડે ત્યારે થાય,
આ બ્રહ્મવાકય તો નહિ?
સારા જગતના હૃદયમાં એનો વાસ છે,
સારા જગતના હૃદયો એમાં વાસ કરે છે.
એ બ્રહ્મા તો નહિ?
એ છે ખરો પ્રેમી,
આ-બાલ-યુવાન વૃદ્ધનો એ " બાપુ " છે.
બાળકો કહેશે, બાપુ કહે તે ખરૂં;
જુવાનો કહેશે, જય બાપુની;
વૃદ્ધો ઉચ્ચારશે આજ છે ખરો નર.

સ્વાતંત્ર્યનો એ અમર પૂજારી છે.
મોતની એને પરવા નથી.
જુલ્મ અન્યાય અનીતિનો
એ છે દુશ્મન.
એનો ઉત્સાહ અજોડ છે,
એની વિચાર-વાણિ સબળ છે,
એ કાર્યકુશળ વ્યવહારદક્ષ છે,
એનું હૃદય તો સાગર સરખું વિશાળ છે;
દયા-પ્રેમ-અહિંસાથી એ સદા ભીનો છે.
ગરીબો તો એને ગળે છે.
વ્યકિતમય એનું જીવન નથી.
એ તો છે સર્વ જગત્મય.
ત્યાગ પરોપકાર એનું જીવન છેઃ
સદા એ છે **परहितनिरत** ।
માનવીની માફક એ રૂવે છે,
માનવીની માફક એ હસે છે.
એના જીવનમાં કયાંય નહિ જણાય,
એ માનવતાથી પર હોય,
આવાજ દૈવી-માનવથી
ઉદ્ધાર થાય જગતનો.
આવાજ દૈવી-માનવ હોય
મનુકુલના આદર્શ જન.
એના જીવનનું અનુસરણ
એ તો પરમાત્માની વાટે,
પરમાત્માની પીછાન;
એનેથી દૈવી ગુજરી ઉજળી છે.
એનેથી માતા ભારતી ભવ્ય છે,
એનેથી જગત સારૂં દીપે છે;
એ છે સન્તોનો સન્ત, મનુશ્રેષ્ઠ.
દિશ દિશ ગાજ્યા છે-ગાજે છે,
એના જયડંકા વિજયશીલ નાદભર્યા.

(હસ્તલિખિત " ભાઇબંધ " માંથી)

મારા અંગત સ્ફુરેલા વિચાર.

૧

આ જીવે લોકમાંના જે જે જીવો છે તેમાંના ઘણાખરા જીવોના ભવો કર્યા છે. તેથી તેનાથી ઘણુંખરૂં તો જાણવામાં આવી ગયું છે. આ જીવે કાગડાના ભવે માળો બાંધ્યો છે, મધમાખીને ભવે મધપુડો રચ્યો છે, સુતારને ભવે તમામ લક્કડકામ જાણ્યું છે, માછલી ભવે મોતી શરીરમાંથી કાઢેલ છે, એકેંદ્રિયને ભવે હીરા રૂપે પણ હતો વગેરે. વળી તેવા ભવો એકવાર નથી કર્યા પણ અનંતીવાર કર્યા છે તેથી ખરી રીતે આ મનુષ્યના ભવમાં તે ધારે તો થઈ ગયેલા—કરાઈ ગયેલા તમામ ભવોનું સંસારી કામકાજ આવડેજ આવડે. રમતરૂપે તે તે કામ તે તે કળા આ જીવને મને છે. ફક્ત હુંકાર, તેજ, શૌર્ય, પરાક્રમ અને આત્મશક્તિની સ્ફુરણા જોઇએ. બધું સરળ ને સુગમ છે.

૨

જે જીવ પોતાના પર જે જે કર્મમળ છે તે ધીમે ધીમે, ધ્યાનથી, તપથી, વિચારણાથી, પશ્ચાત્તાપથી, તથા કુણાશથી બાળી નાંખે, ચીકાશ મોળી પાડે, અથવા ખંખેરે અથવા પટ પાતળો કરે તો શરીરની અંદરનો આત્મા એવો તો શક્તિમંત થાય કે, તે કલાકોના કલાકો લગી ગમે તે વિષયપર સિદ્ધાંતરૂપે બોલી શકે, ગમે તેટલું લખી શકે, ગમે તે હુન્નર તેને આવડેજ, ધાર્યાં કામ થાય, ધારેલી વસ્તુ ગમે ત્યાં હોય ત્યાંથી આવેજ આવે. એ નક્કી ને ચોક્કસ છે. આરસીપરના મેલના જેવી આ વાત છે.

૩

જગતની કળાઓ દરજીની, લશ્કરની, સુતારની, લુહારની, ચિત્રકામની, શિલ્પની, યંત્રોની, જગતના મુખ્ય પદાર્થ અગ્નિ, વાયુ, જળ, પૃથ્વીની ઉથલ પાથલની વાતોને આધારે અનેક કાર્ય હાથ કરવાની કળાઓ એ રીતે જાણી શકાય.

(૧) હાલ જે રીતે જગતનાં બાળકોને નિશાળમાં નાંખી, ૧૦–૨૦ કે વધુ વરસે અનેક કળા શાળા–પાઠશાળામાં શીખવાય છે તેમ. પણ આ રસ્તો ખર્ચાળ, કઠણ, સમયનો ભોગ લેનારો ને શિથિલ છે.

(૨) ઘેર બેઠાં વા એક આસને ગમે ત્યાં બેઠાં, પ્રભુની માળા ફેરવવાથી, પ્રભુમય સૃષ્ટિ માની તેને શરીર અર્પણ કરવાથી, આત્મવિચારણા કરી કર્મમળને પાતળા પાડવાથી વા તપ જપથી ભસ્મ કરવાથી ઉપરની બધી કળાઓ તદ્વત્ થઈ જાય છે અને ઝીણામાં ઝીણા ભેદ ને વાતો જાણવામાં આવી જાય છે.

આ બીજી વાત સાવ સાચી છે. પણ હાલના પ્રવૃત્તિ કાળમાં એ તરફ ત્યાગીઓનું પણ પ્રયાણ નથી તો ગૃહાસક્ત સંસારીઓનું તો શું કહેવુ?

જે જે મહાત્માઓ થાય છે તે તે જગતના જીવોને બીજી બાબત તરફ વાળે છે અને તેમની શાળામાં પણ ઘણા શિષ્યો વધે છે અને પ્રભુને માર્ગે ઘણી હુન્નર કળાઓની પ્રાપ્તિ કરે છે.

૪

દેવ મંદિરમાં બેસી રહેતા કે જાત્રા કરનારા માણસો, પડ્યાં પડ્યાં ખાય છે–જગતને ભાર રૂપ છે એમ માનનારા ઘણી ભૂલ કરે છે, કારણ કે તેવા માણસોના હૃદયમાં ધર્મના ઉંડા રહસ્યનું ભાન ભલે ન હોય પણ વ્યવહારથી, શરમથી, પોતે દેવમંદિરમાં વા ધર્મસ્થાનકમાં રહેનારો–જનારો–ક્રિયા કરનારો મનુષ્ય છે તેથી ઘણાં કુકર્મો કરી શકાતાં નથી. કોર્ટે જવાતું નથી, કેદમાં પણ તેવા કદી પડેજ નહિ, મોટાં તોફાન કજીયા કરેજ નહિ વગેરે કારણે જગતના બીજા માણસો કે જેઓ રાત દિવસ જગતનું ખાનારા છતાં કશેશજ વધારે છે અને કોઇને પણ સુખે બેસવા દેતા નથી તેનાથી ઘણા સારા છે. દેવમંદિરમાં જનારા માણસો જો દેવમંદિરમાં રહ્યા થકાં મોટા કુકર્મો કરે, તોફાન વિગ્રહ કરે, પોતે અશાંતિમાં રહે જગતને માટે અશાંતિ કરે તો તે એવડા ગુન્હેગાર છે. પણ સર્વથા તેમ હોતું નથી. વળી દેવમંદિરમાં જનારાં માણસોમાંના ઘણાક તો મહાત્મા જેવા પણ હોય છે તેઓને ઉત્તમ વાણી નથી કે વકતા તરીકે વિચારો જણાવી શકે, તેઓના હાથમાં કલ-

મની કળા નથી કે જગતને, લખીને-ગ્રંથો બનાવીને પોતાના વિચારો જણાવી શકે, તેઓમાં કંઠ કળા પણ નથી કે ગાઇ બજાવીને જગતને ખરૂં રહસ્ય આપી શકે છતાં તેઓનાં હૃદય મહાત્માના જેવાં પણ હોય એ નક્કી છે. સાવ એદી જેવા, સાવ એક માર્ગી માત્ર ખાવું-રહેવું, જીવવું અને સાથે સાથે ધર્મનો જે ઢાળો તેમને પકડાવ્યો હોય તેજ રૂઢ માર્ગે ક્રિયાઓમાં મસ્ત હોય તેમાં મહાત્મા પણ હોય છે. માટે એવાની નિંદાનોજ ધંધો લઇ બેસવા પહેલાં બહુ સંભાળ રાખવાની છે. વળી એવી જાતના ૨૦૦ માણસોમાંથી જો તેઓને તે ને તે રીતે આગળ વધવા દેવામાં આવે તો ૫૦ ટકા સજ્જન સદાચરણી ને સાધુ નીકળે અને મરણાંતે શાંતપણે મરી નવા ભવોમાં ઉત્તમ પદવી પ્રાપ્ત કરે. પણ સંસારમાં રાચ્યા પચ્યા રહેનારામાંથી તેટલું પ્રમાણ ન આવે. આ મારી માન્યતા છે. કામ કરીને-પરસેવો ઉતારીને ખાવુંજ જોઇએ-એ નિયમ સર્વથા માન્ય કે ગ્રાહ્ય પણ નથી. મનુષ્ય સિવાયનાં-મનુષ્ય આશ્રયે રહેલાં પશુ પ્રાણીઓ સિવાયનાં તમામ પ્રાણીઓ ખાવા—રહેવાને માટે જરાપણ કળાઓ—ધંધાઓ—વ્યવહારો શીખતા હોય તેમ જણાતું નથી. વળી મનુષ્ય કરતાં તેવાં પ્રાણીઓ અનંત ગણાં છે. તેઓ મનુષ્ય કરતાં જગતનો ઉપયોગ ઘણોજ કરે છે. પાણીમાં, ધરતીમાં-અગ્નિમાં અને ધરતીના તળીઆથી અધર રહેતાં પ્રાણીઓની વચ્ચે ૧ પણ મનુષ્ય નથી. તે બધાંનો વિચાર કરીએ તો મનુષ્યના જેટલી ખાવા પીવા માટેની હાયવોય કે ઉપાધિ બીજા કોઇને નથી. સૌ ખોરાક માત્ર શોધે છે અને બીજા વિષયો-ઊંઘ-મૈથુન-યોગ્ય રહેઠાણ એટલુંજ ચાહે છે છતાં તેઓ મનુષ્યની પેઠે શાળામાં જવું, કોલેજમાં જવું, ઉદ્યોગો શીખવા વગેરે કાંઇ કરતા નથી.

૫

શાશ્વતી ચીજો જેવી કે ચંદ્ર, સૂર્ય, મેરૂ, વિમાન, ત્રણ લોક વગેરે છે તે એવી રીતે કે તેમાંના સ્કંધ અસંખ્યાતા કાળલગીમાં બહાર નીકળી જાય છે, પરમાણુઓ ખસીને જતાં રહે છે પણ જે કાળે તે પ્રમાણે બને છે તેજ કાળે તેટલાજ સ્કંધ કે પરમાણુ તેજ આકાશ પ્રદેશમાં તે વસ્તુની અંદર આવી મળે છે અને તેથી તે શાશ્વતી વસ્તુ સદાકાળ એવીને એવી રહે છે. આ શાશ્વતી વસ્તુઓ જગતમાં ઘણી છે. જેમ એ બને છે તેમ મનુષ્ય શરીરમાં બનતું નથી. કેવળજ્ઞાની જેવા સમર્થ મનુષ્યો કે જેમને પોતાના દેહમાં રહેતા છતાં અપૂર્વ આનંદ રહે છે, કેવળજ્ઞાનના આનંદને મુકાબલે આવે તેવી કોઇ ઉપમા નથી. છતાં જીવને તે કેવળજ્ઞાનીએ ધારેલા શરીરમાંથી નીકળવું પડે છે, કેવળ જ્ઞાન જેટલી શક્તિ જીવે ધરાવી છતાં એવી કોઈ કળા ન આવડી કે તે શરીરને જીર્ણ ન થવા દેતાં વા ન મરવા દેતાં તેમાંને તેમાં મેરૂની પેઠે અનંત કાળ લગી રહી શકાય. જે શરીરમાં કેવળ જ્ઞાન છે તે શરીરમાં જે પુદ્ગળો ગોઠવાયાં છે તે પુદ્ગલોમાંથી ભલે અસંખ્યાતા કાળે સ્કંધો-પરમાણુઓ જાય પણ તેને બદલે તેજ કાળે ને તેજ સ્થાને બહારથી તેવાજ સ્કંધ ને પરમાણુઓ આવી શરીરરચના એવીને એવી રહે, અને તેથી કેવળજ્ઞાની ત્રણે કાળમાં તે ને તે સ્થળે વિચરતા જીવો જગત્પર ઉપકાર ચાલુ કરતા રહે. આ એક અચરજ છે પણ તે અચરજ તે કેવળજ્ઞાનીએ જેમ થતું દીઠું તેમજ કહ્યું. વળી મેરૂ શાશ્વતી ચીજમાંથી એકેંદ્રિય જીવો પણ ચવે છે, અને બીજા આવે છે, એ જીવોની સાથે તેમનું શરીર તૈજસકાર્મણ જાય છે સાથે પુદ્ગળો પણ જાય છે અને તેથી કહેવાનું એ કે મેરૂ શાશ્વતો આપણે કહીએ પણ ઉપરના જીવોના ચવવા આશરે તથા પુદ્ગળોના ગમનાગમન આશરે મેરૂ પણ શાશ્વતો નથી, છતાં મેરૂ અનંતકાળથી છે તેવો ને તેવો અત્યારે છે અને હવે પછી અનંતોકાળ વહન થયે તેવો ને તેવો રહેશે. જો એકેંદ્રિય જીવોના સ્વરૂપ મેરૂ આ પ્રમાણે રહી શકે, એકેંદ્રિય જીવો મૂકે જેને મન નથી તે જીવો શાશ્વતાં રહી શકે અને મનુષ્ય સંજ્ઞીપચેંદ્રિય કેવળજ્ઞાની મનુષ્ય તેને તે સ્થિતિમાં-ભલે મેરૂની પેઠે પણ-અનંતોકાળ રહી ન શકે? અચંબો તો ખરોજ પણ તે અચંબો તો કેવળજ્ઞાન થયે નષ્ટ થાય ને ખરી ખૂબી જણાય. અત્યારે તો અચંબોજ રહે છે. આ કાળે કેવળજ્ઞાન નજ થાય તેથી આ દેહે તો આ અચંબો નષ્ટ નહિ થાય તેમ

નષ્ટ કરે તેવો પરમ પુરૂષ પણ હજી લગી જણાયો નથી. ૧૦-૫-૨૫. જેઠ વદ ૫ ગુરૂ.

૬

વેદાન્તીઓ કહે છે કે ચેતન સર્વ સ્થળે ભર્યો છે-વિશ્વનો અંત નથી ત્યારે આપણે સૂક્ષ્મ એકેંદ્રિ જીવોની અપેક્ષાએ ચેતન સર્વ સ્થળે ભર્યો છે, એમ કહીએ છીએ. પણ એકેંદ્રિય ઉપરાંતના જીવોની અપેક્ષાએ કહી શકીએ કે લોક ચેતનથી ભર્યો છે, વિશ્વનો અંત નથી અને અંત વગરના વિશ્વમાં ચેતન સર્વ સ્થળે છે એ વેદાન્તીઓનું કથન જૈન સ્વીકારતું નથી કારણ જૈન વિશ્વના બે ભાગ પાડે છે ૧ લોક ને ૨ અલોક. અલોકમાં જીવ કે ચેતન જેવી વસ્તુ છેજ નહિ. માત્ર ખાલી પોલાર અથવા આકાશ છે પણ લોકમાં કે જેની હદ અસંખ્યાતા શબ્દથી અંકાય છે તેમાં ચેતન માત્ર છે એટલે આ બીજી બાબત વેદાન્તીઓ કે જૈનોની એક રૂપ નથી. વેદાન્તીઓ કહે છે કે જે જીવને અશરીરી થવું છે તેના છેલ્લા દેહમાં દેહ પડી પડી ગયા પછી આત્માને ક્યાં પણ જવાનું છેજ નહિ વાસનાથીય થયે તે જીવ, જેમ પાણી ભરેલો ઘડો પાણીમાં બૂડેલો હોય તેનું ઠીકરારૂપી કલેવર ફુટી જાય ત્યારે તેમાંના પાણીને ક્યાંય પણ જવાનું નથી તેમ ચેતનમય દેહને, દેહ પડી ગયા પછી વાસના ક્ષય થઈ હોવાથી ક્યાં પણ જવાનું નથી પણ બીજા સ્થળની પેઠે તેજ જગાએ તેજ ચેતનને રહેવાનું છે ચેતનમાં ચેતનને એકરૂપ થવાનું છે. આ બાબતમાં જૈનનો જૂદો મત છે. જૈન કહે છે કે ચરમશરીરી જીવોને દેહનો અંત આવ્યે ત્યાંથી ઉર્ધ્વલોકમાં લોકને અંતે ઉત્તમ જગામાં રહેવાનું છે અને એ અપૂર્વ ને અનુપમ ને પરમ સુખમય જગામાં અનંત કાળ લગી તેઓ રહેશેજ.

(૩) વેદાન્તીઓ જગતનો કોઇ કર્તા છે એમ માને છે. વેદાન્તના છેક અંતમાં તો આ દેખાતું જગતજ નથી એમ કહે છે. પૂર્ણ કે શુદ્ધ જ્ઞાન થયે આ જડવત્ જણાતું જગત ચેતનમયજ-બ્રહ્મરૂપજ પ્રગટ જણાય છે. એટલે એ રીતે તો વેદાન્તમાં કર્તા શબ્દનીજ જરૂર નથી પણ એટલા ઊંડાણમાં ન ઉતરીયે તો ઈશ્વર જગતનો કર્તા મનાય છે ત્યારે જૈનો કહે છે કે ઇશ્વર એ ઉપાધિ ગ્રહણ કરેજ નહિ. ઇશ્વરત્વના આનંદને ધક્કો પહોંચે. જગત્ તો અનાદિથી સ્વભાવસિદ્ધ છેજ છેજ. કર્મ મળ સહિત જીવો તેમાં ફેરફાર કર્યા કરે છે. જડને અહીંથી તહીં પોતાની વાસનાને કર્મ નિશાને જોરે ફેરવે છે, ભાંગે છે, ગોઠવે છે, અને શાશ્વતી જડ વસ્તુઓ તો સદા એમને એમ પોતાના સ્વભાવથીજ રહે છે છતાં તેમાંથી જતાં આવતાં જડ પરમાણુઓના સમુહને બદલે બીજા તેવાજ પેસે છે તેથી શાશ્વત ચીજો જેવી કે મેરુ, ચંદ્ર, સૂર્ય, દેવલોક, મોક્ષસ્થળ, એ બધાં એક સરખાંજ રહે છે; રહ્યાં છે; રહેશેજ. એ સિવાયની ચીજોને નાના મોટા જીવો પોતાની વાસના ને સ્વભાવ પ્રમાણે અહીંથી તહીં અને તહીંથી અહીં હેરવ ફેરવ કરે છે એટલે જગતનો કર્તા સ્વભાવ અને ફેરફારનો કર્તા સકર્મી જીવ કે જીવસમૂહ છે.

(૪) વેદાન્ત ધર્મના છેક ઊંડાણમાં જગત્ છે જ નહિ માત્ર ભ્રાન્તિ છે; મૃગજળ સમાન, દોરડાને સર્પની ભ્રાન્તિ સમાન માનીને અવિદ્યાથી લિપ્ત જીવ આ જડ માયાને સત્ય કરી તેમાં અટવાયો છે અને સાચુંજ માની બેઠો છે પણ સ્વપ્નની સૃષ્ટિનો જાગૃતમાં લય થાય છે-ખોટીજ મનાય છે તેમ જાગૃત એ પણ સ્વપ્નજ છે એમ જ્ઞાની મહાત્માઓને સુબુદ્ધિની જ્ઞાનરૂપ અવસ્થામાં પ્રગટ જણાય છે અને તેઓ આ દેખાતા જગતને જગતરૂપે જાણતા જોતા જ નથી, તેઓને સર્વત્ર બ્રહ્મ-ચેતનજ જણાય છે. જ્યારે જૈનો કહે છે કે એમ નથી. દેખાતું જગત્ તેજરૂપે છે તેમાં ફેરફાર થાય છે, જીવન-મરણ છે અને જે ક્રિયાઓ આપણે જોઇએ છીએ તેમજ પ્રત્યક્ષ ન જોવાય તેવી જ્ઞાનથી જાણીએ છીએ તે તમામ ખરેખરી છે. જગત મિથ્યા નથી. જગત ભાસ નથી, જગત્ અવિદ્યાનો પડછાયો નથી પણ છેજ. આ પ્રમાણે વિચાર ભેદ છે; આ બધા વિચાર ભેદો બંનેના છેલ્લી શ્રેણિઓના મહાત્માઓને નષ્ટ પણ થતા હોય-જરૂર થતા હોય માટે વિચાર ભેદથી લડી ન પડવું. મહાત્માને માર્ગે ચાલ્યાં જતાં વિચારભેદનો લય થવોજ જોઇએ. કેવળ જ્ઞાની અને

સિદ્ધને જગત્ જે રીતે દેખાય છે તેના ઊંડા રહસ્યમાં જૈન ને વેદાન્ત કદાચ એક સરખું દૃશ્ય જોતા હોય એમ મને લાગે છે પણ તે હું લખીને સમજાવી શકતો નથી. તા. ૨૩-૯-૨૫

૭

માણસો કહે છે કે ઉતાવળે કામ કરો. કાળ જતો રહેશે. કાળ આવી જશે, પછી નહિ થાય. ફુરસદ નથી મળતી માટે આયુષ્ય છે ત્યાં ત્યાં વખત મેળવી તમામ કરી લ્યો. આ વાત પૂર્વે જે કામ નથી કર્યું તેને માટે સાવ સાચી છે. ધીરજથી કામ કરો-કાળ અનંત છે. ફુરસદ પાર વગરની છે. ફુરસદે આખો લોક ફર્યો. પૂર્વે નથી કર્યું તે કામ નીચે પ્રમાણે છે.

ધર્મકરણી, સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાનો આચાર પાળવો, શાસ્ત્રસિદ્ધાંત વાંચી તે પર પૂર્ણ વિચાર-ધ્યાન-શ્રદ્ધા, ઉપવાસ પોષો વગેરે તપ કરવો, સાધુસેવા, ધર્મસેવા, વગેરે કામો પૂર્વના ભવોમાં કર્યા નથી, કર્યા છે તો પૂર્ણ ઉત્સાહ ને પ્રયત્નથી નથી કર્યા તેથી તેવાં કામો તો આ ભવે ઉતાવળાંજ કરી લેવાંજ. પણ તે ઉતાવળ એવી ન હોવી જોઈએ કે આત્મા ઉપયોગ ચૂકે, યત્ન-જતના ચૂકે, શાંતિ ચૂકે, કષાયવશ થાય, જીવહિંસા થઇ જાય, છકાયાની દયા રહિત કરણી થાય, વા મનના પરિણામ ડગી જાય. માટે ફુરસદ મેળવી આવાં કામો કરવામાં પણ શાંતિતો અપૂર્વ-સંપૂર્ણ જોઇએ, નહિ તો આત્માનો મળ લુખો-નિર્મૂળ નજ થાય. પણ

સાંસારિક કામોમાં ફુરસદ મેળવો ને ઝટ ઝટ કરી લ્યો, ઝટ કોલેજનું ભણતર ભણી લ્યો, ઝટ પરણી લ્યો, ઝટ ઘર બાંધી લ્યો, ઝટ વેપાર કરી લ્યો, ઝટ ગામ ગરાસ નાણાં કમાઇ લ્યો એ વાતમાં ઘણો ફરક છે; કારણ કે એવાં કામો તો પૂર્વના ભવમાં અનંતીવાર કર્યાં, દેવલોકના ઇંદ્ર પણ થયા, તે રિદ્ધિસિદ્ધિ, ચમત્કારિક શક્તિ વૈક્રેય શરીર, વિમાનમાં જવું આવવું, ગમે તેવું શરીર બનાવવું, રોગોપદ્રવ નહિ, સત્તાનો કોઈ પાર નહિ, હાલના જગત્ના ચક્રવર્તિ રાજાને ક્ષણમાં પાંશરો કરી નાંખે—નમાવે તેવું બળ વગેરે મેળવ્યાં, અનુપમ ચમત્કાર વાળાં કામો, વગર યંત્રે, વગર કળાએ માત્ર આત્મશક્તિના પુણ્યોદયે કર્યા માટે તેવાં કામ કરવામાં આ ભવના આયુષ્યનો વાપર કરવામાં ઉતાવળ નજ કરવી. હાવ રહી ગયો, વોય રહી ગયો એમ બળતરા કરી ભારે થવું નહિ, તેવાં કામો તો હવે પછીના ભવોમાં પણ થશે ને તેને માટે જીવ જો કર્મમળ મુક્ત નહિ થાય તો અનંતકાળ હજી બાકી છે માટે આ વાત ઉપર વિચાર કરી સંસારી કામોમાં ઉદાસીનતા રાખો ને બહુ ચીકાશ, આસક્તિ, ઉતાવળ, ધાંધલ, ધુવાંફવાં, નજ કરો. આ વાત સાવ સાચી છે. અપૂર્વ ચમત્કારિક શક્તિ વધારનારી છે. વિચાર કરી જોવાથી ઘણું ઘણું સમજાશે એ વાત પર શ્રદ્ધા વધશે. તા. ૭-૬-૧૯૨૫ મંગળ.

—ઉત્તમતનય.

[આ વિચારો સંબંધી વિચારભેદ વિચારકોમાં હોય તે સ્વાભાવિક છે. વિષય સૂક્ષ્મ છે, તો વિચારકો પોતાના વિચારભેદ લખી મોકલશે તો ઉપકૃત થઇશું અને આ પત્રમાં પ્રકટ પણ કરીશું. તંત્રી.]

સ્તુતિ–સ્તોત્રોનું પર્યાલોચન.

આ ચરાચર જગત્માં અનેક ધર્મોનો પ્રાદુર્ભાવ થયો છે અને લય પણ થયો છે પરંતુ આ પૈકી ઇશ્વરવાદી કે અનીશ્વરવાદી ધર્મમાં પણ ઇષ્ટ વસ્તુનાં યશોગાન તો જરૂરજ ગવાયાં છે. સ્તુતિ–સ્તોત્રનો સામાન્ય અર્થ ગુણોત્કીર્તન છે પરંતુ પ્રસ્તુતમાં એનો વ્યાપક અર્થ ન કરતાં ઈશ્વરના ગુણોની પ્રશંસા એટલોજ કરવામાં આવે છે, વળી એ પણ પ્રારમ્ભમાં નિવેદન કરવું અસ્થાને નહિ ગણાય કે અન્યાન્ય ઇશ્વરવાદી ધાર્મિક સાહિત્યનાં સ્તુતિ–સ્તોત્રોનો અત્ર વિચાર ન કરતાં જૈન સાહિત્યગત સ્તુતિ–સ્તોત્રોનું યથાસાધન પર્યાલોચન કરવા હું પ્રવૃત્ત થાઉં છું.

આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ એ છે કે સ્તુતિ–સ્તોત્ર એ કેટલાક ધારતા હોય તેમ અવગણનીય વિષય નથી પરંતુ એમાં પણ ગૌરવ રહેલું છે અને હું તેનાથી આકર્ષાયો છું. આની પ્રતીતિ કરાવવાની ખાસ આવશ્યકતા નથી, છતાં પણ એ સંબંધમાં હું બે શબ્દ લખું છું. વૈષ્ણવાદિક સંપ્રદાયની જેમ જૈન સંપ્રદાયમાં પણ અનેક ધુરંધર આચાર્યોએ સ્તુતિ–સ્તોત્રો રચ્યાં છે. દિગંબર સંપ્રદાયમાં તાર્કિક–રત્ન શ્રી **સમન્તભદ્ર**ને આદ્ય સ્તુતિકાર તરીકે ઓળખાવવામાં આવે છે; શ્વેતાંબર સંપ્રદાયમાં આવું સ્થાન (હું ભૂલતો નહિ હોઉં તો) તાર્કિક ચક્ર ચૂડાચણિ આચાર્ય શ્રી **સિદ્ધસેન દિવાકર**ને અપાય છે. એમણે રચેલી સ્તુતિઓના સંબંધમાં તો કલિકાલ સર્વજ્ઞ શ્રી **હેમચન્દ્ર** સૂરિ કથે છે કે–

> **" क्व सिद्धसेन स्तुतयो महार्था**
> **अशिक्षिता लापकला क्व चैषा "**

હેમચન્દ્રસૂરિથી થોડાંક સૈકાઓ પૂર્વે થયેલા ૧૪૪૪ ગ્રન્થના પ્રણેતા, મધ્યસ્થભાવના પ્રદીપક શ્રી **હરિભદ્રસૂરિએ** પણ સ્તુતિ–સ્તોત્રોના સાહિત્યને સમૃદ્ધ કરવા પ્રયાસ કર્યો છે. એ વાતની તેમની **સંસાર–દાવાનલની** કૃતિ તેમજ **શ્રી ચતુર્વિંશતિ જિન સ્તુતિ** સાક્ષી પૂરે છે.

વાદિકુંજરકેસરી પ્રમુખ બિરૂદોથી વિરાજિત શ્રી **અપ્પભટ્ટિસૂરિએ** પણ **ચતુર્વિંશતિકા** રચી છે. એના અનુકરણરૂપ જણાતી **સ્તુતિ–ચતુર્વિંશતિકા** રચીને તો શ્રી **શોભન** મુનીશ્વર મહાકવિ પદને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયા છે. આ કૃતિની મહત્તાથી પ્રેરાઇને **તિલકમંજરી**ના કર્તા કવિ–રત્ન શ્રી **ધનપાલે** તેના ઉપર સ્ફુટ અર્થ સૂચક ટીકા પણ રચી છે; જ્યારે ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહા મહોપાધ્યાય શ્રી **યશોવિજય** ગણિએ તો એની પ્રતિકૃતિરૂપ **ઐન્દ્ર સ્તુતિ** રચી છે. શ્રી **મુનિસુન્દરસૂરિએ** પણ સ્તુતિ–સ્તોત્ર રૂપ વૃક્ષને પલ્લવિત કરવામાં સારો ભાગ લીધો છે, જ્યારે શ્રી **જિનપ્રભસૂરિએ** તો ૭૦૦ સ્તોત્રો રચીને જૈન સાહિત્ય–ઉદ્યાનને સ્તુતિ–સ્તોત્રના એક નવા વૃક્ષથી અલંકૃત કર્યું છે. કયા કયા મુનીશ્વરોએ આ દિશામાં પ્રવૃત્તિ કરી છે તેની નામાવલી પણ આપવા માટે અત્ર અવકાશ નથી એ ઉપરથી સ્તુતિ–સ્તોત્રોનો જૈન સાહિત્યમાં કેટલો ફાળો છે તે સમજી શકાશે.

પ્રતિક્રમણાદિક શુભ અનુષ્ઠાનમાં પણ સ્તુતિને સ્થાન આપવામાં આવ્યું છે એ ઉપરથી એનું ગૌરવ કળી શકાય છે. વળી સ્તુતિ–સ્તોત્રોદ્વારા ગંભીર વિષયનો પણ ઊહાપોહ કરી શકાય તેમ છે એ વાત **વીતરાગ સ્તોત્રા**દિકના સમીક્ષકથી અજાણ્યું રહે તેમ નથી. આ ઉપરાંત સ્તોત્રો ભક્તિ–રસનાં પોષક હોવાથી મુમુક્ષુજનોને લાભકારક છે. આવી પરિસ્થિતિમાં સ્તુતિ–સ્તોત્રોનું યથાયોગ્ય સન્માન કરવામાં પણ કોઇ ક્ષોભ પામે તો તેને શેની ઉપમા આપવી ઘટે ?

હવે પ્રસ્તુત વિષયનો વિચાર કરતાં એ નિવેદન કરું છું કે અત્યારે તો આ લેખ દ્વારા શ્વેતાંબર તેમજ દિગંબર એ ઉભય સંપ્રદાયને માન્ય, ગીર્વાણ ગિરામાં ગુમ્ફિત, અને વિવિધ વિબુધવરોએ રચેલ ટીકાદિકથી અલંકૃત **ભક્તામર** તથા **કલ્યાણમંદિર** એ નામથી સુપ્રસિદ્ધ સ્તોત્ર–યુગલને અંગે ઉપસ્થિત થતા કેટલાક પ્રશ્નો રજુ કરું છું. આની સપ્રમાણ ગવેષણા કરવા સાક્ષર–સમૂહને હું વિનવું છું.

વસન્તતિલકા છંદમાં ૪૪ શ્લોકોની **માનતુંગ** સૂરિ કૃત ભક્તામર-સ્તોત્ર એ નામની કૃતિમાંનો ૩૯ મો શ્લોક પ્રક્ષિપ્ત હોય એમ ડૉ. [1]**હર્મણ્ યકોબી**એ દોઢેક માસ ઉપર લખી મોકલેલ [2]અગ્રવચન (Foreword)માં સૂચવ્યું છે. આ પદ્ય વાસ્તવિક નહિ હોવાની જે ગંભીર શંકા તેમને ઉપસ્થિત થાય છે, તેનું કારણ દર્શાવતાં તેઓ કહે છે કે આ ૩૯ મું પદ્ય એ પૂર્વોક્ત પદ્યનાં ભાવાર્થનું શબ્દતઃ રૂપાન્તર છે. વળી આ પદ્ય સૂચિત આપત્તિ સિવાયની બાકીની સાત આપત્તિઓ પૈકી પ્રત્યેકના વર્ણન માટે તો એક એક પદ્યજ કવીશ્વરે રચ્યું છે, જ્યારે આને માટે બે રચ્યાં છે એ આશ્ચર્યજનક છે. વિશેષમાં જો આ પદ્ય પ્રક્ષિપ્ત હોય, તો એટલું તો કહેવું પડશે કે **કલ્યાણ મંદિર**ની રચના થઈ તે સમયમાં તો તે વાસ્તવિક ગણાતું હશે. એમ નહિ હોય તો **કલ્યાણમંદિર**ના શ્લોકની સંખ્યા બંધ બેસતી આવે નહિ.

અત્ર એ સ્પષ્ટ ઉલ્લેખ કરવો આવશ્યક સમજાય છે કે ડૉ. **યકોબી** **કલ્યાણમંદિર** સ્તોત્રને **ભક્તામર**-સ્તોત્રના અનુકરણરૂપ માને છે.

વિશેષમાં આ પણ તેમની કલ્પના છે કે **ભક્તામર**-સ્તોત્રનો ૪૩ મો શ્લોક એ ૩૪ થી ૪૨ મા શ્લોકનો શુષ્ક ઉપસંહાર છે. ખરેખરો કવિ આવો શ્લોક રચેજ નહિ, વાસ્તે આ પ્રક્ષિપ્ત છે, પરંતુ **કલ્યાણ મંદિર** રચાયા પછી **ભક્તામર**-સ્તોત્રમાં એ દાખલ થયેલો હોય એમ લાગે છે. કેમકે મૂળ **ભક્તામર**-સ્તોત્ર તો ૪૩ પદ્યનું હોવું જોઇએ એમ **કલ્યાણમંદિર**ના વસંતતિલકા છંદમાં રચાયેલાં ૪૩ પદ્યો ઉપરથી સૂચન થાય છે.

આ ઉપરથી નીચે મુજબના ત્રણ પ્રશ્નો ઉપસ્થિત થાય છેઃ—

(૧) શું **કલ્યાણમંદિર**-સ્તોત્ર એ **ભક્તામર**-સ્તોત્રના અનુકરણ રૂપ છે?

(૨) શું **ભક્તામર**-સ્તોત્રના ૩૯ મા અને ૪૩ મા પદ્યો વાસ્તવિક નથી?

(૩) કલ્યાણ મંદિર ભક્તામરથી કઇ અપેક્ષાએ ઉતરતું કાવ્ય ગણી શકાય?

(૪) ભક્તામર કલ્યાણમંદિરથી કોઇ પણ અપેક્ષાએ ઉતરતું કાવ્ય નથીજ?

(૫) **ભક્તામર**-સ્તોત્રના શ્લોકોની સંખ્યા કેટલી ગણવી યુક્ત છે?

આ પંચમ પ્રશ્નની સાથે સંબંધ ધરાવતા વિવાદ-ગ્રસ્ત વિષયની પણ સ્થૂલ રૂપરેખા આલેખવી ઉચિત સમજાય છે. ઉપર સૂચવવામાં આવ્યું છે તેમ જો કે **ભક્તામર** સ્તોત્ર એ શ્વેતાંબરો તેમજ દિગંબરો બંનેને માન્ય છે, પરંતુ ભિન્નતાનું સ્થળ એ છે કે ૩૧ મા પદ્ય પછી **ગમ્ભીરતાર** ઇત્યાદિથી શરૂ થતાં ચાર અધિક પદ્યો દિગંબરો માને છે અર્થાત્ દિગંબર માન્યતા પ્રમાણે **ભક્તામર** ૪૮ શ્લોકનું

---

૧ આ સાક્ષર-રત્નને બાલબોધ લિપિમાં પોતાનું નામ લખી મોકલવા મેં સૂચના કરી હતી તે ધ્યાનમાં લઇને તેમણે સ્વહસ્તે આ પ્રમાણે પોતાનું નામ લખી મોકલ્યું છે. આથી હર્મનયાકોબી કે જેકોબી એમ લખવું અશુદ્ધ સમજાય છે. હી. ૨.

૨ આ અગ્રવચન શ્રીમતી **આગમોદય સમિતિ** તરફથી પ્રસિદ્ધ થતા **ભક્તામર** અને **કલ્યાણ મંદિર** સ્તોત્ર નામના ગ્રન્થને ઉદ્દેશીને લખાયેલ છે. આ ગ્રન્થમાં ભક્તામરની શ્રી **ગુણાકર** સૂરિ કૃત ઉપાધ્યાય શ્રી **મેઘવિજય** કૃત તથા શ્રી **કનકકુશલ** ગણિકૃત એમ ત્રણ ટીકાઓનો તેમજ મૂળ શ્લોકોના અંગ્રેજીમાં મેં તૈયાર કરેલા ભાષાન્તરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભક્તામર ટીકાદિક સહિત છપાઇ રહેતાં મેં તેની સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં ભૂમિકા તૈયાર કરવા માંડી. તે સમયે ડૉ. **યકોબી**એ પચાસ વર્ષ ઉપર આ સ્તોત્ર તેમજ **કલ્યાણ મંદિરને** અંગે જે જર્મન અનુવાદ તેમજ ઉપોદ્ઘાત લખ્યા હતા તેમાં જૈન પરંપરાથી કેટલીક વિરૂદ્ધ વાતો લખી છે એ તરફ મેં સમિતિના માનદ મંત્રી શ્રીયુત **જીવણચંદ**નું ધ્યાન ખેંચ્યું. ત્યાર પછી તેમની સાથે થયેલી વાતચિત પ્રમાણે ડૉ. **યકોબી**-સાથે પત્ર વ્યવહાર શરૂ કરવામાં આવ્યો. એના પરિણામ તરીકે તેમણે અગ્રવચન લખી મોકલવા કૃપા કરી, તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

કલ્યાણ મંદિર સ્તોત્ર શ્રી **માણિક્ય** મુનીશ્વર કૃત તથા શ્રી **કનકકુશલ** ગણિકૃત ટીકાઓ તેમજ અંગ્રેજી અનુવાદ સહિત લગભગ છપાઇ રહેવા આવ્યું છે. ટુંક સમયમાં તેની અંગ્રેજી-સંસ્કૃત ભૂમિકા છપાવવી શરૂ થશે.

હી. ૨.

કાવ્ય છે. આ પંદ્યો પ્રક્ષિપ્ત ભાસે છે એમ કાવ્ય-ભાલાના સપ્તમ ગુચ્છના સંશોધક પંડિત દુર્ગાપ્રસાદે ટિપ્પણમાં સૂચવ્યું છે.

અત્ર એ પ્રશ્ન પણ ઉદ્ભવે છે કે ૩૧ મા પદ્ય પછીજ આમ ઉમેરો થવાનું શું કારણ છે? આનો ઉત્તર એમ અપાય છે કે ૨૮ મા પદ્યથી કવિરાજ પ્રાતિહાર્યનું વર્ણન આલેખે છે. તેમાં પ્રાતિહાર્યની સંખ્યા તો બંને સંપ્રદાય પ્રમાણે આઠની છે. પરંતુ શ્વેતાંબર માન્યતા મુજબના **ભક્તામર**માં તો ચારજ પ્રાતિહાર્યોનું વર્ણન છે, તેથી બાકીનાં ચાર પ્રાતિહાર્યોનું વર્ણન હોવુંજ જોઇએ અને અશોકાદિક પ્રાતિહાર્યોનો કોઈ ખાસ ક્રમ નહિ હોવાથી બાકીનાં ચાર પ્રાતિહાર્યોને લગતાં પદ્યો અત્ર આપી શકાય તેમ છે.

આ ઉપરથી નીચે મુજબના પ્રશ્નો રજુ કરી શકાય છે:—

(૧) **गम्भीरतार**થી શરૂ થતાં ચાર પદ્યો પ્રક્ષિપ્ત છે?

(૨) આઠ પ્રાતિહાર્યોને બદલે ચારનું વર્ણન જે શ્વેતાંબરીય ભક્તામરમાં નજરે પડે છે, તેથી મૂળ કાવ્યમાં ત્રુટિ છે એમ કહી શકાય કે શ્રી[1] **ગુણાકાર** સૂરિ તેનું જે સમાધાન સૂચવે છે તે માન્ય રાખી શકાય?

(૩) જો ત્રુટિ છે એમ સ્વીકારવામાં આવે, તો અત્રે જે ચાર પદ્યો હોવાં જોઇએ તે લુપ્ત-પ્રાય થયાં છે એમ માનવું કે મૂળથી હતાંજ નહિ કે નીચે મુજબનાં સૂચવવામાં આવતાં [2]અન્ય પદ્યો વડે એ ત્રુટિ દૂર થાય છે કે એ પણ પ્રક્ષિપ્ત જણાય છે?

[1]उद्यत्सहस्र करमण्डल सम्भ्रमेण ।
वीक्ष्य प्रभोर्वपुषि काञ्चनकाञ्चनाभ
प्रोद्बोधनं भजति कस्य न मानसाब्जम् ॥२॥
दिव्यो ध्वनिर्ध्वनितदिग्वलयस्तवार्हन् ।
व्याख्यातुरुत्सुकयतेऽत्र शिवाध्वनीनाम् ।
तत्त्वार्थदेशनविधौ ननु सर्वजन्तुं
भाषाविशेषमधुरः सुरसार्थपेयः ॥३॥
विश्वेकजैत्रभटमोहमहीमहेन्द्रं
सद्यो जिगाय भगवान् निगदन्निवेत्थम् ।
सन्तर्जयन् युगपदेव भयानि पुसां
मन्द्रध्वनिर्नदति दुन्दुभिरुच्चकैस्ते ॥४॥

(૬) જો **ભક્તામર** ૪૮ પદ્યોનું હોય, તો તેનાં પાદપૂર્તિરૂપ સ્તોત્રો ૪૪ શ્લોકોનાજ જોવામાં આવે છે તેનું શું કારણ?

ડૉ. **યકોબી**એ ૧૮ મી એપ્રિલના પત્રમાં **કલ્યાણ મંદિર** સ્તોત્ર ગત કેટલાક પ્રયોગોને લગતી જે શંકા ઉપસ્થિત કરી છે, તેના સંબંધમાં પણ ધ્યસારો કરવો અનુચિત નહિ ગણાય,[2] જો કે આને અંગે તેમની સાથે પત્ર-વ્યવહાર ચાલૂ કર્યો છે. તેઓ સૂચવે છે કે—

(૧) ૧૧ મા શ્લોકમાં **'विध्या पिताः'** એવો જે પ્રયોગ છે તે વિચારણીય છે. આ રૂપ **विज्झाइ** (હૈમ પ્રાકૃત વ્યાકરણ ૨, ૨૮)ના પ્રેરક રૂપ **विज्झवइतुं** સંસ્કૃત રૂપાન્તર છે. **वि** ઉપસર્ગ પૂર્વક **इन्ध्** ધાતુ ઉપરથી **विज्झाइ** ઉદ્ભવે છે એમ **હેમચન્દ્ર** સૂચવે છે. ખરી રીતે તો **वि** પૂર્વક **ध्मा** ધાતુ ઉપરથી બનેલું છે. **विध्यापयति** તેમજ એના મૂળ ધાતુ ઉપરથી બનેલાં બીજાં રૂપો પણ જૈન સંસ્કૃત સાહિત્યમાં વારંવાર નજરે પડે છે, પરંતુ અજૈન ગ્રન્થોમાં તો તે કવચિત્ જ દૃષ્ટિગોચર થાય છે. ગમે તેમ હો **विध्यापिताः** આ સારૂં સંસ્કૃત નથી.[3]

---

૧ એમણે ભક્તામરને ઉદ્દેશીને રચેલી વૃત્તિ પં. હીરાલાલ હંસરાજ તરફથી બહાર પડેલી છે. હાલમાં આગમોદય સમિતિ તરફથી પણ એ ફરીથી છપાવવામાં આવી છે. **હી. ૨.**

૨ આ ઉપરાંત અન્ય પદ્ય-ચતુષ્ટય છે એમ જૈનાચાર્ય શ્રી **વિજયવલ્લભ** સૂરિના વિદ્વાન્ શિષ્ય-રત્ન મુનિરાજ શ્રી **વિચક્ષણવિજયે** મને નિવેદન કર્યું હતું. અત્રે આપેલ શ્લોક પણ તેમની કૃપાનું ફળ છે. **હી. ૨.**

૧ આની પૂર્વેનું સવા પદ્ય જાણવામાં આવ્યું નથી, કેમકે તેને લગતું પત્ર હાથમાં આવ્યું નથી. **હી. ૨.**

૨ આ ચર્ચામાં ભાગ લેનાર કોઇ મહાશય અંગત ટીકા કરવા કે મિથ્યાભિનિવેશપૂર્વક કથન કરવા પ્રેરાય તો તે ઇષ્ટ નહિજ ગણાય. **હી. ૨.**

૩ **'विध्यापिताः'** રૂપ શ્રી **માણિક્યચન્દ્ર** મુનીશ્વરે પોતે **કલ્યાણ મંદિર**ની ટીકામાં સિદ્ધ કરી બતાવ્યું

(૨) ૧૩ મા શ્લોકમાં **अत्रलोके** ના અર્થમાં **अमुत्र लोकेनो** જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે અશુદ્ધ છે.

(૩) ૨૮ મા શ્લોકમાં **अपरत्र त्वत्संगमे** એ ખોટું છે. **त्वत्संगमात्** એમ જોઇએ.

(૪) ૪૦ મા શ્લોકમાં **वन्ध्यो** ની પાછળ તરતજ **चेद्** નો પ્રયોગ કરવો જોઇતો હતો. **वध्योऽस्मि** પછી એનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે તેથી વિપરીત અર્થ સ્ફુરે છે.

હવે બીજા પણ કેટલાક પ્રશ્નો હું અત્ર રજુ કરૂં છું કે જેની ગવેષણા સાક્ષરોને હાથે થાય તો મારા જેવા અલ્પજ્ઞને ઘણું જાણવાનું મળે.

(૧) જેમ **तत्त्वार्थाधिगम** સૂત્રનું મનન કરતાં એમ જણાય છે કે તેનું વળણ [1]શ્વેતાંબરોને વિશેષ અનુકુળ છે તેમ **ભક્તામર** અને **કલ્યાણ મંદિર** સ્તોત્રોના સંબંધમાં કહી શકાય તેમ છે ?

(૨) આ સ્તોત્ર-યુગલ શ્વેતાંબરીય કૃતિ છે કે દિગંબરીય તે સિદ્ધ કરવાનાં કયાં કયાં સાધનો છે ?

(૩) આ સ્તોત્ર-યુગલના ઉપર **જૈન ગ્રંથાવલી**માં જે ટીકાદિક સૂચવવામાં આવેલ છે તે ઉપરાંત અન્ય કોઇ છે ? (અલબત શ્રી **મેઘવિજય** ગણિની એક ટીકા છે. બીજી પણ એક અપૂર્ણ [2]અવચૂરિ મારી પાસે છે)

(૪) સ્તોત્ર-યુગલ પૈકી કયું સ્તોત્ર વધારે પ્રાચીન છે. ?

(૫) કલ્યાણ મંદિરના કર્તા **કુમુદચન્દ્ર** છે અને એ નામ **સિદ્ધસેન દિવાકરના** દીક્ષા-સમયનું છે એ વાતનો પ્રાચીનમાં પ્રાચીન કયો પૂરાવો છે ?

(૬) શ્રી **સિદ્ધસેન** કૃત દ્વાત્રિંશિકાઓની શૈલીથી **કલ્યાણમંદિર** જૂદું પડે છે તો આ બેના કર્તા એકજ છે એમ કેમ કહી શકાય ?

(૭) જેમ **વાગ્ભટાલંકારની સિંહદેવ** મુનીશ્વર કૃત ટીકામાં (પૃ. ૧૧ માં) **तुभ्यं** થી શરૂ થતો ૨૬ મો શ્લોક સંપૂર્ણતઃ ટાંચણ રૂપે આપેલો છે તેવી રીતે **ભક્તામર**ના અન્ય શ્લોકો[3] કે **કલ્યાણ મંદિર**ના કોઇ પણ શ્લોક કોઇ ગ્રન્થમાં જોવામાં આવે છે ?

(૮) **ભક્તામર** કે **કલ્યાણમંદિર** વિષે **પ્રભાવક ચરિત્ર** કરતાં વધારે પ્રાચીન એવા કોઈ ગ્રન્થમાં ઉલ્લેખ છે ?[4]

(૯) હિંદુઓ જેમને પરમેશ્વર તરીકે માને છે એવા **બ્રહ્માદિક**નાં નામપૂર્વક ૨૫ મા પદ્ય દ્વારા સ્તુતિ કરીને શ્રી **માનતુંગ** સૂરિએ પોતાનો મધ્યસ્થ ભાવ પ્રદર્શિત કર્યો છે, તો આવી રીતના મધ્યસ્થ ભાવનું સ્વરૂપ પ્રથમ કોણે આલેખ્યું ? વળી અજૈન સાહિત્યમાં જૈનોના તીર્થંકરોના નામપૂર્વકની કોઈ સ્તુતિ રચાયેલી છે ?

(૧૦) શ્રી **માનતુંગ** સૂરિને **મયૂર** અને **બાણ**ના સમકાલીન તરીકે જે ઓળખવામાં આવે છે તે કાલગણનાત્મક પ્રમાદ (Anachronism) છે ? એમ જે ડૉ. કવેકનબોસ (Quackenbos) મહાશયે [5]મયૂરના સંસ્કૃત કાવ્યો (The Sanskrit poe-

---

છે, તે તરફ ડૉ. **યકોબી**નું હાલમાં ધ્યાન ખેંચવામાં આવ્યું છે. તેઓ પોતાનો અભિપ્રાય ફેરવે એ બનવા જોગછે. હી. ૨.

૧ સ્થાનકવાસી સંપ્રદાયમાં ભક્તામરનેજ માટે સ્થાન છે એમ કહેવામાં આવે છે તે ખરી વાત છે. હી. ૨.

૨ આ અવચૂરિના બે પત્રો મારા સદ્ગત પિતાશ્રીને સ્વર્ગસ્થ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય **આત્મારામજી** મહારાજ તરફથી મળેલાં હતાં, એમ મને તેમણે નિવેદન કર્યું હતું. આ અવચૂરિના પ્રારંભનો શ્લોક નીચે મુજબ છે:—

" भव्य व्राताब्जराजी विकसनदिवसाधीश्वरः सत्त्वशाली
द्वाणीपद्मावलीढो विबुधबुधजनवृन्द-
(व्रात)वन्द्योऽनवद्यः ।
नाभेयः सर्व्वमुख्यः प्रकटितविनयज्ञान-
विज्ञानहेतुः
सेतुर्वार्धेर्भवस्य प्रभवतु सततं भूयसे
श्रेयसे वः ॥ "

૩–૪ આ પ્રશ્નના ઉત્તર ઉપરથી હું ભક્તામર તેમજ કલ્યાણ મંદિરના રચના-સમયની અંતિમ સીમા દોરવા ઇચ્છું છું. હી. ૨.

૫ મારા મિત્ર ડૉ. **પેટોલ્ડ** (Pertold) સાથે હું ચારેક વર્ષ ઉપર રૉયલ એશિયાટિક સોસાયટી (રાઉન હૉલ) ની લાઇબ્રેરીમાં ગયો હતો, તે વેળા **મયૂરશતક** સંબંધી તપાસ કરતાં આ પુસ્તક મારા જોવામાં આવ્યું હતું. મને સ્ફુરે છે કે આની ઉપોદ્ઘાતમાં તેના લેખક મહાશયે પોતે **ભક્તામર**નું અંગ્રેજી ભાષાન્તર કરનાર છે એમ સૂચવ્યું હતું, તેમણે તેમ કર્યું કે નહિ તેની મને

ms of Mayura) ની ઉપોદ્ઘાતમાં સૂચવ્યું છે તે ખોટું છે ?

(૧૧) બ્રહ્મચારી **રાયમલ્લ** કૃત **ભક્તામર**-કથાના પ્રારંભમાં **માનતુંગ** સૂરિજીને **ભોજ** રાજાના દરબારમાંના કવિ કાલિદાસના સમસમયી તરીકે ઓળખ્યા છે તે શું વાસ્તવિક છે ?

(૧૨) શ્રી **માનતુંગ** સૂરિએ **ભક્તામર** અને **નમિઊણ** ઉપરાંત કોઈ કાવ્યો રચ્યાં છે ?

(૧૩) **કલ્યાણધામ** થી શરૂ થતું ભોજ્યાદિ નામ ગર્ભિત શ્રી **મહાવીર**-સ્તોત્ર શ્રી **માનતુંગ**ની કૃતિ છે એમ તેના અંતિમ પદ્ય ઉપરથી જોઈ શકાય છે તો આ **માનતુંગ** સૂરિજી તે કોણ ? વળી **ભક્તિ-ભ્મર અમર** થી પ્રારંભ થતા **પંચ પરમેષ્ઠિ** સ્તોત્રના કર્તાનું નામ પણ **માનતુંગ** છે તો તે કયા હશે વારૂ ?

(૧૪) વિ. સં. ૧૯૭૪ ના જૈન ધર્મ પ્રકાશ (પુ. ૩૪ અં. ૬)માં જેમ **કલ્યાણ મંદિર** અને **ભક્તામર**ની સન્તુલના રૂપ લેખ નજરે પડે છે, તેવો કોઇ લેખ આ પૂર્વે કે પછી કોઇ સ્થળે પ્રકટ થયો છે ? અને તેમ હોય તો તેમાં ખાસ ધ્યાન ખેંચે એવી કોઇ હકીકત છે ?

(૧૫) ઉપર્યુક્ત લેખમાં તેના યોજક રા. રા. **પરમાનંદ કુંવરજી કાપડીયા** બી. એ. એલ. એલ. બી. તરફથી એમ સૂચવવામાં આવ્યું છે કે **કલ્યાણ મંદિર**ની ભાષા **કાલિદાસ**ને મળતી આવે છે. જ્યારે **ભક્તામર**ની ભાષા તો **ભવભૂતિ**ને મળતી આવે છે. વળી એકની ભાષા મંદ મંદ વહેતા નિર્મળ ઝરણા જેવી છે, જ્યારે અન્યની ભાષા **નાયગરા**ના ઘોધ જેવી છે. આ સૂચનને દાખલા દલીલથી પુષ્ટ કરવા તેના યોજક મહાશય કે અન્ય કોઇ વિદ્વાન કૃપા કરશે કે જેથી એની વાસ્તવિકતા સ્વીકારવામાં કોઇને ખંચાવું નહિ પડે ?

અંતમાં એટલું નિવેદન કરવું બાકી રહે છે કે 'સ્તુતિ-સ્તોત્રોનું પર્યાલોચન' એ શીર્ષક દ્વારા મેં સૌથી પ્રથમ ભક્તામર અને કલ્યાણ મંદિર એ સ્તોત્ર-યુગલને અંગે કેમ પ્રશ્નો ઉપસ્થિત કર્યા ? આનું કારણ એ છે કે આ સ્તોત્ર-યુગલને **કાવ્યમાલાના** સપ્તમ ગુચ્છકમાં આદ્ય સ્થાન આપવામાં આવ્યું છે. વળી ડૉ. **યકોબી**એ પણ (હું ભૂલતો નહિ હોઉં તો) આ બે સ્તોત્રોનોજ પ્રથમ (જર્મન) અનુવાદ કર્યો હતો. આ ઉપરાંત અન્યાન્ય ગ્રન્થો પૈકી આ સ્તોત્ર-યુગલની ભૂમિકામાં હું અત્રે દર્શાવેલા કેટલાક મુદ્દાઓ ચર્ચી રહ્યો છું, કેમકે તેની થોડી કે ઘણી અસ્પષ્ટ કે સ્પષ્ટ ઝાંખી મને કેટલાક વખતથી થયેલી છે. આ ઝાંખીઓ પૈકી કેટલીક તો ગર્ભમાં છે, તે જન્મ લેતાં વખત લેશે. પરંતુ દરેક ગવેષકને માટે તેમાં અવકાશ છે, તેથી અત્ર તેને અંગે ઉદ્ભવતા પ્રશ્નો મેં ઉપસ્થિત કર્યા છે. આ પ્રત્યેકને અંગે મારા સપ્રમાણ વિચારો બંધાયા છે, પરંતુ તે પૂરેપૂરા પક્વ બને તેટલા માટે વિશેષ પ્રમાણો અને વ્યાસંગની અપેક્ષા રહે છે. કેટલાક સાક્ષરો-મુનિવર્યો તેમજ ગૃહસ્થો સાથે આ સંબંધમાં મેં ઊહાપોહ કર્યો છે અને તેમના વિચારો જાણવાનો મને લાભ મળ્યો છે. સમસ્ત સાક્ષરોને રૂબરૂમાં મળીને કે તેમને પત્ર લખીને આ વિષયનો ઊહાપોહ કરી શકાય તેમ ન હોવાથી આ લેખ પ્રસિદ્ધ કરવા માટે હું **જૈનયુગ**ના તંત્રી મહાશય ઉપર મોકલું છું અને આશા રાખું છું કે તેઓ આને પોતાના માસિકમાં સ્થાન આપવા તેમજ આ પ્રશ્નોના સંબંધમાં પોતાના વિચારો પણ નિવેદન કરવા કૃપા કરશે.

હવે પછી બીજા મણકા તરીકે સમયાનુસાર **ઉપસર્ગહર સ્તોત્ર**ને અંગે થોડી ઘણી રૂપરેખા આલેખવાની અભિલાષા પ્રદર્શિત કરતો હું અત્યારે તો વિરમું છું.

ભગતવાડી, ભૂલેશ્વર
મુંબાઇ,
તા. ૧૮-૫-૨૭.

તત્ત્વ-જિજ્ઞાસુ,
હીરાલાલ રસિકદાસ કાપડિયા.

ખબર નથી. અન્ય કોઈ વિદ્વાન તરફની આનું કે **કલ્યાણ મંદિર**નું પણ અંગ્રેજીમાં ભાષાન્તર રચાયું હોય તો તે પણ મારી જાણવામાં નથી. હી. ર.

૧ ભક્તામર-કથાને લગતાં ત્રણ પુસ્તકો છે. શ્વેતાંબર સંપ્રદાયમાં શ્રી **ગુણાકર** સૂરિએ કથાઓ રચી છે, જ્યારે દિગંબર સંપ્રદાયમાં **રાયમલ્લજી** એ તેમજ **શુભચન્દ્ર** ભટ્ટારકજીએ કથાઓ રચી છે. આ દિગંબરીય બે મૂળ કૃતિઓ સંસ્કૃતમાં લખાયેલી છે, પરંતુ તે પ્રસિદ્ધ થઇ હોય તો તેની મને ખબર નથી; બાકી **રાયમલ્લજી** કૃત ભક્તામર-કથાનું **હિન્દી રૂપાન્તર** નામનું પુસ્તક તો મારા જોવામાં આવ્યું છે.

જૈન યુગ.

卐

" તુંજ સત્ય અને તુંજ છે નિયમ
તુંજ છે શરણુ અને તુંજ છે નેતા
તુંજ છે સખા અને પ્રિયજન પણ તુંજ છે
સંતોષ્યું છે મારૂં હૃદય તેં
અને જીત્યો છે તેં મારા આત્માને
તુંજ છે મારા સુખનું ધામ,
અને તારામાંજ છે મારા સત્યની પૂર્ણાહુતિ. "
—વિશ્વપ્રકાશ.

પુસ્તક ૨ વીરાત્ ૨૪૫૩ વિ. સં. ૧૯૮૩ જ્યેષ્ઠ અંક ૧૦.

વિવિધ નોંધ.

(કૉન્ફરન્સ ઑફીસ–પરિષદ્ કાર્યાલય તરફથી)

૧. શ્રીયુત મોતીચંદ ગિ. કાપડીઆનો શ્રી કેશરીઆનાથના કહેવાતા ઝધડા સંબંધે રીપોર્ટ

કેસરીયાજીમાં ધજાદંડનો મહોત્સવ
દીગંબર જૈનોએ મચાવેલો શોર
તોફાનમાં ચાર દીગંબરો માર્યા ગયા
તપાસ કરીને મેળવેલી હકીકત
શ્વેતાંબરોનો તકરારમાં ભાગ નથી

વૈશાક સુદી પંચમીને રોજ કેશરીયાજી મહારાજના મંદિરમાં શ્વેતાંબરો તરફથી ધજાદંડ ચઢાવવાનો હતો. આ સંબંધમાં પૂર્વની કેટલીક હકીકત જાણવા જેવી છે. સંવત ૧૮૮૯ માં બાફના કુટુંબીઓએ અત્યાર પહેલાંનો ધજાદંડ ચઢાવ્યો હતો. એની અસલ પાટલી અને લેખ મોજુદ છે. એની ક્રિયા કરાવનાર ખરતર ગચ્છના આચાર્યનું નામ પણ તે પાટલી ઉપર છે. પાંચ વર્ષપર એ ધજાદંડને જીરણ થઇ ગયેલો જાણી નવો ચઢાવવા માટે શ્વેતાંબરોએ ગોઠવણ કરી. દીગંબરોએ ઝધડો કર્યો, અને ઉદેપુર નરેશે તપાસ શરૂ કરી હતી.

શ્રી કેસરીયાજી તીર્થ ઉપર દેખરેખ ઉદેપુરનો શ્વેતાંબર સંઘ રાખે છે. ત્યાંથી ચૌદેક જૈનો કેસરીયાજી આવ્યા અને બીજા યાત્રાળુઓ મળી, કુલ ૭૫ જૈનો શ્વેતાંબરો ત્યાં થયા.

વૈશાક સુદી ત્રીજને રોજ સવારે અભિષેક કરવાનો હતો. ચાર કલાક તે ક્રિયા ચાલી. દીગંબરોએ આમંત્રણ કરી આહસો ઉપર જૈનોને એકઠા કર્યા હતા. તેઓ આ આખી ક્રિયા જોઈ રહ્યા હતા. લગભગ બપોરના બાર વાગે આ ક્રિયા પુરી થઇ અને શ્વેતાંબરો જમવા માટે ધર્મશાળામાં ગયા. તે વખતે માત્ર બેજ શ્વેતાંબરો મંદિરમાં હાજર હતા. અને સોની પ્રતિમાજીઓને મુગુટ કુંડળ ચઢાવતા હતા,

નાના મોટા હોય તો બરાબર બેસાડતા હતા. લગભગ તેર પ્રતિમાજીને મુગટ ચઢી ગયા ત્યાં એક દીગંબરે ધમાધમ કરી, ધૂમ બરાડા કર્યા, અને બે મુગટ ભાંગી ફેંકી દીધા. બીજા દીગંબરો ચારસો જેટલા ભુમો પાડવા માંડ્યા અને ધમાલ મચી. સ્ટેટના પોલીસે બધાને એકદમ બહાર જવા હુકમ કર્યો અને પકડો પકડોની ધૂમ પડી. દીગંબરો બીકમાં પડી ગયા અને દોડ્યા. દસ પગથીયાં છે તે લપસણાં છે, તે પર દોડતાં કેટલાંક પડી ગયાં. દરમિયાન, સામે દરવાજે એક દિગંબર મુનિ, જે ઉદેપુર વિદ્યાલયમાં ગૃહપતિનું કામ કરે છે તે બહાર નિકળવાના દરવાજા આડો ઉભો રહી, ધૂમ પાડવા લાગ્યો અને કોઈ બહાર ન નીકળે તેમ ઉંચેથી કહેવા લાગ્યો, અને આડા હાથ કરી બહાર આવનારને રોકવા લાગી ગયો. બહાર પણ ધૂમ પડી, અને બહારના લોકો અંદર આવવા લાગ્યા. આ ધમાલમાં કેટલાક પડી ગયાં, અને તેના શરીર પર પછવાડેવાળા પગ મુકી દોડ્યા. આ ધમાધમમાં ચાર દીગંબરીઓનાં શરીર રૂંધાઈ ગયા અને બીજાના ભારથી દબાઇ મરણ પામ્યાં. આ ધમાલમાં શ્વેતાંબરોનો બીલકુલ હાથ નથી. તેઓ હાજર પણ ન હોતા. અને હતા તે એટલી નાની સંખ્યામાં હતા કે એ લડાઇ કરી શકે તેવી સ્થિતિમાંજ નહોતા. કોઈ ઘાયલ થયું નથી. લોહીનું એક ટીપું પડ્યું નથી, હથિયાર કે લાકડી વપરાયા નથી, અને જે બનાવ બન્યો છે, તે ઘણો દીલગીરી ભરેલો પણ એને માટે જવાબદાર મોટી સંખ્યામાં રોળો મચાવનાર દીગંબર ભાઇઓજ છે.

સ્ટેટની પોલીસે તુરતજ શાંતિ પાથરી દીધી. મરનારની લાસપર તપાસ કરી. કોઇ જાતનો ઘા મળી આવ્યો નથી. કચરથી દબાઇને શ્વાસ રૂંધાવાથી મરણ થયાનો અભિપ્રાય આપ્યો છે.

પાંચમને દિવસે નીમેલ વખતે શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાએ ધજાદંડ ચઢાવ્યો છે. એ ક્રિયામાં કોઇ જાતની અગવડ થઇ નથી.

ઉદેપુર સ્ટેટ તરફથી તપાસ કરવા કમીશન નીમાયું છે. તેની તપાસમાં પણ કોઇ શ્વેતાંબરને જવાબદાર ગણવામાં આવ્યો નથી.

કેસરીયાજી તીર્થનો વહીવટ ઉદેપુર સ્ટેટના હાથમાં છે. ત્યાં કોઇ પણ કાર્ય સ્ટેટની પરવાનગી સિવાય થઇ શકતું નથી. એ તીર્થ શ્વેતાંબરોનું છે. તેમાં કોઇ જાતની શંકાને સ્થાન નથી, મુગટ કુંડળ પણ સ્ટેટની પરવાનગીથીજ ચઢતા હતા. અને હમણાં આંગી લગભગ અઢી લાખની તૈયાર થઇ છે તેનો ખરચ પણ નામદાર ઉદેપુર મહારાણાએ આપ્યો છે. સ્થાન પર જઇ તપાસ કરતાં માલુમ પડે છે કે ઘાયલ થએલાંની મોટી સંખ્યા જણાવવામાં આવે છે તે ખોટી છે અને કોઈ પણ જાતનો તકરાર કે ફીસાદ દીગંબર અને શ્વેતાંબર જૈનો વચ્ચે થયો નથી. આ સંબંધમાં કોમ કોમ વચ્ચે ઝેર વધે તેવી ખબર ફેલાવવા પહેલાં પ્રત્યેક આગેવાન જૈનની ફરજ છે કે જાતે તપાસ કરી હકીકત જાહેરમાં મૂકવી. પાંચમને દિવસે બધી પ્રતિમાજીને મુગટ કુંડળ ચઢી ગયાં છે.

(સહી) મોતીચંદ ગીરધર કાપડીયા.

શ્રી કેશરીઆજી તીર્થ પ્રકરણ

૨. દિગંબર ભાઇઓ સાથેનો પત્ર વ્યવહાર—

5th May 1927.

To, The Resident General Secretary,
Swet. Jain Conference,

Dear Sir,

I regret to inform you that the news of a very sad incident that took place at Keshariyanath Temple in Udaipur State. The telegram runs as follows :—

" Digambaris seriously beaten by Lathis by the Hakem with his Swetamber followers causing death of 5 persons, 15 about to die, 150 seriously injured at the Dhwajadand and Mukut Kundal ceremony. Very serious struggle."

This is the approximate contents of the telegram received by my Committee yesterday night. You can see from the telegram how horrible the news are. I will

like to know what steps you intend taking in the matter. Awaiting an immediate reply.

Yours faithfully,

Chunilal Hemchand.

Hon. Secretary. All India Digamber Jain Tirtha K. Committee.

દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના ઑ. સેક્રેટરી તરફથી તા. ૫-૫-૨૭ મળેલા ઉપરના પત્રનો સાર.

શ્રી કેશરીઆ નાથજીના મંદિરમાં ધણી દિલગીરી ભરેલા બનાવની ખબર આપતાં દિલગીરી થાય છે. મળેલો તાર-" દિગંબરીઓને હાકેમે અને તેના શ્વેતાંબર અનુયાયીઓએ લાઠીઓથી ગંભીર રીતે માર્યા છે પાંચ માણસ મરણ પામ્યા, પંદર મરવાની અણીપર, અને દોઢસોને ધ્વજદંડ અને મુકુટ કુંડલની ક્રિયા વખતે સખત ધાયલ કર્યા છે. ધણી ગંભીર ઝપાઝપી.

ગઈ રાતે મ્હારી કમિટીને જે તાર મળ્યો છે તેમાં લગભગ આ હકીકત છે આ સમાચાર કેવા ભયંકર છે તે તાર ઉપરથી તમે જોઈ શકશો. આ બાબતમાં તમે શું પગલાં લેવાના છો તે હું જાણવા ઈચ્છીશ. તાત્કાલીક જવાબની રાહ જોતો, તમારો વિશ્વાસુ વિગેરે.

નોટઃ—આ પત્રની પહોંચ તા. ૬ ઠીએ સ્વીકારવામાં આવી. તથા આ બાબતપર સંપૂર્ણ ધ્યાન આપવામાં અને તપાસ કરવામાં આવે છે એમ જણાવવામાં આવ્યું.

Bombay, 6th May 1927.

To, The Resident Secretaries, Jain Swetamber Conference.

Dear Sirs,

We regret to inform you that the following sad news occured at Shri Keshrianath Temple.

"All Digambaries are badly beaten by the Hakem and all his Swetambari followers on Dhwajadand and Mukut Kundal ceremony *Five men died, 15 about to die, and nearly 150 are severely wounded by lathis. Heavy struggle.*"

Above is the text of the 1st telegram, 2nd telegram also confirms the same and further intimates that Swetambaris still aggressive and want to do the ceremony on 6th Instt.

You will note from this the grave situation and inhumane action of Swetambers and Maharana's men. Hope you will exert your influence to stop this immediately, and let us know what you intend doing in the matter and oblige.

Yours faithfully,

Sd/- **Chunilal Hemchand.**

દિગંબર તીર્થક્ષેત્ર કમિટી તરફથી મળેલા તા. ૬ ઠી મેના પત્રનો સારઃ—

શ્રી કેશરીઆ નાથજીના મંદિરમાં નીચે જણાવેલી દિલગીરી ભરેલી બીના છે. "બધા દિગંબરીઓને ધ્વજદંડ અને કુંડલની ક્રીયા વખતે હાકેમે અને તેના બધા શ્વેતાંબરી અનુયાયીઓ ખરાબ રીતે માર્યા છે, પાંચ માણસ મરી ગયા, પંદર મરવાની તૈયારીમાં અને આશરે દોઢસોને લાઠીઓથી સખ્ત ઈજા થએલી છે. ભારે ઝપાઝપી."

પહેલો તાર ઉપર મુજબ છે, બીજો તાર તેને ટેકો આપે છે અને વધારામાં જણાવે છે કે શ્વેતાંબરીઓ હજુ કજીઓ ઉત્પાદન કરવાની વૃત્તિવાળા છે. અને ૬ ઠી એ ક્રીયા કરવા માંગે છે. શ્વેતાંબરીઓ અને મહારાણાના માણસના અમાનુષી કાર્ય અને ગંભીર પરિસ્થિતિની નોંધ લેશો. આ તુર્તજ બંધ કરવાને તમારી લાગવગ વાપરશો એવી આશા રાખું છું અને આ બાબતમાં શું કરવા માંગો છો તે અમને જણાવશો. તમારો વિશ્વાસુ ચુનીલાલ હેમચંદ.

7th May 1927.

To, Seth Chunilal Hemchand Esqr,
Honorary Secretary, All India Digamber Tirtha Khestra Committee. Bombay

Dear Sir,

We beg to acknowledge receipt of your letter dated 6th instt. and to inform you

that we are trying our best to obtain information. In the meantime comments on one sided reports can only make the situation difficult. Yours faithfuly,

Sd/- **Mohanlal B. Jhavery,**
Resident General Secretary.

દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના સેક્રેટરી જોગ લખાએલા ઉપરના તા. ૭-૫-૨૭ ના પત્રની મતલબ:—

તા. ૬ ઠીનો પત્ર પહોંચ્યો. હકીકત મેળવવા અમારાથી બનતું કરીએ છીએ. દરમીઆન એક પક્ષી બબરો પરની ટીકા પરિસ્થિતિને કેવલ મુશ્કેલ બનાવી શકે. તમારો વિશ્વાસુ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

Seth Chunilal Hemchand , Esqr. Secretary Shree Digambar Tirth Kshetra Committee Bombay.

Dear Sir,

In continuation of our letter of yesterday's date we beg to inform you that we are just now in receipt of a telegram portion of which is given below for your information.

" Received Several Telegrams made inquiries Digambars assembled in very large number at Keshariaji for opposing Dhajadand, ceremony. Digambars created row with state police and in rushing back themselves crushed four no scuffle between Digambars and Swetambars. Swetambars present at Keshariaji not exceeding fifty enquiries going on published information deviously misleading. "

You will see from the above the absolute necessiry of obtaining authoritative and correct report before making unwarranted comments.

શ્રી દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના સેક્રેટરી જોગ તા. ૮-૫-૨૭ નો લખાએલ પત્ર.

ગઇ કાલની તારીખના અમારા પત્રના અનુસંધાનમાં તમને જણાવવા રજા લઇએ છીએ કે અમને હમણાંજ એક તાર મલ્યો છે જેનો (લગતો) ભાગ તમારી જાણ માટે નીચે આપવામાં આવ્યો છે.

" કેટલાક તાર મલ્યા. તપાસ કરી. ધ્વજદંડની ક્રીયા સામે થવા માટે કેશરીઆજીમાં મ્હોટી સંખ્યામાં દિગંબરીઓ એકઠા થયા હતા. રાજ્યની પોલીસ સાથે દિગંબરીઓએ ઘાંધલ મચાવી. અને પાછા હઠતાં પોતેજ ચારને કચરી નાંખ્યા. દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ઝઘડો થયો નથી. કેશરીઆજીમાં હાજર રહેલા શ્વેતાંબરો પચાસ કરતાં વધારે નહોતા. તપાસ ચાલુ છે. જાહેર થએલી હકીકત તદ્દન ખોટે રસ્તે દોરનારી છે. "

અયોગ્ય ટીકા કરવા પહેલાં સત્તાવાર અને ખરો પોર્ટરી મેળવવાની સંપૂર્ણ આવશ્યકતા તમે આ ઉપરથી જોઈ શકશો.

Telegrams from Udaipur,

1

To, Kota Walla, Bombay.

Dhawajadand peacefully raised by my hands with great pleasure all well no quarrel etc. Punamchand.

2

Secretaries Jain Conference Bombay.

Received Dhwajadand ceremony duly performed by Swetambaris yesterday at Keshriaji letter follows Jain Association.

3

Jain Conference Pydhonie Bombay.

Reached Udaipur to-day received several telegrams made inquiries digambers assembled in very big number at Keshariaji for opposing hwajadand ceremony. igambers created row with state police and in rushing back themselves crushed four; no scuffle between igambers and Swetambers. swefambers present at Keshariaji not exceeding fifty inquiries going on published information deviously (Sic-obviously) misleading etc. Motichand.

ઉદેપુરથી મળેલા તારના સંદેશા:—

૧

કોટાવાલા મુંબઇ—"ઘણીજ ખુશી સાથે મ્હારા હાથે શાંતિપૂર્વક ધ્વજદંડ ચડાવવામાં આવ્યો છે. બધું સારૂં છે. ઝઘડો થયો નથી. પુનમચંદ.

૨

સેક્રેટરીઓ જૈન કૉન્ફરન્સ મુંબઈ (તાર) મલ્યો. શ્વેતાંબરીઓએ ધ્વજદંડની ક્રીયા કેશરીઆજીમાં ગઇ કાલે બરાબર કરી છે. પત્ર પાછળ આવે છે. જૈન એસોસીએશન (ઑફ મેવાડ).

૩

જૈન કૉન્ફરન્સ, પાયધુની, મુંબઇ. આજે ઉદેપુર પહોંચ્યો. કેટલાક તારો મલ્યા. તપાસ કરી. ધ્વજદંડની ક્રીયા સામે થવા માટે કેશરીઆજીમાં ઘણી મોટી સંખ્યામાં દિગંબરો એકઠા થયા હતા. રાજ્યની પોલીસ સાથે દિગંબરીઓએ ધાંધલ મચાવી. અને પાછા વેગે હઠવામાં ચારને પોતે કચરી નાંખ્યા. દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે ઝઘડો નથી. કેશરીઆજીમાં હાજર રહેલા શ્વેતાંબરો પચાશ કરતાં વધારે નહોતા. તપાસ ચાલે છે. પ્રકટ થએલી હકીકત ઘણી ખોટે રસ્તે દોરનારી છે. મોતીચંદ.

નોટઃ—રા. શેઠ પૂનમચંદ કોટાવાલા તરફથી મળેલી વિગતવાળો તાર દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના સેક્રેટરીને તેમની જાણ માટે તા. ૮-૫-૨૭ ના રોજ પત્ર સાથે મોકલી આપવામાં આવ્યો હતો.

The Resident General Secretaries,
Jain Swetamber Conference.

Dear Sirs,

I am in receipt of both of your letters of 8th instt. We are not surprised to read the contents of the telegram received by you. It is absurd to say that Digambers crushed four while rushing back themselves No scuffle between Digambers and Swetambers. You might not be knowing that the officers viz: Magra Hakem and Devas Sthan Hakem both of them are Swetambers who gave the orders and took part in beating Digambers with Lathis cruelly. As if this was not sufficient to Swetambers your people on the 6th instt. went there with more troops, prevented Digambers from even entering the temple and perform the Dhwaja Ceremony. Even for humanity's sake the idea might have been dropped for some time looking to the accident the tension and feelings of their brothren. I wonder with what audacity you thought of forwarding the telegram mentioning your "peaceful raising the Dhwajadand with great pleasure" As if that apostles of 'Ahimsa' take pleasure in killing men and treading over the bloodfilled caracases. Is it not shameful to enjoy over one's grief and pains? Is it not adding insult to injury? It seems from the telegram that all your movements were prearranged and regularly organised. In spite of all this we regret very much your pretention of ignorance. All this can be easily proved from the records which are open for you even to see. We are soon going in a deputation to the scene: If your Community desire to ascertain truth you are welcome to accmpany us. I do not wish to write more on this gruesome subject but will say is this the reward that is given by our Swetamber brothren for the co-operation of Digambers in the Palitana movement and else where.

As a protest I am told by my Digamber Co mmbers, Mr. Tarachand Navalchand and others to resign from your Committee formed to protest against Mr. K. M. Munshi. Please accept the same.

We wonder to receive above letters without even a glimpse of sorrow or repentence and full of unfounded allegations. Hope better sense prevails to understand

LordMahavir's greatest principle of 'Ahimsa.'

Yours faithfully,
Sd/- **Chunilal Hemchand,**
Hon. Con. Secretary, All India
T. K. Committee.

દિગંબર તીર્થક્ષેત્ર કમિટી તરફથી તા. ૯-૫-૨૭ નો લખેલ પત્ર.

તા. ૮ મીના તમારા બન્ને પત્રો મલ્યા. તમને મળેલા તારમાં જણાવેલી વિગત વાંચતા અમને અચંબો થતો નથી. વેગે પાછા હઠતાં દિગંબરોએ પોતેજ ચારને કચરી નાંખ્યા એમ કહેવું બેહુદું છે. દિગંબર અને શ્વેતાંબરો વચ્ચે ઝધડો થયો નથી. તમે જાણતા નહિં હો કે મધરા હાકેમ અને દેવસ્થાનનો હાકેમ બન્ને અમલદારો શ્વેતાંબરી છે કે જેણે હુકમો આપ્યા અને ધાતકી રીતે દિગંબરોને મારવામાં ભાગ લીધો. જાણે કે શ્વેતાંબરીઓ માટે આટલું પૂરતું ન હોય તેમ તમારા લોકો તા. ૬ ઠીએ વધારે લશ્કર સાથે ત્યાં ગયા. દિગંબરોને દેહરાંમાં જતાં પણ અટકાવ્યા અને ધ્વજની ક્રીયા કરી. પોતાના ભાઇઓની લાગણી, ખેંચતાણ, અને અકસ્માત તરફ જોતાં મનુષ્યત્વની ખાતર પણ વિચાર પડતો મૂકવો જોઇતો હતો. જાણેકે 'અહિંસા' ના સંદેશવાહકો માણસોને મારી નાંખવામાં અને લોહીથી ભરેલાં મુડદાંઓ કચરી નાંખવામાં મજા લેતા હોય તેમ 'ધણી ખુશી સાથે ધ્વજદંડ શાંતિપૂર્વક ચડાવ્યો' એમ જણાવતો તાર મ્હને આશ્ચર્ય થાય છે કે તમે અમને મોકલી આપવાનો વિચાર કઇ ધૃષ્ટતાથી કર્યો. કોઇના શોક અને દુઃખ ઉપર મોજ માણવી એ શું શરમ ભરેલું નથી ? પડતા ઉપર પાટુ મારવા જેવું શું તે નથી ? તારપરથી જણાય છે કે તમારી બધી હિલચાલ પ્રથમથીજ ગોઠવાયેલી અને નીયમીતરીતે વ્યવસ્થીત હતી. આ સઘળું છતાં અજ્ઞાનતાનો ડોળ ધાલો છો તેથી અમને ઘણી દિલગીરી થાય છે. તમને પણ જોવા માટે ખુલ્લાં દફતર ઉપરથી આ બધું સહેલાઇથી પુરવાર થઈ શકે તેવું છે. બનાવની જગા ઉપર અમે તુર્તજ ડેપ્યુટેશનમાં જવાના છીએ; જો તમારી કોમ સત્યનો નિર્ણય કરવા ચાહતી હોય તો અમારી સાથે આવવા તમને આવકાર આપીએ છીએ. આ વૃણા ઉપજાવનાર વિષય ઉપર વિશેષ લખવા હું ચાહતો નથી પણ કહીશ કે પાલિતાણાની હિલચાલ અને અન્યત્ર દિગંબરોએ કરેલા સહકારનો શું આ બદલો શ્વેતાંબર ભાઇઓ! આપે છે.

મ્હારા દિગંબર સહસભ્યો મી. તારાચંદ નવલચંદ અને બીજાઓ તરફથી મ્હને કહેવામાં આવ્યું છે કે વાંધા તરીકે મી. કે. એમ. મુન્શી સામે વિરોધ ઉઠાવવાને નીમવામાં આવેલી કમિટીમાંથી રાજીનામું આપવું. મહેરબાનીથી તે કબૂલ રાખશો.

જરા પણ દિલગીરી અગર પશ્ચાતાપ નહિ દર્શાવનારા અને પાયા વગરના આક્ષેપો વાળા ઉપરના કાગળો મળતાં અમને આશ્ચર્ય થાય છે. ભગવાન મહાવીરનું 'અહિંસા'નું ઉત્કૃષ્ટ તત્વ સમજવા સદ્બુદ્ધિ પ્રાપ્ત થાઓ એમ આશા રાખુ છું. તમારો વિશ્વાસુ, ચુનીલાલ હેમચંદ ઑનરરી સેક્રેટરી.

No 1886. *14th May 1227.*

To Seth Chunilal Hemchand Esq.
Hon. Secretary All India Digamber
Tirtha-Kshetra Committee, Bombay.

Dear Sir,

By our letter of the 7th Inst. we informed you that we were trying our best to obtain information as regards what happened at Shri Keshariyanathji and requested you not to publish one-sided reports. By our two letters of the 8th Inst. we communicated to you the information which we had received. Your reply dated 9th Inst. received by us on 10th idem contains serious and scandalous allegations imputing that all our movements were prearranged and that we pretend ignorance. You further allege that all this can be easily proved from the records which are open for us to see. We do not understand what you mean by records. If you mean reports received by you we may at once point out that in view of the letter

dated 8-5-27 from Mr. Motichand. G. Kapadia, Solicitor, published in various papers, we cannot attach much weight to the report received by you. If by records, you mean other documents please send us copies of the same, or at least send us a list of such documents. We would take this opportunity of impressing upon you the necessity of carrying on correspondence in a dignified manner and to avoid insinuating language and personal remarks.

Without waiting for the information which we were collecting you were the first to resort to public press and you got published reports which are now found to be one-sided and inaccurate, with a view to prejudice the public against our Swetamber brothers and to avoid the real issue. Not being satisfied with the agitation carried on in press, you held public meeting on 8th May at Hira Bag and among other resolutions passed a resolution to the effect that the temple of Shri Keshariyanathji belonged to the Digambars and that Swetambers were encroaching upon the said temple. You give a go-bye to prior history. We also object to some of the other resolutions but we refrain from commenting on the same while deeply regretting at the incident which resulted in the sad deaths of our Digambar brothers. As the matter is likely to go to court we refrain from expressing any opinion as regards the said incident which we deplore. We fully join with you in sympathasing with the families of those who lost their lives.

If you had not carried on a propaganda in papers and had not made this occurence as the occasion for asserting certain claims which are disputed, we would have considered the question of joining the proposed deputation. We have always co-operated with the other sects of our Jain Community in all matters of common interest. We co-opted your representative on the committee appointed re Mr. Munshi's books, in the hope that the three sects of the Jains may always co-operate in all matters of common interest. We are surprised to note that Mr. Tarachand Navalchand has told you that he and other members who have joined the committee are going to resign. We may inform you that Digambar representatives were co-opted in the said committee at the request of Seth Tarachand Navalchand.

As regards palitana movement, we fully appreciate your co-operation and we trust the same will continue.

Yours faithfully,

Sd. **M. J. Mehta.**

Sd/- **Mohanlal B. Jhavery.**

Resident General Secretaries.

તા. ૧૪-૫-૨૭ ના રોજ ને ૧૮૮૬ નો દિગંબર તીર્થક્ષેત્ર કમિટીના સેક્રેટરી ઉપર લખેલ પત્ર.

શ્રી કેશરીઆનાથજીમાં શું બન્યું તે સબંધે માહિતી મેળવવા માટે અમારાથી બનતો બધો પ્રયાસ કરીએ છીએ એવી ખબર તમને અમારા તા. ૭મી ના પત્રથી આપી અને એક પક્ષી હકીકત પ્રકટ ન કરવા વિનંતિ કરી હતી. અમારા તા. ૮ મીના બે પત્રોથી, જે હકીકત અમને મલી હતી તે તમને જણાવી હતી. તા. ૯ મીનો તમારો જવાબ કે જે અમને તા. ૧૦ મીએ મલ્યો તેમાં અમારી હિલચાલ પ્રથમથીજ ગેરવેલી અને અમે અજ્ઞાનનો ડોળ ધાલતા હોવાના ગંભીર અને નિંદ્ય આક્ષેપોનું આરોપણ કરવામાં આવ્યું છે. તમે વિશેષ એમ કહો છો કે જે દફ્તર અમને જોવા માટે ખુલ્લું છે તેમાંથી આ બધું સહેલાઇથી પુરવાર કરી શકાય તેમ છે. અમે નથી સમજતા કે દફ્તર (Records) નો તમે શો અર્થ કરો છો. તમને મળેલી ખબરો (Reports) એવો અર્થ કરતા હો તો તમારું ધ્યાન અમારે તુર્તજ ખેંચવું જોઇએ કે મી. મોતીચંદ ગિ. કાપડીઆનો તા. ૮-૫-૨૭ નો પત્ર કે જે જૂદા જૂદા પત્રોમાં

પ્રકટ થયેા છે તે જોતાં તમને મળેલી હકીકતેા (Report) પર અમે વધારે વજન આપી શકતા નથી. જો 'રેકેાર્ડ' નેા અર્થ તમે અન્ય દસ્તાવેજો એમ કરતા હેા તેા મેહરબાની કરી તેની નકલેા અમને મેાકલી આપેા અથવા છેવટ તેની યાદી મેાકલી આપશેા. વ્યક્તિગત ટીકાઓ અને આક્ષેપાત્મક ભાષાથી દૂર રહેવા અને પ્રૌઢ શૈલીએ પત્રવ્યવહાર કરવાની આવશ્યકતા આપનાપર ઠસાવવા અમે આ તક લઇએ છીએ.

જે હકીકતેા અમે મેળવતા હતા તેની રાહ જોયા વિના જાહેર પત્રેાનેા આશ્રય લેવામાં તમે પહેલા હતા અને ખરા મુદ્દાને અલગ કરવા અને અમારા શ્વેતાંબર ભાઇઓની વિરૂદ્ધ જાહેર પ્રજામાં ખેાટી અસર ઉત્પન્ન કરવાની દૃષ્ટિએ હકીકતેા (reports) પ્રકટ કરાવી કે જે હવે એકપક્ષી અને ભૂલભરેલી નીવડી છે. જાહેરપત્રેામાં કરવામાં આવેલી ઉશ્કેરણીથી સંતેાષ ન પામતાં, હીરાબાગમાં ૮ મી મેના રેાજ તમે જાહેર સભા ભરી અને બીજા ઠરાવેામાં એવેા ઠરાવ પસાર કર્યો કે શ્રી કેશરીઆનાથજીનું મંદિર દિગંબરીઓની માલેકીનું છે. અને શ્વેતાંબરેા ઉક્ત મંદિરમાં પગપેસારેા કરે છે. પૂર્વ ઇતિહાસને તમે પડતેા મૂકેા છેા. અમે બીજા પણ કેટલાક ઠરાવેા સામે વાંધેા લઇએ છીએ પણ તે પર ટીકા કરવાથી અમે દૂર રહીએ છીએ. અને આપણા દિગંબર ભાઇઓનાં શેાકજનક મૃત્યુ નિપજાવનાર બનાવ માટે અંતઃકરણપૂર્વક દિલગીર છીએ. આ કાસ્સેા કેાર્ટે ચડવાની વકી હેાવાથી ઉક્ત બનાવ કે જે માટે અમે દિલગીર છીએ તેના ઉપર કેાઇપણ જાતનેા અભિપ્રાય દર્શાવવાથી અમે દૂર રહીએ છીએ. જે. ઓએ જીંદગી ગુમાવી છે તેઓના કુટુંબેા પ્રત્યે દિલસેાજી ધરાવવામાં અમે તમારી સાથે જોડાઇએ છીએ.

જાહેર પત્રેામાં જો તમેાએ પ્રચારકાર્ય શરૂ કર્યું ન હેાત અને જે દાવાઓ હજુ ઝઘડામાં છે તે તમારાજ છે એમ કહેવાની તક આ બનાવથી સાધી ન હેાત તેા દરખાસ્ત થએલાં ડેપ્યુટેશન સાથે જોડાવાના પ્રશ્નનેા વિચાર કરત. સામાન્ય હિતની બધી બાબતેામાં જૈન કેામના બીજા ફીરકાઓ સાથે અમે હમેશાં સહકાર કર્યો છે. સામાન્ય હિતની બધી બાબતેામાં જૈનેાના ત્રણે ફીરકાઓ સર્વદા સહકારથી કામ કરે એ આશાએ મી. મુન્શીનાં પુસ્તકેા સંબંધેની કમિટીમાં તમારા પ્રતિનિધિઓને ઉમેરવામાં આવ્યા હતા. મી. તારાચંદ નવલચંદ અને અન્ય સભ્યેા કે જેઓ કમિટીમાં જોડાયા છે તેઓ રાજીનામું આપનાર છે એમ તેમણે તમને કહેલું છે તેની નોંધ લેતાં અમને આશ્ચર્ય થાય છે.

અમે તમને જણાવીએ કે શેઠ તારાચંદ નવલચંદની માગણીથી ઉક્ત કમિટીમાં દિગંબર પ્રતિનિધિઓઓને ચુંટી કાઢવામાં આવ્યા હતા.

પાલિતાણાની હિલચાલ સંબંધે તમારા સહકારની અમે સંપૂર્ણ કદર બુજીએ છીએ અને અમને ભરેાંસેા છે કે તેજ ચાલુ રહેશે. તમારા વિશ્વાસુ. રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

૩ શ્રી શત્રુંજય પ્રચાર સમિતિની બેઠક.

ગત ખાસ અધિવેશન વખતે નિમાએલ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિની એક બેઠક મારવાડમાં **બગરી**–સજનપુર મુકામે–પ્રતિષ્ઠા મહેાત્સવ પ્રસંગે સંવત ૧૯૮૩ ના વૈશાક શુદિ ૪ ગુરૂવાર તા. ૫–૫–૨૭ ના રેાજ મળી હતી તે વખતે નીચેના સભાસદેાએ હાજરી આપી હતી (૧) બાબુ કીર્તિપ્રસાદજી (સેક્રેટરી) (૨) રા. હિરાલાલ સુરાણા વકીલ (૩) રા. પારી મણીલાલ ખુશાલચંદ.

નીચે મુજબ કામકાજ કરવામાં આવ્યું.

સેાજતમાં મળેલી બેઠકનું કામકાજ વાંચવામાં આવ્યું તેમાં નીચેની બાબતેા ભુલથી લખવી રહી ગયેલ તે દાખલ કરવામાં આવી.

(૧) સમિતિનું નામ સુધારી **"શ્રી જૈન શ્વેતાંબર કૅાન્ફરન્સ શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિ"** રાખવામાં આવ્યું.

(૨) શ્રી શત્રુંજય પ્રચાર કાર્યને અંગે જે ખર્ચ થાય તેજ દરેક સભ્યે સમિતિના ફંડમાંથી લેવું.

(૩) શ્રી શત્રુંજય પ્રચાર કાર્ય કરવાના વખતમાં કેાઇ પણ સભ્યે કેાઈ પણ જાતનું ફંડ કરવું નહિં.

(૪) કેાઇ પણ સભ્યે કાયમને માટે ખાસ કલાર્ક અથવા નેાકર રાખવેા નહિ.

૧. જ્યાં સુધી શત્રુંજય યાત્રા ત્યાગ કાયમ રહે ત્યાં સૂધી તે તીર્થે જવાના દરેક રસ્તા ઉપર એક સ્વયંસેવક મંડળ બરોબર રહેવાની જરૂર છે (જેવી રીતે હાલ છે) કે જે દરેક જૈનને સમજાવે કે શ્રી સંઘની આજ્ઞાનુસાર કોઈ જૈને શ્રી શત્રુંજયની યાત્રાએ જવું નહિં, અને તે માટે તેની પૂરી દેખરેખ રાખવા તથા બંદોબસ્ત કરવા ભાઈ મણીલાલ ખુશાલચંદ ને નીમવામાં આવે છે. તેઓએ ત્યાંના બધા કામ-કાજનો વિગતવાર અહેવાલ સમિતિના મંત્રીને દર મહિને મોકલી આપવો.

૨. શ્રી શત્રુંજય તીર્થ સંબંધી કેટલીક બાબતો શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી સાથે નિર્ણય કરવાની છે તે માટે ભાઈ શ્રી મકનજી જુહાભાઇ મહેતા તથા મણીલાલ કોઠારી અને સમિતિના બીજા બે સભ્યોએ મલીને પેઢીના પ્રમુખને મળી નિર્ણય કરવો એમ ઠરાવવામાં આવ્યું.

૩. શ્રી. શત્રુંજયની વિગતવાર ઇતિહાસીક હકી-કતનું એક પુસ્તક તૈયાર કરી પ્રગટ કરવું.

૪. શ્રી શત્રુંજયની યાત્રા ત્યાગની જાણ ઘણે ભાગે હિંદુસ્તાનના બધા જૈનીઓને થઈ ગઈ છે અને તેનો અમલ પણ પૂરો થઈ રહ્યો છે એટલે સમિતિના સભ્યોને દરેક ગામે ગામ જવાની વિશેષ જરૂરત નથી પણ પોત પોતાના પ્રાંતોમાં કોઈ જલસા મેલાવડા અથવા ખાસ જરૂરી પ્રસંગે જઇને પ્રચાર કરવો અને કાગળ પત્ર પુરતકો વિગેરેથી દરેક ઠેકાણેના જૈનોને શ્રી શત્રુંજયના દરેક કામકાજની માહિતી આપવી અને જગ્યાએ જગ્યાએ સ્વયંસેવક મંડળો સ્થપાવવાં કે જે શ્રી શત્રુંજય તીર્થના કામ અંગે પણ જરૂર પડે સેવા કરે.

૫. ભાઈ કપૂરચંદ સૌભાગચંદ પાલણપૂર વાળા ણીના પગારે સ્વયંસેવક તરીકે પારી મણીલાલ ખુશા-લચંદના પેટામાં પ્રચાર કાર્ય કરવા ઈચ્છે છે તે મંજૂર કરવામાં આવે છે.

૬. શ્રી શત્રુંજય અંગે પ્રચાર કાર્ય કરવા માટે સમિતિના સભ્યોના પ્રાંતો નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા.

(૧) પંજાબ, યુ. પી, બેંગાલ, બીહાર, ઓરીસા, સી. પી. બ્રહ્મદેશ અને દીલ્હી:–બાબુ કીર્તિપ્રસાદજી, બાબુ દયાલચંદજી, લાલા બાબુ રામજી–એમ. એ. એલ. એલ. બી.

(૨) રાજપુતાના (મારવાડ–મેવાડ–માળવા વગેરે) સિંધ અને કરાંચી:–રા. વકીલ હીરાલાલજી સુરાણા.

(૩) દક્ષિણ, (ખાનદેશ, વરાડ, કર્ણાટક, આંધ્રદેશ અને મહારાષ્ટ્ર વગેરે):–રા. પોપટલાલ રામચંદ શાહ.

(૪) ગુજરાત, કચ્છ અને કાઠીયાવાડ:–રા. મણી-લાલ ખુશાલચંદ પારી.

(૫) જ્યાં જરૂર પડે અથવા કોઇ સભ્ય બોલાવે ત્યાં:–રા. શ્રીયુત મણીલાલજી કોઠારી.

૪ જૈન લીટરેચર સોસાઈટી (લંડન)

આ મંડળ તરફથી તેની કાર્યવાહીનો સને ૧૯૨૬ નો રિપોર્ટ સંસ્થાને મળતાં તેની સાભાર નોંધ લેવામાં આવે છે. ઉક્ત રિપોર્ટમાં છેવટે જણા-વવામાં આવ્યું છે કે બેંકમાં રહેલી પુરાંતમાં **પ્રવચન સાર, સ્યાદ્વાદ મંજરી** અને **ષડદર્શન** પ્રકટ કરવા માટે અનુક્રમે પાંડે, ૪૫, ૭૦, ૩૫ નો સમાવેશ થાય છે. આ ઉપરથી ઉક્ત મંડળના સેક્રેટરી મી. **એચ. વૉરનને** આ ઑફીસ તરફથી એક પત્ર તા. ૧૨–૪–૨૭ ના રોજ લખી પૂછવામાં આવ્યું હતું કે ઉક્ત પુસ્તકો ક્યારે તૈયાર થઇ પ્રસિદ્ધ કરવામાં આવશે. શ્રી શત્રુંજય સંબંધી સાહિત્ય પણ મોકલ-વામાં આવ્યું હતું. આ પત્રના જવાબમાં તા. ૩–૫–૨૭ નો લખેલ પત્ર અમને મળ્યો છે. જેનો અનુવાદ નીચે પ્રમાણે.

વડાલા મી. મહેતા,

મહને લાગે છે કે આ ઓરડામાં તમને મળ-વાનો આનંદ મેળવે આશરે ચૌદ વર્ષ થયાં છે; સમય ઘણીજ ત્વરાએ ચાલ્યો જાય છે. તમારો તા. ૬૨ મી એપ્રીલનો પત્ર કે જે ગઇ કાલે આવ્યો તે તથા પવિત્ર ટેકરીઓ માટેની તકરારો સંબંધી ચો-પાનીઓ હવે મહને મળ્યાં છે. ઘણી દયાની વાત છે કે આ ઝઘડાઓ ઉભા થાય છે અને કાયદાની કો-

ટોંવાળા લોકો કે જેને હું બહારના ગણું છું તેનો આશ્રય મેળવ્યા સિવાય લાગતાવળગતાઓ તરફથી પતાવટ થતી નથી.

જૈન લીટરેચર સોસાયટી સંબંધે લખવાનું કે **પ્રવચનસાર**નું ભાષાન્તર થઇ ગયું છે અને એક ભાગ છાપખાનામાં છે મુશ્કેલી એ છે. કે શીતલપ્રસાદ બ્રહ્મચારીએ સુધારા માટે જે સુચનાઓ કરી છે તે ભાષાન્તર કર્તાને મોકલવી પડે છે કે જે અમેરીકા છે. અને ડૉ. થૉમસ કે જે આ બાબત જુએ છે તે એટલા વ્યવસાયી છે કે પોતાનો ઘણો સમય આ બાબતમાં આપી શકે નહિ.

બીજા બે ગ્રન્થોપર હાલ ધ્યાન આપી શકાતું નથી. કમનસીબે મંડળ, જો કંઈ પણ કરી શકતું હોય તો, ઘણુંજ ધીમે ધીમે પ્રવૃત્તિ કરે છે.

હું આશા રાખું છું કે તમે સારા અને સારી સ્થીતિમાં હશો. મ્હારી સ્નેહાર્દ્ર માનપૂર્વક શુભેચ્છાઓ સાથે હું છું. વિગેરે. એચ. વૉરન.

૫ એક વિજ્ઞપ્તિ.

આ સંસ્થા તરફથી જૈન સંસ્થાઓ, ગ્રેજ્યુએટો, જૈન ધંધાદારીઓ, સરકારી નોકરીઆતો, બેતાજ યા પદવી ધરાવનારાઓ, કર્તાઓ (authors) પુસ્તકો પ્રકટ કરનારાઓ તથા તેવાં બાતાંઓ, વર્તમાનપત્રો અને છાપાં બાતાઓના માલેકો યા વ્યવસ્થાપકો વગેરે સર્વ દેશીય માહિતી પૂરી પાડનારી એક સંપૂર્ણ જૈન ડીરેક્ટરી તૈયાર કરવા ધરાદો રાખવામાં આવે છે અને તેથી તેવાં બાતાંઓ તથા વ્યક્તિઓને વિનંતિ કરવામાં આવે છે કે પોતાનાં નામ ઠામ ઠેકાણું તથા ઉપર જણાવેલ વર્ગ પૈકી કોઇ યા અન્ય પ્રવૃત્તિ સંબંધી સર્વ હકીકતો આ સંસ્થાને મોકલી આપવા બટતું કરવું. આવી ડીરેક્ટરીની ઘણી જરૂરીઆત હોઇ જે સર્વે બંધુઓ આ કાર્યમાં સહાનુભૂતિ આપી પોતાનો ફાળો આપશે તથા અપાવશે તો માર્ગદર્શક હકીકતો જૈન સમાજને પૂરી પડશે. આશા છે કે સૌ ભાઇઓ આ યોજનાને ઉત્સાહપૂર્વક ટેકો આપી હકીકતો પૂરી પાડવા પ્રયાસ કરશે.

વિશેષમાં આ માસિકમાં પ્રતિમાસ 'બીઝનેસ ડીરેક્ટરી'ની માફક સગવડ પડતા નહાના બાનાંઓ પણ તેવી ટુંકી નોંધ આપનારાઓને માત્ર વાર્ષિક રૂા. ૬) છે જેની નહાની રકમ લઈ આપવાની યોજના હાથ ધરવામાં આવી છે. બહારમાં માસિક દરમાસે મળતું રહેશે અને તેના ધંધાદારીનું નામ, ઠામ, ધંધો ટેલીફોન નંબર વગેરે બહુજ ટુંકી હકીકત દરમાસે છપાતી રહેશે. આવી ટુંકી જાહેરખબરો દરેક ભાઈઓ તરફથી મલે એવી વિજ્ઞપ્તિ છે. આખા પાનામાં દરેક કૉલમમાં આઠ બાનાં પાડવામાં આવશે. એટલે બે કૉલમમાં તેના સોળ બાનાંઓ થશે. દરેક ભાઇઓએ જરૂર લાભ લેવો અને આ માસિકને ટેકો આપવો.

૬ માતરમાં કન્યાવિક્રય.

શ્રી માતર ગામના રહીશ શા. મણીલાલ દલસુખ તથા માણેકલાલ દલસુખના નામથી તેમની વતી પૂજ્યશ્રી દાનમુનિજી મહારાજ કે, જે તેમના સંસારીપણાના પિતા થાય, તેમની સહીવાળી તા. ૧૯–૩–૨૭ ની લખેલી એક અરજી આ સંસ્થાને મલી હતી. જેમાં અમને જણાવવામાં આવ્યું હતું કે ઉપરોક્ત બન્ને ભાઇઓના કાકા અને મુનિશ્રીના ગૃહસ્થ ધર્મમાં ભાઇ નામે, પ્રુલચંદ ભાઇચંદ, કે જેની પાસે આ બન્ને ભાઇઓની બ્હેન નામે સરસ્વતી (ઉર્ફે સકરી) ને સારી રકમ લઈ એક વૃદ્ધની સાથે લગ્ન કરી દેવાની તજવીજમાં છે. અને આ લગ્ન અટકાવી કન્યાને યોગ્ય સ્થળે વગર પૈસે પરણાવવા ગોઠવણ કરવા માટે અરજ કરવામાં આવી હતી. આ હકીકત અમારા પાસે આવતાં બેડા શેઠ બાલાભાઈ ભાઇલાલ તથા શ્રી માતરના સંઘને જણાવવામાં આવ્યું હતું કે આ બાબત હાથમાં લઇ તાત્કાલિક ઉપાયો યોજવા કે જેથી જણાવવામાં આવેલી હકીકતો ખરી હોય તો તે અટકે. જેના જવાબમાં અમને બેડાથી જણાવવામાં આવ્યું હતું કે "પ્રુલચંદ ભાઇચંદની ભત્રીજી સકરીના સંબંધમાં લખ્યું તેના જવાબમાં લખવાનું કે હાલ દાન મુનિજી માતરમાં છે અને છોડીનો વેવીશાળ પંચના માણસોની રૂબરૂ કરાવ-

વાનું નક્કી થયું છે એટલે હાલ તે સબંધમાં કંઈ કરવા જેવું નથી. અને તેવું કોઇ કારણ બનશે તો અમો અમારાથી બનતી તજવીજ કરીશું.” આવી જાતનો કંઈ બંદોબસ્ત થયાનું શ્રી માતરના સંઘવતી શેઠ ખેમચંદ બેહચરભાઈ તરફથી પણ જણાવવામાં આવ્યું હતું. સાર પછી તા. ૨-૫-૨૭ ના રોજ બપોરના ૧-૩૦ વાગતે અમને માતરથી શા. કેશવ-લાલ અનોપચંદનું એક કાર્ડ મળ્યું જેમાં જણાવવામાં આવ્યું હતું કે. આ છોકરીનાં લગ્ન સારી રકમ લઈ ૬૦ વર્ષની ઉમ્મરનાં એક વૃદ્ધ સાથે કરવા નક્કી થયું છે. આ ખબર મળતાં એક **ખાસ કેસ તરીકે** એ બાબત સંસ્થાએ હાથમાં લેવા ઉચિત ધાર્યું અને તે સંબંધે પ્રબંધ કરવા સંસ્થા તરફથી મી. અમૃત-લાલ વાડીલાલ શાહને મોકલવા ગોઠવણ કરવામાં આવી હતી. આ લગ્ન સોજીત્રા પાસે કાહોર મુકામે થનાર હતું, ખબર અમને વૈશાક વદ, ૧ ના રોજ આપવામાં આવી લગ્ન વદિ ૩ના રોજ થનાર હોઇ. કન્યાના ભાઇઓ જે સુરત બોર્ડીંગ હાઉસમાં ભણવા રહેતા હતા તેમને તથા સોજીત્રે તાર કરવામાં આવ્યા હતા. અમારા ઉકત પ્રતિનિધિએ ત્યાં જઇ પ્રયત્ન કરી હકીકતો મેળવી હતી અને પરિણામે શ્રી દાન મુનિજીએ પોતા તથા કન્યાના ભાઇઓ વતી એક કાગળ લખી આપ્યો છે જેમાં જણાવવામાં આવે છે કે “આપની તરફનો કરેલો તાર મલ્યો છે. તથા ભાઇ શ્રી અમૃતલાલ વાડીલાલ અત્રે આવેલા છે. અમારી બેન સરસ્વતી (ઉર્ફે સકરી) નું વેવીશાળ અમારી તથા દાન મુનિ મહારાજની કે જે અમારા સંસારીપણાના પિતા થાય છે તેમની સંમતીથી તથા રાજીખુશીથી કર્યું છે. અમોએ પૈસો કંઈ લીધો નથી અમારા કાકાની પૈસો લેવાની મરજી હોવાને લીધેજ અમોએ તમોને અરજી કરેલી પણ હવે અમોએ અમારી રાજીખુશીથી આ વેવીશાળ કર્યું છે. માટે અમોને કંઈ વાંધો નથી. અમારી બેનની પણ સંમતી છે. હાલ એજ. લી. મણીલાલ દલસુખભાઇના વંદિત પ્રણામ વાંચશોજી.

સહી. દ. દાન મુનિજી તા. ૪-૫-૨૭.

નોટઃ—આવા કરૂણાજનક પ્રસંગો અટકે તેટલા માટેજ સંસ્થા તરફથી ઉપદેશકો ચારે તરફ ફરે છે અને ઉપદેશ આપી લોકમત કેળવે છે. આવું અમલી કાર્ય સંસ્થા કરી શકતી નથી. પરંતુ આ ખાસ કિસ્સા અંગેજ કાર્ય હાથમાં લેવા જરૂર પડી હતી. સંસ્થાના ઉપદેશક વાડીલાલ સાંકળચંદ કે જેઓ પ્રથમ આવેલી અરજી લખાયાના સમયે ઉકત રથળે હાજર હતા તેમણે પણ આ લગ્ન ન થવા માટે કાળજી પૂર્વક પ્રયાસ કર્યો હતો.

૭ સુકૃત ભંડાર ફંડ

ઉપદેશક પુંજલાલ પ્રેમચંદ મારફત તા. ૨૮-૩-૨૭ થી ૨૬-૬-૨૭ સુધી.

પીલવાઇ ૧૫।, વેડા ૪।, સરદારપુર ૫૧. લાડોલ ૩૫।।. આગલોડ ૬૮), ખરોડ ૮), જંત્રાલ ૧૦, આમ-ણવા ૨૫।।, ગવાડા ૩૪), ઉમખલ ૬), સોખડા ૨।। દેવડા ૧), વડાસણ ૯), દગાવાડીયા, ૦।, કામલપુર ૫।. પામોલ ૨૧।, ગેરીતા ૨૦।।, કોળવડા ૧૪।, કુકરવાડા ૧૭।।, વીહાર ૬।, પકુશમા ૧।।, ચરાડા ૩), બીલોદરા ૮।, ટીંગદેણ ૯।, બોરૂ ૪૧।।, ખરણા ૪), સમૌ ૪૪), ડાભલા ૨૭।।, વસઇ ૦।, પઢારીયા ૧૨।, મેરૂ ૩૭।, ધામણવા ૫।।, ઉદલપુર ૯), સાંગ-લપુર ૫), આખજ ૭।, ધોળાસણા ૧૩), જગુદણ ૩।, જુલાસણ ૧) કુલ રૂ. ૫૬૨।।

ઉપદેશક વાડીલાલ સાંકળચંદ મારફત તા. ૨૬-૩-૨૭ સુધી ગોધરા ૧૯૭।, વેજલપુર ૬૫), લુણા-વાડા ૬૯), વીરપુર ૧૬), ખેડા ૫૧, અંગાડી ૧૪।, મોરૈયા ૩), ગીરમથા ૯।, બાયડ ૭।, વાડાસીનોર ૪૫), ચલાલી ૧૨), કડાછલ ૧૪।, કંબોયા ૨), સાકરીયા, ૧૫।। ઝુલાસણ, ૩) અડાલજ ૯।।। જમીય-તપુર ૪), કુલ રૂ. ૫૩૮)

ઉપદેશક કરશનદાસ વનમાળીદાસ મારફત તા. ૨૭-૪-૨૭ થી ૨૬-૬-૨૭ સુધી.

એના ૭), પુણી ૨૩), અંજોરી ૭), વડોલ, ૫), સરબણ ૧૩), મહુવા ૯), કરમસીયા, ૩૮।।। સાતમ ૨૨।, સરપર ૯), ગણદેવા ૬), ટાંકલ ૨૨), નોગામ ૧૬) બરોલી, ૫) અબાવલ ૮) વાંસદા, ૩૩) વાજણા, ૫), દેગામ ૬), પીપલખેરા ૫), ઉનાઇ ૪), મચ્છિ-

૫૨ ૧૬), કોલવાના ૧૬). મુનમાર ૧૦), જલાલ-
મોર ૨૪), કરાડી ૮), આટ ૨૦), સીસોદરા ૩૨),
ખડ (સુપા) ૧૧), કછોલી ૧૧), ધમડાશા ૧૦),
મોતા ૧૫), મઢી ૧૧૧, માંડવી ૩૧), કડોદ ૪૮),
કુલ રૂા. ૫૦૭૧

૮ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ, ૧૬ મી ધાર્મીક હરીફાઈની ઈનામી પરીક્ષા.

(વીરચંદ પાનાચંદ શાહ.)

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ધાર્મીક હરીફાઇની ઇનામી પરીક્ષા આ વરસે માગશર વદી ૭ તા. ૨૭ મી ડીસેમ્બર ૧૯૨૬ ના રોજે સંસ્થાએ રજીસ્ટર કરેલા ૩૩ શેન્ટરોમાં લેવામાં આવી હતી.

સેન્ટરોના નામ.

મુંબઈ, અમદાવાદ, ભાવનગર, સુરત, પાલણપુર, જુનાગઢ, રતલામ, બીકાનેર, પાદરા, વાંકલ, સમૌ, મેસાણા, ખંભાત, કરાંચી, પાલીતાણા, બોટાદ, બોર-સદ, મહુવાબંદર, મહુંધા, શીહોર, ગોધરા, ધીણોજ, સમી મણુંદ ઝીંઝુવાડા, વઢવાણ કેમ્પ, નરોડા પાટણ, લીંચ, વડાવલી, લણવા, માણસા, ભરૂચ.

પુરૂષ વિભાગ.

પરીક્ષાનું પરિણામ.	બેઠા.	પાસ.	ઈનામ. રૂ.
બાલ ધોરણ ૧ લું	૨૩૩	૨૧૬	૧૭૬
બાલ ધોરણ ૨ જું	૧૧૪	૧૦૫	૬૧
પુરૂષ ધોરણ ૧ લું	૧૭	૯	૨૫
પુરૂષ ધોરણ ૨ જું અ	૧૭	૧૫	૫૩
પુરૂષ ધોરણ ૨ જું બ	૩	૩	૪૫
પુરૂષ ધોરણ ૩ જું	૩	૧	૦
પુરૂષ ધોરણ ૪ થું	૪	૪	૬૧
પુરૂષ ધોરણ ૫ મું	૨	૨	૨૦
,, ,, વિ. ૧ લો	૦	૦	૦
,, ,, વિ. ૪ થો	૧	૧	૨૦
,, ,, વિ. ૭ મો	૧	૧	૨૦
,, ,, વિ. ૫ મો	૧	૦	૦

પુરૂષ વિભાગમાં કુલ્લે ૩૬૬ વિદ્યાર્થી બેઠા ૩૫૭ પાસ થયા અને ઇનામના રૂપીયા ૪૮૪ અંકે ચારસો ચોરાશી.

સ્ત્રી વિભાગ.

	બેઠા.	પાસ.	ઈનામ. રૂ.
કન્યા ધોરણ ૧ લું	૧૬૧	૧૪૨	૮૮
કન્યા ધોરણ ૨ જું	૧૯	૧૮	૩૬
સ્ત્રી ધોરણ ૧ લું	૫૮	૫૦	૬૮
સ્ત્રી ધોરણ ૨ જું	૫	૫	૪૫
સ્ત્રી ધોરણ ૩ જું	૭	૭	૫૩
સ્ત્રી ધોરણ ૪ થું	૧	૧	૨૫
સ્ત્રી ધોરણ ૫ મું વિ. અ	૨	૩	૨૧
સ્ત્રી ધોરણ ૫ મું ઇ	૧	૧	૦

સ્ત્રી વિભાગમાં ૨૮૫ બેઠી ૨૨૭ પાસ થઈ અને ઇનામ રૂપીયા ૩૬૬ અંકે ત્રણસો છાસઠ કુલ વિદ્યાર્થી ૬૮૧ બેઠા ૫૮૪ પાસ અને ઇનામ રૂપીયા ૮૫૦ અંકે આઠશો પચ્ચાશ.

નોંધ—દર વરસ કરતાં આ વરસે પરીક્ષાના સેન્ટરોમાં તેમજ વિદ્યાર્થીઓમાં સારો વધારો થયો છે. છતાં તે જોઇએ તેવો કહી શકાય નહીં, આપણી ચાલતી દરેક પાઠશાળાઓમાં બોર્ડનો "અભ્યાસ ક્રમ" દાખલ થવાની જરૂર છે અને જ્યાં જ્યાં પાઠ-શાળાઓ ચાલતી હોય ત્યાં ત્યાં પરીક્ષાના સેન્ટરો ખુલવા જોઇએ. દરેક ગામ અને શહેરોના આગેવાનો તથા પાઠશાળાઓ બોર્ડીંગો અને વિદ્યાલયોના કાર્ય કર્તાઓ આને માટે યોગ્ય કરશે તેવી વિનંતિ છે.

અભ્યાસક્રમ—

પરીક્ષાના ચાલૂ અભ્યાસક્રમમાં યોગ્ય ફેરફાર તથા વધારો ઘટાડો કરવા બોર્ડની મેનેજીંગ કમીટીની તા. ૨૫-૪-૨૭ ની મીટીંગે એક કમીટી નીમી હતી. આ કમીટીએ આવેલ અભિપ્રાયો તથા જૂની જૂની સીરીઝો વિગેરે તપાસી એક "રીપોર્ટ" તૈયાર કર્યો છે જે થોડા વખતમાં બહાર મુકવામાં આવશે. આથી હાલમાં જે મુશ્કેલીઓ વિદ્યાર્થીઓને પુસ્તકો ઇત્યાદિમાં પડે છે તે દૂર થશે.

સ્કોલરશીપ—

બોર્ડ તરફથી દર વરસે વિદ્યાર્થીઓને તેમજ પાઠશાળાઓને માસિક મદદ આપવામાં આવે છે. આને માટે જૈનયુગ જૈન અને વીરશાસન વિગેરે પત્રોમાં જાહેર ખબર આપવામાં આવી હતી. આ અરજીઓ લેવાની છેલ્લી તારીખ ૩૦ મી જુનની રાખવામાં આવી છે એટલે તે તારીખ સુધીમાં અરજી કરવી. અરજીનું ફોર્મ સંસ્થા ઉપર લખવાથી મોકલવામાં આવે છે. આ સ્કોલરશીપને પહોંચી વળવા માટે બોર્ડ પાસે જોઇએ તેવું "ભંડોળ" નથી એટલે કેટલીક વખત લાચારીથી હમારે ના પાડવી પડે છે. અથવા ઘણી જુજ રકમ પાસ કરવી પડે છે. જો સધી ગૃહસ્થો આ બાબત ધ્યાનમાં લઇ બોર્ડને મદદ આપે તો આપણી પાઠશાળાઓને તથા વિદ્યાર્થીઓને સારી મદદ કરી શકાય. બોર્ડના ખર્ચનો આધાર તેના સભાસદોના લવાજમ ઉપર તથા શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સુકૃત ભંડાર ફંડ ઉપર છે કે જે ફંડમાંથી અડધી રકમ બોર્ડને મલે છે. દરેક બંધુઓને આ સંસ્થાના સભાસદ થવા વિનંતિ છે.

અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી.

ગતાંક પૃ. ૪૩૭ થી ચાલુ.

આગમ-જિનધર્મ-ક્રિયા-રૂચિ:—

૩૮. પોતાને વર્ત્તમાન આગમ, અને જિનધર્મ પર અનન્ય પ્રતીતિ હતી:–અને સામાચારી ખરતરગચ્છની રાખતા હતા:—

વર્ત્તમાનકાલ સ્થિત આગમ સકલ વિત્ત,
જગમેં પ્રધાન જ્ઞાનવાન સબ કહૈ હૈ,
જિનવર ધર્મપરિ નકી પરતીતિ સ્થિર,
ઔર મત વાત ચિત્તમાંહિ નાહિ ગહૈ હૈ,
જિનદત્ત સૂરિવર કહી જો ક્રિયા પ્રવર,
ખરતર ખરતર શુદ્ધ રીતિ વહૈ હૈ,
પુણ્યકે પ્રધાન ધ્યાન સાગર સુમતિહી કે,
સાધુરંગ સાધુરંગ રાજસાર વહૈ હૈ

તેઓ સમ્યગ્દૃષ્ટિ શ્રુતધર્મપ્રેમી હતા.

૩૯. 'મન મહિલાનું વ્હાલા ઉપરે બીજું કામ કરંતરે,
તેમ શ્રુતધર્મે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે,
—યશોવિજયજી આઠ દૃષ્ટિ સઝાય.

—'ઘર સંબંધી બીજાં સમસ્ત કાર્ય કરતાં છતાં પણ જેમ પતિવ્રતા (મહીલા શબ્દનો અર્થ) સ્ત્રીનું મન પોતાના પ્રિય એવા ભર્ત્તારને વિષે લીન છે, તેમ સમ્યગ્દૃષ્ટિ એવા જીવનું ચિત્ત સંસારમાં રહી સમસ્ત કાર્ય પ્રસંગે વર્ત્તવું પડતાં છતાં જ્ઞાની સંબંધી શ્રવણ કર્યો છે એવો જે ઉપદેશધર્મ તેને વિષે લીનપણે વર્ત્તે છે.

—'વિક્ષેપ રહિત એવું જેનું વિચારજ્ઞાન થયું છે, એવો આત્મકલ્યાણની ઇચ્છાવાળો પુરૂષ (જ્ઞાનાક્ષેપકવંત) હોય તે, જ્ઞાની મુખેથી શ્રવણ થયો છે એવો જે આત્મકલ્યારૂપ ધર્મ તેને વિષે નિશ્ચળ પરિણામે મનને ધારણ કરે.

'અથવા—તે પુરૂષથી પ્રાપ્ત થયેલી એવી આત્મપ્રતિપાદક ભાષા તેમાં આક્ષેપક થયું છે વિચારજ્ઞાન જેનું એવો પુરૂષ (જ્ઞાનાક્ષેપકવંત), તે આત્મકલ્યાણનો અર્થ તે પુરૂષ જાણી, તે શ્રુત (શ્રવણ) ધર્મમાં મન (આત્મા) ધારણ-તે રૂપે પરિણામ-કરે છે. તે પરિણામ કેવું કરવા યોગ્ય છે? તે દૃષ્ટાંત-મન મહિલાનું વહાલા ઉપરે, બીજાં કામ કરંતરે-આપી સમર્થન કર્યું છે. ઘટે છે તો એમ કે પુરૂષપ્રત્યે સ્ત્રીનો જે કામ્ય પ્રેમ તે સંસારના બીજા ભાવોની અપેક્ષાએ શિરોમણિ છે, તથાપિ તે પ્રેમથી અનંતગુણવિશિષ્ટ એવો પ્રેમ સત્પુરૂષ પ્રત્યેથી પ્રાપ્ત થયો જે આત્મારૂપ શ્રુતધર્મ તેને વિષે યોગ્ય છે." આનું નામ સમ્યગ્દૃષ્ટિ.

૪૦. સમ્યકત્વપર એક સુંદર સ્વાધ્યાય પોતે રચી છે તેમાં દેવચંદ્રજીએ સ્પષ્ટ જણાવ્યું છે કે સમ્યગ્દર્શન વગરની સર્વ ક્રિયાઓ ભવભ્રમણરૂપ છે.

સમકિત નવિ લહું રે, એતો રૂલ્યો ચતુર્ગતિ માંહિ.
ત્રસ થાવરકી કરૂણા કીની, જીવ ન એક વિરાધ્યો
તીન કાળ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો–સમકિત૦
ન્હઠ બોલવાકો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી,
વ્યવહારાદિક મહાનિપુણ ભયો, પણ અંતરદૃષ્ટિ ન
જાગી–સમકિત૦
ઊર્ધ્વ બાહુ કરી ઉંધો લટકે, ભસ્મ લગા ધુમ ધટકે,
જટા ન્હૂહ શિર મુંડે ન્હૂહો, વિણ શ્રદ્ધા ભવ ભટકે–સમકિત૦
નિજ પરનારી ત્યાગજ કરકે, બ્રહ્મચારી વ્રત લીનો,
સ્વર્ગાદિક યાકો ફળ પામી, નિજ કારજ નવિ સીધ્યો–સમકિત.
બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્યલિંગ ધર લીનો,
દેવચંદ્ર કહે યાવિધ તો હમ, બહુતવાર કર લીનો–સમકિત૦

૨–૧૦૩૧

તત્કાલીન સ્થિતિ

૪૧. આ છતાં ગચ્છનું મમત્વ પોતાને હતું નહિ. પોતાના કાળમાં ગચ્છ ઘણા વધી પડયા હતા એથી આનંદઘનજીને જેમ કહેવું પડયું હતું કે:—

(૧) "ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં
તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદરભરણાદિ નિજ કાર્ય કરતા થકા,
મોહ નડીયા કલિકાલ રાજે
ધાર૦—અનંતનાથ સ્ત૦

(૨) "ધરમ ધરમ કરતો જગ સહુ ફરે,
ધર્મનો જાણે ન મર્મ
જિનેશ્વર૦–ધર્મજિન સ્ત૦

(૩) "શ્રુત અનુસાર વિચારી બોલું,
સુગુરૂ તથાવિધિ ન મિલે રે,
કિરિયા કરી નવિ સાધી શકીયે,
એ વિષવાદ ચિત્ત સધળે રે
ષડ્–નમિનાથ સ્ત૦

૪૨. તેમજ દેવચંદ્રજીને ઉચ્ચારવું પડયું હતું કે:–

(૧) 'દ્રવ્યક્રિયારૂચિ જીવડા રે, ભાવધર્મરૂચિ હીન,
ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન–ચંદ્રાનન જિન.
તત્ત્વાગમ જાણંગ તજી રે, બહુજનસંમત જેહ,
મૂઢ હઠી જન આદર્યા રે, સુગુરૂ કહાવે તેહ રે–ચં૦
આણા સાધ્યવિના ક્રિયા રે, લોકે માન્યોરે ધર્મ,
દંસણ નાણ ચરિત્તનો રે, મૂલ ન જાણ્યો મર્મરે—ચં૦
ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ,
આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ રે—ચં૦
તત્ત્વરસિક જન થોડલા રે, બહુલો જન સંવાદ,
જાણો છો જિનરાજજી રે, સઘલો એહ વિવાદરે—ચં૦
ચંદ્રાનનજિન સ્ત૦ ભા. ૨. પૃ. ૭૯૮

(૨) નામ–જૈન જન બહુત છે, તિણથી સિદ્ધ ન કાંય,
સમ્યગ્જ્ઞાની શુદ્ધ મતિ, ભવજૈન શિવરાય.
ભા ૧ લો પૃ. ૫૭૭

(૩) 'આજ કેટલાક જ્ઞાનહીન ક્રિયાનો આડંબર દેખાડે છે તે ઠગ છે, તેહના સંગ કરવા નહી. એ બાહ્ય કરણી અભવ્ય જીવને પણ આવે માટે એ બાહ્ય કરણી ઉપર રાચવું નહી અને આત્માનું સ્વરૂપ ઓલખ્યા વિના સામાયક પડિકમણાં પચ્ચખાણ કરવાં તે દ્રવ્ય નિક્ષેપામાં પુણ્યાસ્રવ છે પણ સંવર નથી.'

'જે ક્રિયાલોપી આચારહીન અને જ્ઞાનહીન છે, માત્ર ગચ્છની લાજે સિદ્ધાન્ત ભણે વાંચે છે, વ્રત પચ્ચખાણ કરે છે તે પણ દ્રવ્ય નિક્ષેપો જાણવો.

'જેને છકાયની દયા નથી, ઘોડાની પેરે ઉન્મત્ત છે, હાથીને પેઠે નિરંકુંશ છે, **પોતાના શરીરને ધોવતાં મસલતા ઉજલે કપડે શિણગાર કરી ગચ્છના મમત્વભાવે** માચતા સ્વેચ્છાચારી વીતરાગની આજ્ઞા ભાંજતા જે તપ ક્રિયા કરે છે તે પણ **દ્રવ્યનિક્ષેપમાં છે.**

'અથવા જ્યોતિષ વૈદ્યક કરે છે અને પોતાને આચાર્ય ઉપાધ્યાય કહેવરાવીને લોક પાસે મહિમા કરે છે (કરાવે છે) તે પત્રીબંધ ખોટા રૂપૈયા જેવા છે. ઘણા ભવ ભમશે માટે અવંદનીક છે.

'કેટલાક એમ કહે છે જે અમે સૂત્ર ઉપર અર્થ કરિયે છૈયે તો નિર્યુક્તિ તથા ટીકા પ્રમુખનું શું કામ છે તે પણ મૃષાવાદ છે.

—૩૦ વર્ષનીવયે લખેલ આગમસારમાંથી (૧–પૃ. ૨૩ થી ૨૫)

૪૩ શ્રીમદ્ યશોવિજયજીએ પોતાના સમયની સ્થિતિ પોતાના સીમંધર સ્વામીપરના ૩૫૦ ગાથાના સ્તવનમાં આબેહુબ આલેખી છે, તેમજ અન્ય કૃતિઓમાં પણ તેનું પ્રતિબિંબ પાડયું છે તે વિચારી ઘણું ઘણું સમજવાનું રહે છે, પણ તે અહીં વિસ્તારભયથી સમજાવવાનું કાર્ય હું વ્હોરી લઇ શકતો નથી.

૪૪. જિનરાજસૂરિ કે જે સં. ૧૬૯૯ માં સ્વર્ગસ્થ થયા તેમણે પણ ચંદ્રાનન જિનસ્તવનમાં નીચે પ્રમાણે જણાવ્યું છે:—

'સામાચારી નૂજુઇરે, આવે મન સંદેહ
શી શી ચાકરી સાધુરે, સબળ વિમાસણ એહરે
ચંદ્રાનન જિન ! કીજે કવણ પ્રકારરે
ઈણ દુઃષમ આરે, મેં લાધ્યો અવતારરે—
આગમ બળ તેહવો નહીરે, સંશય પડે સદીવ,
સૂધી સમજ ન કો પડેરે, ભારીકરમી જીવરે—
દૃષ્ટિરાગ-રાતા અછેરે, કેહને પૂછુંરે જઇ,
આપણપો થાપે સહુરે; તિણ મેં મન ડોલાયરે—

૪૫. વિજયદેવસૂરિના શિષ્ય સંતોષવિજય સીમંધર સ્વામીના સ્તવનમાં જણાવે છે કેઃ—

ગાડરીઓ પરિવાર મિલ્યો રે, ધણા કરે તે ખાસ,
પરીક્ષાવંત થોડા હૂઆરે, શ્રદ્ધાનો વિસવાસ રે-સ્વામી૦
ધરમીની હાંસી કરે રે, પક્ષ વિહૂણો સિદાય,
લોભ ઘણો જગે વ્યાપીયોરે, તેણે સાચો નવિ થાયરે-સ્વામી
સામાચારી જુજુઈ રે, સહૂ કહે મારો ધર્મ,
ખોટો ખરો કેમ જણીયે રે, તે કુણ ભાંજે ભરમરે-સ્વામી.

-શ્રી ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિસંગ્રહ. ૩—૪૨૮.

૪૬. આથી પોતાના હૃદયના ઉદ્‌ગાર દેવચંદ્રજી કાઢે છે કેઃ—

ભાવ ચરણ સ્થાનક ફરસ્યા વિના ન હુવે સંયમધર્મ,
તે શ્યાને નૂહ તે ઉચ્ચરે, જે જાણે પ્રવચનમર્મ-સુગુણનર.
યશ લાભે નિજ સમ્મત થાપતા, [17]જનરંજન કાજ,
જ્ઞાનક્રિયા દ્રવ્યત વિધિ સાચવે, તેહ નહિ મુનિરાજ-સગુણ૦
બાહ્યદયા એકાંતે ઉપદિશે, શ્રુત આમ્નાય વિહીણ,
બગ પેરે ઠગતા મૂરખ લોકને, બહુ ભમસે તેહ દીન-સગુણ૦

અધ્યાતમપરિણતિ સાધન ગ્રહી, ઉચિત વહે આચાર,
જિન આણા અવિરાધક પુરૂષ જે, ધન્ય તેહનો અવતાર-સગુણ

પછી ક્રિયા સંબંધી સાથેને સાથે કહે છે કેઃ—

દ્રવ્યક્રિયા નૈમિત્તિક હેતુ છે, ભાવધર્મ લયલીન,
[18]નિરૂપાધિકતા જે નિજ અંશની, માને લાભ નવીન-સુ. નર૦
પરિણતિ દોષ ભણી જે નિંદતા, કહેતા પરિણતિ ધર્મ,
યોગ ગ્રંથના ભાવ પ્રકાશતા, તેહ વિદારે હો કર્મ—
અલ્પક્રિયા પણ ઉપકારીપણે, જ્ઞાનિ સાથે હો સિદ્ધ,
દેવચંદ્ર સુવિહિત મુનિવૃંદને, પ્રણમ્યાં સયલ સમૃદ્ધિ—

—અષ્ટપ્રવચન માતા સ્વાધ્યાય ૨-૧૦૧૮.

ગચ્છગુફાના ત્યાગ-વનવાસ પ્રત્યે ભાવ.

૪૭. પોતે ગચ્છમાં રહેવા છતાં પોતાનું હૃદય, જે ધન્ય મુનિવરો ગૃહનો ત્યાગ કરી સ્નેહને છેદી નિઃસંગ વનવાસ સેવે, તપશ્ચર્યા આદરે અને તેમાં અભિગ્રહો લીધાંજ કરે, જે ધન્ય મુનીંદ્રો ગચ્છ-ગુફા આદિ આશ્રય તજી જિનકલ્પ આદરી અકંદી થઇ પરિહારવિશુદ્ધિ તપ તપે તેઓશ્રીને અભિનંદતું—વંદતું;

ધન્ય ! તેહ જે ધન ગૃહ તજી, તનસ્નેહનો કરી છેહ,
નિઃસંગ વનવાસે વસે, તપધારી હો તે અભિગ્રહ ગેહ-ભવિયણ
ધન્ય તેહ ગચ્છ-ગુફા તજી, જિનકલ્પ ભાવ અકંદ,
પરિહારવિશુદ્ધિ તપ તપે, તે વંદે હો દેવચંદ્ર મુનીંદ-ભવિ૦

અને તે તરફ આકર્ષાતું:—

સાધુ ભણી ગૃહવાસનીરે, છુટી મમતા તેહ,
તોપણ ગચ્છવાસીપણેરે, ગણ ગુરૂપર છે નેહ રે—
વનમૃગની પરે તેહથી રે, છાંડી સકલ પ્રતિબંધ
તું એકાકિ અનાદિનો રે, કિણથી તુજ પ્રતિબંધ રે.

૪૮ પણ આ પંચમકાલમાં શ્રુતબલ ઘટયું છે, ત્યાં શ્રુતજ આધાર છે.

'પંચમકાલે શ્રુતબલ પણ ઘટયો રે, તો પણ એ આધાર,
દેવચંદ્ર જિન મતનો તત્ત્વ એ રે, શ્રુતસ્યું ધરજ્યો પ્યાર-શ્રુત.

૧૭-સરખાવો યશોવિજયજી

લોકપંતિ કિરિયાં કરેરે, મન મેલે અજ્ઞાણ રે
ભવદચ્છનારા જોરથી રે, વિણ શિવ સુખ વિન્નાણ રે-પ્રભુ તુજ વાણી મીઠડી
કામ કુંભ સમ ધર્મનું રે, મૂલ કરી એમ તુચ્છ રે,
જનરંજન કેવલ લહે રે, ન લહે શિવતરૂ ગુચ્છ રે-પ્રભુ૦
× × × —૩૫૦ ગાથાનું સીમંધર સ્ત૦ ઢાલ ૧૦

કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે,
દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એહ જગશૂલ રે-૫
વિષયર સમાં ગૃહી માચિયા નાચિયા કુગુરૂ મદપૂર રે,
ધૂમધામે ધમાધમ ચલી. જ્ઞાનમારગ રહ્યો દૂર રે-૭
(૧૨૫ ગાથાનું સીમંધર સ્ત૦)

૧૮—"સરખાવો યશોવિજયજીનું નીચેનું કથન કે જે દેવચંદ્રજીએ સુમતિજિન સ્ત૦ ના બાલાવબોધમાં અવતાર્યું છેઃ—

જે જે અંશે નિરૂપાધિકપણું, તે તે કહીયે રે ધર્મ,
સમ્યગ્દૃષ્ટિ રે ગુણ ઠાણા થકી, જાવ લહે શિવ શર્મ."

૪૯ એ સ્વીકારી, આ પંચમકાલે ૧૯એકાકી-પણું-જિનકલ્પ-વ્યવહાર,-વનવાસ દુર્ધર અને ખાંડાની ધારરૂપ અશકય છે ત્યાં ગચ્છમાં રહી એ શ્રુતભાવના સાથે અન્ય ચાર નામે તપભાવના, સત્ત્વભાવના, એકતાભાવના અને સુતત્ત્વભાવના ભાવવી એ હિતકર છે:—

શ્રુતભાવના મન થિર કરે, ટાલે ભવનો ખેદ,
તપભાવના કાયા દમે, વામે વેદ ઉમેદ.
સત્ત્વભાવ નિર્ભય દશા, નિજ લઘુતા ઇક ભાવ,
તત્ત્વભાવના આતમગુણ, સિદ્ધ સાધના દાવ.

ટૂંકામાં કહેવાનું કે:—

પરસંજોગથી બંધ છે રે, પરવિયોગથી મોક્ષ,
તેણે તજી પર-મેલાવડોરે, એકપણો નિજ પોષ રે.

અન્ય ગચ્છના પ્રત્યે સમભાવ. (૧) યશોવિજયજી.

૫૦ શ્રીમદ્ યશોવિજયજી તપગચ્છના હતા-તેઓ સં. ૧૭૪૩ માં સ્વર્ગસ્થ થયા[૨૦] તે પછી દેવચંદ્રજી બે વર્ષમાં જન્મ્યા; તેમણે યશોવિજયજીના ગ્રંથોનો બહુ પ્રેમથી અભ્યાસ કર્યો હતો, અને તેમનાપર અતિશય પૂજ્યભાવ રાખતા હતા. એક સ્થળે પોતાના માટેજ જાણે પોતે કહેતાજ હોય નહિ તેમ 'મોહવિલાસ કથન' ટાંકતાં તેમાં યશોવિજયજીકૃત 'અધ્યાત્મસાર' ગ્રંથને સાંભળી તેનો રસ લઇ પોતે પોતાનું શુદ્ધ તત્ત્વ ગ્રહણ કર્યું છે એ પ્રમાણે વ્રજભાષામાં જણાવે છે:—

લહ્યો તે આરિજકુલ ગુરુકો સંજોગ વલિ,
પૂરવકે પુણ્યબલ એસો જોગ લહ્યો હે
અધ્યાતમ ગ્રંથ સાર સુણો કાન ધરી પ્યાર,
પીયો તાકો રસ નિજ તત્ત્વ શુદ્ધ ગ્રહ્યો હે,
તૌભિ યહ તેરો જીવ ચાહત વિશેષ દીવ,
ભોગકી મમત્વતાસોં માચિરાચિ રહ્યો હે,
જગકો જીવનહાર એતો સબ મોહભાર,
મોહકી મરોરમેં જગત લહલહ્યો હે.

-દ્રવ્યપ્રકાશ. ૨-૪૮૨.

[આ અધ્યાત્મસારને ઉલ્લેખી તિયારરત્નસારમાં ૨૦૦ મા પ્રશ્નોત્તર રૂપે પોતે કહે છે કે 'અધ્યાત્મસાર ગ્રન્થમાં ત્રણ પ્રકારના જીવ કહ્યા છે તે કયા ?—ભવાભિનંદી તે મિથ્યાદૃષ્ટિ ૧, બીજો પુદ્ગલાનંદી તે ચોથા પાંચમા ગુણ ઠાણાવાળા સમ્યગ્ દૃષ્ટિ ૨, આત્માનંદી તે મુનિ. ૩. જુઓ ૧-૮૬૧.]

૫૧ યશોવિજયજીકૃત જ્ઞાનસાર—અષ્ટકજી પર પોતે સંસ્કૃત ટીકા નામે જ્ઞાનમંજરી (તત્વબોધિની) સં. ૧૭૯૬ ના કાર્તિક સુદ ૫ ને દિને નવાનગરમાં (સૌરાષ્ટ્રના) કરી છે તે વાત યશોવિજય પર પોતે આફરીન હતા એમ સૂચવે છે. તેમાં યશોવિજયજી માટે તેમણે જે વિશેષણો આપ્યાં છે તે ખાસ નોંધવા લાયક છે:—તથા શ્રીમદર્હતા સિદ્ધપરમાત્મના ક્ષાયિકોપયોગવતા ન્યાયસરસ્વતીબિરુદધરેણ શ્રીમદ્યશોવિજયોપાધ્યાયેન ' (પ્રથમ શ્લોકની ટીકા. ૧-૧૯૦) -આમાં હું ભૂલતો ન હોઉ તો તેમને અર્હત્ અને સિદ્ધ પરમાત્મા પણ કહી નાંખ્યા છે અને ક્ષાયિકોપયોગવાળા જણાવ્યા છે એટલે કે આત્માની ઉંચામાં ઉંચી દશાવાળા જણાવ્યા છે. [પ્રથમનાં વિશેષણો પાસે ચ એટલે અને કે વા એટલે અથવા એવો શબ્દ કદાચ રહી ગયો હોય તો પ્રભુ જાણે; ને જો તેમ હોય તો અર્હત્ અને સિદ્ધ પરમાત્મા એ જુદા રહી એક બાજુ સ્વતંત્ર ગણાય; છતાં આટલું તો ચોક્કસ છે કે દેવચંદ્રજી યશોવિજયજીમાં ક્ષાયિક ઉપયોગ હોવાનું સ્વીકારતા હતા.] એ ઉપરાંત તેજ ગ્રંથના છેવટના શ્લોક ઉપર તેમને માટે પોતે જણાવે છે કે 'શ્રીમદ્ યશોવિજયોપાધ્યાયાः ન્યાયાચાર્યો વાગ્વાદિનો લબ્ધવરા દુર્વાદિમદાભ્રપટલખંડનપવનોપમાः'-તે ન્યાયાચાર્ય-ન્યાયસરસ્વતી બિરુદ ધરાવનારા વાગ્વાદી, વર જેણે (સરસ્વતી પાસેથી) પ્રાપ્ત કર્યો છે એવા, અને દુર્વાદીના મદરૂપી આકાશનાં પડોને તોડી નાંખનારા પવનની ઉપમાવાળા-પવન સરખા

---

૧૯ યશોવિજયજી કહે છે કે:—
' કારણથી એકાકીપણું, પણ ભાખ્યું તાસ,
વિષમકાલમાં તો પણ, રૂડો ભેલો વાસ '
-૩૫૦ ગાથાનું સીમંધર સ્ત૦ ઢાલ ૭ કડી ૧૦.

૨૦. આ વાત યશોવિજયજી ભાસ એ નામની કૃતિ મળી આવી છે તે પરથી નિશ્ચિત થઈ છે. ડભોઇમાં તેમની પાદુકાની પ્રતિષ્ઠા થઇ છે તે પર લેખ ' સં. ૧૭૪૫ શકે ૧૬૧૦ માગશિર શુદ ૧૧ એકાદશીનો છે તે પ્રતિષ્ઠામિતિ અને સ્વર્ગતિથિ બંને ભિન્ન છે અને સ્વર્ગગમન સં. ૧૭૪૩ માં થયેલુ ને પછી પાદુકાપ્રતિષ્ઠા સં. ૧૭૪૫ માં થઈ એ વાત નિશ્ચિત ઠરે છે.

હતા–આ શબ્દો કહી યશોવિજયજી એક મહાન્ તાર્કિક હતા એ નિર્વિવાદ વાત પોતે સ્વીકારી છે. (૧-૪૨૦) વળી ૧-૪૦૪ પર 'તેમને પરમ રહસ્યજ્ઞાતા શ્રીમદ્ યશોવિજયોપાધ્યાય' એ તરીકે, ૧ ૪૧૨-૫૨ 'શ્રીમત્પાઠકેંદ્રઃ' તરીકે સંબોધેલ છે. તેમના અધ્યાત્મસાર ઉપરાંત સંસ્કૃત ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. (પ્રતિમાશતક ૧-૯૪૩, ઉપદેશ રહસ્ય ૨-૧૦૬૯ નયરહસ્ય ૨-૧૦૭૭.)

૫૨. વિશેષમાં યશોવિજયજીની ભાષા-કાવ્યકૃતિમાંનાં પણ ઉત્તમ કથનો પોતાના વિષયની પુષ્ટિમાં ટાંકયાં છે. જુઓઃ—(૧) વિચારરત્નસારનો ૭૬ મો પ્રશ્નોત્તર (૧-૭૮૫)

" પ્રશ્ન—સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, તથા સર્વવિરતિ મહાત્માઓ સમ્યગ્દર્શન વડે આત્માનો અનુભવ કેવી રીતે કરે ?

ઉત્તર—જેમ વસ્તુ વિચારતાં, ધ્યાન ધરતાં મન વિશ્રામ પામે છે, રસસ્વાદ સુખ ઉપજે છે, પરિણામ ઠરે છે, તે અનુભવ પ્રત્યક્ષ જાણવું, જેમ સાકરના એક ગાંગડાને ચાખી જોતાં હજાર મણ સાકરનો અનુભવ થાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ અંશે આત્માને વળી કેવળી સદૃશ પ્રત્યક્ષ અનુભવે. તેથીજ કહ્યું છે જેઃ—

અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્ગલ (જલ) તમાસીરે,
ચિદાનંદ ઘન સુજસ વિલાસી, કેમ હોય જગનો આસીરે.
એ ગુણ વીરતણો ન વિસારું, સંભારું દિનરાતરે,
પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાતરે.—૧

(આઠદૃષ્ટિ સ્વાધ્યાય-ઢાલ ૫ મી)

૮૧ મા પ્રશ્નોત્તરમાંજ જણાવ્યું છે કેઃ— (૧-૭૯૦)

'આત્મદર્શન જેણે કર્યું 'તેણે મુંઘો ભવભયકૂપરે' એમ શ્રી યશોવિજયજીએ પણ કહ્યું છે.' આની સાથે ને સાથે જણાવ્યું છે કે 'તથા' પ્રવચન-અંજન જો સદ્ગુરૂ કરે, તો દેખે પરમ નિધાન જિનેશ્વર 'એવું શ્રી લાભાનંદજીએ પણ કહ્યું છે.'—આ પરથી તે લાભાનંદજી તેજ આપણા આનંદઘનજી સિદ્ધ થાય છે.

(૨) ૪૦ ના દ્રવ્ય ગુણપર્યાયના રાસનો ઉલ્લેખ ૨-૬૦૮ અને ૨-૬૯૩ માં કર્યો છે.

" હવે ભેદ ગુણના ભાંખીજે, તિહાં અસ્તિકતા લહિયેંજી '—એ પાઠમાં દ્રવ્ય ગુણપર્યાયના રાસમાં યશોવિજયજી ઉપાધ્યાયે પણ આસ્તિકના ધર્મને ગુણ કહી બોલાવ્યો છે." (સુપાર્શ્વજિન સ્ત૦ પર બાલા૦)

" (વસ્તુના) એ સ્વભાવ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી સ્વકૃત દ્રવ્યગુણપર્યાયના રાસ મધ્યે સમર્થ્યા છે. તિહાંથી જોઇ લેવા. (ધર્મજિન સ્ત૦ પર બાલા૦)

(૩) આઠ દૃષ્ટિ સ્વાધ્યાય યશોવિજયજીની છે તેમાંથી નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે:—

" ત્યારે શુદ્ધાત્મોપયોગ અવસ્થાનરૂપ નિર્મળ જ્ઞાનદશાની પરમ શીતલ શાંત સુગંધિની અનુભવ લહેરીઓનું આત્મા આસ્વાદન કરે, તે સુખ આપણે પૌદ્ગલિક સુખના ભીખારીઓ શું જાણીએ. કહ્યું છે જેઃ—

' સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ;
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કોણ કહીએરે
—ભવિકા વીર વચન ચિત્ત ધરીએ.

નાગર સુખ પામર નવી જાણે. વલ્લભ સુખ ન કુમારી,
અનુભવ વિણ તેમ ધ્યાન તણું સુખ, કોણ જાણે નરનારીરે–ભ.
વિષયભોગક્ષય શાંતવાહિતા, શિવ મારગ ધ્રુવ નામ,
કહે અસંગ ક્રિયા ઈહાં યોગી, વિમલ સુજસ પરિણામરે–ભ.૩

(૧-૮૮૪)

(૪) પંચમ સુમતિ સ્ત૦ માં ટાંકે છે કે (૨-૫૯૪)

'બાકી સર્વ સંસારી જીવ, સત્તાયેં પરમગુણી છે, પણ જેના ગુણ પ્રગટ થયા તે પૂજ્ય જાણવા. માટે શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે કહ્યું છે—ગાથા

' જે જે અંશેરે નિરૂપાધિકપણું, તે તે કહિયેંરે (જાણોરે)ધર્મ,
સમ્યગ્દૃષ્ટિરે ગુણઠાણા થકી, જાવ લહે શિવ શર્મ.
(જુઓ સીમંધર સ્ત. ૧૫૨ ગાથાનું ઢાલ ૨ કડી ૨૦)

૫૩. (૨) આનંદઘનજી. આનું મૂળ નામ લાભાનંદજી હતું એ ચોક્કસ દેવચંદ્રજીના ઉપર જણાવેલ અને ઉલ્લેખેલ કથનથી પ્રતીત થાય છે. તેમનો બીજો ઉલ્લેખ ૧-૮૧૧ માં વિચારરત્નસારના ૧૧૪ મા પ્રશ્નોત્તરમાં આ પ્રમાણે કર્યો છેઃ—

" પ્રશ્ન-સાપેક્ષ અને નિરપેક્ષ તે કેવી રીતે ?

ઉત્તર—સાપેક્ષ એટલે અપેક્ષા સહિત એટલે કાર્ય પડે ત્યારે કદાચ પ્રસંગને લઇને તાડના તર્જનાદિ કરવું પડે તો પણ તે અંતરથી કે બહારથી નિર્દયપણે, અવિચારી રીતિ ન કરે, જીવને કોઇ વ્યથા ન ઉપજે તેની સંભાળ રાખીને કામ જેટલો આક્રોશાદિ હોય તે કરે, અને તેથી વિપરીતપણે નિર્દય રીતે નિષ્કારણ ગમે તેમ માઠું બોલે તથા કરે તે નિરપેક્ષ વ્યવહાર જાણવો; વળી ધર્મને વિષે સાપેક્ષ એટલે વસ્તુસ્વરૂપની અપેક્ષા રાખીને ઉત્સર્ગને તથા નિશ્ચયને પામવા માટે જે અપવાદ કે વ્યવહારનું

સેવન કરવું તે, અને તે થકી રહિત એકાંત વ્યવહાર પ્રવૃત્તિ અવિવેકે આચરે તે નિરપેક્ષ જૂઠો વ્યવહાર જાણવો, અને જ્યાં વ્યવહાર જૂઠો છે, ત્યાં ધર્મ તો હોયજ ક્યાંથી. કહ્યું છે જે:—

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફલ,
સાંભળી આદરી કાંઈ રાચો.'

(આનંદઘનનું અનંતનાથ સ્ત૦)

૫૪. આમ આનંદઘનજી અને યશોવિજયજી પૂજ્ય મહાપુરૂષ ગણી તેમનાં અવતરણો લીધાં છે. વળી તપગચ્છના જયસોમ (૭એ કર્મ ગ્રંથના સં. ૧૭૧૬ માં બાલાવબોધ કર્ત્તા) નો ઉલ્લેખ પણ કર્યો છે (૧-૯૫૬); સ્વગચ્છ ખરતરના શ્રીસાર મુનિની આણંદ શ્રાવક સંધિમાંથી અવતરણ લીધું છે. (૧-૮૭૦, વિચારરત્નસાર પ્રશ્નોત્તર નં. ૨૨૪) અને સમયસુંદરની કલ્પટીકામાંથી અવતરણ લીધું છે (૧-૯૬૧). પુણ્યરૂચિ શિષ્ય આણંદરૂચિની એક ટૂંકી કૃતિ પણ ઉતારી છે (૧-૮૦૩) અને પૌર્ણમિક ગચ્છના ભાવપ્રભસૂરિનો પોતાના સહસ્ત્રકૂટ સ્તવનમાં ઉલ્લેખ કર્યો છે (૨-૯૨૪). કટુકમતિ કે જેઓ ખરા સાધુની આ કાલમાં વિદ્યમાનતા માનતા નથી તેઓના મંતવ્યોનો ઉત્તર મંડનશૈલીમાં પ્રમાણપૂર્વક આપેલ છે (૧-૯૩૭). અને અમૂર્તિપૂજક એવા ઢૂંઢીઆ-સ્થાનકવાસીઓના મંતવ્યના ઉત્તરરૂપ પ્રતિમાપુષ્પપૂજાસિદ્ધિ નામનો ગદ્યલેખ તેજ પ્રમાણે લખેલ છે. કટુકમતિના પ્રશ્નનો ઉત્તર પણ આપેલ છે (૧-૯૬૧) અંચળગચ્છનાયકના કથનનો ઉલ્લેખ પણ કરેલ છે (૧-૮૦૧).

દિગંબરગ્રંથોઃ—

૫૫. દિગંબર ગ્રંથોમાં મુખ્યત્વે નિશ્ચય ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, અને તેમનામાં થયેલા સમર્થ પુરૂષોના ગ્રંથોનાં પ્રમાણ પણ કેટલેક સ્થળે જોવામાં આવે છે તે પરથી તે તે ગ્રંથોનો અભ્યાસ પણ તેમણે કર્યો હોવો જોઇએ એ નક્કી થાય છે, દાખલા તરીકે જુઓ સમંતભદ્ર, દેવનંદી અને જિનસેનનો ધ્યાનદિપીકામાં ઉલ્લેખઃ—

'સમંતભદ્રાદિક કવિની વાણિ, દીપંતી પ્રભવે સુપ્રમાણિ,
તિહાં જ્ઞાનલવધર જન કહે, ખજુઆ પરિ હાસો તે લહે. ૧૧
ત્રિવિધ કલંક જિનવાણી તણો, નાસક દેવનંદીથે થુણ્યો,
જયવંતો જિનસેન વચન, જાણે જોગી જિણ નિજ ધન. ૧૨
શ્રી જિનવાણી પવિત્રિત મતી, અનેકાંત નભ સસિ દીધિતિ,
ભવિ કલેસપીડિત આતમા, જોગી પથ ધરૂં ચિત્તમાં. ૧૩

૫૬. આ ૨૦ વર્ષની વયે રચેલ ધ્યાનદીપિકા ચતુષ્પદીમાં આદિભાગમાં આપેલ છે (૧-૪૫૪) અને તે ચતુષ્પદી પણ દિગંબરાચાર્ય શુભચંદ્રના સંસ્કૃત ગ્રંથ જ્ઞાનાર્ણવ[૨૧] માંથી ભાષામાં કરેલો ભાવાનુવાદ છે.

'પ્રસન્ન હૃદય જોગી તણો એ, ભાવના કરે ઉદાર,
શુભચંદ્રાચારિજ કહ્યો એ, ભાવનાનો અધિકાર. (૧-૪૫૯)
× × × ×
પંડિતજનમનસાગર ઠાણી, પૂરણચંદ્ર સમાન જી,
શુભચંદ્રાચારિજની વાણી, જ્ઞાની જન મન ભાણી જી.
ભવિક જીવ હિતકરણી ધરણી, પૂર્વાચારિજ વરણિ જી,
ગ્રંથ જ્ઞાનાર્ણવ મોહક તરણી, ભવસમુદ્ર જલ તરણી જી.
સંસ્કૃત વાણી પંડિત જાણે, સરવ જીવ સુખદાણી જી,
જ્ઞાતાજનને હિતકર જાણી, ભાષારૂપ વખાણી જી.

(૧—૫૭૭ અને ૫૭૮)

૫૭. બીજા ગ્રંથોના ઉલ્લેખ માટે જુઓ ૨૨પ્રવચનસાર (૧-૩૯૨ જ્ઞાનમંજરી ટીકામાં; તથા ૧-૮૮૪ વિચારરત્નસાર પ્રશ્નોત્તર નં. ૨૪૩), ગોમટ્ટસાર (૧-૯૬૧), આપ્તમીમાંસા (૨-૬૬૮ વાસુપૂજ્ય સ્ત. પર બાલા૦), પંચાસ્તિકાય (૨-૭૬૧ નેમિનાથ સ્ત. પર બાલા.)

જૈનેતર ગ્રંથોઃ—

૫૮. દાર્શનિક અને યોગપરના ગ્રંથો દેવચંદ્રજીએ જરૂર વિલોકયા છે. યોગસૂત્રકાર પતંજલિને 'મહાત્મા' કહી બોલાવ્યા છે, જુઓ જ્ઞાનમંજરીટીકા (૫-૨૨૬).

વિશાલ વાચન અને મનનઃ—

૫૯. દેવચંદ્રજીની સર્વ કૃતિઓ તપાસતાં તે

૨૧—આ ગ્રંથ શ્રી રાયચંદ્ર જૈન શાસ્ત્રમાલામાં પરમશ્રુતપ્રભાવક મંડળ, ઝવેરીબજાર મુંબાઇ તરફથી પ્રકટ થયો છે.

૨૨ પ્રવચનસાર, ગોમટ્ટસાર, આપ્તમીમાંસા, પંચાસ્તિકાય—એ સર્વ ગ્રંથો મુદ્રીત થઇ ગયા છે. પૂછો—જૈન ગ્રંથરત્ન કાર્યાલય, કાંદાવાડી મુંબઇ.

સર્વમાં પોતાના કથનની પુષ્ટિમાં ટાંકેલાં ગ્રંથોનાં પ્રમાણો એટલાં બધાં મળી આવે છે કે તેમના આવા વિપુલ વાંચન માટે સાનંદાશ્ચર્ય ઉત્પન્ન થાય છે; વળી મોટે ભાગે જે અવતરણો ટાંકે છે તે યતઃ, કહ્યું છે કે, ઇતિ ઉક્તં-એમ કહીને પણ ટાંકે છે પણ બનતાં સુધી તે તે ગ્રંથો યા કર્ત્તાનાં નામ પણ સાથે આપી ટાંકે છે. આની ટીપ કરીશું તો મોટી થાય તેમ છે. તેનાં નામ ગણાવીશું. અંગ ઉપાંગો આદિ ૪૫ સૂત્ર, તે પરના નિર્યુક્તિ ભાષ્ય ટીકા ચૂર્ણિ આદિ, સમ્મતિ સૂત્ર, સ્યાદ્વાદ-રત્નાવતારિકા, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, તત્ત્વાર્થ સૂત્ર, તત્ત્વાર્થ ટીકા, તત્ત્વાર્થ ભાષ્ય-ગંધ હસ્તિભાષ્ય, અનેકાંતજયપતાકા, હરિભદ્રસૂરિકૃત ભાવુક નામે પ્રકરણ, દ્વાદશારનયચક્ર, ભદ્રબાહુ, વાદિવેતાલ શાંતિ-સૂરિ; અધ્યાત્મબિંદુ (હર્ષવર્દ્ધન કૃત), સંવેગરંગશાલા, યશોધનપટ્ટ હરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિ સમુચ્ચય, કર્મ-પ્રકૃતિ, ધ્યાનપ્રકાશ, હરિભદ્ર પૂજ્યકૃત વિંશતિકા-દશ વૈતાલિક વૃત્તિ-ષોડશક, પંચવસ્તુ સટીક, ધર્મસંગ્રહિણી, યોગબિંદુ, પંચાશક વૃત્તિ; સિદ્ધસેન દિવાકર, હેમચંદ્રસૂરિ, ક્ષેમેંદ્ર મુનિ, સમય પ્રાભૃત, પ્રાભૃતો, ભવભાવના, યોગશાસ્ત્ર સવૃત્તિ, વીતરાગ સ્તોત્ર, વિધિપ્રપા, પ્રશમરતિ, રત્નાકરપચ્ચીશી, ઉપમિતિભવપ્રપંચા, ઉપદેશમાલા, પ્રવચનસારોદ્ધાર, કાલિકાચાર્યકૃત કાલ-સિત્તરી, તપ૦ ભાવવિજયકૃત ઉત્તરાધ્યયનટીકા, શાંતિનાથચરિત્ર, શ્રાદ્ધદિનકૃતિ, શ્રાદ્ધવિધિ, કર્મગ્રંથો, ભુવનભાનુ કેવલી ચરિત્ર, ૩૨ યોગસંગ્રહ, હીરપ્રશ્ન, કલ્પકિરણાવલિ (ધર્મસાગર ઉ. કૃત), ગુણસ્થાનક્રમારોહ ટીકા, અભયદેવસૂરિકૃત ટીકાઓ, તંદુલવેયાલી આદિ પ્રકરણ, ગણધર શાર્ધશતક સવૃત્તિ, નવપદપ્રકરણ, શ્રીપાલચરિત્ર, શત્રુંજયમાહાત્મ્ય જ્ઞાનપંચમી કથા, બૃહત્કર્મસ્તવ ભાષ્ય, સંઘદાસ ગણિકૃત વસુદેવ હીંડી, દ્રવ્યાર્ણવ સંગ્રહિણી.

લઘુતા

૬૦. આમ છતાં પણ પોતાનામાં અતિ લઘુ-ભાવ-નમ્રતા હતી. પોતે કહે છે કેઃ—

' કવિતા તણો અભિમાન નહિ, કીરતિ ઈચ્છા કોઇ નહિં,
ગ્રંથકર્ત્તા જે માહરી, કેવલ બોધન ચાહિ.
(૧-૪૫૪. ધ્યાનદીપિકા ચતુષ્પદી)

કોઉ બાલ મંદમતિ ચિત્તસોં કરે ઉક્તિ,
નભકે પ્રદેશ સબ ગનિ દેવો કરસે,
કોઉ જન છીન તન પુરાતન વયાતીત,
વચનસો કહે એસો જુદ્ધ કરો હરિસે,
ભૂચર વામન સો સકતિ વિનુ કહે એસો,
લંબી કરિ ભૂજ મેતો મેરુચૂલા પરસૌ
તૈસે મેં અલ્પબુદ્ધિ મહા વૃદ્ધ ગ્રંથ મંડ્યો
પંડિત હસેંગે નિજ જ્ઞાનકે ગહરસૌ.
(૨-૪૮૨-દ્રવ્યપ્રકાશ)

' મેં જિન આગતેં જો ઉલંઘિકે,
જો કછુ વાત વિરુદ્ધ વખાની,
સો તુમ સોધિકે ભાખહુ પંડિત,
ખંડિત જહીકી મોહ નિસાંની,
ગડો ગુનજ્ઞિ સુનકે તુમ સજ્જન,
શાસ્ત્રકો અર્થસુતત્ત્વ પિછાની,
બોધિસુબોધક ગ્રંથ ગહો બુધ
ડારિકે સંપતિ એહ વિરાની.
(૨-૫૪૨ દ્રવ્યપ્રકાશ.)

ભક્તિ

૬૧. ભક્તિતત્ત્વને જૈનમાં અચૂક સ્થાન છે. એવો કોઇ પણ મનુષ્ય સંસારમાં રહી શકતો નથી કે જે મૂર્ત્તિનો ઉપાસક ન હોય અથવા પરમાત્માની મૂર્ત્તિમાં અવલંબન લેતો ન હોય. મૂર્ત્તિદ્વારા પરમાત્માની ઉપાસના કરવામાં આવે છે. મૂર્ત્તિ પરમાત્માનું પ્રતિરૂપ છે, પ્રતિબિમ્બ છે અને તેથી તેને પ્રતિમા પણ કહેવામાં આવે છે. બુદ્ધિમાન લોક તેમાં પરમાત્માનું દર્શન અથવા તેની મદદથી પોતાના આત્માનો અનુભવ કર્યા કરે છે. પરમાત્માની સ્તુતિ આદિ દ્વારા શુભ ભાવોને ઉત્પન્ન કરીને આપણે જે રીતે આપણાં થોડાં ઘણું હિતસાધન કરીએ છીએ તે રીતે આ મૂર્ત્તિઓની સહાયતાથી આપણું કામ થાય છે. મૂર્ત્તિઓનાં દર્શનથી આપણને પરમાત્માનું સ્મરણ થાય છે અને તેથી વળી આત્મસુધારણા તરફ આપણી પ્રવૃત્તિ થતી જાય છે. જૈનોની મૂર્ત્તિઓ ધ્યાનમુદ્રામાં પરમ વીતરાગ અને શાંતસ્વરૂપ હોવાથી તેનાં દર્શનથી ઘણી શાંતિ મળે છે અને આત્મસ્વ-રૂપની સ્મૃતિ થાય છે.—એવો ભાવ ઉત્પન્ન થાય છે કે તું આને ભૂલીને સંસારની માયાજાળમાં અને કષાયોના ફન્દામાં શાને ફસાયેલો રહ્યો છે-આનું

પરિણામ એ આવે છે (જો વચમાં કંઇ અડચણ ન આવે તો) વ્યક્તિ યમનિયમાદિદ્વારા વ્રતદ્વારા પોતાની આત્મસુધારણાના માર્ગમાં લીન રહે છે. બાકી કોઇ મનુષ્ય નેત્રહીન (વિવેક રહિત) હોય અને મૂર્ત્તિરૂપી દર્પણમાં પરમાત્માનું પ્રતિબિમ્બ પડેલું છે તે જો તેને ન દેખાય તો, યા તેનું હૃદય દર્પણસમાન સ્વચ્છતા વગરનું માટીના પિંડ જેવું હોય ને તે પ્રતિબિમ્બ ન ઝીલી શકે તો તે જૂદી વાત છે; પરંતુ તેમાં મૂર્ત્તિનો કંઇ દોષ નથી તેમજ આવી બાબતથી મૂર્ત્તિની ઉપયોગિતા મટી જતી નથી; તેમજ તેની હિતોપદેશકતામાં કોઇ અડચણ આવતી નથી. આવી પરમહિતોપદેશક મૂર્ત્તિઓ નિઃસંદેહ અભિવંદનીયજ છે. આથી એક આચાર્યે જણાવ્યું છે કે

कथन्ति कषायमुक्ति लक्ष्यीं
यस्या शांततया भवान्तकानां ।
प्रणमामि विशुद्धये जिनानां
प्रतिरूपाण्यभिरूपमूर्त्तिमंति ॥

—સંસારથી મુક્ત શ્રી જિનેન્દ્રદેવની તેમના તદાકારરૂપ સુંદર મૂર્તિઓ કે જે પોતાની પરમ શાન્તતા દ્વારા સંસારી જીવોના કષાયોની મુક્તિનો ઉપદેશ આપે છે તેને હું પોતાની આત્મશુદ્ધિ માટે પ્રણામ કરું છું.

૬૨. દેવચંદ્ર કહે છે કેઃ—

પ્રભુમુદ્રાનો યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ,
દ્રવ્યતણે સાધર્મ્ય સ્વસંપત્તિ ઓળખે હો લાલ,
ઓળખતાં બહુમાન, સહિત રૂચિ પણ વધે હો લાલ,
રૂચિ અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ.
સુવિધિનાથ સ્ત૦ ૨–૬૪૨.

—(અનંતજ્ઞાની પરમ અમોહી) પ્રભુની મુદ્રાનો યોગ મળે ત્યારે (અનંતગુણ રૂપ સકલ જ્ઞાયક શુદ્ધાત્મરૂપ એવી) શ્રી પ્રભુની પ્રભુતા (આપણો આત્મા) લખે–જાણે. (તે ઓળખ્યા પછી) તેમના અને આપણા જીવ વચ્ચેનું દ્રવ્યથકી સાધર્મ્ય–સરખાપણું (તે સિદ્ધ તે પણ જીવ અને હું છદ્મસ્થ તે પણ જીવ સત્તાએ સરખા છીએ એવું) તેમજ બંનેની સંપદા સત્તાએ સરખી છે (આ જીવ પણ પ્રભુની સંપદા જેટલી સંપદાનો ધણી છે એમ) ઓળખે અને તે ઓળખ્યા પછી (તે સંપદા પર) બહુમાન આવે તેથી (તે સંપદા પર) રૂચિ પ્રકટે–વધે (કે મારે કયારે તેવી સંપદા નિપજશે ?) અને તેવી રૂચિ અનુસાર (તે દિશા પ્રત્યે) વીર્ય ગુણનું સ્ફુરણ થાય-તેનુંજ નીપજવાનું આચરણ થાય (એટલે પ્રભુ દીઠે પ્રભુની પ્રભુતા ભાસે, તે પ્રભુતા પોતામાં જાણે પછી તે પ્રકટ કરવાની રૂચિ ઉપજે, તેથી રૂચિનું વીર્ય તથા ચારિત્ર રૂપ રમણ તે પણ તે દિશાએ સધાય-સિદ્ધતા પ્રગટેઃ આથી જિનમુદ્રાનો યોગ તે બધું સાધન છે-એ માર્ગ કહ્યો.

દાસભાવ—સેવા

૬૩. દેવચંદ્રજી જણાવે છે કેઃ—

પ્રભુ છો ત્રિભુવનનાથ, દાસ હું તાહરો હો લાલ,
કરૂણાનિધિ ! અભિલાષ, અછે મુજ એ ખરો હો લાલ,
આતમવસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો હો લાલ,
ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ,
સુવિધિ સ્ત૦ ૨–૬૪૦

૬૪. આ દાસભાવ એવો કે જે સેવાનું ફલ ન યાચે તેમ ન ઇચ્છે. એવી યાચના તો ' ભાડૂતી ભક્તિ ' ગણાય. સેવા કરવી તે પણ વિધિપૂર્વક કરવી.

' સેવા સારજો જિનજી મન સાચે, પણ મત માગો ભાઇ,
મહેનતનું ફલ માગી લેતાં, દાસભાવ સવિ જાઇ—સેવા૦
ભક્તિ નહિ તે તો ભાડાયત, જે સેવા ફલ જાચે,
દાસ તિકે જે ધન ભરિ નિરખી, કેકીની પરે માચે–સેવા૦
સારી વિધિ સેવા સારંતાં, આણ ન કાંઈ ભાજે,
હુકમ હાજર બીજમતે રહેતાં, સહેજે નાથ નિવાજે–સેવા૦

* * * *

તુજ સેવા ફલ માગ્યો દેતાં, દેવપણો થાયે કાચો,
વિણ માગ્યાં વંછિત ફલ આપે, તિણે દેવચંદ્રપદ સાચો–સે૦
—૨૧ મા અતીત જિન કૃતાર્થ સ્ત૦ ૨–૮૪૪

' તુજ સરીખો સાહિબ મિલ્યો, ભાંજે ભવભ્રમ ટેવ લાલરે,
પુષ્ટાલંબન પ્રભુ લહી, કોણ કરે પરસેવ લાલરે–દેવજસા.
દીનદયાલ કૃપાલુ ઓ, નાથ ભવિક આધાર લાલરે,
દેવચંદ્ર જિનસેવના, પરમામૃત સુખકાર લાલરે–દેવજસા.
(૧૯ મા વિહરમાન સ્ત૦ ૨–૮૦૪)

[અપૂર્ણ]

તેજવિજયજી વિરચિત કેશરીયાજીનો રાસ.

॥ દુહા ॥

સરસ વચન રસ વરસતિ હંસવાહની હંસગત
પ્રથમજ પ્રણમું સરસતિ માયું અવરલ મત્ત ૧
બ્રહ્મસુતા વરદાયની દેજ્યો બહૂલી બુદ્ધિ
જીમ ગુરૂ પદ પંકજ ભણી આશ હું મન શુદ્ધિ ૨
ગુરૂ ગ્યાંનિ ધ્યાંનિ નમું જ્ઞાંનદાયક ગુરૂરાય
કોડીથી કુંજર હોવેં તે સહગુરૂ પસાય ૩
પડિમા પ્રથમ જિણંદરી રીષ્ટ રયણ સમરંગ
પરતિષ પરતો સાંભલી મુજ મન હુઓ ઉમંગ ૪
તે જીન ગુણ થુણસ્યું ઇહાં કેસરીયારી વિષ્યાત
અસુર નમાયો પલકમેં તેહ કહું અવદાત ૫

ઢાલ ૧

(આજ સેહેરમેં જાડો સીપડે મારજી
જાડારે જાડા દોઇ નારરા કોઇ
જણું સેહેરમેં જાડો સીપડે મારજી એ દેશી)

જંબૂદ્વીપરા દક્ષિણ ભરતમે તારજી
અગ દેશ દેશ નગર ધુલેવ જગરા તારૂ
કેસરીયા જીન અવધારીઇ તારજી એ આંકણી
તે માંહું આપ મુરત અવનીતિલો તા.
પ્રબલ પ્રતાપી પ્રગટયો દેવ જ. કે. ૧
ભાવ થકી રે આજ ભેટીયા તા.
આદિજિણંદ અરિહંત જ. કે.
નાભીનંદનકુલ દિનમણી તા.
સુનંદા સુમંગલારો કંત જ. કે. ૨
ભોમિ ધ્યા અરિહા અવતર્યો તા.
કલ્પતરૂ અજોધ્યા વાસ જ. કે.
વૃષભ શુપનેંરી સહનાંમનાં તારજી
માતા મરૂદેવી મન ઉલ્લાસ જ. કે. ૩
વૃષભ લંછન પદ રાજનો તા.
પંચ સયાં ધનું તનું માંન જ. કે.
આયૂ ચોરાસી પૂરવ લાષરો તા.
વંસ ધ્યાગેં કંચન વાંન જ. કે. ૪
વીસ લાષ કુંવર પદે તા.
લક્ષ ત્રેસઠિ પૂરવરાજ જ. કે.
માસ બારે સંવછરીદાંનમેં તા.
ધણ કણ કંચણ કામણિ તાજ જ. કે. ૫
સંજમ લેઇ કેવલ દેસના તા.
પડીબોઝ્યા નરનારીના વૃંદ જ. કે.
પુરબ નવાંણું વાર સમોસર્યા તા.
સિદ્ધિગીરીઇ રૂષભ જિણંદ જ. કે. ૬
અષ્ટ ઘનઘાતી કર્મ ક્ષય કરી તા.
અષ્ટાપદે વરીયા સીવનાર જ. કે.
જ્યોતિમેં જ્યોતિ અવીનાસી થયા તા.
રત્ન ત્રયમેં અનંત અપાર જ. કે. ૭
યક્ષ ગૈામુષ ચક્રેસરી દેવી તા.
જીનસાસનને સુષદાતાર જ. કે.
હેમવિજય કવિ રાયનો તા.
કહે તેજવિજય જયકાર જ. કે. ૮

દૂહા

પણુયાલિસ લષ જોયણાં પોહલપણે સીવ ધામ
જાડયપણેં મધ્ય ભાગમાં અષ્ટ જોયણાં અક્ષય ઠામ ૧
સીદ્ધસલા મધ્ય ભાગથી ઉતરતિ જિહાં છેંદ
મક્ષિકા પાંષ સમાંન છેં કૂટીક રયણ મય તેહ ૨
એક જોયણરે ત્રેવીસમેં ભાગે સીદ્ધજીવ વસંત
આયો અલોક તેહ ઉપરેં એક જોયણ ઉચંત ૩
જ્યોતિ સરૂપ સીદ્ધ જીવએ અજર અમર નીરાકાર
નીરાગી અકલંક એ પરમાતમ પદ ધાર ૪
જ્ઞાંન દર્શન અનંતમેં ચારીત્ર વિર્ય અનંત
ચઉદ રાજ તિન લોકના મનોગત ભાવ લહંત ૫

ઢાલ ૨

(વાગો બન્યો બુધસંધ કેહરો રાજ
પંચમહોરારી પાચ હાડારારી જયાજી
ચાંનેં ઝીલીજી વચ્ચે છેં
નરવર મત ચાલો રાજ એ દેશી)

સીદ્ધ સ્વરૂપી સહજાનંદમેં રાજ
મગ્ન રહો છો મહારાજ ધુલેવરા જયાજી
મારી અરજ સુણીજેં કેસરીયાજીનરાજ એ આંકણી
પિણ નિજ સેવક વિનવેં રાજ
મનવંછિતરે નિવાજ ધ્રુ. મા. ૧

દુર થકીરેં અરજી કરૂં રાજ
પિણ તુમ ધ્યાંનરે હજૂર ધુ. મા.
કૃપારે સુદ્દગ શુભ લેહરથી રાજ
હોઇ કિંકર સનૂર ધુ. મા. ૨
અશુરનેં અતી હેં સન્યા દેઇ રાજ
રાષી જુગોજુગ વાત ધુ. મા.
ઝુઝપણારી કીરત સુણી રાજ
તેહ કહું અવદાત ધુ. મા. ૩
એક દીન સદ્દાસીવરાંમ(વ)જી રાજ
જસવંત ભાઉ તાતો જેમ ધુ. મા.
લસકર લેઇ આયા દરીસણેં રાજ
કુડ કપટ ધરી તેંમ ધુ. મા. ૪
છલ કરવાનેં કારણેં રાજ
જંપે સદ્દારીવ વાત ધુ. મા.
પથર મુરત મેરેં કાઇ હોસિ રાજ
સ્યો દેવતસી કરામાત ધુ. મા. ૫
કોટરી ઉટકરી ધાંમમિ રાજ
બેસાર્યો રે કરી દેવ ધુ. મા.
ભૂતપાંના હિંદૂ પાષડમિ રાજ
માલ ઠગીલેં નીત મેવ ધુ. મા. ૬
જસવંત વદેં શુણી રાઉજી રાજ
રીદ્ધિ પ્રબલ છેં અપાર ધુ. મા.
કરીઇ લોચન ધ્હાં દાવ છેં રાજ
કુંણ કરસેં છત્તકાર ધુ. મા. ૭
નમાંષીઉં મધલેયણ ભણી રાજ
અશુર થયોરે ઉજમાલ ધુ. મા.
પિણ મુઢ મનમેં જાંણેં નહી રાજ
જે કિપાક સમતાલ ધુ. મા. ૮
કરીનેં ઉપદ્રવ ધમ ચિહું જણેં રાજ
આયા દેવલ મઝાર ધુ. મા.
દરીસણ કરીનેં પાછા વલ્યા રાજ
પકડયો ભંડારી તિણીવાર ધુ. મા. ૯
ચિતેરેં ભંડારી નીજ મન થકી રાજ
દાંન તો ભંડારે રહ્યો દૂર ધુ. મા.
પિણ લેહણાથી દેહણો થયો રાજ
કાંઇ કરસેરે અશુર ધુ. મા. ૧૦
મનરે ભીંતર ધ્યાયો સીરધણી રાજ
ભંડારીઇ જિનરાજ ધુ. મા.
હેમવિજય શુપસાયથી રાજ
તેજ કહેરે સારો કાજ ધુ. મા. ૧૧

દૂહા

ભંડારી સમરણ કરે સુણો રૂષભ રાજિંદ
કારલીએ અશુરેમીતી કરો અસુર નીકંદ ૧
મેં જાંણ્યું દાંમ દેયસ્યૈ તે કાંઇ ન કરી વાત
ઉલટી બાજી માંડીનેં ખેલણ લાગા ધાત ૨
તે માટેં કહું સાહિબા રાષો થારી થેં લાજ
પૌષ વારજ્યું કિંમ કીજીઇ લાજેં વિણસ્યે કાજ ૩
ત્રાસ પમાડણ કારણે ધાયા અસુર ચોક ફેર
અસી નીકાસીને લવેં લીઉ ભંડારી ઘેર ૪
બે વાટીકીએ સાંકડે બોલાવી અશુરાંણ
અણુગમતા નિજ વદનથી વિરઇ જંપે વાંણ ૫

ઢાલ ૩

(ઉઠરેં રાણી દિવડીએ અજુઆલ
પરદેશી કાગલ આવીયાજી મારા રાજ
બાલ્યો ૨ સવામણ તેલ
પરદેશી કાગલ ન ઉકલ્યો મારા રાજ એ દેશી)
બોલ્યો ૨ સીવરાંમ તાંમ
ભંડારી શુણો વાતડીજી મારા રાજ
મેલ્યો ૨ માલ અનંત
ધૂતીનેં દિન રાતડીજી મારા રાજ ૧
આલરે અમનેં એ ધન આજ
છોડીસ નહી તુમ ભણીજી મા.
સાંમ સેવકને વિઘન અપાર
હોસ્યેરે કહી મન તણીજી મા. ૨
પાંહણે દેવન પાસેરે કોઇ
નિકે માંગો ન એક નિકેજી મા.
તે માટે તુ મત કરજે ગુજ
ઘણું સું કહીઇ તુનેજી મા. ૩
કહે ભંડારી સુણ સીવરાંમ
કુમતી કિંમ દાષવેજી મા.
કુમતિ મારગનારે ભજનાર
થારેરે ધમ ભાષવેજી મા. ૪

જો માનો તો ભાખું એક વાત
વિખ્યાતરી નહી મણાજી મા.
રીષભ જીનરા એક સત પુત્ર
તે માંહે વૃદ્ધ બે જણાંજી મા. ૫
વડો ભરત લઘુ બાહુબલ ભ્રાત
વડાઉઆ તુમ અમતણાજી મા.
આદિમ આદેસર જીનરાજ
કારિજ સારે ઘણાંજી મા. ૬
દીઇં અપૂત્રીયાનેં પૂત્ર
આપદ સરવેનેં હરેજી
રોગ જલણને જલરે કંતાર
સંગ્રામેં અરિ ધણાજી મા. ૭
ચોર ગયંદ ને વિસ હરનાર
અષ્ટ ભય અલગા કરેજી
અલષ નીરંજન ત્રીભુવન માંહેં
હકુરાઇપણો ધરેજી મા. ૮
કંઇ ભાષો છો મુજનેં યાંહિં
ધણીરે પાસેં લીએાજી મા.
શુરપતી નરપતી સેવે ધણુરા પાય
વિદ્યાધર પદ ઇણેં દીએાજી મા. ૯
સેહસ અડતાલીસ વિદ્યા કેરા પાઠ
ઇંદ્રેં પ્રભુ મુષેં કહ્યાજી મા.
નમી વિનમી પાલક પુત્ર
વૈતાઢયે ગીરીંદ રહ્યાજી મા. ૧૦
એહવા ગુણ ધારક જીન રાજ
કેસરીએા કારે વડાજી મા.
આદજી કેરા લોપેં કાર
તે જગ માંહેં જડાજી મા. ૧૧
હિંદુ મુસલમાંન બંધવ દોય
એહમાં નહી જૂદાગરીજી મા.
મુલ થકી મેં ભાષી સાચી વાત
જો માનો તો એ છે પરીજી મા. ૧૨
હુંતો એહનો હૂકમી છું દાસ
એ નાથજી છેં માહરોજી
જો કરસ્યો થે કાલાજી નરીઆલ
તો કાલ સષાઇ તાહરોજી મા. ૧૩

વયણ સુંણીનેં ભૃગુટી ચઢાય
અશુર આંણું લોપતોજી મા.
ભંડારીરા મુષ ઉપરે દઇ થાપ
ક્રોધાતુર કહે કોપતોજી મા. ૧૪
ભંડારીઇ દીએા ઉપદેસ
જ્યું સુગ્રી કપીનેં કહેજી મા.
વીનાસ કાલે વિપરીત બુદ્ધ
સાંન ચિહું જણરી ગઇજી મા. ૧૫
કર વાહર કેસરીયા કૃપાલ
અશુર આવીનેં અડયોજી મા.
હેમવિજય કવિ રાયનો સીસ
સુતેજ પ્રભુ ધ્યાંનેં મલ્યોજી મા. ૧૬

દૂહા

કેસરીયા વાહર કરો ભક્તી કારકની ભીર
આવો મંત્રી અનુંભવેં અશુર તણી જેં પીર ૧
આવેલા દુષની અછેં વરતેં છેં મહારાય
કબજ કીયો દુષ્ટેં મલી એ સની થકારેં પસાય ૨
ભંડારીપણો આદરી આકલ પાંમ્યા આજ
સંગત થાહરી મે કરી ત્યારેં રહી આ લાજ ૩
મોહટા લોકરી નેં રહ્યા જઈ પાહાડાં વીચ
ઇણી મતિ બહૂ થાયસ્યેં કેસરરા ઇહાં કીચ ૪
રાવ સુંણી ધરજો મયા કરજો રહી નિસંક
અસુરપતી ભંડારીનેં જંપે વયણ અવંક ૫

ઢાલ ૪

(કરહા ચાલ ઉતાવલો પગડે આઇ ગણ ગોરજી
બુધસ્તંગ હાડાજીરો કરહલો એ દેશી)

પભણે કુમેદ સદાસીવરાંમની જસવંત ભાઉ તાતો તેમજી
જોઉં રે હું નાથજી તાહરો હમનેં મારસેં કેમજી ૧
કેસરીએા થારો માનેં કાંઇ કરે એ આંકણી
સીર છેદીલે સ્યાંજી તાહરો નાથજી કયુંહો ઉવારે
ધણીઆપું જોવા તાહરૂં આવીનેં કેંમ ઉગારેજી કે. ૨
મુઢા લોક સયલ મલી કરે પાહાણુરા વષાંણુજી
લલી ૨ વૃંદ પાએ નમેં મતહીણા તે અજાણુજી કે. ૩
અરૂણ નયણ કરીનેં કહેં લોચન કરસ્યાં ભંડારજી
તાહરી હે માત દેષાવજે ભુલિસ માંહિં લિગારજી કે. ૪
ધમ કહી યોધ્ધા નરવર લેઇ મુગલ્લ હજસી ને પઠાંણુજી
ધ્રમ પડીજી નગારા તણી ધૌમ મચી ધમસાંણુજી કે. ૫

નીલી ટોપીના ધારક ઘણા ઉભલા તાહિ ફરંગજી
આરબરી આર્ભટ હુઇ નવન્ન નેજા પંચરંગીજી કે. ૬
વસુધા ઉપરેં ફર હરે ધુરે નીસાંણ અપારજી
સૈન્ય ઘટા થાટ બહુ મલી સરણાઇરારે ટહકારજી કે. ૭
ઉત્તર ધન જીમ ઊનહયેા તિમ હલ્લકારી તિહાં ફેાજજી
સુજસ દેયણ ચિહૂં જણ કરે
મનશુમેા નિજ મેાજજી કે. ૮
ગ્રામડીયા માંહેં ભીન્ન થેાડલા
સૈન્ય અઘાડી નવિ આવેજી
જોધા નર કેા દીસેં નહી જે આપણનેં હઠાવેજી કે. ૯
નિકેવલ બેઠેા ભૂતડેા તસ પાસેં નહીં શસ્ત્રજી
નરવાંણી એ પાષાંણમેં
નહી તસ અંગે સુવસ્ત્રજી કે. ૧૦
વાંનિ પણ નહીં ચેતના જે ઉઠીને સાંમેા થાયજી
બલવંત નર કેા દુસરેા જે આપણને હઠાયજી કે. ૧૧
ઈમ ધારી ચિહૂં જણે ધારણા જસવંત દીયેારે આદેશજી
કાર્યજી સુભટથે સાહમું જૂએા
આ દેઉલ આ ગ્રામેસજી કે. ૧૨
ફેાજ ચઢીરે સનમુષ થઇ કિહાંહી દુરેા જીનરાજજી
હેમવિજય સુપસાયથી તેજ કહેરે સારેા કાજજી કે. ૧૩

દૂહા

દલ વાદલ સમ ઉપડયેા સ્યામ ઘટા ઘન ઘેાર
અસુર અતીહેં ઉછક થયા કે કઈ કરેજ્યું જંગેાર ૧
સંગ્રામ વાજ્ઞ સજ થયા રણસિણગા રણતુર
રણ ભંભા પૂર વાજતે સુભટ હુયા સમનૂર ૨
જોધા નર ચાલે મિલી ઢીલ નહી ઘડી એક
સૈન્ય સકલ મુરષપતિ વચન કહે અવિવેક ૩
ઘેરી લીએા ગ્રામનેં જીનમંદિર સંજૂત
કુદે ચપલ કુરંગજ્યૂં દુષ્ટ જીસ્યા યમદુત ૪
દીગ્મુઢ સહુ નગરીજના આ સ્યેા હુએા ઉતપાત
આયેા હુંતેા દરીસણ ભણી વીણઠી દીસેં વાત ૫

ઢાલ ૫

(કતમલ પાણીડા ગઇ તિરે તલાવ લસકર આયેારે
હાડા રાયરેા એ દેશી)

જીનપતિ પૂરિજંન હાલ કલ્લેાલ ઘેરેા હુએારે પરચક્રનેા
કેસરીયારે મહારાજ પાંણી રાષેારે નિજ નક્કરેા જી. ૧
વરણ અઢારે જપંત રૂષભ જિણેસર તું ધણી જી.
સીઘ્ર વાહર કર ભીર મેહની વેદની સહે તુમ તણી જી.૨
તિણ વેલા સમુદ્ર મઝાર આપ પધાર્યારે પ્રેમેં કરી જી.
શ્રીપતિ નામેં સેઠ બેઠેારી સહ હૃદય ધરી જી. ૩
તિહાં હુએા યાંન તેાફાન ઉભડ પવન પ્રજોગથી જી.
ડેાલણ લાગેારે જિહાજ નિધિ વિચેરે ભાવી
જોગથી જી. ૪
તિહાં નહી કેાઇરેા આધાર રીવ રીવા સહુ મુષથી
કરે જી.
નિજ ૨ દેવ ગુરૂ ધર્મ આપેાપણારે દીલમાં ધરે જી. ૫
કેાઇ ભજે હરિહર દેવ કેાઇ અલ્લા પીર કેાઈ બેચરીજી.
કેઇ વીર જાત સમીર જોગની સક્તિ સમાચરી જી. ૬
સેઠ જંપે નવકાર મંત્ર અમુલક મન ધરેં જી.
પંચ પ્રમેષ્ટી શુભ ધ્યાંન વિકરણ શુદ્ધ સમરણ
કરે જી. ૭
રેાક રકમ સેહ પાંચ સેર સવારે કેસર દીયા જી.
માને ધુલેવરાયને સેઠ સેઠ નિધીરે પારે થીયા જી. ૮
જસરા અભીલાષી જીનરાજ તુરત પેાતા તિહાં કિણ
જઈ જી.
નાવ ઉતારવણ કાજ કરે સુપ્રાક્રમ આતુર થઇજી. ૯
નાવ ઉંચકીરે સતેાલ સમુદ્ર તટેરે જાઇ ઠવી જી.
આપ લીધરે વીસરાંમ તવ તિહાં વાત આવી
નવી જી. ૧૦
દુષ્ટ કીકરે ધહાં જોર અસુર અસુરાઈ બહુ લહી જી.
ઇંહાં થકારે સુર એક જઇ જીનવરનેં આગેં કહી
જી. ૧૧
સુર રીદયેરે ન સમાય વાત કેડેં થઈ તે ભણે જી.
હેમવિજય સુપસાય તેજ કહેરે હેજે ઘણે જી. ૧૨

દૂહા

સુર કહેરે સ્વામી સુણેા પરના સમારેા કાજ
શુદ્ધ ન રાષેા સપુર તણી તે નિજ વિણસે કાજ ૧
જલવર થલવટ મારગે વીસમી જીહાં કાંતાર
વેાલાવા કરીનેં તુમેા લછી વધારી અપાર ૨
તે લછી લેયણ ભણી લેષ પ્રણન્ન દલ પુર
વયણ ઉધત મુષ ઉચરે આવ્યેા એક અસુર ૩
લીધી હસે કે લેયસે હુંતેા આવ્યેા છું અત્ર
જરૂર પધારેા નાથજી વાટ જોવે જન તત્ર ૪

ભંડારી તુમ ઉપરેં કરી મેલ્યો કાર
બીજી વાર તુમચે પદે કોઇ ન ચઢે નિરધાર ૫

ઢાલ ૬

(ધણ સરોવરીયાંરી પાલ
ઉભી દોય નાગરી લલનાં એ દેશી)

ધમ સુણતાં જીનરાજનેં સુર સઘલા મલ્યા લલના
બાવન વીર જંપે એમ અસુર થયા પલ્યા લલના
પિણ નીજ સ્વાંમીનો દાંમ લેવા કિંમ દીજઇ લ.
કેસરીયાજીન રાજરો કારજ કીજઇ લ. ૧
તિહાં આયો અંજની નંદનગિરી કરમા ગ્રહી લ.
દુષ્ટ કરૂં ચકચૂર જ્યૂં આદેશ દ્યો વહી લ.
ચોસઠ જોગની પપર લેઇ ઉભી રહી લ.
અસુરાંરો રૂદ્ર ભખે વા રૂદ્રાણી ગડગહી લ. ૨
પ્રથમ માંમો વાર આવ્યો વિણાયક મલપતો લ.
દૂદાલો દૂષભંજન વદનથી જલપતો લ.
કરોનિ શું કાંમ હું સાનિધકારી આગલે લ.
ઉભો છું કર જોડ રીષભજીરી ભાગલે લ. ૩
જટાધારી સીવરાજ સજોડે સક્તિ શું લ.
વૃષભ થઇ અસવાર રાગી જિન ભક્તિ શું લ.
આવી ભણેં સુણો દેવ સર્વ શું જોઇ રહ્યા લ.
અજુક્ત વયણ અસુરે બહુ જિનની કહ્યા લ. ૪
દેવદુની ઉચરંત બ્રહ્માજી આવીયા લ.
ચતુર્મુખ ચિહું વેદના પુસ્તક લાવીયા લ.
વેદ ઉચારે કરી ભાયુ એ દુષ્ટ જાસે ગલી લ.
વીલંબતણો નહી કાંમ સુપલ જાએ વલી લ. ૫

બ્રહ્માણી જિન ભક્તિ ધારક શક્તિ મલી લ.
જીનશાસન ભણી સાનધકારી આગલી લ.
દેવ દેવી વીતરાગરા મુષ સામું જોવે લ.
જે નાથજી દીઇં આદેસનો સુર હરષિત હોવે લ. ૬
કરણા સાયર જિનરાજ ભાષે તે સર્વનેં લ.
આપેહી આપેણે પાપેં તજે તે ગર્વનેં લ.
જીવ હત્યા તણો દોસ આપણ કિંમ લીજઇ લ.
નિર્ગુણવંતનિ ગુણ દેઇને જસ કીજઇ લ. ૭
ઇમ નિસુણી સુરવાંણી વદે જિનરાજને લ.
ઇણેં આચરણેં સમારસ્યો થે નિજ કાજનેં લ.
મોટા થઇનેં અજુક્ત વયણ કિંમ ભાસીઇ લ.
હેમવિજય કવિ તેજનેં ચરણેં નિવાસીઇ લ. ૮

દૂહા

સુર સઘલા જગનાથનેં ભાષે એમ વચન
એસી વાત કહી તુમેં ન ગમી અમચે મન ૧
કાર લોપ્યો દુષ્ટેંમતી ભંડારી મુષ થાપ
દેઇનેં દાંન લેયવા સજ્જ થયા છે આજ ૨
સિજ્યા વિણ હવે તેહનેં કિંમહી ન વસે લાજ
તે માટે કૃપા કરી તુમેં દ્યો અનુમતિ મહારાજ ૩
તવ ત્રટકી કાલો તિહાં ભૈરવ જંપે એમ
સક્તિ જત અમ બેહુનેં કાંમ સમર્પ્યો જેમ ૪
ગૌમુષ યક્ષ બિહુનેં કારજ આજ્ઞા દેત
સમુદ્ર તટથી અનમેષમેં આવ્યા સુર સમેત ૫

(અપૂર્ણ.)

[આ રાસ હીરવિજયસૂરિ-વિવેકવિ૦ ને શુભવિજય-રૂપવિજય-કૃષ્ણવિજય-રંગવિજય-ભીમવિજય હેમવિજય શિષ્ય તેજ વિજયે સં. ૧૮૭૦ ના ફાગણ શુદ ૧૦ ને દિને મુખ્યતઃ મારવાડી ભાષા મિશ્રિત ગૂજરાતી ભાષામાં રચ્યો છે અને તેની સં. ૧૮૮૪ ની પ્રતમાંથી નકલ કરી કરાવી મુનિશ્રી સંપતવિજયજીએ અમને ઘણા વર્ષ પહેલાં મોકલી હતી. તેનો ઉપયોગ હમણાં કેશરીઆજી તીર્થનું પ્રકરણ ઉપસ્થિત થયું છે તેથી અત્ર પ્રકટ કરવામાં કર્યો છે. અધુરો ભાગ હવે પછીના અંકમાં આવશે. તંત્રી.]

મોહપરાજય રૂપકનાટકનો સંક્ષિપ્ત સાર.

અનુવાદક-પંડિત ફત્તેહચંદ કર્પૂરચંદ લાલન.

[મંત્રી યશઃપાલકૃત મોહપરાજય નાટક ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝમાં નં. ૯ માં પ્રકટ થઈ ગયું છે. તેનો અર્થ મોહનો પરાજય છે એટલેકે શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશથી ચાલુક્ય રાજા કુમારપાલે જૈનધર્મ સ્વીકાર્યો, પોતાના અઢાર આજ્ઞાવર્ત્તી મંડલોમાં ૧૪ વર્ષ અમારિ પ્રવર્ત્તાવી, અને બીનવારસ મરનારની મિલ્કત રાજ જપ્ત થવાની બૂરી પ્રથાને નાબુદ કરી એ વાતજ આ નાટકના પાંચ અંકમાં જણાવેલી છે. યશઃપાલે અજયપાળના રાજ્યમાં આ નાટક રચ્યું છે. અજયપાલે સં. ૧૨૨૯ થી ૧૨૩૨ સુધી રાજ્ય કર્યું તેથી તે બે વર્ષની વચમાં આ નાટક રચાયું. કર્ત્તા 'શ્રી મોઢવંશાવતંસ શ્રી અજયદેવ ચક્રવર્ત્તિ ચરણ રાજરાજહંસ એવા મંત્રી ધનદેવના પુત્ર અને રુકિમણીકુક્ષિમાં થયેલ પરમાર્હત' પોતાને ઓળખાવેછે. મોઢજ્ઞાતિમાં અનેક જૈનોપૂર્વે હતા; હેમચંદ્રાચાર્ય મૂળ મોઢ હતા. અને આ નાટક પહેલાં થારાપદ્રપુર (થરાદ)ના પાદરમાં આવેલા શ્રી કુમારવિહારોમાંના એકમાં શ્રીવીરજિનેશ્વરના યાત્રામહોત્સવ પ્રસંગે ભજવાયું હતું, એમ સૂત્રધારના મુખે જણાવ્યું છે. આ થરાદમાં કર્ત્તા સૂત્રો હોય યા ત્યાંનો રહેવાસી હોય. આ નાટક એક રૂપક તરીકે છે. આવાં રૂપકોમાં પહેલું સં. ૯૬૨ માં જૈનાચાર્ય સિદ્ધર્ષિનું ઉપમિતિભવપ્રપંચકથા નામનું સંસ્કૃતમાં પ્રસિદ્ધ મહારૂપક છે. ત્યાર પછી જૈનેતર સંસ્કૃત સાહિત્યમાં રૂપકો થયા છે નામે પ્રબોધચંદ્રોદય-કૃષ્ણમિશ્રે ચંદેલ રાજા કીર્ત્તિવર્યદેવના રાજ્યમાં સને ૧૦૬૫ આસપાસ રચ્યું તે, સંકલ્પ સૂર્યોદય, માયાવિજય, ચૈતન્યચંદ્રોદય છે. જૈનરચિત પ્રબોધ ચિંતામણિ, જ્ઞાનસૂર્યોદય, જ્ઞાનચંદ્રોદય, આ નાટક ઉપરાંત છે. એક શ્રાવકે રચેલા આ નાટકનો જિનમંડનગણિ નામના જૈનસાધુએ પોતાના કુમારપાલપ્રબંધમાં સંક્ષેપ 'મોહપરાજયરૂપક વસ્તુસંક્ષેપઃ' એ મથાળું કરી આપ્યો છે તે આખો ઉપરોકત ગાયકવાડ સીરીઝમાં છપાયેલ આ નાટકની પ્રસ્તાવનામાં આપેલ છે તેનું પંડિત લાલને કરેલું ગુજરાતી ભાષાંતર નીચે મૂકવામાં આવ્યું છે. આમાં પાત્રો કુમારપાલરાજા, તેનો વિદૂષક, અને શ્રી હેમચંદ્રાચાર્ય એ ત્રણ સિવાય બધાં ભાવનામય-(abstract) ગુણો છે. પંડિત લાલન મૂળ નાટકનું પણ ભાષાંતર કરવા માગે છે. **તંત્રી.**]

હવે એક વેળા પ્રભાતનું કાર્ય કરી, પટગજપર ચઢી શ્રી રાજર્ષિ શ્રી ગુરૂના વંદન માટે આવ્યા અને ઉપાશ્રયના દ્વારપાસે દેવકન્યા જેવી કોઇ કન્યા રમતી દેખી વિચાર કરવા લાગ્યા.

નિસ્સીમ નવા નવા ઉલ્લાસ કરતી, લાવણ્યરૂપ અમૃતની નદી જેવી, મારા આત્માને આવો આનંદ-આનંદ આપતી આ અદ્‌ભૂત કન્યા કોની છે ?

ત્યાર પછી શ્રી ગુરૂને પદવંદન કર્યું જ્યાં સકલ સભ્યજનો મળ્યાં છે, તેની વચમાં સૂરીશ્રીને પૂછ્યું, "હે ! ભગવન્ પૂર્વે દેખેલી મ્હારા મનને હરણ કરનારી દ્વારપર કોની કન્યા છે ? તેનું નામ શું છે ? ત્યારે સૂરીશ્રી પણ એ રાજકુંવરને રાગથી અતિશય ઉલ્લાસમાં આવેલા જાણી, તેનું મન તેનાપર લગ્ન-ચાવવા માટે તેના કુલશીલાદિ કહે છે; " હે ચૌલુક્યચંદ્ર ! ધ્યાન દઈને સાંભળ:"—

વિમલચિત્ત નામનું નગર છે; **વિનય** નામનો તેને કિલ્લો છે; અને તેની ચોમેર **મર્યાદા** નામે વિશાળ ખાઇ છે; ત્યાં **અર્હદ્‌ધર્મ** નામના નૃપ રાજ્ય કરે છે; જેનો મહિમા આવો છે:—

એ **ધર્મનરેશ્વરની** ઉપાસના કરવાથી શું શું થાય છે ?-સુકુલમાં જન્મ, અનેક પ્રકારની વિભૂતિ, વહાલાંનાં સમાગમો કલ્યાણની પરમ્પરા, રાજાઓમાં શિરોમણિપણું, અને વિમલ યશ, એટલા વાનાં તેના ઉપાસકને થાય છે.

તેઓ એમની સેવા કરનારને મિથ્યાત્વરૂપી પ્રતિબંધથી છોડાવે છે; સત્‌ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરાવે છે; પોતાના આશ્રિત જનોને પોતાના આત્મસમાન ગણી તેઓનું પાલન કરાવે છે; એવા ગુણો જ્યારે તેમની પ્રાપ્તમાં આવે છે, ત્યારે તેઓ રાજાઓમાં સારામાં સારા રાજા તરીકે પ્રસિદ્ધ થાય છે.

\+ \+ \+

તેમને **વિરતિ**[૧] નામે પત્ની છે, દેવેંદ્રોને પણ તે જોવામાં આવેલી નથી, અને આ લોકના અને પરલોકના સમગ્ર સુખોની પ્રાપ્તિના કારણ રૂપ છે.

એ દંપતીને શમ, દમ વિગેરે પુત્રો છે. હવે એકદા તેમને ત્યાં પુત્રીનો જન્મ થયો; તેથી તેઓને ખિન્ન મનોવૃત્તિ વાળાં જોઇ એ દીકરાના દાદા-વિશ્વના જાણુ, એવા શ્રી જિન કહે છે; પુત્રી જન્મી તેથી ખેદ કેમ પામો છો? આતો પુત્રોથી પણ અધિક તમોને થશે, અને પોતાના પતિને લોકોત્તર પ્રતિષ્ઠા અપાવશે. એથી સર્વે હર્ષ પામ્યા. જન્મોત્સવ કર્યો. **કૃપાસુંદરી** × એવું તેનું નામ પાડયું છે. હાલ તે યુવાવસ્થામાં આવેલી છે. પોતાના મનમાં આવે તેનેજ વરનારી હોવાથી લોકમાં વૃદ્ધકુમારી એવા ઉપનામથી પ્રસિદ્ધ થયેલી છે.

હવે રાજા કહે છે, "ભગવન્! અહીં તેમના આગમનનું કારણ નિવેદન કરો." સૂરીશ્રી બોલ્યા, 'સાવધાન થઈ સાંભળો, રાજન્! *બહિષ્કૃત થયેલ એવો **મોહ** નામે રાજા રાજસૂચિત્તપુરમાં રાજ્ય ભોગવે છે. તે બડો બદમાસ છે. પોતાની મોજમાં પણ રાજાને રંક કરી નાંખે છે. ઇંદ્રાદિ મહારાજાઓને પણ પોતાની આણમાં રાખે છે. મહાન્તને પણ દાસ બનાવે છે, અને મહા પાપ ક્રિયા તેની પાસે કરાવે છે. વિશેષ શું કહેવું?-ત્રણે પ્રકારના જગતમાં કોઈપણ દેવ, મનુષ્ય નથી કે જે તેની આણથી ક્ષણવાર પણ બહાર રહી શકે. વળી તેને **અવિરતિ*** નામે મહારાણી છે. જોવામાં ત્રણ જગતના જીવોને વહાલી લાગે છે, કારણ અત્રે તેનું સુખે સેવન થાય છે. તેમના કોપ વિગેરે છોકરા છે, અને પુત્રી **હિંસા** નામેછે.એમ **ધર્મ** અને **મોહનૃપ**ને અનાદિસિદ્ધ વૈરભાવ છે, અને તેઓની કડક પ્રતિજ્ઞાઓ ચાલુ છે. બન્નેને રાત્રિદિવસ યુદ્ધનો ઉત્સવ રહે છે. પરંતુ કોઇ વેળા કોઇનો જય અને બીજાનો તો પરાજય થાય છે. ઘણો કાળ ગયો પણ હાર જીત નક્કી થઈ નથી.

એવામાં શ્રી **ચૌલુક્ય**, યુદ્ધવીર હોવાથી મનમાં ઉત્સાહ લાવી બોલે છે, 'ભગવન્! આ પ્રબંધ બહુ સારી રીતે સમજવા જેવોછે. મારા રાજસભ્ય જનોને તેમજ મારા આત્માને એ પ્રબંધ બહુ આનંદ આપે છે; પરંતુ એક વેળા ઉભય પક્ષના રાજાઓની સેનાઓનું સ્વરૂપ જાણવાની મનમાં ઉત્કંઠા રહે છે. તે કૃપા કરી પ્રભુ શ્રી જણાવો. એવું જ્યારે રાજા બોલ્યા ત્યારે સુરીશ્રીએ કહ્યું, હે! પરમાર્હત [૧]**વિચારચતુર્મુખ**! **શ્રીકુમારપાલ**! એનું નિરૂપણ જે કરવામાં આવે તે બહુ સૂક્ષ્મ પણ વિસ્તારવાળું છે તે બરોબર સમજી લો, અને તે આ પ્રકારે:-**ધર્મનરેંદ્રને સદાગમ** નામે મંત્રી છે, સદ્ અસદ્નો વિવેક કરવામાં ચતુર અને અન્ય નૃપોથી ગાંજયો ન જાય એવો એ મંત્રી છે. **વિવેકચંદ્ર** નામે **સેનાધ્યક્ષ** છે. જેણે વિપક્ષનો ક્ષય કરવાની તો દિક્ષા લીધેલી છે. **શુભઅધ્યવસાય** નામે પરિચારક[૧] છે. **સમ્યકત્વ, યમનિયમાદિ** સેનાનીઓ છે. વિશેષ શું કહેવું, રાજન્! **શ્રી ધર્મભૂમીન્દ્ર** ધીર છે તેમજ શાન્ત છે. એટલે કે:—

શ્રીધર્મનરેન્દ્ર	—રાજા
સદાગમ	—મંત્રી
વિવેકચન્દ્ર	—સેનાધ્યક્ષ.
શુભાધ્યવસાય	—અંગરક્ષક. Bopy-guard.
સમ્યકત્વ યમ-નિયમ વિગેરે	} સૈનિકો.

હવે **મોહનૃપતિનો કદાગમ** મન્ત્રી છે. જે સર્વ દુર્બુદ્ધિનું મૂલમંદિર છે. **અજ્ઞાનરાશિ** તેનો સેનાની છે. **મિથ્યાત્વ દુરધ્યવસાયો** તેના સુભટો છે. **મોહ** પોતે ધીર અને ઉદ્ધત છે. એટલે કે:-

મોહનૃપતિ	—રાજા
કદાગમ	—મંત્રી
અજ્ઞાનરાશિ	—સેનાની
મિથ્યાત્વ દુરધ્યવસાયો	} સુભટો.

---

૧ વૈરાગ્ય.

+ દયા-અહિંસા-અનુકમ્પા-Compassion.

* સત્વચિત્તપુરથી બહિષ્કાર પામેલા; સત્વગુણથી દૂર રહેનારો.

* અત્યાગ-અવૈરાગ્ય

૧ ચારે બાજુનો વિચાર કરનાર; વિચાર બ્રહ્મ.

૧ હજુરીઓ.

એ પ્રમાણે સાંપ્રતકાલમાં ઉછળી રહેલા પ્રબલ અને દુષ્ટ તેમજ ઈષ્ટના વિઘાતક કલિકાલને સહાય કરનારા કરાલ વિલાસો સહિત મોહરાજ પોતાના જીવનને મ્હાલી રહ્યો છે. એમણે સર્વ સ્થળે પોતાની આજ્ઞાનું પ્રાબલ્ય ફેલાવેલું છે. અને શ્રી **ધર્મનૃપતિને** મંડલિક રાજાઓ સાથે પરાજય પમાડી હાંકી કાઢયો છે.

રાજા—પછી ?

સૂરિ—સર્વત્ર ભમી ભમીને થાકયા, કયાંપણ સ્થિતિ ન પામ્યા ત્યારે સાંપ્રતમાં શ્રી ગુર્જરનાથ ભૂમિના શિરોમણિ જ્યારે શ્રી **પાટણમાં** વિરાજે છે, ત્યારે અમારા આશ્રમનો (ઉપાશ્રયનો) આશ્રય લઇને કંઇક સ્વસ્થ થઇને **શ્રીધર્મભૂપ** કાળવિલંબન[1] કરે છે. **શ્રીચૌલુકય** ! તારાં સુરાજ્યના અભ્યુદયથી તો તે ખુબ બલવાન થયેલ છે, અને તેથી પોતે ઘણુંજ સન્માન તેમાં પામશે એવું અમે માનીએ છીએ. અમે તમને શરણાંગતને વજ્રના પિંજરા જેવા રાજા માનીએ છીએ.

આવા સૂરિરૂપી ચન્દ્રનાં વચનામૃતોથી પૂર્ણ ઉત્સાહ પામી **કુમારપાળ કૃપાસુંદરીને** યુવાવસ્થામાં આરૂઢ થયેલ સાંભળી હજારોગણો દૃઢ અનુરાગ રાજાને થયો અને તેને હું કયારે પરણીશ એવી ચિંતવના કરતો રાજા ગુરૂને નમન કરી સ્વભુવનને શોભાવવા લાગ્યો.

'ત્યાર પછી,-વાણીમાં તે-હૃદયમાં તે-માર્ગમાં તે-ધામમાં તે-ગગનમાં તે-જલમાં તે-પૃથ્વીમાં તે-અને દિશાઓમાં તે એટલુંજ નહિ પણ તે શશિમુખી સ્વપ્નમાં પણ મારી આસપાસ ફરી રહી છે. બીજાથી શું ? મને તો વિશ્વ પણ તેમયજ લાગે છે.'

આવું બોલતો **કૃપાસુંદરી**ના વિરહથી પરવશ થયેલો રાજા છે એવું શ્રી **ઉદયનાદિ** મંત્રીમંડળે જાણ્યું અને શ્રી ગુરૂને આ વૃત્તાંત જણાવ્યો. **ઉદયનાદિ** મંત્રી-મંડળે ભૂપાળ અને તેના પરિવારને ઉપાશ્રયમાં બોલાવ્યા- ગુરૂશ્રીએ રાજાને કહ્યું, હે ! રાજન્ ! કયા આપ્ત પ્રધાન પુરૂષને **શ્રી ધર્મનરેંદ્ર** પાસે મોકલીશું ? **ધર્મનન્દિનીનું** માગું કરવાનું છે. સત્કાર કરી આદરપૂર્વક, કોઈ સારા સ્થાનમાં **શ્રી ધર્મનરેંદ્રને** મહોત્સવપૂર્વક આણીને નિવાસ કરાવવો એ યોગ્ય છે. સ્વપદથી ભ્રષ્ટ થયેલ મહાન પુરૂષો મહાલજ્જાસમુદ્રમાં ડૂબી જાય છે. મોટા પુરૂષોની સાથે તે સંબંધાદિ, પણ બોધતા નથી એઓ કાંઇનું કાંઇ સમજી જશે એમ જાણી દુર્જનની ભાળતી વાતોથી બ્હીતા રહે છે. માટે આવાં કારણથી **કૃપાસુંદરીને શ્રી ધર્મનૃપ** રાજી થઇ આપશે વિગેરે-વિગેરે બોલે છે. પછી સ્વપરિવાર સાથે વિચાર કરી **મતિપ્રકર્ષ** નામના પ્રધાન આપ્ત પુરૂષને પાઠવ્યો. **શ્રી હેમાચાર્યના** આશ્રમમાં-(ઉપાશ્રયમાં) નિવાસ કરી રહેલા શ્રી **ધર્મભૂપની** પાસે તે ગયો, અને જઇને **કૃપાસુંદરીના** દર્શનાદિનો વૃત્તાંત નિવેદન કર્યો. પછી **ધર્મસુતાનું** માગું કર્યું. શ્રી ચૌલુકયના ગુણો આ પ્રકારે જણાવ્યા જેમકે:—

જે સમ્યકત્વને ધારનાર છે-બંધુજનોને કરૂણાનો એક સિંધુ છે. આર્હત ધર્મનો પરમભકત છે—ચાતુર્ય-ગાંભીર્ય વિગેરે ગુણોના સમૂહમાં સદા સ્નાન કરી રહ્યો છે અને ભુવનનો અધીશ્વર છે.

આ પ્રકારે જ્યારે **મતિપ્રકર્ષે** જણાવ્યું ત્યારે શ્રી **ધર્મનૃપ** કહે છે:-હે ! **મતિપ્રકર્ષ** ! તું કહે છે તે સત્ય છે. **શ્રી ચૌલુકયચંદ્રના** લોકોત્તર ગુણોની સમ્પત્તિ રૂપી બાગની યોગ્યતા વિષે શું કહેવું હોય ?; પરંતુ એ (મોરીપુત્રી) સ્વભાવથી પુરૂષદ્વેષિણી છે, અને તેને ન પાળી શકાય એવી પાણિગ્રહણ સંબંધી પ્રતિજ્ઞા છે; એથી કરીને જરા મન ડોલાં ખાય છે. **મતિપ્રકર્ષ**-શી પ્રતિજ્ઞા છે ? હું સાંભળવાને ઇચ્છું છું.

(અપૂર્ણ.)

---

૧. યોગ્ય પ્રસંગની રાહ જોવી-અને લાગ આવે ત્યારે ફૂદી પડવું.

અંગ્રેજ રાજ્યની સ્થાપનામાં જૈનોનો હિસ્સો

[ગુજરાત સાહિત્યસભાના એક સભ્ય રા. ડાહ્યાભાઈ મનોરદાસ પટેલના હાથમાં એક જુનું ચોપાનીઉ આવ્યું, આ ચોપાનીઉં જૈન કોમે સરકારને દેરાસરોની પવિત્ર ટેકરીઓના સંબંધમાં અરજી કરેલી તેના ટેકામાં તે કોમના આગેવાનોને મળેલાં પ્રમાણપત્રો, સનદો તેમજ અંગ્રેજ અધિકારીઓના પત્રો રજુ કરેલા તેની છાપેલી નકલ હતી. આ ચોપાનીઉં આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી છપાવવા આવ્યું હોય એમ અનુમાન થાય છે. રા. ડાહ્યાભાઇએ આ ચોપાનીઉં સાહિત્યસભામાં વાંચી બતાવ્યું અને તે ઉપર પોતાના વિચાર રજુ કર્યા. સભાએ બે દિવસ આના જુદા જુદા ઐતિહાસિક મુદ્દાઓ ઉપર ચર્ચા કરી. છેવટે આ સંબંધની માહિતી પ્રસિદ્ધ કરવી કે નહિ અને પ્રસિદ્ધ કરવી તો કેવા સ્વરૂપમાં કરવી તેનો સર્વ અધિકાર કારોબારી મંડળને સોંપ્યો, અને કારોબારી મંડળે સમિતિને સોંપ્યું.

ચોપાનીઉં કેટલે દરજ્જે માનવા લાયક છે.

આ ચોપાનીઆમાં શરૂઆતમાં કચબાશા કુટુમ્બનું પેઢીનામું આવે છે. આ પેઢીનામામાં કચબાશા કુટુમ્બ ચંદ્રગુપ્તમાંથી ઉતરી આવેલું બતાવ્યું છે તેમજ આબુનાં દેરાસર બાંધનાર વિમલશાનું નામ એજ કુટુમ્બમાં જણાવવામાં આવ્યું છે. ત્યારબાદ અંગ્રેજ અમલદારો લોર્ડ કલાઈવ, લોર્ડ ક્લેઈક, પોપહામ મેનસન, સર ડેવિડ ઓકટરલોની, જેન્કીન્સ, અલેકઝાન્ડર બર્ન્સ, મેકનોટન, લોર્ડ એલનબરો, સર ચાર્લ્સ નેપીઅર, જનરલ આઉટરામ, સર જહોન લોરેન્સ વગેરેનાં પ્રમાણપત્રો અને સનદો આવે છે અને છેવટે શહેનશાહ અકબરની સનદ છે.

પેઢીનામાની કેટલીક વિગત શકભરેલી લાગે છે પણ તે સાથે આપણે સંબંધ નથી. આપણે તો સનદો અને દસ્તાવેજો જ અગત્યના છે. આ દસ્તાવેજો અંગ્રેજ અમલદારોના લખેલા છે એમ કહેવામાં આવ્યું છે. જો આ દસ્તાવેજો ખરા ન હોય તો અંગ્રેજ સરકારને કરવાની અરજીમાં તે દાખલ કરવાની હિમ્મત અરજદારો ન જ કરે.

આ દસ્તાવેજો એક જ મુદ્દાને લગતી બાબતો રજુ કરે છે તે ધ્યાનમાં રાખવું જોઇએ જૈનોએ અંગ્રેજોને રાજ્ય સ્થાપવામાં કેવી મદદ કરી અને તેના બદલામાં જુદા જુદા અંગ્રેજ અમલદારોએ તેમના ધર્મનું રક્ષણ કરવા કેવાં વચન આપ્યાં હતાં તેજ બતાવવાનો અરજદારોનો હેતુ છે. એટલે તેમાંથી બીજી વિગતો મળી ન શકે; તે છતાં તે જમાનાની કેટલીક બાબતપર તે પ્રકાશ પાડે છે. તે વખતની અઢળક ધનસંપત્તિ, વેપારની વિશાળતા, હિંદી વેપારીઓની યોજનાશક્તિ, સમયવર્તીપણું અને સાહસ વગેરેની કાંઈક ઝાંખી આ પત્રો ઉપરથી થાય છે.

જૈન શરાફોએ એકઠા થઈ, રૂપીઆ પચાસ લાખ એકઠા કરી, એશીઆનાં જુદાં જુદાં મથકોમાં પેઢીઓ સ્થાપી, તે પેઢીઓ મારફત કમ્પનીને બાતમી પૂરી પાડવા માથે રાખેલું તેનો સ્પષ્ટ ઉલ્લેખ લોર્ડ કલાઇવની સનદમાં આવે છે. (જુઓ નં. ૨)

કચબાશા કુટુમ્બની શરાફી પેઢી સાથે તે વખતની દુનિયાની મ્હોટામાં મ્હોટી થોડીજ બેન્કો બરાબરી કરી શકતી તેમ લોર્ડ એલનબરો જણાવે છે. (જુઓ નં. ૧૩)

આ દસ્તાવેજો ઉપરથી માલમ પડે છે કે અંગ્રેજ અમલદારો જણાવે છે તે પ્રમાણે તેવી મદદ સિવાય અંગ્રેજોને જીતવું અશક્ય થઇ પડત.

પ્રશ્ન ઉભો થાય છે કે વિચારશીલ અને શાંતિપ્રિય એવી જૈન કોમે પરદેશી અને પરધર્મી અંગ્રેજ પ્રજાને મદદ કરવા કેમ ઉત્સુકતા બતાવી ? આ પ્રશ્નનો ઉત્તર કેટલેક અંશે દસ્તાવેજોમાંથી મળી આવે છે. તે વખતની હિંદુસ્તાનની સ્થિતિ અંધાધુંધીવાળી હતી. જૈન કોમ આખા હિંદુસ્થાનમાં તેમજ હિંદુસ્થાન બહાર વેપાર ખેડતી હતી અને " તેઓ એમ માનતા હતા કે અંગ્રેજોની મદદથીજ તેમનો વેપાર સહીસલામત ચાલી શકશે. "

(એચ. આર. કુક. આસિ. સેક્રેટરી, હિંદી સરકાર, ૧૮૮૨.)

એમને વેપાર વધારવાની પણ તક સાધવી હતી અને તેમની પેઢીઓના રક્ષણ માટે અંગ્રેજોની મદદ જોઈતી હતી. તે તેમને લોર્ડ કલાઇવની સનદથી મળી. (નં. ૨)

જૈન ધર્મમંદિરો એ જમાનામાં ભયમાં આવી પડયાં હોય અગર તે જમાનામાંના જૈન આગેવાનો ભવિષ્યમાં ધર્મ ઉપર આફત આવશે એમ માનતા હોય અને તેથી કરીને ધર્મરક્ષણની ખાતર પણ તેમણે અંગ્રેજોને મદદ કરી હોય એમ દસ્તાવેજો જોતાં લાગે છે. ઘણા દસ્તાવેજોમાં ધર્મનું રક્ષણ કરવાનું વચન જુદા જુદા અંગ્રેજ અધિકારીઓએ આપ્યું છે.

અમે પ્રશ્નનું એટલું ધ્યાન દોરવાની રજા લઈએ છીએ કે તે જમાનાના જૈન સિવાય જુદી જુદી કોમની વ્યક્તિઓએ પણ અંગ્રેજ રાજ્યની સ્થાપનામાં મદદ કરી

હતી તેથી જૈન કોમ તરફ કોઈ પ્રકારના પક્ષપાત અગર આક્ષેપ કરવાના હેતુથી આ દસ્તાવેજો પ્રસિદ્ધ કરવામાં આવતા નથી. પણ હિંદુસ્થાનના ઇતિહાસના એક અગત્યના ભાગ ઉપર આ દસ્તાવેજો પ્રકાશ પાડે છે તેથી જ અગત્યના દસ્તાવેજોની પ્રસિદ્ધિ આવશ્યકવારી બાકીના બીનઅગત્યના છોડી દીધા છે.

મંત્રી, ગુજરાત સાહિત્ય સભા.]

નં. ૧
લોર્ડ ક્લાઈવની સનદ

મુગટમંદ શ્રી સંગજી ઇત્યાદિ જોગ

જ્યારે અમે ઘણી મુશ્કેલીમાં હતા તે સમયે બ્રિટિશ રાજ્યના હિંદુસ્થાનના પ્રતિનિધિ તરીકે મારી ઘણી વખાણવાલાયક સેવા કરવા માટે આ સનદ મુગટમંદ છત્રપતિ શ્રી સંગજી સુલતાન કચબાશાને આપવામાં આવે છે, જેમની સુંદર મદદ વગર અમારે ઘણા કીમતી જાન ગુમાવવા પડયા હોત અને અમારું રાજ્ય દક્ષિણ હિંદમાં વધી શકયું હોત નહિ. તેમણે જાતે અને તેમની સૂચના અને હુકમથી કેટલાંક માણસોએ એવી કીમતી સેવા બજાવી છે કે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. માત્ર હું એટલું જ કહેવા ઇચ્છું છું કે અમે તેમના ખૂબ જ આભારી છીએ અને જ્યાંસુધી અંગ્રેજ પ્રજાની દક્ષિણ હિંદમાં સર્વોપરિ સત્તા રહે ત્યાં સુધી બધા અમલદારોએ એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે દક્ષિણ હિંદમાં અંગ્રેજ રાજ્ય વધારવાની શ્રી સંગજીની તીવ્ર ઇચ્છા ન હોત તો તે મુરાદ પાર પાડવી આપણને ઘણી વસમી પડત.

તેથી હું આ સનદ એવી ઇચ્છાથી આપું છું કે આજથી હવે પછી અંગ્રેજ પ્રજાએ તેમનાં કુટુમ્બીઓ અને મિત્રો કે જેઓએ અંગ્રેજ રાજ્યના હિન્દુસ્થાનમાંના પ્રતિનિધિઓ તરફની સક્રિય સહાનુભૂતિને લીધે ઘણું ખમ્યું છે તેમને કોઇ વખત ભૂલી જવા જોઇએ નહિ. તેમણે, તેમના કુટુમ્બીઓએ અને મિત્રોએ જ્યારે જરૂર પડેલી ત્યારે ઘણે જોખમે ખબર પૂરી પાડેલી. તેમની ઇચ્છા છે કે અંગ્રેજ રાજ્યે તેમના ધર્મ અને તેમના પંથના લોકોનું સર્વદા રક્ષણ કરવું અને મેં અંગ્રેજ રાજ્યના પ્રતિનિધિ તરીકે જ્યાંસુધી તે રાજ્ય હિંદુસ્થાનમાં ટકે ત્યાંસુધી તેમ કરવાનું વચન આપ્યું છે. તે મુગટબંદ વિમળશા કે જેમના પીર (તીર્થ?)અને ધાર્મિક સંસ્થાઓ હિન્દુસ્થાનમાં કેટલીક જગ્યાએ હાલ પણ અસ્તિત્વમાં છે અને જેમના સૌંદર્યને માટે ઉંચો અભિપ્રાય રાખી શકાય તેવાં, અને યોગ્ય રીતે સાચવવા લાયક છે તે વિમળશાના આબરૂદાર કુટુંબના તેઓ ફરજંદ છે.

૨ જી જાન્યુઆરી, ૧૭૫૭.

(સહી) ક્લાઈવ.
કર્નલ

નં. ૨
લોર્ડ ક્લાઈવ

મુગટમંદ છત્રપતિ મહારાજાધિરાજ શ્રી સંગજી સુલતાન કચબાશા, ગોમન સાયે સિકંદર બહાદૂર રામકીસન પૃથ્વીરાજ શ્રીમન તત્રોજય જોગ

આ પ્રમાણપત્ર તમને નીચેનાં કારણોથી આપવામાં આવે છે:—

કાઉઆજી કરા કચબાશા અને દાઉરાજ નુશ કે જેઓ મારા સર્વોત્તમ મિત્રો અને સલાહકાર હતા તેમની ખોટથી મને થએલી દિલગીરી પ્રદર્શિત કરવાની હું ફરજ સમજું છું. તેમના કુટુમ્બીઓને મારા તરફથી કહેજો કે તેમની ખોટથી થએલી દિલગીરીમાં તેમના જેટલો જ હું ભાગીઓ છું. તેમના કુટુમ્બ અને છોકરાંની સંભાળ લેવાની તમે પ્રતિજ્ઞા લીધી છે તે બદલ હું તમારો આભાર માનું છું. અને હું વચન આપું છું કે જ્યારે જરૂર પડશે ત્યારે તેમની સંભાળ લેવાની મારી ફરજ રહેશે.

વળી તે જ વખતે બે માણસ એટલે જગતશેઠ મતબરાય અને તમારા ધંધા અને બીજાં કામોના ભાગીદાર સરૂપચંદની બંગાળામાં મુર્શિદાબાદના નવાબને લીધે પડેલી ખોટની દિલગીરી જાહેર કરવાની છે. તેમનાં કુટુમ્બો તરફ મ્હારી સહાનુભૂતિ પ્રદર્શિત કરવાનો મારો ઈરાદો છે.

તમે તમારામાંથી એટલે શરાફો, વેપારીઓ અને બીજાઓમાંથી સિક્કા રૂપીઆ પચાસ લાખ એકઠા કરી અને તે હિંદુસ્થાનમાંના જુદા જુદા

દેશોના જુદા જુદા ભાગમાં મકાનો ઇમારતો બાંધવામાં અને આ જગ્યાઓએથી પૂર્વમાંના અંગ્રેજ રાજ્યના તાબાના મુલકની ખબરો અને વિગતો પૂરી પાડવામાં ખર્ચશો, એવી દરખાસ્ત સાંભળીને અત્યંત ખુશી થયો છું. આવી ઉમદા દરખાસ્ત આવે તે માટે હું ઇંતેજારજ હતો. આ જગ્યાઓએથી બધી અગત્યની ખબરો લાવવા લઇ જવા માટે ઘોડીઆ નીમવાનું તમે માથે રાખ્યું છે, એ પણ ખુશીની વાત છે.

બધા સરદાર રાહી અને ઘેડૂતોને અમારા તાબામાં અને રાજ્યમાં લાવવાની તમારી દરખાસ્ત અને તે કામને માટે જોઇતા બધા પૈસા તમારે રોકવા એ પણ અમારી ઇચ્છા મુજબ છે.

તમારી કોઠીઓ અથવા શરાફનો કે વેપારનો ધંધો પૂર્વની બ્રિટિશ હકુમતમાં અને પરદેશી રાજાઓના રાજ્યમાં વધારશો અને ધંધાની જુદી જુદી શાખાઓ મારફત, વેપાર મારફત અને વેશ બદલીને તમે બધી હરેક જાતની ખબર અને પરદેશના હુમલા કે ટંટાફિસાદની છૂપી બાતમી આપશો, તે દરખાસ્તના સંબંધમાં અને જે વખતે અને જે સ્થળે અંગ્રેજ સરકાર તમારી, તમારા ભાગીદારો, જોડીઆઓ, મિત્રો, આડતીઆઓ, ગુમાસ્તા, ખિદમતગારો અને નોકરોની સેવા માગે તે વખતે અને તે સ્થળે તમે અને તેઓ સઘળા હાજર રહો અને અંગ્રેજ સરકાર ગમે તે વખતે હરેક કિસમતનાં જે કામ કરાવવા માગે તે માથે લો અને કરો, તેવું જ તમારા વારસો અને પ્રતિનિધિઓ કરે. તે દરખાસ્તના સંબંધમાં હું કહું છું કે તમે જુદી જુદી કરેલી દરેક દરખાસ્ત જોડે આદર અને પ્રેમથી હું સંમત થાઉં છું.

અને તમારી અરજ સંબંધમાં કે તમારા, ભાગીદારો, જોડીઆઓ, મિત્રો, આડતીઆઓ વગેરેના આ કામના બદલામાં તમારી જાતને તમારી મિલકત અને ઇરકયામતનું રક્ષણ કરવાનું મારે માથે રાખવું.—આ સનદથી તમારી એ અરજ બહાલ રાખું છું.

બ્રિટિશ હકુમતમાંના તમારા બધા વેપારધંધા અને રોજગારનું રક્ષણ કરવાની તમારી અરજ હું સ્વીકારું છું, અને આ સનદથી તે અરજ બહાલ રાખું છું અને જેવી જોઇશે તેવી બધી જાતની હું મદદ આપીશ.

જો તમારા ઉપર અગર તમારા ભાગીદારો ઉપર દુશ્મનનો હલ્લો થાય તો અંગ્રેજ સરકાર તેમના સિપાઇ અને સોલ્જરો તમારી તેમજ તમારામાંના દરેકની મિલકતના રક્ષણ માટે આપે. તે અરજ હું મંજૂર રાખું છું અને જેવો પ્રસંગ હશે તેવી બધી મદદ આપવાનું વચન આપું છું.

તમારા કોઇ નોકર, ભાગીદાર કે આડતીઆ કોઇ વખત તમારા સામે કપટ કરે તો અંગ્રેજ સરકાર તેમને પકડી સજા કરે અને તેમની પાસેના તમારા પૈસા વસુલ કરે એ અરજ પણ હું મંજૂર કરું છું.

અંગ્રેજ સરકારે તમારા ધર્મમાં હાથ ન ઘાલવો એ અરજના સંબંધમાં હું ખુલ્લું કહું છું કે મને આશા છે કે તેઓ કદિ તેમ કરશે નહિ.

છેવટે હું કહેવાની રજા લઉં છું કે તમે અને તમારા માણસોએ વખતો વખત અને ખાસ કરીને આર્કટમાં કરેલી સેવા હું કદિ ભૂલીશ નહિ.

૩ જી મે, ૧૭૯૫ (સહી) કલાઇવ.

નં. ૩

લોર્ડ લેઇકની સનદ

રાજગિરિ ડુંકના મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ કેસરી કુંવરજી શોભાઇ શ્રીસંગજીએ આપણને પંજાબની, હોલ્કર સાથેની, ભરતપુરની અને વાયવ્યમાંની આપણી બધી અગત્યની લડાઇઓમાં ઘણી મદદ આપી છે. ઉત્તર હિંદના કેટલાક ભાગમાંની આપણી સર્વોપરિ સત્તા તેમને આપેલી શીઘ્ર મદદને આભારી છે. ઘણા કીમતી જાન નાશ પામતા બચાવવામાં તે કારણભૂત હતા. તેમની ડહાપણભરેલી મોદીખાનાની વ્યવસ્થા હમેશાં ઉપકાર અને આભારની લાગણીથી સાંભરશે. આપણા ઘણા કોટોકટીને

વખતે તેમણે આપણને મદદ આપી હતી અને બ્રિટિશ રાજ્યના ભલાની કે કાંઇ ઉપયોગી થાય તેવી અત્યર ધીરજ અને શ્રમથી એકઠી કરી હતી. રાજ્યને જે અગત્યની અને ખુલ્લી મદદ આપવામાં તેઓ કદિ પાછા પડયા નથી તેનો પુરેા બદલેા વાળી શકાય એવું નથી. હિંદુસ્થાનમાંના અંગ્રેજોના કામમાં જે હિત તે બતાવતા તે હમેશાં આપણને યાદ રહેશે. અને તેમને અને તેમના કુટુંબીઓને સમાજમાં ઉંચા માન અને દરજ્જે ચઢાવવાની બધા ઉંચા બ્રિટિશ અમલદારોની ફરજ રહેશે.

૩ જી જાન્યુઆરી, ૧૮૦૫ (સહી) લેઇક

નં. ૪

બધી બાજુએ ઉંચા જાડા કોટથી ઘેરાએલેા અને ઘણે ભાગે ન ચઢી શકાય તેવા પર્વતની ટોંચ પર બાંધેલેા હોવાથી ગ્વાલિયરનેા કિલ્લેા લગભગ અજીત હતેા. જ્યે મહારાજાધિરાજ સવાઇ સિકંદર સરપ્રચંદ ગુપ્ત કે જેમણે આપણા સાહસમાં ખરા મનથી મદદ આપી તેમની મદદ ન હેાત તેા તેનેા કબજો કોઈ રીતે લઇ શકાત નહિ. કિલ્લામાં ટેકરીની ટોંચે જતેા એક છૂપેા રસ્તેા હતેા. આની બાતમી તેમણે મેળવી અને આપણને ખબર આપી અને તેથી આપણી ઉમેદ સહેલાઇથી બર આવી.

આ વખતની તેમજ બીજા પ્રસંગની તેમની સેવા બ્રિટિશ તરફની તેમની વફાદારી અને ભક્તિને લીધે પ્રેરાઇ હતી. આપણે હમેશાં તેમના ધર્મની જહેાજલાલી, તેમના દેશની સ્થિતિ અને તેમના કુટુંબના હક્ક ધ્યાનમાં રાખવા જોઇએ.

૧૭૮૨ (સહી) પેાપહામ
કેપ્ટન

નં. ૫

હિંદી રાજ્યકર્ત્તાઓની સાથેના વિગ્રહેામાં બ્રિટિશ પક્ષને વિજય અપાવવામાં મુગટચંદ છત્રપતિ મહારાજાધિરાજ દેવરાજ બહાદૂર રાજહમીર કુંવરજી ગુપ્ત તૈયાર હતા. મરાઠા જસવંતરાય સામેના આપણા વિગ્રહમાં તેમણે દેખીતેા ભાગ ભજવ્યેા હતેા. તેમના પેાતાના માણસેાના જીવને જોખમે કોટાની વિરૂદ્ધ ચંબલ ઓળંગવામાં તેમણે મદદ કરી હતી. મુકન્દરાના પહાડી કિલ્લામાં અને ભેજવામાં અને સૂકાં જંગલેામાં બ્રિટિશ સોલ્જરેાના જાન બચાવવાના પ્રયત્નમાં તેમની પ્રશંસનીય કૃત્તેહ અવર્ણનીય છે.

બધા સદ્‌ગુણેાનેા શિરેામણિ અમારી આભારની લાગણી તેમના સ્વાર્થ, ધાર્મિક, રાજકીય અને સાંસારિક, ઘણી સંભાળ અને કાળજીથી સાચવવાની ફરજ પાડે છે.

૧૮૦૪ (સહી) મેન્સન

નં. ૬

સર ડેવિડ ઓકટરલેાનીનેા પત્ર

૧૪-૪-૧૮૧૫

મુગટચંદ છત્રપતિ મહારાજાધિરાજ મુંદેશા સરપચંદ અને કશન કોરવાશી બાલાસાહેબ સોબ્રમલ.

મને તમને આ પ્રમાણપત્ર આપતાં ઘણેા આનંદ થાય છે. તમને લખતાં મને માન મળ્યું એમ હું સમજું છું. તેનું પહેલું કારણ એ છે કે હિન્દુસ્થાનના ઘણા પ્રાચીન રાજાઓમાં તમારેા બરેાબરીએા શેાધ્યેા જડતેા નથી. તમારા બાપદાદા વખતેાવખત હિંદુસ્થાનપર રાજ્ય કરી ગએલા કેટલાક મુસલમાન રાજાઓના સન્માનિત મિત્ર હતા, અને તમારા બાપદાદાઓની એક વખત હિન્દુસ્થાનના સૌથી બળવાન સરદારેામાં ગણના થતી. તેમની પાસે એટલું અઢળક ધન હતું કે તેની આંકડાંમાં ગણત્રી થઇ શકે નહિ. હિન્દુસ્થાનના જુદા જુદા ભાગમાંની તેમની ધાર્મિક સંસ્થાઓ અજાયબીઓ ગણાય છે. અંગ્રેજ સરકાર જોડેની તમારી મૈત્રીનું વર્ણન થઇ શકે તેમ નથી. વખતેા વખત તમે તેમને આપેલી મદદ સરકારને હમેશાં યાદ રહેશે. નેપાલ વિગ્રહમાં તમે મારી કરેલી સેવા એટલી બધી છે કે તે ગણાવી શકાય નહિ. અને હું કહું છું કે જો અંગ્રેજોનેા હિન્દુસ્થાનમાં કોઇ મિત્રેા હેાય તેા તેમાં કોઇ તમારી બરાબર નથી.

નં. ૭

જેન્કીન્સનું પ્રમાણપત્ર

૨૭-૯-૧૮૧૭

મુગટબંદ, છત્રપતિ ગુણરામ શ્રીસંગજી કચબાશા જોગ

જે ઉચ્ચ પ્રકારના માનથી હું તમને જોઉં છું તે આ થોડી લીટીમાં નોંધવાને શક્તિમાન થવાથી મને ઘણો આનંદ થાય છે. હિન્દુસ્થાનનાં પ્રાચીન રાજ્યકુટુંબમાં તમે જન્મ્યા હતા. તમારા બાપદાદા બ્રિટિશ રાજ્યના મહાન મિત્ર હતા અને તેમને પગલે ચાલીને પુનાના હમણાં થઈ ગએલા વિગ્રહમાં એવી મદદ અને એવી વેળાસરની કીમતી ખબર તમે આપી હતી કે તેના સિવાય અમારી જીત ઘણી મુશ્કેલીથી અને ઘણી મોડી થાત. અંગ્રેજ રાજ્યના એક ઉંચા અમલદાર તરીકે જ્યારે જરૂર પડશે ત્યારે એવીજ રીતે તમને મદદ આપવામાં હું આનંદ માનીશ.

નં. ૮

મુગટબંદ મહારાજાધિરાજ સંક જોરાવર સુલતાન સુરધરશન ચોગુણ ગુપ્તે આપણા હિન્દુસ્થાનના વિગ્રહોમાં ઘણી મદદ આપી છે. તેમની મારફતજ મહિદપુરની લઢાઇમાં મીરખાં અને કાફરખાંને બ્રિટિશ પક્ષમાં મેળવી લેવામાં આવ્યા હતા. ભવિષ્યમાં તેમના ધાર્મિક પંથની ન્યાહોજલાલી અને તેમના સમાજની શાંતિની સંભાળ લેવાની આપણી ફરજ રહેશે. તેમને અને તેમના વંશજોને હંમેશાં માનમરતબાથી રાખવામાં આવશે.

૧૮૧૮ (સહી) નામ વંચાતું નથી.

મદ્રાસના કમાન્ડર-ઇન-ચીફ.

નં. ૯

આલી વરમાના કચબાશા મુગટબંધ છત્રપતિ મહારાજાધિરાજ મન્દુશી સરૂપચંચદ ગુપ્ત; જુદા જુદા એશિયાના લોકો જેવા કે કાબુલ, કંદહાર, સમરકન્દ, હિરાત અને બીજી જગ્યાઓની હિલચાલ પર દેખરેખ રાખે છે અને તેમની તપાસનાં પરિણામના સંદેશા સંભાળપૂર્વક બ્રિટિશ અમલદારોને મોકલે છે, કે જેથી કરીને તેનો લાભ ઉઠાવી શકાય. આવી લાભદાયી સેવા માટે સરકાર તેમની આભારી છે, કારણ કે તે દેશમાંના બધા વિગ્રહ, સલાહો અને લશ્કરી બાબતોની વ્યવસ્થા માટે તેમના ઉપર આધાર રાખવો પડયો હતો. આ ઉપરથી તે બ્રિટિશ પક્ષને વફાદાર અને નિમકહલાલ છે. તેમના હેવાલ હંમેશાં ખરા હતા અને એવા પ્રકારના હતા કે તે હેવાલ ઉપર હમેશાં ભરોસો રાખી શકાતો. તેમની સેવાના યોગ્ય બદલા તરીકે તેમના ધર્મ અને તેમના કુટુમ્બના માનની સંભાળ રાખવાની સરકારની ફરજ રહેશે.

૧૮૩૭ (સહી) અલેકઝાન્ડર બર્ન્સ

નં. ૧૦

હિન્દુસ્થાનમાંની બ્રિટિશ સરકાર કાબુલની ચઢાઇના સંબંધમાં મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ મન્દશી સરૂપચંદ ગુપ્ત કચબાશાએ કરેલી અગત્યની અને અમૂલ્ય સેવાને લીધે ઘણી આભારી છે. જંગલ અને પહાડી કિલ્લાઓ આગળ આપણા કેટલાયે સોલ્જરોના જાનનો, તેમની બુદ્ધિશાળી રચના અને યુક્તિથી વિનાશ થતો બચ્યો છે, અને તેમના અનુયાયીઓથી આપણી સંખ્યામાં હમેશાં વધારો થયા કરતો. આપણને મોદીખાનાની કાંઇ મુશ્કેલી ન પડી તે પણ તેમનેજ લીધે. ભવિષ્યમાં તેમના વંશજોની મિલ્કત, માન અને ધર્મનો નાશ તથા બગાડ થતો અટકાવવાની કાળજી લેવાની આપણી ફરજ રહેશે.

૪ થી નવેંબર, ૧૮૪૦ (સહી) ડુમન્ડ
કેપ્ટન

નં. ૧૧

મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ ગગુશા વમળશા સુલતાન કચબાશાએ કાબુલની ચઢાઇમાં આપણને ઘણી મદદ કરી છે અને કટોકટીને વખતે આપણા સિપાઇઓને ખોરાક પૂરો પાડવાને બની શકે તેટલી સગવડ ભરેલી વ્યવસ્થા કરવાને ઘણી સંભાળ લીધી છે. તે દેશમાંના તેમના આશ્રિતો અને અનુયાયીઓની ભરતીને લીધે આપણી સંખ્યામાં ઘણો વધારો થયો હતો. નદીઓ ઓળંગવામાં અને

જંગલો અને પહાડી કિલ્લાઓ વટાવવામાં પણ તેમની સેવા ઉપયોગી નીવડી હતી. આવા પૂર્વજનું અનુકરણ કરીને તેમના વંશજો હમેશાં રહેજ પણ ચળ્યા વગર બ્રિટિશ પક્ષને વફાદારીથી વળગી રહેશે એમ સાધારણ રીતે ધારી શકાય.

અને જો બીજી તરફથી હિન્દુસ્થાનમાંની અંગ્રેજ સરકાર તેમના ધાર્મિક પંથ અને સમાજ જે થોડા વખતથી જુદા જુદા પરદેશી દુશ્મનોથી ભ્રષ્ટ કરવામાં આવે છે તેની સંભાળ નહિ લે તો કૃતઘ્ની ગણાશે.

૧૮૪૧ (સહી) લોરેન્સ
કેપ્ટન

નં. ૧૨

મુગટબંદ છત્રપતિ મહારાજ કુંવર જયસિંગ ગુપ્ત વિક્રમ આપણા કાબુલના વિગ્રહોમાં ઘણા ઉપયોગી થયા હતા. આપણે ચેતતા રહીએ તેટલા માટે જુદી જુદી દિશાઓથી આપણે માટે તે ધીરજથી અને સંભાળપૂર્વક બખરો એકઠી કરતા એટલું જ નહિ, પણ દુશ્મનથી અને બીજા ભયથી આપણું રક્ષણ કરવા આપણને લાભદાયી રસ્તા અને મથકો તેમના પ્રયત્નથી જડ્યાં હતાં. કાબુલ અને તેની આસપાસના મુલકના રહેવાસીઓ જે તેમના આશરે હતા તેમને આપણા સિપાઇઓની સંખ્યામાં વધારો કરવા માટે ફોડીને આપણા પક્ષમાં લેવામાં આવ્યા હતા. અફઘાનિસ્તાનમાં જે થોડું પણ આપણે વધી શકયા તે તેમની આ કીમતી મદદ વગર બનવું મુશ્કેલ હતું.

તેમના પંથના ધર્મ તથા તેમનો સમાજ ભ્રષ્ટ થતો બચાવવાની અને ભવિષ્યમાં તેમના કુટુમ્બનો માનભરતબો રાખવાની હિંદુસ્થાનમાંની બ્રિટિશ સરકારની ફરજ હોવી જોઇએ.

૧૮૪૩ (સહી) મેકનોટન

નં. ૧૩

લોર્ડ એલનબરોનું પ્રમાણ પત્ર ૫-૧-૧૮૪૪

મુગટબંદ છત્રપતિ મહારાજાધિરાજ નથમલ શ્રી સીંગજી.

આ પ્રમાણપત્ર મારે તમને આપવું એમ નક્કી થયું છે.

આ પ્રમાણપત્ર આપતાં પહેલાં મારે જણાવવું જોઇએ કે તમારું કુટુંબ ખરી રીતે તવંગરોના રાજ જેવું હતું, તે સાબિત કરવાને સારી સેવાના બદલામાં મોગલ રાજાઓના સમયથી ઠેઠ હાલના સમય સુધી તમને તેમજ તમારા બાપદાદાઓને મળેલાં પ્રમાણપત્રો એકલાંજ પૂરતાં છે અને તેથી કરીને તેમને હમેશાં માન મળતું. મને માલમ પડયું છે કે તમારું શરાફીનું કામ આખા હિંદુસ્થાનમાં ચાલે છે અને તે એટલી હદ સુધી કે આખી દુનીઆમાં એવી થોડીજ બેન્કો છે જે તમારી એક પેઢીની પણ બરાબરી કરી શકે. તમારા પૂર્વજોએ હિંદુસ્થાનનાં જુદાં જુદાં ધાર્મિક મકાનો પાછળ એટલું અઢળક ધન ખર્ચ્યું છે કે તે મકાનો હાલ કારીગરીની અજાયબીઓ છે.

હું તમને ખરેખર મિત્ર ધારું છું, મારાજ નહિ, પણ જે સરકારનો હું પ્રતિનિધિ છું તે સરકારના પણ ઘણા કીમતી મિત્ર ધારું છું. તેમના ભલા માટે અને પૂર્વમાં તેમના રાજ્યના વધારા માટે ઘણી ઉપયોગી અને કીમતી સેવા જે તમે કરી છે તે અંગ્રેજ સરકાર કદિ ભૂલશે નહિ, મરાઠા, ભરતપુર અને મારા વખતમાં થએલા બીજા વિગ્રહોમાં અંગ્રેજ અમલદારો અને ટુકડીઓ માટે એટલા અઢળક પૈસા તમે રોકયા છે–અને તે વખતે તેજ મુખ્ય મદદ જોઇતી હતી-કે અંગ્રેજ સરકાર તમારા શરાફીના ધંધાના ભલાને માટે બંધાએલી છે. અને હું ધારું છું કે તમારા ભલા કરતાં તેમના પોતાના ભલાને માટે તેમણે તેમ કરવું જોઇએ. તમારી માલમિલ્કત તેમજ તમારા જુદા જુદા ભાગીદારો અને આડતીઆઓની માલમિલ્કત માટે જ્યારે મદદ જોઇશે ત્યારે આપવામાં આવશે.

લોર્ડ એલનબરોની સહી.

તંત્રીની નોંધ.

૧. મી. મુનશી કમિટી અને રા. મોતીચંદભાઇ.

ઉક્ત કમિટી શા કારણે નીમવામાં આવી હતી અને તેણે શું કર્યું તે સંબંધી ટુંકમાં અમે ગત ફાગણ-ચૈત્રના અંકમાં જણાવ્યું છે. તેણે જે રીપોર્ટ કર્યો તે પણ તેજ અંકમાં પૃ. ૩૧૯-૩૨૦ મૂકવામાં આવ્યો છે. તે રીપોર્ટના ટુંક સારમાં તેના બે ભાગ છે.

૧લા ભાગમાં શ્રીયુત મુનશીની નવલકથાઓ તથા ચોપડીમાં જે જે વાંધા ભર્યા લખાણો છે તેનું સૂચન છે.

૨જા ભાગમાં કાર્ય પદ્ધતિ એટલે ઉક્ત લખાણો સંબંધમાં શું કરવું તેની સૂચના છે કે (૧) તે લખાણો સંબંધે તે રીપોર્ટની નકલો જૈન તેમજ જૈનેતર વિદ્વાનો ઉપર અભિપ્રાય માટે મોકલવી. જૈન મુનિરાજોપર પણ અભિપ્રાય માટે મોકલવી (૨) તે સર્વના અભિપ્રાયો મળ્યા પછી પ્રકટ કરવા. (૩) શ્રીયુત મુનશી સંતોષકારક ખુલાસો કરે નહિ તો જાહેરપત્રોમાં તેમની નવલકથાની સમાલોચના કરવી, જે વધુ મહારાજોને આંદોલન કરવા વિનંતિ કરવી, સ્થલે સ્થલે વિરોધદર્શક સભાદ્વારા વિરોધ રજુ કરવો. (૪) મુંબઇ યુનિવર્સિટીમાં તે પાઠય પુસ્તક તરીકે મુકરર થાય તે સામે સખત ચળવળ કરવી ને તે માટે તે યુનિવર્સિટીના કાર્યકર્તા તથા મુંબઇ સરકારને કરેલા ઠરાવ મોકલવા.

આ રીતે થયેલા રીપોર્ટપર તે કમિટીના ૭ સભ્યો પૈકી પાંચ સભ્યોની સંપૂર્ણ સહમતિની સહી છે, જ્યારે એક સભ્ય શ્રીયુત મોતીચંદ ગિરધર કાપડીઆએ અંગ્રેજી ભાષામાં પોતાના વિરોધની મિનિટ કરી છે. તે જેમ છે તેમ લઇને તેના પણ બે ભાગ પાડી અત્ર મૂકીએ છીએ:

(૧) I am sorry I donot agree with the report એટલે હું દિલગીર છું કે ઉક્ત રીપોર્ટ સાથે હું સહમત થતો નથી,

(૨) My personal view is that in such literary matters we should proceed cautiously. No purpose will be served by setting a literateur on his back. It will widen the gulf and the object in view will be frustrated. Personal exchange of ideas and correspondence carried on within lines of decency can achieve the desired object.

આનો ગૂજરાતી અનુવાદ એ છે કે 'મારો અંગત અભિપ્રાય એ છે કે આવી સાહિત્ય વિષયક બાબતોમાં આપણે સાવચેતીથી કદમ ભરવાં જોઇએ. એક સાહિત્યકારને set on his back (કે જેનો અર્થ અમે સમજી શકતા નથી. એટલે અમે તેજ અંગ્રેજી પ્રયોગ આબાદ રાખીએ છીએ) કરવાથી કોઇ ઉદ્દેશ સરશે નહિ. તે અંતર વધારશે અને ઉદ્દિષ્ટ હેતુ નિષ્ફલ જશે. સુરુચિની મર્યાદામાં અરસપર વિચારોનો વિનિમય અને પત્ર વ્યવહાર ઇષ્ટ હેતુ પ્રાપ્ત કરી શકે.'

હવે અમે અમારા મુરબ્બી મિત્ર શ્રીયુત મોતીચંદભાઇએ જૈન ધર્મ પ્રકાશના ગત ચૈત્ર માસના અંકમાં પૃ. ૩૭ અને ૩૮ પર **'મી. મુનશીના સંબંધમાં ખુલાસો'** એ મથાળા નીચે જે વક્તવ્ય વિરોધ પ્રદર્શક સભા થઈ તે સંબંધી મુખ્યત્વે કર્યું છે તે નીચે આપીએ છીએ:—

"ચાલુ માસમાં મી. મુનશી સંબંધી કેટલોક વિચાર મુંબઇમાં થયો છે તા. ૧૩ મી માર્ચે તેમને ખબર આપવામાં આવી કે તેમના પાટણની પ્રભુતા, રાજાધિરાજ આદિ પુસ્તકોના લખાણોના સંબંધમાં તેમણે વાતચીત કરવી અને લખાણો કાઢી નાખવા કબુલાત આપવી. **મી. મુનશીના લખાણો કોઇ રીતે જૈન અનુયાયીને પસંદ આવે તેવા નથી એ સંબંધી જરાપણ મતભેદ નથી,** પણ તેઓ યુનિવર્સિટિ તરફથી ધારાસભાની વરણીમાં જવા તૈયાર થયા તે પ્રસંગનો લાભ લઈ તેમને મત ન આપવાનો ઠરાવ કરવામાં જરા ઉતાવળ થઇ લાગે છે. સાહિત્યના પવિત્ર ક્ષેત્રમાં 'ઝનુન' તત્ત્વ દાખલ કરતાં વિરોધ વધવાનો સંભવ વધારે રહે છે અને આપણી મતાધિકારની સંખ્યાનો વિચાર કર્યા વગર કે સામે કોઇ સમર્થ જૈન ઉમેદવારને મૂક્યા વગર નવી

દુશ્મનાવટ ઉભી કરવામાં એકંદરે સમાજને લાભ થઈ શકવાનો સંભવ ઓછો ગણાય. **શ્રી. મુનશીના પાત્રાલેખન સાથે કોઈ મળતા થઇ શકે તેવું નથી.** પણ તેર વર્ષ અને પાંચ વર્ષપર લખાયલા ગ્રંથનો વિચાર બે દિવસમાં કરી નાખવાની ઉતાવળ થવાથી ધુંચવણ થઇ છે એમ મારી માન્યતા થાય છે. **સાહિત્યના ક્ષેત્રમાં વાતચીત ખુલાસા અને ચર્ચાથી કામ લેવાય તેજ યોગ્ય ગણાય.** હમણાં અમારા હાથમાં જૈન જીવન પાક્ષિક પત્ર આવ્યું છે. તેના સુજ્ઞ લેખક લખે છે કે-" જ્યારે આપણો સમાજ વિચાર અને બુદ્ધિસ્વાતંત્ર્ય પ્રાપ્ત કરશે ત્યારેજ તેવા લેખકોની ઓફીસમાં જઈ તેનો કાન પકડી તેના ગાલ ઉપર બે ચોંટાડી દઇ શુદ્ધિમાં લાવશે, પછી ભલે તે બેરિસ્ટર હો યા એડવોકેટ!" વિગેરે. આ જાતનું વિચાર વાતાવરણ ઉભું કરવું સહેલું છે, પણ એ રીતિ મુસલમાન જેવી કોમને યોગ્ય ગણાતી હોય તો ભલે, આપણે તો પૂર્વકાળથી આવી બાબતમાં સમજાવટ અથવા સામા લેખની પદ્ધતિનોજ સ્વીકાર કર્યો છે. જૈન જેવી નાની કોમ રાજદ્વારી બાબતમાં 'ઝનુન'નું તત્ત્વ દાખલ કરે એ કોઈ રીતે ઇષ્ટ નથી. આમાં શ્રી. મુનશીનો સહજ પણ બચાવ કરવાનો ઈરાદો નથી. તે ખુલાસા આપે એવી પરિસ્થિતિ થઇ હતી; પરંતુ અત્યારે તો મામલો વાયરે ચઢયો છે. અમે અંતઃકરણથી ઇચ્છીએ છીએ કે આ બાબતમાં હજુ પણ સમજાવટ અથવા સવાલ-જવાબની પદ્ધતિ સ્વીકારવામાં આવે. ભવિષ્યમાં આવા પ્રસંગો વધે એ રીતે કામ લેવા કરતાં આવા પ્રસંગો ઉપસ્થિત જ ન થાય એ રીતિ સ્વીકાર્ય છે અને ખાસ કરીને મતાધિકારને અંગે તો 'લાયકાત'નો સવાલજ લક્ષ્યમાં લઇ શકાય. આ બાબતમાં દોડાદોડી કરવા પહેલાં શ્રી. મુનશી સાથે વાત કરવાની વધારે જરૂર હતી અને તેમનું દૃષ્ટિબિન્દુ સમજ્યા પછી તેમના મત સાથે મળવાનું ન થાય તો પછી જાહેરમાં ચર્ચા કરવાની જરૂર હતી. વર્ષોના સવાલનો નીકાલ બે પાંચ દિવસમાં આવવાની આશા રાખવી વ્યર્થ છે અને 'અવસર' જોઇ દબાવવાની વાત કરવાથી નકામો કચવાટ વધે છે અને ધારેલ મુરાદ પાર પડતી નથી. સમાજને ઉશ્કેરવો બહુ સહેલો છે, પણ તિરસ્કારપૂર્વક વિરોધ બતાવ્યા પછી આગળ પગલાની ધમકી આપીને તેનો નિર્વાહ કરવો બહુ મુશ્કેલ છે. અત્યાર સુધીમાં આવા વિષયમાં લખાયલા ગ્રંથ સાહિત્યનો અભ્યાસ કરી શાંતિ અને સમજાવટથી કામ લેવાય એ ઇષ્ટ છે. ગણતરીબાજ ને ડાહી કોમને માટે અન્યત્ર ખરાબ બોલાય તે ઇચ્છવા જેવું નથી. આમાંથી કોઇ વધારે સારો માર્ગ નીકળે એ ઇચ્છવા યોગ્ય છે."

મો. ગી. કા.

આ પ્રકટ થયા પછી જૈનપત્રના તા. ૧૫-૫-૨૭ ના અંકમાં 'મુનશીજીના ગ્રંથોની ઐતિહાસિકતા' એ લેખમાં તંત્રીની નોંધ તરીકે શ્રીયુત મોતીચંદભાઇએ જે પત્ર તે પત્રના તંત્રી પર તા. ૨૨-૧-૨૭ નો મોકલ્યો ને તેમાંથી જે ભાગ તેમાં પ્રકટ થયો તે નીચે પ્રમાણે છે:—

'શ્રી. મુનશી સંબંધમાં કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીએ જે પેટા સમિતિ નીમી હતી તેનો હું એક સભ્ય હતો. × × × મારી ઇચ્છા એ **પદ્ધતિ સામે** હતી. મેં જે નૂંધી નોટ લખી છે તેમાં મેં તે સ્પષ્ટ કર્યું છે. શ્રી. મુનશીએ જે રીતે જૈન પાત્રોને ચીતર્યાં છે તે તરફ મારી કે કોઈની સહાનુભૂતિ હતી નહી, પણ રાજકારણમાં ઝનુનનું તત્ત્વ દાખલ થાય તે વર્તમાન હિંદના ઇતિહાસને ખરાબ કરી રહ્યું છે તેમાં આપણે વધારો કરવો ન જોઇએ એ નજરે અને સાહિત્યના ક્ષેત્રમાં અમુક મર્યાદા સ્વીકારાયેલી છે તેને ઓળંગી ન જવા માટે... ..મારો નમ્ર મત નૂંધ્યો હતો. હું આવા કાર્યમાં સમજાવટ, ચર્ચા અને લેખદ્વારા કાર્ય થાય એમ માનતો આવ્યો છું .....**શ્રી. મુનશીના પાત્રાલેખન સાથે હું કદિ મળતો હોઇ શકું જ નહીં.** કારણકે એ સમયનો મેં કેટલોક અભ્યાસ કર્યો છે. શાંતિથી કામ લેવાય તો કંઇક ધાર્યું પરીણામ લાવી શકાય એમ મને લાગતું હતું." (આમાં કાળા શબ્દો જૈન પત્રેજ મૂકેલા છે.)

આ સંબંધી અમે કોઈપણ જાતની ટીકા કર્યા વગર સમાજપર તે છોડી દઇએ છીએ.

૨-'જૈનધર્મપ્રકાશ'ના અભિપ્રાયો

ઉપરની નોંધમાં ઉલ્લેખિત કરેલ "જૈનધર્મપ્રકાશ" પત્રના ચૈત્ર અંકમાંજ '**આક્ષેપ અને ખુલાસા**' અને '**શ્રી. મુનશી અને જૈનો**' એ મથાળા નીચે 'નોંધ અને ચર્ચા'માં છેલ્લી બે નોંધ તરીકે જે જણાવેલ છે તે ઉપયોગી ધારી અત્ર મૂકીએ છીએ.

(૧) આક્ષેપ અને ખુલાસા—'સુવર્ણમાળા' માસિકના માગશર અને પોષ માસના અંકોમાં 'ઝમોર' શિર્ષક નીચે એક વાર્તા પ્રકટ થઈ છે, તેમાં શ્રી હેમચંદ્રાચાર્યનો ઉપહાસ કરવાનું, બે કલ્પિત શિષ્યો-નક્ષત્રસૂરિ અને પ્રવિણસૂરિને ઊભા કરવાનું અને ગમે તે રીતે જૈનધર્મનો પ્રચાર કરવાનું તે વખતે પ્રચલિત હતું એમ બતાવવાનું સાહસ કરતાં તેના લેખકે જૈન ધર્મનું તદ્દન અજ્ઞાન બતાવ્યું છે. એમાં સાધુ સાથે વાત કરવાની પદ્ધતિ, મહાવ્રત અણુવ્રતનાં

સ્થાનો વિગેરેમાં ઉઘાડી ભૂલો કરવા ઉપરાંત જૈન સાધુઓ ક્રમણ-ટુમણ કરતા હતા એવું બતાવવા એક શીલાનો પ્રસંગ શોધ્યો છે-કલ્પ્યો છે. આ આખી વાત તદ્દન બનાવટી હોય એમ એની વસ્તુ વાંચતાં તુરતજ લાગે તેવું છે. કુમારપાળ મેવાડના રાજાની દીકરીને પરણ્યા એ વાત ઇતિહાસથી સાબીત થઈ નથી અને અસલ રાસમાળામાં ફાર્બસ સાહેબે માત્ર ઝમેર શબ્દ લખ્યો તે પર ફુલગુંથણી કરી એકાદ પૃષ્ટની વાર્તા તેના ગુજરાતી ભાષાંતરકારે વગર આધારે દાખલ કરી દીધી; તેનાપર આ ચાળીશ પૃષ્ટની વાર્તા કોઈ કલ્પનારૂઢ મગજે ગોઠવી દીધી છે. ઐતિહાસિક પાત્રાલેખનમાં આવી ગડબડ કરવાનો કોઈ લેખકને હક્ક નથી અને એ રીતે કોમ કોમ વચ્ચે વૈમનસ્ય વધે છે. આ સંબંધમાં એ માસિકના અધિપતિને રૂબરૂમાં મળતાં તેમણે જૈનકોમ તરફનો લંબાણ ખુલાસો બીજા મહિના (માઘ) ના અંકમાં પ્રગટ કર્યો છે અને એમનો ઈરાદો જૈન કોમની લાગણી દુઃખવવાનો હતો નહિ એમ મુક્ત કંઠે જાહેર કરી જૈન ધર્મના અનુયાયીની લાગણીને યોગ્ય માન આપ્યું છે. એમણે જે મીઠાશ અને પ્રેમથી જૈન કોમના આગેવાનોની વાત સાંભળી અને ખુલાસો આપ્યો અને પ્રકટ કર્યો તેમાં બંને પક્ષકારોનાં દીલને શાંતિ થઈ છે અને કોમ વચ્ચે થતી વિના કારણની અથડામણ અટકી છે. શેઠ પરશોતમ વિશરામ માવજીએ બતાવેલી વિશાળતા માટે તેમને અભિનંદન ઘટે છે અને આ કાર્યનો સંતોષ-કારક ફડચો લાવવા માટે કાર્ય કરનારને માન ઘટે છે. આ દાખલાનું અનુકરણ સર્વત્ર થાય તો એકંદરે કચવાટના પ્રસંગો દૂર થતા જાય અને ધર્મ ધર્મ વચ્ચેનું વૈમનસ્ય અટકે. આ સ્થિતિ એકંદરે ઇચ્છવાજોગ છે અને બન્ને બાજુના સ્વમાન અને આંતરપ્રેમમાં વધારો કરનારી છે.

(૨) મી. મુનશી અને જૈનો—મુંબઇની ધારાસભામાં ગ્રેજ્યુએટ્સ તરફથી ચુંટાયેલ સભાસદે રાજીનામું આપ-વાથી મી. મુનશીએ તે જગ્યા માટે ઉમેદવારી કરી છે અને જૈનબંધુઓને તે બાબતમાં મતો આપવાની તેમણે માગણી કરી છે. મી. મુનશી ગુજરાતના એક શ્રેષ્ઠ લેખક અને નવલકથાકાર છે. પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ વિગેરે તેમની વાર્તાઓ ગુજરાતમાં સુપ્રસિદ્ધ છે. ગમે તે કારણે આ પુસ્તકોમાં આવતા જૈન ઐતિહાસિક પાત્રોને તદ્દન જુદા આકારમાં હલકી રીતે ચિતરવાનો તેમણે પ્રયાસ કર્યો છે. રા. મુનશી જેવા વિદ્વાન માણસને ઐતિહાસિક પાત્રો સાથે આવી રીતની રમત રમવાનું શું કારણ હશે તેની અમને ખબર પડતી નથી. ઇતિહાસપ્રસિદ્ધ પાત્રો તે વાર્તામાં કલ્પાયેલ પાત્રો નથી હોતા, કે જેઓને ગમે તે આકારમાં ચિતરી શકાય. લાલા લજપતરાયને પંજાબની ધારાસભામાં દાખલ થવાનો વિચાર થતાં જૈન કોમે તેમણે જૈનધર્મ વિરૂદ્ધ લખેલા લેખો માટે વિરોધ જાહેર કર્યો હતો, અને તે પુસ્તકોની પુનરાવૃત્તિમાં તે વિરોધી લખાણો સુધારી લેવા તેમણે વચન આપ્યું હતું. રા મુનશી માટે જૈન કોન્ફરન્સે વિરોધ જાહેર કર્યો છે, અને મી. મુનશી જે તેઓ ઐતિહાસિક પાત્રોને ખોટી રીતે ચિતર્યા છે તેમ સાબીત કરી ન આપે, તો પછી પુનરાવૃત્તિમાં તે સુધારી લેવા જેટલી સરલતા કોમ ન દાખવે તે અમે સમજી શકતા નથી. જૈનબંધુઓએ પોતાનો વિરોધ તે પુસ્તકો પ્રગટ થયાં તે વખતેજ જાહેર કરેલ છે, અને રા. મુનશી ધારાસભામાં ચુંટાય કે ન ચુંટાય, પણ સત્ય હકીકતનો સ્વીકાર કરવામાં અથવા તેમના તરફથી સ્પષ્ટ ખુલાસો પ્રગટ કરવામાં કોમ ઢીલ કરતા હશે તે વિચારવા જેવું છે. જૈન કોન્ફરન્સે પ્રગટ કરેલ વિરોધ યોગ્ય અવસરે છે. રા. મુનશી પાસેથી યોગ્ય ખુલાસો લેવાની, નહિ તો તેમના તે પુસ્તકો સામે સ્પષ્ટ વિરોધ જાહેર કરવાની અમે ભલામણ કરીએ છીએ.

૩-કેશરીઆજી પ્રકરણ, (૨) દિગંબરી ભાઈ-ઓની મનોદશા.

અમે ગત વૈશાખના અંકમાં આ સંબંધે (૧) 'શું શ્વેતાંબરીઓએ દિગંબર ભાઈઓને માર્યા?' એ પ્રશ્ન પર ઉહાપોહ કરીને તેનો જવાબ નાછે એમ બતાવી આપ્યું હતું પણ તે સંબંધી હવે દિગંબરભાઇઓનું 'બમ્બઈ દિગમ્બર જૈન પ્રાન્તિક સભાકા સાપ્તાહિક પત્ર' જૈન મિત્ર તા. ૬૪-૭-૨૭ ના મુખ પૃષ્ઠ ઉપર જણાવે છે કે,

'यह मालूम हुआ है कि-रिषभदेवजीमें हत्या-कांड के समय श्वेताम्बर लोग निम्न प्रकार थे'—

આમ કહી ૨૫ જણના નામ આપે છે તેમાં અમુક અમુક નિશાની કરી કહે છે કે,

'૩ महाशय रिषभदेवजी कमेटी के मेम्बर है तथा ५ महाशय उदयपुरादि के श्वेतांबर जैन लोग है. परन्तु (अन्य) सब १७ महाशय राजयकर्मचारी ही है ऐसा भी मालूम हुआ है. इस परसे स्पष्ट जना जासकता है कि धन सब श्वेतांबरी राज्यकर्मचारियोने ही रीषभदेवमें

એક સાથ મિલકર યહ અમાનુષિક હત્યાકાંડ રાજ્યકી પુલીસદ્વારા કરવાયા થા પ્રકાશક.'

આથી જે અમે જણાવ્યું છે તેને પુષ્ટી મળે છે. હવે વાત કંઈક જૂદી સ્થિતિ પર આવતી જાય છે, દિગંબરી ભાઇઓએ શ્વેતાંબર ભાઇઓના પર સામુદાયે કાઢેલા વાંક અને આરોપો ખોટા પડે છે પરંતુ પોતાના શું વાંક કે દોષ થયા ને જે કંઇ બન્યું તેમાં કંઈ પોતાના દોષ તે બનવામાં નિમિત્તભૂત હોય તો શું હતા તેનો તો કંઇ પણ ઉલ્લેખ ક્યાંઇ કરવામાં આવતો નથી. 'બે હાથ વગર તાલી પડતી નથી' એમ તટસ્થ લોકો સ્ટેટના ઓફીસરોના કાર્યનો વિચાર કરતાં જરૂર માનેજ.

દિગંબરી ભાઇઓએ જે બખાળા શ્વેતાંબરો સામે કાઢયા છે તે અયોગ્ય, અતિશયોક્તિ પૂર્ણ ,અને સુરૂચિહીન છે એમ અમોને લાગે છે. 'આટલું ઓછું છે એટલે વિશેષમાં શત્રુંજયની યાત્રાનો ત્યાગ શ્વેતાંબરોએ કર્યો છે એટલે તેમનાથી વિરૂદ્ધ જઇ આપણે દિગંબરીઓએ ત્યાં જરૂર જવું, હડતાલ પાડવી. ભી, મુનશી કમિટીમાં રાજીનામું આપી દીધું, અને પછી તિરસ્કાર બતાવવો આ વગેરે કેટલાક દિગંબરભાઇઓનાં કૃત્યો અમને તો અનિષ્ટ મનોદશા સૂચવે છે. આ ભાઇઓને તેમનાજ સંપ્રદાયના 'જૈન જગત'ના સંપાદક જે જણાવે છે તેનો અમે હવાલો આપીએ છીએ:--

" अपना नाक कटा कर दूसरे का अपशकुन करना ठीक नहीं।

गत तारीख ८ जुलाई के जैनगज़ट में संपादकीय अग्रलेखमें "श्वेताम्बरों के अत्याचारों के उत्तर स्वरूप हमें (दिगम्बरों को) पालीताना अवश्य जाना चाहिये" ऐसी सलाह दी गई है। धर्मचंदजी जैन नामक किसी दिगम्बर भाईने एक मुद्रित लेख गज़ट को भेजा था, जो स्थानाभाव से गज़ट के उपरोक्त अंक में प्रकाशित नहीं हो सका, परन्तु गज़ट के विद्वान् संपादक महाशय ने उस लेख का हृदय से अनुमोदन करते हुये लिखा है कि 'श्वेताम्बरों के साथ किये जाने वाले उपकार को दिगम्बरों की हम बुद्धिमत्ता नहीं समझते..... इस समय दिगम्बरों को चाहिये कि वे पालीताना की यात्रा का मार्ग अवश्य खोल दें.....दिगम्बरों को वहाँ पर एक मेला भी करना चाहिये। यह अवसर दिगम्बरों को हाथ से नहीं जाने देना चाहिये।"

हम जैनगज़ट के संपादक महाशय की उपरोक्त राय से बिलकुल सहमत नहीं हैं। यद्यपि हम मानते है कि श्री ऋषभदेव हत्याकाण्ड के सम्बन्ध में श्वेताम्बर जैनसमाजने अपना कर्तव्यपालन नहीं किया है, प्रत्युत जानकारी से या बिना जानकारी के उसकी ओर से हत्याकाण्ड के बाद में भी ऐसी २ कार्रवाइयाँ की गई हैं और ऐसे प्रस्ताव पास किये गये हैं कि जिन्हें देख कर महान् दुःख हुये बिना नहीं रह सकता और जिनको देखते हुये यदि दिगम्बर समाज में श्वेताम्बर समाज के प्रति अधिकाधिक क्षोभ फैले तो कुछ आश्चर्य नहीं. किन्तु इतना सब होने पर भी जो राय जैनगज़ट ने दी है, उसे हम बिना पूरे सोच विचार के दी हुई और समाज के लिए बहुत हानिप्रद समझते हैं। लोकमत के प्रवाह को समाचार पत्र ही नियंत्रण किया करते हैं अतः पत्र सम्पादकों से यही आशा की जाती है कि वे अपने आपको क्षुद्र साम्प्रदायिकता, अनुदारता, आदि अवगुणों से बचाकर हृदय की विशालता व गम्भीरता प्रदर्शन करें।

यदि वास्तव में देखा जावे तो शत्रुंजय के सम्बन्ध में पालीताना दरबार के साथ जो झगड़ा है वह केवल श्वेताम्बरों के साथ का ही नहीं है। इस झगडे का मुख्य प्रश्न यह है कि क्या एक रिसायत को यात्रियों पर इस प्रकार कर लगा कर धार्मिक कार्यों में हस्तक्षेप करने का अधिकार है? इसी कारण केवल दिगम्बर अथवा श्वेताम्बर ही नहीं, वरन समस्त अजैनों की सहानुभूति भी जैनियों के साथ है। पालीताना दरबार ने जो यात्री कर मुकर्रर किया है, वह केवल श्वेताम्बर समाज पर ही नहीं, दिगम्बरों पर भी किया है। दिगम्बर समाज जो पालीताना दरबार के खिलाफ़ खड़ा हुवा है और लड़ रहा है, वह श्वेताम्बर समाज के साथ सहानुभूति या उसकी सहायता के लिये नहीं, बल्कि इसलिये कि पालीताना दरबार के लगाये हुये

कर का असर दिगम्बर समाज के यात्रियों पर भी उतना ही पड़ता है कि जितना श्वेताम्बरों पर। इस पर यह कहना कि हम पालीताना दरबार के खिलाफ़ केवल श्वेताम्बरों की सहायता के लिये खड़े हुये हैं, भूल से भरा हुवा और अपने ही केस को कमज़ोर बनाने वाला है।

श्वेताम्बर समाज के विरोध स्वरूप तथा उनको नीचा दिखाने के लिये पालीताना दरबार से मिल जाना और यात्री कर को मंजूर कर लेना निहायत लज्जाजनक बात होगी, और यह बात, दूसरे का अपशकुन करने के लिये ही अपना नाक कटाने की जैसी होगी। दिगम्बर जैनसमाज को गज़ट सम्पादक की सम्मति पर कतई ध्यान नहीं देना चाहिये।

इसी लेख में संपादक महोदय ने जो श्वेताम्बर भाइयों के लिये 'आस्तीन के सर्प' इन शब्दों का व्यवहार किया है, इसका हमें बहुत दुःख है। इसी प्रकार डॉक्टर गुलाबचंदजी पाटणी द्वारा प्रकाशित रिपोर्ट में भी उनके प्रति यत्रतत्र आपत्तिजनक शब्दों का प्रयोग किया गया है। यह हम लोगों के लिये शोभाजनक नहीं है। दिगम्बर समाजसे हमारा यही साग्रह अनुरोध है कि जैसे वह सदा से शांतिप्रियता व गम्भीरता का परिचय देता रहा है, आगे भी उसी प्रकार अपनी नीति को कायम रखे–अपने पक्ष की रक्षाके लिये पूर्ण-चेष्टा करते हुए भी परिस्थिति के आवेश में आकर अपनी ओर से मनसा, वाचा, कर्मणा ऐसी कोई कार्यवाही न करे जिससे व्यर्थ ही किसी के चित्त में क्षोभ पैदा हो और मनोमालिन्यता बढ़े। इसी में दिगंबर समाज का गौरव है।"


४ न्यायमूर्त्ति कृष्णलालभाई.

साक्षर श्री कृष्णलाल मोहनलाल ઝવેરી ગૂજરાતી સાહિત્યની આલમમાં સુવિખ્યાત છે. તેમની શાંત, ગંભીર, અને દઢ મૂર્ત્તિ, તેમજ કાર્ય કરવામાં નિયમિતતા, તથા ચીવટવાળી પદ્ધતિ તેમના પરિચયમાં જે કોઇ આવે તેનું ખાસ લક્ષ ખેંચે છે. પોતે મુંબઇમાં મૂળ વકીલ હતા અને પછી મુંબઇની સ્મોલકોઝ કોર્ટમાં જજ અને છેવટે વડા જજ થયા. તે દરમ્યાન પોતાના ધંધા અંગેની સતત ભારે પ્રવૃતિ રહેવા છતાં જનસેવા કરવા માટે જ્યારે જ્યારે સભાઓ વગેરેમાં આમંત્રણ આપવામાં આવે ત્યારે તે આમંત્રણ કશી પણ આનાકાની કે ધમાલ વગર સ્વીકારી પોતાના વિચારોનો લાભ તેમજ જાહેર પ્રવૃત્તિમાં સહાનુભૂતિ અર્પેલ છે. સાહિત્ય માટે અવિરત પ્રયાસ ચાલુ રાખી તેમાં પુસ્તકોરૂપે વધારો કર્યો છે, તેની સમાલોચના યા નોંધ લીધી છે. લેખો લખ્યા છે. જૈન સાહિત્ય માટે તેમણે ન્યાયવૃત્તિ રાખી અનેક વખત સુંદર ઉદ્‌ગારો કાઢયા છે. જૈન સંસ્થાઓની તેમજ બીજી જાહેર પ્રવૃત્તિમાં ભાગ લઈ જૈનોને ઉપકૃત કર્યા છે.

હમણાં તેમને–મુંબઇની વરિષ્ટ અદાલતમાં એક ન્યાયાધીશ તરીકે સરકારે થોડા વખત માટે નિમણુંક કરી છે અને ઘણી મોડી પણ એ રીતે તેમની કદર કરી છે તે માટે સરકારને શાબાશી આપીશું અને ઇચ્છીશું કે તે નિમણુંક કાયમ કરવામાં આવે. આ પદ માટે પોતે લાયક હતા અને તે પદને પ્રાપ્ત કર્યું છે તે માટે અમે કૃષ્ણલાલભાઇને સહર્ષ અભિનંદન આપીએ છીએ.

"કુકસાઇટ ગ્લાસ"

ગરમીના કીરણોને આંખમાં જતાં
અટકાવે છે અને એટલેજ તે
ઉત્તમ છે.




Can not pass through the glass.

તમારો ચસ્મો આજેજ કુકસાઇટ કાચનો બનાવો અને તમારી આંખો જેના ઉપર જીંદગીનો અને મોજશોખનો આધાર છે તેનું રક્ષણ કરો.

મનસુખલાલ જેઠાલાલની કું.

(જૈન-ચસ્માવાલા)



આંખો તપાસી ઉત્તમ ચસ્મા બનાવનારા.
કાલબાદેવી રસ્તા, સુરજમલ લલુભાઈ ઝવેરીની સામે,
મુંબઇ.

અમારા અમદાવાદના એજન્ટ:—

રા. જગશીભાઇ મોરાર

કે. અંબાલાલ હીરાલાલ પટેલના ઘર પાસે,
માદલપુરા-અમદાવાદ.

આ માસિક અમદાવાદમાં તેમના મારફતે ગ્રાહકોને પહોંચાડવા ગોઠવણ કરવામાં આવી છે. અમદાવાદના અમારા ગ્રાહકોને તેમજ અન્ય બંધુઓને જણાવવાનું કે નીચેના પુસ્તકો પણ તેમની પાસેથી વેચાતા મલી શકશે.

"જૈન ગુર્જર કવિઓ" (પ્ર. ભાગ), "જૈન શ્વેતામ્બર મંદિરાવલિ",
"જૈન ડીરેકટરી" ભાગ ૧-૨, "જૈન ગ્રંથાવલિ", વિગેરે.

અમદાવાદના ગ્રાહકો પ્રત્યે વિજ્ઞપ્તિ:—આપનું લવાજમ હજુ સૂધી મોકલાયું ન હોય તો સત્વરે અમારા એજંટને આપી પહોંચ લેશોજી.

જૈન યુગ.

ધાર્મિક અંક.



સાંવત્સરિક ક્ષમાપના.

'આજ દિવસ પર્યન્ત તમારા પ્રત્યે તથા તમારા સમીપ વસતાં બાઇઓ ભાઇઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવ વડે કિંચિત્ જે અન્યથા થયું હોય (લખાયું હોય યા વિચારાયું હોય) તે અર્થે નમ્રભાવથી ક્ષમાની [અમારી] યાચના છે.'

પુસ્તક ૨ આષાઢ-શ્રાવણ વીરાત્ ૨૪૫૩ સં. ૧૯૮૩ અંક ૧૧-૧૨.

નમસ્કાર.

શ્રી જિનવીતરાગે દ્રવ્ય-ભાવ-સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કરી છે અને તે સંયોગનો વિશ્વાસ પરમજ્ઞાનીને પણ કર્ત્તવ્ય નથી-એવો નિશ્ચલ અખંડ માર્ગ કહ્યો છે **તે શ્રી જિનવીતરાગનાં** ચરણકમળને વિષે અત્યંત નમ્ર પરિણામથી નમસ્કાર છે.

અપાર મહામોહબળ ને અનંત અંતરાય છતાં ધીર રહી જે પુરૂષ તર્યા, **તે શ્રી પુરૂષ ભગવાનને** નમસ્કાર.

પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા **તે ભગવંતને** નમસ્કાર.

તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો **તે સત્પુરૂષોને** નમસ્કાર.

જે સત્પુરૂષોએ જન્મ, જરા મરણનો નાશ કરવા વાળો, સ્વસ્વરૂપમાં સહજ-અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, **તે સત્પુરૂષોને** અત્યંત ભક્તિથી નમસ્કાર છે.

દેહાભિમાન રહિત **એવા સત્પુરૂષોને** અત્યંત ભક્તિથી ત્રિકાળ નમસ્કાર.

ભુજાએ કરી જે સ્વયંભૂરમણ સમુદ્ર તરી ગયા, તરે છે અને તરશે **તે સત્પુરૂષોને** નિષ્કામ-ભક્તિથી નમસ્કાર.

વિષમભાવનાં નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયા છતાં જે **જ્ઞાનીપુરૂષ** અવિષમ ઉપયોગે વર્ત્યો છે, વર્ત્તે છે અને ભવિષ્યકાળે વર્ત્તે **તે સર્વને** વારંવાર નમસ્કાર.

જે જ્ઞાનથી 'કામ' નાશ પામે **તે જ્ઞાનને** અત્યંત ભક્તિએ નમસ્કાર હો!

અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું રહે તે જ્ઞાનને એક સમય માત્રમાં જ્યાંતર કરી જે ભવનિવૃત્તિરૂપ કરે **તે** કલ્યાણમૂર્ત્તિ **સમ્યગ્દર્શનને** નમસ્કાર.

અનન્ય શરણના આપનાર **એવા શ્રી સદ્ગુરૂદેવને** અત્યંત ભક્તિથી નમસ્કાર.

ॐ शान्तिः शान्तिः शान्तिः

અધ્યાત્મ ઋષભ નમસ્કાર સ્તુતિ.

(સંગ્રાહક-તંત્રી.)

અલખ અગોચર અકલરૂપ અવિનાશી અનાદિ
એક અનેક અનંત સંત અવિચલ અવિષાદી
સિદ્ધ બુદ્ધ અવિરૂદ્ધ શુદ્ધ અજરામર અભય,
અવ્યાબાધ અમૂરતીક નિરૂપાધિ નિરામય,
પરમપુરૂષ પરમેસરૂ એ પ્રથમ નાથ પ્રધાન
ભવભયભાવઠભંજણો ભજીઇ શ્રી ભગવાન. ૧

રસના તુઝ ગુણ સંસ્તવેં દૃષ્ટિ તુજ દર્શન
નવ અંગે પૂજા સમેં કાયા તુઝ સ્પર્શન
તુજ ગુણ શ્રવણેં દો શ્રવણ મસ્તક પ્રણિપાતે
શુદ્ધ નિમિત્ત સવે હૂયા શુભ પરિણતિ થાતે
વિવિધ નિમિત્ત વિલાસ સવીએ વિલસે પ્રભુ એકાંત
અવતરીઓ અભ્યંતરે નિશ્ચલ ધ્યેય મહંત. ૨

ભાવદૃષ્ટિમાં ભાવતે વ્યાપક સવિ ઠામે
ઉદાસીનતા અવરસું લીનો તુઝ નામે
દીઠાવિણ પણ દેખીએ સૂતાં પણ જગવે
અપર વિષયથી છાંડવેં ઇંદ્રિય બુદ્ધિ ત્યજવે
પરાધીનતા મિટ ગઇ એ ભેદ બુદ્ધિ ગઇ દૂર
અધ્યાતમ પ્રભુ પ્રણમિઓ ચિદાનંદ ભરપૂર. ૩

પૂજક પૂજ્ય અભેદથી કુણ પૂજારૂપ
દ્રવ્યસ્તવ રહિઓ દ્રવ્યરૂપ એહ શુદ્ધ સ્વરૂપ
આતમ પરમાતમ ભયો, અનુભવ રસ સગતેં
દ્વૈતભાવ મલ નીકલ્યો ભગવંતની ભગતેં
આતમ છંદે વિલસતાં એ પ્રગટયો વચનાતીત,
મહાનંદ રસમાકલ્યો સકલ ઉપાધિ વ્યતીત. ૪

જ્યોતિ શું જ્યોતિ મલી ગઇ પર રહેં નિજ અવઘેં
અંતરંગ સુખ અનુભવું પ્રભુ આતમ લખેં
નિરવિકલ્પ ઉપયોગરૂપ પૂજા પરમારથ,
કારક ગ્રાહક એહ પ્રભુ ચેતન સમરથ,
વીતરાગ ધમ પૂજતાં એ, લહીએ અવિહડ સુખ,
માંનવિજય ઉવઝાયના, નાઠાં સયલ દુઃખ. ૫

લિ૦ રાજનગરે ૧-૧૧ પ્રત.
—માનવિજય (૧૮ મું વિ. શતક)

તંત્રીની નોંધ.

૧-પુસ્તક ભંડારોનો ઉદ્ધાર—સંઘોના હસ્તક પુસ્તકભંડારો સ્થાપવાની પ્રથા પુરાણી છે તેના દૃષ્ટાંતો કુમારપાલ, પેથડ, વસ્તુપાલ તેજપાલ મંત્રિઓ આદિએ આસ તે પાછળ પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું હતું એ સંબંધી મળી આવે છે. આટલુંજ નહિ પરંતુ રાજાઓ પોતાના રાજ તરફથી પુસ્તક ભંડારો રાખતા. તેના દૃષ્ટાંત તરીકે દુર્લભરાજના સમયમાં જિનેશ્વરસૂરિએ દશ વૈકાલિક સૂત્ર રાજભંડારમાંથી મંગાવી ખરા સાધુના આચારવિચાર શું હોવા ઘટે તે તેમાંથી બતાવી આપ્યું હતું. ભોજરાજા જબરો પુસ્તકભંડાર રાખતા, અને તેનો ભંડાર સિદ્ધરાજ જયસિંહ પાછળથી માળવાના રાજા યશોવર્માને જીતતાં પાટણમાં લઇ આવેલ હતા, અને પોતાના ભંડારમાં મૂકયો હતો. આના અવશેષમાં હજુ પણ મેવાડ મારવાડના રાજાઓ પાસે પુસ્તકભંડારો મોજૂદ છે.

પાટણમાં મુસલમાનોનાં આક્રમણ થતાં જૈન પુસ્તકો જેસલમેર કે જ્યાં પગરસ્તે જવું ઘણું કઠિન હતું ત્યાં ખસેડવામાં આવ્યાં હતાં એમ કહેવાય છે. પાટણ અને જેસલમેર એ જૂનાં પુસ્તકોનો સારો સંગ્રહ ધરાવે છે. તે ભંડારોની પ્રભુકૃપાથી શ્રીમાન્ વિદ્યારસિક ગાયકવાડ નરેશના આશ્રયથી સ્વર્ગસ્થ સાક્ષર શ્રીમાન્ ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ. એ ફેરિસ્ત કરી, તેમાંથી જેસલમેરની સૂચિ ગાયકવાડ ગ્રંથમાલામાં પંડિત શ્રી લાલચંદ ભગવાનદાસ ગાંધીથી સંશોધિત થઇ પ્રગટ થયેલ છે, અને પાટણની સૂચિ તે પંડિતદ્વારાજ સંશોધિત થઇ હવે

પછી બહાર પડનાર છે.

આ પહેલાં પ્રો. પીટર્સન, સર ભાંડારકર, કિલ્હૉર્ન, બુહ્લર આદિ વિદ્વાનોએ જુદે જુદે સ્થળે પ્રવાસ કરી પોતાના રીપોર્ટો બહાર પાડેલા છે, અને સ્વ૦ સાક્ષર મણિલાલ નભુભાઈ દ્વિવેદીના હસ્તથી પાટણ ભંડારોની ફેરિસ્ત થયેલી તેની બહુજ થોડી નકલો છપાઈ બહાર પડી ગઇ. આ રીપોર્ટો હવે મળી શકતા નથી.

આ બધા ભંડારો ઉપરાંત લીંબડી, ખંભાત આદિ ગામેગામ અને શહેરે શહેર શ્વેતામ્બર સાધુઓએ ઉપાશ્રયમાં યા દેવાશ્રયમાં દાબડામાં યા પેટી પટારામાં ગ્રંથસંગ્રહને સાચવી રાખેલ છે. આ બધાની વિગતવાર સૂચિઓ દરેક ગામ ને શહેરના સંઘો તૈયાર કરાવી છપાવી બહાર પાડે તો તેમાંથી માત્ર સ્વસંપ્રદાયના ઉપરાંત દિગંબર સંપ્રદાયના અને હિન્દુ-બૌદ્ધ ધર્મના પણ વિરલ ગ્રંથો મળી આવે છે. આવી સૂચિઓ છપાવવા ઉપરાંત તે તે પુસ્તકો વિદ્વાનો-અભ્યાસીઓ-પુસ્તક પ્રસિદ્ધ કર્ત્તાઓને અમુક સરતોએ પણ મળી શકે એવી વ્યવસ્થા થવાની ખાસ જરૂર છે.

દિગંબર સંપ્રદાયના શાસ્ત્રભંડારોનાં મથકો, કારંજા, જયપુર, શ્રવણબેલગોલા આદિ છે. તેની ટીપો હજુ બહાર પડી નથી. આ ઉપરાંત સુરત, સોજીત્રા, મુંબઇ આદિ અનેક સ્થળે તેમના ભંડારો મોજૂદ છે કે જેમાં તપાસ કરતાં શ્વેતાંબરીય તેમજ જૈનેતર સંપ્રદાયોના ગ્રંથો પણ મળી આવે તેમ છે. હમણાં જૈનમિત્રના તા. ૧૬-૬-૨૭ ના અંકમાં તેમના સંપાદક બ્રહ્મચારી શિતળપ્રસાદજી 'બંદ શાસ્ત્રભંડારકા ઉદ્ધાર' એ મથાળાથી તંત્રીની નોંધમાં લખે છે કેઃ—

'મુંબઇમાં શેઠ સૌભાગચંદ મેઘરાજના ઘરમાં સુરત ગોપીપુરાના કાષ્ઠાસંઘી દિ૦ જૈનમંદિરનાં કેટલાંક શાસ્ત્રો ઘણા કાળથી બંધ વિરાજમાન હતાં. તેના સુપૌત્ર શેઠ બાલુભાઇ નેમચંદે અમને તે સર્વનું દર્શન ૨૯ મી મે ૨૭ ને રોજ કરાવ્યું, ત્યારે અમે ભાઇ નવનીતલાલ ચુનીલાલ ઝરીવાલાની મદદથી તેની સૂચિ તૈયાર કરી.

આ પછી સૂચિ આપે છે તેમાં ૨૪ દાબડા છે ને તે દરેકમાં કયાં કયાં પુસ્તકો છે તે તેનાં સંવત તેમજ પત્ર સંખ્યા સહિત નામ આપવામાં આવ્યાં છે તેમાં મોટો ભાગ દિગંબરીય છે, પણ થોડાં શ્વેતાંબરીય છે તેનાં નામ નીચે પ્રમાણે છે.

દા. ૮ આવશ્યક સૂત્ર સં. વૃત્તિ સહિત ૩૬૨ પત્ર અપૂર્ણ.

દા. ૯ નેમિનિર્વાણ કાવ્ય સં. વાગ્ભટ્ટ ૧૧૫ પત્ર સં. ૧૬૯૬

દા. ૯ નેમિનિર્વાણ કાવ્ય સં. સટિપ્પણ ૮૮ વાગ્ભટાલંકાર સટીક ૩૦ સં. ૧૭૦૮

ત્રિભુવનદીપક ગૂજરાતી ૧૯ શ્લોક ૫૫૨.
(આ જયશેખરસૂરિની કૃતિ હોવી જોઇએ-તંત્રી)

દા. ૧૨ નેમિનિર્વાણ કાવ્ય સટિપ્પણી ૧૦૧. સં. ૧૬૯૬.

દા. ૧૩ નવતત્ત્વ પ્રકરણ શ્વે૦ ૮ અને ભક્તામર સ્તોત્ર સં. વૃત્તિ ૧૨.

આમાં વાગ્ભટ્ટને શ્વેતાંબરીઓ શ્વેતાંબર અને દિગંબરીઓ દિગંબર તરીકે માને છે. આવશ્યકસૂત્ર પર સં. વૃત્તિ તે શ્રી હરિભદ્રસૂરિ કૃત હોવી ઘટે. ત્રિભુવનદીપક ગૂજરાતી તે તો જયશેખરસૂરિની કૃતિ જ જણાય છે. આ ગ્રંથો શ્વેતાંબરીઓ જોઇ શકે-મેળવી શકે, અને દિગંબરીઓ શ્વેતાંબર હસ્તકના શાસ્ત્રભંડારમાં રહેલા દિગંબરીય ગ્રંથો જોઇ શકે-મેળવી શકે એ રીતે અન્યોન્ય સહકાર થાય તો કેટલું બધું સારૂં પરિણામ આવે !

૨-યુનિવર્સિટીમાં પ્રાકૃત સાહિત્ય—પ્રાકૃત એ પ્રકૃતિમાંથી નીકળેલી માટે પ્રાકૃત-એટલે લોકો-એજ મૂળથી ઉપજાવેલી ભાષા, એવો અર્થ એક પક્ષ કરે છે બીજો પક્ષ પ્રકૃતિ એટલે સંસ્કૃત અને તેમાંથી ઉદ્ભવેલી તે પ્રાકૃત એવો અર્થ કરે છે. ગમે તેમ હો. લોકોની ભાષા પ્રાકૃત હતી અને તેમાંથી હાલની લોકભાષાઓ ધીમે ધીમે રૂપાંતર થતાં થતાં ઉત્પન્ન થઈ છે એ વાત નિશ્ચિત છે. લોક સમાજને જાણવા માટે લોકભાષાનો અભ્યાસ

કરવો આવશ્યક છે. પ્રસિદ્ધ પ્રોફેસર લ્યુસ ડેવિડ્સ લખે છે કેઃ—

The India of reality lived outside the Brahmanic or Sanskrit texts even in the North. એટલે કે બ્રાહ્મણોના યા સંસ્કૃત શાસ્ત્રોની બહાર ખરૂં ભારતવર્ષ ઉત્તરમાં પણ વસતું હતું. તેજ પાલી પ્રોફેસરે accentuated the fact that Pali, Magadhi and other Prakrit literatures it is which reflect the lives of the masses અર્થાત્ એ વાત ભાર દઈને બતાવી આપી કે પાલી, માગધી અને બીજી પ્રાકૃતમાંનું સાહિત્ય લોકસમૂહના જીવનનું પ્રતિબિંબ છે.

જૈનોની ધર્મશાસ્ત્રભાષા પ્રાકૃતજ છે અને સાહિત્યભાષા મુખ્યત્વે પ્રાકૃત છે. આ પ્રાકૃતમાં માગધી, અર્ધમાગધી, મહારાષ્ટ્રી, વગેરેનો સમાવેશ થાય છે. તેનો અભ્યાસ જો સારી રીતે, થાય તો ધર્મશાસ્ત્ર સમજવા સરળતા થયે ધર્મનું રહસ્ય પમાય. આગમો પ્રાકૃતમાં છે અને તે પ્રકટ થયાં છે, પણ હજુ સુધી ચૂર્ણિઓ વગેરે એક લાખ શ્લોક પ્રમાણ છે તે પ્રગટ થયેલ નથી તે પ્રકટ કરવા આગમોદય સમિતિને ખાસ ભલામણ કરીએ છીએ. જૈનમાં પ્રાકૃત સાહિત્ય પણ એટલું બધું વિશાળ છે કે તેનું અધ્યયન કરતાં તેમાંથી લોકજીવનનો ઇતિહાસ, પણ પ્રાપ્ત થઇ શકે તેમ છે. આ માટે પ્રાકૃતને યુનિવર્સિટીમાં દાખલ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા તે થોડા ઘણા સફલ થયા છે. હજુ આ પ્રત્યે વિશેષ અને પદ્ધતિસર પ્રયાસ કરી દરેક યુનિવર્સિટીમાં અભ્યાસક્રમ તરીકે પ્રાકૃત પુસ્તકો દાખલ કરાવવાની જરૂર છે. આ સંબંધે અમદાવાદના પુરાતત્વ મંદિરના આચાર્ય શ્રી જિનવિજયજીને કૉન્ફરન્સ તરફથી પૂછાવતાં તેઓ જે જણાવે છે તે ખાસ અગત્યનું હોઈ અત્ર નોંધીએ છીએ:—

'નિવેદન કે આપના તરફથી તા. ૨૩-૬-૨૭ નો લખેલો પત્ર મળ્યો છે. તેમાં લખેલી વિગત જાણી. સૂત્રકૃતાંગ, આવશ્યક, આચારાંગ વગેરે ઉપર કોલેજના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવાં આધુનિક પદ્ધતિએ લખાએલાં વિવેચનો વગેરેની આવશ્યકતા છે જ. પણ મારા અભિપ્રાય પ્રમાણે સૌથી પ્રથમ તો બે ચાર પુસ્તકો એવાં તૈયાર થવાં જોઇએ (કે) જે સંગ્રહાત્મક સિલેકશન જેવાં હોય. કારણ કે ઉપર જણાવેલાં જે સૂત્રો છે તે એકલાંના અધ્યયનથી આપણો જે હેતુ છે તે પાર પડે તેમ નથી. એકલા સૂત્રના વાંચનથી જૈન 'લિટરેચર' કે જૈન 'કલ્ચર'નો ખયાલ આવી શકે તેમ નથી. તેમજ મારા લાંબા અનુભવ ઉપરથી જણાયું છે કે એકલાં સૂત્રો વાંચતાં વિદ્યાર્થીઓને રસ આવતો નથી. ભાષા અને સાહિત્યની દૃષ્ટિએ જે વિવિધતા મળવી જોઇએ તે એથી મળતી નથી. હવે તો સંસ્કૃત લીટરેચર માટે પણ 'સિલેકશન'ની પદ્ધતિનો વધારે ઉપયોગ થતો જાય છે, અને પ્રીવીયસ ઈન્ટર કલાસ માટે તેવાં જ પુસ્તકો હવે નીમાયાં છે માટે જૈન અભ્યાસને ઉત્તેજન આપવું હોય તો કોઇ એક સૂત્ર હાલ તુરત ન લેતાં આવાં 'સિલેકશનો' તૈયાર થવાની જરૂર છે. યુનિવર્સીટી ફેકલ્ટીના કેટલાક મારા મિત્ર મેંબરોએ પણ મને આ કામ થવા માટેની ઘણા સમયથી ભલામણ કરેલી છે અને તેનો કાંઇક પ્રારંભ પણ મેં કરી રાખેલો છે. જો કોન્ફરન્સ ઑફીસ આ બાબત માટે પૂરતો ખર્ચ કરવા તૈયાર હોય તો હું એ કામ કરી-કરાવી આપવાની તજવીજ કરવાનો વિચાર કરીશ. મારા અભિપ્રાય પ્રમાણે તરતમાં નીચે પ્રમાણેનાં પુસ્તકો તૈયાર થવાં જોઇએ.

૧ પ્રાકૃત ભાષાના રીડર જેવી એક પ્રાકૃત પાઠમાળા-જેમાં ભાષાના વિકાસ અને ઉત્કર્ષના ધોરણે પાઠોનો સંગ્રહ હોય અને તે પ્રીવીયસ અને ઈન્ટર કલાસમાં ચલાવી શકાય.

૨ જૈન આગમના રીડર જેવી આગમ પાઠમાળા-એમાં જૈન તત્ત્વજ્ઞાન અને આચારના ધોરણે પાઠોનો સંગ્રહ હોય જેથી જૈન આગમ અને જૈન વિચારસરણિની અભ્યાસીને યોગ્ય કલ્પના મળી શકે.

૩ જૈન ઐતિહાસિક સામગ્રીનો ખ્યાલ આવી શકે અને તે દ્વારા જૈન ઇતિહાસનો પણ પરિચય મળી શકે તે માટે 'જૈન હિસ્ટોરિકલ્સ સોર્સીઝ' જેવું એક પુસ્તક તૈયાર થવું જોઇએ જેમાં સંસ્કૃત પ્રાકૃતના મહત્ત્વના મૂળ ઉતારાઓ ઐતિહાસિક ક્રમે ગોઠવવામાં આવે.

કોઈ પણ એકાદું સૂત્ર તૈયાર કરવા કરતાં આ પ્રમાણે જો પુસ્તકો તૈયાર કરશો તો તેથી તમારો ઉદ્દેશ છે તે વધારે સફળ થશે. અલબત્ત આ કામ ઘણું કઠણ છે અને બહુ મહેનત અને ઉંડા અભ્યાસનું છે, પણ કરાવવું તો આવું જ કરાવવું અને નહિંતો પછી જેમ આપણી બધી પ્રવૃત્તિમાં થાય છે તેવું થશે. લિ૦ **જિનવિજય.**

અમે ઉપરના વિચારોને મળતા થઇએ છીએ. સંસ્કૃતમાં ઋગ્વેદ શિખવવા ધટે એમ નિર્ણય થયો તો તેને માટે ડા. પીટર્સને ઋગ્વેદનાં 'સિલેક્શન' નોટ્સ વિવેચન સહિત તૈયાર કર્યા. પાલિ ભાષા માટે પણ રીડર જેવાં પુસ્તકો નીકળ્યાં. ગૂજરાત પુરાતત્ત્વ મંદિર તરફથી જે પ્રાકૃત કથા સંગ્રહ અને પાલી પાઠાવલી નામની બે 'સિલેકશન' તરીકેની ચોપડીઓ તે સંસ્થાના આચાર્ય શ્રી જિનવિજયથી સંશોધિત કરાયેલી બહાર પડી છે તે મુંબઇ યુનિવર્સિટીએ પોતાના પ્રાકૃત અને પાલી બંને ભાષાના પ્રીવિયસના કોર્સમાં દાખલ કરી છે અને આ વર્ષે તે કોલેજોમાં ભણાવાય છે. જો કે એ ચોપડીઓ ખરાબ રીતે છપાયેલી અને કશી જાતના ટીકા ટિપ્પણ વગરની છે, છતાં તે યુનિવર્સિટીએ તેને બીજાં સારાં છપાયેલાં અને ટીકા વિવેચન વાળાં પુસ્તકોને અભાવે દાખલ કરી છે. જૈન કોર્સ જો ઉક્ત જિનવિજયજીની ઇચ્છા અને સંકલના પ્રમાણે તૈયાર થાય તો તે સર્વત્ર ઉપયુક્ત અને આદરણીય થશે એમાં જરાયે શંકા જણાતી નથી. જ્યાં સુધી આવો ઉત્તમ કોર્સ તૈયાર ન થાય ત્યાં સુધી જૈન સાહિત્ય માટે વિશેષ સારી આશા રાખવી વ્યર્થ જશે.

પ્રાકૃત માટે રૂચિ ઉત્પન્ન કરે તેવાં પુસ્તકો નીકળે તો જરૂર તેના અધ્યયનમાં રસ પડતાં તેનો શોખ વધે. સદ્‌ભાગ્યે પંડિત હરગોવિન્દદાસ તરફથી 'પ્રાકૃત શબ્દ મહાર્ણવ' નામના પ્રાકૃત કોષનાં ત્રણ વૉલ્યુમ બહાર પડયાં છે અને છેલ્લું ચોથું વૉલ્યુમ બહાર પડનાર છે, પંડિત બહેચરદાસનું પ્રાકૃત વ્યાકરણ ગૂજરાત વિદ્યાપીઠ તરફથી બહાર પડી ગયું છે, અને તેમની પ્રાકૃત માર્ગોપદેશિકા શ્રી યશોવિજય ગ્રંથમાલા તરફથી બહાર પડી છે. પ્રોફેસર બનારસીદાસ તરફથી એક બે પુસ્તક બહાર પડયાં છે. પૂનાના મારવાડી ગૃહસ્થ શ્રીયુત મોતીલાલ લાધાજી તરફથી સારા પ્રયાસો થઈ રહ્યા છે.

હવે આવાં પુસ્તકો તૈયાર કરાવવાનું કાર્ય કૉન્ફરન્સ હાથમાં લેવા તૈયાર છે પણ તેની પાસે તે માટેનું ફંડ નથી—પોતાની તેવી આર્થિક દશા નથી. પણ જૈન એજ્યુકેશન બૉર્ડ મારફતે આવાં પાઠય પુસ્તક—વાંચનમાલા તૈયાર કરાવી શકાય તેમ છે, છતાં આના સંબંધમાં કોઇ જિનશાસન રસિક શ્રીમંત સંસ્કારી ગૃહસ્થ બહાર આવે અને ફંડ કૉન્ફરન્સના હાથમાં મૂકે તેની ખાસ જરૂર છે. કેટલું ખર્ચ થાય તેનો અડસટો પણ થવાની જરૂર છે અને તેવો અડસટો ઉક્ત પત્ર લેખક મહાશય જણાવશે તો કોઇ સખીનો લાલ નિકળી આવે એવો અમને સંપૂર્ણ સંભવ લાગે છે.

૩ પાઇઅસદ્દ મહણ્ણવો—પ્રાકૃત શબ્દ મહાર્ણવ.

[પ્રાકૃત-હિંદી શબ્દાર્થકોષ ત્રણ ખંડ. પૃ. ૧ થી ૯૦૮ કોષકાર—પંડિત હરગોવિન્દદાસ ત્રિકમચંદ શેઠ. ન્યાયવ્યાકરણતીર્થ, કલકત્તા યુનિવર્સિટીમાં પ્રાકૃતમાં લેકચરર. ૪—૫ જેકસન લેઇન કલકત્તા. દરેક ખંડની કિં. ૩. આઠ.]

પંડિત હરગોવિન્દાસ એક સુપ્રસિદ્ધ વિદ્વાન્ છે અને પ્રાકૃત ભાષામાં અતિ પ્રવીણ છે. તેઓ શ્રી યશોવિજય પાઠશાળામાંથી નીકળેલા વિરલ સુવાસિત પુષ્પો પૈકી એક છે. ઘણાં વર્ષોથી કલકત્તામાં રહી અધ્યાપક તરીકે કાર્ય કર્યું છે અને સુરસુંદરી ચરિયમ્ (કે જે એમ. એ. ના મુંબઇ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં નિર્ણિત થયેલું છે) અને સુપાસનાહ ચરિયમ્ એ બે પ્રાકૃત ગ્રંથોનું સુંદર સંશોધન કરેલ છે તદુપરાંત સંસ્કૃતમાં શ્રી હરિભદ્ર સૂરિ સંબંધે નિબંધ પણ તેમણે લખી બહાર પાડયો છે. ઘણાં કેટલાંક વર્ષોથી કલકત્તા યુનિવર્સિટીમાં પ્રાકૃતના લેકચરર (વ્યાખ્યાતા) તરીકે કાર્ય કરી રહ્યા છે. તે વિદ્વાને પ્રાકૃત શબ્દો તેના સંસ્કૃત સમાન શબ્દો, હિંદીભાષામાં અર્થ, તેમજ પ્રાકૃત ગ્રંથોમાંથી તે અર્થને જણાવનારાં અવતરણો તે તે ગ્રંથોનાં સૂચન સહિત એકઠાં કરી એક કોશકાર તરીકે જે ભગિરથ પ્રયત્ન આદર્યો હતો તે પ્રકાશમાં પોતેજ ત્રણ ખંડમાં પ્રાકૃતશબ્દ મહાર્ણવ એ નામના કોશ તરીકે લાવવા શકિતમાન થયા છે તે માટે અનેકશઃ ધન્યવાદ અમે તેમને અર્પીએ છીએ.

હિંદીભાષા પોતાની માતૃભાષા ન હોવા છતાં તે ભાષામાં અર્થ પૂરવાનું સાહસ કર્યું છે તેમાં પણ તેઓ વિજયવંત થયા છે. પ્રાકૃત ભાષાનો સારો

કોશ પ્રાકૃત-સંસ્કૃત અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં કરી આપવા માટે ડા. સ્વાલીએ પોતાનો મનોરથ બહાર પાડયો હતો અને તે સંપૂર્ણ પ્રકટ થાય ત્યાં સુધી માત્ર દશ હજાર રૂપીઆ જોઇએ તે માટે અમે ઘણાં વર્ષો પહેલાં તે વખતની જૈન ગ્રેજ્યુએટ એસોસિએશનના મંત્રી તરીકે તેમજ જૈન કૉન્ફરન્સ હેરલ્ડ નામના પત્રમાં અપીલ બહાર પાડી હતી અને આખી યોજના રજુ કરી હતી છતાં તેટલા રૂપીઆ આપનાર સખીદાતા એક મળવો તો દૂર રહ્યો, પણ અમુક થોડા મળીને રકમ પૂરા કરવા વાળા કોઈ શ્રીમંતો બહાર પડયા નહોતા. આજે એક જૈન પંડિત પોતેજ પ્રાકૃત કોશનું કાર્ય કરી પોતેજ પોતાના ખર્ચથી બહાર પડે છે એ માટે તે પંડિતને અમો ઉલ્લાસથી વધાવીએ છીએ. જૈન સમાજનાં વખાણ તો કેમજ કરી શકીએ?

આપણી કૉન્ફરન્સે અનેક વખત પ્રાકૃત સાહિત્યને યુનિવર્સિટીમાં દાખલ કરવા માટે ઠરાવો કર્યા; પણ તે ઠરાવ પાર પડવા માટે પ્રાકૃત ભાષાનો કોશ, તેનું બૃહદ્ વ્યાકરણ, તે સંબંધીના સાહિત્યનું પ્રકાશન પહેલું જોઇએ તે પ્રત્યે શ્રીમંતોનું લક્ષ ગયું નહોતું. તે માટેના પોકારો અમે તથા બીજા કર્યા કરતા હતા, પણ તેને અમલમાં મૂકવા માટે જોઇતું નાણાંનું ફંડ કોઇને કાઢી આપવાની સદ્બુદ્ધિ સ્ફુરી નહિ; છતાં પણ સાહિત્યના સુભાગ્યે પોકારો પણ આખર સંભળાયા. કાર્ય કરનારા નીકળ્યા. પહેલો જ પ્રયાસ આ દિશામાં કરનાર પંડિત બહેચરદાસે પ્રાકૃત માર્ગોપદેશિકા તૈયાર કરી જે શ્રી યશોવિજય ગ્રંથમાળાએ પ્રકટ કરી. પછી તેજ પંડિતે પાઇઅલચ્છી નામમાળા સંશોધિત કરી પોતેજ બહાર પાડી. ત્યાર પછી તેજ પંડિતને સારૂં વ્યાકરણ તૈયાર કરવા માટે કૉન્ફરન્સ તરફથી ઑનરેરિયમ મળ્યું ને તેને પરિણામે આખરે પ્રાકૃત વ્યાકરણ તેમણે તૈયાર કર્યું ને ગૂજરાત પુરાતત્ત્વ મંદિર ગ્રંથાવલીમાં સં. ૧૯૮૧માં બહાર પડયું. આની પહેલાં એટલે ૧૯૭૯ માં પંડિત હરગોવિન્દે પ્રાકૃત હિન્દીકોષનો પહેલો ખંડ અ થી ઓ સુધીનો, અને સં. ૧૯૮૦ માં બીજો ખંડ ક થી ન સુધીનો પોતેજ તૈયાર કરી પોતેજ બહાર પાડયો. ત્રીજો ખંડ સં. ૧૯૮૨ માં ૫ થી લ સુધીનો પ્રકટ કર્યો. આ રીતે પ્રાકૃત ભાષાના અભ્યાસ માટેનાં મુખ્ય સાધનો તૈયાર થયાં. પ્રાકૃત સાહિત્યમાં પણ સમરાઇચ્ચ કહા, પઉમચરિયમ્, સુરસુંદરી કહા, સુપાસનાહ ચરિયં, કુમારપાલ પ્રતિબોધ, ઉપદેશમાલા, ઘણાં ખરાં આગમો, વગેરે બહાર પડતાં ગયાં. હજુ ઘણું બહાર પડવાની જરૂર છે. આ બહાર પડેલાં તેમ જ અપ્રકટ પ્રાકૃત ગ્રંથોનો ઉપયોગ પંડિત હરગોવિન્દદાસે યથાયોગ્ય કરી તેમનાં અવતરણો પણ આપવાની પુષ્કળ મહેનત લીધી છે. આ કોશ માટે ખરેખર અમારા તેમને વંદન છે. આ ગ્રંથોની નામાવળી બીજા અને ત્રીજા ખંડના આદિ ભાગમાં આપેલી છે તે પરથી સમજાય છે કે કેટલા બધા ગ્રંથો કોશકારને જોવા પડયા છે. આવું કાર્ય યુરોપિયન સ્કોલરો કરી શકે એ ભ્રમણા છે એમ આ પંડિતજીએ બતાવી આપ્યું છે; વળી એમ બતાવી આપનાર ગૂજરાતીને માટે સમગ્ર ગૂજરાત અભિનંદન લઈ શકે તેમ છે અને તે ગૂજરાતી જૈન છે તેથી જૈનોએ પણ અભિમાન લેવા જેવું છે.

પંડિત બહેચરદાસે ૧૯૮૦ ના પોશ માસના પુરાતત્ત્વમાં આ કોશના પ્રથમ ખંડની આલોચના કરી હતી અને તેની પ્રત્યાલોચના કોશકારે વિવિધ વિચારમાળાના તેજ વર્ષના આસો શુદિ ૧૪ ના અને ૧૯૮૧ માગશર સુદિ ૧૪ ના અંકમાં કરી હતી. આ બંને અમો વાંચી ગયા છીએ. કોશકારના વિચારો અમારી આ બાબતમાં અલ્પ બુદ્ધિને ગ્રાહ્ય લાગે છે. છતાં પણ શબ્દો-અર્થોની શુધ્ધાશુદ્ધિ બતાવવા જેટલું વિશાલ જ્ઞાન અમોને ન હોવાથી તેમાં ઉતરવા માંગતા નથી. કોશકારે અતિ પરિશ્રમ લઇ સાવધાની બને તેટલી રાખી કાર્ય લીધું છે એમ તો અમો મુક્ત કંઠે કહીએ છીએ. આ કોશ પંડિત હરગોવિન્દદાસની વિજયપ્રશસ્તિ છે. તેમણે આ મહાભારત કાર્ય કરી બહાર પાડી પ્રાકૃતના અભ્યાસીઓને ઉપકૃત કરેલ છે અને ભવિષ્યની પ્રજાને અમૂલ્ય વારસો આપ્યો છે એ નિર્વિવાદ છે.

અમે હવે ચોથા ભાગની ઉત્કટથી ઉત્કંઠ બની રાહ જોઇએ છીએ. તેમાં 'નર્મકોશ'માં આપી છે

તેવી પ્રસ્તાવના પ્રાકૃતસંબંધી સંપૂર્ણ પરિચય કરાવવા પૂરતી કોશકાર આપશે એમ ઇચ્છીએ છીએ. તેમાં પ્રાકૃત ભાષાઓ તેની શાખાઓ–તેનો ઇતિહાસ–નિયમો–સંસ્કૃત બંધારણ સાથે તુલના તેમનું સજીવત્વ, હાલની દેશી ભાષા સાથેનો માતાપુત્રીનો સંબંધ, કોશમાં સ્વીકારેલી કાર્યપદ્ધતિ–સહાયકોની નોંધ, પ્રાકૃત સાહિત્યને તેના બંધારણ સંબંધી જૈનેતરો ફાળો વગેરે વિષયોથી ભરપૂર પ્રસ્તાવનાની આશા છે તે બહાર પડયે ઘણું અજવાળું પડશે. વિશેષમાં સાથે સાથે આ કાર્ય કરતાં બીજા વિશેષ શબ્દો પણ એકત્રિત થયા હશે તે તેમજ બધામાં પ્રેસદોષાદિને લીધે રહી ગયેલી અશુદ્ધિઓનું પત્રક પણ છેવટના ભાગમાં આપશે.

દરેક જૈન લાયબ્રેરી, દરેક ગ્રંથભંડાર અને દરેક શિક્ષણ સંસ્થામાં આ કોશ રહેવોજ ઘટે એમ અમે ભારપૂર્વક કહીએ છીએ, એટલુંજ નહિ પરંતુ યુરોપાદિમાં રહેલી મોટી મોટી લાયબ્રેરીઓ તેમજ યૂરોપના ને હિન્દના ભાષાના વિદ્વાનોને આ કોશ ભેટ મોકલવા માટે જૈન શ્રીમંતોએ બહાર આવવું જોઇએ કે જેથી આ જૈન વિદ્વાનનો પરિશ્રમ અને તેની વિદ્વત્તાની કદર થાય; જૈન સમાજ બેકદર નથી એ પણ એથી સિદ્ધ થાય

૪ જલપ્રલયનાં સંકટો.

ગૂજરાત અને કાઠિયાવાડમાં પહેલાં નહિ પડેલો એટલો એક સાથે ધોધમાર અસાધારણ વરસાદ પડવાથી અનેક ઘરો તૂટી પડયાં, અસંખ્ય ઢોરો તણાઈ મુઆં અને માણસો ઘરબાર વગરનાં બની ઘણા વખત સુધી પૂરાં અન્ન વસ્ત્ર વગરનાં રહ્યાં, રેલ્વેની લાઇન તૂટી ગઇ અને ગૂજરાતનો સર્વ વ્યવહાર અટકી પડયો. ગૂજરાતની લીલી વાડી વેડાઇ, ભારતનું નંદન વન, સોનાની ગૂજરાત–તેનું નૂર હણાયું. ખેતરો ખેદાનમેદાન થયાં, તેથી એક વર્ષનું ધાન લૂટાયું, પણ સાથે અનેકનાં ઘણાં વર્ષો થયાં સંઘરેલાં રાચરચીલાં અને બનાવેલાં ઘરબારો વગેરે લૂંટાઈ ગયાં. આ સર્વના નુકશાનનો આંકડો મૂકવો એ મોટા ગણીતશાસ્ત્રીને પણ અશક્ય વાત થઈ છે. આ સાથે સિંધ, ઓરિસ્સા, બિહાર આદિમાં પણ જળની રેલથી કુદરતે મનુષ્યગણનાએ ઓછું નુકશાન કર્યું નથી. આ સર્વ જોતાં મનુષ્ય કુદરત પાસે શું ચીજ છે ?–અહંકારમાં મસ્ત રહેતો અને પોતાના બળથી કુદરતને દાસ બનાવવા માગતો મનુષ્ય તે શું ગણત્રીમાં છે ? એ ઉદ્‌ગાર સ્વભાવે નીકળી પડે છે. કલાપિ કહે છે કે:–

'કરૂં છું ને કર્યું છે મેં, જુઠું એ અભિમાન હા !
કરી તે શું શકે પ્રાણી, આ અનન્ત અગાધમાં.'

આ આવી પડેલાં સંકટ માટે ફંડની અપીલ થઈ ને તે ફંડ આવી મળ્યું.

આખા ગૂજરાતે અને ખાસ કરી મુંબઇએ ઘણો સુન્દર જવાબ આપ્યો. 'સેંટ્રલ રીલીફ ફંડ'માં આઠ લાખ ભરાઈ ચૂક્યા. સૌરાષ્ટ્રની સેવાસમિતિને ગૂજરાતની કોંગ્રેસકમિટીને લાખો રૂપીઆ મળી ચૂક્યા. પૈસા મળે છે, પણ ખરા કાર્ય કરનારા નથી સાંપડતા એ સામાન્ય નિયમ છે, પણ આ વખતે અનેક સ્વયંસેવકો આવી પડયા. 'સૌરાષ્ટ્ર'ના અમૃતલાલ શેઠની અને ગૂજરાતના સુખા 'વલ્લભભાઇ પટેલ' ની સરદારી નીચે ઘણા સેવકો સાંપડયા ને સંકટનિવારણનું કામ વિનાવિલંબે સર્વત્ર બન્યું તેટલું ઉપાડી લેવામાં આવ્યું અને બને તેટલી રાહત ખરે ટાંકણે ઘણાયને મળી ગઇ છે અને મળતી રહે છે. આ સર્વ સેવકોને અમે અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ; અને આવા સેવકો તાત્કાલિક ઉભા થઇ એકદમ કામ આવે એવી સ્થિતિ લાવનાર મહાત્મા ગાંધીજી અને તેમની ચળવળને મુખ્ય ધન્યવાદ ઘટે છે.

આવી વખતે ખરી સેવા આપવાના સહજ પ્રસંગ પ્રાપ્ત થતાં અનેક બહાદૂર વીરોએ જીવના જોખમે મદદ આપી છે. આ વર્ણનો વાંચતાં હૃદય ગજગજ ઉછળે છે. 'આવી સેવાનો આર્થિક બદલો હોયજ નહિ. એ ત્રાજવે એનું મૂલ્ય થાયજ નહિ.' એવા એક વીર નામે દાદાભાઇ પાંડીઆએ એકસો અને છ ને કાળના મુખમાંથી મુક્ત કર્યા. ત્યારે સાક્ષર શ્રી ઠાકોર જણાવે છે કે:–

'પ્રાચીન ગ્રીસમાં આવો મર્દ માણસ થયો હોત તો

તેની સંગે મરમરની પ્રતિમા સરજાઈ હોત આપણે તો એની છબી પણ સાચવી રાખવાની અક્કલ કે ગુણજ્ઞતા વાપરી નથી. નિઃસંશય જે પ્રજાઓમાં ઇતિહાસનાં સાધનો નથી ઉપજતાં, નથી જળવાતાં, નથી ચર્ચાતાં તે તે પ્રજાઓના અતિશય સ્વાર્થી અને અકૃતજ્ઞ સ્વભાવનું જ પરિણામ છે.'

આવી આફતોને લોકો 'કુદરતનો કોપ' સ્વાભાવિક રીતે કહે છેઃ મહાત્માજી લખે છે કેઃ—

'કુદરત તો કદી કોપ કરતી નથી. તેના કાયદા સારી ઘડિયાળની જેમ અચૂક કામ કરે છે. તેમાં સુધારા વધારા નથી થતા. તેમાં સુધારા વધારા કરવાનો અધિકાર પણ કુદરતે રાખ્યો નથી. તેમ કરવાની કુદરતને જરૂર પણ હોતી નથી. કુદરત સંપૂર્ણ હોવાથી તેના કાયદા પણ સંપૂર્ણ છે. પણ આપણે તે કદાચ જાણતા નથી તેથી જ્યારે તે અણધાર્યું કામ કરે છે ત્યારે તેને આપણે કુદરતના કોપને નામે ઓળખીએ છીએ.'

ત્યારે આમાંથી શું બોધ લેવો એ વિષયપર આવતાં તેજ મહાપુરૂષ ઉમેરે છે કેઃ—

'આ આપણાં પાપની શિક્ષા છે કે કાંઇક આવશ્યક લાભ દેનારી શરતી ક્રિયા છે તે ઈશ્વર જ જાણે છે. આપણે તેને આપણાં પાપોનું ફળ માનવું યોગ્યજ છે. નૈતિક પાપો ને આર્થિક પાપોની વચ્ચે મોટો ભેદ નથી, એટલું જ નહિ પણ બન્નેની વચ્ચે નિકટ સંબંધ છે. જૂઠું બોલવું એ એક જાતનું, ને નદીનું પાણી મેલું કરવું અથવા ખેતરમાં ઘઉંને બદલે અફીણનો કે તમાકુનો પાક વાવવો તે ત્રણ પાપોમાં પ્રમાણનો ભેદ છે, નીતિનો નથી. જૂઠું બોલનારનો આત્મા હણાય છે ને પાણી મેલું કરનારનો નથી હણાતો, અથવા તો અફીણનો પાક વાવનારનો આત્મા સુખી થાય છે એવું કંઈ નથી. જેમ આપણું જ્ઞાન શુદ્ધ થાય તેમ આપણું આપણાં પાપોનું જ્ઞાન વધે. પણ આ જ્ઞાનમાં વધારો થાય ત્યાં લગી પલાંઠી વાળી રહીએ, અને આપણી નરી આંખે જે નુકસાન થયેલું જોઇએ છીએ તેનો ઉપાય ન કરીએ તો મૂરખમાં ખપીએ. (માટે) જે કંઈ બને તે યથાશક્તિ મદદ સહુ દે; તેની હુંફ પ્રજાને વળ્યા વિના ન જ રહે.'

આમ અનેક સ્થળેથી 'અપીલો' નીકળતાં લોકોએ કંઈપણ જાતનો કોમ નાત જાત ધર્મ વગેરેનો તફાવત રાખ્યા વગર જે કંઇ બન્યું તે આપ્યું છે, ને હજુ તેઓ આપતા રહેશે. આથી રાહત અનેક સ્થળે સારી રીતે મળી ગઇ છે, અને સામાન્ય સંકટ કેટલીક રીતે ઓછું થયું છે. આવી રાહતમાંથી જે મધ્યમ વર્ગનાં માણસો—ન હોય પાસે પૈસા, ને ન માગી શકે ભીખ—એવાં માણસોની અતિ દુઃખિત સ્થિતિ છે. આનાં દુઃખો લહોવા જનાર, છૂપી રીતે મદદ ઘેર પહોંચાડનાર અનેક દાનવીર પુરૂષોનાં દૃષ્ટાંતો કથામાંજ છૂપાયાં છે. તેમનું કોઈ ભેલી નથી. આવા વખતે ખબર મળ્યા છે કે અમદાવાદમાં વિજયનેમિ સૂરિજીની પ્રેરણાથી લાખેક રૂપીઆનું ફંડ થયું છે. આ એક આનંદદાયક સમાચાર છે, પરંતુ સર્વસ્થળે જ્યાં લાચારી આવી હોય ત્યાં તો સર્વ નગરોએ યત્કિંચિત્ બને તેટલો સારો ફાળો એકત્ર કરવો ઘટે. ૨૮-૮-૨૭ ના ગાંડીવમાં જણાવવામાં આવ્યું છે કેઃ—

દક્ષિણ તરફના કેટલાક જૈન બંધુઓ ભાલના પ્રદેશમાં અને વઢવાણ તરફ એક દોઢ મહિના ફરી આવ્યા પછી અહી સુરતમાં શ્રી જીવનનિવાસમાં ઉતર્યા હતા. તેમની સાથે અમારા પ્રતિનિધિને વાતો થતા તેઓ પોસ પોસ આંસુએ રડી પડયા હતા. તેમણે જણાવ્યું કે અમે બધી સ્થિતિ બારીકાઈથી જોઇ છે. ભરતીમાં ભરતી થાય છે. કોળી વાઘરીનાં ઘર ભરાઇ ઝટ જાય છે. પણ ઉંચ કોમ માટે કોઇ ધ્યાન આપતું નથી. વચલા વર્ગનો મરો થાય છે. જૈનો તરફ તો કોઈની નજર પણ નથી. જૈનો માટે કોઈ પણ બાતા તરફથી—ગુજરાત કે કાઠીઆવાડ તરફથી ખાસ મદદે નીકળ્યું નથી. જૈનોની સંસ્થાઓએ આ પ્રશ્ન વિચારવા જેવો છે. એ ભલી ઉદાર દાનેશરી કોમનાં બાલુડાંજ શું વગર ધાન્યે ટળવળશે? અહીંથી જૈનધાર્મિક સંસ્થાઓ તાબડતોબ પોતાના તરફથી માણસ મોકલે એ ખાસ જરૂરનું છે.

આવી સ્થિતિમાં જાહેર ફંડ કર્યા વગર બાનગી ફંડ કરી યા ઉદાર શ્રીમંતોએ પોતાની મુડીમાંથી બાનગી અને છૂપી મદદ જેને ઘટે તેને આપવી જોઇએ, યા જે ઉઘીતી મદદ લેવા ઇચ્છે તેને તેમ કરી આપવાની સગવડ કરી આપવી જોઇએ. આ સંકટનિવારણના સમયે જાહેર ધર્માદા કે ફાળા પર નભેલી સંસ્થાઓએ પોતાનો ઘોડો કૂદાવી લોકોની ઉદારતાનો પ્રવાહ બદલાવવો ઘટે; યા તે પ્રવાહમાં અંતરાય ન નાંખવો ન ઘટે. એવા અંતરાય નાંખનારી વ્યક્તિ કે સંસ્થા, નથી પોતાનો સ્વાર્થ સાધી શકતી

–કદાચ થોડો ઘણો સધાયો તોયે તે પરિણામે ઉગી નીકળતો નથી–કે નથી બીજાનું હિત કરી શકતી. પ્રભુ! સૌને સન્મતિ આપો!

૫ કેશરીઆનાથજીના સંબંધમાં બે ઐતિહાસિક ઉલ્લેખો.

(૧) ક્ષમાવિજય પન્યાસ કે જેમણે સં. ૧૭૪૪ માં દીક્ષા લીધી તેમણે સં. ૧૭૭૫ ની આસપાસ ને સં. ૧૭૮૦ પહેલાં શ્રી **ધૂલેવાની** એટલે **કેસરીઆજીની** યાત્રા કરી હતી. જુઓ તેમનો નિર્વાણરાસ જૈનરાસમાળા પૃ. ૧૨૯.

ઉદયપુર ડુંગરપુરવાસ, સાગવાડી ધૂલેવિ મઝાર;
ઈડર વડનગરે આવીયા, વીસલનગર સહુને ભાવીયા.

(૨) ખરતરગચ્છની એક પટ્ટાવલિમાં ૭૦ માં જિનહર્ષ સૂરિ નામના પટ્ટધર સંબંધી હકીકત આપતાં જણાવેલું છે કેઃ—

પુનરપિ સં. ૧૮૭૬ શ્રી સંઘે ન સહ શિખરગિરિયાત્રાં चक्रुः। ततः पश्चाद् दक्षिण देशे अंतरिक पार्श्वनाथ, धुलेवगढ इत्यादि तीर्थयात्रां कुर्वता सं. १८८७ आषाढ सुदि १० तिथौ श्री वीकानेर श्री सीमंधर स्वामिमंदिरे पंचविंशति बिंबानां प्रतिष्ठा निर्मिता॥

એટલે કે 'ફરી સં. ૧૮૭૬ માં શ્રી સંઘસહિ શિખર (સમેત શિખર) પર્વતની યાત્રા કરી ત્યાર પછી દક્ષિણ દેશમાં અંતરીક પાર્શ્વનાથ, મગસી પાર્શ્વનાથ, ધુલેવગઢ (**કેશરીઆજી ઋષભનાથ**) ઇત્યાદિ તીર્થની યાત્રા કરતાં સં. ૧૮૮૭ ના આષાઢ સુદિ ૧૦ તિથિએ શ્રી વીકાનેરમાં શ્રી સીમંધર સ્વામિ મંદિરમાં પચીસ બિંબોની પ્રતિષ્ઠા કરી.'–વગેરે આમાં જણાવેલું છે કે કેશરીઆજીની યાત્રા શ્રી જિનહર્ષ સૂરિએ સં. ૧૮૮૭ ના આષાઢ પહેલાં કરી હતી, કે જેને અત્યારે ૯૬ વર્ષ થઇ ગયાં. બીજા ઐતિહાસિક ઉલ્લેખો હવે પછી જણાવીશું.

૬ 'ધર્મધ્વજ'ના 'સંપાદકનો સુર.'

'વિવિધ વિચારમાળા' નામનું પત્ર 'માત્ર છૂટક પત્રિકાઓ તરીકે અનિયમિત રીતે મણકા કાઢી' ત્રણ વર્ષ પછી 'ધર્મધ્વજ' એવું તેનું બીજું નામ રાખી માસિકના વેશમાં દેખા દેતું પત્ર હમણાં પોતાના છેલ્લા બારમા અંકમાં 'સંપાદકનો સુર' એ મથાળા નીચે 'કેશરીયાજીનું કોકડું' એ વિષયનું નામ રાખી અમારા સંબંધે બેસુર કાઢી 'અસમયોચિત' અને અણછાજતો પ્રલાપ યત્ર તત્ર કર્યો છે. એ આખો લેખ વાંચી અમને અમારા વક્તવ્યમાં જરા પણ ફેરફાર કરવાનું કર્ત્તવ્ય લાગતું નથી તેમ તેમાં 'જૈન ધર્મ પ્રકાશ'ના વિશેષણ નામે 'અસમયોચિત' જેવું જણાતું નથી. અમે અમારા વક્તવ્યને અક્ષરશઃ વળગી રહીએ છીએ.

'ધર્મધ્વજ'ના 'સંપાદક' મહાશય કોણ છે એ તેના તે અંક પરથી જણાતું નથી; તો આમ 'પ્રચ્છન્ન વ્યક્તિ' રહેવાનું તેને યોગ્ય લાગ્યું હોય તો તે એક જાતનું ભીરૂત્વ છે. તેના મુદ્રક અને પ્રકાશક એક જણાય છે અને અમે ન ભૂલતા હોઇએ તો તેઓ અજૈન છે. 'ધર્મધ્વજ' એ નામ રાખવામાં 'જૈન શાસનમાં ખરેખરો ધર્મધ્વજ ફરકાવવા'નો હેતુ હોવાને બદલે સંપાદકના આચાર્ય ધર્મવિજય (વિજય ધર્મ) સૂરિના નામનું સ્મરણ ચિન્હ ચિરંજીવ બતાવવાનો હેતુ પ્રાધાન્ય ભોગવે છે, એમ અમને લાગે છે. એ ચિન્હ જ્યાં જ્યાં રખાયું છે ત્યાં ત્યાં તેને સાચવવા, રક્ષવા, બહલાવવામાં જ પોતાનું ગૌરવ માનવામાં આવ્યું છે. ભક્તિના પ્રદર્શનમાં એ વાતો ભલે હોય તેની અમને કે કોઇને ચિન્તા નથી, પણ 'બહુ ડાહ્યા બહુ ખરડાય; હીરો ઘોઘે જઈ આવ્યો' વગેરે લેખો લખી અન્યને ઉતારી પાડવામાં અને પોતાનું ભભકતું બતાવવામાં ગૌરવ જ્યાં મનાયું છે ત્યાં તો શોભારૂપ આત્મગૌરવ સો સો ગાઉ દૂર ભાગે છે.

'એમનીજ (મોતીચંદ ભાઇની) મમા પાર્ટીના એક મેમ્બર' એવું ગ્રામ્ય ભાષામય અભિધાન અમોને આપીને, અને મોતીચંદભાઇની સામે સામી બાજુએ અમને મૂકીને અમારા બંને વચ્ચે વૈમનસ્ય વધારવાનો હેતુ રખાયો હોય તો સંપાદકજી ભીંત ભૂલ્યા છે. 'મમા પાર્ટી' એમાં સંપાદક! આપ કોનો કોનો સમાવેશ કરો છો? 'પાર્ટી' શબ્દનો અર્થ ભ્રાતૃગણ લેવાય, તો અમોને કોઈ પણ 'પાર્ટી'ના 'મેમ્બર'

થવામાં ગૌરવ છે. બાકી તેનો અર્થ એક પક્ષ, બીજાથી વિભિન્ન પક્ષ આપ કરતા હો તો આપ તેવી 'પાર્ટી'માં શું નથી? તેનો જવાબ આપશો? તે પાર્ટીનું નામ 'ધર્મપાર્ટી' છે. આ પાર્ટી પણ ભમા વગર ટકતીજ નથી. મ વગર 'ધર્મ' એ શબ્દજ થઇ શકતો નથી. અને તેજ રીતે 'ધર્મધ્વજ.' વળી મકાર વાચક 'ધર્મપાર્ટી'માં જાણિતા વાચક છે.

પાર્ટીને છોડી દઇએ તો ધર્મ તો ઉત્તમ વસ્તુ છે. અને ધર્મ નામમાત્ર ન રાખતાં તેનો સદુપયોગ કરવામાં આવે તો તે વ્યક્તિ તેમજ સમાજને ઉન્નતિના માર્ગમાં લાવી છેવટ મકાર વાચક 'મોક્ષ' મેળવી આપે છે. બાકી ધર્મના નામને જ્યાં ત્યાં ધુસાડી તેનો દુરૂપયોગ કરવામાં આવે તો ખરો અર્થ –શુદ્ધ હેતુ સરતો નથી–'ગફલતની નીંદમાં સૂતેલી કોમની દુર્દશા' થાય છે. તે પર એક હિન્દી કવિ કહે છે કેઃ—

जो कौमकी हालत है बताइ नही जाती।
ख्वाहिश है, पर जुबान हिलाइ नही जाती॥
चुप भी नहीं रह सकते हम मौकेको देख कर।
हमसे तो सच्ची बात छिपाई नही जाती॥
अब धर्म धर्म ही का शोरोगुल है सब तरफ।
'है धर्म क्या', यह बात बताई नही जाती॥
जो धर्मसे वाकिफ नही हैं उनके वासते।
अब धर्म-पुस्तकें भी छपाई नहीं जाती॥
हर बातमें बस धर्मका पाखण्ड लगा है।
लेकिन किसीके दिलसे बुराई नही जाती॥

વળી આ કવિ કેટલુંક દુર્દશાનું વર્ણન કરી છેવટે કહે છે કેઃ—

पंडित तो सोचते हमें क्या फिक्र कौमकी।
अपनी तो यार दूध मलाई नही जाती॥
करते सुधारको कों है बदनाम झूठमूठ।
अफसोस इन लोगोंकी ढिठाई नही जाती॥
ऐ पंडितो दिल भरके इस दुनियांमें करो मोज।
कम्बख्त मौत भी अभी आई नही जाती॥
गफलत की नींदमें पडी है कौम इन दिनों।
कोइ निशांनी होशकी पाई नही जाती॥
'बेदिल' की शायरी भी बस बेकार है, अगर।
सोई हुई यह कौम जगाई नही जाती॥

શ્રીમદ્ આનંદઘનજી પણ બરાબર કહે છે કે 'ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધર્મનો જાણે ન મર્મ.'

વ્યક્તિ કે સંસ્થા, વિદ્વાન્ કે અજ્ઞ, શ્રીમંત કે રંક, સાધુ કે સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા, પત્રકાર કે પત્રવાંચક–સૌ પોતપોતાના શુદ્ધ ધર્મ સમજે–કર્ત્તવ્યમાં મૂકે, અન્યને સમજાવે અને કૃતિમાં મૂકાવે તો 'સુર' કહિ બેસુરો ન થાય ને કોમ તથા દેશની વીણાનો મધુર સ્વર–ધ્વનિ ચારે બાજુ ફેલાઈ આનંદ આનંદ ઉપજાવે.

સંપાદકજી! **ગેરસમજુત કરી** અને **ગેર સમજુત થઈ** એ બેમાં કંઇ ભેદ છે, કે નહિ? કે આપને મન એ બંને સમાન ભાવજ બતાવે છે? પક્ષગ્રહ વગરના જે 'સુજ્ઞ' સંપાદક હોય તેને તો તે બંનેમાં જરૂર ભેદ લાગશેજ અને તેવા સંપાદક '(અમો) લાઇ મોતીચંદ ઉપર **ગેર સમજુતી ઉભી કર્યાનો** અનુચિત આરોપ મૂકયા વગર રહી શક્યા નથી' એવું મિથ્યાવચન કદિ પણ ઉચરી શકેજ નહિ, અને અત્યંત (કે કિંચિન્માત્ર પણ) દીલગીર થઈ શકેજ નહિ. અમે અમારા વિષયમાં તે ભાઇને કે કોઇને ધન્યવાદ આપવા બેઠા નહોતા, તેથી તેમને કે કોઇને ધન્યવાદે નથી આપ્યો, તેમજ તેમને કિંચિન્માત્ર વગોવ્યા કે ઉતારી પાડયા નથી. હવે બીજી બાબત લઇએઃ–અમુક કમિટીમાં વિરૂદ્ધ પડી જુદી 'મિનિટ' લખવાથી ગેર સમજુતી જે ઉભી કરી હતી તે સંબંધમાં નોંધ આપવાનું અમે જે વચન આપ્યું હતું તે અમારો ઉક્ત લેખ જે અંકમાં પ્રકટ થયો તેમાં તે પાળી આપવાનું અમારૂં કર્ત્તવ્ય હતું પણ તે બને તેમ નહોતું એ અમારે ટુંકમાં જાહેર કરવાની ફરજ હતી તેથી જે એકજ નોંધ નામે શ્રી કેશરી-આજી પ્રકરણની નોંધ લખતાં બહુ લાંબી લખાઇ, તેમાંજ તે જાહેર કરીને અમે બરાબર અર્થોચિત 'સગપણ' સાચવ્યું છે. વળી જે સંપાદક પોતાના તેજ વર્ષના પત્રના આઠમા અંકમાં 'શ્રીયુત મુનશી અને જૈન સમાજ' એ મથાળા નીચે ગરમ, ઉતકટ

અને ઉદ્દામ પગલાં સૂચવતો 'સુર' કાઢે છે તે સંપાદક કયે મોઢે, જે સુર આમાં કાઢયો છે કે "મોતીચંદભાઈ મુનશી કમીટીમાં જુદા પડયા એનું શું કારણ? એ જો અમને કોઇ પૂછે તો, અમો 'મુનશી પ્રકરણનું શું પરિણામ આવ્યું છે' એજ કારણને આગળ કરી શકીએ' તેવો સુર, કાઢી શકે? આ તો બે અતિ ભિન્ન જાતનાં પાન એક દાંતથી ચાવવા જેવો ઘાટ થયો. એ આઠમા અંકમાંનો 'સુર' અત્યારે આમાં પ્રકટ કરવા ઇચ્છતા નથી; અમે સમાધાન વૃત્તિવાળા છીએ. સંપાદક સમાધાન કરાવે યા પોતાને ને પોતાના સમાજને તેમજ સામા લેખકને માન ભરેલો માર્ગ કાઢી આપે તો તો ખરેખર તેને તેમ કરવામાં જરા પણ વિક્ષેપવંતા થયા વગર અમે ધન્યવાદ આપીશું. અમે ઇચ્છીશું કે તે તેમ કરી ખરા 'ધર્મધ્વજ'ના ખરા 'સુજ્ઞ' સંપાદક બને.

જૈન ધર્મ પ્રકાશે ધર્મધ્વજના 'સુજ્ઞ સંપાદકના સુર' પોતાના ભાઇ અને અમારા સંબંધેના પ્રકટ કર્યા તો તેમણે પહેલાંના તેજ ભાઈ સંબંધીજ કરેલા સુરો અત્યાર સુધીમાં કેમ પ્રગટ નહિ કર્યા તેનો તે ભાઇબંધ પ્રકાશકાર ખુલાસો આપશે કે?

૭ જુગમંદિરલાલ જૈનીનો સ્વર્ગવાસ.

દિગંબર ભાઇઓમાં ધર્મ પ્રેમી સુશિક્ષિતોમાં શ્રીયુત જૈનીનું ઉંચું સ્થાન હતું. તેમણે M. A. LL. B. બારિસ્ટર થઇ ઇંદોરમાં ન્યાયાધીશનું પદ સ્વીકાર્યું હતું. ઇંદોર ધારા સભાના કાયદાના સભ્ય અને સભાપતિ બન્યા. 'જૈનગેઝેટ' નામના અંગ્રેજી માસિકના તેઓ એક સ્થાપક હતા અને તેના તંત્રી તરીકે અનેક વર્ષો સુધી કાર્ય કર્યું છે. સમગ્ર જૈન સમાજમાં અંગ્રેજી માસિક કાઢવાની પહેલ કરનારા ને તેને અત્યાર સુધી નિભાવનારા દિગંબરી સુશિક્ષિત ભાઇઓજ છે. જૈની મહાશયે સર્વ જૈન સંપ્રદાયો પ્રત્યે પ્રેમભાવ, તેની એકતા, શ્રી મહાવીર પ્રભુના સર્વ સંતાનો વચ્ચે હોવી જોઇતી સર્વ પ્રકારની સમાનતા, વગેરે વિચારો સ્પષ્ટતાથી દર્શાવી પોતાની ઉદારચિત્તતા સિદ્ધ કરી હતી. તેમણે outlines of Jainism અને તત્વાર્થાધિગમ સૂત્રનું અંગ્રેજી ભાષાંતર એ બે પુસ્તકો ઇંગ્લંડમાં છપાવી બહાર પાડયા છે, અને વિશેષમાં હમેશાં અભ્યાસમગ્ન રહી અનેક લેખો પુસ્તકો લખ્યા છે કે જે અપ્રસિદ્ધ છે. તેમનું સ્વર્ગગમન ઇંદોરમાં ૧૩ મી જુલાઇ ૨૭ ને દિને થયું.

તેમણે દ્રવ્યને પ્રાપ્ત કર્યું ને તેનો સદુપયોગ પણ કર્યો. મૃત્યુ પહેલાં 'વિલ' વસિયતનામું કરી પોતાને જે જે ખર્ચવાનું અને સ્વજનને આપવાનું હતું તે આપી કુટુંબની બરાબર વ્યવસ્થા કરી બાકીની સર્વ મિલ્કત માટે લખી ગયેલ છે કે:-

'આ સર્વ મિલ્કત નીચે લખેલી દેણગી અને ખર્ચો કર્યા પછી જે બચે તે મારા ટ્રસ્ટીઓએ માનવ સમાજના હિત અર્થે જૈન ધર્મના રક્ષણ અને પ્રચારમાં વાપરવી. મારી ખાસ ઇચ્છા એ છે કે તેઓ મારી અપ્રસિદ્ધ કૃતિઓને પ્રકટ કરે અને મારા મિત્રો નામે ડાકટર થૉમસ (ઇંડિયા ઑફિસવાળા) તથા હર્બર્ટ વૉરન (નં. ૮૪ શેલ્ગેટ રોડ, બૅટર્સી લંડનવાળા)ની સાથે નિમંત્રણા કરી 'જૈન લિટરેચર સોસાયટી' અને 'મહાવીર બ્રધરહુડ' લંડનને મદદ કરવી.'

આવી રીતે જૈન ધર્મ અને સાહિત્ય-પ્રત્યે અપૂર્વ પ્રીતિ રાખનાર, તે માટે તન મન અને ધનનો હૃદય પૂર્વક વ્યય કરનાર તે સુશિક્ષિત જૈન બીજા સુશિક્ષિતો અને ગ્રેજ્યુએટોને અનુકરણીય દૃષ્ટાંત રૂપે થાય, અને તેમના આત્માને શાંતિ મળે એમ પ્રભુ પાસે યાચીએ છીએ.

૮ બીજાં અવસાનો.

કલકત્તામાં રહી વ્યાપાર કરતા જૈન ગ્રેજ્યુએટ રા. દયાલજી ગંગાધર ભણશાલી કે જેના લેખોથી અમારા વાંચકો પરિચિત છે તે એકાએક સ્વર્ગવાસ પામ્યાના ખબર મળ્યા છે.

પારસી માણેકજી જૈન થયેલા તેમણે હમણાં પુનામાં દેહત્યાગ કર્યો. આ બંને ભાઇઓના આત્માને શાંતિવાળી સુગતિ પ્રાપ્ત થાઓ.

વિવિધ નોંધ.

(કૉન્ફરન્સ ઑફીસ-પરિષદ્ કાર્યાલય તરફથી)

૧ શ્રી કેશરીઆનાથજી તીર્થ પ્રકરણ.

આ તીર્થને અંગે દિગંબરીભાઇઓ તરફથી છાપાઓદ્વારા ચર્ચાનો સાગર ઉલટાવી તથા અન્ય દરેક રીતે ભગીરથ પ્રયત્નો કરી શ્વેતાંબર સમાજને ઉતારી પાડવા માટે તનતોડ પ્રયાસ થયો. વળી એવી પણ વાત ચલાવવામાં આવી કે આ કૉન્ફરન્સ તરફથી મરણ પામેલા દિગંબર ભાઇઓ માટે દિલગીરી સરખી પણ જાહેર કરવામાં આવી નહિ. એ સબંધે આ માસિકના ગતાંકમાં પ્રકટ કરવામાં આવેલા દિગંબરભાઇઓ સાથેના પત્ર વ્યવહારમાં અમારા તા. ૧૪-૫-૨૭ ના નં. ૧૮૮૬ વાળા પત્ર તરફ વાંચક વર્ગનું ધ્યાન ખેંચીએ છીએ; સાથે સાથે એટલું પણ ધ્યાન ખેંચવા જરૂર જણાય છે કે દિગંબરો સંસ્થાના સેક્રેટરી તરફના પત્રોમાં ભાષાની શિષ્ટતા કે મર્યાદા કે સુરુચિ પણ દેખાતી નથી.

ઉદયપુરમાં અમારો ખાસ ખબરપત્રી.

આ ઝઘડાને અંગે ઉદેપુરથી તેમજ ઉદેપુર નિવાસી અહિ રહેતા કેટલાક ભાઇઓ તરફથી એક ખાસ ખબરપત્રી ઉદેપુર મોકલવા અમને વિનંતિ કરવામાં આવતાં પ્રસંગની જરૂરીઆત સમજી સંસ્થાના એક હિંદી, ગુજરાતિ અને અંગ્રેજી જાણનાર કલાર્ક મી. માણેકલાલ ડી. મોદીને મોકલવામાં આવ્યા હતા. તેના તરફથી વખતો વખત ત્યાંની પરિસ્થિતિ અમને જણાવવામાં આવતી હતી. છેવટે તેના તરફથી અમને લખી જણાવવામાં આવ્યું છે કે દિગંબરીઓએ મ્હોટા પાયા પર કરેલી ચળવળથી પોતે ઉદેપુર સ્ટેટ સિવાયના સાધારણ જૈન તેમજ જૈનેતર સમાજને ખોટી હકીકતો પૂરી પાડવાનાં કાર્ય સિવાય વિશેષ કઇ કર્યું હોય એમ ત્યાં મનાતું નથી. આ પ્રશ્નની ગંભીરતા વિચારી દિગંબરી ભાઇઓની આગ્રહ ભરેલી માંગણી પરથી સંપૂર્ણ તપાસ કરવા માટે કમિશનની નિમણુંક રાજ્ય તરફથી કરવામાં આવી છે. આ કમિશનમાં દિગંબરીઓ તરફથી એમ ભવિષ્યમાં કહેવાની તક ઉપસ્થિત ન થાય કે અમારી પીઠ પાછળ આ તપાસ થઈ છે એટલા કારણુસર ચાલુ તપાસ દરમીઆન તેઓ તરફથી એક સભ્ય હાજરી આપે એવી ઉદેપુર રાજ્ય તરફથી ગોહવણ કરવામાં આવી છે. છતાં ભવિષ્યમાં પુકાર ઉઠાવવાની બારી ખુલ્લી રહે તે હેતુથી યા અન્ય કોઇ કારણુસર હજુ સુધી દિગંબરી ભાઇઓએ તેવો પોતાનો પ્રતિનિધિ સામેલ કર્યો નથી. બીજું કમિશન ધ્વજદંડ સબંધી તપાસ માટે નિમવામાં આવ્યું છે.

૨. જલપ્રલય અને આ સંસ્થા.

ગુજરાત કાઠીયાવાડ અને કચ્છ વગેરે પ્રદેશોમાં અતિવૃષ્ટિ અને તોફાનના પરિણામે જે ભયંકર રેલ અને આફતનો પ્રકોપ કુદરતે વરસાવ્યો છે તે જોઇ સૌના હૃદય દ્રવે એ સ્વાભાવિક છે. આ ભયંકર સંકટના ભોગ આપણા જૈન તેમજ જૈનેતર અનેક બ્હેનો અને બંધુઓ થઇ પડયાં છે તે તરફ અમારી સંપૂર્ણ દિલસોજી દર્શાવીએ છીએ. આ વખતે સર્વે રેલ પીડિત બંધુઓને સહાય કરવા સેંટ્રલ રિલિફ ફંડ ઉભુ કરવામાં આવ્યું છે, જેમાં જૈનોએ હમેશ મુજબ અનુકંપાર્થે આર્દ્ર બની મોટો ફાળો આપી જૈન આદર્શોની વિશાળતાનો પરિચય જનસમાજને આપ્યો છે. અત્રે જુદા જુદા શહેરો માટે અનેક સજ્જનોએ અને કપોળ પાટીદાર વગેરેએ પોતપોતાની કોમોને વિશેષ સહાય આપવા ફંડો કર્યા. આમ સંકટમાંથી ઉગારવા અનેક સંસ્થાઓ તરફથી વિવિધ પ્રયાસો કરી મ્હોટાં ફંડો એકત્રિત કરવામાં અત્રે શ્રી મહાવીર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પણ એક નાટય પ્રયોગ કરી આશરે રૂ. ૪૩૦૦ સેંટ્રલ રિલિફ ફંડમાં આપ્યા. જૈન સમાજના ધંધા અને કમાણીના સાધન વિનાના થઈ પડેલા અસહાય્ય જૈન ભાઇઓ અને બ્હેનો માટે લોન વગેરેની મદદ આપવા એક વિશાળ ફંડ

કરવા અમારી ખાએશ હતી અને તેવી જરૂરીઆત અમે જોતા હતા. પરંતુ કેટલાક બંધુઓની એવી ઈચ્છા હતી કે સમગ્ર સમાજમાંથી વિખૂટા પડવાનો દાખલો આપણે પાડીએ તે ઠીક ન ગણાય. દરમીઆન સંસ્થાની સ્ટેન્ડીંગ કમિટીના એક સભ્ય રા. ડૉ. નાનચંદ કે. મોદી તથા અન્ય ગૃહસ્થો જે આ પ્રલયનું ભયંકર પરિણામ નજરે જોઇ આવ્યા તેઓના અહેવાલો અને બેડા તરફથી 'ટાઇમ્સ ઓફ ઈન્ડીઆ' જેવાં પેપરમાં જે અપીલ જૈનોને લોન રૂપે સહાય માટે બહાર પડી હતી, તેમજ મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ તરફથી એક અપીલ બહાર પાડવામાં આવી એ બધુ વિચારતાં સંસ્થાની સ્ટેન્ડીંગ કમિટીની એક તાબડતોબ મીટીંગ બોલાવવામાં આવી હતી. તે વખતે અહિંના શ્રીમન્ત વર્ગને તેમજ સંસ્થાઓ વગેરેને ખાસ આમંત્રણ આપી બોલાવવામાં આવ્યા હતા. આ કમિટીએ ઠરાવ કરી આ કાર્ય માટે જાહેર સભા બોલાવવાનું ઉચિત ધાર્યું તેથી તેવી સભા તા. ૨૦-૮-૨૭ ના રોજ લાલબાગમાં ઇતિહાસ તત્ત્વમહોદધિ પૂજ્ય જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયેન્દ્રસૂરીશ્વરજી મહારાજના પ્રમુખ સ્થાન હેઠળ બોલાવવામાં આવી હતી.

આ વખતે મુંબઇમાં જૂદા જૂદા ઉપાશ્રયોમાં બિરાજતા મુનિમહારાજાઓ શ્રીમન્તો અને અન્ય ગૃહસ્થોને ફળફ વિનંતિ કરી હાજરી આપવા જણાવવામાં આવ્યું હતું. આ સઘળા પ્રયાસો છતાં પરિણામે સમાજ તરફથી સંતોષકારક જવાબ ન મળતાં સભા કાર્ય કર્યા વિના વિખરાઇ હતી એ ખરેખર ખેદની વાત છે. સમાજના વિચારકો આ સ્થિતિ થવાનાં કારણો વિચારશે અને સમષ્ટિના મહત્ત્વના પ્રશ્નોમાં વ્યક્તિગત દૃષ્ટિબિંદુઓ કે ભાવો કેમ આડે આવે છે તેનો ખ્યાલ કરશે. આપણામાં સમષ્ટિની ભાવના કયારે જાગશે ? સમષ્ટિના ધ્યેય સામે પોતાનાં વ્યક્તિત્વ કે સ્વત્વનો ભોગ આપતાં સમાજ કયારે શીખશે ?

૩ જૈનો હિંદુ ગણાય કે ?

પુના–ખડકી–કેન્ટોન્મેંટ ચુંટણી 'ઇલેકશન' પ્રસંગે ત્યાંના ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ મી. પી. બી હેગ તરફથી તા. ૩૧–૫–૨૭ Mil ૧૯૬નો એક પત્ર કેન્ટોન્મેટ બોર્ડના સેક્રેટરી અને એકઝીકયુટીવ ઑફીસરને લખવામાં આવ્યો હતો જેનો બીજો પેરેગ્રાફ નીચે જેમનો તેમ આપીએ છીએ.

As regards Schedule I of the Electoral Rules, Jains Sikhs and Buddhists are not Hindus. They should be classified among 'Others' and not included among 'Hindus' એટલે તેમાં જણાવવામાં આવ્યું છે કે જૈનો, સીખો અને બૌદ્ધો હિંદુ નથી. તેઓનુ વર્ગીકરણ 'બીજાઓ' ના મથાળા નીચે કરવું અને 'હિંદુઓ' માં નહિં. આ સંબંધે પૂના ખડકી વગેરે સ્થળે પુષ્કળ ચલવલ અને ઊહાપોહ થયો છે એમ ખડકીના જૈન પંચના સેક્રેટરી તરફથી અમને તા. ૧૮–૮–૨૭ ના પત્ર સાથે તેમણે કરેલી ચલવલ સબંધે સંપૂર્ણ અહેવાલ મલ્યો છે તે પરથી જોઇ શકાય છે. આ ચલવલ ઘણી મોડી શરૂ થએલી હોવાથી તાત્કાલીક કંઇ બને તેવું નથી. પરંતુ 'ચુંટણી' ની હાલની વરણી બ્રહાલ થયા પછી સરકાર તે સંબંધે કંઈ પણ વિચાર ચલાવે એવી આશા આપવામાં આવી છે. આ ચલવલ સંબંધે અમને ખબર આપવામાં આવી કે તુરતજ પહેલો પત્ર સંસ્થા તરફથી મી. પી. બી. હેગ ડીસ્ટીકટ મેજીસ્ટ્રેટ પુના– એમને લખવામાં આવ્યો હતો જે તેમજ તેનો મળેલો જવાબ નીચે પ્રકટ કરીએ છીએ.

27th July 1927.

No. 2758.

From,

The Resident General Secretaries,
Shri Jain Sweatamber Conference
20 Pydhoni, Bombay.

To,

P. B. High Esq, M.L.A.I.C.S.
District Magistrate, Poona.

Sir,

Our attention has been drawn to a copy of your letter No, Mil 196 dated 31st May 1927 and addressed to the Executive Officer and Secretary Cantonment Board Poona.

The said letter states that as regards Schedule 1 of the Electoral Rules, Jains, Sikhs and Buddhists are not Hindus. They should be classified among "Others" and not included among Hindus.

In the interest of the Jain Community it is essential to know whether the Division in the Electoral Roll is being made according to race or according to religion.

If the division is by race, the jains must be classed with the Hindus. If it is by religion and if separate mention is necessary please do not group them under heading "Others" with Sikhs and Budhists. The Jains are an influential and mercantile community and should be separately mentioned.

Anticipating an early reply,

Yours etc.

Resident General Secreraries.

28th July 1927.
No. Mil. 196.

From,
P. B. Haigh, Esquire, M.L.C.I.C.S.
District Magistrate, Poona.

The Resident General Secretaries,
Shri Jain Swetamber Conference,
20, Pydhoni, Bombay.

Poona, 27 July 1927.

Sir,

With reference to your letter No. 2758 dated 24th July 1927. I have the honour to state that in my opinion the classification, prescribed by the Rules is based on the criterion of religion, and I have advised the Executive Officer Poona Cantonment accordingly.

2. Until the receipt of your letter I have received no communication on the subject. But I understand that the matter has been referred to the Commissioner, C. D. who will obtain a decision from Government.

Your Most Obedient Servant,
District Magistrate,
Poona.

ખડકીના જૈન પંચ તરફથી મળેલો પત્ર વ્યવહાર જોતાં તેમજ તા. ૨૮-૭-૨૭ ના અમારા પર ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટનો પ્રત્યુત્તર જોતાં જણાય છે કે આ બાબત સંબંધે પ્રથમ પત્ર કૉન્ફરન્સ સંસ્થા તરફથીજ લખાયો હતો. ઘટતી ચલવલ રા. ભાઇ શીકીલાલ ધમંડીલાલ વગેરે પૂનાના જૈન બંધુઓ તરફથી થઇ છે પરંતુ આટલેથી ન અટકતાં જેઓ સાથે તેમણે પત્રવ્યવહાર કર્યો છે તેઓને સતેજ રાખવા આ બંધુઓ ભવિષ્યમાં ચુકશે નહિં અને પોતાનું કાર્ય ચાલુ રાખશે. હિંદુ મહાસભાના સેક્રેટરી રા. અમૃતલાલ દલપતભાઇ શેઠ તથા સારાભાઇ નેમચંદ હાજી વગેરે સર્વે પોતાથી બનતું કરશેજ એવી અમને ખાત્રી છે અને જરૂર પડે આ પ્રશ્નને પોતે જે જે ધારાસભામાં બિરાજે છે તેની સમક્ષ રજુ કરી યોગ્ય નિર્ણય લાવવા ઘટતું કરશે.

૪ ખારચી (મારવાડ જંકશન) નો પત્ર.

મારવાડ જંકશન પાસે આવેલાં ખારચી ગામના

દેરાસરના ઉપાશ્રયમાં એક યતિજી રહે છે અને તેના તરફથી તેમજ તેના માણસો તરફથી આશાતનાઓ થતી હોવાની એક ફરીઆદ ત્યાંના વતની શેઠ હિંમતમલ હીરાચંદ તરફથી અમને લખી જણાવવામાં આવી છે. આ બાબ વિશેષમાં જણાવે છે કે દર્શનપૂજન કરવાની યતિમહારાજ મના કરે છે. આ હકીકત યતિ કૉન્ફરન્સના માનદ મંત્રીઓને જણાવવામાં આવી છે પરંતુ જવાબ નથી. ઉક્ત બાબની વખતો વખતની માગણીને માન આપી કૉન્ફરન્સ સંસ્થાના પ્રો. સેક્રેટરી ચંદનમલજી નાગોરીને તપાસ કરવા જણાવતાં તેઓ જણાવે છે કે આ ફરીયાદ કરનાર તેમજ યતિજીને આપસ આપસમાં કંઇ ઝઘડો છે. શ્રીયુત હિરાલાલ સુરાણાને સ્થાનિક તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. તેઓ જણાવે છે કે મંદિરમાર્ગી માત્ર અરજદાર અને તેના ભાઇ એ બન્નેજ છે બાકીના જૈનો તેરાપંથી છે. ચંડાવત ઠાકોરની હકુમતનું આ ગામ હોઇ તેની કોર્ટમાં કંઈ ફોજદારી કામ આ બન્ને વચ્ચે એટલે કે, યતિજી અને હિંમતલાલજી વચ્ચે ચાલે છે. છેલ્લી ખબર તો, મંદિરમાં થતાં અયોગ્ય વર્તન સંબંધમાં કલહે જોશ પકડયું છે એમ મળી છે. અમે દીલગીર છીએ કે આ વીસમી સદીમાં પણ આવા ક્ષુદ્રકલહો ચાલુ છે. અમે યતિજી અને હિરાચંદજીને વિનંતિ કરીએ છીએ કે બન્ને અંદર અંદર સમજી જઈ કલેશ શમાવશે અને તેમ ન થઇ શકતું હોય તો કોઇ પ્રતિષ્ઠિત વ્યક્તિને વચમાં નાંખી સમાધાન લાવશે.

૬ સુકૃત ભંડાર ફંડ:—

ગુજરાત કાઠીયાવાડમાં જલપ્રલયથી જે સંકટ ઉભું થયું છે તે જોતાં આ પ્રદેશોમાં **ઉપદેશકોના પ્રવાસમાં જે વિભાગો બાકી રહ્યા છે તેમાં શ્રી સુકૃત ભંડારફંડ ઉધરાવવાનું કાર્ય મુલતવી રાખવામાં આવે છે.**

સંસ્થાના ઉપદેશક મી. પુંજલાલ પ્રેમચંદ શાહની બદલી મારવાડ વિભાગમાં કરવામાં આવી છે. જેથી તેઓ હવેથી મારવાડ સંસ્થાનું પ્રચાર કાર્ય કરશે.

આ ફંડ માટે કાર્ય કરતા ઉપદેશકોએ જૂદે જૂદે સ્થળે પ્રવાસ કર્યો હતો અને જીવદયા, કેલવણી પ્રચાર, હાનિકારક રિવાજો દૂર કરવા વગેરે વિષયો પર ભાષણો આપ્યાં હતાં અને સુકૃત ભંડાર ફંડમાં તેઓ મારફતે નીચે મુજબ વસુલાત આવી છે.

ઉપદેશક વાડીલાલ સાંકલચંદ તા. ૨૭-૬ ૨૭ થી તા. ૫-૮-૧૯૨૭ સુધી ભાત ૫), કોચરીયા ૨), બદરખાં ૮।), કાવીઠા ૧૦), ચરોડા ૧૪), વાસણોકલીયા ૩), કોઠનગર ૩૩), બુંદી ૧), સરગવાડા ।।), ભોલાદ ૫), મોટીબોરુ ૧), પીપલી ૫), કેદરા ૨।।), નાનોદરા ૫), બાવલા ૩૫।।), રાસમ ૩।), ઉતેલીઆ ૪), ઉચ્છદ ૯।।), માસર ૧૪।।), વાવલી ૨), માસરરોડ ૪૪), કુસડ ૬।।) રવાસદ ૧૦), મોભા ૮।।), કુલ રૂ. ૨૩૩)

ઉપદેશક પુંજાલાલ પ્રેમચંદ તા. ૨૭-૬-૨૭ થી તા. ૫-૮-૨૭ સુધી. ડેંગુચા ૪।।।), ખારેજ ૧૦), નારદીપુર ૧૯।।), સોજા ૩૧।।।), જમલા ૨૬।।), વેડા ૧૧), બાલુવા ૫।), ઉનાઉ ૭।।।), આદરજ ૬।।), સરઢવ ૪।), ટિંટોડા ૭।), રાંધેજા ૨૬।), ધુમાસણ ૧।।।), રાજપરા ૧૨), એંદરાડ ૪।।), ડાંગરવા ૧૩।), કરંસણ ૨।।), કીમોલ ૩૭।।), નંદાસણ ૨), ઉંટવા ૨।।।), કુલ રૂ. ૨૩૩)

ઉપદેશક કરસનદાસ વનમાલી તા. ૨૭ ૬ ૨૭ થી તા. ૫-૮-૨૭ સુધી. બારડોલી ૫૫), વાંકાનેર ૧૨), આલુગાંવ ૯), સેજવાડ ૧૨), બાજીપુરા ૫૯), અચ્છારી ૨૨), સંજાણ ૮), ખતરવાડ ૮), બોરડી ૧૯।), દેહણ ૨૦), સામટા ૧૮), શ્રીગાંવ ૮।), ફણસા ૧૮), કુલ રૂ. ૨૬૮।।)

૭ બગડી (મારવાડ) મુકામે મળેલું યતિસંમેલન.

ગત વૈશાખ શુદિ ૫ મી ના રોજ ઉક્ત સ્થળે યતિઓનું એક સંમેલન મલ્યું હતું. તે સંબંધી ઉલ્લેખ આમાથી પ્રકટ થતાં 'શ્વેતાંબરજૈન'ના તા. ૧૬ મેના અંકમાં કરવામાં આવ્યો છે. આ સભાનું પ્રમુખસ્થાન પ્રતિષ્ઠાકારક પં. પ્ર. યતિશ્રી લબ્ધિસાગરજી મહારાજે સ્વીકાર્યું હતું અને મ્હોટી સંખ્યામાં યતિમહારાજાઓએ હાજરી આપી હતી. યતિ સંઘના પુનરુત્થાન માટે આ સંમેલનના યોજકોને અમે

ધન્યવાદ આપીએ છીએ. કાશીનિવાસી વિદ્યાલંકાર પં. યતિ હીરાચંદ્રજી જેઓએ કાર્યમાં બહુજ રસપૂર્વક ભાગ લીધો હતો તેમના તરફથી અમોને તા. ૫-૭-૨૭ ના પત્રથી ઉક્ત સંમેલનમાં પસાર થએલા ઠરાવો પૈકી નીચેનો ઠરાવ મોકલી આપવામાં આવ્યો છે.

" यह सभा प्रत्येक यतिभाइयोंसे सानुरोध पूर्वक नम्र निवेदन करती है कि एक भारतीय यति परिषद की स्थापना करना आवश्यक है. जिसमें सभी प्रान्तके मान्य आगेवान यति महाराजों के द्वारा चुने हुए सुयोग्य विद्वान् यति रहै. उनका अधिकार समग्र यति समाज के विचारानुकूल नविन व्यवस्था करने का हो. और वे लोग यति संघ के पुनरुत्थानके लिये सभी तरह के कार्योंको सुचारु रुपसें करनेका अधिकार उनको रहै. यति परिषद्की प्रमाणिकता व विश्वास के लिये उसपर जैन श्वेतांबर कोन्फरन्सकी देखरेख रहै और समयानुकुल कॉन्फरेन्स इसको उचित सलाह दीया करे और जैन श्वेतांबर कॉन्फरन्स सभी तरहसें यतिसंघको सहाय करे जिससे यतिसंघमें जागृति और सुचारु रूपसें संघटन होगा. और उनपर पूर्ण विश्वास होगा इसके लिये भारतीय यतिमहाराजोंका ध्यान इस तरफ यह यतिसभा आकर्षित करतीहै॰

આ સભામાં યતિશ્રી હિરાચંદ્રજીના જણાવ્યા મુજબ સારી સંખ્યામાં યતિશ્રીઓ વગેરેની હાજરી હતી. એકંદર ૧૪ ઠરાવો પાસ થયા હતા જેના પર હાજર રહેલાઓ સહી આપી હતી. અમે ઇચ્છીએ છીએ કે યતિમહારાજોના સ્વસમાજના પુનરુત્થાન અને સંગઠ્ઠનના પ્રયાસ ફલીભૂત થાય, અને યતિસમાજ વધારે ઉન્નત દશાએ પહોંચે.

જૈન ગૂર્જર કવિઓ—પ્રથમ ભાગ.

પંડિત હરગોવિન્દદાસનો અભિપ્રાય.

'જૈન ગુર્જર કવિઓ'નો પ્રથમ ભાગ મારા જોવામાં આવ્યો. રા. રા. દેશાઈએ આ પુસ્તક તૈયાર કરવામાં ભગીરથ પ્રયત્ન કર્યો છે એમ, તેમાં આપેલી ૩૨૦ પૃષ્ઠોની સુવિસ્તૃત પ્રસ્તાવના અને વિક્રમની તેરમી સદીથી લઇને સતરમી સદી સુધીના ૨૮૭ જૈન કવિઓની ૫૪૧ નાની મોટી પદ્યકૃતિઓના નમૂનાઓ સાથે કરવામાં આવેલા ઉલ્લેખો ઉપરથી, સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. પ્રસ્તાવનામાં અર્ધમાગધી, મહારાષ્ટ્રી, શૌરસેની, પૈશાચી, અપભ્રંશ અને જુની ગુજરાતી ભાષા સંબંધે ઘણી ઉપયોગી હકીકતોનો સંગ્રહ કરવામાં આવેલ છે. ચિરકાળથી પ્રાકૃત ભાષાને તો જૈનોએજ અપનાવી છે અને સંસ્કૃત ભાષાના સાહિત્યની વૃદ્ધિમાં જૈન ગ્રન્થકારોએ મોટો ફાળો આપેલ છે આ તથ્ય જેમ પશ્ચિમના અને પૂર્વના વિદ્વાનોના પરિશ્રમથી પ્રકાશમાં આવ્યું છે તેમ 'પ્રાચીન ગુજરાતી ભાષાના સાહિત્યની શ્રીવૃદ્ધિ પણ મોટે ભાગે જૈનોનેજ આભારી છે' આ સત્યને બહાર લાવવામાં રા. દેશાઈનું આ એકજ પુસ્તક પૂરતું છે, એમ કહેવું અત્યુક્તિ ભરેલું નથી.

કલકત્તા, પ જેકશન લેઈન,
તા. ૫-૮-૨૭. } —હરગોવિંદ ત્રિકમચંદ શેઠ.

તંત્રીકૃત 'સામાયિકસૂત્ર' થોડા વખતમાં બહાર પડશે.

ધર્મને નામે ધાડ.

ઉદેપૂર રાજ્યમાં શ્વેતાંબર, દિગંબર વચ્ચે જે ઝઘડા થયા તે વિષે મારી પાસે કોઇ ભાઈએ છાપાંની કાપલીઓ મોકલી છે, અને મને સૂચવે છે કે તે જોઇને મારે મારો અભિપ્રાય આપવો. એક તો મારી માંદગીમાં એટલાં બધાં છાપાં બારીકાઇથી વાંચવાનો મને સમય હોય નહિ; અને સમય હોય, શક્તિ હોય તોયે હું માત્ર છાપાંઓ વાંચીને કરી બાબતમાં અભિપ્રાય બાંધતો નથી, કોઇએ ન બાંધવો જોઇએ એમ માનું છું. તેથી બે પક્ષમાં કોણ દોષિત છે અથવા વધારે દોષિત છે એ હું નથી જાણતો. પણ છાપાં ઠીક ઠીક તપાસતાં મારા મનમાં જે વિચાર આવ્યા તે રજુ કરી નાંખું છું.

લખનારાઓની ભાષા પક્ષપાતસૂચક છે. એક બીજાને દોષિત ગણે છે ને પોતાને નિર્દોષ ગણે છે.

મને આ ઝગડામાં ને તે ઉપરના લેખોમાં, તથા હિંદુ મુસલમાન ઝગડામાં ને તેની ઉપરના લેખોમાં તાત્ત્વિક ભેદ મુદ્દલ નથી લાગ્યો. હિંદુ મુસલમાન ઝગડામાં વધારે ઝેર છે, ભાષામાં વધારે વેર છે. છે. પણ ફેર માત્ર પ્રમાણનો છે.

હકીકત એ છે કે આપણે ધર્મનેજ ભૂલ્યા છીએ. સહુ પોતપોતાનો કક્કો ખરો રાખવા મથે છે. ધર્મ શું છે, ક્યાં છે, તે કેમ ઓળખાય, તેની કેમ રક્ષા થઇ શકે એ જાણવાની ઇચ્છા સરખી નથી રહી.

જૈનોની પાસેથી તો આથી વધારે સારાની આશા રખાય. તેઓ તો સ્યાદ્વાદના પૂજારી છે, દયાધર્મના ઇજારદાર છે, તેમનામાં સહિષ્ણુતા હોવી જોઇએ. જેટલે અંશે પોતાને પોતાનું સત્ય પ્રિય છે તેટલેજ અંશે બીજાને તેનું હોયજ એમ માનવું જોઇએ જ્યાં વિરોધીની ભૂલ લાગે ત્યાંયે મનમાં રોષ ન લાવતાં દયાભાવથી કામ લેવું ઘટે.

પણ સ્યાદ્વાદ અને દયાભાવ જૈન ઘરોમાં અને જૈન મંદિરોમાં પણ કેમ જાણે પોથીઓમાંજ શોભતાં હોય એવો આભાસ મને આ લેખો વાંચતાં થયો, એવો અનુભવ તો થયાંજ કરે છે. જ્યાં દયાનો અમલ છે ત્યાં તે કીડિયારાં પૂરવામાં ને માછલાં બચાવવામાંજ પરિમિત થઇ જતો જોવામાં આવે છે. અને આ દયાધર્મ પાળવાને બદલે મનુષ્ય પ્રત્યે ક્રૂરતા વપરાય તો તેની ગણતરી ધર્મમાં થતી જાણી છે.

રાયચંદભાઇ તો કહેતાજ કે જૈન સિદ્ધાંત 'વાણિયાંઓને ત્યાં વર્યો એટલે તેનો વાણિયાશાઇ હિસાબ થયો; જ્ઞાન અને વીરતા જે દયાનાં લક્ષણ હોવાં જોઇએ તેમનો પ્રાયઃ લોપ થયો ને દયા અને ભીરુતા એ બે શબ્દો પર્યાયવાચક બની જઇ દયા વગોવાઇ.

વળી ધર્મને અને ધનને હાડવેર રહ્યાં. પણ જૈન મંદિરોમાં લક્ષ્મી દેવીએ વાસ કર્યો એટલે ધર્મના સિદ્ધાંતોનો નિર્ણય તપશ્ચર્યાથી નહિ, પણ વકીલોની દલીલોથી અદાલતોમાં થવા લાગ્યો. એટલે જે વધારે પૈસા આપે તે પોતાને ગમતો ધર્મનો નિર્ણય લાવી શકે એમ થયું.

આ ચિત્રમાં કદાચ અતિશયોક્તિ જણાશે. પણ નથી. જૈનોને હું જાણું છું. જેટલો પરિચય મને વૈષ્ણવ સંપ્રદાયનો ને વૈષ્ણવોનો છે તેટલોજ લગભગ જૈન સિદ્ધાંતનો ને જૈનોનો છે. કેટલાક મને દ્વેષભાવે જૈન માને છે. કેટલાક પ્રેમભાવે હું જૈન હોઉ એમ ઇચ્છે છે. કેટલાક જૈનો વિષેનો મારો પક્ષપાત જોઇ રાજી થાય છે. તેમનાં પુસ્તકોમાંથી હું ઘણું શીખ્યો છું. ઘણા જૈન મિત્રોનો સહવાસ મને ઉપકારક નીવડ્યો છે. તેથી ઉપરનું લખવા અને તે બાદ જૈનધર્મ પ્રિય છે એવા જૈનોને જાગૃત કરવા પ્રેરાયો છું.

શ્વેતાંબર દિગંબરમાં વેરભાવ શો ? બન્નેના સિદ્ધાંતો એક છે. થોડા ભેદ છે તે સહ્ય છે. બન્નેના પક્ષનું સમાધાન થાય તેવા તે ભેદ છે; જેવા દ્વૈતી અદ્વૈતીના.

જૈનમાં સાધુઓ અને સાધ્વીઓ પુષ્કળ છે, તેમને સમય છે. તેઓ કાં ખરી તપશ્ચર્યા ન કરે ? તેઓ કાં શુદ્ધ જ્ઞાન ન મેળવે ? તેઓ કાં અનુભવજ્ઞાન ન આપે ?

જૈન યુવકો પોતાના વડવાઓની જેમ ધન ઉપાર્જનમાં ગુંથાયેલા જોવામાં આવે છે. તેઓ કાં ગૃહસ્થાશ્રમી રહેતા છતાં તપસ્વી જેવા બની ઉદાર-ચિત્ત, સ્વચ્છ, દયામૂર્તિ ન બને ?

મારી પાસેથી પાલીતાણા બાબત મત માગ્યો. મારી પાસે હવે ઉદેપુરના કરુણામય ઉપદ્રવ વિષે મત માગ્યો છે. આ માગનાર પણ જુવાન મિત્રો છે. તેમણે નહોતો ધાર્યો એવો મત આ વેળા મેં આપી દીધો છે.

હું હિન્દુ અને જૈન એવા બે વિભાગ નથી કરતો નવજીવન ૧૯-૬-૨૭ મોહનદાસ કરમચંદ ગાંધી.

જૈન ધર્મ—Jainism.

મૂળ લેખક—ડાકટર હર્મન જેકોબી.

અંગ્રેજીમાંથી અનુવાદક—રા. સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી B. A. L L. B.

૧ પ્રસ્તાવના—જૈન ધર્મ એક મુનિધર્મ છે. તેમાં બૌદ્ધ ધર્મની માફક વેદોનું પ્રમાણ સ્વીકારાતું નથી તેથી તેને બ્રાહ્મણો નાસ્તિક મત માને છે. જૈન ધર્મમાં સાધુ અને શ્રાવક એમ બે વિભાગ છે. તેમાં શ્વેતાંબર (શ્વેતવસ્ત્રયુક્ત) અને દિગંબર (દિશા જેનું વસ્ત્ર છે તેવા) એમ બે પક્ષો પાડેલા છે. તેવા નામ પાડવાનું કારણ એ છે કે શ્વેતાંબર મતના સાધુ-સાધ્વીઓ શ્વેત વસ્ત્રો પહેરે છે, જ્યારે દિગંબર મતના સાધુઓ પહેલાં કેવળ નગ્ન ફરતા હતા. મુસલમાન રાજાઓએ પછીથી દિગંબર મતના સાધુ-ઓને ગુપ્ત ભાગો વસ્ત્રથી ઢાંકવાની ફરજ પાડી હતી. શાસ્ત્રની દૃષ્ટિએ આ બે પક્ષોનાં મન્તવ્યોમાં જે ફેરફારો છે તે નજીવા છે. (જુઓ દિગંબર પર લેખ) ભેદ માત્ર તેમની ચર્ચામાં છે, જે આ લેખમાં આ-ગળ ઉપર જણાવવામાં આવશે.

'ધર્મ' એ વિષયના અભ્યાસીને જૈનધર્મ વધારે ઉપયોગી થઇ પડવાનું કારણ એ છે કે તે ધર્મ ઘણો પુરાણો હોઇ, સાંખ્ય અને યોગ જેવી પ્રાચીન ભારતીય દર્શનોને પ્રાદુર્ભૂત કરનારા ધાર્મિક અને આધ્યાત્મિક વિચારોના અતિ પ્રાચીન પ્રવાહો સાથે સંબંધ ધરાવે છે, બૌદ્ધ ધર્મ સાથે પણ તે નિકટનો સંબંધ ધરાવે છે. આ દર્શનોમાં ચર્ચાયેલો શાસ્ત્રીય નિરાશા-વાદ તથા મોક્ષનો વ્યાવહારિક આદર્શ જૈનધર્મને માન્ય છે. પુનર્જન્મની પરંપરાથી પ્રાપ્ત થતું સાંસારિકજીવન ખરી રીતે અનિષ્ટ અને દુઃખમય છે; તેથી જન્મ મરણ પરંપરાનો અંત આણવો એ આપણું ધ્યેય હોવું જોઈએ; અને તે ધ્યેય આપણે સમ્યગ્જ્ઞાન[૧] પ્રાપ્ત કરીએ ત્યારે પાર્યું શકીએ. આ સામાન્ય સિદ્ધાંત સંબંધે સાંખ્ય યોગ અને બૌદ્ધ દર્શનો સાથે જૈન દર્શન એક મત છે, પરંતુ તેને પ્રાપ્ત કરવાની વિધિમાં મતભેદ છે. અધ્યાત્મ વિષયમાં સાંખ્યયોગ તથા જૈન ધર્મ વચ્ચે એક પ્રકારનું સામાન્ય સામ્ય છે, કારણકે આ બધાં દર્શનોમાં પ્રકૃતિ (પુદ્ગલ) અને પુરૂષ (આત્મા)નું દ્વૈત સ્વીકારવામાં આવ્યું છે; મુખ્યપણે આત્માઓ એક જાતના જ્ઞાનયુક્ત છે પણ તે પરસ્પર ભિન્ન છે તેનું કારણ પુદ્ગલ સાથેનો તેમનો સંયોગ છે; જૈન અને સાંખ્ય મત પ્રમાણે પ્રકૃતિ (પુદ્ગલ) એવી અનિશ્ચિત વસ્તુ છે કે તે ગમે તે સ્વરૂપમાં પરિણમે. પરંતુ આ તત્વજ્ઞાનના

૧. યોગ સિવાય આ ત્રણે પ્રાચીન દર્શનો ચોખ્ખા નાસ્તિક છે; કારણ કે તેઓ કેવળ પરમેશ્વર હોવાનું સ્વી-કારતા નથી; યોગ દર્શનમાં પણ ઇશ્વરને જગતનું આદિ-કારણ માનવામાં આવતું નથી.

સામાન્ય સિદ્ધાંતો સાંખ્યો અને જૈનો[1]એ ભિન્ન ભિન્ન રીતે પ્રતિપાદન કર્યા છે, અને આ બન્ને દર્શનોનાં મૂળ ભિન્ન હોવાથી એ ભિન્નતામાં ખાસ વધારો થાય છે; કારણકે બ્રાહ્મણધર્મને શ્રેષ્ઠ માનતા સાંખ્યોએ બ્રાહ્મ-વિચારપદ્ધતિનું અનુસરણ કર્યું છે; જ્યારે જૈનોએ, બ્રાહ્મણેત્તર હોવાથી વધારે પ્રાચીન, પ્રાથમિક તેમજ લોકપ્રિય વિચારશ્રેણિનું[2] દાખલા તરીકે સર્વત્ર જીવ છે એવા વિચારોનું અવલમ્બન કર્યું છે. પરંતુ બૌદ્ધ ધર્મના આધ્યાત્મિક સિદ્ધાંતો તદ્દન જુદા પ્રકારના છે, કારણ કે 'જગતમાં કોઇ પણ કેવળ નિત્ય ઇશ્વર નથી' અથવા બીજા શબ્દોમાં કહીયે તો 'સર્વ વસ્તુ ક્ષણિક છે' એવા બૌદ્ધ ધર્મના મુખ્ય સિદ્ધાંતથી તે ઘડાયેલા છે.[3] જો કે જૈન અને બૌદ્ધ ધર્મના તાત્ત્વિક સિદ્ધાંતો તદ્દન ભિન્ન છે, તો પણ બંને વૈદિક ધર્મ ની બહારના–મુનિ (સાધુ)–ધર્મો હોઇ, તેઓના બાહ્ય સ્વરૂપમાં કેટલુંક સામ્ય જણાય છે. તેથી ભારતીય વિદ્વાનોએ પણ ઘણી વખત એ બન્નેને ભ્રાંતિથી એક માન્યા છે. આ ઉપરથી સમજાશે કે જૈન સા-હિત્યના કેટલાક અયથાર્થ નમુનાઓ વાંચીને જૈન ધર્મ સાથે પરિચિત થયેલા પાશ્ચિમાત્ય વિદ્વાનોએ જૈન ધર્મ બૌદ્ધ ધર્મનો એક ફાંટો છે એમ મત બાંધ્યું હોય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી.[1] પરંતુ હવે એ તો નિર્વિવાદપણે સિદ્ધ થયું છે કે તેઓની ઉપર્યુક્ત માન્યતા ભુલભરેલી હતી તથા જૈન ધર્મ, વધારે નહિ તો, બૌદ્ધધર્મ જેટલો તો પ્રાચીન છેજ; કારણ કે બૌદ્ધોના ત્રિપિટકાદિ ગ્રંથોમાં નિગંથ (સં. નિર્ગન્થ. પ્રા. નિગ્ગન્થ) એવા પ્રાચીન નામથી જૈન ધર્મનો એક વિરોધી ધર્મ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે; તેજ પ્રમાણે નાતપુત્ત અથવા નાતિપુત્ત તરીકે જૈનોના ચરમ તિર્થંકર વર્ધમાન–મહાવીરનો ઉલ્લેખ કર્યો છે; વળી જૈન શાસ્ત્રોની જેમ તેઓ પણ નાતપુત્તના નિર્વાણ સ્થાન તરીકે 'પાવા' નો ઉલ્લેખ કરે છે. તેજ પ્રમાણે જૈન આગમોમાં બુદ્ધના સમયના રાજાઓને મહાવીરના સમકાલીન જણાવ્યા છે; વળી બુદ્ધના એક પ્રતિસ્પર્ધીનો ઉલ્લેખ પણ તેમાં આવે છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે મહા વીર અને બુદ્ધ સમકાલીન હતા; મહાવીર બુદ્ધ કરતાં ઉમરે જરા મોટા હતા, તથા મહાવીરના નિર્વાણ પછી બુદ્ધ કેટલોક સમય વધુ જીવ્યા હતા.

બુદ્ધ જેમ બૌદ્ધ ધર્મના પ્રણેતા અને સંસ્થાપક હતા તેમ મહાવીર, જે ધર્મ તેમને તીર્થંકર તરીકે માને-છે, તે ધર્મના આદ્ય સંસ્થાપક કે પ્રણેતા ન હતા; બૌદ્ધ શાસ્ત્રો પ્રમાણે બુદ્ધને બોધિવૃક્ષ તળે પોતાના ધર્મના મૌલિક સિદ્ધાંતોનું સહજજ્ઞાન થયું; તેમના અનુયાયીઓને તેમનાં પ્રથમ વ્યાખ્યાનો તથા પાછ-ળથી ઉપદેશેલા સિદ્ધાંતો એક સરખી રીતે સ્મરણીય છે. આવી હકીકત ભગવાન્ મહાવીર વિષે જૈનાગ-મોમાં મળી આવતી નથી. તેમનું દિક્ષાગ્રહણ અને બાર વર્ષ બાદ કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ—એ બન્ને અલ-બત્ત કલ્યાણકો ગણાય છે. પણ તેમને કયા હેતુથી પ્રેરાઇ, સંસાર ત્યાગ કર્યો, અને કયા ખાસ સત્યોની શોધથી તે ઉચ્ચતમ દશા (કૈવલ્ય) પામ્યા—તે વિષે શાસ્ત્રોમાં ઉલ્લેખ નથી; તોપણ જેમ બુદ્ધ એક પછી એક–ગુરૂના શિષ્ય બની, તે બધાના મંતવ્યોથી અ-સંતુષ્ટ થયા હતા તેમ મહાવીરની બાબતમાં નથી;

---

૧. પુરૂષ અને પ્રકૃતિના દ્વૈત સિદ્ધાંત વડે સાંખ્યો જડ અને ચેતન જગત્ની ઉત્પત્તિનું વિવેચન કરે છે પરંતુ જૈનો પ્રકૃતિ સાથે સંબંધ રાખી જડજગત્ તથા વિશ્વ રચનાનું આદિકારણ 'લોકસ્થિતિ' (તત્વાર્થાધિગમ સૂત્રઃ ૩. ૬. ટીકા) હોવાનું જણાવે છે. ઉપનિષદોમાં આવેલા જગદુત્પત્તિવિષયક સિદ્ધાંતો ઉપર રચાયેલો સાંખ્યમત દર્શનરૂપે ગણાઈ, સમય જતાં, સમાજપ્રિય ધર્મના આધાર રૂપ બન્યો; પણ જૈનધર્મ એ પ્રથમ તો ધર્મપ્રણાલિજ હતી, અને તેને સ્વપર અવિરૂદ્ધરૂપ આપવા માટે તેમાં દાર્શનિક પ્રણાલિનો ઉમેરો કરવામાં આવ્યો.

૨. સાંખ્ય તત્ત્વમાં 'મહાન્' નો અર્થ 'મહાન્ આત્મા' થાય છે. ત્રણ ગુણોનું સૂચન છાંદોગ્યોપનિષદ્ ૬, ૩, ના ત્રિવૃત્ત કરણ ઉપરથી થયેલું છે; પ્રાચીન ઉપનિષદ્ સિદ્ધાંત ના અજા શબ્દથી પ્રકૃતિનું સૂચન થયેલું છે; વળી ગૌડ-પાદ ભાષ્ય (કારિકા ૨૨) માં અજા અને પ્રકૃતિ એકાર્થ સૂચક છે....વિગેરે

૩. જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતો–સ્યાદ્વાદ, જીવના ભેદ અને ખાસ કરીને એકેન્દ્રિયના ભેદો બૌદ્ધધર્મમાં મળી આવતા નથી.

૧. જુઓ સેક્રેડ બુક્સ ઓફ ધી ઇસ્ટ: પુ. ૪૫ પ્ર-સ્તાવના. પૃષ્ઠ. ૧૮.

પરંતુ તે તો સંશયરહિત થઇ, સત્ય જ્ઞાન કયાંથી પ્રાપ્ત થશે[૧] તે જાણતા હતા અને એવી રીતે અણગારી થયા હતા. વળી અન્ય જૈન સાધુઓની માફક કેટલાંક વર્ષો તપસ્યા કર્યા પછી જ્યારે તેમને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારેપણ તેમણે બુદ્ધની માફક નવું સત્ય સ્થાપ્યું અગર નવો પ્રકાશ પાડયો અગર તેમને નવું તત્ત્વ જડી આવ્યું એમ તેમના માટે કહેવામાં આવતું નથી. પરંતુ ફકત એટલુંજ જણાવવામાં આવ્યું છે કે જે તત્ત્વ પહેલાં તેમને અધુરૂં સમજાતું હતું તે કૈવલ્ય સમયે પૂર્ણ રીતે સમજાયું. તેથી જૈન શાસ્ત્રો પ્રમાણે મહાવીર વિષે એટલુંજ કહી શકાય કે ઘણાં વર્ષો પૂર્વે સ્થપાયેલા ધર્મને તે અનુસર્યા હતા; જો તેઓ ધર્મસંસ્થાપક અગર તેવા કોઇ હોત તો તેવા પ્રકારના માન પ્રત્યેના તેમના અધિકારને દરેક ધર્મપ્રણેતાને પ્રશંસવા માટે હંમેશ આતુર એવી લોકકથાએ તદ્દન દબાવ્યો ન હોત; વળી બૌધ્ધશાસ્ત્રોમાં પણ નાતપુત્તને નિગ્ગંથોના પ્રવર્તક તરીકે જણાવવામાં આવેલા નથી; પરંતુ ફકત એમજ માનેલું છે કે બુદ્ધના સમયમાં આવો સંપ્રદાય હયાતીમાં હતો. તેથી આમ્નાયને અન્યાય આપ્યા સિવાય આપણે મહાવીરને જૈન ધર્મના આદ્ય સંસ્થાપક તરીકે કહી શકશું નહિ, પણ તે નિઃસંશય જૈનોના ચરમ તીર્થંકર છે. ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથને જૈન ધર્મના સંસ્થાપક તરીકે કદાચ ગણી શકાય. તેમનો નિર્વાણકાલ મહાવીરથી અઠીશો વર્ષ પહેલાંનો ગણવામાં આવે છે; પરંતુ તેનાથી પૂર્વના તિર્થંકર અષ્ટનેમિનું નિર્વાણ મહાવીર નિર્વાણથી (૮૪૦૦૦) વર્ષ પહેલાં માનવામાં આવ્યું છે. જૈનાગમોમાં પાર્શ્વનાથના અનુયાયીઓનો ઉલ્લેખ આવે છે. ઉત્તરાધ્યયન સૂત્ર ૨૩ માં પાર્શ્વનાથના પટ્ટધર (કેશિ) અને મહાવીરના શિષ્ય (ગૌતમ) વચ્ચેનો સંવાદ આવે છે, જેથી પ્રાચીન અને અર્વાચીન શાખાઓનું મિલન થાય છે.[૧] આ ઉપરથી એટલું સૂચન થાય છે કે પાર્શ્વનાથ ઐતિહાસિક વ્યકિત હતા, પરંતુ બીજા ઐતિહાસિક પુરાવાની ગેરહાજરીમાં અનુમાન કરતાં વધુ કહેવાની હિંમત કરી શકીયે નહીં.

૨. જૈનાનું પોતાની ઉત્પત્તિ વિગેરે વિષે મત:—જૈનોની માન્યતા પ્રમાણે તેમનો ધર્મ સનાતન છે. અને અનંતા તીર્થંકરોએ અનંતી અવસર્પિણી ઉત્સર્પિણીમાં તેનો આવિષ્કાર કર્યો છે. આ અવસર્પિણીકાળમાં (જુઓ. Ages of the world (Indian) Vol I p. 200 f) પ્રથમ તીર્થંકર ઋષભદેવ હતા અને ચરમ એટલે ચોવીશમા તીર્થંકર વર્ધમાન છે. ચોવીશ તીર્થંકરોનાં નામ, લાંછન અને વર્ણ નીચે પ્રમાણે છે:—

૧. ઋષભ (અથવા વૃષભ) બળદ સોનેરી, (૨) અજીત, હાથી સોનેરી, (૩) સંભવ ઘોડો સોનેરી, (૪) અભિનંદન, કપિ, સોનેરી. (૫) સુમતિ ક્રૌંચ, સોનેરી. (૬) પદ્મપ્રભ. પદ્મ રક્ત. (૭) સુપાર્શ્વ, સ્વસ્તિક, સોનેરી. (૮) ચંદ્રપ્રભ, ચંદ્ર, ધવલ (૯) સુવિધિ (અથવા પુષ્પદંત) મગર, ધવલ. (૧૦) શીતલ, શ્રીવત્સ, સોનેરી, (૧૧) શ્રેયાંસ (અથવા શ્રેયાન) ગેંડો, સોનેરી, (૧૨) વાસુપૂજ્ય, મહિષ, રક્ત (૧૩) વિમલ, સૂવર, સોનેરી. (૧૪) અનંત (અથવા અનંતજિત), સિંચાણો, સોનેરી, (૧૫) ધર્મ, વજ્ર, સોનેરી, (૧૬) શાંતિ, મૃગ, સોનેરી (૧૭) કુંથુ, બોકડો, સોનેરી. (૧૮) અર, નંદ્યાવર્ત, સોનેરી. (૧૯) મલ્લિ, કુંભ, નીલ, (૨૦) સુવ્રત (અથવા મુનિસુવ્રત), કાચબો,

---

૧. ઉપાસગદસાઓ પૃષ્ઠ ૫ ની નોટમાં (કલકત્તા ૧૮૯૦) ડૉ. હોર્નલ જણાવે છે કે મહાવીરનો જન્મ કોલ્લાગમાં થએલો અને તેથી તેમણે પ્રવ્રજ્યા અંગીકાર કરી ત્યારે (કલ્પસૂત્ર પૃ. ૧૧૫માં જણાવ્યા પ્રમાણે) તેઓ પોતાના સંપ્રદાયના અને કોલ્લાગની પાસે આવેલા દુઈપલાસ નામક 'ચૈય'માં ગયા હતા. મહાવીરના માતપિતા (અને કદાચ 'નાય' ક્ષત્રિયોની આખી જ્ઞાતિ) પાર્શ્વનાથના અનુયાયીઓ હતા (જુઓ આચારાંગ દ્વિતીય સ્કંધ ૧૫ અને ૧૬). એવા અનુયાયીઓ તરીકે કુંદપુર કે વૈશાલિમાં શિષ્યો સહિત પાર્શ્વનાથના આગમન વખતે ઉતારાની સગવડ ખાતર તેઓ નિસંદેહ 'ચૈય' રાખતા હોય. સંસાર ત્યાગ પછી મહાવીર કદાચ પાર્શ્વનાથના સાધુગણમાં પ્રથમ જોડાયા હોય; અને તેમ છતાં તેમાં તુરતજ તેઓ સુધારક અને પ્રધાન પુરૂષ થયા હોય.

૧. Sacred Books of the East Vol. 45. પ્રસ્તાવના પૃષ્ઠ. ૨૧. ફુટનોટ.

કૃષ્ણ (૨૧) નમિ, નીલકમલ, સોનેરી (૨૨) નેમિ (અથવા અરિષ્ટનેમિ), શંખ, કૃષ્ણ, (૨૩) પાર્શ્વ, સર્પ, નીલ, (૨૪) વર્ધમાન સિંહ, સોનેરી. બધા તીર્થંકરો ક્ષત્રિય જાતિના હતા. મુનિસુવ્રત તથા નેમિ હરિવંશના, અને બાકીના બાવીશ ઇક્ષ્વાકુ વંશના હતા. શ્વેતાંબર મત પ્રમાણે મલ્લિ સ્ત્રી હતી; પણ દિગંબરો તેમ માનતા નથી કારણ તેમની માન્યતા પ્રમાણે સ્ત્રી જાતિને મોક્ષનો અધિકાર નથી. મહાવીર અને તેમની પહેલાંના બે તીર્થંકરોની વચ્ચેનું અંતર (આંતરૂં) ઉપર જણાવેલું છે; નેમિ કરતાં ૫ લાખ વર્ષ પૂર્વે નમિ નિર્વાણ પામ્યા, અને નમિ કરતાં ૧૧ લાખ વર્ષ પૂર્વે મુનિસુવ્રતે નિર્વાણદશા પ્રાપ્ત કરી. ત્યાર પછીનાં અંતરો ૬૫ લાખ, ૨ કરોડનાં છે; બાકીનાં અંતરો આંકડાથી ગણાવી શકાય તેમ નથી. પણ પલ્યોપમ અને સાગરોપમની ગણતરીથી અપાય છે; છેલ્લું અંતર એક કોટાકોટિ સાગરોપમનું છે. તેજ પ્રમાણે તેમનું આયુષ્ય અને ઉંચાઇ અંતરના પ્રમાણમાં છે. (જુઓ Ages of the world (Indian)) આ વિગતો શ્વેતાંબર મત પ્રમાણે આપવામાં આવી છે.

આ ઉપરાંત જૈન શાસ્ત્રોમાં એકથી બાવીશ તીર્થંકરો સુધીમાં થઇ ગયેલા બાર ચક્રવર્તિઓ નવ વાસુદેવો, નવ બલદેવો અને નવ પ્રતિવાસુદેવોની વાતો પણ આપવામાં આવી છે. ૨૪ તીર્થંકરો મળીને આ સર્વ જૈન ધર્મના ૫૩ શલાકા પુરૂષો ગણાય છે. આ બધાની વાર્તાઓ હેમચંદ્રના 'ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત' નામના ગ્રંથમાં (ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા તરફથી ૧૯૦૬-૦૯ માં પ્રસિદ્ધ થયેલ) આપવામાં આવી છે. જેનો મૂળ આધાર કદાચ વાસુદેવહિંડી ગ્રંથ ઉપર રાખવામાં આવ્યો હોય તેમ જણાય છે.

બધા તીર્થંકરોને મરણ સમયેજ નિર્વાણ પ્રાપ્ત થયેલું છે. જો કે, સંસારથી મુક્ત થયા પછી તેઓ સાંસારીક કાર્યો પ્રત્યે નિરપેક્ષ હોય છે અગર તો સંસાર વ્યવહાર ઉપર તેઓ કંઇ પણ વીર્ય (શક્તિ) ફેલાવતા તથી તો પણ તેઓ પૂજનીય થયા છે અને જૈનો તેમને દેવ તરીકે માને છે. જુઓ Atheism (Jain) Vol. II. P. 186 f), તેમનાં ચૈત્યો બાંધે છે અને તેમાં તેમની મૂર્તિઓ સ્થાપન કરી, તેમને પૂજે છે.[૧] એમાંના પ્રથમ અને છેલ્લા ત્રણ તીર્થંકરો ખાસ ભક્તિપાત્ર થયેલા છે. પરંતુ બાકીનાંઓનાં પણ ચૈત્યો જોવામાં આવે છે. તીર્થંકરોની પ્રતિમાઓના પૂજન વિષે કેટલાક આગમોમાં ઉલ્લેખો છે પણ તેમાં પૂજનો વિધિ દર્શાવેલો નથી.[૨] પરંતુ ઇ. સ. ના પહેલા સૈકામાં પૂજા સારી રીતે પ્રચલિત હતી એમ પ્રાચીન જૈન કાવ્ય **'पउम चरिय'** ઉપરથી તથા મથુરા નજીકની કંકાલી ટેકરીમાંથી મળી આવેલી તીર્થંકરોની તે સમયની પ્રતિમાઓ ઉપરથી સિદ્ધ થાય છે.[૩] શ્વેતાંબરોનો એક અર્વાચીન પક્ષ, ઢુંઢીયા અથવા સ્થાનકવાસીઓ પ્રતિમાપૂજનનો તદ્દન નિષેધ કરે છે.[૪]

છેલ્લા બે સિવાય તીર્થંકરો ઇતિહાસ કરતાં દંત કથા સાથે સંબંધ ધરાવે છે એ કહેવાની જરૂર નથી; બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિને કૃષ્ણના સંબંધી તરીકે ઓળખાવેલા છે. પણ આગમોમાં આપેલી મહાવીરના જીવનની સવિસ્તર હકીકત ઐતિહાસિક ગણી શકાય.

તેઓ જ્ઞાત જાતિના હોઇ, વૈશાલિ (બસાર

---

૧ જૈનોની પ્રતિમા વિષે જુઓ J. Burgess 'Digambara Jain Iconography' IA XXXII 1903 459 ff; G. Buhler 'Specimens of Jain Sculptures Mathura' in Epigraphica Indica II (1894) 311 ff; J. Fergusson and J. Burgess 'Cave Temples' London. 1880 P. 487ff.

૨ જૈનાગમોમાં જુદા જુદા 'ચૈય' (ચૈત્ય)ના ઉલ્લેખોથી એમ અનુમાન થઇ શકે કે કોઈક પ્રકારનો પૂજન વિધિ પહેલાં પણ હતો. વિહાર દરમ્યાન જે જે ગામની વાડીઓમાં મહાવીર રહેતા તે તે સ્થળે આવાં ચૈત્યો હતાં (સરખાવો હોર્નલેનો 'उपासग दसाओ' નો અનુવાદ પૃ. ૨-નોટ-૪.

૩ એપીગ્રા. ઇન્ડિ પુ. ૨. ૩૩૧ ફુટનોટ.

૪ જુઓ 'શોધક'ની મૂર્તિ પૂજનનો નિષેધ કરનાર શ્વેતાંબર જૈનો ઉપર નોટસ; ૧૯૧૧ અને મારગારેટ સ્ટીવન્સનની Notes on Modern Jainism P. 13. f.

પટનાથી ૨૭ માઇલ ઉત્તરે) શહેરના કુંડગ્રામ નામક એક પરાના રહેવાસી હતા.[૧] ક્ષત્રિય સિદ્ધાર્થ અને સારાં સારાં સગપણ સંબંધોથી જોડાયેલી ત્રિશલાના તે બીજા પુત્ર હતા. શ્વેતાંબરો એમ માને છે, તથા આચારાંગસૂત્ર અને કલ્પસૂત્રમાં પણ જણાવ્યું છે કે તે તીર્થંકરનો આત્મા પ્રથમ બ્રાહ્મણી દેવાનંદાના કુક્ષિમાં આવ્યો પણ પાછળથી ઇન્દ્રના હુકમથી ત્રિશલાની કુક્ષિમાં[૨] ફેરવી નાખવામાં આવ્યો હતો. પરંતુ દિગંબરો આ વાત માન્ય રાખતા નથી. તેમનાં માબાપ પાર્શ્વનાથના ભક્ત હતાં. તેમણે તેનું નામ વર્ધમાન રાખ્યું. (વીર અથવા મહાવીરના નામથી પણ તેઓ ઓળખાય છે. અર્હત્ ભગવત્ જિન વિગેરે નામો સર્વ તીર્થંકરોને સામાન્ય છે). તે યશોદાને પરણ્યા અને તેનાથી તેમને અણોજ્જા નામની પુત્રી થઇ. જ્યારે તેમની ઉમર ત્રીસવર્ષની થઇ, ત્યારે તેમનાં માબાપ ગુજરી ગયાં અને તેમના મોટાભાઇ નંદીવર્ધન તેમના પિતાની ગાદીપર આવ્યા. પોતાના વડિલબન્ધુ તથા બીજા વડીલોની અનુજ્ઞાથી તેણે પોતાનો લાંબા વખતથી ઇચ્છિત નિશ્ચય પાર પાડયો અને જૈનવિધિ અનુસાર અણગારત્વ અંગીકાર કર્યું. ત્યાર પછી બારવર્ષ પર્યંત દેહદમન કર્યું; મહાવીર સર્વ પ્રકારનાં દુઃખો સહન કરતાં સાધુ વેષે અહીં તહીં ભટકયા; પહેલા તેર મહીના પછી તેમણે વસ્ત્રો સુદ્ધાં છોડી દીધાં. ત્યાર બાદ ધ્યાનપરાયણ રહ્યા અને આખરે જેને બૌદ્ધો બોધિ કહે છે તેવું કેવલજ્ઞાન પામ્યા. જૈનધર્મનો ઉપદેશ કરતા અને અને પોતાના અગ્યાર ગણધરોને ભણાવતા તેઓ બેંતાલીશ વર્ષ વધુ જીવ્યા. ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ. વાયુભૂતિ, આર્યવ્યક્ત, આર્યસુધર્મન્, મંડિતપુત્ર, મૌર્યપુત્ર, અકમ્પિત, અચલભ્રાતૃ, મેતાર્ય, અને પ્રભાસ—આ રીતે અગ્યાર ગણધરોનાં નામ છે. બોંતેર વર્ષની ઉમરે પાવામાં તે નિર્વાણ પામ્યા. ત્યાર પછી કેટલેક વખતે શુદ્ધ દેવલોક પામ્યા એમ ઉપર જણાવ્યું છે. આ ઉપરથી મહાવીરનો કાળ ઇ. સ, પૂર્વે ૪૮૦ માં થયો એમ કહી શકાય. પરંતુ શ્વેતાંબરો મહાવીરનો નિર્વાણ કાળ વિક્રમ સંવત્થી ૪૭૦ વર્ષ પહેલાં અર્થાત્ ઇ. સ. પૂર્વે ૫૨૭ માં ગણે છે.[૧] પણ દિગંબરો તેથી ૧૮ વર્ષ મોડો ગણે છે.

૩. **શ્વેતાંબરોનું (આગમ) શાસ્ત્રીય સાહિત્ય**:—શ્વેતાંબરોનાં આગમો મહાવીરે પોતે રચેલાં નથી, (દિગંબરો તે આગમોને પ્રમાણભૂત માનતા નથી) પરંતુ કેટલાંક આગમોમાં ઇન્દ્રભૂતિ ગૌતમને મહાવીરે જે ઉપદેશ આપ્યો હતો તે તેના શિષ્ય ગણધર સુધર્માએ પોતાના શિષ્ય જંબુ સ્વામીને આપ્યો છે એમ જણાય છે.

હાલમાં હસ્તીમાં રહેલાં આગમો વિષે ચર્ચા કરતાં પહેલાં એટલું જણાવવું જોઇએ કે જૈનમત પ્રમાણે પહેલા તીર્થંકરના સમયથી ચૌદપૂર્વો અને અગીયાર અંગો એમ બે પ્રકારનાં આગમો હતાં; પણ દૃષ્ટિવાદ નામક ૧૨ મા અંગમાં ૧૪ પૂર્વોનો સમાવેશ થઇ જાય છે. મહાવીરની પાટે આઠમા આચાર્ય સ્થૂલભદ્ર સુધીજ ચૌદ પૂર્વોનું જ્ઞાન રહ્યું; ત્યાર બાદ વજ્ર સુધીના સાત આચાર્યો સુધી દશ પૂર્વોનું જ્ઞાન રહ્યું. ત્યાર પછી બાકીનાં પૂર્વો એક પછી એક વિચ્છેદ ગયાં, તેથી આખરે જ્યારે (વીરાત્ સં. ૯૮૦ માં) આગમો પુસ્તકારૂઢ થયાં ત્યારે બધાં પૂર્વો અને તેથી બારમું અંગ વિચ્છેદ ગયાં. આ જાતની પૂર્વો વિષે શ્વેતાંબરોની માન્યના છે. દિગંબરોની પણ થોડા ફેરફાર સાથે આગમોના વિચ્છેદ વિષે તેવીજ માન્યતા

---

૧. હૉર્નલના કહેવા પ્રમાણે (ઉપર્યુક્ત પુસ્તક પૃ ૪ નોટ. ૮) વૈશાલિનાં બન્ને પરાં કુંડગ્ગામ અને વાણિયગ્ગામ તે હાલનાં બાનીયા અને બસુકુંડ ગામો છે.

૨. સરખાવો રોહિણીના ગર્ભમાંથી દેવકીના ગર્ભમાં બલદેવને લઈ જવામાં આવ્યા હતા. જેથી તેમનું નામ સંકર્ષણ તથા રોહિણેય પડયું હતું.

૧. પરિશિષ્ટ પર્વ (બીબ્લિ ઇંડી, કલકત્તા ૧૮૯૧) ની મારી પ્રસ્તાવના (પૃ. ૪)માં શ્વેતાંબરોની માન્યતા વિષે મેં વિવેચન કર્યું છે. અને જૈનલોકોની માન્યતા પ્રમાણે મહાવીરના નિર્વાણ પછી ૧૫૫ વર્ષે ચંદ્રગુપ્ત ગાદીએ આવ્યો એ મિતિ, તથા ઇ. સ. પૂર્વે ૩૨૧ અથવા ૩૨૨ માં (ઐતિહાસિક રીતે) ચંદ્રગુપ્ત ગાદીએ આવ્યો, એમ બન્ને મિતિ સરખાવતાં મહાવીરના નિર્વાણની મિતિ લગભગ ઈ. સ. પૂર્વે ૪૭૬, અગર ૪૭૭ આવી રહે છે.

છે; વિશેષમાં તેઓ એમ પણ માને છે કે બીજી નવ આચાર્ય પરંપરા પછી અંગો પણ વિચ્છેદ ગયાં છે.[૧]

આ અગીયાર અંગો એ સિદ્ધાંતનો ઘણો પ્રાચીન ભાગ છે. હાલમાં સિદ્ધાંતનો ૪૫ ગ્રંથોમાં સમાવેશ થાય છે. ૧૧ અંગો, ૧૨ ઉપાંગો, ૧૦ પયન્ના (પ્રકીર્ણ), ૬ છેદસૂત્ર, નાન્દી અને અનુયોગદ્વાર, અને ૪ મૂલસૂત્રો, મળી ૪૫ આગમો ગણાય છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે.[૨]—(૧) અગીયાર અંગોઃ-આચાર, સૂત્રકૃત, સ્થાન, સમવાય, ભગવતી, જ્ઞાતધર્મકથા. ઉપાસકદશા, અન્તકૃદ્દશા, અનુત્તરો પપાતિક દશા, પ્રશ્નવ્યાકરણ, વિપાક, (દૃષ્ટિવાદ વિચ્છેદ ગયું છે). (૨) ૧૨ ઉપાંગોઃ—ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ. સૂર્યપ્રજ્ઞપ્તિ, નિરયાવલિ (અથવા કલ્પિક), કલ્પાવતંસિકા. પુષ્પિકા, પુષ્પચૂલિકા, વૃષ્ણિ દશા. (૩) ૧૦ પયન્ના (પ્રકીર્ણ):—ચતુઃ શરણ, સંસ્તાર, આતુર પ્રત્યાખ્યાનં, ભક્તપરિજ્ઞા, તણ્ડુલ વૈયાલિ, ચંદાવીજ, દેવેન્દ્રસ્તવ, ગણિવીજ, મહાપ્રત્યાખ્યાન, વીરસ્તવ (૪) ૭ છેદસૂત્રો—નિશીથ, મહાનિશીથ, વ્યવહાર, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, પંચકલ્પ, (૫) બે સૂત્રો નાન્દી, અનુયોગદ્વારસૂત્ર, (૬) ચાર મૂલ સૂત્રો--ઉત્તરાધ્યયન, આવશ્યક, દશવૈકાલિક અને પિંડનિર્યુક્તિ.

આમાંનાં ઘણાખરાં આગમો છપાયાં છે, કેટલાંક ટીકા સાથે છપાયેલાં છે. આચારાંગ, સૂત્રકૃતાંગ, ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરોપપાતિકદશા ઉત્તરાધ્યયન અને બે કલ્પસૂત્રોનાં અંગ્રેજી અનુવાદો પ્રસિદ્ધ થયેલા છે.

વીર નિર્વાણ પછી ૯૮૦ વર્ષે (સામાન્ય ગણતરી પ્રમાણે ઇ. સ. ૪૫૪, પણ ખરી રીતે કદાચ ૬૦ વર્ષ વધુ મોડું) દેવર્ધિ ગણિએ જૈનાગમો પુસ્તકારૂઢ કર્યા; તેના પહેલાં આગમો પુસ્તકારૂઢ થયા સિવાય ઉત્તરોત્તર મોઢેથી ચાલ્યાં આવતાં હતાં. મૂળ રચનાના સમયથી માંડી પુસ્તકારોહ સુધીના સમયમાં, તથા ત્યાર પછી પણ, તેમાં ઘણા ફેરફાર થતા રહ્યા છે; જેની નિશાનીઓ હજુ પણ બતાવી શકાય તેમ છે.[૧] આ ફેરફારો સાથે જે ભાષામાં મૂળ આગમો રચાયાં હતાં તે ભાષામાં પણ ફેરફારો થતા રહ્યા છે. જૈનોના મત પ્રમાણે આગમોની મૂળ ભાષા અર્ધમાગધી હતી; અને અત્યારનાં આગમોની ભાષાને તેઓ અર્ધમાગધી અથવા માગધી કહે છે; પરંતુ એક મોઢેથી બીજે મોઢે પાઠ અપાતાં તેમાં અર્વાચીન શબ્દોની અસર થઇ હોય તેમ જણાય છે. આગમોના પ્રાચીન ભાગોમાં ઘણાં જુનાં રૂપો વપરાયેલાં છે, જેને બદલે અર્વાચીન ગ્રંથોમાં મહારાષ્ટ્રી પ્રયોગો મુકવામાં આવ્યા છે. તેથી આગમોની ભાષાને જૈન પ્રાકૃત અને જરા અર્વાચીન ગ્રંથોની ભાષાને જૈન મહારાષ્ટ્રી કહેવી ઘટે છે.

આગમ ગ્રંથો જુદા જુદા સમયના હોવાને લીધે જુદા જુદા પ્રકારના છે. મોટા ભાગે કેટલાક ગદ્યમાં, કેટલાક પદ્યમાં અને કેટલાક ઉભયના મિશ્રણ રૂપે છે. ઘણી વખત આગમોમાં એક બીજા સાથે જરા પણ સંબંધ ન ધરાવતા ભાગો એક સાથે મુકી દઇને ગ્રંથરચના કરવામાં આવી હોય તેમ જણાય છે. પ્રાચીનતર ગદ્ય ગ્રંથો છુટા છવાયા અને પુનરૂક્તિ દોષ વાળા હોય છે; કેટલાક ગ્રંથોમાં સંક્ષિપ્ત નિયમો, તો કેટલાકમાં લાંબાલાંબાં વર્ણનો અને સિદ્ધાંતના વાદગ્રસ્ત વિષયોનાં પદ્ધતિસર વિવેચનો હોય છે; જ્યારે બીજાં આગમોમાં સાદ્યંત પદ્ધતિસર વર્ણન જોવામાં આવે છે. વધારે ઉપયોગી આગમો ઉપર ઘણી સંખ્યાબંધ ટીકાઓ અને ચૂર્ણીઓ લખવામાં આવી છે.[૨] આ આગમો અને ટીકાઓ ઉપરાંત સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં જૈન સિદ્ધાંતવિષયક મૂળ આગમોને અનુસરીને લખાયેલા ઘણા સ્વતંત્ર ગ્રંથો છે. આવા ગ્રંથો ઘણી ચોકસાઇથી અને સ્પષ્ટતાથી લખવામાં આવ્યા છે. પણ પાછળથી તેમના ઉપર પણ વિદ્વાનોએ ટીકાઓ રચેલી હોય છે. આમાંનો

---

૧. વિગતો માટે જુઓ. ('ગેરીનો'નો) રેપર્ટરીડીએપીગ્રાફી જૈન પેરીસ ૧૯૦૮ પૃ. ૩૬.

૨. વિગતો માટે જુઓ વેબરનો 'જૈનોનું પવિત્ર સાહિત્ય' એ લેખ જે પહેલાં જર્મનમાં ૧૮૮૩માં છપાયો હતો અને ૧૮૮૮ માં I. A. XVII માં અંગ્રેજીમાં અનુવાદિત થયો હતો.

૧ જુઓ. વેબર. loc. cit. 8.

૨ આ ટીકાઓના સાહિત્યનો અભ્યાસ ઈ. લ્યુમને કર્યો છે. ZDMG XIVI (1892) 585 ff,

ઉમાસ્વાતિ રચિત-શ્વેતાંબર ગ્રંથ-'તત્વાર્થાધિગમ સૂત્ર' ઘણો પ્રાચીન છે. આ ગ્રંથ દિગંબરો તેમનો પોતાનો માને છે.[1] તેજપાલના પુત્ર વિનયવિજય (૧૬૫૨) નો લોકપ્રકાશ[2] નામનો ગ્રંથ જૈન ધર્મનો સર્વજ્ઞાન-સંગ્રહ કોશ જેવો છે. આ લેખનો આધાર આ અને આવા ગ્રંથો ઉપર મુખ્યત્વે કરીને રહેલો છે.

સાથે એ પણ જણાવવું જોઇએ કે જૈન લોકોનું સંસ્કૃતમાં અને પ્રાકૃતમાં ગદ્ય પદ્યાત્મક સાંસારિક વિષયોનું પણ ઘણું સાહિત્ય છે. સિદ્ધાંતના અને નીતિના કેટલાક પ્રશ્નો સમજાવવા માટે કેટલીક રસ-દાયક વાર્તાઓ સંસ્કૃત અને પ્રાકૃતમાં આપવામાં આવી છે. વળી તેઓએ ઘણી વિસ્તૃત વાર્તાઓ પણ લખેલી છે. તેમાંની કેટલીક લોકપ્રિય પદ્ધતિમાં જેવી કે હરિભદ્રની 'સમરાઇચ્ચ કહા' અને સિદ્ધર્ષિની રૂપ-કમય 'ઉપમિતિ ભવ પ્રપંચ કથા' (બન્ને બીબ્લી. ઇન્ડિકા કલકત્તા ૧૯૦૧-૧૪ માં પ્રગટ થયેલી); કેટ-લીક અલંકારિક કૃત્રિમ સંસ્કૃત ભાષામાં જેવી કે સોમદેવનું **યશસ્તિલકમ્** અને ધનપાલની 'તિલક-મંજરી' (બન્ને ૧૯૦૧-૦૩ ૧૯૦૩ માં મુંબઇ કાવ્યમાલામાં પ્રસિદ્ધ થયાં છે). **પઉમચરિય** નામક એક પ્રાચીન (લગભગ ઇ. સ. ના ત્રીજા સૈકાનો) પ્રાકૃત ગ્રંથ છે કે જે જૈન પદ્ધતિ પ્રમાણે રામાયણનું રૂપાંતર છે. શ્વેતાંબરો અને દિગંબરોમાં 'પુરાણ' અને 'કાવ્ય'ની પદ્ધતિએ ઘણાં કાવ્યો રચાયાં છે, તેમજ સંસ્કૃત અને પ્રાકૃતમાં ઘણાં સ્તોત્રો રચાયાં છે. તેજ પ્રમાણે કેટલાંક જૈન નાટકો પણ છે. જૈન ગ્રંથકારોએ વ્યાકરણ, કોષ, અલંકાર, સાહિત્ય, તત્વ જ્ઞાન વિગેરે વિષયોમાં ઘણા અપૂર્વ ગ્રંથો અને ટીકાઓ રચી છે (જુઓ હેમચંદ્ર વિષેનો લેખ પુ. ૬. પૃ. ૫૯૧)

૪. **જૈનધર્મના સિદ્ધાંતો**—જૈન સિધ્ધાંતોના બે મોટા વિભાગો પાડીશકાય; તાત્ત્વિક અને વ્યાવહારિક. તત્ત્વજ્ઞાનવિષયક પુસ્તકોમાં સત્ત્વવિદ્યા, અધ્યાત્મ અને માનસશાસ્ત્રનો સમાવેશ થાય છે. વ્યાવહારિક ગ્રંથોમાં નીતિશાસ્ત્ર, સાધુજીવન, ગૃહસ્થાચારનું વિવેચન આપ-વામાં આવે છે.

૧ (અ) તત્વજ્ઞાનઃ—આરણ્યકો અને ઉપનિષ-દોનો એ સિદ્ધાંત છે કે આત્મા એક, નિત્ય, અનાદિ, અવિકારી અને અનંત છે. જૈનો એ મંતવ્યથી વિ-રુદ્ધ એમ માને છે કે આત્મા એકાંત નિત્ય અગર અવિ-કારી નથી; આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુકત છે.[1] આ સિદ્ધાંતને તેઓ 'અનેકાન્તવાદ' કહે છે. એ સિદ્ધાંતનો નિષ્કર્ષ એટલો છે કે દ્રવ્યરૂપે વસ્તુ નિત્ય છે પરંતુ તેમના ગુણ ને પર્યાય, ઉત્પત્તિ અને વિનાશને આધીન છે. વધુ સ્પષ્ટ કરીયે તો કોઇપણ વસ્તુ, દ્રવ્યરૂપે તો નિત્ય રહે છે, પણ તેને ગમે તે વખતે ગમે તે નામ કે રૂપ લાગી શકે. દાખલા તરીકે, મૃત્તિકા દ્રવ્યરૂપે નિત્ય છે, પણ મૃત્તિકાના ઘટનું રૂપ તથા આકાર ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વૈદિક વિચારો જગતથી પર એવા આત્મા વિષેના છે, જ્યારે જૈન વિચારો સાધારણ અનુભવમાં પ્રતીત થતા આત્મા વિષેના છે.

આત્માની અનિશ્ચિતતાના આ સિદ્ધાંતને જૈનો 'સ્યાદ્વાદ' નામક એક વિચિત્ર તાર્કિક પદ્ધતિથી સિદ્ધ કરે છે; એ પદ્ધતિને એટલું બધું મહત્વ આપવામાં આવ્યું છે કે ઘણીવાર જૈન મતને સ્યાદ્વાદ મત એમજ કહેવામાં આવે છે. સ્યાદ્વાદના સિદ્ધાંત પ્રમાણે પ્રત્યેક વસ્તુને વધારેમાં વધારે સાત દૃષ્ટિબિંદુથી નિહાળી શકાય; અને તેને માટે સાત વાકયો આપેલાં છે, કે જે પ્રત્યેકમાં **'સ્યાત્'** શબ્દ આવે છે; જેમકે **સ્યાદસ્તિ સર્વં સ્યાન્નાસ્તિ સર્વં, સ્યાત્** એટલે **કથંચિત્**-ઉપરના વાકયમાં **સ્યાત્** શબ્દ **અસ્તિ** ને લાગુ પડે છે, અને **અસ્તિત્વ** ની અનિશ્ચિતતા સૂચવે છે દાખલા તરીકે, **સ્યાદસ્તિ ઘટઃ** એટલે કે ઘટ તરીકે તે અસ્તિત્વ ધરાવે છે; પણ પટ અથવા બીજી કોઇ વસ્તુ તરીકે તે અસ્તિત્વ ધરાવતો નથી. આવા

---

૧ આ ગ્રંથ બાળબોધ લીપિમાં ટીકા અને જર્મન અનુવાદ સાથે મેં ZDMG IX (1906)287 ff, 572 ff. પ્રસિદ્ધ કર્યો છે ભાષ્ય સાથે બીબ્લી. ઇન્ડિકા. (કલકત્તા ૧૯૦૫) માં પણ છપાયો છે.

૨. હીરાલાલ હંસરાજ જામનગરવાળાએ ૧૯૧૦ માં ૩ ભાગમાં આ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે.

૧. જુઓ હ. જેકોબી. 'જૈનોનું અધ્યાત્મ તથા નીતિશાસ્ત્ર'નો લેખ. ઑકસફર્ડ ૧૯૦૮ માં પ્રકટ થયેલ Trans. of the Congress for the His of Religion A. ii-60.

દેખીતાં સત્યોનો હેતુ 'આત્મા એક અને અદ્વિતીય સર્વ વસ્તુઓમાં એકજ રૂપે રહેલો છે' એવી વેદાન્તી ઓની માન્યતામાંથી જૈન ધર્મને બચાવવાનો છે. આ પ્રમાણે ત્રણ ક્રિયાવાચ્ય વિશેષણો **अस्ति, नास्ति, अवक्तव्य**-આવે છે; કારણકે એકજ વસ્તુમાં સત્ અને અસતનું એકી વખતે અસ્તિત્વ હોય છે, અને આવા અરસપરસ વિરોધી ભાવોનું એકી સાથે અસ્તિત્વ ભાષાના કોઈ શબ્દથી કહી શકાય તેમ નથી. આ ઉપરના ત્રણ ક્રિયાવાચ્ય વિશેષણોને જુદી જુદી રીતે મુકવાથી સાત ભાંગા પાડી શકાય તેને સ્યાદ્વાદની સપ્તભંગી કહેવાય છે.

સ્યાદ્વાદના સિદ્ધાંતના પરિશિષ્ટ રૂપે અને એક રીતે તેમાંથી ફલિત થતો 'નયવાદ' છે. 'નયો' વસ્તુનો સ્વભાવ બતાવવાની રીતો છે. જૈન મત પ્રમાણે નિર્ણય બાંધવાની આ બધી રીતો એકદેશીય છે. અને તેથી સત્યનો એક અંશ તેમાં રહેલો છે. અર્થને પ્રતિપાદન કરનાર ચાર-અને શબ્દને પ્રતિપાદન કરતા ત્રણ-એમ મળી સાત નયો છે. આ જાતની પ્રરૂપણા કરવાનું કારણ એજ છે કે વેદાન્તીઓ માને છે તેમ આત્મા અમિશ્ર નથી પણ મિશ્ર ભાવયુકત છે; તેથી વસ્તુ વિષેનો પ્રત્યેક નિર્દેશ અપૂર્ણ અને એકદેશીય છે અને વસ્તુના એકજ દેશને ગ્રહણ કરીયે તો આપણે ચોક્કસ ભુલાવામાં પડવાના. આથી એક વસ્તુ વિષે ચર્ચા કરતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ સંબંધી વિચાર કરવો જરૂરનો છે.

(બ) આધ્યાત્મિક:—સર્વ દ્રવ્યોના 'જીવ' અને 'અજીવ' એમ બે મુખ્ય વિભાગો પાડવામાં આવ્યા છે. 'અજીવ'ના આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને પુદ્ગલ એમ ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. બીજી બધી વસ્તુઓ જીવ અને પુદ્ગલની સંસ્થિતિ માટે આકાશ, ધર્મ, અને અધર્મની ખાસ આવશ્યકતા છે. આકાશનો ધર્મ સર્વ દ્રવ્યોને અવગાહ આપવાનો છે; ધર્મ અને અધર્મનું પ્રયોજન અનુક્રમે ગતિનાં સહાય રૂપ અને સ્થિરતામાં સહાયરૂપ થવાનું છે. આ ઉપરથી જોઇ શકાશે કે આકાશનું કાર્ય જૈનોએ ત્રણ જુદા દ્રવ્યોમાં વહેંચી દીધું છે; આ તર્કના વિષયથી અતિરિક્ત લાગે છે. ધર્મ અને અધર્મ નામના બે મૂળ દ્રવ્યોના વિચારો જે તેના પારિભાષિક અર્થમાં આગમોમાં વર્ણવાયેલા છે તે પ્રાથમિક મૂળ વિચારોમાંથી વિકસિત થયા હોય તેમ લાગે છે. કારણ જેમ તેમના નામો 'ધર્મ' અને 'અધર્મ' સૂચવે છે તેમ પ્રાથમિક વિચાર શ્રેણિમાં તેનો અર્થ જેના સંબંધથી પાપ અને પુણ્યનો ઉદ્ભવ થાય છે તેવા અરૂપી 'રસો' હોય તેમ લાગે છે. પાછળના વિચારો માટે 'પાપ' અને 'પુણ્ય' એવા શબ્દો જૈનો વાપરતા હોઈ, બીજા ભારતીય વિચારકોને અપરિચિત નવાજ અર્થમાં તે 'રસો'ના ચાલુ નામોનો ઉપયોગ કરવા લાગ્યા.

આકાશના બે વિભાગ છે. ચરાચર લોકથી વ્યાપ્ત તે લોકાકાશ; અને તેથી પર તે અલોકાકાશ; તે કેવળ ખાલી છે. ધર્મ અને અધર્મ લોકાકાશ જેટલાજ વિશાળ છે; તેથી કોઈ પણ આત્મા અગર પુદ્ગલ પરમાણુ, ગતિ અને સ્થિતિના સહાયભૂત દ્રવ્યના અભાવે લોકની બહાર જઈ શકે નહિ. ઉપર્યુક્ત દ્રવ્યો ઉપરાંત કેટલાકના મત પ્રમાણે 'કાલ' અર્ધ દ્રવ્ય ગણાય છે.

પુદ્ગલ નિત્ય છે અને પરમાણુઓનો બનેલો છે; બીજી રીતે જોઇએ તો તે સ્વરૂપે અનિશ્ચિત છે પણ સ્યાદ્વાદ શૈલિ પ્રમાણે પુદ્ગલ એવી વસ્તુ છે કે તે પૃથ્વી, અપ્, તેજ, વાયુ, ગમે તે રૂપ ધારણ કરી શકે છે. પુદ્ગલના સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે ભેદ છે. સ્થૂલથી આ દૃશ્ય જગત બનેલું છે; અને સૂક્ષ્મ નાના પ્રકારનાં કર્મો તરીકે પરિણત થાય છે (જુઓ નીચે). સઘળા ભૌતિક પદાર્થો પરમાણુઓના સંબંધથી ઉત્પન્ન થાય છે; એક અણુ સ્નિગ્ધ હોય અને બીજો રૂક્ષ હોય અગર બે પદાર્થો ઓછી વત્તી રૂક્ષતા અથવા સ્નિગ્ધતાવાળા હોય ત્યારે તેનો 'બંધ' થાય છે. આ રીતે ઉત્પન્ન થયેલા સમૂહો બીજા સાથે જોડાય છે વિગેરે. પણ તેઓ સઘળા તેમના સ્વરૂપમાં નિત્ય રહેતા નથી પણ ગુણોના ગ્રહણ લઇને 'ભેદ' અથવા 'પરિણામ' પામે છે. આ રીતે જીવોનાં શરીર અને ઇન્દ્રિયોની રચના થાય છે. પૃથ્વી, અપ્, તેજ, અને વાયુ-એ કેવળ અનુત્ક્રાંત દશામાં-એકેન્દ્રિય જીવોનાં શરીરો છે, તેથી તેમને પૃથ્વી કાય,

અપકાય વિગેરે કહેવામાં આવે છે. અહીં કેવળ જૈન ધર્મમાંજ દેખાતા **સર્વત્ર જીવવાદ** સંબંધી વિચારો આપણને મળી આવે છે. ઘણે ભાગે એ વિચારો ઘણાજ જુના સમયના છે-વૈદિક વિચારોની અસર તળે નહિ આવેલ હિંદી સમાજના ચોક્કસ વર્ગોમાં તે પ્રચલિત હોવા જોઇએ.

પુદ્ગલ અને પૌદ્ગલિક વસ્તુઓથી ભિન્ન જીવો છે. જીવો અનંત છે. સમગ્ર વિશ્વ જીવોથી ભરપુર છે. જીવ દ્રવ્ય હોઈ નિત્ય છે; પણ તેનું પરિમાણ નિશ્ચિત નથી. કારણ કે જેવડા શરીરમાં તેનો વાસ હોય તેવું અને તેટલું તેનું પરિમાણ થાય છે. જીવનું લક્ષણ ઉપયોગ છે જે બાહ્ય કારણોથી આચ્છાદિત થઇ શકે પણ કદાપિ નષ્ટ થઇ શકે નહિ.

જીવ બે પ્રકારના છેઃ સંસારી અને મુક્ત. જન્મ મરણ પરંપરામાં બંધાયેલા જગતના સૌ જીવો સંસારી છે; મુક્ત જીવોને ફરી વખત જન્મવાનું હોતુંજ નથી; પૂર્ણ પવિત્રતા તેઓ પામી શક્યા છે. તેઓ વિશ્વની ટોચ ઉપર સિદ્ધ દશામાં બિરાજે છે; તેઓને સંસાર વ્યવહાર સાથે કંઇ લાગતું વળગતું નથી; તેઓ મુક્તિ પદ પામ્યા છે. તાત્વિક દૃષ્ટિથી સંસારી અને મુક્ત જીવોમાં ફેરફાર એટલોજ છે કે સંસારી જીવો, રેતીથી ભરેલી કોથળીની માફક સૂક્ષ્મ કર્મ પરમાણુઓથી વ્યાપ્ત છે, જ્યારે મુક્ત જીવો કેવળ પવિત્ર છે અને કર્મ પરમાણુઓથી મુક્ત છે.

આત્માનું અશુદ્ધપણું આ પ્રમાણે થાય છે. 'કર્મ' રૂપમાં પરિણત થવાને તૈયાર સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓનો આત્મામાં સંચાર થાય છે. આ ક્રિયાને 'આસ્રવ' કહે છે. સામાન્ય રીતે જીવને 'કષાય' વળગેલા હોય છે, જે આત્માના સંયોગમાં આવેલા સૂક્ષ્મ કર્મ પરમાણુઓને ચીકટ પદાર્થની જેમ પકડી રાખે છે; આત્માએ આ રીતે પકડી રાખેલ સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓનો, તેની સાથે, જાણે કે રાસાયણિક સંયોગ થાય છે. આને 'બંધ' કહે છે. આ પ્રમાણે આત્માને વળગેલાં પુદ્ગલ પરમાણુઓ અષ્ટવિધ કર્મમાં પરિણુત થઇ, 'કાર્મણ શરીર'[૧] બને છે, જે જન્મ-જન્માંતરોમાં આત્મા સાથે રહી તેની સ્થિતિ અને તેનું ભવિષ્ય નક્કી કરે છે. કારણ કે જેમ આત્માનું પ્રત્યેક કર્મ કરેલાં સારાં નરસાં કે શુભાશુભ કાર્યોથી થયેલું હોય છે, તેજ પ્રમાણે તેનું ફળ પણ સારૂં, નરસું, કે શુભાશુભ આવે છે અને તે આત્માને ભોગવ્યા વગર છુટકો નથી. ઉપર કહ્યા પ્રમાણે જ્યારે અમુક કર્મનું ફળ ભોગવાઈ જાય છે, ત્યારે તે કર્મ પરમાણુઓથી આત્મા મુક્ત થાય છે. આ ક્રિયાને 'નિર્જરા' કહે છે. જો આ ક્રિયા અવિરોધપણે સતત ચાલ્યાં કરે, તો અંતે સઘળાં કર્મ પરમાણુઓ આત્માથી મુક્ત થઈ જાય છે; જે આત્મા મુક્તદશા પહેલાં કર્મ-ભારથી લદાયેલ હતો તે હવે મુક્ત થઈ, જ્યાં સિદ્ધોનો નિવાસ છે ત્યાં વિશ્વની ટોચ પર સિદ્ધ શિલા ઉપર-સીધો ઉંચે જાય છે. પરંતુ સામાન્ય રીતે 'બંધ' અને 'નિર્જરા'ની ક્રિયાઓ સાથે સાથે ચાલે છે અને તેથી જીવને સંસારમાં રહેવાની ફરજ પડે છે. જીવના મૃત્યુ પછી, આત્મા કાર્પણ શરીર સાથે થોડા સમયમાં પોતાના નવીન જન્મસ્થાન પર જઇ પહોંચે છે અને ધારણ કરવાના નવા શરીરના કદ પ્રમાણે પોતાનો વિસ્તાર અથવા સંકોચ કરી નવું શરીર ધારણ કરે છે.

સંસારી જીવોમાં બધા જીવંત પ્રાણીઓનો સમાવેશ થાય છે. જેનું વર્ગીકરણ કેવળ શાસ્ત્રીય દૃષ્ટિએ જ નહિ, પરંતુ વ્યાવહારિક દૃષ્ટિએ પણ જૈનોનો ઘણોજ રસિક વિષય થઇ પડ્યો છે. જૈનો 'અહિંસા'ને 'પરમધર્મ' માનનારા હોઇ, જીવના બધા પ્રકારો

---

૧. જૈનો પાંચ પ્રકારનાં શરીરો માને છે. (જો કે બધા સાથે નહિ) એક ઔદારિક અને ચાર સૂક્ષ્મ શરીરો. કાર્મણ શરીર જે કર્મોનું બનેલું છે અને જેને શારીરિક ક્રિયા નથી તે. ઉપરાંત (૧) વૈક્રિય શરીર જેથી દેવો પોતાનું ગમે તે રૂપ કરી શકે (૨) આહારક શરીર; ચૌદ પૂર્વધરોને કોઇક અર્થમાં સૂક્ષ્મ સંદેહ થયો હોય ત્યારે તીર્થંકર ભગવાન પાસે આહારક શરીર કરીને તેઓ જાય છે. (૩) તેજસ્ શરીર જે સામાન્ય જીવોમાં પાચનાદિ કાર્ય કરે છે; પણ મોટા પુરૂષોમાં તેમના શાપો ફળીભૂત કરે છે. અને આશીર્વાદ, વરદાન, ફળીભૂત કરે છે. વિગેરે સૂક્ષ્મ શરીરોનો સિદ્ધાંત (જેમાં જૈનો કે વિગતો વિવાદાસ્પદ છે તે) અતિપ્રાચીન વિચારોમાંથી ફલિત થાય છે. જૈનોએ તેને પદ્ધતિસર રૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે વૈક્રિય અને તેજસ શરીર સાથે સાંખ્યોના વૈદારિક, અને તેજસ અહંકારને સરખાવી શકાય.

જાણવા તેમને આવશ્યક છે. જૈનો પ્રાણીઓનું વર્ગીકરણ તેમની ઇન્દ્રિયોની સંખ્યાને આધારે કરે છે. સૌથી ઉચ્ચ કોટિમાં પંચેન્દ્રિય આવે છે જેને સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર–એ પાંચ ઇન્દ્રિયો હોય છે; એકેન્દ્રિય જીવને માત્ર સ્પર્શ ઇન્દ્રિય જ હોય છે. અને બાકીના બેઇન્દ્રિય, તેઇન્દ્રિય વિગેરે જીવોને અનુક્રમે બે ત્રણ અને ચાર ઇન્દ્રિયો હોય છે. દાખલા તરીકે કૃમિ વિગેરેને સ્પર્શ અને રસના એમ બે ઇન્દ્રિયો છે. કીડીને બે ઉપરાંત ઘ્રાણ વધુ છે. ભ્રમર વિગેરેને ચક્ષુ વધારે છે. સઘળા કરોડવાળાં પ્રાણીઓને પાંચ ઇન્દ્રિયો છે. દેવો, નારક જીવો અને મનુષ્યોને મન હોય છે; અને તેથી તેઓ સંજ્ઞી કહેવાય છે. અને તેથી નિકૃષ્ટ જીવોને અસંજ્ઞી કહેવાય છે. એકેન્દ્રિય જીવો વિષેના જૈનોના કેટલાક વિચારો અમુક અંશે તેમનાજ હોઇ, વધારે વિવેચનની અપેક્ષા રાખે છે.

ઉપર કહેવામાં આવ્યુંજ છે કે પૃથ્વી અપ્ તેજ વાયુ–એ ચારે તત્ત્વોમાં જીવ તો રહેલોજ છે. જેમકે પૃથ્વીના પરમાણુઓ પૃથ્વીકાયના એકેન્દ્રિય જીવોનું શરીર છે. આને આપણે એકેન્દ્રિય જીવો કહી શકીયે; તેઓ જન્મે છે અને મૃત્યુ પામે છે; અને પુનઃ એજ અથવા તો બીજા આવા શરીરમાં જન્મ પામે છે. આ એકેન્દ્રિય જીવો સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારના હોય છે. સૂક્ષ્મ જીવો દૃષ્ટિગોચર હોતા નથી; એકેન્દ્રિય જીવોનો છેલ્લો વર્ગ વનસ્પતિ છે; કેટલીક વનસ્પતિમાં એકજ જીવ હોય છે; જ્યારે કેટલીકમાં સંખ્યાબંધ જીવોના સમૂહ હોય છે જેમનાં જીવનના હવા પોષણાદિ સર્વ કાર્યો સામાન્ય હોય છે. વનસ્પતિ સજીવ છે એવી માન્યતા બીજા ભારતીય તત્ત્વજ્ઞો પણ ધરાવે છે; પણ જૈનોએ આ માન્યતાનો ઘણો આશ્ચર્યકારક રીતે વિકાસ કર્યો છે. જે વનસ્પતિમાં એકજ જીવ રહેલો છે તે હંમેશાં સ્થૂલ હોય છે; તે વિશ્વના રહેવા લાયક ભાગમાં જ હોય છે. પરંતુ જે વનસ્પતિ વનસ્પતિકાયના જીવોના સમૂહનું શરીર હોય છે તેમાંની કેટલીક સૂક્ષ્મ અને અદૃષ્ટિગોચર હોઈ આખા વિશ્વમાં સર્વત્ર આવેલી હોય છે. આવી સૂક્ષ્મ વનસ્પતિને 'નિગોદ' કહે છે. તેમાં અનંતા જીવો એક નાના સમૂહમાં રહેલા હોય છે. તેમને હવા અને પોષણ સામાન્ય હોય છે, તથા ઘણીજ તીવ્ર યાતના અનુભવે છે. આવા અસંખ્ય નિગોદોનો એક 'ગોલક' (Globule) થાય છે. અને એક પેટીમાં ભરેલા પાઉડરની માફક આખા વિશ્વમાં વ્યાપી રહેલા હોય છે. જે જીવો નિર્વાણ પામ્યા હોય છે, તેમની જગ્યા નિગોદીઆ જીવો પુરતા રહે છે. પણ નિગોદના અનંતમાં પ્રદેશના જીવો આખા જગતમાં અનાદિકાળથી તે અત્યાર સુધી નિર્વાણ પામેલા બધા જીવોની જગ્યા પુરવાને પુરતા છે. આ ઉપરથી વ્યકત થશે કે સંસાર કોઈ દિવસ જીવો વગરનો નહીં રહે (જુઓ લોક પ્રકાશ ૬. ૩૧.)

બીજા દૃષ્ટિબિંદુથી સંસારી જીવોના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે; નારક, તિર્યંચ, મનુષ્યો, અને દેવો; આ ચાર ગતિમાં જીવો પોતપોતાના પાપ પુણ્ય પ્રમાણે જન્મ પામે છે. વિશેષ હકીકત માટે જુઓ નીચેના લેખો Demons & Spirits (Jains) Vol. IV P. 608ff. Cosmogony & Cosmology (Indian) 4 Vol. IV P. 160 f. Ages of the world (Indian) Vol. 1 Page 200.

આપણે ઉપર જોયું કે જીવને શરીર ધારણ કરવામાં 'કર્મ' એ કારણભૂત છે. જૈન દર્શનનો પાયો કર્મના સિદ્ધાંત ઉપર રચાયેલો છે; તેથી તેનું વિશેષ સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. કેવળ જ્ઞાન, દર્શન, પરમાનંદ (અવ્યાબાધ) તથા બધી પ્રકારની સંપૂર્ણતા એ આત્માના સહજ ગુણો છે. પરંતુ સંસારી જીવોમાં આત્માના આ સહજ ગુણો કર્મથી આવરણ પામે છે; આ દૃષ્ટિબિંદુથી કર્મના વિભાગો સમજી શકાશે. જ્યારે કર્મ પરમાણુઓનો આત્માની સાથે 'બંધ' થાય છે ત્યારે જેમ અન્ન પાચન ક્રિયાથી શરીરના પોષણને માટે આવશ્યક જુદા જુદા રસોમાં પરિણત થાય છે તેમ કર્મ પૃથક્ પૃથક્ કે સંયુકત રીતે આઠ પ્રકાર (પ્રકૃતિના) થઇ, કાર્મણ શરીર બનાવે છે. આઠ પ્રકારનાં કર્મ નીચે પ્રમાણે છે:—

(૧) જ્ઞાનાવરણીય જે આત્માના સહજ સમ્યક્ જ્ઞાન (દાખલા તરીકે કેવળજ્ઞાન) ને આવરણ કરી. આત્માની જ્ઞાન અને અજ્ઞાનની જુદી જુદી દશા ઉત્પન્ન કરે છે;[૧] (૨) દર્શનાવરણીય* જે સમ્યક્ દર્શનનો અવરોધ કરે છે; જેમકે નિદ્રા; (૩) વેદનીય જે આત્માના આનંદ સ્વભાવને આવરણ કરી સુખી અને દુઃખી અવસ્થાઓ ઉત્પન્ન કરે છે; (૪) મોહનીય. જે સમ્યક્ દર્શન, ચારિત્ર, વિષે આત્માના સત્ય વલણ (ઉપયોગ) માં વિઘ્નરૂપ થઇ, સંશય, વિભ્રમ, કુચારિત્ર, રાગદ્વેષાદિ અને ભિન્ન પ્રકારની માનસિક સ્થિતિ ઉત્પન્ન કરે છે. બાકીનાં ચાર કર્મો જીવની વ્યક્તિ અવસ્થા સાથે સંબંધ ધરાવે છે. (૫) આયુ. જે નારક, તિર્યંચ, મનુષ્ય અગર દેવ ગતિના જીવનું આયુષ્ય નક્કી કરે છે. (૬) નામ. જે તેની વ્યક્તિ તરીકેની હયાતિના જુદાં જુદાં તત્વો અને સંજોગો ઉત્પન્ન કરે છે. જેમકે, સામાન્ય અને વિશેષ ગુણો અને શક્તિવાળું અમુક પ્રકારનું શરીર. (૭) ગોત્ર–જે જીવની જાત, જ્ઞાતિ, કુળ, ભોમ્ભો વિગેરે નક્કી કરે છે. (૮) અંતરાય. જે આત્માની સહજ વીર્ય શક્તિનો અવરોધ કરે છે, અને તેથી જીવને સત્કાર્ય કરવાની ઇચ્છા હોય તો પણ તેમાં વિઘ્ન કરે છે.

પ્રત્યેક કર્મ અમુક નિયત સમયે વિપાક આપીને નાશ પામે છે. કર્મફલના સિદ્ધાંતની ચર્ચા કરતાં પહેલાં છ લેશ્યાનો સિદ્ધાંત જે કર્મના સિદ્ધાંતની સાથે સંબંધ ધરાવેછે તેનું નિવેદન કરવું જોઇએ. આત્માની સાથે સંકળાયેલાં કર્મો ભેગા થઇને ચર્મચક્ષુથી ન જોઇ શકાય તેવો એક રંગ ઉત્પન્ન કરે છે. અને તેને લેશ્યા કહે છે. લેશ્યા છ છે; કૃષ્ણ, નીલ, કાપોત, પીત, રક્ત, અને શ્વેત. એ લેશ્યા ઉપરથી જીવની નૈતિક સ્થિતિ જાણી શકાય છે; કારણ કે લેશ્યા જીવનું ચારિત્ર્ય સૂચવે છે, પ્રથમની ત્રણ લેશ્યા પુષ્ટ જીવોને હોય છે, અને છેલ્લી ત્રણ સારા જીવોને હોય છે.[૨]

પ્રત્યેક જીવની અવસ્થા, તેના સહજ સ્વભાવથી અને જે કર્મથી તે કલુષિત થયેલ છે તે કર્મથી ઉત્પન્ન થાય છે; આને પારિણામિક (Developmental) ભાવ કહે છે. બીજા પણ ચાર ભાવો છે જેને કર્મની પ્રવૃત્તિ સાથે સંબંધ છે. સામાન્ય વસ્તુસ્થિતિમાં કર્મ ફળ આપે છે અને તદનુસાર પરિણામ આપે છે, ત્યારે જીવ ઔદયિક ભાવમાં હોય છે. યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી કર્મને થોડા વખત માટે વિપાક આપતું અટકાવી શકાય; તે કર્મ ઉપશાંત (neutralized) થાય છે પરંતુ તે રાખથી ઢંકાયેલા અગ્નિની માફક રહે છે. ત્યારે આત્મા ઔપશમિક ભાવમાં હોય છે. જ્યારે કર્મને વિપાક આપતાં અટકાવ્યું હોય એટલુંજ નહિ પણ તેનો ક્ષય કરી નાખ્યો હોય ત્યરે આત્મા ક્ષાયિક ભાવમાં હોય છે; જે ભાવ નિર્વાણ પ્રાપ્તિ માટે આવશ્યક છે. જીવને ક્ષાયોપશમિક નામનો ચોથો ભાવ હોય છે જેમાં ઉપર કહેલા ત્રણે ભાવોનો સમાવેશ થાય છે; આ દશામાં કેટલાંક કર્મોનો ક્ષય થયો હોય છે, કેટલાંક ઉપશાંત થયાં હોય છે જ્યારે કેટલાંક વિપાકદશામાં હોય છે. સાધારણ રીતે સજ્જનો આ ભાવમાં હોય છે; પરંતુ ઔપશમિક અને ખાસ કરીને ક્ષાયિકભાવ સત્પુરુષોને હોય છે. આ ઉપરથી સહેલાઇથી સમજી શકાશે કે આ ભાવોના ભેદ જીવની નૈતિક અવસ્થા સાથે ખાસ સંબંધ ધરાવે છે; જૈન આચારોમાં પણ તેનો વારંવાર નિર્દેશ કરવામાં આવ્યો છે.

કર્મ સિદ્ધાંતને નીતિશાસ્ત્ર સાથે કેવો સંબંધ છે તે હવે આપણે વિચારીશું. પરમ આદર્શ એ છે કે સઘળાં કર્મોથી મુક્ત થવું (નિર્જરા), અને તે સમયમાં નવાં કર્મો બાંધવાં નહિ, અથવા તો શા-

---

૧. જૈનો પંચવિધ જ્ઞાન માનેછે; મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન.

* દર્શનાવરણીય દર્શનનો-નિરાકાર જ્ઞાનનો અવરોધ કરે છે. સમ્યગ્ દર્શન અને આ દર્શન ભિન્ન ભિન્ન છે.

ઉ. દે. બરોડિયા.

૨ જીવના રંગો વિષેની માન્યતા ઘણી પુરાણી હોય તેમ લાગે છે પહેલાં 'મલિન આત્મા' અને ઉજ્જવલ આત્મા' એ શબ્દો વાચ્યાર્થમાં વપરાતા હતા; આવી માન્યતા અન્ય સ્થળે હોવાનું પણ જણાય છે. (જુઓ મહાભારત. પર્વ ૧૨–૨૮૦. ૩૩ f, ૨૯૧, ૪ ff અને સરખાવો યોગશાસ્ત્ર ૪. ૭.

સ્ત્રીય પરિભાષામાં કહીયે તો કર્મનું આગમન (આસ્રવ) રોકવું, અર્થાત્ જે માર્ગે કર્મ આત્મામાં પ્રવેશ કરે છે તે માર્ગ બંધ કરવો (સંવર). સઘળાં કાર્યો કર્મને ઉત્પન્ન કરે છે અને તેથી જીવની સાંપરાયિક દશા કાયમ રહે છે; પરંતુ જ્યારે મનુષ્ય રાગદ્વેષાદિથી વિમુક્ત થઇ સમ્યગ્ ચારિત્રના નિયમોનું સેવન કરે છે ત્યારે તેનાં કાર્યો એક પળ સુધી કર્મ રૂપે રહી પછી નાશ પામે છે (ઇર્યાપથ). તેથી સાધુઓના આચારનું સઘળું બંધારણ નવાં કર્મોની ઉત્પત્તિ અટકાવવા અર્થેજ છે; તેજ હેતુ તપથી પણ સાધી શકાય છે. તપથી જુનાં કર્મોનો નાશ વધારે જલદી થાય છે.

આ ઉપરથી ફલિત થશે કે જૈનોના નીતિશાસ્ત્ર અને સાધુ આચાર એ કર્મના સિદ્ધાંતનું પારણામ ગણી શકાય. પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ તેમના નૈતિક સિદ્ધાંતો, સાધુ સંસ્થા અને સાધુઓના આચાર ભારતીય પ્રાચીન ધર્મોમાંથી લેવામાં આવ્યા છે; કારણ કે બ્રાહ્મણ સંન્યાસીઓ અને બૌદ્ધોની પ્રણાલિઓ અને સંસ્થાઓ જૈનોની પ્રણાલિ અને સંસ્થાઓ સાથે મળતી આવે છે. (જુઓ સે. બુ. ઓફ. ધી. ઇસ્ટ. પુ. ૨૨. (૧૮૮૪) પ્રસ્તાવના. પૃ. ૨૨.)

૨. જૈન નીતિશાસ્ત્રનું અંતિમ ધ્યેય નિર્વાણ અથવા મોક્ષ પ્રાપ્તિનું છે. આ ધ્યેય પ્રાપ્ત કરવાનો માર્ગ સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્ર છે. અલંકારિક ભાષામાં આને 'રત્નત્રયી' કહે છે. બૌદ્ધો 'ત્રિરત્ન' સંજ્ઞા જુદા અર્થમાં વાપરે છે. એ ગુણો ઉત્પન્ન કરી શકાય નહિ, પણ ઘાતિ અને અઘાતિ કર્મોનું આવરણ દુર થવાથી સહજ પ્રગટ થાય છે. એ ગુણો પ્રત્યક્ષ કરવા માટે સદાચારના નિયમોનું પાલન કરવું જોઇએ અને સદ્‌ગુણો પ્રાપ્ત કરવા જોઇએ. તેમાં પંચ મહાવ્રત પ્રથમ આવશ્યક છે. આમાંના ચાર વ્રતો બૌદ્ધો અને બ્રાહ્મણો પણ સ્વીકારે છે. જૈનોના પાંચ મહાવ્રતો આ છે–૧ પ્રાણાતિપાત વિરમણ ૨–મૃષાવાદ વિરમણ ૩–અદત્તાદાન વિરમણ ૪ મૈથુન વિરમણ, ૫. પરિગ્રહ વિરમણ આ પાંચ વ્રતો સાધુઓએ ખાસ પાળવાં જોઇએ. સાધુધર્મમાં પ્રવેશ કરતી વેળા અથવા સામાન્ય ભાષામાં કહીયે તો દિક્ષા લેતી વખતે સાધુ આ વ્રતો અંગીકાર કરે છે. સાધુઓના સંબંધે આ વ્રતો પંચ 'મહાવ્રત' કહેવાય છે. પરંતુ શ્રાવકોએ તે વ્રતો પોતાની સ્થિતિ અનુસાર પાળવાં જોઇએ; અને તેમની બાબતમાં આ વ્રતો 'અણુવ્રત' કહેવાય છે. વધુ સ્પષ્ટ કરીયે તો જ્યાં લગભગ દરેક વસ્તુ જીવયુક્ત માનવામાં આવે છે તેનો વિચાર કરીયે તો પહેલું પ્રાણાતિપાત વિરમણ વ્રત પાળવામાં દરેક કાર્યોમાં ઘણોજ ઉપયોગ રાખવાનો હોય છે. કોઇ પણ પ્રકારે જીવહિંસા ન થાય તે માટે શાસ્ત્રોમાં સાધુઓ માટે અસંખ્ય નિયમો કરવામાં આવ્યા છે. પરંતુ જો આ નિયમો શ્રાવકને પાળવાના હોય તો તેનાથી વ્યાપાર થઇ શકે નહિ. તેથી તેને માટે એવો નિયમ છે કે તેણે ઇરાદાપૂર્વક, પછી તે ભલે ખોરાક, લાભ, અગર આનંદ વિગેરે માટે હોય તો પણ, હિંસા ન કરવી જોઇએ. એવીજ રીતે અન્ય વ્રતો માટે પણ છે, શ્રાવકોને માટે આ નિયમોની સખ્તાઇ કંઇક ઓછી કરવામાં આવેલી છે. શ્રાવકો પણ અમુક સમય સુધી નીચલા 'શીલવ્રત' અંગીકાર કરીને વધારે કડક આચાર પાળી શકે. (૧) દિગ્‌વિરતિ–અમુક દિશામાં અમુક હદ સુધીજ જવાનો નિશ્ચય. (૨) અનર્થ દંડ વિરતિ–પોતાની સાથે જે બાબત ખાસ સંબંધ ન ધરાવતી હોય તેનો ત્યાગ. (૩) ઉપભોગ પરિભોગ પરિમાણ–મોજશોખ દુર કરવા ઉપરાંત ખાદ્ય, પેય અને ઉપભોગની ચીજોનું માપ બાંધી દેવું. (સાથે એટલું જણાવવું જોઇએ કે કંદમૂળ, મધ, તથા સુરાપાનનો તેમજ રાત્રિભોજનનો નિષેધ સાધુ શ્રાવક બન્ને માટે એક સરખો કરવામાં આવ્યો છે) ઉપર કહેલાં ત્રણ વ્રતોને 'ગુણવ્રત' કહે છે અને નીચેનાં ચાર વ્રતોને 'શિક્ષાવ્રત' કહે છે. (૪) દેશ વિરત–ચાલવાનો પ્રદેશ સંકુચિત કરવો: (૫). સામાયિક; આ વ્રતથી શ્રાવકો અમુક સમયે સ્થિર બેસી ધ્યાનમગ્ન થઇ બધાં પાપયુક્ત કાર્યોનાં પરિત્યાગ કરે છે; (૬) પૌષધોપવાસ–શુકલ પક્ષની અષ્ટમી ચતુર્દશી, અથવા પૂર્ણિમાના દિવસે અથવા

મહિનામાં ઓછામાં ઓછું એક દિવસ, સાધુ આચાર પ્રમાણે રહેવું. (૭). અતિથિ સંવિભાગ–શબ્દાર્થથી, અતિથિને ભાગ આપવો; પરંતુ વ્યવહારમાં તેનો અર્થ સાધુ સાધ્વીની આવશ્યકતા પુરી પાડવા પુરતો સંકુચિત થઈ ગયો છે.

શ્રાવકોના આવા આચારોનો ઉદ્દેશ દેખીતી રીતે એવો છે કે તેઓ સાધુ ધર્મ અંગીકાર કર્યા સિવાય સંસારમાં રહીને કેટલેક અંશે અને કેટલાક સમય સુધી સાધુ જીવનના ફાયદા તથા પુણ્ય હાંસલ કરી શકે. તેજ પ્રમાણે અનશનના નિયમોનો પણ એવો જ ઉદ્દેશ છે. (જુઓ લેખ. Death and Disposal of the dead (Jain) Vol. 4 p. 484 f) એ તો સ્પષ્ટ છે કે શ્રાવક શ્રાવિકાઓને ધર્મની બહારના જેવા ગણવામાં આવતા નહોતા. અથવા તો બૌદ્ધ ધર્મના આરંભમાં હતું તેમ, તેમને સંઘના માત્ર મિત્રો અને મદદગારો તરીકે ગણવામાં આવતા નહિ, પણ પહેલેથી જ તેમનો સંબંધ, તેમના ધર્મો તથા હકો વડે સ્પષ્ટ રીતે નિશ્ચિત કરવામાં આવ્યો છે, સાધુ સંસ્થા સાથે શ્રાવકોને જોડનારી સાંકળ દૃઢ પ્રકારની હતી. શ્રાવકની અવસ્થા સાધુ અવસ્થા માટે પ્રાથમિક અને મોટે ભાગે તૈયાર થવાની ભૂમિકા છે. તો પણ હમણાં થોડા વખત થયાં સામાન્ય શ્રાવકોમાંથીજ નહિ પણ મુખ્યત્વે કરીને નાની ઉમરના અશિક્ષિતોને પણ દિક્ષા આપવામાં આવે છે તેથી કરીને તે બાબતમાં ફેરફાર થવા પામ્યો હોય એમ જણાય છે. એટલું બેશક કહી શકાય કે શ્રાવક–શ્રાવિકા અને સાધુ સાધ્વીઓના પરસ્પર ધર્મોમાં ઘણું સામ્ય હોવાને લઈને બન્ને વચ્ચે નિકટ સંબંધ જારી રહ્યો છે; અને તેથી કરીને અંદરથી મૌલિક ફેરફારો નહીં કરવાને જૈન ધર્મ સમર્થ રહ્યો છે તેમજ લગભગ બે હજારથી વધુ વર્ષ થયાં બહારના હુમલાઓ સામે જૈન ધર્મ ટક્કર ઝીલી શક્યો છે. પરંતુ બૌદ્ધ ધર્મમાં ઉપાસકોના આચાર એટલા કડક ન હોવાને લઈને તેમાં અસાધારણ ફેરફારો થયા અને અંતે જે દેશમાં તેની ઉત્પત્તિ થઈ હતી તે દેશમાંથી તે અંતે નાબુદ થયો.

દિક્ષા અંગીકાર કરતી વેળા સાધુ ઉપર કહેલાં પાંચ મહાવ્રતો ગ્રહણ કરે છે; અને જો એ પંચ મહાવ્રતોનું અનુપાલન સમ્યક્ પ્રકારે થાય, તો તેને નવાં કર્મો લિપ્ત કરતા નથી. (S. B. E. પૃ. ૨૨. ૨૦૨ ff) પરંતુ તેમનું વધારે સારી રીતે પાલન કરવા માટે વધારે સ્પષ્ટ નિયમોની જરૂર છે. આ નિયમો તે સાધુઓની શિક્ષા ગણાય છે .તે શિક્ષાનું વર્ણન સાત વિભાગમાં આપેલું છે.

(૧) કાય વાક્ અને મનના વ્યાપાર, જેને શાસ્ત્રીય પરિભાષામાં 'યોગ' કહે છે. તેનાથી કર્મ પરમાણુઓ આત્મા સાથે જોડાય છે (આસ્રવ) અને નવું કર્મ બંધાય છે, આ વાત ઉપર સમજાવેલી છે; તેથી કરીને આસ્રવ અટકાવવાને (અથવા 'સંવર' કરવાને) કાય, વાણી અને મનના વ્યાપારોને સંપૂર્ણ સંયમમાં રાખી તે વ્યાપારોનો નિગ્રહ કરવો જોઇએ; આને 'ત્રિગુપ્તિ' કહે છે (મનો ગુપ્તિ એટલે મનને દુષ્ટ વિચારોથી દુર રાખી, સારા વિચારોમાં સંયોજીત રાખવું વિગેરે) (૨) સાધુ માટે વિહિત કાર્યોમાં પણ જોતે અજાણતાં પણ અહિંસાવ્રતનું ઉલ્લંઘન કરે તો તે દોષિત ઠરે છે. આવા દોષ ટાળવા માટે તેણે 'પંચ સમિતિ' પાળવી જોઇએ; અર્થાત્ ચાલતાં, બોલતાં, ભિક્ષા લેતાં, કોઇ વસ્તુ લેતાં અથવા મુકતાં અને મળત્યાગ કરતાં જયણા–સંભાળ રાખવી જોઇએ; એટલે કે સાધુ ચાલતી વખતે કોઇ જીવ જંતુ ન મરે અથવા નુકસાન પામે તે માટે છ ફુટ જગ્યા આગળ જોઇ જવી; તેજ પ્રમાણે કોઇ વસ્તુ મુકતાં પહેલાં જમીન તપાસવી અને પ્રમાર્જી લેવી; સચિત્ત વસ્તુ ખાતામાં આવી ન જાય તે માટે જયણા રાખવી; વિગેરે–[૧] (૩) કર્મનો આત્મા સાથે સંયોગ થવામાં રાગદ્વેષાદિ કષાય કારણભૂત છે; તેથી સાધુઓએ સદ્‌ગુણો મેળવવા જોઇએ. કષાયો ચાર છે; ક્રોધ, માન, માયા અને લોભ; અને તેનાથી ઉલટા ગુણો ક્ષમા, માર્દવ આર્જવ અને શૌચ છે; એ ચાર ગુણોમાં નીચેના છ ગુણો ઉમેરવાથી સાધુઓનો દશાંગી 'ઉત્તમ ધર્મ' થાય છે–સત્ય, સંયમ, તપ,

૧. આ બાબતમાં સાધુઓએ રાખવી જોઈતી જયણાનો ખ્યાલ આચારાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં આપેલો છે.

ત્યાગ, અસંગતા તથા બ્રહ્મચર્ય[1] (૪) પરમ મુમુક્ષુમાં હોવી જોઇતી પવિત્રતા મેળવવામાં સહાયક એવી બાર 'અનુપ્રેક્ષા' અથવા 'ભાવના' છે; જેમાં દાખલા તરીકે સર્વ વસ્તુની અનિત્યતા, મનુષ્યની અશરણતા, વિશ્વની દુઃખી અવસ્થા વિગેરે વિષયોની ચર્ચા કરેલી છે; આ ઉપર જૈન ગ્રંથકારોએ અસંખ્ય ધર્મપ્રવચનો સંયોજ્યાં છે. (૫) વિશેષમાં કર્મનો ક્ષય કરવાને તથા સત્ય પંથમાં દૃઢ રહેવાને સાધુએ જે કાંઇ પરિસહ (પ્રતિકૂળતાઓ) પડે તે આનંદપૂર્વક સહન કરવાનો અભ્યાસ રાખવો જોઇએ; પરિસહ બાવીસ પ્રકારના છે; જેવાં કે ભુખ, તરસ, ટાઢ, તાપ, કસોટી કરે તેવા પ્રસંગો, રોગ, અપમાન અને વિકારો, વિગેરે, જે તેણે ડગ્યા વગર સહન કરવા જોઇએ. જો આપણે વિચારીયે કે પ્રત્યેક સુખ ભોગથી દુર રહેવા, તથા કોઇ પણ પ્રાણીની હિંસા કર્યા સિવાય માત્ર દેહ ટકાવી રાખવા માટે સાધુ આચારો વિહિત કર્યા છે તોજ આ બધા પરિસહો સહન કરવાથી શું વ્યાવહારિક પરિણામો આવશે તેની કલ્પના કરી શકીયે. (૬) ચારિત્ર–સંયમમાં છે અને તેના પાંચ પ્રકાર છે. પ્રથમ પ્રકારમાં પાપ કાર્યોથી દુર રહેવાનું છે અને છેલ્લા પ્રકારમાં સઘળાં કર્મોનો આત્યંતિક નાશ થાય છે અને ત્યાર પછી મોક્ષ પમાય છે, (૭) છેલ્લો પ્રકાર તપનો છે. જેનાથી નવાં કર્મો ઉત્પન્ન થતાં નથી એટલુંજ નહિ પણ યોગ્ય રીતે અને સદ્ હેતુથી થયું હોય તો જુનાં કર્મોની 'નિર્જરા' થાય છે; અન્ય કેટલાક ધર્મોમાં પણ તપ વિહિત છે તે 'બાલ તપ' કહી શકાય, કારણ કે તેથી યોગિક સિદ્ધિઓ દેવગતિમાં જન્મ એવા નશ્વર લાભો પ્રાપ્ત કરી શકાય પરંતુ પરમ સુખની પ્રાપ્તિ કદાપિ થઇ શકતી નથી. જૈનધર્મમાં તપને ઘણું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તપના બે પ્રકાર છે; (અ) બાહ્ય તપ અને (બ) અભ્યંતર તપઃ બાહ્ય તપમાં જૈનોના સાધારણ વ્રતો વિગેરે આવે છે; જ્યારે અભ્યંતર તપમાં આધ્યાત્મિક ક્રિયાઓનો સમાવેશ થાય છે. (અ) વ્રતોમાં જૈનોએ ઉપવાસને બહુજ પ્રાધાન્ય આપ્યું છે. જૈનોએ તેને એક કળા રૂપ બનાવી, તેમાં ઘણું પ્રાવીણ્ય મેળવ્યું છે. અનશતની સાધારણ રીત એવી છે કે બબ્બે, ત્રણ ત્રણ ચારચાર દિવસે અને છેક વધીને છ મહિને એક વખત ભોજન કરવું. અનશનની બીજી રીત 'મરણાંતિકી સંલેખના' અર્થાત્ મરણ સુધી ઉપવાસ કરવાની છે. (જુઓ. Voluntary death or euthanasia in the art. Death and disposal of the dead Jain) બીજી જાતનાં તપ આનાંથી જુદા છે. જેવાં કે 'ઉણોદરી' અર્થાત્ રોજના ખોરાકનું માપ ઓછું કરવું; ભિક્ષામાંથી મળેલા અન્નમાંથી અમુક પ્રકારનુંજ અન્ન જમવું; (સાધુ સાધ્વીઓએ હંમેશ ભિક્ષાથીજ શરીર નિર્વાહ કરવો જોઇએ; તેથીજ તેમને માટે ખાસ તૈયાર કરેલું તેઓ ગ્રહણ કરી શકે નહિ); સ્વાદિષ્ટ ખોરાકનો ત્યાગ, ધ્યાનને માટે એકાંતનું સેવન તથા ધ્યાનમાં લીધેલા આસનો એનો પણ બાહ્ય તપમાં સમાવેશ થાય છે. વૈદિક ધર્મમાં યોગમાં પણ આવા પ્રકારની વિધિ હોય છે. (બ) અભ્યંતર તપમાં સઘળી આધ્યાત્મિક ક્રિયાઓનો સમાવેશ થાય છે, દાખલા તરીકે ધ્યાન, પાપની કબૂલાત, પાપનો પશ્ચાત્તાપ વગેરે; આચારના નિયમોનું ઉલ્લંઘન કરવાના પ્રાયશ્ચિતરૂપે દરરોજ પ્રતિક્રમણ કરવું જોઇએ; મોટા પાપો માટે ગુરૂ પાસે આલોચના અને પશ્ચાત્તાપ કરવાં જોઇએ; સાધારણ દોષો માટે કાયોત્સર્ગ (કાઉસગ્ગ) નું તપ (અમુક સમય સુધી અમુકજ સ્થિતિમાં ઉભા રહેવું તે) વિહિત કરવામાં આવ્યું છે; પરંતુ મહાન દોષોના પ્રાયશ્ચિત્ત તરીકે પુનઃ દિક્ષા આપવામાં આવે છે, એ ઉપરાંત વિનય, સાધુ તથા શ્રાવકની વૈયાવચ્ચ, સ્વાધ્યાય, પ્રલોભનો ઉપર વિજય–આદિ ગુણોનો અભ્યંતર તપમાં સમાવેશ થાય છે. પરંતુ ધ્યાન એ સાથી ઉત્તમ તપ છે; એકજ વસ્તુ ઉપર મનને એકાગ્ર કરવું તેનું નામ ધ્યાન; તે એક મુહૂર્ત (૪૮ મીનીટ)થી વધારે થઇ શકતું નથી. અને નિરોગી શરીર વાળાનેજ ધ્યાન કરવાની અનુજ્ઞા આપવામાં આવે છે. જે વસ્તુ ઉપર અને જે હેતુ માટે મનને એકાગ્ર કરવામાં આવે, તે વસ્તુ અને હેતુ ઉપર ધ્યાનની ઉત્કૃષ્ટતા, મધ્યમતા તથા કનિષ્ઠતાનો આધાર રહે છે; અને પરિણામનો આધાર પણ તેના ઉપરજ અવલંબે છે. અહીં આપણે શુભ ધ્યાનનોજ વિચાર કરીશું; શુભ ધ્યાન ધર્મ અને શુકલ

---

૧. સરખાવો મનુ ૬. ૯૨.

એમ બે પ્રકારનું છે. ધર્મ ધ્યાનથી પામર જીવોને અગોચર એવાં ધાર્મિક સત્યોનું અંતર્જ્ઞાન સ્ફુરે છે. ખરેખર આગમો અને પછીનાં શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલા વિશ્વવિદ્યા ખગોળ, ભૂગોળ, અધ્યાત્મ વિગેરે વિષયોના જ્ઞાનમાં જે ચોક્કસપણું માની લેવામાં આવે છે તે ધર્મ ધ્યાને જે સ્ફુરિત કરેલું છે એની કલ્પના કરવા આવે છે તેવા આંતરજ્ઞાનને આભારી છે એમાં સંશય રાખવાની જરૂર નથી. ધર્મ ધ્યાન કરતાં શુકલ ધ્યાન ઉચ્ચતર કોટિનું છે અને તે ચાર કક્ષા દ્વારા મોક્ષ તરફ લઇ જાય છે. પ્રથમ એક એક વસ્તુ ઉપર મન એકાગ્ર કરવામાં આવે છે. ત્યારબાદ એકજ વસ્તુ ઉપર ધ્યાન કરવામાં આવે છે. ત્યાર પછીની કક્ષામાં મન વચન અને કાયાની પ્રવૃત્તિઓ બહુજ સૂક્ષ્મ રીતે ચાલ્યા કરે છે અને વધારેને વધારે સૂક્ષ્મ બનતી જાય છે. આ દશામાં તે વ્યક્તિની સાંસારિક અવસ્થા પૂર્ણ થવા આવે છે, તેથી બાકી રહેલાં કર્મોનો સમુદ્‌ઘાતથી એકી સાથે ભડકાની માફક નાશ થાય છે. પછી શુકલધ્યાનની છેલ્લી કક્ષામાં સઘળાં કર્મોનો નાશ થયો હોવાથી તથા સઘળી પ્રવૃત્તિઓ બંધ પડવાથી, જીવ દેહનો ત્યાગ કરી, જ્યાં મુક્તાત્માઓ હંમેશને માટે રહે છે ત્યાં વિશ્વની ટોચે જાય છે. અહીં એટલું સ્પષ્ટ કરવું જોઇએ કે માત્ર શુકલધ્યાન મોક્ષનું સાધન નથી, પરંતુ તે તો મોક્ષની તૈયારી માટેની ક્રિયાઓની સાંકળનો છેલ્લો અંકોડો છે. તેની પહેલી બે કક્ષાઓ અનુભવવા માટે પણ કષાયો ઉપશાંત અથવા નષ્ટ થવાની જરૂર છે; અને છેલ્લી બે કક્ષાઓમાં તો ફક્ત 'કેવલિ' (જેણે સર્વજ્ઞતા પ્રાપ્ત કરી છે તે) પ્રવેશ કરી શકે; કારણ કે તે બન્ને કક્ષાઓ મોક્ષની પૂર્વગામી છે. બીજી બાજુએ નિર્વાણ પહેલાં બાર વર્ષ સુધી દેહ દમન કરવું જોઇએ અને તે સાધુજીવનમાં છેલ્લું કાર્ય ગણાય. કેવળ દેહદમનથીજ મોક્ષ પ્રાપ્ત થતો નથી; કારણ કે ભગવાન મહાવીરના શિષ્ય સુધર્મનના શિષ્ય જંબુ કૈવલ્ય પ્રાપ્ત કરનાર અને મોક્ષ પામનાર છેલ્લા પુરૂષ હતા. (વીર નિર્વાણ પછી ૬૪ વર્ષે). આ અવસર્પિણી કાળમાં હવે એકજ જન્મમાં નિર્વાણ પ્રાપ્ત કરનાર કોઈ હશે નહિ. તેમ છતાં, આ બધા વિચારોમાં શાસ્ત્રીય દૃષ્ટિએ ઘણું મહત્વ રહેલું છે અને તેથી જૈન સિદ્ધાંતોનું વિશેષ અવગાહન થઇ શકે છે.

આ સંબંધમાં 'ગુણસ્થાન ક્રમારોહ'નો સિદ્ધાંત જેને જૈનો ઘણું મહત્વ આપે છે તેના પર દૃષ્ટિપાત કરીએ. એમાં ક્રમેક્રમે ૧૪ સ્થાન આપેલાં છે જેથી સદ્‌ગુણોનો ધીમે ધીમે વિકાસ થાય છે અને કર્મોનો ઘટાડો થાય છે અને જે છેવટે આત્માને અજ્ઞાન અને અશ્રદ્ધામાંથી આત્માની સંપૂર્ણ પવિત્રતા તરફ લઇ જઇ મોક્ષના કારણભૂત થાય છે.

નિગોદના જીવોથી માંડી તીર્થંકરોએ પ્રણીત કરેલાં સત્યોમાં અશ્રદ્ધા રાખનાર મનુષ્યો પર્યંતના સઘળા જીવો મિથ્યાદૃષ્ટિ નામક પ્રથમ ગુણસ્થાનમાં આવે છે. તેઓ રાગદ્વેષથી ખરડાયેલા હોઇ કર્મોથી પુરી રીતે જકડાયેલા છે. પછીના ગુણસ્થાનકોમાં જેમ જેમ જીવ સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌ દર્શન સંયમ અને કષાયોની શાંતિ મેળવે છે, તેમ તેમ નાના પ્રકારનાં કર્મોનો ક્ષય અથવા ઉપશમ થાય છે તેથી જીવ ક્રમે ક્રમે વધારે ને વધારે પવિત્ર બનતો જાય છે. ઉપશાંતકષાય વીતરાગ છદ્મસ્થ નામક અગ્યારમા ગુણસ્થાન પર્યંત બધા ગુણસ્થાનોમાં જીવને પ્રથમ ગુણસ્થાન સુધી પણ પડવા સંભવ રહે છે, પરંતુ ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ નામક બારમા ગુણસ્થાનમાં જ્યારે જીવ પ્રવેશ કરે છે ત્યારે ચાર ઘાતી કર્મોનો નાશ થાય છે. પછીતો પછીના બે ગુણસ્થાનોમાં આવ્યા વગર જીવને છુટકો નથી. અહીં તેને કૈવલ્યજ્ઞાન થાય છે. તેરમા સયોગી કેવલિ ગુણસ્થાનમાં જીવ હજુ સંસારમાં હોય છે, અને લાંબા વખત સુધી ત્યાં રહી શકે, મન, વચન અને કાયાના વ્યાપારો જારી રાખી શકે; પરંતુ જ્યારે બધા વ્યાપારો અટકી જાય ત્યારે તે અયોગિકેવલિ નામક છેલ્લા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે અને તેમાં બાકી રહેલાં કર્મો ભસ્મીભૂત થાય છે.

હવે અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ઉપર જણાવેલો કર્મનો સિદ્ધાંત જૈન ધર્મનો મૌલિક અને મુખ્ય સિદ્ધાંત છે ? તે પ્રશ્નનું સમાધાન કરવું જોઇએ. તે સિદ્ધાંત એવો ગહન અને કૃત્રિમ લાગે છે કે

કોઇ તો એમજ માની લે કે સર્વત્ર જીવ છે એવા વિચારો ઉપર રચાયેલા અને અહિંસાપ્રધાન એવા આ મૌલિક ધાર્મિક દર્શનમાં પાછળથી કર્મનો તાત્વિક સિદ્ધાંત ઘુસાડવામાં આવ્યો છે. પરંતુ વસ્તુ સ્થિતિ આથી ઉલટી છે કારણ કે કર્મનો સિદ્ધાંત જો કે હાલના વિસ્તૃત સ્વરૂપમાં નહિ, પણ મુખ્ય રેખાઓમાં તો ચોક્કસ રીતે મૂળ આગમોમાં સ્વીકારાયેલો છે તથા તેમાં તેને લગતાં વચનો અને પારિભાષિક શબ્દો પણ જોવામાં આવે છે. વળી આગમોમાં આ વિચારો પાછળથી ઘુસાડવામાં આવ્યા નથી એમ માનવાને સબળ કારણ છે. આસ્રવ, સંવર, અને નિર્જરા એ શબ્દો સમજવાને માટે એમ માનવુંજ જોઈએ કે કર્મ એ સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓ હોઈ આત્મામાં રેડાય છે (આસ્રવ), તે પ્રવાહને અટકાવી શકાય અગર તેના પ્રવેશદ્વાર બંધ કરી શકાય (સંવર), અને આ રીતે આત્મા સાથે જોડાયેલાં કર્મ પરમાણુઓનો નાશ કરી શકાય(નિર્જરા). જૈનો આ શબ્દોનો સરળ અર્થ કરે છે અને મોક્ષમાર્ગ સમજાવવામાં તેનો ઉપયોગ કરે છે (આસ્રવોનો સંવર અને નિર્જરા જીવને મોક્ષની તરફ લઈ જાય છે). આ ઉપરથી એટલું સિદ્ધ થશે કે આ શબ્દો જૈન ધર્મ જેટલાજ જૂના છે. કારણ કે બૌદ્ધોએ આ અર્થસૂચક શબ્દ 'આસ્રવ'ને પોતાની પરિભાષામાં દાખલ કર્યો છે અને તેનો ઉપયોગ ઘણે ભાગે જૈન અર્થમાંજ કરે છે; પણ તેઓ તેનો શબ્દશઃ અર્થ કરતા નથી કારણ કે કર્મને તેઓ સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુ માનતા નથી અને આત્મામાં કર્મનો આસ્રવ થાય છે તે પણ માનતા નથી. 'સંવર'ને બદલે તેઓ આસ્રવક્ષય (આસવક્ખય) શબ્દ વાપરે છે અને તેને (મગ્ગ) માર્ગનો એકાર્થવાચક બનાવે છે. એ સ્પષ્ટ છે કે તેઓ 'આસ્રવ'નો શબ્દાર્થ કરતા નથી અને તેથી જ્યાં તેનો મૂળ અર્થ પ્રચલિત હશે એવા કોઈ દર્શનમાંથી અર્થાત્ જૈન દર્શનમાંથી લઈ લીધો હશે. બૌદ્ધો સંવર શબ્દ પણ વાપરે છે; દાખલા તરીકે સીલસંવર (શીલસંવર) અને કૃદંત 'સંવુત' કે જે શબ્દો વૈદિક સાહિત્યમાં આ અર્થમાં બીલકુલ વપરાતા નથી અને તેથી મોટે ભાગે જૈન સાહિત્યમાંથી લીધા હોય તેમ લાગે છે. આજ દલીલ એમ સિદ્ધ કરે છે કે જૈનોનો કર્મનો સિદ્ધાંત તેમના ધર્મનો મૌલિક અને મુખ્ય ભાગ છે. તેમજ જૈનધર્મ બૌદ્ધ ધર્મ કરતાં ઘણો પ્રાચીન છે.

૫. **જૈન ધર્મની આધુનિક સ્થિતિ**:—ઈ. સ. ૧૯૦૧ ના વસ્તીપત્રક પ્રમાણે શ્વેતાંબરો અને દિગંબરો મળી[1] હિંદુસ્તાનમાં ૧૩૩૪૧૪૦ જૈનોની સંખ્યા છે; એટલે કે તેમની સંખ્યા હિંદુસ્તાનની વસ્તીના અર્ધા ટકા કરતાં પણ ઓછી છે. જૈનોનું મહત્વ તેમની સંખ્યાને લઈને નહિ, પણ તેમની શ્રીમંતાઈ અને કેળવણીને લઈને છે. હિંદુસ્તાનના ઘણાં ખરાં શહેરોમાં થોડી ઘણી તેમની વસ્તી જોવામાં આવે છે. દિગંબરો ઉત્તરમાં નોર્થવેસ્ટ પ્રોવિન્સિસમાં, પૂર્વ રજપુતાનામાં, પંજાબમાં અને ખાસ કરીને મૈસુર અને કનારા અર્થાત્ દક્ષિણમાં જોવામાં આવે છે. શ્વેતાંબરો ખાસ કરીને ગુજરાતમાં (જેથી કરીને શ્વેતાંબરોની ભાષા હિંદીને બદલે ગુજરાતી છે) અને પશ્ચિમ રજપુતાનામાં જોવામાં આવે છે. વળી ઉત્તર અને મધ્ય હિંદમાં પણ તેઓ છુટા છવાયા પથરાયેલા છે. પ્રાચીન લેખો ઉપરથી જણાય છે કે હાલમાં જે જે ભાગો ઉપર જૈનો પથરાયેલા છે તે તે ભાગોમાં તેઓ ૪ થા સૈકાથી રહેલા છે. ભારતીય સ્થાપત્યના અદ્ભુત નમુનારૂપ, ગિરનાર અને શત્રુંજય, આબુ અને ઈલોરાના સુંદર દેવાલયો તે કોમની શ્રીમંતાઈ અને ઉત્સાહની જ્વલંત સાક્ષી પુરે છે.

જૈન સાધુઓના પરિગ્રહમાં કેવળ આવશ્યક વસ્તુઓ જ હોય છે અને તે પણ ભિક્ષાથીજ ગ્રહણ કરવામાં આવે છે. તેમાં નીચેની વસ્તુઓ હોય છે. ચોળપટો, કંબલ, પાતરાં, દંડ, જમીન સાફ કરવાને માટે ઓઘો, અને બોલતાં જીવહિંસા ન થાય તે માટે મ્હોં ઢાંકવાને મુહપત્તી, સાધ્વીઓનો પોશાક લગભગ તેવોજ છે પણ તેમને વધારે વસ્ત્રો હોય છે. દિગંબર સાધુઓ પણ એવીજ ચીજો સાથે રાખે છે; ફરક માત્ર એટલોજ કે તેઓ મુહપત્તી કપડાં

૧. જૈનોની નાની સંખ્યાનું કારણ એ છે કે જૈન ધર્મ અશિક્ષિત વર્ગોનો ધર્મ નથી પણ ઉચ્ચ વર્ગોનો છે

રાખતા નથી અને ઓઘાને બદલે મોરપીંછી રાખે છે. સાધુઓ મસ્તક મુંડાવે છે અથવા અમુક અમુક સમયને અંતરે લોચ કરે છે. લોચ કરવાની રીત વધારે પસંદ કરાય છે અને અમુક વખતે આવશ્યક છે. આ રિવાજ જૈનોમાંજ જોવામાં આવે છે અને તેઓ તેને આવશ્યક ક્રિયા તરીકે માને છે.[૨]

પહેલાં તો ચાતુર્માસ સિવાયના આઠ માસ પર્યંત સાધુઓ વિહાર કર્યા કરતા; (બૌદ્ધ સાધુઓનું 'વસ્સ' સરખાવો). મહાવીર જતે નાના ગામમાં એક દિવસ અને શહેરમાં પાંચ દિવસથી વધારે રહેતા નહિ. પરંતુ બૌદ્ધ વિહારોની માફક ઉપાશ્રયો થવાથી આ રિવાજમાં થોડો ફેરફાર થયો છે. [ઉપાશ્રયો એટલે સાધુ તથા સાધ્વીઓ માટે તૈયાર કરાવેલાં જુદાં મકાનો; ઉપાશ્રયમાં ફક્ત એક મોટો ઓરડો હોય છે તેમાં નહાવા કે રસોઈ કરવા માટે ઓરડીયો હોતી નથી; પણ સુવાને લાકડાની પાટો હોય છે] (મોર્ડન જૈનિઝમ. પા. ૩૮. સ્ટીવન્સન).

શ્વેતાંબર સાધુઓ નિયમ તરીકે ઉપાશ્રયવાળાં ગામોમાંજ વિહાર કરે છે. ગામડામાં તેઓ હાલ એક અઠવાડીયું અને શહેરમાં એક માસ સુધી રહે છે. ઉપાશ્રયમાં તેઓને વંદના કરવા આવેલા શ્રાવકોની પાસે તેઓ વ્યાખ્યાન કરે છે કે શાસ્ત્રો સમજાવે છે. સાધુઓના આવશ્યક આચારો, જે ખંતથી કરવામાં આવે તો, ઘણા સખત હોય છે. દાખલા તરીકે સાધુએ રાત્રે ફક્ત ત્રણ કલાકજ ઉંઘવું જોઇએ. તેમણે કરેલાં પાપોનો પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત ધ્યાન, અધ્યયન, બપોર પછી ભિક્ષા, કપડાં વિગેરેનું પડિલેહણ તથા જયણાપૂર્વક જીવ રક્ષા કરવી જોઈએ. (વધુ વિગતો માટે જુઓ ઉત્તરાધ્યયન સૂત્રનું અધ્યયન ૨૬ મું. સે. બુ. ઈ. વૉ. ૪૫, પૃ ૧૪૨ ff). સાધુઓમાં ભિન્ન ભિન્ન ક્રમ હોય છે. પ્રથમ તો જેને દિક્ષા આપવામાં આવી હોતી નથી તેવા 'શૈક્ષ' જ્યારે તે વ્રતાદાન કરે ત્યારે તે સંસારનો ત્યાગ કરે છે અને (પ્રવ્રજ્યા) દિક્ષા અંગીકાર કરે છે. તે સમયે તેને ઝાડ તળે બેસાડી, મસ્તક મુંડવામાં આવે છે અથવા લોચ કરવામાં આવે છે). ત્યાર બાદ ધીમે ધીમે પોતાની પ્રવૃત્તિ અને યોગ્યતા પ્રમાણે તે ઉપાધ્યાય, આચાર્ય, વાચક, ગણિ વિગેરે થાય છે.

શ્રાવક શ્રાવિકાઓના આચાર વિષે ઉપર થોડું ઘણું કહેવામાં આવ્યું છે. સાધુઓનું જીવન ઉપાસકો માટે આદર્શરૂપ ગણાય છે અને જો કે અલબત્ત તે આદર્શને તેઓ પહોંચી શકતા નથી પણ તે આદર્શને પહોંચવા માટે તેઓ કેટલાંક વ્રતો અંગીકાર કરે છે.[૧] ધાર્મિક બાબતો ઉપરાંત, સાંસારિક બાબતોમાં પણ શ્રાવકો પોતાની નૈતિક ઉન્નતિ માટે સાધુઓએ દોરી આપેલા નિયમોનું પાલન કરે છે.[૨] વળી સાધુઓનું કાર્ય ઉપાશ્રયમાં શ્રાવક શ્રાવિકાઓને સૂત્રો સમજાવવા તથા ધર્મ સંબંધી વ્યાખ્યાન કરવાનું હોય છે. તેવીજ રીતે સાધ્વીઓ પાસે શ્રાવિકાઓ જાય છે. પરંતુ શ્રાવકોની ખાસ ધ્યાન ખેંચે તેવી રોજની ક્રિયા, જિનમંદિરમાં જવું અને ત્યાં તીર્થંકરો અને અધિષ્ઠાતા દેવોની પૂજા કરવી એ છે.

હવે આપણે જૈન લોકોની એક ખાસીયત જેણે બીજી કોઈ બાબત કરતાં શોધકોનું વધુ ધ્યાન ખેંચ્યું છે, તે ખાસીયત તરફ જોઈએ. તે ખાસીયત અહિંસા છે. કોઈ પણ નાની મોટી જીવહિંસા ન થવા માટે તેઓ અત્યંત કાળજી રાખે છે. સાધુ અવસ્થામાં આ ખાસીયતનું પ્રકૃષ્ટ રૂપ જોવામાં આવે છે. શ્રાવકો ઉપર પણ તેની ઘણી અસર થઈ છે. કોઇ પણ પ્રાણીમાં જંતુ ગમે તેવું હિંસક અથવા પીડક હોય તો પણ તેની બરાદાપૂર્વક હિંસા ન કરવી પરંતુ તેને હાનિ કર્યા વગર દુર કરવું. જૈનો ચુસ્ત અન્નાહારી છે એ પણ કહેવાની જરૂર નથી. અહિંસાની આવી ભાવના તેમની ખેતી વિગેરે ધંધામાં પડતાં અટકાવે છે અને તેમને વ્યાપાર રોજગાર અને ખાસ કરીને ધીરધારના ઘણાજ ઓછા વિકાસ માર્ગે લઈ જનારા ધંધામાં દોર્યા છે. પશ્ચિમ હિંદમાં

૨. જુઓ જેરિનોની રેપર્ટરી એપિગ્રાફી જૈન પૃ. ૨૪.

૧. અહીં શ્રાવકે સ્વીકારવાની અને ખાસ કરીને અનશન કરવું હોય ત્યારે લેવાની અગ્યાર પડિમા વિષે નિર્દેશ કરવાની અગત્ય છે. (જુઓ હોર્નલ 'ઉવાસગદસાઓ'નો અનુવાદ. પૃ. ૪૫. ન. ૧૨. I. A. 33 (૧૯૦૪) 330.

૨ જુઓ ઈ. વીનીચનું યોગશાસ્ત્ર, જર્મન અનુવાદ. એલ. સુઆલીનું યોગણિંદુ ઇટલીની એસિયાટિક સોસાઇટીના પત્ર વૉ. ૨૧ (૧૯૦૮)માં હ. વોરનનું જૈનિઝમ.

વ્યાજવટાવનો ઘણો ખરો વ્યાપાર જૈનોનાજ હાથમાં છે. અને તેથી તેઓ તાલેવાન થયા છે, તેમજ અણગમાને પાત્ર પણ થયા છે; બીજું તેમની પ્રાણી રક્ષાની લાગણીને લઇને તેઓએ પાંજરાપોળો કરેલી છે અને તેમાં તેઓ કુદરતી મરણ ન પામે ત્યાં સુધી દુબળા અને અપંગ પશુઓને પોષવામાં આવે છે.

જૈન ધર્મનો ઇતિહાસ:—જૈન ધર્મનો (શ્વેતાંબર અને દિગંબર બન્નેનો) ઇતિહાસ તેમના પટ્ટધરો અને આચાર્યોની પટ્ટાવલિમાં અને તેને લગતી કથાઓમાં મુખ્યત્વે કરીને છે. શ્વેતાંબરોના પટ્ટધરોની એક જુની ટીપ કલ્પસૂત્રની સ્થવિરાવલિ છે જે મહાવીરના શિષ્ય સુધર્મન્થી શરૂ થાય છે અને તેત્રીસમા પટ્ટધર શાંડિલ્ય અથવા સ્કંદિલથી પુરી થાય છે. ઘણા ખરા પટ્ટધરોનાં ફક્ત નામ અને ગોત્રજ આપેલાં છે પણ છઠ્ઠા પટ્ટધર ભદ્રબાહુથી માંડી, ચૌદમા પટ્ટધર વજ્રસેન સુધીનાં નામોની એક જરા વિસ્તૃત ટીપ છે જેમાં થોડી વધુ વિગતો આપેલી છે જેવી કે દરેક પટ્ટધરના શિષ્યો, તથા ગણ, કુલ, શાખા વિગેરે. આવીજ જાતની કેટલીક વિગતો મથુરા[1] પાસે મળી આવેલા બીજા સૈકાના કેટલાક લેખો ઉપરથી મળી આવે છે, તેથી જણાય છે કે આ ટીપો ઐતિહાસિક દૃષ્ટિથી સાચી છે. વળી આચાર્યોની એ લાંબી અને વધારે વિસ્તૃત ટીપ ઉપરથી જણાય છે. કે છઠ્ઠા પટ્ટધર પછી ઉત્તર અને ઉત્તરપશ્ચિમ ભાગમાં જૈન ધર્મનો સારો ફેલાવો થયો હતો.[2] ઉપરની વિગતો સિવાય પટ્ટધરો સંબંધી બીજી કંઈ હકીકત મળતી નથી; પરંતુ વજ્રસેન સુધીની જે જે હકીકતો મળતી હતી તે હેમચંદ્રે 'પરિશિષ્ટ પર્વ'માં ભેગી કરી છે.[3] ત્યાર પછીના સમય માટે જુદા જુદા ગચ્છોની ગુર્વાવલિ અગર પટ્ટાવલિઓ[4] છે જેમાં મહાવીરથી માંડીને ગચ્છના સંસ્થાપક સુધીનાં નામો તથા ત્યાર પછીના 'શ્રી પૂજ્યોનાં નામો વિસ્તારથી આપવામાં આવ્યાં છે. ગચ્છો જેમાં આચારની ઝીણી વિગતો માત્રમાંજ ફેરફાર હોય છે, તેવા ગચ્છોની સંખ્યા ૮૪ થવા જાય છે; તેમાંના ફક્ત આઠજ ગચ્છો ગુજરાતમાં છે. અને તેમાં ખાસ અગત્યના ખરતર ગચ્છ છે (જેના ઉપગચ્છો પણ છે) તપાગચ્છ અંચળગચ્છ વિગેરે. અત્રે ઉપકેશગચ્છનો ઉલ્લેખ કરવો અસ્થાને નથી. તેના અનુયાયીઓ ઓસવાળ લોકો છે અને તે પોતાની જાતિનો આરંભ મહાવીરથી નહિ ગણતાં પાર્શ્વનાથથી કરે છે. ઉપર કહેલી ગચ્છની પટ્ટાવલિઓ ગચ્છના સંસ્થાપક પછીનાં નામો તથા હકિકતો માટે આધારભૂત માની શકાય; તે પહેલાંનો સમય (લગભગ નવમા સૈકા સુધીનો) ઘણોજ અનિશ્ચિત છે. લગભગ ત્રણ સૈકાનો ઇતિહાસ લગભગ મળતોજ નથી.[5]

તે સમયના બીજા સામાજિક બનાવોની નોંધ બહુ વિરલ જોવામાં આવે છે; શિલાલેખોમાં અને દંતકથાઓમાં એટલુંજ મળી આવે છે કે કોઈ રાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો અગર તો આશ્રય આપ્યો. જૈન ધર્મનો પ્રથમ આશ્રયદાતા ચક્રવર્તિ અશોકનો પૌત્ર સંપ્રતિ છે પણ તે ઐતિહાસિક દૃષ્ટિએ શંકાસ્પદ છે. જૈન ધર્મના ઇતિહાસમાં સૌથી મહત્વની બાબત હેમચંદ્રે કુમારપાળ નામના ગુજરાતના રાજાને જૈન ધર્મી બનાવ્યા તે છે. (જુઓ હેમચંદ્ર વિષેનો લેખ).

છેવટે, જૈન ધર્મમાં જે જે નિન્હવો—વિરોધી ભેદો થયા તેનો ઉલ્લેખકરવો જોઇએ;શ્વેતાંબરોના મત પ્રમાણે જૈન ધર્મમાં ૮ નિન્હવ પડ્યાં હતાં; તેમાંનો પ્રથમ મહાવીરના

૧. જુઓ બુહલર. એપિ. ઇન્ડિ. (૧૮૯૨) ૩૭૧ ff ૩૯૩ ff.

૨. વિચિત્ર રીતે એક બીજી દંતકથા જણાવે છે કે હિંદુસ્તાનમાં નંદવંશના રાજાઓ પછી જૈન ધર્મનો ફેલાવો ઓછો થતો જશે (પઉમ ચરિય ૮૯. ૯૨). કદાચ આ વચનો મગધ અને તેની આજુબાજુના પ્રદેશને લગતાં હશે, કે જ્યાં મૌર્ય રાજાઓના સમયમાં બાદ્ધ ધર્મ સામાન્યતઃ પળાતો હતો તેથી તે સમયે તે જૈન ધર્મનો પ્રતિસ્પર્ધી થયો હશે

૩. બીબ્લી. ઈન્ડી. માં આપેલા એ ગ્રંથની પ્રસ્તાવનામાં આપેલો સંક્ષિપ્તસાર જુઓ.

૪. મુનિસુંદરે ઈ. સ. ૧૪૧૦ માં (૧૯૦૪ માં બનારસમાં પ્રસિદ્ધ થયેલી) જુનામાં જુની ગુર્વાવલિ લખેલી છે.

૫ આ વિષયને લગતાં સઘળાં પુસ્તકોની યાદિ માટે જુઓ જેરિનોનો એસેડી બિબ્લિઓગ્રાફ જૈનનો લેખ પૃ. ૩૭૦ અને રેપર્ટરી એપિગ્રાફી જૈન પૃ. ૫૯. ff

જમાઇ જમાલિએ પાડયો હતો. અને આઠમો નિન્હવ વીરાત્ ૬૦૯ વર્ષે અર્થાત્ ઈ. સ. ૮૩ માં પડયો હતો. તેમાંથી દિગંબરોની ઉત્પત્તિ થઈ (જુઓ લ્યુમનનો ઇન્ડિ સ્ટુડિઅન ૧૨ (૧૮૧૫)૯૧. પણ દિગંબરો તે પહેલાંના નિન્હવો માન્ય રાખતા નથી. તેઓ જણાવે છે કે ભદ્રબાહુના નેતૃત્વ તળે અર્ધ-ફાલકોનો મત ઉત્પન્ન થયો અને તે ઇ. સ. ૮૦ માં શ્વેતાંબર મતમાં પરિણત થયો. એમ સંભવિત છે કે જૈન ધર્મમાં વિભાગોનો જુદાગરો ધીમે ધીમે પડતો ગયો અને એક બીજાથી દુર રહેતા બંને વિભાગોમાં જુદો જુદો વિકાસ થતો ગયો અને ઈ. સ. ના પહેલા સૈકાના અંતે તેઓને પરસ્પર ભિન્ન ભાવનું ભાન થયું. પરંતુ બન્નેની માન્યતાઓમાં બહુ જ થોડું અંતર છે. (જુઓ 'દિગંબર' વિષેનો લેખ)

દિગંબરોના ઇતિહાસનાં સાધનો શ્વેતાંબરો જેવાં જ છે. પણ તેટલાં પ્રાચીન નથી. દિગંબર આચાર્યોની પટ્ટાવલિ શ્વેતાંબરોથી તદ્દન જુદી છે; ફક્ત પહેલા પટ્ટધર જંબૂ અને છઠ્ઠા ભદ્રબાહુ તેમને માન્ય છે. તેમની માન્યતા પ્રમાણે ભદ્રબાહુએ કેટલાક સાચા સાધુઓને લઇ દક્ષિણ તરફ વિહાર કર્યો હતો. ઉપર જણાવ્યા પ્રમાણે ભદ્રબાહુથી અંગ-સાહિત્યનો ધીમે ધીમે નાશ થયો હતો. મળી આવેલા શિલાલેખો તેમના પ્રાચીન 'ગણો'નો અધુરો ઇતિહાસ પુરો કરવાને ઉત્તમ સાધનો પુરાં પાડે છે; પણ અર્વાચીન પટ્ટાવલિ સાથે તે બંની બાબતમાં મળતા આવતા નથી. પટ્ટાવલિ પ્રમાણે તો મૂલસંઘના નન્દિ, સેન, સિંહ, અને દેવ એમ ચાર ગણો ઈ. સ. પહેલા સૈકાના અંતમાં પડયા.

સાહિત્યઃ—આ વિષય પરત્વે વધારે ઉપયોગી ચોપડીઓ અને લેખો આ લેખમાં ઉલ્લેખેલ છે. તેનું સંપૂર્ણ લિસ્ટ ગેરિનોએ બીબ્લીઓગ્રાફી જૈન પારીસ (૧૯૦૭) ના નિબંધમાં આપેલું છે. જે લેખ પર દરેક વિગતો માટે વાંચકનું ધ્યાન ખેંચવામાં આવે છે. આ વિષય પર નવા લેખોમાં (બુહલરના જુના લેખ ઉપરાંત) નીચેના લેખો ઉપયોગી માલુમ પડશેઃ-માર્ગરેટ સ્ટીવન્સનની Notes on Modern Jainism, Oxford (1910); હર્બર્ટ વોરનનું Jainism in Western garb as a solution of Life's great problems Madras (1912), H. L. Zaveri The first Principles of Jain Philosophy. ૧૯૧૦; અને કેટલાક મુખ્ય આગમોના અનુવાદ માટે જુઓ સે બુ. ઓફ ધી ઇસ્ટ પુ. ૨૨ અને પુ. ૪૫ માં હર્મન જેકોબીનાં 'જૈન સૂત્રો.''

બોન ૧૯૧૩. —**હર્મન જેકોબી.**

(આ નિબંધ 'એન્સાઇકલ્પેડિયા ઑફ એથિકસ એંડ રિલિજિયન'માં પૃષ્ઠ ૪૬૫ થી ૪૭૪ માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયો છે. **તંત્રી.**)

આધુનિક વિજ્ઞાન અને જૈનધર્મ.

[ડૉ. (મિસ) શાર્લોટ ક્રોઝે Ph. D. કે જે જર્મન કુમારિકા છે અને જેમણે હમણાં શ્રાવિકા તરિકે વ્રતો ગ્રહણ કરી જૈન થઇ સુભદ્રાદેવી પણ નામ સ્વીકાર્યું છે તેમણે ૩૦-૭-૨૭ ને દિને મુંબઈમાં સર કાવસજી જહાંગીર હોલમાં ગુ. ભાષામાં મનનીય જાહેર ભાષણ આપ્યું હતું તેનો વિષયને લગતો ઉપયોગી ભાગ અત્ર અમે આપીએ છીએ. **તંત્રી.**

यत्र तत्र समये यथा तथा
योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् भवान्
एक एव भगवन्! नमोऽस्तु ते ॥

મનુષ્ય જાતિનું એક મુખ્ય લક્ષણ જિજ્ઞાસા છે. યૂરોપના ઉત્તમ સભ્યતાવાલા રહેવાસીઓ યા ભારત માતાના ધાર્મિક પુત્રો, આફ્રિકાના ઉષ્ણ દેશોમાં રહેનારા અસભ્ય નીગ્રો લોકો, યા ઠંડા પોલર દેશોના સાદા સંતોષી રહેવાસીઓ **બધાએ જિજ્ઞાસા દેવીની આરાધના** કરે છે. એમાં નવીનતા શું? એટલું નહીં, પરન્તુ જ્યારથી જુદા જુદા દેશોની પુરાણી સભ્યતા અને પુરાણા ઇતિહાસના સમાચારો મળે છે, ત્યારથીજ અમુક મહાદેવીની સેવા પણ વિદ્યમાન હતી. બાઇબલના ઓલ્ડ ટેસ્ટમેન્ટના ગ્રંથો, જુના Norse સાહિત્યની ઘણી ચોપડીઓ, જુની ગ્રીક અને લેટિન્ ભાષામાં હેરોડોટસ, સ્ટ્રેબો વિગેરે

લેખકોઓએ લખેલા અનેક ગ્રંથો, વેદો, બ્રાહ્મણો, ઉપનિષદો, પુરાણો, મહાભારત, અવસ્ટા પહેલવી સાહિત્ય વિગેરેના જુદા જુદા ગ્રંથો તેની સાક્ષી પૂરે છે. અને છેવટે, આપણે પોતે પણ ઘણા જિજ્ઞાસુ છીએ.

અને એમાં શું ખોટું? જેટલી **ફિલોસોફરોની શોધખોલ** થઈ છે અને થાય છે, તેનું કારણ જિજ્ઞાસાજ છે. જિજ્ઞાસા **સમસ્ત જ્ઞાન વિજ્ઞાનના** પ્રારમ્ભનું કારણ છે, અને જિજ્ઞાસાના કારણથીજ આપણે સભાઓ ભરીએ છીએ, વક્તાઓને ઉભા કરીએ છીએ, અને વિદ્વાનોની ચરચાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઇએ છીએ, એટલુંજ નહીં—પરન્તુ **ધર્મશાસ્ત્ર**-ધાર્મિક ચરચાઓ અને છેવટે સમ્યક્ચારિત્રનો પહેલો હેતુ પણ જિજ્ઞાસાજ છે.

इहोपपत्तिर्मम केन कर्मणा कुतः प्रयातव्यमितो भवादिति ।
विचारणा यस्य न जायते हृदि कथं स धर्मप्रवणो भविष्यति॥

શાસ્ત્રકાર કેવું સાચું કહે છે! "કયા કર્મના કારણથી હું અહીઆં ઉત્પન્ન થયો છું? આ ભવ છોડીને ક્યાં જવાનો છું? જેના દિલમાં આવા વિચારો કદીપણ આવતા નથી એવા માણસો ધર્મમાં કેમ આગળ વધી શકે?"

કયા કર્મના હેતુથી હું અહીઆં ઉત્પન્ન થયો છું? આ ભવ છોડીને ક્યાં જવાનો છું?

જે પૃથિવીમાં-જે જગત્માં ઉત્પન્ન થઈને હું જીવન વ્યતીત કરૂં છું, જે પૃથિવીને-જે જગત્ને હું ગમે તેવી મહેનત કરીને મારી ઇચ્છા પ્રમાણે છોડી શકતો નથી, પરન્તુ જેને-ગમે તો મારી ઇચ્છા હો યા ન હો-એક દિવસે અન્તઃકાલના વખતે, મારે છોડી દેવી પડશે—આ **પૃથિવી-આ જગત્ કયી જાતનું એક સ્થાન** છે? તે કયારે અને કેવી રીતે ઉત્પન્ન થયું છે, અને પહેલાં શું હતું? જગત્માં આ પૃથિવીની સ્થિતિ કેવી છે? અને આ પૃથિવી-સૂર્ય-ચંદ્ર-તારાવાલા જગત્નું અંત કયાં છે?

આ પૃથિવીના **જુદી જુદી જાતના પ્રાણીઓ** કેવી રીતે અને શા કારણથી ઉત્પન્ન થયા છે? અને તેઓનું પરસ્પર સગપણ છે કે?

આ દૂર રહેલાં **સૂર્યનાં કિરણો** કેવી રીતે મારી આંખની અંદર આવે છે અને આ આંખની અંદર આકાશ અને વનસ્પતિ, પક્ષી અને પશુ, ગામડાં અને પહાડો અને માતા પિતા ગુરૂજીનું ઉત્તમ મુખ-આ બધી ચીજોનું પ્રતિબિમ્બ કેવી રીતે ઉત્પન્ન થાય છે અને કેવી રીતે આગલ વધીને આત્માના જ્ઞાનમાં આવે છે?

વીજળી અને **લોહચુંબક**ની ગુપ્ત શક્તિનું રહસ્ય કઈ જાતનું છે?

આપણા આત્માની ઇચ્છા, **આપણા આત્માના નિશ્ચયના કારણથી આપણા પગ ચાલવા માંડે** છે, આપણો હાથ લખવા માંડે છે, આપણું શરીર હાલવા યા સ્થિર થવા માંડે છે, તે બધું કેવી રીતે થાય છે?

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય, લોભયુક્ત વિચારો કરીને, શબ્દો બોલીને યા કામ કરીને દરેક **માણસના મનમાં ઘૃણા અને પશ્ચાત્તાપ ઉપન્ન થાય** છે અને વધારે પવિત્ર જીવનમાં આપણે વધારે શુદ્ધ આનન્દ અનુભવીએ છીએ, તેનું કારણ શું છે?

આ વિગેરે ઘણા પ્રશ્નો સંબંધી જિજ્ઞાસા રાખતાં-તેનો જવાબ મેળવવાને માટે મનુષ્ય જાતિએ કેટલી મહેનત કરી છે! ષટ્દર્શન શાસ્ત્રીઓએ experiment અને observation દ્વારા શોધતાં શોધતાં ઘણી જુદી જુદી માન્યતાઓ-theories-સ્થાપન કરેલ છે-અસંખ્યાત વરસોથી સ્થાપન કરેલ છે અને ત્રણ ચાર હજાર વરસોથી લખવામાં પણ આવેલ છે. મોટા નામવાલા, ઉત્તમ બુદ્ધિવાલા, ઉત્કૃષ્ટ વિચારવાલા જુદા જુદા દેશોના, જુદા જુદા કાળના માણસોએ જુદી જુદી પદ્ધતિ પ્રમાણે આ વિષયમાં જે શોધ અને જે મહેનત કરી છે, તેનું પરિણામ કેવું છે? તેના પરિણામથી પૂર્વોક્ત **સર્વ માનુષીય જિજ્ઞાસારૂપી તૃષાની યથેપ્સિત તૃપ્તિ થઈ છે કે નહિં**, તે આપણે જોઈશું.

આપણી વીસમીસદીની પાશ્ચાત્ય વૈદ્યકના તથા biology ના ક્ષેત્રમાં આપણું જ્ઞાન તો જરૂર બહુ આગળ વધ્યું છે. જન્મ મરણના વખતે માનુષીય શરીરમાં જે જે વિકારો થાય છે, તે બધા સ્પષ્ટ છે, તો પણ ગર્ભમાં કેવી રીતે અને કયારે ચૈતન્ય-

શક્તિયુક્ત આત્મા પેસી જાય છેઃ-કયાંથી આવે છે-યા મરણના વખતે શરીરને છોડીને કયાં જાય છે ? આ વાસ્તવિક પ્રશ્નોનો જવાબ હજુ કોઈ વૈદ્યે, કોઈ ડૉકટરે, કોઇ biology વેત્તાએ નથી આપ્યો. આ રહસ્યની ગંભીરતા અસીમ, અનન્ત જેવી હજુ લાગે છે. **આત્માનું રહસ્ય આવું અગ્રાહ્ય હજુ લાગે** છે કે તે સંબંધી Wilhelm Wundt, એક મોટા જરમન ફિલોસોફરે એ માન્યતા ઉચ્ચારી છે કે-જેવી રીતે પવન એક ગ્રાહ્ય ચીજ નહીં, પરન્તુ હવાના movement નું પરિણામ છે, તેવી રીતે આત્મા પણ કંઈ ગ્રાહ્ય ચીજ નથી, પરન્તુ મગજની activity જે ક્ષણે ક્ષણે થાય છે, તેનો સરવાળોજ છે, તેનું sum total છે-બસ, એટલે કે-જ્યારે મરણ પછી મગજ બગડી જાય છે અને તેની activity-તેનું કામ બંધ થાય છે, ત્યારે આત્માનો પણ નાશ થાય છે. તેનો સ્પષ્ટ અર્થ તે છે કે-સ્વર્ગ નરક વિગેરેની વાતો એ દંતકથાઓ છે. અને આત્માની નિત્યતા એક શશશૃંગ, એક ખપુષ્પ છે કે જે બાલકોને શાંત કરવાને માટે યા eschatogical શોધ કરવાને માટે જ કદાચ કામમાં આવે છે.

આ પૃથિવી સંબંધી ભૂગોળવિદ્યા, geology-એટલે ભૂસ્તરવિદ્યા-palaeontology વિગેરે શાસ્ત્રના વિદ્વાનોએ ઘણી શોધ કરી છે, અને પૃથિવીના જુદા જુદા થરોમાં જે જાતના પત્થર, કાંકરા, ધાતુ વિગેરે, તથા જે જાતનાં પ્રાણીઓનાં હાડકાં યા શિલીભૂત બીજા અવશિષ્ટ ભાગો યા વનસ્પતિના petrifactions મલે છે, તે ઉપરથી અનુમાન ઉચ્ચાર્યું છે કે-"ક્રોડો વરસ પહેલાં આ પૃથિવી આપણા સૂર્ય જેવો ઉષ્ણતા અને સ્વરોશનીવાલો એક તારો હતો, જેમાં પત્થર અને ધાતુ હજુ liquid યા gaseous સ્થિતિમાં રહેલાં હતાં અને કંઈ પણ જીવોત્પત્તિ હજુ નહીં થઈ હતી. ધીમે ધીમે ઉષ્ણતા ઓછી થતાં અનેક વિકારપૂર્વક સ્થિરતા થઈ, અને એકરકંધવાલા એકેન્દ્રિય સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થયા. આ જીવોના propagation અને evolution દ્વારા વધારે ઉંચી જાતના જીવો ઉત્પન્ન થયા છે, એટલે એક બાજુમાં વનસ્પતિ અને બીજી બાજુમાં કીડા, કીડાથી માછલી, માછલીથી મગર વિગેરે એમ સિંહ, વાઘ, વાંદરા સુધી બધી જાતના પ્રાણીઓ, અને, સૌથી છેલ્લાં-વાંદરાથી મનુષ્યો ઉત્પન્ન થયા છે. આ *Darwin* ની પ્રસિદ્ધ *theory* છે. આ theory નો આધાર એ છે કે-પૃથિવીના નીચે રહેલા થરોમાં નીચી જાતના જીવોનાં અવશિષ્ટ હાડકાં વિગેરે મલે છે, જ્યારે ઉંચે રહેલા થરોમાં અનુક્રમે ઉંચી અને વધારે ઉંચી જાતના જીવોનાં હાડકાં petrifactions વિગેરે મલે છે. અને બીજું એ કે એવા જીવોના અવશિષ્ટ ભાગો પણ મળે છે કે જે (અને આ બિલકુલ સાચી વાત છે)-અર્ધું માછલીનું અને અર્ધું મગરનું શરીર, યા અર્ધું માછલીનું અને અર્ધું પક્ષીનું શરીર, યા અર્ધું મગર અને અર્ધું પક્ષીનું શરીર વિગેરે ધારણ કરે છે, અને વધારે ઉંચે રહેલા થરોમાં પણ કંઈ મનુષ્ય અને કંઈ વાંદરાનાં લક્ષણ રાખનારાં હાડકાં મલ્યાં છે.

પરન્તુ પ્રાણીઓની ગમે તે જાતિથી કોઈ નવી પ્રાણીઓની જાતિ ઉત્પન્ન થઇ શકે, એવું આપણે જોઇ કે અનુભવી શકતા નથી. અર્થાત્ બીલાડી, કુતરાં, ચકલી, ઘોડા વિગેરે ગમે તે પ્રાણીઓની જાતિમાંથી બીજી બીજી જાતનાં જાનવરો ઉત્પન્ન થયાં હોય એવું, જ્યારથી આપણે કલ્પી શકીએ છીએ ત્યારથી, હજુ જોવામાં નથી આવ્યું. અને આ કારણથી આજે *Darwin*ની *theory* **અશ્રદ્ધેય ગણાય છે.** બાકી કેવી રીતે જીવરહિત પૃથિવીમાં એકદમ પોતાની મેળે પહેલી વાર એકરકંધવાલા જીવો ઉત્પન્ન થયા, તે સંબંધી કોણ બોલ્યું છે ? હા, કોઇએ એમ જરૂર કીધું છે કે આ એક રકંધવાલા જીવો આ પૃથિવી બહારના એક તારામાંથી પૃથિવી ઉપર પડયા છે. પરંતુ તે પહેલા તારામાં કેવી રીતે ઉત્પન્ન થયા હતા ? એનો કંઈ જવાબ નથી.

હવે **પૃથિવીમાં જે ઉષ્ણતા** પહેલાં વિદ્યમાન હતી અને જે ઉષ્ણતા હજુ સૂર્યમાં વિદ્યમાન છે, તે કયાંથી આવી છે ? અને પૃથિવી ચંદ્ર તથા ગ્રહો જે ચાલે છે તો તે **કયા કારણથી ચાલે છે ?** અને rotation તથા revolution-તેની આ દ્વિવિધ

ગતિ શા કારણથી હજુ બંધ નથી થઈ? આ સંબંધી પણ કંઈ ઉત્તર નથી.

બાકી, જો કે સૂર્ય ચંદ્ર તારાઓની પરિસ્થિતિ સંબંધી બહુ શોધ ચાલે છે અને ત્યાં રહેલી ઉષ્ણુતા, હવા, ધાતુઓ વિગેરે વિષયો આપણા ખગોલવેત્તાઓને બરાબર માલૂમ થયા છે, તો પણ પૃથિવી ચાલે છે અને સૂર્ય સ્થિર રહે છે કે સૂર્ય ચાલે છે અને પૃથિવી સ્થિર છે, તે સંબંધી આજે પણ **નવી શંકાઓ, *Kepler*ની *theory*ની વિરૂદ્ધમાં, ઉચ્ચારવામાં, આવે છે.**

સૂર્યનાં કિરણો કેટલા વખતમાં પૃથિવીમાં પહોંચી જાય છે, આ કિરણોની સફેદ રોશની સાત જુદા રંગવાલા કિરણોનું mixture છે, અને આ સાત જાતના કિરણો સિવાય ultra-red, ultra-violet જેવાં બીજાં અદૃશ્ય કિરણો છે,—છાયા અને દર્પણનું પ્રતિબિંબ કેવી રીતે થાય છે, ઇન્દ્રધનુષ્ય કેમ ઉત્પન્ન થાય છે, તે બધું આપણે બરાબર જાણીએ છીએ, અને રોશનીના ગુણો અને નિયમો photographic camera, telescope, microscope, stereoscope, cinema, television વિગેરેમાં બરાબર ઉપયોગ કરીએ છીએ. અને એ પણ જાણીએ છીએ કે જુદા રંગવાલી રોશની જુદી જાતના તરંગો વડે કરીને આગળ ચાલે છે.—પરન્તુ કયી ચીજ આગલ ચાલે છે તેની આજે પણ કોઇને ખબર નથી. કેટલાક વિદ્વાનોએ કહ્યું છે કે-"aether" આ નામવાળું એક પુદ્ગલ છે, તેમાં તરંગો ઉત્પન્ન થાય છે તેજ રોશની છે. પરન્તુ આ તરંગો શાથી ઉત્પન્ન થાય છે, તે કોને માલૂમ? અને જે "aether"ની કલ્પના કરવામાં આવે છે, તે *aether* **અદૃશ્ય, અતોલ્ય, સર્વવ્યાપી** (એટલે જ્યાં હવા નહીં હોય, ત્યાં પણ વિદ્યમાન છે, પરમાણુઓના મધ્યમાં પણ વિદ્યમાન છે). **સ્પર્શ, જીભ, નાક, કાનથી પણ અગ્રાહ્ય,** બુદ્ધિથી અને ગમે તેવા instrument વડે કરીને અગ્રાહ્ય, સંક્ષેપમાં કલ્પના સિવાય સર્વથા અગ્રાહ્ય એક ચીજ છે. **આવી એક ચીજ હોઈ શકે કે કેમ?** તો પણ તેની કલ્પના કરવી જરૂરી છે. કારણ કે આ સિવાય રોશનીની પ્રકૃતિ સમજી શકાય એમ નથી.

આજ aether માં પણ ચાલનારા, પરન્તુ જુદી જાતના તરંગો, વિદ્વાનો વીજલીની વ્યાખ્યાને માટે, અને લોહચુમ્બકની પ્રકૃતિ સમજવાને માટે પણ કહ્યે છે. વીજલી અને લોહચુમ્બકમાં રહેલી શક્તિઓ-કે જેનાં નામ **ઇલેક્ટ્રીસિટી અને મેગ્નીટિઝમ** રાખવામાં આવ્યાં છે તેને મનુષ્યોએ પોતાના ગુલામ તરીકે બનાવી છે, અને તેજ શક્તિઓ ટેલીગ્રેફ, ટેલીફોન, ઇલેક્ટ્રિક લાઇટ, ડિનેમો મશીન, મોટરો, રેડીઓ વિગેરે અનેક જુદી જાતની વસ્તુઓમાં માણસોને માટે દિન રાત કામ કરી રહી છે. બે જુદી જાતની પરંતુ એકજ પ્રકૃતિવાલી શક્તિઓનું પરસ્પર સ્પર્શ થાય છે, એવી રીતે ઇલેક્ટ્રિસિટી વીજલીમાં દૃશ્ય અને સ્પૃશ્ય થાય છે, એમ વિદ્વાનો આજે ધારે છે. પરંતુ આ બે શક્તિઓ કયાંથી આવેલ છે, શા કારણથી અનન્તવાર ભેગી થવા છતાં ફરીથી અને ફરીથી અલગ થાય છે, **તે સંબંધી આજે પણ કોઇને બરાબર જ્ઞાન થયું નથી.**

જ્યારે આવી સ્થૂલ બાબતો સંબંધી આપણા જ્ઞાન વિજ્ઞાનના શાસ્ત્રીઓ અને ફિલોસૉફરોમાં હજુ એટલી શંકાઓ અને એટલું અજ્ઞાન વિદ્યમાન છે, તો પછી આપણા આત્મબળના કારણથી કેવી રીતે આપણું શરીર કામ કરે છે, એટલે મનમાં ચાલવા વિગેરેનો નિશ્ચય થયા પછી આપણા પગ ચાલવાજ માંડે છે, પશ્ચાત્તાપ અને અકૃત્યને માટે ઘૃણા કેવી રીતે અને શા માટે મનુષ્યના દિલમાં થાય છે? અને તે પશ્ચાત્તાપ વિગેરે શા માટે કોઇ મનુષ્યના દિલમાં તત્કાલ, કે કોઈ મનુષ્યના દિલમાં ઓછા વત્તા વિલમ્બ પૂર્વક થાય છે? આવા **સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રશ્નો સંબંધી આપણા *psychology*(માનસશાસ્ત્ર) *biology* વિગેરે શાસ્ત્રોના વેત્તાઓ ચૂપ ચાપ રહે**-તો એમાં આશ્ચર્ય જેવું શું છે?

ઘણું જ્ઞાન આપણી પાસે છે. અને ઘણી કુદરતની શક્તિઓ આપણી સેવા કરી રહી છે-આપણી ગુલામ થઈને રહી છે,-તો પણ આ બધી શક્તિઓનો

પ્રકૃતિ હજુ અગ્રાહ્ય, આપણે માટે હજુ રહસ્યમાં છે. અને જો આપણે વધારે ને વધારે અભ્યાસ અને શોધખોલ કરીએ છીએ તો આપણી આશા ઓછી ને ઓછી થાય છે કે આ બધી બાબતોમાં વધારે ગમ્ભીર જ્ઞાન પ્રાપ્ત કરી શકાશે. એટલું નહીં, પરન્તુ છેવટે-વિજ્ઞાન કુશલ થઇને-આશારહિત થઇને-આપણને **માલૂમ થાય કે આમાં સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું તે આ મનુષ્ય જીવનમાં અશકયજ છે.** Goethe, આ પ્રસિદ્ધ German કવિએ "Doctor Faust" આ નામવાળું એક ઉત્તમ નાટક લખ્યું છે, જેમાં "આ મનુષ્ય જીવનનો અર્થ શું છે?" આ પ્રશ્નની ચરચા થાય છે. આ નાટકનો નાયક, Dr. Faust, આ સુન્દર-જગતપ્રસિદ્ધ-શબ્દો બોલે છે કે—

Habə nun-ach-Philosophie,
Medizin und Iuristerei,
Und leidər anch Theologie,
Durehaus studietet mit vieler Mueh;
Da steh ich nun, ich armer Tor,
Und bin so klug als wie zuvor.
Heisse Magister, heisse Doktor gar,
Und ziehe schon an die zehen Iahr
Herauf, herab und quer und krumm
Meine Schueler an der Nase herum
Und sehe dass wir nichts wissen koennen
Das will mir schier dasHerz verbrennen.

એટલે "philosophy, medecine, jurisprudence, theology, આ સમસ્ત જ્ઞાન વિજ્ઞાનની ચારે શાખામાં મેં ઘણો અભ્યાસ કર્યો છે, ઘણી શોધ કરી છે. શું છે તેનું પરિણામ? પહેલાં જે મારી પાસે હતું, તે ઉપરાન્ત મેં કંઈ પણ વાસ્તવિક નવું જ્ઞાન નથી પ્રાપ્ત કર્યું. "Magister" (એટલે M. A.) અને "ડાક્ટર," આ title મને મલ્યા છે, અને દસ એક વરસથી હું મારા શિષ્યોને પણ કઠોર અભ્યાસ કરાવું છું. તો પણ મને એજ માત્ર ખાતરી થઇ છે કે આપણે કંઈ પણ ચીજ બરાબર જાણી શકીએ એમ નથી. તેથી મારા દિલમાં અત્યન્ત દુઃખ ઉત્પન્ન થયું છે અને મારો આત્મા પીડાથી બળે છે."—આ તે કવિના શબ્દો છે કે જેઓ પોતે એક મોટા scientist હતા. Du Bois-Reymond, એક બીજા મોટા વિદ્વાને વિજ્ઞાન શાસ્ત્રીઓની એક વિશાળ સભામાં-નિરાશ થઇને આ પ્રસિદ્ધ શબ્દો ઉચ્ચાર્યા છે કે-" ignoramus ignorabimus " એટલે " **આપણે કંઈ પણ જાણતા નથી, અને કદીપણ જાણીશું એમ પણ નથીજ** " !

જો વિદ્વાન્ લોકો આમ નિરાશપણામાં રહેલા છે, તો સાધારણ શિક્ષિત લોકો-કે જેઓનું જ્ઞાન, જેઓની માન્યતાઓ તો વિદ્વાનોના જ્ઞાનનું, વિદ્વાનોની માન્યતાઓનું એક ઝાંખું પ્રતિબિમ્બ છે, એવા લોકોના સંબંધમાં કહેવુંજ શું? આત્માની પૂર્વોકત જેવી માન્યતાઓ અને વ્યાખ્યાઓ સાંભળીને ઘણા ઓછા લોકો આત્માની નિત્યતા-અને તેથી પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષ વિગેરે **ધાર્મિક માન્યતાઓ સંબંધી** સંપૂર્ણ વિશ્વાસ રાખે, એમાં આશ્ચર્ય શું?

Experiment, અનુમાન વિગેરે સાધનોદ્વારા પ્રાપ્ત કરેલું જ્ઞાન અને ધર્મશાસ્ત્રોમાં લખેલી બાબતોમાં તો બહુ વિરૂદ્ધપણું વિદ્યમાન છે, અને ધર્મશાસ્ત્રોમાં પ્રરૂપેલ અનેક *myths, legends* **વિગેરે સમાચારો** તો સર્વ સાધારણના અનુભવથી કે સર્વસાધારણના વિચારોથી પણ બહુ વિરૂદ્ધ છે! અને જ્યારે આવીજ બાબતોમાં શંકાઓ છે, તો પછી આ સિદ્ધાન્તોમાં પણ પ્રરૂપેલ **ધાર્મિક નિયમો-ધાર્મિક** *commandments*-સંબંધી શું કહેવું? તેનું પાલન આત્મા અને જગતના કલ્યાણનો માર્ગ છે, એ કોણ સંપૂર્ણ ખાતરી પૂર્વક સ્વીકારે? અને જો સ્વીકારતા નથી તો પછી માનવું શું? કયા નિયમો અને કયા ધર્મ પ્રમાણે જીવન કરવું? શું છે હેય જ્ઞેય અને ઉપાદેય?-તે બીજાઓએ બનાવેલા સિદ્ધાન્તો સંબંધી શંકા થાય છે-અવિશ્વાસ વર્તે છે, તો છેવટે, આપણા **પોતાના દીલની ભાવના**-આપણા પોતાના હૃદયની ઈચ્છાઓ સિવાય આ જગતમાં બીજું શું માનનીય છે? એમ ધારીને "Erlaubt ist was gefaellt" એટલે "જે પોતાને ગમે છે

તે માટે છૂટ છે" આ નિયમને ઘણા માણસોએ પોતાનું device–પોતાનો સિદ્ધાન્ત-બનાવ્યો છે. પરન્તુ તેનું પરિણામ શું છે? સાધારણ માણસોનું દિલ શુદ્ધ નથી, એની ભાવનાઓ અને ઇચ્છાઓ ઘણે ભાગે સ્વાર્થી, હિંસાકારક, બીજાઓને માટે નુકસાનકારક, વિચિત્ર અને અનિયમિત હોય છે, અને બીજાઓની ભાવનાથી, બીજાઓની ઇચ્છાથી, બીજાઓના સ્વાર્થથી ઘણે ભાગે વિરૂદ્ધ હોય છે. જો આજ દિલને સિદ્ધાન્તના સ્થાનમાં આરોપવામાં આવે તો માણસનું આખું જીવન, એટલુંજ નહીં પરન્તુ આખા સમાજ, આખા દેશ, અને આખી દુનીયાના રહેવાસીઓનું **જીવન કેટલું અશુદ્ધ, કેટલું અનિયમિત અને નિત્ય ભયથી ભરેલું થાય, એનો વિચાર સૌ કોઇ કરી શકે તેમ છે. આવી અવનતિ યૂરોપના જીવનમાં થઇ છે કે કેમ? તે આપણે તપાસીએ.**

આજકાલની–વિશેષથી European–સમાજના જીવનની તપાસ કરીએ છીએ તો, એ જરૂર કહેવું જોઈએ કે-પુરાણી European સભ્યતા કરતાં અને હિંદુ તથા જૈનોની સભ્યતા કરતાં આજકાલની European સભ્યતા અવશ્ય પાછળ રહેલી –અવનતિ તરફ ચાલનારા જેવી લાગે છે. આ વિષય સંબંધી Oswald Spengler, એક જર્મન વિદ્વાન્ લેખકે "Der Untergang des Abendlandes" એટલે "પાશ્ચાત્ય દેશોની અવનતિ" આ નામની એક ચોપડી લખેલી છે. તેમાં Oswald Spengler પણ આપણું લક્ષ્ય આ બાબત તરફ ખેંચે છે કે-**આજ કાલના પાશ્ચાત્ય દેશોના રહેવાસીઓ, કે જે લોકો *civilization* એટલે *natural science, technic, mechanics* વિગેરે બધા જ્ઞાન વિજ્ઞાનોના જુદા જુદા ખેતરોમાં અપૂર્વ ઉન્નતિના શિખર ઉપર પહોંચ્યા છે-તેજ લોકો-"*culture* એટલે ધર્મ, *morals*, સંક્ષેપમાં સભ્યતાના વિષયમાં એક અદ્વિતીય ઉંડી અવનતિ તરફ ચાલી રહ્યા છે.** જ્યારે એશીયાના દેશોના પુત્રો-"civilization" માં પાછળ રહેવા છતાં પણ પોતાના પુરાણા "culture" ની રક્ષા હજુ ઉત્સાહપૂર્વક અને ખાતરી પૂર્વક કરી રહેલા છે, એટલે પોતાના જૂના ધર્મના પાલનમાં એકાગ્રચિત્ત રહેલા છે.

તે બધું ઠીક હશે, તો પણ "Erlaubt ist was gefaellt", એટલે "જે પોતાને ગમે છે તેને માટે છૂટ છે"–આ સિદ્ધાન્ત પ્રમાણે જે માણસો આચરણ કરે છે, એવા લોકોનું moral condition અવનતિમાં પહોંચે છે અને એવા લોકોનું જીવન નિત્ય ભયથી, નિત્ય લોભથી, નિત્ય અશાંતિથી ભરેલું રહે છે, તો તે ન્યાયયુક્ત જેવુંજ છે. એટલુંજ નહિં, પરન્તુ આશ્ચર્યદાયક વાત તો એ લાગવી જોઈએ કે જે યૂરોપના દેશોની moral અવનતિ તરફ Oswald Spengler આપણું ધ્યાન ખેંચે છે, **તે અવનતિ એટલી ઉંડી તો નથી જ કે જેટલી ઉંડી હોવી જોઈએ.**

વળી આશ્ચર્યદાયક વાત એ પણ લાગવી જોઇએ કે જે લોકો પોતાના સિદ્ધાન્તોની authority સંબંધી શંકા રાખે છે; તે વિલાયતના લોકોનો સત્યપ્રેમ અને સરલતા, પ્રતિજ્ઞા પાલવામાં સ્થિરતા અને વિશ્વસનીયતા, કામકાજમાં એકાગ્રચિત્તતા વિગેરે **ગુણો દુનિયામાં પ્રસિદ્ધ છે.** (અને આ ગુણોની પ્રશંસા તો વિશેષથી હિંદુસ્થાનમાં વારંવાર સંભળાય છે).

આશ્ચર્યદાયક વાત એ પણ છે કે જે લોકો પુણ્ય પાપના શુભ અશુભ પરિણામ સંબંધી સંશય રાખે છે તેજ લોકો પરોપકાર, જીવરક્ષા અને **જીવનની શુદ્ધિના સુધાર, એ વિગેરે લક્ષ્ય તરફ અદ્‌ભુત ઉત્સાહ બતાવે છે** અને એવાં અનેક મંડળ, અનેક society યા association સ્થાપન કરે છે કે જેમાં પ્રાણીઓની રક્ષા, દારૂપાનનો ત્યાગ, માંસાહારના વિરમણ વિગેરે સંબંધી મેહેનત કરવામાં આવે છે. અને જેઓ માસિકો, ભાષણો દ્વારા શુદ્ધ જીવન–સીધું સાદું જીવન બનાવવાનો ઉપદેશ અને સૂચના કરે છે!

આશ્ચર્યદાયક વાત એ પણ છે કે જે લોકોના દિલની સાચી ભાવના, પોતાના કઠોર કર્તવ્યના કામકાજમાં, આ જીવનની ક્રૂર લડાઇની ચિંતામાં મોજ

શોખના ભોગમાં, એશારામના ક્ષણિક આનન્દમાં, અને હાસ્યરસ વાસિત ચપલ વિચારો તથા વાતોચીતોની પાછળ ઢંકાએલી રહી છે, ગુપ્ત રહે છે,-તેજ લોકોના મનમાં જૈન સિદ્ધાંતના **પાંચ મોટા નિયમો તરફ ઘણો પ્રેમ** વિદ્યમાન છે-અર્થાત્

पंचैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम्।
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम्॥

એટલુંજ નહીં પરન્તુ આ પાંચ મોટા નિયમો આખી યૂરોપીયન society નાં સાચાં મૂલજ છે. આ પાંચ મોટાં નિયમોના અતિચારનું પરિણામ, ઉત્તમ લોકોના તરફથી અત્યન્ત અપમાન અને આખા સમાજના જાહેર boycott માં આવે છે-બીજું કંઈજ નહીં.

આશ્ચર્યદાયક એ પણ વાત છે કે જે લોકો સિદ્ધાન્તોમાં પ્રરૂપેલી આત્માની નિત્યતા સંબંધી ખાતરી રાખતા નથી, તેજ લોકો *spiritism, occultism* વિગેરેની ચરચાઓમાં વધારે ઉત્સાહ પૂર્વક ભાગ લે છે, એટલું નહીં પરન્તુ ઉત્કંઠાપૂર્વક એવા ગપ્પાં પણ સાંભલે છે કે જે ગપ્પા, ઠગનારા ધૂર્તો તેઓના ગુજરી ગયેલા સગા મિત્રો વિગેરે અને તેઓના પરલોકીય જીવનના સંબંધમાં મારે છે! અને વળી આજ લોકોના મધ્યમાં એક *I. Rousseau* ઉત્પન્ન થયા છે, કે જેઓએ જૈન ધર્મમાં પણ માનેલી આત્માની સર્વ મેહરબાની અને સર્વ શુદ્ધિની પ્રરૂપણા કરી છે! આ લોકોમાં એક *Leibnitz* ઉત્પન્ન થયા છે, કે જેઓની જૈન સિદ્ધાન્તની સાથે અદ્ભુત રીતે મળેલી માન્યતા એ છે કે જીવ નિત્ય છે, એની આ સંસારમાં જુદી જુદી પરિસ્થિતિમાં રહેલા અસંખ્યાત જીવો, જેવા કે નિગોદના, કીડાના, માછલી, પક્ષી, પશુઓના, મનુષ્યોના, દેવ અને છેવટે પરમેશ્વર-આ બધા જીવોનો સમાવેશ થાય છે, વળી તે દરેક જીવમાં સંપૂર્ણ આનન્દ-સંપૂર્ણ જ્ઞાનની સ્થિતિમાં-સિદ્ધ ગતિમાં પહોંચવાની શક્તિ છે.

આ બધું શું બતાવે છે?-અમારા મોટા જર્મન કવિ Goethe નું એક સુન્દર વાક્ય છે કે—

."Ein guter Mensch in seinem dunklen Drange
Ist sich des rechten Weges wohl bewusst."

એટલે "જો કોઈ સાધારણ સારો માણસ (ભવ્ય) પણ હોય, એને પોતાની દિલની ગુપ્ત ભાવનાથીજ કલ્યાણનો સાચો રસ્તો જરૂર માલૂમ હોયજ."

આ કથન ઉપરથી એમ લાગે છે કે બધાયે સાધારણ માણસોના હૃદયમાં વધારે ગુપ્ત રીતે-અને ઉત્તમ પુરૂષોના દિલમાં વધારે સ્પષ્ટ રીતે, ખાસ જૈન ધર્મમાં માનેલાં સમ્યક્જ્ઞાન-અને તેથી પણ સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર-એટલે **સમ્યકત્વની ભાવનાનું એક પ્રતિબિંબ વિદ્યમાન** છે-કે જે કોઈ વાર દૃશ્ય થાય છે અને જેનો પ્રભાવ આખી દુનિયાના સામાજિક જીવનમાં પણ સદા દેખાય છે.

એટલુંજ નહીં. પરન્તુ જે જે ક્રિસ્ટીયન ધર્મમાં, બૌદ્ધ ધર્મમાં, હિંદુધર્મમાં, પાર્સિધર્મમાં, મુસલમાનધર્મમાં એમ **ગમે તે દુનીયાના મોટા ધર્મમાં ખાસ પ્રરૂપણા** થાય છે-એટલે પરોપકાર અને આત્મશુદ્ધિ દ્વારા કલ્યાણ તરફ જવું-એ પ્રરૂપણા **જૈન સિદ્ધાન્તમાં અદ્વિતીય વિશાલતા, અદ્વિતીય સૂક્ષ્મતા, અદ્વિતીય ન્યાય અને યુક્તિ પૂર્વક તથા અદ્વિતીય સ્પષ્ટતા પૂર્વક કરવામાં આવી છે.**

જૈનધર્મની આખી system એટલી સ્પષ્ટ, એટલી ન્યાયયુક્ત છે કે ગમે તેવો critical mind, ગમે તેવો મહાત્મા, તેની અંદર પ્રવેશ કરીને સંપૂર્ણ સંતોષ અને શાંતિ પામી શકે છે.

જૈન સિદ્ધાન્તમાં પ્રરૂપેલા જ્યોતિષ, પ્રમાણ, માનસ, અર્થતત્ત્વશાસ્ત્ર, પ્રકૃતિવિદ્યા, પ્રાણીવિદ્યા યા ગમે તે શાસ્ત્રમાં વિદ્વાન, સૈદ્ધાન્તિક ગાથાઓની અત્યન્ત રમણીયતામાં કવિતાપ્રેમી, સ્યાદ્વાદ અને નયવાદના systems ની અંદર વાદી, જીવ અજીવ વિગેરે નવતત્ત્વોની વ્યાખ્યામાં ફિલોસોફર, પુરૂષાર્થ free will-ના સિદ્ધાન્તમાં શૂરવીર અને બહાદૂર માણસ, પુણ્ય પાપની વ્યાખ્યામાં યોગી અને ત્યાગી, દાન વિગેરે પરોપકારનો લાભ લેવાની સૂચનાઓમાં લક્ષાધિપતિ, તપસ્યા અને ત્યાગ કરવાના ઉપદેશમાં ગરીબ માણસ—એમ **જુદા જુદા વિષયોમાં જુદા**

જુદા લોકો પોતાના આનન્દનું મૂલ, પોતાના કલ્યાણની માર્ગદેશિકા સમજી શકે છે. જૈન ધર્મમાં પુરૂષ યા સ્ત્રી, શેઠ યા ભિક્ષુ, ગૃહસ્થ યા બાબા, બધા વર્ણ આશ્રમના લોકો પોતાની માનસિક ભાવના પ્રમાણે, પોતાના કર્તવ્ય પ્રમાણે સુખ અને શાંતિ મેળવી શકે છે. ગમે તે મહારાજાધિરાજ પોતાના હીરા માણેક મોતીથી જડિત સોનાનાં આભૂષણોની શોભામાં અને રમણીય ભોગ ઉપભોગના આનન્દમાં યા પોતાના રાજનીતિના કર્ત્તવ્યોમાં મસ્ત હોય, છતાં, વસ્તુપાલની માફક, એક આદર્શ જૈન થઈ શકે, અને કોઇ ઉત્તમ સાધુધર્મને પાળનારા સાધુજી વધારે મોટા સંવેગમાં રહીને પણ. તેજ જૈન ધર્મની મર્યાદામાં પોતાનું કલ્યાણ શોધી શકે, અને પોતાના મનની શાંતિમાંજ, ત્યાગવૃત્તિમાંજ –સંતોષ સંપૂર્ણ રીતે મેળવી શકે છે.

કૃષ્ણ અને રાધા, રામ અને સીતાજી, લક્ષ્મણ અને હનુમાન, શિવ અને દુર્ગા, ઇંદ્ર અને ઇંદ્રાણી અને બધા લોકપાલો, લક્ષ્મી, સરસ્વતી, બ્રહ્મા વિગેરે ગમે તે દેવતાઓને, તેમનામાં રહેલા ગુણોનું લક્ષ્ય કરીને, માનવા એ જૈન ધર્મથી વિરૂદ્ધ નથી. ઉલટું એમ કહી શકાય કે જે કૃષ્ણજી, ક્રાઇસ્ટ, *Zarthosht*, મોહમદ યા ગુરૂ *Nanak* ના અનુયાયી જૈનધર્મને અંગીકાર કરે છે તે-તે પોતાના ધર્મમાં વધારેજ આગળ વધી શકે છે. એટલે જે માણસ ક્રાઇસ્ટ યા મોહમદના ઉપદેશ પ્રમાણે સર્વ મનુષ્યો ઉપર પ્રેમ રાખવા ઉપરાન્ત, શ્રી મહાવીર સ્વામીના ઉપદેશને અનુસરીને પશુ પક્ષી વિગેરે બધાએ પ્રાણીઓ ઉપર કૃપા બતાવે છે,-યા જે પારસી Zarthosht ના સિદ્ધાન્ત પ્રમાણે, "humata, huhta, huvarshta" (એટલે સારો વિચાર, સારો શબ્દ સારી ક્રિયા) કરવા ઉપરાન્ત, શ્રીમહાવીરના ઉપદેશ પ્રમાણે મન વચન અને કાયાથી સારૂં કરે, સારૂં કરાવે અને સારાની અનુમોદના આપે છે, તે માણસ તો જરૂર એક વધારે ઉંચી હદે પહોંચેલો કહી શકાય.

ક્રિસ્ટીયન, વૈષ્ણવ, શૈવ, પારસી અને મુસલમાનના ધર્મમાં નરક અને સ્વર્ગ અને તેમણે માનેલા ઈષ્ટદેવને પણ માનવાને માટે જૈન સિદ્ધાન્તની ઉદાર દૃષ્ટિથી કંઇ પણ અડચણ નથી. પણ ધ્યાનમાં એ રાખવું જોઇએ કે-અમુક દેવની ઉંચી સ્થિતિથી પણ, રાગદ્વેષ રહિત, અનન્ત સુખવાળા, અનન્ત જ્ઞાનવાળા, આત્માની સિદ્ધગતિ વધારે ઉંચી છે-અને કે, આ સિદ્ધગતિ પ્રાપ્ત કરવી-આત્મશુદ્ધિ વડે કરીને પ્રાપ્ત કરવી-તે દેવતા, મનુષ્ય, પશુ અને બધા પ્રાણીઓને માટે આ જીન્દગીનું એક જ લક્ષ્ય છે-આ જીવનનો ઉત્તમ અર્થ છે.

આવી રીતે શ્રી જૈનસિદ્ધાન્તની ઓળખ બધાએ માણસોને માટે જરૂર કલ્યાણકારક છે. કલ્યાણકારકજ નહીં પરન્તુ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ મનને સંતોષદાયક છે. કારણ કે નવીનમાં નવીન શોધખોલનું પરિણામ શ્રીઅર્હન્તોના સિદ્ધાન્તની સાથે ઘણે ભાગે અદ્‌ભુત રીતે મળે છે, જે જ્ઞાન આપણા વિદ્વાનોએ હમણાંજ નિયમિત અને સુવિહિત experiments અને સૂક્ષ્મ નવીન instruments વડે કરીને પ્રાપ્ત કર્યું છે તે મહાવીર સ્વામીએ અઢી હજાર વરસ પહેલાં જાહેર કર્યું હતું.

ઉંચે રહેલા થરોમાં ચઢતાં ચઢતાં માલૂમ પડે છે કે હવા વધારે અને વધારે પાતળી અને ઠંડી હોય છે. પાણી અસંખ્યાત સૂક્ષ્મ જીવોથી ભરેલું છે કે જે ઉકાળવાથી યા સાકર વિગેરે નાખવાથી નિર્જીવ બને છે. વનસ્પતિ અને ધાતુ, પત્થર વિગેરે પૃથિવીકાય સજીવ-ચૈતન્ય શક્તિ યુક્ત છે. આ પૂર્વોક્ત બાબતનાં ઉદાહરણો છે. બાકી જેવી રીતે આધુનિક વિજ્ઞાનવેત્તાઓ molecular combinations, molecules, atoms, eletrons-આ પુદ્‌ગલના ભાગો માને છે, તેવીજ રીતે જૈન સિદ્ધાન્ત પ્રમાણે સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ આ પુદ્‌ગલના વિભાગો છે. અને જેવી રીતે આજ કાલના પ્રકૃતિ વિદ્યાશાસ્ત્રીઓ સ્થિતિકારણભૂત "gravitation" અને રોશની વિગેરેની ગતિ સમજવા માટે "aether" આ બે રહસ્યયુક્ત, અરૂપ્ય, અતોલ્ય, અદૃશ્ય, સર્વવ્યાપી ચીજોની કલ્પના કરે છે, તેવીજ રીતે જૈન ધર્મમાં સ્થિતિકારણભૂત અધર્માસ્તિકાય અને ગતિકારણભૂત ધર્માસ્તિકાય

એમ બે દ્રવ્યો માનવામાં આવે છે. અને જેવી રીતે botany અને zoology (આધુનિક વનસ્પતિશાસ્ત્ર અને જંતુવિદ્યા) આવા જીવો માને છે કે જેઓનાં શરીર-moss, lichen, algae વિગેરેના શરીર જેવા-અસંખ્યાત સૂક્ષ્મ જીવનાં શરીરોના સમૂહો છે, તેવીજ રીતે જૈન સિદ્ધાન્ત પણ અનન્તકાય વનસ્પતિની વ્યાખ્યા કરે છે.

જેમની પાસે અઢી હજાર વરસ પહેલાં telescope, microscope વિગેરે કંઈ પણ સાધન નહીં હતું. તેઓમાં આ વિગેરે અદ્વિતીય જ્ઞાન હતું. તો આ અરિહંત ભગવાન મહાવીરસ્વામી અને જે તીર્થંકરો એમનાથી પહેલાં વિદ્યમાન હતા, **તેઓ વિશ્વાસપાત્ર ગણવાના નથા કે ?**

એ તો ખરૂં છે કે **જૈન સિદ્ધાન્તમાં રહેલી ઘણી માન્યતાઓ પણ નવીન સાયન્સના નિશ્ચિત જેવા પરિણામો સાથે મળતી નથી.** પરન્તુ વિચાર કરવો જોઈએ કે-જે સાયન્સના પરિણામો કોઈવાર નિશ્ચિત જેવા માનવામાં આવ્યા હતા તે સંબંધી પછીથી અનેક વાર શંકાઓ ઉચ્ચારવામાં આવી છે (દા૦ તા૦ સૂર્ય સ્થિર રહેલો છે અને પૃથિવી દ્વિવિધ રીતે ચાલે છે આ Kepler ની theory-યા સંમૂર્ચ્છિમ જીવોત્પત્તિ ન થઈ શકે આ માન્યતા સંબંધી)-આકી aether ની કલ્પના યા Darwin ની theory જેવા સાયન્સની અનેક માન્યતાઓ contradictiones in adjectu, એટલે વંધ્યાપુત્ર, આકાશપુષ્પ જેવી લાગે છે. **માટે સાયન્સની માન્યતાઓ ઉપર અતિવિશ્વાસ કેમ રાખી શકાય?** આટલું કહી શકાય કે જે માન્યતાઓ macrocosm અને microcosm જગત્ અને મનુષ્ય સંબંધી અત્યારે માનવામાં આવે છે, તેઓનો મોટો ભાગ, જે પ્રમાણે સાયન્સ આગળ વધશે તે પ્રમાણે સમય ઉપર બદલાઈ જશે-એવી રીતે બદલાઈ જશે કે જે જૈન સિદ્ધાન્તમાં પ્રરૂપેલ સત્યોની સાથે મલશે. આ વિશ્વાસ રાખવો જોઇએ.

બીજી બાજુમાં એ પણ વિચારણીય છે કે મહાવીર સ્વામીના અર્ધમાગધી ભાષામાં લખેલા પવિત્ર શબ્દોનો કેવો અર્થ કરવાનો છે ? કઈ વ્યાખ્યા ઠીક છે ? આ સંબંધી જૈનવિદ્વાનોમાં ઘણી જગાઓને માટે હજુ એક મતિ નથી મલી. માટે સાયન્સની અને સિદ્ધાન્તની તુલનાત્મક શોધ અને પરીક્ષા વધારે વિસ્તારથી કરી પહેલાં આધુનિક ફૈલૉલૉજીની *critical* **પદ્ધતિઓ પ્રમાણે શ્રીસૂત્રજીની શોધખોલ અને** *interpretation* **બરાબર કરવી જોઈએ.** કારણ કે જેવી રીતે સોનાનું તેજ અગ્નિની પરીક્ષાથીજ વધે છે, તેવી રીતે શ્રીસૂત્રનો મહિમા ફૈલૉલોજીકલ શોધની અને સાયન્સના comparison ની પરીક્ષાથીજ વધારે સ્પષ્ટતા પૂર્વક જોવામાં આવશે.

પરંતુ એવી બાબતોમાં ઉતરવાની આપણને શી જરૂર ? અત્યારે એટલું તો સ્પષ્ટ છે **જૈન સિદ્ધાન્તના** *author* **ની પાસે જગત્ અને મનુષ્ય** *macrocosm* **અને** *microcosm*-**સંબંધી અદ્ભુત અપૂર્વ જ્ઞાન હતું, અને તેથી તેમના સિદ્ધાન્તનો સંદેશ દુનીયાને પહોંચાડવા યોગ્ય છે જ.**

Jainism by Prof. Josef Zubaty Ph. D.

[1](Translated by Dr. Otakar Pertold)

Dzainove or *dziniste* (English Jains, Jainas) *i e. worshippers of Jina* or *Jinas* are followers of a special religion in India proper. Its origin is not quite certain. Sometimes the Jainas are considered as a Buddhistic sect,–Jainism arose at the time of the struggle between Buddhism and Hinduism and it leaned towards Brahmanism. Even in the time of this origin there are many differences. Some people put it in the IX century B. C., others up to the VIII to IX cent. A. D. If we compare, however, the essence of the Jaina tradition with some other *e. g.* Buddhistic reports, the following opinion which is recognised by Bühler and others is most probablely right. The Jaina religion did not spring up from Buddhism but from the same intellectual movement as Buddhism and perhaps at the same time. Therefore it has so many resemblances to Buddhism; however, it is more much closely associated with orthodox Brahmanism. The founder of Jainism is probably Dznataputra (Jnataputra) or Nataputta, senior contemporary of Buddha. He is specially worshipped up to now as the last Jina under the name of Mahávira ("the great man"). His date is located by different sources between 735 and 598 B. C. He preached his religion in a similar manner and probably in the same country as Buddha, and died in the 72nd year of his age in Páva (Behar).

The *essences* of the world are according to the belief of the Jainas an eternal, uncommenced and everlasting lifeless substance and a similar eternal, imperishable, living spiritual power. (By the parts of this spiritual power life is given to the parts of that lifeless substance). Jainas believe in the transmigration of souls: the soul takes after the death different shapes *e. g.* of gods, of men in differrent classes, of animals, even of plants, and can be punished by temporary stay in one of the *eighteen* different hells. The *salvation* (moksa) is the deliverance of the soul from this transmigration. The man who is approaching his salvation after his death by means of his holy life is called *Arhant.* The world is changing in two periods, which are *mythically stated*: after the period of development follows a period of descent a slow decay of the world. In each of these periods are born 24 men holy ones, lords of the world, free from worldly activity, omniscient. conquerors of the weaknesses, Jinas, who are showing the way through the ocean of darkness–Tirthamkaras, and who are also designated as *Buddhas* In the present period of descent the first Jina was Vrsabha, who was 3,000 ft. long and lived 8,400,000 years; the others are more and more nearing to the human conditions; the last but one, Parsvanatha, lived, 100 years, and the last Jina, Mahavira, 72 years. Jainas are worshipping all Jinas of the previous, present and future periods, but especially the three above mentioned Jinas. Besides prayers

---

1 At the very outest I may state that I am very much indebted to Dr. Otakar Pertold, Prof. of Sanskrit in the Prague University; for this article was translated from Czech Encyclopedia "Ottuv Slovnik Naucny [ઓટ્ટવ સ્લોવઝીંક નાઉચ્ની) Pt. 8 pp. 325–326) at my request by him during stay in this city as Consul of Czechoslovkia.

H. R. KAPADIA.

and hymns, they are offering them flowers scents etc. Gods like Indra Vishnu whom they accepted from a former religion (Brahmanism) are sub-ordinate, mortal beings, who got some functions in the ruling, of the world as the reward for their previous virtuous lives. Every man can become god after his death and therefore the gods are not invoked.

The Jainas do not recognise the authority of the Vedic scriptures, although they are sometimes quoting them. But they recognise–specially in Southern India-castes and the religious ceremonies are performed for them by orthodox Brahmans and not by jaina priests. They prove their spiritualism by frequent fasting, etc., and specially they abstain from doing harm to any living being.

Jainas are as laymen *sravakas* disciples and clergy/*jatis*, *sramanas* ascetics. These ascetics are living either as *hermits* or as *monks* in monasteries, and are obliged specially to keep temperation etc. In order that they may not kill unconsciously even the microscopical beings in the air, in the water or on the ground, they tie round their mouth a piece of cloth, and drink water which was boiled or three times filtred, sweep the ground with a special broom before they sit down, etc.

Jainas created plenty of beautiful temples and sculptures and a great literature, spiritual as well as profane.

The basis of their holy litetature is a canon of *eleven books–anga*, which is written in a pracrit dialect, that is known by us only fragmentary. The style of these scriptures is very similar to that of "Tripitakam", and they have been originated ccrtainly before the birth of Christ. The latter religious books are written mainly in sanskrit, and most of them have no greater literary value being rather fantastic and of a bombastic character. In the profane literature Jainas created works of a high poetical and scientifical value.

The history of Jainas is little known. We know only that the jainism harmonized with brahmanism as well as buddhism, but there were still hostilities between jainism and buddhism. We know very little when and how jainism has spread in India. To-day Jainas are scattered nearly through whole India; they are about one and quarter millions. Most of them are in Mewar and Marwar, and in Dekkhan. They live always in peace with confessors of other religions. Jaina laymen are specially renowned by their commercial ability. Almost half of all the Indian trade is in the hands of Jainas.

Jainas are divided in several sects of which most important are *two viz. Digambaras* i. e. dressed by air–nacked who are *now using* coloured dresses and are living more rigorously, and *Svetambaras* i. e. white dressed.

જૈનધર્મ.

ગુજરાતીમાં અનુવાદક—**હીરાલાલ રસિકદાસ કાપડિયા.**

[**ચેખોસ્લોવાકિયા** દેશમાં આવેલા **પ્રાગ** વિશ્વવિદ્યાલયના શબ્દ–વ્યુત્પત્તિશાસ્ત્ર અને સંસ્કૃતના અધ્યાપક ડૉ. **જોસફ ગુબાટી** પી એચ્. ડી. મહાશયનો જૈનધર્મ પરત્વેનો લેખ ચેખવિશ્વકોષના ૮ મા ભાગ (પૃ. ૩૨૫–૩૨૬)માં ઇ. સ. ૧૮૯૪ માં પ્રસિદ્ધ થયો હતો. આ લેખમાંથી જૈનધર્મ વિષે કંઈ નવું જાણવાનું મળે તેમ નથી કેમકે જૈનધર્મ વિષે લેખક મહોદયને સ્વલ્પ માહિતી છે એમ તેઓ પોતે લેખમાં ઉલ્લેખ કરે છે. છતાં પણ કેટલીક દૃષ્ટિએ વિચાર કરતાં આ લેખ મહત્ત્વનો છે. દાખલા તરીકે દેશાન્તરમાં–**ચેખોસ્લોવાકિયા** દેશમાં ૧૯મા સૈકાના અંતમાં જૈનધર્મ સંબંધી કેવી માન્યતા હતી તે આ ઉપરથી જોઈ શકાય છે. આ લેખમાં જે કોઈ વાંધા પડતી કે પ્રમાણ-વિકલ હકીકત હોય તેની સમાલોચના કરવાની હું આવશ્યકતા જોતો નથી, કારણકે તે કંઈ સુજ્ઞ પાઠકથી અજાણી રહી શકે તેવી નથી.

[1] આ લેખનો ગૂર્જરગિરામાં અનુવાદ કરવાનું કારણ એ છે કે જૈનસમાજ–સાધુઓ તેમજ ગૃહસ્થો કે જે મોટેભાગે અજૈન વિદ્વાનો તરફથી જૈનધર્મના સંબંધમાં દર્શાવાતા વિચારોથી બીનવાકેફગાર–બેદરકાર રહે છે, તે જાગૃત થાય અને ભવિષ્યમાં જૈનધર્મ વિષે જૂદા જૂદા દેશમાં અન્યાન્ય વિદ્વાનો કેવા ઉદ્‌ગારો કાઢી રહ્યા છે તે તરફ બનતું લક્ષ્ય આપવા પ્રેરાય. જો આ તરફ ઉદાસીનતા સેવવામાં આવે, તો આનું પરિણામ ભયંકર આવે. કેમકે જૈનધર્મનાં તત્ત્વોથી અપરિચિત જનોમાં તો આ ધર્મ સંબંધી ખોટો ભ્રમ ઉત્પન્ન થવાથી એનું ગૌરવ છિન્ન-ભિન્ન થવા પ્રસંગ પ્રાપ્ત થાય. એ દેખીતી વાત છે. **હી. ૨.**]

જિન અથવા જિનોના પૂજકો એ ભારતવર્ષના એક વિશિષ્ટ ધર્મના અનુયાયીઓ છે. આ ધર્મની ઉત્પત્તિ વિષે ચોક્કસ ખબર નથી. કેમકે કેટલીકવાર જૈનોને બૌદ્ધની શાખા તરીકે ગણવામાં આવે છે. બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ વચ્ચે ખટપટ ચાલતી હતી તે અરસામાં આનો પ્રાદુર્ભાવ થયો. આનું વલણ બ્રાહ્મણ ધર્મ તરફ હતું. આ ધર્મના ઉત્પત્તિના સમય પરત્વે ઘણ ઘણા મત-ભેદો છે. કેટલાકો ઇ. સ. પૂર્વેના નવમા સૈકાને એના ઉત્પત્તિ-કાલ તરીકે ઓળખાવે છે. જ્યારે કેટલાક તો ઇ. સ. ના આરંભથી નવમા સૈકા સુધીના સમયને એનો ઉત્પત્તિ કાલ ગણે છે. પરંતુ જો આપણે જૈન ધર્મના તત્ત્વને બૌદ્ધ હકીકતો સાથે સરખાવીશું, તો ડૉ. **બ્હૂલર** પ્રમુખ વિદ્વાનોએ સ્વીકારેલો નીચે મુજબનો અભિપ્રાય ખરો હોય એમ લાગે છે. જૈન ધર્મ કંઇ બૌદ્ધ ધર્મમાંથી ઉત્પન્ન થયો નથી, પરંતુ બૌદ્ધ ધર્મ પણ જે બુદ્ધિવિષયક હીલચાલમાંથી ઉદ્‌ભવ્યો છે તેમાંથી અને કદાચ વળી તે સમયે જૈન ધર્મ ઉત્પન્ન થયો છે. એથી કરીને તો એ બૌદ્ધ ધર્મ સાથે ઘણી બાબતોમાં મળતો આવે છે. જો કે ચુસ્ત બ્રાહ્મણ ધર્મ સાથે તે વધારે નિકટ સંબંધ ધરાવે છે.

ઘણે ભાગે જૈન ધર્મના ઉત્પાદક બૌદ્ધના વયોવૃદ્ધ સમકાલીન **જ્ઞાતપુત્ર** યાને **નાતપુત્ત** છે અત્યારે પણ જૈનો **મહાવીરના** (મહા પુરુષ) નામથી આ અંતિમ તીર્થંકરને પૂજે છે.

જૂદાં જૂદાં કારણો અનુસાર એમનો સમય ઇ. સ. પૂર્વે ૭૩૫ થી ૫૯૮ સુધી ગણવામાં આવે છે; બુદ્ધની માફક અને ઘણે ભાગે એકજ દેશમાં

---

૧ ધર્મ અને નીતિના વિશ્વકોષમાં ઇ. સ. ૧૯૧૪માં છપાયેલા ડૉ. **યકોબી** મહાશયના જૈનધર્મ પરત્વેના લેખ તરફ જેમણે મારૂં પ્રથમ ધ્યાન ખેંચ્યું હતું, તે ઇતિહાસ તત્ત્વમહોદધિ ઉપાધ્યાય ઇન્દ્રવિજયજી (હાલ વિજયેન્દ્ર સૂરિજી)ની પ્રેરણાથી જેમ **આલોક** માસિક માટે મેં તેનો અનુવાદ તૈયાર કર્યો હતો (અને તે તે માસિકમાં કટકે કટકે છપાઈ પણ ગયો હતો) તેમ આ માસિક માટે મેં આ લેખનો પણ ભાવાત્મક અનુવાદ તૈયાર કર્યો હતો. પરંતુ એના તંત્રીમહોદયના અકાળ અવસાનથી તે માસિક બંધ પડતાં તે પ્રસિદ્ધ થઇ શક્યો નહિ. આજે જૈનયુગના તંત્રીમહાશયે તે પ્રસિદ્ધ કરવા ઇચ્છા દર્શાવી છે તેથી આ થોડાક વર્ષો ઉપર તૈયાર કરેલો લેખ એમના ઉપર મોકલાવું છું. સંશોધનાદિક કાર્યમાં ગૂંથાયેલો રહેવાથી આ લેખની મૂળ સ્થિતિમાં નહિ જેવોજ ફેરફાર કરી હું તે પાઠક–વર્ગના કર-કમળમાં સમર્પું તો તે ક્ષન્તવ્ય ગણાશે
હી. ૨.

એમણે પોતાના ધર્મનો ઉપદેશ આપ્યો, પાવાપુરી (બિહાર)માં એમણે ૭૨ વર્ષની વયે દેહ છોડયો.

જૈનોની માન્યતા એવી છે કે જગતનાં બે મૂળ તત્ત્વો છે. એક તો નિત્ય, અનાદિ શાશ્વત અજીવ તત્ત્વ અને બીજું એના જેવું નિત્ય, અક્ષય, સચેતન જીવ-તત્ત્વ. સાંસારિક આત્મા એ જીવ અને અજીવ તત્ત્વનું મિશ્રણ છે (?) જૈનો પુનર્જન્મ માને છે. સંસારી જીવ દેવો, જૂદા જૂદા વર્ગના માનવો, પ્રાણીઓ અને વનસ્પતિઓ તરીકે પણ એમ જૂદા જૂદા રૂપે ઉત્પન્ન થઈ શકે છે. વળી તેને પાપની શિક્ષા તરીકે ૧૮ (?) નરકોમાંથી કોઇ પણ નરકમાં થોડા વખતને માટે નિવાસ કરવો પડે છે. આ સંસાર-પરિભ્રમણથી મુક્તિ તે મોક્ષ છે. પવિત્ર જીવન ગાળ્યા બાદ મૃત્યુ પછી મોક્ષને પ્રાપ્ત કરતા જીવને 'અર્હન્ત' કહેવામાં આવે છે. જગતમાં પરાવર્તનના (ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ) બે વિભાગ કલ્પી કાઢવામાં આવ્યા છે. એક પરાવર્તનના કાળ દરમ્યાન ઉન્નતિ થતી જાય છે, જ્યારે બીજા કાલ દરમ્યાન અવનતિ થતી જાય છે. આ બંને કાલ-વિભાગ પૈકી પ્રત્યેકમાં ચોવીસ ચોવીસ જગત્પતિઓ પવિત્ર પુરૂષો ઉત્પન્ન થાય છે. તેઓ સાંસારિક કાર્યથી મુક્ત રહે છે. તેઓ સર્વજ્ઞ છે. સાંસારિક નિર્બળતા (રાગ અને દ્વેષ)ના વિજેતા હોવાથી તેઓ 'જિન' કહેવાય છે. આ જિનો અજ્ઞાન સમુદ્રમાં માર્ગદર્શક હોવાથી "તીર્થંકર" કહેવાય છે. વળી એમને 'બુદ્ધ' પણ કહેવામાં આવે છે.

આ ચાલુ અવસર્પિણી કાળમાં **વૃષભ** નામના પ્રથમ જિનેશ્વર થયા છે. તેઓ ૩૦૦૦ ફુટ ઊંચા હતા અને તેઓનું આયુષ્ય ૮૪૦૦૦૦ (!) વર્ષનું હતું. બીજા તીર્થંકરોની દેહની ઊંચાઇ અને આયુષ્ય માનુષિક સ્થિતિની ક્રમશઃ વિશેષ નજદીક આવતાં જાય છે. ૨૩ મા તીર્થંકર **પાર્શ્વનાથ**નું આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું; જ્યારે ૨૪ મા અંતિમ તીર્થંકર **મહાવીર**નું આયુષ્ય તો ૭૨ વર્ષનું હતું. જૈનો ભૂત, વર્તમાન અને ભાવિ એ ત્રણે કાળના સમસ્ત જિનોને પૂજે છે. પરંતુ ખાસ કરીને તો ઉપર્યુક્ત ત્રણ જિનેશ્વરોનું પૂજન કરે છે. જિનેશ્વરોની સ્તુતિ કરવા ઉપરાંત-તેમનાં યશોગાન ગાવા ઉપરાંત તેઓ પુષ્પપૂજા અને ધૂપ-પૂજા પણ કરે છે. બ્રાહ્મણ ધર્મમાંથી ગ્રહણ કરેલા ઈન્દ્ર, વિષ્ણુ પ્રમુખ દેવો જિનેશ્વરોથી ઉતરતા છે.તેઓ મર્ત્ય છે અને પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલા પુણ્યને લઇને તેઓને જગત ઉપર શાસન કરવાના કાર્યમાં ભાગ મળ્યો છે. દરેક માનવ મરણ પછી દેવ થઈ શકે છે અને એથી કરીને તો દેવોનું આહ્વાહન કરવામાં આવતું નથી.

જૈનો વેદ—શાસ્ત્રોને પ્રમાણભૂત ગણતા નથી, જો કે કવચિત્ તેમાંથી કેટલાક પાઠોનો ઉલ્લેખ (ટાંચણ) કરે છે. ખાસ કરીને દક્ષિણ હિંદુસ્તાનના જૈનોએ તો વર્જ્યો સ્વીકાર્યા છે. વળી તેમની ધાર્મિક ક્રિયાઓ કરનારા ચૂસ્ત બ્રાહ્મણો છે, નહિ કે જૈન. સાધુઓ વારંવાર ઉપવાસાદિક કરીને તેઓ પોતાનો સંયમ સિદ્ધ કરી આપે છે. ખાસ કરીને તેઓ અન્ય જીવને દુઃખ દેવાથી અલગ રહે છે-તેઓ દયા પાળે છે.

જૈનોના શ્રાવકો (ગૃહસ્થો) અને સાધુઓ-યતિઓ-શ્રમણો એમ બે વિભાગ પડે છે, આ શ્રમણો કયાં તો વનમાં 'હર્મિટો'ની જેમ અને મઠમાં 'મન્ક'ની જેમ રહે છે. તેઓને ખાસ કરીને સંયમ પાળવો પડે છે. અજાણતાં પણ તેમનાથી હવામાંના, જલમાંના કે પૃથ્વી ઉપરનાં અતિ સૂક્ષ્મ જંતુઓનો નાશ ન થઇ જાય તેટલા માટે તેઓ પૂરતી સાવધાની રાખે છે. જેમકે તેઓ મુખ ઉપર વસ્ત્ર (મુહવત્તી) બાંધે છે; તેઓ ગળેલું અને ત્રણ વાર ઉકાળેલું જળ પીએ છે; કોઇ પણ સ્થાનમાં બેસતાં પૂર્વે તે સ્થાનનું સન્માર્જની-વિશેષ (ઓઘા) વડે પ્રમાર્જન કરે છે, ઇત્યાદિ. જૈનોએ અનેક ભવ્ય મંદિરો બંધાવ્યાં છે અને તેની શિલ્પ—કળા પ્રશંસનીય છે. જૈનો પાસે આધ્યાત્મિક તેમજ ઐહિક—લૌકિક સાહિત્ય પણ છે.

૧૧ અંગો એ તેમના પવિત્ર સાહિત્યની પીઠિકા છે. આ સાહિત્ય પ્રાકૃત ભાષા કે જે અમને ભાંગી તૂટી આવડે છે તે ભાષામાં લખાયેલું છે. આ ગ્રન્થોની શૈલી ત્રિપિટકને ઘણી મળતી આવે છે. વળી આ ગ્રન્થો ક્રાઇસ્ટના જન્મ પૂર્વે યોજાયેલા છે. પાછળના

ધાર્મિક ગ્રન્થો મુખ્યતઃ સંસ્કૃતમાં રચાયેલા છે. આમાંના ઘણા ખરા ગ્રન્થોની શૈલી વિલક્ષણતા અને આડંબરથી પૂર્ણ હોવાથી સાહિત્યની દૃષ્ટિએ તે બહુ કિંમતી નથી. પરંતુ જૈનોના ઐહિક સાહિત્ય વિષયક ગ્રન્થો તો કાવ્ય અને વિજ્ઞાનની દૃષ્ટિએ ઉચ્ચ દરજ્જો ભોગવે છે.

જૈનોના ઇતિહાસ વિષે બહુ થોડું જાણવામાં આવ્યું છે. અમે ફક્ત એટલું જાણીએ છીયે કે જૈન ધર્મ બ્રાહ્મણ ધર્મ તેમજ બૌદ્ધ ધર્મ સાથે પણ સંપીને રહ્યો, છતાં પણ જૈન અને બૌદ્ધ ધર્મ વચ્ચે વિરોધ સંપૂર્ણતઃ મટી ગયો હતો નહિ. કયારે અને કેવી રીતે જૈનધર્મનો હિંદુસ્તાનમાં ફેલાવો થયો તે વિષે અમે મોટે ભાગે અજ્ઞાત છિયે. લગભગ આખા હિંદુસ્તાનમાં આજે જૈનો વસે છે. તેમની વસ્તી આશરે સાડાબાર લાખની છે. ઘણા ખરા જૈનો તો મેવાડ, મારવાડ અને દક્ષિણમાં વસે છે. તેઓ અન્ય ધર્માવલંબીઓ સાથે સર્વદા સંપીને રહે છે. જૈન ગૃહસ્થો ખાસ કરીને તેમની વ્યાપારિક બુદ્ધિને માટે વિખ્યાત છે. હિંદુસ્તાનનો લગભગ અડધો અડધ વ્યાપાર જૈનોના હાથમાં છે.

જૈનોમાં ઘણા સંપ્રદાયો છે પરંતુ તેમાં દિગંબર અને શ્વેતાંબર એ બે મુખ્ય છે. દિગંબરો એટલે દિક્-વસ્ત્રધારી—નગ્ન, તેઓ અત્યારે રંગેલાં વસ્ત્રો પહેરે છે અને ચુસ્ત રીતે જીવન ગાળે છે. શ્વેતાંબરો એટલે શ્વેત વસ્ત્ર ધારી.

જોસેફ કુમાટી Ph. D.

મારા અંગત સ્ફુરેલા વિચાર.

(ગત પૃ. ૪૪૫ થી ચાલુ)

૮.

અત્યારે નાના મોટા લાગતા માણસો ખરેખરી રીતે નાના મોટા નથી. પણ સૌ તેવ તેવડા ઉમ્મરમાં છે એક સમય પણ ઉમ્મરમાં વધારે નથી. અત્યારે સો વરસનો ડોસો હોય તે અને ઘોડીઆમાં હીંચતો એક છ માસનો બાળક, વા તરતનો જન્મેલો કોઇ માણસ એ ત્રણે ઉમ્મરમાં એક સરખાં છે. અરે! એથી આગળ વિચારમાં ઉતરીએ તો એકેંદ્રિયથી પંચેંદ્રિય લગીનાં તમામ પ્રાણીઓ, ત્રસ અને થાવર સૌ ઉમ્મરમાં સરખાં છે. ચાલી જતી એક કીડી, ઉડતી એક માંખી, વનસ્પતિરૂપે રહેલા જીવો ચાર સ્થાવર કાયના જીવો, વેળ, માછલું, ગાય ભેંસ, પંખીઓ, માણસ, દેવ અને નરકના નારકી, સૂક્ષ્મ એકેંદ્રિય અને નિગોદનો એક જીવ એમ સર્વ જાતિના જીવો ઉમ્મરમાં સરખા છે. એમાં સિદ્ધ થયેલ જીવોને લઇએ તો તે પણ આપણા જેટલીજ ઉમ્મરના છે. આ ઉમ્મર અત્યારે ધારેલાં વર્તમાન શરીરની અપેક્ષાએ નથી, અત્યારે સિદ્ધ થયેલ જે જીવો સિદ્ધ શિલાપરે છે તેઓ જ્યારથી સિદ્ધ દશાને પામ્યા તે આધારે નથી પણ સૃષ્ટિની આદિ નથી તેથી જીવની પણ આદિ નથી, અત્યારે આપણે જે જે જીવોને જોઇએ છીએ, જાણીએ છીએ, કલ્પીએ છીએ, કેવળજ્ઞાની જાણી દેખી રહ્યા છે તે તમામ જીવો પણ અનાદિકાળના છે. એમાંનો એક પણ કયારે થયો એમ તો કહી શકાયજ નહિ તેથી તેમનો "અનાદિ કહેવાતો કાળ" તો સૌને માટે સરખો છે. ત્યાંથી માંડીને અત્યારનો વર્તમાનનો એક સમો પણ સૌના ઉપર એક સરખોજ વર્તે છે માટે એક આત્માની અપેક્ષાએ આખા લોકના તમામ આત્માઓની ઉમ્મર સરખી છે. તેમનાં વર્તમાન શરીરની અપેક્ષાએ નાના મોટા છે પણ અનાદિથી આજ લગી ગણીએ તો દરેક જીવનો વ્યતીત વખત એકસરખો છે. હવે ભવિષ્ય ઉપર આવીએ. ભવિષ્યમાં જે કાળ જશે તેનો અંત નથી. એ અંત વગરના કાળમાં કેટલાક જીવો સંસારમાંજ રહે છે. કેટલાક તરીને પાર-મોક્ષપદ પ્રાપ્ત કરશે છતાં તે વખતે પણ તેઓ એકસરણી કાળ સ્થિતિનાજ છે. આથી એમ ર્યું કે આજે, આજથી અનંતકાળ

પહેલાં કોઇ પણ વખતે અને આજથી અનંત કાળ પછી કોઇ પણ વખતે પૂછવામાં આવે તો સર્વે જીવોની ઉમ્મર એકસરખીજ છે. કોઇ નાનું મોટું હતું નહિ, છે નહિ, અને હશે નહિ. હા, સૌએ અનંતકાળ ગયો તેમાં આજસુધી શરીરો ધારણ કર્યા તે ઝાઝાં થોડાં હોયજ અને તેથીજ અત્યારે ઉમ્મરમાં કોઇ જીવ મોટો ને નાનો લાગે છે અને એજ ન્યાયે હવે પછીની સમયાવલીમાં પણ લાગશે.

જીવ જન્મ્યો, જીવ જુવાન થયો, જીવ ઘરડો થયો, જીવ મરણ પામ્યો એ બધું તેના શરીરને માટે છે. ખુદ જીવને આયુષ્ય જેવી કાંઇ ચીજ જ નથી કારણ કે તે તો સદા સર્વદા હતો હતો ને હતો, છે છે ને છે, અને હશે હશે ને હશેજ. જીવ બાળકે નથી, જુવાને નથી, ઘરડોએ નથી, જન્મતોએ નથી, ઘરડો થતોએ નથી. તેતો અગાઉ હતો તેવોજ અત્યારે છે અને હવે પછી કોઇ પણ કાળે એવોને એવોજ રહેશે. એ અપૂર્વ, અનુપમ, અગમ્ય અતર્કય જીવની વિચારણા કરવામાંજ અપૂર્વ ને અસાધારણ ઉત્તમ સુખ રહેલું છે. મહાત્માઓએ તે શોધ્યું, અનુભવ્યું, જાણ્યું, જોયું, વિચાર્યું, અને તેમાં લયલીન થયા. જગતના પરિગ્રહના સુખને તેમણે તે સુખની અપેક્ષાએ સાવતુચ્છ અરે ઘણું દુઃખમયજ માન્યું અને તેથી સંસાર છોડ્યો, રાજ છોડ્યાં, ચક્રવર્તિપદ છોડ્યાં, શેઠાઇ છોડી, કુળદીપકપણું છોડ્યું, શરમ છોડી. એ તર્યા, જીત્યા, ચેત્યા, વધ્યા ને શાંત થયા. એ ભાવ કયારે આવશે? સૌ જીવોને એ ભાવ આવે તો અતિ આનંદ થાય, દુઃખ જાય, શોક જાય, કલેશ જાય, પીડા શમાય અને પરમ શાંતિ મળે. તા. ૧૮-૭-૧૯૨૫.

૯.

કેટલાક કહે છે કે આપણા માનેલા ઘર—માલમત્તામાંથી કોઇને દાન કરવું તો બહુજ તપાસી તપાસીને સામા લેનારની પૂર્ણ ખાત્રી કરીને આપવું. ગમે તેને આપ્યા કરવુંજ નહિ. બને તેટલી વિશેષ વિશેષ પૂછગાછ અને તપાસ કરવી અને પછી યોગ્ય લાગે તો આપવું. ત્યારે બીજા કહે છે કે અન્ન તો જે આવે તેને આપવું અને બીજી વસ્તુઓ માટે તો બને તેટલો તપાસ કરવો, તપાસ કરવામાં ભૂલીએ પણ છીએ માટે દરવાજા તો (આપણા) દરેક આતુર માણસને માટે ખુલ્લાજ રાખવા. આ બેમાં કોને વધારે પસંદગી આપવા જેવું છે તે વિચારવુંજ જોઇએ. મનુષ્યજીવનનું એ પણ એક આવશ્યક કાર્ય છે માટે તે વિચારમાંજ લેવું જોઇએ. મારો મત આ બાબતમાં નીચે પ્રમાણે છે.

(૧) જો કેવળજ્ઞાન હોય એટલે ભૂત ભવિષ્ય વર્તમાનની દરેક જાતની વાત જાણતા હોઇએ તો તો માગવા આવનાર દરેક માણસને તરતજ જાણી શકીએ કે આ માણસ દાન લેવા અમુક કારણે આવ્યો છે અને દાન લઇને આ પ્રમાણે કરવાનો છે અને તેથી આપણી પાસેથી જે કાંઇ તે મેળવશે તેનો સદુપયોગ વા દુરૂપયોગ આ પ્રમાણે થશે. આવી જ્ઞાનદશા હોય તે વખતે તો આવનારમાંથી આપણા દ્રવ્યનો સદુપયોગ કરે તેવાનેજ આવવા દઇએ, અથવા આવેલામાંથી તેવાનેજ આપીએ. પણ આ સમયમાં કેવળજ્ઞાન, મનપર્યવજ્ઞાન, જેવાં જ્ઞાન રહ્યાં નથી. વળી કેવળજ્ઞાન-મનપર્યવજ્ઞાન જે વખતે હતાં તે વખતે સાંસારિક દુઃખે પીડિત ભૂખ-તૃષા-પુત્રવિયોગ-વસ્ત્રસ્પૃહા-ધનસ્પૃહા, રોગાદિ દુઃખે દુઃખિત હોય તેને તેવા જ્ઞાનવાળા આપી શકેજ નહિ, કારણકે તેમની પાસે તેવું દાન કરવાની વસ્તુજ ન હોય, દેવ સહાયે-વા-અતિશયના પ્રભાવે હોય કે થઇ આવે તોયે તે આપી શકે નહિ કારણ તેવે સમયે તેવા જ્ઞાની સાધુદશામાં હોય છે અને સાધુ દશાનાં પંચમહાવ્રતોમાં તે પ્રમાણે દાન કરવાથી સાધુવ્રતમાં ખામી આવે છે. એ ખામી દાન આપવાના પુણ્યથી થતા લાભ કરતાં ઘણી વધારે પ્રમાણમાં છે. તેથી સાધુ તો દાન આપીજ શકે નહિ. હવે શ્રાવકાદિ રહ્યા તેઓ તો દાન આપી શકે પણ તેમણે આ બે પ્રકારમાંથી દરવાજા ખુલ્લા રાખવા, સાધારણ તપાસ કરવી અને આપ્યાંજ કરવું. ભલે તેમાં કેટલાક ઢોંગી, અયોગ્ય અને અવળે રસ્તે દાનનો ઉપયોગ કરનારા થોડાક લોકો ફાવી જાય. જો દ્વાર બંધ રાખીશું તો તો કોઇ આવનારજ નહિ અને તેથી તો જે જે જાહેર સંસ્થામાં કાર્ય કરનારાઓનો અવાજ મોટો હોય, દેખાડ કરવાની કળા વિશેષ

હોય તેમાંજ તે નાણાં-સાહિત્ય અને સામાન જવાનાં. વળી દ્વાર બંધ રાખવાથી જે જે કોઈ સંત, સત્પુરૂષ, ખરા દુઃખી, આપણે આપીને પાવન થઇએ તેવા આવતા હતા તેવા તો પ્રભુપરજ ઇતબાર રાખનાર હોવાથી ગમે ત્યાંથી પ્રભુ કૃપાએ પોતાને જોઈતી મદદ મેળવવાના, અગર ન મળે તો ઘરમાં બેસી રહી દુઃખને શાંતિથી પી જવાના વા જે સ્થિતિ પ્રભુએ આપી તેમાં આનંદ માની, આબરૂભેર, ચુપચુપ રહેવાના; મનમાં રહેજ પણ હાયવોય, બળતરા કે દુઃખ ધરનારા નહિ. હવે આપણે આંગણે એ સિવાયના જે ધાંધલીઆ, ઢોંગી, ધુતારા, બહુબોલા, કામકઢા, અને થોડા દુઃખને ઘણું જણાવનારા જે માગવા આવતા તેઓ તો આપણે દરવાજો બંધ થયો જાણી બીજી જે જે રીતે આપણી પાસેથી ધન-ધાન-સામાન-લઈ શકાય તે તે રીતો-રસ્તા-યુક્તિ-પક્ષ-કપટ-શોધવાના. જે કોઇ માણસની માર્ફત કામ થવાનું હોય તેના પક્ષમાં ભળવાના, ચિઠ્ઠિ લાવવાના, દાતાને જે જે ગમતી વાતો-શોખ-ચેન-ચાળા-ક્રિયાઓ વગેરે પસંદ હોય તેમાં ભળવાના, એમ ગમે તે પ્રકારે પણ દાન તો લઈ જવાનાજ. આથી આપણે દરવાજો બંધ કર્યો તેથી આપણો ધાર્યો અર્થ સર્યો નહિ. હરામખોરને બંધ કરવા જતાં, સંતપુરૂષો-ગરીબભાઇઓ-ખરેખરા દુઃખી માણસોજ ન આવ્યાં, હરામખોર તો આવ્યેજ રહ્યા. આથી આપણાં નાણાં વગેરેના દાનનો દુર્વ્યય થયો ને નર્યું પાપજ આપણે કપાળે લખાયું; માટે દ્વાર ઉઘાડાંજ રાખવાં ને બનતી તપાસ કરવી પણ તે મિઠાશથી, ધીરજથી, શાંતિથી, સામાની આબરૂ ને લાગણી જાળવીને કરવી ને ભાવથી આપવું. આ પ્રમાણે દરવાજા ઉઘાડા રાખવાથી ને લોટની ચપટી, દવાનું ટીપું. લુગડાનો લીરો, પાણીનું ટીપું, મિઠાશનો એ હરફ, વિચાર કે સલાહનો શબ્દ, જગ્યાનો ૧ ઇંચ આપવાથી, હરામખોરનું પ્રમાણ વધુ હોય તોએ તેમાં પવિત્ર પુરૂષોનું પરિમાણ પણ છે તેથી લાભ છે; પણ દાનનાં દ્વાર સદંતર બંધજ કરવામાં આવે તો નર્યા હરામખોરજ લાભ લઇ જવાના; અથવા સારા કે નરસા કોઇ પણ લાભ ન લઈ જવાના. આ બધું જોતાં દ્વાર ઉઘાડાં રાખવાં અને આપ્યાંજ કરવું એ હિતકર છે. બધાએ કામ કરીનેજ ખાવું જોઇએ એ સિદ્ધાંતનો અતિ આગ્રહથી ઉપયોગ કરવાનો નથી. કરોડોપતિઓ પણ જંગલમાં ભૂલા પડે ત્યારે, વહાણ ભાંગી જાય ત્યારે અજાણી જગામાં લુંટાઇ જાય ત્યારે, ધરતીકંપ-જલપ્રલય વગેરે કુદરતી કોપ ટાણે, રેલ્વે-મોટર-મશીનના અકસ્માત ટાણે, રાજવિપ્લવ સમયે, એમ અનેક સમયે બીજાની પાસેથી કંઇ પણ મહેનત કે બદલો આપ્યા વિના લઇ શકે છે, લેવું પડે છે, લે છે. જોકે તેજ સમયે તેની માલિકીનાં નાણાં-સરસામાન વગેરે બીજે સ્થળે અખૂટ હોય છે. વળી રોગી, બાળક, વૃદ્ધ, અશકત, ગાંડા, એકલડોકલ, ભ્રમિત, અને અતિથિનો સત્કાર એતો આપણી ફરજ છે. આપણે આંગણે આવેલની વર્ગણી આપણે કરવાને બિલકુલ સમર્થ નથી, કરવા બેશીએ તો ભુલનું ગાડું ચાલ્યું જાય તેમ કરી બેસીએ છીએ માટે બહુ ડોળાણમાં-બહુ ચાપચીપમાં-બહુ હુસીઆરીમાં ન પડતાં આવેલ આતુરજનને અન્ન-વસ્ત્ર-આશ્વાસન-આરામ-જગા વગેરે આપી સંતોખશો. નાણાં-સોનારૂપાની ચીજ-ઘરબાર-થોકડાબંધ માલ આપતાં વિશેષ વિચાર ને તપાસ કરો તો તે કેટલેક અંશે યોગ્ય છે. સામાન્ય સગવડનું સુખ આપવા સમયે અંતરાત્મા સાથે વા પ્રભુ સાથે તરતજ ચિંતવી લેજો કે "હે પ્રભુ, જગતમાં આ બધાં પ્રાણિમાત્ર છે, તારે લેખે હું આપું છું, હું પણ તારી દોલત તેને આપું છું તે તુંજ આપે છે એમ ગણજે. હું નથી આપતો, હું આપું છું એમ શી રીતે મારાથી કહેવાય, હું અગાઉ હું નહતો, હું હવે પછી હું હઇશ કે નહિ તે નક્કી નથી, હું મનુષ્ય છું. કંઇક મતિ છે, સામો માણસ મનુષ્ય છે. તેથી ગજા પ્રમાણે પૂછગાછ, તપાસ કરૂં છું પણ આગ્રહ રાખતો નથી તે આપું છું; માટે તારે જોખમે ને તારે લેખે આ કરૂં છું.' આત્માનેજ કર્તા માનનારા એવાતો આત્માને ઉદ્દેશીને કહ્યા પછી આપે છે. બહુ ચાપાચીપ કરનારને પૂછીએ કે ભાઇ, તમે શામાં દાન આપો? તો કહેશે જે મને તો જેનું પરિણામ સ્પષ્ટ, શુદ્ધ ને પ્રત્યક્ષ લાભમાં જણાય તેનેજ. આપણે પૂછીએ તેવું

શું છે? તરતજ કહેશે જે રોગીનાં દવાખાનાંઓ, વિદ્યાર્થીઓના આશ્રમો, મુંગાં પ્રાણીઓ, અપંગ અને અનાથો વગેરે. હવે આમાં દાન દેનારને માટે વિચાર કરીએ.

શું બધા રોગીને અન્ન વસ્ત્ર દીધાથી તેઓ સાજા થવાના છે?
,, ,, ,, તેઓ રોગીની સ્થિતિમાં કે સાજા થયા પછી પોતાનાં પાપો ભૂકી દેવાનાં છે?

બધા અનાથ ને અપંગ શું પ્રભુના ભકત ને ઉત્તમ ગૃહસ્થ હોય છે?
,, ,, ,, ગૃહસ્થ એટલે સારો માણસ. (પૈસાદાર નહિ)

બધા વિદ્યાર્થી આશ્રમના વિદ્યાર્થીઓ શું જગત્માં પવિત્ર જીવન ગાળનારા છે?
,, ,, ,, વિદ્યાર્થી આશ્રમમાં ભણનારા-બોર્ડિંગોને છાત્રાલયવાળા દિવાન થઇ, પોલીસ થઇ, પો. ઇન્સ્પે. થઇ, સ્ટે. માસ્તર થઈ શું શું કરે છે તેતો જુઓ.

મુંગાં પ્રાણીઓ સાજાં થઇ શું કરે છે? માંદાં હોય ત્યારે શું કરે છે?

આમ બહુ ડહોળવામાં કોકડું ધુંચાય છે. માટે ઉપરની બાબતોને પણ નિંદ્ય ન ગણવી તેમ અગ્રાહ્ય ન કરવી તેમ આંગણે આવી ઉભનારને પણ તિરસ્કારવો નહિ. વળી વધુ વિચાર કરીએ.

આપણા ઘરમાં કીડી-મકોડી-ગરોળી-બિલાડી-કૂતરાં, ઉંદર વગેરે રોજ રોજ જે જે બાધ જાય છે તેનું શું?

માટે બાસ પ્રત્યક્ષ પાપજ જણાય અને તે ખરેખર જણાય તે સિવાય સર્વ સ્થળે કંઇને કંઈ આપીનેજ રાજી થવું. આપવા મરજી નહોય તે તો નજ ચાલે છતાં મરજી નહોય એ વાત ચલાવીએ અગર તો આપવા જેવું આપણી પાસે નજ હોય તેવે સમયે બહુ આદર-વિવેકપૂર્વક કહી હાથ જોડવા એ પણ બહુજ ઇચ્છવા-આદરવા જેવું છે.

મને તો આમ સૂઝયું છે. તા. ૧૯-૭-૨૫.

૧૦

'હે પ્રભુ હવે તો મોત દે-મારો ત્રાગડો તોડ. આ બધાંને મૂકીને મરું તો મારા જેવો ભાગ્યશાળી કોઇ નહીં.'

જગત્માંના ઘણા વૃદ્ધ જીવો મનમાં ચિંતવે છે, સમાજમાં પણ બોલે છે કે

'હવે તો મારી ટાઢી માટી થાય તો સારું.

આ આવળ ગોવળ મૂકીને જાઉં તો હું નસીબદાર પૂરો.

ઝાઝું જીવવું સારું નથી.

આણીપાણીએ જઈએ તો બાટયા-

હે પ્રભુ મારી દોરી ખેંચી લે. હવે તો મને મોત દેજે.'

વગેરે કહે છે. પણ તેમ બોલનારા ખરેખર અજ્ઞાની હોય છે. પ્રથમ તો તેઓ એમ સમજે છે કે મારા મરતાં પહેલાં આ રિદ્ધિ સિદ્ધિ જતી રહેશે ને હું ધનમાલ ઘરબાર બાળબચ્ચાં વગરનો થઈ રહીશ તો મારું ઘડપણ કોણ પાળશે? લોકોમાં પણ મારી પ્રતિષ્ઠા જશે અને મારાથી તે વખતે જીવાશે તોયે મરી જવાથી પણ અધિક દુઃખના જેવી જીંદગી જશે. આવા અજ્ઞાની જીવો સંસાર સુખમાં ઘણા રચ્યા પચ્યા હોય છે; તેઓના અંતરમાં ખરેખર એમજ છે કે હું કદી મરંજ નહિ તો સારું. હું આ મનુષ્યના ભવમાં હમેશ રહું તો સારું. મને ચિરંજીવ પદ મળે-અમર પદ મળે તો ઉત્તમ-પણ તે એક શરતે કે મારા મોત પહેલાં આ મારાં બાળ બચ્ચાં-કુટુંબ પરિવાર સૌ આરોગ્ય અને આબાદી ભોગવે, તેમાંનો કોઇ માંદો ન પડે કોઇ મરે નહિ. મારી રિધ્ધિસિધ

વધતીજ રહે, વધે નહિ તો એવી ને એવી તો રહેજ, મારૂં માન પ્રતિષ્ટા સંપ બળ એવું ને એવુંજ રહે. મારૂં ધડપણ એવું ન આવે કે હું આંખે આંધળો, પગે લૂલો, કાને બ્હેરો વગેરે દુઃખોવાળો થાઉં-મારાં સૌ ગાત્ર કાર્યકર હોવાં જોઇએ અને કદી તે બધાં શિથિલ થાય તો એ કળતરવાળાં-રોગગ્રસ્ત તો ન હોવાં જોઇએ અને મને ખમા ખમા કહેનારા તથા ક્ષણે ક્ષણે મદદ કરનારા એકથી એકવીશ હાજર હોય. મારાં ખાનપાન શયન ગમન આગમન સંત-સેવા પ્રભુસેવા વગેરે કૃતિઓમાં જરા પણ ઉણપ ન આવે.

આવી ભાવનાવાળી શરતે તે જીવવાજ ઇચ્છે છે, મરવા ઇચ્છતો નથી. તે બીએ છે કે રખે તે લાંબી આવરદામાં મારાં સંતાનો જતાં રહેશે તો મારૂં ધડપણ કોણ પાળશે? મારે રીબાઈ રીબાઇને મરવું પડશે, મારા પુત્રો જતાં વહુઓ ને તેનાં છોકરાં હું-રળવા-મદદ કરવા અશક્ત થયો અને બીજાઓ સૂને ઘડી ઘડી ને દરેક કામમાં મદદ કરે તેથીજ જીવતર ગાળી શકું એમ થયું હોવાથી કદાચ તેઓ મને ન મદદ કરે ને તિરસ્કારે તો? મારી પાસે નાણું હોય પણ હું આંધળો ચાલી શકું નહિ, હું બ્હેરો, હું વ્યસની, હું ઘડી ઘડી બાધરો તેથી, એકલા દ્રવ્યથી શું કરી શકું? નોકર મારૂં લઇ જાય તો? વગેરે હજારો વિચાર શરીર પોષણના ને ધડપણ ગા-ળવાને કરે છે આ બીકથીજ તે મરવા ઇચ્છે છે.

ખરૂં મરણ તે ઇચ્છતો નથી. ખરૂં મરણ તો કોઈ પણ કાળે થઇ શકે છે. ખરા મરણને ધડપણની કે લાંબા કે ટુંકા આયુષ્યની જરૂર નથી. ઉમરમાં સૌ સરખા છે એ ઉપરના કથન પ્રમાણે આ જગતમાં સૈાને ઘરડાજ કહો, સૈાને સરખા ઘરડા કહો, તે પ્રમાણે તેમાં જો કોઈ જ્ઞાની હોય તો તે જ્ઞાનીનું મરણ ઉમ્મરને જોતો નથી. જ્ઞાની મરણ ગમે ત્યારે આવો તેની પરવા કરતો નથી તેમ લાંબુ જીવતર હોય તો પણ ચિંતા કરતો નથી. એ તો કોઇ પણ સ્થિતિને નભાવી લે છે, પોતાનું કર્તવ્ય જગત્માં રિધસિંચ રહે, બાળ બચ્ચાં જીવતાં રહે, આબરૂ-સંપ પ્રતિષ્ટા માન રહે તેમાં નથી જોતો પણ તેતો એમ માને છે કે એ બધાં જીવો યા મરો, રહો યા ન રહો મારે તો મારા આત્માનો આનંદ, મારા પ્રભુના મારગનો આનંદ ન મરો-ન ખસો એ ઇચ્છે છે અને તેથી ગમે તે ક્ષણે મોતને માગતો નથી પણ મોત આવી ચડે તો શાંતિથી તેને પસાર કરે છે. તેને મરણ એવી ચીજની લેશ પણ ભીતિ નથી. તેને મરણ એ તો બીજું મરણ ન થવા માટે છે. પેલા સંસાર વાસનામાં લિપ્ત જીવોને કદાચ મરણ તેના માગ્યા પ્રમાણે આવે તો એ નવા અવતારમાં શું સુખનું ગાડું તૈયાર ઊભું હોય છે? નવા અવતારમાં તે બકરીને પેટે બોકડો જન્મશે તો ભરવાડ તરત જ વગડામાં રખડતો મૂકી દેશે અને કૂતરા વરૂ વગેરે જીવો ફાડી ખાશે, બતકનું કે મોરનું કે કુકડાનું ઈંડું થશે તો તરત માંસાહારી જીવો તેને શેકી ભુંજી ખાઇ જશે. માખી મચ્છર થશે તો કરોળીઓ સપડાવશે, આમાં મરણ માગી હે પ્રભુ મને ઝટ છોડાવ, હવે મારી ટાઢી માટી કર, એમ માગ્યા પ્રમાણે મરણ મળતાં કંઈ સુખ નથી. સુખ મેળવનારા જૂદા છે. વળી એવા વાસનામાં આસક્ત જીવોને માગ્યા પ્રમાણે મોતનો મંદવાડ આવ્યો કે મોત માટે સર્પ કરડયો તો જરૂર એમ કહે છે કે—

અરે મારી કોઈ દવા કરો કોઇ વૈદ ડૉક્ટરને બોલાવો
અરે કોઇ પગ તો દાબો, અરે મારો બડબો લ્યો
અરે કોઇ મંત્રધારી કે તંત્રધારીને બોલાવો
અરે કોઇ જ્યોતિષીને બોલાવો
અરે મારે હજી દીકરી પરણાવવી રહી ગઇ,
કાશીએ જવું રહી ગયું.

વગેરે અનેક રાડો પાડી જીવવાનીજ લોલુપતા-વાળાં વચનો બોલે છે માટે આ સંસારમાં જે જે જીવો મરણ મરણ પોકારે છે તેતો કેવળ અજ્ઞાની છે મૂર્ખ છે. મરણની ખબરજ નથી; અને ખરેખર તો તેઓ મરવાને રાજી પણ નથી. એવા મરણ પોકારનાર વૃદ્ધને પોતાના સમયમાં તેના પુત્રો કે ભાઇઓ ઘેર એકલો મૂકી જાય ને ઘર સાચવજો કહી રાખી જાય, ૧-૨ નોકર રાખી જાય તો ગામ આખામાં તે

પુત્રોની નિંદા કરે, મોથી અનેક બળતરા કાઢે અને મનમાં અનેક નિઃશ્વાસ મૂકે તેમજ રોગવાળા દરદીની સારવાર કે સેવામાં પ્રભુ અર્થે નીમીએ તો કદી હા ન પાડે. તેઓને ચાલતી રેલ્વે આડા સૂવાનું કહેવામાં આવે, વીજળીના ચાલુ યંત્રને સ્પર્શવાનું કહેવામાં આવે તો તરતજ ના પાડશે. ટુંકામાં તેઓ ખોટા છે. તેઓને અમુક વાસના છે તે જો પૂર્ણ થાય તો અનંત વર્ષો લગી જીવવાને ઘણાજ રાજી છે.

જેઓ કીર્તિભંગ, અતિ દુઃખ, રોગથી ઘણી પીડા, ઇષ્ટ જનનો વિયોગ વગેરે કારણે એકદમ મરણ વાંછી કુવે પડે છે, ગળે ફાંસો ખાય છે, તેઓ પણ બહુજ ભૂલ કરે છે કારણ કે જે કારણે તેઓ આપઘાત કરે છે તે કારણ તો નવા ભવમાં નષ્ટ થતું જ નથી. નવા ભવમાં તેઓ શું થશે તેનો ખ્યાલ પણ નથી કરતા. પુત્ર મરી ગયો માટે આપઘાત કર્યો તો તેઓ મરી ગયા તેથી પાછળ તે પુત્ર આ દુનિયામાં પાછો આવતો નથી અથવા પોતે મરી ગયા તેથી પોતાના જીવને નવા ભવમાં તે પુત્રનો પત્તો મળતો નથી કે ભેટો થતો નથી. રોગ દુઃખથી આપઘાત કરે તો નવા ભવમાં માતાના ગર્ભમાંજ રોગગ્રસ્ત બાળકો ઘણા હોય છે ત્યાંજ તેનો વાસ થયો હોય તો ? કીર્તિ ભંગથી આપઘાત કરે તો નવા ભવમાં વેશ્યાને ત્યાં જન્મ થયો તો ત્યાં તો મૂળથીજ કીર્તિભંગજ છે, માટે આપઘાત કરી પ્રાણ કાઢનાર પણ અજ્ઞાની મૂર્ખ-બાળ ને ધર્મને ન સમજનારા જીવ છે.

પ્રભુમય જીવન કોઈ ઔર ચીજ છે. પ્રભુમય મરણ કોઇ જૂદી ચીજ છે. માટે મરવું કેમ, મરવું શા માટે, મરવું એ શું છે, એથી ડરવું કે નહિ તે વિષે બીજે સ્થળે જણાવીએ; આ વખતે તો એટલો સાર લેવો કે મરણને બળતરાથી બોલાવવું નહિ. તેમ મરણ મરણ પોકારવું નહિ. મરણ આવનાર તો છેજ, આપણું બોલાવ્યું તે આવતું નથી તે ન બોલાવીએ તો આવ્યા વગર રહેવાનું નથી, એ કોઈની ઇચ્છા પર નથી તેમ કોઇનું નોકર નથી. મરણને તો કોઇની મિત્રતા નથી ત્યાં વગ-ચિઠ્ઠી-હુકમ-લાંચ રૂશ્વત કાંઇ ચાલતાં નથી માટે—

મરણને માટે ઉદાસીન-તટસ્થ રહેવું; અને જુનાં લુગડાં કાઢી નવાં પહેરવા ટાણે જે સ્થિતિ થાય તેવી મનોદશા રાખવી. અથવા તેથી પણ ઉચ્ચ દશા રાખવી હોય તો મરણ ટાણે તટસ્થ રહેવું, હાયવોય, રાડારાડ, વળવળાટ, કકળાણ ન કરતાં શાંતિ-સમાધાની રાખી પ્રભુમાં પ્રીતિ રાખી બોળીકું બદલાવવું.

તા. ૨૩-૯-૧૯૨૫. બુધ.

૧૧

એકજ ભવમાં પણ જે ક્ષણે જે માણસ સારો તેજ ક્ષણે તેને વંદન કરો, માનો-વખાણો.

[આ સંબંધી વિવેચન કરવું રહી ગયું છે. સમય આવ્યે કરીશ.]

૧૨

જ્યાં ચારિત્ર ત્યાં સાચું જ્ઞાન ને સાચી શ્રદ્ધા મોજુદ છે.

જ્ઞાન એ ઉત્તમ વસ્તુ છે. જ્ઞાન અવશ્ય જોઇએ. જ્ઞાન વિના મનુષ્યદેહ નિરર્થક છે, ખાલી તમાશો છે; માટે દરેક સુજ્ઞ મનુષ્યે જ્ઞાન સંપાદન કરવું જોઇએજી આ જ્ઞાન તે લૌકિક જ્ઞાન નહિ, સુતાર, કડિયા, લુહાર, રંગારા, ચિતારા, સાયન્સ, ભાષાનું, વગેરે જ્ઞાન નહિ; એ જ્ઞાન તો મારો તમારો જીવ અનંતીવાર, અરે અનંતને અનંતે ગુણીએ તેટલીવાર, પામ્યો. છતાં હજી આવા આવા દેહ કે જેમાં ખાવાની, પીવાની, રહેવાની ટાઢ-તડકાની, ઝાડે જંગલ પેશાબની, નાના મોટા જુવાન ઘરડા થવાની, સંજોગ વિજોગની કડાકુટ લાગી રહી છે તે દેહમાં-કેદખાનામાં રહેવું પડે છે. માટે આ જ્ઞાન જે મેળવવાનું છે તે મોક્ષજ્ઞાન, શુદ્ધ સત્ત્વજ્ઞાન, જે જ્ઞાનમાર્ગે અનંત જીવો તરી અક્ષય આત્મિક સુખને પામ્યા તે જ્ઞાન મેળવવા સૌએ અથાગ પ્રયત્ન કરવો જોઇએ. છતાં આ આરામાં હજારમાંથી બહુ જ થોડા તેવા જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે છે. આમ કેમ થાય છે ? કારણ માત્ર એ જ છે કે આસપાસ ઉપાધિ, જંજાળ, ખટપટ, તૃષ્ણા ને મોહની જાળ, પથરાઈ રહી છે, તેવી જ વાતો સંભળાય છે, તેવું જ જોવામાં આવે છે અને તેથી મન તેમાં ચડી જાય છે. વિરલા મહારથી જેઓ

પૂર્વભવના સંસ્કારની અસરથી મરણ પામી અહીં જનમ્યા હોય, અહીં સદ્‌ગુરુની ચોટ લાગી ગઈ હોય, અથવા જગતને જોતાં જોતાં, વા સુખ દુઃખાદિનો અનુભવ લેતાં સમજ્યા હોય તેવા જ એ ઉપાધિની જાળમાંથી છૂટી નોખા પડી આત્માનો માર્ગ પકડી તે પર ચાલે છે અને બીજી ઉપાધિમાં રહ્યા થકાં પણ આત્માના માર્ગ તરફ વળે છે તે સિવાયના તમામ તો તે જંજાળમાં ખૂંત્યા પડયા છે અને વધુ વધુ ચોંટતા જાય છે. પોતાનું આયુષ્ય ઘટતું જાય છે તેનું લેશ માત્ર પણ ભાન નથી રહેતું, પોતાની હેડીના, પોતાથી નાના, પોતાથી વૃદ્ધ મનુષ્યો અને પ્રાણીઓ કાળવશ થાય છે તે વાતપર ખ્યાલ જ રહેતો નથી, આવા ઘણા છે. કોઈ વિરલા એવા ખ્યાલને નજર સામે રાખી કોઈ અમુક ધર્મનું શરણ ગ્રહી, ધર્મ અને ધર્મપ્રવર્તકને સાચા ગણે છે અને તેનો માર્ગ અહીં સંસારમાં રહ્યા થકાં બહુ કામ કરી ખાટી જાય છે. એમાંના કેટલાક તો સંસારમાં રહ્યા થકાં ભાવ સાધુ હોય છે. પણ આવા જીવો ઘણા થોડા છે. આવા જીવોને કેને વાણીથી જ્ઞાનની વાતો કરતાં ન આવડે, લખાણથી જ્ઞાનનાં પુસ્તક ન લખે, વા ન સમજાવે, કંઠકળા ભલે ન હોય, છતાં જ્ઞાની કહેવાય છે, ચારિત્રી કહેવાય છે, એવા જ્ઞાની અને ચારિત્રી મનુષ્યોમાં સમકિત-ખરા ધર્મની શ્રદ્ધા પણ હોય છે. એવાને પ્રભુએ સ્વીકાર્યા છે. હવે એવા મનુષ્યોમાં જ્ઞાન પ્રગટ જણાતું નથી છતાં ચારિત્ર ને સમ્યકત્વ શી રીતે છે તે વિચારીએ.

જ્ઞાન, ચારિત્ર ને શ્રદ્ધા એ ત્રણે વસ્તુ અરૂપી છે; એને રૂપ રંગ હોય જ નહિ. જેઓ જ્ઞાનની વાતો કરે છે, સમજુને સમજાવે છે, જેઓ પૂર્ણ ચારિત્ર પાળે છે અને જે ચારિત્રને આપણે જોઇએ છીએ તેમ જ જેઓ પોતે શ્રદ્ધા હોવાના, વાણી, ક્રિયા વગેરે પ્રયોગો કરી આપણને શ્રદ્ધાવાળા હોય એમ બતાવે છે તે સૌની તેટલાથી પરીક્ષા કરી ચારિત્રી, જ્ઞાની, ને સમ્યકત્વી આપણે કહીએ તો વખતે છેતરાઇએ; કેમકે ચારિત્ર-જ્ઞાન-સમ્યકત્વ એ અરૂપી વસ્તુ છે તેથી ચાર ભેદ પડાય.

૧ બહારની જ્ઞાન-ચારિત્ર ને સમ્યકત્વની જેઓ ક્રિયા કરતા જણાય છે તેઓ. અંદર ઠાલા હોય.
૨ ,, ,, અંદર પણ તેવા હોય.
૩ ,, ,, જેઓ ક્રિયા કરતા નથી તેઓ, અંદર ઠાલા હોય.
૪ ,, ,, તેઓ અંદર ભર્યા-સાચા હોય,

આ ૪ માંના બીજા ને ચોથા આપણે સ્વીકારવા જોગ છે-માનવાજોગ છે. ૧ લાને ૩ જાથી દૂર રહેવા જોગ છે.

(૧) ૧લા શી રીતે છોડવા જોગ છે ?

(૨) ત્રીજા ,, ,,

(૩) બીજા તો અંગીકાર કરવા જોગ છે કારણકે પ્રત્યક્ષ પણ છે પણ

(૪) ૪થા શી રીતે અંગીકાર કરવા જેવા છે તે સવિસ્તાર હવે પછી લખવા ઇચ્છા છે.

તા. ૩૦-૧-૨૬

ઉત્તમતનય.

શ્રી તત્ત્વાર્થ સૂત્ર સંબંધી કેટલાક ચર્ચવાના મુદ્દાઓ.

લખનાર--પંડિતજી સુખલાલજી.

૧ જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાનું ઐતિહાસિક સ્થાન કયારથી? ભગવાન્ ઉમાસ્વાતિ પહેલાં સંસ્કૃત લેખક કોણ કોણ થયા? ઉમાસ્વાતિ પહેલા લેખક હોય તો તેનાં પ્રમાણો. સૂત્ર આગમની વિસ્તારશૈલી ત્યજી દાર્શનિક સૂત્રોની સંક્ષિપ્ત શૈલી ઉમાસ્વાતિશ્રીએ કેમ સ્વીકારી? તેમનાં ઉપર કયાં કયાં તત્કાલીન ભાષાવિષયક અને રચનાવિષયક બળોએ અસર પાડી? એમના સમકાલીન વૈદિક અને બૌદ્ધ વિદ્વાનો કયા કયા?

૨ ભગવાન્ ઉમાસ્વાતિનું જૈન શાસ્ત્ર વિષયક પરિશીલન બીજા પ્રસિદ્ધ આચાર્યો સાથે સરખાવવું. તેઓશ્રીનું દર્શનાંતર વિષયક પરિશીલનમાં એ અભ્યાસ કેટલો નજરે પડે છે?

૩ શ્વેતાંબર દિગંબરના ભેદ પહેલાં તત્વાર્થ રચાયું કે પછી? સૂત્ર અને ભાષ્ય એકકર્તૃક છે કે કેમ? બન્ને સંપ્રદાયોમાં પ્રચલિત સૂત્ર પાઠોમાં અસલી સૂત્ર પાઠ કયો અને પરિવર્તન થયું હોય તો બંનેમાં કે એકમાં, કેટકેટલું અને કયા કયા સૂત્રમાં, અને તે પરિવર્તનનાં શા કારણો, તેમ જ કયાં કયાં ભાષ્યના અંશો સૂત્રરુપે અને સૂત્રના અંશો ભાષ્યમાં દાખલ થયા છે?

૪ સૂત્રો ઉપર સૌથી પહેલી વ્યાખ્યા કઈ અને ત્યાર પછીની વ્યાખ્યાઓ કઇ કઇ? ઉત્તરવર્તી વ્યાખ્યાઓ ઉપર પૂર્વવર્તી વ્યાખ્યાઓની કેટકેટલી અસર છે? અને તે કયે કયે સ્થાને? કયા વ્યાખ્યાકાર સામે કેટકેટલી વ્યાખ્યાઓ વિદ્યમાન હતી? દરેક વ્યાખ્યાકારે કઇ કઈ બાબતમાં કેટકેટલો વધારો કર્યો કે ઘટાડો કર્યો? કયા કયા પ્રાચીન વિષયો ચર્ચવા છોડયા કે ગૌણ કર્યા અને કયા કયા નવીન વિષયો વ્યાખ્યાઓમાં તે તે વ્યાખ્યાકારે દાખલ કર્યા?

શ્વેતાંબર દિગંબર બંધી વ્યાખ્યાઓનો વિકાસક્રમ અને વધેલા તથા ઘટેલા વિષયોની યાદી. ઉપલબ્ધ કે અનુપલબ્ધ દરેક દરેક વ્યાખ્યાઓની યાદી. વ્યાખ્યાકારોની તટસ્થતા; અવિભક્ત જૈન દૃષ્ટિ કે સાંપ્રદાયિકતાને લઈ વ્યાખ્યાઓમાં કયાં કયાં તત્ત્વો અખંડ રહ્યાં અને કયાં કયાં વિવાદાસ્પદ બન્યાં તથા કયા કયા સૂત્રમાં અર્થભેદ પ્રવર્તાન થયો? દરેક વ્યાખ્યાકાર ઉપર સમકાલીન કયા કયા દર્શનોનો વિશિષ્ટ પ્રભાવ દેખાય છે?

૫ શ્વેતાંબર દિગંબર બંધી વ્યાખ્યાઓના તુલનાત્મક અભ્યાસનું સંક્ષિપ્ત પણ સ્પષ્ટ અને વર્ગીકરણપૂર્વક પ્રદર્શન. મૂળમાં કે સમસ્ત વ્યાખ્યાઓમાં કુલે કેટલાં દર્શનોના કયા કયા વિષયો લેવાયા છે; તેઓના વિશિષ્ટ શબ્દો પરિભાષાઓ કયાં કયાં અને કેટકેટલી છે એનું તારણ. શ્રી ઉમાસ્વાતિનું અને બધા વ્યાખ્યાકારોનું બૌદ્ધ શાસ્ત્ર પરિશીલન કેટલું છે? આખા સૂત્ર પાઠભાષ્ય અને બીજી વ્યાખ્યાઓમાં યોગ, સાંખ્ય, બૌદ્ધ, ન્યાય, વૈશેષિક, અને મીમાંસાના કેટકેટલા પારિભાષિક શબ્દો આવ્યા છે અને તદ્ગત શાબ્દિક કે આર્થિક સામ્ય કયાં કયાં છે અને ગ્રંથ રચનાના ક્રમ પ્રમાણે તથા કાલક્રમ પ્રમાણે કયા કયા દર્શન સાથે કઇ કઇ જાતનું સામ્યગૌણ કે પ્રધાન થતું જાય છે? શબ્દશાસ્ત્ર અને અલંકાર આદિશાસ્ત્રોનો પ્રભાવ એ ગ્રંથ ઉપર કેટલો છે?

૬ બન્નેના સૂત્રપાઠની ભિન્ન ભિન્ન યાદી, ભાષ્ય અને ટીકાગ્રંથમાં આવેલા સમગ્ર અવતરણોનાં સ્થળો તેમજ તેમાં નિર્દિષ્ટ થયેલ ગ્રંથકારો કે ગ્રંથોનાં નામો અને સમગ્ર વિષયોનું વર્ગીકરણ પૂર્વક પાશ્ચાત્ય તે તે શાખા સાથે તોલન.

૭ મૂળકાર અને સમગ્ર ટીકાકારોનો ઇતિહાસ.

"સામાયિક યોગ અને તેથી થતો આત્મવિકાસ."

(૨)

વ્યાખ્યાતા-પંડિત ફૂલચંદ કર્પૂરચંદ લાલન.

[આ વિષયપર મુંબઇમાં શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના આશ્રય નીચે તા. ૨૩-૧-૨૭ ને દિને આપેલ વ્યાખ્યાન આ પત્રના ગત માસના અંકમાં પ્રસિદ્ધ થઇ ગયેલ છે, તે વ્યાખ્યાન અધુરૂં રહેતાં ૩૦-૧-૨૭ ને દિને તેજ સ્થળે રા. મોહનલાલ દલીચંદ દેશાઇનાજ પ્રમુખપણા નીચે પંડિત લાલને આપ્યું હતું. તે અત્ર પ્રકાશ પામે છે. **તંત્રી જૈનયુગ**]

પ્રારંભે પ્રમુખે જણાવ્યું કે પંડિત લાલને સામાયિક ક્રિયામાં શી ફલસિદ્ધિ છે? એનો પ્રવેશક ભાગ ગત રવિવારે બતાવ્યો હતો, પરંતુ તે વિષય અધૂરો રહેવાથી આજે તે પૂરો કરવા માટે તેમનું વ્યાખ્યાન રાખ્યું છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ બતાવેલ પાંચ વાત સામાયિક ક્રિયામાં લાગુ પાડતાં શું જાણી શકાય તે ભાષણકર્તાએ જ્યે વખતે બતાવ્યું હતું. વિચારશીલ મનુષ્યના સ્વભાવમાં એ નૈસર્ગિક છે કે તે પોતાને સ્વતંત્ર અને સુખની ટોચે પહોંચવાની ઝંખના સદૈવ કરતો હોય છે અને તે સ્થિતિ પામવાની જે ક્રિયા છે તે સામાયિક છે.

પ્રણિધાન—સાધ્ય કે લક્ષ્યને નક્કી કરવું તેને પ્રણિધાન કહેવામાં આવે છે.

પ્રવૃત્તિ—સાધ્ય વસ્તુ નિર્ણિત કર્યા પછી, તે વસ્તુ પ્રાપ્ત કરવા અર્થે જે ક્રિયા કરવામાં આવે તેને પ્રવૃત્તિ કહેવામાં આવે છે.

વિઘ્નજય—સાધ્ય પ્રાપ્ત કરતાં જે મુશકેલીઓ અંતરાય કે બાધા આવતી હોય તેને દૂર કરી લક્ષ્યને વળગી રહેવું તેને વિઘ્નજય કહેવામાં આવે છે.

સિદ્ધિ—સામાયિકના સતત અભ્યાસથી મેળવેલી આત્મશાંતિ, અને આત્મોન્નતિ તેને સિદ્ધિ કહેવામાં આવે છે.

વિનિમય—એટલે પોતાને અનુભવસિદ્ધ થયેલ ઇષ્ટ એવી આત્મસિદ્ધિનો સહુ માનવ બંધુ અનુભવ કરી પૂર્ણતા મેળવે એવા ઉચ્ચાશયથી કરાયેલો, ઉપદેશ કે બોધ તેને વિનિમય કહેવામાં આવે છે, વગેરે બાબતો તેમણે ગત વખતે આપણને જણાવી હતી. પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને ઇલા કુમારના જીવનમાંથી આપણે શું શીખવાનું છે? તે પણ આજે તેઓ બતાવશે તો આનંદ આવશે. આપ સર્વ બરાબર શ્રવણ કરશો, અને વર્તનમાં મુકશો.

વક્તા લાલને પોતાનું ભાષણ ચલાવ્યું.

ધર્મ તરફ રૂચિ રાખનારા આપણને બે પ્રકારના જીવો મળે છે. તેમાંનો એક વર્ગ શ્રદ્ધા પૂર્વક ધર્મને-ધર્મની ક્રિયાને દૃઢતાપૂર્વક વળગી રહેનારો છે. તેણે વિચારના અંતે એટલું નક્કી કરેલું હોય છે કે આ ક્રિયા બતાવવામાં આપણા પૂર્વ પુરૂષોને યત્કિંચિત્ પણ સ્વાર્થ કે કાંઇ આપણા પાસેથી મેળવવાનો લોભ ન હતો, પણ માત્ર દુનિઆના સર્વ જીવો આ ક્રિયાથી એટલે કે **સામાયિકક્રિયા** વડે, શાશ્વત સુખ અને પરમાનંદ મેળવે એવા આશયથી આપણને તે આ સામાયિક ક્રિયા ભણવા-ગણવા અને આચરવા આજ્ઞા કરી ગયા છે. બાળજીવો કે જે સામાયિક સૂત્રો માત્ર ગોખી જાય છે, તે પહેલા વર્ગમાં છે.

બીજા વર્ગમાં આવેલા સામાયિકના **ક્રિયાકાર** માનવ બાંધવો, સામાયિકની કોઇ પણ ક્રિયા કરતાં તેમાં હેતુ અને લાભ શો છે? એ વિચારી સમજવા પ્રયત્ન કરે છે. અને તેથી અર્થ શીખે છે. એવા ૨૦ ટકા લઇએ અને તે વર્ગ અર્થ સમજ્યા પછી, તે સૂત્રો કે મંત્રોનું રહસ્ય સમજવા ઉત્કટ જિજ્ઞાસુ બને છે, અને તેથી શનૈઃ શનૈઃ આડે આવતો પડદો એટલે જ્ઞાનાંતરાય દૂર થતો જઇ, રહસ્ય સમજવા ભાગ્યશાળી નીવડે છે.

તમે સુશિક્ષિત અને કેળવાયેલ ભાઇઓ આ બીજા વર્ગમાં આવવા ધારો તો જલ્દીથી આવી શકો છો, કારણકે સામાયિકનાં શુદ્ધ સૂત્રો અને શુદ્ધ અર્થો જેમાં બતાવવામાં આવ્યા હોય એવી પાઠય પોથિઓ હવે મળી શકે છે. અને તેથી સૂત્રોચ્ચાર કરતાંની

સાથેજ અર્થચિંતન અને તે પણ બરાબર ઉપયોગ પૂર્વક કરવાનો અભ્યાસ કરતા રહો તો, તમને હાલ જે સામાયિક આનંદ આપે છે તેના કરતાં કોઇ નૂતન આનંદ જણાશે, દાખલા તરીકે--

अभिहया--આદિ ઇર્યાવહીમાં આવતા શબ્દોના ઉચ્ચારની સાથે મનમાં ઉપયોગપૂર્વક અર્થચિંતન થતાં તેમાંથી ભાવના અંકુરો જન્મે છે અને તેથી જે જીવોની વિરાધના થઇ હોય તેની હૃદયપૂર્વક ક્ષમા માગતાં આપણા અંતઃકરણમાં ક્ષમાની લાગણી કે જે અત્યાર સૂધીમાં પડી રહેલી હોય છે. તે જાગે છે અને તે જીવોની જાણે હવેથી આરાધના કરવારૂપી અમૃતનું સિંચન મળ્યું હોય તેમ તેમાં ચેતન આવે છે. તેમ ઉપયોગ રાખી શબ્દ અર્થ બોલવાથી તેમાં ઘર્ષણ થાય છે અને તેથી ભાવરૂપ પ્રકાશનો પ્રાદુર્ભાવ થાય છે માટે સામાયિકના બે ઘડીના કાળ સૂધી તો આપણે વીર્ય ગોપવ્યા વગર અપવાદ રહિત પૂર્ણ ઉપયોગમાં રહી ક્ષયોપશમપૂર્વક સામાયિક કરવું ઉચિત છે.

શ્રી હરિભદ્રસૂરી કહે છે કે,-જે અંતઃકરણ પૂર્વક ઉપદેશ આપે છે તેનો ઉપદેશ ગ્રહણ કરનારને લાભ કરે છે, પણ તેમ ન બને તો પણ સત્યવાદી ઉપદેશકને તો લાભ છેજ. આગળ થયેલો સામાયિક વ્યાખ્યાનનો બરો પ્રવેશ હવે છે. જો સામાયિક વિધિ-પુરઃસર ઉપકરણો સહિત કરીએ ત્યારે તેની લ્હેર તો કોઈ ઓરજ છે.

પ્રમુખ સાહેબે ગયા રવિવારે સામાયિક યોગ સમજાવતાં તેમાં સામાયિક કરીને આપણે શું પામવું છે ? તે નક્કી કર્યું છે. શ્રી મહાવીરે સામાયિક લઇ જે મેળવ્યું છે, તેજ આપણે પણ પ્રાપ્ત કરવાનું છે.

કોઇ ભાઇ કહેશે કે ક્યાં આપણી શક્તિ અને ક્યાં શ્રીવીરે પોતાની મહાશક્તિથી મેળવેલ મોક્ષ ? કેટલું અંતર !!! તો હું કહું છું કે એમ. એ. નો આદર્શ રાખી અભ્યાસ કરનાર વિદ્યાર્થી પ્રિવિયસ સુધી તો પહોંચેજ, તેજ રીત્યાનુસાર શ્રી વીરનો આદર્શ લઇ મોક્ષમાર્ગ પર વિચરતાં કોઇ ભવે પણ મોક્ષ અવશ્ય મળે. ભવને ત્યાં દુષ્કાળ નથી, તો ભાવનાને ત્યાં પણ ક્યાં છે? **भावना भवविना-शिनी.**

આપણા લક્ષ્યનો છેડો, ત્યાંજ પૂરો થાય છે કે જ્યાં "**मोक्ष**" છે. સંપૂર્ણ આનંદ છે ત્યાં અવ્યા-બાધ સુખ મળે છે. આવું સુખ કોને નથી જોઇતું? સર્વને જોઇએ છે. ત્યારે તે મળે છે શાથી?

શ્રી મહાવીર સ્વામી કહે છે કે મેં સામાયિક વડે મેળવ્યું છે. અને તમે પણ તે સામાયિક વડે મેળવવા સમર્થ છો, આત્માના એક એક પ્રદેશમાં અનંત જ્ઞાન ભરેલું છે, છતાં જેને પોતાના આત્મામાં વિશ્વાસ નથી, તે વિઘ્ન આવતાં પોતાની પ્રવૃત્તિ છોડી દે છે. પણ આત્મબળને જાણનારો તે વિઘ્નોને નહિ ગણકારતાં પોતાનો માર્ગ નિષ્કંટક કરે છે. આનું નામ 'વિઘ્નજય', ધારો કે હું એક વ્રત લઉં છું ને તે મનના નિશ્ચલ ભાવથી લઉં છું. મન એ વચન અને કાયામાં વ્યાપક છે અને આત્મા તો ત્રણેમાં ઓતપ્રોત છે પણ મનની દ્રઢતાપૂર્વક લેવાયલું વ્રત કાંઇ પણ ક્ષતિ કે સ્ખલના વગર પાળી શકાય છે. કારણકે તે મનને કાયા અને વાણી અનુસરે છે. દાખલા તરીકે સારાભાઇ શેઠ ભીંડી બજારમાંથી પોતાના ૧૯૬ રતલના વજન વાળા શરીરને ઉપાડી આ સભામાં હાજરી આપે, એ મનપર કાબુ હોવાનો પુરાવો છે. જો મન પર તેમનો અંકુશ નહિ હતો તો સો વર્ષે પણ ભીંડી બજારમાંથી અહીં આવી શકત નહી. વ્યવહારમાં પણ જ્યારે આપણું મન આપણને સહાનુભૂત હોય છે, ત્યારેજ વ્યવસ્થા જળ-વાઇ રહે છે. અને આપણે ઇચ્છા પ્રમાણે કાર્ય કરીએ છીએ.

ગુરૂ મહારાજ હાજર ન હોય એવે વખતે આપણે સ્થાપના કરીએ છીએ. એ સ્થાપનામાં આપણે કેવો ભાવ હૃદયમાં લાવવો જોઇએ ? પ્રથમ તો આપણે નવકારમંત્ર ઉચ્ચારીએ છીએ. તે સમયે મુનિ, આચાર્ય, અને ઉપાધ્યાય સર્વ સામાયિકમાંજ આખોયે દિવસ હોય છે, પણ આપણે તો ૪૮ મિ-નિટના નિયમબદ્ધ સામાયિકમાં સર્વ જીવોની આરા-ધના કરી, સકામનિર્જરા કરવાની હોય છે. તથાપિ તેમાંથી મન કદાચ બહાર જાય તો, "પડિક્કમામિ" કહી પાછા પોતાના સામાયિકના ઉપયોગમાં મનને પરોવવું.

આપણે જ્યારે જ્યારે જે જે વ્રતનું પચ્ચખાણ લઈએ છીએ. ત્યારે ત્યારે તે તે વ્રતને સાંગોપાંગ પાળવામાં લગીરે ઢીલા કે શિથિલ થતા નથી. તે વાત આપણે સામાયિકના પચ્ચખ્ખાણમાં પણ ભૂલી જવી ન જોઈએ.

सावज्जं जोगं पच्चक्खामि--સાવદ્ય એવા પાપ વ્યાપારનો હું ત્યાગ કરૂં છું. એ સૂત્રથી આપણે મન, વચન, કાયાને સામાયિકમાંજ રાખવાના પચ્ચખાણ લીધેલ હોય છે, તે છતાં કેટલાક ભાઇઓ અજાણપણે, તેનો ભંગ કરે છે. તે થવો ન જોઇએ અને હું આચાર્યની સામાયિક કરૂં તો કેવું સારૂં ? એ જિજ્ઞાસા થવી જોઈ એ.

શ્રીમહાવીર તેરમા અને ચૌદમા ગુણસ્થાને હોય છે. શ્રી આચાર્ય મહારાજ ૧૦ મે અને બારમે ગુણસ્થાને હોય છે. તે શ્રી અરિહંતની વધારે સમીપ હોય છે. અને ઉપાધ્યાય આઠમે અને નવમે ગુણસ્થાને હોય છે. સાધુ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનક પર સમ-ભાવ સામાયિક વડે પહોંચેલા હોય છે. અને શ્રાવક સામાયિક કાળ સૂધી પાંચમા ગુણસ્થાન પર્યન્ત આત્માનંદ અનુભવે છે. હવે તે સ્થાપનાજીને નમન કરવાનો શો હેતુ છે ? તે સ્થાપિત થયેલ મહાપુરૂષના રાગદ્વેષ સર્વથા નષ્ટ થયા છે. અને અનંત આનંદમાં મગ્ન છે. એ આનંદ આપણને પણ જોઈએ છે. અને તેથી આપણે નમન કરીએ છીએ. પરંતુ નમન વિધિમાં પણ કેટલાક ભાઇઓ ઉપયોગશૂન્યપણે 'नमो अरिहंताणं' બોલે છે પણ માથુ નમતું નથી અને તેથી વિધિદોષ આવે છે, દાખલા તરીકે એક રોટલીને બનાવી તેને પકાવવા ચુલા ઉપર રાખવામાં આવે છે અને તેને અકેક મિનિટે તપાસવી પડે છે કે જેથી દાઝી કે બળી ન જાય, અને ચાર મિનિટ પહેલાં તેને ચુલા ઉપરથી લઇ લેવામાં આવે તો કાચી રહી જાય, એટલે રોટલીની વિધિ જાણનાર રસોયો જેમ બરાબર ખાવા લાયક રોટલી બનાવી શકે છે, તેમજ સામાયિકની વિધિનું જ્ઞાન ધરાવનાર અને તે જ્ઞાનપૂર્વક સામાયિક કરનાર જ તેનું ફળ પ્રાપ્ત કરી શકે છે.

પંચિંદિય સૂત્રનો અકેક બોલ આપણને વિચારના પ્રવાહમાં ઝુલાવે છે, અને તેનો શાંત ચિત્તે વિચાર કરતાં, તે સૂત્ર આપણને શ્રી આચાર્યના હૃદય સૂધી દોરી જાય છે, અને તેઓશ્રીનો મનોભાવ કેટલો પારમાર્થિક છે, તે આપણને નિમિષ માત્ર પણ આંતર ચક્ષુ વડે જોવાનું સદ્‌ભાગ્ય સાંપડે છે. અને ત્યારે તેઓ એવી અનુપમ શાંતિ વડે, બારમા ગુણસ્થાને હોય એમ લાગે છે.

પાંચે ઇંદ્રિયો જેને વશ થાય છે, તેને યોગશાસ્ત્રમાં જેને પ્રત્યાહાર કહે છે તે હોય છે (પ્રત્યાહાર સમાધિનું કારણ છે એમ પાતંજલ કહે છે) છતાં तहनवविहबंभचेरगुत्तिधरो, એ જણાવેલું છે. સ્પર્શેન્દ્રિય બીજી ઇંદ્રિયો કરતાં જીવ સાથે વધારે સંબંધ ધરાવે છે. વ્યવહાર રાશિમાં જીવ ચડતાં એટલે બે ઇંદ્રિય તેઇંદ્રિય વગેરે ઊર્ધ્વ ગતિ કરતાં પણ એકેંદ્રિય એટલે સ્પર્શેંદ્રિય તો સાથેને સાથે રહેલી હોય છે. માટે તેના જયની એટલે કે બ્રહ્મચર્યની વિશેષ અગત્ય હોવાના લીધે આ પદને જૂદુ મુકયું હોય એમ અનુમાન થાય છે. પાંચે ઇંદ્રિયોનું સંવરણ કે રોકવું એમાં સ્પર્શેંદ્રિય આવી જાય છે છતાં પણ આટલો ભેદ અગત્યતાને લઇને કરવો પડયો હોય એમ અટકળ થાય છે. " सत्यं केवलीगम्यं "

જે મન ઇંદ્રિયમાં વહેંચાઇ જતું હતું તે ઇંદ્રિયોના પ્રત્યાહાર વડે તેમાંથી મુક્ત થઇ બ્રહ્મચર્ય યુક્ત હોઈ ચાર પ્રકારના કષાયને જીતવાને સમર્થ થાય છે. મનની ચંચળતા છોડવાનું કારણ એ છે કે જ્યારે તે બ્રહ્મચર્યમાં-બ્રહ્મમાં-આત્મામાં આવે છે ત્યારે એને વિષયમાં રસ લાગતો નથી, પણ પોતામાં લાગે છે. વિષયમાં આરોપતો હતો તેમ લાગે છે. જેમ કુતરૂં હાડકું ચાવતું હોય, અને તેને લઇને પોતાના તાળવામાંથી નીકળતું લોહી ચાટી આનંદ મેળવતું હોય, તે પોતાનાજ તાળવામાંથી નિકળતું હોવા છતાં પણ હાડકામાંથી નિકળે છે એમ માની સંતોષ મેળવે છે તેમ જે આનંદ પોતામાં હતાં તેનું બીજામાં આરોપણ કરતો હોય છે. આમ બ્રહ્મ રસ ચાખવાને તે અધિકારી થાય છે. રસનું સ્થાન આત્મા છે એમ કોઇ મહાપુરૂષ કહે છે रसो वैसः સાકર મિઠી નથી. જો જ્વર હોય તો સાકર મિઠી

લાગતી નથી; અર્થાત્ પરિણામ પ્રમાણે રસ ઉપજે છે.

આચાર્ય મહારાજને ગ્રંથીભેદ થયા પછી એટલે ચોથા ગુણસ્થાનકેજ સર્વ આત્મા સમાન લાગે છે. પહેલાં આત્મા અને પછી શરીરોનું તેમને દર્શન થાય છે. અર્થાત્ સમભાવે તેઓનો આત્મા વિશેષે ઉપર કહેલાં પદોના કારણોથી સ્થિત હોય છે, અને તેથી તેમને કોના ઉપર કષાય થાય? કોનાથી માયા કરે? લોભનો પણ જય કેમ ન કરી શકે? આમ હોવાથી ક્ષીણમોહે એટલે બારમે ગુણસ્થાનકે ચઢી શકવું સુગમ હોય એમ લાગે છે.

જે વખતે આપણે ગુસ્સે થઇએ છીએ, એ વખતે આપણે સ્વભાવથી ચ્યુત હોવાને લઇને નિર્બળ હોઇએ છીએ.

ભાષામાં પણ કહેવત છે કે "કમ જોર ગુસ્સા બહોત," અને ક્ષમા જ્યારે હોય છે ત્યારે આત્મા સ્વભાવે બળવાન હોય છે. માટેજ કહ્યું છે કે "क्षमा वीरस्य भूषणम्."

સામાયિક સૂધી પરિગ્રહની મર્યાદા રાખી બેસવામાં, ઉઠવામાં, યતનાપૂર્વક વર્ત્તન કરવું, અને નહિ તો મન, વચન, કાયા એ ત્રણેથી કંઈ ન કરતાં સ્થિર રહેવું. મન પણ બીજી ક્રિયાઓથી અલગ હોવાને લઈને છુટું થયેલ હોવાથી, જે ક્રિયા પોતે કરી રહેલ છે તેમાં રહેશે.

વાંચે ને વળી કરે વિચાર,
તે સમજે છે સઘળો સાર.

આપણે જે જે પદો વાંચીએ કે બોલીએ અને એ પદો ઉપર વિચાર કરીએ તોજ, તેનો સઘળો સાર આપણને પૂર્ણ સમજાય છે. આનું નામજ શાસ્ત્રમાં **ઉપયોગ** કહેલ છે અને એ **ઉપયોગ** પૂર્વક ક્રિયા કરતાં ચિત્ત પ્રસન્ન થાય છે. અને ચિત્ત પ્રસન્ન ભૂમિકાએ, જ્ઞાનસૂર્યનો અરૂણોદય છે. યોગ શાસ્ત્ર તેને પ્રતિભા કહે છે.

મયણાસુંદરીને, પ્રભુપૂજા કરતાં આવો આનંદ થયો હતો એવું આપણે **શ્રીપાળ**ના રાસમાં વાંચીએ અને સાંભળીએ છીએ.

આ પ્રકારે જ્યારે આચાર્યના ૩૬ ગુણની ભાવના કરી તેઓના તે ગુણમાં મનુષ્ય જેમ જેમ નમતો જાય છે, તેમ તેમ પોતાના આત્મામાં તે ગુણો પ્રકટતા હોય એમ તેને જણાય છે.

કોઈ એવી શંકા કરે કે અનાદિ કાળથી મન બહાર ભટકવાની ટેવવાળું છે, તો જરાવાર ઉચ્ચારેલા પદમાં સ્થિર રહી પાછું ભટકવા લાગે છે. આ વાત ખરી છે, પરંતુ જ્યારે ઉપયોગ આવે ત્યારે, પુનઃ વિચાર કરવો એમ જ્યારે જ્યારે પોતામાં એટલે સ્વભાવમાં આવશે ત્યારે એકાગ્રતાના સંસ્કારો વધતા જશે અને એ વધ્યા ત્યારે, જૂના સંસ્કારોને હરાવશે. જેમ ઘેટાનું બચ્ચું નાનું હોય ત્યારે તે મોટા ઘેટાથી હારી જાય છે, પરંતુ જ્યારે નાનું ઘેંટું યુવાન થાય છે ત્યારે તે ઘરડા ઘેટાને હરાવી નાખે છે.

તેમજ આપણા ઉપયોગના સંસ્કારને યુવાન કરીએ તો મન, પરવસ્તુમાં જતું અટકી જાય છે. ભગવાન પતંજલિ કહે છે કે-तजः संस्कार अन्य संस्कार-प्रतीबंधी; એ જય કરેલો સંસ્કાર અન્ય સંસ્કારને પ્રતિબંધ કરે છે-અટકાવે છે.

આત્મા હું છું એમ સમજીને થતા કાર્યમાં અડચણો કે હરકતો આવતી નથી. અને આવે છે તો આત્મવાદી તેને દૂર કરવા સમર્થ હોય છે.

"જગજીવન જગ વાલહો."

એ પદોચ્ચાર કરતાંજ સામે આવેલું જગત અને તેને જીવન આપનાર એવા શ્રી આદિશ્વર માનસ ચક્ષુથી દેખાય છે. અને તે જગતમાં હું પણ આવેલો છું તો મને જીવન કેમ નહિ આપે? એ ભાવ આવે છે "जिनप्रतिमा जिन सारखी" સમજી દેરાસરમાં શ્રી વીરની સ્તુતિ કરનારને આલ્હાદ ઉપજે છે; રોમાંચ થાય છે. વદન પર આત્માના આનંદનું પ્રતિબિંબ દેખાય છે.

કાઉસ્સગમાં બેસનારના બત્રીસે દોષો રોકાય છે. અને તે જ્યારે આત્માના સામર્થ્યને ઓળખી પોતે તેજ આત્મા છે એમ માનીને કરે છે ત્યારે, આત્મસામર્થ્ય ખીલતું જાય છે અને અંતરાયો ખસી જઇ આત્મપ્રકાશને ચળકવા દે છે.

પૂર્વે કરેલાં પાપોને इहियावहियथी આપણે હૃદય-પૂર્વક પસ્તાવો કરી નિવૃત્ત થઇએ છીએ, અને હવે પછી આરાધના કરવાના નિશ્ચયપર આવીએ છીએ, ત્યારે આપણું સામાયિક અને પુનિઆ શ્રાવકનું સા-માયિક એક હરોલમાં આવે છે.

સમભાવની સદ્વૃત્તિ વડે જ્યારે આપણને કોઇની સેવા કરવાનું ટાણું સાંપડે છે ત્યારે સેવા કરતાં કરતાં સેવ્યમાં આપણી ભક્તિ ઉદ્ભવે છે. અને ભક્તિ ઉદ્ભવતાં સર્વ જીવનું કલ્યાણ કર-વા ઇચ્છા કરતાં શ્રી મહાવીરના સામાયિકમાં પહોં-ચીએ છીએ.

तस्स उत्तरी થી, इरियावहि કરતાં વિશેષ શુદ્ધિ થાય છે. ઇરિયાવહીમાં આપણે કરેલ વિરાધનાનો मिच्छा-मिदुक्कडं એ દુષ્કૃત્ય મિથ્યા-એવું ઇચ્છીએ છીએ, અને થયેલી વિરાધના માટે, અંતરમાં પશ્ચાત્તાપ કરીએ છીએ; એ પશ્ચાત્તાપવડે આપણે ત્રિકરણની શુદ્ધિ કરીએ છીએ, ત્રિકરણની શુદ્ધિ કરવામાં આપણે માયા શલ્ય, એટલે કપટ રહિત થઇ, આત્મ સરલતા પ્રાપ્ત કરીએ છીએ, નિયાણા શલ્યથી દૂર થઇ,-એટલે વાસનાથી દૂર થઇ આપણે આત્મખ્યાતિ પર આવીએ છીએ અને મિથ્યાત્વ શલ્ય દૂર કરી એટલે દેહભાવને વોસરાવી ગ્રંથીભેદ કરી, આપણે સમ્ય-કત્વ પામીએ છીએ.

સમ્યકત્વરૂપ આત્મભાવમાં રહી, કાઉસગ્ગ કરતાં સર્વ પાપનું નિર્ઘાતન એટલે ઉચ્છેદ કરીએ છીએ.

કાઉસગ્ગમાં આપણે **लोगस्स** નામના સૂત્રને, જાણીએ છીએ, અને તીર્થંકર મહારાજ પાસે ભક્તિ-પૂર્વક કેટલીક માગણીઓ કરીએ છીએ.

સામાયિક એ નવમું વ્રત છે. બાર વ્રતમાના આઠ વ્રત પૂરાં થઇ નવમે સામાયિક આવે છે. શ્રી હરી ભદ્રસૂરિ જૈનધર્મને-જૈન ધર્મના ચારિત્રને એકજ ગાથામાં કહે છે એટલે કે—

आश्रवाः सर्वदा हेयाः
उपादेयास्तु संवराः ।
इतीयं आर्हतिमुष्टिः
शेष्यास्तस्याः प्रपंचनं ॥

અર્થાત્-આસ્રવો સર્વ ત્યાગવા યોગ્ય છે. અને સંવરો સર્વ ઉપાદેય છે, એ આર્હતિ મુષ્ટિ છે. બીજું સર્વ એ બેનો વિસ્તાર છે.

लोगस्समां આપણે ધર્મરૂપ તીર્થના કરનાર એટલે દેશચારિત્ર અને સર્વ ચારિત્રની દિક્ષા આપનાર શ્રી વર્ધમાનતીર્થંકરોને નમન કરીએ છીએ એટલુંજ નહિ પણ ભૂતકાળના અને ભાવીકાળના સર્વ તીર્થ-કરોને તેના જેવા ગુણોને પ્રાપ્ત કરવા નમન કરીએ છીએ. તીર્થંકરોને વંદન કર્યા પછી જેણે જરારૂપી રજ અને મરણ રૂપી મલ દૂર કર્યા છે એવા પ્રભુને પ્રાર્થના કરતાં માગીએ છીએ કે અમારાપર પ્રસન્ન થાઓ, પ્રસાદ કરો.

સામાયિકમાં આપણે બે કરણે અને ત્રણ પ્રકારે પચ્ચખાણ લીધું છે અને તેમાં અનુમોદવાનો અપ-વાદ રાખ્યો છે. સામાયિક વ્રતધારી ગ્રહસ્થને, આ અપવાદ કેમ રાખવો પડે છે, તેનો વિચાર કરીએ.

એક વખતે એક ગૃહસ્થ સામાયિક કરવા બેઠેલા છે, તેના પાસે તેની તીજોરીમાં લાખ રૂપિઆ ભરેલા છે, સામાયિક કરતી વખતે ત્રીજોરીની ચાવી પોતાથી થોડેજ દૂર પડેલી છે. દરમ્યાન ધાડપાડુ આવી પહોંચે છે, ગૃહસ્થની સ્ત્રી તેજ વખતે ચાવી ઉચકી છુપાવી દે છે, સામાયિકમાં હોવા છતાં, પણ આ વખતે શ્રાવક મનમાં પોતાની પત્નિની સમયસૂચકતા માટે વખાણ કરી મનમાં ધારે છે કે, બહુ સારૂં થયું, આમ અનુમોદના ગૃહસ્થ શ્રાવકને થઇ જાય માટે શ્રાવકને બે કરણે સામાયિક હોય છે, અને સાધુને ત્રણ કરણે હોય છે.

સામાયિક ચારિત્ર આઠ પ્રકારે સાધવાનું શાસ્ત્ર જણાવે છે. દરેકમાં અમુક લક્ષણ-ગુણ પર ભાર મૂકેલ છે. તેમાંથી તમને અત્ર પહેલું સમભાવ સામાયિક અને છઠ્ઠું પરિજ્ઞા સામાયિક જણાવવા પ્રયત્ન કરૂં છું.(૧)

ત્યાર પછી પ્રસન્નચંદ્ર રાજર્ષીનું સામાયિક વર્ણવી વ્યાખ્યાન પુરૂ કર્યું હતું.

(૧) પ્રિય વાચકે આ બન્ને સામાયિક ભાઈ મોહન-લાલ દલીચંદે રચેલા સામાયિક સૂત્રના પાને ૩૪ અને ૪૦ ધ્યાનપૂર્વક વાંચી ક્રિયામાં મૂકવા પ્રયત્ન કરવો.

પ્રમુખની આજ્ઞાથી ભાઈ જીવરાજે પ્રશ્ન કર્યો કે પરિજ્ઞા સામાયિકમાં શો ભાવ છે ? અર્થાત્ એ શબ્દ-માંજ શું રહસ્ય રહ્યું છે ? તે સમજાયું નહિ.

વ્યાખ્યાતાએ ઉત્તર આપતાં કહ્યું કે ઈલાચી કુમાર ધન-કુલ-માતાપિતા છોડી નટડીપર આસક્ત થયો અને પોતે નટડી પરનો જે મોહ હતો તે મુનિરાજને જોઈને છોડયો, આમ સર્વ પરથી મોહ છોડતાં છોડતાં આંતરદૃષ્ટિ કરી પરિ એટલે સમન્તાત્ બધામાંથી ફરી આત્મામાં આવવું તે પરિજ્ઞા સામા-યિક છે. આત્માએ પોતાનામાંજ સૌંદર્ય જોવું એ પરિજ્ઞા શબ્દનો ભાવ હોય એમ જણાય છે.

પ્રશ્ન-ધ્યાતા-ધ્યાન અને ધ્યેય-કાઉસગ્ગ કરતાં એકરૂપે કેમ છે ? તેનો ઉત્તર આપતાં વ્યાખ્યાતાએ કહ્યું કે-કાઉસગ્ગમાં આપણા આત્માનું ધ્યેય પરમા-ત્મા છે, આપણે ધ્યાતા છીએ, અને આપણે પરમાત્માનું એકજ ચિત્તે ધ્યાન કરીએ છીએ એ ધ્યાન છે. ધ્યાન અને ધ્યાતા એનો અભેદ તો ઘણાને સમજાય છે પરંતુ ધ્યેયનો અભેદ સમજવાને આપણે દૃષ્ટાંત લેવું પડશે.

આ ટેબલપર પડેલા પુસ્તકના આપણે દૃષ્ટા છીએ, આપણે જોવાની જે ક્રિયા કરીએ છીએ એ દર્શન છે. અને આ પુસ્તકનું ભાન જે આપણા આત્મામાં થાય છે એ ભાન તે દૃશ્ય છે એટલે એ દૃશ્યની સાથે પણ આપણો અભેદ છે. એટલે એજ પ્રમાણે ધ્યાન કરતાં કરતાં ધ્યેયનું આપણા આત્મામાં જે ભાન થાય છે એની સાથે પણ આપણો અભેદ છે. આ અભેદપર્યાય છે. એ અભેદ પર્યાય પણ આપણા આત્માનો છે.

ધ્યેય કે દૃશ્ય એ આપણાથી બહાર પણ હોય છતાં, તેનું જ્ઞાન-ભાન-અને દર્શન આપણામાંજ હોય.

પ્રમુખ મોહનલાલભાઇ ઉપસંહાર કરતા નિચે પ્રમાણે બોલ્યા હતા.

બ્હેનો તથા બંધુઓ !

આપ સર્વ શ્રોતૃમંડળે, વ્યાખ્યાતાનું વ્યાખ્યાન બહુ આનંદ અને રસપૂર્વક સાંભળ્યું, હવે જો તે પ્રમાણે સામાયિક કરવાનું શરૂ રાખીએ, તો વ્યાખ્યાન માટે વ્યાખ્યાતાએ લીધેલો શ્રમ સફળ થયો લેખાય, અને સામાયિકનું રહસ્ય પણ આપણાથી ત્યારેજ બરાબર સમજાય સામાયિક એ યોગ છે, અને તેથી સમાધિ પણ થાય છે. જેનાથી ચિત્ત નિરોધ થાય છે તે યોગ છે, પણ આ સામાયિક હઠયોગ નથી પરંતુ રાજયોગ છે અને તેથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ મેળવી શકીએ છીએ. આ રીતે આપણે સામાયિક ક્રિયામાં આપણે યોગ સાધીએ છીએ અને તેથી "સામાયિકયોગ" એ બરાબર છે.

વ્યાખ્યાતા કહે છે કે તમે બધા મારા સાથે ઉપકરણો સમેત સામાયિક કરવા બેસો એટલે હું સામાયિક જે રસપૂર્વક કરૂં છું તે તમને બતાવું.

સાવદ્યયોગની નિવૃત્તિ થતાં મોક્ષ સાધ્ય થઇ શકે છે.

કોઇ ધર્મમાં આવી ઉત્કૃષ્ટ ક્રિયા મૂકવામાં આવી હોય એવું મારા ધ્યાનમાં નથી.

સામાયિક ચારિત્ર કે યોગનો આવો ઉત્કૃષ્ટ માર્ગ માત્ર શ્રી મહાવીરેજ બતાવ્યો છે. સંપૂર્ણ:

सामायिकं सुदुःसाध्यमप्यभ्यासेन साध्यते ।
निम्नी करोति वा बिन्दुः किं नाश्मानं मुहुः पतन् ॥

—દુઃસાધ્ય છતાં-અતિશયથી સાધ્ય કરવા માટે અશક્ય છતાં, સામાયિક અભ્યાસથી-નિત્યપ્રવૃત્તિથી સાધ્ય થાય છે (કેવી રીતે ? તો દૃષ્ટાંત કહે છે કે) જલબિન્દુ વારંવાર પડયાંજ કરવાથી પત્થર શું નીચો થતો નથી ? (થાય છે, તેવી રીતે અભ્યાસ કર્મોમાં કૌશલ પ્રાપ્ત કરાવે છે અને તેથી સામાયિક પણ સાધ્ય થાય છે.) સા. ધ.

શ્રી કેશરીઆજીનો રાસ.

ગતાંક પૃ. થી ચાલુ.

ઢાલ ૭

(નથ લાજ્યો મારૂરાજ મુષરો મંડન ગોરીરે નથ લાજ્યો રાજ એ દેશી.)

નગર ધુંલેવ આયા વિલોકી સાજન સુરસૈન્ય લેઇ કરી
રીષભ રાજન મારા સ્વામીજી હો રાજ
કેસરીજીત એ સુરસેના રાજ એ આંકણી
યક્ષ ગોમુષ જંપે સુણો વાત,
ભૈરવા કોરવો તુમ્હ તનરીરે ધાત. મા૦ કે૦ ૧
નીસુણી ભૈરવ તવ કરે હુંકાર,
ધમર ધુધરીયારો ધમકારો; મા૦ કે૦
ટણણર ટોકરીઉ ટણણંત,
ઉતર્યો અંબરથી અરિ ચમકંત. મા૦ કે૦ ૨
ડમકર ડાક ડમકે અપાર,
ધમ્મર ધરણી હુયા ધમકાર; મા૦ કે૦
કાઢી ષડગ અરી સાહમો ધાય,
અદ્‌ભુત તણી રચના બનાય. મા૦ કે૦ ૩
થાગડદીતા થાગડદીતા થૈ થૈ કાર,
પુદડી લેતો જાય વાહે અસીધાર; મા૦ કે૦
એકે થાઇ દશવીસના લેઇ પ્રાણ,
કાલા ધોલા ભૈરવરી એ વાહે કૃપાંણ. મા૦ કે૦ ૪
માર માર શબ્દ હો દિસ યાય,
ચોધારી વજાવતાં ધિગડમલ્લ ધાય; મા૦ કે૦
અરીકોજ માંહે મચી ભુબારોલ,
કાલો ભેરવ તિહાં કરે છે કલોલ. મા૦ કે૦ ૫
વીરસીર છેદી આગલેં તવ જાય,
સીરવિણ ધડ માંહોમાંહે ઝૂંઝાય; મા૦ કે૦
છીન છીન ટુકડા હુયા અંધાર ધોમ,
અસૂરાંરી કોજ વિડંબી સુર દોમ. મા૦ કે૦ ૬
સસ્ત્ર સાંધે નહી વયણ ઉચ્ચાર,
દીગ્‌મૂઢ અસુર હુઆ સબકાર; મા૦ કે૦
વીર ધસીયા દલ અતિ ભીલ્લઆય,
ક્રોધ કરી દુષ્ટ ઉપરેં ધકાય. મા૦ કે૦ ૭
તીર વરસે પગજડથી અધીક,
અરીયણ માંહેં પડે રણઝીક; મા૦ કે૦
સીરવિણ ધડ કેઇ નાહારે જાય,
ચીત્ર સમાંન કેઈ નર થીર થાય. મા૦ કે૦ ૮
દુષ્ટ સેનાની ગાંઠ દીધીજી વેર,
વન ર હુયા અસુર કીયા ઝેર; મા૦ કે૦
કેઇ અશ્વ તજી વનકુંજમાં ઉજાય,
કેઈ દુષ્ટ પડયા મહીપુત્રી તે પાય. મા૦ કે૦ ૯
નિજ સેન્ય નાસતા લાગો તસ હાથ,
પ્રાણ તજ્યા જસવંતે જિહાં અનાથ; મા૦ કે૦
કેઇ મુખ તરણા દેઇનિં કહેસ,
ઇહાં અમ વાંક નહી લવસેસ. મા૦ કે૦ ૧૦
કેઇ દુષ્ટ નીષ્યા ગુદારે નિવાજ,
સાઈજી ખુદા થે રાષજો લાજ; મા૦ કે૦
અસુર ચિંતે કેઈ રીદય મઝીર,
જમી અસમાંન કયા હુઆ એકાકાર. મા૦ કે૦ ૧૧
કેઇ નાગા ભાગા ફાટા વસ્ત્રચીર,
કેઈ કર જોડી વહે નેત્રથી નીર; મા૦ કે૦
એક અસવાર વીકરાલ અનૂંપ,
અરિ કોજમાં મોજ માફર ભૂપ. મા૦ કે૦ ૧૨
ભાઉ તાતો કાંમ આપારે તિણેં ઠાંમણ,
શુદ્ધબૂદ્ધ કોઇરી ન રહી ઓલષાંણ; મા૦ કે૦
રૂદ્રાંણી રૂદ્રે નૃપતિ હુરેપૂર,
સુર સર્વ જોઈનેં હૂયા સસનૂર. મા૦ કે૦ ૧૩
દસવીસ અશ્વ સહીત સીરદાર જાઇ,
સીવરાંમ નાઠો કંતાર; મા૦ કે૦
કોસ ચ્યાર જઈનેં લીઓ વીસરાંમ,
રણભોમ માંહે રહ્યો સરાજ્જંમ સાર. મા૦ કે૦ ૧૪
સીવરાંમ કુમેદ ચિત્તે મનમાંહિં,
છીન છીન સેનાહુઇ રણભુમિ તાંહિ; મા૦ કે૦
હેમવિજય કવિરાયનો સીસ,
તેજવિજય મનમેં નિસદીસ. મા૦ કે૦ ૧૫

દૂહા.

કોસ ચિહું ઉપર જઈ, દૂષ્ટ લીઓ તિહાં સાસ;
સીવરાયેં સંરણો સંગ્રહ્યો, તુજ ચરણે મુજ વાસ. ૧

યારા દેષોનેં કયા કીયા, ભુતષાનેર તોફાંન;
સારી સંપત રણવટ્ટ રહી, શુભટ સવી હુયા જ્યાંન. ૨
ષીકે મુષ નાસી ગયેા, જાંણીને તે દુષ્ટ;
વીરકલા ગુણ પેષીનેં, દેવ સકલ સંતુષ્ટ. ૩
દેાનું વીરે રણખેતમેં, જોધા ધુષલ કરેહ;
ગેામુષ યક્ષે વીરનેં, હુંકારેા પભણેય. ૪
દેવદેવી જસ સ્વાંમીનેં, દેઇ ગયા નીજ ઠામ;
અસુરપતિ કરે સેવના, લછી ગઇ વીણુ કાંમ. ૫

ઢાલ ૮

(હેાજી લૂએેઝુંએે વરસાલેા મેહ,
આજ દીહાડેા ઘણુ રાત્રીજ રેાહેા લાલ એ દેશી.)

હેાજી સંજીવન રહ્યા નર જેહ,
તેહ ત્રુટક આવી મલ્યા હેા લાલ;
હેાજી કે પાલા ગજ તુરી રાજ,
ષંડ અષંડ સૈન્યમાં ભલ્યા હેા લાલ. ૧
હેાજી નીહાલી સંકર ભુજરાય,
સીવરાંમ તાંમ વાંણી વદે હેા રાજ;
હેાજી હીંદુયારેા દેવ મહારાજ,
કપટ રચ્યેા અતિહેં હ્રદે હેા લાલ. ૨
હેાજી કેહવેા કીએારે ઇંણે કાંમ,
હામ રક્ષણ કર્યો આપણેા હેા લાલ;
હેાજી કવણ ન હુએારે વિચાર,
હાથેં કીએારે સંતાપણેા હેા લાલ. ૩
હેાજી ભંડારીએ ભાષ્યેા હું તેા ભેદ,
તેાહ ન વરસ્યેા અપનેં હ્રદે હેા લાલ;
હેાજી અણુસમજ્યારી ગતિ એહ,
પરતિક્ષ ફલ આયેા ઉદે હેા લાલ. ૪
હેાજી સારેાહી ગયેારે દ્રવ્ય સાર,
સહસ્સ ગમે થેલી ગઇ હેા લાલ;
હેાજી નહી ઇહાં મુગ્ગલ્લ પઠાણ,
પલટણું ભીલારે અવલી થઇ હેા લાલ. ૫
હેાજી નહી ભાઉ તાતેા હાથીમલ્લ,
નહી વેહલ રથ ધેારી ગયા હેા લાલ;
હેાજી નહી નાલગેાલા કેાકબાંણ,
હેા દાસહી ન હસ્તી રહ્યા હેા લાલ. ૬
હેાજી નહી બલવંત જસવંત,
જોદ્ધા પટ્ટાઉત તે નહી હેા લાલ;
હેાજી નહી પાયકરેા પરીવાર,
આર્ભટીઇ આરબ્ય ગહમહી હેા લાલ. ૭
હેાજી નહી રાણીજ્યા રજપૂત,
નહી દક્ષણી કરતા છટા હેા લાલ;
હેાજી કેાતલ પદારથ નાંહિ,
કિહાં હયસીયારી સ્યાંમ ઘટા હેા લાલ. ૮
હેાજી નહી ધુરે ઘેાર નિસાંણ,
ફેાજ્જરા લાડા તે નકી દીસે હેા લાલ;
હેાજી નહી નગારારી સરાંજ્જમ,
વસ્ત્ર અમુલિક ગયા તિસે હેા લાલ. ૯
હેાજી નિસુણી શંકર જંપે વયણ,
નયણ ઉઘાડી નિરષ્યેા નહી હેા લાલ;
હેાજી સદૈવત એ આદિનાથ,
આપ બલે બેઠા રહે હેા લાલ. ૧૦
હેાજી લેાચન કર્યારે કેઇ દેશ,
દેવ દેરા દાંમ થેં લીએેા હેા લાલ;
હેાજી તેહ ન જાણે એહ દેવ,
પુન્ય પ્રબલ સજીવન રહ્યા હેા લાલ. ૧૧
હેાજી અર્ક નીહાલી રણખેત,
સુજસ સવાઇ ને દીએેા હેા લાલ.
હેાજી અસ્તંગત તિહાં થાય,
નીસાઇ સયર સલકીએેા હેા લાલ. ૧૨
હેાજી નિદ્રા વસેરે અસૂરાંણ,
મધ્ય રયણ ગઇ તે સમે હેા લાલ;
હેાજી આપ રૂપેં અરીહંત,
આવી ઉભા અરી સૈન્યમાં હેા લાલ. ૧૩
હેાજી સુતેા કે જાગે સીવરાંમ,
બેાલાવ્યેા ત્રિભુવન ધણી હેા લાલ;
હેાજી હિંદૂયારેા દેવ તું નિહાલ,
જૈન શાસન માંહિં સુરમણી હેા લાલ. ૧૪
હેાજી જાગૃત થઇ અસુરાંણ,
મધ્ય રયણ ગઇ તે સમે હેા લાલ;
હેાજી આપ રૂપે અરિહંત,
આવી ઉભા અરી સૈન્યમેં હેા લાલ. ૧૫
હેાજી જૂગાદી જંપેં સુણ દુષ્ટ,
નામ જાંણ્યેા નહી માંહરેા હેા લાલ;
હેાજી હેમવિજય સુપસાય,
તેજ કહેં દાસ હું તાહારેા હેા લાલ. ૧૬

દૂહા

રેરે સૂણ તું દૂરાતમાં, અજ્ઞાની મતિ હીંન;
કિમ કુમતિ તુજ ઉપની, થઇ રહ્યો હવેં દીન. ૧
કેસરીયા કાનેં કદી, નવિ લહ્યા તે કેમ,
તો સુષ તમે અનુભવો, કૃત કમાઈ જેમ. ૨
નીર્વાણી નિર્ભય અમો, પારીઇ કરી પાષંડ;
લૂટી માણીઇ પરલછીનેં, પછાડીઇ જેહ પ્રચંડ. ૩
સાઢા પણવીશ દેશમેં, આણા ફિરે અષંડ;
વરતુ અમુલક જે જોઇઇ, મંગાવીઇ તે ડંડ. ૪
મારૂં મરડી તુજનેં, ગુનહ કર્યા છે અપાર;
કોપ્યો અસુર કર જોડીનેં, ભાષેં વચન ઉદાર. ૫
ક્રૂર વયણ શુણી જીનતણા, રણછક હુઓ અસુરાંણ.
પાછો પડૂત્તર ન ઉચરેં, ગંગા ત્રીયાં જંપેં વાંણ. ૬

ઢાલ ૯

(મારૂજી નિદ્રલડી નેણારે વિચગુલ રહી. એ દેશી.)

જીનજી અસુર ત્રીયા કહે સાંભલ્યો,
આદિકરણ આદિનાથ હો; સાંઇજીરા રાયા.
જીનજી કીયો કદાગ્રહ જાંણીનેં,
અબ આયાયે મારે હાથ હો. સાંઇજીરા રાયા.
જીનજી અરજ કરૂંરે ગુનહો બગસીઇ એ આંકણી. ૧
જીનજી કિરીયા જાંણુ અજાંણુમેં,
સોઇ પાંસરી આઈ આજ હો સાંઇજી૦
જીનજી આપ સરૂપે ધણ વિધ મલ્યો,
ફલ્યો વંછિત સર્યો કાજ હો સા૦ ૨ જી૦
જીનજી જીનજી દેવ અવર અવની સમેં,
ભુપરે નવિ મલ્યો તાસ હો. સા૦
જીનજી તાહરી અવજ્ઞા કરી હુઓ,
તે ઉભો થાહરે પાસ હો. સા૦ ૩ જી૦
જીનજી રાઉલી ધજા તેહિજ કરો,
સક્તિ તુમારી અનંત હો; સા૦
જીનજી પરિતિક્ષ નયણેં નિરખીઓ,
અતુલીબલ અરીહંત હો. સા૦ ૪ જી૦
જીનજી એના દિવસ નિજ પુન્યથી,
હવે તો થારોજી પસાય હો; સા૦
જીનજી પૂરપિ જીવત થેં દીઓ,
જગતનેં તામારી માય હો. સા૦ ૫ જી૦
જીનજી અંતરજ્જામી માહરા,
અલષ અલ્લા તૂહી પીર હો; સા૦
જીનજી કાજી મુલા સેષ સધદ થેં,
મત વાલા થેં ફકીર હો. સા૦ ૬ જી૦
જીનજી બાલમુકંદ માંચર તુંહી,
નારાયણ કૃત ધંસ હો; સા૦
જીનજી ધૂંનકારક વૃદ્ધ અવગુણી,
થારી ગોદમાં મારો સીસ હો. સા૦ ૭ જી૦
જીનજી તુંમ ગુણ કદીએ ન વીસરે,
જગજીવન મારા પ્રાંણ હો; સા૦
જીનજી જે પુત માહરે સીરથેં કરો,
તે કરસ્યો મે પ્રમાણ હો. સા૦ ૮ જી૦
જીનજી જંપેરે સુણ તું અસુર ત્રીયા,
માંગીઈ છઇઇ ડંડ એહ હો; સા૦
જીનજી પાંચ સહસ રજત મોહરૂં,
આપો અમનેં માંની તેહ હો. સા૦ ૯ જી૦
જીનજી નિશુણી અસુર ત્રીયા વિનવેં,
ગંગા બાઇ તસ નાંમ હો; સા૦
જીનજી સપ્તસત ઉપર વલી,
દેસુ તુંમ ભણી દાંમ હો. સા૦ ૧૦ જી૦
જીનજી પેર રષો મુજ પ્રીયતનું,
કહું છું ગોદ વિછાય હો; સા૦
જીનજી અશ્વીન્માસ સુદ એકમનીસા,
ગ્રીહી છે અટક તુમ પાય હો; સા૦ ૧૧ જી૦
જીનજી આજથી નિજતનુંથી સંવિ,
આભુષણ કીયા દૂર હો; સા૦
જીનજી એ બંદીઓ સવિદિન પેરસે,
જસ દિન દાન હજૂર હો. સા૦ ૧૨ જી૦
જીનજી માંની રજત અશુર સવે,
પોહતો આપણે ગેહ હો; સા૦
જીનજી ચૈત્ર શુક્લ સપ્તમી દિને,
દાંમ દેવણ આયો તેહ હો. સા૦ ૧૩ જી૦
જીનજી જીતડંકા જીનવર કરી,
અદશ હુઆ માહારાય હો; સા૦
જીનજી પૂંન દેખનેં અસુરપતિ,
સોઇ નીજ થાનક જાય હો. સા૦ ૧૪ જી૦

જીનજી સાંભલીઆજીરી સેવના,
હું ચાહું નિત મેવહેા. સા૦
જીનજી આ ભવ પરભવ ભવેાભવે,
દેજો પદાંબુજ સેવ હેા. સા૦ ૧૫ જી૦
જીનજી શુદ્ધ કરજો થેં કવીયાં,
તુમ કરે દાસરી લાજ હેા. સા૦
જીનજી ઓછેા વધુ જે મેં ભાસીએા,
મિચ્છા દુક્કડ તાસ હેા. સા૦ ૧૬ જી૦
જીનજી સંવત વસુચંદ્ર સુન્ય સૈાગએ,
ફલ્ગુન શુકલ વસંત હેા; સા૦
જીનજી જતી ધર્મથી થરા સેહેરમેં,
ગાયેા કેસરીયા મહાંતહેા. સા૦ ૧૭ જી૦
જીનજી તપગચ્છપતિ **હીરવિજયસુરી**,
વિવેક શુભવિજે સીસ હેા. સા૦
જીનજી તેહના **ભાવવિજય** ભલા,
સિદ્ધિવિજય કવી ૪સ હેા. સા૦ ૧૮ જી૦
જીનજી **રૂપવિજય** પંડિત ભલા,
કૃષ્ણવિજય સીષ્ય તાસ હેા; સા૦
જીનજી **રંગવિજય** કવિ કુલતિલેા,
ભીમવિજય પદ્મ વાસ હેા. સા૦ ૧૯ જી૦
જીનજી તસ પદપંકજ ગુણનિલેા,
હેમવિજય સુપસાય હેા; સા૦
જીનજી તેહતણેા બાલક વદે,
અપત્ય લીલાન્યૂં સમુદાય હેા. સા૦ ૨૦ જી૦
જીનજી ભણે ગુણે જે ભવી સાંભલે,
તસ ઘર સુષ નીવાસ હેા; સા૦
જીનજી **હેમવિજય** કવિસેહરેા,
સુતેજ

કલશ.

આદિ જીનવર સયલ સુષકર સંથૂણેા ધુલેવ ધણી,
પગદેશ શરજે દૂરીત વજે જીન શાસનમેં સુરમણી;
દુસમ કાલેં આપ સંભાલેં સત્તેગ ધારી એષરા,
પ્રગટ મહિમા સયલ નિયમા આસપૂરણ જીનવરા. ૨૩
અસુર નમાયેા ડંડ પાયેા થાવર જંગમ જગજયેા,
જગજસ વદીતેા જંગ જીત્યેા કેસરીએા કારેજયેા;
સંવત અઢારે સત્યેાતરા મઝારે ફાગુણ દશમી સુદ વલી,
હેમવિજય કવિતેજ પભણે સયલ મન આસ્યાફલી. ૨૪

ઇતિ ધુલેવ ૠષભદેવજીનેા રાસ સંપૂર્ણ ॥ સં. ૧૮૮૬ ના વૈશાષ સુદિ ૫ શનિવારે લિ૦ ॥

[આ રાસ કાવ્યની દષ્ટિએ ઉપયેાગી નથી, પરંતુ શ્રી કેશરીઆજી તીર્થસંબંધે કેટલીક વાતેા અત્યારે બહાર આવી છે તે પ્રસંગે આ રાસની ઉપયેાગિતા જણાશે. તે રાસની નકલ મુનિશ્રી સંપતવિજયના એક શિષ્યે ઘણાં વર્ષો પહેલાં મને મેાકલેલી તેનેા આ પ્રસંગે ખપ કર્યો છે તેના કર્ત્તા તેજવિજય ૧૯ મી વિક્રમસદીમાં થયા છે અને તેઓ હીરવિજયસૂરિ-તેના વિવેક-શુભવિજય તેમના રૂપવિજય-કૃષ્ણવિજય-રંગવિજય-ભીમવિજય-હેમવિજયના એ પરંપરાએ શિષ્ય છે. તેમણે સં. ૧૮૭૦ માં આ રાસ રચ્યેા છે. આની હસ્તલિખિત પ્રત ચા૦ ના ભંડારમાં ૭ પાનાની સં. ૧૯૩૧ની તથા મુનિશ્રી સંપતવિજય પાસે સં. ૧૮૮૪ ની, અને મુંબઈના શેઠ વર્ધમાન રામજી પાસે નવ પાનાની મળી આવે છે આ વાત અમારા જૈન ગૂર્જર કવિઓ ભાગ ૩ જામાં આવશે. **તંત્રી.**]

અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી.

ગતાંક પૃ. ૪૮૦ થી ચાલુ

ઐક્યભાવ.

૬૫. પોતાનામાં અને પરમાત્મામાં સત્તાએ એકપણું છે છતાં બંનેમાં ભેદ શું કારણથી છે તે સંબંધમાં પોતે કહે છે કેઃ—

પૂછું પૂર્વવિરાધના, શી કીધી ઇણે જીવ, લાલ
અવિરતિ મોહ ટલે નહી, દીઠે આગમ દીવ, લાલ. ૫.
(૧૯ મા વિહરમાન જિનસ્ત૦ ૨-૮૦૪)

* * * *

બાહરી પૂર્વવિરાધના, જોગે પડયો એ ભેદ,
પણ વસ્તુધર્મ વિચારતાં, તુજ મુજ નહી છે ભેદ—૧૫
—સીમંધર વિનતિરૂપ સ્ત૦ ૨-૯૧૨

જિન પ્રતિમા જિન સરખી-આત્મપૂજા.

૬૬. જિન પ્રતિમા-પૂજા કરવાથી જિનની પૂજા થાય છે, અને જિનવરની પૂજાથી આત્મપૂજા-નિજપૂજા થાય છે, એમ પોતે કહે છેઃ—

એમ પૂજ ભક્તે કરો, આતમ હિત કાજ
તજીય વિભાવ નિજ ભાવમાં, રમતા શિવરાજ.
દેવચંદ્ર જિન પૂજના, કરતાં ભવપાર,
જિન પડિમા જિન સારખી, કહી સૂત્ર મઝાર.
(સ્નાત્રપૂજા કળશ. ૨-૮૬૮)

* * * *

જિનવર પૂજરે તે નિજ પૂજનારે, પ્રગટે અન્વય શક્તિ,
પરમાનંદ વિલાસી અનુભવેરે, દેવચંદ્ર પદ વ્યક્તિ-
(વાસુપૂજ્ય સ્ત૦ ૨-૬૭૫)

પૂર્ણાનન્દ પ્રાપ્તિ.

૬૭. વિભાવ તજી દેવાય ને નિજભાવમાં રમાય તે માટે પહેલાં પુષ્ટાલંબન જિનપ્રતિમા સેવી તે દ્વારા આત્મગુણ-આત્મસંપદની પુષ્ટી કરી અનુભવથી કર્માવરણથી આવૃત્ત થયેલી પરમાત્મતા-પૂર્ણતા, નિરાવરણતા, નિરામયતા, તત્ત્વભોગતા, સ્વરૂપાનંદતા રૂપ પ્રકટ કરવી ઘટે; માટે પ્રભુને વિનતિરૂપ કહે છેઃ-

'પ્રભુ ધ્યાનરંગ અભેદથી, કરી આતમભાવ અભેદ,
છેદી વિભાવ અનાદિનો, અનુભવું રસસંવેદ્ય. ૧૬
વિનવું અનુભવ મિત્રને, તું ન કરીશ પરરસ ચાહ,
શુદ્ધાત્મરસરંગી થઇ, કર પૂર્ણશક્તિ અબાહ. ૧૭

* * * *

નિજ શક્તિ પ્રભુ ગુણમાં રમે, તે કરે પૂર્ણાનન્દ,
ગુણ ગુણી ભેદ અભેદથી, પીજીએ શમમકરંદ. ૨૦
પ્રભુ સિદ્ધ બુદ્ધ મહોદયી, ધ્યાને થઇ લયલીન,
નિજ દેવચંદ્ર પદ તે લહે, નિત્યાત્મ રસ સુખ પીન. ૨૧
—સીમંધર વિનતિ સ્ત૦ ૨-૯૧૨.

૬૮. આ વિનતિરૂપ સ્તવનમાં કવિ પોતાના મનોરથ બતાવે છે તેમાં પોતાના આત્મામાં અપૂર્વ શ્રદ્ધા ઉલ્લસે છે. કવિ પોતાનો દીનભાવ સર્વાનુભૂતિ જિન સ્તવનમાં (૨-૮૧૮) 'જગતારક પ્રભુ વીનવું, વિનતડી અવધારરે, તુજ દરશન વિણ હું ભમ્યો, કાલ અનંત અપારરે' એમ કહી બતાવે છે ને છેવટે પોતાનું પ્રબલ આત્મશ્રદ્ધા બતાવી આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી પૂર્ણાનન્દના વિલાસનો મનોરથ અંતે બતાવવાનું ચૂકતા નથી.

અધ્યાત્મરસિકતા.

૬૯. તેમનું ચિત્ત અધ્યાત્મ વિષયમાં પોતાની યૌવનાવસ્થાથીજ હતું એ પ્રતીત થાય છે. સં. ૧૭૬૭ માં પોતાની ૨૧ વર્ષની વયે વ્રજ ભાષામાં રચેલ દ્રવ્યપ્રકાશમાંજ પોતે લખે છે કેઃ—

'અધ્યાતમ શૈલી સરસ, જે માનત સો જૈન,
તે વાચેંગે ગ્રંથ યહ, જ્ઞાનામૃત રસ લીન.
ગુન લચ્છન પહિચાનિકે, હેય વસ્તુ કરિ હેય,
ચિદાનંદ ચિન્મય અગમ, શુદ્ધ બ્રહ્મ આદેય.
પરમાત્મ (? પરમાર્થ) નય શુદ્ધ ધરિ, શિવ મારગ એહીજ,
યહે મોહમેં નવ ભમે, યહે ગ્રંથકો બીજ. (૨-૫૪૬)

—પારમાર્થિક-નિશ્ચય નય ઉપાદેય કરી શુદ્ધ બ્રહ્મ-પરમાત્માનાં ગુણ લક્ષણ જાણી જ્ઞાનામૃતરસલીન થઈ અધ્યાત્મશૈલિ માન્ય રાખે તેજ ખરો જૈન. તેથીજ મોહભ્રમણ ન કરતાં શિવમાર્ગની પ્રાપ્તિ થશે.

૭૦. આ રચના પહેલાં એક વર્ષ-૨૦ વર્ષની વયે એટલે ૧૭૬૬ માં પોતે શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવનો ભાષાનુવાદ ધ્યાનદીપિકા ચતુષ્પદી એ નામથી કરી નાંખ્યો હતો. અધ્યાત્મ પરની રસિકતા તો તેમણે રચેલ અધ્યાત્મગીતા પરથીજ જણાય છેઃ—તેમાં

પોતે ધર્મ-ભાવઅધ્યાત્મ શેને માને છે તે પર કહે છે કે:—

૨૩ આત્મગુણ રક્ષણા તેહ ધર્મ,
સ્વગુણવિધ્વંસણા તે અધર્મ;
ભાવ અધ્યાતમ અનુગત પ્રવૃત્તિ,
તેહથી હોય સંસારછિત્તિ. ૧૭

—આત્મગુણ-જ્ઞાનાદિને શુદ્ધ ઉપયોગમાં રાખવા તેજ ધર્મ-આત્મિક ધર્મ છે, નિજ આત્માના જ્ઞાનાદિ ગુણોનો અશુદ્ધ ઉપયોગે-પરભાવના અનુસરવાથી નાશ થાય-તે આવરિત થાય તે અધર્મ છે. નામ સ્થાપના અને દ્રવ્યથી અધ્યાત્મ છે; પણ ખરું-નિશ્ચય નયથી પારમાર્થિક નયે ભાવ-અધ્યાત્મ એ છે કે જ્ઞાનાદિક શુદ્ધ ઉપયોગ અનુસાર પ્રવૃત્તિ; અને તેથીજ સંસારિક છેદ-નાશ થાય અને સિદ્ધિ પ્રાપ્ત થાય.

૭૧ જૈનધર્મમાં અધ્યાત્મમાર્ગ ભર્યો છે એમ જણાવી પોકારી કહે છે કે:—

૨૪ 'અહો ભવ્ય તુમ્હેં ઓળખો જૈન ધર્મ,
જિણે પામીયેં શુદ્ધ અધ્યાત્મમર્મ,
અલ્પકાળે ટળે દુષ્ટ કર્મ
પામીયેં સોય આનંદ શર્મ—૪૫

—અહો ભવ્ય જીવો-અહો દેવાનુપ્રિય! તમે જૈનધર્મ—જિને ભાખેલો ધર્મ—નિશ્ચય આત્મિક ધર્મ-જ્ઞાનાદિક શુદ્ધ ઉપયોગ લક્ષણરૂપ ધર્મ, અંતરંગ સત્તાગતે રહ્યો છે—તેને ઓળખો-તેની ઓળખાણ કરો; જેહથી-વસ્તુસ્વભાવ ઓળખ્યાથી શુદ્ધ અધ્યાત્મનું મર્મ-રહસ્ય પ્રાપ્ત થાય એટલે આત્મસ્વરૂપ પ્રકટ થાય—વિશેષમાં અલ્પ કાળમાં દુષ્ટ-દુઃખદાયી જ્ઞાનાવરણીય આઠ કર્મનો નાશ થઇ નિત્યાનંદ, પરમ સુખ પ્રાપ્ત થાય.

૭૨. આ પામવા આત્મજ્ઞાની મુનિરાજનું અવ-
૨૫ અવલંબન ઘટે, તેવા મુનિનું વર્ણન કરે છે:—

૨૫ નય નિક્ષેપ પ્રમાણે જાણે જીવાજીવ,
સ્વપર વિવેચન કરતાં થાયે લાભ સદીવ,
નિશ્ચય ને વ્યવહારે વિચરે જે મુનિરાજ,
ભવસાયરના તારણ નિર્ભય તેહ જિહાજ, ૪૬
વસ્તુ તત્ત્વે રમ્યા તે નિર્ગ્રંથ,
તત્ત્વ અભ્યાસ નિહાં સાધુ પંથ,
તિણે ગીતાર્થ ચરણે રહીજે,
શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે.

—સાત નય (સાપેક્ષ તત્ત્વજ્ઞાન), ચાર નિક્ષેપ, પ્રમાણ (પ્રત્યક્ષપરોક્ષ) આદિ અનુસાર જે જીવ અજીવ-નવતત્ત્વાદિનું સ્વરૂપ જાણે, સ્વ-આત્મગુણ અને પર એટલે પુદ્ગલના ધર્મની વહેંચણ કરતાં હંમેશ સ્વરૂપલાભ થાય. નિશ્ચય નયથી આત્મસ્વરૂપમાં દૃષ્ટિ રાખી ઓળખીને વ્યવહારશુદ્ધ વિચરે-શુદ્ધ ક્રિયા—આચરણાએ પ્રવર્તે એવા મુનિરાજ નિશ્ચય-વ્યવહારનો ઉપદેશ દે-નિશ્ચયધર્મ નિર્જરા હેતુ

---

૨૩ સરખાવો ભગવદ્ગીતા વાક્ય 'સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ।

૨૪ યશોવિજયજી કહે છે કે:—

અધ્યાત્મ વિણ જે ક્રિયા, તે તનુમલ તોલે
મમકારાદિક યોગથી, એમ જ્ઞાની બોલે.
૧૨૫ ગાથાનું સીમંધર સ્ત૦

૨૫ સરખાવો યશોવિજયજીકૃત

જેહ અહંકાર મમકારનું બંધનં,
શુદ્ધ નય તે દહે દહન જિમ ઇંધનં,
શુદ્ધ નય દીપિકા મુક્તિ મારગ ભણી,
શુદ્ધ નય આથ છે સાધુને આપણી—૧૦
સકલ ગણિ પિટકનું સાર જેણે લહ્યું,
તેહને પણ પરમ સાર એહજ કહ્યું,
ઓઘનિર્યુક્તિમાં એહવિણ નવિ મિટે,
દુઃખ સવિ વચન એ પ્રથમ અંગે ઘટે—૧૧
શુદ્ધ નય ધ્યાય તેહને સદા પરિણમે,
જેહને શુદ્ધ વ્યવહાર હીયડે રમે,
મલિન વસ્ત્રે યથા રાગ કુંકુમ તણો,
હીન વ્યવહાર ચિત્ત એહથી નવિ ગુણો—૧૨
—૩૦૦ ગાથા સીમંધર સ્ત૦ ઢાલ. ૧૬
નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પામે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર.
સોભાગી જિન! ૫૫
—૧૨૫ ગાથા સીમંધર સ્ત૦ ઢાલ ૫,

છે, બાહ્ય વ્યવહારધર્મ પુણ્યબંધનો હેતુ છે–એવા ઉપદેશ દઈને ભવસમુદ્રથી તારવાને જહાજ–વહાણ સમાન જાણવા. નિર્ભયપણે—ભયરહિત જેમ વહાણનું આલંબન કરી સમુદ્રને તરીએ તેમ આત્મજ્ઞાની મુનિરાજને અવલંબી ભવ્ય પ્રાણી સંસારનો પાર પામે.

—વસ્તુધર્મ–આત્મધર્મમાં. રમણ જેણે કર્યું હોય તે નિર્ગ્રંથ—ગ્રંથિ વગરના શુદ્ધ સાધુ. તત્ત્વ–આત્મતત્ત્વનો અભ્યાસ જ્યાં હોય, જ્યાં સદાકાળ તેનોજ ઉપયોગ વર્ત્યા કરે તે સાધુપંથ–સાધુનો માર્ગ કહીએ. માટે આત્મસ્વરૂપના જાણ એવા ગીતાર્થ મુનિના ચરણકમલ સેવીએ કે જેથી શુદ્ધ–નિર્મળ યથાર્થ નિઃસંદેહ એવા સિદ્ધાંત–આગમ–જિનવાણીનો જ્ઞાનરસ ચાખીએ.

૭૩. યોગવિજ્ઞાનીઓએ યોગના ચારિત્રની ભિન્નતાનાં કારણ રૂપે પાંચ વિભાગ કર્યા છે. ૧ અધ્યાત્મ ૨ ભાવના ૩ ધ્યાન ૪ સમતા અને ૫ વૃત્તિસંક્ષય. તેમાં અધ્યાત્મની વ્યાખ્યા એવી કરવામાં આવી છે કે વૃત્તિયુક્ત પ્રાણી એટલે સમ્યગ્બોધપૂર્વક અણુવ્રત અથવા મહાવ્રતરૂપ યમોને ધારણ કરનાર પ્રાણી ઔચિત્યપૂર્વક–ઉચિત પ્રવૃત્તિ જાણવી પોતાના આગળ વધેલા રૂપને અનુરૂપ મૈત્ર્યાદિ ભાવ સંયુક્ત એટલે મૈત્રી, પ્રમોદ, મુદિતા અને કરૂણા એ ચાર ભાવનાથી સંયુક્ત થઇ, શિષ્ટવચનાનુસાર–મહર્ષિઓએ બતાવેલા આગમાનુસાર તત્ત્વચિંતન કરવું તે અધ્યાત્મ. દેવચંદ્રજીની દરેક કૃતિમાં પોતાનું તત્ત્વચિંતન જાગૃહળે છે. જ્યાં જુઓ ત્યાં એજ દેખાય છે ને તેથી તેમની કવિતા સામાન્ય લોકને કિલષ્ટ–ન સમજાય તેવી લાગે તે સ્વાભાવિક છે. તેમાં આવતા શબ્દો અર્થગંભીર વા પાંડિત્યમય હોય અને તે શબ્દોના સમન્વય રૂપેનાં વાક્યો તે શબ્દોથી પણ વિશેષ પાંડિત્યમય અને અર્થગંભીર બને, ને પછી તે એકદમ સહેલાઈથી કવિનાં વાક્યો સમજી ન શકાય અને તેને માટે બાલબોધની જરૂર રહેજ. આ કારણેજ દેવચંદ્રજીને 'અધ્યાત્મરસિક પંડિત દેવચંદ્રજી' એમ આ નિબંધના મથાળે ઓળખાવ્યા છે. યશોવિજયજીનો દ્રવ્યગુણપર્યાયરાસ પણ તેના વિષયને અંગે કઠિન અને એકદમ સમજી ન શકાય તેવો સ્વાભાવિક રીતેજ થાય તેમ થયો છે.

૭૪. ભાષા હમેશાં વિષયને અનુરૂપજ હોવી ઘટે; વિષયની ગંભીરતા અને વિષમતાને લઈને તે વિષય શબ્દોદ્વારા બને તેટલી સરલ રીતે સમજાવવાનું કાર્ય કવિના–મસ્ત કવિના માથે કોઇ લાવીને પગાત્કારે મૂકતું નથી, પણ તેનું હૃદયજ ઉછળીને તે વિષયને અનુરૂપ શબ્દોનો આવિર્ભાવ કરે છે અને તેને પછી સ્તવનાદિ કાવ્યનું મૂર્ત્ત સ્વરૂપ મળે છે. દેવચંદ્રજીનાં ચોવીશી અને વીશી–એ સ્તવનો લ્યો; તેમાં આવેલા શબ્દોજ એવા છે કે તે તેમના અંતરંગની સ્થિતિ બતાવી આપે છે. તે દરેકમાં પરમ શ્રુતાભ્યાસ, દીર્ઘચિંતન, આત્મયોગ સ્થળે સ્થળે દેખાઇ આવે છે. અન્ય સ્વાધ્યાયો–સઝાયોમાં પણ તેવુંજ જણાશે.

વસંત-હોરી (અધ્યાત્મ.)

૭૫ હોરી બે બનાવી છે (૨–૮૧૫ અને ૨–૮૨૩) તેમાં પણ આખું વસંતનું વર્ણન અધ્યાત્મપર લઇ જવામાં આવ્યું છે. પહેલી હોરી ટૂંકી છે.

'આતમપ્રદેશ રંગસ્થલ અનુપમ, સમ્યગ્દર્શન રંગ રે
નિજ સુખકે સધૈયા–
તુતો નિજગુણ ખેલ વસંતરે, નિજ સુખકે સધૈયા.
પરપરિણતિ ચિંતા તજી નિજમેં, જ્ઞાન સખાકે સંગરે,–નિ૦
વાસ બરાસ સુરુચિ કેશર ઘન, છાંટો પરમ પ્રમોદરે,
આતમરમણ ગુલાલકી લાલી, સાધક શક્તિ વિનોદરે–નિ૦
ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગરે,
રિઝ એકત્વતા તાનમેં વાજે, વાજિંત્ર સનમુખ યોગરે–નિ૦
શુકલધ્યાન હોરીકી જ્વાલા, જલે કર્મ કઠોર રે,
શેષ પ્રકૃતિ દલ ખિરણ નિર્જરા, ભસ્મ ખેલ અતિપેરરે–નિ૦
દેવ મહાજસ ગુણ અવલંબન, નિર્ભય પરિણતિ વ્યક્તિરે,
જ્ઞાને ધ્યાને અતિ બહુમાને, સાધે મુનિ નિજ શક્તિરે–નિ૦
સકલ અનેગ અલેશ અસંગત, નહિ હોવે સિદ્ધ રે (?)
દેવચંદ્ર આણામેં ખેલે, ઉત્તમ યુંહિ પ્રસિદ્ધ રે–નિ૦

૭૬—બીજી હોરીમાં વસંત હોરીમાં વપરાતાં સર્વ સાધનોનો વિસ્તાર અધ્યાત્મદૃષ્ટિએ કરવામાં આવ્યો છે.

'જિન સેવનથેં પાઈએ હો, શુદ્ધાતમ મકરંદઃ—
તત્ત્વપ્રતીતિ 'વસંતઋતુ' પ્રગટી, ગઈ શિશિર કુપ્રતીત,

દુરમતિ રજની લઘુ ભઇ હો, સદ્બોધ દિવસ વદીત-જિ૦
સાધ્યરૂચિ સુસખા મિલી હો, નિજગુણ ચર્યા ' ખેલ, '
બાધક ભાવકી નિંદના હો, બુધ મુખ 'ગારિશે' મેલ-જિ૦
પ્રભુગુણગાન સુછંદસું હો, વાજિત્ર અતિશય તાન,
શુદ્ધતત્વ બહુ માનતા, ખેલત પ્રભુ ગુણધ્યાન-જિ૦
ગુણ બહુમાન ' ગુલાલસેાં ' હો, લાલ ભયે ભવિ જીવ,
રાગ પ્રશસ્તકી ' ધમમેં ' હો, વિભાવ વિડારે અતીવ-જિ૦
જિનગુણ ખેલમેં ખેલતે હો, પ્રગટયો નિજગુણ ખેલ,
આતમ ઘર આતમ રમે હો, સમતા સુમતિકે મેલ-જિ૦
તત્ત્વ પ્રતીતિ ' પ્યાલે ' ભરે હો, જિનવાણી 'રસપાન',
નિર્મલ ભક્તિ 'લાલી' જગી હો,રીઝે એકત્વતા 'તાન'-જિ૦
ભવવૈરાગ 'અબિરશું' હો, ચરણરમણ સુમહંત,
સમિતિ ગુપતિ 'વનિતા' રમે હો, ખેલે હો 'શુદ્ધવસંત'-જિ૦
'ચાચર' ગુણ રસીયા લિયે હો, નિજ સાધક પરિણામ,
કર્મપ્રકૃતિ અરતિ ગઈ હો, ઉલસીત આમ્રત ઉદ્દામ-જિ૦
સ્થિર ઉપયેાગ સાધન મુખે હો, 'પિચકારીકી ધાર',
ઉપશમ 'રસ' ભરી 'છાંટતાં' હો, ગઇ તતાઇ અપાર-જિ૦
ગુણ પર્યાય વિચારતાં હો, શક્તિ વ્યક્તિ અનુભૂતિ,
દ્રવ્યાસ્તિક અવલંબતાં હો, ધ્યાન એકત્વ પ્રસૂતિ-જિ૦
રાગ પ્રશસ્ત 'પ્રભાવના' હો, નિમિત્ત કરણ ઉપભેદ,
નિર્વિકલ્પ સુસમાધિમેં હો, ભયે હે ત્રિગુણ અભેદ-જિ૦
ઇમ શ્રીદત્ત પ્રભુ ગુણે હો, 'ફાગ' રમે મતિમંત,
પરપરિણતિ 'રજ' ધેાયકે હો, નિરમલ સિદ્ધિ 'વસંત'-જિ૦
કારણથેં કારજ સધે હો, એહ અનાદિકી ચાલ,
દેવચંદ્ર પદ પાઈયેં હો, કરત નિજ ભાવ સંભાલ-જિ૦

૭૭—" આગમેામાં વર્ણવેલી સાધુચર્યા જોતાં પાંચ યમ-વ્રત, તપ, સ્વાધ્યાય આદિ નિયમ, ઇન્દ્રિવજય રૂપ પ્રત્યાહાર ઇત્યાદિ જે ખાસ યેાગનાં અંગેા છે તેઓનેજ સાધુજીવનના મુખ્ય પ્રાણ માનવામાં આવે છે. જૈનશાસ્ત્રમાં યેાગ ઉપર ત્યાં સુધી ભાર મૂકવામાં આવ્યેા છે કે, પ્રથમ તેા જૈનશાસ્ત્ર મુમુક્ષુઓને આત્મચિન્તન સિવાય અન્ય કાર્યોમાં પ્રવૃત્તિ કરવાની સંમતિજ નથી આપતું, અને ન છૂટકે પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા હેાય તેા તે નિવૃત્તિમય પ્રવૃત્તિ કરવાનું કહે છે. એજ નિવૃત્તિમય પ્રવૃત્તિનું બીજું નામ જૈનશાસ્ત્રમાં 'અષ્ટપ્રવચન માતા' એવું છે. સાધુજીવનની દૈનિક તેમજ રાત્રિક ચર્યામાં તૃતીય પ્રહર સિવાય બાકીના ત્રણે પ્રહરેામાં મુખ્યપણે સ્વાધ્યાય અને ધ્યાન કરવાનુંજ વિધાન છે " (પંડિત સુખલાલજી. ' યેાગદર્શન ').

૭૮. દેવચંદ્રજીએ અષ્ટ પ્રવચન માતા (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ) પર ખાસ સ્વાધ્યાય સુંદર અને ઉચ્ચ વિચારમય રચી છે. તેની અંતે પેાતે વદે કેઃ—

પરિણતિ દોષ ભણી જે નિંદતા, કહેતા પરિણતિ ધર્મ,
યેાગગ્રંથના ભાવ પ્રકાશતા, તેહ વિદારે હો કર્મ-સુગુણ૦
અલ્પક્રિયા પણ ઉપકારીપણે, જ્ઞાની સાખે હો સિદ્ધ,
દેવચંદ્ર સુવિહિત મુનિ-વૃંદને, પ્રણમ્યા સયલ સમૃદ્ધિ-સુ૦
તે તરિયારે ભાઇ તે તરિયા, જે જિન શાસન અનુસરિયાજી,
જેહ કરે સુવિહિત મુનિ કિરિયા, જ્ઞાનામૃત રસ દરિયાજી-તે.
વિષય કષાય સહુ પરિહરિયા, ઉત્તમ સમતા વરિયાજી,
શીલ સંનાહ ધકી પાખરિયા, ભવસમુદ્ર જલ તરિયાજી-તે.
સમિતિ ગુપતિશું જે પરવરિયા, આત્માનંદે ભરિયાજી,
આસ્રવદ્વાર સકલ આવરિયા, વર સંવર સંવરિયાજી-તે૦

૭૮ દેવચંદ્રજીએ યેાગગ્રંથેા વાંચ્યા વિચાર્યા હતા. " આગમેામાં યેાગ માટે ધ્યાન શબ્દ પ્રાયઃ વપરાયેલેા છે, પછી ખાસ યેાગનેા વિષય દાખલ કરનાર શ્રીમદ્ હરિભદ્રસૂરિ છે. ' તેમણે પાતંજલ યેાગ સૂત્રમાં વર્ણવેલી યેાગ પ્રક્રિયા તથા તેની ખાસ પરિભાષાઓ સાથે જૈન સંકેતનું મિશ્રન પણ કરેલ છે અને યેાગદૃષ્ટિ સમુચ્ચય (કે જેનું ભાષાંતર આઠ દૃષ્ટિની સઝાય તરીકે યશેાવિજયજીએ કરેલ છે) માં વર્ણવેલી આઠ યેાગદૃષ્ટિઓ તેા ઉપલબ્ધ સમસ્ત યેાગસાહિત્યમાં નવીન દિશા છે ! પછી હેમચંદ્રાચાર્યનું યેાગશાસ્ત્ર આવે છે; ને તેમાં પાતંજલના યેાગાંગેા સહિત તેમજ શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવના પદસ્થાદિ ધ્યાનનું વર્ણન છે. પછી નજર ઠરે તેવા યેાગગ્રંથેા રચનાર શ્રી યશેાવિજયજી છે. વાંચેા અધ્યાત્મસાર, અધ્યાત્મેાપનિષદ્, અને ૩૨ બત્રીશીઓ તેમજ જ્ઞાનસાર, શાસ્ત્રવાર્તા સમુચ્ચય-યેાગવિંશિકા અને ષેાડશક-પર ટીકા, ને મહર્ષિ પાતંજલ યેાગસૂત્રેાપર લઘુ વૃત્તિ. આ સર્વ જૈન પ્રક્રિયા અનુસાર છે. ઉપાધ્યાયજીનું શાસ્ત્રજ્ઞાન તર્કકૌશલ અને યેાગાનુભવ ઘણાં ગંભીર હતાં. તેમણે પેાતાની વિવેચનામાં જે મધ્યસ્થતા, ગુણગ્રાહકતા, સૂક્ષ્મ સમન્વયશક્તિ અને સ્પષ્ટભાષિતા બતાવેલી છે તેવી અન્ય આચાર્યોની કૃતિમાં ઓછી નજરે પડે છે. " (પંડિત સુખલાલજી.) દેવચંદ્રજીએ આ ગ્રંથેા વિચાર્યા જણાય

છે; ને જૈનશાસ્ત્ર ધ્યાનપર વધુ ભાર મૂકે છે તેથી ધ્યાનપર પોતે પણ વધુ ધ્યાન આપ્યું હતું

ધ્યાનપર પ્રીતિ.

૮૦. ધ્યાન એ રાજયોગનું અંગ છે. ધર્મધ્યાન અને શુકલ ધ્યાન એ જૈનયોગમાં રાજયોગ છે. અધ્યાત્મ ને ધ્યાનને અરસ્પરસ નિકટ સંબંધ છે. અધ્યાત્મયોગમાં તત્ત્વચિંતન છે, ધ્યાનમાં પણ તત્ત્વચિંતન છે. લક્ષ્યને ઉદ્દેશીને પ્રશસ્ત અર્થબોધ થાય અને સૂક્ષ્મબોધથી સહિત હોય તેને ધ્યાનયોગ કહે છે. તેમાં એકાગ્રતા આવતાં ઘણો ઉંડો બોધ થઇ જાય છે. ચિત્તના ખેદ ઉદ્વેગાદિ આઠ દોષોનો અનુક્રમે નાશ થાય છે. અને સમતાયોગ પ્રાપ્ત થાય છે. વ્યાવહારિક દૃષ્ટિથી અમુક વસ્તુઓ ઇષ્ટ અને અમુક અનિષ્ટ છે તેવી કલ્પનાપર વિવેકપૂર્વક તત્ત્વનિર્ણય બુદ્ધિથી રાગદ્વેષનો ત્યાગ તે સમતાયોગ છે.

૮૧. દેવચંદ્રજી વિચારરત્નસારમાં (૧–૮૮૩) 'આત્મસમ અવસ્થાન ઉપયોગરૂપ ધ્યાનદશા કેવી રીતે પમાય ?' એ પ્રશ્ન ઉપસ્થિત કરી ઉત્તર આપે છેઃ—

'મોહવશ' જીવ પરભાવ અનુયાયિ પ્રવૃત્તિ કરે છે. મિથ્યા સુખની તૃષ્ણાએ ભૂલ્યો થકો સંસારભ્રમણ કરે છે; જ્યારે મોહસ્થિતિ ઘટે ત્યારે પરપ્રવૃત્તિ છુટે, અને જ્યારે પરપ્રવૃત્તિ ટળે ત્યારે વિષય થકી વિરક્ત બુદ્ધિ થાય, અને તેણે કરી મનોરોધ થાય, કેમકે કારણ વિના કાર્ય બનતું નથી, મનને ભમવાનું કોઈ કારણ કે ઠામ ન હોવાથી તે સંકલ્પ વિકલ્પ સ્યાના કરે ? જેમ તૃણ વિનાની ભૂમિમાં પડેલો અગ્નિ કોને બાળે ?–અર્થાત્ પોતાની મેળે ઉપશમી જાય છે તેમ વિષયવાંછા ટળવાથી મન પોતાની મેળેજ રૂંધાય અને મન રૂંધાયાથી મનની ચંચળતા મટે, તે વારે મન એકાગ્ર થઈને આત્માને વિષે પ્રવર્ત્તે.....એ સૂત્રે પણ ચારિત્રને આત્મપરિણામજ કહીએ છીએ, પણ બાહ્ય ક્રિયારૂપ નથી કહ્યું.....ત્યારે શુદ્ધાત્મોપયોગ અવસ્થાનરૂપ નિર્મળ ધ્યાનદશાની પરમ શીતળ શાંત સુગંધિની અનુભવ લેહેરીઓનું આત્મા આસ્વાદન કરે, તે સુખ આપણે પૌદ્ગલિક સુખના ભીખારીઓ શું જાણીએ ?

૮૨. દેવચંદ્રજીને ધ્યાન ઉપર અતિ પ્રેમ હતો. તે પરના ગ્રંથો વાંચ્યા વિચાર્યા હતા. શુભચંદ્રાચાર્યના જ્ઞાનાર્ણવ વગેરે પરથી 'ધ્યાનદીપિકા ચતુષ્પદી' પોતે છ ખંડમાં બનાવી છે તેનો હેતુ આ રીતે જણાવ્યો છે કેઃ—

'વૃથા જાણી ભ્રમ તજી, જાગો મોક્ષ નિમિત્ત
ગ્રહે રાજ્ય સમભાવનો, સંભાલી નીજ તત્ત.
વલી કોણ ઉપાય કરિ, જન્મ જાત દુઃખ જાય,
તૃષ્ણા વિષય તણી પ્રબલ, પ્રશમે કોણ ઉપાય
પૂજ્ય તેહ ગમાવિવા, કારણ કહીયો ગ્રંથ,
કરિ ઉદ્યમ અપનો કહું, બંધ મોક્ષનો પંથ.
ઊંચી ધ્વનિ કરિ ભવિકને, ગુરૂ દ્યે એ ઉપદેશ.
જિણ આવે નિજ શુદ્ધતા, રહે ન દુર્ગતિ લેશ. (૧–૪૫૫)

૮૩. આ આખો ગ્રંથ વાંચી મનન કરવા યોગ્ય છે. ધ્યાન સંબંધી આગમસારમાં પણ ટુંકામાં તેના પ્રકાર વિગેરે બતાવ્યા છે. (૧ લો ભાગ પૃ. ૪૮ થી ૫૪). ભાવના સંબંધી પણ ત્યાંજ કહેવામાં આવ્યું છે. તેમજ 'મુનિ પંચભાવના' ઉત્તમ પ્રકારે વર્ણવી છે (બીજો ભાગ પૃ. ૯૫૧ થી ૯૯૨) આ સર્વ ઉપરથી દેવચંદ્રજી પ્રબલ અધ્યાત્મરસિક હતા એ નિર્વિવાદ છે. તેમના સંબંધમાં તેમજ તેમના ગ્રંથો સંબંધી ઘણું ઘણું લખી-કહી શકાય તેમ છે અને થોડું થોડું લખતાં કહેતાં પણ ઘણો વિસ્તાર થઈ ગયો છે તો બીજું કોઈ બીજા સમયે અને સ્થળે કહેવા લખવાનું રાખી વિસ્તારભયથી આટલું જણાવીને અત્યારે સંતોષ પકડયો છે.

૮૪. દેવચંદ્રજી ઘણે પ્રસંગે શુષ્ક કવિ લાગે છે. આનંદઘનજી શાંત સાથે રસિક કવિ છે. દેવચંદ્રજીનું બહુશ્રુતપણું છે અને જ્ઞાની કવિ તરીકે શાસ્ત્રના કઠિન સિદ્ધાંતો સરળ ભાષામાં લાવવા દેવચંદ્રજીએ પ્રયત્ન કર્યો છે પણ તેમાં સંપૂર્ણ સફળતા મળી નથી એમ મારો નમ્ર મત છે. અમો એમ માનતો હતો કે 'જ્ઞાનીની કવિતા ન ગણીશ' તેવું દેવચંદ્રજી સંબંધે કહી શકાય. દેવચંદ્રજીએ ભક્તિ કયાંક કયાંક ગાઈ છે પણ સમુચ્ચયે તેનામાં વિચાર અને બુદ્ધિવાદનું પાધાન્ય છે. આ નિબંધનું મથાળું બાંધવામાં દેવચંદ્રજીને પંડિત કહેલા છે તે ખાસ હેતુપૂર્વક જ છે કારણ કે તેના શબ્દો પંડિતાઇનો વિશેષ પ્રમાણમાં ઝળકાટ મારે છે. તે શબ્દોમાં, જોઇએ તેવું સુંદર–રસિક કવિને શોભાવે તેવું પદલાલિત્ય સર્વત્ર નથી–

આનંદઘનજી ને યશોવિજયાદિમાં જોવામાં આવે છે તેવું નથી. જૈનેતર કવિઓ પૈકી અખો, પ્રીતમ, ધીરો, ભોજો આદિ સાથે દેવચંદ્રજીને સરખાવી શકાય પણ તે કરવાનો પ્રયાસ વિસ્તારભયથી અત્ર સેવ્યો નથી. "અખાની વાણીમાં સરળતા અતિશય છે-કઠિન સિદ્ધાન્તોનું સૂક્ષ્મ પ્રતિપાદન છે; પણ પ્રીતમની વાણી પાસે અખાની વાણી શુષ્ક લાગે છે. પ્રીતમની પંક્તિઓમાં મળતી મધુરતા-નથી અખામાં, નથી ધીરામાં, નથી નિષ્કુળાનંદમાં. પદલાલિત્ય જેટલું પ્રીતમમાં તથા ધીરામાં છે તેટલું અખામાં નથી. પ્રીતમ શાંત તથા શૃંગાર રસમાં સરખી શક્તિ પ્રકટ કરવા જાય છે, પણ શૃંગારની છાયા તેના શાંત રસમાં પણ પ્રવેશે છે. પ્રીતમમાં જ્ઞાન અને ભક્તિનું સમાન બળ છે, અખામાં વિચાર પ્રાધાન્ય છે. ભોજામાં મર્મ વાણી જબરી છે અને ઘણે પ્રસંગે કઠોર છે. ભોજો એક સાદો નિષ્કપટી પરમેશ્વરનો ભક્ત છે. અખો એક વિચારશીલ અને ચતુર કવિ છે. નરસિંહ અને પ્રીતમ પરમેશ્વરના અનુગ્રહને ઇચ્છે છે. અખો સ્વાશ્રયી છે. અખામાં જ્ઞાનની કંઈક ખુમારી છે." (રા. ન. દે. મહેતા)—જુઓ અખાની વાણીની પ્રસ્તાવના)

આમાં જણાવેલા દૃષ્ટિબિંદુથી દેવચંદ્રજીની તે જૈનેતર કવિઓ સાથે તેમજ જૈન કવિઓ સાથે સરખામણી કરી શકાય. નરસિંહ અખો દેવચંદ્રજીના પુરોગામી છે ને પ્રીતમ આદિ તેના પછી થયેલા છે.

૮૫ તેમના હૃદયનો આશય નયચક્રસારને અંતે જે રીતે જણાવ્યો છે તેજ આશય દરેક ભવિક પોતાના હૃદયમાં આલેખી રાખે ને તે પ્રમાણે વર્તન રાખે તો કલ્યાણમાર્ગ સમજાય ને મળે:—

'સૂક્ષ્મબોધ વિણ ભવિકને, ન હોયે તત્ત્વ પ્રતીતિ,
તત્ત્વાલંબન જ્ઞાન વિણ, ન ટલે ભવભ્રમભીતિ. ૧
તત્ત્વ તે આત્મ સ્વરૂપ છે, શુદ્ધધર્મ પણ તેહ,
પરભાવાનુંગ ચેતના, કર્મગેહ છે એહ. ૨
તજી પરપરિણતિ રમણતા, ભજ નિજ ભાવ વિશુદ્ધ,
આત્મભાવથી એકતા, પરમાનંદ પ્રસિદ્ધ. ૩
સ્યાદ્વાદ ગુણ પરિણમન, રમતા સમતા સંગ,
સાધે શુદ્ધાનંદતા, નિર્વિકલ્પ રસ રંગ ૪
મોક્ષ સાધનતણું મૂલ તે, સમ્યગ્દર્શન-જ્ઞાન,
વસ્તુધર્મ અવબોધ વિણ, તુસખંડન સમાન. ૫
આત્મબોધ વિણ જે ક્રિયા, તે તો બાલકચાલ,
તત્ત્વાર્થની વૃત્તિમેં, લેજે વચન સંભાલ ૬
રત્નત્રયી વિણ સાધના, નિષ્ફલ કહી સદીવ,
લોકવિજય—અધ્યયનમેં, ધરો ઉત્તમ જીવ. ૭
ઇંદ્રિય વિષય આસંસના, કરતા જે મુનિલિંગ,
ખૂતા તે ભવપંકમેં, ભાખે આચારાંગ. ૮
ધર્મ જાણી નાણી ગુણી, ન કરે પુદ્ગલ આસ,
શુદ્ધાત્મ ગુણમેં રમે, તે પામે સિદ્ધિ વિલાસ. ૯
સત્યાર્થ નયજ્ઞાન વિણ, ન હોયે સમ્યગ્જ્ઞાન,
સત્યજ્ઞાન વિણ દેશના, ન કહે શ્રી જિનભાણ. ૧૦
વક્તા શ્રોતા યોગથી, શ્રુત-અનુભવ-રસ પીન,
ધ્યાન ધ્યેયની એકતા, કરતા શિવસુખ લીન. ૧૧
૧-૧૮૭.

આ પછી તેઓશ્રી કહે છે કે:—

ધર્મ જાણી શાસનરુચિ, કરજે શ્રુત-અભ્યાસ,
પામી ચારિત્રસંપદા, લહેશો લીલવિલાસ.....
૧-૧૮૮.

૮૬. છેવટે આગમસારમાં (૧-૫૬) જે ગાથા શ્રીમદ્ દેવચંદ્રજીએ આપેલી છે તે ગાથા દરેક સુજ્ઞ વાંચકને ભળાવી મારું વક્તવ્ય વિશેષ ન વિસ્તારતાં હાલ હું શાન્ત થાઉં છું:—

जं सक्कं तं किरइ, अहवा न सक्केइ तहय सद्दहइ ।
सद्दहमाणो जीवो, पावइ अयरामरं ठाणं ॥

—જે બની શકે તે કરજો, અથવા જો ન બની શકે તો તથાપ્રકારે સદ્દહજો-શ્રદ્ધા રાખજો. સદ્દહણા-શ્રદ્ધા રાખનાર જીવ અજરામર સ્થાન પામે છે.

વીરાત્ ૨૪૫૧ આશ્વિન શુકલ અષ્ટમી. તવાવાલા બીલ્ડિંગ ત્રીજેમાળે લોહાર ચાલ. મુંબઇ. } સંતચરણોપાસક. **મોહનલાલ દલીચંદ દેશાઈ.** બી. એ. એલ્ એલ્. બી.

No. 1732. 3rd. May 1927.

To,

K. B. MARZBAN Esq. B. A.

Chairman, School Leaving Examination Board,

University of Bombay. BOMBAY.

Sir,

With reference to the letter of your Board No. 596 dated 20th April 1927, we the undersigned beg to bring to your notice the strong objections of the Jain Community all over India and in particular Gujerat to a book like "Gujerat-no-Nath" by Mr. K. M. Munshi being prescribed as a text book for study at any of the University Examinations. The lower the examination and by consequence the younger the age of the candidates studying for it, the force of our objections to the book is obviously all the greater.

You will realize our objections to the said book and other similar book of Mr. Munshi from a copy of the report prepared by the Sub-committee appointed on 29-8-26 by the Standing Committee of our Conference. A printed copy of the said report is herewith enclosed and marked A.

We may mention here that Mr. M. G. Kapadia who has made a dissenting minute to the said report has changed his view and has sent his explanation to Jain Dharma Prakash in Chaitra Issue wherein he states that the writings of Mr. Munshi are such as to offend Jain feelings.

Without going into the details as regards other books of Mr. Munshi referred to in the report of our Sub-Committee, we will specially invite the attention of your Board to our objections as regards " Gujerat-no-nath ". The author has therein depicted Udayan who is well known in the history of Gujarat as a Jain Minister of great calibre and political insight so low and wicked as to get the houses of Mohomedans burnt and killing Mussalmans and that a particular surviving Mussalman victim by name Khatib is made to reach Jaisingh's Durbar where justice is meted out to him and his community. Prof. N. B. Divetia in his prefece to the said book as also the author's note on page 78 leads one to believe that the author was not drawing, on his own imagination for such acts of cruelty on the part of the Jains but had relied on a book called Jame-ul-Hikayat for drawing materials. On reference to the said book we find that the writer of the said book has depicted that the fireworshippers a term which is never applied

to Jains burnt down the houses etc, belonging to the Mussalmans. The author as well as Prof. N. B. Divetia do not explain anywhere what led the learned author to twist the facts set out in the original and substitute Jains as the perpetrators of the cruelties rather than the fireworshippers. Hereto annexed and market "B" is a copy of the translation of Jame-ul-Hikayet.

The learned author furthermore depicts the said Jain minister Udayan to be running after and harassing a Brahmin girl a creature of his own fancy and has thereby tried his best to lower the character of Udayan for which history gives no record. Mr. Munshi has described his novels as historical novels. We annex an extract marked "C" from the critical and learned introduction to the book Mayanalladevi or "Gujerat-ni-mata" by Mr. N. V. Thakkur to show how misleading this description is. This extract will further show in what estimate Mr. Munshi's novels are held amongst the literary class.

We may mention that as soon as it was known that an attempt was made to introduce Mr. Munshi's novels in the University curriculum, we carried on correspondence with the University Registrar. We regret that our attention was not drawn by the Registrar that we should separately address your Board in the matter; otherwise we would have pointed out our objections to the Board before the said book was prescribed. On coming to know from the Secretary of your Board that the first 200 pages of "Gujerat-no-Nath" have been prescribed for the S. L. Examination 1928, we have requested the secretary of your Board to place the correspondence carried on by us with him as Registrar of the Bombay University before your Board. Hereto annexed and marked "D" is a copy of our letter dated 29th April 1927 addressed to the Secretary S. L. Examination Board.

From the correspondence passed between us and the Registrar you will see that we wrote to the Registrar of the Bombay University as far back as 7th March 1927 with a request to him to place our objections before the proper authorities. You will please further note that the Board sanctioned Mr. Munshi's book on 20th March 1927, after our objection as sent to the Registrar of the Bombay University.

The feeling of the Jain Community are very strong all over India and resolutions have been passed in public meetings not only in Bombay but in other towns and cities such as Ahmedbad, Surat, Bhavnagar, Cambay, Dhulia, Songadh Ambala etc; and reports thereof have appeared in ernacular papers in Bombay.

We have no intention of encroaching upon the right of the Board to prescribe such books as they select, but we feel that gross injustice has been done to the Jains in prescribing a book which wound their feelings inspite of their protests in public meetings held in various cities and towns and of which protes to the Registrar of the Bombay University was informed.

We are sure, the Board or the Sub-Committee would not have prescribed "Gujrat-no-Nath" for S. L. examination if the strong objections of our community had been placed before the Board.

We have ventured, Sir, to address this letter to you as president and to the Members of the Board through you because we feel certain that the Board, taking into consideration that among the different communities residing in India, the Jains stand second to Parsis in education, that the Jains have contributed richly towards art and literature not only of the province of Gujarat but all other provinces of India, that the Jains are well known for their charities and their donations need not be mentioned in details, the Clock Tower of the Bombay University being a donation of the Great Jain philanthrophist Sheth Premchand Raichand will not, by keeping the said book as text book, disregard the feelings of the whole of the Jain community in this matter.

Our objections to the said book being prescribed as a text book for any examination are not merely based on sentiment but on reason also. We do not know what ideal the Board wants to place before the students by prescribing a book which as shown above has distorted historical facts-a book which will give false notions about the history of Gujrat to students a book which depicts hatred of one class against another and does not contain any great principle of morality which may impress and benefit the students.

As the Board must be well aware there is no dearth of suitable books in Gujrati literature which can be prescribed as a text without the slightest objections from any individual or any community.

We trust that the Board, will in the light of what is stated above, reconsider the matter and substitute some other suitable book instead of "Gujrat-no-Nath" the book prescribed as a prose text for 1928.

We earnestly request you, Sir, to place this letter before the Board at a very early date for being favourable considered.

Soliciting an early reply.

We have etc.

(*Sd.*) **M. J. MEHTA**

(*Sd.*) **MOHANLAL B. JHAVERY.**

Resident General Secretaries.

ANNEXTURE **B**

History of India by its own Historians. Vol. 2

JAME-UL-HIKAYAT. *(Translation by Elliot.)*

RAI JAI SING OF NAHRWALA.

(I. VI. 2.)

Muhammad Ufi, the compiler of this work, observes that he never heard a story to be compared with this. He had once been in Kambayat (Cambay), a city situated on the seashore, in which a number of Sunnis, who were religious, faithful and charitable, resided. In this city, which belonged to the Chiefs of Gujarat and Nahrwala, was a body of fireworshippers as well as the congregation of Musulmans. In the reign of a king named Jaising, there was a mosque, and a minaret from which the summons to prayer was cried. The Fire-worshippers instigated the infidels to attack the Musalmans, and the minerat was destroyed, the mosque burnt, and eighty Musulmans were killed.

A certain Muhammadan, a Khatib, or reader of the khutba, by name Khatib Ali, escaped, and fled to Nahrwala. None of the courtiers of the Rai paid any attention to him, or rendered him any assistance, each one being desirious to screen those of his own peruasion. At last, having learnt that the Rai was going out to hunt, Khatib Ali set down behind a tree in the forest and waited the Rai's coming. When the Rai had reached the spot, Khatibali stood up, and implored him to stop the elephant and listen to his complaint. He then placed in his hands a Kasida, which he had composed in Hindi verse, stating the whole case. The Rai having heard the complaint, placed Khatib Ali under charge of a servant, ordering him to take the greatest care of him, and to produce him in Court when required to do so. The Rai then returned and having called his minister, made over temporary charge of the Government to him, stating that he intended to seclude for three days from public business in his harem, during which seclusion he desired to be left unmolested. That night Rai Jaising, having mounted a dromedary, started from Nahrwala for Kambayat, and accomplished the distance, forty parasangs, in one night and one day. Having disguised himself by putting on a tradesman's dress, he entered the city, and stayed a short time in different places in the market place, making enquiries as to the truth of Khatib Ali's complaint. He then learnt that the Mohamadans were oppressed and slain without any grounds for such tyranny. Having thus learnt the truth of the case, he filled a vessel with sea water and returned to Nahrwala, which he entered on the third

night from his departure. The next day he held a Court, and summoning all complaints he directed Khatib to relate his grievance. When he had stated his case, a body of the infidels wished to intimidate him and falsify his statement. On this the Rai ordered his water carrier to give the water-pot to them that they might drink from it. Each one tasting found that the vessel contained sea water, and could not drink it. The Rai then told them that he had failed unable to put implicit confidence in any one. because a difference of religion was involved in the case; he had himself therefore gone to Kambayat, and having made personal enquiries as to the truth, had learnt that the Muhammadans were the victims of tyranny and oppression. He said that it was his duty to see that all his subjects were afforded such protection as would enable them to live in peace. He then gave orders that two leading men from each class of infidels. Brahmans, Fire–Worshippers, and others should be punished. He gave a lac of Balotras " to enable them to rebuild the mosques and minarets. He also granted to Khatib four articles of dress." These are preserved to this day, but are only exposed to view on high festival days. The mosque and minaret was standing until a few years ago. But when the Army of Bala" invades Nahrwala, they were destroyed. Said Sharaf Tamin rebuilt at his own expense, and having erected four towers, made golden cupolas for them. He left this monument of the Faith in the land of Infidels, and it remains to this day.

(Tarsa This name is used for Christians and Fire–Worshippers. It would also some times seem to be applied to Bhuddists.)

These Balotras appear to derive their name from Balas.

In persian.

(One Mr. Writes this name "Balwa" another "Malu"–Malwa)

——:o:——

ANNEXTURE. C

રા. શ્રીયુત નારાયણજી વિસનજી હકકુરકૃત.

"મયણલ્લાદેવી–ગુજરાતની માતા"ની પ્રસ્તાવનામાંથી.

શ્રી વીરક્ષેત્ર–વડોદરામાં પ્રગટ થતા " સાહિત્ય " નામક માસિક પત્રના વર્તમાન વર્ષ ઇ. સ. ૧૯૨૪ ના જન્યુઆરી માસના પ્રથમ અંકમાં પ્રકાશિત કરાયલાં " પાટણની પ્રભુતા," એની મેાં. કુમાની નવલકથાઓ સાથે સરખામણી " શીર્ષક તુલનાત્મક અભ્યાસના પરિણામરૂપ તથા નિષ્પક્ષપાત લેખમાં તે લેખના લેખક રા. રામચંદ્ર શુકલે પેાતાના એ લેખને લખવાના કારણને દર્શાવતાં " સાંપ્રત કાળના સાહિત્ય ક્ષેત્ર" માં નાનાવિધ બીજોનું નિક્ષેપણ થવા લાગ્યું છે; અને નૂતન ફણગાઓ ફુટવા માંડયા છે. " પ્રજ્ઞાબંધુ " ના " સૌજન્ય " વિશેષાંકમાં રા. નારાયણ હકકુરે એક નવી વસ્તુનું આલેખન કરી આ ક્ષેત્રમાં ખળભળાટ જગાવ્યેા છે. આધુનિક નવલકથાકારોમાં ઉચ્ચ ગણાતા રા. કનૈયાલાલ મુનશીની " પાટણની પ્રભુતા," " ગુજરાતનેા

નાથ," અને "વેરની વસુલાત," નામક નવલકથાઓ વિશ્વવિખ્યાત ફ્રેન્ચ લેખક મોં. ડુમાની "થ્રી મસ્કેટીયસ્," "ટવેન્ટી યયર્સ આફ્ટર" અને 'મોન્ટેક્રિસ્ટો" ઉપરથી અનુકરણ રૂપે લખાએલી છે એમ તેમણે વ્યક્ત કર્યું છે. પ્રસ્તુત લેખમાં રા. મુનશીની "પાટણની પ્રભુતા" નામક નવલકથા મૌલિક નથી. કિન્તુ મોં. ડુમાની "થ્રી મસ્કેટીયર્સ" અને ટવેન્ટી યયર્સ આફ્ટરના આધારે લખાયલી છે એમ પુરવાર કરવાનો મારો વિચાર છે. રા. હકકુરે "પાટણની પ્રભુતા" એ માત્ર "થ્રી મસ્કેટીયર્સ" નું અનુકરણ છે એમ ઉલ્લેખ કરેલો છે; પરંતુ તે ન સ્વીકારતાં મને જે ઉપરોકત પુસ્તકોમાં સામ્યપણું દૃષ્ટિગોચર થયું છે તે હું બતાવીશ." આ પ્રમાણેનો લઘુ પ્રસ્તાવ કર્યો છે અને ત્યાર પછી "પાટણની પ્રભુતા"ની "થ્રી મસ્કેટીસ" તથા "ટવેન્ટી યયર્સ આફ્ટર" સાથે અત્યંત વિચાર તથા વિવેકપૂર્વક તુલના કરીને તેઓ આવા નિશ્ચય પર આવ્યા છે કે:—

"આ ઉપરથી આપણે જોઇશું કે મીનળનું પાત્ર ઘડવામાં એનના પાત્રનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મુંજલના પાત્રમાં બકીંગહેમની છાયા લેવામાં આવી છે. મુંજલમાં જે પ્રેમ છે, જે રાણી સાથે તેનો સંબંધ છે. તે બકીંગહેમના એન સાથેના સંબંધના ઉપરથી લખાયલું છે. મુંજલનું ચંદ્રપુર જવું, ત્યાં મીનળ સાથે સંબંધ, મીનળનું મુંજલ માટે પાટણ આવવું, બન્ને વચ્ચેનો પ્રેમ ઇતિહાસમાં કયાંય દ્રષ્ટિગોચર થતાં નથી. ઇતિહાસમાં તો માત્ર કર્ણદેવ એક ચિત્રકારે લાવેલી મીનળની પ્રતિકૃતિ જોઈ તેના પ્યારમાં પડે છે, મીનળ પાટણ આવી પરણે છે, શ્યામવર્ણી હોવાથી અણમાનીતી થાય છે, અને મુંજલની મદદથી પોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે, એવું આલેખવામાં આવ્યું છે. શ્રીયુત મુનશીએ પોતાના પાત્રોમાં ઐતિહાસિક ઘટનાઓને ચરતી મૂકી, આ આધારભૂત થયેલા પુસ્તકોજ ઇતિહાસ ગુજરાતના ઇતિહાસ તરીકે પલટાવી દીધો છે. 'પાટણની પ્રભુતા'માં મુંજલ અને મીનળનો પ્રેમ વાર્તાનું મધ્યબિન્દુ છે. કિન્તુ કર્ણદેવનું માત્ર ચિત્ર જોઈ તેની પાછળ મુગ્ધ થનાર બાળા મુંજલ સાથે પ્રેમ કયાંથી રાખે? રા. મુનશીએ આ પ્રમાણે ફ્રેન્ચ ઇતિહાસની કાયા પલટાવી આપણા ઇતિહાસમાં તેને આણ્યો છે, અને તેથી મીનળદેવી જેવી સતી સાધ્વી પતિપરાયણ અને પ્રાતઃસ્મરણીય રાણીને વળી ક્રૂર વ્યભિચારિણી જેવી ચીતરી ઇતિહાસનું ખૂન કર્યું છે. મીનળનું પાત્ર બનાવવા એન અને મીલાડીનાં પાત્રોનું સંમિશ્રણ કરવામાં આવ્યું છે. મીનળની ક્રૂરતા, કીનો લેવાની દાનત, ભયંકર કામ કરવાની હિંમત, સર્વ મીલાડી ઉપરથી લેવામાં આવેલાં છે. મુંજલના પાત્રમાં બકીંગહેમનો અંશ લેવામાં આવ્યો છે, છતાં મુખ્યત્વે કરી તે પાત્ર રીશેલ્યુ અને મેઝેરીનનું મિશ્રણ થઈ બનેલું છે એમ નિર્વિવાદ મનાય છે.

"આપણે હવે એક નવી વસ્તુ હાથમાં લઈશું. શ્રીયુત મુનશી અને અન્યજનો એમ જણાવે છે કે મીનળનો મુંજલ સાથે માત્ર હૃદય–પ્રેમ હતો; તેમનો દૈહિક સંબંધ નહતો. "હૃદયનો પુનર્જન્મ" નામક પ્રકરણમાં રા. મુનશી લખે છે. "કર્ણદેવ! પ્રભુ! સ્વામી!" તે મનમાં બોલી; તે પાસે પડેલા બીજા ઢોલીઆ તરફ ફરી, અને જયદેવનું મોહું જોયું; તેની રેખાએ રેખા તપાસી; તે મોઢામાં, તે રેખામાં કાંઇ અપરિચિતતા કાંઇ કઢંગાપણું દેખાયું. આ શબ્દોનો અર્થ વિચિત્ર લાગે છે. મીનળે કર્ણદેવને સંભાર્યો, અને જયદેવ સામું જોયું, તો તેનામાં અપરિચિતતા દેખાઇ આનો અર્થ શો? વસ્તુતઃ તેનો ભાવાર્થ એમ થાય છે કે જયદેવ શ્રીયુત મુનશીના મતાનુસાર કર્ણદેવનો ઔરસ પુત્ર નહતો, અને તેથી મીનળ વ્યભિચારિણી હતી એમ સાબીત કરે છે. 'હૃદય અને હૃદયનાથ' પ્રકરણમાં મુનશી મહાશય લખે છે:—"મેં તને કહ્યું, કે ક્ષુદ્ર વાસના ત્યાગી આપણે ગુજરાતના સ્તંભ થઇ રહેવું જોઇએ." ક્ષુદ્ર વાસના એટલે હૃદયલગ્ન નહીં, પ્રેમલગ્ન નહીં, પણ વિષયસુખાનુભવ. આ શબ્દ એમ સૂચન કરે છે કે ચન્દ્રપુરમાં મુંજલ પાછળ ગાંડી બનનાર મીનળનો તેની સાથે દૈહિક સંબંધ હશે. આ દિવસો યાદ આવવાથી મુંજલનો જીવ રહેંસાય છે. "મુંજલ! પરણીને તરત સંકેત સાચવવા હું રાજગઢ ઉતરી તે યાદ છે? તે પળ યાદ આવતાં હું બદલાઇ જાઉં છું તે વખતે તેં શું કર્યું?" આ સાંભળી મુંજલના ધૈર્યનો અંત આવે છે. પછી

મીનળ કહે છે. "એક પળ, તે રાતે મુંજાલ હતો તેવો થઇને રહે. શું મુંજાલ! ઓ મુંજાલ!" કહી રાણી પાસે આવી અને મુંજાલના હાથ પકડવા ગઇ, તે એકદમ પાછો હઠી ગયો. રાણીની ફાટેલી આંખોએ અને જવલંત મુખ ઉપર જે અગ્નિ દેખાતો હતો, તેણે તેને પણ બાળવા માંડયો." આ વાકયોનો શો માર્મિક અર્થ છે તે સહજ સમજાય તેમ છે. શ્રીયુત મુનશી આ જગ્યાએ ચોખ્ખે ચોખ્ખું હૃદયલગ્નને કોરે મૂકી, દૈહિક લગ્નની તૈયારીઓ કરાવે છે. બન્ને કામથી ઉત્તમ છે. પણ મુંજાલ છેવટે રાણીને, કચડી, પટકી, હ્યાસી જાય છે. આ ઉપરથી 'તે રાતે હતો તેવો થઇને રહે'નો અર્થ 'તે વખતે તેં શું કર્યું.....' એ શું સુચવે છે? માત્ર એટલુંજ સુચવે છે કે જે દૈહિક સંબંધ અહીંયા અધુરો રહયો તે તે રાત્રે અમલમાં મૂકાયલો. આથી આપણે જોઇએ છીએ કે રા. મુનશીએ મીનળ અને મુંજાલનો દૈહિક સંબંધ પણ જણાવેલો છે. શ્રીયુત મુનશી ઉપર તો પળે પળે તેમનો શુદ્ધ પ્રેમ હતો અને હૃદયલગ્ન હતાં એમ લખ્યા કરે છે, પણ મને લાગે છે કે તેમના ધ્યાન બહાર આ દૈહિક સંબંધ આલેખવામાં આવ્યો હશે. રા. મુનશીએ આ પ્રમાણે સ્વેચ્છાનુસાર ગમે તે ઘસડી કાઢી કલ્પનાના ઘોડા દોડાવી ગુજરાતના ઇતિહાસને કલંકિત કર્યો છે. આ ઐતિહાસિક ઘટનાઓના ખૂન વિષે દરેકજણ શ્રીયુત મુનશીની વિરૂદ્ધ પડયું છે, છતાં કલાવિધાન અને આવા લેખકોએ આવું કર્યું હતું એવા વાંધા ઉઠાવી રા. મુનશીનું કહેવું પ્રતિપાદન કરનારા, સત્યની હત્યામાં સદાચાર ગણનારા કેટલાક ભાઇઓ છે, જે ઘણે ભાગે મુનશીના પ્રશંસકોજ છે. આ વિષય ઉપર વિવેચન આગળ કરવામાં આવશે."

"રા. મુનશીની 'પાટણની પ્રભુતા' એ એક મૌલિક કૃતિ નથી, એમ વાંચકવર્ગ આથી સારી રીતે સમજી શકશે. ઇત્યલમ્."

મેં રા. કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓનાં સંબંધમાં જે આક્ષેપ 'પ્રજ્ઞબંધુ' ના રૌપ્ય મહોત્સવના વિશેષ અંકમાં કર્યો હતો તે આક્ષેપ રા. રામચંદ્ર શુકલના આ તુલનાત્મક લેખથી અક્ષરશઃ સિદ્ધ થઈ ગયો છે અને વાદે વાદે જાયતે તત્ત્વબોધઃ એ નિયમ અનુસાર રા. કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓના સંબંધમાં ગત વર્ષથી આરંભાયલી સાધક તથા બાધક ચર્ચાના પરિણામે જે સત્ય હતું તે પ્રકાશમાં આવી ગયું છે. એટલે હવે કોઇપણ વિચારશીલ મનુષ્યથી રા. કનૈયાલાલ મુનશીની 'પાટણની પ્રભુતા' તથા 'ગુજરાતનો નાથ' આદિ નવલકથાઓને ગુજરાતના ગૌરવને વધારનારી ઐતિહાસિક નવલકથાઓ તરીકે ઓળખાવવાની ધૃષ્ટતા કરી શકાય તેમ છેજ નહિ અને જો કોઇ મનુષ્ય એવી ધૃષ્ટતા કરશે તો તેનું કથન પક્ષપાતના પરિણામ કિંવા પાગલના પ્રલાપની કોટિનુંજ મનાશે એ સર્વથા નિર્વિવાદ છે.

હવે ઐતિહાસિક નવલકથાઓ શા કારણથી લખવામાં આવે છે એ વિષયનો આપણે કિંચિદ્ વિચાર કરીશું. ઇતિહાસનો વિષય અત્યંત ગંભીર તથા ગહન હોવાથી સંસારના અન્ય વ્યવસાયોમાં સંલગ્ન થયેલા સર્વસાધારણ મનુષ્યોથી ઇતિહાસનો અભ્યાસ કરી શકાતો નથી, અને તેથી કોઇપણ દેશના માનવ સમાજની ભાવિ ઉન્નતિ માટે તેના પોતાના દેશનું, તેની પોતાની જન્મભૂમિનું જે ઐતિહાસિક જ્ઞાન અત્યંત આવશ્યકીય મનાય છે તે ઐતિહાસિક જ્ઞાનથી સર્વસાધારણ જનસમાજ સર્વથા વંચિત રહી જાય છે. ભૂતકાળનો ઇતિહાસ ભાવિ ઉત્કર્ષના માર્ગનો સૂચક હોવાથી સર્વસાધારણ જનસમાજ પોતાની જન્મભૂમિના ભૂતકાલિક ઇતિહાસના જ્ઞાનને કોઇપણ પ્રકારના વિશેષ બૌદ્ધિક પરિશ્રમ તથા ગહન અભ્યાસ વિના સહજ મેળવી શકે એટલા માટે વિચારશીલ તથા વિદ્વાન પુરૂષોએ ઇતિહાસને ઐતિહાસિક નવલકથાના મનોરંજક સ્વરૂપમાં સર્વસાધારણ માનવસમાજ સમક્ષ રજૂ કરવાના અને ઐતિહાસિક નવલકથાઓ દ્વારા સર્વસાધારણ માનવ સમાજમાં ઐતિહાસિક જ્ઞાનને પ્રસારવાના સરલ માર્ગને શોધી કાઢયો છે એ નવીનતાથી દર્શાવવાની આવશ્યકતા હોય એવી મારી માન્યતા નથી. આવી રીતે સર્વ સામાન્ય જનસમુદાયમાં ઐતિહાસિક જ્ઞાનનો મનોરંજકતાપૂર્વક પ્રસાર કરવો એજ ઐતિહાસિક નવલકથાનો એક માત્ર પ્રધાન ઉદ્દેશ હોવાથી ઐતિહાસિક

નવલકથાની રચનામાં કલ્પના તથા કલાનું મિશ્રણ દાળમાં મીઠાના અથવા દુધપાકમાં શર્કરાના મિશ્રણ જેટલુંજ થવું જોઇએ, કે જેથી દાળ તથા દુધપાકની મૌલિક સ્વાદિષ્ટતા પ્રમાણે ઇતિહાસની મૌલિક વાસ્તવિકતા રક્ષાયલી રહે, અને તેમાં વિપરીતતા કિંવા વિકૃતિનો આવિર્ભાવ ન થવા પામે; કારણ કે, જો ઐતિહાસિક નવલકથામાં પણ નવલકથાકાર પોતાની યથેચ્છ કલ્પનાઓના નિરંકુશ અશ્વોને ગમે તેમ દોડાવવાની ધૃષ્ટતા કરતો રહે અને કલાના નામથી ઐતિહાસિકતાને પોતાની ઇચ્છા અનુસાર ભ્રષ્ટ તથા વિકૃત કરતો રહેતો તેથી ઐતિહાસિક નવલકથાનો જે વાસ્તવિક ઉદ્દેશ છે તે વાસ્તવિક ઉદ્દેશનો સર્વથા લોપ થઈ જાય છે, અને એવી કલ્પનાપ્રધાન ઐતિહાસિક નવલકથાઓ જનસમાજમાં દેશના વાસ્તવિક ઇતિહાસને બદલે ઇતિહાસની ભ્રષ્ટતાનેજ પ્રસારતી રહે છે, અને દેશના ઇતિહાસનાં ભૂતકાલિક ગૌરવને નષ્ટ કરી ભાવ ઉત્કર્ષને પણ અટકાવતી રહે છે ઇતિહાસની ભ્રષ્ટતા કિંવા વિકૃતિ એ શબ્દોથી મારો જે અર્થને દર્શાવવાનો આશય છે તે અર્થ એ છે કે ઇતિહાસમાં જે વ્યકિતનું ચારિત્ર્ય અધમ આલેખાયેલું હોય તે વ્યકિતના ચારિત્ર્યને ઐતિહાસિક નવલકથામાં આદર્શ કિંવા ઉત્તમ આલેખવાનો પ્રયત્ન કરવો એ જેવી રીતે ઇતિહાસની ભ્રષ્ટતા છે તેવીજ રીતે ઇતિહાસમાં જે વ્યકિતનું ચારિત્ર્ય આદર્શ કિંવા ઉત્તમ આલેખાયેલું હોય તે વ્યકિતના ચારિત્ર્યને કલા અથવા એવાજ અન્ય કોઇ પંગુ નિમિત્તથી બુદ્ધિપૂર્વક નીચ, હીન તથા અધમ આલેખવાની ચેષ્ટા કરવી તે પણ ઇતિહાસની ભયંકર ભ્રષ્ટતાજ છે. અને ઇતિહાસની એ ભયંકર ભ્રષ્ટતા રા. કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓમાં ભયંકર સ્વરૂપમાં આપણા જોવામાં આવી શકે છે. કારણ કે, ગુજરાતના સ્વામી તથા પાટણના પ્રભુ કર્ણ સોલંકીની જે સતી સાધ્વી ધર્મપત્નિ અને ગુજરાતનો નાથ સિદ્ધરાજ જયસિંહની માતા મહારાણી મયણલ્લાદેવી ચારિત્ર્યમાં અલ્પસ્વલ્પ કલંકને દર્શાવનારૂં એક પણ પ્રમાણ ગુજરાતના મીનળદેવી ઇતિહાસની ઉપલબ્ધ સામગ્રીમાં કયાંય પણ દૃષ્ટિગોચર નથી થતું. માત્ર એટલુંજ નહિ, પણ જેની નિષ્કલંકિતા, પવિત્રતા, પતિપરાયણતા તથા અલૌકિક પ્રજ્ઞવત્સલતાને દર્શાવનારાં પ્રમાણો ગુજરાતના ઇતિહાસ ગ્રંથોમાં જ્યાં દૃષ્ટિપાત કરીએ ત્યાં વિસ્તરેલાં જોવામાં આવે છે, તે પ્રાતઃસ્મરણીયા ગુજરાતની માતા, આપણ સર્વ ગુજરાતીઓની માતા મહારાણી મયણલ્લાદેવી-મીનળદેવીના નિષ્કલંક ચારિત્ર્યને રા. કનૈયાલાલ મુનશીએ 'પાટણની પ્રભુતા' નામક પોતાની લખેલી ઐતિહાસિક નવલકથામાં એક કુશળ વ્યભિચારિણી વનિતાના ચારિત્ર્ય પ્રમાણે આલેખવાની સ્નેહલગ્ન કિંવા હૃદયલગ્ન તથા કલાના નિમિત્તથી ચેષ્ટા કરી છે, અને તેમની એ ચેષ્ટા સર્વથા વિઘાતક તથા ઘૃણાજનક છે, એ વાર્તા વાદવિવાદના પરિણામે ઉપર જણાવ્યા પ્રમાણે જોકે નિર્વિવાદ સિદ્ધ થઈ ચૂકી છે; તથાપિ આવી ઐતિહાસિક નવલકથાઓ દ્વારા જનસમાજમાં જે ઇતિહાસ ભ્રષ્ટતાનો પ્રચાર થએલો હોય તે ઇતિહાસભ્રષ્ટતાના નિવારણ માટે અને સર્વ સાધારણ જનસમાજમાં ઇતિહાસની વાસ્તવિકતાને પ્રચારવા માટે જે ઐતિહાસિક નવલકથાઓમાં ઇતિહાસની વાસ્તવિકતાનું સંપૂર્ણ રક્ષણ કરાયલું હોય અને ઇતિહાસની વાસ્તવિકતાને મનોરંજક સ્વરૂપમાં સિદ્ધ કરવા પુરતુંજ જેમાં કલ્પનાનું કલાવિધાનયુકત મિશ્રણ કરાયલું હોય તેવી શુદ્ધ ઐતિહાસિક નવલકથાઓના લેખન તથા પ્રકાશની અત્યારના સમયમાં આપણા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રમાં અનિવાર્ય આવશ્યકતા હોવાથી 'પાટણની પ્રભુતા'ની પ્રતિવાદરૂપિણી પ્રસ્તુત 'મહારાણી મયણલ્લા અથવા ગુજરાતની માતા' નામક ઐહિાસિક નવલકથા લખવામાં આવી છે અને જેને ગુજરાતની પ્રજા મીનળદેવી નામથી ઓળખે છે, પરંતુ કર્ણાટકવાસિની હોવાથી જેનું વાસ્તવિક નામ મયણલ્લદેવી અથવા મયણલ્લાદેવી છે તે મહારાણી મયણલ્લાદેવીના આદર્શ જીવન ચરિત્રને અથ થી ઇતિ પર્યંત પ્રકાશ કરી શકાય એટલા માટે પ્રસ્તુત નવલકથામાં મયણલ્લાદેવીનાં કર્ણ સોલંકી સાથેના લગ્નનો પ્રસ્તાવ થયો ત્યારથી આરંભીને કર્ણાવતીમાં થયેલા કર્ણ સોલંકીના મૃત્યુની ઘટના પર્યન્તનો એટલે કે સંવત ૧૧૩૮ થી સંવત ૧૧૫૨ સુધીનો ૧૫ વર્ષનો સમય લેવામાં આવ્યો છે અને જો જીવન અવિચળ રહેશે તો સિદ્ધરાજ જયસિંહદેવની કાર્યકીર્તિની એક અન્ય ઐતિહાસિક નવલકથા પ્રસ્તુત નવલકથામાંના કેટલાંક પ્રધાન પાત્રોને આગળ લંબાવીને લખવાનો મારો મનોભાવ છે. પરંતુ મારી એ મનોરથ સિદ્ધિનો આધાર પરમાત્માની ઇચ્છાપર રહેલો હોવાથી અત્યારે હું વિશેષ કાંઈ પણ લખી શકતો નથી.

ANNEXTURE. D

No. 1698

29th April 1927.

To,

FARDUNJI M. DASTUR, Esq.
Secretary, School Leaving Examination Board,
University of Bombay. BOMBAY.

Dear Sir,

With reference to your letter dated 20th April 1927 bearing No. 596 of 1927 receipt whereof has been acknowledged by us on 26th April 1927, we beg to inquire of you whether you had placed before the members of the S. L. Examination Board or the Sub-Committee referred to in your letter under reply, the correspondence which passed between you as the Registrar of the Bombay University and us re-Mr. Munshi's books or whether you informed the members of the said Board or its sub-committee about the feeling of our Community against prescribing any of Mr. Munshi's books viz Patan-ni-Prabhuta, Gujarat-no-Nath, Raja Dhiraj, and Gujarat--na-Jyotirdharo, as a text book.

1 If you have not drawn the attention of the Board and the Sub-committee, we shall thank you to place before the same the correspondence which passed between us and you as Registrar of the Bombay University, the report of the committee appointed by us re- Mr. Munshi's books, and the resolution passed at the public meeting of the Jains in Bombay.

2 Similar resolutions were passed by Jains residing in other places, such as Ahmedabad, Surat, Bhavnagar, Cambay, Pattan, Dhulia, Songadh Etc, and reports thereof have appeared in most of the vernacular papers of Bombay.

3 We encolse herewith copy correspondence, copy report, and the copy resolution for placing the same before the Board of the S. L. Examination and the Sub-Committee.

4 We wish you had informed us in time whilst we carried on correspondence with you in this matter that a proposal was before the Board or its Sub-committee for prescribing books of Mr. Munshi for School Leaving Examination of 1928. In that event, we would have carried on correspondence with the Board or the sub-committee informing of the feelings of our community in this matter and would have furnished to them

copy report of our committee and copy resolution passed at the public meeting of the Jains in various cities and towns.

5 We trust you will place this letter and the papers sent herewith before S. L. Examination Board or the sub-committee and request them to review their decision and set aside the order prescribing 200 two hundred pages of Gujarat-no-Nath for the S. L. Examination.

6 We shall hereafter, if required, submit in details our reasons to the Board or the sub-committee for not prescribing Gujarat-no-Nath for the S. L. Examination.

Trusting that you will do the needful in the matter and inform us of the result and soliciting an early reply.

We have the honour to be,

Sir,

Your most obedient servants,

(*Sd.*) **M. J. MEHTA.**

(„) **MOHANLAL B. JHAVERY.**

Resident General Secretaries.

———:o:———

Anand Sagar P. Bombay 2.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ

[શ્રી૦ જૈન શ્વે૦ કૉન્ફરન્સનું માસિક-પત્ર]

પુસ્તક ૩ — ભાદ્રપદ-આશ્વિન.

અંક ૧-૨ — ૧૯૮૩

માનદ તંત્રી

મોહનલાલ દલીચંદ દેશાઈ

બી. એ. એલએલ. બી.

વકીલ હાઇકોર્ટ, મુંબઈ

વિષયાનુક્રમ.

વિષય.	પૃષ્ઠ.
લોગસ્સ–ચતુર્વિંશતિ જિનસ્તુતિ–તંત્રી	૧
જૈન કન્યાના મનોરથ–તંત્રી	૨
તંત્રીની નોંધ.	
૧ નવીન વર્ષ.	
૨ સંસ્થાઓમાં સહકાર.	
૩ પાટણ અને સુરતની જ્ઞાન સભા.	
૪ સુરતમાં એક તાડપત્રની પ્રત.	
૫ પ્રાકૃત પાઠાવલી.	
૬ પ્રબંધ ચિંતામણિનો પુનરુદ્ધાર.	
૭ જૈન ન્યાયાદિનો પઠનક્રમ.	
૮ સાક્ષર શ્રી રસીકલાલ છોટાલાલ.	
૯ શ્રીયુત મકનજી મહેતા તથા મોહનલાલ ઝવેરી.	
૧૦ અભિનવ વર્ષ મંગલં.	૨–૮
ખરા જૈને અગર ખરા જૈન બનવા ઇચ્છનારે શું કરવું?–પંડિત સુખલાલજી.	૯
'શીલવતીના રાસ' સંબંધી કંઇક રા. મંજુલાલ ૨. મજુમદાર B. A. LL. B.	૧૧
બાલચંદ્ર સૂરિનું વસંતવિલાસ મહાકાવ્ય. મૂળ અંગ્રેજી–સ્વ. ચીમનલાલ ડા. દલાલ M.A. અને ગૂ. અનુવાદક રા. ચંદુલાલ ગોસ. શાહ. B. A. LL. B.	૧૪
મોહપરાજય રૂપક નાટકનો સંક્ષિપ્ત સાર. પંડિત લાલન.	૨૨
પ્રાચીન પત્રો. સંગ્રાહક તંત્રી.	૨૫
The Highest Life of Blissful dom through knowied and Activity by shaw	૧
શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ–સુરત. તં	૨
પ્રાકૃત પાઠાવલી. પંડિત બહેચરદાસ જં	
આપણાં છાત્રાલયો અને શરીર સંપ રા. પોપટલાલ પુંજાભાઇ પરીખ.	
પ્રતિમાલેખો (સુરતના) રા. ડાહ્યાભાઇ ચંદ B. A. LL. B. વકી રા. પોપટલાલ પું. પરિખ.	
ભીમપલ્લીનું વીર–મંદિર (ઐ૦) પંડિત લાલચંદ ભ. ગાંધી.	
ચિતોડ ચૈત્ય પરિપાટી (ઐ૦ જયહે સંગ્રાહક તંત્રી.	
વિવિધ નોંધ.	
૬ ખારચીના યતિશ્રીનો ખુલાસો.	
૨ બનારસ હિંદુ યુનિવર્સિટી અને જૈ	
૩ જૈનો હિંદુ ગણાય કે?	
૪ સં. ૧૯૮૨ ના આસો વદિ અ સુધીનો રીપોર્ટ.	
૫ ઉપદેશકો અને સુરતમાં પ્રચાર કાર્ય.	
૬–૭ ઉપદેશકોનો પ્રવાસ.	૧૪
૮ શેઠ ફકીરચંદ પ્રે. સ્કોલરશિપ.	
૯ મંત્રીપદમાં ફેરફાર.	૨૨
૧૦ સુકૃત ભંડારની વસુલાત.	૨૫

જૈનયુગ

—જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયો ચર્ચતું ઉત્તમ જૈન માસિક.

—વિદ્વાન્ મુનિ મહારાજશ્રી તથા અન્ય લેખકોની કસાયેલી કલમથી લખાયેલા ગદ્યપદ્ય લેખો તેમાં આવશે.

—શ્રીમતી જૈન શ્વે. કૉન્ફરન્સ (પરિષદ્) સંબંધીના વર્ત્તમાન–કાર્યવાહીનો અહેવાલ સાથેમાથે અપાશે.

તો દરેક સુજ્ઞ આ પત્રના ગ્રાહક બની પોતાના મિત્રોને પણ ગ્રાહકો બનાવશે અને સંઘસેવા તથા પરિષદ્ના કાર્યમાં પુષ્ટિ આપશે.

ચાલુ વર્ષથી વાર્ષિક લવાજમ સહિત માત્ર ૩. ત્રણ

લખો–**જૈન શ્વે૦ કૉન્ફરન્સ**
૨૦ પાયધુની મુંબઇ

આ માસિક બહોળા પ્રમાણમાં ફેલાવો પામી રહ્યું છે. **જાહેરખબર આપ** માટે જે કબોલાનાં પત્ર છે; તો તેએ સરનામે લખવા કે મળવા ભલામણ છે.

જૈન યુગ

નવીન વર્ષ અંક.

આજે દીપોત્સવીનો દિવસ એ ભારતવર્ષમાં રાષ્ટ્રવાદના પુનર્જન્મની તિથિ છે. પછી અનેક પરાજયો થયા, નિરાશાઓ મળી એ છતાં આશાનો તારક અવિચળ છે. ભારત પુનર્જન્મ પામી રહ્યું છે.

આજે એનું સ્મરણ થઇ રહ્યું છે. આજે એકજ નિરધાર રચીએ. જે મહામાતાના ખોળામાં આપણે સૌ હિન્દુ, મ, પારસી, શીખ, જૈન આનન્દે ખેલીએ છીએ; જે જનની, કોઇ કોમના કે ધર્મના ભેદ વિના આપણને સરખું પોષણ આપી રહી છે, તેના પુત્રો તરીકે એકજ નિરધાર રચીએઃ વિખવાદ અને વિતંડાવાદ અમારે જોઇએ; અસમાન અને અસહિષ્ણુતા અમારે નહીં જોઇએ; અમે સૌ અરસપરસ બિરાદરોનાં આલિંગન દઇશું, હૃદય ભેટાડી નવચૈતન્ય મેળવીશું અને સામાન્ય ધ્યેયને માટે સ્વાધીનતાની દેવીની આરાધના માટે એક ય ઝુઝીશું ! —**સૌરાષ્ટ્ર** ૨૨-૧૦-૨૭.

સ્તક ૩ વીરાત્ ૨૪૫૩ સં. ૧૯૮૩ ભાદ્રપદ અને આશ્વિન અંક ૧-૨

'લોગસ્સ'—ચોવીસ જિન સ્તુતિ.

[હે કર્મની કથા કદાપિ વ્યર્થ જનારી—એ ઢાળમાં.]

કના ઉદ્યોતકર ધર્મ-તીર્થંકરો,
ની સ્તવું હું જિન ચોવીસ અર્હંતો—લોકના૦
ભ અજિત સંભવ અભિનંદન સુમતિ
પ્રભ સુપાર્શ્વ ચંદ્ર પ્રભને વંદું હું—લોકના૦
ધિ પુષ્પદંત શીતલ, શ્રેયાંસ વાસુપૂજ્ય
મલ અનંત ધર્મ શાંતિ જિનને નમું—લોકના૦
રનાથ મલ્લિ મુનિસુવ્રત નમિ
નેમિ પાર્શ્વ વર્ધમાનને નમું—લોકના૦
કર્મરજ ઉડાડી જરા-મરણ ક્ષીણ કર્યા
તીર્થંકર ચોવીસ મુજ પર પ્રસન્ન હો—લોકના૦
લોકમાં સ્તવ્યા વંદાયા ને પુજાયા જે
ઉત્તમ રહી જે થયા સિદ્ધ ભગવતો—લોકના૦
દ્રવ્ય-ભાવથી આરોગ્ય બોધિલાભ ને
ઉત્તમ સમાધિવરનું દાન તો કરો—લોકના૦
ચંદ્રથી અધિક વિમલ સૂર્યથી અધિક
પ્રકાશ જગતમાં કરે જે સિદ્ધ ભગવતો—લોકના૦
મહાસમુદ્રની સમા, ગંભીર સર્વદા
એ સિદ્ધ પ્રભુ અમોને સિદ્ધિ આપતા રહો—લોકના૦

ત્રી.

જૈન કન્યાના મનોરથ.

માઢ.

(ધન ધન વો જગમેં નરનાર, વિમલાચલ કે જનેવાલે
એ રાહમાં)

જિન પ્રભુ અમારા દેવ, અમે તો સદા વિજયને વરશું
અમે છીએ વિજેતા બાળ, અમે તો સદા વિજયને વરશું
રિવાજ ખોટા ઘણા પડયાથી, સમાજ છિન્નભિન્ન થાય,
પ્રજા બિચારી સત્ત્વહીન ને, નિર્બળ થાતી જાય
જુની એ જુલમી છે કુરીત, અમે તો હિંમતથી દુર
કરશું-જિન.

તન મન ધનથી સહાય દઇ દુઃખ, દીનના કરશું દૂર,
પતિતપાવની ગંગા બનીને, વહેશુ દયાનાં પૂર,
હૃદયમાં ધરી પ્રભુનું ધ્યાન, દયાની દેવી થઇને
વિચરશું-જિન.

શુદ્ધ ગૃહિણીના પાળીશું, સતિના ધર્માચાર,
પવિત્ર ભૂષણ શીલનું સજીને, ભરીશું ગુણભંડાર
દર્શન જ્ઞાન અને ચારિત્ર, અમે એ વડે મોક્ષને
વરશું-જિન.

તંત્રી.

—આ બંને કાવ્યો ગત વિજયાદશમીને દિને શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના થયેલા ૩૬ મા વાર્ષિક મેળાવડા પ્રસંગે તે સભા હસ્તક ચાલતી કન્યાશાળાની બાળકીઓએ ગાયાં હતાં.

તંત્રીની નોંધ.

૧ નવીનવર્ષ.

આ પત્ર હવે ત્રીજા વર્ષનો પ્રારંભ આ અંકથી કરે છે. સાંવત્સરી પર્વ ભાદ્રપદમાં આવે છે, તે પર્વનું નામજ બતાવી આપે છે કે પ્રાચીન કાલમાં જૈનોનું વર્ષ ભાદ્રપદથી પ્રારંભ પામતું હતું. આ પત્રનો પણ ભાદ્રપદમાં પ્રારંભ એક અકસ્માત્ ઘટના થઈ તે ઘટના પણ સ્થાને યોગ્યજ હતી એમ જણાય છે.

જૈનશ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ એ શ્રીમતી કૉન્ફરન્સ દેવીનું પહેલાં મુખપત્ર હતું, તેની છેવટની કારકીર્દિનાં સાતેક વર્ષનું તંત્રીપણું કરીને અમે તે મૂકી દીધું ત્યાર પછી તે બંધ રહ્યું. પુનઃ તે સજીવન કરવાના પ્રયત્ન થયા ને આ પત્ર નવા નામે શરૂ થયું ને તેનું તંત્રીપણું લેવાનું અમારા લલાટે લખાયું હતું તે અમારા મુરબ્બી વડિલ મિત્ર મકનજી જે. મહેતાના આગ્રહથી અમારે સ્વીકારવું પડયું. તેને બે વર્ષ થઈ ગયાં. તે દરમ્યાન તેણે જે જે સેવાઓ કોમના પ્રશ્નો ઉકેલવામાં, જાહેર રીતે મૂકવામાં, ધર્મ તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સમાજ આદિ ક્ષેત્રને લગતા લેખો બહાર પાડવામાં બજાવી છે તે પ્રજાસમક્ષ છે તેથી તેના સંબંધી ખરો અભિપ્રાય પ્રજાએ આપવાનોછે.

બનતાં સુધી આ પત્રે સ્વીકારેલી નીતિજ સ્વીકારીને ચાલુ રાખી છે. એતો સ્પષ્ટ વાત છે કે સમગ્ર ભારતમાં કોઇપણ એક અને મહાન્ સંસ્થા ખરી કાર્યસાધક નિવડે તેવી હોય-પ્રજામાં જોશ મૂકી પ્રજાનું સમસ્ત પ્રકારે કલ્યાણ સાધવાના બળવાળી હોય,-જૈન સમાજનું નાવ યથાપ્રકારે હંકારવાની યોગ્યતા ધરાવતી હોય તે શ્રી કૉન્ફરન્સ-પરિષદ્ની સંસ્થા છે. તેથી તેને પોષવાનો-વૃદ્ધિંગત કરી બલવતી, સાધનસંપન્ન અને સ્મૃદ્ધિશાળી કરવાના દરેક જૈન વ્યક્તિ, પત્ર, અને સંસ્થાના પ્રયત્નો જૈન આલમને સુખરૂપ નિવડશે, એમ અમારૂં માનવું છે અને દરેક સુજ્ઞ વિચારક સ્વીકારશે.

ખોટાં બણગાં ફૂંકવાથી ખરો અર્થ સરતો નથી. અલ્પસાર અતિવિસ્તારવાળા લેખો કે ભાષણોથી નકામો કાલક્ષેપ થાય છે. ધોંધાટ અને અતિ પ્રશંસાની તાળીઓમાં કાર્યશક્તિ વેડફાઇ જાય છે; મુંગી સેવા, પક્ષાપક્ષી વગર ઉદાત્ત ઉદારતા અને પરમતસહિષ્ણુતા રાખી કર્યે જવામાંજ પ્રજાને આગળ વધારી શકાય છે અને પ્રજાને તૈયાર કરવાનું બીજાં બળ પેદા કરી શકાય છે. બીજાને ખોટા ઉતારી પાડી પોતાની બડાઈનાં વાજાં વગાડવામાં સાધુતા નથી. વેશમાં, વાર્ત્તાલાપમાં કે કૃતિમાં સાદાઇ, સીધાઇ, ચીવટાઇ અને ચોકસાઈમાં સાધુતા છે-ગુણ ચારિત્ર્ય ઘડતર છે. આ વાતો અમે પત્રકારો સમજી લઇશું,

કાર્યમાં ઉતારીશું ત્યારે પ્રજાને સત્ય સંદેશો મળશે, પ્રજા આગળ ધપશે અને અરસપરસ બિરાદરીને આલિંગન દઈને હૃદયે હૃદય ભેટાડી સ્વાધીનતાની દેવીની આરાધના માટે એક સાથે ઝૂઝીશું.

સમાજમાં અનેક જાતનાં દુઃખો છે, જુલમી પ્રથાઓ છે, અંધશ્રદ્ધા અને અજ્ઞાનનાં જાળાં છે, ધનના દુર્વ્યય છે, દરિદ્રતાના ઢગલેઢગલા છે. અનેક autocrats છે, સડેલી સંસ્થાઓ છે, ધર્માદા ખાતાઓના ગેરવહીવટ છે, શિક્ષણ સંસ્થાઓમાં અવ્યવસ્થા છે. આ બધું સાફ સ્વચ્છ ન થાય ત્યાં સુધી સમાજનો ઉદ્ધાર થાય તેમ નથી. પચાસ વર્ષ સુધી અત્યારે જેમ છે તેમને તેમ ચાલ્યું તો સમાજની શી સ્થિતિ થવા પામશે એનો વિચાર લોકના કહેવાતા નેતાઓએ-વિચારકોએ કદિપણ કર્યો છે ? તેવો વિચાર પુખ્તપણે દીર્ઘદૃષ્ટિથી કર્યા વગર છૂટકોજ નથી—અને એ વિચારને અંગે યોજનાઓ કરી કાર્ય આરંભી સતત્ પુરૂષાર્થથી તે ચલાવ્યા વગર બીજો ઉપાય નથી. ચોખ્ખે ચોખ્ખું પણ સંયમવાળી ભાષામાં વિનયપૂર્વક સંભળાવી દેવું ઘટે છે, અને સડાને જાહેર પાડી તેને દૂર કરવાની જરૂર છે. આ બધું સમજી સમાજના સર્વ અંગોનો પુનરૂદ્ધાર—સમાજની પુનર્ઘટના કરવામાં સૌ સુજ્ઞો પોતપોતાનો ફાળો આપે—અમારા વિનીત કાર્યમાં સહકાર આપે એજ અમે ઇચ્છી પ્રભુ પ્રત્યે પ્રાર્થીશું કે ' આરોગ્ગ બોહિલાભં સમાહિવરમુત્તમં દિન્તુ ' દ્રવ્યારોગ્ય અને ભાવારોગ્ય, બોધિલાભ, ઉત્તમસમાધિ સૌને આપો.

૨ સંસ્થાઓમાં સહકાર.

દરેક ગામ કે શહેરમાં—જ્યાં જ્યાં એક કરતાં વધુ જૈન સંસ્થાઓ હોય તે જનોપયોગી કાર્ય પોત પોતાના ક્ષેત્રમાં રહી કર્યે જતી હોય તો તે સર્વ સંસ્થાઓ વચ્ચે અરસપરસ સહકાર-મેળ પ્રેમ અને શુભ લાગણી હોવાં જોઇએ. એમ જ્યાં ન હોય ત્યાં એકનો વિરોધ કરવા જતાં પોતાને હાનિ આડકતરી રીતે પહોંચે છે એટલુંજ નહિ, પરંતુ તે પ્રદેશના વાતાવરણમાં વિખવાદ રૂપી ઝેર પેસતાં ત્યાંના સંઘ રૂપી આખા વૃક્ષને જડ઼ા લાગે છે.

મુંબઇમાં જોઇએ તો મુખ્ય કેન્દ્રસ્થ સંસ્થા કૉન્ફરન્સની ઑફિસ છે. બીજી જૂતામાં જૂની જૈન એસોસિએશન ઑફ ઇંડિયા નામની સંસ્થા છે. કેળવણીની સંસ્થાઓમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી મુંબઈ માંગરોળ જૈન સભાની હસ્તક ચાલતી જૈન કન્યાશાળા આદિ, મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરી વગેરે છે. આ સર્વમાં સાધારણ રીતે તે તેની વ્યવસ્થાપક સમિતિઓમાં મોટા ભાગે એકના એક ગૃહસ્થો છે. આ બધી સંસ્થાઓ પોત પોતાના મંત્રીઓ દ્વારા પોત પોતાનું ક્ષેત્ર સાચવી કામ કર્યા કરે, અને એક બીજીને સહાય, સહકાર અને શુભ લાગણીનાં આંદોલનો આપતી રહે, તે ઇષ્ટ અને કાર્યસાધક છે. 'એક તાણે પોતાના ગામ ભણી અને બીજી તાણે પોતાની સીમ ભણી'—એમ ખેંચાખેંચી અને હોંસાતોંસીમાં સમાજના શરીરની દોરી તૂટવાનો સંભવ રહે; કદાચ ગાંઠ પણ પડે; આવી ગાંઠ ન પડે, તૂટિ ન આવે એટલુંજ નહિ પણ સર્વ બલવતી રહીને મુખ્ય સંસ્થાને વધારે બલવતી કરે, તો તે દોરી અનેક ગણી વણાતાં મોટું 'રાંઢવું' બને અને તેનાથી દુઃસાધ્ય કાર્યો પણ સુસાધ્ય કરી શકાય.

ઘણી વખત એમ લાગે છે કે વધુ વધુ સંસ્થાઓ થતાં લાભને બદલે હાનિ થાય છે તેથી તે બને તેટલી મજબૂત અને સંગીન કાર્ય કરી શકે તેટલી સંખ્યામાં કરવી. એકજ પ્રકારની સંસ્થાઓ જેમ બને તેમ ઓછી રાખવી; આમ થાય તો એક સમાન પ્રકારનું કાર્ય વધુ વ્યવસ્થિત અને કાર્યસાધક બને છે. આમ કરવામાં ઘણી વખત વ્યક્તિત્વથી અહંતાને આઘાત પહોંચે છે; પરંતુ બીજ પોતાના વ્યક્તિત્વનો નાશ કર્યા વગર વૃક્ષ ઉગાડી શકતું નથી એ ખાસ ધ્યાનમાં રાખવું ઘટે છે. આમ ન બની શકે તો મુખ્યતઃ એક બીજા પ્રત્યે સહકાર સાધી એક બીજાની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ રહેલી છે એ દૃઢપણે માનીને તે પ્રમાણે કાર્ય કરવામાં ઇષ્ટતા છે. દરેક શહેરમાં એક કરતાં વધુ જૈન સંસ્થાઓ આવેલી છે તે સર્વના કાર્યવાહકો ઉપરની હકીકત ધ્યાનમાં રાખી પોત પોતાનું કાર્ય પ્રેમ અને આદર ભાવથી સમસ્ત સમાજના એકંદર શ્રેયની ભાવના રાખી કરશે.

૩ પાટણ અને સુરતની જ્ઞાનયાત્રા.

ગત મે માસમાં પાટણના જૈન ગ્રંથ ભંડારો જોવા જતાં ત્યાં શેઠ ભોગીલાલ હાલાભાઈને ઘેર રહી જે સગવડ, સાધન મળ્યાં હતાં તે માટે તે સજ્જન મહાશયનો અત્યંત આભાર માનીએ છીએ. પાટણ તે ગૂજરાતનું એક વખતનું છસો સાતસો વર્ષ સુધીનું પાટનગર, જૈન મુસદ્દી અને મંત્રીઓનું કાર્યક્ષેત્ર, અને મુખ્ય જૈન શહેર, અહીં પહેલી વખત આવવાનું થયું. ખાસ ગૂજરાતી ભાષાની કૃતિઓ, 'જૈન ગૂર્જર કવિઓ' નામનું જે પુસ્તક શ્રીમતી ક્રૉન્ફ્રન્સ દેવી તરફથી બહાર પડે છે તે માટે જોવામાં આવેલી. ત્યાં ફોફલીઆ પાડાના, સંઘના તથા સાગર ઉપાશ્રયના ભંડારો તે માટે જોવામાં આવ્યા. લગભગ પંદરેક દહાડા ત્યાં નિવાસ હતો. ત્યાંથી અનેક સામગ્રી ઉક્તગ્રંથમાં આવેલ કૃતિઓની ત્રૂટિઓ પૂર્ણ કરવામાં મળી. આમરા તે સંગ્રહગ્રંથમાં મૂકા-યેલ કૃતિઓમાં મુખ્યપણે પ્રવર્ત્તક શ્રીમત્કાંતિ વિજયજી, જિનવિજયજી આદિની સહાયથી પાટણના ભંડારોમાંથી કૃતિઓની પ્રશસ્તિઓ લગભગ આવી ગઈ હતી, તેથી તેનાં નહિ ઉતારેલાં મંગલાચરણો વગેરે લખી લેવામાં આવ્યાં અને એ રીતે તે સંગ્રહ તેટલો સંપૂર્ણ બની શકયો. નવિન બહુ જુજજ હતું.

સુરતમાં શેઠ જીવણચંદ સાંકરચંદ ઝવેરીના મિત્ર શેઠ ભુરાભાઈ નવલચંદ ઝવેરીને ત્યાં રહી આ અકટોબર માસમાં ત્યાંના જૈન ગ્રંથ ભંડારો જોવાનું બન્યું; તેમાં શ્રી સીમંધર સ્વામીના મંદિરાંતર્ગત ગ્રંથ ભંડાર જૂનો હતો–તે, વડા ચૌટાના ઉપાશ્રયનો ભંડાર, વડાચૌટાનો બીજો અમારા મિત્ર રા. ડાહ્યાભાઈ મોતીચંદ વકીલ હસ્તકનો ભંડાર, શ્રી મોહનલાલજી ભંડાર, જિનદત્ત સૂરિ ભંડાર અને શ્રી જૈનાનંદ પુસ્તકાલય ભંડાર જોવા મળ્યા. શ્રી ચિંતામણી પાર્શ્વનાથના મંદિર, તથા સગરામપુરાના ઉપાશ્રયમાંની થોડી પ્રતો પણ જોઇ લીધી. આ જોવા કારવવામાં ઉક્ત શેઠ ભુરાભાઈ ઝવેરી, રા. ડાહ્યાભાઈ વકીલ કે જેમણે ખાસ ઓરપાડથી આવી બે દિવસ સાથે જ રહી બધી સગવડતા કરી આપી હતી. શેઠ ચુનીલાલ ગુલાબચંદ દાલીઆ, રા. મગનલાલ બદામી વકીલ, શેઠ બાલુભાઇ ઉત્તમચંદ, રા. હાકોરભાઇ, શેઠ પાનાભાઈ ભગુભાઇ, રા. પોપટલાલ પુંજાભાઈ શાહ (સુપ્રી. જૈન વિદ્યાર્થીઆશ્રમ), શેઠ રતનચંદ ખીમચંદ આદિએ જે સહાય આપી છે તે માટે તે સર્વનો ઉપકાર માનીએ છીએ. દરેક શહેરમાંથી–ગામમાંથી આવા સહાયકો ઉત્તેજકો અને પ્રેમી ભાઇઓ મળી આવે, તો જૈન સાહિત્યનો ઉત્કર્ષ વહેલો સધાય એમાં શક નથી. આ સાથે સાહિત્યકારો–સાહિત્ય માટે કાર્ય કરનારાઓની પણ ખાસ આવશ્યકતા રહે છે.

પાટણ અને સુરતની જ્ઞાનયાત્રા એ અમારા માટે ચિરસ્મરણીય પ્રસંગો પૈકીના પ્રસંગો છે. ત્યાં અનેક ભંડારો મોજૂદ છે, અને દરેકની અલગ અલગ વ્યવસ્થા છે. પાટણના ભંડારો એકત્રિત કરી સારા 'ફાયરપ્રુફ' મકાનમાં વ્યવસ્થાપૂર્વક રાખી દરેક જ્ઞાનપિપાસુને સરલતાથી મળી શકે તેમ કરવાની ખાસ જરૂર છે. આવા મકાનની જરૂર માટે પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજીએ ઘણો પ્રયત્ન સેવ્યો હતો. ત્યાંના પ્રસિદ્ધ ધનવાન શેઠ સંઘવી નગીનદાસ સ્વરૂપચંદના હૃદયમાં તેવું મકાન કરાવી આપવાનો ભાવ પૂરો છે અને તે માટે ખાલી જગ્યા પણ લઇ રાખેલ છે. હવે તે પર સુસ્થિત મકાન બંધાવવાનો આદર તુરતમાં કરી ત્યાંના ગ્રંથ ભંડારો માટે ખાસ આવશ્યક મકાન પૂરું પાડશે એવી અમો નગીનદાસ શેઠને ખાસ વિનંતિ કરીએ છીએ. સુરતમાં શ્રી મોહનલાલજી, શ્રી જૈનાનંદ અને શ્રી જિનદત્ત એ ત્રણ ભંડારો માટે પથ્થરનાં સુંદર મકાનો થયાં છે તે માટે સુરતની જૈન સમાજને અમે ધન્યવાદ આપીએ છીએ. તેજ પ્રમાણે બીજા ભંડારોનું થશે એમ ઇચ્છીએ છીએ.

બીજું બધાં ભંડારમાંનાં પુસ્તકોની વિસ્તૃત સૂચિઓ–ટીપો નથી થઇ તે થવાની જરૂર છે. શ્રી જૈનાનંદ પુસ્તકાલય સુરત, ની ટીપ વિસ્તૃત છે. તેની તેમજ શ્રી મોહનલાલજી ભંડાર સુરતની વ્યવસ્થા સારી છે. બાકી સામાન્ય રીતે આપણા ભંડારોનો ઉદ્ધાર દરેક જ્ઞાનપંચમીએ એકત્રિત સૂર્ય પ્રકાશ દેખવા જેટલો ઘણે સ્થળે થતો હશે; અને કેટલેક સ્થળે તો તે પર્વને દિવસે પણ તેટલું થતું હશે કે નહિ એ સવાલ છે.

જૈનોને માટે પૂર્વાચાર્યો કૃત ગ્રંથો એ મોટે

જબરો વારસો છે; તેનું મૂલ્ય કરોડો રૂપીઆ પણ આંકી શકે તેમ નથી. તેનો નાશ થયો તો જૈન ધર્મનો-તત્ત્વજ્ઞાનનો પણ સાથેજ નાશ છે. તેની રક્ષા તેજ ખરી ધર્મરક્ષા છે. ધર્મ ટકવો ન ટકવો એ તેના સાહિત્યપર અવલંબે છે. આ વિચાર પ્રધાનપણે મનમાં રાખી જ્યાં ગ્રંથ ભંડારો કે ગ્રંથો કે પ્રતપાનાં હોય તે સર્વનો ઉદ્ધાર જ્યાં તેને સુવ્યવસ્થિત રાખી શકાય ત્યાં રાખી કરવાની જરૂર છે. અમોને આવાં છૂટાં છવાયાં વ્રત પાનાંઓ ચોપડા ગુટકા આદિ મોકલવામાં આવશે તો તેનો સદુપયોગ કરવા ઉપરાંત ઉદ્ધાર કરવાના સર્વ પ્રયત્નો લઈશું. પ્રભુ ! સૌને સુબુદ્ધિ સુઝાડે.

૪ સુરતમાં એક તાડપત્રની પ્રત.

શ્રી હુકમમુનિના અપાસરામાં શેઠ રતનચંદ ખીમચંદે અમને લઇ જઇ એક સં. ૧૪૯૦ ની સાલની લખેલી લગભગ એક હાથ લાંબા ૩૨૬ પૃષ્ઠવાળા તાડપત્રની પ્રત અમોને બતાવી હતી. તે પ્રત જોઈ અમને ઘણો આનંદ થયો; તે ન્યાયાલંકાર જૈનેતર ન્યાયનો ગ્રંથ છે તે મૂલ ઉદયન કૃત છે અને તે પર શ્રી કંઠનું ભાષ્ય છે અને તે પર પ્રસિદ્ધ જૈન ન્યાયશાસ્ત્રી અભયતિલક ગણિની ટીકા છે. આની પ્રશસ્તિ અમે ત્યાં ને ત્યાં ઉતારી લીધી તે અમે આપીએ છીએ:—

इति प्रमाणांतरोपनय प्रयासो द्रव्य निग्रहस्थान द्विक प्रकरणं संपूर्ण टीका.....

श्री लक्ष्मीतिलको मुदेस्तु भगवान् श्री न्यायतुर्याग्रिमा
ध्याये भूमिगृहे स्थितानपि रहस्यार्थान् समाद्योतयन्
श्रेयः स्नेहभरा क्षयो न च मनाक्वंथो पि दुर्वादिवाग्
वातैरद्ययसदृशः खलु नवो यद् गीः प्रदीपोदयः ॥१॥
प्राक् संहत्य सुरासुरेण जलधिं व्यालोड्य हेमाद्रिणा
दूतं सारमुपाददे स्वयमहो एकांगमल्लस्तु यः ।
न्यायांभोधिममुं विगाह्य परितो बुद्धया कुशाग्रीय या
सामस्त्येन महार्थसारमचिराल् लात्वाध्यतारीन्मम ॥२॥
तस्य श्री जिनरत्नसूरिचरणां-भोजांतिके धीतिनः
श्रीं लक्ष्मीतिलकाभिषेक नृपते-र्नानार्थरत्नैर्छलत् ।
कुर्वाणात्र सुवर्णदंडरुचिरा दुर्गार्थवृत्तेच्छला-
देतस्यामयकोछ्रितोज्ज्यालयशः श्री वैजयंत्फव्वकैः ॥३॥

-इति युगप्रधान श्री जिनेश्वरसूरि शिष्यलेश श्री अभयतिलकोपाध्यायनिर्मितायं पंचप्रस्थान महातर्क विषम पदव्याख्यायां न्यायालंकारारव्यायां पंचमोध्यायः समार्थितः ॥ स्वस्ति १४९० वर्षे अद्येह श्री डुंगरपुरनगरे राउल श्री गइपालदेवराज्ये श्री पार्श्वचैत्यालय लिखितं पचाकेन ॥

આ પ્રતી એક પાનું છે તેમાં લખેલું છે કે: સં, ૧૪૮૯ વર્ષે જ્યે૦ વ૦ પત્ર ૩૫૪ મલબારનાં વર્ય પુ. પુલ સંચયઃ ॥ આ પરથી એમ લાગે છે કે સં. ૧૪૮૯ માં મલબારથી લખવા માટેનાં તાડપત્રો મંગાવ્યા ને સં. ૧૪૯૦ માં એટલે તે પછીના વર્ષમાં પુસ્તક લખી પૂરૂં કર્યું. સંવત્ પંદરમી સદી સુધી તાડપત્ર પર પુસ્તકો લખાતાં હતાં અને તે તાડપત્ર મલબારથી પૂરાં પડતાં હતાં તે પણ સાથે સાથે સિદ્ધ થાય છે. પ્રતના અક્ષરો સુંદર અને સુવાચ્ય છે. આ ગ્રંથ મૂળ જૈનેતર ન્યાયનો છતાં તે પર જૈન વિદ્વાને પોતાની સંસ્કૃત ટીકા લખી છે તે પરથી જણાશે કે જૈનો બ્રાહ્મણોપરજ વિદ્યા માટે અવલંબતા હતા એવું નહિ કહી શકાય. ન્યાય એ દુર્ઘટ વિષય છતાં તેમાં પારંગતતા જૈન વિદ્વાનોએ મેળવી છે. ટીકાકાર અભયતિલક ગણિ કોણ હતા તે સંબંધી આજ અંકમાં પંડિત શ્રી લાલચંદના લેખ નામે 'ભીમપલ્લીનું વીરમંદિર' માં ઉલ્લેખ છે અને તેમણે પ્રાચીન ગૂજરાતીમાં રચેલો વીર-રાસ (સં. ૧૩૧૭ માં-કે તે પછી તુરતમાં) આ પત્રના સં૦ ૧૯૮૧ ના દીપોત્સવી ખાસ અંકમાં અને તે પર ઉક્ત પંડિતની છાયા અને ટિપ્પની ગત કાર્તિક-માર્ગશીર્ષના જૈન ઇતિહાસ સાહિત્ય ખાસ અંકમાં પ્રસિદ્ધ થયેલ છે; એટલે તેઓ સંવત્ ચૌદમી સદીના પ્રારંભમાં વિદ્યમાન હતા.

આ પ્રત શ્રી સાગરાનંદસૂરિ પર જોવા મોકલવામાં આવી હતી; આનો ઉદ્ધાર જૈન ન્યાયશાસ્ત્રીના હાથથી થઇ મુદ્રિત થાય તો જૈનેતર સાહિત્યસમાજમાં જૈનોની ન્યાયશાસ્ત્રમાં નિપુણતા બતાવી શકાય તેમ છે.

૫ પ્રાકૃત પાઠાવલી-પંડિત બહેચરદાસને પ્રાકૃત ભાષા સંબંધી એક ગ્રંથ લખવાનું કાર્ય શ્રી કૉન્ફરન્સ ઓફિસ તરફથી સોંપવામાં આવ્યું હતું અને તે તેમણે પ્રાકૃતપ્રકાશ એ નામથી એક ગ્રંથ લખી પૂરૂં કર્યું હતું. ત્યાર પછી તેમાં અનેક વધારા ફેરફાર સાહિત પ્રાકૃત ભાષાનું વ્યાકરણ તૈયાર કરેલું તે ગૂજ-

રાત પુરાતત્ત્વ મંદિર તરફથી પ્રકટ થયું છે. કોઈપણ ભાષાના સંપૂર્ણ અભ્યાસ માટે તેના શબ્દકોશ અને વ્યાકરણ એ બે વસ્તુની ખાસ મોટી જરૂરીઆતો છે. પ્રાકૃત ભાષાની આ બંને જરૂરીઆતો, એક સાથે રહી અભ્યાસ કરી એક સાથે બહાર પડેલ પંડિત યુગલ નામે શ્રી હરગોવિન્દદાસ અને શ્રી બહેચરદાસે પૂરી પાડી છે તે માટે તેબંને વિદ્વાનોને ધન્યવાદ ઘટે છે. સમાજ તેની કદર કરો-કરતી રહો એમ ઇચ્છીશું.

હવે પં. બહેચરદાસે ઉક્ત પ્રાકૃતપ્રકાશ કરવામાં સાથે સાથે પાઠોની પસંદગી જૂદા જૂદા પ્રાકૃત ગ્રંથોમાંથી કરી પ્રાકૃત પાઠાવલી તૈયાર કરી હતી. તે અમને પ્રાપ્ત થતાંજ તેનો ઉદ્ધાર આ અંકમાં આપી કરવામાં આવ્યો છે. આ પાઠોની ચુંટણી ઘણી સુંદર થઇ છે અને તે પ્રાકૃતના અભ્યાસીઓને કામ આવે તેમ છે જ, તેથી તેની જૂદી નકલો પણ જૈન કૉન્ફરન્સ ઓફિસ તરફથી સેક્રેટરીની આજ્ઞાથી છપાવવામાં આવી છે. આમાં હવે શબ્દાર્થકોશ ને પ્રસ્તાવનાની જરૂર રહેશે અને તે તૈયાર કરવા માટે અમે પંડિત બહેચરદાસને વિનતિ કરી છે. અમને આશા છે કે તે વિનંતિ તેઓ સ્વીકારી સમાજને આભારી કરશે. અમે પણ તે માટે અમારાથી બનશે તેટલું કરવાનું સાહસ કરીશું. તે તૈયાર થતાં બધું એક પુસ્તકાકારે બહાર પડશે. એ રીતે પ્રાકૃત ભાષાના અભ્યાસ માટે એક વધુ સાધન તૈયાર થશે. આ પ્રાકૃત પાઠાવલીના સર્વ હક્ક સ્વાધીન શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઓફિસ, મુંબઇને છે, તે વિદિત થાય.

૬ પ્રબંધ ચિંતામણિનો પુનરુદ્ધાર-ગૂજરાતના ઇતિહાસનાં સાધનો પૈકી મેરૂતુંગાચાર્યકૃત પ્રબંધ ચિંતામણિ એ એક સારૂં સાધન છે. ને મૂળ અને તેનું ગૂજરાતી ભાષાંતર ઘણાં વર્ષો પૂર્વે રામચંદ્ર દીનાનાથ શાસ્ત્રીએ કરી છપાવ્યું હતું, પરંતુ તે ઘણું અશુદ્ધ અને અનેક ત્રુટિવાળું છે તેથી તેને પુનઃ જૂદી જૂદી પ્રતો સરખાવી શુદ્ધ કરી પુષ્કળ ટિપ્પણીઓ અને વિવેચન સહિત પ્રકટ કરવાની જરૂર છે. આવો પુનરૂદ્ધાર ઘણાં થઇ રહ્યો છે. પરંતુ તે માટે પ્રતો જેટલી જોઇએ તેટલી મળી શકતી નથી તો તેની જે જે પ્રત ઉપલબ્ધ થાય તેટલી મેળવવાની જરૂર રહેતાં તે તે પ્રત અમારા પર મોકલી આપવાની સર્વને વિનતિ છે. તે મળ્યે તેનો ઉપયોગ તેના પુનરૂદ્ધારમાં અવશ્ય થશે ને કામ પૂરૂં થતાં તે તે પ્રત આભાર સ્થિતિમાં પાછી વાળવામાં આવશે એની ખાત્રી આપીએ છીએ.

૭ જૈન ન્યાયાદિનો પઠન ક્રમ—અકોટાસ્ટર ૧૯૨૭માં અમદાવાદ જવાનું થતાં ત્યાંના ગૂજરાત પુરાતત્ત્વ મંદિરમાં કાર્ય કરતા પ્રસિદ્ધ જૈન સાક્ષરો પંડિત શ્રી સુખલાલજી અને પંડિતશ્રી બહેચરદાસજીને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે જૈન ન્યાયાદિનો ખાસ શ્રેણીબદ્ધ સરલતાથી ચાલી છેવટની સૂક્ષ્મતા સુધીનો સામાન્ય રીતે પર્યાપ્ત અભ્યાસ કરવા માટે ચાલુ પ્રસિદ્ધ જૈન ન્યાયાદિ ગ્રંથોમાં શું ક્રમ રાખવા યોગ્ય છે તેમના ઉત્તરમાં ટુંકમાં જે તેમણે મળીને જણાવ્યું તે અત્રે જાહેર કરવામાં આવે છેઃ-

પ્રથમ કક્ષાકે સત્ર.

(૧) સિદ્ધસેનકૃત ન્યાયાતાર અને હેમચંદ્રકૃત અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા મૂળ.

(૨) સમન્તભદ્ર કૃત આપ્ત મીમાંસા.

બીજું સત્ર.

(૧) સિદ્ધસેનનો મૂળ સંમતિતર્ક

(૨) અકલંકની લઘીયસ્ત્રયી

ત્રીજું સત્ર.

(૧) માણિક્યનંદીનાં પરીક્ષા મુખ સૂત્રો

(૨) વાદિદેવ સૂરિનાં પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર સૂત્રો.

ચોથું સત્ર. (તત્ત્વજ્ઞાન)

(૧) તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય

(૨) પ્રવચનસાર.

આટલું શીખવામાં આવે તો જૈન પ્રમાણ (ન્યાય) અને જૈન પ્રમેય (જૈન તત્ત્વજ્ઞાન)નું બાકી રહે નહી.

આચાર ગ્રંથોમાં હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર ઘણું ઉપયોગી છે અને તેની સાથે સરખામણી માટે આશાધરનાં સાગાર અને અનગારધર્મામૃત.

૮ સાક્ષર શ્રી રસિકલાલ છોટાલાલ—તેમનો પરિચય અમદાવાદ જતાં થયો. તેઓ એક સમર્થ વિદ્વાન્ વિપુલ વાંચનવાળા બહુશ્રુત અને પ્રતિભાશાલી સાક્ષર છે. તેઓની સાથેના વાર્ત્તાલાપથી અને સામાગમથી જણાયું કે તેઓ એક અણમોલું પણ છૂપું રત્ન છે. જરાપણ બહાર પડવાની લોલુપતા વગરના સરલતા અને સાદાઇમાં રહી વિદ્યાભ્યાસંગમાં

જીવન ગાળે છે. મુંબઇ યુનિવર્સિટીની બી. એ. છતાં તે ડીગ્રી પોતે વાપરતા નથી. ગૂજરાત પુરાતત્ત્વ મંદિરમાં રહી કાર્ય કરે છે અને અધ્યાપક તરીકે પણ પોતાની વિદ્વત્તાનો લાભ વિદ્યાર્થીઓને આપે છે. તેમણે વૈદિક પાઠાવલી નામનું પુસ્તક અતિશ્રમથી તૈયાર કરેલું તે હમણાંજ ઉક્ત મંદિર તરફથી બહાર પડયું છે કે જેની સમાલોચના હવે પછી યથાતકાશે લઇશું. તેઓ 'પુરાતત્ત્વ' નામના તે મંદિર તરફથી નિકળતા ત્રિમાસિકના તંત્રી છે તેમજ 'પ્રસ્થાન' નામના હમણાંજ બે વર્ષથી લગભગ નીકળી અતિ પ્રતિષ્ઠા પામેલા માસિકના 'તંત્રીમંડલ'માંના એક તંત્રી છે. તેમની પાસે મુંબઇ યુનિવર્સિટીમાં યોગ્ય જૈન પાઠય પુસ્તકો તરીકે જે મૂકાયાં છે યા જે મૂકી શકાય તેવાં પુસ્તકો નોટ્સ, વગેરે સહિત વર્ત્તમાન પદ્ધતિ પર સંશોધિત કરાવી તૈયાર કરાવી શકાય તેમ છે. કાવ્યાનુશાસન, તિલકમંજરી, તત્ત્વાર્થસૂત્ર, અનેકાંતજયપતાકા, વગેરે અનેક પુસ્તકોનું કાર્ય તેમની પાસે લઇ શકાય તો એક મોટી ખોટ પૂરી પડે તેમ છે. આપણા ધનસંપન્ન ભાઇઓ યા સંસ્થાઓ આ લાભ લેશે? જૈનોએ પોતાના સાહિત્યને સુંદરમાં સુંદર રીતે તેની ખૂબીઓ સહિત બહાર પડાવવું જોઇએ. તે તેમનું કર્ત્તવ્ય છે અને તે કર્ત્તવ્ય પાર પાડવા માટે શ્રીમાન્ રસિકલાલ જેવા વિદ્વાનોની સેવા ગમે તે ભોગે મેળવવી ઘટે એમ અમારૂં નમ્ર માનવું છે.

૯ શ્રીયુત મકનજી મહેતા તથા મોહનલાલ ઝવેરી:—આ બંનેએ સંયુક્તપણે મુંબઇમાં જૈન શ્વે. કૉન્ફરન્સના 'જનરલ રેસિડન્ટ સેક્રેટરીઓ' તરીકે રાજીનામું આપ્યું છે અને આખરે સ્વીકારાયું છે. આથી અમોને તેમજ સર્વ પરિષદ્‌હિતૈષી સજ્જનોને સખત આઘાત થયો છે. તેમની સેવાઓ વિધવિધ અને સમાજોપયોગી જોવામાં આવી છે.

કૉન્ફરન્સનું અધિવેશન સાદડી પછી ઘણાં વર્ષ સુધી ન ભરાયું. શેઠ મોતીલાલ મૂળજીએ ઓફિસના ફંડની સ્થિતિ આબાદ રાખીને કંઇક જીવન રાખ્યું. તેઓ સ્વર્ગસ્થ થતાં કન્વેન્શન ભરવાની તજવીજ થઇ. શેઠ મોહનલાલ હેમચંદ, મકનજીભાઇ, મોતીચંદભાઇ અને આ લેખક એ ચાર સેક્રેટરીઓ નીમાયા. કન્વેન્શન શેઠ કસ્તુરચંદ લાલભાઇના અધ્યક્ષપણા નીચે સફલતાથી ભરાયું અને તેમાંજ જનરલ રેસિડંટ સેક્રેટરીઓ તરીકે મકનજીભાઇ અને મોતીચંદભાઇ બંને નીમાયા. બંનેએ સાથે રહી કાર્ય કર્યું. ઑફિસ પગભર થઇ, વિધવિધ આંદોલનો થયાં અને નવચેતન રેડાયું પછી. મોતીચંદભાઇને વિલાયત જવાનું થતાં તેમની જગ્યાએ મકનજીભાઇ સાથે ભાઇ મોહનલાલ ઝવેરીની નિમણુક થઇ. પછી શત્રુંજય કૉન્ફરન્સનું અધિવેશન મુંબઇમાં થયું; અને ગત સપ્ટેંબરના અંત સુધી બંને મંત્રીઓ સંયુકતપણે રહ્યા, પછી રાજીનામું બંનેએ સંયુકતપણે આપ્યું. તેમની સેવા સ્ટેન્ડિંગ કમિટી ખોવા તૈયાર ન હતી તેથી તે ખેંચી લેવા માટે ખાસ આગ્રહ કરવા રૂપે ઠરાવ કર્યો. પોતે રહેવા ઇચ્છા રાખતા નથી એમ તેમણે જણાવ્યું. તેની વાટાઘાટમાં અનેક યોજના સૂચવાઇ ને પડતી મૂકાઇ. આખરે સંયુક્ત રાજીનામું સ્વીકારાયું. શ્રીયુત ચિનુભાઇ સોલીસીટરની નિમણુક થઇ કારણ કે તેઓ સાહેબ આ ઉચ્ચપદ જરૂર સ્વીકારશે એવી ખાત્રી શેઠ મોહનલાલ હેમચંદે આપી; આ નિમણુકની સર્વત્ર ખબર આપવામાં આવી. શ્રીયુત ચીનુભાઇએ પોતે તે સ્વીકારી શકે તેમ નથી એમ જણાવ્યું. આ ઉચ્ચપદને માટે તેઓ દરેક રીતે લાયક છે તેમ બીજા અનુભવી લાયક ગૃહસ્થો શ્રીયુત મોતીચંદભાઇ, શેઠ મણિલાલ સુરજમલ વગેરે અનેક છે. આ પદ સત્વર પૂરાય એમ અમારી તેમજ સૌની ઇચ્છા છે.

મકનજીભાઇની કારકીર્દી જોઇશું તો તેઓએ એલ એલ. બી. ની પરીક્ષા પાસ કરી વકીલાત મુંબઇમાં શરૂ કરી ત્યારથી જૈન સમાજના અભ્યુદય અર્થે પોતાથી બની શકે તેટલી સેવા આપતાજ રહ્યા છે. જૈન સમાજ પ્રત્યે પોતાને હૃદયપૂર્વક શુભ લાગણી અને પ્રેમ છે. જૈન ગ્રેજ્યુએટ્સ એસોસિયેશનના સ્થાપક તે હતા અને તેના માનદ મંત્રી તરીકે ઘણી સેવાઓ બજાવી છે. કૉન્ફરન્સના એસિસ્ટંટ સેક્રેટરી તરીકેની સેવાઓ પણ તેના ઇતિહાસના પાને નોંધાયેલી છે. તેમનું મગજ analytical પૃથક્કરણ કરવાની શક્તિવાળું હોવાથી દરેક કાર્ય વ્યવસ્થાપુરઃસર કેમ થાય તે પર ખાસ લક્ષ રાખે છે. બેરિસ્ટર

થઈ આવ્યા પછી પણ પોતાની સેવાઓ આપ્યેજ ગયા છે. મુંબઈની દશમી કૉન્ફરન્સમાં મોતીચંદભાઈ સાથે સંયુક્ત સેક્રેટરી રહી ઘણું સુંદર કાર્ય કર્યું છે અને તેમાંજ વ્યવસ્થિત વિશાલ બંધારણ ઘડવામાં આવ્યું ને પસાર થયું. આજ બંધારણ હજુ સુધી ચાલુ છે.

શ્રીયુત મોહનલાલ ઝવેરીએ જોખમદારી વાળું આવું પદ પોતાના જીવનમાં પહેલાં પ્રથમ આજ સ્વીકાર્યું ગણાય. તેઓ એક તરૂણ છતાં ઠરેલ અને શાંત છે; અને તેમનામાં તારૂણ્યના ઉત્સાહ અને જોસ છે. આથી કૉન્ફરન્સના વિધ વિધ ક્ષેત્રો ઉપાડવામાં નવા નવા પ્રશ્નો ઉકેલવામાં, ચારે બાજુથી આવતા પત્રોનો નિકાલ કરવામાં અને ઉપસ્થિત થતા સંજોગોને પહોંચી વળવામાં એક કુશળ ને કાબેલ કાર્યકર્તા તરીકે પોતાને સિદ્ધ કર્યા છે એમ અમને લાગે છે. સાહિત્યનો તેમને અપૂર્વ શોખ છે. વાંચન વિશાળ છે, ધંધાની રોકાણ અને જવાબદારી છે; છતાં આ સર્વને થોડા ઘણા ભોગે પણ કૉન્ફરન્સ ઑફિસનું કાર્ય સમેટવામાં હમેશાં કેટલાક કલાકો પોતે આપતા, અને ઉપયોગી એક પણ કાગળ કે જવાબ લખાયા વગર રહેતો નહિ.

આ બંને ભાઇઓએ શત્રુંજય કૉન્ફરન્સને હાર પાડવામાં જે કાર્યદક્ષતા, સહનશીલતા, અડગતા અને રાતદિનની તે લક્ષ્યમાં તલ્લીનતા રાખી છે અને તે પરિષદ્‌ની જે સમાપ્તિ નિર્વિઘ્ને કરાવી છે તે માટે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. જ્યાં અનેક જાતના વિચારો, મતપક્ષો, ભેદો અસ્તિત્વ ધરાવતા હોય, એક સાંધતાં બીજું તૂટે ને બીજું સાંધતાં ત્રીજું તૂટે એવી મેળ વગરની સ્થિતિ હોય, ત્યાં દરેક જણને પ્રસન્ન રાખવાનું અશક્યજ થાય. લક્ષ્ય સુંદર, સત્ય અને હિતકર હોય, તો તેનેજ પોતાની દૃષ્ટિ આગળ રાખી આસપાસ જે જે આડખીલીઓ આવતી જાય તેને શાંતિથી પણ દૃઢપણે દૂર કરી લક્ષ્ય સિદ્ધ થાય એવી સ્થિતિ લાવવી એ કંઇ જેવું તેવું કાર્ય નથી. આવું કાર્ય કરનારમાં જે નેતા થવા સર્જાયેલા હોય તેના જેવું બળ હોય તોજ તે કાર્ય થઈ શકે. સારા કાર્યની સિદ્ધિમાં વિઘ્નસંતોષીઓ, અંતરાય નાંખનારા પણ મળી આવે છે. તેમનો માત્ર તિરસ્કાર કરવાથી કાર્ય સધાતું નથી, પરંતુ તેમની યોજનાઓને જાણી તેના પ્રતિકારરૂપે બીજી સાધક (constructive and counteracting) પ્રવૃત્તિઓ યોજી બમણા જોસથી કાર્યમાં અપૂર્વ દૃઢ અચળ શ્રદ્ધા રાખી આગળને આગળ ધપ્યે જવાથી કાર્યસિદ્ધિ થાય છે. શત્રુંજય કૉન્ફરન્સ ભરાયા પહેલાં જે જે સ્થિતિઓ વિદ્યમાન હતી, ઉભી થતી ગઇ અને ઉભી કરવામાં આવી તે તે જે જાણતા હશે તેનેજ તે કૉન્ફરન્સને સિદ્ધ કરવામાં પડેલી મુશ્કેલીઓનો અને તે પર વિજય મેળવવાની કુશળતાનો ખ્યાલ આવી શકે તેમ છે. તેમના જીવનમાં આ મહદ્ પ્રસંગ એક ચિરસ્મરણીય ઘટના રહેશે.

કૉન્ફરન્સની ઑફિસનું કાર્ય હાલ ઘણું વધુ સુવ્યવસ્થિત તે ભાઇઓના પ્રયત્નોથી થઇ ગયું છે. હવે જે જનરલ રે. સેક્રેટરી તરીકે કાર્ય કરશે તેમને કાર્ય કરતાં અડચણ આવે તેમ નથી.

છેવટે અમો આ બંને ભાઇઓના મંત્રીપદે થયેલાં કાર્યોની વિશેષ કદર થાય, તેઓ બંને, મંત્રી પદે નહિ તો બીજી રીતે, સમાજને પોતાની સેવાનો લાભ આજીવન આપ્યાં કરે, અને તેમ કરવા માટે તેમને ચિરાયુ, આરોગ્યતા, અને સુખ સગવડતા રહો એમ અમે ઇચ્છીએ છીએ.

૧૦ અભિનવ વર્ષ મંગલમ્–આ તરીકે જે પ્રાપ્ત થયું તેની કંઈક વાનગી નીચે પ્રમાણે છેઃ—

(૧) જીર્ણ જે નકામું દુષ્ટ
સદ્ય તેહને હણો;
શ્રેય પ્રેમ બીજ શોધી
સેવી કાલજિત્ બનો !

---

(૨) વિપદ સહુ વિરામો સુખમાં દિન જાજો !
સકલ રિપુ તમારા સત્વરે દૂર થાજો !
અખિલ જગહિતાર્થે કાર્ય સારાં કરીને
અવિચલ યશ પામો, દેશદેશે ફરીને !

---

(૩) આ નવા વર્ષમાં આપ આપનાં ઇષ્ટમંડળ સહિત આરોગ્યવાન્ રહી સર્વ પ્રકારે ઉન્નતિ પ્રાપ્ત કરો એવી અંતઃકરણપૂર્વક ઇશ પ્રતિ પ્રાર્થના.

ખરા જૈને અગર ખરા જૈન બનવા ઈચ્છનારે શું કરવું ?

પંડિત સુખલાલજી-પુરાતત્ત્વમંદિર, અમદાવાદ.

આપણી આજુબાજુની પરિસ્થિતિ મનમાં બે સુધરે એમ ઈચ્છતા હોય છે તેજ માતાપિતા કે વૃત્તિઓ ઉત્પન્ન કરે છે. ધાર્મિક સાચી લાગણી, રાજકીય સ્વાર્થ; અથવા તો લાંબો લૌકિક સ્વાર્થ આપણને એમ માનવા લલચાવે છે કે તું કોઇથી વિખુટો ન પડતો, ના લડતો અને ગમે તેટલા અને ગમે તેવા સ્વાર્થને ભોગે પણ એકતા સાચવવા ન ચૂકતો. બીજી બાજુ કુળવારસો, પૂર્વ સંસ્કારો, કૌટુમ્બિક ક્ષોભો અને સામાજીક પ્રેરણાઓ ઘણીવાર આપણને એવી માન્યતા તરફ ધકેલે છે કે સ્વાર્થ ન તજાય, જરાએ જતું ન કરાય, એમ જતું કરીએ તો ચાલે કેમ, કુટુંબ કેમ નભે, નાત ધર્મ અને સમાજની પ્રતિષ્ઠા કાંઇ જતી કરાય ? શું આપણે ત્યાગી છીએ?

આવા બે દૈવી અને આસુરી વૃત્તિના પ્રવાહો માત્ર વ્યાપાર વ્યવસાય, સત્તા અધિકાર કે સારે નરસે પ્રસંગેજ નથી જનમતા પણ ધર્મ જેવી વિશુદ્ધ અને સ્વાર્પણ સૂચક વસ્તુને પ્રસંગે પણ આવું અથડામણી વાળું ભયંકર તોફાન મનમાં ઉઠેજ છે. જે વિદ્વાનો, અને ત્યાગીઓ ગમે તેટલું સહીને પણ ઉદારતા કેળવવાની શિક્ષા આપે છે, તેજ અગ્રગણ્ય ગણાતા સંત પુરૂષો વળી બીજીજ બાજુ જ્યારે ખરેખરો સ્વાર્પણ કરવાનો અને ઉદારતા કેળવવાનો કટોકટીનો પ્રસંગ ઉભો થાય છે ત્યારે મજબૂત અને મક્કમપણે એમ કહે છે કે ધર્મનું અપમાન સહાય ? ધર્મની કોઇ પણ વસ્તુ, પછી ભલે તે સ્થાવરજ કેમ ન હોય, જતી કરાય ? ધર્મની સંસ્થા અને તેનાં સાધનો જો નહિ સાચવીએ તો અને ધર્મના હકકોની પરવા નહિ કરીએ તો ધર્મ કેવી રીતે રહેશે ? આ રીતની માત્ર પંડિતો અને ધર્મ ગુરૂઓજ અસ્મિતા નથી જગાડતા પણ જે માતપિતા કે બીજા આપ્તજનો નાની ઉમરમાં બાળકને ઉદાર થવાની, સહનશીલ સનાતની અને નમ્રતા કેળવવાની તાલીમ આપવા માટે હજારો રૂપીઆનો ખર્ચ કરતા, ધર્મ ગુરૂઓ પાસે બાળકોને સમાગમ માટે મોકલતા અને આદર્શ શિક્ષકને હાથે બાળક બીજા આવા જનો હવે યુવક થએલ બાળકને વ્યાવહારિક જીવનમાં નીતિ કે અનીતિનો માર્ગ પસંદ કરવાની તક આવતાં પાછા જાણે અજાણે એમ કહેતા હોય છે કે ભાઈ ! એ તો ખરૂં પણ આપણું એણે કેટલું અપમાન કર્યું ? બીજું તો બધું જતું કરાય પણ આપણા હક્કની અને ભોગવટાની (ભલે તે નાનકડીજ કેમ ન હોય) વસ્તુ એમ અન્યાયથી કાંઇ જતી કરાય ? તું એમ નમાલો થઇશ અને મુંગે મોઢે સહે જઇશ તો તને કોઇ પૂછવાનુંયે નથી, તારો ઘડો થવાનોયે નથી અને ખરેખર તું ભીખ માગીશ.

આ અને આવી બીજી અનેક રીતે આપણી સામે જે પરસ્પર વિરોધી પ્રસંગો આવે છે, જેનો પ્રત્યેક વ્યક્તિને ઓછો વત્તો અનુભવ થાય છે, તે વખતે ધાર્મિક દૃષ્ટિએ, રાજકીય દૃષ્ટિએ કે બીજા વધારે લૌકિક હિતની દૃષ્ટિએ આપણે ઉદારતા કેળવવી અને બધું જતું કરી ખરૂં મનુષ્યત્વ વિકસાવવું કે મનોગત ઉંડા કુસંસ્કારો અને સ્વાર્થી સંકુચિત પ્રેરણાઓને વશ થઇ અન્યાયી અને અલ્પ પણ તત્કાળ લલચાવનાર સ્વાર્થ તરફ ધસડાવું ? ઉદારતા વગેરે ધર્મના ઉપદેશોને માત્ર સાંભળવાનાજ વિષય બનાવી આપણો હંમેશાનો ખેલ ખેલ્યાં કરવો, એ એક ભારે વિચિત્ર વસ્તુ છે.

હદુ અને મુસલમાનોજ નહિ, બ્રાહ્મણ અને બ્રાહ્મણેતરોજ નહિ, અસ્પૃશ્ય અને સ્પૃશ્ય ગણાતી કોમોજ નહિ પણ એકજ સંસ્કૃતિ, એકજ તત્ત્વજ્ઞાન અને એકજ ધ્યેયનો વારસો ભોગવનાર એવા શ્વેતાંબર-દિગંબર કે સ્થાનકવાસી ફિરકાઓ વચ્ચે જ્યારે એક બાજુ હક્ક કે માનાપમાન માટે મરી ફીટવું કે તેનાં સાધનો માટે મતભેદ અને તકરારનો પ્રસંગ ન હોય ત્યારે તો ઉદારતા કેળવવાની અને નમ્ર બનવાની તકજ નથી પણ જ્યારે રસા-કસીનો પ્રસંગ

ઉભો થાય છે ને જીવનમાં ધર્મ કે નીતિ દાખવવાની તક આવે ત્યારેજ ચોમેરથી દબાણ થાય છે કે તમે બાયલા થઇ ગયા, તમને ધર્મનું કશું લાગતુંજ નથી, આવી રીતે બેદરકાર રહેશો તો તમારૂં તમારા ધર્મનું નામ કે નિશાન નહિ રહે. જ્યારે એકતા અને ઉદારતા દાખવવાના બરેબર કટોકટીને પ્રસંગે ધર્મની રક્ષાને બહાને આપણી આ રીતે અસ્મિતા ઉશ્કેરવામાં આવે ત્યારે ધર્મનેજ નામે અપાએલા અને પુષ્ટ થએલા ઉદારતાના સંસ્કારો એકાએક નાશ ન પામે તો વ્યાવહારિક જીવનમાં ઉતરી શકે એવા બળવાન તો નજ રહે એ દેખીતું છે.

પણ આ દૈવી અને આસુરી, આંતરિક અને બાહ્ય હચમચાવી મૂકે એવી અને ઘણાને ઘણીવાર તદ્દન મુંઝવી નાંખે એવી વિકટ પરિસ્થિતિ વચ્ચે જે ખરો જૈન હોય અગર તો ખરો ધર્મનિષ્ઠ હોય તેમજ જે તેવો બનાવ ઇચ્છતો હોય તેને શું કરવું એ આજનો અતિગહન પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉત્તર આપોઆપ મેળવી લે એટલી બુદ્ધિપટુતા કે સંસ્કારિતા આજે કેટલામાં જણાય છે?

અને જો લોકસમાજ એ પ્રશ્નનો ઉત્તર આપોઆપ મેળવી લેવા સમર્થ ન હોય તો લોકોને એનો ખરો ઉત્તર કોની પાસેથી મેળવવો?

જો વિદ્વાન ગણાતો એક આગેવાન અમુક ઉત્તર આપે, બીજો તેવો આગેવાન વળી બીજો ઉત્તર આપે અને ત્રીજો વિદ્વાન ત્રીજોજ ઉત્તર આપે તો પ્રશ્ન કરતાં ઉત્તરની ધુંચવણ કરોળીયાના જાળાની પેઠે એવી મુંઝવણકારક થઈ જવાની કે તેમાં સપડાએલ દરેક પંગૂજ બની જવાનો; ત્યારે એવો કયો માર્ગ છે કે જેને આધારે દરેક માણસ એકજ સરખો અને સાચો ઉત્તર મેળવી શકે? જો આવો કોઈ એક માર્ગ નજ હોય, અને હોય તો કદિ સૂઝી શકે તેવો ન હોય અથવા એવો માર્ગ સૂઝયા પછી પણ અમલમાં મૂકી શકાય જીવનમાં કામ લાવી શકાય તેવો નજ હોય તો પછી આજ સુધીની આપણા શાસ્ત્ર, ધર્મ અને ગુરૂની ઉપાસના વંધ્ય છે અને હમેશને માટે વંધ્ય નજ હોઈ શકે એવું જો આપણું અભિમાન સાચું હોય અગર સાચું સાબિત કરવું હોય તો પ્રસ્તુત વિકટ પ્રશ્નનો એક સરખો મતભેદ વિનાનો અને ત્રિકાળાબાધિત ઉત્તર આપી શકે તેવો માર્ગ અને તેવી કસોટી આપણે શોધવીજ રહી.

આ માર્ગ અને આ કસોટી ઘણા સાત્ત્વિક હૃદયમાં સ્ફુરતી હશે તેમજ જરા માત્ર મહેનતથી સ્ફુરવાનો સંભવ પણ છે. માટે એનું સ્પષ્ટિકરણ કરી દરેક વાંચકની બુદ્ધિસ્વતંત્રતા નિર્ણયશક્તિ અને વિચારસામર્થ્યને ગુંગળાવી નાંખવા ન ઇચ્છતાં દરેક સહૃદય વાંચકને એ માર્ગ અને એ કસોટી વિચારી લેવા પ્રાર્થના છે. તેથી આ લેખ વાંચનાર દરેક એટલું જરૂર વિચારે કે ખરા જૈને અને ખરા જૈન બનવા માટે (જ્યારે વિરોધી પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે) શું કરવું? અને તે કર્તવ્યના નિર્ણય માટે સર્વ માન્ય એક કયી કસોટી નજરમાં રાખવી?

"શીલાવતીના રાસ" સમ્બન્ધી કઇંક.

[લેખક:—રા. મંજુલાલ રણછોડલાલ મજમુદાર, બી. એ. એલ એલ. બી.]

લોકવાર્તાના સાહિત્યમાં ખાસ આગળ પડતો ફાળો જૈનોનો છે. ધર્મપ્રધાન રાસાઓ ભેગા કેટલાક લોકવાર્તાના પ્રબંધ પણ જૈન સંઘના મનોરંજન માટે જૈન સાધુ કવિઓએ રચ્યા છે. ધર્મલાભને માટે રાજ્યાશ્રય મેળવવાના આનુષંગિક હેતુથી કેટલાક જૈન યતિઓએ રાજદ્વારી પુરૂષોના ચિત્તવિનોદને સારૂ રાસાઓની રચના કરેલી છે. આ વીતરાગ સાધુઓનો બીજો ઉદ્દેશ એ પણ જોવામાં આવે છે કે વાર્તાના રસદ્વારા શૃંગાર અને પ્રેમની ભૂમિકા ઊભી કરી, મનુષ્યને વિલાસમાંથી પાછો વાળવો; અને સંસારની નિઃસારતાનું, મનને આઘાત ન થાય તેવી રીતે ભાન કરાવવું. સંસારના પદાર્થોમાંથી ઉપરતિ પામ્યાનો ઉપદેશ પ્રાચીન "તરંગવતી"ની રસપૂર્ણ વાર્તામાંથી મેળવી શકાય છે. વળી શૃંગાર રસનો અધિષ્ઠાતા જે કામદેવ તેને કેમ કરી જીતવો–તેનો ઉપદેશ પણ આ વાર્તાઓમાંથી ધ્વનિત કરવાનો હેતુ હતો.

"તરંગવતી"ની કથામાં આપણે વાંચિયે છિયે કે યૌવનના ભોગ વિલાસની વિપુલ સામગ્રીથી સંપન્ન છતાં તરંગવતી અને પદ્મદેવને સંસારના ક્ષણિક વિલાસોની અસારતા દેખાઈ; તેથી તેમણે આતુર સંન્યાસ જેવી તાત્કાલિક દીક્ષા લઇ લીધી. અહીં શૃંગારની રમ્ય પશ્ચાદ્‌ભૂમિ એટલા માટે ઊભી કરવામાં આવી હતી કે તેથી બન્ને નવજુવાનોએ સ્વીકારેલી ધર્મદીક્ષામાં રહેલી મહત્તાનું ભાન વાંચકોને થાય.

જેવું આવી લોકવાર્તાઓનું તથા "ફાગુ" વગેરેનું સાહિત્ય નીપજ્યું છે તેવું જ સાહિત્ય જૈન ધર્મના આચરણનાં મુખ્ય અંગ–અહિંસા, શીલ, અસ્તેય, સંયમ, અકામ–વગેરેનો ઉપદેશ વાર્તારસ દ્વારા પાઈ દેવાના હેતુથી રચાયલું છે. આ રાસાઓ કડવી છતાં હિતકારક એવી ગોળે વીંટાળેલી ઉપદેશની ગોળીઓ છે. સારાં કર્મથી સારો જન્મ અને કુડાં કર્મથી કુડો જન્મ–એ સામાન્ય નીતિ એમાં ઉપદેશેલી હોય છે.

એવી એક **શી**લવતીની ચારિત્રકથા અથવા શીલકથા પ્રા. કા. મા. અંક ૩૫ માં પ્રસિદ્ધ થઇ હતી. રાસાનો મુખ્ય ઉદ્દેશ શીલનું માહાત્મ્ય પ્રતિપાદન કરવાનો છે.

" શીલ સમો સંસારમાં, શિખર ન કોઈ થોક;
શીલવંત સતિયો તણા, સુંદર કથા શલોક. "

એ પ્રકારનું કવિએ મંગલાચરણ કરેલું છે.

"શીલવતી"નો રાસ રચનાર નેમવિજય વિક્રમ સંવત અઢારના ઉત્તરાર્ધમાં થઇ ગયા છે; અને આ રાસ સં. ૧૭૫૦ માં રચાયો છે.+ હાલમાં જોવા સ્વરુપમાં પ્રકટ છે તેવા સ્વરુપમાં પણ એ રાસ એમ. એ. ના અભ્યાસક્રમમાં નિયત થાય છે તેથી, અને આ વાર્તા સાથે સામળભટ્ટની રચેલી "બત્રીસ પૂતળીની વાર્તા"માંની તેવીસમી વાર્તા "ભદ્રાભામિની" સાથે કેટલુંક વિશિષ્ટ સામ્ય છે તેથી, એ રાસ મહત્ત્વનો કહી શકાય.

[૧] પહેલાં, "**શી**લવતી"માંનો કથાભાગ અહિં સંક્ષેપમાં આપિયે છિયે;

શીલવતીને કવિએ અત્યંત રૂપવતી, ગુણવતી, વિદ્યાવતી અને ધર્મવતી વર્ણવી છે. આ રાસાનો

+ શ્રી. મોહનલાલ દેસાઇએ "જૈનયુગ" કારતક–માગશર' ૮૩ ના પૃ. ૧૮૫ ઉપર સ્પષ્ટપણે નક્કી કર્યું છે કે 'શીલવતીના રાસ'ની રચના સંવત ૧૭૦૦ નહિ. પરંતુ એક પ્રતમાં છે તેમ ૧૭૫૦; કારણ કે આ જ કવિનો 'વછરાજ ચરિત્ર રાસ' સં. ૧૭૫૮ માં વેરાવળમાં, 'ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ મંત્રી નૃપ રાસ' સં. ૧૭૬૮ માં અને 'તેજસાર રાજર્ષિ રાસ' સં. ૧૭૮૭ ના કાર્તિક વદ ૧૩ ગુરૂવારે (કવિના હાથનીજ પ્રત પ્રાપ્ય છે) રચાયલા છે; તેથી નેમવિજયને અઢારમા શતકના પ્રારંભથી અસ્તિત્વમાં ગણતાં, વય પ્રમાણની અસંગતતા આપણને તેમ કરતાં અટકાવે છે.

નાયક ચંદ્રગુપ્ત, શીલવતીનો પતિ છે. એક કાયસ્થ વેપારી પોતાનાં વહાણ સિંહલદ્વીપ તરફ હંકારી જતો હતો ત્હેના વહાણમાં શેઠની ચાકરી કરવા એ રહ્યો.

સમુદ્રમાં વહાણ ચાલી રહ્યાં હતાં. ત્હેવામાં એક રાત્રે કોઇ દેવ આકાશમાંથી બોલ્યા કે "આ મુહૂર્તમાં જે સ્ત્રી પુરૂષનો સમાગમ થાય તો જે પુત્ર જન્મે ત્હેના મુખમાંથી નિત્ય એક રત્ન નિકળે."

આ વખતે વહાણ ઉપરના બધા લોકો ઊંઘતા હતા; પણ ચંદ્રગુપ્ત જાગ્રત હતો. ત્હેણે આ દેવવાણી સાંભળી; પણ પોતે શીલવતીથી ખૂબ દૂર છે ત્હેનું સ્મરણ થતાં એ પસ્તાવો કરવા લાગ્યો. એની એ મૂંઝવણ જાણીને આકાશચારી દેવે ગરૂડનું રૂપ ધરી ત્હેને પીઠપર બેસાડ્યો અને શીલવતીના મહેલની અગાસીમાં ત્હેને મૂકી દીધો.

શીલવતીનો અને ત્હેનો યોગ થયો; ચંદ્રગુપ્ત પોતાના આવી ગયાની નિશાની તરીકે વીંટી આપીને પાછો જવા તૈયાર થયો. ત્હેણે કહ્યું કે, "જે વહાણમાં હું છું ત્હેના શેઠની રજા વગર અત્યારે હું આવ્યો છું. માટે મ્હારે પાછા જવુંજ જોઇયે." ગરૂડ પર એ બેઠો અને પાછો તેજ વહાણમાં તેજ રાતે એ પહોંચ્યો એટલે ગરૂડ અંતર્ધાન પામ્યો.

ચંદ્રગુપ્ત, સિંહલદ્વીપમાંથી મોતીપરીક્ષાની વિદ્યાને લીધે બહુ ધન કમાઈને આવતો હોય છે; પરંતુ વહાણના શેઠને ત્હેની અદેખાઇ આવતાં ત્હેને સમુદ્રમાં હડશેલે છે. તણાતો તણાતો એ ધૂતારાપુર *નગરમાં આવે છે.

પ્હણે શીલવતીને જે છાનો ગર્ભ રહ્યો હતો તે પ્રકટ થવાથી સાસુ વગેરે ત્હેને 'જારિણી' કહીને તિરસ્કારે છે. ચંદ્રગુપ્તે આપેલી વીંટીની નિશાનીને કોઇ માનતું નથી. શીલવતીને પીહર કાઢી મૂકે છે. પીહરિયાં પણ પોતાને સંઘરતાં નથી એટલે એ વનમાં આથડે છે. ત્યાં કોઈ વણઝારો મળે છે. તે ત્હેને બ્હેન ગણી આશ્રય આપે છે. ત્યાંથી પણ ત્રાસ પામતાં ફરીથી એ વનમાં ભટકે છે.

કોઇ ગામ આગળ આવી પહોંચતાં એક વેશ્યા એને પોતાને ઘેર તેડી જાય છે. ત્યાં ત્હેણે બાળક પ્રસવ્યો. શીલવતી બાલકને વ્હાલ કરે છે તે વેશ્યાને પરવડતું નથી. તેથી ત્હેના બાલકને એક દાસીને આપી, ત્હેને પૂરૂં કરી નાખવા કહે છે. દાસીનો જીવ ચાલતો નથી; એટલે બાલકને એક મંદિર આગળ એ મૂકીને આવતી રહે છે. શીલવતીને આ વાતની ખબર પડે છે એટલે એ કલ્પાંત કરે છે. મંદિર આગળ મૂકેલો બાલક કોઇ વસ્તુદત્ત શેઠની અપુત્રિણી સ્ત્રી ઘેર લેઇ જાય છે. બાલક ત્યાં ઊછરે છે.

બાલક બીજાં બાલકોમાં રમે છે. એટલામાં ચંદ્રગુપ્ત દેશ જોતો જોતો ઘેર પહોંચે છે. ત્યાં શીલવતીને પડેલા સંતાપની ખબર પડે છે. ત્હેની શોધ કરવા નિકળે છે. ઠગપુર પાટણમાં છોકરાઓને એકઠા કરતાં એક તેજસ્વી બાલક એ જુવે છે. ત્હેને એકાંતમાં તેડી, ત્હેના મ્હોંમાં આંગળી મૂકી જુવે છે. કે તરત રત્ન હાથમાં આવે છે. ચંદ્રગુપ્તને ખાત્રી થઇ કે એજ એનો પુત્ર. એ રત્નના જોટાનું રત્ન ગામમાં બોળાવે છે; અને એ રીતે આખરે અણિશુદ્ધ રહેલી શીલવતીનો પત્તો લાગે છે.

[૨] ઉપરનો આખો પ્રસંગ "ભદ્રાભામિની"માં આ સ્વરૂપમાં દેખા દે છે;

કસ્તુરચંદ ભદ્રાને મૂકીને પરદેશ કમાવા શ્રાવણ મહિને નિકળે છે. ત્યાં વહાણ દરિયામાં ચાલતાં હોય છે. તેટલામાં શરદપૂનમ અને સ્વાતિ નક્ષત્રનો યોગ થયો. મધ્ય રાત્રિએ એક હંસ અને એક હંસીને મોતીનો ચારો ચરતાં ઊડતાં એણે જોયાં.

ચાંદનીને લીધે બધે જાણે,
"વરસે ત્યાં મોતીનો મેહ, ઉજ્જ્વલ સારસતણી છે દેહ"

એમ લાગ્યું. ઊડતાં ઊડતાં હંસી થાકી ગઈ. એટલે ભરદરિયે કસ્તુરનાં વહાણ ચાલતાં હતાં તે વહાણ ઉપર બન્ને ઊતરી આવ્યાં; અને માંહોમાંહી વાત કરી કે આજે સ્વાતિ નક્ષત્રમાં મોતી પાકવાનો ઉત્તમ યોગ છે.

"નરનારી કરે જો સંગ, હોય રીઝયાં રૂડે રંગ
એક નાડે એક સોડે સૂત્ર, પડે બિન્દુ પ્રકટે તો પુત્ર"

* આવાં 'ઠગપુર પાટણ' તથા 'ધૂતારાપુર'નાં વર્ણનનું અસ્તિત્વ પ્રાકૃત તરંગવતી જેવી વાતોમાં પણ દેખા દેછે.

અને એ ગર્ભનું બાલક સાધારણ ન થાય; એને "છીંક ખાતાં મોતી પડે" એવું એ થાય.

કસ્તુરે આ વાત સાંભળીને ઊંડો નીસાસો મૂક્યો. હંસે દયા લાવીને તહેને કારણ પૂછ્યું. કસ્તુરે "ભદ્રા ઘેર મૂકીને આવ્યો છું" એમ કહ્યું. એટલે હંસે તહેને પીઠ ઉપર ઊંચકીને લઈ જવાની હિમ્મત બતાવી. કસ્તુર પાંખ ઉપર બેઠો; અને હંસે ઊડતાં ઊડતાં તહેને તહેની અગાસીમાં લાવીને મૂક્યો.

ભદ્રાએ સ્વામીને ઓળખ્યો; અને પછી "સ્વાતિયોગ" સચવાયો. ભદ્રાએ માતપિતાને મળીને જવા પતિને વિનવ્યો; પણ વાર ઘણી થઇ હોવાથી હંસે ઉતાવળ કરી. એટલે દાસીઓને સાક્ષી રાખી તે ચાલી નિકળ્યા. અને કસ્તુર વહાણમાં આવી પહોંચ્યો.

અહીં ભદ્રાની વાત કોઇએ માની નહિ; અને તહેને પીહર મોકલી દીધી. પીહરિયાંએ પણ સંધરી નહિ. અને એને વનમાં મૂકી આવ્યાં.

એક તલાવ આગળ 'ધુલર'નું ઝાડ હતું ત્યાં ધુલર ખાતી અને પાણી પીતી એ પડી રહી. તે જગાએ લાખો નામનો વણઝારો* પોઠ નાખીને પડયો. એ લાખાની પાંચ લાખ પોઠો કસ્તુરે "દુખભંજણશાહ" નામ ધારણ કરી, ભદ્રાને ઘેર વેષ બદલીને તહેના સસરાના ગુમાસ્તા તરીકે રહ્યો હતો ત્યારે ખરીદી હતી. તેથી લાખો ભદ્રાને ઓળખતો.

લાખાએ ભદ્રાને બ્હેન ગણી તહેને વિશ્રામ આપ્યો, ત્યાં વણઝારીઓએ ભદ્રાના રૂપની ઇર્ષ્યા કરી; અને તે બીચારીને સતાવી. ગામની ગણિકાએ ઉધું સમઝાવી તહેને પોતાને ત્યાં કાઢી મૂકાવી, ત્યાં ભદ્રાએ પુત્ર પ્રસવ્યો, જેની છીંકે 'રતન' પડે છે.

ગણિકા ભદ્રાના પુત્રને દાસી પાસે મરાવી નાખવાની ગોઠવણ કરે છે; દાસી પુત્રને કૂત્રાના થાળા આગળ મૂકીને આવતી રહે છે. તહેને, એક રાક્ષસ પાણી પીવા આવેલો તે ઉપાડી જાય છે. ભદ્રા પોતાની પાસેથી એક રત્ન આપી, એક ટહેલિયા બ્રાહ્મણ સાથે વિક્રમ રાજાને પત્ર મોકલે છે. વિક્રમને ખબર પડતાં ગણિકાની પાસેથી યુક્તિવડે ભદ્રાને છોડાવે છે.

એટલામાં કસ્તુર કમાઇને ઘેર આવ્યો. ભદ્રાના બધા સમાચાર જાણ્યા અને નિરાશાથી કાશીએ કરવત મૂકાવવા જવા તૈયાર થયો. ત્યાં કસ્તુર લાખો વગેરે બધા એકઠા થાય છે. વિક્રમ રાજાની સહાયથી બધાંનો મેળાપ થાય છે; અને રત્નસાગર પુત્ર પણ શરીરનાં સામુદ્રિક ચિન્હથી ઓળખી કઢાય છે. આખરે સામરભટ્ટનું લોકપ્રિય વેણ.

"દોહિલા દિવસ કાલે વામશે, જીવતો નર ભદ્રા પામશે."

એ સાચું પડે છે; અને કસ્તુર ભદ્રા પામે છે.

આ પ્રકારે "શીલવતીનો રાસ" અને 'ભદ્રાભામિની'–એ બન્ને વાતોમાં જોવામાં આવતું વસ્તુસામ્ય કદાચ એ બન્નેનું મૂલ "સિંહાસનદ્વાત્રિંશિકા" હોવાથી પણ હોય કારણ કે 'ભદ્રાભામિની'ની વાર્તા સંકટહરણ નામની તેત્રીસમી પૂતળીએજ કહેલી છે.

[૩] "શીલવતીના રાસ"માં એક કૌતુક ભરેલી વાત વર્ણવેલી છે. વાર્તાના બીજા ખંડમાં, મંત્રી મતિસાગરનું શબ કેમે કર્યું બળતું નહોતું તહેને રાજકુમાર ચંદ્રગુપ્તે પરાક્રમ દાખવીને બાળ્યું હતું. આ વાર્તાખંડ, લગભગ એના એ સ્વરુપમાં "સદેવંત સાવલિંગા"ની વાર્તામાં નજરે પડે છે.

સં. ૧૬૯૭ માં કીર્તિવર્ધને રચેલી "સદયવત્સ સાવલિંગા ચઉપાઇ" નામની લોકવાર્તામાં એ પ્રસંગ આમ વર્ણવ્યો છે:–

પ્રતિષ્ઠાનમાં સદયવત્સ રહેવા લાગ્યો; પછી ત્યાં તહેણે ત્રણ મિત્રો કર્યા. એક વણિક, એક ક્ષત્રિય,

---

* વણઝારાની વાતના પ્રસંગને માટે સરખાવો "શારદા" માર્ચ ૧૯૨૫ માં છપાયલી શ્રી. રાયચુરાની "ચતુરાઇ"ની વાર્તા. ત્યાં ચતુરદાસ અને રંભા એ નાયક નાયિકા છે. 'શીલવતી'માં આવતો લાખો વણઝારો, "મદનમોહના"માં તેમજ "ભદ્રાભામિની"માં દેખાદે છે. એ લાખો આ 'કાઠીયાવાડની લોકવાર્તામાં પણ આવે છે. શામળભટ્ટનો દુખળીદાસ તેમજ "ચતુરાઈ"ની વાર્તામાંનો મંગળદાસ. આ પ્રકારે જોઇ શકાય છે કે કેટલીક વાર્તાઓનો ગ્રોની પેઠે વિસ્તાર અને પ્રચાર થયેલ જાય છે; અને એ પ્રકારે દેશભરમાં તે પથરાયે જાય છે.

અને એક બ્રાહ્મણ. એવામાં એક પરદેશી આવ્યો. તેણે કુમારને એક કૌતુક ભરેલી વાત કહી કે "એક તુંબવન નગરમાં, ધનપતિ શેઠના બાપનું શબ ઘણી વખત બાળ્યા છતાં શબ પાછું ઘેર આવતું રહે છે."

સાહસિક કુમાર તથા ત્રણ મિત્રો તે તરફ ચાલી નિકળ્યા. શબ લઇને સ્મશાનમાં ચારે જણ બેઠા. રાતના ચાર પહોરની ચોકી ચાર જણે વહેંચી લીધી અને સવારે તેણે બાળવું એમ નિશ્ચય કર્યો.

વણિકની ચોકી દરમ્યાન એક સ્ત્રીનો રૂદનસ્વર સંભળાયો. વણિક શબને પોતાની પીઠે બાંધી, તે સ્ત્રીની પાસે ગયો. સ્ત્રીએ કહ્યું કે "આ મ્હારા પતિને શૂલ ઉપર ચઢાવ્યો છે તેને ખાવાને માટે થાળ લાવી છું. પણ હું પહોંચાતી નથી." વણિકપુત્રે તેણે ઉંચી કરી. પેલી સ્ત્રી તો શૂલિ ઉપરના માણસનું માંસ ભક્ષણ કરવા લાગી. માંસનો ખંડ પડતાં વણિકે તે સ્ત્રીને પછાડી. નાસતી નાસતી તે સ્ત્રીનો કંકણવાળો હાથ કાપી લીધો અને રેતીમાં દાટી દીધો.

બીજા બે પહોરે બીજા બે મિત્રોની ચોકી થઈ તેમણે પણ અદ્‌ભુત પરાક્રમ દાખવી શબ સાચવ્યું, ચોથે પહોરે શબમાં રહેલા વેતાલે હાથ લંબાવી રાજમહેલમાંથી સોગઠાંબાજી આણી, જે હારે તે માથું આપે એમ ઠર્યું. હરસિદ્ધિના વરદાનથી વૈતાલ હાર્યો; અને કુમાર જીત્યો એટલે તેનું મસ્તક છેદ્યું પછી શબને બાળ્યું-વગેરે—

—એટલે આ વાર્તાખંડનો સ્વતંત્ર વિચાર કરતાં તે પણ કોઈ જૂની વાર્તાઓનોજ ખંડ હોય એમ સંભવે છે.

એકંદરે **શીલવતી**ની વાર્તામાં અદ્‌ભુત તત્ત્વ આગળ પડયું છે એ "શીલવતી કથા" સંસ્કૃતમાં સોમતિલકસૂરિએ રચી છે તેની પ્રત છાણીના પ્રવર્તક કાન્તિવિજયજીના સંગ્રહમાં છે. એ સંસ્કૃત મૂલનો ઉપયોગ જરૂર થવો ઘટે, જેથી તુલનાત્મક અભ્યાસીને એક અગત્યનું સાધન પ્રાપ્ત થઈ શકશે.

જૈન પ્રાચીન સાહિત્ય પ્રકાશમાં લાવનારી સંસ્થાઓ પ્રત્યે મ્હારી ભલામણ છે કે આ લોકપ્રિય થયેલા રાસની હસ્તપ્રતો ઉપરથી સંશોધિત થયેલી મૂલ ભાષામાંજ છાપેલી, ટીપ્પણી, પ્રસ્તાવના તથા પરિશિષ્ટો અને કોષ સમેત એક નવી આવૃત્તિ તૈયાર કરાવવાનું પહેલી તકે હાથમાં લેવાય.

બાલચંદ્રસૂરિનું વસંતવિલાસ મહાકાવ્ય.

અંગ્રેજી પ્રસ્તાવના લખનાર—સદ્‌ગત ચીમનલાલ ડા. દલાલ, એન. એ.

[આ મહાકાવ્ય સંસ્કૃતમાં છે અને તે જૈન સાક્ષર શ્રી **સદ્‌ગત ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ એમ. એ.** થી સંશોધિત થઈ ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ વૉલ્યુમ, તરીકે શ્રી ગાયકવાડ સરકાર તરફથી પ્રકટ થયેલ છે. તેમાં વિદ્વત્તા ભરી પ્રસ્તાવના ઉક્ત સદ્‌ગત શ્રી દલાલે લખી છે. તે અતિ ઉપયોગી હોઇ શ્રીયુત ચંદુલાલ એસ. શાહ બી. એ. એલ એલ. બી. વકીલ હાઇકોર્ટ પાસે ગૂજરાતી અનુવાદ કરાવી તેમાં અમારા તરફથી આવશ્યક સુધારા વધારા કરી અત્રે પ્રકટ કરીએ છીએ. આ પ્રકટ કરવા માટે આજ્ઞા માંગતાં તે સીરીઝના જનરલ એડિટર અને ઓરિયન્ટલ લાયબ્રેરિયન શ્રીયુત બી. ભટ્ટાચાર્યે તા ૨૬-૧૧-૨૬ ના નં. ૧૮૪ સેં. લા./૨૬-૨૭ ના પત્રથી પ્રેમપૂર્વક આજ્ઞા આપી છે તે માટે તેમનો ઉપકાર માનીએ છીએ. **તંત્રી**]

वाग्वल्लि दलदस्यवः कति न वा सत्याखु तुल्योपमाः
सत्योल्लेखमुषः स्वकोष्ठपिठरीसंपूर्तिं धावद्धियः ।
सोऽन्यः कोऽपि विदर्भरीति बलवान् बालेन्दुसूरिः पुरो
यस्य स्वर्गिंपुरोंहितोऽपि न गवां पौरोगवस्तादृशः ॥

अपरादित्यकवेः

શ્રી વસંતવિલાસ—ચૌદ સર્ગોમાં રચેલું એક ઐતિહાસિક મહાકાવ્ય છે. ધોળકાના રાજા વીરધવળના મહામંત્રી વસ્તુપાલનું, તેઓ મંત્રીપદ ઉપર આવ્યા ત્યારથી તે તેમના મૃત્યુ સમય સુધીનું જીવનચરિત્ર તેમાં વર્ણવેલું છે, અને વસ્તુપાલના પુત્ર જૈત્રસિંહના મનને આનંદ આપવા માટે રચવામાં આવ્યું હતું.[૧] કીર્તિકૌમુદી અને સુકૃતસંકીર્તન

૧ श्री वस्तुपालांगभुवो नवो प्रियस्य विद्वज्जनमज्जनस्य ।
श्री जैत्रसिंहस्य मनोविनोदकृते महाकाव्यमूदीर्यतेऽहो ॥
१-७५.

એ બે ગ્રંથો સંવત્ ૧૨૮૬ ના અરસામાં વસ્તુપાલની હયાતીમાં લખાયલા હતા પણ આ ગ્રંથ વસ્તુપાલના મૃત્યુ પછી લખાયો હતો. આ મહાકાવ્યના કર્તા વસ્તુપાલના સમકાલીન હોઇ આ ગ્રંથ સર્વ પ્રકારે સમકાલીન ઇતિહાસ જેવો પ્રમાણભૂત છે.

કર્તા અને તેનો સમય—ચંદ્રગચ્છના શ્રી[૨] હરિભદ્રસૂરિના શિષ્ય બાલચંદ્રસૂરિ આ ગ્રંથના કર્તા છે. આ કાવ્યના પ્રથમ સર્ગમાં કવિએ પોતાની પૂર્વ અવસ્થાની હકીકત આપી છે. મોઢેરક નામના શહેરમાં (ગાયકવાડના રાજ્યના કડી પરગણામાં આવેલું મોઢેરા) ધરાદેવ નામે પ્રખ્યાત બ્રાહ્મણ હતો. તે દીન દુઃખીઓને સર્વ પ્રકારે મદદ કરતો, અને જિન ધર્મના સર્વ સિદ્ધાંતો સારી રીતે જાણતો હતો. તેના બારણે આવેલ દરેક ભિક્ષુક તેના આપેલા પૈસાથી ભર્યા હાથે પાછો ફરતો. તેને વિદ્યુત્ નામે પત્નિ હતી. તેમને મુંજાલ નામે પુત્ર હતો. તે પિતાના ઘરમાં રહેતો હોવા છતાં સંસારને માયાજાળ જેવો સમજતો હતો. શ્રી હરિભદ્રસૂરિ પાસેથી ધાર્મિક જ્ઞાન-પ્રકાશ તેમને મળ્યો અને તેમણે માત પિતાની રજા લઈ જૈન સાધુ દીક્ષા ગ્રહણ કરી. ધીમે ધીમે તે દરેક વિદ્યામાં પારંગત થશે એમ વિચારી શ્રી હરિભદ્રસૂરિએ તેમને બાલચંદ્રસૂરિ નામ આપી પોતાના શિષ્ય બનાવ્યા અને પોતાનો મૃત્યુ સમય પાસે આવ્યો જાણી તેમને પોતાની પાટે સ્થાપિત કર્યા. ચાલુક્ય વંશના રાજાઓના મુકટમણીના તેજથી જેનાં ચરણ હંમેશા રંગીત થતાં, તેવા સરસ્વતીના ખરા નિવાસ-સ્થાનરૂપ પદ્માદિત્ય તેમના વિદ્યાગુરૂ હતા. અને વાદિદેવસૂરિ ગચ્છના શ્રી ઉદયસૂરિએ તેમને સારસ્વત મંત્ર આપ્યો હતો, એક વખત યોગનિદ્રામાં સરસ્વતી દેવીએ તેમને દર્શન આપ્યાં અને કહ્યું "હું તારા બાલ્યકાળથી સારસ્વત કલ્પથી કરેલા મારા ધ્યાનથી પ્રસન્ન થઇ છું અને જેમ પૂર્વે કાલિદાસ અને બીજા મહાકવિઓ મારા વત્સો હતા તેમ તું પણ મારો વત્સ છે." પ્રબંધચિંતામણીમાં જણાવેલું છે બાલચંદ્રસૂરિએ વસ્તુપાલના ગુણકીર્તનનું કાવ્ય રચ્યું હતું તેથી ખુશી થઈ તે મંત્રીએ બાલચંદ્રસૂરિને આચાર્યપદ ઉપર સ્થાપન કરવાના મહોત્સવમાં એક હજાર દ્રામ ધન ખર્ચ્યું હતું. (૨)

કવિએ રચેલ અન્ય ગ્રંથો—આ ગ્રંથ ઉપરાંત કવિએ કરૂણાવજ્રાયુધ એ નામનું પાંચ અંકી નાટક રચ્યું છે. અને આસડના ગ્રંથો નામે વિવેકમંજરી અને ઉપદેશકંદલી ઉપર ટીકા લખી છે. કરૂણાવજ્રાયુધ નાટક (પ્રકાશિત–આત્માનંદ જૈનસભા–ભાવનગર) વસ્તુપાલ મંત્રી શત્રુંજયની યાત્રાએ ગયા ત્યારે રચ્યું હતું અને વસ્તુપાલના કહેવાથી ત્યાં શ્રી આદિનાથના દેરાસરમાં પહેલ વહેલું ભજવવામાં આવ્યું હતું. આ ઉપરથી સ્પષ્ટપણે જાણી શકાય છે કે વસ્તુપાલની હયાતીમાંજ બાલચંદ્રસૂરિએ કવિ તરીકે કારકીર્દી શરૂ કરી હતી.

---

૨. હરિભદ્રસૂરિ—બાલચંદ્રસૂરિના ગુરૂ. બાલચંદ્ર આસડની ઉપદેશકંદલી પર ટીકા કરી છે તેમાં પોતાની વંશપરંપરા લંબાણથી આપી છે. ચંદ્ર ગચ્છમાં પ્રદ્યુમ્ન સૂરિ થયા કે જેણે તલવાટકના રાજાને પ્રબોધ કર્યો હતો. તેની પાટે ચંદ્રપ્રભસૂરિ થયા કે જેણે જિનની પ્રાભાતિક સ્તુતિ રચી હતી. તેની પછી ધનેશ્વર સૂરિ થયા કે જેણે પોતાના સ્વર્ગસ્થ ગુરૂ પાસેથી મંત્ર પ્રાપ્ત કર્યો અને સમયુ નામના નગરના દેવતાને પ્રતિબોધ કર્યો. તેને ચાર શિષ્ય નામે વીરભદ્ર, દેવસૂરિ, દેવભદ્ર અને દેવેન્દ્ર સૂરિ સરસ્વતિના ચાર હસ્ત જેવા હતા, તે પૈકી છેલ્લા દેવેન્દ્રસૂરિએ જિનપ્રાસાદો જ્યાં પુષ્કળ હતાં એવું મંડલી નામની પુરીમાં રહીને ત્યાં શ્રી મહાવીર પ્રભુના મંદિરમાં પ્રતિષ્ઠા કરી. તેણે સ્વહસ્તથી પોતાના પટ્ટધર તરીકે ભદ્રેશ્વરસૂરિને સ્થાપ્યા. તેની પાટે વાદીને જીતનારા એવા અભય દેવ સૂરિ થયા કે જેનું ધર્મોપદેશામૃત પીને આસડે પોતાની વિવેક મંજરી અને ઉપદેશ કંદલી રચી. તેના શિષ્ય હરિભદ્ર સૂરિ ષડ્દર્શનો અને સાહિત્યમાં નિષ્ણાત થયા. (જુઓ પ્રશસ્તિ-બાલચંદ્રકૃત ઉપદેશકંદલીવૃત્તિની)

(૨) तथा बालचंद्र नाम्ना पंडितेन श्री मंत्रिणं प्रतिः—

गौरी रागवती त्वयि त्वयि वृषो वद्धादरस्त्वं युतो
भूत्या त्वं च लसद्गुणः शुभगुणः किंवा बहु ब्रूमहे ।
श्री मन्त्रीश्वर ! नूनमीश्वरकलायुक्तस्य ते युज्यते
बालेन्दुं चिरमुच्चकै रचयितुं तत्तोपरः कः प्रभुः ॥

इत्युक्ते तस्याचार्यपदस्थापनायां द्रम्मसहस्रं व्ययीकृतम् ।

—પ્રબંધ ચિંતામણી પૃ. ૨૬૩

ગ્રંથ રચ્યાનો સમય:—આ કાવ્ય લખ્યાની તારીખ ગ્રંથકર્તાએ જણાવી નથી. તેથી આ મહાકાવ્ય કયા વરસમાં લખાયું તે ચોક્કસ કહી શકાતું નથી. પણ તેમાં વસ્તુપાલનું મૃત્યુ સંવત ૧૨૯૬ માં થયું તે બાબતનો ઉલ્લેખ હોવાથી વહેલામાં વહેલો ગ્રંથ રચ્યાનો સમય તે પછીનો કહી શકાય. આ કાવ્ય વસ્તુપાલના પુત્રના વિનોદ માટે લખવામાં આવ્યું છે તેથી ગ્રંથનો સમય વિક્રમના તેરમા સૈકાની આખરનો અથવા ચૌદમા સૈકાની શરૂઆતના આશરાનો છે એમ આપણે ચોક્કસ કહી શકીએ. (૨)

કાવ્યનો સારાંશ:—પહેલો સર્ગ પ્રાસ્તાવિક છે. કવિતા અને સાહિત્યના અમૃતનું વર્ણન કર્યા બાદ કવિ પોતાનો ઈતિહાસ આપે છે અને પોતાને સરસ્વતીએ યોગનિદ્રામાં દર્શન દઇ કવિની ભક્તિથી દેવી પ્રસન્ન છે અને કવિ સરસ્વતીનો સાચો બાળક છે એમ કહ્યું તે બાબતનું વર્ણન છે. ત્યાર બાદ આ મહાકાવ્યના નાયક થવાની યોગ્યતાના કયા કયા ગુણો વસ્તુપાલમાં હતા તે કવિ આપણને જણાવે છે.

બીજા સર્ગમાં અણહિલપુર પાટણ, તેના સુવર્ણકળશમંડિત મોટાં મંદિરો, તેના ભવ્ય આલીશાન મકાનો, ત્યાંનો કિલ્લો, બાગ અને દુર્લભરાજ સરોવરનું વર્ણન છે. (૩)

ત્રીજા સર્ગમાં મૂળરાજથી બીજા ભીમદેવ સુધીના ગુજરાતના રાજાઓનું વર્ણન કર્યા બાદ વીરધવળ અને તેના વડવાઓએ ગુજરાતના રાજ્યને ભાયાતોમાં વહેંચાઇ જતું કેવી રીતે બચાવ્યું તેનું કવિએ વર્ણન કર્યું છે. રાજ્યની અધિષ્ટાતા દેવીનું વીરધવલને સ્વપ્નમાં દર્શન દેવું અને વસ્તુપાલ અને તેજપાલને મંત્રીપદે સ્થાપવા એ હકીકતનું વર્ણન કર્યું છે. (૪)

ચોથા સર્ગમાં બન્ને મંત્રીઓના ગુણ અને શક્તિનું વર્ણન અને વસ્તુપાલને ખંભાતના સુબા તરીકે નીમવાની હકીકત આપવામાં આવી છે. (૫)

પાંચમા સર્ગમાં વસ્તુપાલ અને ભરૂચના સંઘની ચડાઈ અને સંઘની હાર થઇ તે હકીકત કવિએ આપણને કહી છે. (૬)

છઠ્ઠા સાતમા અને આઠમા સર્ગમાં ઋતુઓ, તેને યોગ્ય ક્રીડાઓ, આનંદ સૂર્યોદય ચંદ્રોદય ઇત્યાદિનું રસિક પ્રાચીન શૈલીનું વર્ણન કવિએ સરસ રીતે કર્યું છે. (૧)

નવમા સર્ગમાં વસ્તુપાલને આવેલા એક સ્વપ્નની હકીકત વિસ્તારથી આપવામાં આવી છે. એક પગ વાળા એક દેવ (ધર્મ) વસ્તુપાલને સ્વપ્નમાં દેખાયા અને કહ્યું કે કૃતયુગમાં તેને ચાર પગ હતા, ત્રેતાયુગમાં ત્રણ પગ હતા, દ્વાપરયુગમાં બે પગ હતા અને કલિયુગમાં એકજ પગ છે. મૂલરાજ અને સિદ્ધરાજે સોમેશ્વરની યાત્રાઓ કરી, સિદ્ધરાજે શત્રુંજયને બાર ગામો આપ્યાં અને તેની માતા મીનલદેવી (મયણલ્લાદેવી)એ બ્રહ્મલોક મુકામે સોમેશ્વરના યાત્રાળુઓ ઉપર લેવાતો કર માફ કરાવી ધર્મનો ફેલાવો કર્યો. કુમારપાલે પણ ગિરનાર અને શત્રુંજયની યાત્રાઓ કરી અને મૂલરાજે મંડલી પટ્ટનમાં બાંધેલાં કેદાર અને સોમેશ્વરના જૂના મંદિરોનો ઉદ્ધાર કર્યો અને ઘણાં નવાં મંદિરો પણ બાંધ્યાં. ધર્મદેવે અફસોસ કરી જણાવ્યું કે હવે વસ્તુસ્થિતિ બદલાઈ હતી અને વસ્તુપાલને આદેશ કર્યો કે ધર્મનો પ્રભાવ વધે તેવાં કાર્યો કરવામાં તેણે સતત ઉદ્યમ કરવો કે જેથી ધર્મદેવના મનની ચિંતા ટળે. ત્યાર બાદ પ્રાતઃકાળની નોબતો અને ભાટ ચારણોના બિરૂદ વર્ણન સાંભળતા મંત્રી જાગૃત થયા. (૨)

દશમા સર્ગથી તેરમા સર્ગ સુધીમાં વસ્તુપાલની યાત્રાઓનું વર્ણન છે. પોતાના ધર્મ ગુરૂના ઉપદેશથી વસ્તુપાલે શત્રુંજય અને ગિરનારની યાત્રા કરવાનો નિશ્ચય કર્યો. વીરધવલે પણ તેને આ ધર્મના કાર્યમાં ઉત્તેજન આપી કહ્યું કે પોતાના રાજ્યનો વિસ્તાર જેથી વધે તેવાં દરેક કામ તેમણે ખુશીથી કરવાં. (૩) તે મુજબ રાજ્યના મંત્રીપદનો ભાર તેજપાલને

---

(૨) (૩) જુઓ કીર્તિકૌમુદી. સર્ગ પહેલો. (૪) કીર્તિકૌમુદી સર્ગ ૨-૩ અને સુકૃત સંકીર્તન સર્ગ ૧-૨-૩ જુઓ. (૫) કીર્તિકૌમુદી સર્ગ ૪ જુઓ. (૬) કીર્તિકૌમુદી સર્ગ ૫ મો જુઓ.

(૧) કીર્તિકૌમુદી સર્ગ. ૭ અને સુકૃત સંકીર્તન સર્ગ ૬ જુઓ. (૨) આ સ્વપ્ન એ કવિની નવી કલ્પના છે, કારણ કે તે કીર્તિકૌમુદીમાં કે સુકૃતસંકીર્તન બેમાંથી એકે ગ્રંથમાં નથી.

(૩) येन येन विधिना विजृम्भते, राज्यमेतदधिकाधिकं मम । तं तमर्जयितुमिच्छया भवान्मामकं प्रति शरीरं महति ॥

જુઓ. વસંતવિલાસ. સર્ગ. ૧૦. શ્લોક. ૧૩.

સોંપી વસ્તુપાળ જાત્રા કરવા નીકળ્યા. ચાર ખંડીઆ રાજાઓ તેની સાથે યાત્રાએ નીકળ્યા અને લાટ, ગૌડ, મરૂ, કચ્છ, દાહલ અવંતી અને વંગ દેશના સંઘપતિઓ એકઠા થઇ તેને આવી મળ્યા. તે સર્વને વસ્તુપાલે ભેટો આપી સન્માન આપ્યું. સઘળા યાત્રાળુઓને માટે જોઇતી વસ્તુઓનો અને તેમની સગવડનો બંદોબસ્ત કર્યો. માર્ગમાં આવતાં મંદિરોનાં દર્શન કરતા ગયા અને જુના મંદિરોનો ઉદ્ધાર કરાવ્યો. વલ્લભીપુર (હાલનું વળા)માં સંઘપતિએ મુકામ કર્યો. આ ઠેકાણેથી શ્રી વિજયસેનસૂરિએ વસ્તુપાલને શ્રીશત્રુંજય પર્વતનાં દર્શન કરાવ્યાં. અહીં મોટો મહોત્સવ કર્યો અને સંઘ જમાડયો. વસ્તુપાળની પત્નિ લલિતાદેવીએ ભાવથી સાધુઓને આહાર વ્હોરાવ્યો. અનુક્રમે શ્રી સંઘ પાદલિપ્તપુર (હાલનું પાલીતાણા) પહોંચ્યો. અહીં તેણે શ્રી પાર્શ્વનાથના ચૈત્યમાં પ્રભુ પૂજા કરી. અને યાત્રાળુઓએ ડુંગર પર ચઢવાનું શરૂ કર્યું. કપર્દી યક્ષની પૂજા કર્યા પછી મંત્રી આદિનાથના મંદિરમાં ગયા અને અષ્ટ પ્રકારે પ્રભુની પૂજા કરી. અને ચીનાઇ રેશમી કાપડની મોટી ધ્વજા મંદિર પર ચઢાવી.

શ્રી આદીશ્વર પ્રભુની મૂર્તિ સન્મુખ નૃત્યપ્રયોગ કરવામાં આવ્યો અને પછી શ્રી સંઘ ત્યાંથી પ્રભાસપાટણ તરફ વળ્યો. ત્યાં વસ્તુપાલે સોમેશ્વરની પૂજા કરી, પ્રિયમેલ તિર્થમાં સ્નાન કર્યું અને બ્રાહ્મણોને પોતાના વજન જેટલા (તુલા પુરૂષ) સુવર્ણ અને રત્નોનું દાન કર્યું. ત્યાંથી સંઘ ગિરનાર પવત તરફ ગયો. ગિરનાર તળેટીમાં આવેલું તેજપાલે સ્થાપેલું તેજપાલપુર નામનું શહેર અને તેજપાલે બોદાવરાવેલું કુમારસર નામનું સરોવર વસ્તુપાલે જોયું. અને આદિનાથની પૂજા કરી. સંઘ ગિરનાર પર ચઢયો અને શ્રી નેમનાથની પૂજા કરી અને અંબિકા આલોકન અને શાંબ નામની ટુંકોનાં પણ દર્શન કર્યા. ત્યાંથી સંઘ ધોળકા પાછો ફર્યો. અહીં રાજા વીરધવળ પોતાના લશ્કર સાથે સંઘને લેવા આવ્યો. વીરધવળ વસ્તુપાળને ભેટયો અને યાત્રા સંબંધી હકીકત અને કુશલ વર્તમાન પૂછ્યા, સંઘે બાદશાહી ઠાઠથી શુભ દિવસે શહેરમ પ્રવેશ કર્યો. વસ્તુપાલે યાત્રાળુઓને જમાડી તેમનું સન્માન કર્યું અને પોતાના સ્નેહીઓ, બ્રાહ્મણો, યતિઓ અને ધર્મ ગુરૂઓને વસ્ત્રોનું દાન દઇ સર્વનું સન્માન કર્યું. (૧).

ચૌદમા સર્ગમાં કવિ આપણને જણાવે છે કે વસ્તુપાલે દરેક નગર શહેર ગામ અને પર્વત ઉપર બંધાવેલી ધરમશાળાઓ, દેરાસરો, ઉપાશ્રયો, બ્રાહ્મણો માટે રહેવાનાં સ્થળો અને સરોવરોની સંખ્યા એટલી મોટી છે કે તેની ગણત્રી કરવાનો પ્રયત્ન વૃથા છે. એક સમયે ધર્મરાજાની દૂતિ જરા વૃદ્ધાવસ્થાએ આવી વસ્તુપાલને કહ્યું કે સ્વર્ગમાં તમારી કીર્તિનાં ગુણગાન સાંભળીને ધર્મરાજાની પુત્રિ સદ્ગતિ તમને મળવાને ઘણી આતુર થઈ છે અને તેના માતપિતાએ તેનું તમારી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું છે. સદ્ગતિના વિચારોમાં વિચરતા વસ્તુપાલને એક સમયે તાવ આવ્યો અને ગિરિરાજ શ્રી શત્રુંજયની યાત્રાએ સદ્ગતિને વરવા માટે જવાનો નિશ્ચય કર્યો. ધર્મરાજાના આયુર્બંધ (આયુષ્યની દોરી) નામના સેવકે વસ્તુપાલનો આ નિશ્ચય ધર્મરાજાને જણાવ્યો. તે સાંભળી ધર્મરાજ ખુશી થયા અને વસ્તુપાળના સદ્ગતિ સાથે વરવાનું મુહુર્ત સમય નક્કી કરી પોતાના સુબોધ નામના દૂતને રવાના કર્યો. સુબોધે આવી વસ્તુપાળને કહ્યું કે તમને ધર્મરાજા સદ્ગતિને વરવા માટે સંવત ૧૨૮૬ ના માહાસુદ પંચમીને સોમવારે શ્રી શત્રુંજય ઉપર બોલાવે છે. વસ્તુપાલે પોતાના પુત્ર જૈત્રસિંહ, પત્નિ લલિતાદેવી અને ભાઇ તેજપાળને પોતાની પાસે બોલાવ્યા અને તેમને યોગ્ય સૂચનાઓ અને શીખામણ આપી. રાજા વીરધવળને મળીને વસ્તુપાળ શત્રુંજય જવા નીકળ્યા. ત્યાં પહોંચી ડુંગર ઉપર ચઢયા. લગ્નના દિવસે શ્રી આદિનાથનું ચૈત્ય ખૂબ શણગારવામાં આવ્યું હતું. ત્યાં શ્રી આદિનાથની સન્મુખ ધર્મે પોતાની પુત્રી સદ્ગતિ વસ્તુપાળને આપી અને તેને સ્વર્ગમાં લઈ ગયો ત્યાં સર્વ ઇન્દ્રોએ વસ્તુપાળનું ઘણું

(૧) જુઓ–કીર્તિકૌમુદી સર્ગ. ૯ અને સુકૃત સંકીર્તન સર્ગ ૭. ૮, ૯. ૧૦.

સન્માન કર્યું. (૧)

ગુજરાતના ઇતિહાસ માટે મળતી સામગ્રી:- આ કાવ્યમાંથી ગૂજરાતના ઈતિહાસ સંબંધી નીચલી હકીકત મળી આવે છે. બ્રહ્માએ આપેલા સંધ્યા ચુલિકા-માંથી હાથમાં ખૂલ્લી તરવારવાળો એક વીર સ્વયંભૂ ઉત્પન્ન થયો. તે ચાલુક્ય કહેવાયો અને તેણે દૈત્યોનો નાશ કરી પૃથ્વી ઉપર રાજ્ય કર્યું. તેના વંશમાં **મૂળરાજ** નામે રાજા થયો. શ્રી સોમેશ્વરની તે દર સોમવારે યાત્રા કરતો તેથી પ્રસન્ન થઇ સોમેશ્વરે તેને અનેક લડાઇમાં મદદ કરી હતી:-દુશ્મનોનાં માથાં પોતાની ક્રૂર તરવારથી કાપી નાખનાર **ચામુંડરાજ** તેની પછી ગાદીએ આવ્યો. તેનો પુત્ર વલ્લભરાજ 'જગતઝંપન' નામે પ્રખ્યાત થયો હતો. **ભીમે** ભોજ ઉપર મેળવેલી જીતનો આ કાવ્યમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જયસિંહ દેવે ધારા નગરીના રાજાને તાબે કર્યો અને તેને કાષ્ટના પાંજરામાં પુરીને પોતાની રાજધાનીમાં લાવ્યો. તેણે ઉજ્જયન જીત્યું અને ત્યાંથી યોગીનીઓની પીઠિકા લાવ્યો, અને બાબરા ભૂતને તાબે કર્યો. તેણે શત્રુંજય પર્વતના મંદિરો માટે બાર ગામોનું દાન કર્યું (૧) કુમારપાળે કેદાર અને સોમેશ્વરના મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેણે બીજાં ઘણાં મંદિરો બંધાવ્યાં અને નાવારસ મરી જાય તેની મીલકત રાજ્યમાં જમા કરવાનો ધારો રદ કર્યો. તેણે બલ્લાલ દેશ જીત્યો અને જંગલ અને કોંકણના રાજાઓ ઉપર જીત મેળવી. તેના પછી **અજયપાલ** ગાદીએ આવ્યો અને જંગલના રાજાએ તેને નજરાણું આપ્યું હતું. મૂળરાજ બીજો જે કે ઉમ્મરમાં બાળક હતો છતાં તેણે મ્લેચ્છ રાજાને નમાવ્યો. તેના પછી **ભીમદેવ** બીજો ગૂજરાતની ગાદીએ આવ્યો. તે ઘણો દાની વિષયી અને નબળા મનનો હતો.

બીજો **ભીમદેવ** પોતાની નબળાઇથી રાજ્ય ઉપર કાબુ રાખી શકયો નહી અને તેના ખંડીયા માંડળિક રાજાઓએ દેશમાં સ્વતંત્ર સતા જમાવી. ચાલુક્ય વંશના ધવળ રાજાનો પુત્ર **અર્ણોરાજ ભીમ**દેવના પક્ષમાં રહ્યો અને માંડલિક રાજાઓને હરાવી રાજ્યનું રક્ષણ કર્યું. તેનો પુત્ર લાવણ્યપ્રસાદ યુદ્ધનો રસીયો હતો અને ઉત્તર પૂર્વ અને દક્ષિણ દેશના રાજાઓ તેનાથી ધ્રુજતા. તેના પુત્ર **વીર**ધવળે ખંડીયા મંડળીક રાજાઓની સત્તા ઉખેડી નાખી અને પોતાના પિતા લાવણ્યપ્રસાદની સાથે રાજ્યનો કારભાર ચલાવતો. પોતાના રાજ્યની બરાબર અસર રાખવા માટે એક સારો પ્રભાવશાળી મંત્રી નીમવાનો તેણે વિચાર કર્યો. એક વખત રાજ્યલક્ષ્મીએ સ્વપ્નદર્શન દઇ તેને નીચે મુજબ કહ્યું કે પહેલાં-પ્રાગવાટ (પોરવાડ) વંશમાં મહાપ્રતાપશાળી **ચંડપ** થયો હતો. તેનો પુત્ર **ચંડપ**પ્રસાદ ઘણો કીર્તિમાન થયો. તેનો પુત્ર **સોમ** થયો તે જિન શીવાય બીજા ભગવાન અને સિદ્ધરાજ શીવાય બીજા માલિકને કબુલ કરતો ન હતો. તેની પત્નિ **સીતા**ના પેટે તેને **અશ્વરાજ** નામે પુત્ર થયો. **અશ્વરાજ**ની બુદ્ધિના ગુર્જર રાજાએ ઘણાં વખાણ કર્યા હતાં. તેણે પોતાની માતાને પાલખીમાં બેસાડીને ગિરનાર અને **શત્રુંજય**ની સાત વખત યાત્રા કરી હતી તેણે ઘણાં તળાવો અને કુવાઓ ખોદાવ્યા. ઘણી પરબો બેસાડી અને મંદિરો બંધાવ્યાં. કુમારદેવી સાથે તેનાં લગ્ન થયાં અને તેમને **મલ્લદેવ**, **વસ્તુપાલ** અને **તેજપાલ** નામે ત્રણ પુત્રો થયા. દેવીએ **વસ્તુપાળ** અને **તેજપાળ**ને પ્રધાન નીમવા એમ વીરધવળને કહ્યું.

વીરધવળે આ બે ભાઇઓને બોલાવવા માટે પોતાના મુખ્ય અધિકારીઓને મોકલ્યા. તેઓ રાજાની હજુરમાં આવ્યા અને રાજાને નજરાણું ધરી રાજાને નમસ્કાર કર્યા. તેઓની સુંદર રીતભાત, વિનય, બોલવાની છટાથી ખુશ થઈ રાજાએ તેમને પોતાનું મંત્રીપદ સ્વીકારવા કહ્યું, ત્યારે વસ્તુપાલે

(૧) વસ્તુપાળના ધાર્મિક કાર્યો માટે સુકૃત સંકીર્તન સર્ગ, ૭. ૮. ૯. ૧૦. સરખાવો. કીર્તિકૌમુદી અને સુકૃત સંકીર્તન બન્ને વસ્તુપાળની હયાતિમાં લખાયેલા હોવાથી તેમાંથી એકેમાં, આ પાછળની જણાવેલી હકીકત મળતી નથી.

(૧) સરખાવો—*शत्रुञ्जये महातीर्थे पूजार्थं यो जिनेशितुः।*
देवदाये कृतीश्रेष्ठो ग्रामद्वादशकं ददौ ॥

-જિનહર્ષસૂરિના વસ્તુપાલ ચરિત્રનો પ્રથમ સર્ગનો શ્લોક ૮૪.

રાજાને સ્પષ્ટ કહ્યું કે રાજાઓ ધનના લોભી હોય છે અને તેથી તેમના અધિકારીઓ પણ તેવાજ થાય છે અને પોતાની મરજીમાં આવે તેમ સ્વચ્છંદે વર્તે છે. જો તમે ન્યાયથી વર્તવા, લોભ છોડી દેવા, ચાડીયા અને નિંદાખોર માણસોને કાઢી મુકવા અને શાંત સ્વભાવ રાખવા કમુર કરતા હો તો મંત્રી પદ હું લઇશ, એમ વસ્તુપાળે જણાવ્યું. પછી રાજાએ બન્ને ભાઇઓને મંત્રીપદની સુવર્ણ મુદ્રા આપી.

આ મંત્રીઓ નીમાયાથી વીરધવળના રાજ્યનો ઘણો ઉદય થયો. લાટ દેશના રાજાના તાબે ખંભાત બંદર હતું તે વીરધવળે બળથી કબજે કર્યું હતું. ખંભાત ગૂજરાતનું સમૃદ્ધિવાન મોટું બંદર હતું, અને સત્તા અને સમૃદ્ધિનું મોટું ઉપયોગી મથક હતું. વીરધવળે વસ્તુપાળને ખંભાતનો સુબો નીમ્યો. વસ્તુપાળે ખંભાતમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાંના રહેવાસીઓ અને વ્યાપારીઓએ તેને ઘણો વધાવી લીધો. હલકા મનના ખરાબ અધિકારીઓએ ખંભાતમાં ઘણી ગેરવ્યવસ્થા કરેલી તે વસ્તુપાળના વખતનાં દુર થઇ અને ખંભાતની ગુમાવેલી જાહોજલાલી ફરીથી ઉદય પામી. તેણે દરેક ધર્મવાળાઓને અન્ન વસ્ત્રોના દાનથી સન્માન આપ્યું અને તેથી દરેકને મંત્રી પોતપોતાના ધર્મનો રાગી છે એમ લાગતું. કાવ્ય સાહિત્યનો તે ઘણો શોખીન હતો અને કવિઓને તેણે એટલું બધું ધન આપ્યું કે મુંજ અને ભોજના લાંબા સમયની કીર્તિ પણ તેના મ્હોં આગળ ઝાંખી પડવા માંડી. જે વખતે વીરધવળ લૂણસાક રાજા સાથે મારવાડના રાજાઓ યુદ્ધ કરતા હતા તે યુદ્ધમાં રોકાયેલો હતો તે વખતે ભરૂચના રાજા સંખે પોતાના રાજ્યના તાબાનું અને પોતે ગુમાવેલું ખંભાત બંદર પાછું મેળવવા મોટા લશ્કર સાથે ખંભાત તરફ કૂચ કરી. સંખે નીચે મુજબ સંદેશો પોતાના દૂતો સાથે વસ્તુપાલને કહેવડાવ્યો. "વીરધવળ સબળ છે છતાં મારવાડના ઘણા રાજાઓએ હાલ તેના ઉપર ચડાઈ કરેલી છે અને કોઈ પણ ઠેકાણે વીરધવળનો જય થતો દેખાતો નથી. ચાહમાન રાજા ભાગ્યેજ અહીં આવે છે માટે મને ખંભાતમાં પ્રવેશ કરવા દઇ પછી તમે સુખેથી રાજ્ય કરો. વીરધવળે હસીને તમને ફક્ત એક શહેરજ આપ્યું ત્યારે સંખરાજા તમારા ગુણોની કદર કરશે અને તમને એક આખા દેશના સુબા બનાવશે, મનમાં સંશય રાખીને તમે સંખને તમારા ઉપરી રાજા તરીકે નહી સ્વીકારો; તો જ્યારે સંખ ખંભાત જીતી લેશે ત્યારે બીજાને સુબાગીરી આપશે. બાર માંડલિક રાજાઓ તેના ડાબા પગ સાથે સોનાની સાંકળે બંધાઈ જમીન ઉપર આળોટતા તેના સન્મુખ રૂએ છે તે જગજાહેર વાત છે જ્યારે એક તરફથી અર્ણોરાજના પુત્રોએ માલવાના રાજાને વચમાં રાખી સંખ ઉપર હુમલો કર્યો અને બીજી બાજુથી શ્રી ભટે વલોવેલા યુદ્ધ સાગરમાંથી પેદા થયેલા કાલકૂટ ઝેર જેવું યાદવ રાજા (સિંહણ)નું લશ્કર સામું આવ્યું ત્યારે પ્રચંડ સંખે યાદવરાજાના આખા સૈન્યને હરાવી ભગાડ્યું. તમારા મનમાં બરાબર વિચાર કરજો કે જેની તરવારના ઘાથી વજ્ર પણ ભાગી જાય છે તેવા શંખરાજા સામે કોણ ટકી શકશે ? તમે તેની આંખમાં આવો ત્યાર પહેલાં નાશી છૂટો. વાણિયાના નાશી જવાથી કંઇ શરમાવા જેવું છે નહી તમારે તમારા મનમાં જે નિશ્ચય કરવો હોય તે કરી લેવો. કારણ કે મર્યાદા મુકેલા સાગરની જેમ શંખરાજા હવે આ તરફ સત્વર આવે છે." આ સાંભળી વસ્તુપાલની ભ્રકુટી ક્રોધથી ધમધમી રહી હતી છતાં પોતાનો ક્રોધ દબાવી હસીને મંત્રીએ જવાબ આપ્યો કે શંખરાજા જે પ્રમાણે મને મળવા માગે છે તે મુજબ તેને મળવા હું ખુશી છું. મારવાડના રાજાઓ મેઘની માફક આવ્યા છે તેજ વખતે તે આવ્યો છે તો તેને ભલે આવવા દો. મારી તલવાર તૈયાર છે. તમે કહ્યું કે ચાહમાણ રાજા મને આખો દેશ આપશે તે વાતમાં કંઇ અયોગ્ય નથી. તમે જે બોલ્યા તેને હું એક શુકન માનું છું. માંડળિક રાજાઓની પ્રતિમાઓ તેના પગે સોનાની સાંકળથી બાંધેલી છે તે વાત ઠીક છે પણ યાદવ રાજાના કેદખાનામાં તેના પગમાં બેડીઓ પડેલી હતી તેથી મને ઘણું દુઃખ લાગે છે. નર્મદાના કિનારાપર યાદવ રાજાના સૈન્યને શંખે હરાવ્યું તે વાત તમે મને કહી પણ પણ તે કેદ થયો હતો તે

વાત તમે જણાવી નથી. ફક્ત ક્ષત્રીઓજ યુદ્ધકળાના રહસ્યને જાણે છે અને વાણિયાઓને તે આવડતું નથી એ તમારા મનની ભ્રમણા છે. અંબડ જો કે વાણિયો હતો તો પણ શું તેને કોંકણના રાજા મલ્લિકાર્જુનને લડાઈમાં હણી નાખ્યો ન હતો? હું પણ યુદ્ધ વેપારમાં સારી રીતે પ્રખ્યાત થયેલો છું. તરવાર રૂપી તાજવાથી શત્રુઓના મસ્તક રૂપ માલ ખરીદું છું અને તેની કીંમતમાં તેમને સ્વર્ગ આપું છું. જો તમારો શંખ સિંધુરાજનો ખરો પુત્ર હોય તો તેને તુરત અહીં આવી યુદ્ધનું સ્થળ પસંદ કરવા કહેજો." (૧) વસ્તુપાળે પણ પોતાનું સૈન્ય તૈયાર કર્યું અને બન્ને સૈન્યો વચ્ચે લડાઈ થઇ; વસ્તુપાલના યોદ્ધાઓએ શંખના લશ્કરને યુદ્ધ સ્થળ ઉપર કાપી નાખ્યું અને તેના ઘણા શુરવીર યોદ્ધાઓને લડાઇમાં મારી નાખ્યા. શંખ પોતાના જેટલા બળવાન પોતાના ભાઇઓ સાથે મંત્રીને હરાવવા નીકળ્યો. ઘણું ભયંકર યુદ્ધ થતું તેમાં વસ્તુપાલના નવ યોદ્ધાઓ અને શંખના ભાઇઓ કપાઇ ગયા પછી ગુપ્ત કુળનો ભૂણપાલ શંખને મારવાનું પણ લઇ તેના તરફ ધસ્યો. તેણે ઘણા યોદ્ધાઓને તેઓ શંખ છે એમ ધારી કાપી નાખ્યા. આખરે તે શંખ પાસે જઇ પહોંચ્યો અને તેના ઉપર ભાલાનો ઘા કર્યો. શંખે તે ભાલાના કટકા કરી નાખ્યા. આખરે ભૂણપાલ શંખના હાથે મરાયો. હવે વસ્તુપાળ એક બીજા મોટા સૈન્ય સાથે આગળ આવ્યો. પોતાનું લશ્કર ઘણું ઓછું થયેલું જોઇ આ નવા લશ્કરને દેખી શંખ ભરૂચ તરફ નાસી ગયો.

આ કાવ્યનું ઐતિહાસિક મહત્વ. એક ખેદની વાત એ છે કે આપણા સંસ્કૃત ઐતિહાસિક કાવ્યોમાં ટાલ્લાં જેવાં નકામાં લાંબાં લાંબાં વર્ણનો ઘણાં હોય છે પણ જે મહાપુરૂષનું ગુણકીર્તન તેમાં હોય છે તેના જીવનવૃત્તાંતની ઐતિહાસિક બાબતો તેમાં ઘણી ઓછી મળી આવે છે. આ કાવ્યને પણ આજ હકીકત લાગુ પડે છે. આ કાવ્ય મંત્રીના મૃત્યુ પછી અને સમકાલીન લેખકે લખેલું હોવાથી મંત્રીના પાછલા જીવનના ઇતિહાસની હકીકતોની આ કાવ્યમાં આપણે આશા રાખીયે તે સ્વાભાવિક છે; પણ કર્તા તે બાબતનો કંઇ પણ ઉલ્લેખ કરતા નથી. હકીકતમાં તો પહેલાનાં બે કાવ્યો કરતાં આ કાવ્યના છેલ્લા સર્ગમાં વસ્તુપાલ મૃત્યુ પામ્યા એટલી હકીકત શીવાય બીજી કંઇ પણ નવી હકીકત આ કાવ્યમાંથી આપણને મળતી નથી છતાં પણ છેલ્લો સર્ગ ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણો ઉપયોગી છે, કારણ કે વસ્તુપાલના મૃત્યુના સમય અ સ્થળ સંબંધી જે અનેક હકીકતો કહેવાય છે તે સઘળી આથી ખોટી પૂરવાર કરી શકાય છે. પ્રબંધ ચિંતામણીમાં વસ્તુપાલના ઉત્તર જીવન સંબંધી કંઇપણ ઉલ્લેખ નથી. ચતુર્વિંશતિ પ્રબંધ અને વસ્તુપાલ ચરિત્ર એ બે ગ્રંથોજ તે બાબતની હકીકત આપે છે. તેમાં વસ્તુપાલના મૃત્યુનો સમય સંવત્ ૧૨૯૮ નો અને સ્થળ આંકેવાલીયા આપેલ છે. પણ આ કાવ્યમાંની હકીકત ઉપરથી તે બાબત ખોટી છે એમ પૂરવાર થાય છે. મંત્રીપદની સભા પરથી વસ્તુપાલને પદભ્રષ્ટ થયાની વાત પણ ખોટી જણાય છે. વસ્તુપાલની મહેરબાનીથી જેને ગાદી મલી હતી અને જેનું રાજ્ય તેના પ્રયત્નથી મજબુત હતું તે વીસળદેવ તેજપાલ પાસેથી મંત્રીપદની મુદ્રા લઇ લઇ નાગડને મંત્રીપદ આપે તે સંભવિત નથી અને વીશળદેવે ધાર્યું હોત તો પણ તે તેમ કરી શકે તેવું નહતું કારણકે મંત્રીઓની સત્તા ઘણીજ સારી રીતે જામેલી હતી અને તેઓ ઘણા બળવાન હતા તેથી વીસલદેવની એકાદ વરસના ટુંકા સમયમાં સત્તા દૃઢ અને સહીસલામત થઇ શકી હોય એમ સંભવતું નથી. આબુ પર્વત ઉપરના સંવત્ ૧૨૯૬ (વૈશાખ સુદ ૩) ની તારીખના એક લેખમાં વસ્તુપાલને મહામાત્ય તરીકે જણાવેલ છે. મારા અનુમાન પ્રમાણે તેજપાલના મરણ પછી મંત્રીનો ફેરફાર થયો હોવો જોઇએ. જિનહર્ષના મત પ્રમાણે તેજપાળનું મૃત્યુ વસ્તુપાળના મરણ પછી દશ વરસે થયું. (૧) સંવત ૧૩૦૩ ની સાલના એક હસ્તલિ-

(૧) વસંતવિલાસ. સર્ગ ૩ શ્લોક ૨૪-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૪૧-૪૨-૪૩ જુઓ.

(૧) મી. ટી. એમ. ત્રીપાઠી મને એમ જણાવે છે કે એક હસ્તલિખિત પ્રતના એક પાના ઉપર વસ્તુપાલ

ખિત તાડપત્રના લેખમાં તેજપાલ અણહિલપુરમાં મહા સત્તાશાળી પ્રધાન છે એમ જણાવ્યું છે.

શંખ કોણ હતો ? વસ્તુપાળ સંબંધીના ગ્રંથોના શોધન કરનારા અને અનુવાદ કરનારાઓએ શંખ અથવા સંગ્રામસિંહના સંબંધમાં જે ગોટાળો ઉભો કર્યો છે તે દૂર કરવાની ખાસ જરૂર છે. તે લાટ દેશના ચાહમાણ રાજા સિંહનો ભાઇ અને સિંધુરાજનો પુત્ર હતો. તે એક મહાન યોદ્ધો હતો અને નર્મદા નદીના કાંઠા ઉપર યાદવ રાજા સિંહણના લશ્કરના હુમલાને તેને બહાદુરીથી પાછો હઠાવ્યો હતો. તે એક વખત યાદવ રાજાના હાથે કેદ પકડાયો હતો પણ જ્યારે શંખને તેની ફઇ લઇ ગયા ત્યારે તેના વ્યક્તિત્વથી અંજાઇને યાદવરાજાએ તેને છોડી મૂક્યો હતો. બાર ખંડીયા રાજાઓની મૂર્તિઓ તેના ડાબા પગે સોનાની સાંકળથી બાંધેલી હતી એમ કહેવાય છે. પહેલાં ખંભાત બંદર લાટદેશના રાજાઓના તાબામાં હતું; પણ તે વીરધવળે બળથી તેના હાથમાંથી ઝુંટાવી લીધું હતું. મારવાડના રાજાઓએ બળવો કર્યો અને યાદવ રાજા સિંહણે બીજી બાજુથી હુમલો કર્યો તે કટોકટીના સમયનો લાભ લઇ તેણે ખંભાત પાછું લેવા માટે હુમલો કર્યો પણ વસ્તુપાળે તેને હરાવી કાઢયો. તેના સબંધી વિશેષ હકીકત માટે વાંચકે હમીરમદ મર્દન કાવ્ય જોવું.

વસ્તુપાળ સંબંધી સાહિત્યઃ—વસ્તુપાલના જીવન ચરિત્ર સંબંધી સમકાલીન અને પછીનું એમ બન્ને જાતનું સાહિત્ય ઘણું છે. તેનું પ્રભાવશાળી વ્યક્તિત્વ, ધોળકાના દરબારમાં તેની એકહથ્થુ સત્તા, ધાર્મિક અને સાર્વજનિક ઉપયોગનાં ભવ્ય અને સુંદર કામો અને કવિઓને તેણે આપેલા અસંત ઉદાર આશ્રયથી આકર્ષાઇ તેના સમયના લેખકો તેનાં ગુણ ગાન કરવા પ્રેરાયા હતા. ચાલુક્ય વંશના રાજાઓના કુળ કવિ સોમેશ્વરે કીર્તિકૌમુદી લખ્યું, એટલુંજ નહી પણ પોતાના સુરથોત્સવ નામના કાવ્યના છેલ્લા સર્ગમાં વસ્તુપાલની કીર્તિનું વ્યાખ્યાન કર્યું છે અને પોતાના ઉલ્લાઘરાઘવ નામના નાટકના દરેક અંકના છેડે તેના કીર્તનમાં એક શ્લોક મુકયો છે. અરિસિંહે પોતાના સુકૃતસંકીર્તનમાં તેનાં ધાર્મિક કામોની ઘણીજ સ્તુતિ કરી છે. એક તરફથી યાદવ રાજા સિંહણે સૈન્ય લઇ હુમલો કર્યો બીજી તરફથી ભરૂચના શંખે ખંભાત લેવા ચઢાઇ કરી અને તે એવે વખતે કે જ્યારે વીરધવલ અને તેજપાલ મારવાડના રાજાઓના બળવાને દાબી દેવામાં અને મુસલમાનોના હુમલાને પાછો હઠાવવામાં રોકાયા હતા ત્યારે—ગુજરાતના રાજ્ય માટે ભયંકર કટોકટીનો સમય હતો તેનું જયસિંહસૂરિએ હમીરમદ મર્દન નામનું નાટક લખ્યું છે અને તેમાં વસ્તુપાલની બહાદુરી અને હુંશીઆરીથી બધા દુશ્મનોનો પરાભવ કેવી રીતે થયો તેનું આબેહુબ વર્ણન કર્યું છે. જયસિંહસૂરિએ વસ્તુપાલની પ્રશસ્તિનું કાવ્ય પણ બનાવ્યું છે. વસ્તુપાલના યાત્રાના પ્રસંગે તેના ધર્મગુરૂ આચાર્ય ઉદયપ્રભસૂરિએ ધર્માભ્યુદય નામનું સોળ સર્ગનું એક મહાકાવ્ય રચ્યું છે. આ લેખકે સુકૃતકીર્તિકલ્લોલિનિ નામનું કાવ્ય પણ વસ્તુપાલની પ્રશંસામાં લખ્યું છે. આ કાવ્યના પહેલા અને છેલ્લા સર્ગમાં યાત્રા સંબંધી હકીકત આપેલી છે. આ બધાં કાવ્યો મંત્રીની સત્તા અને કીર્તિનો સૂર્ય મધ્યાન્હે તપતો હતો તે સમયે એટલે સંવત્ ૧૨૮૬ના પહેલાં લખાયેલાં છે. મંત્રીના પાછળના જીવનનો હેવાલ કોઈ પણ તે સમયના લેખકે આપ્યો નથી તે દિલગીરીની વાત છે. વસંતવિલાસ કાવ્ય સમકાલીન લેખકે લખેલું હોવા છતાં મંત્રીના પાછલા જીવનની કંઈ પણ હકીકત તેમાં આપેલી નથી. પાછળથી લખાયેલાં પ્રબંધચિંતામણી અને ચતુર્વિંશતિપ્રબંધ એ બે ગ્રંથોમાં જે પ્રબંધો છે તેમાં મંત્રીના જીવનવૃત્તાંતની બધી હકીકત આપી છે.

જિનહર્ષનું વસ્તુપાળ ચરિત્ર મંત્રીના આખા જીવનનું વિસ્તૃત હકીકતવાળું કાવ્ય છે. તે કીર્તિકૌમુદિ અને ચતુર્વિંશતિ પ્રબંધને અનુસરે છે છતાં તેમાં ઘણી નવી અને ઉપયોગી માહીતી છે. (અપૂર્ણ).

તેજપાલના મરણની નીચેની તારીખો તેમને મળી છે. સં. ૧૨૯૬ મહં. વસ્તુપાલો દિવંગતઃ સં. ૧૩૦૪ મહં૦ તેજપાલો દિવંગતઃ ॥ આમ વસ્તુપાલના મરણ પછી આઠ વરસે તેજપાલના મૃત્યુની તારીખ મુકી શકાય.

મોહપરાજય રૂપક નાટકનો સંક્ષિપ્ત સાર.

[ગત જેઠના અંકના પૃ. ૪૧૨ થી અનુસંધાન.]

અનુવાદકઃ—પંડિત ફત્તેહચંદ ક. લાલન.

*ધર્મ—આ પૃથ્વીમાં ભરતાદિ નૃપોમાંથી કોઈએ કદી પણ છોડયું નથી એવું પાપનું જ મૂળ મૃતધન પણ જેણે છોડી દીધું છે; તેમજ જેમણે પોતાના રાજ્યના સીમાડામાંથી દ્યૂતાદિ વ્યસનના ચક્રને બહાર કાઢી મુકેલ છે એવો કોઇ પુરૂષ મારો વર હો !

મતિપ્રકર્ષ—શ્રી હેમચંદ્રના ચરણકમળ પાસે રાજેશ્રીએ એવી પ્રતિજ્ઞા કરી છે કે કોઇ જીવની વિરાધના કરવી નહિ, તેમજ સપ્તવ્યસનનો સર્વથા ત્યાગ કરવો એવો સંપૂર્ણ નિયમ કર્યો છે; વળી એમણે અભક્ષ્યનો ત્યાગ કરી પરસ્ત્રીથી પરાંગમુખ રહી હિંસાદિકને સ્વદેશમાંથી અને પરદેશમાંથી હાંકી કાઢયા છે.

આવું સાંભળી **ધર્મભૂપ** પ્રમુદિત થયો, પોતાની **વિરતિ** નામક પત્નિને એ વાત નિવેદન કરી, **સદાગમ** શમાદિ અધિકારીજનોને પૂછયું. આવું સાંભળી **શ્રી** ધર્મની સમિપમાં બેઠેલી **મુદિતા**-મૈત્રી-**સમતા** રૂપી સખીઓએ **કૃપાસુંદરી**ને આ વાત જાહેર કરી.

પ્રયોજન સિદ્ધ થાયઃ પાર પડશે એવો નિશ્ચય કરી **ધર્મથી** છુટા પડી શ્રી કુમાર નૃપસમીપે **મતિ પ્રકર્ષ** પ્રત્યક્ષ થયો અને પુરૂષ દ્વેષરૂપ **પણ બંધ** (પ્રતિજ્ઞા) વિગેરેનો સમગ્ર હેવાલ જણાવ્યો. પ્રયોજન નિષ્પન્ન થયું છે એવા અમૃતમય અક્ષરોથી પુનઃ કહો પુનઃ કહો એવું બોલતો બોલતો જાણે પરમ આનંદ સ્વરૂપમાં મગ્ન થયો હોય એમ પોતાના હસ્તોને ઉછાળવા લાગ્યો, ત્યાર પછી મહાઉત્સાહપૂર્વક રાજ્યધાનીના મંડપમાં શ્રી **ધર્મભૂપાલે** પોતાના રસાલા સાથે પ્રવેશ કર્યો.

હવે જ્યારે શુભ લગ્નનો પ્રસંગ સંપ્રાપ્ત થયો ત્યારે નિર્મળ ભાવરૂપી વારિઓથી, જેમને મંગળ સ્નાન કરાવવામાં આવ્યું હતું, જેમના દેહને સત્કિર્તિરૂપી ચંદનનો લેપ કરાવવામાં આવ્યો હતો, અનેક અભિગ્રહોરૂપી આભૂષણો જેમણે ધારણ કર્યા હતાં, દાનરૂપી કંકણોથી જેમનો હાથ શોભી રહ્યો હતો-જેમનું સંવેગરૂપ હસ્તિ ઉપર આરોહણ કરવામાં આવ્યું હતું, સદાચાર રૂપી છત્ર જેનાપર શોભિ રહ્યું હતું-જેમનો શ્રદ્ધારૂપી સહોદર બન્ધુને લવણોત્તારવિધિ કર્યો હતો-તેરસોક્રોડ વ્રતપ્રકારરૂપી સદ્ભાગી જનૈયાઓથી જેઓ પરિવૃત થયા હતા-શ્રીદેવ-ગુરૂ-ભક્તિ દેશવિરતિરૂપ જાનડીઓથી જેમના ધ્વન્ન મંગળ ગવાતાં હતાં, એવા એ નૃપેન્દ્ર અનુક્રમે પૌષધશાળાના દ્વારા (તોરણ) પર્યંત આવી પહોંચ્યા, પંચ પ્રકારના **સ્વાધ્યાયરૂપી** વાજાનાં મધુર ધ્વનિ એ વેળા પૂરમાં પ્રસરી રહ્યા હતાં. વિરતિરૂપ સાસુએ જેમને પોંખણાં ઉતાર્યાં હતાં, **શમદમાદિરૂપ** સાળાઓ જેમને માર્ગ દેખાડી રહ્યા હતા, તેવી વેળાએ એટલે **સંવત ૧૨૧૬**ના માર્ગ સુદી દ્વિતિયાના દિને માતૃગૃહમાં બેઠેલી શિવરૂપી શ્વેત પાનેતર પહેરીને ધ્યાન (ધર્મધ્યાન શુકલ ધ્યાન)રૂપી ઝુમણાને કર્ણમાં લટકાવીને, નવપદરૂપી હાર કંઠે આરોપીને, તપના નાના પ્રકારરૂપ મુદ્રિકાઓથી અંગુલીઓને સુશોભિત કરીને હાજર થયેલી **કૃપાસુંદરી**નું પ્રાણી ગ્રહણ શ્રી **કુમારપાળ** મહિપાળે શ્રી અર્હત્ દેવતા સમક્ષ કર્યું. ત્યાર પછી આગમોક્ત શ્રાવકના ગુણોની વૃદ્ધિ કરનાર દ્વાદશ તત્વરૂપી કળસોની ચોરી બનાવી વિચાર રૂપ સુંદર તોરણો બાંધ્યાં, નવતત્વરૂપ નવાંગવેદી (કુંડ) રચી પ્રબોધરૂપી અગ્નિ પ્રગટાવ્યો, ભાવનારૂપી ઘૃતની આહૂતિ તેમાં અપાવી. શ્રી હેમાચાર્યરૂપ ભૂદેવે[1] વધૂ સહિત રાજાને '**ચત્વારિમંગલરૂપ**' વેદોચ્ચારપૂર્વક પ્રદક્ષિણા કરાવી ત્યાર પછી-હસ્તમેળાપ છોડવાની

*વ્યસન સાત છે. જુગાર, ચોરી, પરદાર, વેશ્યા, શિકાર, માંસાહાર, મદ્યપાન.

૧ લગ્ન કરાવનાર બ્રાહ્મણ.

મંગળક્રિયા ટાણે જમાઇને સૌભાગ્ય-આરોગ્ય-દીર્ઘાયુ-બળ-સુખ વિગેરેની અભિવૃદ્ધિ ઇચ્છી ધર્મ-ભૂપે આશિર્વચનો આપ્યાં.

આ પ્રકારે લગ્નના પાણિ ગ્રહણનો માંગલિક ઉત્સવ સંપૂર્ણ થયો, ત્યારે સૂરિમહારાજે વંદના કરી રહેલ રાજશ્રીને આજ્ઞા કરી.

ધર્મભૂમિના પ્રભુરૂપ, હે! નરેન્દ્ર! જે કન્યાને શ્રેણિકાદિ નૃપો પૂર્વે નિરખવા પણ ન પામ્યા તે કન્યાને તું પરણવા પામ્યો છે, એનો પ્રેમ બહુ બહુ સદા મેળવતો રહેજે, અને એનું વચન કોઇ દિવસે ખંડતો નહિ, જેથી આ મહાન્ કલ્યાણકારક પ્રસંગવડે તું મહાન્ નિવૃત્તિને ભજીશ.[૨]

તેને સર્વ પ્રકારે પ્રીતિકારિણી જોઇને કૃતજ્ઞ શિરોમણિ રાજર્ષિ પોતાના આત્માને તેનો દ્વારપાળ સમજવા લાગ્યો, હવે એક વેળા અતિ વ્હાલમાં આવી ગયેલા અને પ્રેમને પરવશ થયેલા પોતાના પ્રાણપ્રિયને જાણીને **ધર્મનન્દિની** આ પ્રમાણે બોલી:-હે! પ્રિયતમ! મારા પિતાને પુનઃ સ્વસ્થાને સ્થાપન કરો અને મોહને જીતીને મ્હારા મનોરથો પૂરણ કરો.

સજ્જનોની પ્રતિજ્ઞા મેરૂ પર્વત જેવી અચળ હોય છે;

કારણકે:—

જે જેને કહ્યું હોય-જે કાંઇ પોતે વદ્યો હોય, અને જેની પોતે પ્રતિજ્ઞા કરી હોય તે સજ્જનો પત્થરની રેખા ગણી નિશ્ચય પાળે છે.

વળી નીચ લોકો વિઘ્નના ભયથી કાર્યનો આરંભ કરતા નથી-મધ્યમ લોકો કાર્યનો આરંભ કરે છે; પરંતુ વિઘ્ન આવતાં તેને છોડી દે છે. અને ઉત્તમજનો હજારોગણા વિઘ્નોથી વારંવાર તાડિત થયા છતાં પ્રારંભેલું છોડતાં નથી.

પ્રિયાના પ્રેમથી ભાવયુક્ત વચનોના શ્રવણથી શ્રી ચૌલુક્ય પ્રોત્સાહીત થયો; પોતાના આત્મામાં યુદ્ધવીરતાનો આવિર્ભાવ કરતાં શ્રી ધર્મભૂપની સાથે વિચાર કરી **મોહની** ઉપર ચઢાઈ લઇ જવાની તૈયારી કરવા લાગ્યો. **સદ્ધ્યાનરૂપી** સેનાધ્યક્ષને બોલાવ્યો; **અન્તરંગ ચતુરંગ** સેનાને સજ્જ કરી **જૈનેશ્વર વાણીરૂપ** સંગ્રામભેરી (Bugle) વગડાવી. સર્વ દિશામાંથી **યમ નિયમાદિ** સુભટો ભેગા મળ્યા, **શુભ અધ્યવસાયરૂપ** પવનવેગી તુરંગો હણહણી રહ્યા. **સ્થૈર્ય, ધૈર્ય,-આસ્તિક્યરૂપ** હસ્તિઓ ગર્જારવ કરી રહ્યા. પછી શુભ વેળાએ વિજય યાત્રાને ઉચિત વિધે ધારણ કરી (કેશરિયાં કરી) **જિજ્ઞાસારૂપી** વજ્રનો ટોપ પહેરી, **નવગુપ્તિરૂપી** બખ્તરથી પોતાને ઢાંકી, **સત્યરૂપી** તીક્ષ્ણ ખડ્ગ અને **બ્રહ્માસ્ત્રરૂપી** મૂળ ઉત્તર ગુણોના આણે વર્ધિત કરી, **આર્જવથી** પ્રાપ્ત કરેલ છત્રીસ પ્રકારના ધનુષ્યો રૂપી શસ્ત્રથી, **શ્રી ચૌલુક્ય** અભેદ્ય થયો. **શ્રી હેમાચાર્યે** તેની કલાવિધિ કરી, **વિંશતિ વીતરાગ સ્તવનમાં** રહેલ અન્તર્ધ્યાન થવાની ગુટિકા પ્રાપ્ત કરી; **મોહપર** જય મેળવવાનો નિશ્ચય કર્યો. **ધર્મ, શમ-દમ-વિવેકાદિ** મહા સુભટો વડે વિકટ મૂર્તિ રૂપ થઇ; **શ્રી મોહરાજાના** પ્રદેશની નજીકમાં આવી પહોંચ્યો.

એ હસ્તિને સંગ્રામની મોખરે કર્યો. **જ્ઞાનદર્પણ નામના** દૂતને **મોહરાજા** પાસે પાઠવ્યો. **અજ્ઞાનરાશિ** નામનો પ્રતિહારી મોહરાજાની પર્ષદમાં તેને લઇ ગયો. **મોહરાજના** કુંજરને તેણે જોયો તો તે આવા પ્રકારનો હતો:—

" નિષ્ઠુર આચારવાળા **ચારકષાયરૂપ** જેને ચાર ચરણો છે, **મિથ્યાત્વરૂપી** જેને મહાન્ કાયા છે, **રૌદ્ર** અને **આર્તધ્યાનના** અધ્યવસાયોરૂપી જેને બે દંતાશૂળો છે, અને સંસારરૂપી વનને તીરે જે પરિભ્રમણ કરી રહ્યો છે એવો મોહનો મત્તગજ કોના મનને વિવ્હળ કરી રાખતો નથી ? "

સમીપમાં રહેલા **મોહનૃપતિનો કદાગ્રહ** નામનો મંત્રી બોલી ઉઠ્યો, અરે! દૂત! તું કોણ છે! તને કોણે મોકલ્યો છે ? શા માટે મોકલ્યો છે ? એવું જ્યારે તે બોલી ઉઠ્યો ત્યારે **જ્ઞાનદર્પણ** તેને કહે છે-અરે! હો!

મોહમંત્રીન્! **જ્ઞાનદર્પણ** મારૂં નામ છે. અને શત્રૂ ઉપર હલ્લો લઇ જનારા પ્રખર નૃપોની અણીમાં

---

૨ મોક્ષને.

શિરોમણિ એવા શ્રી ચૌલુક્યસિંહે જણાવ્યું છે કે અરે! મોહ! તેં આજે કપટ યુદ્ધરૂપી સૈન્યના ગર્વથી શ્રી ધર્મનૃપતિને પરાભવ પમાડી નસાડ્યો છે. એ તો ન્યાયનિષ્ઠ[૧] હોવાથી તેણે મારી રાજધાનીનો હાલમાં આશ્રય લીધો છે, અને શ્રી ગુરુની વાણીથી બહુ ઉપકૃત થઇ શ્રી કુમાર ભૂપતિને ગુરુની પ્રેરણાથી પોતાની કૃપાસુંદરી નામની પુત્રીને તુષ્ટમાન થઇ શ્રી ધર્મભૂપતિએ આપેલી છે. અને એથી તેઓનો સંબંધ બંધાયો છે. હાલમાં તો શરણાંગતને વજ્રના પંજર જેવા, અને આશ્રિત જનોને વત્સલ એવા, શ્રી ચૌલુક્ય કુળના પર્વત એવા કૃતજ્ઞ ચૂડામણિ રાજર્ષિ, શ્વસુરને સ્વરાજ્યનો અભિષેક કરવા ઇચ્છે છે.

'શ્રી ચૌલુક્ય તારા પર ચઢાઈ લાવવાને સૈન્ય સહિત શ્રી ધર્મરાજાનો સહાયક થઈ તારાપૂર પાસે આવી પહોંચ્યો છે. તેથી અહીં આવીને તેની આજ્ઞા રૂપી પુષ્પમાળાથી તારા શિરને સુગંધિત કર.' ત્યાર પછી આ વેણ સાંભળી મોહ મહારાજા મુખ મરડી બોલ્યો, 'અરે! દૂત! વાચાળ એવું શું લવે છે? પુરૂષોમાં ટિટોડા જેવો એ કુમારપાળ કોણ છે? કે જે ભગાડી મૂકેલા બિચારા અધમ ધર્મરૂપથી પ્રેરાઈ, ત્રણે જગતમાં ગાંજ્યો ન જાય એવા પરાક્રમવાળા મને હરાવવાની વાંચ્છા રાખે છે? સકલ ત્રિભુવનની પરિપૂર્ણતા પણ જેને પહોંચવાને પુરતી નથી, એવો જેનો પ્રતાપવૈભવ છે, એવા શ્રી મોહ ભૂમિપાળને શત્રુથી છુપાતા એવા આ નૃપ કીડાઓ વડે ભગાડવાને શક્તિવાન થશે? રે દૂતાધમ? જા! તારા રાજાને જણાવ કે, મોહ-આ-આવી પહોંચ્યો.'

જ્ઞાનદર્પણ કહે છે-રે જલમ મોહરૂપ! એવી શી ડંફાસ મારે છે? સાંભળ:—

જેણે તને સપરિગ્રહ (રસાલા સાથે) પૂર્વે ધ્યાનાગ્નિરૂપી શસ્ત્રના તેજથી હણી નાંખ્યો છે, એવો જિનેશ્વરના પાદકમળમાં ભ્રમરરૂપ શ્રી ચૌલુક્યચંદ્ર રાજા વિજય પામે છે કે જે તારા વલ્લભ એવા કાળા મોઢાના ઘૂતાદિ ભડવાઓને પોતાના પૂરમાંથી હાંકી કાઢે છે; તો તું વૃથા શું બડાઇ મારે છે?

૧ ન્યાયથી લડનાર.

મોહરાજ પુનઃ કહે છે, રે! દૂત!:—

જે બાયલાને મેં મ્હારા પોતાના સત્વબળથી સ્થાનભ્રષ્ટ કર્યો છે એવો ધર્મ વળી શું મોહું લઇને અહીંઆ આવ્યો છે?

વડીલ હોવાથી પૂર્વે મેં એને જીવતો મૂકી દીધો હતો, પરંતુ હમણા તો હું રણને મુખે[૧] પ્રથમ એનીજ આહૂતિ આપવાનો છું.

અથવા—

અતિ વૃદ્ધપણાને લઇ ધર્મ મરણની સન્મુખ થાય એ યોગ્ય છે; પરંતુ તારો રાજા મૂર્ખની પેઠે બીજાને માટે મરવાને શા માટે ઇચ્છે છે?

હા સમજ્યો એ તો ધર્મનન્દિનીએ પોતાના પિતાની સંપદા માટે એને ઉશ્કેરેલ છે માટે મરવાનો છે.

હા! હા! બૈરીને વશ થયેલમાં તે કેટલી બુદ્ધિ હોવી સંભવે?

મ્હારે હાથે એઓ મરણશરણ થવાના છે એ વિધિના લેખ સત્ય કરવાને માટે આ હું તહારી પછવાડે હમણાંજ આવ્યો જાણવો. તું પણ રણસંગ્રામમાં તહારા સ્વામીને અને ધર્મને મને બતાવજે.

એવા વેણોથી તિરસ્કાર પામેલો જ્ઞાનાદર્શ[૧] રાજાની પાસે આવી પહોંચ્યો. મોહ પણ દુર્ધ્યાનરૂપ સેનાની વિગેરેની વચ્ચમાં રહી, માત્સર્યરૂપી અભેદ્ય કવચ[૨] ધારણ કરી દુષ્કૃતિ રૂપી પ્રમાદ અસ્ત્રોની પરમ્પરાથી સજ્જિત બની, નાસ્તિકયરૂપી ગજપર આરૂઢ થઇ, કુશાસ્ત્રરૂપી વાદિના ધ્વનિથી, અનેક લોકને બીહવડાવતો, ક્રોધાદિ કરોડો સુભટોનું રક્ષણ લઇ શ્રી ચૌલુકય સેનાની પાસે આવી ચડ્યો અને સૈન્યને આગળ ચલાવ્યું. રાગ-કેસરી પ્રમુખોને બોલાવી, પ્રોત્સાહન આપ્યું, એટલે તેઓ આ પ્રમાણે બોલવા લાગ્યા:—

એટલે કે:—

રાગ:—અહો! હું જાગ્રત હોઉં, ત્યાં ધર્મ કોણ માત્ર છે?

કુમારપાળ કોણ માત્ર છે? કારણ કે:—

૧. મુખમાં-મોંએરે.

૨=જ્ઞાનદર્પણ ૨=બખ્તર.

અહલ્યા જોડે ઈંદ્રે જારકર્મ કર્યું, પોતાની પુત્રી પછવાડે **બ્રહ્મ** દોડયા, ગુરૂપત્નિની **ચંદ્રે** વાંછા કરી, એવા મેં કોને પોતાના પદથી પ્રાયે ભ્રષ્ટ નથી કર્યા ? ત્રણ ભુવનને ગાંડાતુર બનાવી દેવાની વિધિમાં મ્હારા[૧] કામાસ્ત્રનો શ્રમ જેવો કોઇનો શ્રમ છે ? આમ જ્યારે રાગ બોલી રહ્યો એટલે–

ક્રોધ:—જગત્ માત્રને અંધ બનાવી દઉં ! બહેરું કરી દઉં, સચેતન એવા ધીરને અધીરો બનાવી દઉં, કર્તવ્યને ભૂલાવી દઉં, એટલે હિત શામાં છે તે સાંભળવા પણ ન આપું ! અને બુદ્ધિવાનને શીખેલું યાદ કરવા પણ ન દઉં.

આવા પ્રસંગે **લોભ, દંભ,** અને **અભિમાન** વિગેરે સુભટોએ ભૂન્ડસ્ફોટનનો આટાટોપ કર્યો, અને હાકોટા પરસ્પર મચાવી એ સ્થાનને ગજાવી મૂક્યું.

શ્રી **ચાલુક્યસિંહ** પણ વૈરીના સમગ્ર સૈન્યને પ્રોત્સાહિત જાણી પોતે ઉત્તેજીત થઈ **મોહભૂપને** તૃણ માત્ર ગણી નિજ સૈન્ય વિના પણ **મોહને** જીતવાની ઇચ્છાવાળા બની ગુરૂની પ્રસાદીરૂપ (યોગ-શાસ્ત્રનું) વજ્રનું કવચ, ઓઢી,

અન્તર્ધ્યાન થવાની **વિરાંતિ વીતરાગ** સ્વરૂપરૂપી દિવ્ય ગુટિકાનો ઉપભોગ કરી, સહજ અન્તર્ધાન થઇ જવામાં ઘણા કુશળ એવા શ્રીમદ્ આર્ય ધર્મ રાજાના પુણ્યકેતુ અને **જ્ઞાનદર્પણાદિ** અમાત્યોની સ્વલ્પ સહાય સાથે રાખી સૈન્યને પછવાડે રાખી પોતે આગળ ચાલ્યો; અને ક્ષણવારમાં શત્રુની સામે તીરે આવી ચઢયો.

રાજા—અરે જ્ઞાનદર્પણ ! **મોહભૂપના** સ્થાનને દેખાડ; કે જેથી હું એને રમત માત્રમાં પ્રતાપશૂન્ય કરી નાખું.

જ્ઞાનદર્પણ—દેવ અગાડી અવલોકન માત્રથી બાયલા માણસના જ્વરના[૧] જેવું આ **મોહરાજાનું** સ્થાન દેખાય છે.

(પ્રવેશ કરે છે).

(શ્રી સર્વેએ પ્રવેશ કર્યો) ગુપ્તરૂપે ખડા થઇ રહ્યા. કેટલીકવાર પછી **મોહરાજા** વચ્ચોવચ્ચ પોતાના પરિવારની મધ્યમાં જોવામાં આવી ગયો. તેઓના આવા હાકોટા સાંભળવા લાગ્યો–

મોહ:—પુરૂષોમાં એવો કયો કીડો છે કે જે **મોહભૂપતિની** જોડે વૈર રાખે છે ? ખરેખર ! એવાનું તો નિ:સંકરણમાં મરણ થવાનું છે.

૧=અહીં રાગ એટલે કામદેવ લાગે છે.

૧=તાપમાં જેમ મનુષ્ય હળબળે, તેમ મોહરાજા થરથરવા લાગ્યો એવો ભાવ દેખાય છે. ભા. કર્તા.

પ્રાચીન પત્રો.

૧

વિજયલક્ષ્મીસૂરિને વડોદરે ભૂપાલવિજયે ખંભાતથી સં. ૧૮૨૫ માં લખેલો પત્ર.

॥ શ્રી ॥

॥ સ્વસ્ત શ્રી આદિજિન પ્રણમ્ય શ્રી વડોદરા નગર મહાશુભસ્થાને પુજ્યારાધ્યે મહિમામેયં સમસ્તગુણગણાલંકૃતગાત્રચારિત્રચૂડામણિ સકલશાસ્ત્ર સિદ્ધાંતના પારિણ વર છત્રીસ ગુણેં કરી વીરાજમાંન દિનકર શમાંન તેજશ્વી શરદૃતુ પૂર્ણચંદ્ર મંડલાનન પાંચ સુમતિ ત્રિણ ગુપ્તિ પાલક મિથ્યાત્વના ટાલક વિદ્વજન મુગટામણિ સકલ કલા કુશલ ઇત્યાદિ અનેક ઉપમા વિરાજમાંન પૂજ્ય શિરોમણિ ભ । શ્રી વિજયલક્ષ્મી સૂરીસ્વર વરનાંણ ચરણ કમલાંન.

શ્રી સ્થંભતીર્થથી આશાવંત પં । ભુપતિવિજયગ । લષીતં વંદના ૧૦૮ વારડવધારજ્યો યત:ડત્ર સુખસ્યાતા છેં.

તુહ્મારી સુખસ્યાતાના પત્ર પ્રસાદ કર્યા તે વાંચી ઘણુંજ સંતોષ ઉપના બીજુ લષ્યા કારણ એ છેં જે તુહ્મો પત્ર ગાંધી ઉપરેં લષ્યો ઉપધાંન આષ્ટી

સંવેગી પાસેં પેંસવાની રજા આપી તે તો સ્યારૂ કર્યું પણ તુહ્મો તો મોટા છો તુહ્મે જે લષ્યું તે અમે મહા અંતરાય કર્યો પણ અહ્મારેં એહમાં જે હાંસલ ખાવાને વાસ્તીડથ લાંચ લેવા વાસ્તી એ કર્મ બાંધ્યું છેં તે અહ્મે પાતકી થયા તે તુહ્મનેં મલીસ્યુ તીવારેં ૬૬ (આ) લેાયણુ તથા તપ કરવેા ઘટસ્યેં તે તુહ્મ પાસેં કરી અંતરાય છેાડીસ્યું પણ ગચ્છમાં તુહ્મારી તથા સા(મા)ની આજ્ઞા રજા અડકાવ છઇ તીવારેં માંગીવી પણ અડકાવ ન હેાત તેા તુહ્મનેં તથા અમનેં કેાઇ શ્રાવક રજા મગાવત નહી તુહ્મનેં ન કહજે તુહ્મેા કિહાં વસેા છેા અનેં બીજું ગચ્છથી બીજા ગચ્છના જતીની કરીયા સુધી કરીનેં ગચ્છના જતીની તથા ગચ્છનાયકની કરીયા નથી કરતા તે માટેં એાસવાલને એ વાતનેા મમત્વ ઘણેા છેં જે એ અપાસરેં એ ગચ્છવાસીએા કનેં ઉપધાંન માલ નહીં કરીએં. એહવા કદાગ્રહ કરેં તે અહ્મે તેા ન ષમાય માટેં ગાંધીનઇ આગલ કરિ મારગ ગચ્છના ભાગેં તે માટે અડકાવ ક...છેં અને તુહ્મનેં એ વાત ગમતી હેાય તેા અમારેં કાઇં કાંમ નથી સુષેં ગચ્છ(નેા) છેદ જાએા પણ તુહ્મારા સારા વાસ્તીડમેા પણ એટલા શ્રાવકનેં અલષામણા થઇઇ ને તુહ્મેા ઇમ કહું લષ્યુ તેા સુષેં પેંસવા દેસ્યું પછી ખંભાતિ શ્રાવક છેં હવેં મારગ મેાકલેા થયેા હવેં સર્વ શ્રાવક સંવેગીની કરીયા કર(સ્યે) ગચ્છમાં જતીની કરીયા નહીં કરેં તીવારેં સારૂં ગચ્છની સેાભા સીરી રહેંસ્યેં.....છેં અપાસરેં આવેં છેં કેાઇ તે પણ નહીં આવઇ માટે તુહ્મેા શ્રી ખંભાયત અ...ગાંધીને ઉપધાંન વહેંવરાવી માલ પહેંરાવી એાછવ કરી તુહ્મેા વીહાર કરવેા ઘટેં તેા સુખેં કરજ્યેા તે। વાતની ચિંતા ન કરવી આપણું ગચ્છની ઉન્નત દીસેં તુહ્મારી સેાભા જસ થાઇ તે વાતેં રાજી છીઇ એાસવાલીએ તપીયાનેં મેાહે અગડં કરી જે તુહ્મ પાસેં એાણ ઉપધાંન વહીસ્યેં તે વાતનેં પણ વર્ષ ૧।। થયું પેંસાયુ નથી તે અડકાવ માટેં તુહ્મેા પધારસ્યેા તે હવેં તુહ્મ પાસેં વરસ્યેં ઇતિ તત્ત્વં બાકી રજા આપું તેા આખા ગચ્છના શ્રાવક શ્રાવિકા સર્વ તેહુ પાસેં જસ્યેં ત્યારેં તુહ્મારે પાંતીઇ કાંઇ રહેંસ્યેં તે નથી માટેં તુહ્મેા જરૂર એકવાર પધારજ્યેા પછેં તેા તુહ્મેા ડાહ્યા છેા તુહ્મનેં તેા ઝાઝું લષવું તે કારમું છેં ન આવેા તેા અમેં સર્વનઇ રજા આપીસ્યું જ્યારેં અડકાવ કર્યો છઇ તીવારેં તુહ્મ ઉપરેં રાગ તેડાવ્યાનેા કરેા છેં માટેં જેહવું હેાઇ તેહવું લષી જણાવજ્યેા જો (ભા)વેા તેા સમાચાર ફરી લષજ્યેા જે આજ્ઞા આપીઇ સંવત ૧૮૨૫ માગસર સુદિ ૧૦ રવૌ ।। એ ગુનહેા પડયેા તે માફ કરજ્યેા એકજ (સ)મે ચૂકાછુ પ૦। હવેં નહીં (ચૂકું).

૨

વિજયલક્ષ્મીસૂરિએ પ્રેમવિજયગણિને છાણી લખેલેા ટુંકેા પત્ર.

॥ શ્રી ॥

ઉં નત્વા ભ.। શ્રી વિજયલક્ષ્મી સૂરમિર્લિખ્યતે પં। શ્રી પ્રેમવિજય ગ। વરાણાં અત્રથીડનુન્નતિ અમારિ તથા પં। નર પં હિત પં। ન્યાન પ્રમુખની વંદના જાણયો તત્ર પં। મોહનજીનેં કેંહયો તથા પ્રતિ કેવલદાશની પરિખજીનેં આપી છેં બિજી પ્રતિ ૨ કેવલદાસની આપણે ઇહાં છેં તે મોકલીસું આપણી પ્રતિ ૨ સીરપ્રશ્ન ૧ સીત્તરસા ટાણું ૨ એ કેવલદાસ પાસેં છેં લ આપે તોલેયોં બિ. સુરતિમાં ગણેશજી કાલં પ્રાપ્ત છે તે ઉપર પં। પુરુષોત્તમજી ટાંણુ ૨ તિહાં ગયાં છેં મણિભદ્ર યાત્રાની ઇછા છેં પિણ તથા વિધ સામગ્રી સર્વ મિલસ્યં તોં લષીસ્યું સર્વ શ્રાવક શ્રાવિકાનેં ધર્મલાભ કેંશ્યો માર્ગશિર વદિ ૧૦ દિને પ્રત્યુષે ॥ પરં શ્રી પ્રેમવિજય ગ। વરાણાં શ્રી છાંણીપુરે.

ज्ञानक्रियाभ्याम् मोक्षः

The Highest Life of Blissful Freedom evolving through

Knowledge and Activity.

The self lives by knowing, just as it is by means of knowledge that it secures its place in the world.

By means of knowledge the self is redeemed from the world.

Where knowledge has assumed the idealistic character, it has usually directed its energies in the direction of reaching a Beyond, in the form of the transphenomenal; but in doing this it has no right to overlook the fact that the self which puts forth the knowledge does not relinquish knowledge at the moment it realises it; for this reason it becomes necessary to regard the *exercise* of knowledge, not as a mere *representation* of something exterior, but as the *realisation* of that which is internal.

* * *

The human self endeavours to think the world and will the world, because that self has something worldlike about it.

In the *attitude* and *action* of the *whole* self we see what reality can be.

The aim of the self is not simply to experience the exterior, or to exhibit the interior, but *to affirm itself as real.*

In its attitude towards the exterior world the self cannot wholly conceal its contempt, the expression of which is not at all out of place to-day, when the usual philosophy of life resembles a hut rather than a ivory tower, when man is looked upon as a servant of the world instead of its master. Realism, which thinks that man exists for the world, is no nearer to the truth than romanticism, which thinks the world exists for man. Our dialectic will be satisfied with the system of philosophy or poetry which makes the *self supreme.* Meanwhile it cherishes the belief that the anti-natural and anti-social phases of egoism are only preliminary to a more constructive view of the self in the world and society, which are unable to submerge it. All that the world of things and persons can do for the self is to provide it with a place where it may enjoy its inner existence *and* exert its particular powers. Yet the full fate of the ego in the world is a problem which demands independent treatment through which the ultimate meaning of all human striving and hoping may be properly analysed and thoroughly appreciated.

* * *

The work of the self in the world being a world-work, it is not difficult to raise the ego from the idea of *efficiency* to that of *superiority* wherein its true character consists.

Reality is the form of human self-hood and consists in the *possession* of that which exists rather than the mere striving after it. In this respect, reality, as expressed by the ego, is of aristocratic* character, while the conception of reality as formulated by realism is necessarily mediocre and unworthy. Only by the calm possession of the real is the self able to *entertain* and *express* the

* Compare the concept of Siddha on the highest summit, beyond Loka, and possessed of unique nature.

notion of its inherent essence and its intrinsic worth.

While *activity* has an acceptable place in the dialectics of the self, that place is not the highest one; and where striving is necessary for the development of the ego's nature, the *character of that striving is chiefly negative*, consisting of a reaction against the world.

* * *

It is the fate of sensation to be raised above itself by the will; none the less it is the fate of the will to elevate to an unwonted plane through the intellect. Where the intellect has performed such a task as the *intellectualising of volition*, and where it occupies such an exalted position, its character is seen to be something more than that of intellect in the ordinary sense of the term.

The intellect supersedes itself by virtue of the fact that *it creates something beyond*, or that which is an exaggeration of the mere intellect. As a result, the intellect brings the self into being, while it affords the self an intuition of the world as a whole. The *mind* can not *experience* the *world-whole*, nor can it will the universe in its totality; but it can contemplate the world-whole *in the moment that it contemplates itself.*

* * *

In the assertion of the self, will promotes intellect, while intellect perfects will. The union of these two functions of reality is found in the human self.

* * *

The peculiar character of *intro-activity* has been obscured by *physical* and *social* considerations, which have made it impossible for humanity to live from within.

* * *

In order to gather the fruits of ego's activity, it is necessary to consider the *nature* and *activity* of the self in the light of intellect. In our day, where positivism and fragmatism have conspired to betray the intellect, it is not possible to advance the claims of the intellect with the case of the older *rationalism*, but since our dialectics must repudiate rationalism, we do not feel the deprivation when it is taken away.

Rationalism sought to remove contradiction *by removing life*; intellectualism, which has the individual on its side, attempts *the far different* task of *reducing this chaos to order.* These circumstances place the *principles* of intellectualism in a different light; no longer does the mind seek to secure sway over the realm of impersonal sense, for now it is engaged *in subduing the will as this appears in the living form of individual life.*

As in other phases of our study, egoism and activism have the effect of presenting new problems and new way of solving them. In the present case, where we are striving to secure a *consistent* and *sufficient* notion of selfhood, the subjugation of the will by the intellect lends new meaning to the intellectualist problem, which is seen to proceed from the voluntaristic rather than from the sensational, as was the case with the older rationalism.

Philosophy has ever been optimistic concerning the will; it has *assumed* that, with all the uncertainty of speculation, action, was something sure. But the rise of voluntarism has brought us to the place where we are called upon to inquire concerning the authenticity of action, for the mind may doubt the deed as well as the thought. Where the human self reacts

upon nature and initiates an independent course of activity, it abandons the obvious and instinctive for the uncertainties of the ideal. In this way it may become *decadant* and mystical, and *under the guise of genius* may sink into degeneration. In the case of individualism to-day, something not wholly unlike this confronts us. With the elaboration of and emphasis upon the obvious, the solidaric in the physical and social orders has left the ego to choose a course of *activity at once bizaree*, so that he who believes in the self, and believes the world is to be measured in terms of the self, is forced to seek instruction and nourishment from the dialectics of Decadence. One may seek self-justification in the thought that he may like his goods wherever he finds them, and yet the conditions of individualism are plainly deplorable in their anti-social and anti-natural ideals. If we seek selfhood in sense, we are threatened by sensualism and Wagnerism; if we pursue the self through will, we may fall a prey to nistzschian negations; if we turn to the intellect, we fear the fallacies of mysticism.

Having examined the subbordinate forms of selfhood, as these appear in the phenomenal and activistic orders, we are now anxious to discover what may be found *at the poles* of the intellect; in what sense is the self a *scio* or a *cogito?* The true egoist should be willing to place his affair upon nothing obvious and evident, so that we are not disconcerted when we find that the only consistent support for the self seems to be found in the intellect. The danger that confronts us here is that of *formality* and *passivity*, for the intellect is famous for its *impassibilite*. Our chief source of trust in the intellect lies, *not in what philosophy has allready said about it*, but in what has thus far been neglected. The intellect indeed seems impossible and formal, but its condition may be an *acquired* passivity, which has come about by the expression of superior forces. This is indeed the inner condition of the self on our dialectic has been considering it, and our claim for *intro-activity* on the part of the self was but preliminary to the claim we now make for the interior life of the ego.

The inner life as an intellectual one cannot be understood if the ego is regarded as something purely representative, an imitative mirror of the universe. If the world were content to leave the ego to its work, the life of the self were simple indeed; but the individualistic history of humanity shows how thoroughly has the spirit of the world, sensational and activistic, invaded the soul, so that the life of man has ever been a tumultuous one. For this reason the primary work of the intellect, a work destined never to be complete, has consisted in *subduing the contradictory forces of the natural order.* The *will to live* carries and sustains the natural world, but when it enters the ego it causes chaos. To still this chaos, reduce *experience* to *order*, and *establish the independence of the inner life,* is the work the intellect has long been carrying on, so that it was from the voluntaristic rather than the empirical that the intellect proceeded.

Rationalism has expected the world to *come* to it, and, in its *a priori* fashion, it prepared the *moulds* into which the plastic world-stuff was supposed to enter and receive shape. But the actual situation reveals the fact that the intellect *must exert* its superior powers to quell the Dionysian revolt that from the beginning has been going

on in the soul. *This Apollonian treatment* of the problem of knowledge has the effect of showing that the intellect, instead of being the formal, passive faculty of representative thought, *is really activistic*, a cultural principle. This fact should place intellectualism in a more acceptable light in an age which emphasizes the obvious and exaggerates the efficient.

With the absurd emphasis that is commonly laid upon activity, it is well to inquire concerning the exact nature of that which seems so important to our present day philosophy. What is the real nature of action? As commonly conceived, action *is attached* to some immediate inclinction from which it springs, while it is directed to an end which it endeavours to realise; incentive and motive conspire with result and consequence. *To emancipate the deed from its attachments, and thus render it universal and free, it becomes necessary for the ego to intellectualise it.*

* * *

Not only is the decadent artist suspicious of action, but from the beginning of religious consciousness of humanity has hoped to keep upon the free, formless sea of inner life, without coming out upon the limited land of practical work.

The Yoga method of attaining to the ideal of 'worklessness' consists of neither inactivity nor mere contemplation, but in a scheme of works, whereby action becomes the cure of action; hence; it is said: Without undertaking works, no man comes to worklessness.

* * *

When we attempt to catch the spirit of selfhood, we discover that the weight of responsibility for the affirmation of the ego rests with the intellect, not with the will.

It is the function of the intellect not merely to find the unity of the manifold of sense, but also to reduce the chaos of impulse to order. For geniune action, nothing is more necessary than thought, without which the movement of the ego is only something instinctive and immediate.

Genuine intellectualism is progressive and creative, and while it exalts contemplation to the supreme place in the self, it does not seek to inculcate passivism, for it needs the impetus of action for its intellectualistic purposes.

The intellect is a gainer rather than a loser when it is called upon to support the ego, while it is also expected to compete with the will; and an intellectuatism which is no longer content to deck itself out with the faded wreaths of a rationalism, which achieved no other victory than that of the understanding over sense, has a future destined to be reflete with satisfaction.

Intro-activity is not a mode of work in which the individual insinuates his subjectivety into the objective order of nature, but is a *positive* and *creative* force, which enables the ego to be a creator as the world is also a creator.

* * *

Individually is itself a creation due to the freedom of the into-active ego.

* * *

Self-hood assumes greater extension as it assumes greater intension; the more *intime* the individual, the more *universal* is its order of being.

* * *

Ontology has exerted itself to extricate the will of the ego from the tails of causality, but it has not been *so earnest in*

seeking to evince the existence of a free world of work in which the creative activity of the self is viewed in constructive manner.

Libertarianism can do no more than demonstrate the *abstract possiblity* of freedom as a force which exerts itself *here and there* from time to time.

Intro-activity, however, seeks to account for the continuity and systematic coherence of human activity., for, from the inception of human culture, the human spirit has been tracing in the air a line parallel to the course of the natural world. The freedom of humanity is thus something which leads the ego forward *beyond nature* rather than backward into the meshes of causal law; the proof of one is the same as the proof of the other: it is the perceptible fact of a system of nature below, and a system of humanity above. The possibility of introactivity has been ignored by traditional ontology, which has penetrated beneath the crust of reality to the subterannean fires of free energy. The free strivings beneath the crust of formal reason are essential to a comprehension of the whole, and without the recognition of inter-activity, the significance of human reality will be superficial indeed.

* * *

The intro-activity of selfhood, *recognisable in the form of human culture* consists of a *complete* act of self-affirmation. This affirmatory act on the part of the self consists, not of some life-force whose aim could be no more than the acquisition of the immediate, but of a striving towards the *remote* and *disinterested*, far removed from the *spirit of mediocrity* that so sullenly broods over the world. The superior world of selfhood does not simply exist, but is an *effect* thrust out by the ego as it seeks to strive beyond itself and achieve a 'victory over the invisible.' This act of self-affirmation wills the self and the world as one—that is, the self is willed as a world.

* * *

The ego is known by means of a comlete form of self-affirmation, in which thought and action are one and the same; this self-affirmation, therefore, is a conscious act and active thought. Its selfhood and its worldhood are one and the same.

* * *

When dialectics sounds the depths of sensation, volition, and intellect, it observes at the outset that the intellect holds the secret and serves the plan of the self in a way unknown to the other two forms of spiritual life. Sensation does indeed make the self aware of its existence, as also of its position in the world; activity enables the self to re-act upon its experiences; but the power to improvise, the power to detach the ego from the world, belongs neither to sensation nor volition, but to the intellect alone. If, therefore, the ego is to gain ascendancy over the world, it must be by means of the *spontaneity* of the *free* intellect.

Knowledge is thus to be understood as a striving after the substantial in the midst of the contradictions inherent in sensation and volition.

—**SHAW.**

શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ—સુરત.

માણેકઠારી પુનમની શુભ રાત્રિએ આ સંસ્થાની મુલાકાત લેવાનો આનંદદાયક પ્રસંગ મને ગૃહપતિ અને માનદ મંત્રીએ ઉપસ્થિત કરી આપ્યો તે માટે તેમનો ઉપકાર માનું છું. સંસ્થાની સર્વ હકીકત નિવેદન કરવામાં આવી અને અનેકવિધ પ્રવૃત્તિ તેમાં થતી જોઇને મને આનંદ થયો. મને આકર્ષક વાત વિદ્યાર્થીઓ તરફથી નિકળતું "પ્રભાત" નામનું હસ્તલિખિત માસિક છે તે અને સુરત જૈન સમાજના ઉપસ્થિત થતા મહા પ્રસંગો વખતે વિદ્યાર્થીઓ સ્વયંસેવકોની ગરજ પુરી પાડે છે તે લાગી છે. "પ્રભાત" ના અંકો સુંદર અને પ્રેરક છે; તેમાં વખત જતાં વિચારપ્રવાહ સુનિયંત્રિત અને સુયોગ્ય માર્ગે વહ્યો જશે, એવી ખાત્રી ભરી આશા છે. સેવાના માર્ગમાં વ્યાવહારિક તાલીમ વિદ્યાર્થી જીવનમાંજ મળે તેનું મહત્વ ઘણું છે. તેથી વિનય, નમ્રતા, આજ્ઞાધારકતા અને સંયમનના આવશ્યક બોધપાઠો મળે છે. તે આખા જીવનને ઓપ આપે છે.

આ સંસ્થાના મુખ્ય સંચાલક મંત્રી શ્રીયુત્ હરીલાલ શાહ એક તરુણ ગ્રેજ્યુએટ છે. શિક્ષણશાસ્ત્રના અનુભવી છે. તેમનામાં ઉત્સાહ, સેવાભાવ અને જોસ છે તેથી સંસ્થાને સારા પાયાપર લઈ જવામાં એક પ્રબળ નિમિત્તભૂત થયા છે અને થશે એમાં શક નથી. ગૃહપતિ રા. પોપટલાલ પણ સાહિત્યરસિક અને સંસ્કારીયુવક છે. તે બન્ને સજ્જનોના સુમિશ્રણથી આ સંસ્થાનું ભવિષ્ય સુંદર છે, એમ લાગે છે.

સંવત્ ૧૯૮૨ નો આ સંસ્થાનો છપાયેલ વૃત્તાંત વાંચ્યો તેમાં આ વિદ્યાલયને જે જે આવશ્યકતાઓ છે તેનું સંક્ષિપ્ત વર્ણન છે. આ જરૂરીયાતો સુરતના ભલા શ્રીમંતો પુરી પાડશે તો એક આદર્શ છાત્રાલય બનશે. શારિરીક કેળવણી અને અંગબળની તાલીમ વગર જૈન વિદ્યાર્થીઓનાં શરીરો સર્વત્ર જ્યાં જુઓ ત્યાં ક્ષીણ અને કાન્તિહીન લાગે છે. આથી દરેક વિદ્યાલયમાં અખાડો-કસરતશાળા હોયજ અને શારિરીક કેળવણી પણ ફરજ્યાત વિદ્યાર્થીએ લેવી જોઇએ—એમ થવાની પ્રધાન આવશ્યકતા છે. માનસિક કેળવણીની વૃદ્ધિ માટે-પુષ્ટિને માટે સમૃદ્ધ પુસ્તકાલયની પણ જરૂર છે. ધાર્મિક કેળવણી વગરનું તો કોઈ જૈન વિદ્યાલય હોવું ન ઘટે. આ ત્રણે જાતની કેળવણી જ્યાં મળી શકે એવું સાદું વિશાળ ચોગાનવાળું અને તે તે કેળવણીનાં સાધનો પુરાં પાડનારૂં મકાન પણ સ્થાયી હોવું જોઇએ. પ્રયાસ કરતાં કરતાં તેમજ ઉદયના સમયો આવી મળતાં આ બધુ ભવિષ્યમાં આવી મળશે.

આ સમયે છેવટમાં એમ પણ કહ્યા વગર ચાલતું નથી કે સુરતના જૈનોને આ સંસ્થા તેમજ બીજી સંસ્થાઓ પૂરી પાડી-નિભાવી પોતાની ઉદારવૃત્તિ બતાવી છે. તે માટે તેમને ધન્યવાદ છે અને તેઓ તેને હવે જેમ બને તેમ વધુને વધુ સંપૂર્ણ અને આદર્શમય બનાવવા જરૂર કંઇ ને કંઈ કરતાજ રહેશે એવી તેમને મારી વિનંતી છે. આ સંસ્થાનો ઉત્તરોત્તર અભ્યુદય ઇચ્છું.

સુરત, સં. ૧૯૮૩ ના આશ્વિન સુ. ૧૫

મોહનલાલ દલીચંદ દેસાઈ.
B. A. LL. B.
વકીલ હાઈકોર્ટ, મુંબઈ.

અહલ્યા જોડે ઈંદ્રે જારકર્મ કર્યું, પોતાની પુત્રી પછવાડે **બ્રહ્મ** દોડયા, ગુરૂપત્નિની **ચંદ્રે** વાગ-ચ્છા કરી, એવા મેં કોને પોતાના પદથી પ્રાયે ભ્રષ્ટ નથી કર્યા ? ત્રણ ભુવનને ગાંડાતુર બનાવી દેવાની વિધિમાં મ્હારા[૧] કામાસ્ત્રનો શ્રમ જેવો કોઇનો શ્રમ છે ? આમ જ્યારે રાગ બોલી રહ્યો એટલે-

ક્રોધ:—જગત્ માત્રને અંધ બનાવી દઉં ! બહેરું કરી દઉં, સચેતન એવા ધીરને અધીરો બનાવી દઉં, કર્તવ્યને ભૂલાવી દઉં, એટલે હિત શામાં છે તે સાંભળવા પણ ન આપું ! અને બુદ્ધિવાનને શીખેલું યાદ કરવા પણ ન દઉં.

આવા પ્રસંગે **લોભ, દંભ,** અને **અભિમાન** વિગેરે સુભટોએ ભૂજાસ્ફોટનનો આટાટોપ કર્યો, અને હાકોટા પરસ્પર મચાવી એ સ્થાનને ગજાવી મૂક્યું.

શ્રી **ચાલુક્યસિંહ** પણ વૈરીના સમગ્ર સૈન્યને પ્રોત્સાહિત જાણી પોતે ઉત્તેજીત થઈ **મોહભૂપને** તૃણ માત્ર ગણી નિજ સૈન્ય વિના પણ **મોહને** જીતવાની ઇચ્છાવાળા બની ગુરૂની પ્રસાદીરૂપ (યોગ-શાસ્ત્રનું) વજ્રનું કવચ, ઓઢી,

અન્તર્ધ્યાન થવાની **વિરાંતિ વીતરાગ** સ્વરૂપરૂપી દિવ્ય ગુટિકાનો ઉપભોગ કરી, સહજ અન્તર્ધાન થઇ જવામાં ઘણા કુશળ એવા શ્રીમદ્ આર્ય ધર્મ રાજાના પુણ્યકેતુ અને જ્ઞાનદર્પણાદિ અમાત્યોની સ્વલ્પ સહાય સાથે રાખી સૈન્યને પછવાડે રાખી પોતે આગળ ચાલ્યો; અને ક્ષણવારમાં શત્રુની સામે તીરે આવી ચઢયો.

રાજા—અરે જ્ઞાનદર્પણ ! **મોહભૂપના** સ્થાનને દેખાડ; કે જેથી હું એને રમત માત્રમાં પ્રતાપશૂન્ય કરી નાખું.

જ્ઞાનદર્પણ—દેવ અગાડી અવલોકન માત્રથી બાયલા માણસના જ્વરના[૧] જેવું આ **મોહરાજાનું** સ્થાન દેખાય છે.

(પ્રવેશ કરે છે).

(શ્રી સર્વેએ પ્રવેશ કર્યો) ગુપ્તરૂપે ખડા થઇ રહ્યા. કેટલીકવાર પછી **મોહરાજા** વચ્ચોવચ્ચ પોતાના પરિવારની મધ્યમાં જોવામાં આવી ગયો. તેઓના આવા હાકોટા સાંભળવા લાગ્યો—

મોહ:—પુરૂષોમાં એવો કયો કીડો છે કે જે **મોહભૂપતિની** જોડે વૈર રાખે છે ? ખરેખર ! એવાનું તો નિ:સંકરણમાં મરણ થવાનું છે.

(અપૂર્ણ.)

પ્રાચીન પત્રો.

૧

વિજયલક્ષ્મીસૂરિને વડોદરે ભૂપાલવિજયે ખંભાતથી સં. ૧૮૨૫ માં લખેલો પત્ર.

॥ શ્રી ॥

॥ સ્વસ્ત શ્રી આદિજિન પ્રણમ્ય શ્રી વડોદરા નગર મહાશુભસ્થાને પુજ્યારાધ્યે મહિમામેયં સમસ્તગુણગણાલંકૃતગાત્રચારિત્રચૂડામણિ સકલશાસ્ત્ર સિદ્ધાંતના પારિણ વર છત્રીસ ગુણેં કરી વીરાજમાંન દિનકર શમાંન તેજશ્વી શરદઋતુ પૂર્ણચંદ્ર મંડલાનન પાંચ સુમતિ ત્રિણ ગુપ્તિ પાલક મિથ્યાત્વના ટાલક વિદ્વજન મુગટામણિ સકલ કલા કુશલ ઇત્યાદિ અનેક ઉપમા વિરાજમાંન પૂજ્ય શિરોમણિ ભ । શ્રી વિજયલક્ષ્મી સૂરીસ્વર વરનાંણ ચરણ કમલાંન.

શ્રી સ્થંભતીર્થથી આશાવંત પં । ભુપતિવિજયગ । લષીતં વંદના ૧૦૮ વારડવધારજ્યો યત:ડત્ર સુખસ્યાતા છેં.

તુહ્મારી સુખસ્યાતાના પત્ર પ્રસાદ કર્યા તે વાંચી ઘણુંજ સંતોષ ઉપના બીજુ લષ્યા કારણ એ છેં જે તુહ્મો પત્ર ગાંધી ઉપરેં લષ્યો ઉપધાંન આષ્ટી

૧=અહીં રાગ એટલે કામદેવ લાગે છે.

૧=તાપમાં જેમ મનુષ્ય હળબળે, તેમ મોહરાજા થરથરવા લાગ્યો એવો ભાવ દેખાય છે. ભા. કર્તા.

સંવેગી પાસેં પેંસવાની રજા આપી તે તો સ્યારૂ કર્યું પણ તુહ્મો તો મોટા છો તુહ્મે જે લખ્યું તે અમે મહા અંતરાય કર્યો પણ અહ્મારેં એહમાં જે હાંસલ ખાવાને વાસ્તીડથ લાંચ લેવા વાસ્તી એ કર્મ બાંધ્યું છેં તે અહ્મે પાતકી થયા તે તુહ્મનેં મલીસ્યુ તીવારેં ડડ (આ) લેાયણ તથા તપ કરવેા ઘટસ્યેં તે તુહ્મ પાસેં કરી અંતરાય છેાડીસ્યું પણ ગચ્છમાં તુહ્મારી તથા સા(મા)ની આજ્ઞા રજા અડકાવ છઇ તીવારેં માંગીવી પણ અડકાવ ન હેાત તેા તુહ્મનેં તથા અમનેં કેાઇ શ્રાવક રજા મગાવત નહી તુહ્મનેં ન કહજે તુહ્મા કિહાં વસેા છેા અનેં બીજું ગચ્છથી ભીન્ન ગચ્છના જતીની કરીયા સુધી કરીનેં ગચ્છના જતીની તથા ગચ્છનાયકની કરીયા નથી કરતા તે માટેં ઓસવાલને એ વાતનેા મમત્વ ઘણેા છેં જે એ અપાસરેં એ ગચ્છવાસીએા કનેં ઉપધાંન માલ નહીં કરીએં. એહવા કદાગ્રહ કરેં તે અહ્મે તેા ન ષમાય માટેં ગાંધીનઇ આગલ કરિ મારગ ગચ્છના ભાગેં તે માટે અડકાવ ક...છેં અને તુહ્મનેં એ વાત ગમતી હેાય તેા અમારેં કાઇ કાંમ નથી સુષેં ગચ્છ(ને) છેદ જાએા પણ તુહ્મારા સારા વારતીડમેા પણ એટલા શ્રાવકનેં અલષામણા થઇઇ ને તુહ્મેા ધર્મ કહું લષ્યુ તેા સુષેં પેંસવા દેસ્યું પછી ખંભાતિ શ્રાવક છેં હવેં મારગ મેાકલેા થયેા હવેં સર્વ શ્રાવક સંવેગીની કરીયા કર(સ્યે) ગચ્છમાં જતીની કરીયા નહીં કરેં તીવારેં સારૂં ગચ્છની સેાભા સીરી રહેંસ્યેં.....છેં અપાસરેં આવેં છેં કેાઇ તે પણ નહીં આવઇ માટે તુહ્મેા શ્રી ખંભાયત અ...ગાંધીને ઉપધાંન વહેંવરાવી માલ પહેંરાવી ઓછવ કરી તુહ્મેા વીહાર કરવેા ઘટેં તેા સુખેં કરજ્યેા તે। વાતની ચિતા ન કરવી આપણેં ગચ્છની ઉન્નત દીસેં તુહ્મારી સેાભા જસ થાઇ તે વાતેં રાજી છીઇ ઓસવાલીએ તપીયાનેં મેાહે અગડં કરી જે તુહ્મ પાસેં ઓણ ઉપધાંન વહીસ્યેં તે વાતનેં પણ વર્ષ ૧।। થયું પેંસાયુ નથી તે અડકાવ માટેં તુહ્મેા પધારસ્યેા તે હવેં તુહ્મ પાસેં વરસ્યેં ધ્રુતિ તત્ત્વં બાકી રજા આપું તેા આખા ગચ્છના શ્રાવક શ્રાવિકા સર્વ તેહુ પાસેં જસ્યેં ત્યારેં તુહ્મારે પાંતીઇ કાંઇ રહેંસ્યેં તે નથી માટેં તુહ્મેા જરૂર એકવાર પધારજ્યેા પછેં તેા તુહ્મેા ડાહ્યા છેા તુહ્મનેં તેા ઝાઝું લષવું તે કારમું છેં ન આવેા તેા અમેં સર્વનઇ રજા આપીસ્યું જ્યારેં અડકાવ કર્યેા છઇ તીવારેં તુહ્મ ઉપરેં રાગ તેડાવ્યાનેા કરેા છેં માટેં જેહવું હેાઇ તેહવું લષી જણાવજ્યેા જે (ભા)વેા તેા સમાચાર ફરી લષજ્યેા જે આજ્ઞા આપીઇ સંવત ૧૮૨૫ માગસર સુદિ ૧૦ રવૌ ।। એ ગુનહેા પડયેા તે માફ કરજ્યેા એકજ (સ)મે ચૂકાછુ પ૦। હવેં નહીં (ચૂકું).

૨

વિજયલક્ષ્મીસૂરિએ પ્રેમવિજયગણિને છાણી લખેલેા ટુંકેા પત્ર.

॥ શ્રી ॥

ઉં નત્વા ભ.। શ્રી વિજયલક્ષ્મી સૂરમિર્લિખ્યતે પં। શ્રી પ્રેમવિજય ગ। વરાણાં અત્રથીડનુન્નતિ અમારિ તથા પં। નર પં હિત પં। ન્યાન પ્રમુખની વંદના જાણયો તત્ર પં। મોહનજીનેં કેંહયો તથા પ્રતિ કેવલદાશની પરિખજીનેં આપી છેં બિજી પ્રતિ ૨ કેવલદાસની આપર્ણ ઇહાં છેં તે મોકલીસું આપણી પ્રતિ ૨ સીરપ્રશ્ન ૧ સીત્તઉસા ટાણું ૨ એ કેવલદાસ પાસેં છેં લ આપે તોલેયોં બિ. સુરતિમાં ગણેશજી કાલં પ્રાપ્ત છે તે ઉપર પં। પુરુષોત્તમજી ટાંણુ ૨ તિહાં ગયાં છેં મણિભદ્ર યાત્રાની ઇછા છેં પિણ તથા વિધ સામગ્રી સર્વ મિલસ્યં તોં લષીસ્યું સર્વ શ્રાવક શ્રાવિકાનેં ધર્મલાભ કેંશ્યો માર્ગશિર વદિ ૧૦ દિને પ્રત્યુષે ।। પરં શ્રી પ્રેમવિજય ગ। વરાણાં શ્રી છાંણીપુરે.

ज्ञानक्रियाभ्याम् मोक्षः

The Highest Life of Blissful Freedom evolving through

Knowledge and Activity.

The self lives by knowing, just as it is by means of knowledge that it secures its place in the world.

By means of knowledge the self is redeemed from the world.

Where knowledge has assumed the idealistic character, it has usually directed its energies in the direction of reaching a Beyond, in the form of the transphenomenal; but in doing this it has no right to overlook the fact that the self which puts forth the knowledge does not relinquish knowledge at the moment it realises it; for this reason it becomes necessary to regard the *exercise* of knowledge, not as a mere *representation* of something exterior, but as the *realisation* of that which is internal.

* * *

The human self endeavours to think the world and will the world, because that self has something worldlike about it.

In the *attitude* and *action* of the *whole* self we see what reality can be.

The aim of the self is not simply to experience the exterior, or to exhibit the interior, but *to affirm itself as real.*

In its attitude towards the exterior world the self cannot wholly conceal its contempt, the expression of which is not at all out of place to-day, when the usual philosophy of life resembles a hut rather than a ivory tower, when man is looked upon as a servant of the world instead of its master. Realism, which thinks that man exists for the world, is no nearer to the truth than romanticism, which thinks the world exists for man. Our dialectic will be satisfied with the system of philosophy or poetry which makes the *self supreme.* Meanwhile it cherishes the belief that the anti-natural and anti-social phases of egoism are only preliminary to a more constructive view of the self in the world and society, which are unable to submerge it. All that the world of things and persons can do for the self is to provide it with a place where it may enjoy its inner existence *and* exert its particular powers. Yet the full fate of the ego in the world is a problem which demands independent treatment through which the ultimate meaning of all human striving and hoping may be properly analysed and thoroughly appreciated.

* * *

The work of the self in the world being a world-work, it is not difficult to raise the ego from the idea of *efficiency* to that of *superiority* wherein its true character consists.

Reality is the form of human self-hood and consists in the *possession* of that which exists rather than the mere striving after it. In this respect, reality, as expressed by the ego, is of aristocratic* character, while the conception of reality as formulated by realism is necessarily mediocre and unworthy. Only by the calm possession of the real is the self able to *entertain* and *express* the

* Compare the concept of Siddha on the highest summit, beyond Loka, and possessed of unique nature.

notion of its inherent essence and its intrinsic worth.

While *activity* has an acceptable place in the dialectics of the self, that place is not the highest one; and where striving is necessary for the development of the ego's nature, the *character of that striving is chiefly negative*, consisting of a reaction against the world.

* * *

It is the fate of sensation to be raised above itself by the will; none the less it is the fate of the will to elevate to an unwonted plane through the intellect. Where the intellect has performed such a task as the *intellectualising of volition*, and where it occupies such an exalted position, its character is seen to be something more than that of intellect in the ordinary sense of the term.

The intellect supersedes itself by virtue of the fact that *it creates something beyond*, or that which is an exaggeration of the mere intellect. As a result, the intellect brings the self into being, while it affords the self an intuition of the world as a whole. The *mind* can not *experience* the *world-whole*, nor can it will the universe in its totality; but it can contemplate the world-whole *in the moment that it contemplates itself.*

* * *

In the assertion of the self, will promotes intellect, while intellect perfects will. The union of these two functions of reality is found in the human self.

* * *

The peculiar character of *intro-activity* has been obscured by *physical* and *social* considerations, which have made it impossible for humanity to live from within.

* * *

In order to gather the fruits of ego's activity, it is necessary to consider the *nature* and *activity* of the self in the light of intellect. In our day, where positivism and fragmatism have conspired to betray the intellect, it is not possible to advance the claims of the intellect with the case of the older *rationalism*, but since our dialectics must repudiate rationalism, we do not feel the deprivation when it is taken away.

Rationalism sought to remove contradiction *by removing life*; intellectualism, which has the individual on its side, attempts *the far different* task of *reducing this chaos to order.* These circumstances place the *principles* of intellectualism in a different light; no longer does the mind seek to secure sway over the realm of impersonal sense, for now it is engaged *in subduing the will as this appears in the living form of individual life.*

As in other phases of our study, egoism and activism have the effect of presenting new problems and new way of solving them. In the present case, where we are striving to secure a *consistent* and *sufficient* notion of selfhood, the subjugation of the will by the intellect lends new meaning to the intellectualist problem, which is seen to proceed from the voluntaristic rather than from the sensational, as was the case with the older rationalism.

Philosophy has ever been optimistic concerning the will; it has *assumed* that, with all the uncertainty of speculation, action, was something sure. But the rise of voluntarism has brought us to the place where we are called upon to inquire concerning the authenticity of action, for the mind may doubt the deed as well as the thought. Where the human self reacts

upon nature and initiates an independent course of activity, it abandons the obvious and instinctive for the uncertainties of the ideal. In this way it may become *decadant* and mystical, and *under the guise of genius* may sink into degeneration. In the case of individualism to-day, something not wholly unlike this confronts us. With the elaboration of and emphasis upon the obvious, the solidaric in the physical and social orders has left the ego to choose a course of *activity at once bizaree*, so that he who believes in the self, and believes the world is to be measured in terms of the self, is forced to seek instruction and nourishment from the dialectics of Decadence. One may seek self-justification in the thought that he may like his goods wherever he finds them, and yet the conditions of individualism are plainly deplorable in their anti-social and anti-natural ideals. If we seek selfhood in sense, we are threatened by sensualism and Wagnerism; if we pursue the self through will, we may fall a prey to nistzschian negations; if we turn to the intellect, we fear the fallacies of mysticism.

Having examined the subbordinate forms of selfhood, as these appear in the phenomenal and activistic orders, we are now anxious to discover what may be found *at the poles* of the intellect; in what sense is the self a *scio* or a *cogito?* The true egoist should be willing to place his affair upon nothing obvious and evident, so that we are not disconcerted when we find that the only consistent support for the self seems to be found in the intellect The danger that confronts us here is that of *formality* and *passivity*, for the intellect is famous for its *impassibilite*. Our chief source of trust in the intellect lies, *not in what philosophy has allready said about it*, but in what has thus far been neglected. The intellect indeed seems impossible and formal, but its condition may be an *acquired* passivity, which has come about by the expression of superior forces. This is indeed the inner condition of the self on our dialectic has been considering it, and our claim for *intro-activity* on the part of the self was but preliminary to the claim we now make for the interior life of the ego.

The inner life as an intellectual one cannot be understood if the ego is regarded as something purely representative, an imitative mirror of the universe. If the world were content to leave the ego to its work, the life of the self were simple indeed; but the individualistic history of humanity shows how thoroughly has the spirit of the world, sensational and activistic, invaded the soul, so that the life of man has ever been a tumultuous one. For this reason the primary work of the intellect, a work destined never to be complete, has consisted in *subduing the contradictory forces of the natural order.* The *will to live* carries and sustains the natural world, but when it enters the ego it causes chaos. To still this chaos, reduce *experience* to *order*, and *establish the independence of the inner life,* is the work the intellect has long been carrying on, so that it was from the voluntaristic rather than the empirical that the intellect proceeded.

Rationalism has expected the world to *come* to it, and, in its *a priori* fashion, it prepared the *moulds* into which the plastic world-stuff was supposed to enter and receive shape. But the actual situation reveals the fact that the intellect *must exert* its superior powers to quell the Dionysian revolt that from the beginning has been going

on in the soul. *This Apollonian treatment* of the problem of knowledge has the effect of showing that the intellect, instead of being the formal, passive faculty of representative thought, *is really activistic*, a cultural principle. This fact should place intellectualism in a more acceptable light in an age which emphasizes the obvious and exaggerates the efficient.

With the absurd emphasis that is commonly laid upon activity, it is well to inquire concerning the exact nature of that which seems so important to our present day philosophy. What is the real nature of action? As commonly conceived, action *is attached* to some immediate inclinction from which it springs, while it is directed to an end which it endeavours to realise; incentive and motive conspire with result and consequence. *To emancipate the deed from its attachments, and thus render it universal and free, it becomes necessary for the ego to intellectualise it.*

* * *

Not only is the decadent artist suspicious of action, but from the beginning of religious consciousness of humanity has hoped to keep upon the free, formless sea of inner life, without coming out upon the limited land of practical work.

The Yoga method of attaining to the ideal of 'worklessness' consists of neither inactivity nor mere contemplation, but in a scheme of works, whereby action becomes the cure of action; hence; it is said: Without undertaking works, no man comes to worklessness.

* * *

When we attempt to catch the spirit of selfhood, we discover that the weight of responsibility for the affirmation of the ego rests with the intellect, not with the will.

It is the function of the intellect not merely to find the unity of the manifold of sense, but also to reduce the chaos of impulse to order. For geniune action, nothing is more necessary than thought, without which the movement of the ego is only something instinctive and immediate.

Genuine intellectualism is progressive and creative, and while it exalts contemplation to the supreme place in the self, it does not seek to inculcate passivism, for it needs the impetus of action for its intellectualistic purposes.

The intellect is a gainer rather than a loser when it is called upon to support the ego, while it is also expected to compete with the will; and an intellectuatism which is no longer content to deck itself out with the faded wreaths of a rationalism, which achieved no other victory than that of the understanding over sense, has a future destined to be reflete with satisfaction.

Intro-activity is not a mode of work in which the individual insinuates his subjectivety into the objective order of nature, but is a *positive* and *creative* force, which enables the ego to be a creator as the world is also a creator.

* * *

Individually is itself a creation due to the freedom of the into-active ego.

* * *

Self-hood assumes greater extension as it assumes greater intension; the more *intime* the individual, the more *universal* is its order of being.

* * *

Ontology has exerted itself to extricate the will of the ego from the tails of causality, but it has not been *so earnest in*

seeking to evince the existence of a free world of work in which the creative activity of the self is viewed in constructive manner.

Libertarianism can do no more than demonstrate the *abstract possiblity* of freedom as a force which exerts itself *here and there* from time to time.

Intro-activity, however, seeks to account for the continuity and systematic coherence of human activity., for, from the inception of human culture, the human spirit has been tracing in the air a line parallel to the course of the natural world. The freedom of humanity is thus something which leads the ego forward *beyond nature* rather than backward into the meshes of causal law; the proof of one is the same as the proof of the other: it is the perceptible fact of a system of nature below, and a system of humanity above. The possibility of introactivity has been ignored by traditional ontology, which has penetrated beneath the crust of reality to the subterannean fires of free energy. The free strivings beneath the crust of formal reason are essential to a comprehension of the whole, and without the recognition of inter–activity, the significance of human reality will be superficial indeed.

* * *

The intro-activity of selfhood, *recognisable in the form of human culture* consists of a *complete* act of self–affirmation. This affirmatory act on the part of the self consists, not of some life–force whose aim could be no more than the acquisition of the immediate, but of a striving towards the *remote* and *disinterested*, far removed from the *spirit of mediocrity* that so sullenly broods over the world. The superior world of selfhood does not simply exist, but is an *effect* thrust out by the ego as it seeks to strive beyond itself and achieve a 'victory over the invisible.' This act of self–affirmation wills the self and the world as one—that is, the self is willed as a world.

* * *

The ego is known by means of a comlete form of self–affirmation, in which thought and action are one and the same; this self-affirmation, therefore, is a conscious act and active thought. Its selfhood and its worldhood are one and the same.

* * *

When dialectics sounds the depths of sensation, volition, and intellect, it observes at the outset that the intellect holds the secret and serves the plan of the self in a way unknown to the other two forms of spiritual life. Sensation does indeed make the self aware of its existence, as also of its position in the world; activity enables the self to re-act upon its experiences; but the power to improvise, the power to detach the ego from the world, belongs neither to sensation nor volition, but to the intellect alone. If, therefore, the ego is to gain ascendancy over the world, it must be by means of the *spontaneity* of the *free* intellect.

Knowledge is thus to be understood as a striving after the substantial in the midst of the contradictions *inherent in sensation* and volition.

—SHAW.

શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ—સુરત.

માણેકઠારી પુનમની શુભ રાત્રિએ આ સંસ્થાની મુલાકાત લેવાનો આનંદદાયક પ્રસંગ મને ગૃહપતિ અને માનદ મંત્રીએ ઉપસ્થિત કરી આપ્યો તે માટે તેમનો ઉપકાર માનું છું. સંસ્થાની સર્વ હકીકત નિવેદન કરવામાં આવી અને અનેકવિધ પ્રવૃત્તિ તેમાં થતી જોઇને મને આનંદ થયો. મને આકર્ષક વાત વિદ્યાર્થીઓ તરફથી નિકળતું "પ્રભાત" નામનું હસ્તલિખિત માસિક છે તે અને સુરત જૈન સમાજના ઉપસ્થિત થતા મહા પ્રસંગો વખતે વિદ્યાર્થીઓ સ્વયંસેવકોની ગરજ પુરી પાડે છે તે લાગી છે. "પ્રભાત" ના અંકો સુંદર અને પ્રેરક છે; તેમાં વખત જતાં વિચારપ્રવાહ સુનિયંત્રિત અને સુયોગ્ય માર્ગે વહ્યો જશે, એવી ખાત્રી ભરી આશા છે. સેવાના માર્ગમાં વ્યાવહારિક તાલીમ વિદ્યાર્થી જીવનમાંજ મળે તેનું મહત્વ ઘણું છે. તેથી વિનય, નમ્રતા, આજ્ઞાધારકતા અને સંયમનના આવશ્યક બોધપાઠો મળે છે. તે આખા જીવનને ઓપ આપે છે.

આ સંસ્થાના મુખ્ય સંચાલક મંત્રી શ્રીયુત્ હરીલાલ શાહ એક તરુણ ગ્રેજ્યુએટ છે. શિક્ષણશાસ્ત્રના અનુભવી છે. તેમનામાં ઉત્સાહ, સેવાભાવ અને જોસ છે તેથી સંસ્થાને સારા પાયાપર લઈ જવામાં એક પ્રબળ નિમિત્તભૂત થયા છે અને થશે એમાં શક નથી. ગૃહપતિ રા. પોપટલાલ પણ સાહિત્યરસિક અને સંસ્કારીયુવક છે. તે બન્ને સજ્જનોના સુમિશ્રણથી આ સંસ્થાનું ભવિષ્ય સુંદર છે, એમ લાગે છે.

સંવત્ ૧૯૮૨ નો આ સંસ્થાનો છપાયેલ વૃત્તાંત વાંચ્યો તેમાં આ વિદ્યાલયને જે જે આવશ્યકતાઓ છે તેનું સંક્ષિપ્ત વર્ણન છે. આ જરૂરીયાતો સુરતના ભલા શ્રીમંતો પુરી પાડશે તો એક આદર્શ છાત્રાલય બનશે. શારિરીક કેળવણી અને અંગબળની તાલીમ વગર જૈન વિદ્યાર્થીઓનાં શરીરો સર્વત્ર જ્યાં જુઓ ત્યાં ક્ષીણ અને કાન્તિહીન લાગે છે. આથી દરેક વિદ્યાલયમાં અખાડો—કસરતશાળા હોયજ અને શારિરીક કેળવણી પણ ફરજ્યાત વિદ્યાર્થીએ લેવી જોઇએ—એમ થવાની પ્રધાન આવશ્યકતા છે. માનસિક કેળવણીની વૃદ્ધિ માટે-પુષ્ટિને માટે સમૃદ્ધ પુસ્તકાલયની પણ જરૂર છે. ધાર્મિક કેળવણી વગરનું તો કોઈ જૈન વિદ્યાલય હોવું ન ઘટે. આ ત્રણે જાતની કેળવણી જ્યાં મળી શકે એવું સાદું વિશાળ ચોગાનવાળું અને તે તે કેળવણીનાં સાધનો પુરાં પાડનારૂં મકાન પણ સ્થાયી હોવું જોઇએ. પ્રયાસ કરતાં કરતાં તેમજ ઉદયના સમયો આવી મળતાં આ બધુ ભવિષ્યમાં આવી મળશે.

આ સમયે છેવટમાં એમ પણ કહ્યા વગર ચાલતું નથી કે સુરતના જૈનોને આ સંસ્થા તેમજ બીજી સંસ્થાઓ પૂરી પાડી-નિભાવી પોતાની ઉદારવૃત્તિ બતાવી છે. તે માટે તેમને ધન્યવાદ છે અને તેઓ તેને હવે જેમ બને તેમ વધુને વધુ સંપૂર્ણ અને આદર્શમય બનાવવા જરૂર કંઇ ને કંઈ કરતાજ રહેશે એવી તેમને મારી વિનંતી છે. આ સંસ્થાનો ઉત્તરોત્તર અભ્યુદય ઇચ્છું.

સુરત, સં. ૧૯૮૩ ના આશ્વિન સુ. ૧૫

મોહનલાલ દલીચંદ દેસાઈ.
B. A. LL. B.
વકીલ હાઈકોર્ટ, મુંબઈ.

प्राकृत--पाठावली

[कर्ता पं० बेचरदास जीवराज दोशी]

पढमो पाढो

मंगलं

नमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ।

(१)

नमो अरिहंताणं ।
नमो सिद्धाणं ।
नमो आयरिआणं ।
नमो उवज्झायाणं ।
नमो लोए सव्वसाहूणं । —नमोक्कारो ।

(२)

अरिहंता मंगलं ।
सिद्धा मंगलं ।
साहू मंगलं ।
केवलिपन्नत्तो धम्मो मंगलं । —मंगलं ।

(३)

अरिहंते सरणं पवज्जामि ।
सिद्धे सरणं पवज्जामि ।
साहू सरणं पवज्जामि ।
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि । —सरणं ।

दुइयो पाढो

णो पमादे कयाइ वि । आयओ बहिया पास ।
लोभस्स पासे णिरयं महंतं । कम्मणा उवाही जायति ।
कामेसु गिद्धा पुणरंति गब्भं । अमुणी सया सुत्ता ।

मुणिणो सया जागरंति । कुसले पुण णो बद्धे, णो मुक्के ।
वीरे नो सहते रतिं । वीरे न रज्जति । जहा अंतो तहा बाहिं ।
जहा बाहिं तहा अंतो । अणेगचित्ते खलु अयं पुरिसे ।
रूवेसु विरागं गच्छेज्जा । पुरिसा ! सच्चमेव समभिजाणाहि । आरियवयणमेवं ।

तइयो पाढो

अप्पाणं कसेहि । अप्पाणं जरेहि । वयं पुण एवमाइक्खामो । सव्वे पाणा न हंतव्वा । किमत्थि उवाही(धी) पासगस्स ?। अत्थि सत्थं परेण परं । णत्थि असत्थं परेण परं । जे एगं नामे से बहू नामे । जे बहू नामे से एगं नामे । जे एगं जाणइ से सव्वं जाणइ । जे सव्वं जाणइ से एगं जाणइ । जहा जुन्नाइं कट्ठाइं हव्ववाहो पमत्थति । नाऽणागमो मच्चु-मुहस्स अत्थि । जे आरिया ते एवं वयासी । पास लोए महब्भयं । बुद्धेहिं एयं पवेदितं । मेहावी जाणिज्जा धम्मं । समयाए धम्मे आरिएहिं पवेदिते । समणे महावीरे पुव्वं देवाणं धम्ममाइक्खति, पच्छा मणुस्साणं । अप्पेगे सीसमब्भे । अप्पेगे पायमच्छे । अप्पेगे उद्दवए । जे अज्झत्थं जाणइ से बहिया जाणइ । आरंभसत्ता पकरंति संगं । सुअं मे आउसं ! तेण भगवया एवमक्खायं । अप्पमत्तो परिव्वए । अणगारे दीहरायं तितिक्खए । एयं कुसलस्स दंसणं ।

चउत्थो पाढो

महव्वयउच्चारणा

सव्वाओ पाणाइवायाओ वेरमणं ।
सव्वाओ मुसावायाओ वेरमणं ।
सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ।
सव्वाओ मेहुणाओ वेरमणं ।
सव्वाओ परिग्गहाओ वेरमणं ।
सव्वाओ राइभोअणाओ वेरमणं ।

सव्वं भन्ते ! पाणाइवायं पच्चक्खामि—नेव सयं पाणे अइवाएज्जा, नेवऽन्नेहिं पाणे अइ-वायाविज्जा, पाणे अइवायंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं ।१।

सव्वं भन्ते ! मुसावायं पच्चक्खामि—नेव सयं मुसं वएज्जा, नेवऽन्नेहिं मुसं वायावेज्जा, मुसं वयंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं ।२।

सव्वं भन्ते ! अदिन्नादाणं पच्चक्खामि—नेव सयं अदिन्नं गिण्हिज्जा, नेवऽन्नेहिं गिण्हा-वेज्जा, अदिन्नं गिण्हंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं ।३।

सव्वं भन्ते ! मेहुणं पच्चक्खामि–नेव सयं मेहुणं सेविज्जा, नेवऽन्नेहिं सेवावेज्जा, मेहुणं सेवंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं ।४।

सव्वं भन्ते ! परिग्गहं पच्चक्खामि–नेव सयं परिग्गहं परिगिण्हेज्जा, नेवऽन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा, परिग्गहं परिगिण्हंते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं ।५।

सव्वं भंते ! राइभोयणं पच्चक्खामि–नेव सयं राइं भुंजेज्जा, नेवऽन्नेहिं राइं भुंजाविज्जा, राइं भुंजंते वि अण्णे न समणुजाणामि जीवज्जीवाए तिविहं तिविहेणं ।६। –समणसुत्तं.

पंचमो पाढो

दुक्खं

जे कोहदंसी से माणदंसी, जे माणदंसी से मायदंसी, जे मायदंसी से लोभदंसी, जे लोभदंसी से पेज्जदंसी, जे पेज्जदंसी से दोसदंसी, जे दोसदंसी से मोहदंसी, जे मोहदंसी से गब्भदंसी, जे गब्भदंसी से जम्मदंसी, जे जम्मदंसी से मारदंसी, जे मारदंसी से णिरयदंसी, जे णिरयदंसी से तिरियदंसी, जे तिरियदंसी से दुक्खदंसी ॥ —आयारंगसुत्तं.

छट्ठो पाढो

अप्पा

से ण दीहे, ण हस्से, ण वट्टे, ण तंसे, ण चउरंसे, ण परिमंडले; ण किण्हे, ण णीले, ण लोहिए, ण सुक्किले; ण सुरहिगंधे, ण दुरहिगंधे; ण तित्ते, ण कडुए, ण कसाते (ए), ण अंबिले, ण महुरे; ण कक्खडे, ण मउए, ण गरुए, ण लहुए, ण सीए, ण उण्हे, ण गिद्धे, न लुक्खे; ण काऊ(ओ), ण रुहे, ण संगे, ण इत्थी, ण पुरिसे, ण अन्नहा; परिण्णे, सण्णे.

उवमा ण विज्जति, अरूवी सत्ता; अपयस्स पयं नत्थि, सव्वे सरा णिअट्टंति, तक्का जत्थ ण विज्जति, मती तत्थ ण गाहिता, ओए, अप्पतिट्ठाणस्स खेयन्ने.

से ण सद्दे, ण रूवे, ण गंधे, ण रसे, ण फासे इच्चेतावंति त्ति बेमि.

—आयारंगसुत्तं.

सत्तमो पाढो

विरागो

अप्पं च खलु आउयं इहमेगेसिं माणवाणं. तं जहाः–सोयपरिण्णाणेहिं परिहायमाणेहिं, चक्खुपरिण्णाणेहिं परिहायमाणेहिं, घाणप० प०, रसणप० प०, फासप० प०, अभिक्कंतं च खलु वयं संपेहाए, तओ से एगया मूढभावं जणयति.

जेहिं वा सद्धिं संवसति, ते वि णं एगया णियगा पुव्वं परिव्वयंति; सो वा ते णियगे पच्छा परिव्वएज्जा. णालं ते तव ताणाए वा, सरणाए वा; तुमं पि तेसिं नालं ताणाए वा सरणाए वा.

से ण हासाए, ण किड्डाए, ण रतीए, ण विभूसाए. इच्चेवं समुट्ठिए अहोविहाराए, अंतरं च खलु इमं संपेहाए धीरो मुहुत्तमपि णो पमायए. वओ अच्चेइ, जोव्वणं च ।

जीविए इह जे पमत्ता से हंता, छेत्ता, भेत्ता, लुंपित्ता, विलुंपित्ता, उद्दवेत्ता, उत्तसइत्ता, अकडं करिस्सामि ति मण्णमाणे.

जेहिं वा सद्धिं संवसति ते वा णं एगया नियगा पुव्वि पोसंति, सो वा ते णियगे पच्छा पोसेज्जा–णालं ते तव ताणाए वा, सरणाए वा, तुमं पि तेसिं णालं ताणाए वा, सरणाए वा.

ततो से एगया रोगसमुप्पाया समुप्पज्जंति.

जाणित्तु दुक्खं पत्तेयं सायं.

भोगामेव अणुसोयंति–इहमेगेसिं माणवाणं. तिविहेण जावि से तत्थ मत्ता भवइ–अप्पा वा, बहुगा वा; से तत्थ गढिए चिट्ठति भोयणाए. ततो से एगया विप्परिसिट्ठं संभूयं महोवगरणं भवति, तं पि से एगया दायाया विभयंति, अदत्ताहारे वा से हरति, रायाणो वा से विलुंपंति, णस्सइ वा से, विणस्सइ वा से, अगारदाहेण वा से डज्झति.

—आयारंगसुत्तं.

अट्ठमो पाढो

मिच्छा मि दुक्कडं

किर एगया एगस्स कुंभगारस्स कुडीए साहुणो ठिया. तत्थेगो चिल्लगो चवलत्तणेण तस्स कुंभगारस्स कोलालाणि अंगुलियधणुहगएणं पाहाणेहिं विंधेइ. कुंभकारेण पडिजग्गिओ दिट्ठो भणिओ–खुड्डगा ! कास मे कोलालाणि काणेसि ? खुड्डओ भणइ–मिच्छा मि दुक्कडं, न पुणो विंधिस्सं, मणागं पमायं गओ मि त्ति. एवं सो पुणो वि केलीकिलत्तणेण विंधेऊण चोइओ मिच्छा–मि–दुक्कडं देइ. पच्छा कुंभकारेण सढो त्ति नाऊण तस्स खुड्डगस्स कन्नामोडओ दिन्नो सो भणइ–दुक्खविओ हं, कुंभकारो भणइ–मिच्छा–मि–दुक्कडं. एवं सो पुणो पुणो कन्नामोडयं दाऊण मिच्छा–मि–दुक्कडं करेइ. पच्छा चेल्लओ भणइ–अहो ! सुंदरं मिच्छा–मि–दुक्कडं ति । कुंभकारो भणइ–तुब्भ वि एरिसं चेव मिच्छा–मि–दुक्कडं ति. पच्छा ठिओ विंधेयव्वस्स. किंच—

" जं दुक्कडं ति मिच्छा तं चेव निसेवइ पुणो पावं ।
पच्चक्खमुसावाई मायानियडीपसंगो य ॥ "

—समणसुत्तबुत्ती.

नवमो पाढो

खामणं

इच्छामि खमासमणो ! अब्भुट्ठिओ मि अब्भिंतरपक्खियं खामेउं पन्नरसण्हं दिवसाणं, पन्नरसण्हं राईणं जं किंचि अपत्तियं, परपत्तियं–भत्ते, पाणे, विणए, वेयावच्चे, आलावे, संलावे, उच्चासणे, समासणे, अंतरभासाए, उवरिभासाए–जं किंचि मज्झ विणयपरिहीणं सुहुमं वा, बायरं वा–तुब्भे जाणह, अहं न याणामि तस्स मिच्छा मि दुक्कडं.

आयरिए उवज्झाए सीसे साहम्मिए कुलगणे अ ।
जे मे केइ कसाया सव्वे तिविहेण खामेमि ॥
सव्वस्स समणसंघस्स भगवओ अंजलिं करिअ सीसे ।
सव्वे खमावइत्ता खमामि सव्वस्स अहयं पि ॥
सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहिअनिअचित्तो ।
सव्वे खमावइत्ता खमामि सव्वस्स अहयं पि ॥
खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे
मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणइ ॥

—पडिक्कमणसुत्तं.

दसमो पाढो

नमोक्कारो

नमो त्थु ते सिद्ध ! बुद्ध ! मुत्त ! नीरय ! निस्संग ! माणमूरण ! गुणरयणसागर ! मणन्त–मप्पमेय ! नमो त्थु ते महइमहावीर–वद्धमाणसामिस्स–नमो त्थु ते भगवओ ।

—समणसुत्तं.

एगारसो पाढो

सिज्जंभवो

वद्धमाणसामिणो चरमतित्थयरस्स सीसो तित्थसामी सुधम्मो नाम अणगारो आसि. तस्स वि य जंबुनामो. तस्स वि य पभवो. तस्सऽन्नया कयाई पुव्वरत्तावरत्तसमयम्मि

चिंता समुप्पन्ना–को मे गणहरो होज्ज ? त्ति. ताहे अप्पणो गणे, समणसंघे य सव्वओ उवओगो कओ, न दीसइ कोइ अव्वोच्छित्तिकरो. ताहे गारत्थेसु उवउत्तो, उवओगे कए रायगिहे नगरे सेज्जंभवं बंभणं जन्नं जयमाणं पासइ. ताहे रायगिहं नगरमागंतूण संघाडयं वावारेइ–जन्नवाडं गंतुं–भिक्खट्ठा धम्मलाभेह, तत्थ तुज्झे पडिसेहिज्जिहह. ताहे तुज्झे भणिज्जह–"अहो कष्टं तत्त्वं न ज्ञायते" ते य साहुणो तत्थ गया जाव पडिसेहिया. तओ तेहिं भणियं–" अहो ! कष्टं तत्त्वं न ज्ञायते " तेण य सेज्जंभवेणं दारमूले ठिएण तं वयणं सुयं, ताहे सो विचिंतेइ–एए उवसंता तवस्सिणो असंतं न वयंति त्ति काउं अज्झावगसगासं गंतुं भणइ–किं तत्तं ? ति. सो भणइ–वेदास्तत्त्वम्. ताहे सो असिं कड्ढिऊण भणइ–सीसं ते छिंदामि, जइ मे तुमं तत्तं न कहेसि. तओ अज्झावओ भणइ–' पुन्नो मे समओ ' भणिअमेयं वेयत्थे ' शिरश्छेदे तत्त्वं कथनीयम्, ' तो संपयं कहयामि जं एत्थ तत्तं–एयस्स जूयस्स हिट्ठा सव्वरयणामयी अरहओ पडिमा, सा वुच्चइ, तो अरहओ धम्मो तत्तं ति. तओ सिज्जंभवो जिणपडिमादंसणेण पडिबुद्धो–'उवयारि'त्ति अज्झावगस्स पाएसु पडिऊण जन्नवाडोवक्खरं च दाउणं निग्गओ. साहुणो गवेसमाणो गओ य आयरियसगासं. आयरियं, साहुणो य वंदित्ता भणइ–मम धम्मं कहेह. ताहे आयरिया उवउत्ता–जहा इमो सो त्ति. ताहे आयरिएहिं साहुधम्मो कहिओ. तं सोउं सो पव्वइओ–चोद्दसपुव्वी जाओ.

—समणसुत्तवुत्ती.

बारसो पाढो

गणिपिडगं

नमो तेसिं खमासमणाणं, जेहिं इमं वाइयं दुवालसंगं गणिपिडगं भगवंतं. तं जहाः–आयारो, सूयगडो. ठाणं, समवाओ, वियाहपन्नत्ती, नायाधम्मकहाओ, उवासगदसाओ, अंतगडदसाओ. अणुत्तरोववाइयदसाओ, पण्हावागरणं, विवागसुयं, दिट्ठिवाओ, सव्वेहिं पि एयंमि दुवालसंगे गणिपिडगे भगवंते ससुत्ते सअत्थे, सगंथे, सनिज्जुत्तिए, ससंगहणिए जे गुणा वा, भावा वा अरहंतेहि भगवंतेहिं पन्नत्ता वा, परूविया वा–ते भावे सद्दहामो, पत्तियामो, रोएमो, फासेमो, अणुपालेमो.

—समणसुत्तवुत्ती.

तेरसमो पाढो

आवस्सयकित्तणा

एसा खलु महव्वयउच्चारणा कया, इच्छामो सुत्तकित्तणं काउं–नमो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं छव्विहमावस्सयं भगवंतं. तं जहाः–सामाइयं, चउवीसत्थओ, वंदणयं, पडिक्कमणं, काउस्सग्गो, पच्चक्खाणं, सव्वेहिं पि एयंमि छव्विहे आवस्सए भगवंते ससुत्ते, सअत्थे,

सगंथे, सनिज्जुत्तिए ससंगहणिए जे गुणा वा, भावा वा, अरहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा, परूविया वा, ते भावे सद्दहामो, पत्तियामो, रोएमो, फासेमो, पालेमो, अणुपालेमो कम्मक्खयाए, मोक्खाए, बोहिलाभाए–संसारुत्तारणाए. —समणसुत्तवुत्ती.

चोद्दहो पाढो

नायपुत्तो वद्धमाणो

बालभावो

ते णं काले णं, ते णं समए णं समणे भगवं महावीरे पंचहत्थुत्तरे यावि होत्था. समणे भ० महावीरे तिणाणोवगए यावि होत्था. चइस्सामि त्ति जाणइ, चुए मि त्ति जाणइ, चयमाणे ण जाणइ. ते णं काले णं, ते णं, समए णं, तिसला खत्तियाणी अह अन्नया कयाइ णवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाणं राइंदियाणं वीतिकंताणं, जे से गिम्हाणं पढमे मासे, दोच्चे पक्खे चित्तसुद्धे, तस्स णं चित्तसुद्धस्स तेरसीपक्खेणं हत्थुत्तराहिं जोगोवगतेणं, समणं भ० महावीरं आरोयारोयं पसूया. जतो णं पभितिं भ० महावीरे तिसलाए ख० णीए कुच्छिसि गब्भं आहुए, ततो णं पभितिं तं कुलं विपुलेणं हिरण्णेणं, सुवण्णेणं, धणेणं, धण्णेणं, माणिक्केणं मोत्तिएणं, संखसिलप्पवालेणं अतीव अतीव परिवड्ढइ ततो णं स० भगवओ म० स्स अम्मापियरो एयमट्ठं जाणित्ता णिवत्तदसाहंसि वोक्कंतंसि, सूचिभूतंसि विपुलं असण–पाण-खाइम–साइमं उवक्खडावंति, उवक्खडावेत्ता मित्त–णाति–सयण–संबंधिवग्गं उवणिमंतेत्ता, बहवे समण–माहण–किवण–वणीमग–भिच्छंडग–पंडगा–रंतीणं विच्छडंति, विग्गोवंति, विस्साणेंति–दातारेसु णं दायं पज्जाभाएंति, मित्त–णाइ० वग्गं भुंजावेंति, भुंजावेत्ता मित्त० वग्गेण इमेयारूवं णामधेज्जं करेंति जओ णं पभिइं० अतीव परिवड्ढइ–तं होउ णं कुमारे वद्धमाणे. तओ णं स० महावीरे पंचधातिपरिवुडे, तंजहा:–खीरधाईए, मज्जणधाईए, मंडावण-धाईए, खेल्लावणधाईए, अंकधाईए अंकाओ अंकं साहरिज्जमाणे रम्मे मणिकोट्टिमतले गिरि-कंदरसमल्लीणे व चंपयपायवे अहाणुपुव्वीए संवड्ढइ.

—आयारंगसुत्तं.

पण्णरसमो पाढो

जुव्वणं

तओ णं स० भगवं म० विण्णायपरिणये विणियत्तबालभावे अणुस्सयाइ उरालाइं माणुस्सगाइं पंचलक्खणाइं कामभोगाइं सद्द–फरिस–रस–रूव–गंधाइं परियारेमाणे. ओमंवति (?) विहरति. स० भ० म० कासवगोत्ते; तस्स णं इमे तिण्णि णामधेज्जा एव-

माहिज्जंतिः–अम्मापिउसंतिए–'वद्धमाणे,' सहसमुदिए 'समणे' भीमभय–भेरवं उरालं अचेलयं परीसहं सहइ त्ति कट्टु देवेहिं से णामं कयं 'समणे भगवं महावीरे'. समणस्स भगवओ म० स्स पिता कासवगोत्तेणं; तस्स णं तिण्णि णा० ए०ः–'सिद्धत्थ–' इति वा, 'सेज्जंस' इति वा, 'जसंस' इति वा; स० भ० म० अम्मा वासिट्ठगोत्ता, तीसे णं ति० णा० ए०ः–'तिसला' ति वा, 'विदेहदिण्णा' ति वा, 'पियकारिणी' ति वा; स० भ० म० पित्तियए 'सुपासे' कासवगोत्तेणं; जेट्ठे भाया 'णंदिवद्धणे' का०; जेट्ठा भइणी 'सुदंसणा' का० भज्जा 'जसोया' गोत्तेण कोडिण्णा; धूया का० तीसे णं दो णाम० एवंः–'अणोज्जा' ति वा, 'पियदंसणा' ति वा; नत्तुई कोसियगोत्तेणं; तीसे णं दो णाम० एवंः–'सेसवई' ति वा, 'जसवती' ति वा.

सोलसमो पाढो

अम्मापियरो

समणस्स णं भगवओ महावीरस्स अम्मापियरो पासावच्चिज्जा समणोवासगा यावि होत्था ते णं बहूइं वासाइं समणोवासगपरियायं पालयित्ता, छण्हं जीवनिकायाणं संरक्खणनिमित्तं आलोइत्ता, निंदित्ता, गरहित्ता, पडिक्कमित्ता अहारिहं उत्तरगुणपायच्छित्तं पडिवज्जित्ता कुससंथारं दुरुहित्ता भत्तं पच्चक्खाइंति. अपच्छिमाए मारणंतियाए सरीरसंलेहणाए झुसियसरीए कालमासे कालं किच्चा, तं सरीरं विप्पजहित्ता–अच्चुए कप्पे देवत्ताए उववण्णा; तओ णं आउक्खएणं, ठिइक्खएण चुए, चवित्ता महाविदेहे वासे चरिमेणं ऊसासेणं सिज्झिस्संति, बुज्झिस्संति, मुच्चिस्संति, परिणिव्वाइस्संति–सव्वदुक्खाणं अंतं करिस्संति.

—आयारंगसुत्तं.

सत्तरसमो पाढो

अभिनिक्खमणं

ते णं काले णं, ते णं समए णं, स० भ० म० णाये, णायपुत्ते, णायकुलणिव्वत्ते, विदेहे, विदेहदिण्णे, विदेहजच्चे, विदेहसूमाले; तीसं वासाइं 'विदेह' त्ति कट्टु अगारमज्झे वसित्ता, अम्मापिऊहिं कालगएहिं समत्तपइण्णे, चिच्चा हिरण्णं, चि० सुवण्णं, चि० बलं, चि० वाहणं, चि० धण–कणय–रयण–संतसारसावदेज्जं, विच्छड्डेत्ता, विगोवित्ता, विस्साणित्ता, दायारेसु णं दायं पज्जाभाइत्ता, संवच्छरं दाणं दलइत्ता, जे से हेमंताणं पढमे मासे, पढमे पक्खे मग्गसिरबहुले. तस्स णं मग्गसिरबहुलस्स दसमीपक्खे णं हत्थुत्तराहिं णक्खत्तेणं

जोगोवगतेणं अभिणिक्खमणाभिप्पाए यावि होत्था. ते णं काले णं, ते णं समए णं, जे से हे० प० मा० प० प० मग्ग० त० म० द० सुव्वए णं दिवसे णं, विजएणं मुहुत्तेणं, हत्थुत्तराणक्खत्तेणं जोगोवगतेणं, पाईणगामिणीए छायाए, वियत्ताए पोरिसीए, छट्ठेण भत्तेणं अपाणएणं एगसाडगमायाय(ए) चंदप्पहाए सिवियाए सहस्सवाहिणीए सदेवमणुयासुराए परिसाए समन्निज्जमाणे समन्निज्जमाणे उत्तरखत्तियकुंडपुरसंणिवेसस्स मज्झंमज्झेणं णिग्गच्छित्ता जेणेव णायसं(खं)डे उज्जाणे तेणेव उवागच्छइ. तओ णं स० भ० म० दाहिणेणं दाहिणं, वामेणं वामं पंचमुट्ठियं लोयं करेत्ता सिद्धाण णमोक्कारं करेइ–" सव्वं मे अकरणिज्जं पावकम्मं" ति कट्टु सामाइयं चरित्तं पडिवज्जइ. तओ णं स० भगवओ महावीरस्स सामाइयं चरित्तं पडिवन्नस्स मणपज्जवणाणे णामं णाणे समुप्पन्ने. तओ णं स०भ०म० पव्वइते समाणे इमं एयारूवं अभिग्गहं अभिग्गिण्हइ–बारसवासाइं वोसट्ठकाए चत्तदेहे जे केइ उवसग्गा समुप्पज्जंति, तं जहाः–दिव्वा वा, माणुस्सा वा, तेरिच्छिया वा–ते सव्वे सम्मं सहिस्सामि, खमिस्सामि, अहियासइस्सामि, तओ णं स० भ० महावीरे वोसट्ठदेहे, चत्तदेहे दिवसे मुहुत्तसेसे कुम्मारगामं समणुवत्ते. तओ णं स० भ० म० वो० अनुत्तरेणं आलएणं अ० विहारेणं, एवं संजमेणं, पग्गहेणं, संवरेणं, तवेणं, बंभचेरवासेणं, खंतीए, मोत्तीए, तुट्ठीए, समितीए, जुत्तीए, ठाणेणं, कम्मेणं, सुचरियफलणेव्वाणमुत्तिमग्गेणं अप्पाणं भावेमाणे विहरइ.

—आयारंगसुत्तं.

अट्ठारसमो पाढो

णायपुत्ते अरहा केवली—

एवं वा विहरमाणस्स जे केइ उवसग्गा समुप्पज्जिंसु–दिव्वा वा, माणुस्सा वा, तेरिच्छिया वा; ते सव्वे उवसग्गे समुप्पण्णे समाणे, अणाइले, अव्वहिते, अदीणमाणसे, तिविहमण–वयण–कायगुत्ते सम्मं सहइ, खमइ, तितिक्खइ, अहियासेइ. तओ णं स० भगवओ महावीरस्स एतेणं विहारेणं विहरमाणस्स बारस वासा वितिक्कंता; तेरसमस्स वासस्स परियाए वट्टमाणस्स जे से गिम्हाणं दोच्चे मासे, चउत्थे पक्खे वइसाहसुद्धे–तस्स णं व० सुद्धस्स दसमीपक्खेणं, सुव्वएणं दिवसेणं, विजएणं मुहुत्तेणं, हत्थुतराहिं णक्खत्तेणं जोगोवगतेणं पाईणगामिणीए छायाए वियत्ताए पोरिसीए जंभियगामस्स णगरस्स बहिया–णदीए उज्जुवालियाए उत्तरे कूले, सामागस्स गाहावइस्स कट्ठकरणंसि वेयवत्तस्स (?) चेइयस्स उत्तरपुरत्थिमे दिसीभाए सालरुक्खस्स अदूरसामंते, उक्कुडुयस्स गोदोहियाए आयावणाए

आयावेमाणस्स छट्ठेणं भत्तेणं अपाणएणं उड्ढंजाणु-अहोसिरस्स झाणकोट्ठोवगयस्स सुक्क-झाणंतरियाए वट्टमाणस्स निव्वाणे, कसिणे, पडिपुण्णे, अव्वाहए, णिरावरणे, अणंते, अणुत्तरे केवलवरणाणदंसणे समुप्पण्णे. —आयारंगसुत्तं.

एगूणवीसो पाढो

देसणा

तओ णं समणे भगवं महावीरे उप्पण्णणाण-दंसणधरे अप्पाणं च, लोगं च अभि-समेक्ख पुव्वं देवाणं धम्ममाइक्खति, तओ पच्छा मणुस्साणं. तओ णं समणे भगवं म० उप्पण्ण० गोयमाईणं समणाणं णिग्गंथाणं पंच महव्वयाइं सभावणाइं छज्जीवनिकायाइं आइक्खइ, भासइ, परूवेइ, तं जहाः-पुढविकाए जाव तसकाए.

सयमेव अभिसमागम्म आयतजोगमायसोहीए ।
अभिणिव्वुडे अमाइल्ले आवकहं भगवं समिआसी ॥

—आयारंगसुत्तं.

बीसइमो पाढो

समयं गोयम ! मा पमायए

कुसग्गे जह ओसबिंदुए थोवं चिट्ठति लंबमाणाए ।
एवं मणुयाण जीविअं समयं०
इइ इत्तरियंमि आउए जीवितए बहुपच्चवायए ।
विहुणाहि रयं पुराकडं समयं०
एवं भवसंसारे संसरति सुभासुभेहिं कम्मेहिं ।
जीवो पमायबहुलो समयं०
परिजूरइ ते सरीरयं केसा पंडुरगा भवंति ते ।
से सोयबले य हायइ समयं०
वुच्छिंद सिणेहमप्पणो कुमुयं सारइयं व पाणियं ।
से सव्वसिणेहवज्जिए समयं०
चिच्चा ण धणं च भारियं पव्वइओ हि सि अणगारियं ।
मा वंतं पुणो वि आविए समयं०

ण हु जिणे अज्ज दीसइ बहुमए दीसइ मग्गदेसिए।
संपइ नेआउए पहे समयं०
तिण्णो हु सि अण्णवं महं किं पुण चिट्ठसि तीरमागओ।
अभितुर पारं गमित्तए समयं०
बुद्धस्स निसम्म भासियं सुकहियमट्ठपदोवसोहियं।
रागं दोसं च छिंदिया सिद्धिगइं गए गोयमे॥ —उत्तरज्झयणाइं.

एगवीसइमो पाढो

हरिकेसी सोवागो

सोवागकुलसंभूओ गुणुत्तरधरो मुणी। हरिएसबलो नाम आसि भिक्खू जिइंदिओ॥
मणगुत्तो वयगुत्तो कायगुत्तो जिइंदिओ। भिक्खट्ठा बंभइज्जम्मि जन्नवाडमुवट्ठिओ॥
तं पासिऊणमिज्जंतं तवेण परिसोसियं। पंतोवहिउवगरणं उवहसंति अणारिया॥
जाइमयं पडिथद्धा हिंसगा अजिइंदिआ। अबंभचारिणो बाला इणं वयणमब्बवी॥
बंभणा—कयरे आगच्छइ दित्तरूवे काले विकराले फुक्कनासे।
ओमचेलए पंसुपिसायभूए संकरदूसं परिहरिय कंठे॥
कयरे तुमं इय अदंसणिज्जे काए व आसा इहमागओ सि।
ओमचेलगा! पंसुपिसायभूआ! गच्छ क्खलाहि किमिहं ठिओ सि॥
समणो—समणो अहं संजउ बंभयारी विरओ धण-पयण-परिग्गहाओ।
परप्पवित्तस्स उ भिक्खकाले अन्नस्स अट्ठा इहमागओ सि॥
वियरिज्जइ खज्जइ भुज्जइ य अन्नं पभूयं भवयाणमेयं।
जाणाह मे जायणजीविणु त्ति सेसावसेसं लहओ तवस्सी॥
बंभणा—उवक्खडं भोयण माहणाणं अत्तट्ठियं सिद्धमिहेगपक्खं।
न ऊ वयं एरिसमन्नपाणं दाहामु तुज्झं किमिहं ठिओ सि?॥
समणो—तुब्भित्थ भो! भारहरा गिराणं अट्ठं न याणह अहिज्ज वेए।
उच्चावयाइं मुणिणो चरंति ताइं तु खित्ताइं सुपेसलाइं॥
बंभणा—अज्झावयाणं पडिकूलभासी पभाससे किंनु सगासि अम्हं।
अवि एयं विणस्सउ अन्न-पाणं न य णं दाहामु तुमं नियंठा!॥
समणो—जइ मे न दाहित्थ अहेसणिज्जं, किमज्ज जन्नाण लभित्थ लाभं॥

बंभणा—के इत्थ खत्ता उवजोइया वा अज्झावया वा सह खंडिएहिं ?।
एयं खु दंडेण फलेण हंता कंठम्मि घित्तूण खलिज्ज जो णं।
अज्झावयाणं वयणं सुणित्ता उद्धाइया तत्थ बहू कुमारा।
दंडेहिं वित्तेहिं कसेहिं चेव समागया तं इसि तालयंति॥
कोसलिआ रायदुहिआ--गिरिं नहेहिं खणह अयं दंतेहिं खायह।
जायतेयं पायेहिं हणह जे भिक्खुमवमन्नह॥
समणो--पुव्विं च इण्हिं च अणागयं च मणप्पओसो न मे अत्थि कोई।
बंभणा--सक्खं खु दीसइ तवोविसेसो न दीसइ जाइविसेस कोई।
सोवागपुत्तं हरिएससाहुं जस्सेरिसा इड्ढी महाणुभावा॥
कहं चरे भिक्खु! वयं जयामो पावाइं कम्माइं पणुल्लयामो?
समणो--छज्जीवकाए समारभंता मोसं अदत्तं च असेवमाणा।
परिग्गहं इत्थिउ माण-मायं एयं परिन्नाय चरंति दंता॥
एयं सिणाणं कुसलेण दिट्ठं महासिणाणं इसिणं पसत्थं।
जहिंसि ण्हाया विमला विसुद्धा महारिसी उत्तमं ठाणं पत्ता॥

—उत्तरज्झयणाइं.

बावीसो पाढो

तं वयं बूम माहणं

जो लोए बंभणो वुत्तो अग्गी वा महिओ जहा।
सदा कुसलसंदिट्ठं तं वयं०
जो न सज्जइ आगंतुं पव्वयंतो न सोअइ।
रमए अज्जवयणम्मि तं वयं०
जायरूवं जहा मट्ठं निद्धंतमलपावगं।
राग-दोस-भयाईयं तं वयं
तसे पाणे वियाणित्ता संगहे णेय थावरे।
जो न हिंसइ तिविहेणं तं वयं
कोहा वा जइ वा हासा लोहा वा जइ वा भया।
मुसं न वयइ जो उ तं वयं०

चित्तमंतमचित्तं वा अप्पं वा जइ वा बहुं ।
न गिण्हइ अदत्तं जो तं वयं०
दिव्व-माणुस्स-तेरिच्छं जो न सेवेइ मेहुणं ।
मणसा काय-वक्केण तं वयं०
जहा पोम्मं जले जायं नोवलिप्पइ वारिणा ।
एवं अलित्तं कामेहि तं वयं०
अलोलुयं मुहाजीविं अणगारं अकिंचणं ।
असंसत्तं गिहत्थेहिं, तं वयं०
नवि मुंडिएण समणो न ॐकारेण बंभणो ।
न मुणी रण्णवासेणं कुसचीरेण न तावसो ॥
समयाए समणो होइ, बंभचेरेण बंभणो ।
मोणेण य मुणी होइ, तवेणं होइ तावसो ॥
कम्मुणा बंभणो होइ, क० होइ खत्तिओ । वइस्सो क० हो० सुद्दो हवइ क० ॥
एए पाउकरे बुद्ध जेहिं होइ सिणायओ ।
सव्वकम्मविणिमुक्कं तं वयं०
एवं गुणसमाउत्ता जे हवंति दिउत्तमा ।
ते समत्था उ उद्धत्तुं परं अप्पाणमेव य ॥

—उत्तरज्झयणाइं.

तेवीसमो पाढो

रामवणवासो

चाउव्वण्णं च जणं आपुच्छेऊण निग्गओ रामो ।
वइदेही वि य ससुरं पणमइ परमेण विणयेणं ॥ १०३
सव्वाण सासुयाणं, काऊण चलणवन्दणं सीया ।
सहियायणं च नियगं आपुच्छिय निग्गया एत्तो ॥ १०४
गन्तूण समाढत्तं, रामं दट्ठूण लक्खणो रुट्ठो ।
ताएण अयसबहुलं कइ एयं पत्थियं कज्जं ॥ १०५
एत्थ नरिंदाण जए परिवाडीआगयं हवइ रज्जं ।

विवरीयं चिय रइयं ताएण अदीहपेहिणा ॥ १०६
रामस्स को गुणाणं अंतं पावेइ धीरगरुयस्स ।
लोभेण जस्स रहियं चित्तं चिय मुणिवरस्सेव ॥ १०७
अहवा रज्जधुरंधर सव्वं फेडेमि अज्ज:भरहस्स ।
ठावेमि कुलाणीए पुहइवइं आसणे रामं ॥ १०८
एएण किं व मज्झं हवइ वियारेण ववसिएणऽज्ज ।
नवरं पुण तच्चत्थं ताओ जेट्ठो य जाणंति ॥ १०९
कोवं च उवसमेउं, पणमिय पियरं परेण विणएणं ।
आपुच्छइ दढचित्तो सोमित्ती अत्तणो जणणी ॥ ११०
संभासिऊण भच्चे, वज्जावत्तं च धणुवरं घेत्तुं ।
घणपीइसंपउत्तो पउमसयासं समल्लीणो ॥ १११
पियरेण बंधवेहि य सामंतसएसु परिनिग्ग संता ।
रायभवणाओ एत्तो विणिग्गया सुरकुमार व्व ॥ ११२
सुयसोगतावियाओ धरणियलोसित्तअंसुनिवहाओ ।
कह कह वि पणमिऊणं नियत्तियाओ य जणणीओ ॥ ११३
काऊण सिरपणामं नियत्तिओ दसरहो य रामेणं ।
सह वड्ढिया य बंधू कलुणपलावं च कुणमाणा ॥ ११४
जंपंति एक्कमेक्कं एस पुरी जइ वि जणवयाइण्णा ।
जाया रामविओए दीसइ विंझाडवी चेव ॥ ११५

—पउमचरियं.

चऊवीसो पाढो

कविणो

दोग्गच्चम्मि वि सोक्खाइं ताण विहवे वि होंति दुक्खाइं ।
कव्वपरमत्थरसियाइं जाण जायंति हिययाइं ॥ ६४
ठियमट्ठियं व दीसइ अट्ठियं पि परिट्ठियं व पडिहाइ ।
जहसंठियं च दीसइ सुकईण इमाओ पयईओ ॥ ६६
सज्जणा–जाण असमेहि विहिया जायइ णिंदा समा सलाहा वि।
णिंदा वि तेहिं विहिया ण ताण मण्णे किलामेइ ॥ ७३

को णिंदइ नीययमे गरुययरे को पसंसिउं तरइ ।
सामण्णं च्चिय ठाणं थुईण परिणिंदियाणं च ॥ ८२
अत्थालोअणतरला इयरकईणं भमंति बुद्धीओ ।
अत्थ च्चेय निरारंभमेंति हिययं कइंदाणं ॥ ८६

—गउडवहो.

पणवीसो पाढो

कुमरवाल–वायामो

पंकयकेसरकंती अकिलिन्नो हरिचवेलचविलो सो ।
सकिसरकिलित्तदामो निवो पयट्टो समं काउं ॥ १
गुरुमणथेणो रेवइदेअर–सीअदिअराण बलथूणो ।
काही विअणं सो सयं अवेअणो मल्लसेलाणं ॥ २
तस्स सणिच्छरपिउणो व्व करहयं सिंधवं व मल्लकुलं ।
घम्मजलोल्लं जायं ससिन्नपरसेन्नमहिअं पि ॥ ३
मुरवेरिओ व्व रक्खिअदइच्चकयवइरदइवयसइन्नो ।
गेण्हीअ स तत्थ धणुं कइलाससओ व्व केलासे ॥ ४
देव्वालक्खो दइवे वि असंको महिअले नवदइव्वं ।
उच्चअनीचअलक्खे अणचुक्को अवरधीरहरो ॥ ५
अन्नन्नं जोहेहिं सलाहिओ तह बुहेहि अन्नोन्नं ।
मणहरसरलिअकुंचिअ–उहयपवट्टो सरे वुट्ठो ॥ ६
कण्णो वलिअमणोहरपउट्ठकरसररुहेण नरवइणो ।
लंबिरनालसरोरुहवतंसिओ वाऽऽसि संधाणे ॥ ७
कयदुज्जणसिरविअणं सिरकुसुमाहरणम् अणसिओ विअणं ।
आवज्जिअवाइअआउज्जस्सादिट्ठपुडदलणं ॥ ८
सूसासवलिअचिबुओ अकासि सो गउअपुंछयमुहेहिं ।
गाअंक–कोंचरिउ–सुदेरं पत्तो धणुहसुंडो ॥ ९

—कुमारवालचरिअं, बीओ सग्गो.

छव्वीसो पाढो

गिहत्थधम्मो

थूलगपाणाइवायविरमणं, थूलगमुसावायविरमणं, थूलयाऽदत्तादाणविरमणं, परदार-गमणविरमणं, सदारसंतोसो, अपरिमियपरिग्गहविरमणं.

गिहत्थधम्मे अकरणिज्जाइं

पसुबंधो, पसुवहो, छविच्छेओ, अइभारारोवणं, भत्त-पाणवोच्छेओ, सहसब्भक्खाणं, रहस्सब्भक्खाणं, सदारमंतभेओ, मोसोवएसो, कूडलेहकरणं, तेणाहडं, तक्करपओगो, विरुद्धरज्जाइक्कमो, कूडतूला, कूडमाणं, तप्पडिरूवगववहारो, अणंगकीडा, कामभोगतिव्वाहिलासो, अपरिमियतण्हा, तुच्छफलभक्खणं, इंगालकम्मं, वणकम्मं, सागडिकम्मं, भाडियकम्मं, फोडियकम्मं, दंतवाणिज्जं, केसवाणिज्जं, रसवाणिज्जं, विसवाणिज्जं, जंतपीलणकम्मं, निल्लंछणकम्मं, दवग्गिदावणयं, असइपोसणं, सर-दह-तलायसोसणं, दुप्पणिहाणं.

—समराइच्चकहा, पढमो भवो.

सत्तावीसो पाढो

मंख(मक्ख)ली गोसालो

ते णं काले णं, ते णं समए णं मंखली नाम मंखो, तस्स भद्दा भारिया सरवणे नाम सण्णिवेसे गोबहुलस्स माहणस्स गोसालाए पसूआ, गोण्णं नामं कयं, 'गोसालो' त्ति संवड्ढिओ, मंखसिप्पं अहिज्जिओ, चित्तफलयं करेइ, एक्कल्लओ विहरंतो रायगिहे तंतुवायसालाए ठिओ. जत्थ सामी (वद्धमाणसामी) ठिओ, तत्थ वासावासं उवागओ. भगवं (वद्धमाणो) मासखमणपारणए अब्भितरियाए विजयस्स घरे विउलाए भोयणविहीए पडिलाभिओ, पंच दिव्वाणि पादुब्भूआणि, गोसालो सुणेत्ता आगओ, पंच दिव्वाणि पासिऊण भणति-भगवं! तुज्झ अहं सीसो त्ति. सामी तुसिणीओ निग्गओ. —आवस्सयसुत्तं.

अट्ठावीसो पाढो

परमा-उविक्खा

तओ सामी (वद्धमाणो) विहरमाणो गओ मोरागं संनिवेसं, तत्थ मोराए दुइज्जंता नाम पासंडि(खंड) गिहत्था, तेसिं तत्थ आवासो, तेसिं च कुलवती भगवओ पिउमित्तो, ताहे सो सामिस्स सागएण उवट्ठिओ, ताहे सामिणा पुव्वपओगेण बाहा पसारिआ, सो

भणति–अत्थि घरा एत्थ कुमारवर ! अच्छाहि, तत्थ सामी एगराइअं वसित्ता पच्छा गतो विहरति. तेण य भणियं–विवित्ताओ वसहीआ, जइ वासारत्तो कीरइ, आगच्छेज्जह अणुग्गहीया होज्जामो. ताहे सामी अट्ठ उउबद्धिए मासे विहरेत्ता वासावासे उवागते तं चेव दूइज्जंतयगामं एति, तत्थेगम्मि उडवे वासावासं ठिओ. पढमपाउसे य गोरूवाणि चारिं अलभंताणि जुण्णाणि तणाणि खायंति, ताणि य घराणि उव्वेल्लेंति, पच्छा ते वारंति, सामी न वारेइ. पच्छा दूइज्जंतगा तस्स कुलवइस्स साहेंति–जहा एस एताणि न णिवारेति, ताहे सो कुलवती अणुसासति–भणति–कुमारवर ! सउणी वि ताव अप्पणिअं णेडुं रक्खति, तुमं वारेज्जासि, सप्पिवासं भणति, ताहे सामी अचियत्तोग्गहो त्ति काउं निग्गओ.

––आवस्सयसुत्तं.

एगूणतीसो पाढो
थेरी चंदणा

इओ य सयाणीओ चंपं पहाविओ, दधिवाहणं गेण्हामि, नावाकडएणं गतो एगाए (ते) रत्तीए (ते), अचिंतिया नगरी वेढिया. तत्थ दधि(हि)वाहणो पलाओ. रण्णा य जग्गहो घोसिओ. एवं जग्गहे घुट्ठे दधि(हि)वाहणस्स रण्णा धारिणी देवी, तीसे धूया वसुमती, सा सह धूयाए एगेण होडिएण गहिया. एसा मे भज्जा, एयं च दारियं विक्केणिस्सं. आणीया विवणीए–उट्ठिया धणावहेण दिट्ठा. अणलंकियलावण्णा अवस्सं रण्णो, ईसरस्स वा एसा धूया, मा आवई पावउ त्ति जत्तियं सो भणइ तत्तिएण मोल्लेण गहिया. एवं सा तत्थ (धणावहघरे) जहा नियघरं तहा सुहंसुहेण अच्छति. ताए वि सदासपरियणो लोगो सीलेणं, विणएण य सव्वो अप्पण्णिज्जओ कओ. ताहे ताणि सव्वाणि भणंति–अहा ! इमा सीलचंदण त्ति, ताहे से बितियं नामं जायं–चंदण त्ति. एवं वच्चति कालो. ताए य (धणावहसेट्ठि)घरणीए अवमाणो जायति, मच्छरिज्जइ य. को जाणति–कयाइ(ति) एस (धणावहो सेट्ठी) एयं (चंदणं) पडिवज्जेज्जा ? जइ एयं किह वि परिणेइ, तो ममं एस नत्थि. (इअ) सिट्ठिम्मि निग्गए ताए ण्हावियं सद्दावेत्ता बोडाविया, नियलेहिं बद्धा, पिट्टिया, घरे छोढूण बाहिरिं कुहंडिया. ताहे थेरदासी एक्का, सा चिंतेइ–किं मे जीविएण ? सा जोवउ वराई. ताए कहियं–अमुयघरे, तेण उग्घाडिया, छुहाहयं पिच्छित्ता, तीसे सुप्पकोणे कुम्मासा दाऊण (सेट्ठी) लोहारघरं गओ, जा नियलाणि छिंदावेमि ताहे सा हत्थिणी जहा कुलं संभरिउमारद्धा एल्लुगं विक्खंभइत्ता, तहिं पुरओकएहिं हिययब्भंतरओ रोवति. सामी (वद्धमाणो) य अतियओ ताए चिंतियं–सामिस्स देमि, भणति–भगवं ! कप्पइ ? सामिणा पाणी पसारिओ. ताहे सक्केण सयाणिओ भणिओ–एसा चरमसरीरा–जाव सामिस्स नाणं उप्पज्जइ, एसा पढमसिस्सिणी (चंदणा थेरी होहिति).

––आवस्सयसुत्तं.

बत्तीसो पाढो

विवाया

नाहियवाओ—

संति पंच महब्भूया इहमेगेसिमाहिया । पुढवी आऊ तेऊ वा वाउ आगासपंचमा ॥ ७ ॥
एए पंच महब्भूया तेब्भो एगो त्ति आहिया । अह तेसिं विणासेणं विणासो होइ देहिणो ॥

बम्हवायो–अबीयवायो—

जहा य पुढवीथूभे एगे नाणाहि दीसइ । एवं भो ! कसिणे लोए विन्नू नाणाहि दीसइ ॥९

अकिरियावायो—

कुव्वं च कारयं चेव सव्वं कुव्वं न विज्जइ ।
एवं अकारओ अप्पा एवं ते उ पगब्भिया ॥ १३ ॥

खंधवायो—

पंच खंधे वयंतेगे बाला उ खणजोइणो ।
अण्णो अणण्णो णेवाहु हेउयं च अहेउयं ॥ १७ ॥

धाउवायो—

पुढवी आऊ तेऊ य तहा वाऊ य एगओ ।
चत्तारि धाउणो रूवं एवमाहंसु जाणया ॥ १८

नियतिवायो—

न तं सयं कडं दुक्खं कओ अन्नकडं च णं ।
सुहं वा जइ वा दुक्खं सेहियं वा असेहियं ॥२
सयं कडं न अण्णेहिं वेदयंति पुढो जिया ।
संगइअं तं तहा तेसिं इहमेगेसि आहयं ॥३

—सूअगडंगं, पढमं अज्झयणं.

वीरत्थुती—

हत्थीसु एरावणमाहु णाए सीहो मिगाणं सलिलाण गंगा ।
पक्खीसु वा गरुले वेणुदेवो निव्वाणवादीणिह नायपुत्ते ॥२१
जोहेसु णाए जह वीससेणे पुप्फेसु वा जह अरविंदमाहु ।
खत्तीण सेट्ठे जह दंतवक्के इसीण सेट्ठे तह वद्धमाणे ॥२२
दाणाण सेट्ठं अभयप्पयाणं सच्चेसु वा अणवज्जं वयंति ।
तवेसु वा उत्तम बंभचेरं लोगुत्तमे समणे नायपुत्ते ॥२३

सूअगडंगं, ६ वीरत्थुति अज्झयणं.

तेत्तीसो पाढो

(शौरसेनी)

शकुन्तला—हला ! परित्ताअह मं इमिणा दुव्विणीदेण महुअरेण अहिहूअमाणं.

सख्यौ—का वअं परित्तादुं। दुस्सुंदं एव्व अक्कंद। राअरक्खिवदाइं तवोवणाइं णाम।

श०—एसो दुट्ठो ण विरमदि, ता अण्णदो गमिस्सं, कहं इदो वि मं अणुसरदि ?

अनसूया—अज्ज ! ण किंचि अच्चाहिदं, इअं णो पियसही महुअरेण आकुलीकिअमाणा कादरीभूदा.

अ०—दाणिं अदिहिविसेसलाहेण. हला ! सउन्दले ! गच्छ उडअं, फलमिस्सं अग्घं उवहर. इदं पादोदअं भविस्सदि.

प्रियंवदा—तेण हि इमस्सिं दाव पच्छासीअलाए सत्तवण्णवेदिआए अज्जो उवविसिअ परिस्समविणोदणं करेदु.

अ०—हला सउन्दले ! उइदं णो पज्जुवासणं अदिहीणं. एत्थ उवविसम्ह.

प्रि०—अणसूए ! को णु क्खु एसो चउरगम्भीराकिदी महुरं पियं आलवंतो पहवंदो दक्खिण्णं पि करेदि.

अ०—सहि ! मम वि कोदूहलं, पुच्छिस्सं दाव णं. अज्ज ! महुरालावजणिदो विस्सामो मं मंतावेदि—कदमो अज्जेण राएसिवंसो अलंकरीअदि ? कदमो विरहपज्जूसुअजणो किदो देसो ? किंणिमित्तं सुउमारो तवोवणपरिस्समस्स अत्ता पत्तदं गीदो ?

स०—हला सउंदले ! जइ एत्थ अज्ज तादो संणिहिदो हवे.

श०—तदो किं भव ?

स०—इमं जीविदसव्वस्सेण वि अदिहिं किदत्थं करिस्सदि.

श०—तुम्हे अवेध, किं पि हिअए करिअ मंतेध, ण वो वयणं सुणिस्सं.

—अभिण्णाणसाउंतलं.

चउत्तीसो पाढो

(मागधी)

लहशवशनमिलशुलशिलविअलिदमंदाललायिदंहियुगे।
वीलयिणे पक्खालदु मम शयलमवय्यजंबालं ॥

(पैशाची)–पनमथ पनयपकुपितगोळीचलनग्गलग्गपतिबिंबं ।
तससु नखतप्पनेसु एकातसतनुथलं ढ्रुहं ॥
नच्चंतस्स य लीलापातुक्खेवेन कम्पिता वसुधा ।
उच्छल्लंति समुद्दा सइला निपतंति तं हलं नमथ ॥
मागधी––अदिशुस्तिदं निविस्टे चदुस्तवग्गं विवद्धियदकशाए ।
शावय्ययोगलहिदे शाहू शाहदि अणञ्जमणे ॥२
पैशाची––यंति कसाया नत्थून यंति नट्ठून सव्वकम्माइं ।
समसलिलसिनातानं उज्झितकतकपटभारियान ॥८
यति अरिहपरममंतो पढिय्यते कीरते न जीववधो ।
यातिसतातिसजाती ततो जनो निव्वुतिं याति ॥९
बन्धू सठासठेसु वि आलंपितउपसमो अनालंफो ।
सव्वञ्जलाचचलने अनुज्ञायंतो हवति योगी ॥१२

पणतीसो पाढो
(अपभ्रंश)

ते धन्ना कन्नुल्लडा हिअउल्ला ति कयत्थ ।
जे खणि खणि वि नवुल्लडअ घुरहिं धरहिं सुअत्थ ॥७३
पइट्ठी कन्नि जिणागमहो वत्तडिआ वि हु जासु ।
अम्हारउं तुम्हारउं वि एहु ममत्त न तासु ॥७४
चित्त करेवि अणाउलउं वयणु करेप्पि अचप्पलउं ।
कम्मु करेप्पिणु निम्मलउं झाणु पजुंजसु निच्चलउं ॥७९
म करि मणाउ वि मणु विवसु मं करि दुक्कयकम्मु ।
वायारंभु वि मा करहि जइ किर इच्छसि सम्मु ॥६२
जाँम्व न इंदिय वसि ठवइ ताँम्व न जिणइ कसाय ।
जाउं कसायहं न किउ खउ ताउं न कम्म विघाय ॥५३
साहु वि लोउ तडप्फडइ सव्वु वि पडिउ जाणु ।
कवणु वि एहु न चिंतवइ काइं वि जं निव्वाणं ॥३०
अम्हे निंदउ को वि जणु अम्हइं वण्णउ को वि ।
अम्हे निंदहुँ के वि न वि नउम्हइं वण्णहुं के वि ॥३७

આપણાં છાત્રાલયો અને શરીર સંપત્તિ.

લેખક:—રા. પોપટલાલ પૂંજાભાઇ પરિખ. (ગૃહપતિ) જૈન વિદ્યાર્થી આશ્રમ-સુરત.

જગત્ આગળ અને આગળ ધપી રહ્યું છે. જાગૃતિનો ઝળહળતો સૂર્યોદય પ્રદક્ષિણા ફરી પાછો આજે આર્યાવર્ત્ત પર પ્રકાશી રહ્યો છે, તેવે સમયે સૌ જાગૃતિના મંત્રો પઢતા હોય તે સ્વાભાવિક છે.

કોઇપણ સમાજ કે રાષ્ટ્રનો ઉદ્ધાર તેની ભાવી પ્રજાના ઉદ્ધારમાં જ રહેલો છે, તેનો કોઇથી ઇન્કાર થઇ શકે તેમ નથી. આથીજ મહાગુજરાતમાં આજે પ્રત્યેક સમાજે ઠેરઠેર છાત્રાલયો શરૂ કર્યા છે, અને હજુયે નવાં સ્થપાતાં જાય છે. અને એ સૌ છાત્રાલયો સમય અને સંજોગાનુસાર પોતાના આદર્શે પહોંચવાને આગે કુચ કરી રહ્યાં છે. આ રીતે મહાગુજરાતે લક્ષ્મીની ઉપાસના સાથે સરસ્વતી ઉપાસના પણ શરૂ કરી છે.

પરંતુ મનુષ્ય પોતેજ અપૂર્ણ છે તો તેની પ્રત્યેક કૃતિ અપૂર્ણ રહેવાનીજ; છતાં જેને પોતાના આદર્શનો ખ્યાલ છે—જેણે જીવન ઉદ્દેશ વિચર્યો છે—સાથે જેને પોતાની ત્રુટીઓનું ભાન છે તે જરૂર આગળ ધપી શકે છે. અને એજ નિયમ પ્રત્યેક સંસ્થા સાથે પણ જોડાયેલો છે.

આજનું પ્રત્યેક છાત્રાલય—પછી તે ગમે તે કોમ કે ધર્મનું હોય—તેનો ઉદ્દેશ પોતાની કોમની ભાવી પ્રજાની શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનો છે; અને તે ઉદ્દેશને પહોંચી વળવાને સૌ યથાશક્તિ પ્રયત્નો આદરી રહ્યુ છે.

તેમ છતાંય આજના પ્રત્યેક છાત્રાલયને એકજ પ્રશ્ન ગુંચવણભર્યો—સત્ય કહીએ તો મુશ્કેલી ભર્યો—લાગે છે. અને તે વિદ્યાર્થી તરફ નજર કરતાં હૃદય ચિરાઇ જાય તેવી કંપારી છુટે છે. ક્યાં એ આપણા **ભીષ્મ** અને **હનુમન્-વીર** અને **બુદ્ધ-રામ** અને કૃષ્ણ અને ક્યાં આ નિર્માલ્ય તેજહીન તેજ મહાન પિતાઓના પુત્રો !

મહાગુજરાતના મહા ભાગ્ય છે કે આ પ્રશ્નનો નિવેડો લાવવા પ્રત્યેક છાત્રાલયના સંચાલકો વિચારો કરી રહ્યા છે; તેમને જોઇતાં સાધનો વસાવી રહ્યા છે એટલે શારીરિક સંપત્તિનો વિકાસ સાધવા જ્યારથી પ્રો. રામમૂર્તિ—છોટાલાલ શાહ—માણેકરાવ અને રા. પુરાણીએ યુવાનવર્ગમાં શૌર્ય, વીર્ય, સાહસ, અને અંગબળ ખીલવવા વીરહાક આપી છે, ત્યારથી સારૂંય મહાગુજરાત આ પ્રશ્નનો વિચાર કરી રહ્યું છે, એ ઓછા હર્ષની વાત નથી.

આજ કારણે આજે પ્રત્યેક આશ્રમે ઓછાં વા વત્તાં સાધનોથી અંગબળ ખીલવવા અખાડાઓ અને કસરતશાળાઓ શરૂ કરી છે. અખાડા અને કસરતશાળાઓની આવશ્યકતા વિષે બે મત છે જ નહિં. છતાં પણ ઘણા સમયની નિર્માલ્યતા હજુ પણ જેવી ને તેવી છે એ વિના સંકોચે કહી શકાય.

સમય અને સાધન હોવા છતાં એ પ્રશ્નનો નિકાલ જોઇએ તે પ્રમાણમાં નથી થતો તેનું શું કારણ ? મ્હને તો તેનું એક કારણ લાગે છે અને એ કે આજની વિદ્યાર્થી જનતાનું માનસ વિચારતાં અને તપાસતાં જોઇ શકાય છે કે આજના વિદ્યાર્થીઓ ભયંકર માનસિક રોગોથી પીડાય છે. માનસિક નિર્બળતાને પરિણામે વિદ્યાર્થીઓને સારામાં સારા ખોરાક અને આબોહવો હોવા છતાં તે જીવલેણ દરદો જોઇએ તે પ્રમાણમાં અટકયા નથી. તેનું આ પણ કારણ છે કે તે રોગો સામાન્ય દ્રષ્ટાની નજરે ચઢી શકતા નથી. એના પરિણામે વિદ્યાર્થીઓ એક યા બીજા પ્રકારે શરીરની હાનિ કરી રહ્યા છે. તેના કર્મરૂપ-વિદ્યાર્થીઓના ચારિત્રમાં એટલો બધો ગોટાળો હોય છે કે તેનું પ્રમાણ કાઢવા બેસીએ તો સેંકડે ૫૦ ટકા તો જરૂર આવે. એ ચોંકાવનારી બીના તરફ "કુમારે" હમણાંજ પોતાનો સૂર બહાર કાઢયો હતો. તેની તપાસ આજનાં છાત્રાલયો જરૂર લઇ શકે છે. એ ચારિત્રની શિથિલતા દૂર કરવા, માનસિક રોગો દૂર કરવા આજનાં છાત્રાલયો પરિશ્રમ સેવે તો સહેજે એ વિદ્યાર્થી પ્રજાનો ઉદ્ધાર થઈ જાય, અને આ

રીતે ભાવી પ્રજાનાં જીવનપુષ્પો કલુષિત બની સુકાઇ સુકાઇને ભસ્મીભૂત થતાં અટકાવી શકાય, અને તેજ છાત્રાલયોની મોટામાં મોટી સેવા લેખાશે.

આજનાં છાત્રાલયોની આ અનિવાર્ય ફરજ એટલા માટેજ થઇ પડી છે કે આ ગુપ્ત અને ખાનગી રોગો તરફ માતા પિતાઓનું પૂર્ણ લક્ષ નથી હોતું અને હોય છે તો પણ પ્રાયઃ કરીને તે તરફ આંખમીંચામણાં કરવામાં આવે છે. માબાપો બહુ બહુ કરે તો પોતાનાં સંતાનોની દુર્બળતા જોઇ પાક અને પૌષ્ટિક દવાઓ ખવરાવે પણ ઘણા અનુભવીઓનો એ અનુભવ છે કે પાક તથા પૈષ્ટિક દવાઓથી કશોજ અર્થ નથી સરતો.

આ સ્થિતિમાં માબાપો જ્યારે પોતાનાં સંતાનોને છાત્રાલયોમાં દાખલ કરી પોતાની કર્તવ્ય-પૂર્ણતા માને છે, ત્યારે છાત્રાલયના સંચાલકો ખાસ કરીને ગૃહપતિઓએ આ બાબત પર ખાસ કાળજી રાખવી ઘટે. હું નથી કહેવા માગતો કે આજનાં છાત્રાલયોમાં આ પ્રકારના પ્રયત્નો નથી થતા. જેટલા પ્રયત્નો થાય છે, તેટલા ઇષ્ટ છે. અને જે ન થતા હોય તે કરવા આવશ્યક છે, એજ મ્હારૂં નમ્ર નિવેદન છે.

આથીજ સૌ છાત્રાલયોના સંચાલકોને મારી વિજ્ઞાપ્તિ છે કે સમાજ ભલે Sex Education ન પચાવી શકે પણ એટલું તો જરૂર થઇ શકે કે વીર્ય કે ધાતુ એ શબ્દથી ભડકી ન ઉઠતાં યોગ્ય ઉમરના વિદ્યાર્થીઓને અભ્યાસ અને તે વિષેનું જ્ઞાન આપવું જોઇએ અને આ વસ્તુ સંસ્થાનો ગૃહપતિ થોડા પ્રયત્નમાં કરી શકે છે. કારણ એટલુંજ કે આદર્શ ગૃહપતિ એ અમલદાર નથી પણ વિદ્યાર્થી જનતાનો સાચો મિત્ર છે.

આ રીતે મહાગુજરાતના શારીરિક વિકાસમાં છાત્રાલયો મ્હોટામાં મ્હોટો હિસ્સો આપી શકે છે. પ્રભો! સૌને સન્મતિ અર્પો!!!

પ્રતિમાલેખો.

[સુરત-કલ્યાણ પાર્શ્વનાથનું દેરાસર, વડાચૌટો.]

[રા. રા. કાલ્યાભાઇ મોતીચંદ B. A. LL. B. વકીલ અને રા. પોપટલાલ પુંજાભાઇ]

૧ સં. ૧૫૦૯ વર્ષે અષાઢ સુ. ૧ શુક્રે શ્રી શ્રીમાલ જ્ઞાનીય મં. વીરમ ભાર્યા મેઘી તયોઃ સુતેન મં. ચંદ્ર નામ્ના ભા. સૂહવદે સુતમં પ્રથમા મં. સ્નારાણાદિ કુટુંબયુતેન નિજ શ્રેયસે શ્રી **શાન્તિનાથ બિમ્બં કારીતં નાગેંદ્ર** ગચ્છે શ્રી **ગુણસમુદ્ર સૂરિભિઃ** પ્રતિષ્ઠિતં શુભં ભવતું.

---

૨ સંવત્ ૧૫૬૫ વર્ષે માઘ સુદિ ૫ ગુરૌ ઉકેશવંશે સો. પના ભાર્યા જીવાઇ પુત્ર પુણ્યપાલ ભાર્યા ફદુ નામ્ના સુતા પાર્વતી પૌત્રયુતયા **શ્રા. શીતલનાથ બિમ્બં** કારાપિતં પ્રતિષ્ઠિતં **શ્રી તપાગચ્છે શ્રી ઇન્દ્રનદિસૂરિભિઃ** શ્રીરસ્તુ. શ્રીઃ શ્રી અહમ્મદાવાદ દૌહિત્ર ચાંપસી
શા. હલુભા. ધેટી સુતયા ફદુ નામ્ના કારિતં.

---

૩ **સંવત્ ૧૫૩૪** માઘ સુદિ ૫ શુક્રે શ્રી શ્રીમાલ જ્ઞાતિય શ્રે. જેસા ભા. ગદૂ સુત પિટ બડૂયા માદ્ર નાઇ સુત હાંમા જૂહાભ્યાં પિતુ શ્રેયસે શ્રી **અરનાથ બિમ્બં** કારિતં. **શ્રી પૂર્ણિમા પક્ષીય શ્રી સાધુસુંદર સૂરિનાં** ઉપદેશેન પ્ર. વિધિનાઃ

---

૪ **સંવત્ ૧૬૫૪** વર્ષે વૈશાક સુદિ પંચમી સોમે ઓશવાલ જ્ઞાતિય આઇદિણા ગોત્રે સાંકુ સાયં સા૦ શ્રીપાલ ભાર્યા સીતાદે પુત્ર શા. ચાંપસી ભાર્યા ચાંપલદે સુત સા૦ ગાવા ભાર્યા મુહણદે સુત સા. શીવદત્ત ભાર્યા. સંપ્રદેશ યુતેન શ્રી **આદિનાથ બિમ્બં કારિતં શ્રી ખરતર** ગચ્છે શ્રી **જિનસિંહ** સૂરિ પટ્ટે **શ્રી જિનચંદ્રસૂરિભિઃ** પ્રતિષ્ઠિતં.
'સિદ્ધિ' અલાભ ૪૨ **પાતિસાહ શ્રી અકબર જલાલદિ(ન)** રાજ્યે

---

૫ સંવત્ ૧૫૩૧ વર્ષે માધ વદિ આઠમ સોમે શ્રી શ્રીમાલ જ્ઞાતિય મં. વાચ્છા સુત મં. પૂંજા ભાર્યા લીલુ સુત મં. હીરા ભાર્યા હકૂતયા સુશ્રેયસે શ્રી અજીતનાથાદિ પંચતિર્થી આગમ ગચ્છેશ શ્રી દેવરત્નસૂરિ ગુરૂપદેશેન કારિતા પ્રતિષ્ઠાપિતા.

---

૬ સંવત્ ૧૫૮૬ શ્રી શાન્તિનાથ સેવિક ભા. લીલુ સુત છાંછા કંસારી

---

૭ સંવત્ ૧૫૫૬ વર્ષે વૈશાક સુદિ ૩ શ્રી પ્રાગ વાટ જ્ઞા. વા૦ વિલા ભાર્યા મનીસુત વા. (વ્ય) હેમા સંઘા હેમા ભાર્યા હેમાદે પુત્ર દેવદાસ યુતેન સ્વ શ્રેયસે શ્રી આદિનાથ બિમ્બં કા૦ પ્ર૦ તપાગચ્છ નાયક ભ. શ્રી હેમવિમલ સૂરિભિઃ શ્રી.

---

૮ સંવત્ ૧૬૬૪ વર્ષે જેષ્ઠ સુદિ ૫ સોમ વૃદ્ધ શ્રી શ્રીમાલ જ્ઞાતિય સા. રામજી સુત મારૂતા ચંડ સુત સા મલજી નામ્ના સ્વ શ્રેયસે શ્રી પાર્શ્વનાથ બિમ્બં કા. પ્ર. તપાગચ્છે ભટ્ટારક શ્રી વિજયસેન સૂરિભિઃ

---

૯ સંવત્ ૧૮૮૧ શાકે ૧૭૪૭ (પ્રવર્ત્તમાને) શ્રી અંચલ ગચ્છે શ્રીમાલા જ્ઞાતિય લીલ ખુમીબાઇ શાન્તિનાથ બિમ્બં કારાપિતં પ્રતિષ્ઠિતં ભ. આણંદસોમ સૂરિભિઃ

---

૧૦ સંવત્ ૧૫૧૬ વર્ષે ફા. શુ. ૩ શુક્રે શ્રી શ્રીમાલ જ્ઞા. મં. કુળ. ભાર્યા ગેામતી પુત્ર ચાંપાકેન કુટુંબ યુતેન સ્વ શ્રેયસે શ્રી મુનિસુવ્રત સ્વામિ બિમ્બં કા. શ્રી સાધુ૦ પૂર્ણિમા પક્ષે શ્રી પુણ્યચંદ્ર સૂરિણા મુ. પ્રતિ૦ શ્રી વિજયચંદ્ર સૂરિણાં વિધિના માતર વાસ્તવ્ય.

---

૧૧ સંવત્ ૧૪૭૦ (અક્ષરો ઘણા ઝાંખા છે. ઉકલતા નથી માટે લખ્યા નથી.) શ્રી આદિનાથ બિમ્બં શ્રી ગુણસાગર સૂરિણાં પ્ર૦

---

૧૨ સંવત્ ૧૫૬૪ ચૈત્ર સુદ ૫ શુક્રે શ્રી શ્રીમાલ જ્ઞા. મં. ડાહીયા સુ૦ સારંગ ભા૦ અજા સુ૦ ડામર રંગાભ્યાં પિતૃમાતૃ શ્રેયાર્થમ્ શ્રી પદ્મપ્રભસ્વામિ બિમ્બં કારાપિતં પ્ર૦ શ્રી ભ. શ્રી વિધાશેખર સૂરિભિ પ્રતિષ્ઠિતં નાદિડા વાસ્તવ્ય.

---

૧૩ સંવત્ ૧૫૨૯ માઘ વદિ ૫ પ્રાગવાટ સં. મેઘા ભા૦ સામ્પુ સુત સ૦ શિવા ભા૦ શિસયાદે સુત જીણદત્ત ભા૦ રંગાઇ સુત પુંજકેન પિતામહી શ્રેયસી શ્રી સંભવ બિમ્બં કા. પ્ર. તપા શ્રી લક્ષ્મિસાગર સૂરિભિઃ ચંપકનગર વાસ્તવ્યઃ

---

૧૪ સ્વસ્તિ શ્રી સંવત્ ૧૫૧૩ વર્ષે વૈશાક સુદિ ૨ સોમ શ્રી પ્રાગવાટ જ્ઞાતિય મં. વરસીંગ ભાર્યા બાઈ મનુ પુત્રાદા૦ પુત્રેણ દો. હાયીયા નામ્ના ભાર્યા શ્રી હીરૂસુત દો. અદાસદા માણીક શ્રીપતિ પ્રમુખ સ્વ કુટુમ્બ યુતેન શ્રી આદિનાથ બિમ્બં શ્રી વૃહત તપાગચ્છે ભ. શ્રી વિજયધર્મ સૂરિપટ્ટે શ્રી વિજયસેનસૂરિભિઃ પ્રતિષ્ઠિતં.

---

૧૫ શ્રી સુરત સંવત ૧૯૫૪ ના શ્રાવણ વદિ ૪ વાર શુકરે શા. કસ્તુરચંદ હરખચંદની વતી ભાર્યા બાઇ જડાવે આદિનાથ બિમ્બ ભરાવી.

---

૧૬ સંવત્ ૧૬૯૭ વર્ષે ફા. સુ. ૫ સાનમા... જી નામ્ના શ્રી આદિનાથ બિમ્બં કા૦ પ્રતિષ્ઠિતં. શ્રી વિજયસેન સૂરિભિ...શ્રીમાલ.

---

૧૭. થાવર શ્રી શાન્તિનાથ શ્રી વિજયદાનસૂરિભિઃ

---

૧૮ સંવત્ ૧૮૫૭ જેષ્ઠ સુદિ ૧૦ રવૌ શ્રી. શા...શ્રી રામકુવરના શ્રેયસે સુવિધિ બિમ્બં કારાપિતં પ્રતિષ્ઠિતં શ્રી વિજયલક્ષ્મિ સૂરિભિઃ

---

૧૯ શાહ શિવચંદ મંચ્છુભાઇની વહુ બેનકોરના નામની સંવત્ ૧૯૫૧ પોષ સુદિ ૧૩ વાર શુધે.

---

૨૦ સંવત ૧૮૬૬ વર્ષે વૈશાક સુદિ ૭ઠ પોર-વાડ જ્ઞાતિ વાદિદેવ.

---

૨૧ સંવત્ ૧૬૯૭ વર્ષે ફાગણ સુદિ ૫ સા. ધનજી ભા. કૂલાં નામ્ના શ્રી પાર્શ્વનાથ બિમ્બં કા. પ્ર. શ્રી વિજયસેન સૂરિભિઃ શ્રીમાલ.

---

૨૨ સંવત્ ૧૮૮૧ ચૈત્ર સુદિ ૨ દેવસૂર ગચ્છે કેવલબાઇ કરાપિતં ભ. આણંદસોમ સૂરિભિઃ પ્રતિષ્ઠિતં.

---

૨૩ સંવત્ ૧૮૨૨ વર્ષે સા ક...સા. હતેન... પદ્મપ્રભ બિમ્બં પ્ર. શ્રી પોશાલગચ્છે

---

૨૪ સંવત્ ૧૮૮૧ શાહ તિલકચંદ...કપુર કરા-પિતં આણંદસોમ,

---

૨૫ શા. સીવચંદ મચ્છુભાઇ સં. ૧૯૫૧ ના માગશર શુદિ ૩.

---

૨૬ સંવત ૧૮૮૫ શુદિ.

---

૨૭ શ્રી શ્રીમાલી વિશા જ્ઞાતિય સુરત પોતાની ભાર્યા બાઇ કરનાએ ભરાવી અનંતનાથ ૧૯૫૦ વૈશાક સુદિ સાતમ શુકરે શુભમ્

---

૨૮ ભરૂચ બાઇ બીમકોર શા. કલ્યાણચંદના ઘણીયાણી.

---

૨૯ બાઇ ડાહી સંવત ૧૯૫૫ ના ફાગણ સુદિ બીજ રવેઉ. શાહ કીકાભાઇ

---

૩૦ સંવત ૧૯૫૧ ના શ્રાવણ સુદિ ૧૦ બુધે ચંદનપ્રભુજીની પ્રતિષ્ઠા કરાવી શાહ નવલચંદ લખ-મીચંદ શ્રીમાલી જ્ઞાતિય.

---

૩૧ દીપચંદ ગુલાબચંદ (પાર્શ્વનાથ)

---

૩૨ વખતચંદ્રેણ અજીતનાથ

---

૩૩ વખતચંદ્રેણ સંભવનાથ.

---

૩૪ સંવત્ ૧૮૫૭ જેષ્ઠ સુદિ ૧૦ રવૌ શ્રીમાલી જ્ઞાતિય...પ્રતિષ્ઠિતં શ્રી વિજયલક્ષ્મિ સૂરિભિઃ ચંદ્રપ્રભ બિમ્બં કારાપિતં.

---

૩૫ સંવત્ ૧૮૮૧ વૈ. શુ. ૬ દેવસુર ગચ્છે શાહ પ્રેમચંદ કપુરચંદ કરા૦ આણંદ સોમ સૂરિભિઃ પ્રતિષ્ઠિતં (શ્રી વિમલ ભાષ્ય.)

---

૩૬ સંવત્ ૧૭૪૬ વૈશાક વદિ બીજ દિ વૃદ્ધોકે૦ જ્ઞા૦ સ. ડાયકરણ ભાર્યા બાઇ હસુ નામ્ના શ્રી કુંથુનાથ બિમ્બં કા. પ્ર. તપા-શ્રી વિજયસૂરિભિઃ

---

૩૭ સંવત્ ૧૬૬૪ વર્ષે જેષ્ઠ સુદિ ૫ વૃદ્ધ ઉકેશ જ્ઞાતિય બાઇ માનબાઇ નામ્ના શ્રી પાર્શ્વનાથ બિમ્બં કા. પ્ર. તપાગચ્છે વિજયસેનસૂરિભિઃ

---

૩૮ સંવત્ ૧૬૬૧ વર્ષે વસીતય સોમ બલાશર વાસ્તવ્ય પ્રાગવાટ જ્ઞાતિય વ૦ નાનજીકેન શ્રી પાર્શ્વનાથ બિમ્બં કા. પ્ર. તપાગચ્છે ભ. વિજ-યસેન સૂરિભિઃ

---

૩૯ સંવત્ ૧૮૫૭ જેષ્ઠ સુદિ દ્રશમ બેન કુવ-રના પ્રતિષ્ઠિતં ભ. શ્રી વિજયલક્ષ્મિ સૂરિભિઃ સુમતિ જિનબિમ્બં કારાપિતં

---

૪૦ વિનયવિજય લા૦ માકજીનામ બા૦ ૧૭૨૦ કારિતં શાન્તિ બિમ્બં પ્રતિષ્ઠિતં ચ તપગચ્છે.

---

૪૧ સંવત્ ૧૮૨૨ માહ વદિ ૫ શ્રી વિજય ઉદયસૂરિભિઃ પ્રતિષ્ઠિતં શા. અશાજી વિરાડા ભરાપિતં પાર્શ્વનાથમ્

---

૪૨ સંભવનાથ બિમ્બં કા. પ્રતિષ્ઠિતં તપા. ગચ્છે વિનયવિજય.

ભીમપલ્લીનું વીર–મંદિર.

લેખક—પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી-વડોદરા.

પ્રભુ મહાવીરના ઐતિહાસિક વિશિષ્ટ ચરિત્રને આલેખવામાં એ મહાવિભૂતિનાં ઐતિહાસિક સ્મારકોને પણ આપણે સ્મૃતિમાં રાખવાં જોઇએ. જો યોગ્ય પ્રયત્નથી સંશોધન કરવામાં આવે તો આપણા ચિત્તને આકર્ષતાં એવાં સેંકડો સ્મારકો મળી શકે પ્રાચીન સમયથી અત્યાર સુધીમાં એવાં હજારો વીર–સ્મારકો બન્યાં હશે, જેમાંથી બહુ થોડાના સંબંધમાં આપણે થોડું જાણીએ છીએ. કાલક્રમથી કેટલાંય સ્મારકો વિલયભાવને પામ્યાં હશે, જેનો પૂરો ખ્યાલ આવવો પણ અશક્ય છે. નામાવશેષ અને સ્મૃતિશેષ થતાં સદ્‌ભાગ્યે અવશિષ્ટ રહેલાં થોડાં ઘણાં સ્મારકોના સંબંધમાં પણ જો આપણે દુર્લક્ષ્ય કરીએ, તો તેનું પરિણામ અતિ શોચનીય આવે એ સ્વાભાવિક છે; એવો અનિષ્ટ દુઃખદ અવસર ન જોવો પડે તે માટે આપણે બહુ સાવચેતીથી સ્મારક-સંરક્ષણ અને સંશોધન સંબંધમાં સમયોચિત સ્તુત્ય પ્રયાસ આદરવો જોઇએ.

ભીમપલ્લીનું વીર–મંદિર પણ એ સ્મારકોમાંનું એક કહી શકાય. **'જૈનયુગ'**ના પાઠકો જાણતા જ હશે કે ગત દીપોત્સવી ખાસ અંક (પૃ. ૫૭) માં **અ**ભયતિલકગણિની કૃતિરૂપ **મ**હાવીર–રાસ પ્રકટ થયો હતો અને તે પછીના ગત કાર્તિક–માર્ગશીર્ષના સંયુક્ત જૈન ઇતિહાસ સાહિત્ય ખાસ અંક (પૃ. ૧૫૭ થી ૧૬૮) માં અમ્હારી લખેલી એ **વી**ર–રાસની છાયા અને ટિપ્પની પ્રકાશિત થઈ હતી એટલે **ભી**મપલ્લીના **વી**ર–મંદિર અપરનામ **મં**ડલિક–વિહારનો પુનરુક્તિ રૂપે વિશેષ પરિચય કરાવવાની અહિ આવશ્યકતા નથી. અહિં અમ્હારૂં વક્તવ્ય એ **વી**ર–મંદિરની રચનાના સમય–સંબંધમાં અને સાથે જ એ **વી**ર–રાસની રચનાના સમય–નિર્ણય પર છે.

'જૈનયુગ'ના ઉપર્યુક્ત અંકોમાં **વી**ર–રાસની તથા મંદિરની પ્રતિષ્ઠાનો સમય વિ. સં. ૧૩૦૭ છપાયેલ છે, પરંતુ વિશેષ અન્વેષણ કરતાં તેમાં દશ વર્ષનો ફેરફાર જણાય છે. વિ. સં. ૧૩૧૭ સુધારવું જોઇએ. એમ સૂચવવામાં કારણ એ છે કે–પૂર્વોક્ત **વી**ર–રાસની ૭ મી કડીમાં પ્રતિષ્ઠાનો સમય દર્શાવતાં કવિએ—

'વિક્કમે વરિસ તેરહઇ **સત્તરૂત્તરે**' એ શબ્દોથી વિક્રમવર્ષ તેરસેં સત્તર એમ સ્પષ્ટ સૂચવ્યું છે. તેથી છાયામાં પણ 'સત્તરોત્તરે' એમ સુધારવું ઉચિત છે.

વિશેષ પ્રમાણમાં એ રાસકાર **અ**ભયતિલકગણિના વિદ્યાગુરુ **લ**ક્ષ્મીતિલક ઉપાધ્યાયનો ઉલ્લેખ છે. **લ**ક્ષ્મીતિલક ઉપાધ્યાયનો પરિચય અમે ઉપર્યુક્ત ટિપ્પનમાં આપ્યો છે, જિનેશ્વર સૂરિએ વિ. સં. ૧૩૧૩ માં **પા**લ્હણપુરમાં **શ્રા**વક ધર્મ પ્રકરણ રચ્યું હતું એ પણ ત્યાં સૂચવ્યું છે. એ પ્રકરણ પર **લ**ક્ષ્મીતિલક ઉપાધ્યાયે વિ. સં. ૧૩૧૭ માં વિસ્તૃત પંદર હજાર શ્લોક પ્રમાણ ટીકા રચી છે. **જા**વાલિપુર (જાલોર)માં તેની સમાપ્તિ કરતાં તે વર્ષમાં **ભી**મપલ્લીનું આ **વી**ર–મંદિર સિદ્ધ થયું, તેનો પ્રાસંગિક ઉલ્લેખ કર્યો છે. તે આ પ્રમાણે—

" શ્રી**વી**જાપુર–**વા**સુપૂજ્યભવને હૈમઃ સદણ્ડો ઘટો
યત્રારોપ્યથ **વીરચૈત્ય**મસિધત્ શ્રી **ભીમપલ્લ્યાં** પુરિ ।
તસ્મિન્ વૈક્રમવત્સરે **મુનિ-શશિ-ત્રેતેન્દુ**માને ચતુ-
ર્દશ્યાં માઘસુદીહ **ચા**ચિગનૃપે **જા**વાલિપુર્યાં વિભૌ ॥
વીરાર્હદ્-વિધિચૈત્યમણ્ડનજિનાધીશાં ચતુર્વિંશતિ-
સૌધેષુ ધ્વજદણ્ડ-કુમ્ભપટલીં હૈમીં મહિષ્ઠૈર્મહૈઃ ।
શ્રીમત્સૂરિ**જિ**નેશ્વરા યુગવરાઃ પ્રત્યષ્ઠુરસ્મિન્ ક્ષણે
ટીકાડલઙ્કૃતિરેષિકાડપિ સમગાત્ પૂર્તિંપ્રતિષ્ઠોત્સવમ્ ॥ "

—પ્રવર્તક શ્રી **કાં**તિવિજયજી મહારાજના સંગ્રહની પ્રતિ (પ્રશ૦ શ્લો૦ ૧૬–૧૭).

ભાવાર્થ—જે વર્ષમાં **વી**જાપુરના **વા**સુપૂજ્યજિન મંદિર પર સુવર્ણદંડ સાથે સુવર્ણ કલશ ચડાવવામાં આવ્યો અને જે વર્ષમાં **ભી**મપલ્લીપુરમાં **વી**રપ્રભુનું ચૈત્ય સિદ્ધ થયું; તે વિક્રમ સંવત્ ૧૩૧૭ માં માહ

શુ. ૧૪ ને દિવસે અહિં ચાચિગરાજાના રાજ્યસમયમાં જાવાલિપુર (જાલોર)માં વીરજિનના વિધિચૈત્યના મંડનરૂપ ચોવીશ જિનેશ્વરોના મંદિરો પર મ્હોટા મહોત્સવ પૂર્વક યુગપ્રધાન શ્રી જિનેશ્વરસૂરિએ ધ્વજદંડ સાથે સોનાના કલશોની પ્રતિષ્ઠા કરી, એ ક્ષણે આ ટીકારૂપી અલંકાર પણ પરિપૂર્ણ પ્રતિષ્ઠિત થયો.

આપણે જાણીને પ્રસન્ન થશું કે પોતાના દીક્ષા ગુરુ જિનેશ્વરસૂરિના શ્રાવક ધર્મ પ્રકરણની પોતાના સતીર્થ્ય ગુરુબંધુ વિદ્યાગુરુદ્વારા રચાયેલી એ વિસ્તૃત ટીકાનું સંશોધન આપણા પૂર્વ પરિચિત વીર-રાસકાર અભયતિલકગણિએ કર્યું હતું અને તે કર્તવ્યનો ઉલ્લેખ તેના વિદ્યાગુરુ લક્ષ્મીતિલક ઉપાધ્યાયે વિના સંકોચે નીચેના મનોહર આકર્ષક શબ્દોમાં વ્યક્ત કર્યો છે—

" जाग्रत्समग्रविद्यः सुवर्णकृत् पाठितो मयैव कविः ।
सद्दृष्टि-शाणयैतामुदजिज्वलद्**भयतिलकगणिः** ॥-"
શ્રા૦ ધ૦ ટીકા (પ્ર. શ્લોક ૧૮)

ભાવાર્થ—જેની સમગ્ર વિદ્યાઓ જાગતી છે અને જેને મ્હેં જ ભણાવ્યો છે, તે કવિ અભયતિલકગણિરૂપી સુવર્ણકારે-સોનીએ આ ટીકારૂપી અલંકારને સારી દૃષ્ટિરૂપી શરાણ વડે ઉજ્જવલ કરેલ છે.

ઉપર દર્શાવેલ ઉલ્લેખથી સ્પષ્ટ પ્રતીત થઈ શકે તેમ છે કે વિ. સં. ૧૩૧૭ માં માહ શુ. ૧૪ ને દિવસે જાવાલિપુર (જાલોર)માં જિનેશ્વરસૂરિએ પ્રતિષ્ઠા કરી અને લક્ષ્મીતિલક ઉપાધ્યાયે ઉપર્યુક્ત શ્રાવક ધર્મ પ્રકરણની ટીકા પૂરી કરી, તે સમયે ભીમપલ્લીનું વીરચૈત્ય સિદ્ધ થયાના સમાચાર તેમના જાણવામાં આવ્યા હોવા જોઇએ, જેથી તેનો ઉલ્લેખ તેઓએ કર્યો છે. જિનેશ્વરસૂરિ એ જ વર્ષમાં માહ શુ. ૧૪ ને દિવસે જાવાલિપુરમાં પ્રતિષ્ઠા કર્યા પછી ભીમપલ્લીમાં વીર-વિધિ ભવનના વૈશાખ શુદ દશમીના પ્રતિષ્ઠા મહોત્સવ પર પધાર્યા હોવા જોઇએ. એથી વિ. સં. ૧૩૧૭ માં એ વીર-મંદિરની પ્રતિષ્ઠા થઇ અને એજ સમયમાં અભયતિલકગણિએ વીર રાસ રચ્યો હોવો જોઈએ-એમ માનવું વિશેષ પ્રામાણિક છે. લા. ભ. ગાંધી.

ચિતોડ ચૈત્ય પરિપાટી.

ચિતોડ યા ચિત્રકૂટ એ મેવાડમાં પ્રસિદ્ધ પ્રાચીન શહેર છે. તેના ગઢસંબંધી ' ગઢ તો ચિતોડગઢ ઔર સબ ગઢૈયા ' હજુ પણ મેવાડમાં બોલાય છે. અકબર બાદશાહને એ ગઢ સર કરવામાં કેટલી મુશ્કેલી પડી હતી એ ઇતિહાસમાં મશહૂર વાત છે. તે એક વખત બહુ જાહોજલાલીવાળું સુંદર અને વિશાલ નગર હતું અને ત્યાં જૈનોએ અનેક ભવ્ય મંદિરો અને કીર્તિસ્થંભ બંધાવેલ છે. એ સર્વનો તેમજ મેવાડનાં કેટલાંક ગામોનાં મંદિરોનો ટુંક ઉલ્લેખ આ કૃતિમાં મળી આવે છે. આ કૃતિની એક સુંદર હસ્તલિખિત પ્રત ગૂર્જર કવિઓની કૃતિઓની ખોળ માટે સુરતના જૈન ગ્રંથભંડારો જોવા અમે આ અકટોબર માસમાં ગયા ત્યારે ત્યાંના શ્રી સીમંધર સ્વામીના મંદિરના ગ્રંથભંડારમાં મળી આવી તે અક્ષરશ ઉતારી લીધી તે અત્ર મૂકવામાં આવે છે.

આ કૃતિના રચનાર તપગચ્છના એક પટ્ટધર હેમવિમલસૂરિ (આચાર્યપદ સં. ૧૫૪૮, સ્વ૦ ૧૫૬૮ જુઓ નં. ૬૫ પૃ. ૬૮ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧) ના શિષ્ય લબ્ધિમૂર્ત્તિના શિષ્ય જયહેમના શિષ્ય છે. કર્ત્તાએ પોતાનું નામ આપ્યું નથી. કૃતિ વિક્રમ સોળમી સદીના અંતમાં થયેલી નિર્વિવાદરીતે ગણી શકાય. રચના સારી છે. તંત્રી.

(ભાષા)

ગોઅમ ગણહરરાય પાય પંકય પણમેવી
હંસગમણિ મૃગલોચણી એ સરસતિ સમરેવી
પાએ લાગીનઇ વીનવું એ દિઉ મઝ મતિ માડી
ચિત્રકોટ નયરહતણી એ રચઉં ચૈત્ર પવાડી. ૧

માલવ ગૂજર મારઆડિ દક્ષિણ નઇ લાડ
દેસ સવે માહે મૂલગુએ મંડણ મેવાડ
એક લોચન પૃથિવીતણું એ ચિત્રકોટ ભણી જઈ
અવર ન બીજું જગહમાહિ ધમ વયણ સુણીજઇ. ૨
ગઢમઢ મંદિર માલિઆ એ ઉંચા અતિ સોહઇ

સાત પોલિએા લેઇ ભલી એ દેષી મન મોહઇ
ચઉપટ ચિહું દિસિ ચ્યારિ પોલિ દીસઈ અતિચંગ
ઉત્સવ રંગ વદ્ધાંમણાં એ નિતુ વાજઈ મૃદંગ. ૩
દ્રાખપાનના મંડવા એ સેલડી વાડી વન
વાપી કૂપ ખઢોકલી, એ દીસઇ રાજ ભવન
કલસ સોવનમય ઝગમગઇં એ કોસીસાં ઓલિ
કોરણિમંડિત થંભ શ્રેણિ ધડીઆલા પોલિ. ૪
નયર સિરોમણિ ચિત્રકૂડઉં ચઉ સુવિશાલ
ધણ કણ કંચણ ભરિઅ ભૂરિ ચઉટાં ચઉસાલ
શિવ જિન શાસન દેહરા એ મુનિવર પોસાલ
શ્રાવક શ્રાવી પુણ્ય કરઈ મન રંગિ રસાલ. ૫
તિણિ નયરિ સીસોલિઆં એ કુલમંડણ જાણ
ગઢપતિ ગજપતિ છત્રપતિ સહુ માનઇ આણ,
બંદી જય જય ઉચરઇ એ વાજઇ નીસાણ
રાજ કરઇ રાયમલ્લ રાણ તેજિ જિસિઉ ભાણ. ૬

વસ્તુ.

ગોયમ ગણહર ગોયમ ગણહર સમરિ સરસત્તિ,
સુગુરૂ પસાય લહી કરી રચિસુ ચૈત્રપ્રવાડિ સારીઅ,
ચિત્રકોટ નયરહ તણા ગુણ થુણઇ બહુ નરહ નારીય,
ગઢમઢ મંદિર ઝગમગઇં વાજઇ ઢોલ નીસાણ,
રાજ કરઈ રાયમલ્લ રાણ તેજિ દીપઇ ભાણ. ૭

ભાષા.

સ્વર્ગપુરી લંકા અવતાર, વ્યવહારિઆ તણા નહી પાર
સારસિંગાર કરંતિ તુ જયુ જયુ,
રાજઇ રાજકુલી છત્રીસ, વાસિ વસઈ વર્ણ છત્રીસ,
બત્રીસ જિણ પૂજંતિ. ૮
ચાલઉ ચૈત્રપ્રવાડિ કરીજઈ, માણસ જન્મ તણઉં
ફલ લીજઇ,
કીજઇ નિરમલ કાય,
રંગિ સહિઅ સમાણી આવુ, ચાઉલ અક્ષિત ચુક પૂરાવુ,
ગાવુ શ્રી જિનરાઉ. ૯
પહિલું શ્રી શ્રેયંસ નમીજઈ, ત્રિણિ કાલ જિણ
ભગતિ કરીજઇ
અસી બિંબ પૂજંતિ તુ જયુ જયુ,
આગલિ સોમ ચિંતામણિ પાસ, સુમતિ સહિત
ત્રિણિસઇ પંચાસ,
આસ પૂરઇ એકંતિ. ૧૦

થંભણિ થાપ્યા વીર જિણુંદ, પય સેવઈ નરનારી વૃંદ,
દંદ સવે ટાલંતિ તુ
ચઉપન્ન બિંબસિઉં આદિ, જિણેસર હરષિઇં થાપ્યા
સંઘપતિ ધ્રસરિ કેસરિ પૂજ કરંતિ તુ. ૧૧
મુગતિ ભગતિદાયક બઇઠા પ્રભુ, એકસઉ ત્રીસ સિઉં
ચંદ્રપ્રભ,
ચઉમુખ ભુવણ મઝારિ,
નાભિરાય કુલ કમલ દિણુંદ, દસ મૂરતિ સિઉં આદિ
જિણિંદ.
વંદઇં બહુ નર નારિ. ૧૨
સંકટ પાસ જિણેસર ચૂરઇ, આકુ સામી પ્રત્યા પૂરઇ,
પંત્રીસા સુબિંબ.
ભવણ દેષિ ઊપન્ની સુમતિ, તેર બિંબ સ્યું ભેટ્યા સુમતિ
કુમતિ હરઇ અવિલંબ. ૧૩

વસ્તુ

સંઘ ચઉવિહ મલી મન રંગિ
ચૈત્ર પ્રવાડિ ચાલિઆ આદિ દેવ વંદઉં શ્રેયાંસ,
ચંદ્રપ્રભ આદિલ જાણીઇ, ચિંતામણિ પૂરવઇ આસ
પાસ જિણેસર જાગતુ, આકા ભુવણ મઝારિ,
સુમતિનાથ પૂજી કરી, રાસ રમઇ નરનારિ. ૧૪

ભાષા

વીર વિહાર પુહુત્ત જામ પાવડિઆં સાઠિ,
ચડતાં કરમ વિષમ તણી અતિહાં છૂટઇ ગાંઠિ,
કોસીસાં કોરણિઅ બારિ મૂલઇ નહી માઠિ,
દીઠે ભાગઉં સામિ પાસિ સેવાની પાદિ,
બાલઇ સાહિં ઊધરિઉ એ વિજયમંદિર પ્રાસાદ,
ઉંચ પણઇ દીસઇ સિઉ એ નિરમાલડી એ રવિ સિઉં
મંડઇ વાદ;
મણેા રહીએ. ૧૫
પહરીય પીત પટુલડીઅ ખીરોદક સાર,
કસ્તૂરી ચંદન ઘસીઅ કેસર ઘનસાર;
ચંદન મરૂ માલતીય બહુ મૂલ અપાર.
ધામી ધામિણિ ભાવસિઉંઅ પૂજઇ સવિચાર,
ઉસવંસ કુલ મંડણઉ એ બાલાગર સુવિચાર;
ત્રિસલાનંદન થાપિઉ એ, નિર૦ ભરઇ સુકૃત ભંડાર.
મ૦ ૧૬

ત્રિણિસઇ અઠ્ઠાવીસ બિંબ, તે ટાલઇ શોક,
તોરણ શિખરહ દંડકલસ કોરણિ અતિ રોક;
ધજ પતાક એ ધમ કહઇ, સંભલજ્યો લોક,
વીર જિણંદ ન ભેટસિઇ, તેહ જીવિઉં ફોક,
જિમણઇ પાસઇ પેષિઆ એ, સામી પાસ સુપાસ;
રતનાગરિ રંગિં થાપીઆ એ, નિ૦ પૂરવઇ મનની આસ.

મ૦ ૧૭

ખેલામંડપિ પૂતલીઅ નાચંતી સોહઇ
રંભા અપ્સર સારષીઅ કામી મન મોહઇ
હુંબડ પૂના તણી ધૂઅ તિણિ એ મતિ મંડીઅ,
કીરતિથંભ કરાવિ જાત માહરી સૂષડીઅ;
સાત ભુંહિ સોહામણીઇ બિંબ સહસ દોઇ દેષિ.
પેષી પાછા સંચરિઆ એ, નિ૦ વંદી વીર વિશેષ.

મ૦ ૧૮

પાસ જિણિંદ દિગંબરઇ તિહાં નવસઇ બિંબ,
ચંદ્રપ્રભ ચ્યાલીસ સિઉંઅ પૂજઇ અવલંબ;
પનર બિંબ સ્યું નાભિરાય સુત અર્ષુદ સામિઅ.
મલધારઇ શ્રી ચંદ્રપ્રભ પૂરઇ મન કામી,
પનર બિંબ પૂજી કરી એ સુરાણઇ સમચંદ;
સતર બિંબ સોહામણઇ નિ૦ સામી સુમતિ જિણિંદ.

મ૦ ૧૯

વર હડીઇ શ્રી સુમતિ દેવ ઉગુણ પંચાસ,
સંઘવીઇં ધનરાજે જેહ પૂરી મનિ આસ.
એકસઉ ચઉત્રીસ બિંબ સિઉં પૂજીજઇ સંતિ;
ડાગલિઇ જિણંદત્ત સાહિ પૂરી નિય ષંતિ,
લોલા ભવણિ પેખીયાએ સંતિ જિણેસર પાય.
અઠાવન્ન મૂરતિ ભલી એ, નિ૦ સેવું અનુદિન પાય.

મ૦ ૨૦

વસ્તુ

વીર ભવણિ વીર ભવણિ કરી મહાપૂજિ,
સહસકોટિ પેખી કરી દિગંબરઇ બહુ બિંબ પામીય,
ચંદ્રપ્રભ દોઇ અતિ ભલા, આદિ દેવ અર્ષુદ સામીઅ,
સૂરાણઇ પૂજા કરી સમરિઆ સુમતિ જિણંદ,
પારેવુ જિણિ રાષીઉ, શરણઇ શાંતિ જિણિંદ. ૨૧

ભાષા

ભિવ નાગોરઇ દેહરઇ તુ, ભમઇરલી શ્રી મુનિસુવ્રત સામિ તુ,
એકસઉ પંચવીસ પૂજીજઇ તુ, ભ૦ નવનિધિ લીધઇ નામિ તુ. ૨૨
શીતલ સામી અંચલીઇ તુ, ભ૦ ત્રિણિસઇ બિંબ અઠ્ઠતીસ તુ,
નાણાવાલઇ અઠ્ઠતીસ તુ, ભ૦ મુનિસુવ્રત જગદીસ તુ. ૨૩
ચઉવીસ બિંબ પલ્લીવાલઇ. ભ૦ સીમંધર જયવંત તુ,
ચિત્રાવાલઇ ચ્યાલીસઇ તુ. ભ૦ પાસ જિણંદ દયવંત તુ. ૨૪
કુમતિહરણ શ્રી સુમતિ જિણ તુ, ભ૦ પૂનમીઇ બાવીસ તુ,
ખરતર વસહી શાંતિ જિણ તુ, ભ૦ મૂરતિ પંચતાલીસ તુ. ૨૫
પાસ જિણેસર સામલ તુ, ભ૦ સત્તરિસા દોઇસાર તુ,
પંચસઇ પનરોત્તર બિંબ તુ, ભ૦ શત્રુંજય ગિરનાર તુ. ૨૬
આદિ જિણંદ આરાહીઇ તુ, ભ૦ માલવીઇ પ્રાસાદ તુ,
દેહરી દીસઇ દીપતી તુ, ભ૦ ઘંટા પડહ નિનાદિ તુ, ૨૭
ચઉમુખ ચ્યારિ મૂરતિ ભલી તુ, અષ્ટાપદ અવતાર તુ,
આઠસઈ સતહુત્તરિ બિંબ તુ, ભ૦ પૂજીજઇ સવિચાર તુ. ૨૮
મુનિસુવ્રત મહિમા ઘણુઉ ભ૦ સુકોસલ ગુરૂ મઝારિ તુ,
કીરતિધર વાધિણિ સહી ધંતુ, ભ૦ ગિરૂઆ ધણિ સંસારિ તુ. ૨૯
આગલિ ગોમુખ વાધમુખ તુ, ભ૦ વારિ ઝરઇ અનિવાર તુ,
કુંભઇ કુંભિગિ થાપીઇ તુ ભ૦ કીરતિ થંભ ઉદાર તુ. ૩૦
નવ ભુઇ ચઢીઇ નિહાલીઇ તુ, ભ૦ સરોવર વન અભિરામ તુ,
કેલિ ખજૂરી નિંબૂઇ તુ ભ૦ ચંપક કેતકિ નામ તુ, ૩૧

વસ્તુ

આદિ જિણવર આદિ જિણવર મુનિસુવ્રત,
શીતલ સીમંધર સુમતિ શાંતિ દેવ સોલમુ અનુદિન,
કામિત તીરથ દીપતુ, પાસ સામિ વામાનંદન,
મુનિસુવ્રત મહિમા ઘણુઉ, સુકોસલ અતિ સાર,
વાડી વન પેખી કરી, હીયડઇ હરષ અપાર. ૩૨

હિવ તિહાંથી પાછા વલ્યા એ માલ્હંતડે કુંભેસર
તવ દીઠ, સુણિ સુંદરે. કુંભે.
ચઉપટ ચઉહટ્ટઇ ચાહતાં એ મા૦ નયણુડે અમિ
પઇટ્ઠ. સુણિ. ૩૩
અરતર સાહ વેલા તણુ એ મા૦ ચઉમુખ ભવણુ
વંદેસ, સુ૦
પેાઢી પ્રતિમા પેખીઇ મા૦ ચંદનિ પૂજ રચેસુ, સુ૦ ૩૪
શાંતિ જિણેસર શીતલુ એ મા૦ ચઉમુખ ભવણુ
વંદેસ, સુ૦
સપતફણા મણિ પાસ જિણુ મા૦ બિંબ દેાઇ
સઇ પણવીસ, સુ૦ ૩૫
સાડણુઇ સાદ્ધિં થાપિઆ એ, મા૦ અજિત
જિણેસર રાય, સુ૦
પંચઇ સઇ પંચાસીઆં એ મા૦ સેવઇં સુરનર
પાય, સુ૦ ૩૬
ડુંગરિ થાપ્યા શાંતિ જિણુ મા૦ સત્તરિ સુપણિપંચ,સુ૦
નવ સઇ નઉઆનઇં નમુ એ મા૦ વારવાર વિણ
પંચ, સુ૦ ૩૭
વસહી બિંબ પાત્રીસ સુ એ મા૦ સંભવ સમરથ
સાર સુ૦
જે નર વંદઇ તે લહઇ એ મા૦ સાસય સુખ
ભંડાર, સુ૦ ૩૮
બત્રીસઈ જિણુદર થુણિઆ એ મા૦ આઠ સહસ
સતિતાલ, સુ૦
દેાઇસઇ સંખ મઇ કરી એ મા૦ તે વંદઉં ત્રિણિ
કાલ. સુ૦ ૩૯
પ્રહ ઊઠી જે ભાવસિઉં એ મારસૂઆ કરસિઉં
ચૈત્ર પરિપાટિ,
તેહનુ જન્મ સફલ સહી એ નરેસૂઆ મુગતિ પ્રધાન. ૪૧
ચૈત્ર પરવાડિ પઢઇ ગુણઇ એ નરેસૂઆ અનઈ
જે નિસુણંતિ,
તે દેાઇ તીસ તીરથ તણું એ ન૦ નિશ્ચઇ ફલ
પામિંતિ. ૪૨
સિરિ તવગચ્છનાયક સિવસુખદાયક હેમવિમલ
સૂરિંદવરા,
તસુ સીસ સુખાકર ગુણમણિઆગર લબ્ધિ-
મૂરતિ પંડિત પ્રવરા,
જયહેમ પંડિતવર વિદ્યા સુરગુરૂ, સેવીજઇ
અનુદિન ચરણ,
સેવકજન બેાલઈ અમિઅહ તેાલઇ, હરષિઇ હરખ
સુહંકરણ. ૪૩

—ઇતિ શ્રીં ચિત્રઉડ ચૈત્ય પરિપાટી સ્તવનં સમાપ્તં મહેાપાધ્યાય શ્રી આગમ મંડન ગણિ શિષ્યેણુ લિખિતં. શ્રા૦ કપૂરદે પઠનાર્થમ્. શ્રી. ૩-૧૨ દા. ૨૪ સીંમધર સ્વામીભંડાર સુરત.

વિવિધ નોંધ.

(કૅાન્ફરન્સ ઑફીસ—પરિષદ્ કાર્યાલય તરફથી.)

૧. ખારચી (મારવાડજં.)ના યતિશ્રીનેા ખુલાસેા.

ગતાંક પૃષ્ઠ ૫૧૪-૧૫ મે આ પ્રશ્ન સબંધે થેાડી નોંધ અમે લખી છે. તે સબંધે ઉક્ત યતિશ્રીથી ઘટતેા ખુલાસેા મેળવવા યતિસંમેલનના મંત્રીએા સાથે અમારેા પત્રવ્યવહાર થએલેા જોને પરિણામે ખારચીના યતિશ્રી તરફથી જે ખુલાસેા શ્રીયતિસંમેલન કાર્યાલયના સંચાલકેાને પ્રાપ્ત થયેા છે તે અત્રે પ્રકટ કરવા અમને મેાકલી આપતાં અક્ષરશઃ પ્રકટ કરીએ છીએ, અને ઇચ્છીએ છીએ કે રા. શેઠ હિંમતમલજી તથા યતિશ્રી તિલેાકચંદજી અંદર અંદર સમજી આ પ્રશ્નનેા યેાગ્ય નિર્ણય લાવે તેજ ઇષ્ટ છે.

नकलपत्र खारचीके यतिजीका.

श्री आदिनाथाय नमः

श्रीमान् यति समोलन कार्यालय बंबइ नं. १२५
कोर्क स्टीट कोट बंबइ

लिखी खांरचीशुं गुरां तीलोकसोभाग लालचंदरी वंदना सताष्टवार वंचावशीजी. आपका कागद आया

बांच बीकब हुआ. आपने लिखाके जैनीं सरावक हीम्मतलाल हीराचंदने सिकायत करी सो बहोत ठीक है लेकिन उनका लिखना साफ गलत है. कोइ श्रावकोंकों मनाई नहीं है दर्शनकी पूजनकी मना नही है हिम्मतलाल हीराचंदे हमारा उपासरा में आकर फैल करता है इसलिये मनाई की गई है. ता. ९ ९-२६ कों वो दरशन करनेंको आया और हमारे गुरोसाबने नितनेम कर रहेथे उस टैम जोरसे स्तवन करनें लगा हमारे गुरांसाबनें कहा भाई आस्ते पढौ तो उसने "**हमारा मंदिर है**" हम जोरसे अवाज दैंगे तो गुरांसाबने कहा भाई थोडासा दूर जाकर बेठके पढो तो उसने कहा मै यहां बेठुंगा. तो गुरांसाबनें वो किताब लेके थोडीसी दूर रखदी तो वो हिम्मतलालजीने उठके चीपडीपे जोरसे थाप मारी तों वो चोपडी व (सापडो) रेल तूट गई और गुरांसाबके सेबा (पूजा)की तसबीरबी तोडदी और गुरासाबको रेकार तुकार दिया तो तारीख १८-९-२६ कों करीब बाराबजे नितनेम करके ताला सेवाकी कोटडी को लगादिया तो हिम्मतमल हीराचंद वो ज्ञानमल हीराचंद (दोनोंनें) आके ताला तोड दीया. ऐसी उन्होंकी बदमासी है और उपासराके अंदरसे सेवाकी कोटडी हमारी है पट्टाबंध उपासरा मेरा है. केसरधू पूजारी अबोटीया कांबली सेवापेटी सब मेरा है और सब मेरे गरसे काम चलता है और ४५४ का मुकर्दमा अदालत ठिकाना चंडाबलमें चउता है. परतामाजी मे दुसरे गांव भेजदूंगा अब मेरेसे खस्वन निभता है इस लिये भेजदूंगा मंदीरमारगी दो श्रावक है दुसरा सब तेरा पंथ है फक्त सं. १९८४ रा सावण सुद ८.

द. लालचंद चेला, मु. खारची.

૨. બનારસ હિંદુ યુનિવર્સીટી અને જૈન ચેર.

ઉક્ત યુનિવર્સીટીમાં 'જૈનચેર' સ્થાપવા સંબંધી બનારસનિવાસી રાજા સત્યાનંદપ્રસાદસિંહને અત્યાર સુધીનો તમામ પત્રવ્યવહાર વગેરે મોકલવામાં આવતાં તેઓ તરફથી આ ચેર સબંધે કેટલીક સુચનાઓ મળતાં સંસ્થાની કમિટીની તા. ૩૦-૯-૨૭ ની બેઠકમાં રજુ કરવામાં આવતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે. "ઉક્ત યુનિવર્સીટીના સત્તાવાહાઓને પત્ર લખી અત્યાર સુધી જૈન તેમજ જૈનેતર વિદ્યાર્થીઓએ જૈન સાહિત્ય તત્વજ્ઞાન, અને ન્યાય વગેરેના અભ્યાસક્રમનો લાભ લીધો હોય તથા પસાર થયા હોય તેના વર્ષવાર તથા વર્ગવાર આંકડાઓ સાથે હાલ દરેક વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ છે તે વગેરે હકીકતો મંગાવવી." આ ઠરાવ અન્વયે તેવી હકીકતો મંગાવવા માટે યુનિવર્સીટીના સત્તાવાહાઓને પત્ર લખવામાં આવ્યો છે.

૩ જૈનો હિંદુ ગણાય કે?

ગતાંક પૃષ્ઠ ૫૧૦-૧૪ મે આ પ્રશ્ન અંગે થોડી નોંધ તથા પત્રવ્યવહાર પ્રકટ કરવામાં આવ્યો હતો. તે સંબંધે જૂદાં જૂદાં કેન્ટોન્મેંટમાં વસતા આપણા જૈન ભાઇઓનો શું અભિપ્રાય છે તે જાણવા અને નક્કી કરવા તેવાં કેન્ટોન્મેંટવાળાં સ્થળો, (કરાંચી, હૈદ્રાબાદ, દેવલાલી, કરકી, અહમદનગર, બેલગામ)ના શ્રીસંઘોને પત્રો લખવામાં આવ્યા છે. તેમજ આ પ્રશ્ન અંગે થએલ પત્રવ્યવહારવાળો આ માસિકનો છેલ્લો અંક પણ દરેક સ્થળે મોકલવામાં આવ્યો છે. તેમના અભિપ્રાય મગાવ્યેથી પ્રકટ થશે.

૪ સંવત્ ૧૯૮૨ ના આશુવદી અમાસ સુધીનો રિપોર્ટ.

સંસ્થાના કાર્યનો ટુંક રિપોર્ટ ખાસ અધિવેશનનો ટુંકો અહેવાલ તથા હિસાબો અને સરવાયાં સહિત છપાવી પ્રકટ કરવામાં આવ્યાં છે તે ઘણે સ્થળે અત્યાર સુધી મોકલવામાં આવ્યો છે. બાકી રહેલાં સ્થળોએ મોકલાય છે. જેઓને આ રિપોર્ટની પ્રત જોઇએ તેમણે મંગાવી લેવી.

૫ ઉપદેશકો અને સુરતમાં પ્રચારકાર્ય.

સુરત તાલુકામાં સંસ્થાના ઉપદેશક કરસનદાસ વનમાલીદાસે સારો પ્રયાસ કર્યો છે અને ફંડ દરેક સ્થળેથી વસુલ કરી મોકલી આપ્યું છે તેના આંકડા પ્રકટ થયા છે. અને બાકી રહેતા થશે. ગત પર્યુષણ

પર્વના પવિત્ર અને મહાન્ દિવસોમાં સુરત શહેરમાં આ ફંડ સબંધે કાર્ય કરવા માટે મી. કરસનદાસ વનમાલીદાસ શાહને મોકલવામાં આવ્યા હતા અને તેની સાથે સંસ્થાના વૃદ્ધ અને અનુભવી ઉપદેશક વાડીલાલ સાંકલચંદને પણ ખાસ મોકલવામાં આવ્યા હતા. આ કાર્યમાં મદદ કરવા ત્યાંના આગેવાન ગૃહસ્થો અને પરમ પૂજ્ય મુનિમહારાજાઓને લેખિત વિનંતિ કરવામાં આવી હતી. જૂદે જૂદે સ્થળે ભાષણો અપાયાં હતાં અને એક સારી જેવી રકમ ત્યાંના ઉદાર ગૃહસ્થોએ ભરી આપી સંસ્થા પ્રત્યે જે સહાનુભૂતિ દેખાડી છે તે બદલ તે સર્વેનો અત્રે આભાર માનવામાં આવે છે.

૬ ઉપદેશક પુંજાલાલ પ્રેમચંદનો પ્રવાસ.

સપ્ટેમ્બરમાસનો પ્રવાસ મારવાડમાં શ્રી વરકાણાજીથી શરૂ થતાં શ્રી પાર્શ્વનાથ જૈનવિદ્યાલયના વિદ્યાર્થીઓનો ધાર્મિક અભ્યાસ તપાસતાં ઠીક જણાયો. પંન્યાસજી શ્રીલલિતવિજયજી રૂબરૂ વિદ્યાના વિષય ઉપર ટુંક ભાષણ આપ્યું. આ વિદ્યાલય આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીવિજયવલ્લભસૂરિજી મહારાજશ્રીના ઉપદેશથી સ્થાપવામાં આવ્યું છે. હાલમાં ૫૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ધાર્મિક, હિન્દી, અને અંગ્રેજી અભ્યાસનું શિક્ષણ આપવામાં આવે આવે છે. સાથે સંગીત અને સંસ્કૃતનો વર્ગ ખોલવામાં આવે તો સારૂ.

વીજોવામાં—આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીવિજયવલ્લભસૂરિજીની અધ્યક્ષતા નીચે અને શેઠ ગુલાબચંદજી કાંકરી નગરશેઠના પ્રમુખપણા નીચે એમ બે સભાઓ ભરવામાં આવી; પરિણામે ફીજુલ ખર્ચ કમી કરવા અને સુકૃત ભંડાર ફંડની વસૂલાત કરવા વિચાર કરવા સંઘ એકત્રિત થતાં ગોડવાડની મંજુરી લેવા નક્કી થયું.

જોધપુર—સ્થાનકવાસી મુનિ પંડિત ચોથમલજીના વ્યાખ્યાનમાં જ્યાં લગભગ ૪૦૦ સ્ત્રી પુરૂષોની હાજરીમાં સંપ, જૈનવસ્તીની ઘટતી સંખ્યા, ઉપર ભાષણ આપતાં પંડિત ચોથમલજી મુનિશ્રીએ રોટી બ્યવહાર ત્યાં બેટી વ્યવહાર કરવા અભિપ્રાય જણાવ્યો.

ફલોદી (મેડતા) આસો વદી (મારવાડી) ૧૦ ના મેળામાં ત્રણ ચાર હજાર માણસો મળ્યાં હતાં ઠામઠામે સભાઓ કરી સામાજિક સુધારાથના સંપ, જીવદયા ઉપર ભાષણો આપ્યાં અત્રેના તીર્થનો વહિવટ મેડતાના સ્થાનકવાસી આગેવાનના હાથમાં હોવાથી અને કારખાનામાં મુનિમ તે પણ સ્થાનકવાસી હોવાથી વહિવટ ચોકખો ન હોવાનું સાંભળવામાં આવ્યું, તથા આશાતનાઓ પણ થતી જોવામાં આવી, આ બાબત તજવીજ થવા શ્રી મારવાડ તીર્થ પ્રબંધ કમિટિ સ્થાપવામાં આવી છે. અને બીકાનેરના શેઠ ઉદયમલજી રામપુરીયાને પ્રમુખ બનાવવામાં આવ્યા છે.

સાદરી–મુનિશ્રી બુદ્ધિવિજયજી તથા મુનિશ્રી તિલકવિજયજીના વ્યાખ્યાનમાં કૉન્ફરન્સની જરૂરીયાત, જૈન વસ્તીનો ઘટાડો અને શ્રી સુકૃત ભંડાર ફંડની યોજના ઉપર ભાષણો આપ્યાં. શ્રી ધરમચંદ દયાચંદ (સંઘ)ની કમિટી બોલાવી ફંડની વસુલાત શ્રી વરકાણાજી મુકામે મળેલી કમિટીથી મંજુરી આવ્યાથી કરવા ઠરાવ્યું, વીજોવામાં પાલનપુરથી આવેલ પરશન બેહેન મારફતે એક મહિલા સમાજ બોલાવી સ્ત્રીઓનું કર્તવ્ય, શીયળ, કન્યાવિક્રય ઉપર ભાષણ આપતાં વિવિધ પ્રતિજ્ઞાઓ ઘણી બ્હેનોએ લીધી. શેઠ માનમલજી ગલાજીએ કુરિવાજો ઉપર વિવેચન કર્યું હતું.

૭. ઉપદેશક વાડીલાલ સાંકલચંદનો રિપોર્ટ.

તા. ૧–૯–૨૭ થી ૩૦–૯–૨૭ સુધીમાં વાસણા શાણપર, પીડીઆ, સાણખી, જંબુસર, આમોદ, સમની, કઠોર, સુરત, દેહગામ, નવાગામ, નાયકા, ખરાંટી, વગેરે સ્થળોએ પ્રવાસ કર્યો દરેક સ્થળે ભાષણો જૂદા જૂદા વિષયો પર આપ્યાં. સુકૃત ભંડારફંડની યોજના સમજાવી ફંડ વસુલ લીધું. નવાગામમાં સંપ જીવદયાના વિષયો પર સંગીન ભાષણો આપ્યાં અને ત્યાંના એકત્રિત થએલાં હિંસાવૃત્તિવાળા જૈનેતરો જેવા કે ધારાળા વગેરેએ હિંસા ન કરવા પ્રતિજ્ઞા કરી અને વધારામાં ઠરાવ્યું કે જેઓ આ "ઠરાવ તોડે તે સવાપાંચ રૂપીઆ મંદિરમાં આપે અને તોડ-

નારની ખબર આપનારને સવા રૂપીઓ આપવો."-

૮. શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશીપ (પ્રાઇઝ)

આ સ્કૉલરશીપ (પ્રાઇઝ)ની શરતો મુજબ આવેલી અરજીઓ તપાસતાં મી. છોટાલાલ કેશવજી દોશી (શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીને) સંસ્કૃતના વિષયમાં સૌથી વધારે માર્કસ મેલવનાર તરીકે રૂ. ૪૦) ચાલીસનું ઇનામ આપવા ઠર્યું છે. તેમજ સુરતના વતની અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેલવનાર તરીકે આવેલી અરજીઓ પૈકી મી. મોતીચંદ મગનભાઇ પ્રતાપચંદ ચોકસીને બીજું ઇનામ રૂ. ૪૦)નું આપવા નક્કી કરવામાં આવ્યું છે, આ ઇનામો મેળવવા ફતેહમંદ નિવડનાર વિદ્યાર્થીઓએ યુનિવરસીટીનું પ્રમાણપત્ર તથા મળેલા અને અમોને જાહેર કરવામાં આવેલા માર્ક સંબંધી ખાત્રી આપી નક્કી થએલાં ઇનામો લઈ જવાં યા મંગાવી લેવાં.

૯ મંત્રી પદમાં ફેરફાર—

આ સંસ્થાના એકટિંગ રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ શ્રીયુત મકનજી જે મહેતા, બાર-એટ-લૉ તથા મોહનલાલ બી. ઝવેરી સોલીસિટર તરફથી પોતાના ઓહદાનું રાજીનામું તા. ૨૪-૯-૨૭ ના રોજ આવતાં સંસ્થાની સ્ટેંડિંગ કમિટીની તા૦ ૩૦-૯-૨૭ ના રોજ મળેલ બેઠક વખતે રજુ કરવામાં આવતા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું કે "રા. મકનજી. જે. મહેતા તથા મોહનલાલ ભગવાનદાસ ઝવેરીએ અત્યાર સુધી એ. રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકે કરેલાં કાર્ય પ્રત્યે આજની સભા સંપૂર્ણ વિશ્વાસ જાહેર કરે છે અને તેમના હસ્તક થયેલ કાર્યની કદર બુઝે છે. તેઓએ કરેલ સેવા જોતાં તેમના તરફથી આવેલ રાજીનામું સ્વીકારી શકતી નથી અને રે. જનરલ સેક્રેટરી તરીકે પોતાના હોદ્દાનું કાર્ય ચાલુ રાખવા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે." આ ઠરાવ દ્વારા કરવામાં આવેલ વિનંતિના જવાબમાં સ્ટેંડિંગ કમિટીએ કરેલ ઠરાવ બદલ આભાર માનતાં તા. ૧-૧૦-૨૭ ના રોજ તેમના તરફથી દિલગીરી સાથે જણાવવામાં આવ્યું હતું કે "સેક્રેટરીઓ તરીકે હમો ચાલુ રહેવા ઇચ્છતા નથી." આ સંબંધે છેવટનો નિર્ણય કરવા સ્ટેંડિંગ કમિટીની એક મિટીંગ તા. ૨૦-૧૦-૨૭ ના રોજ રા. શેઠ મણીલાલ સુરજમલ ઝવેરીના પ્રમુખસ્થાન હેઠલ મલી હતી. જે વખતે સર્વાનુમતે તેમની સેવાની નોંધ લેવામાં આવી અને તેઓનાં રાજીનામાં મંજુર કરવામાં આવ્યાં અને શ્રીયુત શેઠ ચીનુભાઇ લાલભાઇ સોલીસિટરની એ. રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.

શ્રી. સુકૃતભંડાર ફંડની વસુલાત તા. ૬-૮-૨૭ થી ૧૭-૧૦-૨૭ સુધી.

ઉપદેશક વાડીલાલ સાંકળચંદઃ—

વાસણા-૧) સાંણાપુર-૯) પીગપડ-૮।। હણુખી ૨) જંબુસર-૨૩।।। આમોદ-૩૮।। સમની-૧૨) કડોર-૨૯। દેહગામ-૨૭। નવાગામ-૭। નાયકા-૬। ખરાંટી-૧૦) કુલ રૂ. ૧૭૪।।।

ઉપદેશક પુંજલાલ પ્રેમચંદઃ—

કઠી-૭૦। જોટાણા-૮૩।। સાન્થલ-૧૮। તેલાલ-૫।।। બાળશાસણ-૧૨।।। જકાસણ-૭।। મુદેડા-૮। સુરજ-૩૦) કટોસણ-૨૩।। વાધરોડા-૫) વરખડીયા-૬) વકેરા-૪।। ખાવડ-૮।।। કોલાદ-૨।। ડરણ-૧) કંડ-૧૦। આદરજ મેરડા-૨૭।। થોળ-૭) વડુ-૧૫। કુલ રૂ. ૩૪૭।।

ઉપદેશક કરશનદાસ વનમાલીદાસઃ—

સુરત-૧૪૦) મરોલી-૭।। નડોદ-૭) ડાભેળ-૧૫) (વાધરી) માંગરોળ-૧૯।। ગીજરમ-૧૩) વાલીયા ૪૬) લીમેટ-૫૯) ખરચી-૩૬) કોસંબા-૩૮) કુલ રૂ. ૩૮૧)

"ક્રુકસાઇટ ગ્લાસ"

ગરમીના કીરણોને આંખમાં જતાં
અટકાવે છે અને એટલેજ તે
ઉત્તમ છે.




Can not pass through the glass.

તમારો ચસ્મો આજેજ ક્રુકસાઇટ કાચનો બનાવો અને તમારી આંખો જેના ઉપર જીંદગીનો અને મોજશોખનો આધાર છે તેનું રક્ષણ કરો.

મનસુખલાલ જેઠાલાલની કું.

(જૈન-ચસ્માવાલા)



આંખો તપાસી ઉત્તમ ચસ્મા બનાવનારા.
કાલબાદેવી રસ્તા, સુરજમલ લલુભાઈ ઝવેરીની સામે,
મુંબઇ.

અમારા અમદાવાદના એજન્ટ :–

રા. જગશીભાઇ મોરાર

ડે. અંબાલાલ હીરાલાલ પટેલના ઘર પાસે,
માદલપુરા–અમદાવાદ.

આ માસિક અમદાવાદમાં તેમના મારફતે ગ્રાહકોને પહોંચાડવા ગોઠવણ કરવામાં આવી છે. અમદાવાદના અમારા ગ્રાહકોને તેમજ અન્ય બંધુઓને જણાવવાનું કે નીચેના પુસ્તકો પણ તેમની પાસેથી વેચાતા મલી શકશે.

"જૈન ગુર્જર કવિઓ" (પ્ર. ભાગ), "જેન શ્વેતામ્બર મંદિરાવલિ",
"જૈન ડીરેકટરી" ભાગ ૧–૨, "જૈન ગ્રંથાવલિ", વિગેરે.

અમદાવાદના ગ્રાહકો પ્રત્યે વિજ્ઞપ્તિ:—આપનું લવાજમ હજુ સુધી મોકલાયું ન હોય તો સત્વરે અમારા એજંટને આપી પહોંચ લેશોજી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

પાયધુની–મુંબઇ નં. ૩

શ્રી સુકૃત ભંડાર ફંડ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની ઉપરોક્ત યોજના તેના આશયો અને પરિણામજન્ય અમલી કાર્યની જૈન સમાજ સમક્ષ ટુંકી પણ રૂપરેખા જાહેર ખબરદ્વારા અગર હેંડબીલદ્વારા રજુ કરવી એ તદ્દન બિન જરૂરીઆતવાળું ગણી શકાય. સત્યમ આ યોજના જૈન બાંધવોમાં સર્વમાન્ય અને જગજાહેર જ છે. આ યોજના એ સંસ્થાનું અને સમાજનું જીવન છે. જૈન જનતાના ભવિષ્યની રેખા દોરવા હિંમત ધરનાર જે કોઇપણ યોજના હોય તો તે સુકૃત ભંડાર ફંડ એક જ છે કે જ્યાં ગરીબ અને તવંગર વચ્ચે કોઇ જાતનો અંતર રહેતો નથી અને સમાનતા, બંધુત્વ વિગેરે ભાવનાઓ ખીલવી સમાજને સુશિક્ષિત બનાવી હિતકર કાર્યો કરવા આ સંસ્થાને જોશ અને જીવન અર્પે છે. આ ફંડમાં ભરાતાં નાણાંમાંથી ખર્ચ બાદ કરી બાકીનો અડધો ભાગ કેળવણીના કાર્યમાં વપરાય છે, અને બાકીના અડધા સંસ્થાના નિભાવફંડમાં લઇ જવામાં આવે છે કે જે વડે સમસ્ત સમાજને શ્રેયસ્કર કાર્યો કરી શકાય. આપણા સમાજમાં અનેક સ્ત્રી પુરૂષો ઉચ્ચ કેળવણીથી વંચિત રહે છે તે બનવા ન પામે અને તેમને કેળવણી લેવામાં અનેક રીતે મદદરૂપ થવા આ સંસ્થા પોતાના પ્રયાસો કરી રહી છે અને તે આ ફંડની વિશાળતા ઉપર જ આધાર રાખે છે. તેથી પ્રત્યેક જૈન બંધુ વરસ દહાડામાં માત્ર ચાર આનાથી સ્વશક્તિ અનુસાર મદદ અર્પી પોતાના અજ્ઞાત બંધુઓનું જીવન કેળવણીદ્વારા સુધારી અગણિત પુણ્ય ઉપાર્જન કરી શકે છે. માટે સર્વે જૈન બંધુઓને આ ફંડમાં સારી રકમ આપવાની વિનંતિ કરવામાં આવે છે. ચાર આના પ્રત્યેક વ્યક્તિએ દરવર્ષે આપવા એ મોટી વાત નથી. અઠવાડીયે એક પાઈ માત્ર આવે છે, પણ જો આખી સમાજ જાગૃત થાય તો તેમાંથી મોટી સંસ્થાઓ નભાવી શકાય એવી સુંદર યોજના છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ ન્યાયે ફંડને જરૂર આપ અપનાવશો અને આપની તરફના પ્રત્યેક નાના મોટા ભાઇઓ, બહેનો એનો લાભ લે, એમાં લાભ આપે એવો પ્રયત્ન કરશો. બીજી કોમો આવી રીતે નાની રકમોમાંથી મોટી સંસ્થાઓ ચલાવે છે તે આપ જાણો છો. તો આપ જરૂર પ્રયત્ન કરશો. આખી કોમની નજરે આપને કૉન્ફરન્સની જરૂરીઆત લાગતી હોય તો આ ખાતાને ફંડથી ભરપૂર કરી દેશો. સુજ્ઞને વિશેષ કહેવાની જરૂર ન જ હોય.

સેવકો,

મકનજી જુઠાભાઈ મહેતા

મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.

ઓ. રે. જ. સેક્રેટરીઓ, શ્રી. જૈ. શ્વે. કૉન્ફરન્સ.

અગત્યનું

ધર્મ કે વ્યવહારના દરેક કાર્ય કે ઉત્સવમાં શારીરિક અને માનસિક બળની જરૂર છે.

આતંકનિગ્રહ ગોળીઓ.

તેવું અખૂટ બળ આપવામાં પહેલે નંબર આજ ૪૭ વર્ષો થયાં ગણાઇ ચુકી છે.

કિંમત ગોળી ૩૨ની ડબ્બીનો ફકત રૂ. ૧).

વધરે વિગત જાણવા પ્રાઇસલીસ્ટ વાંચો.

મુંબઇ-બ્રાન્ચ. કાલબાદેવી રોડ, } વૈદ્ય શાસ્ત્રી મણિશંકર ગોવિંદજી. જામનગર—કાઠીયાવાડ.

લાખો જુવાનોની જીંદગીને બચાવી લેનારૂં

ઉત્તમ ઉપદેશ દેનારૂં

કામશાસ્ત્ર

ન વાંચ્યું હોય તો જરૂર વાંચો.

કિંમત કે પોસ્ટેજ કંઇ પણ નહિ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

જામનગર—(કાઠિયાવાડ).

શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્

જૈન સંસ્થાઓને વિનંતિ

આથી સર્વે જૈન સંસ્થાઓને ખબર આપવામાં આવે છે કે આપની સંસ્થાને પરિષદ્‌ના રજીસ્ટરમાં નોંધાવશો.

પરિષદ્‌ના બંધારણ અનુસાર પરિષદ્‌ના અધિવેશનોમાં રજીસ્ટર્ડ સંસ્થાઓના પ્રતિનિધિઓને આવવાનો હક્ક છે તે ઉપર આપનું ધ્યાન ખેંચીએ છીએ.

સઘળો પત્રવ્યવહાર નીચેના શીરનામે કરવા વિનંતિ છે.

અબ્દુલ રહેમાન સ્ટ્રીટ
તૈયબમંજીલ
મુંબઇ નં. ૩

ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ
અમૃતલાલ વાડીલાલ શાહ
મંત્રીઓ–શ્રી ભારતીય જૈન
સ્વયંસેવક પરિષદ્.

(રજીસ્ટર્ડ નં૦ ૪૪)

વીર બામ

માથા તથા છાતીના દુઃખાવા, સંધીવા, ઈન્ફ્લુએન્ઝા વિગેરે હરેક પ્રકારનાં દરદો ઉપર મસળવાથી તુરત જ આરામ કરે છે.

વીર ઓઇન્ટમેન્ટ

ખસ ખરજવાનો અકસીર મલમ.

દરેક દવા વેચનાર તથા ગાંધી વી. રાખે છે.

પ્રો:—મોહનલાલ પાનાચંદની કું.
ઠે. વડગાદી, ભીખ ગલી-મુંબઈ ૩.

એજન્ટ:—મોરારજી રણછોડ.
ઠે. જુમામસ્જીદ, મુંબઇ ૨

TALISMANS AND CHARMS

For those People to Avoid all Sorts of Misfortunes and enter the Gates of Successful Life.

	Rs	As.
For Honour, Riches, Learning and Greatness	7	8
For Health, Physical Strength, etc ...	7	8
For Power of Eloquence, Speeches, etc.	7	8
For Success in any Under-taking or Litigation, etc....	10	0
For success in Sport, Racing, Cards, Games of Chance, etc.	7	8
For Success in Spiritual and Religious Life	10	0
For Success in Trade and Business...	10	0
For Men's Love to Women ...	7	8
For Women's Love to Men ...	10	0
For Love of Opposite Sex, Attractive Power	7	8
For Agricultural Prosperity, Farming, Good Crops, etc.	7	8
For Success in Minning Plumbago, etc.	100	0
For Success in Gemming	225	0
Rabbi Solomon's Special Talisman for every success	15	0
Specially valued and worn by every successful Hebrew, 2nd quality ...	21	0
1st quality ...	30	0

NOTE:–A Money Order or G.C. Notes willbring the Talisman to your door. One Extensive Life Reading Rs.15, two Rs.25, three Rs.30 or more at a time at Rs.10 per reading. Remit with birth date. Always the full amount should be remitted in advance. No. V. P. P.

Apply to:— **D. A. RAM DUTH**, Astrologer, No.30&55 (T. Y.) Choku Street, Colombo,(Ceylon).

નીચેનાં પુસ્તકો કૉન્ફરન્સ ઑફીસમાંથી વેચાતાં મળશે.

શ્રી જૈન ગ્રંથાવલિ	રૂા. ૧—૮–૦
શ્રી જૈન ડીરેકટરી ભા. ૧–૨ સાથે	૧—૦–૦
,, ,, ભા. ૧ લો	૦—૮–૦
શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવલિ	૦–૧૨–૦
પાઇ અલચ્છીનામમાલા પ્રાકૃત કોશ	૧—૦–૦
જૈન ગૂર્જર કવિઓ	૫—૦–૦

આ માસીક સાથે હેન્ડબીલ વહેંચાવવા તથા જાહેર ખબર માટે પત્રવ્યવહાર નીચેના સીરનામે કરવો. એક અંક માટે જાહેર ખબરનો ભાવ રૂા. ૯–૦–૦ વધુ માટે લખો—

આસીસ્ટન્ટ સેક્રેટરી,
શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.
૨૦ પાયધુની પોસ્ટ નં. ૩
મુંબઇ.

સંસારમાં સુખ શું છે??

નિરોગી શરીર, તંદુરસ્ત સ્ત્રી અને હૃષ્ટપુષ્ટ બાળક આ ત્રણ વસ્તુઓ સંસાર સુખમય કરવાનાં મુખ્ય સાધન છે.

જો તમારૂં શરીર કોઇ પણ દુષ્ટ રોગથી પીડાતું હોય તો પ્રખ્યાત

મદનમંજરી ગોળીઓ (રજીસ્ટર્ડ.)

નું તરતજ સેવન કરો. આ દીવ્ય ગોળીઓ મગજના તથા શરીરના દરેક રોગ દૂર કરે છે, દસ્ત સાફ લાવે છે, લોહી તથા વીર્યની વૃદ્ધિ કરે છે, હાથપગની કળતર, વાંસાની ફાટ વીગેરે દરેક દરદો પણ અજબ રીતે નાબુદ કરી, શરીર નિરોગી બનાવી બળ આપવામાં આ ગોળીઓ એક બીન હરીફ ઇલાજ છે. કીં. ગોળી ૪૦ ની ડબ્બી ૧ ના રૂ. ૧

સ્ત્રીઓની તંદુરસ્તી માટે તો

ગર્ભામૃત ચૂર્ણ (રજીસ્ટર્ડ)

નું તેને તરતજ સેવન કરાવો. આ ચૂર્ણ સ્ત્રીઓ માટે અમૃતરૂપ છે. અનિયમિત ઋતુ તથા પ્રદરાદિ રોગો દૂર કરે છે. ગર્ભાશયના રોગો દૂર કરે છે, તેમજ હરકોઇ કારણથી સંતતિરોધ દૂર કરે છે. સ્ત્રીઓનાં દરેક દરદો દૂર કરી, શરીર તંદુરસ્ત બનાવવા માટે આ ચૂર્ણ અકસીર ઉપાય છે. **કીં. તોલા ૧૦ ના ડબ્બા ૧ ના રૂ. ૨) બે.**

જો તમારા બાળક હંમેશાં રોગી તથા નિર્બળ રહેતા હોય તો


બાલપુષ્ટીકરણ વટીકા (રજીસ્ટર્ડ)

નું તરતજ તેને સેવન કરાવો. બાળકોનાં તમામ દરદો દૂર કરી લોહી પુષ્કળ વધારી શરીર હૃષ્ટપુષ્ટ બનાવવામાં આ ગોળીઓ ઉત્તમ આસ્વાદ ઇલાજ છે. **કીં. ડબ્બી ૧ ના રૂ. ૧)**

આ ત્રણે દવાઓ ઘરમાં રાખી જરૂર પડતી વખતે ઉપયોગ કરવા દરેકને ખાસ ભલામણ કરવામાં આવે છે. દરેક દવાની સંપૂર્ણ માહીતિ માટે વૈદ્યવિદ્યા પુસ્તક મફત મંગાવો.

રાજવૈદ્ય નારાયણજી કેશવજી.

હેડઓફીસ–જામનગર (કાઠીઆવાડ) બ્રાન્ચઃ–૩૯૩ કાલબાદેવી મુંબઇ ૨
ભાટીઆ મહાજન વાડી સામે.



માત્ર રૂપીઆ ૩ ત્રણ.


મૉડર્ન રેગ્યુલેટર કલૉક.

જર્મનીથી હમણાંજ મંગાવેલું. ગેરંટી વર્ષ ત્રણની ઉત્તમ વૉલનટનાં બનાવેલ ઘરવાળું મજબુત સાંચા-કામ અને કારીગરીવાળું દિવાલ અને મેજ પર ગોઠવી શકાય છે. કિંમત ફક્ત રૂપીઆ ૩ ત્રણ. પેન્ડુલમ સીસ્ટમથી ચાલે છે.

હમણાંજ લખો—

વી. એસ. વૉચ કું.

પી. બી. ૧૦૫, મદ્રાસ.



આ ઑફર મફત!!

આ ઑફર મફત!!

અમારા અઢાર કેરેટ રોલ્ડગોલ્ડ તારા લીવર "રજીસ્ટર્ડ" બીસા ઘડીઆળના ખરીદનારાઓને, અમારૂં "C" સી રજીસ્ટર્ડ ટાઇમપીસ મફત આપીએ છીએ. આ ઑફર માત્ર થોડા વખતની છે. હમણાં જ લખો. બીસા ઘડીઆળ માટે તેના ડાયલ પર બનાવનારાઓની પાંચ વર્ષની ગેરંટીની સ્ટેમ્પ આપવામાં આવેલ છે.

કિંમત રૂ. ૫)

લખોઃ— **કેપ્ટન વૉચ કું.** પોસ્ટ બોક્ષ ૨૬૫ મદ્રાસ.

CAPTAIN WATCH CO.Y.

P. B. 265, MADRAS.

☞ અનેક વ્યવસાયોમાં ભૂલી ન જતા ☜

જૈનબંધુઓને વિજ્ઞપ્તિ.

શ્રી પાલિતાણા ખાતે આવેલું **શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ** છેલ્લાં ૨૧ વર્ષથી જૈનકોમનાં બાળકોને વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણ આપવા યથાશકિત સતત્ પ્રયાસ કર્યે જાય છે. હાલ સાઠ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લે છે. આ વર્ષે આઠ વિદ્યાર્થીઓ મેટ્રીકની પરીક્ષામાં બેઠા હતા તેમાં ત્રણ તેમના ઐચ્છિક વિષયોમાં તથા પાંચ વિદ્યાર્થીઓ બધા વિષયોમાં પાસ થયા છે. જેઓ સૌ મુંબઇ ખાતે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં દાખલ થવા ભાગ્યશાળી થયા છે.

આપ સૌ જાણો છો તે પ્રમાણે સંવત ૧૯૮૨ ની ચૈત્રી પુનમથી પાલિતાણાની તીર્થયાત્રા બંધ છે તેથી આ સંસ્થાની આવક ઘણીજ ઘટી ગઇ છે. ઉદાર જૈનકોમ પોતાની અનેક સંસ્થાઓ ચલાવે જાય છે. તો આપ સૌ પ્રત્યે અમારી નમ્ર અરજ છે કે આપને અમે ન પહોંચી શકીએ તો આપ સામે પગલે ચાલીને આપનો ઉદાર હાથ લંબાવી સંસ્થાને આભારી કરશો.

લી. સેવકો,

માનદ્ મંત્રીઓ.

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ,

પાલિતાણા.

તૈયાર છે ! સત્વરે મંગાવો !

"જૈન ગૂર્જર કવિઓ."

આશરે ૧૦૦૦ પૃષ્ટનો દલદાર ગ્રંથ.

ગુર્જર સાહિત્યમાં જૈનોએ શું ફાલેા આપ્યેા છે તે તમારે જાણવું હોયતેા આજેજ ઉપરનું પુસ્તક મંગાવેા.

"જૈન ગૂર્જર કવિઓ" એટલે શું ? ગુજરાતી ભાષાના આદિ કવિ કેાણ ? યુગ પ્રવર્તકેા કેાણ ? જૈન રાસાઓ એટલે શું ? ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ કેવી રીતે થયા ?

આ પુસ્તક જૈન સાહિત્યનેા મહાસાગર છે કે જેમાં રહેલા અનેક જૈન કવિ રત્નોને પ્રકાશમાં લાવી ગુર્જર ગિરાનેા વિકાસક્રમ આલેખવા તેના **સંગ્રાહક અને પ્રયેાજક શ્રીયુત મેાહનલાલ દલીચંદ દેશાઇએ** અથાગ પરિશ્રમ લીધેા છે. તેમાં અપભ્રંશ સાહિત્યનેા તથા પ્રાચીન ગુજરાતીનેા ઇતીહાસ, જૈન કવિઓ–ના ઐતિહાસિક અતિ ઉપયેાગી મંગલાચરણેા તથા અંતિમ પ્રશસ્તિઓ, તેમજ અગ્રગણ્ય કવિઓના કાવ્યેાના નમુનાઓ આપવામાં આવ્યા છે. દરેક કવિની સર્વ કૃતિઓનેા–ઉલ્લેખ તથા સમય નિર્દેશ કરવામાં આવ્યા છે. **કિંમત રૂ. ૫–૦–૦. પ્રથમ ભાગ–માત્ર જુજ** પ્રતેા હેાઇ દરેકે પેાતાનેા ઑર્ડર તુરત નેાંધાવી મંગાવવા વિનંતિ છે.

લખેા:—

મેસર્સ મેઘજી હીરજી બુકસેલર્સ.

૨૦ પાયધુની,
ગેાડીજીની ચાલ
પહેલે દાદરે,
મુંબાઈ નંબર ૩.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડનું
વિશાળ કાર્યક્ષેત્ર.

૧ સદરહુ બૉર્ડ નવી તેમજ ચાલુ પાઠશાળાઓને મદદ આપી પગભર કરે છે.

૨ જે વિદ્યાર્થીઓ અભ્યાસ આગળ વધારવા માગતા હોય પણ નાણાની સગવડ ના હોય તેમને સ્કૉલરશીપો આપી ઉચ્ચ કેળવણી અપાવે છે.

૩ બાલકો, બાલીકાઓ, સ્ત્રીઓ તેમજ પુરૂષોની લરીફાઇની ધાર્મિક પરીક્ષા દરવર્ષે ડીસેમ્બરમાં લે છે. અને લગભગ રૂ. ૧૦૦૦નાં ઇનામો દરવર્ષે વહેંચી આપે છે.

૪ ઉચ્ચ કેળવણી માટે ખાસ સગવડ કરી આપે છે.

૫ વાંચનમાળાઓ તૈયાર કરાવરાવે છે.

૬ બીજા પરચુરણ કામો પણ કરે છે.

આ ખાતાના લાઇફ મેમ્બરો અને સહાયક મેમ્બરોની આર્થિક મદદથી ઉપરનાં કાર્યો થાય છે. આ ખાતાને રકમો મોકલવી તે પોતાની જાતને ચેતન આપવા બરાબર છે.

—: મેમ્બરો માટે :—

લાઇફ મેમ્બર થવાને રૂ. ૧૦૦) એકી વખતે સહાયક મેમ્બર થવાને દર વર્ષે ફક્ત રૂ. પાંચ જ આપવાના છે.

૨૦ પાયધુની,
મુંબઈ ૩.

ઓન. સેક્રેટરીઓ,
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

રાજા મહારાજાઓ

નવાબ સાહેબો, નામદાર સરકારના ધારાસભાના ઓનરેબલ મેમ્બરો, સેશન્સ જજો, કમાન્ડર ઈન ચીફ બરોડા ગવર્નમેન્ટ, જનરલો, કર્નલો, મેજરો, કેપ્ટનો, નામદાર લેટ વાઇસરાયના લેટ ઓનરરી એ. ડી. સી., પોલીટીકલ એજન્ટો, સરકારી યુરોપીયન સીવીલીયન ઓફીસરો, યુરોપીયન સીવીલ સરજ્યનો, એમ. ડી. ની ડીગ્રી ધરાવનારા મોટા ડાક્ટરો તથા દેશી અને યુરોપીયન અમલદારો અને ગૃહસ્થોમાં **બાદશાહી ચાકુતી** નામની જગજાહેર દવા બહુ વપરાય છે એજ તેની ઉપયોગીતાની નીશાની છે—ગવર્નમેન્ટ લેબોરેટરીમાં આ રજવાડી દવ એનાલાઈઝ થયેલ છે.

બાદશાહી ચાકુતી

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી ચાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ધટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોલીની ડબ્બી એકના રૂપીયા દશ.

ડાકટર કાલીદાસ મોતીરામ. રાજકોટ—કાઠીયાવાડ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન–સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોનરૂપે આપવામાં આવે છેઃ—

(૧) હાઇસ્કુલમાં અંગ્રેજી ચોથા ધોરણથી અંગ્રેજી સાતમા ધોરણ સુધીના અભ્યાસ માટે.

(૨) ટ્રેઇનીંગ કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે.

(૩) મિડવાઇફ કે નર્સ થવા માટે.

(૪) હિસાબી જ્ઞાન, ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, વિગેરેના અભ્યાસ માટે.

(૫) કળા કૌશલ્ય એટલે ચિત્રકળા, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વિજળી ઇત્યાદીના અભ્યાસ માટે.

(૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે લિખિત કરારપત્ર કરી આપવું પડશે. કમીટીએ મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચ સહીત વગર વ્યાજે પાછી વાળવાની છે.

વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે લખોઃ—

ગોવાળીઆ ટેંકરોડ,
ગ્રાંટરોડ, મુંબઈ.

ઓનરરી સેક્રેટરી,
શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

આ પત્ર મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને હરિલાલ નારદલાલ માંકડે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ, ૨૦ મુંબઈમાંથી પ્રગટ કર્યું.